Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧ ૧૯૭૦, ગુરૂવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ઉદ્‌ઘાટન સમારંભ

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નવા કાર્યાલયના તેમ જ શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહના પૂજ્ય શ્રી કાકાસાહેબના વરદ હસ્તે ગુરૂવાર તારીખ ૨૫-૧૨-૬૯ ના રોજ સવારના ૯-૩૦ વાગ્યે કરવામાં આવેલ ઉદ્‌ઘાટનની વિગતો નીચે આપવામાં આવે છે.)

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઈતિહાસમાં અનોખો એવો આજનો દિવસ હતો. ચાલીશ વર્ષથી એકધારી પ્રવૃત્તિ કરતી આવતી આ સંસ્થાને વિશાળ જગ્યાવાળું નવું કાર્યાલય પ્રાપ્ત થતાં એના ઉદ્‌ઘાટનનો આજે મંગલ પ્રસંગ હતો. આ ઉદ્‌ઘાટન પ્રસંગે પૂજ્ય શ્રી કાકાસાહેબ કાલેલકર - જેમનો આ સંસ્થા સાથે ઘણો જૂનો નાતો છે. - પ્રમુખસ્થાને હતા. આ મંગલ પ્રસંગ માટે વનિતા વિશ્રામના સભાગૃહમાં ઉદ્‌ઘાટન સમારંભનું એક આયોજન કરવામાં આવ્યું હતું. સભાગૃહ નિમંત્રિતોથી ભરાઈ ગયું હતું અને સભાનું કામકાજ નિયત સમયે શરૂ કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં શ્રીમતી શારદાબહેન બાબુભાઈ શાહે એમના મધુર કંઠથી પ્રાર્થનાઓ ગાઈ વાતાવરણને પવિત્ર, પ્રસન્ન અને શાંત બનાવ્યું. ત્યાર બાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સૌનું સ્વાગત કર્યું અને કહ્યું:

### શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું સ્વાગત પ્રવચન

સંઘની સ્થાપનાને લગભગ ચાલીસ વર્ષ થયાં છે. વિશિષ્ટ વિચારસરણી સાથે જન્મેલી આ સંસ્થા છે. સભ્યોની સંખ્યાની ચિંતા કરવા કરતાં એક વિચારનાં ભાઈ–બહેનોને એકઠા કરવા એ આ સંસ્થાની નીતિ રહી છે. આજે તો આખો યુગ પલટાઈ ગયો છે. ચાલીસ વર્ષની પહેલાની અને આજની–જૈન સમાજની તેમ જ દેશની–સ્થિતિમાં ભારે ફરક છે. યુવક સંઘે નવા વિચાર ફેલાવવાનું કામ આટલાં વર્ષોથી કર્યું છે. અલબત્ત, સામાજિક સેવાના ક્ષેત્રે સંઘે કોઈ નોંધપાત્ર કામ કર્યું નથી, પરંતુ વિચાર પરિવર્તનનું તેણે ભારે મોટું કામ કર્યું છે. આ કાર્ય સંઘની પ્રવૃત્તિ પ્રબુદ્ધ જીવન અને વ્યાખ્યાનમાળા દ્વારા થઈ રહ્યું છે. સંઘ આટલા વર્ષોની પ્રવૃત્તિ પછી પણ જૈન સમાજમાં સાંપ્રદાયિકતા ઓછી કરવામાં સફળ થયો છે એમ પણ હું નહિ કહું. આનું કારણ આપણા જૈન ભાઈઓના અંતરમાં એકતા ઊતરતી નથી એ છે. ફક્ત બહારથી જ એકતાની વાતો થાય છે.

આજે પરમાનંદભાઈના પોતાના વિચારોમાં પણ પરિવર્તન થયું છે. આજે તેઓ જૈન સમાજ પૂરતા સીમિત વિચારના નથી – આ માટે કેટલાક ભાઈઓનો એમના પ્રત્યે આક્ષેપ પણ છે અને કહે છે કે તમારી દષ્ટિ રાષ્ટ્રીય પ્રશ્નો પર જ રહી છે. તેમણે જૈન સમાજની ચિન્તા છોડી દીધી છે એમ નથી, પણ તેઓ પણ એક જાતની નિરાશા અનુભવે છે. કંઈ ફળદાયક આપી શકે એવું એ જોતા નથી. આજે જૈન અને જૈનેતર સમાજમાં પ્રબુદ્ધ જીવન એક જુદી જ ભાતનું પત્ર બન્યું છે. આનું કારણ એ છે કે જ્યારે બીજાં પત્રોમાં એક યા બીજા પ્રકારે સાંપ્રદાયિકતાનો ભાવ જોવામાં આવે છે, જે આ પત્રમાં નથી.

ભગવાન મહાવીરનો નિર્વાણ મહોત્સવ ચાર વર્ષ પછી આવે છે. આ પ્રસંગને ઉચિત રીતે ઉજવવા પ્રયત્નો થઈ રહ્યા છે, આમાં જૈન સમાજ જોઈએ એટલો જાગૃત થયો નથી. સાધુ મુનિરાજોનો સમાજ ઉપર હજી સારો પ્રભાવ છે, પણ વર્તમાન જીવનની સાથે જીવનદર્શન પલટાવવું જોઈએ એ બતાવવાની શકિત બહુ ઓછા મુનિરાજોમાં છે. આનું કારણ એ પણ હોઈ શકે કે એમના જ્ઞાનની મર્યાદા સીમિત છે; પરંતુ શ્રમણ સંઘનો જે પ્રભાવ છે એ સમાજનાં કલ્યાણમાં વપરાય અને નહિ કે એને ક્ષીણ કરવામાં એ જરૂરનું છે. જૈન યુવક સંઘ રાષ્ટ્રીય ભાવનાના આવિષ્કારના એક ભાગ તરીકે જન્મ્યો હતો. એથી રાષ્ટ્રીય પ્રશ્નો ઉપર એનું વિશેષ ધ્યાન રહ્યું છે, અને રાષ્ટ્રીય ઉત્કર્ષમાં જૈન સમાજ કઈ રીતે ફાળો આપી શકે એ દષ્ટિથી જ યુવક સંઘની પ્રવૃત્તિ આજ સુધી ચાલી રહી છે. પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં જે ઉચ્ચ ધોરણ–સત્યનિષ્ટા અને વિવેક–જળવાય છે એ સહેલું કામ નથી અને આનો ઘણો જ યશ પરમાનંદભાઈને ભાગે જાય છે. પરમાનંદભાઈને સંતોષ આપી શકે એવો કોઈ ઉત્તરાધિકારી એમને મળ્યો નથી એની અમને ચિન્તા છે, પરંતુ સદ્‌ભાગ્યે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિકસાવી શકાય એવી જગ્યા આજે સંઘને મળી છે અને આપ સૌના સહકારની અમને અપેક્ષા છે. આમ કહીને હું હવે આપ સર્વનું તેમ જ પૂજ્ય કાકાસાહેબનું હાર્દિક સ્વાગત કરું છું.

ત્યાર બાદ સંઘના પ્રાણસમા અને સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદભાઈએ લેખિત નિવેદન રજૂ કર્યું, જે નીચે મુજબ છે:

### શ્રી પરમાનંદભાઈનું નિવેદન

આજે જે સંસ્થાએ ૪૦ વર્ષ પૂરાં કર્યાં છે અને તેના પ્રારંભથી આજ સુધીની કાર્યવાહીનો હું માત્ર સાક્ષી નહિ, પણ સક્રિય કાર્યકર્તા રહ્યો છું, તે સંઘના નવા વિશાળ કાર્યાલયનું પૂજ્ય કાકાસાહેબના હાથે ઉદ્‌ઘાટન થઈ રહ્યું છે ત્યારે, અંગત રીતે અનુભવાતા આનંદરોમાંચને હું કયા શબ્દોમાં વ્યકત કરું એ સમજાતું નથી. આ પ્રસંગે એ ૪૦ વર્ષ દરમિયાન સંઘ જે જુદા જુદા તબક્કાઓમાંથી પસાર થયો છે તે તબક્કાઓ એક ચિત્રપટના આકારમાં મારી કલ્પનાની આંખો સમક્ષ પ્રત્યક્ષ થાય છે. પ્રારંભના એ દિવસો, જ્યારે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજમાં બાલદીક્ષા સામે ઉગ્ર આન્દોલન ચાલી રહ્યું હતું ત્યારે, એ આન્દોલનને જોર આપવું, ધર્મના નામે ચાલતાં દંભો અને પાખંડોને

ખુલ્લાં પાડવાં, જુનવાણી સમાજને નિહિત હિતોની પકડમાંથી મુકત કરી પ્રગતિના માર્ગે ગતિમાન કરવો, જૈન સમાજમાં રાષ્ટ્રવાદની ભાવનાનો સંચાર કરવો-આવા હેતુઓપૂર્વક આ સંઘની સ્થાપના કરવામાં આવી હતી. એ સંઘનું સભ્યત્વ જૈન શ્વે. મૂ. સમાજના યુવકો પૂરતું સીમિત હતું, અને એનું કાર્યક્ષેત્ર એ જ સમાજના પ્રશ્નોની ચર્ચા, આલોચના તથા તેને લગતા આન્દોલન પૂરતું મર્યાદિત હતું. એ દિવસોની આપણા સંઘની કામગીરી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના ઈતિહાસમાં આપણને ગૌરવ આપે એ રીતે નોંધાયેલી છે. એ કામગીરીના સંદર્ભમાં, ૧૯૩૬ માં અમદાવાદ ખાતે ખાતે ભરાયેલી બીજી જૈન યુવક પરિષદના પ્રમુખસ્થાનેથી કરાયેલા મારા ભાષણે જે ક્ષોભ પેદા કર્યો હતો, અને જેનું પરિણામ મારા સંઘબહિષ્કારમાં આવ્યું હતું, તેનું પણ આજે સ્મરણ થાય છે. સમયોચિત વિચારવિકાસના પરિણામ રૂપ, ૧૯૩૮ના એપ્રિલમાં સંઘના બંધારણની નવી રચના થઈ. આના પરિણામે જૈન યુવકોને - જેઓ ચોક્કસ પ્રગતિશીલ વિચારસરણી સ્વીકારે તેવા જૈન સમાજના બધા ફિરકાના યુવકોને - સંઘમાં પ્રવેશવાનો હક્ક મળ્યો. આનું પરિણામ સંઘના કાર્યક્ષેત્રને વિશાળ બનાવવામાં આવ્યું. સંઘના પાક્ષિક મુખપત્ર તરીકે 'પ્રબુદ્ધ જૈન' તા. ૧-૫-૩૯ ના રોજ શરૂ કરવામાં આવ્યું. તેના તંત્રી તરીકે એ વખતના સંઘના મંત્રી સ્વ. મણિલાલ મોકમચંદ શાહની નિમણૂક કરવામાં આવેલી, પણ તેના સંપાદનની જવાબદારી મને સોંપવામાં આવી હતી, જે આજ સુધી હું સંભાળતો રહ્યો છું. ૧૯૫૩ થી સાલમાં 'પ્રબુદ્ધ જૈન'નું 'પ્રબુદ્ધ જીવન'માં રૂપાન્તર થયું, અને તે રૂપાન્તરે સંઘના મુખપત્રને વધારે વ્યાપક રૂપ આપ્યું.

પર્યુષણ વ્યાખ્યાનમાળાનો પ્રારંભ તો ૧૯૩૨ ની સાલથી કરવામાં આવેલો, પણ તેને વ્યવસ્થિત રૂપ ૧૯૩૬ની સાલથી આપવામાં આવ્યું ત્યારથી, તેના આયોજનની જવાબદારી આજ સુધી મુખ્યત્વે મારા શિરે રહી છે.

૧૯૫૪ ની સાલમાં નવો ઠરાવ કરીને જૈન વિચારસરણી પ્રત્યે આદર ધરાવતા જૈન - જૈનેતર સૌ કોઈ માટે સંઘનું પ્રવેશદ્વાર ખુલ્લું કરવામાં આવ્યું. એ જ સાલના ઑકટોબર માસમાં સંઘનો રજત-મહોત્સવ ઉજવવામાં આવ્યો. એ મુજબ ૧૯૬૪ ની સાલમાં 'પ્રબુદ્ધ જીવન'નો પણ રજત મહોત્સવ ઉજવાયો. સંઘની કારકીર્દિના આ બધા તબક્કાઓ આજે સ્મરણપટ ઉપર આરૂઢ થાય છે અને દિલમાં એક રોમાંચની લાગણી પેદા કરે છે.

સંઘની બીજી એક પ્રવૃત્તિ શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયની છે. તેની શરૂઆત ૧૯૪૦ ના ઑગસ્ટમાં કરવામાં આવી. સંઘની ચોથી પ્રવૃત્તિ વૈદ્યકીય રાહતને લગતી છે, જેની ૧૯૪૭માં શરૂઆત કરવામાં આવી. આ બધી પ્રવૃત્તિ આજે પણ એક સરખી ચાલી રહી છે.

સંઘના પ્રાદુર્ભાવ અને વિકાસમાં જેમનો મહત્વનો ફાળો રહ્યો છે, પણ આજે જેઓ હયાત નથી, તેમનાં નામ આ પ્રસંગે યાદ કરું તો, સૌથી મોખરે સ્વ. મણિલાલ મોકમચંદ શાહનું નામ યાદ આવે છે. તેઓ સંઘના આદ્યસ્થાપકોમાંના એક હતા. તેમનું અવસાન ૧૯૫૨ની સાલમાં થયું ત્યાં સુધી તેમણે સંઘને ચેતનવન્તો બનાવવામાં પોતાના તન, મન અને ધનનો અપૂર્વ યોગ આપ્યો હતો. જ્યારે પણ હું ધીમો પડતો ત્યારે તેઓ મને આગળ ધકેલવાનું કામ કરતા. તેઓ સંઘના ચેતનવન્તા પ્રાણ હતા. તેમને સંઘ તરફથી ૧૯૪૪ની સાલમાં રૂા. ૧૩૮૩૩ ની થેલી અર્પણ કરવામાં આવી હતી. તેમાં તેમણે રૂા. ૧૦૧૬૭ ઉમેરીને કુલ રૂા. ૨૪૦૦૧ ની રકમ સંઘના વાંચનાલય અને પુસ્તકાલયને અર્પણ કરેલી અને ત્યારથી સંઘના વાચનાલય-પુસ્તકાલય સાથે તેમનું નામ જોડવામાં આવ્યું છે. આ ઘટનાનું પણ આજે સ્મરણ થાય છે.

સંઘના એ સ્થાપક અને પ્રારંભની પ્રવૃત્તિઓને પોતાની શકિતઓનો પૂરો યોગ આપનાર ડૉ. નગીનદાસ જે. શાહનું પણ આજે સ્મરણ થાય છે. તેમનું ૧૯૩૨ માં અકાળ અવસાન થતાં તેમની સેવાનો સંઘને બહુ ટૂંક સમય માટે લાભ મળી શકયો.

એવા જ બીજા સંઘના કાર્યકર્તા ડૉ. વ્રજલાલ ધરમચંદ મેઘાણીને પણ મારે યાદ કરવા જોઈએ. સંઘના બંધારણમાં ૧૯૩૮ ની સાલમાં થયેલા પાયાના ફેરફારના પરિણામે તેઓ સંઘમાં જોડાયેલા. તેમણે સંઘના મંત્રી તરીકે ખૂબ જ સેવા આપેલી. 'પ્રબુદ્ધ જૈન' પણ તેમની જીવન્ત કથાઓ દ્વારા ખૂબ જ સમૃદ્ધ થયું હતું. તેઓ ૧૯૪૭માં



**ઉદ્દઘાટન સમારંભની કાર્યવાહીનું દ્રશ્ય :** ડાબી બાજુથી (૧) સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, (૨) સમારંભના પ્રમુખ કાકાસાહેબ કાલેલકર, (૩) સંઘના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા પોતાનું પ્રવચન વાંચે છે. (૪) સંઘના એક આદ્યસ્થાપક શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, (૫) સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહ.

મુંબઈમાં ફાટેલા કોમી દાવાનળમાં ભોગ બન્યા અને સંઘને તેમની કીમતી સેવાનો લાભ મળતો એકાએક બંધ થયો.

એવા જ ત્રીજા સાથી કાર્યકર્તા શ્રી અમીચંદ ખેમચંદ શાહને પણ મારે યાદ કરવા રહ્યા. તેઓ જીંદગીનાં પાછળનાં વર્ષોમાં પાટણ જઈને વસ્યા હતા અને સેવાપ્રવૃત્તિમાં રોકાયલા હતા. ગયા વર્ષે જ તેમનું ત્યાં અવસાન થયું.

જૂના હયાત સાથીઓમાં સંઘના સ્થાપકોમાંના એક શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી આજે પણ સંઘની કાર્યવાહી સાથે જોડાયેલા છે અને આપણી વચ્ચે બિરાજમાન છે. આ પ્રસંગે બીજા ભાઈ તારાચંદ કોઠારીને પણ મારે યાદ કરવા રહ્યા. તેઓ આજે સંઘના સભ્યપદ ઉપર નથી પણ તેઓ સંઘના સભ્યપદ ઉપર વર્ષો સુધી રહ્યાછે અને તે દરમિયાન તેમણે સંઘને અનેકવિધ સેવાઓ આપી હતી.

સંઘના પ્રારંભથી હું સંઘ સાથે જોડાયેલો હોઈને અને તેની કાર્યવાહીમાં મને અગ્રસ્થાન મળતું રહેલું હોઈને સંઘને અનેક રીતે મારાથી ઉપયોગી થવાનું બન્યું છે એની મારાથી ના નહિ કહેવાય અને તે બધું ધ્યાનમાં લઈને સંઘના નવા કાર્યાલયના સભાગૃહ સાથે મારૂં નામ જોડવાનું આપ સર્વેએ વિચાર્યું હોય એ હું સમજી શકું છું, અને તે માટે આપનો હું ખૂબ જ આભારી છું. આમ છતાં પણ સંઘ પ્રત્યે મારૂં કેટલું ઋણ છે તેનો હું આપને કઈ રીતે ખ્યાલ આપું? મારી અનેક નબળાઈઓ અને ત્રુટિઓ હોવા છતાં સંઘે મને એક સરખા આદર અને સદ્ભાવથી નભાવ્યો છે અને મારામાં રહેલી શકિતઓને બહાર લાવવાની—તેને અભિવ્યક્ત કરવાની—તક આપી છે એ કોઈ નાની સૂની વાત નથી. મારા અંગત ઘડતરમાં સંઘનો નાનો સૂનો ફાળો નથી. પ્રબુદ્ધ જૈનનું—પાછળથી પ્રબુદ્ધ જીવનનું—સંપાદન પ્રારંભથી તે આજ સુધી—મારા હસ્તક કાયમ રાખીને મારા ચિન્તન, મનન અને લેખનને વિકસાવવામાં સંઘ બળવાન નિમિત્ત બનેલ છે.

પર્યુષણ વ્યાખ્યાનમાળાના મારી હસ્તકના આજ સુધીના આયોજન દ્વારા સમાજ અને રાષ્ટ્રના અનેક ચિન્તકો અને વિચારકોના સંપર્કમાં આવવાની મને જે તક મળી છે તેનું મૂલ્ય હું કઈ રીતે આંકું?

સંઘના નવા કાર્યાલયના આજે થઈ રહેલા ઉદ્‌ઘાટનને સંઘની ઉજ્જવળ કારકીર્દિના એક નવા સીમાચિહ્‌ન તરીકે હું પીછાણું છું. આ નવા કાર્યાલય દ્વારા જે નવી સગવડો સંઘને પ્રાપ્ત થઈ છે તેનો પૂરો લાભ ઉઠાવવામાં આવે તો સંઘની ચાલુ પ્રવૃત્તિઓને નવી ચાલના મળશે અને નવી પ્રવૃત્તિઓનાં દ્વાર ખૂલ્લાં થશે એમ હું માનું છું.

આજના આ નવા પ્રસ્થાન પ્રસંગે મારા પક્ષે મારે જણાવવું રહ્યું કે હવે મને ઉમ્મરની અસર વર્તાવા લાગી છે; મારી કાર્યક્ષમતા અંશત: પણ ઓસરતી જતી લાગે છે; નવા વિચારપ્રવાહોને ઝીલવાનું સામર્થ્ય પણ ઘટતું જતું અનુભવું છું. આ કારણે સંઘની પ્રવૃત્તિઓના સંચાલનની જવાબદારીથી હું હવે મુકત થવા ઈચ્છું છું. આજથી સંઘ માટે નવો યુગ શરૂ થાય છે અને તેની જવાબદારી વહન કરવાનું કામ હવે મારા સાથી કાર્યકરોને સોંપું છું. આનો અર્થ એ નથી કે સમાજ સેવાની અને સમાજનું સમયોચિત વૈચારિક પરિવર્તન સાધવાની મારી ઝંખના જરા પણ મંદ પડી છે. પણ અંગ્રેજીમાં કહેવત છે ને કે 'Spirit is willing, flesh is weak'—ચેતના એટલી જ સતેજ છે, પણ શારીરિક ક્ષમતા ઊણી માલુમ પડે છે—આવું કાંઈક હું અનુભવું છું. આંખો પણ વિશેષ કામ આપવાની ના પાડતી હોય એમ લાગે છે. આ જ દષ્ટિએ 'પ્રબુદ્ધ જીવન'ના સંપાદનની જવાબદારી સંભાળે એવી કોઈ સમર્થ વ્યકિતની હું શોધમાં છું. બાકીની બધી જવાબદારીઓ તો સાથી કાર્યકરો સંભાળશે, એટલું જ નહિ પણ, સંઘના અદ્યતન કાર્યને જરૂર વિકસાવશે એવો મારો તેમનાં વિષે વિશ્વાસ છે.

આજે જ્યારે જાણે કે આપની વિદાય લઈ રહ્યો હોઉં એવા સંવેદનપૂર્વક હું આપની સમક્ષ ઉપસ્થિત થયો છું ત્યારે મારા સાથીઓને ઉદ્દેશીને બે શબ્દ કહું તો તે અસ્થાને નહિ ગણાય.

આપણા સંઘની આજ સુધીની કાર્યવાહીનું નિર્માણ કરવા પાછળ એક ચોક્કસ પ્રકારની વિચારણા રહેલી છે. સંઘનો ઉદ્દેશ જૂનવાણી રીતરસમને પડકાર આપતા રહેવાનો અને તે કારણે સમાજ સાથે અથડામણ નોતરતા રહેવાનો હોઈને, સંઘનું વિચાર—સ્વાતંત્ર્ય અબાધિત રહે એ હેતુથી, જે પ્રવૃત્તિમાં વિપુલ અર્થસંચયની અપેક્ષા રહે એવી પ્રવૃત્તિ સંઘે હાથ ન ધરવી—એવી આપણી નીતિ રહી છે; પણ સાથે સાથે આ ધોરણ અનુસાર સંઘ જે જે પ્રવૃત્તિ હાથ ધરે તેને બને તેટલી સમૃદ્ધ અને ઉર્ધ્વગામી બનાવવી એ પણ આપણું લક્ષ રહ્યું છે. આ ખ્યાલ અનુસાર સંઘની બે મુખ્ય પ્રવૃત્તિઓને—પ્રબુદ્ધ જીવન અને પર્યુષણ વ્યાખ્યાનમાળાને—આપણે ઉત્તરોત્તર વિકસાવતા રહ્યા છીએ. સંઘને આજે વિશાળ કાર્યાલય મળતાં સંઘનું પુસ્તકાલય અને વૈદ્યકીય રાહત પ્રવૃત્તિને વિકસાવવાનો આપણે સંકલ્પ કર્યો જ છે. વિશાળ સભાગૃહ પ્રાપ્ત થવાના કારણે, વિચારોના આદાનપ્રદાનને ઘણો વેગ મળશે એવી આશા છે.

સંઘની આજ સુધીની પ્રવૃત્તિ અતિ સીમિત રહી છે એ મને કબુલ છે, પણ સંઘના ક્રાન્તિલક્ષી ઉદ્દેશોને બાધક બને એવી કોઈ પણ વિચારોની બાંધછોડ સંઘે આજ સુધી કરી નથી. સંઘ સ્થપાયો ત્યારે અનેક જૈન યુવક સંઘો અળશિયાની માફક ફૂટી નીકળેલા. તે બધા થોડા સમયમાં અસ્ત થઈ ચૂકયા, ત્યારે આ સંઘ આજ સુધી એકલો ટકી રહ્યો છે અને તેનું સ્વતંત્ર વ્યકિતત્વ એક સરખું અખંડિત અને સુરક્ષિત જળવાઈ રહ્યું છે. આ બાબતનો મને સંતોષ છે. આ પરંપરાને યથાવત્ જાળવી રાખવા મારા સાથી સૂત્રધારોને મારો અનુરોધ છે.

આજે જ્યારે હું નવી પેઢીને જોઉં છું, અને જે પેઢીનો હું ગણાઉં તે પેઢી સાથે આજની પેઢીને હું સરખાવું છું, ત્યારે આજની પેઢીમાં વ્યકિતસ્વાતંત્ર્યની ખુમારી, સાહસિકતા, પ્રણાલિકામુકિત, નવચેતનાનો આવિષ્કાર અને દષ્ટિક્ષીતિજનું ક્ષેત્રફલક પ્રમાણમાં વધારે વિકસેલું દેખાય છે, જ્યારે વિદ્યાવ્યાસંગ, કાર્યનિષ્ઠા, સંયમ, સાદાઈ, સેવાની તમન્ના, ત્યાગની ભાવના, પરિશ્રમનિષ્ઠા, ધબકતા હૃદયની સંવેદનશીલતા—આ ગુણોનો, આજની પરિસ્થિતિની માંગ મુજબ, ઉત્કર્ષ હોવો ઘટે, તેના બદલે તેમાં શિથિલતા નજરે પડે છે. આજનો યુવક વધારે મનસ્વી છે; મોજમજાહ તરફ તેનું મન વધારે ઢળેલું છે; સમાજપરિવર્તનની તાલાવેલી તેનામાં બહુ ઓછી દેખાય છે. આજના જીવનનાં આ ભયસ્થાનો તરફ મારા સાથી સહકાર્યકરોનું અને સંઘના સભ્યોનું ધ્યાન ખેંચવાનું મને કર્તવ્યરૂપે પ્રાપ્ત થાય છે.

મિત્રો, ક્રાન્તિની ચિનગારીમાંથી આપણા સંઘનો જન્મ થયો છે. આપણો સંઘ ગમે તેટલો નાનો હોય, આપણું કાર્યક્ષેત્ર ગમે તેટલું સીમિત હોય, એમ છતાં પણ આપણે ન ભૂલીએ કે આપણે સમાજ-કાન્તિના મશાલચીઓ છીએ, વૈચારિક ક્ષેત્રે સમયોચિત પરિવર્તન સતત સાધતા રહેવું એ આપણું મુખ્ય કર્તવ્ય છે. આપણને આળસ-પ્રમાદ ન પરવડે; આપણા વિચાર અને વર્તન વચ્ચે વિરોધ ન પાલવે, મોજમજા અને આનંદમાં આળોટવાનું આપણને ન શોભે; દ્રવ્યોપાર્જનની ઉપેક્ષા થઈ ન શકે, એમ છતાં પણ બચત સમયનો સેવા અને સદ્‌વાંચનમાં જો આપણે પૂરો ઉપયોગ ન કરીએ તો ગાંધીજીના લાયક વારસ આપણે ન ઠરીએ. આપણે ક્ષણ ક્ષણનો હિસાબ આપવાનો છે એવી જાગૃતિપૂર્વક જીવન જીવતા થઈએ.

ધાર્મિક તેમ જ સામાજિક અનેક અનિષ્ટ રૂઢિઓ વડે સમાજ-જીવન રૂંધાયલું છે; આ રૂઢિઓની પકડમાંથી આપણી જાતને તથા સમાજને મુકત કરવા પાછળ આપણી સર્વ શકિતઓનો યોગ આપીએ. ચોતરફ અન્યાય, નબળા ઉપર સબળાની શિરજોરી, અધર્મ

આપણને પડકારી રહેલ છે.; નાના સરખા પણ અન્યાયનો—અધર્મનો પ્રતિકાર કરવાનો આપણે સતત પુરુષાર્થ દાખવતા રહીએ. ચોતરફ ભીંસ, મુંઝવણ, અકળામણ, વેદના, વ્યથાનાં આપણને દર્શન થાય છે; કોઈ પણ દુ:ખી, દલિત, પીડિતને રાહત પહોંચાડવા આપણો હાથ સતત લંબાવતા રહીએ. આપણા સંઘના નિર્માણ પાછળ આ ભાવના રહેલી છે. એ ભાવનાને આપણા જીવનમાં શકય તેટલી ઉતારીને સંઘના અસ્તિત્વને આપણે ચરિતાર્થ કરીએ એ જ આપણી કામના હો! એ જ આપણી પ્રાર્થના હો!

## પંડિત દલસુખભાઇ માલવણિયા

ત્યાર બાદ સંઘના ખાસ નિમંત્રણને માન આપીને અમદાવાદથી આવેલા પંડિત સુખલાલજીના પ્રતિનિધિ સમા પંડિત દલસુખભાઈ માલવણિયાએ જણાવ્યું કે:

"પંડિત સુખલાલજી સાથે હું કાશીમાં રહેતો હતો તે દરમિયાન એ વખતનું 'પ્રબુદ્ધ જૈન' પંડિતજીને અક્ષરે અક્ષર વાંચી સંભળાવતો અને આ રીતે મારો સંબંધ જૈન યુવક સંઘ સાથે આજે વર્ષોથી થયો છે. શ્રી પરમાનંદભાઈ 'પ્રબુદ્ધ જીવન' માટે લખવાનું મને નિમંત્રણ આપતા—એકાદ બે વાર મારા બેત્રણ લેખો પાછા પણ મોકલી મને સુધરવાનો અવસર પણ આપ્યો છે, પણ મારે કહેવું જોઈએ કે મારા સારામાં સારા લેખો 'પ્રબુદ્ધ જીવન'માં પ્રકટ થયા છે.

"મને ઘણીવાર વિચાર આવે છે કે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના જૂના નેતાઓ શું નેતાગીરી છોડવા માગતા નથી કે નવી પેઢી તેમાં આવવા માગતી નથી? અને નવી પેઢી આવતી નથી તો કેમ આવતી નથી? મને લાગે છે કે આજે જીવનમાં પૈસાનું મહત્ત્વ વધતું જાય છે અને આજની પેઢીને પણ આમાં રસ લાગવા માંડયો છે. હું ઈચ્છું છું કે નવી પેઢી કંઈક વિચાર કરતી થાય અને વિચારક્રાંતિ જૈન સમાજમાં પહોંચાડે.

"બીજું સંઘને મારું નમ્ર સૂચન એ છે કે જેમ અહિં રાષ્ટ્રની સમસ્યાઓ ઉપર પ્રવચનો ગોઠવાય છે એમ સમાજની સમસ્યાઓ ઉપર પણ પ્રવચનો ગોઠવાય.

"અંતમાં, શ્રી પરમાનંદભાઈએ એમના પ્રવચનમાં મુકત થવાની વાત કરી છે તો મારે કહેવાનું કે 'પ્રબુદ્ધ જીવન' તથા પર્યુષણ વ્યાખ્યાનમાળા તો તેમનાં સંતાન છે, તે તો તેમનાથી છોડાય જ નહિ. બધું પરમાનંદભાઈ સાથે ન જાય એમ હું પ્રાર્થું...નવી જગ્યામાં પ્રવૃત્તિના વિકાસની શકયતા ઊભી થઈ છે ત્યારે સંઘ નવી નવી પ્રવૃત્તિઓ વિચારે - આદરે એ જ અભ્યર્થના."

## પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા

મને જૈન યુવક સંઘનો પરિચય શ્રી પરમાનંદભાઈ દ્વારા અને 'પ્રબુદ્ધ જીવન' દ્વારા થયો છે અને ઉત્તરોત્તર વધતો રહ્યો છે. મને કેટલાય વર્ષોથી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં પ્રમુખસ્થાન આપી જ્ઞાન-સત્રમાં મારું પણ સાર્થકય કરવાની તક આપી છે એ માટે હું આ સંસ્થાનો ખૂબ ઋણી છું.

સંઘની દૃષ્ટિ હંમેશા anti–thesis ઉપર રહી છે. એટલે બે પેઢી વચ્ચે અંતર રહેવાનું જ. ગતિ એ પ્રગતિ નથી, ગતિની દિશા નક્કી કર્યે પ્રગતિ થાય છે. પરિવર્તન માટે દિશા નક્કી કરવી જોઈએ. શ્રી મુંબઈ જૈન યુવક સંઘે હંમેશ દિશા નક્કી કરી પરિવર્તન દ્વારા પ્રગતિ કરી છે, અને એમાં શ્રી પરમાનંદભાઈ એક જ્યોતિર્ધર સમા રહ્યા છે, શ્રી પરમાનંદભાઈ વિચારનિષ્ઠ છે, સમાજની પરિસ્થિતિ જાણી સમાજમાં પ્રકાશ લાવે છે, તેમનામાં મેં એક ખરી માનવતાની ભાવના સ્ફૂરતી જોઈ છે. આજના નવા પ્રસ્થાનનાં મંગલ પ્રસંગે તેમનું હું અભિનંદન કરું છું.

## શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી

આજે મને કેટલાંય જૂના સ્મરણો સ્મૃતિ પટ ઉપર ઉપસી આવે છે. સંઘની સ્થાપના અમે કરી ત્યારે અમારામાં એક તરવરાટ હતો, અમે દોડતા - અથડાતાં. જૈન યુવક પરિષદ અને સવિનય ભંગના એ દિવસો. અમારે સમાજ સાથે અથડામણના દિવસો હતા. અમે એ વખતે જે પત્રિકા ચલાવતા એ સરકારે જપ્ત કરી, જામીનગીરી માગી - અમે જામીનગીરી ન આપી - અને પત્રિકા બંધ થઈ. કેટલાક સમય બાદ મેં પણ થોડો સમય આ પત્રિકાનું તંત્રીપદ સંભાળી પત્રિકા પાછી છાપવી શરૂ કરી ... આ સંઘ અનેક પ્રવાહો - વમળો અને સંયોગોથી પસાર થયો છે. મારા દિલમાં આજે એક વેદના છે. આપણે ભૂતકાળને સાવ જ ફેંકી ન દઈએ—એમાંથી ઘણું લેવા જેવું છે. હવે ૧૯૭૦ થી નવો યુગ શરૂ થાય છે. પૂજ્ય કાકાસાહેબના આશીર્વાદથી સંઘ નવા કદમો ઉપાડશે એવી મારી અભિલાશા છે અને નવી આગેવાનીની - નવી ક્રાંતિની મશાલની જરૂર છે એ આપણો યુવક સંઘ આપશે તો ઈતિહાસમાં સંઘનું નામ ઉજજવળ અક્ષરે લખાશે.

## શ્રીમતી લીલાવતીબહેન દેવીદાસ

હું યુવક સંઘ સાથે ૩૭ વર્ષથી સંકળાયેલી છું. આજે શરીરે અમે ભલે વૃદ્ધ થયા પણ અમારા વિચારો આજેય યુવાનો જેવા છે. આજે જૂના સાથીઓની સાથે કારોબારીમાં ઘણા નવા યુવાનો આવ્યા છે એથી હું આનંદ અનુભવું છું - મને નિરાશ થવા જેવું કશું જ લાગતું નથી, અને અમારે માટે તો આ પરમાનંદનો જ સમય છે. સંઘ જમાનાને અનુરૂપ કાર્ય કરે એવી પરમાત્માને મારી પ્રાર્થના છે.

## શ્રી મૃણાલિનીબહેન દેસાઇ

જૈન યુવક સંઘ સાથેના સંબંધનો સરવાળો હું કાઢતી હતી, ત્યારે મને લાગ્યું કે આપના સમાગમથી મને પારવિનાનો લાભ થયો છે. આ સંઘમાં મારા જેવી બ્રાહ્મણ, પર્યુષણ વ્યાખ્યાનમાળામાં આવે—ફાધર વાલેસ આ સંઘને નાતાલનો શુભેચ્છાનો સંદેશો પાઠવે—ઠેઠ કલકત્તાથી વિજયસિંહ નહાર જેવી આગેવાન વ્યકિત અહિં ઉપસ્થિત થાય - આમાં સંઘની સાંપ્રદાયિકતા કયાંય હું જોતી નથી. એ દાવે સંઘ પ્રત્યે મને હંમેશ પૂજ્યભાવ રહ્યો છે અને હું પર્યુષણ દરમ્યાન વ્યાખ્યાન આપું, વ્યાખ્યાનો સાંભળું એટલે હું અર્ધી જૈન થઈ ગઈ છું. આજે મારે વિશેષ કહેવાનું નથી, ફકત એટલું જ કહીશ, આ સંઘનો અક્ષરદેહ અમર રહો - અક્ષરદેહ એ જ અવિનાશી દેહ છે.

## શ્રી વિજયસિંહ નહાર

કલકત્તાથી આજ સવારે આવેલા જાણીતા કૉંગ્રેસી આગેવાન શ્રી વિજયસિંહ નહારે નીચે મુજબ જણાવ્યું:

મારો અને મારા કુટુંબનો શ્રી પરમાનંદભાઈ સાથે બહુ જ નો ગાઢ સંબંધ છે. યુવક સંઘને મેં એક ક્રાંતિકારી સંઘ તરીકે જોયો છે—જાણ્યો છે. હું સંઘને મુબારકબાદી દેવા જ અહિં આવ્યો છું.

ત્યાર બાદ સંઘનાં મંત્રી શ્રી ચીમનલાલ જે શાહે કહ્યું - મારી પૂર્વેના વકતાઓને સાંભળીને મને લાગે છે કે હવે અમારે બીલકુલ બોલવું ન જોઈએ અને કામ ઉપર ચઢી જવું જોઈએ. આથી હું કશું જ બોલવા માંગતો નથી - પણ એટલું જરૂર કહીશ કે સંસ્થામાં પ્રાણનું - અને ઈમારતનું પાયાનું મહત્ત્વ છે એટલું જ મહત્વ સંસ્થાના હાથપગનું અને ઈમારતની ઈંટનું છે-આ સંસ્થાના વિકાસમાં ઘણાનો સાથ છે. અમારા કાર્યાલયનાં કર્મચારીઓ પણ સંસ્થાને પોતાની માની કામ કરે છે. એમને આજના શુભ પ્રસંગની ખુશાલીમાં શ્રી કાકાસાહેબના શુભહસ્તે આર્થીક ભેટ આપતાં અમે આનંદ અનુભવીએ છીએ.

અને આ પછી –

શ્રી કાકાસાહેબનાં શુભ હસ્તે શ્રી શાંતિલાલ શેઠ—કાર્યાલયના વ્યવસ્થાપકને રૂા. ૫૦૧, ગ્રંથપાલ શ્રી લક્ષ્મીચંદ મહેતાને રૂા. ૨૫૧, સિપાઈ બાબુને રૂા. ૧૦૧ આપવામાં આવ્યા હતા.

(આ પ્રસંગે કાકાસાહેબ કાલેલકર તરફથી મળેલું અને છપાયલું પ્રવચન નીચે મુજબ હતું.)

## પરમાનંદ માણવાનો અવસર

મને યાદ છે તે પ્રમાણે શ્રી પરમાનંદભાઈ સાથે મારો પરિચય સ્વામી આનંદ મારફતે થયો હતો. એમના બનેવી ભાઈ શ્રી હીરાલાલ અમૃતલાલ સાથેનો પરિચય ત્યાર પછીનો, પણ તરતનો જ હોવો જોઈએ. હીરાલાલભાઈ સાથેનો પરિચય આકાશના તારા-

ઓના કારણે વધ્યો હતો – પણ પરમાનંદભાઈ સાથેનો પરિચય તો આકાશના તારાને કારણે નહિ, પણ દુન્યવી માણસના જીવનના અસંખ્ય પાસાઓને કારણે વધતો ગયો. હવે એને પરિચય ન કહેતા આત્મીયતા જ કહેવી જોઈએ. પરમાનંદભાઈ એટલે સંસ્કારિતા, વિવિધ વિષયોની જાગૃત જિજ્ઞાસા અને કોઈ પણ વાતમાં કોઈ કાળે અતિરેક ન કરવાની સંયમપૂર્ણ વ્યવહાર–કુશળતા. સંભવ છે કે આ સ્વભાવ બધા જ ગુજરાતીઓનો અને તેમાંયે ગુજરાતના જૈનોનો હશે. પરમાનંદભાઈ તો આ ત્રણે ગુણોની સ્નેહયુક્ત પ્રત્યક્ષ મૂર્તિ. જો અમારો સંબંધ ચાર દાયકા સુધી એકધારો ટક્યો અને વધ્યો હશે તો તેનું બધું શ્રેય પરમાનંદભાઈને જ છે.

હું લોકોને ઘણીવાર કહું છું કે હું સ્વભાવે અને સંસ્કારે જૈન બની ગયો હોઉં તો તે પરમાનંદભાઈને લીધે જ છે. પંડિત સુખલાલજી, બેચરદાસજી અને મુનિ જીનવિજયજીનો સહયોગ તો પાછળથી પ્રાપ્ત થયો. શ્રી રસિકલાલ પરીખ ગુજરાત વિદ્યાપીઠની સ્થાપનાને કારણે મારા સાથી થયા. પછી તો કોણ જાણે કેટલા જૈનો સાથે મારો સંબંધ વધતો જ ગયો.

એની પરમાવધિ તો ભાવનગર તરફના જાણીતા પારેખ કુટુંબની ચંદન જ્યારે ચિ. સતીશને પરણીને અમારા ઘરમાં આવી અને એણે કાલેલકર કુટુંબને ત્રણ બાળકો આપ્યા ત્યારે થઈ.

હું ભલે બટાટા ને રીંગણા ખાતો હોઉં પણ સ્વભાવે અને લાગણીથી પૂરો જૈન બની ગયો છું. આમ કેળવેલી અહિંસા ગાંધીજીના પ્રભાવથી જીવનવ્યાપી, રાષ્ટ્રવ્યાપી અને માનવતાના ક્ષેત્રોમાં સમસ્ત ક્ષેત્રે વ્યાપી થઈ ગઈ.

આવડા મોટા જીવનપરિવર્તન માટે પરમાનંદભાઈ કારણીભૂત થયા. પણ એનું શ્રેય હું એમને આપું તો એમને પણ અડવું લાગે અને મને પણ વિચિત્ર લાગે. શ્રેય આપવામાં પણ મર્યાદાનું અતિક્રમણ થાય તો તે પરમાનંદભાઈને બિલકુલ ન જ ગમે.

આ થઈ અમારા અંગત સંબંધની વાત. પણ પરમાનંદભાઈએ પોતાની પ્રવૃત્તિ દ્વારા મુંબઈના જૈન સમાજ સાથે મારો ઉત્કટ સંબંધ બાંધ્યો, એ વસ્તુ આજના પ્રસંગે ખાસ પ્રસ્તુત છે. પરમાનંદભાઈની જૈન સમાજની સેવા બાર બાર વર્ષના ચાર તપ કરતાં વધારેની હશે. આવી સેવા આટલા લાંબા કાળ સુધી અવ્યાહત ચાલતી આવી છે એનું મુખ્ય કારણ પરમાનંદભાઈની 'ચીવટપૂર્વક મર્યાદા સાચવવાની વ્યવહારકુશળતા' જ છે. તેઓ જે સેવાઓ ઊપાડે, તે નિયમિત રીતે અને સમાજને સહેજે માન્ય થાય એ ઢબે આપતા જાય. સેવા સમાજમાન્ય થઈ દીપી ઊઠી, અને અસરકારક થઈ, એટલાથી ફુલાઈ જઈ સેવાનું ક્ષેત્ર વધારવું, ઊંડાણમાં ઊતારવું અથવા એ સેવાના અંગ પ્રત્યંગો વધારવા એવી ભૂલ પરમાનંદભાઈ કોઈ કાળે ન કરે. જે કામ હાથમાં લીધું તે શોભાવવું, હમેશને માટે નભાવવું અને પાકટપણે એની સુગંધ ફેલાવતા જવું એમાં જ શ્રેય છે. એ છે પરમાનંદભાઈનો જીવન સિદ્ધાંત.

તેથી એમણે જૈન યુવક સંઘની સ્થાપના કરી, એ સંઘનું એક મુખપત્ર ચલાવ્યું. એના આદર્શો વિકસાવ્યા. સમાજની સાંપ્રદાયિકતા ઉપર પ્રહાર કર્યા વગર, બની શકે તેટલી એ સાંપ્રદાયિકતા ઓગાળી નાખવી અને સમાજ ઝીલી શકે એ ક્રમે સમાજના જીવનરસો અને ચિંતન–ક્ષેત્રો વ્યાપક કરતાં જવું એ રહી પરમાનંદભાઈની સ્થાયી નીતિ.

સંઘ અને એની પત્રિકાની બેવડી પ્રવૃત્તિ સાથે જ ખીલેલી પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાએ પરમાનંદભાઈને સમાજસેવાનું ત્રીજું ક્ષેત્ર આપ્યું. જૈન સમાજ માટે મૂળે પર્યુષણ પર્વ તો 'જ્ઞાન અને તપસ્યા રૂઢ રીતે ખીલવવાનું' એક પર્વ. એમાં વ્યકિતગત સાધના જ વધારે, સામાજિક તત્ત્વ નહિ જેવું. એ પર્વનો આશ્રય લઈ જૈન સમાજને ધર્મ અને તત્ત્વજ્ઞાન સાથે જીવનની વિશાળ ભવ્યતાનો ખ્યાલ આપવા માટે પરમાનંદભાઈએ એક વ્યાખ્યાનમાળા યોજી અને સમાજને સંસ્કારિતાનો એક વિરાટ રસ ચખાડયો. પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતા જોઈ એનું અનુકરણ અનેક ઠેકાણે શરૂ થયું. સુદૂર કલકત્તા સુધી એવી જ વ્યાખ્યાનમાળા ચાલતી મેં જોઈ છે. આ વ્યાખ્યાન માળા મારફતે પરમાનંદભાઈએ જૈન સમાજની, અને એ સમાજના સંબંધમાં આવનાર બીજા સમાજોની નક્કર સાંસ્કૃતિક સેવા કરી છે. આ વ્યાખ્યાનમાળા માટે વકતાઓની પસંદગી કરવામાં પરમાનંદભાઈની બધી કુનેહ કામ આવી છે. વકતાઓ કેવળ જૈન નહિ, કેવળ હિંદુ નહિ, કેવળ ભારતીય નહિ. એમણે તો અનેક ધર્મના અને અનેક ખંડના વકતાઓ પકડી આણ્યા છે. એમાં વિદ્વાનો પણ છે અને વિદુષીઓ પણ છે.

આટલી સફળતા મળ્યા પછી કોઈ પણ માણસ લોભમાં તણાઈ સમાજ સુધારાની, ધર્મ સંસ્કરણની અને રાજદ્વારી પક્ષોની પ્રવૃત્તિઓમાં તણાઈ જાત અને નવા યુગને માટે અનુકૂળ એવા સાંસ્કૃતિક સંગઠનો ઊભા કરત. પણ પરમાનંદભાઈનો વિશ્વાસ સંસ્થાઓ ચલાવવા કરતાં સંસ્કારિતા ફેલાવવામાં વધારે છે. સમાજ પોતાની સંકુચિતતા છોડે, વ્યાપક રીતે વિચાર કરતો થાય, બૌદ્ધિક ઉદારતા કેળવે એટલે શ્રોતાઓ જીવનસમૃદ્ધ થવાના જ. પછી તેઓ અનેકાનેક સંસ્થાઓમાં અને પ્રવૃત્તિઓમાં દાખલ થવાના. માનવકલ્યાણની વિશુદ્ધ પ્રવૃત્તિઓને પોષણ આપવાના. અને સરવાળે સમાજનું આખું વાતાવરણ વિશાળ, ઉન્નત અને પ્રાણવાન થવાનું. આ બધું એની મેળે થવાનું છે, એ વિશ્વાસે પરમાનંદભાઈ સંઘ, એનું 'પ્રબુદ્ધ જીવન' અને પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળાને વળગી રહ્યા છે.

પરમાનંદભાઈ સાથે સહકાર કરતાં પોતે જોખમમાં આવવાની કે તણાઈ જવાની કોઈને બીક ઉત્પન્ન થતી નથી. તેથી દરેક માણસ પોતાની શકિત, વૃત્તિ અને ઉત્સાહ પ્રમાણે એમને જેટલો સહકાર આપે તેટલાથી પરમાનંદભાઈ સંતુષ્ટ રહે છે. આ રીતે એમણે કેટલાયે સાથીઓનો પ્રસન્ન–સહકાર મેળવ્યો છે અને તે દર વર્ષે વધતો જાય છે.

આમ પ્રવૃત્તિ વધતી ગઈ, છતાં એમણે પોતાનું નાનકડું અને એક ખૂણામાં આવેલું કાર્યાલય છોડયું નહિ. આને 'કલેવરનિષ્ઠા' કહીએ, કે કંજુસાઈ કહીએ. બંને હોઈ શકે. પણ અંતે જ્યારે પ્રવૃત્તિઓ ક્રમે કરીને જૂના કાર્યાલયમાં સમાય નહિ એવી સ્થિતિ ઊભી થઈ ત્યારે લાચાર થઈને કહો કે ઊતરતી અવસ્થામાં પ્રગટ થતા વીરલા ઉત્સાહથી કહો, પરમાનંદભાઈએ સ્થાનાન્તર કરવાનું યોગ્ય ધાર્યું. એમને ઉત્તમ ઠેકાણે સારી જગ્યા મળી. એમના સાથીઓએ એ જગ્યાએ 'શ્રી પરમાનંદભાઈ કાપડિયા સભાગૃહ' સ્થાપન કરવાનું નક્કી કર્યું. એના ઉદ્‌ઘાટનને અર્થે, અને શુભ આરંભને અર્થે, આપણે અહીં ભેગા થયા છીએ.

ગમે તેટલી પ્રગતિ કરી હોય અને નવા નવા સંબંધો ખીલવા હોય તોયે જૂના સંબંધોને વફાદાર રહેવું એ ખ્યાલથી (અથવા સ્વભાવથી) આજના શુભ પ્રસંગે જૂના સહયોગીઓને જ બોલાવવાનું એમને ઉચિત લાગ્યું. આજના પ્રસંગે સર્વોત્તમ જૈન પંડિત સુખલાલજીને આપણે આણી શકયા હોત તો આપણને પરમાનંદ થાત. પણ એવું નામ ધારણ કરવાથી માણસને હમેશા પરમાનંદ મળે જ છે એમ નથી. એટલે દૂધ નહિ તો છાશ એ ન્યાયે પરમાનંદભાઈએ પોતાના જૂનામાં જૂના સાથીને પકડયો. અને એ રીતે આપ સહુ મને આ સ્થાને જુઓ છો.

અને મારાથી 'ના' પણ કેમ પડાય? એક વખતના મારા અંગત મંત્રી સ્વ. ચંદ્રશંકર શુકલે મારું નામ પાડયું હતું "ભીડ ભંજન." મુખ્ય માણસ ન મળે તો એ ભીડ ટાળવા માટે લોકો અચૂક મને યાદ કરવાના. અને ભીડને પ્રસંગે લોકોને વહારે ધાવા જેટલી ઉદારતા મેં કેળવી જ છે. એટલે કશી આનાકાની વગર મેં પરમાનંદભાઈને 'હા' પાડી. અને તેઓ રાજી થયા.

મને આમંત્રણ આપતી વખતે એમણે પોતાની બધી દલીલો મારી આગળ રજૂ કરી હતી. "સન ૧૯૨૯માં મુંબઈ જૈન યુવક સંઘ સ્થપાયો ત્યારથી એની પ્રવૃત્તિ વિષે તમે જાણો છો." એમ કહીને એમણે મને બાંધવાનો પ્રારંભ કર્યો. "સન ૧૯૫૪માં સંઘનો રજત મહોત્સવ ઉજવાયો ત્યારે તમે પ્રમુખસ્થાને હતા. એ જ રીતે અમારા 'પ્રબુદ્ધ જીવન'નો રજત મહોત્સવ સને ૧૯૬૪માં ઊજવાયો હતો તે પણ આપના જ પ્રમુખસ્થાને. 'પ્રબુદ્ધ જૈન'ની શરૂઆત પણ આપના જ મંગળ લેખથી કરવામાં આવી હતી. અમારી પર્યુષણ પર્વની વ્યાખ્યાનમાળામાં ઘણું ખરું પ્રારંભથી ઘણા વર્ષ સુધી છેલ્લું ઉપસંહારનું વ્યાખ્યાન આપનું જ રાખવામાં આવતું હતું. આ ઉપરથી ખ્યાલ આવશે કે અમારા સંઘની પ્રવૃત્તિ સાથે આપ ઘણા ગાઢ રીતે આજ સુધી સંકળાયેલા રહ્યા છો."

આવી જબરદસ્ત દલીલો સાથેના આમંત્રણનો ઈન્કાર કોણ કરી શકે? અને સાચી વાતનો ઈન્કાર પણ શો હોઈ શકે? કેવળ પરમાનંદભાઈએ નહિ પણ ગુજરાતના આખા જૈન સમાજે મને અપનાવી મારું જીવન ધન્ય કર્યું છે. એટલે પોતાનો સંતોષ

અને પોતાની આત્મીયતા વ્યકત કરવાને સારી તક મળ્યાના આનંદથી આજે હું અહીં આવ્યો છું અને પરમાનંદભાઈનું અને જૈન યુવક સંઘનું અભિનંદન કરું છું. આ નવા કાર્યાલયનું અને 'શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ'નું ઉદ્ઘાટન કરતાં કોઈની કલ્પનામાં ન આવે એટલો પરમાનંદ હું અનુભવું છું.

મારો સ્વભાવ ભૂતકાળને સમજવાનો અને એનું મહત્ત્વ સ્વીકારવાનો ભલે હોય. પણ હું ભૂતકાળમાં રાચી શકતો નથી. ભારતના આખા સમાજને ભૂતકાળની ભકિત કરવાની ટેવ છે. ભૂતકાળ પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવા જતાં ભૂતકાળ માણવાની અને એ કાળમાં રહી જવાની જ ટેવ આપણા સમાજને છે. મારાથી એ સહન થતું નથી. ભૂતકાળની સેવાને યોગ્ય થવા માટે ભૂતકાળ જેની કલ્પના પણ કરી ન શકયો હોય એવો ભવિષ્યકાળ સર્જવાના વર્તમાનકાલીન પુરુષાર્થમાં હું માનું છું. એટલે આજને પ્રસંગે યુવક સંઘના સદસ્યોને હું વિનવીશ કે ચિરતરુણ પરમાનંદ ભાઈના હાથ મજબૂત કરવા માટે તમે મોટી સંખ્યામાં આગળ આવો અને સંઘની પ્રવૃત્તિના ભવિષ્યકાળને છાજે એવો અને એટલો તો સુંદર વિસ્તાર કરો કે પરમાનંદભાઈ એક બાજુ રાજી થાય અને બીજી બાજુ અકળાઈને તમને ચેતવે કે "સબૂર, સબૂર. સમાજમાં આટલા વેગથી અને આટલા ક્રાંતિકારી પરિવર્તનનો દાખલ નહિ કરતા."

આપણે બધાં જાણીએ છીએ કે ભૂતકાળની રફતાર બહુ ધીમી હતી. ભૂતકાળના સુધારાનો વેગ સ્પષ્ટ દેખાતો પણ ન હતો. હવે જમાનો બદલાયો છે. સર્વ–ધર્મ–સમન્વય માટે આપણે તૈયાર ન થયા અને ભિન્નધર્મી સમાજોને આ દેશમાં ઓતપ્રોત ન કરી શકયા તો નવો જમાનો બધા જ ધર્મોનું કાસળ કાઢી નાખવાં તૈયાર થઈ જશે. આજે લોકો ધર્મનિરપેક્ષ રાષ્ટ્રીયતાની વાત કરે છે. જો આપણે તરતોતરત વિશ્વ–સમન્વય સાધી ન શકયા તો જોત જોતામાં 'ધર્મ વિરોધી સામ્યવાદ'નો પુરસ્કાર સાંભળવાના દિવસો આપણી આગળ ઊગશે. તમારી પ્રવૃત્તિ પાકે પાયે શરૂ થઈ છે. લગભગ ચાર દશકાના અરસામાં એના પાયા મજબૂત થયા છે. આવા સજ્જડ પાયા ઉપર હવે પછી જે મંદિર ચણાશે તે ભવિષ્યકાળને છાજે એવું વિશાળ, ઉદાત્ત, ઊંચું અને સર્વસંગ્રાહક હોવું જોઈએ. એવી પ્રેરણા સફળ કરવાની શકિત કાળભગવાન તમને બક્ષો એ જ મારી પ્રાર્થના.

(આ છાપેલા પ્રવચનના અનુસંધાનમાં કાકાસાહેબે મૌખિક નિવેદન નીચે પ્રમાણે કર્યું હતું.)

મારું પ્રવચન છપાયું છે એ વાંચ્યા બરોબર સમજી થોડું વિસ્તારીને બીજી વાતો હું કહીશ. મારી યુવકની વ્યાખ્યા આ છે. નમ્રતાપૂર્વક મુરબ્બીઓની વાતો સાંભળી એમનામાં સપડાવાની ના પાડે એનું નામ યુવક. બીજું આજે માણસ કાચો હોય–બિનઅનુભવી હોય એને પાછળ રાખી બધી સત્તા અનુભવીઓ એમના હાથમાં લ્યે છે. પણ આ અનુભવીઓ માટે ય કુદરતે રસ્તો કર્યો છે. કાં તો એમને પેન્શન ઉપર ઉતારે છે અથવા પરલોકમાં મોકલે છે. નવા નવા પ્રયોગોનો જે સંકલ્પ કરે એને ય હું યુવાન કહું છું. શ્રી પરમાનંદભાઈ મારી નજરે ચિરતરુણ છે.

આજે સમન્વયવાદ અને અનેકાન્તવાદની મદદથી એક કુટુંબ-વિશ્વ કુટુંબ-બનાવવાનો સમય આવી ગયો છે. જૂનામાં રહીને ફેરફાર કરતા જઈએ ભૂલો થાય તો ગભરાઈએ નહિ અને આગળ વધીયે, સનાતન એટલે નિત્યનૂતન બનીએ. મને વિશ્વાસ છે યુવક સંઘ નામ પ્રમાણે યુવક જ રહેશે.

હવે હું મુંબઈ જૈન યુવક સંઘના નવા કાર્યાલયને તેમજ શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહને ઉદ્ઘાટિત જાહેર કરું છું.

* * *

આજના મંગલ પ્રસંગને સફળતા ઈચ્છતા સંદેશાઓ આવ્યા હતા, જેમાં મુખ્યત્વે ફાધર વાલેસ, શ્રી બાબુભાઈ ચીનોય, શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી, શ્રી સરલાદેવી અંબાલાલ સારાભાઈ તથા પંડિત બેચરદાસ દોશીના હતા. આ સંદેશાઓનું વાચન સંઘના મંત્રી શ્રી. સુબોધભાઈ એમ. શાહે શરૂઆતમાં કર્યું હતું.

સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે આભારદર્શન કર્યું અને સંઘના પ્રમુખે કાકાસાહેબને પુષ્પમાળા પહેરાવી. સંઘના કોષાધ્યક્ષ શ્રી મફતલાલભાઈએ કાકાસાહેબના હાથે શ્રી પરમાનંદભાઈને પુષ્પમાળા અર્પણ કરી.

રાષ્ટ્રગીત ગાયા બાદ અને ઠંડા પીણાને ન્યાય આપ્યા બાદ પ્રસન્ન વાતાવરણમાં સૌ નવા કાર્યાલયની મુલાકાતે ગયા હતા. અહિ કાકાસાહેબે દીવી પ્રગટાવી હતી અને નવા કાર્યાલયની નવરચનાથી સૌ કોઈ ખૂબ જ પ્રસન્ન થયા હતા.

આ સમારંભ પત્યા બાદ સમારંભના પરિશિષ્ટ રૂપે સંઘની કાર્યવાહક સમિતિના સભ્યો તરફથી પ્રાણસુખલાલ મફતલાલ સ્વીમીંગ પૂલ કાફેટેરીયામાં કાકાસાહેબને ભોજન આપવાનો પ્રબંધ કરવામાં આવ્યો હતો. આ સમૂહ ભોજનમાં કાર્યવાહક સમિતિના સભ્યોના કુટુંબીજનો અને થોડા નિમંત્રિત મહેમાનો સહિત આશરે ૬૦ ભાઈ બહેનોએ ભાગ લીધો હતો અને આ ભોજન પત્યા બાદ બપોરના દોઢ વાગે સૌ છૂટા પડયા હતા. **ચીમનલાલ જે. શાહ**

## પૂરક નોંધ

સંઘના નવા કાર્યાલયની જગ્યાનો ગયા સપ્ટેમ્બર માસની શરૂઆતમાં કબજો મળ્યા બાદ તરત જ તેનું સમારકામ અને સુધારકામ હાથ ધરવામાં આવ્યું હતું અને સેનીટેશનની અદ્યતન સગવડો સાથે આશરે ૯૦૦ ચોરસ ફૂટના સુન્દર સભાગૃહનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ સભાગૃહમાં ૧૫૦ ભાઈબહેનોની સભા ભરી શકાય એ માટે જરૂરી સાધનો વસાવવામાં આવ્યા છે અને બાકીના ચાર ઓરડાઓને પણ સુસજ્જ કરવામાં આવ્યા છે. એક સારૂં અદ્યતન વાચનાલય પુસ્તકાલય ઊભું કરી શકાય તે માટે ટેબલો અને કબાટો પૂરતા પ્રમાણમાં વસાવવામાં આવ્યા છે. આ બધી રચના ઊભી કરવા પાછળ સંઘના કાર્યવાહક સમિતિના સભ્યોએ જરૂરી સહકાર આપ્યો છે પણ સંઘના બે મંત્રીઓ શ્રી ચીમનલાલ જે. શાહે તથા સુબોધભાઈ એમ. શાહે તથા શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહે આ કામ પાછળ જે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે અને તેના નવનિર્માણ પાછળ જે સુરુચિનું દર્શન કરાવ્યું છે તેની ખાસ નોંધ લેવી ઘટે છે. મુંબઈ શહેરના મધ્યવર્તી ભાગમાં આ સ્થળ આવેલું હોઈને સંઘનું આ સભાગૃહ એક મહત્ત્વનું સંસ્કારકેન્દ્ર બનશે એવી આશા અને અપેક્ષા છે. **પરમાનંદ**

## શ્રી ગીરધરલાલ દફતરીનું

### સંઘ તરફથી યોજવામાં આવેલું જાહેર સન્માન

મુંબઈના જૈન સ્થાનકવાસી સમાજના આગેવાન કાર્યકર્તા શ્રી ગીરધરલાલ દામોદરદાસ દફતરીએ તાજેતરમાં ૭૮ મા વર્ષમાં પ્રવેશ કર્યો, તે નિમિત્તે તેમની વર્ષોભરની અખંડ સેવાની કદર રૂપે રૂા. ૧,૩૧,૧૧૧ ની રકમ અર્પણ કરીને કાંદાવાડી સ્થાનકવાસી સંઘે તેમનું બહુમાન કર્યું તેના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૦ મી જાન્યુઆરી ૧૯૭૦ શનિવારે સાંજના છ વાગ્યે, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ ઉપર આવેલા, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (૩૮૫, ટોપીવાલા મેન્શન, બીજે માળે, વનિતા વિશ્રામ સામે,) શ્રી ગીરધરલાલભાઈનું સન્માન કરવા માટે એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું છે. આ પ્રસંગે સંઘના સભ્યોને અને સૌ ભાઈ બહેનોને વખતસર હાજર રહેવા અનુરોધ છે.

**ચીમનલાલ જે. શાહ,**
**સુબોધભાઈ એમ. શાહ,**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક

# બે અધિવેશનો

જૂની અને નવી કૉંગ્રેસના અધિવેશનો અમદાવાદ અને મુંબઈ થઈ ગયા. આ બન્ને અધિવેશનોનો મુખ્ય ઉદ્દેશ, મહાસમિતિના સભ્યોમાં અને કૉંગ્રેસના પ્રતિનિધિઓમાં બહુમતિ કોને પક્ષે છે અને જાહેર જનતાનો વધારે ટેકો કોને છે, તે નક્કી કરવાનો હતો. બન્ને પક્ષે એવો દાવો કરવામાં આવ્યો છે કે મહાસમિતિના સભ્યો અને કૉંગ્રેસના પ્રતિનિધિઓની બહુમતી પોતાના પક્ષે છે. જો સંયુક્ત અધિવેશન થયું હોત અથવા બન્ને અધિવેશનો એક જ સમયે થયા હોત તો આ પ્રશ્નનો નિર્ણય કરી શકાત. અત્યારે સંખ્યાની ઈન્દ્રજાળમાં પડવાથી કાંઈ નક્કી થઈ શકે તેમ નથી. બન્ને સ્થળે સારી સંખ્યામાં હાજરી હતી એટલું જ કહી શકાય. જનતાને લાગે-વળગે છે ત્યાં સુધી એમ કહેવાય કે અમદાવાદના અધિવેશનમાં મોટી સંખ્યામાં હાજરી હતી, મુંબઈમાં તેથી પણ મોટી સંખ્યાની હાજરી હતી. અમદાવાદના અધિવેશન પાછળ ગુજરાત પ્રદેશ સમિતિ, ગુજરાત સરકાર અને મોરારજીભાઈનું બળ હતું. મુંબઈના અધિવેશન પાછળ મહારાષ્ટ્ર પ્રદેશ સમિતિ, મહારાષ્ટ્ર સરકાર અને ચવ્હાણ તથા નાયકનું બળ હતું. અદાવાદમાં હાજરી પ્રમાણમાં ઘણી ઓછી થશે એ હકીકત ખોટી ઠરી છે. વડીલ નેતાઓ જરૂર દાવો કરી શકે કે સારા પ્રમાણમાં તેમને ટેકો છે. એક વાત નિર્વિવાદ છે કે કૉંગ્રેસનું ભંગાણ ઉપરથી છેક નીચે સુધી કાયમનું થયું છે. અત્યારે એકતાનો કોઈ સંભવ નથી. બન્ને પક્ષે આખર સુધી લડી લેવાની પૂરી તૈયારી છે. કોને પ્રજાનો વધારે ટેકો છે તે ચૂંટણી સમયે જ નક્કી થશે. બન્ને પક્ષનો સંઘર્ષ વધારે તીવ્ર થતો જશે.

કૉંગ્રેસનું સંસ્થાકીય સ્વરૂપ સર્વથા પલટાઈ ગયું છે તે સમજી લેવું. ૧૯૬૭ સુધી વરિષ્ઠ નેતામંડળ ( High Command ) સર્વોપરી હતું. દેશભરમાં કૉંગ્રેસમાં તેની આણ વર્તતી– તેનો નિર્ણય આખરી થતો. રાજ્યના મુખ્ય મંત્રીઓ, પ્રદેશ સમિતિઓ અને કૉંગ્રેસના બધા કાર્યકર્તાઓ ઉપર વરિષ્ઠ મંડળનું વર્ચસ હતું. પ્રદેશ સમિતિઓ કે મંત્રીમંડળોમાં ફાટફૂટ હોય તો વરિષ્ટમંડળ પાસે જવું પડતું અને તેનો નિર્ણય સ્વીકારવો પડતો. ૧૯૬૭ની ચૂંટાણી પછી આ બધું બદલાઈ ગયું. કેટલાંય રાજ્યોમાં કૉંગ્રેસ સરકાર રહી નહિ. ચૂંટણીના પરિણામે વરિષ્ટ નેતાઓનું તેજ ઝાંખું પડયું. તેમાંનાં કેટલાક હારી ગયા. ઈન્દિરા ગાંધી દોઢ વર્ષ સત્તાસ્થાને રહ્યા પછી, નવી પેઢીની નેતાગીરી Post-Nehru leadership ની આગેવાની લીધી. અને કાંઈક આત્મવિશ્વાસ આવ્યો. જે રાજ્યોમાં કૉંગ્રેસ સરકાર ન રહી ત્યાં કૉંગ્રેસ નબળી પડી, ફાટફૂટ થઈ, પક્ષબદલા થયા, જોડાણો થયા, નવા પક્ષો થયા, નવા કાર્યકર્તાઓ જાગ્યા. જ્યાં કૉંગ્રેસ સરકાર રહી ત્યાંના મુખ્ય મંત્રીઓ અને કેટલેક સ્થળે પ્રદેશ સમિતિના પ્રમુખો અને આગેવાન કાર્યકર્તાઓ જોરદાર થયા. પંચાયતી રાજ્ય દાખલ થયું ત્યારથી પરિસ્થિતિ બદલાવી શરૂ થઈ હતી. ગ્રામ, તાલુકા અને જિલ્લા પંચાયતોને વધતી ઓછી સત્તાઓ મળી અને તે સાથે Patronage મળ્યું ત્યારે નવી વ્યકિતઓ સત્તાસ્થાને આવી. પ્રદેશ સમિતિઓ અને મુખ્યમંત્રીઓ અને બીજા પ્રધાનોએ પંચાયતો અને તેના કાર્યકર્તાઓ ઉપર આધાર રાખવો પડે તેવું થયું. આથી નવાં બળો પેદા થયાં. આજે પરિસ્થિતિ એ છે કે નેતાઓ ઉપર કાર્યકર્તાઓએ આધાર રાખવો પડે તેનાં કરતાં નેતાઓએ કાર્યકર્તાઓ ઉપર આધાર રાખવો પડે. વડા પ્રધાને મુખ્ય મંત્રીઓ ઉપર, વર્કિંગ કમિટીએ પ્રદેશ સમિતિઓ ઉપર અને તેમણે તેનાથી નીચેના કાર્યકર્તાઓ ઉપર આધાર રાખવો પડે. The process is reversed. આ પરિસ્થિતિમાં કોને કેટલો સાથ છે તે જોઈ લઈએ. વડીલ નેતાઓને ગુજરાત અને માયસોરમાં પૂરતો સાથ છે. તામીલનાડમાં કામરાજ હજી જોરદાર છે. પણ DMK પક્ષ અને સરકાર ઈન્દિરા ગાંધીને પક્ષે છે અને ત્યાંની કૉંગ્રેસ વિભાજિત છે. ભકતવત્સલમ્ અને સુબ્રમણ્યમ જેવા આગેવાનો કામરાજના વિરોધી છે. કેરળમાં કૉંગ્રેસ નામની છે. આંધ્રપ્રદેશમાં બ્રહ્માનંદ રેડ્ડી, મહારાષ્ટ્રમાં પ્રદેશ સમિતિ તથા સરકાર, રાજસ્થાનમાં, સમિતિ અને સુખડીયા, મધ્ય પ્રદેશમાં શુકલ અને દ્વારકાપ્રસાદ મિશ્ર તથા પ્રદેશ સમિતિનો મોટો ભાગ, બંગાળમાં કૉંગ્રેસનો મોટો વર્ગ, આસામમાં ચાલીહા અને પ્રદેશ સમિતિ, જમ્મુ કાશ્મીરમાં સાદીક અને પ્રદેશ સમિતિ ઈન્દિરા ગાંધીના પક્ષે છે. ઉત્તર પ્રદેશ, બિહાર, પંજાબ અને ઓરિસ્સામાં કૉંગ્રેસ વિભાજિત છે. હરીયાણા અને હિમાચલ પ્રદેશમાં સરકાર અને પ્રદેશ સમિતિઓ ઈન્દિરા ગાંધીને સાથ આપે છે. બિનકૉંગ્રેસી સરકારો–પંજાબ, તામીલનાડ, કેરળ, બંગાળ, – એકંદરે ઈન્દિરા ગાંધીને સાથ આપે છે.

આ પરિસ્થિતિમાં બન્ને પક્ષે પાયામાંથી ચણતર કરી, નવરચના કરવાની રહે છે. કામરાજ આ હકીકત બરાબર સમજે છે. તામીલનાડમાં તે જરૂર ભગીરથ પ્રયત્ન કરશે. એક વખતના કટ્ટર પ્રતિસ્પર્ધીઓ - કામરાજ અને રાજાજી - હવે એક બીજાને ટેકો આપે છે! મોરારજીભાઈએ ગુજરાતને મજબૂત પકડી રાખ્યું છે. વિજયકુમાર ત્રિવેદી અને ગાયકવાડ આસપાસના દબાણની ઝીક ઝીલી ન શકયા. માયસોરમાં નિજલિંગપ્પા અને વીરેન્દ્ર પાટિલ હજી જોરમાં છે. બંગાળમાં અતુલ્ય ઘોષનું કોઈ સ્થાન નથી. મુંબઈના પાટિલ મુંબઈ બહાર ભાષણો કરે કે છાપાઓમાં તીખાં નિવેદનો આપે. આ ભીષણ આંતરવિગ્રહમાં, સામ, દામ, ભેદ, દંડની બધી રીતિઓ અજમાવાશે. નૈતિક મૂલ્યો અને ગાંધીજીનું નામ વચ્ચે લાવવાનું બન્ને પક્ષો છોડી દે તો સારૂં છે. કેટલાય પક્ષપલટાઓ થશે. સામા પક્ષે હોય કે સામા પક્ષે જાય તે દગાબાજ અને તે જ વ્યકિત પોતાના પક્ષમાં આવે ત્યારે દેશહિતચિન્તક.

અમદાવાદના અધિવેશન ઉપરથી હવે નક્કી છે કે વડીલ નેતાઓએ ઈન્દિરા ગાંધીને કોઈ પણ ભોગે ઉખેડી નાખવાનો નિર્ણય કર્યો છે. ઈન્દિરા ગાંધીએ એટલી જ દઢતાથી લડવાનો નિર્ણય કર્યો છે. વડીલ નેતાઓને મતે બધા પાપનું મૂળ ઈંદિરા ગાંધી છે. તે દગાબાજ છે, સરમુખત્યાર છે, સામ્યવાદી છે, કૉંગ્રેસના પતનનું કારણ છે, સમાજવાદી કાર્યક્રમનો અમલ ન થયો તે ઈન્દિરા ગાંધીનો જ દોષ છે અને તેના પિતાશ્રી નેહરુનો પણ. આ બધું છેલ્લા છ મહિનામાં બેંગ્લોર અધિવેશન પછી જ બન્યું! આટલો વખત આ બધા કયાં હતા? ઈન્દિરા ગાંધી ઉપર બધું આક્રમણ કેન્દ્રિત કર્યું છે કારણ કે વડીલ નેતાઓ એમ માનતા લાગે છે કે ઈન્દિરા ગાંધીને ખસેડી શકાય તો તેમના સાથીઓ ખરી પડશે અથવા શરણે આવશે અને સત્તા પોતાના હાથમાં આવશે. કાળબળ કઈ દિશામાં જઈ રહ્યું છે તે વર્તમાનમાં ડૂબેલા જોઈ શકતા નથી. ઈન્દિરા ગાંધી હોય કે નહિ, દેશ અને પ્રજાએ નવી દિશા પકડી છે. તે માર્ગેથી પાછા વળવાપણું નથી. તેનો અવરોધ કરવાવાળા ટકવાના નથી.

આ બન્ને અધિવેશનોની ફલશ્રુતિ શું?

અમદાવાદમાં ત્રણ પ્રસ્તાવો થયા–રાજકીય, આર્થિક અને વિદેશનીતિ અંગે. મુંબઈમાં બે પ્રસ્તાવો થયા–રાજકીય અને આર્થિક. બન્ને પક્ષના રાજકીય ઠરાવો ખૂબ લાંબા અને પરસ્પરના તહોમતનામા અને બચાવરૂપ હતા. નિજલિંગપ્પાના ભાષણના ત્રણ ચતુર્થાંશ ભાગમાં ઈન્દિરા ગાંધી સામેના આરોપોની હારમાળાઓ હતી. અમદાવાદમ અમર્યાદ વાગ્ પ્રહારો થયા હતા. મુંબઈમાં એકંદરે વાણીમાં સંયમ હતો. અમદાવાદના આર્થિક પ્રસ્તાવમાં નવું કાંઈ ન હતું. દશ મુદ્દાના કાર્યક્રમનું પુનરુચ્ચારણ હતું, રાજવીઓના સાલિયાણા અને વિશેષ અધિકારો તુરત નાબૂદ કરવાની માગણી હતી. મુંબઈમાં પણ તે મુદ્દો સ્વીકારાયો છે. અમદાવાદમાં રાષ્ટ્રીયકરણ શબ્દ વપરાયો નથી. સામાજિક માલિકી એવો શબ્દપ્રયોગ થયો છે. અમદાવાદમાં દારૂબંધીનો પૂરો અમલ કરવાની માગણી છે. મુંબઈમાં, શાસકિય પક્ષે તાત્કાલિક અથવા નજીકના ભવિષ્યમાં શું પગલાં લેવાં તેનું મુદ્દાસર સ્પષ્ટીકરણ છે. ઈન્દિરા ગાંધીના ભાષ-

ણોમાં વાસ્તવિકતા અને જવાબદારી દેખાઈ આવતી હતી. સત્તા પર પક્ષ હોય તેણે વચનો આપવામાં વિશેષ સજાગ રહેવું જ પડે. રાજાઓનાં સાલિયાણાં અને વિશેષ અધિકારોની નાબૂદી ઉપરાંત, સામાન્ય વીમાનું રાષ્ટ્રીયકરણ, અનાજ અને ખેતીના મુખ્ય ઉત્પાદન રૂ, શણ વિગેરેનો જથ્થાબંધ વ્યાપાર સરકાર હસ્તક કરવાની જાહેરાત, આયાત-નિકાસ વ્યાપાર બનતી ઝડપે સરકાર હસ્તક કરવાની દરખાસ્ત, જમીન સુધારણાના કાયદાઓનો ઝડપી અમલ, શહેરી મિલકતની ટોચમર્યાદા બાંધવી—આવા મુખ્ય મુદ્દાઓનો સમાવેશ થાય છે. ઘણી વિશેષ માંગણીઓ હતી તેને ઠરાવમાં સ્થાન નથી મળ્યું.

બંને સ્થળેથી જોરદાર જાહેરાતો થઈ છે કે ગરીબી અને બેકારી ઝડપથી દૂર કરવી જોઈએ અને અસમાનતા, સંપત્તિ અને આવક ઘટાડવી જોઈએ. બન્ને પક્ષે એકરાર કર્યો છે કે કોંગ્રેસે આવા ઘણા ઠરાવો કર્યા છે પણ તેનો ઓછો અમલ થયો છે. હવે બન્ને જાગ્યા છે. કોણે જગાડયા?

કોઈ નવી આર્થિક નીતિ જાહેર કરવા આ અધિવેશનો નહોતાં ભરાયાં; બળાબળનું માપ કાઢવા માટે હતા; પોતાના પક્ષોમાં જાગૃતિ લાવવા અને સંગઠન કરવા. તેનાં ચક્રો વેગથી ગતિમાન થયા છે. મોરારજીભાઈએ વચગાળાની ચૂંટણીની માંગણી કરી; ઈન્દિરા ગાંધીની સરકારને પડકારી છે અને છ મહિનાથી વધારે નહિ ટકે તેવી આગાહી કરી છે. વચગાળાની ચૂંટણી કોઈને જોઈતી નથી પણ વિરોધી પક્ષે આવા પડકાર ફેંકવા રહ્યા. પણ વધારે સૂચક વસ્તુ ભવિષ્યના જુદા જુદા પક્ષોનાં જોડાણો વિષેની છે. વચગાળાની ચૂંટણી આવી પડે તો અથવા ૧૯૭૨ માં પણ, કોઈ પક્ષ સ્પષ્ટ બહુમતીમાં નહિ હોય તેમ દરેક પક્ષને લાગે છે. તેની વ્યૂહરચના અત્યારથી શરૂ થઈ છે. ઉત્તર પ્રદેશમાં ચંદ્રભાણુ ગુપ્તની સ્થિતિ ડામાડોળ છે. ત્યાં જનસંઘ સાથે જોડાણ કરવાની તેમને છૂટ મળી છે. વડીલ નેતાઓને હવે જનસંઘ કોમી નહિ પણ રાષ્ટ્રીય પક્ષ દેખાય છે. થોડા સમય પૂર્વે જ જે કહેતા હતા કે જનસંઘ કે સ્વતંત્ર પક્ષ સાથે કોંગ્રેસ કોઈ કાળે જોડાણ ન કરે તેમણે હવે નીતિ બદલાવી છે. નવી કોંગ્રેસને કહેવાનો મોકો મળ્યો કે કોમવાદી અને પ્રત્યાઘાતી બળો સાથે વડીલ નેતાઓ જોડાઈ રહ્યા છે અને સંજીવ રેડ્ડીની ચૂંટણી વખતે નિજલિંગપ્પા સામે જે આરોપ મૂકયો હતો તે ખોટો ન હતો. હરિયાણામાં, બંસીલાલ, ઈન્દિરા ગાંધીના પક્ષે છે એટલે તેને ઉડાડવા, ભગવદ્દયાલ શર્મા જેને કોંગ્રેસના ઉમેદવાર વિરુદ્ધ કામ કરવા શિસ્તભંગ માટે કોંગ્રેસમાંથી દૂર કર્યા હતા, તેમનો હવે સાથ લેવાય છે. મધ્યપ્રદેશમાં શુકલની સરકારને ઉડાડવા, દેશલેહરાને ઉત્તેજન અપાય છે. આંધ્રમાં બ્રહ્માનંદ રેડ્ડીને પરેશાન કરવા, તેલંગણને જુદી પ્રદેશ સમિતિ રચવાની રજા અપાય છે. ગુજરાત અને માયસોરમાં નવી કોંગ્રેસ, વર્તમાન કોંગ્રેસ સરકારોને ઉથલાવવા પ્રયત્ન કરે છે એવો આરોપ છે. સત્તાના રાજકારણમાં શું ન થાય?

આ સમુદ્રમંથનમાંથી પણ કાંઈક નવનીત નીકળશે. પક્ષોનું ધ્રુવીકરણ Polarisation આપોઆપ થશે અને કોણ કયાં છે તેની ખબર પડશે. બજેટ સત્રમાં શાસકીય પક્ષ કેટલાં અમલી પગલા લે છે તે જોવાનું રહેશે. તેવી જ રીતે જે રાજ્યોમાં, ખાસ કરીને ગુજરાત અને માયસોરમાં, જ્યાં જુની કોંગ્રેસ સત્તા ઉપર છે, ત્યાં સમાજવાદી આર્થિક કાર્યક્રમનો અમલ કરવા શું પગલાં લેવાય છે તે પણ જોવાનું રહેશે.

સૌ કોઈ સમજે છે કે બેન્કોનું રાષ્ટ્રીયકરણ થયું, સામાન્ય વીમાનું થશે, રાજવીઓના સાલીયાણા રદ થાય, આયાત નિકાસ કે અનાજનો વ્યાપાર સરકાર હસ્તક લેવાય કે શહેરી મિલકતની ટોચમર્યાદા નક્કી થાય, તેથી દેશની ભયંકર ગરીબી, બેકારી કે અસામાનતા દૂર તો નથી થવાની પણ અસરકારક રીતે ઘટવાની પણ નથી. સાચી વસ્તુ છે, પ્રજાના બધા વર્ગોએ મહેનત કરવાની, ઉત્પાદન વધારવાની, કાર્યક્ષમતા આણવાની, ભ્રષ્ટાચાર દૂર કરવાની, સ્વાર્થ ઓછો કરી કાંઈક દેશદાઝ હૈયે ધરવાની, ખોટા ખરચા છોડવાની, સમાનતાની સાચી ભાવના અંતરમાં જગાડવાની. આગેવાનોના જીવનમાં આ બધું સ્પષ્ટ રીતે દેખાશે તો કાંઈક અસર થશે. પ્રજાને બહેકાવવી, તેની આકાંક્ષાઓ આસમાને ચડાવવી સહેલું છે. કટુ પણ સત્ય કહેવાની હિંમત વિરલ છે. પ્રજામાં ભારે ઉશ્કેરાટ છે, વાતાવરણમાં હિંસા ભરી છે, ત્યારે સત્તાની સાઠમારી જામી છે.

૨૯-૧૨-૬૯ **ચીમનલાલ ચકુભાઈ**

# ✻ પદવીદાન સમારંભ પ્રવચન ✻

(ગતાંકથી ચાલુ)

યુનિવર્સિટીની પ્રગતિનું પ્રમાણ માત્ર વાર્ષિક બજેટ, ભવ્ય મકાનો, પરીક્ષાનાં પરિણામો વડે નક્કી ન કરી શકાય. અમુક ધોરણો અને કસોટીઓ અનિવાર્ય છે. પરંતુ એટલામાં જ વિદ્યાપીઠની કાર્યસિદ્ધિ પૂર્ણ નથી થતી એ લક્ષમાં રાખવું આવશ્યક છે. વિદ્યાર્થીઓનો બુદ્ધિવિકાસ, એમના હૃદયની વિશાળતા, ચારિત્ર્યની ક્ષમતા, સહકારની વૃત્તિ-આ સુવિદ્યાના લક્ષણો છે. સમર્થ ફિલસૂફ અને વિચારક બર્ટ્રાંડ રસેલ એની આત્મકથાના આરંભમાં જ કહે છે:—

"મારા જીવન પર ત્રણ સરળ પણ અત્યંત પ્રબળ મનોભાવોએ પ્રાધાન્ય ભોગવ્યું છે. પ્રેમ માટેની ઝંખના, જ્ઞાન માટેની ખોળ અને માનવજાતિની યાતના માટે અસહ્ય અનુકંપા...પ્રેમ માટેની મારી શોધ જેટલાં જ પ્રબળ નાદથી મેં જ્ઞાનની ખોળ કરી છે. માનવી હૃદયને સમજવા ઈચ્છા કરી છે. આકાશમાં તારાગણો શા માટે પ્રકાશે છે એ જાણવા પ્રયાસ કર્યા છે અને પાઈથાગોરસની શકિત-જેનાથી પ્રવાહી પદાર્થ પર સંખ્યા પ્રભુત્વ ભોગવે છે—એને સમજવા મથ્યો છું. આમાંનું બહુ નહિ તો થોડું પણ મેં સિદ્ધ કર્યું છે.

આવું માનસિક કુતૂહલ, જ્ઞાનની આવી તીવ્ર પીપાસા આપણને સૌને સુલભ નથી. પરંતુ વિદ્યાદાનને પરિણામે આવી ચિનગારી ન સ્ફુરે તો ઉપાધિ, વર્ગ કે ચંદ્રકનું મૂલ્ય નથી. આ માટે જે વાતાવરણ આવશ્યક છે એ શાન્ત છતાં સ્થગિત ન હોય, જ્યાં ઉન્માદ વિનાનો જીવનનો ઉલ્લાસ હોય, જયાં સંયમ વિનાની સત્તા ન હોય, જ્યાં સ્વમાન અને વિનમ્રતાનો સુમેળ હોય, જ્યાં વિચારસ્વાતંત્ર્ય છતાં પરસ્પર સહકાર હોય. આવું વાતાવરણ કાયદાકાનૂનથી, વ્યાખ્યાનો અને પરિસંવાદથી નથી સર્જાતું. આને માટે નિરંતર, ભગીરથ પ્રયાસ સૌ કોઈએ કરવાનો હોય છે—મનથી અને કર્મથી.

આ યુનિવર્સિટીનો મુદ્રાલેખ છે: पावका नः सरस्वती— અમારી સરસ્વતી પાવનકારી છે. જેમ મંદીરમાં દર્શનમાત્ર કરીને કે મસ્જિદમાં નમાઝ પઢીને કે નદીમાં સ્નાન કરીને આપણે આપોઆપ automatically—પવિત્ર થવા, સર્વ પાપ ધોઈ નાખવા આશા રાખીએ છીએ એ રીતે સરસ્વતી તત્કાળ પાવન નથી કરતી. એ સદ્યોવિપાક નથી. પૂજામાત્રથી, મૂર્તિને નૈવેદ્ય ધર્યાથી કે વસંતપંચમીને દિવસે ગંગામાં ડુબાડી દીધાથી સરસ્વતી પ્રસન્ન નથી થતી. એનું વરદાન નિદિધ્યાસન વગર, તપસ્યા વગર અશકય છે. સંતોએ પરબ્રહ્મની, ફિલસૂફોએ સત્યની, વૈજ્ઞાનિકોએ સૃષ્ટિના રહસ્યની, કલાકારોએ સૌંદર્યની શોધમાં સમગ્ર જીવન વિતાવ્યાં છે. એવું મનોમંથન, એવું અનુષ્ઠાન હોય તો સરસ્વતી પાવનકારી થાય. આપણે તો પ્રતીકો દ્વારા પ્રતિષ્ઠા મેળવવી છે, બ્રાહ્મણો પાસે રુદ્રી કરાવી પુણ્ય મેળવવું છે, કેવળ નમન કરીને નિર્વાણ પ્રાપ્ત કરવું છે. સરસ્વતીની કસોટી આકરી છે છતાં એમાંથી પાર નીકળીએ તો આ ક્ષણિક જીવન પણ પળભર તો અમરતા પ્રાપ્ત કરે છે, ભૂતકાળ આપણી સમક્ષ ખડો થઈ જાય છે. દુનિયાભરના દેશો આપણા પાડોશી થઈ જાય છે, ચંદ્ર પણ દેવ મટી અનુપમ ભૂમિ બની જાય છે, તારાઓ અને નક્ષત્રોનું તેજ પણ માપી શકાય છે. આ વિશાળ, શૂન્ય બ્રહ્માંડમાં મનુષ્ય બુદ્ધિના સામર્થ્યથી, જ્ઞાનના શસ્ત્રથી ઘડીભર તો ઉન્નત અને સત્તાશીલ બને છે. પરંતુ સ્વાર્થ, ઘૃણા, લોભ, હિંસા પર વિજય મેળવે અને પોતાને પણ જીતી શકે ત્યારે જ એ ખરેખર પાવન થાય.

આપણો આજનો વિદ્યાર્થી પ્રવર્તક બળોથી વંચીત રહી શકે એમ નથી, રહે એ ઈચ્છનીય પણ નથી. પશ્ચિમના સાહિત્ય અને સામાજિક વિપ્લવોથી એ પરિચિત છે. એની ફિલ્મો જુએ છે, રેડિયો સાંભળે છે. એ જાણે છે કે પશ્ચિમના ઘણા દેશોમાં અને પૂર્વમાં જાપાનમાં પણ મધ્યમ વર્ગના જ નહિ પણ સામાન્ય લોકો પણ ઘણી સુખસગવડ ભોગવે છે. આપણી પરિસ્થિતિ સાથે સરખામણી કર્યા વિના એ કેમ રહી શકે? પશ્ચિમની કેટલીક સાધનસામગ્રી આપણે માટે અત્યારે અશકય હશે. કેટલીક અનાવશ્યક કે પ્રતિકૂળ પણ છે. છતાં આપણો દેશ ઘણાં ક્ષેત્રમાં પછાત છે. કામના ઢગલા છે ત્યારે આપણે અસંખ્ય ક્ષુદ્ર ઝઘડામાં, અંગત સ્પર્ધામાં સમય વિતા-

વીએ છીએ, એથી યુવાનોનાં મન પણ ક્ષુબ્ધ અને અસંતુષ્ટ થાય એમાં આશ્ચર્ય નથી. ઉચ્ચ સ્થાન ભોગવનારા, એ માટે સતત વલખાં મારતાં અને કાવાદાવા કરતાં નેતાઓ, વિદ્યાર્થીઓને પદવીનો મોહ નહિ રાખવાનો, હોદ્દાનો લોભ ત્યજવાનો, નિ:સ્વાર્થવૃત્તિ કેળવવાનો, ગામડાંમાં જઈને કામ કરવાનો આદેશ આપે એની અસર કેટલી થાય? આજે વડીલો પોતાના વર્તનથી કેવો દાખલો ઊગતી પ્રજાને આપે છે? ચિંતા મુખ્યત્વે ૧૯૭૨ની ચૂંટણીની છે, જનતાના ભાવિનો પ્રશ્ન તો ગૌણ છે. પરંતુ હું માત્ર રાજદ્વારી જીવનને ઉદ્દેશીને આ નથી કહેતો. કોઈ પણ ક્ષેત્રમાં-વ્યાપારઉદ્યોગમાં, સચિવાલયમાં, વિદ્યાપીઠમાં, શાળામાં, ઈસ્પિતાલમાં, દુકાનમાં કે ખેતરમાં-આપણે પ્રવૃત્ત હોઈએ ત્યાં જે ગુણો આપણે ગ્રહણ ન કર્યાં હોય, કરવા પ્રયાસ ન કર્યા હોય કે ઈચ્છા પણ ન હોય એ યુવકોને કેવી રીતે શીખવી શકીએ? જે શિસ્ત પાળે એ જ આદેશ પાળી શકે. ગાંધીજી મહાન નેતા હતા, કારણ એ પોતાના પટ્ટશિષ્ય અને શ્રેષ્ઠ અનુયાયી હતા. પોતે જે ન કરી શકે એ બીજાને કરવાનું કહેતા નહિ.

આપણી યુનિવર્સિટીનું ધ્યેય શું છે અને આપણી પરિસ્થિતિ અને સંજોગોને અનુકૂલ શિક્ષણપદ્ધતિ કેવી રીતે થાય એનું શાંતિથી અને શાણપણથી મનન આવશ્યક છે. આ સંબંધમાં એક બે વિચારો રજૂ કરું તો ધૃષ્ટતા ન લેખતા. હું કેળવણીકાર કે શિક્ષણસાહિત્યનો અભ્યાસી નથી પરંતુ રાજકારણ પેઠે શિક્ષણ એવો વિષય છે કે જેનાં પર દરેકને-ન ભણેલાને પણ-અભિપ્રાય આપવાનો અધિકાર છે. તો શિક્ષણ પામેલા પણ પોતાના અજ્ઞાનના આધારે ગમે તે સૂચના આપી ન શકે? એક વાત તો એ કે "રાષ્ટ્રીય શિક્ષણ" એ કંઈ રાજ્યબંધારણ નથી કે જેનાં ધારાધોરણ ઘડાયેલાં હોય. જેને આપણે ટેકનોલોજી કહીએ છીએ એનું જ્ઞાન દર દશ વર્ષે બેવડું થતું જાય છે, જે ઝડપથી ભૌતિકશાસ્ત્ર, જીવશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર ઈત્યાદિ આગળ વધે છે એને વિશે પૂરી સમજ રાખવી પણ નિષ્ણાતો માટે કઠણ છે. એટલે આ પ્રગતિથી આપણે અજ્ઞાત રહીએ એ રાષ્ટ્રના હિતમાં નથી. પરંતુ એનો અર્થ એમ નથી કે શિક્ષણમાં જે નીતિ ગ્રહણ કરી હોય એ દર વર્ષે કે દર પાંચ વર્ષે બદલવી અને ગમે તેવા નવા અખતરા કર્યા કરવા. એક છોડને રોપીએ ત્યારે બે-પાંચ દિવસ પછી એને ઉખેડીને જોતા નથી કે એ કેટલો ઊગ્યો છે. તેમ શિક્ષણમાં એનું પરિણામ બે-પાંચ વર્ષમાં નથી જણાતું. વળી જેમ, ઉત્પાદન ખરું તો માણસના ઉપભોગ માટે છે, એમ શિક્ષણ વિદ્યાર્થીને ઉદ્દેશીને છે એ ક્ષણભર પણ વીસરવું ન જોઈએ. વિદ્યાર્થીઓ કેમ રહે છે, કેવી રીતે અભ્યાસ કરે છે, એમનો બીજો વ્યવસાય અને એમની ઈતર પ્રવૃત્તિ શાં છે એ વિચારવાનું કર્તવ્ય પણ વિદ્યાપીઠના કાર્યકર્તાઓનું છે. તેમ જ એમની આશા અને અભિલાષા, એમની વિટંબણાઓ અને પ્રયાસો-એ સર્વ પ્રત્યે ઉદાસીન ન રહી શકાય. નહિ કે વિદ્યાર્થીઓની માંગણી હંમેશ ઉચિત હોય છે, નહિ કે શિસ્તપાલન હવે અપ્રસ્તુત છે. પરંતુ સમજણ અને સહાનુભૂતિ વિના, ચિત્તના સંપર્ક વગર, બુદ્ધિના અનુરાગ વગર, શિષ્યની પ્રીતિ સંપાદન નથી થઈ શકતી.

જે પરિસ્થિતિમાં વ્યકિતગત અને સામાજિક જીવન આપણે ગાળવાનું છે એ વિશે આ યુનિવર્સિટી સભાન છે એ આનંદની વાત છે. ગ્રામવિદ્યા, ચારણી સાહિત્ય ઈત્યાદિ વિષયો અને પ્રશ્નો પર ભાર મૂકવામાં આવે છે એ સર્વથા ઉચિત છે. જે શિક્ષણને દેશની આબોહવા સાથે, લોકોના માનસ તથા એના વ્યવહાર અને નિત્ય જીવન સાથે સંપર્ક નથી એ શિક્ષણ ક્ષુલ્લક જ નીવડે. એનો અર્થ એવો નથી કે અર્વાચીન શિક્ષણપદ્ધતિમાં જે ગ્રહણ કરવા જેવું હોય તે ન કરવું, પરન્તુ એ જ્ઞાનનો, એવી પદ્ધતિનો આપણા સંજોગોમાં કેવી રીતે ઉપયોગ કરવો-વ્યકિતના વિકાસ માટે તેમ જ લોકકલ્યાણ માટે—એનો આધાર આપણા પર છે. ઘણા લોકો માનતા અને માને છે કે ગાંધીજી પ્રત્યાઘાતી હતા, આધુનિક સંસ્કૃતિનાં કટ્ટા વિરોધી હતા, આ દેશને સેંકડો વર્ષો પાછળ ઘસડી જવા માંગતા હતા, પરંતુ એમના શબ્દોમાં જ આ વિશેનું એમનું મંતવ્ય જુઓ.

"મારું ઘર બધી બાજુએ ઊભી દીવાલોથી ઢંકાયેલું રહે અને એની બારીઓ અને બાકોરાં બંધ કરી પૂરી દેવામાં આવે એ હું નથી ઈચ્છતો. મારા ઘરની આસપાસ દેશ-દેશાંતરની સંસ્કૃતિનો પવન સૂસવાતો રહે એમ જ હું ઈચ્છું છું. પણ તે પવનથી મારી ધરતી પરથી મારા પગ ફગી જાય અને હું ઉથલી પડું એ હું નથી ઈચ્છતો. મારો કંઈ કારાગ્રહનો ધર્મ નથી. એમાં ઈશ્વરનાં તુચ્છમાં તુચ્છ પ્રાણી માટે અવકાશ છે પરંતુ જાતિ, ધર્મ કે રંગના મદોદ્ધત અહંકારની સામે એ એક અભેદ્ય રક્ષણ છે."

મારા યુવાન મિત્રોને અભિનંદન આપતાં અને શુભેચ્છા પ્રદર્શિત કરતાં એટલું કહીશ કે આ પદવીદાન વિદ્યાનું દાન છે તેમ જ સૌજન્યનું સર્ટિફિકેટ પણ એને લેખશો. તમે આજે સંસારમાં, સામાજિક જીવનમાં પ્રવેશ કરો છો. તમને અત્યાર સુધી પરીક્ષાઓ આકરી લાગતી હશે પરંતુ હવેની કસોટીની સરખામણીમાં એ પરીક્ષાનું સ્મરણ પણ તમને મધુર લાગશે! જીવનની કસોટીના મુખ્ય અધ્યાપકો આપણી પોતાની શકિત, આપણો અનુભવ હોય છે. શિસ્તના પાલન માટે સુપરવાઈઝર કે હોસ્ટેલ સુપરિન્ટેન્ડન્ટ નહિ પણ આપણું આત્મબળ કહો કે ચારિત્ર્ય કહો તો એ જ હશે. જીવનની આ પરીક્ષામાં પરીક્ષકો અનેક હોય છે. પણ એમાંનાં બધા નિષ્પક્ષપાતી, નિ:સ્પૃહી કે બીજાને ઉત્તેજન આપે એવા નથી હોતા. પરીક્ષાના પ્રશ્નોનાં ઉત્તરની પેઠે જિંદગીના ઉખાણાં ઝપાટાબંધ, સહેલાઈથી ઉકેલી શકાતાં નથી. એના જવાબ 'હા' કે 'ના'માં આવી શકતા નથી, એના ઉકેલ માટે 'ગાઈડ-બુકો' કે આગલી પરીક્ષાનાં પેપરો નથી હોતા. જીવનનાં, સંસારના પ્રશ્નો વિષમ હોય છે અને એમાં એકનો ઉત્તર આપતાં બીજો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, કેટલાકનું નિરાકરણ તો થતું પણ નથી. પરંતુ જેમ સંગ્રામ કઠિન એમ અધિક કૌશલ્ય, દઢતા અને સાહસ આવશ્યક. આ સંગ્રામમાં સફળ થાય એ જ હંમેશ સાચો અને હારે એ ખોટો એવું પણ નથી. કેટલીયે વાર જે હારે છે એ નૈતિક દષ્ટિએ વિજેતા હોય છે. આમાં અંતરાત્મા આપણો ન્યાયાધીશ હોવો ઘટે, શ્રોતાઓની તાળીઓ નહિ. પરાજય નહિ પણ અધમ હેતુ નિંદ્ય છે. સૌના જીવનમાં તડકા-છાયડાં આવે છે, આશાનિરાશા થાય છે. પરંતુ સુશિક્ષિત સંસ્કારી મનુસ્ય વિજયથી ગર્વ પામતો નથી, નથી પરાજયથી હતાશ થતો; એ સુભાગ્યમાં કે વિપરીત સંજોગોમાં મનનું સ્વાસ્થ્ય, ચિત્તની ક્ષમતા ખોતો નથી, અંતરની વિશુદ્ધિ મલિન થવા દેતો નથી. આપણી મુશ્કેલીઓનો પણ સામનો કરી શકીએ, વિટંબણાના વનમાંથી પણ માર્ગ શોધી શકીએ, ચિત્તની શાંતિ અને પ્રફુલ્લતા ન ગુમાવીએ, તો પણ આપણું શિક્ષણ સાર્થક છે.

આપણા દેશનું ભવિષ્ય કેવું છે એમ લોકો એકબીજાને વારંવાર પૂછે છે અને નિસાસા નાખે છે. હું કહું છું કે દેશનું ભવિષ્ય તમે સૌ જ છો. અમારી પેઢીના લોકોને હવે બહુ વર્ષો બાકી નથી, એમની જવાબદારી હવે થોડા સમયમાં પૂરી થશે. પછીથી દેશના ભાવિનું ઘડતર તમારા પર, અને બીજી વિદ્યાપીઠોના તમારા યુવાન સાથીઓ પર-આધાર રાખશે. એ ભવિષ્ય નક્ષત્રો કે ગ્રહો નક્કી કરશે એમ હું નથી માની શકતો. અંતે તો એ તમારી બુદ્ધિશકિત, તમારા સહકાર અને સંગઠન પર આધાર રાખશે. આજે તો તમે ખબરદારની સાથે ગાઈ પણ શકો કે:

અમે આશ નિરાશે જડિયે, આંસુ ઝરતો અમ પ્રેમ;
અમે સુખને દુ:ખમાં ઘડીએ, અમે દુ:ખને ઘડિયે ક્ષેમ!
છાયા તજી તડકે પડિયે, અકળિત અમ ઉરની નેમ.

* * *

જગમાં ને જગથી ન્યારા, માનુષી ને દૈવી પ્રાણ;
અમે આણગમતા ગમનારા, અમે જાણીતા અણજાણ!
અમને નહિ દેશો દોષ; અમે કુદરતનાં હથિયાર;
અમે તો કુદરતના કોષો; ભવરણશિંગાના ફૂંકનાર!
કદી હસશો અને કદી રોશો; અમે ભાવિ દર્પણકાર;
અમ હૃદય અજબ કંઈ જોશો-અમે એક અનેક પ્રકાર!

સમાપ્ત ગગનવિહારી લ. મહેતા

# 'મૌન કે અનુદાન'ની પ્રેરક પ્રસ્તાવના

(શ્રી વિમળાબહેન ઠકારનાં 'મૌન કે અનુદાન' ઉપર સુપ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર શ્રી હજારીપ્રસાદ દ્વિવેદીએ પ્રસાદપૂર્ણ પ્રસ્તાવના લખી છે જેનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

મને વિમલાબહેનના પ્રત્યક્ષ પરિચયનો લાભ કદી નથી મળ્યો, પરંતુ બહેન પ્રેમલતાએ જ્યારે તેમનાં હિન્દી અને અંગ્રેજી ભાષામાં લખાયેલાં પુસ્તકો મને આપ્યાં, ત્યારે એ વાંચીને મેં ઘણી પ્રસન્નતા અનુભવી. એ પુસ્તકોની ભાષામાં જે સાહજિક પ્રવાહ અને ઊંડું જીવનદર્શન છે તેનાથી હું ખૂબ પ્રભાવિત થયો છું. બહેન પ્રેમલતાએ એમનાં કેટલાંક હિન્દી કાવ્યો પણ મને વાંચવા આપેલાં. એમાં પણ એક પ્રકારની ખુમારી, નિજાનંદની મસ્તી અને આધ્યાત્મિક પ્રકાશ જોવા મળે છે. જીવનના અંતિમ સત્યની પ્રાપ્તિને તેઓ સાચી આધ્યાત્મિકતા માને છે. 'મન કે ઉસ પાર' પુસ્તકમાં તેમણે લખ્યું છે:

"અંતમાં એટલું જ કહી દઉં કે સત્યનું દર્શન એટલે અધ્યાત્મ, જેમાં નથી આગ્રહ કે નિષેધ, નથી કશાને વળગી રહેવાનું કે નથી કશાથી ભાગવાનું. સ્થિર સમત્વપૂર્ણ એવું આ વિરલ જીવન સૌ કોઈને માટે છે. આ માર્ગ માટે કોઈ અમુક જ વ્યક્તિઓ અધિકાર ધરાવે છે એવું લેશમાત્ર નથી. સારી માનવજાતિ માટે આ માર્ગ ખુલ્લો છે. ગૃહસ્થોનું કે સાધારણ માણસોનું તો આમાં કામ જ નહીં એમ જ જો હોય તો આપની સમક્ષ એક તદ્દન સામાન્ય વ્યક્તિ બેઠી છે, જેણે અગ્નિમાં હોમાઈ જવાનો આનંદ માણ્યો છે, જેણે એ અગ્નિશિખાઓની સામે પાર જે જીવન છે, મન અને બુદ્ધિથી અતિ પર એવું ચેતનાનું જે સામ્રાજ્ય છે, તેની મજા ચાખી છે. સામાન્ય માણસની આમાં ચાંચ ન ડૂબે એમ જો કોઈ આપને કહે તો એ આપને ધોખો જ દઈ રહ્યા છે એમ હું તો માનું છું. ધર્મથી પર થઈ અધ્યાત્મમાં પ્રવેશ કરવો એ માનવમાર્ગનો અધિકાર છે, અંતિમ લક્ષ્ય છે."

અહીંઆ એટલું કહી દેવાનું કે વિમલાબહેન ધર્મ અને અધ્યાત્મનો અલગ અર્થ કરે છે. શાસ્ત્રોની આજ્ઞાનું અનુસરણ કરવું એ છે ધર્મ. આત્મસ્વરૂપમાં જીવનને પ્રતિષ્ઠિત કરવું એ છે અધ્યાત્મ.

"આવી પ્રતિષ્ઠા થયા બાદ બધી જ ક્રિયાઓ અને વ્યાપારોનો લય થઈ જઈ, જેના પર માનવઆત્માની પોતાની સત્તા હોય, પકડ હોય એવા કર્મોનો આરંભ થાય છે. આ અવસ્થામાં દઢ થયા પછી વર્તન, વ્યવહાર અને દષ્ટિમાં જે આંશિકતા હોય છે તે દૂર થઈ માનવી સમગ્ર સાથે સમન્વય સાધે છે, સુખ–દુ:ખ, જય-પરાજય, આશા-નિરાશા, પ્રવૃત્તિ–નિવૃત્તિ—આ બધાં જ દ્વંદ્વોથી પર એવી પરમ શાન્તિમાં સ્થિર થઈ જીવન જીવે છે. આ જીવનમાં નથી મસ્તી, નથી મૂર્છા કે જડતા, નથી ઝંઝાવાત, નથી રાગ કે નથી વૈરાગ્ય, નથી આસક્તિ કે નથી અનાસક્તિ. માનવને અકળાવી મૂકતાં કોઈ જ તત્વોને અહીં સ્થાન નથી. જો કાંઈ પણ હોય તો કેવળ એક જ વસ્તુ છે ... જીવન ... ખરા અને પૂર્ણ રૂપમાં વહેતું એવું જીવન, એવી તો એક અખંડિત અને સંવાદપૂર્ણ ગતિ કે જેને નથી કોઈ અમુક જ હેતુ કે દિશા."

"હું તો માનું છું કે પરાત્પર ચેતનાના આવિર્ભાવ માટે આ સૃષ્ટિમાં માનવી જ એક એવું માધ્યમ છે, જેની દ્વારા એ શક્તિનો સ્રોત વહેતો થાય છે. આ ભાગવત ચેતનાનું માનવને આકર્ષણ છે જ. શારીરિક, માનસિક અને બૌદ્ધિક ભૂમિકાથી આગળ વધી ઊર્ધ્વ જગતમાં જવાનું છે; પોતાની જાતને ત્યાં બરાબર સ્થિર કરી, માનવમાં રહેલી બધી જ શક્યતાઓ અને પ્રચ્છન્ન શક્તિઓને વિકસિત કરી વિશ્વમાં વહેતી મૂકવાની છે."

વિમલાબહેનના કાવ્યોમાં અધ્યાત્મ તત્વનું એક એવું સ્પંદન છે કે જે ઊંડા અંતરમાંથી પ્રગટેલું હોઈ વાચકના દિલને તરત સ્પર્શી જાય છે. 'સાક્ષિત્વ' કાવ્યમાં તેમણે લખ્યું છે:

જહાઁ કિસી ભી પ્રકાર કી દ્વૈત - ભાવના કા
પ્રવેશ હી નહીં,
જહાઁ કાલ કો પાઁવ રખને કા અવકાશ
હી નહીં હૈ,
જહાં અહં કે સ્ફુરણ કો અવસર હી
નહીં હૈ,
જહાઁ ચિત્ત યા બુદ્ધિ કો જનમ પાને કી
આશા હી નહીં હૈ,
જહાઁ સહજ સમાધિ કા અબાધિત
સામ્રાજ્ય હૈ,
સહજતા કે પટ પર - વહાઁ, વ્યવહાર
કે ચલચિત્ર અંકિત હોતે રહેતે હૈં,
પ્રતિક્રિયાતીત સહજ વ્યવહાર સાક્ષિત્વ
કી અનિવાર્ય અભિવ્યક્તિ હૈ.

આ કાવ્ય તેમની અનુભૂતિ અને રચનાની સાચી ભૂમિકાનો સુંદર પરિચય વાચકને કરાવે છે.

સાધારણ રીતે મોટા ભાગના લોકો જીવનના આધાર–રૂપ સ્થૂળ શરીરને સર્વસ્વ માને છે. જેઓ થોડું આગળ વિચારી શકે છે તેમની દષ્ટિ મનોમય સ્વરૂપ સુધી પહોંચીને ત્યાં જ અટકી જાય છે. પરંતુ જે મનથી પર છે, બુદ્ધિથી પર છે તે પરમ તત્વનો વિચાર કરવો, તેની પ્રાપ્તિ માટે પુરુષાર્થ કરવો એ તો કોઈકના જ ભાગ્યમાં નિર્માણ થયું હોય છે. વિમલાબહેન જીવનને પૂર્ણરૂપમાં જુએ છે. જે મન અને બુદ્ધિથી પર છે તે પણ જીવનનું જ એક અંગ છે. શરીર, ઈન્દ્રિય પ્રાણ, મન અને બુદ્ધિ–માનવસ્વરૂપનાં આ કરણો ઘણાં અપૂર્ણ હોવા છતાં આપણે તેની ઉપેક્ષા નથી કરી શકતા, કારણ કે માનવ પ્રકૃતિનાં આ નિમ્ન કરણો જ પૂર્ણતા તરફ લઈ જવામાં પાછા મદદ કરે છે. માનવે આ તત્વોની અપૂર્ણતા અને ઉપયોગિતા બંને સમજી લેવાની છે. અહીંથી વધુ ને વધુ આગળ જઈ ઊર્ધ્વના પ્રકાશને સ્થૂલ પ્રકૃતિ સુધી લાવવાનો છે, તેને પૂર્ણ બનાવવાનો છે. તમસ અને અજ્ઞાનથી ભરેલા આ જીવનમાં સત્ય અને જ્ઞાનનો પ્રકાશ રેલાવવાનો છે. મનુષ્ય જન્મનું આ જ અંતિમ સત્ય છે, તેનું આ જ સાચું સ્વરૂપ છે. આ પ્રકારનું ઊંડું ચિંતન વિમલાબહેનનાં કાવ્યોનું ખાસ આકર્ષણ છે. નિજાનંદની મસ્તી અને આવો ઉલ્લાસ આપણે કબીર જેવા ફક્કડ અને આખાબોલા સંતોમાં જોઈએ છીએ. વિમલાબહેને પોતાનો પરિચય આપતાં નીચેના કાવ્યમાં લખ્યું છે:

મૈં હૂઁ વિધાતા કી એક કવિતા
મૈં હૂઁ છન્દો કા નિજ છન્દ
આકાશ જિસને સઁવારા!
મૈં હૂઁ વહ નિરાલમ્બ અવકાશ!
કાલ હૈ જિસ કી માયા - લીલા
મૈં હૂઁ વહ અનન્ત અકાલ
રુપ મેં જો નિખર ઊઠા,
મૈં હૂઁ વહ રુપાતીત સ્વરુપ
પંચ પ્રાણોં કે સાજ પર ચેતના ગા ઊઠી
મૈં હૂઁ વહ મધુર ગીત!
મૃણ્મય પર ચિન્મય ને હાથ ફેરા,
મૈં હૂઁ વહ સહજ સ્પન્દન!
વિશ્વચેતના અકારણ ઝંકૃત હુઈ
મૈં હૂઁ વહ અનાયાસ કમ્પન

આ પ્રકારની રચનાઓમાં કવયિત્રીનો સ્વાભાવિક ઉલ્લાસ પ્રગટ થાય છે. વિમલાબહેનની માતૃભાષા તો મરાઠી છે, પરંતુ હિન્દીમાં

લખેલાં તેમનાં કાવ્યો વાંચતાં, એ ભાષા પરના તેમના પ્રભુત્વની પણ પ્રતીતિ થાય છે. ભાષા ખરી રીતે તો તેમની ચેતનામાંથી જ ઉદ્‌ભવ પામી છે.

વિમલાબહેનની દષ્ટિએ જીવન અખંડ અને અવિભાજ્ય છે. 'મન કે ઉસ પાર' નામના પુસ્તકમાં તેમણે લખ્યું છે:

"જ્યારે હું કહું છું કે જીવનમાં જડ નામની કોઈ જ વસ્તુ નથી, ભૌતિક પદાર્થ જેવું પણ કશું જ નથી, ત્યારે મારા કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે સ્થૂલ દષ્ટિએ દેખાતી પ્રત્યેક વસ્તુની પાછળ કેવળ એક પરમ તત્ત્વનું જ અસ્તિત્વ છે. પાષાણમાં, જલબિંદુઓમાં, વૃક્ષના પાનમાં કે દેહધારી માનવમાં - જ્યાં જુઓ ત્યાં સર્વત્ર પરમાત્માની શકિતનું સ્પંદન છે, સંગીત છે. જેની પાસે આ પ્રજ્ઞા દષ્ટિ છે તે જીવનના બે ટુકડા કદી પણ નહીં કરે. સ્થૂલ દષ્ટિ હમેશાં જીવનને બે ભાગમાં અલગ કરી નાંખે છે. એવા લોકોનો થોડો સમય સાંસારિક કાર્યો માટે રહે છે તો બીજો થોડો સમય ધર્મધ્યાન માટે રહે છે. જીવનનિર્વાહ માટે દ્રવ્ય કમાવું એ છે ભૌતિક જીવન, ધર્મધ્યાન માટે મઠ, મંદિર કે દેરાસરમાં જઈ બેસવું એ છે પારમાર્થિક જીવન. જ્યારે એ જ્ઞાન થશે કે શરીરયાત્રા શબયાત્રાથી ભિન્ન વસ્તુ છે, એ શબયાત્રા નહિ પણ શિવયાત્રા છે એવું સમજાશે ત્યારે ધન કમાવાની પ્રવૃત્તિ પણ સાધનાનું જ સ્વરૂપ લેશે. જેટલી સાવધાની ને એકાગ્રતા જપ તપ અને ધ્યાનમાં રાખવાની છે એટલી જ સાવધાની ધન કમાતી વખતે પણ રહેશે. ત્યાર પછી હરએક કર્મ પાછળની દષ્ટિ સંસારની નહીં, પરંતુ સાધકની રહેશે; અને પછી જુઓ કે ધર્મસ્થાનકોમાં ગયા સિવાય ઘેર બેઠાં બેઠાં પણ જીવન કેવું તો બદલાઈ જાય છે! તો આપણે એક જ વસ્તુ શીખી લેવાની છે કે જીવનને તેના સમગ્ર સ્વરૂપમાં જોતાં આપણે શીખીએ!"

જીવન વિષેનું કવયિત્રીનું ઊંડું ચિન્તન તેમની રચનાઓમાં ઠેર ઠેર દેખાય છે. પૂર્ણ દષ્ટિ એ જ એમના કાવ્યોનું આકર્ષણ છે.

વિમલાબહેનના કાવ્યોને હું હૃદયથી આવકારું છું. મને આશા છે કે સૌ કાવ્યપ્રેમીઓ તેનો રસાસ્વાદ માણી આનંદ અનુભવશે.

બહેન પ્રેમલતા પણ આપણા સૌના ધન્યવાદને પાત્ર છે. એમણે ઘણો પરિશ્રમ ઊઠાવી આ કાવ્યોનું સંકલન કર્યું છે. આ સિવાય પણ એમણે બીજા સંતોની આધ્યાત્મિક અનુભૂતિઓ પ્રકાશિત કરી છે. આવી ઉચ્ચ સામગ્રી વાંચકો સમક્ષ મૂકવા માટે આપણે સૌ તેમને ધન્યવાદ આપીએ!

અનુવાદક: મૂળ હિંદી:

**સૌ. શારદાબહેન બાબુભાઈ શાહ** **હજારીપ્રસાદ દ્વિવેદી**

# પ્રકીર્ણ નોંધ

**નિમિત્ત બન્યાનું પુણ્ય**

શ્રી કાન્તિલાલ છોટાલાલ મહેતા તરફથી નીચે મુજબનો પત્ર મળ્યો છે:

સાત - આઠ વર્ષ ઉપર મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ડૉ. રાજેન્દ્ર વ્યાસ અંધજનોના શિક્ષણ વિશે પહેલીવાર બોલવા ઉપસ્થિત થયા હતા. તેમનું એ પ્રવચન ખૂબ જ દર્દભર્યું હતું. એમના પ્રવચનનું પ્રથમ વાકય હતું, "સામાન્ય માણસ અંધજન વિશે કલ્પના કરે છે, ત્યારે તેના મનમાં અત્યંત ગરીબ, ચીંથરેહાલ કપડાં પહેરેલાં હોય તેવો ભીખ માંગતો માનવી જ નજરમાં આવે છે..." હેલન કેલરનું જીવનવૃત્તાંત વાંચ્યું હતું. છતાં ય મારા મનમાં સાચે જ અંધજનનું ચિત્ર આવું જ હતું.! અંધજનને ઉપયોગી માનવી બનાવી શકીએ તેવો દઢ વિશ્વાસ આ પ્રવચનના અંતે મને થયો.

પ્રવચન તેમના અંગત અનુભવોથી સભર હતું. આ પ્રવચનના અંતે મને પણ થયું કે મારે ત્યાં, પાલણપુરમાં અંધજનો માટેની શિક્ષણસંસ્થા ઊભી કરીએ તો સારું. અમારા ટ્રસ્ટીગણની સંમતિ લઈને મારા મુ. કાકા શ્રી ઠાકોરભાઈ તરફથી આ અંગે મેં દાન પ્રાપ્ત કર્યું. તરતમાં જ ડૉ. રાજેન્દ્રભાઈને મળ્યો. થોડી ઘણી સંસ્થાઓ જોઈ, પણ રાજેન્દ્રભાઈની કલ્પના પ્રમાણે દેખતા વિદ્યાર્થીઓ સાથે જ અંધશિક્ષણ થતું હોય એવી કોઈ સંસ્થા જોવામાં ન આવી. મુંબઈમાં સેંટ એલિઝાબેથ શાળામાં આવું શિક્ષણ અપાય છે તેવી જાણ તો થઈ, પણ એ સંસ્થા મેં જોઈ નહોતી. અંધશિક્ષણ માટે નેતરકામ કે સંગીતના વર્ગ જ ચલાવાય અને તેમનો જુદો જ વાડો રખાય તેવી માન્યતા જૂની પુરાણી હતી. રાજેન્દ્રભાઈની કલ્પના અને આત્મવિશ્વાસથી સભર એવી વાતોથી ઉપર પ્રમાણે સંસ્થાનું આયોજન કર્યું. ત્યાર પછી તો ઈંગ્લેન્ડમાં આવી સંસ્થા જોઈ પણ ખરી; અને એ વિશેનું પ્રાપ્ય સાહિત્ય વાંચ્યું.

પાલણપુરમાં શરૂઆતમાં ચાર વર્ષ યોગ્ય શિક્ષકનો પ્રશ્ન બહુ મુંઝવનારો હતો. અમેરિકાથી તાલીમ લઈને આવેલા બેત્રણ ભાઈબહેનો સાથે વાત કરી, તો પાલણપુર આવવા કોઈ તૈયાર થાય નહીં. આવવા ઈચ્છે તે લગભગ હજારથી ઓછો પગાર માંગે નહીં.

સંસ્થાના જ શિક્ષણ ગણમાંથી એક ભાઈને તાલીમ માટે મુંબઈ મોકલ્યા. કલ્પના પ્રમાણેની એક આદર્શ - સંસ્થા તો થઈ નથી, પણ અમારો પ્રયોગ સફળ તો થયો જ છે. અંધ વિદ્યાર્થીઓ દેખતા વિદ્યાર્થીઓ સાથે ચાલુ વર્ગમાં જ અભ્યાસ કરે છે. કેટલાક વિદ્યાર્થીઓ શાળાંત પરીક્ષા પસાર કરીને ઉચ્ચ શિક્ષણ માટે પણ આગળ વધ્યા છે; અને અમારા સ્ટાફમાં એક અંધ શિક્ષિકા - બહેન પણ છે. દેખતા વિદ્યાર્થીઓ સાથે જ શિક્ષણ આપવામાં ટેઈપ રેકોર્ડર, બ્રેઈલ ટાઈપરાઈટર વિ. સાધનોની ખાસ જરૂર પડે. સામાન્ય વિદ્યાર્થી વાપરતો હોય તેટલાં બધાં જ પાઠયપુસ્તકો વર્ષનાં આરંભમાં બ્રેઈલમાં ઉતારી લેવાં જોઈએ. એમને 'રીડર' નો પણ ખપ પડે. દેખતાં વિદ્યાર્થીઓ સાથે જ છાત્રાલયવાસમાં એમને રાખીને આ પ્રશ્ન અમે ઉકેલ્યો. Talking library ની મદદથી અમારા વિદ્યાર્થીઓ સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકોથી પણ થોડા ઘણે અંશે પરિચિત થયા છે.

સૌથી દુર્ગમ પ્રશ્ન છે માબાપોની ઉપેક્ષાનો. તેમને ગળે ઉતરે જ નહીં કે પરંપરાગત શિક્ષણ તેમનું બાળક લઈ શકે. વળી કેટલાંક બાળકોનો ઉછેર તો પશુની જેમ જ થયો હોય. મોટી વયે શાળામાં દાખલ થવા આવતાં બાળકો પણ હોય, એટલે કેટલાક માનસિક પ્રશ્નો પણ ઊભા થવાના. બનાસકાંઠા વિસ્તાર શિક્ષણમાં અતિ પછાત, એટલે મોટા ભાગે ઘર આગળનું વાતાવરણ પ્રતિકૂળ કહું તો ચાલે.

અમારી અંધશાળાને છેલ્લા બે વર્ષમાં ઘરમાં રમાય તેવી રમતોનાં સાધન, કાંડા ઘડિયાળ અને શૈક્ષણિક સાધનોની ભેટ વિદેશના મિત્રોએ મોકલતાં, શિક્ષણ વધુ સચોટ અને સહેલું બન્યું છે. પણ આ એક પ્રયોગ છે અને એનો વિકાસ અનુભવના વિસ્તાર સાથે જ વધવાનો.

આ સંસ્થાના ઉદભવનું કારણ બન્યું છે મુંબઈ જૈન યુવક સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા. એના પ્રણેતા શ્રી પરમાનંદભાઈ પ્રત્યે કૃતજ્ઞતાની લાગણીએ સંઘ સભાખંડ યોજી રહ્યો છે, ત્યારે એમની પ્રેરણાના એક ચિરંજીવ સ્મારકની નોંધ હું અહિં ન લઉં તો મારી ફરજમાંથી હું ચૂકયો ગણાઉં! પ્રભુ એમને દીર્ઘાયુ બક્ષે!

**કાન્તિલાલ છોટાલાલ મહેતા.**

શ્રી કાન્તિભાઈએ ઊભી કરેલ અંધશાળાનો યશ મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાને તેઓ આપે છે એ તેમના દિલની ઉદારતા છે. અંધશાળા ઊભી તો તેમણે કરી. તેમાં માત્ર એક નિમિત્ત બન્યાનું પુન્ય પર્યુષણ વ્યાખ્યાનમાળાને ભાગે જાય છે.

**પરમાનંદ.**

**સ્વ. શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ-'જયભિખ્ખુ'**

ગયે જ અઠવાડિએ ખુશખુશાલ શ્રી જયભિખ્ખુને જોયા હતા અને તેમનો ડાયરો જામ્યો હતો. અને અચાનક રેડિયોમાં ૬૨ વર્ષની ઉંમરે તેમના મૃત્યુના સમાચાર સાંભળી આંચકો અનુભવ્યો. તેમના સાહિત્યમાંથી પ્રેરણા મેળવનાર અસંખ્ય વાચકોને તેમના મૃત્યુના સમાચારથી પારાવાર દુ:ખ થયું હશે. ગુજરાત સમાચારની 'ઈંટ અને ઈમારત' ની સાપ્તાહિક નિયમિત કટાર વાંચનાર ઘણા લેખકના પ્રેમી બની ગયા હતા તેવું ઘણીવાર ઘણા પાસેથી જાણ્યું છે, તો પછી જેમને તેમને મળવાનો પ્રસંગ બન્યો હોય તેઓ તો તેમને ભૂલી શકે એમ બને જ નહિ.

સુખી કુટુંબમાં જન્મ્યા છતાં આપબળે જ આગળ વધ્યા અને

કષ્ટોની પરવા કર્યા વિના કલમને ખોળે જ માથું મૂકી જીવનનિર્વાહની પ્રતિજ્ઞા કરી અને સ્વાભિમાની જીવન જીવી બતાવ્યું. પ્રારંભિક શિક્ષણ લીધા પછી જૈન પાઠશાળામાં અધ્યયન કર્યું હોવાથી સંસ્કૃત–પ્રાકૃતનો અભ્યાસ થયો, તેથી ભારતની પ્રાચીન સંસ્કૃતિ અને સાહિત્ય, ખાસ કરી જૈન સાહિત્યથી સુપરિચિત થયા. વિચારમાં સુધારક હોવાથી અને અંધશ્રદ્ધાનો લેપ નહિ હોવાથી તેમણે પ્રાચીન જૈન પૌરાણિક કથાઓને આધુનિક આંચળો પહેરાવ્યો અને રસનીતરતી નવલકથાઓ આપી. ઈતિહાસમાંથી વીણી વીણીને જીવનપ્રેરક કથાઓ નાની - મોટી લખી. વીર - ગાથા અને શૌર્યના ઉપાસક હોવાથી અનેક શૌર્યકથાઓ લખી, જે નવયુવકોને પ્રેરણા આપે તેવી સિદ્ધિ થઈ છે. ઈતિહાસ અને પુરાણ ઉપરાંત આધુનિક દેશનાયકો અને જાણીતી અજાણી વ્યકિતનાં જીવનચરિત્રો લખવામાં તો તે સિદ્ધહસ્ત હતા એમ કહેવું પડે. 'ઈંટ અને ઈમારત' દ્વારા તેમણે અનેક વ્યકિતઓની જીવનગાથા લખીને સાવ અપરિચિત એવી વ્યકિતઓને પણ તેમની તેજસ્વી કલમે જીવંત બનાવી દીધી છે. તેઓ જ્યાં પણ ગુણદર્શન કરતા ત્યાં તે ગુણીજનને બિરદાવવામાં પાછી પાની કરતા નહિ. માનવના ગુણોનો ઉત્કર્ષ થાય તેમાં તેમને રસ હતો, તેથી જીવનનો ઉત્કર્ષ સાધે તેવું હેતુલક્ષી સાહિત્ય સર્જન તેમણે કર્યું છે. નાના - મોટા તેમના પુસ્તકોની સંખ્યા ત્રણસો જેટલી થવા જાય છે. તેમાંના અનેક પુસ્તકોને સરકાર તરફથી પારિતોષિકો મળ્યા છે. સંભવત: આ જ એવા લેખક હતા જેમને સૌથી વધારે સરકારી પારિતોષિકો મળ્યા છે. પણ એ જાણવું જરૂરી છે કે સરકાર અને સરકાર સંચાલન કરનાર ઉપર કટાક્ષો પણ તેમણે ઘણા જ કર્યા છે.

"જયભિખ્ખુ' ના નિર્માણમાં તેમની પત્નીનો હિસ્સો નજીવો નથી. પડદા પાછળ રહી વિજ્યાબેને જયભિખ્ખુનો મિજાજ જાળવ્યો છે અને તેમના સ્વાભિમાનમાં બાધ ન આવે તેની ચિન્તા સેવી છે. અતિથિસત્કાર તો જયભિખ્ખુનો મિત્રોમાં વખણાય છે, તેનો વિજ્યા-બેનને યશ છે. બાલાભાઈના મૃત્યુથી તેમના ઉપર તો વજ્રઘાત જ થયો. અને સુકુમાર કુમારપાલ તેમના પુત્રની શી દશા આ મૃત્યુથી થઈ હશે તેની તો કલ્પના જ થઈ શકતી નથી.

'જયભિખ્ખુ' તખલ્લુસ હતું, પણ તેમનું ખરું નામ બાલાભાઈ વીરચંદ દેસાઈ હતું. સાયલાના વતની હતા. તેમના પિતાજીની કારભારીની નોકરી વિજાપુરમાં હતી તેથી બાળપણ ત્યાં વીત્યું. પછી અમદાવાદ, આદિ સ્થાનોએ તેમનો અભ્યાસ થયો અને 'ન્યાયતીર્થ' ની પદવી લીધી હતી. અને પછી લેખન-કાર્યમાં ઝુકાવ્યું હતું, છેક ૧૯૨૯ થી મૃત્યુથી પૂર્વે અડધા કલાક સુધી એ ચાલ્યું હતું.

પ્રભુ તેમના અત્માને શાંતિ આપો એ જ અભ્યર્થના!

**દલસુખ માલવણિયા**

## સંઘના મકાન ફંડમાં તથા ચાલુ ફંડમાં પાછળથી મળેલી રકમોની યાદી

| | |
|---|---|
| ૩૦૧ | શ્રી વ્યાખ્યાનમાળા સમિતિ, ઘાટકોપર |
| ૨૫૧ | ,, ગુજરાતી કેળવણી મંડળ, માટુંગા |
| ૧૫૧ | ,, ગીરગામ કેમિસ્ટ |
| ૧૫૦ | ,, પ્રકાશભાઈ ગાંધી |
| ૫૧ | ,, સૂર્યકાન્ત પરીખ |
| ૫૦ | ,, રતીલાલ ચીમનલાલ કોઠારી |
| ૫૦ | ,, કાન્તિલાલ લક્ષ્મીચંદ |
| ૧,૦૦૪ | |

## સંઘના પ્રારંભથી આજસુધીની પ્રેરણામૂર્તિઓ



**કાકાસાહેબ કાલેલકર : પંડિત સુખલાલજી**

## સહકાર-દર્શન પ્રદર્શન

ગુજરાતી સ્રી સહકારી મંડળ લિમિટેડના મંત્રીઓ જણાવે છે કે તે મંડળ તરફથી તા. ૧૬, ૧૭, ૧૮, ૧૯ જાન્યુઆરી ૧૯૭૦ ના દિવસોએ સહકાર–દર્શન પ્રદર્શન વનિતા–વિશ્રામ–સરદાર વી. પી. રોડ પર સાંજે ૪ થી ૮ ના સમયમાં રાખવામાં આવ્યું છે. આ પ્રદર્શનમાં વિવિધ પ્રકારની ગૃહઉપયોગી ચીજો, તથા હાથની કારીગરીના નમૂનાઓ રાખવામાં આવશે. આ ઉપરાંત આનંદ–બજાર તથા જુદી જુદી રમતગમતના સ્ટોલો રાખવામાં આવ્યા છે. બહેનો માટે જુદી જુદી હરીફાઈઓ પણ યોજવામાં આવશે. ફૂલની ગોઠવણી તથા આરતીની તથા વાનગીની હરીફાઈઓ પણ રાખી છે, સ્ટોલ રાખવા તથા હરીફાઈમાં ભાગ લેવા માટે ભગિની સમાજ પર ૨૨૫, ખેતવાડી મેઈન રોડ, શનિ–રવિ સિવાયના દિવસોએ ૨ થી ૫ ના સમયમાં તા. ૮ જાન્યુઆરી સુધીમાં નામ આપવા વિનંતિ છે.

●

## સુણું જરી

( છંદ : મિશ્ર )

અનંતના અંતર–દ્વાર ખોલતાં,
બ્રહ્માંડકેરાં હિચકે હિલોળતાં;
નિ:સીમને સીમિતની હથેળીઓ
ભરી ભરી અંજલિ કૈંક અર્પતા
અખંડ આ ભાવુક અબ્ધિ - તંબૂરે
આલાપ મારા ઉરનો સુણું જરી ?

ચોરવાડ, ૧૯-૫-૬૪ **ગીતા પરીખ**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ–૪.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જાન્યુઆરી ૧૬ ૧૯૭૦, શુક્રવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## આચાર્ય રજનીશજીનો ગાંધીલક્ષી અદ્યતન આવિષ્કાર

[તા. ૬ ડિસેમ્બરના 'બ્લિટ્ઝ'માં તે પત્રના પ્રતિનિધિ સાથે થયેલો આચાર્ય રજનીશજીનો વાર્તાલાપ તેની અંગ્રેજી તથા હિન્દી આવૃત્તિમાં પ્રગટ થયો છે. આ વાર્તાલાપના પ્રારંભમાં 'ઋણં કૃત્વા ઘૃતં પિબેત્' (દેવું કરીને પણ લાડુ ખાઓ) એવો નિર્ભેળ ભૌતિક સુખલક્ષી સિદ્ધાન્ત જેમના નામ સાથે જોડાયેલો છે એવા પૂર્વકાળમાં થઈ ગયેલા પ્રખર ભૌતિકવાદી ચાર્વાક મુનિને આગળ ધરીને આચાર્યશ્રીએ ભૌતિકવાદનું સચોટ સમર્થન કર્યું છે અને ત્યાર બાદ એ જ વાર્તાલાપમાં ગાંધીજી વિષે તેમણે કેટલાંક ચોંકાવનારાં વિધાનો કર્યાં છે. રજનીશજી વિષે આપણે એક યા બીજી બાબત અંગે મળતા થઈએ કે નહિ, પણ તેઓ એક મોટું વિચારબળ છે અને તેમની વાણીનો અમુક વર્ગ ઉપર આજે પણ સારો એવો પ્રભાવ પડે છે. આ આજની વાસ્તવિકતા ધ્યાનમાં લઈને, તેમના વિચારોનું અદ્યતન સ્વરૂપ શું છે તેનો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પરિચય રહે એ હેતુથી ઉપર જણાવેલ વાર્તાલાપનો અનુવાદ નીચે રજુ કરવા હું પ્રેરાયો છું.

આજે ગાંધીનિર્વાણ શતાબ્દીના વર્ષમાં ગાંધીજી વિષેનું ચિન્તન એટલા વિપુલ પ્રમાણમાં પ્રગટ થયું છે કે જે આ બધું વાંચે છે, વિચારે છે તેવો આજનો વાચક વર્ગ ગાંધીજીના સિદ્ધાન્તો, વિચારો અને વલણો અને ભારતની કાયાપલટ કરવામાં તેમનો ફાળો - આ બધા વિષે સુપરિચિત છે અને તેથી આચાર્ય રજનીશજીએ ગાંધીજી વિષે કરેલાં ચિત્રવિચિત્ર વિધાનોમાં રહેલા તથ્યાતથ્યની તારવણી કરવાને તે સમર્થ છે. વળી સૂર્ય સામે ધૂળ ઉડાડવાથી સૂર્ય કદી ઝાંખો પડતો નથી આવો આપણો અનુભવ છે અને તેથી તે વિધાનોની કોઈ વિસ્તૃત ચર્ચા-આલોચનાની જરૂર નથી એમ હું માનું છું. અપેક્ષિત છે આ વાચક વર્ગ રજનીશજીને યથાસ્વરૂપે ઓળખે અને તે અપેક્ષા પ્રસ્તુત વાર્તાલાપ સારા પ્રમાણમાં પૂરી પાડે છે. **પરમાનંદ**]

"લોકમાનસને રૂંધી નાખતો મહાત્મા ગાંધીનો પ્રભાવ દેશભરમાં ફેલાયો ન હોત તો ભારત કયારનુંયે વધારે વ્યાવહારિક અને વૈજ્ઞાનિક બન્યું હોત અને તેણે પોતાની સમસ્યાઓને અધિક વાસ્તવિકતાપૂર્વક ઉકેલી હોત."

આ આચાર્ય રજનીશનો અભિપ્રાય છે, જેઓ પહેલાં એક પ્રાધ્યાપક હતા અને રૂઢીઓના પ્રબળ વિરોધી હતા. તેમના અભિપ્રાય મુજબ નવાં મૂલ્યોના પ્રાદુર્ભાવ થવા પહેલાં પ્રજાજનોમાં નાસ્તિવાદ (Nihilism)ની સમજણ પેદા થવી બહુ જરૂરી છે.

બાળપણથી દરેક ચીજને શંકાની દ્રષ્ટિથી જોવાવાળા, આજે એક લાંબી ઝુલતી દાઢી ધરાવતા, ૩૮ વર્ષની ઉમ્મરના આચાર્યશ્રીનો મત છે કે આસ્થામાં-વિશ્વાસમાં-દરેક પ્રકારની ગુલામી, માનસિક સ્થગિતતા અને નૈતિક પતનની જડ રહેલી છે. તેઓ સંન્યાસીઓની સાદાઇનું ખંડન કરે છે. તેમ જ ભૌતિક સુખવાદ (Hedonism)ની અને ભૌતિક મૂલ્યોની (materialistic values)ની-પ્રાપ્તિના પ્રખર સમર્થક છે, જેના કારણે તેમના આલોચકોને એવી ટીકા કરવાની તક મળે છે કે, તેઓ જેવી શિખામણ આપે છે તે જ પ્રકારનું જીવન તેઓ જીવી રહ્યા છે.

મુંબઈના રોનકદાર રીજ રોડ ઉપર સ્વ. સર ચુનીલાલ મહેતાના આલીશાન બંગલામાં એક મોટા સોફા ઉપર બિરાજેલા આચાર્ય રજનીશજીએ તાજેતરમાં 'બ્લિટ્ઝ'ના પ્રતિનિધિને પોતાના તત્વદર્શનની વ્યાખ્યા કરતા જે કાંઈ કહ્યું તેનું નિરૂપણ આ પ્રકારનું છે:-

**પ્રશ્ન:** આપનું દર્શન શું છે? આપની વિચારધારાનું સ્વરૂપ શું છે?

**ઉત્તર:** હું એક વિદ્રોહી માનસ નિર્માણ કરવા ઈચ્છું છું. રૂઢિવાદનો હું કટ્ટર દુશ્મન છું. હું તો એમ માનું છું કે જે કોઈ વિચાર કરવા માંગે છે-અને ચિન્તન-વિચાર કર્યા સિવાય કોઈ માનવીનો આત્માનો ઉત્કર્ષ થતો જ નથી - તેનામાં એક વિદ્રોહી મન હોવું જ જોઈએ.

રૂઢિઓમાં માનવાવાળાનું આજ સુધીનું જે મન છે તે ત્યાગ અને દુ:ખનો સ્વીકાર કરે છે; તે નિરાશાવાદી મન છે. મારો વિશ્વાસ છે કે સુખનો સ્વીકાર કરવો જોઈએ, તેમ જ વ્યક્તિને અધિકતમ સુખ કેવી રીતે આપી શકાય તેમ છે તેનો મુખ્યતયા આપણે વિચાર કરવો જોઈએ. આજ સુધી આપણે સુખના વિરોધી રહ્યા છીએ અને દુ:ખનો આદર કરતા રહ્યા છીએ અને વળી જો કોઈ આદમી સ્વેચ્છાપૂર્વક દુ:ખી બની જાય છે તો તેનો આપણે ખૂબ જ આદર કરીએ છીએ અને આપણા માટે તે તપસ્વી, મહાત્મા ગમે તે બની જાય છે.

### ભૌતિકવાદ

**પ્રશ્ન:** આમ છતાં પ્રાચીન ગ્રંથો આપણને બલિદાન તેમ જ આત્મત્યાગની શિક્ષા આપતા રહ્યા છે, તો યુગયુગથી જે શિક્ષા આપણે માન્ય કરતા આવ્યા છીએ તે શિક્ષાઓ હવે આપણે અમાન્ય કરવી જોઈએ?

**ઉત્તર:** હું પ્રાચીન ગ્રંથોથી પણ ખૂબ જ દૂર દૂર આગળ જવાને તૈયાર છું. મારી ધારણા છે કે આપણે તે સમયમાં પ્રચલિત બનેલી વિચારણાને પણ બરોબર સમજવી જોઈએ. જો દૂર દૂરના કાળમાં થઈ ગયેલાં ચાર્વાક મુનિના વિચારો હિન્દુસ્તાનમાં થોડા પણ ફેલાયા હોત તો ઘણા વખત પહેલાં, જેને આપણે 'પુરુષ' કહીએ છીએ તે પુરુષ આપણે પેદા કરી ચૂકયા હોત - જે સુખની શોધદ્વારા જ પેદા થઈ શકે છે - અને એ રીતે આપણે એક વૈજ્ઞાનિક સમાજનું પણ નિર્માણ કર્યું હોત.

હું એમ માનું છું કે ભૌતિકવાદ-materialism-પૂરા પ્રમાણમાં વિકસિત થવો જોઈએ અને આખો સમાજ ભૌતિક-

વાદના પાયા ઉપર રચાવો જોઈએ. સમાજનું શિખર અધ્યાત્મવાદી હોઈ શકે છે, પણ તેની બુનિયાદી ભૌતિકવાદી જ હોવી જોઈએ. આમાં પરસ્પર વિરુદ્ધ એવું કાંઈક લાગે છે, પણ આ વિધાનમાં મને કોઈ વિરોધ દેખાતો નથી.

હું માનું છું કે આગામી ૫૦–૧૦૦ વર્ષો દરમિયાન અમેરિકા અથવા રશિયા અધ્યાત્મવાદી બની શકશે, પણ ભારત નહિ બની શકે. અમેરિકા–રશિયાની ભૌતિક પ્રગતિ એ કક્ષાએ પહોંચી રહી છે કે જ્યાં તે ભૌતિક વસ્તુઓથી મુકત બની જશે અને આગળની બાબતનો વિચાર કરવા લાગશે.

**પ્રશ્ન:** તો પછી ભારત ઉપર મહાત્મા ગાંધીના પ્રભાવને શું આપ માન્યતા આપતા નથી?

**ઉત્તર:** ના, ગાંધીએ પોતાની રીતે આઝાદીને લક્ષ્ય બનાવીને યોગદાન આપ્યું, પણ એ તો પાછળનો ઈતિહાસ છે. આપણે આગળની વાત હવે વિચારવી ઘટે છે. સ્વાધીનતા બાદ ગાંધી તેમ જ તેમની જેવા લોકોએ એવી પરિસ્થિતિ પેદા કરી છે કે જેના પરિણામે કાયરતા પેદા થઈ છે. ગાંધી એક કુશળ સંગઠનકર્તા હતા, તેમણે ભારતના પુરાણા મન સાથે સમાધાન કરી લીધું હતું – તેને સંપૂર્ણપણે સ્વીકારી લીધું હતું, જે બીજા શબ્દોમાં કહીએ તો અવૈજ્ઞાનિક, બિલકુલ પ્રત્યાઘાતી અને જીવનનો ઈનકાર કરવાવાળું મન હતું.

**પ્રશ્ન:** શું આપ જનસાધારણ માન્યતા સાથે અસહમત છો કે તેમણે આઝાદી પ્રાપ્ત કરવામાં બહુ મોટું યોગદાન આપ્યું છે?

**ઉત્તર:** ભારત તો ગાંધી વિના પણ આઝાદ થવાનું જ હતું. જો તેઓ ન હોત તો એ કરતાં પણ વધારે વહેલાં ભારત આઝાદ બની ચૂકયું હોત. જો ગાંધી ન હોત તો ભારતનો દષ્ટિકોણ કેટલો યે વધારે યથાર્થવાદી, તેમ જ વૈજ્ઞાનિક, તથા સમસ્યાઓ પ્રત્યે જાગરૂકતા ધરાવતો બન્યો હોત. ગાંધીએ પોતાની આસપાસ આદર્શવાદી લોકોને એકઠા કરી લીધા, જેઓ ખોટા રસ્તે સરી પડ્યા અને જેમણે રાષ્ટ્રીય પ્રયાસોને અસંભવ લક્ષ્યો વડે રૂંધી નાખ્યા.

**પ્રશ્ન:** શું આપના કથનનો એ સાર છે કે પરમ સત્ય તથા પરમ અહિંસાની બાબતમાં ગાંધીજીનો આદર્શ બહુ ઊંચો હતો?

**ઉત્તર:** આ પૃથ્વી ઉપર પરમ એવું કશું છે જ નહિ. ગાંધી પોતે પણ પરમને પ્રાપ્ત કરી શકયા નહોતા. આમ છતાં પણ મારી માન્યતા છે કે આપનું મન બદલવા માટે જો હું અનશન કરું તો તે એક પ્રકારનું દબાણ જ છે, એક પ્રકારની હિંસા જ છે, નરી હિંસા છે.

આપની છાતી ઉપર કોઈ છરો ધરે એ એટલી હિંસા નથી, પણ જો આપણી છાતી ઉપર છરો રાખીને કોઈ એમ કહે કે આપ જો મારી વાત નહિ માનો તો હું મરી જઈશ, તો તે વધારે હિંસાત્મક છે. પહેલા પ્રસંગમાં આપ બચી પણ શકો છો, તેમ જ મરવા માટે રાજી પણ હોઈ શકો છો – બીજા પ્રસંગમાં બીજા આદમીને મરતો જોઈને આપને ખૂબ પાર વિનાની તકલીફ અને પરેશાની થવાની છે.

## બાપુની મર્યાદાઓ

**પ્રશ્ન:** તો શું ગાંધીજીના ઉત્તરાધિકારના રૂપમાં આપણને જે આદર્શ અને ધ્યેય પ્રાપ્ત થયા છે તે બધું નિરર્થક છે?

**ઉત્તર:** મારો પાકો વિશ્વાસ છે કે તે જ વ્યકિત સ્વતંત્ર, મુકત તથા સ્વાધીન છે કે જે પોતાનો રસ્તો પોતે શોધી શકે છે અને કોઈ પણ દિશામાં આગળ વધી શકે છે. મને ગાંધી અનેક કડક બંધનોથી બંધાયલા ભાસે છે. આ છે તેમના પોતાના સિદ્ધાંન્તોનાં બંધન, જે તેમણે પોતે જ પોતાની ઉપર લાદ્યા છે. તે ચોવીશે કલાકનું બંધન છે.

આ બંધનો પોતાથી લદાયલા હોઈને બંધનરૂપ લાગતા નથી. આ ઉપરાંત જો આપણે આ બંધનોનો આદર કરવા માંડીએ છીએ તો આ બંધન છે, – બિલકુલ બંધન છે – એ સત્ય ઢંકાઈ જાય છે. આમ હોવાથી મારી તો માન્યતા છે કે જો આપ મહાત્માઓનું સન્માન કરવાનું બંધ કરી દ્યો તો ૯૯ ટકા મહાત્મા 'ગૈર–મહાત્મા' બની જશે.

આપ તેમનો આદર કરો છો તેથી તેમના અહંને તૃપ્તિ મળે છે. આ તૃપ્તિ એવી છે કે, જો આપ પાગલપણાનો આદર કરવા માંડો તો આદમી પાગલ બનવામાં પણ ખુશી અનુભવવાનો, ને નાગો થઈને આમ તેમ નાચવાને તૈયાર થઈ જવાનો. આ દેશે હવે મહાત્માઓનું સન્માન કરવાનું બંધ કરી દેવું જોઈએ. આ પરંપરા તોડવી જ જોઈશે.

## બે મહાત્મા

**પ્રશ્ન:** આ સિદ્ધાંત અનુસાર પણ આપણે શું એમ માનવું કે કોઈ પણ આદમી મહાત્માના સ્તર ઉપર ઊંચો ઊઠી શકતો જ નથી?

**ઉત્તર:** આ બાબતમાં આપને એક કીસ્સો સંભળાવું. ગાંધીના કોઈ એક અનુયાયી બર્નાર્ડ શૉને મળવા ગયા હતા તેણે શૉને પૂછયું કે "આપ ગાંધીજીને મહાત્મા તરીકે સ્વીકારો છો કે નહિ?" શૉએ તેને જવાબ આપ્યો કે "જરૂર, હું તેમને મહાત્મા માનું છું પણ નં. ૧ મહાત્મા હું છું, અને નં. ૨ મહાત્મા તમારા ગાંધી, અને આ દુનિયામાં માત્ર બે જ મહાત્મા છે."

## ભ્રષ્ટાચાર કેમ છે?

**પ્રશ્ન:** ગાંધીજીએ પોતાના જીવનકાળમાં કેટલાંક આધ્યાત્મિક મૂલ્યોનો વિકાસ કર્યો હતો, જે વારસાના રૂપમાં આપણા માટે તેઓ મૂકી ગયા છે. તો શું આપણે આ મૂલ્યોને ફગાવી દેવા?

**ઉત્તર:** આપણી આધ્યાત્મિકતા અવૈજ્ઞાનિક છે અને તેથી આપણને બમણું નુકસાન કરે છે. તે આદમીને આધ્યાત્મિક તો થવા દેતી નથી, પણ ભૌતિક પણ થવા દેવી નથી.

આમ બનવાથી ભ્રષ્ટાચાર પેદા થાય છે, કારણકે ભૌતિકવાદી થયા સિવાય આદમી જીવી શકતો નથી. તેને જીવવાનો રસ્તો શોધવો પડે છે. તમે તેને ભ્રષ્ટ થવાની ફરજ પાડી રહ્યા છો. મારા અભિપ્રાય મુજબ ભારતમાં ભ્રષ્ટાચાર અંગે આ સ્થિતિ ચારપાંચ હજાર વર્ષથી ચાલતી આવી છે.

**પ્રશ્ન:** આ કેવું જીવનદર્શન છે કે જે નથી મને સુખી કરતું કે નથી અન્યને સુખી થવા દેતું?

**ઉત્તર:** આ બધું બહુ ખોટું થઈ રહ્યું છે. આખા દેશનું મન ક્રૂર બની ગયું છે. અહીં જે મહાત્માઓનું મન છે તે જ આ રાષ્ટ્રનું મન બની ગયું છે. એ સિવાય દેશનું પોતાનું કોઈ સ્વતંત્ર મન છે જ નહિ.

**પ્રશ્ન:** શું ગાંધીજીની અહિંસા દેશની આઝાદીની લડાઈમાં એક વરદાન રૂપ સાબિત થઈ નથી?

**ઉત્તર:** ભારતનો વિચારવાનો જે ઢંગ છે તે તેને બૈરાંઓ જેવો બનાવી રહ્યો છે. મારી માન્યતા છે કે જે આદમી હિંસાત્મક બની શકતો નથી તેની અહિંસાનો કોઈ અર્થ નથી. જો કોઈ આદમી હિંસાત્મક થઈ શકે છે અને એમ છતાં તે અહિંસાત્મક બને તો તે સમજવામાં આવે તેવી વાત છે.

તેમ બને તો તેની અહિંસા પણ એક શકિત છે. પણ આપણી અહિંસામાં શકિત પણ નથી. ઉપરથી આપણે તેને દર્શનના ઢાંકણ નીચે ઢાંકીએ છીએ અને વળી આપણે દરેક બૂરી ચીજને મોટા મોટા શબ્દો વડે ઢાંકવામાં હુશિયાર બની ગયા છીએ. આપણે આપણી બધી બીમારીઓને દર્શનનું રૂપ આપીએ છીએ.

## દરિદ્રનારાયણ

**પ્રશ્ન:** તો પછી શું આપ એ બાબતનો સ્વીકાર કરતા નથી કે ગાંધીજીએ જનતા માટે, ખાસ કરીને ગરીબ તથા દલિત 'પીડિત' લોકોને ઉપર ઉઠાવવા માટે ખૂબ 'કાંઈક' કર્યું છે?

**ઉત્તર:** ગરીબોના બનીને ગાંધીએ ગરીબોને પ્રભાવિત કર્યા, પણ તેમની ગરીબીને તેમણે મટાડી નહિ. ગરીબ સમાજ હંમેશા કાયર સમાજ હોવાનો. આપણે ગરીબી તથા સાદાઈની પૂજા કરીએ છીએ. ગરીબીને મહાન બનાવીને, તેને 'દરિદ્રનારાયણ' જેવા શબ્દો વડે સજાવીને આપણે એ વાતને ખતમ કરીએ છીએ જે ગરીબીને મટાડી શકે તેમ છે.

આપણને અમીરી, ખુશાલી તેમ જ સુખની ઘૃણા કરવાની ટેવ પડી ચૂકી છે. આ વૃત્તિ નિરાશાવાદ તરફ આપણને લઈ જાય

છે, જે ક્રૂરતાવાદને જન્મ આપે છે. સંપન્નતા પ્રત્યે ઘૃણા નહિ, પ્યાર કરવો જોઈએ, તેનો સ્વીકાર કરવો જોઈએ. ઘૃણા તો દરિદ્રતા પ્રત્યે કરવી જોઈએ. ત્યારે જ આપણે ગરીબીનો અન્ત લાવી શકીશું. ગાંધીજીના રવૈયાથી ગરીબી તેમ જ ગુલામીની અવધિને વધારે લાંબી બનાવવામાં મદદ મળી છે.

**પ્રશ્ન:** ગાંધીજીએ હરિજનોને માથું ઊંચકીને જીવતા રહેવાનો રસ્તો દેખાડયો એમ આપને નથી લાગતું?

**ઉત્તર:** પાછળનાં ૩૦૦૦-૪૦૦૦ વર્ષો દરમિયાન આપણે કશું પણ બદલવાનો ખ્યાલ છોડી દીધો છે અને જે જેવું છે તે તેવું આપણે સ્વીકાર કરતા રહ્યા છીએ.

આજે જે અછૂત છે તેના માટે આપણે એક સરસ શબ્દ શોધી કાઢયો 'હરિજન'. હું આને એક મોટી બેઈમાની લેખું છું. એ અછૂત હતો ત્યાંનો ત્યાં રહ્યો છે, પણ બસ તેને હરિજન કહીને આપણે પણ ખુશી થયા અને તે પણ ખુશી થયો. નામ બદલવામાં આવ્યું છે, પણ અત્યાચાર જેવો હતો તેવો જ ચાલુ છે.

હું તો હરિજનોને કહું છું કે તમે 'હરિજન' શબ્દથી બચો. 'અછૂત' શબ્દથી તમને દુ:ખ થાય છે. તમારી જાતને હરિજન કહેવરાવીને તમે એમ સમજો છો કે તમારો આદર વધી ગયો છે. આ આત્મવંચના છે.

## નામંજૂર

**પ્રશ્ન:** શું આપ એમ ધારો છો કે ગાંધીજીના અનુયાયીઓએ ગાંધીજીનો સંપૂર્ણ રીતે ઈનકાર કરી દીધો છે?

**ઉત્તર:** એ એમ જ થવાનું હતું. હું તો માનું છું કે મોરારજી હોય કે અન્ય કોઈ ગાંધીવાદી – તે વાત એક કરે છે અને કામ બીજું કરે છે. જો આપણે અમુક અસ્વાભાવિક આદર્શનો સ્વીકાર કરીને ચાલીએ છીએ તો તેનું પરિણામ એ આવે છે કે તે અસ્વાભાવિક આદર્શને આપણે પહોંચી શકતા નથી અને એમ હોવાથી તેની આપણે માત્ર વાતો જ કરીએ છીએ અને ચોરદરવાજા દ્વારા આપણને સ્વાભાવિક બનવું પડે છે, જે એક પ્રકારની કાયરતા છે

**પ્રશ્ન:** ગાંધીજીના આદર્શોથી ચ્યુત થવાનું આપને શું કારણ લાગે છે?

**ઉત્તર:** ગાંધીજીનો ઉકેલ તેમના સમયની પરિસ્થિતિ સાથે ભલે અનુકૂળ હોય–પણ ગાંધીવાદીઓ આજે પણ એ પુરાણા નિદાનને આગળ ધરી રહ્યા છે, તે પ્રમાણે વર્તવાનો દાવો કરી રહ્યા છે. જીવન આગળ વધી રહ્યું છે પણ તેમના અનુયાયીઓ જીવનને પાછળ ખેંચી રહ્યા છે.

ગાંધીજી પાસે બે પ્રકારના લોકો એકઠા થયા હતા એક એ કે જેમની બુદ્ધિ કેવળ રાજનીતિનીના રંગે રંગાયેલી હતી અને બીજા એ કે જેમની પાસે શાસ્ત્ર અને સિદ્ધાંતની બુદ્ધિ હતી. સત્તાધીશ ગાંધીવાદી સત્તા સંભાળે છે અને મઠાધીશ ગાંધીવાદી શાસ્ત્રનિર્માણમાં લાગેલા છે.

સત્તાધીશ ગાંધીવાદીએ સત્ય, અહિંસા સર્વ કાંઈની હિંસા કરી; મઠાધીશ ગાંધીવાદીએ સત્યાગ્રહ, જન–પ્રતિરોધ, અસહયોગ– આ સર્વની હત્યા કરી. સત્તા તો હિંસા તથા અસત્યથી ચાલે છે અને તેથી જ તો તેઓ વધારે જોરશોરથી સત્ય અને અહિંસાની વાતો કરતા રહ્યા છે.

અપરિગ્રહની વાતો ચાલતી રહી અને સર્વ પ્રકારનો પરિગ્રહ થતો રહ્યો. સર્વ પ્રકારની સંપત્તિનો સંગ્રહ થતો રહ્યો.

મઠાધીશ ગાંધીવાદી સત્યાગ્રહ કરી શકતો નથી તો તેણે ભૂદાન, ગ્રામદાનનું પાખંડ ચલાવ્યું, જેથી નથી સમાજ બદલાતો, નથી વ્યકિત બદલાતી.

**પ્રશ્ન:** આચાર્યશ્રી! આપ ગાંધીજીના પ્રત્યેક આદર્શનું ખંડન કરી રહ્યા છો, પણ એમ લાગે છે કે આજે આખી દુનિયા તેમના આદર્શોને સ્વીકારવા લાગી છે. આપનો આ અંગે શું જવાબ છે?

**ઉત્તર:** હા, તેનું કારણ છે. આખી દુનિયામાં જયાં જયાં રૂઢિઓ મરવા લાગી છે, ત્યાં ત્યાં ગાંધીને આદર મળે છે; કારણ કે ગાંધી દ્વારા રૂઢિઓને ફરીથી નવું જીવન મળે છે.

આપ કહેશો કે આજે તો રશિયા પણ ગાંધીની જન્મશતાબ્દી ઊજવી રહેલ છે. પણ એ તો તેનો રાજનૈતિક મામલો છે. આજે રશિયા પણ પુરાણું મન બની રહ્યું છે. આજે ત્યાં એ હાલત નથી જે ૪૦-૫૦ વર્ષ પહેલાં ત્યાં હતી. તેનો દિમાગ જે ૧૯૧૭માં હતો તે આજે નથી.

અનુવાદક **પરમાનંદ**

# ઉદ્‌ઘાટન પ્રસંગે શુભેચ્છાઓના સંદેશાઓમાંથી–

## આમદાવાદથી રેવરન્ડ ફાધર વાલેસ

**સ્નેહી પરમાનંદભાઈ,**

સંઘના નવા કાર્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે આપ સૌનો જેટલો આનંદ હશે એટલો મારો છે. દુ:ખ એટલું જ કે જાતે આવીને એ આનંદમાં પ્રત્યક્ષ ભાગ ન લઈ શકું; પણ અહીંથી એ શુભ દિવસે સંઘના નવા પ્રસ્થાન અને નાતાલના તહેવારના બમણે ન્યાયે શુભ દિવસે આપ સૌને દિલથી યાદ કરીશ અને ભગવાનને પ્રાર્થના કરીશ કે સંઘનાં બધાં કાર્યોને બધા સભ્યો ઉપર શ્રેષ્ઠ આશીર્વાદ વરસાવે, અને એ નવું કાર્યાલય નવી પ્રગતિનું સાધન ને નવી સફળતાનું કેન્દ્ર બને.

ફાધર વોલેસનાં સ્નેહવંદન.

## આમદાવાદથી પં. બેચરદાસ જીવરાજ દોશી

**સ્નેહીશ્રી પરમાનંદભાઈ,**

**સપ્રેમ પ્રણામ,**

આપણા સંઘના નવા મકાનના ઉદ્‌ઘાટન નિમિત્તે મને આમંત્રણ પહોંચી ગયું છે તે અંગે આભાર, હું આવી શકતો નથી તેથી આપની તથા સંઘની ક્ષમા માંગું છું.

સંઘ તરફ-આપની પ્રવૃત્તિ તરફ–અમારી બન્નેની શુભેચ્છાઓ પાઠવીએ છીએ અને હવે તો આમારી એક જ મહેચ્છા છે કે સંઘ એવી કોઈ ક્રિયાત્મક પ્રવૃત્તિ શરૂ કરે અને આપ કે શ્રી ચીમનલાલભાઈ (સોલીસિટર) તે પ્રવૃત્તિની આગેવાની લઈને જૈન સમાજમાં નવી ક્રાંતિનું મોજું ફેલાવો તથા આખા દેશમાં જે રાજકારણી અવ્યવસ્થા જણાય છે તેને પણ દૂર કરવા અને દેશમાં સ્વરાજ્ય પછી જે આબાદી આવવી જોઈએ તે આણવા પણ. એટલે પુ. ગાંધીજીનું સ્વપ્ન ફળીભૂત થાય એવી કોઈ વિશિષ્ટ ક્રિયાત્મક પ્રવૃત્તિ શરૂ કરો અને પરમાત્મા તમને બન્નેને સફળ કરે!

આપનો, **બેચરદાસ.**

## મદ્રાસ જઈ રહેલા બહેન પૂર્ણિમા પકવાસા

મુંબઈ, તા. ૨૩-૧૨-૬૯

**શ્રી ચીમનભાઈ તથા શ્રી સુબોધભાઈ,**

હું આવતી કાલે મદ્રાસ જાઉં છું, એટલે આ શુભ પ્રસંગે હાજર રહી નહીં શકું, તેનો મને ખૂબ ખેદ છે. પૂ. કાકાસાહેબ જેવા મહાન વિદ્વાન અને ઋષિ વડીલના શુભહસ્તે આ ઉદ્‌ઘાટન યોજાયું છે, એટલે સંઘ અને હોલની પ્રવૃત્તિઓનું ભવિષ્ય ખૂબ જ ઉજ્જવલ હશે તેમાં શંકા નથી. અત્યાર સુધી સંઘે જનતાની જે સેવા બજાવી છે, તેમાં આ સગવડો વધતાં ખૂબ ઉમેરો થશે, અને ઘણા લોકો અનેક રીતે તેનો લાભ ઉઠાવી શકશે. સંઘની ગતિ–પ્રવૃત્તિ દિનપ્રતિદિન ખૂબ ફૂલેફાલે અને સમાજનાં જરૂરતવાળા લોકો સુધી તેની સેવા પહોંચે તેવી શુભકામના વ્યકત કરું છું.

પૂ. શ્રી પરમાનંદભાઈની સતત નિષ્ઠાપૂર્વકની સેવા સંઘને દીર્ઘ સમય સુધી પ્રાપ્ત રહી છે તે સંઘનું મોટું સૌભાગ્ય છે. તેમની સેવાનું જીવંત સ્મરણ આ હોલદ્વારા સચવાઈ રહે તેવો વિચાર કરવા માટે સંઘના આગેવાન લોકો ધન્યવાદને પાત્ર છે.

**પૂર્ણિમા પકવાસાના** સપ્રેમ નમસ્કાર

## હોનોલુલુથી શ્રી ચંદુલાલ મોહનલાલ ઝવેરી

હોનોલુલુ, તા. ૧૫-૧૨-૬૯

**ભાઈશ્રી ચીમનભાઈ,**

શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહના ઉદ્‌ઘાટન સમારંભ પ્રસંગે હું હાજરી આપી શકતો નથી માટે દીલગીર છું. પણ આથી શ્રી પરમાનંદભાઈ અને સંઘને, નવું કાર્યાલય તથા સભાગૃહના નિર્માણ માટે અભિનંદન આપું છું. શ્રી પરમાનંદભાઈનું નામ સભાગૃહ સાથે જોડી તમે યુવક સંઘના પિતાને તેમની નિસ્વાર્થી સેવા માટે સાચી અંજલિ આપી છે.

ઈશ્વર પરમાનંદભાઈને લાંબુ તંદુરસ્તીભર્યું આયુષ્ય આપે અને તેઓ આપણને દોરવણી આપતાં રહે એવી મારી પ્રાર્થના છે.

**ચંદુલાલ મોહનલાલનાં** વંદન.

# માનવતાનો ભેખધારી શ્રી ચેશાયર

કોઈવાર માણસના જીવનમાં એવો પ્રસંગ આવે છે, એવો અનુભવ થાય છે કે જ્યારે બુદ્ધની જેમ તેને જ્ઞાન થાય છે અને તેનું જીવન પલટાઈ જાય છે. પછી તે પોતાનાં માટે નથી જીવતો, પીડાતી માનવજાતનું કલ્યાણ કરવા જીવે છે. ગ્રુપ કેપ્ટન લીઓનાર્ડ ચેશાયરના જીવનમાં આવો પ્રસંગ હિરોશિમા પર ૧૯૪૫ના ઓગસ્ટમાં અમેરિકનોએ આણુબોમ્બ નાખ્યો ત્યારે આવ્યો. ચેશાયર બ્રિટિશ વિમાની દળમાં સાહસવીર વિમાની હતા. હિટલરના યુરોપ પર સખત બોમ્બમારો કરીને તેમણે ઘણાં કારખાનાં, યુદ્ધમથકો અને મકાનોને પણ ફૂંકી દીધાં હતાં અને તે માટે તેમને ત્રણ વખત નવાજવામાં આવ્યા હતા. પછી યુદ્ધમાં પહેલીવાર આણુશસ્ત્ર ફેંકવાના મહાવિનાશક કૃત્યના બ્રિટિશ નિરીક્ષક તરીકે તેમને જાપાનના આકાશમાં મોકલવામાં આવ્યા અને લગભગ એક આખા શહેરને તેની નિર્દોશ પ્રજા સાથે ધુમાડો, અગ્નિ અને વરાળમાં ફેરવાઈ જતું જોયું ત્યારે ચેશાયરને યુદ્ધની ભયંકર પાશવી પ્રકૃતિનો આઘાત સાથે ખ્યાલ આવ્યો. હિટલરના યુરોપનો વિનાશ કરવામાં તેમણે પોતે જ ફાળો આપ્યો હતો તે પણ ભયંકર વિનાશ હતો, તેમ છતાં આ એક આણુબોમ્બે કરેલા વિનાશ સાથે તો તેને સરખાવી જ ન શકાય.

હિરોશિમા અને નાગાસાકી પણ એકેક આણુબોમ્બ પડતાં બીજા વિશ્વવિગ્રહનો અંત આવ્યો, પણ ચેશાયરની મનોવ્યથાનો આરંભ થયો.

યુદ્ધ વિના પણ દુનિયામાં કરોડો માણસો માંદગી, પંગુતા, અસાધ્ય રોગો વગેરેથી પીડાય છે અને છ વર્ષના મહાવિનાશક યુદ્ધ તો માનવ જાતની યાતનામાં કેટલો બધો વધારો કરી દીધો હતો! હિંસા અને ધિક્કાર પ્રત્યે વૈરાગ્ય ધારણ કરીને ચેશાયરે વિચાર કર્યો કે આ પીડાતી માનવજાતની વ્યથા હળવી કરવા હું કઈ રીતે મારું જીવન અર્પણ કરી શકું? બહુ મનોમંથન પછી તેઓ એવા નિશ્ચય પર આવ્યા કે મારે એવી વ્યક્તિઓની સેવા કરીને રાહત આપવી જોઈએ કે જેઓ જિંદગી હારી ગઈ હોય, છતાં મૃત્યુ તરફની તેમની મજલ ધીમી અને યાતનાપૂર્ણ હોય. જેમની યાતના હળવી કરવા કોઈ ન હોય, જેમનો રોગ અસાધ્ય હોય, પણ જેઓ મરીને છુટકારો પામે ત્યાં સુધી જેમના જીવનમાં પીડા, નિરાશા, ઉપેક્ષા અને અંધકાર જ હોય. આવી વ્યક્તિઓ શાન્તિથી મરી શકે અને મરે ત્યાં સુધી જીવનમાં રસ લઈને શક્ય એટલું સુખ ભોગવી શકે અને દુઃખ હળવું કરી શકે એવું કંઈક કરવું જોઈએ. હોસ્પિટલમાં તો એવા રોગીની સારવાર થાય કે જે સાજો થવાની આશા હોય અથવા જેના દિવસો ગણાતા હોય, પરંતુ જે અસાધ્ય રોગના દર્દી સાજા થવાના ન જ હોય છતાં મહિનાઓ કે વર્ષો સુધી પણ યાતના ભોગવવાના હોય તેમનું કોણ? એમના આપ્તજનો હોય તો પણ માવજત કરીને થાકી જાય અને પછી ઉપેક્ષા કરે.

ચેશાયરે વિચાર કર્યો કે આવા સૌથી દુઃખી વર્ગની સેવા કરી શકાય એટલી રાહત અને શાંતિ આપવી, શક્ય એટલા તેમને સુખી કરવા એ પરમ સેવા છે, એ ઈશ્વરની સાચી ભક્તિ છે. આ હેતુથી તેમણે ઈંગ્લેન્ડમાં પહેલાં ચેશાયર હોમની સ્થાપના કરી.

માનવ સેવામાં દેશ, પ્રજા, ધર્મ, રંગ કે કોમના ભેદભાવ ન હોય. બ્રિટનમાંથી તેમણે પોતાની પ્રવૃત્તિ દુનિયાના ઘણાં દેશોમાં વિસ્તારી. એશિયામાં ભારત, લંકા, ઈઝરાઈલ, થાઈલેન્ડ, હોંગકોંગ, મલયેશિયા, સિંગાપુર, ફિલિપાઈન્સ વગેરે દેશોમાં, આફ્રિકામાં કેનિયા, મોરોક્કો, ઈથિયોપિયા, નાઈજીરિયા, સીએરાલીઓન, દક્ષિણ આફ્રિકા, યુગાન્ડા વગેરે દેશોમાં, મોરિશિયસ, પાપુઆ અને ન્યુગીની ટાપુઓમાં પશ્ચિમ ગોળાર્ધમાં ચીલી અને વેસ્ટ ઈન્ડીઝમાં અને યુરોપમાં પોર્ટુગાલ તથા આયરલેન્ડમાં એમ ચેશાયરે પોતાની પ્રવૃત્તિ જગતવ્યાપી બનાવી છે અને હજી વિસ્તારતા જાય છે. ભારતમાં અંધેરી (મુંબઈમાં) તેમ જ જમશેદપુર, રાંચી, દહેરાદુન, મેંગલોર, તિરુચિરાપલ્લી નવી દિલ્હી, પૂના, વડોદરા, કલકત્તા, બર્નપુર, કોઈમ્બતૂર, બેંગલોર વગેરે ઠેકાણે ચેશાયર હોમ છે.

ચેશાયર હોમ કંઈ ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિ નથી. ધર્મ સાથે તેને કશો સંબંધ નથી. પીડાતી માનવ જાતને શક્ય એટલી રાહત આપવી અને તે શક્ય એટલી શાન્તિમાં મરે તે માટે બધું કરી છૂટવું એ સિવાય આ પ્રવૃત્તિમાં બીજો કશો હેતુ નથી. આપણે ત્યાં કેટલાક દાનવીરો પણ ચેશાયર હોમનું નામ સાંભળે ત્યાં યુરોપી સિસ્ટરો સેવા કરે છે એવું સાંભળે એટલે પાંજરાપોળમાં, હવેલીમાં કે બહુ તો હોસ્પિટલને દાન આપવાનું પસંદ કરે, પણ આ ચેશાયર હોમને ખ્રિસ્તિ પાદરીઓની સંસ્થા માનીને તેનાથી દૂર ભાગે! પરંતુ આપણી સ્ત્રીઓ પોતાનાં ભાંડુઓની સેવા કરવાનું પણ વ્રત ન લે અને યુરોપથી સાધ્વી સેવિકાઓએ આવવું પડે એમાં ચેશાયર હોમમાં આશરો મેળવનારા બિચારા રોગીઓ અને અપંગોનો શો દોષ?

યુદ્ધના અંત પછી મનોમંથન કરતાં ચેશાયરને પ્રકાશ આપનાર એક બનાવ બન્યો હતો. ઈંગ્લેન્ડમાં તેઓ એક દિવસ એક હોસ્પિટલમાં ગયા હતા, ત્યાં એક દર્દી કેન્સરનાં અસાધ્ય રોગથી મૃત્યુ તરફ જઈ રહ્યો હતો. હોસ્પિટલે તો તેને કહી દીધું કે હવે અમે તમારા માટે કંઈ કરી શકીએ તેમ નથી, માટે તમે જાવ. તમારા ખાટલાની બીજા રોગીને જરૂર છે.

પરંતુ એ બાપડો ક્યાં જાય? ચેશાયરનું દિલ દ્રવી ગયું અને પેલા અનાથ, અસાધ્ય રોગીને કહ્યું કે ચાલ ભાઈ, હું તને મારે ઘેર લઈ જાઉં!

ચેશાયર કેન્સરના રોગીને પોતાને ઘેર લઈ ગયા અને તે મરી ગયો ત્યાં સુધી તેની સેવા કરી. તેને આનંદ અને શાંતિ આપવા બધું કર્યું. તરત તેમની ખ્યાતિ ફેલાઈ ગઈ અને આવા બીજા અસાધ્ય રોગીઓ પણ તેમની પાસે આશરો શોધવા આવવા લાગ્યા. આમ ચેશાયર હોમ્સની શરૂઆત ચેશાયરના પોતાના હોમ (ઘર)થી થઈ હતી. ૧૯૪૮માં હેમ્પશાયરમાં ચેશાયરે પહેલું ચેશાયર હોમ સ્થાપ્યું. તન, મન અને ધનથી માનવસેવાની વૃત્તિ ધરાવનારાઓ તરફથી ચેશાયરને એટલાં પ્રોત્સાહન અને સહાય મળવા લાગ્યાં કે આજે બ્રિટનમાં ૫૦ કરતાં વધુ ચેશાયર હોમ છે! દુનિયાનાં બીજા દેશોમાં ૭૫ જેટલાં છે.

(જન્મભૂમિ–પ્રવાસીમાંથી સાભાર ઉધ્ધૃત) **સોહમ.**

## રાધનપુર મહાજન દુષ્કાળ નિવારણ સમિતિના આજ સુધીના કાર્યનું ટૂંકું નિવેદન

ઉપર જણાવેલ સમિતિના અધિકારીઓ તરફથી મળેલ નિવેદન જણાવે છે:

પૂજ્ય રવિશંકર મહારાજની દોરવણી, જાતી દેખરેખ અને પ્રેરણાથી તેમ જ શ્રી જીવતલાલ પ્રતાપસીભાઈના પ્રમુખપદે રાધનપુર, સાંતલપુર, સમી અને હારીજ તાલુકાઓના ૨૭૪ ગામોમાં ૨૫ રાહતકેન્દ્રો મારફત રાહતકાર્યની વ્યવસ્થા રાધનપુર મહાજન દુષ્કાળ નિવારણ સમિતિ સંભાળી રહેલ છે. રાધનપુર તાલુકામાં ૬૧ ગામોમાં ૬,૫૦૦ રાહતકાર્ડ અને ૬૦૦ સંપૂર્ણ રાહત કાર્ડ, સાંતલપુર તાલુકામાં ૭૬ ગામોમાં ૭,૦૦૦ રાહત કાર્ડ અને સંપૂર્ણ રાહત કાર્ડ ૭૦૦; સમી તાલુકામાં ૧૦૫ ગામોમાં ૮,૫૦૦ રાહત કાર્ડ અને ૫૦૦ સંપૂર્ણ રાહત કાર્ડ, હારીજ તાલુકામાં ૩૨ ગામોમાં ૫,૦૦૦ રાહત કાર્ડ અને ૨૦૦ સંપૂર્ણ રાહત કાર્ડની રાહત ડિસેમ્બર માસમાં વ્યક્તિ દીઠ ૬ કિલો અનાજ આપવામાં આવેલ છે.

આ રાહતકાર્યમાં અમારી સાથે તનમન, અને ધનથી સહકાર, સાથ અને માર્ગદર્શન ગુજરાત વેપારી મહામંડળ પ્રેરીત રેલરાહત સમિતિ અમદાવાદ, મુંબઈ ઉપનગર રિલીફ ફંડ, મહાવીર કલ્યાણ કેન્દ્ર તેમ જ અનેક વ્યક્તિઓનો સાથ સહકાર મળ્યો છે. હાલ ચાર તાલુકાઓમાં ડિસેમ્બર માસમાં રાહત અને સંપૂર્ણ રાહતમાં ૬ કિલો બાજરી વ્યક્તિ દીઠ આપેલ હતી. પરંતુ જીવનને ટકાવવા માટે ૧૦ કિલો અનાજ આપવાનું પૂ. રવિશંકર દાદાશ્રીએ નક્કી કરતાં જાન્યુઆરીથી ૨૭,૦૦૦ વ્યક્તિઓને રાહતભાવે અને ૨,૦૦૦ વ્યક્તિઓને સંપૂર્ણ રાહતે ૧૦ કિલો બાજરી આપવાનો નિર્ણય લેવામાં આવેલ છે.

## રાધનપુર મહાજન દુષ્કાળ-નિવારણ સમિતિની મદદ માટે અપીલ

ઉપરોકત સમિતિ જેના શેઠ જીવતલાલ પ્રતાપસી પ્રમુખ છે અને શ્રી મુકિતલાલ વીરવાડીઆ, શ્રી સેવંતીલાલ જીવણલાલ પારેખ, શ્રી કાન્તિલાલ મોતીલાલ તથા શ્રી રતનચંદ ભોગીલાલ પારેખ મંત્રીઓ છે તે મુંબઈ ખાતેની સમિતિ (ઠે. ૮૪, સ્ટોક એકસચેન્જ ન્યુ બિલ્ડીંગ, એપોલો સ્ટ્રીટ, મુંબઈ-૧) એક છાપેલી અપીલ દ્રારા જણાવે છે કે:

છપ્પનિયા દુષ્કાળને ભુલાવે અને છેલ્લાં ૧૫૦ વર્ષમાં ન પડયો હોય તેવો દુષ્કાળ બનાસકાંઠા જિલ્લાનાં ૭૬૮ ગામોનાં ૨૮૬૬ ચોરસ માઈલ વિસ્તારમાં પડયો છે. આ કારમા કુદરતી કોપમાં ૯૮૬૦૨ કુટુંબો અને ૫,૩૫,૮૨૩ની જનતા ભોગ બનેલ છે. પૂ. રવિશંકર મહારાજશ્રી ચોમાસા સુધી બનાસકાંઠાના રાધનપૂર, સાંતલપૂર અને મહેસાણાના સમી, હારીજ તાલુકાઓનાં ૩૦૦ ગામોનાં રાહતકાર્ય ઉપર જાતી દેખરેખ રાખશે અને સતત દોરવણી ને માર્ગ-દર્શન આપશે. રૂપિયા ૨૦ લાખની પૂ. મહારાજશ્રીએ, આ કાર્ય માટે જરૂર પડશે એમ કહ્યું છે.

જિલ્લાનાં ૫૬ દોકડાંથી ૩ ઈંચ અને કોઈક સ્થળે પાણીનું ટીપું પણ ચોમાસામાં પડયું નથી. સાંતલપૂર, રાધનપૂર, વાવ, થરાદ તાલુકાનાં ૧,૭૭૫ ચોરસ માઈલમાં આવેલા ૩૯૮ ગામોનાં ૪૮,૭૨૦ કુટુંબનાં ૨,૬૫,૪૪૨ સભ્યોની અને એક લાખ દશ હજાર પશુ-ધનની આ કરૂણ હાલત છે. આ પશુધનમાંથી ૪૦ હજારનાં સ્થ-ળાંતરની વિચારણા થઈ છે. બનાસકાંઠામાં ઘેર ઘેર પશુધન પાળવામાં આવે છે. ખેડુતોએ દુ:ખનાં કારણે છોડી દીધેલા ૩૦,૦૦૦ થી વધુ ગાયો, વાછરડાં, બળદો ગામે ગામ રખડતાં રહ્યાં છે. આ મૂંગા પશુઓનું કોઈ વાલી કે બેલી નથી, રખડે છે. તરસ અને ભૂખથી તરફડિયા મારી મરી જાય છે. જિલ્લામાં બાજરિયા ઘાસના પૂળા ૧૦૦ નો ભાવ રૂા. ૩૫ થી ૪૦ નો એટલે એ ખરીદવાની શકિત પશુપાલક ખેડૂતની નથી. દુષ્કાળ પિડીત દરેક ગામમાં ૪૦ થી વધુ ઢોર ઈશ્વરનાં ભરોસે જીવે છે. સમી તાલુકાના ૧૦૫ ગામો અને હારીજ તાલુકાના ૬૨ ગામોમાં આ જ સ્થિતિ છે.

બાંધેલા ભાવે સાત કિલો અનાજ આ કાળી મજૂરી દિવસ-ભર કરનારને મળે છે, જે નવ દિવસ ચાલે છે. બાકીનાં ૨૧ દિવ-સનું અનાજ બજાર ભાવે ખરીદવું પડે છે. આ માનવતાનાં મહાન કાર્યમાં જાહેર સંસ્થાઓ સરકાર સામે મુખ રાખી બેસી ન રહેતાં સબસીડી આપી સસ્તાં અનાજની દુકાનો શરૂ કરે તો જ પ્રશ્ન હલ થઈ શકે.

પાણીનો પ્રશ્ન જિલ્લા માટે અતિ મહત્ત્વનો છે. પાતાળ-કૂવાની યોજના વિચારણામાં છે. પરંતુ એક પાતાળકૂવાએ પ્રજા ફાળો રૂા. ૧૦,૦૦૦ વિચારવામાં આવ્યો છે. પશુધનને બચાવવા રૂા. ૩૦ લાખ અને માનવરાહત કાર્યમાં સબસીડી આપવાનાં કાર્ય માટે રૂા. ૩૦ લાખની જરૂર જિલ્લાની રહેશે. કાર્યની વહેંચણી, ફાળવણી, સગવડતા, સરળતા અને સૂવ્યવસ્થા માટે રાધનપૂર મહા-જન દુષ્કાળ નિવારણ સમિતિએ જિલ્લાના ચાર તાલુકાઓ સાંતલ-લપૂર, રાધનપૂર, સમી, હારીજ તાલુકાઓ કાર્યક્ષેત્ર માટે રાખ્યાં છે. આ ચાર તાલુકામાં પશુધન માટે અને માનવ રાહત માટે રૂા. વીશ લાખની જરૂર રહેશે. આ માટે અમદાવાદ અને ગુજરાતનાં દરેક શહેરો અને ગામો જાગૃત બની રાહત પહોંચાડે. મુંબઈ, મદ્રાસ, કલકત્તા અને ભારતનાં સુખી, સમૃદ્ધ માનવતાવાદીઓ આ પિડીત પ્રદેશની વહારે આવે એવી અમારી વિજ્ઞપ્તિ છે.

## સાભાર સ્વીકાર

The meditative way: શ્રી વિમલા ઠકારના અંગ્રેજી વાર્તાલાપો: પ્રકાશક: વિમલ પ્રકાશન ટ્રસ્ટ, (૧૯, બ્રહ્મક્ષત્રીય સોસાયટી, અમદાવાદ ૬). દ્વારા ધી ન્યુ ઑર્ડર બૂક કંપની, અમદાવાદ, - ૬, કિંમત રૂા. ૨/

**મન કે ઉસ પાર:** શ્રી વિમલા ઠકારનાં હિંદી પ્રવચનો: પ્રકાશક ઉપર મુજબ; કિંમત રૂા.

**મૌન કે અનુવાદ:** શ્રી વિમલા ઠકારનાં હિન્દી કાવ્યોનો સંગ્રહ; પ્રકાશક: ઉપર મુજબ કીંમત રૂા. ૨/.

**અનન્તને સથવારે:** શ્રી વિમલા ઠકારના અંગ્રેજી–'on an Eternal Voyage'નો શ્રી કિશનસિંહ ચાવડાએ કરેલો અનુવાદ; પ્રકાશક ઉપર મુજબ કિંમત રૂા. ૪.

**હરિકિરણ:** લેખક: શ્રી હસિત બૂચ તથા સૌ. જ્યોત્સ્ના હ. બૂચ; પ્રાપ્તિસ્થાન: ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, ગાંધી રોડ, અમદા-વાદ; કિંમત રૂા. ૧-૫૦.

**તૃષ્ણા અને તૃપ્તિ:** લેખક: શ્રી વસન્તલાલ કાન્તિલાલ ઈશ્વરલાલ પ્રકાશક: શ્રી શ્રેણીક શાહ, શાકુન્તલ, માનવ મંદિર રોડ, વાલકેશ્વર, મુંબઈ ૬; કિંમત રૂા. ૩-૫૦.

**પરમ પદ પ્રાપ્તિની ભાવના:** વિવેચનકાર: સ્વ. શ્રી નગીનદાસ ગીરધરલાલ શેઠ (અપૂર્વ અવસર એવો કયારે આવશે? નું વિવેચન); પ્રાપ્તિસ્થાન: શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ, ૩૪ મોરબી હાઉસ, ગોવા સ્ટ્રીટ, કોટ, મુંબઈ - ૧.

**દાંડીકૂચ:** બે કાવ્યો; રચયિતા: કવિ મણિભાઈ દેસાઈ, તથા કવિ જયકૃષ્ણ સૂરતી, પ્રકાશક: સનિષ્ટ પ્રકાશન, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ - ૧. કિંમત રૂા. ૩.

**ઈન્દિરા કયા માર્ગે** લેખક શ્રી ભોગીલાલ ગાંધી, પ્રકાશક: વિશ્વ-માનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, રામજી મંદિરની પોળ, વડોદરા કિંમત રૂા. ૨-૭૫.

**યોગ અને ધ્યાન:** પ્રવચનકાર મુનિ શ્રી વિજયમુનિ શાસ્ત્રી; પ્રકાશક: સુધર્મા જ્ઞાનમંદિર, શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ, કાંદાવાડી મુંબઈ - ૪, કિંમત રૂા. ૧-૫૦.

**પાનખર અને વસન્ત:** લેખક: મૂળ હિન્દી ગુનિશ્રી વિજયમુનિ શાસ્ત્રી; અનુવાદક શ્રી દુર્લભજી ખેતાણી; પ્રકાશક: શ્રી સન્મતિ સાહિત્ય પ્રકાશન, શ્રી. વ. સ્થા. જૈન શ્રાવક સંઘ, ઉપાશ્રય લેન, ઘાટકોપર, મુંબઈ - ૭૭, કિંમત રૂા. ૨/.

**જીવન અને સંસ્કૃતિ:** લેખક: મુનિશ્રી મલજી: અનુવાદક: શ્રી. દુર્લભજી ખેતાણી, પ્રકાશક: ઉપર મુજબ કિંમત રૂા. ૨/.

**પંચશીલ:** લેખક: કવિ શ્રી. અમરચંદજી મહારાજ; અનુવાદક શ્રી. દુર્લભજી ખેતાણી; પ્રકાશક: ઉપર મુજબ કિંમત રૂા. ૨/.

**સમયસાર પ્રવચન:** પ્રવચનકાર મુનિશ્રી વિજયમુનિ શાસ્ત્રી: અનુવાદક: શ્રી. દુર્લભજી ખેતાણી: પ્રકાશક ઉપર મુજબ કિંમત રૂા. ૨/

**જૈન દર્શનમાં કર્મવાદ:** લેખક શ્રી ચંદ્રશેખર વિજય: પ્રકાશક: કમલ પ્રકાશન, ૫૦૮૨/૨ બીજે માળ, ગાંધી રોડ, અમદાવાદ- ૧. કિંમત રૂા. ૧-૫૦.

**શ્રી ગિરધરલાલ દામોદર દફતરી:** સંપાદક: શ્રી. નંદલાલ મ. દોશી; પ્રકાશક: શ્રી. વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘ, કાંદા-વાડી, મુંબઈ - ૪.

**ઋતંભરા ગ્રંથ:** સંપાદક: શ્રી શરતચંદ્ર મહેશ્વરી; પ્રકાશક: શ્રી શકિતદલ કાર્યાલય, ડુંગરશી રોડ, મુંબઈ - ૬, કિંમત રૂા. ૧૦/

**દિવસે તારા રાતે વાદળ:** લેખિકા: શ્રી વસુબહેન ભટ્ટ, પ્રકાશક: સેતુ પ્રકાશન, ૧૪, આદર્શ સોસાયટી, નવરંગપુરા, અમદા-વાદ ૯, કિંમત રૂા. ૫.

# ભાગવત વિષે કાંઈક

(અમદાવાદવાળા ડૉ. શાન્તિલાલ શાહ તરફથી કેટલાક સમય પહેલાં મળેલ પત્ર નીચે પ્રગટ કરવામાં આવે છે.

**મુ. પરમાનંદભાઈ,**

હમણાં હું વિનોબાજીનું "અધ્યાત્મદર્શન" (૧૯૬૩ માં બહાર પડેલ એમનાં ગુજરાતમાંનાં પ્રવચનોનો સંગ્રહ) વાંચી રહ્યો છું. આ પુસ્તકમાં "મહત્ત્વની પ્રશ્નોત્તરી" એવું એક પ્રકરણ છે. આખું પ્રકરણ આપની સાથે થયેલી વાતચીત અંગે છે. એમાં આપે પૂછેલા પ્રશ્નોના વિનોબાજીએ આપેલા જવાબો છે. આપના એક પ્રશ્નમાં આપે નીચે મુજબ કહ્યું છે:

"મેં મૂળ ભાગવત વાંચ્યું નથી. પણ નાનાભાઈ ભટ્ટનું 'લોક ભાગવત' વાંચ્યું છે. તો તેના ૧૧ મા સ્કંધ બાદ કરીએ તો બાકીના ભાગવતમાં ગપ્પાં અને અત્યુકિત સિવાય મને કશું માલુમ પડયું નથી... ભાગવતમાં જે કૃષ્ણચરિત્રનો ભાગ આવે છે, તે કેવળ નગ્ન શૃંગારથી ભરેલો હોઈને જુગુપ્સા ઉપજાવે તેવો છે."

આપની ફરિયાદ સમજી શકાય એવી છે. અમે કૉલેજમાં હતા ત્યારે અમને (એટલે મારી પેઢીના ભણેલાગણેલા યુવકોને) કૃષ્ણના પાત્ર માટે કંઈ પ્રીતિ કે પૂજ્યભાવ થતાં નહિ. મારાં એક બહેનપણી તો કહેતાં કે, "કૃષ્ણ તો લોફર હતો." અમારામાંના જે લોકો આસ્તિક હતા તેમના પર મુખ્યત્વે રામકૃષ્ણ, વિવેકાનંદ અને રામતીર્થનાં પુસ્તકોની અસર વર્તાતી. તત્ત્વજ્ઞાન તરીકે વેદાંત સ્વીકાર્ય લાગતું અને ભાગવત કે ભાગવત ધર્મ વિષે અમને રુચિ નહોતી તેમ જ્ઞાન પણ નહોતું. આમ હોવાથી આપની મુંઝવણ ને મનોદશા હું સમજી શકું છું.

છેલ્લાં પચીસેક વર્ષથી અમદાવાદમાં અને ગુજરાતમાં (તથા મુંબઈમાં પણ) ભાગવત કથા - ભાગવત સપ્તાહો - લોકપ્રિય બન્યાં છે. ડોંગરે મહારાજ, નરહરિ શાસ્ત્રી, કૃષ્ણશંકર શાસ્ત્રી, નલીન ભટ્ટ, નરેન્દ્ર શર્મા, મુંબઈમાં સ્વામી અખંડાનંદ વગેરે કથાકારો પ્રવચનો, લેખો, પુસ્તકો ઈત્યાદિ દ્વારા કૃષ્ણચરિત્રની તથા ભાગવતની ખૂબીઓ બતાવી રહ્યા છે. આવા જ એક ભાગવત કથાકારને સાંભળ્યા બાદ મારા મનમાં વિચાર આવ્યો કે આપણે ભાગવત અને કૃષ્ણ અંગે રચનાત્મક રીતે વિચાર કરવો જોઈએ. આ નવા દષ્ટિબિંદુથી વિચારતાં આપણે નીચેના મુદ્દાઓ ધ્યાનમાં રાખવા જોઈએ એમ મને લાગે છે:—

(૧) જો ભાગવતમાં માત્ર ગપ્પાં અને અત્યુકિત જ હોય તો વિનોબા, પંડિત માલવીયા, હનુમાનપ્રસાદ પોદ્દાર તથા બીજા અનેક વિદ્વાનો, ભકતો તથા સાધુસંતો ભાગવત પર આફરીન કેમ છે? અનેક લોકો એનું વારંવાર પારાયણ કેમ કરે છે? એવું કહેવાય છે કે, विद्यावताम् भागवते परीक्षा. હું એક વાર શ્રી મોટા પાસે બેઠો હતો ત્યારે કરસનદાસ માણેક ત્યાં આવેલા હતા. એ કહેતા હતા કે ભાગવતમાં તો કેટલેક ઠેકાણે શેકસપિયરને પણ ભૂલાવી દે એવું કાવ્યતત્વ જોવા મળે છે. આ સાચું હોય તો આપણી યુવાન પેઢી તરફથી એની ઉપેક્ષા ન થાય એ ઈષ્ટ નથી?

(૨) આપણે એ પણ યાદ રાખવું જોઈએ કે ભાગવતમાં ઘણું અગ્રાહ્ય અને આપણને અશિષ્ટ લાગે એવું હશે તો પણ એમાં ધ્રુવ, પ્રહ્‌લાદ, અજામિલ, અંબરીષ, ગજેન્દ્ર (ગજેન્દ્રમોક્ષ) વગેરેનાં આખ્યાન છે, અને અનેક પાત્રોએ કરેલી ભાગવતની સ્તુતિઓ પણ છે. જેમ બજારમાંથી ઘઉં લાવીએ છીએ તેમાં કાંકરા વગેરે વીણામણ હોય છે તે આપણે કાઢી નાખીએ છીએ, તેમ જ ભાગવતમાંથી આપણને કાંકરા લાગે તે ફેંકી દેવાની આપણને છૂટ છે. પણ આપણી આંખે ઘઉં દેખાતા જ ન હોય અને કાંકરા જ દેખાય તો એ દોષ આપણી દૃષ્ટિનો ન હોઈ શકે?

(૩) થોડા વખત પર "प्रबुद्ध जीवन" માં "પોતાના જ બાળકના ખૂનીને તેણે માફી આપી" એ મથાળાથી એક સત્ય ઘટના આપે સદ્‌ભાવપૂર્વક પ્રસિદ્ધ કરી હતી. આવો જ એક પ્રસંગ ભાગવતમાં આવે છે. દ્રૌપદીના પાંચે ય પુત્રોને અશ્વત્થામા મારી નાખે છે. આથી બહુ ક્રોધે ભરાઈ અર્જુન એને બાંધીને પકડી લાવે છે તથા દ્રૌપદીને સોંપે છે. ભાગવતકાર લખે છે, "अपना अनिष्ट-करनेवाला गुरुपुत्र अश्वत्थामाको ईसप्रकार अपमानित देखकर द्रौपदीका कोमल हृदय कृपासे भर आया और उसने अश्वत्थामाको नमस्कार किया. गुरुपुत्रको ईसप्रकार बांधकर लाया द्रौपदीसे सहन नहीं हुआ. उसने कहा, 'छोड दो ईन्हें, छोड दो. ये ब्राह्मण हैं, हम लोगोके अत्यन्त पूजनीय हैं ...... जैसे अपने बच्चों के मर जाने से मैं दुःखी होकर रो रही हुं, और मेरी आंखोसे बार बार आंसुं निकल रहे हैं, वैसे ही उनकी माता पतिव्रता गौतमी न रोये.' આપ કદાચ અકળાઈને બોલી ઊઠશો કે, "હોલ્ટ દંપતીનો કિસ્સો તો ખરેખરો બનેલો છે, જ્યારે દ્રૌપદીનો તો કલ્પિત છે." ખરું, પણ ગુજરાતના કોઈ ગામડાની સ્ત્રીઓને શ્રીમતી હોલ્ટનો કિસ્સો વધારે વાસ્તવિક લાગશે ખરો? એ વાત જવા દો. આજથી સો વર્ષ પછીનો વિચાર કરો. તે વખતના વાચકને (કે શ્રોતાને) શ્રીમતી હોલ્ટ અને દ્રૌપદી બંને નવલકથાનાં પાત્રો જેવાં નહિ લાગે? બંને વાસ્તવિક અગર બંને કલ્પિત?

(૪) હવે થોડુંક કૃષ્ણ વિષે. ખરું હોય, ખોટું હોય, ઐતિહાસિક હોય કે અનૈતિહાસિક હોય, આ પાત્રમાં એવું શું છે, જેણે લોકમાનસ પર આવો પ્રબળ પ્રભાવ પાડયો? આપણી સંસ્કૃતિમાંથી આ એક પાત્ર બાદ કરી આપણાં સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ આદિનો આપ વિચાર કરી જુઓ. જે ભાગવતના તથા કૃષ્ણના ભકતો હોય છે તે કહે છે: "તમે માનો તો કૃષ્ણ ભગવાન જ છે. कृष्णस्तु भगवान् स्वयम् અને ન માનો તો નથી. માનો તો એણે જે લીલા કરી તે યોગ્ય જ હતી; હોવી જ જોઈએ."

(૫) પણ આપણે એવું માની શકતા નથી; એટલું જ નહિ, માનીએ તો પણ પ્રશ્ન ઊઠે છે કે ભગવાન તે આવું કરતા હશે? મને પોતાને જ કૃષ્ણની ચિરહરણ લીલા અને રાસલીલા પૂરેપૂરી સમજાતી નથી. સમજવા યત્ન કરું છું તો થોડી વાત ગળે ઊતરે છે, છતાં સંશયો નિર્મૂળ તો નથી જ થતા. આમ છતાં થોડી રચનાત્મક કે ભાવાત્મક દષ્ટિ કેળવી શકયો છું, તે આ રીતે કે,

(૬) કૃષ્ણે રાસલીલા કરી ત્યારે એ માત્ર આઠ કે નવ વર્ષના જ હતા. ચિરહરણ વખતે તો એથી પણ નાના હતા. આવા નાના બાળકમાં કોઈ પણ પ્રકારની કામવાસના હોઈ શકે ખરી? કૃષ્ણ વાંસળી વગાડે છે અને બધી ગોપીઓ દોડી આવે છે ત્યારે કૃષ્ણ એમને પાછા જવાનું સમજાવે છે, છતાં એ નથી જતી. ત્યાર બાદ રાસ આરંભાય છે. રાસમાં ગોપીઓને અભિમાન ઉપજે છે, એટલે કૃષ્ણ અંતર્ધ્યાન થાય છે. આ વખતે ગોપીઓ કૃષ્ણને ઉદ્દેશીને એક ગીત ગોપીગીત ગાય છે. તેમાં કહે છે. न खलु गोपिकानंदनो भवान्, अखिल देहीनाम् अंतरात्मदृक्। "तुम केवल यशोदानंदन ही नहीं हो, समस्त शरीरधारियों के हृदयमें रहने-वाले उनके साक्षी हो, अन्तर्यामी हो." આ વાત સાચી હોય, અને સાચી માનવી પડશે, કારણ ભાગવતકાર કહે છે કે જેટલી ગોપીઓ હતી એટલા કૃષ્ણ બન્યા હતા અને રાસ રમ્યા હતા — તો કોઈ સ્ત્રી પોતાના અંતર્યામી સાથે રાસ રમે એમાં આપણે વાંધો કેમ લઈ શકીએ? મેં ઉપર જે ભાગવતપ્રેમી કથાકારનો ઉલ્લેખ કર્યો છે તેમણે આવો સીધો પ્રશ્ન પૂછીને મને વિચારમાં નાંખી દીધો.

(૭) બીજું એ ધ્યાનમાં રાખવાનું છે કે પરીક્ષિતમાં જ કાન્તિલાલ અને પરમાનંદ બનેનો સંશયવાદી પૂર્વજ બેઠેલો હતો. આ પૂર્વજ પરીક્ષિત પાસે પુછાવે છે, "उनके अवतारका उद्देश्य ही यह था कि धर्मकी स्थापना हो और अधर्मका नाश ...... फिर उन्होंने स्वयं धर्म के विपरीत परस्त्रीयोंका स्पर्श कैसे किया? ...... किस अभिप्रायसे वह निंदनीय (પરીક્ષિત આપનો જ શબ્દ વાપરે છે जुगुप्सितम्) कर्म किया?" શ્રી શુકદેવજી જવાબ આપે છે. "तेजस्वी पुरुषोंको कोई दोष नहीं होता. देखो अग्नि सब कुछ खा

(7)

જાતા હૈ, પરન્તુ ઉન પદાર્થોકે દોષસે લિપ્ત નહીં હોતા......... ગોપિયોંકે ઉનકે પતિયોંકે ઔર સંપૂર્ણ શરીરધારિયોં કે અન્તઃકરણોમેં જો આત્મારૂપસે વિરાજમાન હૈં, જો સબકે સાક્ષી ઔર પરમપતિ હૈં, વહી તો અપના દિવ્ય - ચિન્મય શ્રીવિગ્રહ પ્રકટ કરકે યહ લીલા કર રહે હૈ ......... વ્રજવાસી ગોપોંને ભગવાન શ્રીકૃષ્ણસે તનિક દોષબુદ્ધિ નહીં કી ...... (વે) એસા સમઝ રહે થે કિ હમારી પત્નિયાં હમારે પાસ હી હૈ."

(૮) શુકદેવજીનો આ ખુલાસો કદાચ આપને ગળે ન ઊતરે. તથાપિ શુકદેવનું પાત્ર પણ વિચારણીય છે. બાળબ્રહ્મચારી એવા એ પરમ અવધૂત છે. એમની દૃષ્ટિમાં સ્ત્રી-પુરુષનો ભેદ નથી. એક વાર શુકદેવજી કોઈ સ્થળેથી પસાર થતા હતા ત્યાં ઋષિપત્નીઓ (કે અપ્સરાઓ) સ્નાન કરી રહી હતી. શુકદેવજીને જોવા છતાં તે સ્ત્રીઓએ સંકોચ અનુભવ્યો નહિ, પણ શુકદેવજીની પાછળ એમના પિતા વ્યાસ આવ્યા ત્યારે આ સ્ત્રીઓએ એકદમ કપડાં પહેરી લીધાં. વ્યાસને આ જોઈ આશ્ચર્ય થયું ને ખુલાસો પૂછ્યો ત્યારે જવાબ મળ્યો કે "આપની દૃષ્ટિમાં સ્ત્રી–પુરુષના ભેદ છે; શ્રી શુકદેવજીની દૃષ્ટિમાં નથી." આવા શુકદેવજી રાસલીલા માટે કહે છે: "પરીક્ષિત! જો ધીર પુરુષ વ્રજયુવતિયોંકે સાથ ભગવાન્ શ્રીકૃષ્ણકે ઈસ ચિન્મય રાસ-વિલાસકા શ્રદ્ધાકે સાથ બાર-બાર શ્રવણ ઔર વર્ણન કરતા હૈ, ઉસે ભગવાનકે ચરણોમેં પરા-ભકિત કી પ્રાપ્તિ હોતી હૈ **ઔર વહ બહુત હી શીઘ્ર અપને હૃદય કે રોગ કામવિકારસે છુટકારા પા જાતા હૈ, ઉસકા કામભાવ સર્વદાકે લિયે નષ્ટ હો જાતા હૈ."** (કાળા અક્ષર મેં કર્યા છે).

(૯) આપની બુદ્ધિ આ નહિ જ સ્વીકારે એ હું સમજું છું. આપણું દુઃખ એ જ છે કે, જે બુદ્ધિથી પર છે. बुद्धेः परतस्तुसः; बुध्धे आत्मा महान् परः એને આપણે બુદ્ધિથી સમજવા માપવા જઈએ છીએ. જેમ તાવ માપવા માટે કાટલાં નકામાં છે અને વજન કરવા માટે થર્મોમિટર કામમાં આવતું નથી- તેમ કેટલીક વાતો સમજવા માટે બુદ્ધિ નકામી છે; ત્યાં ભાવ–ભકિત ઉપયોગી નીવડે છે. કહો એ હૃદયનો વિષય છે. આપણને જેવી શંકા–કુશંકાઓ થાય છે તેવી હૃદયપ્રધાન લોકોને થતી નથી.

(૧૦) પૂજ્ય મોટાના જીવનનો એક પ્રસંગ છે. કરાંચીમાં એમને એક સાંઈ મળે છે. સાંઈ કહે છે, "તારાં બધાં કપડાં કાઢી નાખી શહેરમાં ફરી આવ." મોટા આ પ્રમાણે કરે છે; અર્થાત્ મોટાનું ચિરહરણ થાય છે. આપણી બુદ્ધિ સાંઈના આદેશને કે મોટાની ક્રિયાને ન સમજી શકે, નિરર્થક ગણે કે અશિષ્ટ માને - પણ આ બનેલી ઘટના છે, અને હું સમજું છું કે મોટાનો દેહાધ્યાસ તો ત્યારથી જ ગયો. આ પ્રસંગથી ચિરહરણની કૃષ્ણલીલા સમજવાનું સુગમ બને છે.

(૧૧) આપ કૃષ્ણ વિષે ગમે તે માનતા હો, પણ આસ્તિક તો છો જ અને પ્રત્યેકના હૃદયમાં ભગવાન બેઠેલા છે. सर्वस्य चाहं हृदि संनिविष्टो એવું માનો છો તેટલું સ્વીકારી આપને એક પ્રશ્ન પૂછું છું: 'ધારો કે, આપણે સ્નાન કરી રહ્યા હોઈએ તે જ ઘડીએ આપણા હૃદયમાં રહેલો ભગવાન પ્રગટ થઈ જાય તો આપણે શું કરીએ? આપણે ટુવાલ માટે ફાંફાં મારીએ, આંખ મીંચી દઈએ, એને પગે પડીએ કે ભેટી પડીએ? આ પરમાત્મા કેવે રૂપે પ્રગટ થાય તે તો હું કહી શકતો નથી, પણ એમ કલ્પી શકું છું કે, કોઈની આગળ શંખ,-ચક્ર,-ગદા–પદ્મધારી ચતુર્ભુજ રૂપે થાય, તો કોઈની આગળ करारविन्दे न पदारविन्दें, मुखारविन्दे विनिवेशयन्तम् એવા બાલમુકુંદ સ્વરૂપે પ્રગટ થાય, તો વળી કોઈની સમક્ષ મોરમુકુટધારી, બંસીવિભૂષિત, પીતાંબરધારી બની પ્રગટ થાય, અને કોઈની આગળ કદાચ પોતાના મોહિની સ્વરૂપથી પણ પ્રગટ થાય. આમ પ્રગટ થયા બાદ આપણી આગળ તે જે ક્રિયા કરે–કરાવે તે એની લીલા. આવી લીલા-બાળલીલા, સખ્ય લીલા તેમ જ મધુર લીલા પણ હોઈ શકે. મધુર લીલા તે જ રાસલીલા. આ રીતે વિચાર કરતાં રાસલીલાનું રહસ્ય ખુલ્લું થાય છે. એટલું જ નહિ, આ રીતે વિચારતાં 'ગીત ગોવિંદ' ના હાર્દમાં પણ કદાચ આપણે પ્રવેશી શકીએ. જો કે હું સંગીતબધિર છું અને મારું સંસ્કૃતનું જ્ઞાન અલ્પ છે, તેથી 'ગીતગોવિંદ' મારાથી સમજાતું નથી અને તે અંગે મારી દૃષ્ટિ તમારા તેમ જ ગાંધીજીના જેવી જ છે.

(૧૨) કોઈ એમ કહે કે, "હું પરમેશ્વરમાં માનતો નથી," અગર કોઈ એમ કહે કે "પરમાત્મા નિરાકાર હોવાથી એનાં સાકાર દર્શન થતાં જ નથી, માત્ર પ્રકાશ દેખાય છે" અથવા કોઈ કહે કે, "હું તો ભગવાનને સ્પષ્ટ કહી દઉં કે, "મને મળવું હોય તો ડ્રોઈંગરૂમમાં આવજો, બાથરૂમમાં નહિ," તો આપણે કોઈની સાથે તકરાર નથી. મેં તો એક પ્રકારનું પ્રગટ ચિન્તન (લાઉડ થિંકીંગ) કર્યું છે. આપને ઠીક લાગે તો 'प्रबुद्ध जीवन' ના વાચકોને એમાં સહભાગી બનાવશો; નહિ તો કચરાની ટોપલી તો છે જ. એક ખુલાસો પણ કરી લઉં કે મારી પાસે ભાગવતનું ગુજરાતી ભાષાંતર નથી. મને એટલું સંસ્કૃત નથી આવડતું કે હું જાતે તરજૂમો કરી શકું; તેથી અહીં હિંદી અનુવાદનો ઉપયોગ કર્યો છે. એજ.

અમદાવાદ — લિ. કાન્તિલાલ શાહના
તા. ૨૭-૭-૬૯ — નમસ્કાર

## તંત્રી–નોંધ

ઉપરના ચર્ચાપત્રમાં શ્રીમદ ભાગવત વિશે અને તેના અનુસંધાનમાં કૃષ્ણ ચરિત્ર વિષે બંધાયેલા મારા મનનું વલણ બદલાવવા ડૉ. કાન્તિલાલ શાહે આટલો બળવાન પ્રયત્ન કર્યો છે, એમ છતાં પૂજ્ય વિનોબાજી સાથે, જ્યારે તેઓ સૌરાષ્ટ્ર બાજુએ આજથી આઠ દશ વર્ષ પહેલાં ભાવનગરથી માંડીને રાજકોટ સુધીની પદયાત્રા કરી રહ્યા હતા અને એ પદયાત્રામાં હું પણ એક યાત્રિક તરીકે જોડાયો હતો ત્યારે, થયેલ ચર્ચાવાર્તા દરમિયાન રજૂ કરેલા ભાગવત વિષે અને કૃષ્ણચરિત્ર વિષેના મારા અભિપ્રાયોમાં કશો ફરક પડયો નથી એમ કહેવાની મને ફરજ પડે છે. ભગવાન કૃષ્ણ જેવા નાજુક વિષય અંગે ચર્ચામાં ઉતરતાં હું ખૂબ સંકોચ અનુભવું છું, એ કારણે કે કોઈ પણ કૃષ્ણભકતના દિલને મારું લખાણ રખેને આઘાત પહોંચાડે. આમ છતાં કાન્તિલાલભાઈના પડકારને હું ઠેલી શકતો નથી, પછી તેમ કરવાથી કોઈ કૃષ્ણભકતને આઘાત પહોંચવાનો હોય તો ભલે પહોંચે.

આ ચર્ચામાં આગળ વધું તે પહેલાં ભાગવત વિષેના મારા ખ્યાલો ઉપર કાંઈક નવો પ્રકાશ પડશે એ આશાએ તાજેતરમાં પ્રગટ થયેલ વિનોબાએ લખેલો ભાગવત સાર આદ્યન્ત વાંચી ગયો. પણ તે પુસ્તકમાં તો ભાગવતના એકાદશ સ્કંધમાંથી વીણી કાઢેલા-જુદા જુદા વિષયો ઉપરના–શ્લોકોનું વિવેચન છે. આ પુસ્તકથી આખા ભાગવત ઉપર (એકાદશ સ્કંધ સિવાયના) કશો નવો પ્રકાશ મને સાંપડતો નથી.

ભાગવતમાં કશું જ સારું નથી, કશું જ ગ્રાહ્ય નથી એમ કહેવાનો મારો આશય છે જ નહિ. પણ ડૉ. કાન્તિલાલ શાહે વીણામણનો દાખલો આપ્યો છે તે દાખલાને પકડીને મારા મનનો ભાવ જણાવું તો સાધારણ રીતે ઘઉંના વીણામણમાં કાંકરા જ વીણવાના હોય છે. બાકી પછી ઢગલાબંધ ઘઉં જ રહે છે, જ્યારે ભાગવતના વીણામણમાં ઘઉં જ વીણવાના હોય છે. બાકી ઢગલાબંધ કાંકરા જ પડી રહે છે.

કૃષ્ણગોપીની શૃંગારલીલામાં કૃષ્ણની ઉમ્મર કોઈ ઠેકાણે ભલેને આઠ-નવ વર્ષની દર્શાવવામાં આવી હોય, પણ આખી શૃંગારલીલા યુવાન કામી સ્ત્રીપુરુષો વચ્ચેની અને કામુકતાથી ભરેલી છે અને કૃષ્ણચરિત્રના આ પ્રકરણે લોકમાનસમાં મોટા ભાગે કામુકતા ઉત્તેજવાનું જ કામ કર્યું છે. ગોપગોપી–ભાવને રૂપકમાં ગોઠવીને ગમે તેવી તાત્વિક વાતો તમે કરો, પણ આપણા દેશની વેશ્યાઓ પણ કૃષ્ણ ગોપીના–જાતીય સંબંધને જ અભિવ્યકત કરતાં શૃંગારાત્મક ગાયનો ગાઈને કામાતુર માણસોની કામાતુરતાને ઉત્તેજતી જોવામાં આવે છે. ગીતગોવિંદમાં ભારોભાર જાતીય વિકૃતિ સૂચવતાં જ ગીતો વાંચવા મળે છે. કૃષ્ણચરિત્રની આ શૃંગારલીલાત્મક બાજુએ ભગવાન કૃષ્ણ તરફ વળેલા લોકોમાં વિષયવાસનાને ઉત્તેજન આપ્યું છે આવો મારો અભિપ્રાય છે અને તેમની બધી દલીલો પૂરી ગંભીરતાપૂર્વક વિચારી જવા છતાં, મારા આ અભિપ્રાયમાં કોઈ ખાસ ફરક પડયો નથી.

પરમાનંદ

# ☆ જૂનાં સ્મરણોને તાજાં કરતો એક પત્ર ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયના ઉદ્ઘાટન બાદ-તરતમાં જ મારા વ્યાપારવ્યવસાયના કારણે જેની સાથે મારો વર્ષો જૂનો સ્નેહસંબંધ છે અને જે મને પોતાના એક વડીલજન સમાન લેખે છે તે ચિ. ભાઈ હીરાલાલ મુનિ તરફથી એક પત્ર મળ્યો સ્વ. ગીરધરલાલ હરખજી મુનિ સાથે ભાગમાં મેં વર્ષો સુધી ઝવે-રાતનો વ્યાપાર કર્યો. કુલ્ફી હાઉસ, બીજે માળ, ૭૭, શેખમેમણ સ્ટ્રીટમાં અમારી પેઢી હતી. ગીરધરલાલ મુનિના ભત્રીજા ભાઈ હીરાલાલ મુનિ અમારી સાથે બેસતા અને પોતાનો અલગ વ્યવસાય કરતા. એ વર્ષો દરમિયાન નીચેના પત્રમાં જેમનો ઉલ્લેખ છે તે સ્વ. મણિલાલ મોકમચંદ શાહ અને સ્વ. વ્રજલાલ ધરમચંદ મેઘાણી અમારી પેઢી ઉપર અવારનવાર આવતા અને અવારનવાર કલાકો સુધી અમારી ચર્ચાવાર્તા ચાલતી. એ જ રીતે શ્રી દીપચંદ ટી. શાહ પણ અવારનવાર આવતા. આમાંથી વ્રજલાલ મેઘાણીનું ૧૯૪૭માં, મણિલાલ મોકમચંદ શાહનું ૧૯૫૪માં અને શ્રી ગીરધરલાલ મુનિનું ૧૯૬૨ માં અવસાન થયું. શ્રી દીપચંદભાઈ અને હું આજે હયાત છીએ અને મિત્રભાવે મળતા રહીએ છીએ. પ્રસ્તુત પત્રમાં ભાઈ હીરાલાલે અમારા એ મિલનપ્રસંગોને યાદ કર્યા છે. અને સાથે સાથે મારી પ્રત્યેનો આદરભાવ તેમણે વ્યકત કર્યો છે. મારી સહધર્મચારિણી, જેને યાદ કરવાનું, સંસ્થાના નવા કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગના મારા નિવેદન દરમિયાન, મારા ધ્યાન ઉપર આવ્યું નહોતું તેના સ્મરણને પણ ભાઈ હીરાલાલે આ પત્રમાં સંકલિત કર્યું છે. આ પત્રના લખાણમાં રહેલા મધુરભાવથી મારું દિલ ખૂબ પ્રભાવિત બન્યું અને આત્મશ્લાધાનો દોષ વહોરીને પણ પ્રબુદ્ધ જીવનના વાચકોને આ સ્મરણનોંધના ભાગીદાર બનાવું એવી મનમાં સ્ફૂરેલી ઈચ્છાને વશ થઈને આ પત્ર નીચે પ્રગટ કરવા હું પ્રેરાયો છું.

—પરમાનંદ

મુંબઈ, માટુંગા, તા. ૨૮-૧૨-'૬૯

**પરમ પૂજ્ય પરમાનંદભાઈની સેવામાં,**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના નવા કાર્યાલય સાથે તમારું શુભ—નામ—સ્મરણ અંકિત થયાનો અહેવાલ વાંચી બહુ આનંદ થયો. અને ભૂતકાળનાં ઘણાં સંસ્મરણો તાજાં થયાં.

સમાજને સાચી દષ્ટિ આપી, સદાચાર તરફ વાળવા ને જીવ-નને ઊર્ધ્વગામી બનાવવાનો તમારો આદર્શ અને સદ્. મુ. મણિભાઈ મોકમચંદ શાહની સેવાતમન્નાને ચરિતાર્થ કરવાના સુકાર્યમાં વર્ષોથી તમે તન્મય બન્યા છો. મુ. મણિભાઈના તમારા પરત્વેના અનન્ય આદર, વિશ્વાસ અને ભકિતભાવને તમે સાર્થક કરી બતાવ્યા એ ખરેખર ગૌરવ-પ્રદ ઘટના છે. તમને બન્નેને એ વિષે વિચાર—વિનિમય કરતા સાંભળવાનો અનેક વખત મને લ્હાવો મળતો એટલે સદ્. મુ. મણિભાઈની પુણ્ય—સ્મૃતિ સાથે તમારું નામસ્મરણ અંકિત થયું એ મારા માટે નિત્યનું સુભગ દર્શન છે. મોટા માણસની શુભનિષ્ઠા અને સાદાઈ તો ઘણી વાર જોવા—સાંભળવા મળે છે પણ સાદા ને સરળ માણસની મોટાઈ—તેની સંનિષ્ઠા ને સેવા—તમન્નાની ઝાંખી તો કોઈક વાર જ થાય છે. જીવનનાં શાશ્વત મૂલ્યો સમજવા ને સમજાવવાની હેતુપ્રધાન પ્રવૃત્તિ પ્રમાણમાં ઘણી નાની જણાય છે પણ તેનું મૂલ્ય કેટલું મોટું છે? એ પછીથી જ સમજાય છે અને ત્યારે જ એ સાધુતામાં વસેલી મોટાઈનું દર્શન થાય છે. નિરવધિ કાળના ગર્ભમાં બધું વિલીન થઈ જાય છે. પરંતુ નિર્વ્યાજ પ્રેમ અને નિ:સ્વાર્થ કર્તવ્ય તેના સાતત્યે નિત્ય જીવંત જ રહે છે અને એ પરંપરાએ જ સંસ્કૃતિ ઘડાય છે અને માનવજાત ઊજળી દેખાય છે. તમારા કાર્યમાં તમે સવિશેષ યશભાગી ને પ્રેરણારૂપ નિવડો તેવી અભ્યર્થના સાથે તમને આ પ્રસંગે સાચા હૃદયના વંદન કરું છું.

આ પ્રસંગે સંવેદનશીલ સદ્. ડૉ. વ્રજલાલ મેઘાણીની પુણ્ય સ્મૃતિ પણ તાજી થઈ. માનવતાના એ મહાપૂજારી ભાવાવેશે ગરીબાઈમાં અમિરીનાં દર્શન કરાવતી એમની વાર્તાઓ અવારનવાર આવી વાંચી સંભળાવતા ત્યારે તેમના પવિત્ર હૃદયની વ્યથા અને અનુકંપાનાં અવર્ણનીય દર્શન થતાં. જેવું બોલતાં ને લખતાં એવાં જ સંવેદને કોમી હુલ્લડમાં સ્વેચ્છાએ એ શહીદ થયા. એવા અર્વાચીન દધિચિનાં દર્શન આજે કેટલા દુર્લભ છે?

આવા ઘણાં સંસ્કારસ્વામીઓ અને વિચારકો સાથેના તમારા સત્સંગનો મૂક સાક્ષી બનવાનું સુભાગ્ય મને પ્રાપ્ત થયું છે તેને હું જિંદગીનો અમૂલ્ય લ્હાવો સમજું છું.

તમારી આવી સંસ્કાર—સાધના ને પ્રવૃત્તિ પરત્વે મારા સદ્. કાકા આવો જ આદર ધરાવતા હતા. સદ્. મુ. મણિભાઈ અને તમારા નામ—સ્મરણને, તમે બન્ને જાણે સાથે બેઠા હો તેમ જોવા હૈયાત નથી તે વાતથી મને ભારે ખેદ થાય છે. અને આપણે વીતાવેલાં વર્ષોનો ભૂતકાળ સજીવન થઈ અનેક સંસ્મરણો તાજાં કરે છે, અને આંખો ભીની થાય છે.

પ્રારંભકાળના શ્રી દીપચંદભાઈ જેવા સહૃદયી ને બીજા તમારા ઘણાં સહકાર્યકરોની સ્મૃતિ સહેજે થાય છે, તે સર્વ સાથેનો પરિચય અને સંસ્મરણો મારા મને મારી મોંઘી મૂડી છે. તે સર્વને નમસ્કાર.

આ પ્રસંગે એ વાતનો ઉલ્લેખ કર્યા સિવાય દિલની મારી આ વાત મને અધૂરી લાગે છે. ઘણા ઘણા વિચારકો, સાહિત્યકારો ને સંસ્કારસ્વામીઓ સાથેના તમારા નિકટના પરિચયે તે બધાનું ઊજળું આતિથ્ય કરવામાં ને બીજા ઘણીય અગવડો વેઠી પૂ. વિજયાબહેને સદાય હસતા મોંએ જે ભોગ આપ્યો છે તેનો પણ ઘણાં વર્ષો સુધીનો હું સાક્ષી છું. પરાપૂર્વથી લક્ષ્મણ પત્ની ઊર્મિલાના અનન્ય ભોગને અંધારપટમાં પૂરી દઈને અને સ્રીને પુરુષની અર્ધાંગના કહીને તેની મહત્તાની રેખા બાંધી દેવામાં ઔચિત્ય લેખાતું આવ્યું છે. એ દષ્ટિએ, તમારી સ્મૃતિમાં તેઓ પણ સમાઈ જાય છે એવા આશ્વાસન સાથે અમારા સર્વ કુટુંબીજન તરફથી તેમને પણ સાચા હૃદયનાં વંદન કરી તેમના પ્રતિ અમારા સર્વના આદર અને માનની ભાવના વ્યકત કરવાની તક લઉં છું.

સદ્. મુ. મણિભાઈ અને ડૉ. મેઘાણી જેવા ઘણા લાગણીવશ ને ઊર્મિશીલ ભાઈઓને તો હરહંમેશ નિભાવી લીધા છે. મારી પણ કોઈ ક્ષતિ હોય તો તેવી ઉદારતાએ નિભાવી લેવા વિનંતિ કરતા

**તમારા હીરાલાલ મૂ. મુનિના** નમસ્કાર.

## સાપુતારા પર્યટન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે નાસિક નજીક પણ ગુજરાત રાજ્યમાં—દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફીટની ઊંચાઈએ—આવેલ સાપુતારા નામના હીલ સ્ટેશનનું જાન્યુઆરી તા. ૨૪મીને શનિવાર રાતથી સોમવાર તા. ૨૬ મીની રાત સુધીનું પર્યટન ગોઠવવામાં આવ્યું છે. આ પર્યટનમાં જોડાનાર ભાઈ—બહેનોને તા. ૨૪મી જાન્યુઆરી શનિવારે રાત્રિના ૧૦—૫૦ વાગ્યે વિકટોરિયા ટરમિનસથી ઉપડતી ભુસાવળ પેસેન્જરમાં નાસિક લઈ જવામાં આવશે અને ત્યાંથી બસમાં સાપુતારા પહોંચાડવામાં આવશે. એ જ રીતે જાન્યુઆરી તા. ૨૬ મીને સોમવારે સાંજના ચાર વાગ્યે સાપુતારાથી નીકળીને નાસિક થઈને મંગળવાર સવારના સાડા પાંચ વાગ્યે મુંબઈ પાછા ફરવાનું રહેશે.

આ પ્રવાસમાં જોડાનાર ભાઈ—બહેનોએ વ્યકિત દીઠ રૂા. ૬૦ અને બાર વર્ષથી નીચેના બાળકો માટે રૂા. ૪૦ ભરવાના રહેશે. પ્રવાસમાં જોડાનારે બને તેટલું નાનું બેડીંગ, ટોર્ચ તથા ગ્લાસ સાથે લાવવાના રહેશે. આ પર્યટન ૪૦ પ્રવાસીઓ પૂરતું વિચારવામાં આવ્યું છે. તેથી સંઘના જે સભ્યોને આ પર્યટનમાં જોડાવાની ઈચ્છા હોય તેમને સંઘના કાર્યાલયમાં જરૂરી રકમ સત્વર ભરી જવા વિનંતી છે.

**ચીમનલાલ જે. શાહ,**
**સુબોધભાઈ એમ. શાહ,**
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# વર્તમાન રાજકીય પ્રવાહો

[તા. ૭–૧–૭૦ના રોજ જૈન સોશિયલ ગ્રૂપના ઉપક્રમે બિરલા ક્રિડા કેન્દ્રના ઉદ્યાનમાં ભારતના ભૂતપૂર્વ ઉદ્યોગપ્રધાન શ્રી મનુભાઈ શાહનું 'વર્તમાન રાજકીય પ્રવાહો' એ વિષય ઉપર પ્રવચન ગોઠવવામાં આવ્યું હતું. તે ગ્રૂપના મંત્રી તરફથી મળેલી પ્રસ્તુત પ્રવચનની નોંધ નીચે રજૂ કરવામાં આવે છે.

પ્રબુદ્ધ જીવનમાં છેલ્લા ત્રણ ચાર અંકોમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની લખેલી કૉંગ્રેસી રાજકારણની આલોચના પ્રગટ થઈ ચૂકી છે. આ આલોચના કોઈ કોઈને ઈન્દિરા–તરફી લાગી છે, એમ છતાં મારા અભિપ્રાય મુજબ શ્રી ચીમનભાઈ આજની કૉંગ્રેસના બે ભાગલામાંથી કોઈ પણ પક્ષ સાથે જોડાયેલા ન હોઈને, તેમની આલોચનામાં એક પ્રકારની તટસ્થતાપૂર્વકનું માર્ગદર્શન આપણને મળ્યું છે. આજના કૉંગ્રેસી રાજકારણમાં શ્રી મનુભાઈ શાહ પણ એક મહત્ત્વની વ્યકિત છે. આજે તેઓ જૂની સંસ્થાકીય કૉંગ્રેસ સાથે જોડાયેલા છે અને પ્રસ્તુત વિવાદમાં તેમનો આગવો દષ્ટિકોણ છે. આ દષ્ટિકોણથી પ્રબુદ્ધ જીવનના વાચકો પરિચિત બને તે હેતુથી આ નોંધ પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**]

વકતવ્યની શરૂઆતમાં અર્થકારણ અને રાજકારણ વિષે શ્રી મનુભાઈ શાહે સમજણ આપી અને જણાવ્યું કે "પંડિત જવાહરલાલે પોતાની હયાતી દરમિયાન દેશની સ્થિતિ સમતોલ રાખી હતી, પરંતુ તેમના ગયા બાદ દેશના રાજકારણની સ્થિતિ ડામાડોળ થવા લાગી છે અને પરિસ્થિતિ એટલી હદે પહોંચી છે કે, મહાત્માજી અને તેમના સાથીઓએ જબરદસ્ત ભોગ આપીને જે મહામૂલી આઝાદી પ્રાપ્ત કરી છે તેનો નાશ થવાનાં પગરણ મંડાયા હોય અને એ માટેનો સમય નજીક આવતો હોય એવી ભીતિ લાગે છે. જો દેશનું રાજકારણ નહિ બચે તો દેશ પણ નહિ બચે. માટે લોકશાહીને ટકાવી રાખવા માટે દરેકે રાજકારણમાં રસ લેવો જરૂરી બને છે."

આગળ ચાલતાં તેમણે કહ્યું કે "અત્યારે જે રીતનું ગંદુ રાજકારણ ચાલી રહ્યું છે તેને ચલાવી લેવાય જ નહિ. દરેક માણસે દેશનો વિચાર પહેલાં કરતાં શીખવું જોઈએ. લાલચ અને ભયથી ઝૂકી જવું એ તો કાયરતાની નિશાની છે. બાપુએ આપણને નિર્ભયતા શીખવી છે અને એ નિર્ભયતાએ અને અહિંસાએ કેવો ચમત્કાર કરી બતાવ્યો – કે જે બ્રિટિશ સામ્રાજ્ય ઉપર સૂરજ કદિ આથમતો નહોતો એવા મોટા સામ્રાજ્યને–એ સલતનને–લોહીનું એક પણ ટીપું રેડયા વિના વિદાય કરી.

"આપણે સમાજવાદને અપનાવ્યો છે એટલે ગરીબ અને તવંગર વચ્ચેનો ભેદ મીટાવવાનો આપણે સખત પરિશ્રમ કરવાનો છે. તેમાં થોડા ઘણા આપણે સફળ પણ થયા છીએ, પરંતુ રાજકર્તાઓ અને રાજકીય પક્ષો જ્યાં તોડફોડનો રસ્તો અપનાવતા હોય અને જાણે નવી શોધ કરી હોય તેમ માત્ર 'ગરીબી મિટાવો'ના નારા જ ફકત રાજકારણીઓ લગાવતા હોય, ત્યાં ખુદ બ્રહ્મા આવે તો પણ ગરીબીને ફેડી શકે નહિ. કાંઈ ચમત્કારથી ગરીબી મિટાવી શકાતી નથી. આપણા આવડા વિશાળ દેશની ગરીબીનો ખ્યાલ અહીં બેઠા આવે તેમ નથી. દંડકારણ્યનાં ગામડાંઓ જુઓ તો અને ત્યારે ગરીબી શું ચીજ છે તેનો કંઈક ખ્યાલ પામી શકો. આઝાદી દરમિયાન અમુક રાજકીય પક્ષે ૨૨ વર્ષ સુધી રાજ્ય ચલાવ્યું તો પણ હવે ગરીબી હઠાવોના નારા સાંભળવા મળે છે. પણ આવા નારાથી સમાજવાદ કેવી રીતે આવે? આ માટે તો સખત અને સતત પ્રયત્નોની જરૂર છે, નારાની નહિ. આ કાંઈ મિલકત વહેંચવાનો મઝિયારો નથી. આ બાવન કરોડનો દેશ છે. રાજકારણની લડાઈથી તેનું સત્યાનાશ કાઢી ન શકાય. આપણે દરેક ક્ષેત્રે ઉત્પાદન વધે એ માટેના પ્રયત્નોમાં લાગી જવું જોઈએ, ઉત્પાદન વધે તો તેની વહેંચણી થાય, બધાને આજીવિકા મળે, માટે ખોટો વિતંડાવાદ છોડીને દરેકે કામે લાગી જવાની જરૂર છે.

"આમ કરવાને બદલે અત્યારે શું ચાલી રહ્યું છે? ૭૩ વર્ષ જૂની કૉંગ્રેસ – આવા સંગઠિત મોટા પક્ષનો દુનિયામાં કયાંય જોટો મળે તેમ નથી, એમ છતાં તેને તોડીને – બીજો વિરોધ પક્ષ રચીને– અમારે પક્ષે વધારે ટકાનો ટેકો છે – આવી વાતો, માનસિક દેવાળુ જેણે કાઢયું હોય તે જ કરી શકે. આમ કરવાથી તો પક્ષ નબળો પડે. તમે સાથે હતા ત્યારે પણ ૪૦ ટકામાં હતા, તો જુદા પડીને ટકા તો ઘટવાના છે, અને તોડફોડમાં માનવાળા બીજા પક્ષોનો ટેકો લઈને બહુમતિ હાંસલ કરવા જશો તો દેશની ઘોર ખોદાઈ જશે.

"વડા પ્રધાન એ વ્યકિત નથી પણ સંસ્થા છે અને એણે તો માનહાનિ – અપમાન ગળી જઈને દેશનું હિત જોઈને આગળ વધવું જોઈએ. એને બદલે વડીલો આગળ વધવા દેતા નથી એમ બહાનું કાઢીને પક્ષને તોડવો એ તો દેશનો દ્રોહ કરવા બરાબર છે. અને બન્ને જૂથોમાં જુવાન–વૃદ્ધો તો છે જ અને વડીલોની જો આમન્યા ન રહે તો લોકશાહી ચાલે જ કેવી રીતે? જો આમન્યા ન રહે તો ડિકટેટરશીપ જ આવે. મારા અનુભવની વાત કરું તો મેં ઈન્દિરાજીને કોઈ દિવસ ઉદ્દામ તરીકે જોયા નથી. રાષ્ટ્રીયકરણની બાબતમાં તેમને મોરારજીભાઈની રૂકાવટ હતી એવી છાપ ઉભી કરવા પ્રયત્ન થાય છે તો, લાલબહાદુર શાસ્ત્રી પછી મોરારજીભાઈ કયાં હતા? ત્યારે કેમ કાંઈ કરી શકયા નહિ? ત્યારે કોણ નડતું હતું? સચિન ચૌધરીના વખતમાં રાષ્ટ્રીયકરણ કેમ ન કર્યું? ટી. ટી. કે. નાણાંમંત્રી હતા ત્યારે તે પોતે પણ રાષ્ટ્રીયકરણની વિરુદ્ધ હતા. લાલબહાદુર શાસ્ત્રી તેમને કાઢવાના હતા ત્યારે દસ દિવસ પહેલા જ તેમણે તેમ કહેલું. એકેય નાણાંપ્રધાન આમ કરવાને તૈયાર નહોતા. હું તો પ્રથમથી જ આનો વિરોધ કરતો રહ્યો છું અને મેં તો એ વિષે છાપાઓમાં લેખો પણ લખ્યા છે.

"કામરાજ તો પંદર વર્ષથી અને ખાસ કરીને છેલ્લા ચાર વર્ષથી રાષ્ટ્રીયકરણની વાત કહેતા જ આવ્યા છે. બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવા વિષે ઈન્દિરાજીએ મોરારજીભાઈને કહેવું જોઈતું હતું, પણ તેમ કર્યું નહિ અને જે માણસે ૪૫ વર્ષથી દેશની સેવા કરી છે એવી એક પીઢ વ્યકિતને કાઢવા માટે જ આ પગલું ભરવામાં આવ્યું અને તે પણ અધિકાર અને મર્યાદા જાળવ્યા વિના – આ કેટલી હીન કોટિની વાત કહેવાય? અને આ પગલું ભર્યાને પાંચ માસ થવા આવ્યા હોવા છતાં હજુ કાંઈ નીતિ ઘડાઈ નથી. મુંબઈ કૉંગ્રેસમાં પણ કાંઈ ચમત્કાર થયો નથી.

"કૉંગ્રેસનો કોઈ કુટુંબનો ઈજારો નથી. સારાનરસા પગલાંઓ પ્રગતિના નામે લેવાય છે, પણ તે ખુરશી ટકાવવા માટે. ચન્દ્રભાણ ગુપ્તાએ કહ્યું, પ્રાઈમ મિનિસ્ટર ૧૧ વખત એક જ જગ્યાએ આવ્યા–૪૦ લાખનો ખર્ચ થયો (પ્રાઈમ મિનિસ્ટર જેવી વ્યકિતની સલામતી માટે ખર્ચ થાય તે તો સ્વાભાવિક છે) પણ આવી પ્રાઈમ મિનિસ્ટર જેવી વ્યકિત એક જ જગ્યાએ ૧૧ વખત જાય તેવું કયાંય બને નહિ. તે વ્યકિત નથી – સંસ્થા છે. તે મર્યાદા છોડે એટલે સંસ્થાનું સત્યાનાશ નીકળી જાય.

કલકત્તા જવું હોય તો અજયને પૂછીને જવાય, પણ ૪૦ વર્ષના જૂના મિત્ર ચન્દ્રભાણ ગુપ્તાને ખબર પણ આફિસર જણાવે ત્યારે પડે કે વડાપ્રધાન આવવાના છે. ચન્દ્રભાણ ગુપ્તા તો ખૂબ વિવેકી છે પણ આ રીતે જો બધી જ મર્યાદાઓનો લોપ થશે તો મૂલ્યાંકનો કથળી જશે.

"સંજીવ રેડીની વાત લઈએ –તો પહેલા તો તેમના વિષે કોઈ વાત જ નહોતી–તેમના સ્પીકરપદના સંચાલનકાર્યથી બધા જ પક્ષો ખૂબ ખુશ થયેલા. એમના વિષે બધાને માન હતું. તેમનું

નામ રાષ્ટ્રીય મોવડીઓએ વિચાર્યું જ નહોતું. રેડી પરદેશ જવાના હતા તે પહેલાં તેઓ વડા પ્રધાનને મળવા ગયા ત્યારે વડા પ્રધાને તેમને કહ્યું કે તમારો મને ઉપયોગ છે અને તમારા જેવો લાયક માણસ કોઈ નથી – છતાં તેમણે અનિચ્છા દર્શાવી – અમ છતાં દબાણ કર્યું અને હા પડાવી. આ જાણી મોરારજીભાઈ અને કામરાજે તેમને અભિનંદન આપ્યાં–પરદેશમાં તેમણે નવો ધડાકો સાંભળ્યો. પરદેશથી આવીને વડા પ્રધાન સમક્ષ પાછી તેમણે અનિચ્છા દર્શાવી અને કહ્યું કે રાષ્ટ્રપ્રમુખપદ ઝઘડાનું મૂળ બને તેમ હું ઈચ્છતો નથી. આમ છતાં વડા પ્રધાને લેખીત આગ્રહ કર્યો અને મેં જ તમારૂં નામ સૂચવ્યું છે તેમ કહ્યું: આટલો આગ્રહ કરીને તેમણે હા પડાવ્યા પછી વડા પ્રધાન જેવી વ્યકિત આવો વચનભંગ કરે તેવો બનાવ દુનિયાના ઈતિહાસમાં બન્યો નથી.

"વડા પ્રધાને દીવાળીનાં કાર્ડો બધાને મોકલેલા તેમાં આબિદ-અલીના કાર્ડમાં ગાંધીજીને ટાંકીને તેમણે જણાવેલું કે:

"સત્ય અને અસત્ય વચ્ચે ઝઘડો થાય ત્યારે સત્યની જ જીત થાય."

આના જવાબ રૂપે આબિદઅલીએ પણ ગાંધીજીને ટાંકીને વડા પ્રધાનને જણાવેલું કે:

"જીવ જાય પણ વચન ન જાય એ મોટા માણસનો ગુણ છે."

સત્તાસ્થાનનો પ્રશ્ન હોય ત્યાં આડીઅવળી વાતો થવાની. પણ મોટી જગ્યાએ બેઠા હો પછી હળાહળ પીવાની તૈયારી હોવી જોઈએ.

વડા પ્રધાનને હઠાવવા માટે પણ અંદરખાને પ્રયત્નો થયા હશે. આ ગમે તે હોય પણ વડા પ્રધાને પોતાના સ્થાનના ગૌરવ અને મોભાને ધક્કો લાગે તેમ કદી પણ વર્તવું ન ઘટે.

"હું એમ પૂછી શકું કે જે પોતાની સરકાર સામે સત્યાગ્રહ કરે છે એવા પ. બંગાળના વડા પ્રધાનને ઈન્દિરાજી મળી શકે, દિવસમાં ચાર વખત અલગ અલગ વિચારસરણીવાળા ચાર પક્ષોને મળે તો દસ મિનિટ નિર્જાલિંગપ્પાને મળવામાં શું વાંધો આવે?

"દેશના દુશ્મનો સાથે સોદાબાજી કરીને શું કરશો?

"પ્રેમાળ, સજ્જન, સહૃદયી, વિનમ્ર એવા નિર્જાલિંગપ્પા જેવો બીજો માણસ મેં જોયો નથી. તેમને માઈસોરનું વડા પ્રધાનનું પદ છોડાવીને ઈન્દિરાજી આ પદે લાવ્યા – કામરાજે તો ના જ પાડી હતી–અને પોતે જ લાવીને બેસાડેલા કોંગ્રેસપ્રમુખ સામે ઈન્દિરાજી અવિશ્વાસની દરખાસ્ત લાવે – આના કરતા ચડે એવું હીચકારું કોઈ કૃત્ય ન હોઈ શકે.

"આ કટોકટીના જવાબદાર વડા પ્રધાન જ છે. બસો વર્ષની ગુલામી કરતા પણ આના પરિણામો ખરાબ આવશે.

"આ બધી હકીકતો રજૂ કરવા પાછળ કોઈને ઉતારી પાડવાનો મારો આશય નથી.

"સિદ્ધાંતવિહોણી નીતિથી દેશ આગળ વધી શકશે નહિ. જનરલ ઈન્સ્યુરન્સનું રાષ્ટ્રીયકરણ એ તો ગોરખધંધા જેવું થશે–જેમાં કાંઈ કમાવાનું છે જ નહિ. ઉત્પાદન વધારવા વિષે વિચારવું જોઈએ. આવા કામો નક્કર રીતે કરવા માગતા હો તો એમાં હૃદયથી સાથ આપવા બધા તૈયાર છીએ. સાત વાત તમારી માનીએ તો તમારે સામાની ત્રણ વાત પણ માનવી જોઈએ. જીદથી – ભ્રાંતિથી જીવવાનું છોડો.

"તમે રાષ્ટ્રીયકરણ કર્યું તેને તો બધાએ અપનાવ્યું છે, તો બધાને સાથે લઈને કામ કરો. ફકત રાષ્ટ્રીયકરણ શબ્દમાં કોઈ જાદુ નથી – જો બોલવાથી ગરીબી ચાલી જતી હોય તો ચોવીસ કલાક આપણે તેમ બોલ્યા કરીએ – પણ તેનો શું અર્થ?

"સમગ્રપણે આયાતોનું રાષ્ટ્રીયકરણ કરવું એના જેવી બીજી કોઈ મોટી મૂર્ખતા નથી. અજાણી લાખ આઈટોમોની ચકાસણી કોણ કરશે અને કેમ કરશે? આમ તો ઘણો નકામો માલ ઘુસી જશે અને દસ લાખ વ્યાપારીઓ અને એની પાછળ નભતા બીજા પચાસ લાખ માણસોને બેકાર કરીને તમે શું મેળવશો? અમુક મહત્ત્વની થોડીક વસ્તુઓનું જ રાષ્ટ્રીયકરણ થવું જોઈએ. –નિકાસનું રાષ્ટ્રીયકરણ તો અસંભવ અને અશકય જ છે. આના માટે ૧૯૬૭ માં મને કહેવામાં આવ્યું હતું અને મેં ના પાડી હતી."

## અમેરિકામાં જૈન ધર્મના પ્રચારની શરૂઆત
## ચિકાગો શહેરમાં જૈન સોસાયટીની સ્થાપના

ભૌતિક જીવનની સફળતાઓ ધર્મને અવગણી શકે નહીં. જગતની કોઈ પણ સફળતા માનવીને ધર્મ – વિમુખ બનાવી શકી નથી. 'અમેરિકા' જેવા ભૌતિક સમૃદ્ધિથી સભર દેશમાં, ત્યાંની પ્રજાનો "અધ્યાત્મ પ્રેમ" આ વિષયનો જીવતો જાગતો પૂરાવો છે.

તાજેતરમાં જ શિકાગો શહેરમાં સ્થપાયેલ "જૈન સોસાયટી" માં ભારતીય જૈનો, જૈનેતર તથા બીજા ધાર્મિક આગેવાનો તેમ જ અમેરિકનો ખૂબજ રસપૂર્વક જૈનધર્મના મૂળભૂત સિદ્ધાંતો તરફ આકર્ષાઈ, આ પ્રવૃત્તિને રાષ્ટ્રવ્યાપી બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે.

જૈન સોસાયટીની સ્થાપનાનો વિચાર શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહ, શ્રી રમેશ સોલંકી, શ્રીમતી નયનાબહેન સોલંકી, શ્રી પ્રવીણ એમ. શાહ, શ્રી જયકુમાર શાહ વગેરે ભાઈ-બહેનોને આવતાં, આ ભાઈબહેનોએ બીજા ઉત્સાહી ભાઈબહેનોનો સંપર્ક સાધી તા. ૧૪–૪–૧૯૬૯ રવિવારના દિને શ્રી રમેશભાઈ સોલંકીને ત્યાં અવિધિસરની બેઠક ગોઠવી.

આ અવિધિસરની બેઠકના પરિણામે, તા. ૫–૧૦–૧૯૬૯ રવિવારના દિને શ્રી પ્રવીણ એમ. શાહના નિવાસસ્થાને, જૈન સોસાયટીની સ્થાપના કરવામાં આવી, અને સોસાયટીની પ્રથમ બેઠકમાં અધ્યક્ષ તરીકે શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહની વરણી સર્વાનુમતે કરવામાં આવી.

ભજનો, પ્રવચનો ઉપરાંત જૈન ધર્મનો અમેરિકામાં તેમ જ અમેરિકન પ્રજાજનોમાં યોગ્ય પ્રચાર કરવાના હેતુથી, સંસ્થાની પ્રવૃત્તિઓને વિકસાવવા માટે કેટલાંક સૂચનો કરવામાં આવ્યા.

સોસાયટીની બીજી સભા તા. ૯-૧૧-૧૯૬૯ ના રવિવારે "શ્રી મહાવીર નિર્વાણ દિન તથા દિપોત્સવી નિમિત્તે," શ્રી ઉમેશ ચોકસીના નિવાસસ્થાને મળી હતી ત્યારે શિકાગોની શ્રી વિવેકાનંદ વેદાંત સોસાયટીના સ્વામીજી શ્રી ભાષ્યાનંદજીનું "ધર્મ અને આધ્યાત્મિક શિસ્ત" પર પ્રવચન રાખવામાં આવ્યું હતું.

તા. ૭–૧૨–૬૯ ના દિને શ્રી રમેશ સોલંકીના નિવાસસ્થાને શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહના અધ્યક્ષપદે, સોસાયટીની ત્રીજી સભા યોજવામાં આવી હતી. તેમાં શ્રી જવાહર મણિયારનું "જૈનીઝમ" પરનું પ્રવચન મનનીય હતું.

ભારત, દક્ષિણ આફ્રિકા તથા અમેરિકાના જુદા જુદા ભાગોમાંથી સોસાયટીની પ્રવૃત્તિઓ સંબંધી માહિતી પૂછતા પત્રો આવી રહ્યા છે.

પરદેશમાં વસતાં જૈનોમાં ભ્રાતૃભાવ કેળવી, ધાર્મિક જ્ઞાનના પ્રચાર અર્થે તથા જૈનેતર ભારતીયો તેમ જ અમેરિકનોમાં જૈન ધર્મ તથા જૈન સંસ્કૃતિનાં પ્રચારઅર્થે પ્રવચનોનું માધ્યમ અંગ્રેજી રાખવામાં આવેલ છે.

અમેરિકામાં લગભગ ૧૫૦ જૈન કુટુમ્બો હોવાનો અંદાજ છે. આ બધાંની એક ડિરેકટરી પણ તૈયાર કરવાની નેમ છે.

'જૈન ધર્મ' નો સંદેશ, ભાષા–પ્રાંત તેમ જ દેશની સીમાઓ વટાવી સામાન્ય જનસમૂહ સુધી પહોંચી શકે, એ હેતુથી પુસ્તકો, રેકર્ડો તથા 'ટેપ' નો ઉપયોગ સોસાયટી કરી રહેલ છે.

સોસાયટીની ચોથી સભા જાન્યુઆરી માસમાં શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહ ને ત્યાં મળશે. આ સભામાં સોસાયટીનું બંધારણ પસાર કરી હોદ્દેદારો તથા કમિટી મેમ્બરોની ચૂંટણી કરવામાં આવશે.

આ સંબંધી વધારે માહિતી અમેરિકામાં શ્રી મહેન્દ્ર અમૃતલાલ શાહ, ૭૭૪૨, નોર્થ હેસ્કીન્સ, ચિકાગો, ૬૦૬૨૬, યુ. એસ. એ. અથવા ભારતમાં શ્રી અમૃતલાલ લ. શાહ, જન્મભૂમિ પંચાંગ કાર્યાલય, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ–૧ પાસેથી મળી શકશે.

# 卐 'સત્યારપ્રાર્થના'-પ્રણેતા સ્વામી સત્યભક્ત 卐

(કાર્લમાકર્સ પછી થયેલા દુનિયાના પયગંબર તરીકે પોતાને મનાવતા સ્વામી સત્યભકત રચિત 'સત્યાર પ્રાર્થના'ની પં. બેચરદાસ દોશીએ કરી આપેલી આલોચના નીચે આપવામાં આવે છે. તંત્રી)

ધર્મનો માર્ગ સૌ કોઈ માટે હિતાવહ છે, પણ શરત એ છે કે ધર્મને માર્ગે વિવેકપૂર્વક ચાલવું જોઈએ. ધર્મને આચરનારો મનુષ્ય વિવેકને ચૂકી જાય છે ત્યારે એ હિતાવહ ધર્મ પણ ભારે જોખમી બની ગયેલ છે એ હકીકત અત્યાર સુધીના તમામ ધર્મોના ઈતિહાસ દ્વારા સાબિત થઈ ચૂકેલ છે અને વર્તમાન ધર્મોનો અનુભવ પણ એ જ હકીકતનું સમર્થન કરે છે. ધર્મ એક વિચારરૂપ પ્રવાહ છે. તે સ્વયં ચાલી કે પ્રસરી શકતો નથી. તેથી તેનાં પ્રચલન અને પ્રસારણ માટે અધ્યારુઓની, પુરોહિતોની, ગુરુઓની, આચાર્યોની, મૌલવીઓની કે પાદરીઓની ખાસ સંસ્થાઓ ઊભી થયેલ છે. જ્યાં સુધી આ બધી સંસ્થાઓ નિઃસ્પૃહ અને લોકહિતની દષ્ટિવાળી હોય ત્યાં સુધી ધર્મ લોકહિતકર રહી શકે છે, પણ જ્યારે એ સંસ્થાઓ લાલચુ, આરામશીલ, આળસુ અને જડ જેવી બને છે ત્યારે, ધર્મ વિશેષ વિકૃત થાય છે અને લોકોનું હિત કરવાને બદલે અહિત વધારે કરે છે. ધર્મનો અર્થ પ્રસ્તુતમાં ધર્મના સિદ્ધાંતો, વિધિનિષેધો અને તે અંગે ચાલતાં કર્મકાંડો સમજવાનો છે. કાળે કાળે મનન ચિંતન દ્વારા ધર્મને સાફ કરવો જરૂરી છે. લોકો તો એવું મનન ચિંતન કરી શકતા નથી. એ કામ ધર્મની રખેવાળ સંસ્થાઓનું છે. એ સંસ્થાઓ મનન ચિંતન કરતી અટકી જાય છે અને જડપ્રવાહમાં વહેવા લાગે છે, ત્યારે ધર્મને નામે ઘણે અંશે અધર્મ ચાલવા લાગે છે અને લોકો પણ ધર્મના એ અધર્મરૂપને માન આપવા લાગે છે. ધર્મના દરેક પ્રવર્તકે કાળે કાળે ધર્મમાં પરિવર્તન ઉપર ખાસ ભાર મુકેલ છે. પણ રખેવાળ સંસ્થાઓને એ વાત સુઝતી નથી અને તેઓ લોકોના અજ્ઞાનનો લાભ લઈ, જેમ અંગ્રેજી રાજ્યે હિંદ દેશના ખરા સંસ્કારોને જડમૂળથી ઉખેડી નાખવાનો ઉદ્દેશ રાખેલો તેમ, એ સંસ્થા પોતાનાં આરામ, પ્રતિષ્ઠા, ગાદી અને સ્વચ્છંદને ટકાવી રાખવા માટે ધર્મનું શુદ્ધ વ્યવહારુરૂપ ન પ્રવર્તાવતા, લોકોને આડે પાટે ચડાવી દે છે અને પરલોકનો હાઉ બતાવી અજ્ઞાન પ્રજાને પ્રત્યક્ષ જીવનથી વિમુખ બનાવી પરલોકના ભાતા માટે સાબદી કરવા પ્રેરતા રહે છે. આવી બધી ધર્મને નામે ચાલતી પરિસ્થિતિ જોઈને ઘણા વિચારકો એ સ્થિતિમાં સંશોધન કરવા માટે પ્રયત્ન કરવાનું વિચારે છે અને ઘણી વાર તો મરણને હાથમાં લઈને પણ એ ઉદ્ધારકો રખેવાળ જડ સંસ્થાઓની અસલ સ્થિતિ ખુલ્લી પાડી ધર્મનું નિર્મળરૂપ લોકો સામે જાહેર કરવા કમ્મર કસતા હોય છે. એવા સંશોધકો અને સુધારકો દરેક દેશમાં પેદા થયેલા છે. ગુજરાતમાં થયેલો મહારાજ લાઈબલ કેસ આ વાતનું સચોટ ઉદાહરણ છે.

પંડિત દરબારીલાલજી જૈન ન્યાયશાસ્ત્ર સાથે જૈન ધર્મના ઊંડા અભ્યાસી છે, ભારે ચતુર અને તર્કપ્રધાન બુદ્ધિમાન છે. તેઓ દિગંબર જૈન સંપ્રદાયના અનુયાયી હતા. જ્યારે તેઓ અભ્યાસ કરતા હતા ત્યારે સ્વ. પં. શ્રી નાથુરામ પ્રેમીજીએ એવી આશા વ્યક્ત કરેલી કે દિગંબર જૈન પરંપરામાં ધર્મને નામે જે અનેક પ્રકારની અંધાધુંધી ચાલી રહેલ છે તેને પડકાર આપે એવો એક પંડિત તૈયાર થઈ રહ્યો છે અને શરૂ શરૂમાં પંડિત દરબારીલાલજીનાં પ્રવચનો તથા લખાણો દ્વારા એ આશા સફળ થશે એમ ઘણા લોકોને લાગેલું. પણ તેમના દ્વારા દિગંબર જૈન સમાજના એ દિવંગત તટસ્થ પ્રેમીજીની આશા સફળ થઈ ન શકી, જો કે પંડિત દરબારીલાલજીને જૈન ધર્મની વર્તમાન પરિસ્થિતિ જોઈને ઘણું જ દુઃખ થયેલ છે. તેમણે છાપેલ 'સત્યાર પ્રાર્થના' પુસ્તકમાં ૩૪ મેં પાને જણાવેલ છે કે:–

અંતસ્તલમેં અમીત વેદના વાણીમેં અતિ પુણ્યપ્રકોપ।
જીવનમેં સ્વાયત્ત નિરીક્ષણ મંગલતીક્ષ્ણ કલમકી નોક॥

આ જાતની મનોવૃત્તિ પંડીત દરબારીલાલજીની ખરેખર છે એમાં સંદેહ નથી, પણ ધર્મના કે જૈન ધર્મના સંશોધન, સંરક્ષણ અને સાત્ત્વિક શુદ્ધ સંસ્થાપન માટે એમણે જે માર્ગ અપનાવેલ છે અને એ અંગે જે 'સત્યાર પ્રાર્થના' નામનું પુસ્તક પ્રકાશિત કરેલ છે તે અંગે અમે સંમત થઈ શકતા નથી. એ દષ્ટિથી જ એમના એ પુસ્તકનું અહીં સમાલોચન કરવા ધારીએ છીએ.

સૌથી પ્રથમ વાત તો એ છે કે ધર્મના સંશોધકે પોતાના નામમાં કે બીજી બીજી પરિસ્થિતિમાં ભેદ કરી લોકોથી જુદા પડવાની જરૂર હોતી નથી. ખરી રીતે તો એ, લોકોમાં ભળી જઈ, એકરસ બની, લોકોની સેવા કરી, તેમની સામે ધર્મનું વ્યવહારુ આચરણ કરી બતાવી, ધર્મનું ખરું રૂપ પ્રત્યક્ષ કરી બતાવે છે, જેમ હમણાં જ પૂ. શ્રી ગાંધીજી કરી ગયા. આને બદલે પંડિતજીએ પોતાનું મૂળ નામ બદલી નવું નામ 'સ્વામી સત્યભક્ત' પ્રચલિત કર્યું એ ઘણી વિલક્ષણ વાત છે અને એ નામ સાથે જે 'સ્વામી' વિશેષણ લગાડયું એ વળી સ્વામિતાનું સૂચક વિશેષણ જૂના આચાર્યોની કે મઠપતિઓની ગાદીનું સૂચક જેવું લાગે છે. ધર્મસંશોધક તો ધર્મનો અને સાથે સાથે લોકોનો સેવક હોય તો જ તે પોતાનું કાર્ય કરી શકે છે, પણ સ્વામી બન્યા પછી તો તે ગોસ્વામી જેવો પણ કદાચ ન બની જાય? આ પુસ્તકમાં જ પંડિતજીએ લખેલ છે કે:

સબ રંગ રહેં ઈસ જીવન મેં, પર પાપ ન મનમેં આ પાવે।
સબ ખેલ રહેં ઈસ જીવન મેં પર પાપ ન મનમેં આ પાવે॥

જ્યાં જીવનમાં સબ રંગ રહેવાની અને સબ ખેલ કરવાની કલ્પના હોય ત્યાં પછી 'પાપ ન મનમેં આ પાવે' એ વાત માત્ર શબ્દમાં જ રહી જાય છે. આવા શબ્દો ઘણી વાર લોકોને આડે માર્ગે દોરી ન શકે એમ ન કહી શકાય. પંડિતજીએ એક તો પોતાનું નામ બદલી 'સ્વામી સત્યભકત' થવાનું પસંદ કર્યું તો શું તેઓ આ પોતાની મૂળ અવસ્થામાં સત્યભકત ન હતા? કદાચ તે વખતે લોકોના 'સ્વામી' ન બન્યા હોય એમ બને, છતાં તેઓ પોતાના અને પોતાના પરિવારના તો 'સ્વામી' નહોતા શું?

બીજું આ પુસ્તકમાં ૩૪ મા પાના પછી પંડિતજીનું એક ચિત્ર છે, જે વિશેષ વિલક્ષણ છે. માથું ઉઘાડું છે અને પગથી ડોક સુધીનું શરીર કપડાંથી ઢાંકેલ છે. જમણો હાથ ભગવાન બુદ્ધની જેમ અભયમુદ્રાનો સૂચક હોય એ રીતે ગોઠવેલ છે અને ડાબો હાથ ડાબા ગોઠણ ઉપર ઊંધો રાખેલ દેખાડયો છે. કેમ જાણે કોઈ આ તખ્ત જગતને અભય કરવાનો ડોળ કરતો હોય એવી પંડિતજીની મુદ્રા ચિત્રમાં ગોઠવેલ છે. ત્રીજું તેમના 'સત્યાર' નામના મઠનો જે પ્રાર્થનામંત્ર છે તે હિંદુસ્તાનની કોઈ લોકભાષામાં રચાયેલ નથી, પણ પંડિતજીએ પોતે જે એક નવી જ ભાષા પેદા કરેલ છે તેમાં રજુ કરેલ છે. આમ તો પંડિજીએ 'સત્યાર' મઠની સ્થાપના જે એકતા માટે કરેલ છે તે વાત ખંડિત થઈ જાય છે. કારણ કે નામભેદ, વેશભેદ અને નવો ભાષાભેદ ઉત્પન્ન કરીને પંડિતજી જાણ્યેઅજાણ્યે ભેદને પોષણ આપવા જેવું નવું કામ કરી રહેલ જણાય છે. પંડિતજીની એવી કલ્પના છે કે સત્યની તથા અહિંસાની પાષાણમય મૂર્તિ બનાવવાથી સત્યનો તથા અહિંસાનો વિશેષ પ્રચાર થઈ શકે છે અને આ ઉપરાંત હિંદુસ્તાનમાં પેદા થયેલા અને બહારથી આવીને સ્થાયી થયેલા તે તે ધર્મના દેવોની પાષાણમય મૂર્તિઓ એકસાથે રાખવાથી ધર્મમાં એકતા આવી શકે છે અને લોકો બધા સમદર્શી યા સંપીલા બની શકે છે. જો આ રીતે વિવિધ મૂર્તિઓનો શંભુમેળો કરવાથી લોકોમાં વાસ્તવિક ધર્મની સમજ અને માનસિક એકતા આવી શકતી હોત તો પૂર્વના ધર્મસુધારકોને વા નવા ધર્મસંશોધકોને ધર્મસુધારણા તથા સંશોધન માટે જે અથાગ શ્રમ કરવો પડયો તે કદાપિ કરવાની જરૂર ન રહેત. જૈન દષ્ટિએ ધર્મનું સંશોધન કરનાર ભગવાન મહાવીરે કેટલો બધો અસાધારણ પ્રયત્ન કરેલ છે અને ક્ષમા વગેરે

ગુણો કેળવવા કેવા કેવા પ્રતિકૂળ સંયોગોમાં જાણી જોઈને તેમને જવું પડયું હતું અને વર્તમાન ધર્મસુધારક તથા ધર્મસંશોધક પૂ. ગાંધીજીની તો જીવનચર્યા સૌને સુદિવિદિત જ છે. તેમાં એમણે નૌઆખલી જેવા વિશેષ પ્રતિકૂળ પ્રદેશમાં જઈને અહિસાની જે આરાધના કરેલ છે તે તો બેજોડ છે એમ કહેવામાં જરાય અત્યુકિત નથી. તથા એક કુષ્ટીની સારવાર પોતે જાતે અને પોતાને હાથે કરીને સાચા સુધારક અને સંશોધકનો અસાધારણ આદર્શ આપણી સામે ઊભો કરેલ છે. આ હકીકત પં. દરબારીલાલજી સારી રીતે જાણે છે, સમજે છે, છતાં તેમના જેવા બુદ્ધિમાન પુરુષને આવો જુદો મઠ તે પણ સત્ય અને અહિંસાની શુદ્ધ સ્થાપના માટે બનાવવાનું સૂઝયું એ એક રીતે એમની બુદ્ધિમત્તા તથા તાર્કિકતાને ભારે પડકાર રૂપ નથી? કેવળ સત્યની રક્ષા માટે જ સૉક્રેટીસે ઝેરનો પ્યાલો પીવાને બદલે પોતાના વતનમાં એક દેવળ બાંધીને તેમાં સત્યની મૂર્તિ કે વિશેષ જુદી જુદી મૂર્તિઓ સ્થાપી હોત અને તે રોજ ચંદનપુષ્પાદિ દ્વારા તે મૂર્તિની પૂજા કરતો રહ્યો હોત, તે મંદિરમાં ઘંટા વગાડતો રહ્યો હોત અને સત્યની મૂર્તિની આરતીઓ જ ઊતારતો રહ્યો હોત તો સત્યની આરાધના થાત ખરી? પંડિતજીએ મઠ તો સ્થાપ્યો, પણ તેમાં સત્યેશની અને મમ્મેશી એટલે અહિસાની મૂર્તિઓ બનાવી, તેની જુદી જુદી મુદ્રા બતાવી. તેટલા માત્રથી પંડિત શું એમ સમજતા હશે કે સત્યને પરમેશ્વરનું નામ આપવાથી અને અહિસાને બદલે જેને કોઈ સમજી ન શકે એવા નવો 'મમ્મેશી' શબ્દ વાપરવાથી સત્ય અને અહિસાનું પોતાના મનમાં અને લોકોના મનમાં અવતરણ થઈ જશે? પંડિતજી ભારે ચતુર છે, તાર્કિક છે, છતાં તેઓ આ રસ્તે ફંટાયા છે તેથી એવી કલ્પનાને અવકાશ મળવાનો સંભવ છે કે તેમણે પોતાના નામ સાથે જોડેલો 'સ્વામી' શબ્દ કદાચ સાર્થિક કરવો હોય? અને જેમ બીજા પુરોહિતો અને પંડાઓ લોકોના અજ્ઞાનનો લાભ લઈ લોકોના સ્વામી બની રહેલ છે તેમ પંડિતજીને પણ તેમ કરવામાં કદાચ મજા આવતી હોય એમ કેમ ન બને? આ પુસ્તકમાં પહેલું જ પાનું દસ ચિત્રવાળું છે, જેમાં વચ્ચે સત્યદાદાની મૂર્તિ છે અને એની પડખે જ મમ્મેશીની મૂર્તિ છે. મૂર્તિ મમ્મેશીની છે, છતાં તેના ડાબા હાથમાં ગદા આપવામાં આવેલ છે. આ ચિત્ર ઉપરથી પંડિતજીના જ મનમાં પોતે કલ્પેલી મમ્મેશી ઉપર વિશ્વાસ છે કે તેના હાથમાં આપેલ ગદા ઉપર વિશ્વાસ છે? અહિસાના ભૂતપૂર્વ સાધકે અને વર્તમાન સાધકે કોઈએ અહિસાના આરાધન સાથે ગદાનું પણ આરાધન કર્યું હોય તેવું આજ સુધી જાણ્યું નથી. આ તો અહિસા ઉપરના અવિશ્વાસ જેવું ચિત્ર છે અને મમ્મેશી અને ગદા એ બન્ને એકદમ વિરોધી વસ્તુ છે, છતાં અહિસાની વાસ્તવિક સ્થાપના માટે પંડિતજીને ગદાની પણ જરૂરી કેમ પડી એ જરાય સમજમાં આવતું નથી. જો કે પંડિતજીએ આ અંગે એવો ખુલાસો કરેલ છે કે સુખશાંતિ બઢાનેવાલા કાર્ય વિના શકિત કે નહીં હોતા. 'ઈસલિયે શકિતશાલી ભી બનો" પંડિતજીનો આ ખુલાસો એમ જણાવે છે કે અહિસાની પોતાની જ શકિતનો આ ખુલાસા લખનારને ખ્યાલ નથી. અહિસા પોતે એક પ્રચંડ શકિતનો ઝરો છે. તેની સામે કોઈ પણ સુખશાંતિબાધક બીજી શકિત ટકી શકતી નથી, માત્ર અહિસાની શકિતમાં પૂરો વિશ્વાસ અને તેનું પૂરું આચરણ હોવું જોઈએ. આપણે સૌએ હજી હમણાં જ પ્રત્યક્ષ કરેલ છે કે અહિસાની શકિત સામે શસ્ત્રો નકામાં જાય છે. આ બે મૂર્તિઓ વચ્ચે રાખી, સત્યેશની બાજુમાં જ જમણા હાથ તરફ ચાલુ કલ્પના પ્રમાણે કૃષ્ણની, બુદ્ધની અને ઈસામસીહની મૂર્તિઓ છે અને મમ્મેશીની બાજુમાં ડાબા હાથ તરફ રામની, મહાવીરની અને જરથુસ્તની મૂર્તિઓ છે. ઈસ્લામની સૂચક કોઈ મૂર્તિ હાલમાં નથી રાખી, પણ મક્કા મદીનાનાં ચિત્રોથી કામ ચલાવેલ છે. પણ પંડિતજીની ઈચ્છા છે કે થોડા સમય પછી તેઓ પોતાના સત્યારમઠમાં પેગંબર મહમ્મદ સાહેબની પણ મૂર્તિ બેસારવાના છે અને વિશેષમાં પંડિતજી એવી પણ ઈચ્છા રાખે છે કે આવા સત્યાર મઠ ઘણે સ્થળે સ્થપાયેલા છે તેમ બીજે પણ અનેક સ્થળોએ સ્થપાવા જોઈએ. આમ અનેક મૂર્તિઓનો શંભુમેળો કરવાથી સત્યની, અહિસાની, એકતાની અને સર્વધર્મસમભાવની પ્રસ્થાપના કેમ કરીને થઈ શકશે? આ પુસ્તકમાં એ ચિત્રો અને મૂર્તિઓ ઉપરાંત પોતાના સત્યારમઠની સ્તુતિ, સત્યેશની આરતી, મમ્મેશીની સ્તુતિ, પીહર સત્યાર વગેરે કવિતાઓ ભજનઢબની આપેલી છે. આમ આ આરતી વગેરે આજ સુધી ઘણાં ચાલતાં રહ્યાં છતાં સત્ય અને અહિસા વગેરેનું અવતરણ માણસના મનમાં વાસ્તવિક રીતે બરાબર નથી થયું, તો પછી આ નવી આરતી વગેરેથી શી રીતે થશે એ જ સમજાતું નથી. આ પુસ્તકમાં છેલ્લે છેલ્લે પંડિતજીના એક પ્રેમી ગૃહસ્થે રચેલી સત્યભકત પ્રશસ્તિ તથા દેવદરબાર નામની કવિતાઓ પણ છપાયેલ છે. પંડિતજીના આ સત્યારમઠને લીધે બીજું કાંઈ સફળ થાય કે ન થાય, પણ સ્વામી સત્યભકતની પ્રશસ્તિ અને પં. દરબારીલાલજીના નામનો દેવદરબાર એ જરૂર સફળ થવાનો. અમને લાગે છે કે પંડિતજીની તીવ્ર તર્કશકિત ગુંચવાડામાં પડી જઈ છેવટે આ ઈદં તૃતીયં ઉપજાવવામાં કામ આવી, એ ધર્મના સંશોધનની દષ્ટિએ ભારે કમનસીબીની વાત ગણાવી જોઈએ. એમણે એટલે પંડિત દરબારીલાલજીએ જે નવી ભાષા, તેના નવા શબ્દો અને ક્રિયાપદો તથા તેના પ્રત્યયો વગેરેની જે કોઈના પણ ધ્યાનમાં ન આવે એવી અદ્‌ભુત કલ્પના ઊભી કરી તેની એક ખાસ ચોપડી પણ છપાવેલ છે અને તે પોતે કલ્પેલી ભાષાનું નામ 'માનવભાષા' આપવા સુધીની ધૃષ્ટતા કરેલ છે. આ ધૃષ્ટતા સાથે પંડિતજીએ એકવાર રાષ્ટ્રપતિપદ માટે કરેલી ઉમેદવારીની પણ તેમની અસાધારણ ધૃષ્ટતા સરખાવવા જેવી છે. કયાં સત્ય અને અહિસાની વાસ્તવિક સ્થાપનાની તાલાવેલી અને કયાં આ રાષ્ટ્રપતિપદની ઝંખના? આ ભારે વિષમતા અને એની સાથે પોતાનો સત્યેશ અને મમ્મેશીની મૂર્તિવાળો આ સત્યારમઠ-આ બધું બખડજંતર જેવું એકબીજા સાથે અસંગત છે એમ અમને તો દેખાય છે. પણ આ અજ્ઞાનપ્રધાન દેશમાં શું શું વિચિત્ર ચાલ્યું નથી અને ચાલતું પણ નથી? પંડિતજીએ કલ્પેલી નવી માનવભાષાના નમૂનારૂપ થોડા શબ્દો વગેરે આપી આ અવલોકન પુરું કરીએ.

| શબ્દ | અર્થ |
|---|---|
| મમ્મેશી | — અહિસા |
| (ધાતુ) અમ્ભ | — શ્રદ્ધાપૂર્વક આજ્ઞા ઉપદેશ માનના 'અમ્ભ' ઉપરથી 'અમ્ભલ' ક્રિયાપદ |
| પુમ | — સભી |

(ધાતુ) અંક — વિવેક કરના : 'અંક' ઉપરથી 'અંકલ' ક્રિયાપદ.

ઉપર આપેલા શબ્દો એમના સત્યારમઠના મંત્રમાં વપરાયેલા છે. આ ઉપરાંત તેમણે કલ્પેલી વિચિત્ર ભાષાના વાકયના નમૂના આ પ્રમાણે છે:—

१ अंको मानोगे असल— विवक मनुष्यता है।

२ पुम धर्मो के मिम्म— सब धर्मोंका मूल है।

३ चुम अंकोरो डानसू— जिसने बिवक पा लिया।

४ जुम मिकलू बोधिम्म— वह विद्वानोका शिरोमणि बन गया।

અંતમાં અમે પંડિતજીને એક નમ્ર વિનંતિ કરી લઈએ કે તેઓ આ રાજકારણની ખુરશી જેવા ફંદામાંથી નીકળી જવા પ્રયત્ન કરે અને સત્યધર્મના સંશોધન માટે પુરુષાર્થ કરવા સાવધાન થાય. જો કે મોડું તો ઘણું થઈ ગયું છે પણ 'જાગ્યા ત્યાંથી સવાર'

અહીં પંડિતજીએ ઉપજાવેલી નવી ભાષા અને તેના શબ્દો વિશે જે કાંઈ લખ્યું છે તે તેમની 'માનવભાષા' નામની તેમણે જ રચેલી અને છપાયેલી ચોપડીને આધારે લખેલું છે. એ પુસ્તકમાં '૧૭-૬-૪૭ વર્ધા' એમ છાપીને એનો સમય બતાવેલ છે.

બેચરદાસ જીવરાજ દોશી

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ—૪.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ—૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૧૯

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧ ૧૯૭૦, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## मेरे जीवन के शिल्पकार : મારા જીવનના ઘડનારાં

(શ્રી વિમલાબહેન ઠકારથી પ્રબુદ્ધ જીવનના વાચકો સુપરિચિત છે. તેઓ અઢી વર્ષ પહેલાં કૈલાસ પર્વત સમીપ આવેલા નારાયણ આશ્રમ ગયેલા. તે દિવસો દરમિયાન આ તેમના જીવન–સ્મરણો તેમણે અક્ષરબદ્ધ કરેલાં. તેમના અપૂર્વ વ્યકિતત્વના ઘડતરમાં તેમના નાના (બાના બાપુજી) અને માતાપિતાથી માંડીને અનેક સન્ત મહન્તોએ તેમ જ ભિન્ન ભિન્ન વ્યકિતઓએ શું ભાગ ભજવ્યો છે તેનો આ સ્મરણનોંધોમાંથી આપણને સુરેખ ખ્યાલ મળે છે. આશા રાખું છું કે પ્રબુદ્ધ જીવનના વાચકોને પાઠ્યપુસ્તકોના પાઠો જેવી આ સ્મરણનોંધો પ્રેરક અને પ્રબોધક નીવડશે. પરમાનંદ)

### १. मोरे मन बस गये सीताराम ।

ગુરૂઓ, સંતો અને સજજનોએ મળીને મારૂં જીવન ઘડયું છે. મારે તો કાંઈપણ કરવાકારવવાનું રહ્યું જ નથી. જીવન ઘડાતું ગયું તે હું જોતી જ રહી. મારૂં આ નિવેદન કયાંથી શરૂ કરૂં તેની સૂઝ પડતી નથી.

બચપણનાં સંસ્મરણો જેટલા યાદ છે તેમાં સૌપ્રથમ યાદ આવે છે મારી બાના બાપુજી - મારાં દાદાનું જવલંત વ્યકિતત્વ, જેની સાથે મારા જીવનના પહેલાં ૫-૬ વર્ષ જોડાયેલાં છે. સૌમ્ય અને સ્નિગ્ધ વાણી, વિનમ્ર અને મધુર વ્યવહાર, પ્રેમાળ દૃષ્ટિ, ઈશ્વર-નિષ્ઠા અને આત્મનિષ્ઠાથી ઝળહળતું વ્યકિતત્વ–એમની શી શી વિશિષ્ઠતાઓનું વર્ણન કરૂં ? મારાં નાના - બાના બાપુજી-પહેલાં જ સંતપુરુષ હતાં કે જેમની પાસેથી મેં જાણ્યું કે ઈશ્વર કોઈ સિદ્ધાંત નથી, તત્ત્વ નથી; એ તો છે જીવનનું સનાતન સ્પંદન, એ જ સ્પંદન-માં જીવન જીવી શકાય છે. અરે, એ વિશુદ્ધ સ્પંદનની અનુભૂતિ જ જીવન છે. આ અનુભૂતિ વગરનું જીવન જીવવું એ તો નરી શબ-યાત્રા છે. જયારે આવું ભાન થયું ત્યારે મારી ઉંમર પાંચ વર્ષની થઈ ચૂકી હતી.

આજે પણ કાનમાં ગૂંજે છે નીચેની પંકિતઓ કે જે મારાં નાના તલ્લીન થઈને ગાયાં કરતાં હતાં.

सरयूके तीर अयोध्या नगरी
वहां बसत सिया लछमनराम
मोरे मन बन गयो सीताराम
सीताराम सीताराम सीताराम
मोरे मन बस गयो सीताराम

સરયૂના તીરે નગરી અયોધ્યા,
જયાં વસે છે રામ-લક્ષ્મણ સિયા,
મારે મન વસી ગયા સીતારામ.

*  *  *

### २. आत्मा वा अरे द्रष्टव्यः ।
### આત્મા, અરે, દેખાવા યોગ્ય છે

મારાં જીવન પર મારાં પિતાના જીવનની એક સચોટ છાપ પડી ગઈ છે. આવી પ્રખર બુદ્ધિનિષ્ઠા, સત્યની સાધના અને બ્રાહ્મણત્વને સાર્થક કરનારી નિઃસ્પૃહતા, ભાગ્યે જ કોઈનામાં જોવા મળી છે. વિદ્યાનું એમને વ્યસન છે. સ્વતંત્ર ચિન્તન એમનું શીલ છે; જીવનનો આધાર છે આત્મ પ્રત્યય.

જે તત્ત્વની પોતાને જાતે અનુભૂતિ થઈ ન હોય તેનો તેમણે કદી પણ ઉપદેશ આપ્યો નથી. એમની ચેતનાને જાતિભેદ, ધર્મભેદ, વર્ણભેદ કે વંશભેદ કદી પણ સ્પર્શી શકયાં નથી. એમની ભકિત માનવમાત્ર પ્રત્યે પ્રેમની અભિવ્યકિતના રૂપમાં વહેતી રહી છે. તેઓ કદી કોઈ મંદિરમાં ગયા નહિ, કોઈ સાધુસંત પાસે પણ ગયા નહિ. ભૌતિક અથવા આધ્યાત્મિક ચમત્કારોથી એ કદી પણ આકર્ષાયાં નહિ.

તેમ છતાં પણ માનવમાત્ર પ્રત્યે અભિજાત આત્મીયતાનું ઝરણ એમના જીવનમાંથી વહ્યાં કરે છે. અમને બધાંને એમણે શીખવ્યું કે "આત્મતત્ત્વ તમારી ભીતર મૌજુદ છે, ત્યાં શોધો. એ જ તમારો ગુરુ બનીને માર્ગદર્શન કરશે. બહાર ગુરુ શોધવાની જરૂર નથી."

ઉપનિષદો પ્રત્યેનો પ્રેમ એમણે જગાડયો. સ્વામી રામતીર્થ અને વિવેકાનંદનો પરિચય બાપુએ કરાવ્યો. યોગવાસિષ્ઠ, દાસબોધ, એકનાથી ભાગવત, ને ભગવદ્‌ગીતાથી માંડીને કુરાન તથા બાઈબલ સુધીનો પરિચય પણ એમણે જ કરાવ્યો.

એમના શબ્દો યાદ આવતાં રહે છે :

"आत्मा वा अरे दृष्टव्यः श्रोतव्य :
मंतव्य : निदिध्यासितव्य :।

*  *  *

### ३. तुम अकेली नहीं हो ।

મારી મા એક અદ્‌ભૂત વ્યકિત છે. માતૃત્વને ગૌરવવંતું બનાવ-નારી એ પ્રતિભાશાળી નારી પ્રત્યે મસ્તક સહજપણે ઝૂકી જાય છે એનું જીવન શુભપ્રવૃત્તિઓના ઝરણા જેવું છે. એના રોમેરોમમાં નિર્ભયતા છવાયેલી છે. સેવાપરાયણ જીવન એનું શીલ છે. એનું કડક શિસ્તપાલન બચપણમાં કઠતું હતું પણ આજે એનું મહત્ત્વ સમજાય છે. સૌથી વધારે મહત્ત્વનું વરદાન મા પાસેથી એ મળ્યું કે ઈશ્વરનિષ્ઠ મનુષ્ય કદી એકલો હોતો જ નથી. એની નિષ્ઠાનાં કિરણો સંસારની બધી શુભ શકિતઓને આકર્ષે છે અને એના રક્ષણ માટે અનંત રૂપોથી વહે છે.

સન ૧૯૫૧ માં જાગતિક યુવક પરિષદમાં ભાગ લેવા અમેરિકા જવું હતું. મધ્યમવર્ગના સામાન્ય કુટુંબની એક નાના શહેરમાં ઉછરેલી છોકરીને એકાએક ઈન્દ્રપુરી જવાનું થયું. જેમ જેમ જવાનો દિવસ નજીક આવતો ગયો તેમ તેમ મારા દિલમાં ગભરાટ વધતો ગયો. ગળું સૂકાઈ જવા લાગ્યું. જંગલોમાં, પહાડોની ઘાંટીઓમાં

હું સદા નિર્ભયપણે ભમું છું, પણ મનુષ્યસમાજમાં હરતાંફરતાં ગળું સુકાઈ જાય છે, વાણી રુંધાઈ જાય છે, આંખો ઝૂકી પડે છે, શરીરમાં કંપારી છૂટે છે.

એક દિવસ માએ કહ્યું, "તું એકલી તો નથી, ગભરાય છે કેમ?"

મેં આશ્ચર્ય સાથે પૂછયું: "એકલી નથી? તો ...."

માએ કહ્યું, "ઈશ્વરનિષ્ઠ વ્યકિત એકલી હોતી જ નથી, ઈશ્વર પોતે જ એની સાથે થઈ જાય છે."

બીજી પણ એક મૌલિક વાત એણે મને કરી હતી: "આપણા પોતાના હૃદયમાં ભોગવાસના ન હોય તો કોઈપણ પુરુષમાં આપણા પ્રત્યે ખરાબ નજરે જોવાની લાલસા પેદા થતી જ નથી. અપણી પોતાની વાસના જ સામેવાળાની આંખોમાં લાલસા બનીને ભભૂકી ઊઠે છે. નિર્મળ ચિત્ત અને ઈશ્વરનિષ્ઠા રૂપી પાંખો વડે ઊડીને સંસારમાં વિચરો. જા, તું સર્વત્ર, સર્વથા સદૈવ સુરક્ષિત જ રહેશે."

આ વાતને ૧૬ વર્ષ વીતી ગયાં છે. માના શબ્દોની સચ્ચાઈ જીવનમાં પુરવાર થઈ ચૂકી છે. દેશપરદેશમાં ફરવાનું રહ્યાં કર્યું ને અજાણ્યા પ્રદેશોમાં અજાણ્યા લોકો સાથે રહેવાનું બન્યું ત્યારે પ્રતીતિ થઈ કે સાચેસાચ હું એકલી છું જ નહીં. નિરવ એકાંતમાં પણ મને કદી એકલાપણું લાગ્યું નથી.

માનું આ વરદાન જીવનની અમૂલ્ય મૂડી છે.

* * *

## ૪. जय जय रामकृष्ण हरि ।

લગભગ બાર - તેર વર્ષની મારી ઉંમર હતી. બાજુમાં રાવસાહેબ ડોંગરેના ઘેર પંઢરપુરથી શ્રી દાસગણુ મહારાજ આવ્યાં હતાં. એક વિશાળ મંડપમાં એમની કીર્તનસભાની ગોઠવણ થઈ હતી. સાત દિવસ સુધી સંત જ્ઞાનેશ્વરના અમૃતાનુભવ ગ્રંથ પર આધારિત કીર્તન–પ્રવચન ચાલ્યાં. હું દરરોજ સભામાં જઈને બેસતી હતી.

શ્રી દાસગણુ મહારાજનો મધુર અવાજ, ઝાંઝ વગાડનારાંઓની રમઝટ, મૃદંગનો ગહન ગંભીર બોલ, કે તાનપુરાંના તારોની ઝંકાર - એમાંથી કોઈ પણ ચીજમાં મારું મન ઠરતું ન હતું. પણ "જય જય રામકૃષ્ણ હરિ"નું સંકીર્તન શરૂ થતાની સાથે જ ચિત્તમંડપ છોડીને કોઈ ઘેરા ઊંડાણમાં મારું મન ગોથા ખાવા લાગ્યું. ન તો રામની છબીમાં મન રમતું કે ન તો કૃષ્ણની મોહક છબીમાં ચિત્ત ચોટતું. નામ અને રૂપને છોડીને દોડવાની મારાં પ્રાણોની આ આદત કેમ અને કયારે શરૂ થઈ તેની આજે પણ મને ખબર નથી. અમૃતાનુભવ ગ્રંથ પણ અત્યંત પ્રિય ગ્રંથ બન્યો છે.

જયારે "सर्व शून्यांचा निष्कर्ष" આ પરમતત્વના વર્ણન વિષે સાંભળતી ત્યારે સમસ્ત પ્રાણ જાણે કોઈ ગૂઢ પ્રસાદની અનુભૂતિથી સ્પંદિત થઈ ઊઠતો શિવશકિતસમાવેશન પ્રકરણ તથા જીવનમુક્તદશાકથન પ્રકરણ સાંભળતી વખતે અદ્ભૂત પ્રસાદરસથી રોમેરોમમાં જે પ્રસન્નતા છવાઈ જતી તેનું વર્ણન કેવી રીતે કરું? આજે પણ એ તૃપ્તિને શબ્દોમાં ગૂંથવી શકય નથી.

શ્રી દાસગણુ મહારાજના કીર્તન સપ્તાહથી અંતર આનંદથી ભરાઈ ગયું. જીવનમાં સુખદુ:ખના પ્રસંગો બન્યાં નથી એવું નથી, શારીરિક કે માનસિક દુ:ખ આપનારાં પ્રસંગો પણ નથી બન્યાં એવું નથી. સમાજની વચ્ચે રહેતાં રહેતાં દરેક જાતનાં અનુભવો થયાં. માન અપમાનના પ્રસંગો પણ બન્યાં. આસકિત તેમ જ ઉપેક્ષાભાવથી મને ઘેરી લેવાના પ્રયત્નો પણ થયાં. દરેક અનુભવમાં હું સભાન ને જાગૃત રહી. આ રીતે સજગ રહેવાનું બળ મને બાલ્યાવસ્થામાં પ્રાપ્ત થયું હશે કે જ્યારે વડીલો પાસેથી પરમમંગળ ચિત્તસત્તાનું નિરુપણ સાંભળ્યું હશે.

આજે પણ 'જય જય રામકૃષ્ણ હરિ' ની ઘોષણા કાન પર પડે છે તો તે ચેતનાની અતળ ઊંડાણમાં લઈ જાય છે, કે જ્યાં "सर्व शून्योंके निष्कर्ष" માં સમરસતા પ્રાપ્ત થાય છે.

* * *

## ૫. पलभरमें ईश्वरदर्शन

મધ્યપ્રદેશમાં મંડલા શહેરથી ૪-૫ માઈલ દૂર હનુમાનઘાટ છે. નર્મદાના કિનારે આ અત્યંત રમણીય સ્થાન છે. આ ઘાટ પર સ્વામી શ્રી સીતારામદાસ મહારાજનો નાનકડો આશ્રમ છે. એમનો એક આશ્રમ રામટેક પહાડ પર ખાક્ચૌકમાં છે. સ્વામીજી હઠયોગના એક મહાન અધિકારી હોવા ઉપરાંત પોતે એક મહાન ભકત છે. સાંભળવાપ્રમાણે આજે એમની ઉંમર ૧૫૬ વર્ષની છે. એ જે હોય તે, એમની પાસેથી એક મૌલિક વાત શીખવા મળી.

ચોક્કસ યાદ નથી આવતું કે આ બનાવ કયાં અને કયારે બન્યો હતો. ચારપાંચ બહેનપણીઓ સાથે સ્વામીજીની પાસે બેઠી હતી. અચાનક સ્વામીજીએ પૂછયું, "જાણો છો, ઈશ્વરદર્શન માટે કેટલો સમય લાગે છે?" અમારામાંથી કોઈએ કહ્યું, "કેટલાંયે જન્મો લાગી જાય છે." સ્વામીજી ધીમું હસીને બોલ્યા. "પળમાત્રમાં ઈશ્વર–દર્શન થઈ શકે છે. પરંતુ આંખ ખોલવા જ કોઈ તૈયાર હોતું નથી. આંખ ખોલવાનો અર્થ જ તન અને મનને શુદ્ધ રાખવાં. શુદ્ધિની નજરથી જ પ્રભુનું દર્શન થઈ શકે છે."

"ઈશ્વરને ચર્મચક્ષુથી કેવી રીતે જોઈ શકશો? યોગાભ્યાસથી શરીરની શુદ્ધિ અને પ્રેમરૂપી જળથી મનની શુદ્ધિ - બંને સાધો.

"હઠયોગ સાધવાનું હું કહેતો નથી, એની જરૂર નથી, આહાર-વિહારમાં નિયમિત રહો અને સંયમી રહો. થોડાંક આસન પ્રાણાયામ વગેરે શીખો. પછી જુવો શરીર કેવું સ્વસ્થ અને સુંદર રહે છે.

"જે પરમમંગળ પ્રભુએ સંસાર બનાવ્યો તેના પ્રત્યે પ્રેમ થઈ જાય તો વિષયોમાં રાગ પેદા જ નહીં થાય."

મને સ્વામીજીના સુમધુર શબ્દો બહુ ગમ્યાં. શુદ્ધિ જ દષ્ટિ છે, શુદ્ધિ જ શકિત છે; અશુદ્ધિ અશકિત છે. તન અને મનની નિર્મળતા એ ધર્મ છે. અશુદ્ધિ અધર્મ છે.

જયારથી સ્વામીજીએ રહસ્ય સમજાવ્યું ત્યારથી લક્ષ ઈશ્વરદર્શન ન રહ્યું, લક્ષ રહ્યું અંતરની શુદ્ધિ તરફ, શરીરની સ્વસ્થતા અને મનની નિર્મળતાની તરફ. હવે સમજાય છે કે મનના સહજ મૌનમાં નિર્મળતા છે. મૌનમાં પ્રભુદર્શનની આકાંક્ષા પણ વિલીન થઈ જાય છે. કેમકે મૌનમાં પરમતત્ત્વ સ્વયં વિરાજમાન છે. શાંતિ એનો પ્રકાશ છે. પ્રેમ એની ઉષ્મા છે.

* * *

## ૬. પરમ આપ્તજન–રામભાઊ

આકોલાની સીતાબાઈ આર્ટ્સ કૉલેજના ત્રીજા વર્ષમાં હું અભ્યાસ કરતી હતી. શ્રી રામભાઊ મુરકુટે દર્શનશાસ્ત્ર શીખવતા હતા. પહેલા પરિચયમાં જ જાણ થઈ કે આચાર્યજી બીજા પ્રાધ્યાપકોથી ભિન્ન વ્યકિતત્વ ધરાવતાં હતાં. કસાયેલું સપ્રમાણ શરીર, વેધક આંખો, પ્રખર મુદ્રા, તીક્ષ્ણ અવાજ, અને અલિપ્ત તથા તટસ્થ વ્યવહાર! તેઓ જ્યારે શીખવતા હોય ત્યારે શબ્દેશબ્દમાં વિદ્વતા ઝળકી ઉઠતી.

એકવાર પ્રસંગવશાત્ એમને ઘેર જવાનું થયું. એમના ઓરડામાં પગ મૂકતાં જ કોઈ સાધના સ્થાનમાં આવી હોઉં એમ લાગ્યું. ખૂણામાં પાથરેલા મૃગચર્મ પર ભાઊ બેઠા હતા. બાજુના ગોખમાં શ્રી રામપંચાયતનની છબી હતી. ધૂપચંદનની સુગંધ હવામાં પ્રસરી ગઈ હતી. ભાઊ ઘણું કરીને એકનાથી ભાગવત વાંચી રહ્યા હતા.

આ નિષ્ઠાવાન પ્રાધ્યાપકમાં મેં એક પ્રેમાળ શિક્ષક, વિનમ્ર ભકત, નિ:સ્પૃહ સાધક અને કર્મઠ તપસ્વીના દર્શન કર્યાં. જેમ જેમ તેમનો પરિચય વધતો ગયો તેમ તેમ તેમના જીવનના અનેક પાસાઓ દેખાવા માંડયા. ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં અને નોકરીની મર્યાદાનો ખ્યાલ રાખીને પણ ભાઊની અંતરસાધના અબાધિત રીતે ચાલુ જ હતી. તેઓ કહેતાં: "ભકિત માત્ર પ્રભુને જ વિદિત હોવી જોઈએ, બીજાંઓને જો એની જાણ થાય તો ભકિત વ્યભિચારિણી કહેવાય. આત્માના અનુસંધાનનું પ્રદર્શન કેમ થઈ શકે? આત્મરતિનો આનંદ ગોપવવામાં જ છે."

સમય અને સંજોગ પ્રમાણે આવી પડેલા કર્તવ્યો વૈજ્ઞાનિક તટસ્થાપૂર્વક કરતા કરતા આંતરિક સાધના જીવતી રાખવાની કલા ભાઊના જીવનમાંથી શીખવા મળી. એ સંતના વત્સલ સ્નેહસિંચને મારા અંતરંગમાં જે શકિત વિકસીત થઈ અને મારામાં જે આત્મવિશ્વાસ પેદા થયો, તે અનંતની યાત્રામાં માર્ગદર્શક બની રહ્યો છે.

પરમ આપ્તજન ભાઊના ચરણોમાં સાદર અભિવાદન!

* * *

## ૭. "કોનું ધ્યાન કરી રહી છું?"

સંત તુકડોજી મહારાજનું નામ ન સાંભળ્યું હોય યા તેમના કામથી પરિચિત ન હોય એવી કોઈ શિક્ષિત વ્યકિત વિદર્ભમાં ભાગ્યે જ જોવા મળે. વિદર્ભની ભૂમિમાં આ રત્ન પેદા થયું. ગ્રામ્ય જનતાને માટે એમણે જે દિશાસૂચન કર્યું તે અત્યંત મહત્ત્વનું છે. ખંજરીના અદ્ભુત નાદ દ્વારા જનતાને પ્રભાવિત કરીને એમણે જીવનઉપયોગી શિક્ષણ વિશાળ પાયા પર આપ્યું. લગભગ ૪૦ વર્ષથી આ ખંજરી વાગતી રહી છે. શ્રી ગુરુદેવ સેવા મંડળ બન્યું. વ્યાયામ વિભાગ, શિક્ષણ વિભાગ, ખેતી વિભાગ, વૈદ્યકીય વિભાગ, વાચનાલય, પ્રાર્થના મંદિર, ભજન વિભાગ એવા અનેક વિભાગોમાં આશ્રમની પ્રવૃત્તિ ચાલી રહી છે. હજારો ગ્રામ્યજનો તાલીમ મેળવી ચૂકયાં છે.

શ્રી મહારાજ સાથે મારો પરિચય વિદ્યાર્થી અવસ્થામાં થયો. મારાં દાદી સાથે હું પહેલી વાર મહારાજશ્રીને મળવા ગઈ હતી. ભંડારા જીલ્લાના કોઈ નાના ગામમાં મળવાનું બન્યું. મેં નાનીને કહ્યું કે હું બહાર બેસી રહીશ, તમે જઈને દર્શન કરી આવો. કોઈને પગે પડવું, હાર પહેરાવવો, પ્રસાદ ખાવો - આવું બધું મારાથી થશે નહીં. નાની માની ગયાં અને દર્શન કરવા ગયા. મહારાજે એક સેવકને મોકલીને મને અંદર બોલાવી, પોતાની પાસે બેસાડી અને કહેવા લાગ્યા "અહીં માળા પહેરવાની કે ચરણસ્પર્શ કરવાની જરૂર નથી, પ્રભુદર્શનના લોભમાં અમે તો સંત સંન્યાસીઓનું એઠું પણ ખાધું છે, પણ તારે તેમ કરવાની જરૂર નથી." પ્રસન્ન થઈને મહારાજશ્રી સાથે વાત કરવા માંડી. એમણે મને વાતચીત દરમ્યાન પૂછયું, "તું કોનું ધ્યાન કરે છે?"

મેં કહ્યું: "શ્રીરામનું."

એમણે પૂછયું "કયા રામનું?"

મેં કહ્યું: "મારી પાસે એક રામની તસવીર છે."

તેઓ એકદમ ખડખડાટ હસી પડયા, અને બોલ્યા, "આ તો ચિત્રકારની કલ્પનાના રામ છે, શું ઈશ્વર કદી માનવનિર્મિત હોઈ શકે ખરા?"

મેં કહ્યું, "વારૂ, તો હું સૂર્યનું ધ્યાન ધરીશ." મહારાજશ્રીએ ગંભીરપણે કહ્યું હતું કે "જ્યાં સુધી રૂપ ગુણ અને આકાર છે ત્યાં સુધી બધા મનના ખેલ છે, જ્યાં સુધી આંખોથી જોઈ શકે છે ત્યાં સુધી મનની માયા સમજજે. ધ્યાનનો આરંભ મનથી પર છે."

સંતપુરુષોના સહજ બોલ પણ જિજ્ઞાસુઓ માટે સત્યના દ્વાર બની જાય છે. શબ્દોમાં ગુંથાયેલા ઈશારાની મદદથી સત્યની ઉપલબ્ધિ અનાયાસે થઈ જાય છે. તે દિવસથી ધ્યાન "કરવા" નું બંધ કર્યું છે. ધ્યાન થઈ જાય છે, ધ્યાનમાં જીવી શકાય છે, અને એ જ રીતે ધ્યાનમાં જીવાઈ રહ્યું છે.

* * *

## ૮. "શિવ અને શકિત કયાં ભિન્ન છે"?

કનૌજ (ઉ. પ્ર.) ના શ્રી ગૌરીશંકર મહારાજ દેવીના પરમ ભકત હતા. દૂરથી કોઈ જુવે તો લાગે કે જાણે શ્રી રામકૃષ્ણ પરમહંસ પોતે આવી રહ્યા છે. એમના જેવું શરીરનું કદ, દુબલી પતલી કાયા; અર્ધી મીંચેલી આંખો પણ એવી જ, હોઠો પરનું ચિરવિલસિત મંદ મંદ સ્મિત પણ શ્રી રામકૃષ્ણદેવની યાદ આપે એવું! જાતે બ્રાહ્મણ હોવાથી આહારવિહારમાં ચુસ્ત હતાં.

સંત તુકડોજી મહારાજને લીધે જ શ્રી ગૌરીશંકર મહારાજનો પરિચય થયો હતો. મારો હાથ પકડીને એમણે મને પોતાની પાસે બેસાડી હતી. હોઠો દ્વારા અસ્ફૂટ જાપ ચાલુ હતો; આંખો મારા પર સ્થિર હતી તો પણ મારી આરપાર કોણ જાણે તેઓ કયાં જોઈ રહ્યા હતા. કોને જોઈને મંદ મધૂર સ્મિત કરી રહ્યા હતા તે પણ શી ખબર? જ્યારે એમનો જાપ પૂરો થયો ત્યારે મેં પૂછયું, "આપ દેવીના ઉપાસક છો એમ સાંભળ્યું છે."

ગૌરીશંકરજીએ મને પૂછયું હતું, "કઈ દેવી, બેટા?"

મેં છૂટતાં જ જવાબ આપ્યો. "શકિત!" મહારાજે મૃદુતાને શરમાવે એવી કોમળ વત્સલતાપૂર્વક કહ્યું હતું, "શું શકિત શિવથી અલગ છે? એક જ તત્ત્વનાં બે નામ છે. જેને જે નામ ગમે તે નામથી પુકારે, તે નામથી ભકિત કરે, પ્રકૃતિ અને પુરુષ એક જ પરમ મંગળની બે બાજુ છે. જડ કહો કે ચેતન - બેમાંથી અર્થ એક જ નીકળે છે. તારાં આ બે હોઠ છે, બંને મળીને જ એક શબ્દ બોલાય છે ને? બસ એ જ પ્રમાણે સમજજે."

મહારાજની મારા પર નિષ્કારણ કૃપા રહી છે; અનાયાસ ઉત્કટ સ્નેહ રહ્યો છે. હું જાતિભેદ, ધર્મભેદ વગેરેમાં માનતી નથી તેમ જ જીવનચર્યામાં અનાશ્રમી, અદીક્ષિત અને અવ્યવસ્થિત છું એમ જાણવા છતાં પણ એમની પ્રગાઢ પ્રેમવર્ષા મારા પર વરસતી. એક દિવસ કૉલેજના કેટલાક મિત્રોને લઈને એમને મળવા ગઈ હતી. એ દિવસોમાં હું નાગરપુરની મોરીસ કૉલેજમાં એમ. એ. નો અભ્યાસ કરતી હતી. મહારાજશ્રી થોડા દિવસ માટે ત્યાં પધાર્યા હતા. મિત્રોમાં મેડિકલ કૉલેજના વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ પણ હતાં.

અમે પહોંચ્યા ત્યારે જોયું તો મહારાજ પથારીમાં સૂતેલા હતા, આંખો એકદમ લાલ હતી, માથા પર હાથ મૂકીને જોયું તો શરીર તાવથી ધગી રહ્યું હતું, અમને જોઈને મહારાજ સ્ફૂર્તિપૂર્વક ઉઠીને બેઠા. અમે સૌ નીચે ચટાઈ પર બેઠા.

મહારાજશ્રીએ હસીને માથા નીચે રાખેલો તકિયો ઉઠાવીને માથા પર મૂકયો. પછી ધીમે સાદે એની સાથે વાતચીત શરૂ કરી.

"તકિયા મહારાજ, આ બાળકો મળવા આવ્યાં છે, અર્ધો કલાક આ તાવ આપ લઈ લો, હું જરા એમની સાથે વાતચીત કરું. હા જી, તકિયા મહારાજ, કૃપા કરીને આ જ્વર લઈ લો."

અમારા સૌના ચહેરા પર આશ્ચર્ય છવાઈ ગયું હતું. એટલામાં મહારાજે તકીયો માથાપરથી ઉતારીને નીચે મૂકયો. પોતે પણ ખાટલા પરથી નીચે ઉતર્યા. તકિયાને સુવાડીને શાલ ઓઢાડી. જ્યારે મહારાજશ્રી આવીને અમારી પાસે બેઠાં તો જોયું કે દિલમાં જરા પણ તાવ ન હતો. ઊઠીને તકિયા પર હાથ મૂકયો તો તકિયો તાવથી ધગી રહ્યો હતો. એક પછી એક બધા મિત્રોએ હાથ મૂકીને સ્પર્શ કરી જોયો. બધાં આશ્ચર્યથી અવાક થઈ ગયાં! મહારાજશ્રીએ મારાં મિત્રોને કહ્યું, "તમે સૌ ડૉકટર થવાનાં છો ને? વારુ, જૂઓ હું જીવતો છું કે નહી; મારી નાડ તપાસો, તમે લોકો ગળામાં કશું લટકાવો છો (સ્ટેથૅાસ્કોપ) અને કાનમાં ભરાવીને સાંભળો છો અને હૃદય ચાલે છે કે નહીં તે તપાસો છો. આવો, ગભરાશો નહી, મને તપાસો."

એક મિત્રે મહારાજની નાડી જોઈ, છાતી પર હાથ મૂકીને જોયું ને આશ્ચર્યથી એની આંખો ફાટી ગઈ. બીજી વિદ્યાર્થિનીએ નાડી જોઈ તો નાડી ગાયબ! હૃદયની ગતિ બિલ્કુલ બંધ! નાકની પાસે આંગળી ધરી તો શ્વાસગતિ બંધ!

મહારાજ હસી રહ્યા હતા. મૃદુ અવાજે બોલ્યા, "શરીર તો નોકર છે, જેવું શીખવશો તેવો જ વ્યવહાર કરશે. તમે સૌ અનેક ગ્રંથો ભણો છો, સૃષ્ટિમાતાને જીતવાનો દાવો કરો છો પણ શરીરનો તમને પરિચય નથી, શરીર પર આધિપત્ય નથી. પછી મન પર તો કાબૂ કયાંથી જ હોય? વાહ રે તમારૂં શિક્ષણ!"

અનુવાદક: શ્રી સુબોધભાઈ એમ. શાહ

મૂળ હિન્દી: **વિમલા ઠકાર**

## મુનિશ્રી નગરાજજીનું સંઘના કાર્યાલયમાં યોજાયેલું જાહેર વ્યાખ્યાન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં—ફેબ્રુઆરી માસની પહેલી તારીખ રવિવારે સવારના દસ વાગ્યે તેરાપંથી મુનિશ્રી નગરાજજી પોતાના શિષ્ય સમુદાય સાથે પધારવના છે અને મુનિશ્રી નગરાજજી **"જૈન સમાજની સમસ્યાઓ"** એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન આપવાના છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# ☆ ગુજરાતી સાહિત્ય પરિષદ—૨૫ મું અધિવેશન ☆

સને ૧૯૬૯ના ડિસેમ્બરની તારીખ ૨૬, ૨૭ અને ૨૮ મીએ જુનાગઢની હવામાં નવો ઉત્સાહ થનગની રહેલો - ત્યાંની સાહિત્ય-પ્રેમી જનતાએ પોતાને આંગણે આવતા "સારસ્વતપુત્રો" (તેમના શબ્દોમાં) ને આવકારવા ખૂબ કાળજીભરી તૈયારી કરેલી. ખરેખર એમનો ઉમંગ એવો હતો કે ગુજરાતી સાહિત્ય પરિષદની નિયત તારીખોના આગલા દિવસે - એટલે કે, ડિસેમ્બરની ૨૫મીએ - પણ તેમણે સાહિત્ય પરિષદના નવા તથા જુના પ્રમુખ - અનુક્રમે શ્રી. સુન્દરમ્ તથા શ્રી ઉમાશંકર જોશીનું - વિશિષ્ટ ઢબે સ્વાગત—સરઘસ કાઢેલું. તેમને બેઉને સુશોભિત બળદગાડામાં બેસાડીને નરસિંહ મહેતાને ચોરે - સાહિત્યના મંદિરે - લઈ ગયેલા.

પરિષદનું વિધિસર ઉદ્ઘાટન તા. ૨૬મીએ બપોરે ગુજરાતના રાજ્યપાલ શ્રી શ્રીમન્નનારાયણ અગ્રવાલને હાથે થયું.

તેમણે વિનોબાની વાતો યાદ કરતાં કહ્યું કે "વિજ્ઞાન અને અધ્યાત્મ વચ્ચેની કડી સાહિત્ય જ બની શકે." (જો કે સાહિત્ય - પરિષદનું ઉદ્ઘાટન રાજ્યપાલ પાસે કરાવીને સાહિત્યને રાજકારણ વચ્ચેની કડી તો શોધવાની બાકી જ છે). ત્યારબાદ સંદેશાવાંચન વિગેરે ઔપચારિકતા થઈ.

પરિષદના પ્રમુખ, સાહિત્યરસીકોના લાડિલા કવિ, સાહિત્યકાર ને સમર્થ વિવેચક શ્રી સુન્દરમ્ હતા. તેમનું પ્રવચન સૌથી આતુ-રતાનો વિષય હતું. તેમણે પોતાનું છપાયેલું પ્રવચન વાંચવાને બદલે બોલવાનું પસંદ કર્યું. પરંતુ તેમાં જે વિચારો ત્રૂટક ત્રૂટક રજુ થયા તેમાંથી સર્જક સુન્દરમ્‌ને શોધવા મુશ્કેલ પડયા. તેમને માટે સહજ ગણાય તેવી આધ્યાત્મિક વાતોમાંનું એક કથન મનને સ્પર્શી ગયું કે, "પરિષદ ઉપનિષદ બનવી જોઈએ, આપણા પ્રતિભાશીલ સાહિત્યકારો તથા સિદ્ધ વ્યકિતઓના નિકટતમ સંપર્કમાં આવીને નવી નવી પેઢીઓ પુષ્ટ થતી જાય તેવું કંઈક કરવું જોઈએ." સુન્દરમ્-ના પ્રગટ થયેલા પ્રવચનમાં વર્તમાન સાહિત્ય અંગેના તેમનાં વિધાનો મનનીય બને એવાં છે. તેમના કહેવા મુજબ આપણી નવી કવિતા, નવલકથા તેમ જ નવલિકા કોઈ અકલ્પિત રૂપોમાં ગતિ કરવા લાગ્યાં છે. "શુદ્ધ કાવ્ય"ની આવી શોધ શૂન્યમાં પરિણમે તો નવાઈ નહીં. છતાં જ્યાં સચ્ચાઈનું તત્ત્વ છે ત્યાં નવા સર્જ-નમાં નવા લેબાશ હેઠળ પણ શુદ્ધ કવિતા સરજાવા લાગી છે. નવલકથા ને નવલિકા પણ સાચા નવોન્મેષો પામવા લાગી છે."

તા. ૨૭ મીએ વિભાગીય બેઠકો શરૂ થઈ—આ વખતે "વિવેચન વિભાગ" પરિષદે રાખ્યો તેથી એક નવીનતા લાગી - વિવેચન ક્ષેત્રે આગવી દષ્ટિ ધરાવતા અભ્યાસી કવિ - વિવેચક શ્રી સુરેશ જોશીનું અધ્યક્ષ તરીકેનું પ્રવચન તાજગીભર્યું ને વિચારપ્રેરક બન્યું. એમણે વિવેચનના કેટલાક મહત્ત્વના પ્રશ્નો છેડયા.

તદુપરાંત વિવેચકનાં કર્તવ્યો, અધ્યાપકીય વિવેચન, સૌન્દર્ય—શાસ્ત્રમાં 'રૂપ'ની વિભાવના, અર્થદર્શન, કર્તાના આશય, નીતિ અને અશ્લિલતાના મુદ્દા, કલાકૃતિની અદ્વિતીયતા વિગેરે પર પ્રશ્નો ઊભા કરીને એમણે એક નોંધપાત્ર ભૂમિકા તૈયાર કરી. આ વિભા-ગમાં થયેલી ચર્ચા પણ રસપ્રદ બની રહી.

બીજો વિભાગ, "સંશોધન"નો શ્રી કે. કા. શાસ્ત્રીના અધ્યક્ષ-પદે યોજાયો હતો. તેમણે પોતાના પ્રવચનમાં ભાષા, જૂના સાહિત્ય, ઈતિહાસ અને પુરાતત્ત્વમાં થયેલા સંશોધન અંગે કહ્યું હતું. તેમણે છેલ્લા ચારેક વર્ષમાં આ ક્ષેત્રોમાં થયેલા કામ અને લેખોની યાદી આપી હતી. "ભાષાના ક્રમિક વિકાસમાં થયેલી ગુજરાતી ભાષાની અર્થક્ષમતાનો ખ્યાલ મેળવવાનો તેમનો મુખ્ય આશય હતો.

સંશોધનની બેઠકમાં ડૉ. હરિવલ્લભ ભાયાણીનો નિબંધ ઉલ્લેખ-નીય હતો.

આ વર્ષે ગાંધી - શતાબ્દિ હોવાથી તેને અનુલક્ષીને 'ગાંધી-દર્શન'નો વિભાગ પણ પરિષદે રાખ્યો હતો. તા. ૨૮મીએ આ વિભાગનું સંચાલન ગાંધી-શિક્ષણ પદ્ધતિ - નઈ - તાલીમના સાધક ને અભ્યાસી શ્રી મનુભાઈ પંચોળી, "દર્શક"ને સોંપાયેલું—તેમણે તેમના ટૂંકા પણ પ્રેરક પ્રવચનમાં ગાંધી-દર્શનનો પાયો વિશદ વિશ્લેષકની ઢબે રજુ કર્યો. તેમના કહેવા મુજબ આ પાયો - વ્યકિતગત અને સામાજિક જીવનની રચના, સત્ય અને અહિંસાને વળગીને થાય - તેમાં સમાયેલો છે - મનુષ્યમાં રહેલાં ઈશ્વરી તત્ત્વોનો વિકાસ આ વગર શકય નથી. ગુણોના વિકાસ માટેની કસોટી માણસ-ના સામાજીક વર્તનમાં થાય છે. પોતાના યુગને ઓળંગીને કોઈ માનવી યોગી ન થઈ શકે. "જૈસા જુગ, ઐસા જોગી,!' સત્ય અને અહિંસા એક સિક્કાની બે અવિભાજ્ય બાજુઓ છે અને બેઉના ઐકયમાંથી જન્મે છે વિકેન્દ્રિત સમાજરચના. માનવીની સમાજ સાથેની સંવાદિતા માટે એ અત્યંત જરૂરી છે. નહિતર એ સમૃદ્ધિની ભરચક વિપુલતા વચ્ચે પણ એકાંકીપણું અનુભવશે.

આ વિભાગનાં અન્ય વ્યાખ્યાનોમાં શ્રી ઉમાશંકર જોશીનું વ્યાખ્યાન સુંદર હતું. એમના પ્રવચનમાં ગાંધીજીને એ ઊંડાણથી સમજ્યા છે તેની પ્રતીતિ તરત જ થતી હતી. એમણે ગાંધીજીની ઉર્ધ્વયાત્રાને વર્ણવતાં કહ્યું કે "હમણાં આપણે ગાંધીજીને એક ટૂંક પર જોયા હોય અને આપણે ઊંઘીને ઊઠીએ ત્યારે એ બીજી ઘણી ઉંચેરી ટૂંક પર પહોંચેલા દેખાય - કર્મયોગ પર વધુ ભાર મૂકનાર ગાંધીજી ત્રિવિધ યોગી પણ હતા, અને એમનામાં વ્યકિતની સાધના પ્રજાકીય સાધના બની ગઈ હતી."

ઉમાશંકર જોશીના મનનીય પ્રવચન બાદ શ્રી. શિવકુમાર જોશી-એ ગાંધીજીવનના બે અલ્પપ્રતિષ્ઠિત પ્રસંગો ખૂબ હૃદયંગમ રીતે કહેલા.

સાહિત્ય સાથે સીધી રીતે સંકળાયો ન હોવા છતાં આ વિભાગ જીવનસાહિત્યની દષ્ટિએ ઘણો રસપ્રદ બન્યો.

પરિષદની છેલ્લી બેઠકમાં દિવંગત સાહિત્યકારોને શ્રદ્ધાંજલિ તથા ઠરાવો વિગેરે થયું. ઠરાવોમાં મુખ્યત્વે લોકસાહિત્ય ને લોક—સંસ્કૃતિની પ્રવૃત્તિને વિકસાવવાની ગુજરાત સરકારને વિનંતિ હતી. લોકસાહિત્યને મહત્ત્વ આપીને સાહિત્યિક જગતમાં નવું પ્રસ્થાન કરવા બદલ પરિષદને અભિનંદન! બીજા ઠરાવમાં પરિષદે પાઠ્ય-પુસ્તકોનાં રાષ્ટ્રીયકરણ અંગે સરકાર સામે ગંભીર વિરોધ વ્યકત કર્યો હતો. પાઠ્યપુસ્તકોના નિર્માણ માટેની સમિતિમાં અનુભવ—સમૃદ્ધ શિક્ષકો, વિદ્વાનો વિગેરેનો સમાવેશ થવો જોઈએ તેવું પરિષદને લાગે છે.

સાહિત્ય પરિષદનાં રંજન કાર્યક્રમોમાં પ્હેલે દિવસે 'પ્રેમલ જ્યોત' - નાટક, બીજે દિવસે લોકસાહિત્યનો ડાયરો તથા ત્રીજે દિવસે કવિ - સંમેલન હતું. ગાંધીશતાબ્દીને અનુલક્ષીને લખાયેલું નાટક 'પ્રેમલ જ્યોત' બોધપ્રધાન હતું એટલે સાહિત્યિક પિપાસા ઓછી સંતોષી શકયું પરંતુ લોકસાહિત્યની રસલ્હાણે તો ભલભલા વિદ્વાન સાહિત્યકારોને પણ અચંબામાં પાડી દીધા. એમાં પણ કાનજી ભૂટા બારોટની લોકવાર્તાએ તો વાર્તાને તાંતણે તાંતણે શ્રોતાઓના જીવનને વણી લીધા અને દિવાળીબહેન ભીલના હલકભર્યા ઘૂંટાયેલાં કંઠે પણ શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા - આ સાંભળતાં લાગ્યું કે, સાહિ-ત્યનો ઈજારો સુશિક્ષિત સમાજ પાસે જ છે એવું અભિમાન રાખવાનો કોઈ અર્થ નથી. સુંદરમે સાહિત્ય પરિષદ ઉપનિષદ બને એવી આશા વ્યકત કરી, તો મેરુભા ગઢવીએ ઉપનિષદ લોકસાહિત્યમાં કેવું ઝીલાયું છે તે બતાવી આપ્યું!

ત્રીજા દિવસે રાતે કવિ-સંમેલનને સાંભળવા લોકોની ભીડ જામી પરંતુ કવિઓની સંખ્યા ઘણી વધારે, તેમ જ કવિતા અને ગઝલનો શંભુમેળો થવાથી કાવ્યરસની જમાવટ ઓછી થઈ. ખરેખર, લોક-રંજન માટે કવિસંમેલન રાખવું ઈષ્ટ છે કે નહીં એ જ મોટો પ્રશ્ન છે. આ માટે કવિસંમેલનના સંયોજકોએ વિચારવું રહ્યું.

પરિષદમાંથી હવે કેટલાક પરંપરાગત વિભાગોને દૂર કર્યા હોવાથી સાહિત્યચર્ચા આ અધિવેશનમાં વધુ સ્થાન પામી. પરંતુ ગદ્ય, પદ્ય ને નાટ્ય જેવા સાહિત્યનાં સર્જક સ્વરુપોની ગતિવિધિ ને સ્વરુપગત સમસ્યાઓનો એકાદ વિભાગ રાખવો પણ એટલો જ જરૂરી હતો. એ વગર ચર્ચા માત્ર શાસ્ત્રીય બની રહેતી હોય તેવો ભય રહે છે.

જુનાગઢની જનતાએ પરિષદના મહેમાનોની સગવડ અને વ્યવસ્થાની દષ્ટિએ પોતાનો ઉત્તમ પરિચય કરાવ્યો. આ માટે સ્વાગત પ્રમુખ શ્રી રતુભાઈ અદાણીથી માંડીને નાનામાં નાના સ્વયંસેવકને અભિનંદન ઘટે છે. તેમની માટલાના ગરણાંથી માંડીને ખાવાના પકવાન સુધીની વ્યવસ્થામાં કયાંય કંટાળો કે બેપરવાઈ નહોતાં, હતાં માત્ર કાઠિયાવાડી આતિથ્યના ઉત્સાહ અને ઉમળકો! અને રહેવાની આટલી સુંદર સગવડ ઉપરાંત જુનાગઢનાં તેમ જ આસપાસનાં સુંદર સ્થળોના પ્રવાસની વ્યવસ્થા પણ તેમણે જ કરી આપેલી. આ ઉપરાંત સૌરાષ્ટ્રની કળાનું એક નાનું પણ સુંદર પ્રદર્શન પણ યોજેલું.

પરિષદની સભાઓ તથા ચર્ચાઓમાં પણ પહેલાની સાહિત્ય પરિષદોને હિસાબે ઘણી સારી હાજરી રહી. એટલે માત્ર કોઈ મેળામાં આનંદ કરવા આવ્યા કરતાં કોઈ સારા સાહિત્યિક જ્ઞાનની પ્રાપ્તિ કરવાનો સંતોષ સૌ આગંતુકો પામ્યા, અને આ સંતોષને વાગોળતાં વાગોળતાં તા. ૨૮ મીએ રાતે સૌ પોતપોતાના ઘર તરફ વિદાય થયા.

**ગીતા પરીખ**

## કોંગ્રેસના ભાગલા અંગે સૌરાષ્ટ્ર રચનાત્મક :- સમિતિનું નિવેદન :-

તા. ૬ ઠ્ઠી જાન્યુઆરીના રોજ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના વ્યવસ્થાપક મંડળની સણોસરા ખાતે શ્રી નારણદાસ ગાંધીના અધ્યક્ષપદે મળેલી બેઠકે સર્વાનુમતે મંજૂર કરેલા એક નિવેદનમાં કૉંગ્રેસના ભાગલાને દુ:ખદ ગણાવી તમામ સમજદાર તથા ઘેરાની ચિન્તા સેવનાર લોકોને કૉંગ્રેસમાં પુન: એકતા સ્થાપવા માટે પ્રયત્ન કરવા વિનંતિ કરી છે. આ બેઠકમાં સર્વશ્રી ઢેબરભાઈ, વજુભાઈ, છગનલાલ જોષી, નાગરદાસભાઈ વગેરે ચાલીસ જેટલા રચનાત્મક કાર્યકરો હાજર રહ્યા હતા.

બેઠકને અંતે સર્વાનુમતે મંજૂર કરાયેલા આ નિવેદનમાં જણાવાયું છે કે કૉંગ્રેસનાં બે જૂથોમાંથી કોઈ પણ એક જૂથ દેશને સ્થિર શાસન આપી શકે તેમ નથી. સ્થિર શાસન માટે એક જૂથને કોમવાદી તથા મૂડીવાદી બળોનો અને બીજાને સામ્યવાદી અને કોમવાદી બળોનો સાથ લેવો પડે એવા સંજોગો છે.

'દેશમાં અને ખાસ કરીને કૉંગ્રેસમાં ઊભી થયેલી ચિંતાજનક પરિસ્થિતિ પર વિગતવાર અને ગંભીર વિચારણા કરી.' બહાર પાડવામાં આવેલ આ સર્વાનુમતી નિવેદનમાં જણાવાયું છે કે સમિતિને 'દેશમાં અત્યારે ઊભી થયેલ પરિસ્થિતિ ભારે જોખમી અને અનિષ્ટ સંભવોથી ભરેલી છે તેવું લાગે છે.'

### પાયાની આવશ્યકતા

નિવેદન વધુમાં ઉમેરે છે કે આ દેશની સલામતી અને તેના લોકશાહી વિકાસ માટે કેન્દ્રમાં સ્થિર અને પ્રાગતિક સરકાર હોય તે એક પાયાની આવશ્યકતા છે. આજ દિવસ સુધી આ કાર્ય બજાવવાનું કૉંગ્રેસને ભાગે જ રહ્યું છે એના કરતાં વિશેષ સારી રીતે અન્ય લોકશાહી પક્ષો એ બોજો ઉપાડી શકે એટલો વિકાસ થયેલો હજુ દેખાતો નથી અને કોંગ્રેસને જ એ બોજો વહન કરવાનો રહ્યો છે એ સંજોગોમાં દુર્ભાગ્યે કૉંગ્રેસના બે ભાગલા પડયા છે અને આ બે ભાગમાંથી કોઈ પણ એક ભાગ પોતાના દેશને સ્થિર શાસન આપી શકે તેવી સ્થિતિ રહી નથી. એમ કરવા માટે અત્યારે તો એકને કોમવાદી તથા મૂડીવાદી બળોનો તો બીજી બાજુ સામ્યવાદી બળોનો સાથ લેવો પડે તેવા સંજોગો ઊભા થઈ ગયા છે. કોઈ કારણસર જો કેન્દ્રમાં મધ્યવર્તી ચૂંટણી કરવાના સંજોગો ઊભા થાય તો પણ બન્ને બાજુ અનિચ્છિનીય વલણોનો સાથ લેવો પડે તેવી પરિસ્થિતિ છે અને તેમ છતાં સ્થિર શાસનની કોઈ નિશ્ચિતતા નથી. પરિણામે દેશ માટે વિઘાતક જેવા કોમવાદી વલણો વધુ ફૂલેફાલે તેવું આજે દેખાય છે.

વળી આજે પશ્ચિમ બંગાળમાં જે જાતની અરાજકતા પેદા થઈ છે અને પૂર્વ ભારત તેમ જ કેરળ અને અન્ય સ્થળોએ પણ બંધારણ અને કાયદાને અમાન્ય અને દુર્બળ બનાવવાની જે હીલચાલ ચાલી રહી છે તે આવતી કાલ માટેની અમંગળ એંધાણીઓ છે અને તમામ દેશપ્રેમી લોકો માટે ચેતવણીરૂપ છે. જ્યારે દેશમાં વધુ એકતા, અને કેન્દ્રમાં વધુ મજબૂત શાસનની જરૂર છે એવી પળે કૉંગ્રેસના ભાગલાં સૌથી વધુ દુ:ખદ અને કમનસીબ ઘટના છે.

### સહઅસ્તિત્વ શકય છે

જનસંઘ, સ્વતંત્ર પક્ષ કે સામ્યવાદી પક્ષો સાથે કૉંગ્રેસને વૈચારિક કાર્યક્રમ અંગેના પાયાના મતભેદો રહ્યા છે. તેવો કોઈ વૈચારિક કે કાર્યક્રમ અંગેનો મતભેદ આજે બન્ને જૂથ વચ્ચે દેખાતો નથી. બન્ને જૂથો એક જ વૃક્ષની શાખારૂપ છે. આજ સુધી જે પક્ષો સાથે તીવ્ર મતભેદ રહ્યા છે અને જેને વિરોધી માનવામાં આવ્યાં છે તેવાં બળોનો સાથ લેવાનું વિચારી શકાતું હોય તો એક જ વિચારસરણી અને કાર્યક્રમને માનનારા લોકોનું સહ–અસ્તિત્વ અશકય નહિ માનવું જોઈએ. તેથી સમિતિને એમ લાગે છે કે કૉંગ્રેસમાં ફરીથી એકતા સ્થાપવા માટે પ્રયાસો થવા જોઈએ અને આવા પ્રયાસો તરફ દેશની એકતા અને બંધારણીય પ્રગતિમાં માનનારા સહુએ સહાનુભૂતિ બતાવવી જોઈએ. વળી આ પ્રયાસો સફળ થાય તેવું વાતાવરણ રચાય તે માટે બન્ને બાજુના આગેવાનો તથા કાર્યકર્તાઓ પરસ્પર આક્ષેપો કરવાથી દૂર રહે, એકબીજાને ઉતારી પાડવાની કોશિશ ન કરે તે અત્યંત આવશ્યક છે.

નિવેદનમાં એમ પણ જણાવાયું છે કે ખાસ કરીને કેન્દ્રમાં અને રાજ્યોમાં અત્યારે બન્ને જૂથોની સરકાર છે તેને ઉથલાવવાની કોશિશ સદંતર બંધ જ થવી જોઈએ. આવી કોશિશ તો દેશમાંનાં નબળાં તત્ત્વોને બહાર લાવશે ને દેશ ઝપાટાબંધ અધોગતિ તરફ ઘસડાતો જશે.

કૉંગ્રેસ ભૂતકાળમાં એક મહાન સંસ્થા બની રહે અને દેશને મહાન બનાવ્યો તેમાં પોતાના આદર્શો કે કાર્યક્રમનું કારણ તો હતું જ પરંતુ સાથે સાથે સંપ, ઉદારતા, ખેલદિલી, નિખાલસ ચર્ચા, લઘુતમ સાધારણ કાર્યક્રમ શોધવાની શકિત અને બાંધછોડ કરવાનું ડહાપણ તેમ જ પોતાની જાતને પાછળ રાખી દેશના હિતને મોખરે રાખવાની વૃત્તિ વગેરે લક્ષણો મુખ્ય હતા.

અંતમાં નિવેદનમાં સમિતિએ પ્રાર્થના કરી છે કે કૉંગ્રેસની સિદ્ધિ માટે સફળ નિવડેલા આ બધાં લક્ષણો અને ગુણોને યાદ કરી ફરીથી એકતા નિર્માણ કરવાના પ્રયાસ હાથ ધરવામાં આવે. સમિતિને આશા છે કે વિશાળ સમાજની આકાંક્ષા સંતોષે એવા પ્રકારના આ પ્રયાસોને સર્વત્ર આવકાર સાંપડશે.

# ☆ શ્રદ્ધેય સેવામૂર્તિ શ્રી ગિરધરલાલ દફતરીનું સંઘે કરેલું બહુમાન ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સ્થાનકવાસી સમાજના લોકપ્રિય આગેવાન નેતા (જેમની ૭૮ મી જન્મગાંઠ નિમિત્તે તાજેતરમાં શ્રી કાંદાવાડી સંઘે રૂા. ૧૩૧૧૩૧ ની થેલી આપી જાહેર સન્માન કર્યું હતું.) શ્રી ગિરધરલાલ દફતરીનું બહુમાન શનિવાર તા. ૧૦-૧-૭૦ ની સાંજે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈના પ્રમુખપદે કરવામાં આવ્યું હતું.

શરૂઆતમાં શ્રી પરમાનંદભાઈએ શ્રી ગિરધરભાઈનો પરિચય કરાવી આજના આ બહુમાનસમારંભ પાછળ રહેલી દષ્ટિનો ઉલ્લેખ કરતા કહ્યું કે:

"શ્રી ગિરધરલાલભાઈનો આ પ્રકારનો સન્માનસમારંભ ગોઠવીને આપણા મુંબઈ જૈન યુવક સંઘે એક નવું પ્રસ્થાન કર્યું છે. તા. ૧૬-૧૨-૬૯ના પ્રબુદ્ધ જીવનમાં તેમનો પરિચય આપવામાં આવ્યો છે તે ઉપરથી માલુમ પડશે કે જૈન સમાજની કોઈ વ્યકિતનું જ્યારે આપણો સંઘ સન્માન કરે છે ત્યારે એવું ગૃહિત હોય છે તે વ્યકિત પ્રગતિશીલ વિચાર ધરાવતી અને પરંપરાભંજક હોવી જોઈએ, જ્યારે ગિરધરભાઈનાં ધાર્મિક વળણો જોતાં કોઈને પણ એમ જરૂર લાગવાનું કે ગિરધરભાઈને આ કોટિમાં મૂકી ન શકાય. ધાર્મિક બાબતોમાં તેમનું વળણ જેને આપણે Orthodox કહીએ– સ્થિતિચુસ્ત કહીએ - તે પ્રકારનું ગણાય. હવે જો આમ છે તો સહેજે પ્રશ્ન થાય કે આ યુવક સંઘ આવી વ્યકિતનું સન્માન કરવા શા માટે પ્રવૃત્ત થયો છે? આનો જવાબ એ છે કે આજ સુધી આપણે સુધારક અને સ્થિતિચુસ્ત - ક્રાન્તિકારી અને નાફેરવાદી - એમાંના કોઈ પણ એક ચોગઠામાં એક યા અન્ય વ્યકિતને ગોઠવીને તેનો વિચાર કરતા હતા. અનુભવથી એમ માલુમ પડે છે કે કોઈ પણ વ્યકિત એકાન્ત સુધારક કે એકાન્ત સ્થિતિચુસ્ત નથી હોતી. મોટા ભાગના માનવીઓ અમુક બાબતમાં સુધારક હોય છે તો બીજી કેટલીક બાબતમાં સ્થિતિચુસ્ત હોવાનું માલુમ પડે. સુધારક કે સ્થિતિચુસ્તનું વિશેષણ આપણે માનવીને મોટા ભાગે તેના ઉપરના સ્તર ઉપરથી લગાડીએ છીએ. મહત્ત્વ છે તે નીચે રહેલા તેના સમગ્ર વ્યકિતત્વનું. આ કસોટીએ કસતાં ગિરધરભાઈનું વ્યકિતત્વ, જે રીતે તેમના વિષે મેં જોયું જાણ્યું અને સાંભળ્યું તે રીતે વિચારતાં, અસામાન્ય ઉચ્ચ કોટિનું સુગ્રથિત વ્યકિતત્વ લાગ્યું અને તેથી મને વિચાર આવ્યો કે આપણા કાર્યાલયનું અને સભાગૃહનું ગઈ ૨૫મી તારીખે ઉદ્‌ઘાટન કર્યા બાદ સૌથી પ્રથમ ભરવામાં આવતી સભાની મંગળ શરૂઆત ગીરધરભાઈ જેવી પવિત્ર અને ચારિત્ર્યસંપન્ન અને પૂરા અર્થમાં શ્રાવક એવી વ્યકિતના જાહેર સન્માનથી કરવી. આ વિચાર મેં તેમની સમક્ષ રજૂ કર્યો અને તેમણે બહુ આનાકાની અને સંકોચપૂર્વક મારી માગણીનો સ્વીકાર કર્યો.

"અહિં આ સન્માનઆયોજનના એક નિમિત્ત બનેલા પં. બેચરદાસનો ઉલ્લેખ કરવો જ જોઈએ. 'પ્રબુદ્ધ જીવન'માં આપવામાં આવેલો તેમનો પરિચય વાંચીને પંડિત બેચરદાસ ખૂબ જ પ્રભાવિત થયા અને તેમણે એક પત્રદ્વારા જણાવ્યું કે, "આવી વ્યકિતનું માત્ર મુંબઈનો સ્થાનકવાસી સંઘ સન્માન કરે તે પૂરતું નથી, તેમનું તો આખા મુંબઈના જૈન સમાજે સન્માન કરવું જોઈએ." તેમની સૂચનાનો વિચાર કરતાં આવા કાર્ય માટે મુંબઈના આખા જૈન સમાજને કટિબદ્ધ કરવાનું સહજ શકય ન લાગ્યું, પણ તે સાથે મને વિચાર આવ્યો કે આપણો મુંબઈ જૈન યુવક સંઘ ગિરધરભાઈનું સન્માન કરીને નવા સભાગૃહના જાહેર ઉપયોગનો પ્રારંભ શા માટે ન કરે? તેના પરિણામરૂપ આજે આપણે આ સભાના રૂપમાં એકઠા થયા છીએ. આ પ્રસંગે ગીરધરભાઈને અને અમારા ખાસ નિમંત્રણને માન આપીને અહિં ઉપસ્થિત થયેલાં તેમનાં પત્ની - સહધર્મચારિણી - સૌ. સૂરજબહેનને અમારા સંઘ તરફથી હાર્દિક આવકાર આપું છું.

"આ પ્રસંગે વિશેષમાં એ જણાવવાનું છે કે, પં. બેચરદાસે ઉપર જણાવેલી સૂચના કરીને સંતોષ ન માન્યો પણ જેમને તેમણે પહેલાં કદી જોયા નથી એવા ગિરધરભાઈને અનુલક્ષીને बन्धुत्त्वं मैं गिरिधर– "ગિરધરભાઈ તું મારો બંધુ છે." - એ ધ્રુવપદ પૂર્વકની સાત શ્લોકની પ્રશસ્તી મારી ઉપર લખી મોકલી અને એ રીતે તેમના દિલના અહોભાવ તેમણે પ્રગટ કર્યો."

આમ જણાવીને શ્રી પરમાાંનંદભાઈએ પં. બેચરદાસનો પત્ર અને ઉપર જણાવેલ સાત શ્લોકોનો અનુવાદ વાંચી સંભળાવ્યો. આખો પત્ર નીચે પ્રગટ કરવામાં આવેલ છે.

ત્યારબાદ શ્રી ગીજુભાઈ મહેતા, શ્રીમતિ લીલાવતીબેન દેવીદાસ, શ્રી રમણિકલાલ કોઠારી તથા શ્રી ચીમનલાલ જે. શાહે શ્રી ગિરધરભાઈનાં જીવનની અનેક વિશિષ્ટતાઓનો ઉલ્લેખ કર્યો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે વિશેષમાં જણાવ્યું હતુ કે "જેમ અન્ય સંસ્થાઓ પોતાના વિશિષ્ટ કાર્યનો ભાગવત સપ્તાહ કે સત્યનારાયણની કથા બેસાડીને પ્રારંભ કરે છે, તેમ આપણે ગિરધરભાઈ જેવી પવિત્ર વિભૂતિનું ગુણસંકીર્તન કરીને આપણા આ સભાગૃહનાં જાહેર ઉપયોગનો પ્રારંભ કરીએ છીએ." સમારંભના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે શ્રી ગિરધરભાઈને સ્થાનકવાસી સમાજની એકધારી ૪૦ વર્ષ સુધી સેવા આપવા માટે અભિનંદન આપતાં કહ્યું, "શ્રી ગિરધરભાઈનું બહુમાન કરવાની જ્યારે પરમાનંદભાઈએ મને વાત કરી ત્યારે મને કેટલો આનંદ થયો, એટલું જ નહિ, એમને આ બહુમાનનો વિચાર આવ્યો એથી પણ મને કેટલો બધો આનંદ થયો એ હું કહી શકું એમ નથી.

પરમાનંદભાઈએ ગિરધરભાઈને રૂઢિચુસ્ત – orthodox તરીકે વર્ણવ્યા તેના સંદર્ભમાં મારે કહેવું જોઈએ કે આજે સાધુસંસ્થાઓ ઉપર જે નિયમન છે એ એમને આભારી છે. આજે શ્રામણ સંઘમાં જો કયાંય ખોટું થતું હોય તો તેઓ સાધુ - સાધ્વીઓને એમના મોઢે સ્પષ્ટ કહી શકે છે. એમના જીવનમાં સંયમ છે, તપ છે - એટલું જ નહિ માનવતાના કાર્યો માટે તે દિવસ કે રાત જોતા નથી. ગિરધરભાઈમાં શીલ છે - અને શીલથી સમાધી આવે છે અને સમાધીથી પ્રજ્ઞા આવે છે. સમાધી અને પ્રજ્ઞા માટે શીલનો પાયો જોઈએ - ગિરધરભાઈની સ્વસ્થતાનું રહસ્ય એમનું શીલ છે. આજે સ્થાનકવાસી સમાજની અનેક સંસ્થાઓ પાંગળી થઈ જાય, જો ગીરધરભાઈ ન હોય તો.

આ પ્રસંગે પંડિત બેચરદાસ જેવા સ્તુતિ શ્લોકો લખી મોકલે ત્યારે મારે કહેવું જોઈએ કે શ્રાવકે શ્રાવકને ઓળખ્યો છે. જેમને પ્રત્યક્ષ જોયા નથી કે મળ્યા પણ નથી એને માટે લખે, "હે ગિરધર - તું મારો બંધુ છે. કેટલું બધું ગૌરવ લેવા જેવું કહેવાય? ગિરધરભાઈની સેવા વર્ષો સુધી સમાજને મળતી રહે એ માટે પરમાત્માને મારી પ્રાર્થના છે."

ત્યારબાદ શ્રી પરમાનંદભાઈએ ગિરધરભાઈને તથા લીલાવતીબહેને તેમના પત્ની શ્રીમતી સુરજબહેનને સુખડનો હાર પહેરાવ્યો હતો.

શ્રી ગિરધરભાઈએ આ બહુમાન માટે યુવક સંઘનો આભાર માની યુવક સંઘને એમની સેવા આપવા તત્પરતા દાખવી હતી.

મંત્રીઓ

## શ્રી ગિરધરલાલ દફતરી અંગે પં. બેચરદાસનો પત્ર

અમદાવાદ, તા. ૫-૧-૭૦

રા. શ્રી પરમાનંદભાઈને–

માલૂમ થાય કે હું જાતે ભાઈ ગિરધરભાઈ દફતરીને મળ્યો હોઉં એવું યાદ નથી તેમ છતાં તેમના ઉત્તમ આચારના ગુણને તથા તેમની સેવાપરાયણતાના ગુણને અને આ જમાનામાં વિરલ જોવા મળતી તેમની સાદાઈના ગુણને તથા તેમના પરિગ્રહ અંગે સંયમના ગુણને સાંભળીને - વાંચીને-તેમના તરફ મારૂં આકર્ષણ સહજભાવે થયેલ છે અને એને જ લીધે મેં તમને નમ્રપણે સૂચવેલું કે,

સમગ્ર જૈન સંઘ આવી ગુણવંત વ્યકિતનો આદર કરે એ વિશેષ ઉચિત છે તથા ભગવાન મહાવીરનો જે ૨૫૦૦મી નિર્વાણ જયંતીનો ઉત્સવ આવવાનો છે તેની પ્રથમ ભૂમિકા આવા ગુણાનુવાદમાં જ રહેલી છે. ખરી રીતે તો કોઈ શ્રાવક દેરાવાસી નથી, તેમ સ્થાનકવાસી નથી તેમ દિગંબર કે તેરાપંથી નથી, તે માત્ર શ્રાવક છે. 'શ્રા એટલે શ્રદ્ધા, 'વ' એટલે વિનય અને 'ક' એટલે ક્રિયા. એ ત્રણ ગુણવાળો કોઈ પણ મનુષ્ય શ્રાવક નામને યોગ્ય છે. છતાં દેરાવાસી સ્થાનકવાસી વગેરે જે પરસ્પર ભેદવર્ધક અને આપસમાં ફૂટ પડાવનાર જે નામો વર્તમાનમાં પ્રચલિત છે તે આ મુનિઓની ગાદીને સાચવવા તેમણે જ શ્રાવકોમાં ઘુસાડયાં છે. આજકાલના રાજકારણી પક્ષો જેમ પોતાની સત્તા સાચવવા લોકોને પણ તે તે પક્ષના નામ આપે છે. તેમ જ આ નામોની પણ કથા છે. છેવટે મારા વતી ભાઈ ગિરધરભાઈ દફતરીને મારો આ કાગળ અને ગુણાનુવાદનાં વચનો પહોંચાડશો અને તેમને મારા વિનયપૂર્વકનાં વારંવાર નમન કહેશો. ભુલચુક માફ કરશો. લિ. બેચરદાસ

**समाजसेवापरायण गिरधरभाई दफतरी गुणानुवाद वचनानि**

**बन्धुस्त्वं मे गिरिधर ।**

जैनसंघोन्नतिवाञ्छिन्, सेवाकर्मठजीवित ॥ १ ॥
स्मरामि ते गुणगणं, बन्धुस्त्वं मे गिरिधर ॥ १॥
नाहं जानामि प्रत्यक्षं, स्मर्यते न हि मिलनम् ।
त्वां तु श्लाघे गुणाकृष्टः,बन्धुस्त्वं मे गिरिधर ॥२॥
गुणस्मृतिर्गुणप्राप्ति, र्हेतुरिति विजानता ।
क्रियते गुणकीर्तनं, बन्धुस्त्वं मे गिरिधर ॥३॥
परिग्रहपरिमाणादतिक्रान्तो मुनिमपि ।
आनन्दश्राद्धोसि चाद्य, बन्धुस्त्वं मे गिरिधर ॥ ४ ॥
श्राविकापदालंकारा, सहाया व्रतपालने ।
सूर्या भार्याऽपि धन्यो, बन्धुस्त्वं मे गिरिधर ॥५॥
खेताणी दुर्लभो मित्रं, आवयोः स सखा शुचि ।
युवां दौ जैन संघस्य, उन्नतिमभिवाञ्छतम् ॥ ६ ॥
समग्रजैनसंघस्य, भव सेवापरायण ।
सारोग्य जीवितं ते स्यात् बन्धुस्त्वं मे गिरिधर ॥७॥

**અનુવાદ**

**સમાજસેવાપરાયણ શ્રી ગિરધરભાઈ દફતરીના ગુણવાદવચનો**

હે ગીરધરભાઈ! તું મારો બન્ધુ છે. જૈન સંઘની ઉન્નતિનો વાછું સેવાપરાયણ જીવિતને ધરનાર, એવા ગુણગણને હું યાદ કરું છું.'

હે ગિરધરભાઈ તું મારો બંધુ છે. (૧)

તને પ્રત્યક્ષ જાણતો નથી તેમ મિલનનું સ્મરણ થતું નથી, તોપણ ગુણોથી ખેંચાયેલો હું તારી શ્લાઘા કરું છું.

હે ગિરધરભાઈ! તું મારો ભાઈ છે. (૨)

ગુણોના સ્મરણથી ગુણોની પ્રાપ્તિ થાય છે એમ જાણતો હું તારું ગુણકીર્તન કરુ છું. હે ગિરધરભાઈ તું મારો ભાઈ છે. (૩)

પરિગ્રહના પરિમાણનું વ્રત લઈને તો તું મુનિને પણ અતિક્રમી ગયો છે. એટલે મુનિથી પણ ચડીયાતો થયેલ છે. અને આજકાલ તારું આચરણ આનંદશ્રાવકની જેવું છે.

હે ગિરધરભાઈ! તું મારો ભાઈ છે. (૪)

તારા વ્રતપાલનમાં સહાયક અને શ્રાવિકાપદને શોભાવતી તારી સૂર્યા (સૂરજબેન) પત્ની પણ ધન્ય છે.

હે ગિરધરભાઈ! તું મારો ભાઈ છે. (૫)

દુર્લભજી ખેતાણી તારો મિત્ર છે અને એ આપણા બન્નેનો શુચિ એટલે પવિત્ર એવો મિત્ર છે - સખા છે.

તમે બન્ને સમગ્ર જૈન સંઘની ઉન્નતિ ને વાંછો - (૬)

સમગ્ર જૈન સંઘની સેવામાં પરાયણ બનો. અને તારું જીવન, સારોગ્ય - આરોગ્ય સહિત - રહે. -

હે ગિરધરભાઈ! તું મારો ભાઈ છે. (૭)

**વિશેષ નિરૂપણ**

આજકાલ શ્રાવકપદની અવગણના મુનિઓ એમ કહીને કરે છે કે એ તો આરંભસમારંભી છે. પણ એ મુનિઓને એ હકીકતની યાદી આવતી નથી કે સમગ્ર મુનિસંઘ કેવળ શ્રાવકની હયાતીને જ આધારે ટકેલ છે, એટલે ચતુર્વિધ સંઘમાં શ્રાવકશ્રાવિકા સાધુ અને સાધ્વી આમ ગણના કરવી સમુચિત છે. અમે સર્વવિરતિ છીએ એવો ફાંકો રાખીને પણ મુનિઓ શ્રાવકપદની અવગણના કરી બેસે છે. તેઓ (મુનિઓ) એમ સમજે છે કે, શ્રાવક તો અવિરતિ છે અથવા હોય તો કોક દેશવિરતિ હોય. અમે સર્વવિરતિ હોવાથી સૌથી મોખરે છીએ, પણ આ તેમની માન્યતા અહંકારગર્ભિત છે અને અહંકાર સર્વવિરતિનો નાશ કરે છે. જૈન ધર્મનું મૂળ વિનય છે એ વાત પણ આ સર્વવિરતિ મહાનુભાવો વિસરી ગયા જણાય છે. મુનિઓ પણ શ્રાવકશ્રાવિકાનો અનાદર તો ન જ કરી શકે, પણ યથોચિત વિનય જરૂર કરે એ જૈનધર્મને છાજે તેવું અને સર્વવિરતિને શોભાવે તેવું વર્તન છે.

મને યાદ છે કે, મુંબઈમાં સ્વ. શ્રી. વીરચંદ રાઘવજીના ગુણાનુવાદને માટે એક સભા ત્યાંના કોઈ ઉપાશ્રયમાં મળવાની હતી. ત્યારે ત્યાં રહેલા કોઈ મુનિએ એમ કહેલ કે ઉપાશ્રયમાં શ્રાવકોના ગુણાનુવાદની સભા ન હોય. મુનિનું આ વચન શ્રાવકો તરફ તેમના અવિનયનું અથવા અશાતનારૂપ વચન ગણાય. મુનિઓ રોજ તેમના પ્રતિક્રમણસૂત્રમાં બોલતા રહે છે કે: सावयाणं असायणाऐ, सावियाणं असायणाऐ ।

અર્થાત્: અમે શ્રાવકોની આશાતના કરી હોય તથા શ્રાવિકાની અશાતના કરી હોય તો તે અંગે મિચ્છામિ દુકકડં દઈએ છીએ. આમ શાસ્ત્રીયવિધિનો આચાર છે. સભાની ના પાડનાર મુનિ પોતે પ્રતિક્રમણસૂત્રમાંનું ઉકત વચન ભૂલી ગયા જણાય છે.

પ્રતિક્રમણમાં જ્યારે ત્રીજું વંદનક નામનું આવશ્યક આવે છે ત્યારે ભગવાનહં વગેરે ચાર પદો બોલ્યા પછી 'સર્વ શ્રાવકોને વાંદું' એવું ખાસ વાકય બોલવાનો વિધિ છે, એ ઉપરથી જણાય છે કે શ્રાવકપદનું જૈન શાસનમાં કેટલું બધું મહત્ત્વ છે. આજકાલ આ વાકય બોલવાનો પ્રચાર ગમે તે કારણે અથવા અજ્ઞાનતાને લીધે બંધ થઈ ગયો છે અથવા કોઈ મુનિએ જ આ વાકય બોલવાનો નિષેધ કર્યો હોય, પણ વિધિમાં તો આ વાકય બોલવાનું વિધાન છે જ. એ હકીકત તમામ જૈનોએ યાદ રાખવા જેવી છે.

ખુદ ભગવાન મહાવીરે પોતાના મુખ્ય શિષ્ય ગૌતમને આનંદશ્રાવકની પાસે ક્ષમા માગવા મોકલેલા એ પણ શ્રાવકપક્ષની મહત્તાનું જ સૂચક છે અને માંસાહારી રેવતીના પતિ મહાશતક શ્રાવકને પણ તેની ભાષાશુદ્ધિ અંગે સમજ આપવા ભગવાને પોતાના પટ્ટશિષ્યને મોકલેલા એ વાત પણ ભગવાન મહાવીરની કથામાં પ્રસિદ્ધ જ છે. આ અંગે સર્વવિરતિનો ફાંકો ધરાવનાર મુનિઓ જરૂર એમ કહેવા તત્પર થશે કે કયાં આનંદ અને કયાં આજના શ્રાવકો? એના જવાબમાં શ્રાવકો એમ કહી શકે એમ છે કે કયાં ગૌતમ અને કયાં આજકાલ સર્વવિરતિ હોવાનો ફાંકો ધરાવનાર આ કલિપ્રધાન મુનિઓ?

જૈન શાસનમાં ગુણો જ પૂજ્ય છે. લિંગ-વેષ-પૂજ્ય નથી જ. એ વાતને ધ્યાનમાં રાખીને સેવાવ્રતધારી ઉત્તમ શ્રાવકોનો આદર થાય, સન્માન થાય તે અત્યંત અનુમોદનીય છે અને આ અંગેની સભાઓ ઉપાશ્રયમાં થાય તેમાં કાંઈ અજુગતું નથી અને જેઓ ગુણપ્રેમ અને ગુણગ્રાહક છે તેવા મુનિઓ પણ આમાં ભાગ લે તે પણ ઉચિત જ છે. બેચરદાસ

## ઉદ્‌ઘાટનના સંદર્ભમાં શુભેચ્છાઓ દાખવતા બે પત્રો

**અમદાવાદથી કળાગુરુ શ્રી રવિશંકર મ. રાવળનો પત્ર**

પ્રિય પરમાનંદભાઈ, તા. ૫-૧-૭૦

ગઈ તા. ૨૫-૧૨-૬૯ ના રોજ મુંબઈ જૈન યુવક સંઘે 'શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ'ના ઉદ્‌ઘાટનનો મંગળ પ્રસંગ ઉજવ્યો તેનો વૃત્તાંત આજે મળેલ પ્રબુદ્ધ જીવનમાંથી વાંચતાં હું ઘણો જ આનંદ અને સંતોષ અનુભવું છું. તમે જીવનને ચોક્કસ આદર્શોમાં કેન્દ્રિત કરીને તથા તમારી ભાવનાના પ્રગટીકરણ પાછળ સાતત્ય, અભ્યાસ અને અનુશીલન આચરીને, પ્રજાજીવનમાં જે નવી ચેતના અને વિચારસરણી ઉભી કરી છે તેનો પ્રભાવ પ્રગટપણે ઘણાયે જોઈ શકયા છે અને આજના પૂજ્ય વિદ્વાનો અને શ્રેષ્ટ સાક્ષરો પણ તમારી નિડર, દઢ અને સ્પષ્ટ વિચારદર્શનની કળાના અનુરાગી બન્યા છે. તેમની સેનામાં મને પણ એક પદાતિ ગણશો. આશા રાખું છું કે નવા સભાગૃહમાં પણ ઈતિહાસ સર્જાશે. જૈન યુવકો એક વખત નામાંઠામાંમાં અને દુકાનીવહીવટનો કીડો ગણાતો તે આજે સાક્ષર, સન્નિષ્ઠ, રાષ્ટ્રપ્રેમી, ધર્મવીર બની જૈન ધર્મને નવો ઓપ આપી રહ્યા છે એ હું અને બીજા મિત્રો જોઈ શકયા છીએ. તમારી આવી રીતે ભાવભકિત કરી સમાજ પુષ્પો ચડાવે છે તે જોઈ તમારા આજીવન સુહૃદ્ તરીકે હું અહોધન્યતા અનુભવું છું.

**સ્નેહાધિન રવિભાઈ રાવળ**

**માટુંગાની ગર્લ્સ કૉલેજના પ્રિન્સિપાલ બહેન ધૈર્યબાળા વોરાનો પત્ર**

તા. ૧૦-૧-૭૦

મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,

પત્ર લખવાની ઈચ્છા તો જૈન યુવક સંઘના નવા કાર્યાલયના ઉદ્‌ઘાટન સમારંભની પત્રિકા મળી ત્યારની હતી, પણ બધી જ ઈચ્છાઓ અમલમાં મૂકાતી નથી. વહેલી મોડી પણ અમલમાં મૂકાય તો શુદ્ર માનવીએ સંતોષ માણવો રહ્યો. એટલે જ મોડી મોડી પણ પત્ર લખીને આ આનંદના પ્રસંગે મને જૈન યુવક સંઘના પરિવારના સભ્ય ગણી આમંત્રણ મોકલાવ્યા માટે આભાર માની લઉં.

મારી અટક વોરા, હું કામ કરૂં ગુજરાતી સેવા મંડળની કૉલેજમાં—જ્યાંના સંચાલકો મોટે ભાગે જૈન છે—અને પછી તમે મને પાંખમાં લઈને પર્યુષણ વ્યાખ્યાનમાળાની સક્રિય સદસ્ય બનાવી એટલે બીજાંઓને માટેજ નહીં પણ હું પોતે પણ અર્ધી પર્ધી તો જૈન બની જ ચૂકી છું અને જૈન સાહિત્ય જેમ જેમ જોઉં છું તેમ તેમ લાગે છે કે માત્ર લૌકિક દૃષ્ટિએ નહીં પરંતુ સાચા અર્થમાં જૈન બની રહીશ, ત્યારે કૃતકૃત્યતા અનુભવીશ. આ મનોભાવના માટેની પ્રેરણા તમારા તરફથી પામી છું એટલો ઋણસ્વીકાર અહીં કરી લઉં.

જૈન યુવક સંઘની સાથે તમે એટલા વણાઈ ગયા છો કે યુવકસંઘની સિદ્ધિઓને તમારી સિદ્ધિઓ અને તમારી સિદ્ધિઓને યુવક સંઘની સિદ્ધિઓ તરીકે ઓળખાવું તો એમાં કયાંય અતિશયોકિત નથી જ, ઉલટાનું અલ્પોકિત કરી છે એમ કહીશ. આ પ્રસંગે સહુ અભિનંદનના અધિકારી છે અને એ સહુના પ્રતીક અને પ્રેરણા સમા પરમાનંદભાઈને મારા—અને અમારા જેવા સહુના અભિનંદન અને ભલે ને હું નાની રહી તો પણ—આશીર્વાદ. (સ્રી છું ને!)

હું જંજાળી છું તે તો તમે જાણો જ છો. અને આ જંજાળમાંથી છૂટીને આવી ન શકી માટે ક્ષમા માગું છું. મને ખાત્રી છે કે તમે એ આપશો, સાનંદ આપશો, કારણકે કદાચ સાચું જૈનત્વ આ જંજાળને પાર ઉતારી, જાતે પાર ઉતરવામાં જ છે.

અ. સૌ. મુ. વિજયાબહેનને નમસ્કાર.

**ધૈર્યબાળાનાં સપ્રેમ વંદન**

## * મહેતા દંપતીની અપીલ *

**"અમારા આ પરમાર્થના કાર્યમાં શકય તેટલો સહકાર આપો!"**

ગીતાજીમાં કહ્યું છે કે કર્મના ફળની આશા રાખવી નહિ. અને આપણા રાષ્ટ્રપિતા પ્રાત:સ્મરણીય પૂજ્ય ગાંધીબાપુએ એક જગ્યાએ કહેલું કે: "હવે પછી જો મને જન્મ આપે તો પ્રભુ મને હરિજન (ગરીબ) માં જન્મ આપજે." એટલે કે સૈકાંડો વરસોથી પીડાતા હરિજનો (અત્યંજો) અને શોષિત સમાજમાં અવતરીને ગરીબ વર્ગ તરફ સહાનુભૂતિ શ્રીમંત વર્ગ ધરાવતો થાય અને એ રીતે ગરીબી ટળે એ જોવાની હતી. આવું જ કાર્ય કર્મના ફળની આશા રાખ્યા વગર "નાલંદા" માં રહેતા સુખી ઘરના અમો દંપતીએ ઉપાડી લીધું છે. મહાત્મા ગાંધીજીના વહાલા અને હિન્દુ સમાજથી હંમેશા અલગ રહેલા ઢેઢ, ભંગી, ચમાર અને ઝૂંપડપટ્ટીમાં વસતા ગરીબોનું દુ:ખ દૂર કરવાનું, એમની ભૂખ ભાંગવાનું છેલ્લાં ત્રણ વર્ષથી માનવતાનું ખરૂં કાર્ય અમોએ ઉપાડી લીધું છે. ભોજન સમારંભોમાં આમંત્રણ મળ્યે અમો મહેતાફેમિલી અને એમના સહકાર્યકર સેવાભાવી ભાઇ-બહેનો થાળીમાં વધેલી વાનગી ઊપાડી, પોતાના વાહનોમાં લઇ જઇને ઉપરોકત ભૂખ્યાઓને જમાડીએ છીએ. હમણાં ઠંડીની ઋતુ પૂરબહારમાં ખીલી ઊઠી છે. લગ્નની મોસમ નથી એટલે અમો દંપતિ રાતના બારથી ત્રણ વાગ્યા સુધી નગરચર્યા કહો કે જે કહો તે મનોહર મુંબઇની શેરીઓ, ગલીકૂચી જ નહિ પણ રાજમાર્ગો પર પણ ફરીને ઓઢ્યા વગર, પાથર્યા વગર સૂતેલા આપણા ગરીબ ભાંડુઓને કંતાન—શણના કકડા-માનવીના પૂરા કદના- ઓઢાડીએ છીએ. આ માનવતાનું કાર્ય અમો મહેતાદંપતીએ શ્રી ચંપકભાઇ મોદી અને ફેમિલી અને તેમના ઘણા સહકાર્યકરો તથા નરોતમવાડી કાલબાદેવીવાળા ભાઈશ્રી ખુશાલભાઇ જરીવાલાના સહકારથી ઉપાડી લીધું છે. લક્ષ્મીનંદનો અને ગજવે સુખી ઘરના માનવીઓએ આઝાદ ભારતના દુ:ખી ભાઇઓને ભૂલવા જોઇએ નહિ. ફૂલ નહિ તો ફૂલની પાંખડી રૂપે પોતાની શકિત અને શ્રદ્ધા પ્રમાણે આ સત્કાર્યમાં અમને સહકાર આપવો જોઇએ. જો આપ દાનરૂપે રકમ આપો તો "સંજીવની" ટ્રસ્ટના નામે આપશો તો ઇન્કમ બાદ મળશે. જો બારદાન કે શણ ટૂકડા કે કંતાનની ગુણીઓ આપશો તો તેનો પણ સહર્ષ સ્વીકાર કરવામાં આવશે. આપ જે પણ દાન કરશો તે વિધાતાના ચોપડે લખાઇ જશે એમાં શંકા નથી. જે દાન ન કરી શકે (અકિંચન) તે બીજા પાસેથી પોતાની ઓળખાણવાળા સુખી ભાઇઓ પાસેથી પણ અપાવી શકે છે, તો આપ નીચેના સરનામે અવશ્ય મદદ રોકડા યા સાધન મોકલી ગરીબોની દુવા હાંસલ કરશોજી.

(૧) શ્રી હાસ્યચંદ્ર મહેતા, "નાલંદા", પાંચમે માળે, બી બ્લોક, ફ્લેટ-૫૩, ૬૨, પેડર રોડ, મુંબઇ નં. ૨૬. ટેલિ. નં. (૩૫૯૩૩૨ (૨) શ્રી ખુશાલભાઇ જરીવાલા, નરોત્તમવાડી, કાલબાદેવી, મુંબઇ નં. ૨, ટે. નં. ૩૧૨૪૦૬. (૩) શ્રી ચંપકભાઇ મોદી, ૧૧, ગીતાંજલિ, વાલકેશ્વર રોડ, ટે. નં. ૩૫૭૮૫૬.

અમારા આ પરમાર્થના કાર્યમાં શકય તેટલો સહકાર આપવા પ્રાર્થના છે. આપના,

**હાસ્યચંદ્ર સી. મહેતા**
**સુહાસ હાસ્યચંદ્ર મહેતા**

## શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહનો જાહેર ઉપયોગ કરવાને લગતો પ્રબંધ

કોઈ પણ સાંસ્કૃતિક, સામાજિક તેમ જ શૈક્ષણિક પ્રવૃત્તિના અનુસંધાનમાં જાહેર સભાઓ ભરવા માટે પ્રસ્તુત સભાગૃહનો તેને લગતા નિયમોને અધીન રહીને ઉપયોગ કરવા દેવામાં આવશે. આવો ઉપયોગ કરનાર વ્યકિત અથવા સંસ્થાએ રૂા. ૫૦ ભાડાના આપવાના રહેશે. વિશેષ વિગતોની જાણકારી કાર્યાલયમાંથી મળી શકશે. ઠે. ૩૮૫, સરદારવી. પી. રોડ, બે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# પ્રકીર્ણ નોંધ

## કૅાંગ્રેસને લોકસેવકસંઘ બનાવવાનો વિચાર વ્યવહારુ છે ખરો?

કૅાંગ્રેસની આજે થઈ રહેલી ભાંગફોડ જોઈને કેટલાક વિચારકોને ગાંધીજીએ પોતાના અવસાન પહેલાં અને આપણને - દેશને—આઝાદી મળી તે દરમિયાન કૅાંગ્રેસનું રાજ્યસત્તાપ્રાપ્તિનું લક્ષ્ય છોડીને લોક સેવક સંઘમાં રૂપાન્તર કરે એવી સલાહ આપેલી તે યાદ આવે છે. અને એ વખતે તો આપણે ગાંધીજીની સલાહ ન માની પણ હવે જ્યારે કૅાંગ્રેસ સત્તાપ્રાપ્તિના લક્ષ્ય ઉપર છિન્નભિન્ન થઈ રહી છે ત્યારે આ કૅાંગ્રેસનું ગાંધીજી સૂચવતા હતા એ પ્રમાણે લોકસેવક સંઘમાં રૂપાન્તર શા માટે ન કરવું એ મુજબ આપણને તેઓ સૂચવે છે અને સલાહ આપે છે.

વસ્તુત: ૧૯૪૮ ના પ્રારંભમાં ગાંધીજીએ આ સલાહ આપી ત્યારે પણ, મારી સમજણ મુજબ એ સલાહ અવ્યવહારૂ હતી.

એ તો જાણીતો ઈતિહાસ છે કે વર્ષોના ત્યાગ, તપસ્યા અને આત્મભોગના પરિણામે દેશના માટે કૅાંગ્રેસે આઝાદી હાંસલ કરી હતી. એ દિવસોમાં કૅાંગ્રેસ દેશમાં મુખ્ય રાજકીય પક્ષ હતો; તે પછીના મહત્વના પક્ષો હતા મોસ્લેમ લીગ અને હિંદુમહાસભા. જ્યારે અંગ્રેજી હકુમત સત્તાનાં સૂત્રો છોડવાને તૈયાર હતી ત્યારે તે સૂત્રોની સોંપણી કૅાંગ્રેસ સ્વીકારવાની ના પાડે તો કોને સોંપે? મુસ્લિમ લીગને કે હિન્દુમહાસભાને ?

બીજું જે દેશનેતાઓએ આઝાદી પ્રાપ્ત કરવામાં ઘણો જ મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. તેઓ આઝાદી પછીની જવાબદારી સંભાળવાની શી રીતે ના કહી શકે? શું જવાહરલાલ નહેરુ કે સરદાર વલ્લભભાઈ પટેલ એમ કહી શકત કે "અમારું કામ અમે પૂરું કર્યું છે; હવે આઝાદી જાળવવાનું અને દેશનું નવઘડતર કરવાનું કામ બીજાને સોંપો!" અને આમ તેઓ નિવૃત્ત થવા માગતા હોત તો પ્રજાજનો તેમને તે રીતે નિવૃત્ત થવા દેત ખરા?

અલબત્ત, ગાંધીજીની સલાહ પાછળ એ સૂચન હતું—એ ભય હતો કે સત્તાનો ભોગવટો સત્તાના સૂત્રધારોને સમય જતાં ભ્રષ્ટ કરશે - અને તેથી કૅાંગ્રેસ અને તેના તત્કાલીન નેતાઓ આ સત્તા-ભોગવટામાં ન પડે તો સારૂં. પણ એ સૂચન અને એ પાછળનો ભય ગમે તેટલો વાસ્તવિક હોય તો પણ તે જવાબદારી તત્કાલીન રાજકારણી આગેવાન નેતાઓએ લેવી જ રહી અને ભવિષ્યમાં પોતાની વૃત્તિ કે વ્યવહારમાં કોઈ વિકાર ન આવે તે માટે તેમણે પૂરા સજાગ રહેવું રહ્યું. ભવિષ્યને લગતી આવી તકેદારી આપણા આગેવાન નેતાઓ રાખી ન શકયા એ જુદી વાત છે.

આજે પણ કૅાંગ્રેસનું આવું રૂપાન્તર શકય નથી. કારણ જેના પાયામાં રાજકારણ છે, અને જેનું લક્ષ્ય રાજ્ય સત્તા હસ્તગત કરીને દેશની શકય તેટલી સેવા કરવાનું છે તે સંસ્થાને લોકસેવક સંસ્થામાં પલટી જવાનું કહેવું તે મૂળ પ્રકૃતિમાં પાયાનું રૂપાન્તર કરવાનું કહેવા બરોબર છે. તે ક્ષત્રીયવૃત્તિ ધરાવનારને બ્રાહ્મણ બની બેસવાનું કહેવા બરોબર છે.

આજનું ભંગાણ ભાગ્યે જ સંધાય એવું છે, એમ છતાં પણ કોઈ પણ રીતે કૅાંગ્રેસમાં પડેલા બે ભાગલા સંધાય અને તે શકય ન હોય તો દેશના રાજકારણમાં સર્વત્ર બનતું આવ્યું છે તેમ કૅાંગ્રેસ આત્મનાશને નોતરે અને તેનું સ્થાન બીજા રાજકીય પક્ષો લે. આ સિવાય ત્રીજો કોઈ વિકલ્પ નજરે પડતો નથી.

## આજે ચાલી રહેલું નિન્દાસત્ર

આજે કોંગ્રેસના ભાગલા પડયા બાદ દિન પર દિનના છાપાં-ઓમાં પ્રત્યેક પક્ષના એક યા બીજા આગેવાનોનાં નિવેદનો અને પ્રતિનિવેદનો અને એકમેકને કાપતાં વિધાનો પ્રગટ થઈ રહેલાં જોવામાં આવે છે. ગઈ કાલ સુધી જે આગેવાનોએ સાથે ખાધું પીધું અને રાજ્યવહીવટ ચલાવ્યો તેઓ આજે એકમેકના પ્રતિપક્ષી બની બેઠા છે. સંસ્થાકીય કોંગ્રેસના આગેવાનો ઈન્દિરાનું શાસન ખતમ કરવાનાં સ્વપ્નાં સેવે છે; શાસક કૅાંગ્રેસ પોતાના શાસનને યેનકેનપ્રકારેણ મજબૂત બનાવવાની પેરવીમાં પડેલ છે. ગઈ કાલ સુધી જે રાજકીય પક્ષોની સામે નજર કરવામાં આવતી નહોતી તે પક્ષોના ટેકા વડે ધાર્યું ધ્યેય સિદ્ધ કરવાને સૌ કોઈ કટિબદ્ધ થયું છે. પોતાને પ્રતિકૂળ રાજ્યતંત્રને ઉથલાવી પાડવા માટે ચારે બાજુએ ખટપટ ચાલી રહી છે.

કોંગ્રેસનું તંત્ર આખા દેશમાં ગામેગામ અને સ્થળે સ્થળે પથરાયલું પડયું હતું. તે તે સ્થળના કોંગ્રેસીઓમાં હવે ભંગાણ પડયું છે અને કોઈ પોતાને સિન્ડિકેટવાદી અને અન્ય પોતાને ઈન્ડિકેટવાદી તરીકે ઓળખાવે છે. જ્યાં જૂની કોંગ્રેસ અસ્તિત્વમાં હોય ત્યાં તેનું સ્થાન લેવા માટે એડહૅાક સમિતિ નીમાયે જાય છે અને જ્યાં શાસક પક્ષનો કબજો હોય ત્યાં પણ જૂની કોંગ્રેસ પોતાની ઍડહોક સમિતિ સ્થાપે છે. સગા ભાઈ જેવા કોંગ્રેસી કાર્યકરો આજે એકમેકના વિરોધી બની બેઠા છે અને જ્યાં જેનું ચાલે ત્યાં ત્યાનાં વહીવટી કાર્યાલયનો કબજો મેળવવા પાછળ અથવા તો કબજો છોડાવવા પાછળ એક યા બીજા પક્ષના લોકો દાવપેચ રમી રહ્યા છે અને વખત આવ્યે સ્થાનિક કાર્યાલયો ઉપર આક્રમણ કરતા પણ અચકાય તેમ નથી.

આ છે આજે આપણી કોંગ્રેસની દશા! આવું છે આજે ચાલી રહેલું આખા દેશને વિખવાદથી વિષમય બનાવતું નિન્દાસત્ર! ગાંધીજીએ મોઢે કરાવેલું, "વૈષ્ણવ જન તો તેને કહીએ' તે ભજન આપણે ગાતા હતા અને 'નિન્દા ન કરે કેની રે!' એ પદનું રટણ આપણે કરતા હતા. આજે આ નિન્દાપ્રવૃત્તિ જ આપણો ધર્મ થઈ પડયો છે.

આમાં અનેક આગેવાનો એવા છે કે જેઓ પોતાને ગાંધીવાદી માને છે અથવા મનાવે છે. આશ્ચર્ય તો એ બાબતનું છે કે આમાંથી કોઈને પણ—ચુસ્ત ગાંધીવાદી તરીકે પોતાને ઓળખાવતા મોરારજીભાઈ જેવાને પણ—એવો પ્રશ્ન કેમ નથી થતો કે આ આપણે શું કરી રહ્યા છીએ? એ આગેવાનો-માંથી કોઈ એવું કેમ નીકળતું નથી કે જે એમ જાહેર કરે કે "આ પરિસ્થિતિ મારા માટે અસહ્ય છે. જે કોંગ્રેસ મારા જીવનમાં વાણાતાણા માફક વણાઈ ગયેલી છે તેનું આવું વસ્ત્રહરણ થઈ રહેલું જોવું મારા માટે શકય નથી; આમ જ આ બધું ચાલવાનું હોય તો મારા જીવનનો પણ અર્થ શો છે?" દ્રૌપદીના વસ્ત્રહરણ વખતે જેમ બન્ને કુટુંબના આગેવાનો એ દુર્ઘટના ફાટી આંખે માત્ર જોઈ રહ્યા હતા તેમ આજે પણ આપણા આગેવાનો કૅાંગ્રેસની આ દુર્ઘટના ફાટી આંખે માત્ર જોઈ રહ્યા છે એટલું જ નહિ પણ એ દુર્ઘટના નિર્માણ કરવાના ભાગીદાર પણ બની રહ્યા છે. આનાં માઠાં પરિ-ણામોમાંથી કોઈ બચી શકે તેમ નથી. જેઓ સત્તાસ્થાન ઉપરથી ચ્યુત થયા છે તેઓ પાછા એ સત્તાસ્થાન ઉપર આવે એવી કોઈ આશા નથી. અને મુખ્ય પ્રધાન ઈન્દિરાનું સિંહાસન પણ જરાયે સ્થિર નથી. જેના ટેકા ઉપર તેની સત્તા ઊભેલી છે તેમાંનું એક પડખું પણ પ્રતિકૂળ બને કે તરત જ એ સિંહાસન ભૂમિશાયી બનવાનું છે. આજે ચોતરફ દાવાનળ પ્રગટયો છે. તે દાવાનળ કદાચ શમે, જો કોઈ બત્રીશલક્ષણો માનવી પોતાની આહુતિ આપવાને તૈયાર થાય. પણ આજે તો આવું ઊજળું કિરણ કોઈ દિશાએ દેખાતું નથી.

## શ્રી ઈન્દુમતીબહેન ચીમનલાલને હાર્દિક અભિનંદન

પ્રજાસત્તાક દિનની ખુશાલીમાં બહાર પાડેલી યાદીમાં ગુજરાત રાજ્યના ભૂતપૂર્વ શિક્ષણપ્રધાન શ્રી ઈન્દુમતીબહેનને પદ્મશ્રીના ઈલ્કાબથી નવાજ્યાનું જણાવવામાં આવ્યું છે. પ્રજાની સેવાને જેમણે પોતાનું આજ સુધીનું જીવન અર્પણ કર્યું છે અને શ્રી ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહાર જેવી વટવૃક્ષસમી શિક્ષણસંસ્થા જેમના અસાધારણ પુરુષાર્થ અને કાર્યનિષ્ઠાનું સર્જન છે તેવા ઈન્દુમતી-બહેનનું ભારત સરકાર આ પ્રમાણે સન્માન કરે એમાં ઈન્દુમતી-બહેન કરતાં ભારત સરકારનું વિશેષ ગૌરવ છે. આ પ્રસંગે ઈન્દુ-મતી બહેનને આપણા સર્વના હાર્દિક અભિનન્દન અને ધન્યવાદ.

પરમાનંદ

## એક સ્વપ્નદૃષ્ટા યુવાને કરેલું અમરોલીનું નવસર્જન

મુંબઈથી અમદાવાદ જતાં રેલમાર્ગે સુરત પછી તરત જ આવતું ઉત્રાણ સ્ટેશન હવે તો ઈલેક્ટ્રીક ગ્રીડ યોજના અને 'પાવર હાઉસ'ના કારણે જાણીતું થયું છે, પરંતુ સ્ટેશનને અડીને જ આવેલું ગામ અમરોલી એક સ્વપ્નદૃષ્ટા યુવાનની આદર્શ ને આકાર આપવાની ભાવનાથી આટલું ચેતનમય હશે એવી તો કલ્પના જ ન હતી.

અમે ગયા હતા સુરત – 'અમારે ગામ' પોંક – પાપડી અને ઉંધિયાની મોજ માણવા અને પરિચય થયો શ્રી કાન્તીભાઈ શાહનો અને તેઓ અમને લઈ ગયા 'તેમના ગામ'... પણ તે ફકત 'તેમનું ગામ' ન હતું. ભારતના ગમે તે ગામડાને આદર્શ પૂરો પાડી શકે એ રીતે નવઘડતર અને નવરચના પામેલું તે ગામ હતું. રમણલાલ વસંતલાલ દેસાઈની 'ગ્રામ્ય લક્ષ્મી' વાંચતા યુવાન વયે સ્વપ્નો તેમણે સેવ્યાં અને એવા જ એક આદર્શવાદી શ્રી ભૂપેન્દ્રભાઈ વકીલનો સાથ મળતાં તેને સાકાર કરવા માંડયા.

તમે માનશો ? ૧૯૦૦ માણસની વસતિના ગામમાં બાલ મંદિર, પ્રાથમિક શાળા, હાઈસ્કૂલ, સીવણ વર્ગ, વ્યાયામશાળા, પુસ્તકાલય, 'ગ્રામ લક્ષ્મી હાઉસિંગ સોસાયટી,' વિવિધ કાર્યકારી સહકારી મંડળી તો ખરાં જ અને સાથોસાથ 'ગંગા સ્નાને, નર્મદા દર્શને તાપી સ્મરણે' એ રીતે પવિત્ર તાપી નદી પર વસતા આ ગામના વૃદ્ધજનો માટે ભજનમંડળો પણ ખરાં જ. ૧૯૦૦ માણસોના આ ગામની હાઈસ્કૂલમાં છે ૭૦૦ ભાઈ-બહેનો અને નિષ્ણાત શિક્ષકો. પરંતુ ગામડામાં ફકત ચોપડા – વાંચીને પાસ થનાર વધારવાથી શો ફાયદો? એટલે ત્યાં શરૂ કરવામાં આવ્યું –Technical Instituteજેમાં સુથારકામ, લેથ મશીન પરના કામો વગેરે શીખવાડવામાં આવે છે.

અમરોલી ગામને અડીને જ તાપી નદી જાય છે અને કોકવાર 'તાપી મૈયા'નો 'મિજાજ' જાય પણ છે. એ 'મિજાજ'થી ગામને નુકશાન ન થાય માટે રાતના ઓટલે બેસી ટોળટપ્પા મારવાને બદલે ગામના યુવાનોએ ભરણી કરી અને ગામને રેલના ભયમાંથી સદા માટે મુકત કર્યું.

હું અને મારા પત્ની દામિની આગળ ગયા ત્યારે રણમાં કોઈ 'મીઠી વીરડી' પામતાં જે અનન્ય આનંદ અને સંતોષ થાય તેવી લાગણી અનુભવી. આજુબાજુના ઘણા ગામો પર આ ગામના કાર્યની અસર છે અને અંધારા ઓરડામાં નાનકડો દીપ પણ પોતાના પ્રકાશથી સમસ્ત ઓરડાને આવરી લે છે તે રીતે આજુબાજુનાં ગામો પણ આ પ્રકાશ ઝીલી રહ્યા છે.

પચરંગી કોમવાળા આ ગામમાં સુમેળ છે, કોર્ટદરબારે કોઈ કેસ નોંધાયો નથી. ભાવનામાં રાચતા આ ગામને લેવીમાં વધુ અનાજ આપવા માટે રૂ. ૧૦,૦૦૦નું પ્રથમ ઈનામ પણ પ્રાપ્ત થયું છે.

નાનકડા ગામનો એકાદ પણ આદર્શના રંગે રંગાયેલ માનવી પૂ. બાપુના સ્વપ્નાનું ગામ કેવું સુંદર રીતે સર્જી શકે છે! અને એટલે જ ચોમેર પ્રસરેલી નિરાશામાં પણ ઊંડે ઊંડે આશાનું કિરણ દેખાયા કરે છે.

**અમર જરીવાલા**

## જીવન સંગ્રામ પૂરો થાય ત્યારે....

**સ્વ. શ્રી જયભિખ્ખુએ મરણના એક માસ પહેલાં લખેલી નોંધ**

જીવન તો આખરે પૂરું થવાનું છે. બાસઠ વર્ષનો માણસ અનેક રોગોથી ભરેલો ને મનસ્વી પુરુષ માંગી માંગીને કેટલા વર્ષ માંગે?

જીવ આ જાય ત્યારે કોઈએ શોક કરવો નહિ. કાં તો ગંભીરતા ધારણ કરવી, કાં એકાદ ભજન યા ધૂન ચલાવવી.

નનામીની પ્રથા ન છૂટકે અજમાવવી. મળી શકે તો મ્યુ. બસ મંગાવી એમાં દેહને લઈ જવો ને અગ્નિસંસ્કાર કરવો.

સ્મશાનમાં કાં ભજન કાં નિવાપાંજલિની સભા ભરવી.

એક જ દિવસે સહુને બોલાવી લેવાં. એક જ ટંક રાખવા.

લૌકિકે ખાસ સગાં સિવાય ઝમેલો એકત્ર ન કરવો. વ્યવહારની ક્રિયાઓ ઓછી કરવી. વહાલપની ક્રિયા વધુ થવા દેવી.

બહારગામથી ચૂંટીને પચીસ સગાંને બોલાવવાં. સહુને એક ટંક દાળ, ભાત, રોટલી ને શાક ખવરાવવા. ખાકટી કે બીજા રિવાજો છાંડવાં.

પત્નીએ બંગડીઓ રાખવી. ચાલુ વસ્ત્ર પહેરવાં. ખૂણો ન રાખવો. રોજ બની શકે તો શંખેશ્વર ભગવાનનો ફોટો મૂકી ધ્યાન ધરવું કે સ્તવન ગાવું.

વૈધવ્યનાં કોઈ ચિહ્ન ન પહેરવા, પહેરાવવા જે પ્રયત્ન કરે તેને ચાર હત્યા લાગે.

મરણ બાદ કોઈએ વ્યવહાર ન કરવા. બને તો પ્રભુભજન અવારનવાર રાખવાં. નિરાધાર, અશકત, ગરીબોને ભોજન આપવું. પારેવાને દાણા નાખવા. ગાયને ચાર નાખવી.

બને ત્યારે તીર્થયાત્રા કરવી.

રોવું, કૂટવું, હાય હાય કરવું સદંતર બંધ. કરે કરાવે તે પાપનાં ભાગી.

સૌ. જયાએ હિંમતથી વર્તવું. જિંદગી જાત્રા જેવી. રાજા–મહારાજા જેવી, શ્રીમંત શાહુકાર જેવી ગઈ છે. પાછળ તે રીતે હસતે મોઢે રહેવું.

સંસારમાં ઓછાને મળે તેવો પુત્ર મને મળ્યો છે. તેવી વહુ મળી છે. તેવો દીકરો મળ્યો છે.

સહુએ અગરબત્તી જેવું જીવન જીવવું.

(તા. ૨૫–૧૧–'૬૯ની રોજનીશીમાંથી) —**જયભિખ્ખુ**

## સંઘ દ્વારા શરૂ થનાર હોમિયોપથીનું ઉપચારકેન્દ્ર

સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી દામજી વેલજી શાહની ઉદાર મદદથી સંઘના કાર્યાલયમાં હોમિયોપથીનું ઉપચાર કેન્દ્ર શરૂ કરવાનું વિચારવામાં આવ્યું છે. આ માટે જાણીતા હોમિયોપાથ ડૉ. બહેન પી. જી. સીંધિયાની નિમણૂંક કરવામાં આવી છે અને આ ઉપચાર કેન્દ્રનું ઉદ્‌ઘાટન તા. ૨૧મી ફેબ્રુઆરી શનિવારના રોજ સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં કરવામાં આવશે. તો આ પ્રસંગે સંઘના સભ્યોને હાજર રહેવા પ્રાર્થના છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## તું આવ, આવ–

તું આવ, આવ પ્રિય ! આંગણિયે
મન તલસી રહે ઘડીએ ઘડીએ...તું આવ.

આ આભમહિં લખ તારલિયા
નવ તેજભર્યા ચમકે અહિયા,
પણ તિમિર હઠે નવ ચંદ્ર વિના,
અવ ભીંસ દિયે અંધાર હિયે,

ઝળકાવ ગગન તવ ચાંદનીએ
તું આવ હવે તો આંગણિયે.

શારદાગ્રામ, ૮-૫-૬૪ **ગીતા પરીખ**

## લેણદેણ

(છંદ : મિશ્રા)

પીઉં પીઉં તોય નહિ ધરાઉં
હું આંખની પ્યાલીથી અબ્ધિ-પાન.
છીપાવવા મારી અદમ્ય પ્યાસ
થાયે નહિ સાગર આ ખલાસ.
કેવી અહો આપણી લેણદેણ ?
આ નેણ ના તો
હે અબ્ધિ, તારાં સહુ વ્યર્થ વહેણ!

ચોરવાડ, ૨૫-૫-૬૪ **ગીતા પરીખ**

# સ્યાદ્‌વાદ જીવનદર્શન

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન તા. ૧૫-૯-૬૯ ના રોજ શ્રી રોહિત મહેતાએ આપેલા વ્યાખ્યાનની નોંધ. તંત્રી)

દાર્શનિક સાહિત્યમાં જૈન ધર્મનો અપૂર્વ ફાળો છે. સ્યાદ્‌વાદની વિચારધારા ગહન-કઠણ-વિચારધારા છે. વિદ્વાનોએ તેની ખૂબ ચર્ચા કરી છે. 'સ્યાદ્‌વાદ મંજરી' અને 'સપ્ત ભંગી નય'માંથી આ વિચારધારા વિષે જાણવા મળે છે. એમાં અનેક વિચારકોએ તેને સમજાવવા પ્રયાસ કર્યો છે. હું સ્યાદ્‌વાદની માનસશાસ્ત્રની દષ્ટિએ ચર્ચા કરવા માગું છું. માનસશાસ્ત્રની દષ્ટિએ સ્યાદ્‌વાદની સમજૂતી દૂરનો વિષય રહેતો નથી, દૈનિક જીવન સાથે જોડાય છે. આજનો યુગ વિજ્ઞાનનો યુગ છે. મનુષ્યે ઘણી સિદ્ધિ પ્રાપ્ત કરી છે, પણ એ વિચિત્ર વાત છે કે ભૌતિક વિજ્ઞાનમાં જેમ જેમ માનવી આગળ વધતો જાય છે તેમ તેમ માનસશાસ્ત્રીય પ્રશ્નો અટપટા બનતા જાય છે. માનવી જેમ જેમ બાહ્ય અવકાશ પર વિજય મેળવે છે તેમ તેમ અંદરના અવકાશના પ્રશ્નો તેને દષ્ટિગોચર થતા જાય છે. જેમ જેમ વિજ્ઞાન ભૌતિક પ્રશ્નો દૂર કરે છે તેમ તેમ માનસશાસ્ત્રીય પ્રશ્નો તીવ્ર બને છે.

આજના યુગનો સૌથી મુંઝવતો પ્રશ્ન એ છે, ધર્મની પ્રતિષ્ઠા કેમ કરવી અને તેનાં મૂલ્યો કેમ સમજાવવા? આજે પરંપરાગત વિચારધારા અસ્વીકાર્ય બનતી જાય છે, ત્યારે ધર્મ પાસે જવાનો એક માત્ર માર્ગ માનસશાસ્ત્ર જ બાકી રહે છે. માનસશાસ્ત્રીય દષ્ટિએ પ્રશ્નોની સમજણ કેળવવાથી આપણા ધર્મની પ્રતિષ્ઠા કરવી સહજ બનશે.

આજે માનવી વિજ્ઞાનના માપદંડથી જ બધી વસ્તુ તપાસે છે. એવા યુગ માટે એક દષ્ટિબિંદુ-સ્યાદ્‌વાદ-વૈજ્ઞાનિક દષ્ટિ ધરાવે છે, એટલે તે વિજ્ઞાનના યુગને અનુરૂપ છે. સ્યાદ્‌વાદ શું છે? તે કઈ રીતે વિજ્ઞાનની બારી ખોલે છે?

સ્યાદ્‌વાદનો પ્રશ્ન ગંભીર છે. આપણે ઉપર ઉપરથી થોડો પ્રશ્ન જોશું. સ્યાદ્‌વાદને યથાર્થ સમજવા માટે જૈન ધર્મની ભૂમિકાથી પરિચિત થઈએ.

જૈન ધર્મના બે આધારસ્થંભ છે (૧) અહિંસા-જૈન ધર્મનું મુખ્ય અંગ છે. પણ જૈન ધર્મની અહિંસા સંકુચિત નથી-વ્યાપક છે. તેની વ્યાપકતા બતાવવા જૈન ધર્મનો બીજો આધારસ્થંભ, (૨) અપરિગ્રહ, અહિંસાની સાથે જાય છે.

દુનિયાનો ઈતિહાસ કહે છે કે જ્યાં જ્યાં પરિગ્રહ છે ત્યાં અધર્મ, હિંસા ને લડાઈ ચાલતી હોય છે. વ્યક્તિગત કે આંતરરાષ્ટ્રીય લડાઈના મૂળમાં પરિગ્રહ જ રહેલો હોય છે. જ્યાં સુધી પરિગ્રહ છે ત્યાં સુધી હિંસા પણ રહે છે. જૈન ધર્મે વ્યાપક વિચાર લીધો છે. તેણે અહિંસાને અપરિગ્રહ સાથે જોડી છે.

અપરિગ્રહમાં વસ્તુનો ત્યાગ કરવાની વાત આવે છે, પણ વસ્તુનો ત્યાગ કરવો સહેલો છે. દા. ત. દુનિયા છોડીને એક જણ સન્યાસી બને છે. વસ્ત્રો ફેંકી દે છે. બીજી ચીજોનો ય ત્યાગ કરે છે. પરંતુ અપરિગ્રહ વ્યાપક અર્થમાં લેવાનો છે. વસ્તુનો ત્યાગ નહીં પણ વિષયના ત્યાગ પર ભાર મૂકયો છે. અહીં 'વિષય'નો અર્થ સંસ્કૃત ભાષામાં છે તે લેવાનો છે. આપણે વસ્તુને જ વિષય બનાવીએ છીએ. સાચો અપરિગ્રહ એ મનનો અપરિગ્રહ છે. તે સિવાય જે અપરિગ્રહની વાત કરે છે તે ગીતામાં કહેવા પ્રમાણે મિથ્યાચારી છે. મનમાંથી પરિગ્રહ ન છોડનાર માણસ સંન્યાસી થઈને જંગલમાં જશે તો ત્યાં પણ નવો સંસાર ઊભો કરશે. આજના કહેવાતા સાધુ-સંન્યાસીઓ આવા પરિગ્રહથી મુકત નથી. તેઓ સંસારીઓથી ય વધુ સંસારી હોય છે. પરિગ્રહ અને અપરિગ્રહનો આધાર બહારના આચાર સાથે નહીં પણ મનના વ્યાપાર સાથે છે. મનના અપરિગ્રહને સમજવા સ્યાદ્‌વાદ જ કામ લાગે છે. કારણ, અપરિગ્રહ તેનો આધાર છે.

### સ્યાદ્‌વાદ શું છે?

હિંદુ દર્શનશાસ્ત્રનું પુસ્તક તમે વાંચશો તો તેમાં અનેક પ્રકારના ન્યાયની ચર્ચા જોશો. તેમાં એક ન્યાય છે "સર્પ-રજ્જૂ ન્યાય" જેમાં દોરડું સર્પ જેવું દેખાય છે. ત્યાં સુધી તો વાંધો નથી, પણ આજે તો રજ્જૂ-સર્પ ન્યાય છે. સર્પને દોરડું માનવામાં આવે છે. આ સાપને અડકવાથી નુકસાન થશે. આમાં દષ્ટિની વિકૃતિ થઈ છે. દોરડાને સર્પ માનવાનું કારણ શું? જૈન ધર્મનો એક સિદ્ધાંત છે - સમ્યક્ દર્શન, સમ્યક્ જ્ઞાન અને સામ્યક્ ચારિત્ર્ય.

સમ્યક્ દર્શન એટલે જે વસ્તુ છે તેને એના યથાર્થ સ્વરૂપમાં જોવી. જ્યાં સુધી સમ્યક્ દર્શન ન હોય ત્યાં સુધી જ્ઞાન સમ્યક ન થાય અને ચારિત્ર્ય પણ સમ્યક્ ન થાય. આમ સમ્યક્ ચારિત્ર્યનો પાયો સમ્યક્ દર્શન છે. માનસશાસ્ત્રીય સ્તર પર સર્પ-રજ્જૂ ન્યાયનો સિદ્ધાંત છે. આપણે બનાવ મૂળ શું છે એ નથી જાણતા. તેને આપણે આપણા દષ્ટિબિંદુથી જોવા પ્રયાસ કરીએ છીએ.

એક માનશાસ્ત્રીએ પ્રયોગ દાખલ એક અકસ્માત વિષે તેના અનેક શિષ્યોને રીપોર્ટ લખવા કહ્યું. તેણે જોયું કે તે બધાંમાંથી કોઈ પણ બેનો રીપોર્ટ એકસરખો નહોતો. દરેક જણે બનાવનું વર્ણન પોતાની રીતે કર્યું હતું. આમ એક જ બનાવ આ દષ્ટિએ જુદો જુદો દેખાયો હતો. આ સર્પ-રજ્જૂ ન્યાય છે. એક સ્વીસ વિજ્ઞાનશાસ્ત્રીએ કહ્યું છે કે, It is the scale of observation that creates, the phenomenon.

એનો અર્થ એ કે હું મારા દષ્ટિબિંદુમાંથી જ બનાવને ઊભો કરું છું. જો દષ્ટિબિંદુ બદલાય તો એક બનાવ એક રીતનો લાગતો હતો તે બીજી જ રીતનો લાગે છે.

વૈજ્ઞાનિક પણ દુનિયાનો અનુભવ આ રીતે જ રજૂ કરે છે: જ્યાં સુધી હું કહું છું કે ......... "મારી દષ્ટિએ આવો બનાવ છે." ત્યાં સુધી વાંધો નથી. હું સત્ય માનું છું એજ વસ્તુ સત્ય છે એમ કહું ત્યાં જ પરિગ્રહ શરૂ થાય છે. ત્યાં જ હિંસાનું સુક્ષ્મ દર્શન થાય છે. વ્યકિત અને સમાજ વચ્ચેના બનાવો આ રીતે જોવા જોઈએ. એક વ્યકિતનું મારા તરફનું આચરણ મારું દર્શન છે. આ જ સ્યાદવાદ છે. "મને પૂરું સત્ય ખબર નથી. મારા દષ્ટિકોણ મુજબ હું આ વસ્તુને સત્ય માનું છું. સત્ય જુદું પણ હોય". વૈજ્ઞાનિક પણ આમ જ કહે છે. વૈજ્ઞાનિક જો 'આ જ સત્ય છે.' એમ કહે તો તેના પ્રયોગોનો જ અંત આવે. એટલે તે કહે છે કે હાલમાં આ સત્ય છે, દષ્ટિ બદલાય તેમ સત્યનું દર્શન જુદું પણ હોઈ શકે.

આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદ કહે છે કે વિશ્વમાં બધી જ વસ્તુઓ ગતિમાન છે. જેને જોઈએ છીએ તેને ગતિના ચોકઠામાં જ જોઈએ છીએ. જેમ જેમ ગતિ વધે છે તેમ તેમ જુદું જુદું દેખાશે. આ છે સાપેક્ષવાદનો સિદ્ધાંત.

ગતિથી ચાલતા આપણા મન દ્વારા જે દેખાયું છે-અવલોકન થયું છે તેને જ બહારનો બનાવ કહીએ છીએ.

સ્યાદ્‌વાદ વિજ્ઞાનયુગને અનુરૂપ છે. તે મનની શકયતા અને મનની મર્યાદા જણાવે છે. વિજ્ઞાન દ્વારા આ મનોદશાને સીમિત સ્વરૂપ આપી શકાયું છે. વિજ્ઞાન મનના અવલોકન દ્વારા જે વાત કરે છે એ સાપેક્ષ વસ્તુ છે. વિજ્ઞાનની આ મર્યાદા સમજાય ત્યાંથી ધર્મના દર્શનની નવી ભાવના જન્મે છે. નેત્રની જ્યોતિની જ વાત લઈએ. વિજ્ઞાન કહે છે કે આંખ નથી જોતી. તે તો વસ્તુની માત્ર છબી જ પાડે છે-જોવાનું-સમજવાનું કામ તો મન કરે છે. તેવી જ રીતે કાન સાંભળતા નથી, મન સાંભળે છે; ત્વચા લાગણી જન્માવતી નથી, મનમાં જ લાગણી જન્મે છે. આમ પાંચે ઈન્દ્રિયો

મનની દ્વારા જ અનુભવો વ્યકત કરે છે. માટે એ અનુભવો સાપેક્ષ છે. એની પાછળ અપેક્ષા છે–કાંઈક સંદર્ભ–છે. 'મારું દષ્ટિબિંદુ' એ જ એનો અપેક્ષા–સંદર્ભ છે.

આ વસ્તુ માનસશાસ્ત્રની દષ્ટિએ સમજીએ. હું અને મારું દષ્ટિબિંદુ જુદી વસ્તુ નથી, એકજ વસ્તુ છે. સ્યાદ્વાદનું જીવન-દર્શન અપેક્ષા-મર્યાદા-રાખે છે. મારું દષ્ટિબિંદુ એ મારી પોતાની મર્યાદા છે. જગતનો મારો અનુભવ સાપેક્ષ અનુભવ છે.મન મોટામાં મોટું સાધન છે. મન નિરપેક્ષ નથી, સાપેક્ષ છે, એમ સમજાય તો ઘમંડ નહીં આવે, નમ્રતા આવશે.

સોક્રેટીસે કહ્યું છે કે "He who knows and knows that he does not know is a wise man."

(જે વ્યકિત જાણવા છતાંયે એમ માને છે કે હું તો કશુંયે જાણતો નથી તે જ શાણો પુરુષ છે.)

મનનું અભિમાન ઘણું મોટું હોય છે. એમાંથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે. સ્યાદ્વાદ સમજે તો નમ્રતા આવે.

હું જે જાણું છું તે તો એક અંગનું જ જ્ઞાન છે. મનની પાસે 'સર્વાંગી' જ્ઞાન હોય છે, પણ 'સમગ્ર' જ્ઞાન નથી હોતું. સર્વાંગી એટલે શરીરનાં બધાં જ અંગો–આંખ, કાન, હાથ, નાક, મોં વગેરેની–અનુભૂતિથી મેળવેલું જ્ઞાન. જે સમન્વયી જ્ઞાન પણ કહી શકાય. જ્યારે 'સમગ્ર' જ્ઞાન ઈશાવાસ્ય ઉપનિષદ્‌માં કહ્યું છે તેમ ॐ पूर्णमद: पूर्णमिदं पूर्णात्‌,पूर्ण मुद्‌च्यते पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।

એ એક વિચિત્ર વસ્તુ છે. ગીતામાં કહ્યું છે કે "અવિભકતં વિભકતેષૂ." 'વિભકતમાં અવિભકત.' સમગ્ર ભાવનામાં અંગોની અનુભૂતિનો પ્રશ્ન જ રહેતો નથી. અંગોની અનુભતિ દૂર કરો તો પણ સમગ્ર–સમગ્ર જ રહે છે. આનો આધાર સ્યાદ્‌વાદનો માર્ગ છે. આ રીતે જ્ઞાન સાપેક્ષ છે, સર્વાંગી છે–સમગ્ર જ્ઞાન નથી.

બનારસમાં વહેતી ગંગા સુંદર લાગે છે. પણ તેને ઘેર લઈ જઈ શકાય? મોટા વાસણમાં ગંગાજળ લઈ જઈએ તો પણ તે 'ગંગા-જળ' જ કહેવાશે. 'ગંગા' નહીં કહેવાય. આમ એક જીવંત વસ્તુને પકડી ન શકાય, પૂરી ન શકાય, જ્યારે મન દરેક વસ્તુને પકડીને અનુભવ રજૂ કરે છે. મન પકડી ન શકે ત્યાં સુધી તે સાચી નથી માનતું. અનુભૂતિ ક્યારે થાય? જ્યારે તેને મન પકડી શકે. આઈન્સ્ટાઈને કહ્યું છે કે વૈજ્ઞાનિક વીજળી શું છે તે જાણતો નથી. કેટલાક કહે છે કે પ્રકાશ મોજાં'ની (Waves) જેમ ઉત્પન્ન થાય છે. કેટલાક કહે છે કે તે નાના નાના પરમાણુઓ (Particles)માંથી જન્મે છે એટલે તે બન્ને માન્યતાઓ એકઠી કરી વિજ્ઞાને Wavecle (Wave+particle) પ્રયુકત કર્યો છે, પ્રકાશ કેમ વર્તે છે એ વિજ્ઞાન જાણે છે.

વૈજ્ઞાનિકો કહે છે કે જડ પદાર્થના ઊંડાણમાં જઈએ એમ પદાર્થનું અધ્યયન થાય. સાચો વૈજ્ઞાનિક તેનાં મંતવ્યો ફેરવવા તૈયાર રહેશે. કારણ કે તે જાણે છે કે તેનું જ્ઞાન સાપેક્ષ છે. સાચો વૈજ્ઞાનિક નમ્ર હોય છે. વધુ શીખવા હંમેશ તૈયાર હોય છે.

તમે ને હું સ્યાદ્‌વાદનો સિદ્ધાંત નથી માનતા. ઘણીવાર આપણે અંતિમ ને દઢ મંતવ્યો ધરાવીએ છીએ. આ જ વિશ્વનો મોટો પ્રશ્ન છે.

આજે માણસ માણસ સાથે જીવી નથી શકતો. માનવો એક બીજાથી દૂર હતા ત્યારે આ પ્રશ્ન ન હતો. સાપેક્ષ દષ્ટિએ બીજાને ન જોવાથી મારું દષ્ટિકોણ બદલાતું નથી એટલે સંબંધો ખરાબ બને છે. સ્યાદવાદ વ્યવહારમાં ઉપયોગી દર્શન છે.

પણ Absolute નિરપેક્ષ સાક્ષાત્કાર શકય છે? જ્યારે પોતાના દષ્ટિબિંદુથી જ સમજવાની કોશીશ એક રીતે અપ્રમાણિક છે. તેમાં એક જ અંગનું દર્શન છે, સીમિત દર્શન છે, તે દષ્ટિ બદલો એટલે બીજા ને ત્રીજા અંગને જોઈએ. કોઈ પણ સ્કેલ પરનું દર્શન તે અંગનું અધુરું દર્શન હશે. એના પરથી જ પૂર્ણ દર્શનની કલ્પના જ કરવાની રહે છે. ખ્રિસ્તિ સાહિત્યમાં એમ કહેવાયું છે કે God created man in his image; but man thought he was wiser and he created God in his image.

'હું' નિરંતર દષ્ટિબિંદુની વચ્ચે આવું છું, એટલે બીજાનું સમગ્ર દર્શન અશકય છે. આ 'હું' કેમ દૂર થાય? આવું દર્શન કોણ કરી શકે? એક વસ્તુને અનેક દષ્ટિએ જોઈએ એમાં સર્વાંગી દર્શન થાય Total દર્શન થાય પણ Whole-સમગ્ર- દર્શન નહીં થાય. સમગ્ર જ્ઞાન અધુરા જ્ઞાનના વિસ્તારથી નથી આવતું. તમે એક ચોરસ દોરો. લાખો ચોરસ દોરો. પણ તેમાંથી ઘન ઊભો નહીં થાય. કારણ કે પરિમાણમાં ફેર પડે છે. આમ દષ્ટિ વિસ્તારવાથી જ દરેક વેળા સાચું દર્શન થતું નથી. પરંતુ સઘળા દષ્ટિબિંદુ અદશ્ય થાય ત્યારે એક ક્ષણ માટે પણ સમગ્ર દર્શન થાય છે.

આમ આપણે નવી દષ્ટિએ બધું તપાસીએ. આપણે From Part to the Whole એકાંગીમાંથી સર્વાંગી જોવાની ટેવવાળા છીએ. પણ ખરી રીતે From Whole to Part સમગ્રમાંથી અંશને જોવાની કોશીશ કરવી ઘટે. સમગ્ર દ્વારા વિવિધ અંગોનું દર્શન કરો. એથી નવી દષ્ટિ લાધશે. આ દર્શન તે Timeless in the time સમયાતીતનું દર્શન છે. એથી કંટાળો નથી લાગતો, નિરાશા નથી ઊપજતી. આ સંભવ છે, જરૂર સંભવ છે, દષ્ટિબિંદુનું દર્શન એ પોતાના પ્રક્ષેપો દ્વારા કરેલું દર્શન છે. Projection પ્રક્ષેપો બંધ કરો. મન શાંત રહે– એ ક્ષણમાં જ સમગ્ર દર્શન શકય બને. આ દર્શન જ નિરપેક્ષ દર્શન છે. એક ક્ષણને માટે મનની શાંતિ કેમ મેળવાય?

ભગવદ્‌ગીતામાં તેનો ઉપાય છે. બીજા અધ્યાયમાં એક શ્લોક આવે છે:

"આપૂર્યમાણમચલપ્રતિષ્ઠં
સમુદ્રમાપ: પ્રવિશન્તિ યદ્વત્‌
તદ્વત્કામા યં પ્રવિશન્તિ સર્વે,
સ શાન્તિમાપ્નોતિ ન કામકામી."

સમુદ્રમાં નદીઓ પોતાનાં જળનો સમાવેશ કરે છે તેમ જગતના બધા આવેગોને જે સમાવે છે તેને જ સાચી શાંતિ મળે છે.

મનમાં સ્વીકાર અને અસ્વીકારની ભાવનાઓ અશાંતિ જગાડતી હોય છે. વળી 'આમારે આ ન જોઈએ' એવું માનવું એ પણ પરિગ્રહ જ છે. એને માટે તો ગીતા જેવો ભાવ "नाभिनन्दति नद्वेष्टि" રાખવો જોઈએ. એનું જ મન શાંત રહી શકે. જેનું મન શાંત છે તેનું દર્શન નિરપેક્ષ દર્શન Absolute Vision રહે છે. તેને માટે સાપેક્ષ જગતના પ્રશ્નો નથી રહેતા. તે નવીરીતથી રહી શકે છે. તેને આધ્યાત્મિક અનુભવ થાય છે. આ જ વાત સ્યાદવાદે રજૂ કરી છે. "તું જાણે છે એ અધૂરું જાણે છે. 'હું અચળ છું' એ પરિગ્રહ હિંસા, મિથ્યાભિમાન છે. સ્યાદ્‌વાદ કહે છે આપણો અનુભવ સાપેક્ષ છે. મન સરખામણીથી–આચરણથી સમજે છે. પ્રકાશ એટલે અંધકારનો અભાવ. પણ પ્રકાશ પોતે શું છે એ સમજાતું નથી.

ક્ષણભર દષ્ટિ અંતર્મુખ થાય તો અપૂર્વ દર્શન થાય છે. સાપેક્ષવાદ મનની શકયતા અને મનની મર્યાદા મૂકે છે. વૈજ્ઞાનિક મનની મર્યાદા સ્વીકારે તો ધર્મ ને વિજ્ઞાનનું નવું પ્રકરણ શરૂ થાય.

રોહિત મહેતા.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૨૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ફેબ્રુઆરી ૧૬ ૧૯૭૦, સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## બર્ટ્રાન્ડ રસેલ

(બર્ટ્રાન્ડ રસેલનું ૯૭ વરસની વયે બીજી ફેબ્રુઆરીએ અવસાન થયું)

બર્ટ્રાન્ડ રસેલે પોતાના જીવનના પ્રેરક બળો તેમની આત્મ-કથામાં આ પ્રમાણે જણાવ્યા છે:

"મારા જીવનમાં ત્રણ પ્રેરણાઓનું પ્રભુત્વ રહ્યું છે. એ પ્રેરણાઓ આમ તો સાવ સાદી ને સર્વસામાન્ય છે; પરંતુ મારા જીવનમાં એ પ્રેરણાઓ અતિશય પ્રબળ રહી છે. એ ત્રણ પ્રેરણાઓ છે: પ્રેમનો તલસાટ, જ્ઞાનની ખોજ, અને માનવજાતના દુ:ખ માટે અસહ્ય કરુણા. આ પ્રેરણાઓએ ઝંઝાવાતની જેમ મને અહીંથી તહીં ફંગોળ્યો છે. આ પ્રેરણાઓએ મને કયાંય ઠરીઠામ થઈને બેસવા દીધો નથી. એણે મને યાતનાઓના ઊંડા સાગર ઉપર ફંગોળ્યો છે, ને કયારેક હતાશાની બિલકુલ અણી સુધીએ પહોંચાડયો છે.

"પ્રેમ માટે હું તલસ્યો, કારણ કે તે આનંદોલ્લાસથી આપણને સભર બનાવી મૂકે છે. - એવો પ્રબળ આનંદોલ્લાસ કે પ્રેમના આનંદભર્યા થોડાક કલાકો સારું હું મારી બાકીની બધી જિન્દગી ન્યોછાવર કરી દેવા પણ તૈયાર થાઉં. પ્રેમ માટે હું તલસ્યો, કારણ કે તે આપણને એકલવાયાપણામાંથી મુકત કરે છે—એવું ભયંકર એકાકી-પણું કે જેમાં એક થથરતી ચેતના દુનિયાની કોર ઉપરથી ઠંડી અતાગ ચેતનહીન ગર્તામાં ડોકિયું કરતી હોય. પ્રેમ માટે હું તલસ્યો, કારણ કે પ્રેમભર્યા મિલનમાં મેં સંતો ને કવિઓએ કલ્પેલા સ્વર્ગની એક અગમ્ય વામન સ્વરૂપમાં ઝાંખી કરી. આવા પ્રેમનો મેં તલસાટ અનુભવ્યો, અને માનવજીવન માટે જો કે વધુ પડતું કહેવાય, છતાં કહું કે આવો પ્રેમ હું આખરે પામ્યો.

"આટલી જ પ્રબળ લાગણી સાથે મેં જ્ઞાનની ખોજ કરી છે. મેં માણસોનાં હૃદયો સમજવાની ઈચ્છા સેવી છે. મેં તારાઓ ચમકે છે શા માટે એ જાણવાની ઈચ્છા કરી છે. સતત ગતિશીલ અણુ-મંડળ ઉપર અંકનું પ્રભુત્વ સ્થાપતી પાયથાગોરાસની શકિતનો તાગ પામવા પણ હું મથ્યો છું. આમાંથી બહુ નહીં, કિંચિત્ માત્ર હું પામી શકયો છું.

"પ્રેમ અને જ્ઞાન, જ્યાં સુધી શકય બન્યાં ત્યાં સુધી, મને ઉપર સ્વર્ગ ભણી લઈ ગયાં. પરંતુ કરુણાએ મને હમેશાં પૃથ્વી ઉપર પાછો આણ્યો છે. માનવજાતના દુ:ખ—દર્દભર્યા ચિત્કારોના પડઘા મારા હૃદયમાં પડયા કરે છે. દુકાળને લીધે ભૂખે મરતાં બાળકો, જુલમગારોના સિતમનો ભોગ બનેલ માનવીઓ, એમનાં સંતાનો માટે ધૃણાસ્પદ બોજારૂપ બનેલ અસહાય વૃદ્ધો, અને એકલવાયાપણું, ગરીબી તેમ જ યાતત્રનાઓની આખી લંગાર માનવજીવનના આદર્શની હાંસી ઉડાવી રહી છે. આ અનિષ્ટને ઓછું કરવા હું મથું છું, પણ હું કરી શકતો નથી, અને હું પોતે યે યાતના અનુભવું છું.

"મારૂં જીવન આવું રહ્યું છે. મને તે જીવવા જેવું લાગ્યું છે, અને મને તક આપવામાં આવે તો હું ખુશીથી તે ફરી જીવું."

લગભગ ૪૦ વર્ષની ઉંમર સુધી તત્ત્વજ્ઞાન, ગણિત, તર્કશાસ્ત્ર, માનસશાસ્ત્ર, વિજ્ઞાન વિગેરે વિષયોમાં જ્ઞાનની શોધમાં જીવન વીતાવ્યું. પ્રથમ વિશ્વયુદ્ધે તેમના જીવનમાં ખોટો પલટો આણ્યો. શુષ્ક જ્ઞાનનું ક્ષેત્ર છોડી, સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવ્યું. પણ આ જીવનપરિવર્તન કોઈ સત્તા કે કીર્તિની ઝંખનાથી ન હતું. તેમના જીવનનું બીજું પ્રેરક બળ હતું માનવજાતના દુ:ખથી થતી અસહ્ય વેદના. એ બળે તેમને માનવજીવનની વાસ્તવિકતાનું ભાન કરાવ્યું. જ્ઞાનની ઉપાસના સાંસારિક કઠોરતાથી દૂર રહી, એકાન્તમાં —ભવ્ય - જાણે સ્વર્ગમાં વિચરતા હોય. પ્રથમ વિશ્વયુદ્ધથી માનવ સ્વભાવ વિષે તેમના વિચારો બદલાયા. માનવી પરસ્પરના સંહારમાં રાચે અને વિનાશ નોતરે એ તેમની કલ્પનામાં ત્યાં સુધી ન હતું. માનવી, પ્રેમ, કરૂણા, સત્ય, સૌન્દર્યનો ઉપાસક છે. પણ તે સાથે તેનામાં આટલી હદે પોતાનો સાચો સ્વાર્થ ભૂલીને પણ, વિનાશ વૃત્તિ હોય તે નવું દર્શન હતું. રસેલ યુદ્ધના કટ્ટર વિરોધી બન્યા અને યુદ્ધ સામે મોટી પ્રચારઝંબેશ ઉપાડી. પોતાના વિદ્વાન મિત્રો પણ અંતે ફરી બેઠા અને યુદ્ધમાં જોડાયા. પણ રસેલ છેવટ સુધી યુદ્ધના વિરોધી રહ્યા, ઘણું સહન કર્યું, જેલ ગયા અને એકલા છતાં, નિડરપણે મક્કમ રહ્યાં.

યુદ્ધ પુરૂં થયું ત્યારે રસેલ લખે છે:

"મને જણાયું કે મારા પોતાના (ઉત્કર્ષ) સિવાય, મેં જે કાંઈ કર્યું હતું તે કાર્ય નિષ્ફળ ગયું. એક પણ માણસને હું બચાવી શકયો ન હતો, એક ક્ષણ પણ યુદ્ધને ટુંકાવી શકયો ન હતો. છેવટની સંધિ—વર્સેલ્સની થઈ તેનાથી ઉત્પન્ન થતી કડવાશને ઓછી કરી શકયો નહિ. પણ એટલું તો થયું કે, યુદ્ધમાં જોડાયેલ પ્રજાઓના અત્યાચારોમાં મેં કાંઈ સાથ આપ્યો નહિ અને મને એક નવી જીવનદષ્ટિ અને નવજીવન પ્રાપ્ત થયું."

ચાર વર્ષના આવા અવિરત પ્રયત્નો પછી પણ દેખીતી રીતે શૂન્ય પરિણામ આવ્યું તેથી રસેલ જરા પણ નિરાશ ન થયા. પણ ત્યાર પછીના પચાસ વર્ષમાં અન્યાયો અને અત્યાચારો સામે વધારે જોરથી ઝઝુમ્યા.

રસેલ પ્રખર બુદ્ધિશાળી અને પ્રાણવાન વ્યકિત હતા. સામાજિક અન્યાયો અને અસમાનતાઓ તેમને અસહ્ય થઈ પડતી. વ્યકિતસ્વાતન્ત્ર્ય અને માનવ જીવનનો સર્વતોમુખી વિકાસ તેઓ ઈચ્છતા. તેથી સામ્રાજ્યવાદના વિરોધી હતા. સમાજવાદના હિમાયતી હોવા છતાં, માનવવિકાસને રૂંધતા બંધનો અને રાજકીય પદ્ધતિ—ઓના સખત વિરોધી હતા. પ્રથમ વિશ્વયુદ્ધને અંતે રશિયામાં ક્રાન્તિ થઈ અને ઝારશાહીનો નાશ થયો તેને આવકારી - પણ ૧૯૨૦ માં રશિયા ગયા અને ત્યાં જે જોયું તેથી ભારે નિરાશ થયા. બોલ્શે—વીઝમની ક્રૂરતા, માનવ પ્રત્યેની નફરત, ઝારશાહીને પણ વટાવી જાય તેવા અત્યાચારો જોઈ તેઓ કંપી ઉઠયા. લેનીનને મળ્યા તેમાં ખિન્ન થયા. લેનીનમાં તેમને એવી બુદ્ધિપ્રતિભા કે માનવપ્રેમ દેખાયો નહિ. બલ્કે લેનીનની ઠંડી ક્રૂરતાથી વેદના અનુભવી. સામ્યવાદની વાસ્તવિકતા જોઈ, તેના આદર્શોથી અંજાયા નહિ.

નાઝીવાદ અને ફાસીવાદ - હીટલર અને મુસોલીની - નો ઉદય થયો ત્યારે તેના પણ એટલા જ સખ્ત વિરોધી રહ્યા. એટલી હદ

સુધી કે યુદ્ધવિરોધી હોવા છતાં, બીજા વિશ્વયુદ્ધનો પ્રથમ વિશ્વ–યુદ્ધ જેટલો વિરોધ ન કર્યો. નાઝીવાદ અને ફાસીવાદનો વિજય થાય તે તેમને મન અસહ્ય હતું. વિશ્વદષ્ટિ હોવા છતાં, દેશપ્રેમ પણ હતો અને ઈંગ્લાંડનો વિનાશ થાય તે તેમને અકલ્પ્ય હતું.

રસેલ જીવનભર એક મોટા બળવાખોર રહ્યા. તેમના વિચારો હંમેશ સાચા હતાં એવું નથી. કેટલીક વખત ઉતાવળિયા, એકપક્ષી પણ હતા, પણ એ બધાની પાછળ ઉત્કૃષ્ટ માનવપ્રેમ અને દુનિયાના દુ:ખ કાંઈક ઓછા કરવાની પ્રબળ વૃત્તિ હતી.

આણુબૉમ્બની શોધ થઈ અને હિરોશીમા ઉપર તેનો ઉપયોગ થયો ત્યારથી તેમનું શેષજીવન આણુશસ્રોનો વિરોધ અને આણુ–બોમ્બના નાશ માટે રહ્યું - આઈસ્ટાઈનની પેઠે, આ ભયંકર વિનાશક શસ્રોમાં માનવજાત અને માનવસંસ્કૃતિનો વિધ્વંશ તેઓ જોતા અને તેના ઉપયોગ સામે પ્રચંડ પ્રચાર શરૂ કર્યો. વૈજ્ઞાનિકોને ભેગા કરી–પુગવોશ કોન્ફરન્સ મારફત, ખૂબ પ્રચાર કર્યો. એટલી હદ સુધી કે, એક વખત તો એવી હીમાયત કરી કે રશિયા આણુ-બોમ્બની શોધ કરે તે પહેલાં જ અમેરિકાએ તેના ઉપર આક્રમણ કરી રશિયાની શક્તિ હરી લેવી. છેવટ રશિયાએ આણુબોમ્બ શોધ્યો ત્યારે અમેરિકાવિરોધી કેટલેક દરજ્જે તેમનું વલણ થયું અને ક્યૂબાની કટોકટી વખતે ક્રુશ્ચેવને ધન્યવાદ આપી, કેનેડી ઉપર દોષારોપણ કર્યું. એવી જ રીતે ચીને ભારત ઉપર આક્રમણ કર્યું ત્યારે, સાવ ખોટી રીતે, ચીનની તરફદારી કરી, પણ આ બધા બદલાતા વલણ પાછળ તેમની પ્રમાણિકતા વિષે કોઈ શંકાને કારણ ન હતું. આણુયુદ્ધનો તેમને એટલો ભય હતો કે It is better to be red than dead એમ માનતા થયા હતા.

પ્રેમની શોધમાં તેમણે કાંઈક ઉધામા કર્યા. ચાર વખત લગ્ન કર્યા. સ્રી–પુરુષ સંબંધ વિષેના તેમના વિચારો ઘણાં અધૂરા–ભૂલભરેલા હતા. તેઓ એમ માનતા કે પરિણીત સ્રી-પુરુષ કેટલોક સમય આડો વ્યવહાર રાખે તેથી તેમની મિત્રતા કે પરિણીત જીવનને આંચ આવવી ન જોઈએ. પરિણીત જીવનમાં પૂર્ણ વફાદારીની અપેક્ષા રાખવી વ્યર્થ છે તેમ તેઓ માનતા. પણ પાછળથી આ વિચારોમાં થોડો ફેર પડયો હતો એનું કારણ અનુભવ અને ઉમરની અસર હોય. છેવટ એમ કહેતા કે લગ્ન વિષયે તેઓ કાંઈ નિશ્ચિત કહી શકે તેમ નથી. કામ-વિકારની પ્રબળતા જોતાં, તેમાં સતત જાગૃતિ અને સંયમની જરૂર તેમણે સ્વીકારી ન હતી. ફ્રોઈડના વિચારોએ દુનિયાને જે મોટું નુકસાન કર્યું છે તેનું માપ કાઢવું મુશ્કેલ છે. ચંચલ મનને ભટકવા ન દેતા સતત કાબુમાં રાખવું જોઈએ, તે સત્યને બદલે સંયમથી મનને હાનિ પહોંચે છે તે વિચાર કેટલો વિનાશક છે તેનું ભાન માણસને હજી થયું નથી.

રસેલની પ્રખર બુદ્ધિપ્રતિભા બહુમુખી હતી. પણ બુદ્ધિ ઉપર જ આધાર રાખનાર વ્યકિત પૂર્ણ સત્યને પ્રાપ્ત નથી કરી શકતી તે રસે-લના જીવનથી દેખાય છે. જેલમાં તેમને પૂછ્યું કે તમે કયા ધર્મના છો, ત્યારે તેમણે કહ્યું કે અજ્ઞેયવાદ. જેલરે આવો કોઈ ધર્મ સાંભળયો ન હતો. સ્થાપિત ધર્મો અને ધર્માચાર્યો (Established church & Priesthood) સામે સાચી રીતે ઘણાં વિચારકોએ બળવો પોકાર્યો છે. પણ આવા બળવા પછી, ઉંડી અને સાચી ધર્મભાવના ન પ્રાપ્ત થાય તો જીવનસ્રોત, રેતીના રણમાં પાણી સુકાય જાય, તેમ કરમાય જાય છે.

રસેલ યુદ્ધવિરોધમાં સત્યાગ્રહ કરી જેલ ગયા અને શાન્ત મોર-ચાઓ કાઢયા. પણ ગાંધીજીની જીવનદષ્ટિ તેમને બહુ આકર્ષક ન હતી. ગાંધીજીનું નામ બહુ ઓછું તેમણે ઉચ્ચાર્યું છે. ગાંધીજીમાં સંયમ, તપશ્ચર્યા અને જીવનસાધના હતા તે માર્ગ રસેલને સ્વીકાર્ય ન હતો. જીવનનો ઉલ્લાસ તેમને જોઈતો હતો.

૯૭ વર્ષની ઉંમર સુધી, એક મહાન પ્રેરક બળ તેઓ રહ્યા. તેમના સામાજીક અને રાજકીય બાબતોના વિચારો કદાચ બહુ ચિરંજીવ નહિ થાય. તત્ત્વજ્ઞાન, ગણિત, તર્કશાસ્ર, વિગેરે વિષયોના તેમના વિચારો કદાચ વધારે ગણનાપાત્ર રહેશે.

રસેલ, વિચાર અને કર્મસમૃદ્ધ જીવન જીવી ગયા. કોઈ પણ વ્યકિત છેવટ જગતના પ્રવાહો ઉપર કેટલી કાયમી અસર પાડી શકે છે તેના ઉપર તેના જીવનની સાર્થકતાનો આધાર નથી. પણ પોતે કેટલું જાગ્રત, વિચારપૂર્ણ, નિડર જીવન જીવ્યા અને પોતાનો ઉત્કર્ષ કેટલો કર્યો તેમાં જીવનની સાર્થકતા છે. રસેલનું જીવન આ રીતે ધન્ય હતું.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

# ગાંધીજીનું અંતિમ વસિયતનામું

(ગાંધીજીએ પોતાના અવસાનને આગલે જ દિવસે લખેલો અને એમના અંતિમ વસિયતનામા તરીકે પ્રસિદ્ધિ પામેલો–કૉંગ્રેસનું લોકસેવક સંઘમાં રૂપાંતર કરવા અંગેનો આ ખરડો–તારીખ ૧૫-૨-૪૮ ના 'હરિજનબંધુ'માંથી અહીં ઉતાર્યો છે.)

ભાગલા પડયા છતાં હિંદી રાષ્ટ્રીય કૉંગ્રેસે યોજેલાં સાધનો દ્વારા હિંદે રાજકીય સ્વતંત્રતા પ્રાપ્ત કરી હોવાથી આજના સ્વરૂપની કૉંગ્રેસનો, એટલે કે પ્રચારના વાહન અને ધારાસભાની પ્રવૃત્તિ ચલાવવાના તંત્ર તરીકેનો તેનો ઉપયોગ હવે પૂરો થયો છે. શહેરો અને કસબાઓથી ભિન્ન એવાં તેના સાત લાખ ગામડાંઓની દષ્ટિથી હિંદની સામાજિક, નૈતિક અને આર્થિક સ્વતંત્રતા સિદ્ધ કરવાની હજી બાકી છે. લોકશાહીના લક્ષ તરફની હિંદીની પ્રગતિ દરમ્યાન લશ્કરી સત્તા ઉપર સરસાઇ સ્થાપવા માટેની મુલકી સત્તાની ઝુંબેશ અનિવાર્ય છે. એને રજકીય પક્ષો અને કોમી સંસ્થાઓ સાથેની અઘટિત સ્પર્ધાથી અળગી રાખવી જોઇએ. આ અને એવાં બીજાં કારણોને લઇને નીચેના નિયમો અનુસાર મહાસમિતિ કૉંગ્રેસની વર્તમાન સંસ્થાને વિખેરી નાંખવાનું અને લોકસેવક સંઘને સ્વરૂપે પ્રગટ થવાનું ઠરાવે. પ્રસંગ અનુસાર એ નિયમોમાં ફેરફારો કરવાની એ સંઘને સત્તા હોય.

ગ્રામવાસી હોય એવા અથવા ગ્રામવાસીના માનસવાળાં પુખ્ત વયનાં પાંચ સ્રી–પુરુષોની બનેલી પ્રત્યેક પંચાયત એક ઘટક બનશે.

પાસેપાસેની આવી પ્રત્યેક બે પંચાયતોની તેમનામાંથી ચૂંટી કાઢેલા એક નેતાની દોરવણી નીચે કાર્ય કરનારી મંડળી બને.

આવી સો પંચાયતો બને ત્યારે પ્રથમ કક્ષાના પચાસ નેતાઓ પોતાનામાંથી એક બીજી કક્ષાનો નેતા ચૂંટે અને એ રીતે પહેલી કક્ષાના આગેવાનો બીજી કક્ષાના આગેવાનની દોરવણી નીચે કાર્ય કરે. આખો હિંદ આવરી લેવામાં આવે ત્યાં સુધી બસો પંચાયતનાં આવાં જોડકાં રચ્યે જવામાં આવે અને પછી રચાતું પંચાયતોનું પ્રત્યેક જૂથ પહેલાંની જેમ બીજી કક્ષાના નેતા ચૂંટયે જાય. બીજી કક્ષાના નેતાઓ સમગ્ર હિંદને માટે એકત્ર રીતે કાર્ય કરે. તેમને જ્યારે પણ જરૂરી લાગે ત્યારે બીજી કક્ષાના નેતાઓ પોતાનામાંથી એક વડો ચૂંટી કાઢે. તે એને ચૂંટનારાઓ ચાહે ત્યાં સુધી બધા જૂથોને વ્યવસ્થિત કરે તેમ જ તેમની દોરવણી કરે.

પ્રાંતો અથવા વિભાગોની છેવટની રચના હજી નક્કી થઇ ન હોવાથી આ સેવકોના જૂથને પ્રાંતિક યા વિભાગીય સમિતિ-ઓમાં વહેંચવાનો પ્રયત્ન કરવામાં નથી આવ્યો. અને સમગ્ર હિંદમાં કાર્ય કરવાનો અધિકાર કોઇ પણ સમયે રચવામાં આવેલાં જૂથ કે જૂથોમાં પ્રતિષ્ઠિત થાય છે. સેવકોના આ સમુદાયને અધિકાર અથવા સત્તા, જેની તેમણે સ્વેચ્છાપૂર્વક અને ડહાપણભરી રીતે સેવા કરી છે એવા તેમના સ્વામી એટલે કે સમગ્ર હિંદની પ્રજા પાસેથી મળે છે.

(૧) પ્રત્યેક સેવક જાતે કાંતેલા સૂતરની અથવા ચરખા-સંઘની પ્રમાણિત ખાદી હંમેશાં પહેરનારો અને માદક પીણાં ન પીનારો હોવો જોઇએ. જો તે હિંદુ હોય તો પોતે તથા પોતાના કુટુંબમાંથી હરકોઇ સ્વરુપની અસ્પૃશ્યતા તેણે દૂર કરી હોવી જોઇએ. કોમ કોમ વચ્ચેની એકતાના, સર્વ ધર્મ પ્રત્યેના સમભાવના તથા જાતિ, ધર્મ કે સ્રી–પુરુષના કશાયે ભેદભાવ રહીતની સૌને માટેની તક અને દરજ્જાના આદર્શમાં તે માનતો હોવો જોઇએ.

(૨) તેના કાર્યક્ષેત્રમાંના પ્રત્યેક ગ્રામવાસીના અંગત સંસ-ર્ગમાં તેણે રહેવું જોઇએ.

(૩) ગ્રામવાસીઓમાંથી તે કાર્યકર્તાઓ નોંધશે અને તેમને તાલીમ આપશે. એ બધાનું પત્રક રાખશે.

(૪) તે તેના રોજેરોજનાં કામની નોંધ રાખશે.

(૫) પોતાની ખેતી તેમ જ ગૃહઉદ્યોગો દ્વારા ગામડાંઓ સ્વયંપૂર્ણ બને એ રીતે તે તેમને સંગઠિત કરશે.

(૬) ગ્રામવાસીઓને તે સફાઈ તેમ જ આરોગ્યનું શિક્ષણ આપશે અને તેમનાં માંદગી અને રોગો અટકાવવાના બધા ઉપાયો લેશે.

(૭) હિંદુસ્તાની તાલીમી સંઘની નીતિ અનુસારની નયી તાલીમને ધોરણે તે જન્મથી મરણ પર્યન્તની સઘળા ગ્રામવાસીઓની કેળવણીનો પ્રબંધ કરશે.

(૮) જેમનાં નામ સરકારી મતદાર પત્રકોમાં નોંધાવા રહી ગયાં હોય તેમનાં નામો તે તેમાં નોંધાવશે.

(૯) જેમણે મતાધિકારના હક્કને માટેની જરૂરી યોગ્યતા હજી પ્રાપ્ત કરી ન હોય તે પ્રાપ્ત કરવા માટે તેમને તે પ્રોત્સાહન આપશે.

(૧૦) ઉપર જણાવેલા અને વખતોવખત જે બીજા ઉમેરવામાં આવે તે હેતુઓ સાધવાને માટે યોગ્ય ફરજ બજાવવા માટેના સંઘે ઘડેલા ધારાધોરણ અનુસાર તે પોતે તાલીમ લેશે અને યોગ્ય બનશે.

સંઘ નીચેની સ્વાધીન સંસ્થાઓને માન્યતા આપશે.

(૧) અખિલ હિંદ ચરખા સંઘ
(૨) અખિલ હિંદ ગ્રામ ઉદ્યોગ સંઘ
(૩) હિંદુસ્તાની તાલીમી સંઘ
(૪) હરિજન સેવક સંઘ
(૫) ગોસેવા સંઘ

**નાણાં**

સંઘ પોતાનું ધ્યેય પાર પાડવાને અર્થે ગ્રામવાસીઓ અને બીજાઓ પાસેથી નાણાં ઉભાં કરશે. ગરીબ માણસોનો પાઈ પૈસો ઉઘરાવવા ખાસ ભાર મૂકવામાં આવશે.

નવી દિલ્હી, ૨૯-૧-૪૮. મો. ક. ગાંધી

## કોંગ્રેસનું લોકસેવક સંઘમાં રૂપાન્તર કરવા અંગે-

(અમદાવાદથી શ્રી ઘનશ્યામભાઈ ઓઝા જેઓ એક વખત આગળની લોકસભામાં સભ્ય હતા અને જેઓ આજે પણ સક્રિય કોંગ્રેસી કાર્યકર્તા છે તેમના તરફથી પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થયેલ ઉપર જણાવેલ વિષયને લગતી મારી નોંધના અનુસંધાનમાં, મારાથી જુદો અભિપ્રાય રજૂ કરતું ચર્ચાપત્ર નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**)

અમદાવાદ, તા૦ ૩-૨-૭૦

મુરબ્બીશ્રી **પરમાનંદભાઈ**,

'પ્રબુદ્ધ જીવન' માટે કોઈવાર કાંઈક લખતા રહેવાનું તમારું આમંત્રણ ઊભું જ છે. હું અને મારા કુટુંબીજનો તે નિયમિત જોઈએ છીએ. તેના વાંચનથી અમારું જીવન વધુ સમૃદ્ધ બને છે, તેનું ઋણ પણ સ્વીકારવાની આ તક લઉં?

પત્ર લખવાનું તરતજનું કારણ પૂરું પાડયું છે તમારા તા. ૧-૨-૭૦ના અંકની પ્રકીર્ણ નોંધના 'કોંગ્રેસને લોક સેવક સંઘ બનાવવાનો વિચાર વ્યવહારુ છે ખરો?' લખાણે. તમે મારા રાજકીય વિચારોથી સુપરિચિત છો, છતાં પ્રસ્તુત વિષય સંબંધી મારા વિચારોથી તમને આશ્ચર્ય થવા સંભવ છે.

૧૯૪૮માં કોંગ્રેસના વિસર્જનની અને લોક સેવક સંઘ સ્થાપવાની ગાંધીજીની વાત ઘણાની જેમ મને પણ તે વખતે અવ્યવહારુ લાગી હતી. આજે તેમ કરવાનો સમય વીતી ગયો છે, તે પ્રશ્ન બહુ પ્રસ્તુત પણ રહ્યો નથી. લોક સેવક સંઘ બનાવે તેવા ઘણા દેશસેવકો ઘણા વખતથી કોંગ્રેસ છોડી ગયા છે. આજ પૂરતો આ પ્રશ્નનો જવાબ, જુદા જુદા કારણોસર પણ આપણા બન્નેનો સરખો છે.

રહી ગાંધીજીની ૧૯૪૮માં તેમ કરવાની વાત. આજે અનુભવે મને દૃઢ પ્રતીતિ થઈ છે કે તે સલાહ તદ્દન સાચી, ડહાપણભરી અને દુરંદેશી હતી.

સ્વરાજ્ય પહેલા કોંગ્રેસ આર્થિક સામાજિક કાર્યક્રમની વાત જરૂર કરતી હતી; પણ તેનું મુખ્ય લક્ષ્ય રાજકીય આઝાદી હતી. તે કારણે આર્થિક સામાજિક કાર્યક્રમ ઉપર સંપૂર્ણ રીતે સહમત ન હોવા છતાં, તેના ધ્વજ નીચે ઘણા દેશસેવકો સ્વાતંત્ર્ય હાંસલ કરવા એકત્રિત થયા. રાજકીય આઝાદી પ્રાપ્ત થયા પછી કોંગ્રેસે ચૂંટણી ઢંઢેરો તૈયાર કરી, લોકસભા-વિધાનસભામાં પક્ષ તરીકે પ્રવેશ કરી સરકારો પણ રચી, કોંગ્રેસી સંસદસભ્યોમાં શું કે વિધાનસભાના સભ્યોમાં, તમને કોઈ વાર કોઈ નીતિ સબંધી એકવાક્યતા લાગી છે? ખુદ મંત્રીઓમાં પણ એકવાક્યતા બહુ ઓછી દેખાય. એક જ પક્ષના એક મંત્રી નીતિ સબંધી એક વાત કરે તે બદલાય (બહુ ઝડપથી બદલાય છે ખરું?) એટલે એ જ કોંગ્રેસનું શાસન હોવા છતાં તદ્દન ઊલ્ટી જ વાત! કોંગ્રેસની પાટલીઓ ઉપરથી સામ્યવાદી વિચારસરણીથી માંડી જનસંઘી કે સ્વતંત્ર પક્ષના વિચારો રજૂ થતા મેં સાંભળ્યા છે. તદ્દન વિરોધી વિચારસરણીવાળા કોંગ્રેસ ટિકિટ ઉપર ચૂંટાય. રાજા મહારાજા પણ આવે અને બિરાદરો પણ હોય. શ્રી કૃષ્ણમેનનને અને શ્રી ઢેબરભાઈને એક જ પાટલી ઉપર તેમના અંતરાત્માને જાળવી રાખી ગોઠવાઈ જતાં આપણે જોયા છે. શા માટે આવી ભિન્ન ભિન્ન વિચારસણીવાળા મહાનુભાવો કોંગ્રેસમાં છે કે હતા? મારા નમ્ર મત પ્રમાણે રાજકીય સત્તા સિવાય કોઈ વસ્તુ આ બધાને ભેગા બાંધી રાખતી નહીં. બધાને જુદા જુદા હેતુ બર લાવવા રાજકીય સત્તા જોઈતી હતી, અથવા તેના ઉપર અસર પાડતી હતી. (સત્તાલોલુપતા માટે તેમ કહેવા જેટલા અનુદાર ન થઈએ.) રાજકીય સત્તા મર્યાદિત છે. પંચાયતથી માંડી દિલ્હી સુધી બધાની વ્યકિતગત્ કે વૈચારિક મહત્ત્વાકાંક્ષા સંતોષી શકે તેટલી વ્યાપક નથી. પરિણામે આઝાદી પછી થોડા જ સમયમાં ઝગડા શરૂ થયા. પાડ માનવાનો પંડિતજીના વ્યકિતત્વનો કે તેમની હયાતિ સુધી આ ઝગડા પ્રમાણમાં ઉગ્ર ન બનાવી શકાયા. હવે તેના નગ્ન સ્વરૂપમાં બહાર આવ્યા છે. તેનું આશ્ચર્ય શું?-દુઃખ શું?

હવે આપણે ગાંધીજીની ૧૯૪૮ની સલાહને તપાસીએ. ત્યારે કોંગ્રેસનું વિસર્જન થયું હોત તો રાજકારણીઓ વિચારસરણી ઉપર તરત જ પક્ષો રચત. પંડિતજી, સરદાર, મૌલાના, રાજેન્દ્રબાબુ, રાજાજી, કૃપલાણીજી વગેરે ઓછા રાજકીય સન્યાસ લેવાના હતા? ગાંધીજીની તેવી કલ્પના પણ નહોતી. તેઓએ પોતપોતાના આર્થિક-સામાજિક કાર્યક્રમ ઉપર પક્ષો રચ્યા હોત તો તેમની આગેવાની નીચે દેશવ્યાપી મોટા પક્ષો રચાઈ જાત અને દેશમાં રાજકીય સ્થિરતા જળવાઈ રહેત, અંગત સત્તા માટેની સાઠમારી ઘણી ઓછી થાત.

સારાય દેશમાં આજે કોંગ્રેસનું સ્થાન લઈ શકે તેવો એકે પક્ષ દેખાતો નથી તે એક મોટી રાજકીય કરુણતા છે. કારણકે, તેથી જ આપણી લોકશાહી અને રાષ્ટ્રીયતા ભયમાં મૂકાયા છે. ૧૯૪૮માં કોંગ્રેસનું વિસર્જન કર્યું હોત તો આજે ધ્રુવિકરણની જે માગ ઊભી થઈ છે તે કયારની ય હાંસલ થઈ ગઈ હોત અને ઈંગ્લેન્ડ-અમેરિકામાં છે તેવા બે ચાર મજબૂત પક્ષો રચાઈ સ્થિર થયા હોત.

ગાંધીજીની વાત તે વખતે દેશનાયકોને અવ્યવહારુ લાગી હતી. તે વખતે તેનો હિંમતથી અમલ કર્યો હોત તો આજની કરુણ સ્થિતિમાંથી દેશ જરૂર ઉગરી જાત. ગાંધીજી આર્ષદષ્ટા હતા. તેમની પ્રતિભાએ તેમને ભાવિ ભયસ્થાનો સ્પષ્ટ રીતે બતાવ્યા. તે વખતના બીજા આગેવાનો મહાન છતાં માત્ર રાજકારણીઓ હતા. તત્કાલીન રાજકીય લાભાલાભ કે બીજા વિચારોથી પ્રેરાઈ તેમણે જોઈએ તેટલા ડહાપણ કે હિંમત બતાવ્યા નહીં તેમ લાગે છે. મારા વિચારો ટૂંકમાં જણાવ્યા છે.

વિજયાબહેનને વંદન, કુશળ હશો.

**ઘનશ્યામ ઓઝાના વંદન**

# ☆ गांधीजी का दरिद्रनारायण ☆

(ગાંધીજીની પુણ્યતિથિના અવસર પર તા. ૧-૨-૭૦ના ધર્મયુગમાં શ્રી. કાકાસાહેબ કાલેલકરનો ઉપરના મથાળા નીચે એક અભ્યાસપૂર્ણ લેખ પ્રગટ થયો છે જેમાં તેમણે 'દરિદ્રનારાયણ' શબ્દ બાપુએ કેવી રીતે અપનાવ્યો, દરિદ્રતા પ્રત્યે તેમનો અભિગમ શો હતો, અને ગરીબીનિવારણ માટે તેમણે શું રસ્તો બતાવ્યો હતો અને પોતાના જીવનમાં કેવી રીતે આચરી બતાવ્યો તેની સરસ ચર્ચા કરી છે. તાજેતરમાં આચાર્ય રજનીશજીએ "ગાંધીજીએ દરિદ્રને દરિદ્રનારાયણ કહીને ગરીબીને બિરદાવી છે" વગેરે જે ભ્રાન્તિજનક વિધાનો કર્યાં છે તેના નિરસન માટે આ લખાણ પ્રસ્તુત થઈ પડશે એમ સમજીને એનો ગુજરાતી અનુવાદ અત્રે પ્રગટ કરવામાં આવે છે. **પરમાનંદ**)

ગાંધીજીએ દરિદ્રનારાયણ શબ્દ ચલાવ્યો. એથી જે લોકો એમ માનતા હોય કે ગાંધીજી ગરીબાઈના ઉપાસક હતા અથવા દેશની ગરીબાઈ એ ચારિત્ર્યનું લક્ષણ છે એમ ગાંધીજી માનતા હતા, તેઓ ગાંધીજી પ્રત્યે અન્યાય કરી રહ્યાં છે, દેશનું અહિત કરી રહ્યાં છે અને દેશની ગરીબ જનતાનો દ્રોહ કરી રહ્યાં છે.

ગાંધીજીનો સમગ્ર પુરુષાર્થ દેશની ગરીબાઈ દૂર કરવાનો રહ્યો હતો. "જે લોકો અસહાય, અજ્ઞાની અને ગરીબ છે તેમને જરૂરી ભોજન અને કપડાં મળે, રહેવા માટે સારાં ઘર મળે, તેમને અને તેમના બાળકોને સારું શિક્ષણ મળે અને તે લોકો સમાજમાં દબાઈ જઈને નહીં પરંતુ સ્વાભિમાનપૂર્વક ઉન્નત્ત મસ્તકે રહી શકે." આવો ગાંધીજીનો પ્રયત્ન હતો.

ગાંધીજીના જીવનના સિદ્ધાંતોમાં દારિદ્ર્યનું શું સ્થાન હતું એની ચર્ચા પણ આ લેખમાં કરવી છે. તે પહેલાં દરિદ્રનારાયણ શબ્દનો થોડો ઈતિહાસ જોઈ લઈએ.

દરિદ્રનારાયણ શબ્દનો પ્રયોગ સૌપ્રથમ સ્વામી વિવેકાનંદે કર્યો અને વારંવાર એ શબ્દ વાપર્યો. ત્યાર પછી બંગાળના પ્રખ્યાત રાષ્ટ્રીય નેતા ચિત્તરંજનદાસે એ શબ્દનો પ્રયોગ કર્યો અને તેમના મુખે સાંભળીને ગાંધીજીએ એ શબ્દ અપનાવ્યો અને ચલાવ્યો.

સ્વામી વિવેકાનંદ કહેતા હતા કે મંદિરમાં બેઠેલા ભગવાનની પૂજા શું કરો છો? તમારી પાસે તમારી સેવા-પૂજાનો સ્વીકાર કરવા સ્વયં ભગવાન દરિદ્રીનું રૂપ ધારણ કરીને, રોગીનાં રૂપમાં, અસહાય-અજ્ઞાનીનું રૂપ લઈને ઊભેલા છે-તેમની પૂજા કરો. એ જ ભગવાનની પૂજા હશે.

શું આપ એનો અર્થ એમ કરી શકશો કે વિવેકાનંદને મન ગરીબાઈ, અજ્ઞાની કે રોગીની દશા કે નિરાધારતા પ્રિય હતી, પૂજ્ય હતી? સ્વામી વિવેકાનંદ કહેતા કે ગરીબ, અજ્ઞાન, રોગી અને નિરાધાર ભારતવાસીઓનું દુઃખ દૂર કરો અને એમ કરતાં તેઓ પ્રત્યે તિરસ્કારની નજરે ન જુવો. તમે મહાદાની છો, ઉપકારક છો અને ગરીબ લોકો તુચ્છ છે, ભિખારી છે અને તેમને દાન આપીને તમે તેમના પર ઉપકાર કરી રહ્યા છો એવો ભાવ મનમાં ન રાખો. ઉલ્ટું એમ સમજો કે ગરીબોના રૂપમાં તમારી સામે આવીને સ્વયં ભગવાન જ સેવાદ્વારા પૂજા કરવાની તક આપી રહ્યા છે. જ્યાંસુધી ગરીબોની ગરીબાઈ કાયમ છે ત્યાં સુધી તમારી સેવા-પૂજા અધૂરી છે; સેવા દ્વારા તમે તમારાં પાપોનું પ્રાયશ્ચિત કરી રહ્યાં છો. આજસુધી આપે માનવતાનો જે દ્રોહ કર્યો તેને ધોઈ રહ્યાં છો, એવા ભાવપૂર્વક આ દરિદ્રનારાયણોની સેવાપૂજા કરવાની છે, સ્વામી વિવેકાનંદની આ આધ્યાત્મિક ભૂમિકા અને એમની શિખામણ ન સમજવાવાળા લોકોની દયા જ ખાવી રહી.

ગાંધીજીની પણ આ જ ભૂમિકા હતી. આ વાતને આપણે અનેક રીતે અને સ્પષ્ટતાપૂર્વક પૂરવાર કરી શકીએ તેમ છીએ. અહીં એક જ ઉદાહરણ પૂરતું થઈ પડશે.

સને ૧૯૩૦માં જ્યારે ગાંધીજીએ નિર્ધાર કર્યો કે આ બ્રિટિશ સામ્રાજ્યનો નાશ કરવો જ છે અને પોતાના આ છેવટના ફેંસલાના અંગરૂપે મીઠાના કાયદાને તોડીને સત્યાગ્રહ કરવા માટે દાંડી તરફ પ્રયાણ કર્યું, ત્યારે ગુજરાતના કેટલાક મિલમાલિકો પ્રભાવિત થઈને ગાંધીજીને મળવા આવ્યા અને પૂછયું, "મહાત્માજી, આપે બહુ મોટું કામ ઉપાડયું છે-અમારે લાયક કાંઈ કામ હોય તો કહો."

ગાંધીજીએ ખૂબીપૂર્વક જવાબ આપ્યો, "હું તમારી ધનદોલતની ઈર્ષા કરતો નથી. તમારી મોટી મકાનમહેલાતો ભલે તમારી પાસે રહે. તમારાં બાળકો ભલે દર સાલ પરદેશ ફરીઆવે. હું તો એટલું જ માગું છું કે તમારી મિલોમાં જે કામદારો કામ કરે છે તેમને એવું જ ખાવાપીવાનું આપો કે જે તમે ખાવ છો. ઘી, દૂધ, ઘઉંની રોટલી અને ખાંડ વગેરે એમને પણ આપો. ભગવાને બંનેને શરીર આપ્યું છે, તો બંનેને ભૂખ પણ આપી છે. પેલા લોકો આઠ કલાક સતત શ્રમ કરે છે. તેમને એ જ ખાવા આપો જે તમે ખાવ છો. તેમના રહેવાના મકાન, બાળકોનું શિક્ષણ વગેરે વાતો પછીથી વિચારીશું." મિલએજન્ટો બાપુનો આ જવાબ સાંભળીને એકબીજાનું મોં જોવા લાગ્યા. મિલમજૂરોને ઘી-દૂધ વગેરે આપ્યા પછી પોતાનો નફો કેટલો રહે તે વિચારવાની વાત હતી.

દેશના કરોડો લોક સુધી પહોંચી શકે એવા ઉદ્યોગની વાત જ્યારે ગાંધીજી વિચારવા લાગ્યા ત્યારે તેમની નજર ખાદી પર પડી. દેશના કરોડો લોકોને જ્યાંસુધી ખાદી પણ મળવી મુશ્કેલ છે ત્યાં સુધી પોતે ઓછામાં ઓછા વસ્ત્ર પહેરશે એવું વિચારીને તેમણે માત્ર લૂંગીભર રહેવાનો નિર્ણય કર્યો. ત્યારે તેમણે જાહેર પણ કર્યું, "દેશમાં મારાં આ પગલાનું કોઈ અનુકરણ ના કરે. હું એમ નથી ઈચ્છતો કે દેશના સેવકો પણ માત્ર લૂંગી પહેરે." તમામે તમામ માણસોને ઓછામાં ઓછું ૧૩ થી ૧૫ વાર કાપડ મળવું જ જોઈએ.

ગાંધીજી કહેતા હતા કે જેમ કેવળ મધ્યમવર્ગની આર્થિક હાલત સુધારવાથી દેશનું દુઃખ દૂર થશે નહીં તેમ શહેરોમાં જોવામાં આવતી ગરીબાઈ દૂર કરવાથી પણ સારાયે દેશની દરિદ્રતા દૂર થશે નહીં. દેશના લાખો ગામડાઓમાં જે કરોડો લોકો વસી રહ્યાં છે અને જેમને બેકાર રહેવું પડે છે તેવા લોકોને ઉદ્યોગો આપીને તેમના પેટની આગ જો આપણે થોડી પણ શાંત કરી શકીશું તો જ દુઃખનિવારણની સાચી શરૂઆત થઈ ગણાશે. અને તે પણ "ભિખારીઓને અન્નદાન" ના રૂપમાં નહીં પણ "બેરોજગારોને ઉદ્યોગો" દ્વારા રોજી મળે એવા વ્યવહારુ અને આબરૂદાર ઉપાય હોવા જોઈએ.

ગાંધીજી કૌશલયુકત પરિશ્રમને સાર્વત્રિક કરવા પર ઘણો ભાર મૂકતા હતા. જે માણસ શ્રમ કરવાનું ટાળે છે, એ ગમે તેવો ધર્માત્મા હોય કે સાધુસન્યાસી હોય, તેનું જીવન પાપરહિત નથી, જે કોઈ પણ મનુષ્ય શરીરશ્રમ કર્યા વિના જીવન જીવે છે તે શ્રમજીવીઓનું શોષણ કરે જ છે, અને શોષણ એ જ સૌથી મોટો "માનવતાનો દ્રોહ" છે- એ હતો ગાંધીજીનો સિદ્ધાંત.

હવે રહ્યો દરિદ્રતાની પૂજા અને પ્રચારનો સવાલ. ગાંધીજીએ સ્પષ્ટ રીતે કહ્યું હતું કે કરોડો લોકોને બેકાર રહેવું પડે છે, ભૂખે મરવું પડે છે કે અર્ધભૂખ્યાં રહેવું પડે છે એ એક શાપ છે. સૌથી પ્રથમ એનો ઉપાય કરવો જોઈએ.

પરંતુ કેવળ સરકારના કાયદાઓથી એમ થઈ શકવાનું નથી, બેકારી અને ગરીબાઈનું નિવારણ ત્યારે જ શકય થશે કે જ્યારે "જેની પાસે પૈસો છે, પૈસો પેદા કરવાની શકિત છે, જેની પાસે વિદ્યા-કલા-કસબ છે, તેવા લોક જ્યારે પોતાનું ધન, પોતાની સત્તા કે પ્રતિષ્ઠા રાજીખુશીથી છોડીને સેવક બનશે અને દેશની પાસેથી જેવી પણ રોટી મળશે તેનાથી સંતોષ માનશે."

દેશની શાપરૂપ ગરીબી દૂર કરવાનો એક જ ઈલાજ એ છે કે ચરિત્રવાન સરકારી રાષ્ટ્રસેવક સ્વેચ્છાપૂર્વક ગરીબીનું વ્રત લે અને ગરીબોની સેવા કરે.

ગાંધીજીએ કહ્યું કે, "ભારતીય સંસ્કૃતિએ આધ્યાત્મિક મોક્ષને માટે યમ–નિયમ ઈત્યાદિ જે સાધના બતાવી છે તે જ સાધના રાજનૈતિક મોક્ષ–અર્થાત આઝાદીને – માટે રાષ્ટ્રસેવકો દ્વારા ચાલુ રાખવી પડશે." એટલા જ માટે તેમણે પોતાના સ્વરાજયની સેવા કરવાવાળા સાથીઓને સમજાવ્યું કે તમારે સત્ય અને અહિંસાની સાથે, અને સંયમની સાથે, ધનસંગ્રહ વિના જીવવાની આદત પણ કેળવવી જોઈએ. ત્યાગ અને બલિદાનની તેજસ્વિતા વિના–આધ્યાત્મિક ક્ષાત્રતેજ વિના–દેશ મુકત થઈ શકે નહીં. બુદ્ધિ અને વિજ્ઞાનના પુરસ્કર્તા લોકોના એશઆરામી જીવનમાંથી જ્યાં સુધી શોષણની ટેવ છૂટે નહીં ત્યાં સુધી દેશ સ્વતંત્ર થવાની બિલકુલ શકયતા છે જ નહીં.

સને ૧૯૧૫ માં જ્યારે ગાંધીજી હિંદ–સ્વરાજયનો સંકલ્પ કરીને ભારત પાછા ફર્યા ત્યારે દેશમાં આરામસેવી બુદ્ધિવાદી વિજ્ઞાનના ઉપાસકો ઓછાં ન હતાં. એમની દલીલો રાતદિવસ ચાલ્યા કરતી હતી. પરંતુ કરોડોની સંખ્યાવાળી જનતાને એ લોકો જાગ્રત કરી શકયા નહીં. લોકોનો વિશ્વાસ તેમના પર બેસતો નહતો. જનતામાં આત્મતેજ પ્રગટ થતું ન હતું. પરંતુ બાપુએ આઝાદીનો રસ્તો ખુલ્લો કર્યો. હવે એમના ગુણદોષોની ચર્ચા કરવાને બધા ભારતીય અને દુનિયાના વિચારકો સ્વતંત્ર છે.

અનુવાદક: સુબોધભાઈ એમ્. શાહ ★ મૂળ હિન્દી: કાકાસાહેબ કાલેલકર

# અવધૂત જીવનસાધનાની ગંગોત્રી

ગુજરાતમાં જીવન પૂરું થવા આવ્યું. સૌરાષ્ટ્રના પ્રવાસો પણ ઘણા થયા; પણ ગિરનારના ના તો દર્શન થયાં, ના તો એનો સમાગમ થયો. આ વખતે એક આકસ્મિક ઘટના બની. બહેન વિમલાતાઇ ઠકાર કેલિફોર્નિયા હતા ત્યારથી એમણે લખ્યું હતું કે આ વખતે ભારતમાં આવીને પ્રથમ કાર્ય આપણે ગિરનાર સાથે જવાનું કરીશું અને ત્રણ રાત ગિરનાર પર સાથે જીવીશું.

વિમલાબહેન ૨૦મી ડિસેમ્બરે સાનફ્રાન્સિસકોથી આવ્યાં. ત્યાંથી મુંબઇ, આકોલા, નાગપુર અને સ્વ. તુકડોજી મહારાજના મોઝરી આશ્રમમાં જઇને પહેલી જાન્યુઆરીએ ભાવનગર સવારે વિમાનમાં આવ્યાં. ત્યાં એક દિવસ સાથે રહ્યાં અને રાત્રે ગાડીમાં નીકળીને બીજીએ સવારે જૂનાગઢ પહોંચ્યાં. અમદાવાદથી ભાઇ કલ્યાણભાઇ શાહ, સુશીલાબહેન, પ્રભા અને દિનકરભાઇ ત્રિવેદી આગલી રાતે જૂનાગઢ પહોંચી ગયાં હતાં. નીચે જ નાહીધોઇને, સવારે આઠ વાગે ઉપર ચઢવા માંડયું. દસ વાગે પહેલી ટૂક પર પહોંચી ગયાં. ત્યાં આણંદજી કલ્યાણજીના ગેસ્ટહાઉસમાં જગ્યા મળી હતી. તે દિવસે કશો કાર્યક્રમ નહોતો. માત્ર વિમલાબહેનનો સત્સંગ રહ્યો. સત્સંગ એ વિધાયક અવસ્થા છે. વિમલાબહેન સાથેના સહવાસમાં અને એમનાં સાન્નિધ્યમાં આખો આધાર આપમેળે એકાગ્ર થવા મથે છે. એટલે જાણે સમગ્રતા એકનિષ્ઠ થઈને સાવધાન બની રહે છે. ધ્યાન પછી કરવાનું રહેનું નથી, આપોઆપ થઇ જાય છે. સાવધાની પણ સહજભાવે જીવી રહે છે. બીજી રીતે એ પોતાની સાથેનો સમાગમ પણ બની રહે છે. આનંદ એનું સ્વાભાવિક પરિણામ હોય છે.

બીજે દિવસે સવારે પાંચ વાગે આગળ ચઢવાનું શરૂ કર્યું. ગોમુખ વટાવીને અંબાજી પહોંચ્યા. ત્યાંથી ગોરખટૂક આવતાંની સાથે જ વાતાવરણ બદલાઈ ગયું. ગોરખટૂકનું સૌન્દર્ય અદ્‌ભૂત હતું. સ્થૂલ ગુફા અને ગિરનારની પડછંદ શિલાઓ અદૃશ્ય થઈ ગઈ. વાતાવરણમાં માત્ર શાંતિ. શાંતિનો જ વિસ્તાર. વિસ્તારનું કાવ્ય. આકાશની સાથે અવનવીન ગુફતેગોની નવી સંભાવના. સામે દત્તાત્રયની પાંચમી ટૂક દેખાઈને ડોકિયું કર્યા કરે. એની સાથે દૃષ્ટાનું અને હૃદયનું અનુસંધાન થઈ ગયું. આગળ ચાલવા માંડયું. દત્તાત્રયની ટૂક પર પહોંચ્યા ત્યારે વિમલાબહેન આગળથી આવીને દત્તાત્રયની ચરણપાદુકા સામે એક શિલાપર બેઠાં હતાં. બેઠાં બેઠાં ધ્યાનનો વિસામો લેતાં હતાં. અવધૂતોના અવધૂત દત્ત ભગવાનનું સ્મરણ જાગી ઊઠયું. સ્મરણો તો ઘણાં અને ઘણી વખત જાગે છે. મનમાં ઘોળાય છે, રમે છે, રસાય છે પણ ઘણાં; પરંતુ એ વખતે જે ઊંડું અને આત્મીય સ્મરણ ઊગ્યું હતું એમાં માત્ર સ્મૃતિનો વિલાસ નહોતો. આખો આધાર (Being) એમાં તરબોળ હતો. એમાં સત્સંગનો સ્પર્શ હતો: જીવંત અને રોમાંચક: એટલે જીવનની સાથે એનો મેળ બેસી ગયો. આને કારણે એવું બન્યું કે જિંદગી જાણે એ અમૃતરસમાં ઝબકોળાઈ ગઈ. અભિનવ સ્નાનની તાજગીનો અનુભવ થયો.

શ્રી જ્ઞાનેશ્વર મહારાજની વાણીમાં એક ભાવ ઊતર્યો છે. એમની એક ઓળીમાં એઓ નિ:સંગના સંભોગ*ની વાત કરે છે. જ્ઞાનદેવમાં અવધૂત સાધના અને અદ્‌ભૂત વેદાન્તદર્શનનો સુભગ સંવાદ સધાયો છે. ઉપરાંત એમાં પ્રેમભકિતનું રસાયણ ઊતર્યું છે. અહીં જ્ઞાનરાય પરંપરાગત પરિપાટીના મટીને સ્વયંભૂ જીવનસાધનાના સ્વામી બની ગયા છે. પંચમ પુરૂષાર્થ પ્રેમના એઓ આચાર્ય છે. એટલે મધુરાદ્વૈતની અનુભૂતિ, એમનાં વાણી અને દર્શનમાં એવી જ સહજ રીતે સંપન્નતાથી રસાઈ છે કે શુષ્કતાનો અણસારો કે વિરાગનું અતડાપણું વરતાતાં નથી. વરતાય છે માત્ર જીવનસરનું અમી.

આ નિ:સંગના સંભોગની વાત અહીં ચરિતાર્થ થઈને સમજણમાં આવી. સાથે એ પણ ગળે ઊતર્યું કે સમજણ એ કેવળ બુદ્ધિનું ઉપાર્જન કે વળતર નથી. સમગ્ર સંવિતનો એ સંયોગ છે. મિત્રોનો સંગ હતો, છતાં નિ:સંગનો અનુભવ હતો. કેવો વિધાયક એ સાક્ષાત્કાર હતો! આખા જીવન - આધારમાં એ અનુભૂતિ રસાઈ ગઈ. એનો જીવનકેફ જરા જરા આછો થયો ત્યાં પાછા ફરવા માંડયું. ગોરખનાથની ટૂક પર આવી ગયાં. હવે દિવસ ચઢવા માંડયો હતો. ગિરનારના વ્યકિતત્વની સુરખી સ્પષ્ટ થઈ ગઈ હતી. એ સુરખીની સુગંધમાં પાછું સ્મરણોએ રસળવા માંડયું. સાથે સાથે પોતાની સાથેની ગુફતેગુ પણ ભળી. એમ ઊતરતાં ઊતરતાં અંબાજીની ટૂકે આવી પહોંચાયું. દર્શન કરવા ગયાં. ત્યાંથી પાછા વળતાં એક સંન્યાસી જેવા લાગતા સજજને અંગ્રેજીમાં મારું નામ અને મારી અટક પૂછયાં. મેં આખી વાત ટાળી ને અમે બહાર નીકળ્યાં. સામે એક ઝુંપડીમાં શેરડીનો રસ પીવા બેઠા. ત્યાં પાછળ પાછળ પેલા સજજન આવ્યા. લલાટે કોરા કંકુનો ચાંલ્લો હતો. મેં ધાર્યું કે કોઈ તંત્રસાધનાના સાધક હશે! પાસે બેઠા કે તરત એમણે મારૂં નામ કહ્યું. સાથે 'ગુજરાત સમાચાર' માં લખાતી 'અંતરની કેડીએ' ના લેખકને પકડી પાડયા તેનો આનંદ હતો. એ સજજન હતા ધોરાજી ગામના શિક્ષક. સ્વ. ભાઈ ચુનીલાલ મડિયાને એમણે ગુજરાતી ભણાવેલું, નામ યાદ નથી. પણ દક્ષિણગિરિ ગોસાઈ કે એવું કંઈ યાદ રહ્યું છે. વિચિત્ર ઘટના.

ગિરનાર પર 'અંતરની કેડીએ'ની પહોંચ થએલી જોઈને અંતરે પ્રસન્નતા અનુભવી. 'અંતરની કેડીએ' નું લખાણ શરૂ કરતી વખતે મારા મનમાં ઘણી ગડભાંજ હતી. નામરજી હતી. પણ ધીરે ધીરે એવો અનુભવ સતત થતો જાય છે કે લખાણ તદ્દન

---

* આ શબ્દ વિષે સ્પષ્ટતા કરતા લેખક જણાવે છે કે સમ્યક્ ભોગ એટલે સંભોગ એ સાર્થમાં શ્રી જ્ઞાનેશ્વર મહારાજે એ શબ્દને અભિનવ અન્તરરહસ્યના સંદર્ભમાં મૂક્યો છે. એ શબ્દને આપણે જાતિયતા–ઉપભોગને ખાતર જ કેવળ વાપરીને કદરૂપ બનાવી દીધો છે. તંત્રી)

નિરર્થક નથી જતું. એક કૃતાર્થતાનો ભાવ પણ થયો. શેરડીનો રસ પીને, જીવનના પણ એક જુદા જ રસનો આનંદ લૂંટીને ઊતરવા માંડયું. ગોમુખ ઊતરીને ઘેર પહોંચી ગયા.

તે બપોરે વિમલાબહેને શ્રી જ્ઞાનેશ્વર રચિત 'અમૃતાનુભવ' માંથી ત્રીજો અધ્યાય સંભળાવ્યો. વિમલાબહેનનું જ્યારે જ્યારે જ્ઞાનેશ્વરની ઓળીયો સાથે તાદાત્મ્ય સધાય છે ત્યારે ત્યારે ચેતનાની એક એવી એકતા સધાય છે કે કાળનું ભાન ભૂલી જવાય છે. એકાગ્રચિત્તનો એ ધન્ય અનુભવ હોય છે. આનંદ એનો અવર્ણનીય હોય છે. મૌનમાં એની કૃતાર્થતા થાય છે. આ ત્રીજા અધ્યાયમાં પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરી એ વાણીના ચાર સ્વરૂપોની વાત હતી. શી અપૂર્વતાથી જ્ઞાનદેવે એ ચાર વાણીરૂપોની વાત કરી હતી! એમની એ અપૂર્વતાના પ્રાગટયમાં એ વાણીરૂપોની ગરીબાઈ ઉપસી આવી હતી. ચારે ય વાણીસ્વરૂપો વિષે આટલી અનન્યતાથી પહેલી વાર સાંભળ્યું. એને વિષે વળી કયારેક લખીશું. આખો વિષય નિરાળો ને સ્વતંત્ર છે. છેલ્લે દિવસે અંતિમ અધ્યાય જીવનમુકત વિષે સાંભળ્યો. પ્રવૃત્તિ અને નિવૃત્તિ બન્નેની ભસ્મનો પોતાને લલાટે લેપ કરીને પ્રેમ જ્યારે જીવી ઉઠે છે અને પોતાનો આત્મબોધ પણ જ્યારે ગુરુચરણે ધરીને ધન્ય થાય છે એ દર્શનની વાત આટલી સહજતા અને સ્પષ્ટતાથી જ્ઞાનેશ્વર જેવી ઓજસવતી પ્રતિભા જ કરી શકે. જ્ઞાનેશ્વરી સાંભળવાનો લાભ વિમલાબહેન પાસેથી મળ્યો છે. એનો સ્વાદ હજી જેવો ને તેવો તાજગીભર્યો છે. તેમાં આ અમૃતાનુભવનું અમી ઉમેરાયું. બુદ્ધિનું પ્રક્ષાલન થયું. ભાવરમણાનું ઊંડાણ પરખાયું અને સંવેદનશીલતાને નવો પ્રસાદ મળ્યો.

આ બધું ગિરનારના નિવાસ દરમિયાન જીવવાનું મળ્યું. પણ એથી ય જે વિશેષ આનંદ થયો તે તો ગિરનારની વિભૂતિનાં દર્શન થયાં તેને કહી શકાય. પરંપરાગત સાધનાની ભૂમિ, ગુરુ શિષ્યના સાયુજ્યના લાવણ્યની ધરતી અને પ્રેમનું અમૃત જ્યાં રેલાયું છે તે જીવનપૃથ્વીનો સંસ્પર્શ થયો. એને અપૂર્વ ના કહીએ તોય વિશિષ્ઠ આનંદની અનુભૂતિ કહેવી પડે એવો ત્યાંનો નિવાસ, સહવાસ અને સૌરભ હતાં.

પ્રત્યેક પ્રસંગની જેમ, દરેક સ્થાનની એક વિશેષતા અને વ્યકિતમત્તા હોય છે. તેમાંય જે સાધનાભૂમિ હોય છે, યદીભૂમિ હોય છે, પ્રેમભૂમિ હોય છે ત્યાંની વાતાવરણની રજમાં વ્રજની રજ જેવી એક સુવર્ણ સ્નેહમયી ભિનાશ હોય છે. એનો ભેજ સદા ઝમ્યા કરતો હોય છે. એના સંસ્પર્શ માનવીના જીવનને જ નહીં, વનસ્પતિ, વનરાજિ અને વનશ્રીના જીવનને પણ હરિયાળું અને નવપલ્લવિત રાખે છે. જીવનની મૈત્રીને નવી તાજગી મળે છે. જીવન પોતે ખુશ થાય છે. એ ખુશીની ખુશબો પછી ચારે ય બાજુથી આપણને ઘેરો નાંખે છે. એનો કેફ ચડે છે. એ કેફને તો અવધૂતો સમાધિનું આંગણું નહીં કહેતા હોય! જે હોય તે હોય! એ કેફનો આનંદ અને એની મસ્તી કદી છોડવાં ન ગમે એવી એની અનન્યતા લાગે છે.

ગિરનારની યાત્રા એકલા કરી હોત તો કદાચ એની જુદી મુદ્રા ઉઠત. આ વિમલાબહેન સાથેની સહયાત્રા હતી. એમનાં સાંનિધ્ય, સહવાસ અને સહજીવનનો જે અપૂર્વ લાભ મળ્યો તેને કારણે સમસ્ત જીવનપિંડ આશાના અમીથી રસાયો તો ખરો જ પણ અંતરાત્માને જાણે હરિચરણનો પ્રસાદ મળ્યો. કેટલાક વાતાવરણમાં શકિત જ એવી હોય છે કે અંતરના કમાડને ધક્કો મારીને ઉઘાડી નાંખે; અને અંદર પ્રવેશીને જીવનનું અજવાળું પાથરી આપે.

કિસનસિંહ ચાવડા

# જૈન સમાજને ગાંધીજીનો સંદેશ

તા. ૨૩-૬-'૧૯૨૭ ના 'નવજીવન' માં મહાત્મા ગાંધીજીએ જૈન સમાજને ઉદ્દેશીને નીચે મુજબ એક નોંધ લખેલી:

"સ્યાદ્વાદના પૂજારી અને દયાધર્મના ઈજારેદાર જૈનો વિષે વધારે સારી વાતની આશા કરવી જોઈએ. તેમનામાં સહિષ્ણુતા પણ હોવી જોઈએ એટલે કે મતભેદ ધરાવતા લોકો પ્રતિ તેમના તરફથી ઉદારતાની આશા રાખવામાં આવે છે. તેમણે એમ માનવું જોઈએ કે તેમને પોતાનું સત્ય જેટલું પ્રિય છે તેટલું જ પ્રિય પ્રતિપક્ષીઓને તેમનું સત્ય હોય જ. વિરોધી ભૂલ કરતો માલૂમ પડે ત્યાં રોષના બદલે દયાભાવથી કામ લેવું ઘટે.

"પરંતુ તેમના ઝગડા જોઈને એવો આભાસ ઊઠે છે કે સ્યાદ્વાદ તેમ જ દયાધર્મ જૈન ભંડારોમાં તથા જૈન મંદિરોના સાસ્ત્રગ્રંથોમાં જ માત્ર શોભા આપી રહ્યા છે. આ બાબતનો મને જ્યાં ત્યાં અનુભવ થઈ રહ્યો છે. કદાચ કોઈ ઠેકાણે દયાધર્મ થતો હોય તો તેની સીમા કીડીઓને કણ નીરવામાં અને માછલીઓને બચાવવામાં સમાપ્ત થઈ જાય છે. આ ધર્મનું પાલન કરનારાને મનુષ્યની સાથે કેટલીયે ક્રૂરતા થઈ રહી હોય તો પણ તેને ધર્મી સમજવામાં આવે છે.

"રાયચંદભાઈ કહેતા હતા કે જૈન ધર્મ વાણિયાઓને ત્યાં ગયો એટલે તેનો હિસાબ પણ વાણિયાઓ જેવો બની ગયો. વિવેક અને વીરતા જે દયાનાં લક્ષણ હોવા જોઈએ તેનો પ્રાય: લોપ થઈ ગયો છે. અદયા અને વીરતા એકાર્થવાચી બનતાં દયાનું પતન થઈ ગયું છે.

"ધન અને ધર્મ તો એકમેકના જાની દુશ્મન છે. આમ છતાં પણ જૈન મંદિરોમાં લક્ષ્મીદેવી આવીને વસી છે. ધાર્મિક સિદ્ધાન્તોનો નિર્ણય તપસ્યા દ્વારા નહિ પણ તેના બદલે અદાલતોમાં વકીલોની દલીલો દ્વારા થઈ રહ્યો છે. પરિણામે હાલત એવી બની બેઠી છે છે કે જે વધારે ધન ખર્ચી શકશે તે પોતાના પક્ષમાં ધર્મનો નિર્ણય કરાવી શકે.

"શ્વેતાંબરો તથા દિગંબરો વચ્ચે દુશ્મની જ શા માટે સંભવે? બન્નેના સિદ્ધાન્ત એક છે; થોડો સરખો ભેદ છે. તે ભેદ એવો નથી કે જેને અસહ્ય કહી શકાય, પણ તે ભેદ એવો છે કે જે વડે બન્ને શાન્તિ અને સમાધાનપૂર્વક પોતપોતાના ધર્મનું પાલન કરી શકે તેમ છે, જેમ કે દ્વૈત તથા અદ્વૈત.

"જૈનોમાં સાધુઓ તેમ જ સાધ્વીઓ મોટી સંખ્યામાં છે. તેમની પાસે સમય પણ પુષ્કળ હોય છે. તેઓ સાચી સેવા શા માટે ન કરે? તેઓ શુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિનો પ્રયત્ન શા માટે ન કરે? અને પોતાની અનુભૂતિની સમજણ સમાજને શા માટે ન આપે?

"જૈન યુવકો પોતાના વડીલ વૃદ્ધો માફક દ્રવ્યોપાર્જનમાં મશગુલ નજરે પડે છે. ગૃહસ્થાશ્રમમાં રહેલા હોવા છતાં, તેઓ તપસ્વી જેવા બનીને ઉદારચરિત, શુદ્ધ તેમ જ દયાની મૂર્તિ શા માટે બનતા નથી?

"શ્વેતાંબર - દિગંબરોના ઝગડાઓનો નિકાલ અખબારો તેમ જ અદાલતો દ્વારા પ્રાપ્ત થઈ ન જ શકે. એ ત્યારે પ્રાપ્ત થાય કે જ્યારે બન્ને પક્ષ અથવા બેની વતી એક પક્ષ પ્રાયશ્ચિત કરે ને શુદ્ધ બને. જેનાથી આ ન બને તે ધર્મનું નામ છોડીને નમ્રતાપૂર્વક મૌન ધારણ કરે."

ગાંધીજીના આ વિચારો આજે પણ એટલા જ સાચા અને પ્રસ્તુત છે પણ આજનો જૈન સમાજ - આજના જૈન અગ્રણીઓ - આપસઆપસના ઝગડાઓ વિષે આ રીતે વિચાર કરવાને તૈયાર છે ખરા? આ ઝગડાઓ કંઈ પણ અનિચ્છનીય ઘટના બનતાં ઉગ્ર સ્વરૂપ ધારણ કરે છે. આજે પ્રમાણમાં આ ઝગડાઓ શાન્ત અને પ્રસુપ્ત છે ત્યારે ગાંધીજીએ ઉપર દર્શાવેલા વિચારોનું શાન્તિથી આજનો દરેક જૈન મનન-ચિન્તન કરે અને પોતાને પૂછે કે જૈન ધર્મના પાયામાં રહેલો અપરિગ્રહ અને વિશ્વમૈત્રીનો આદર્શ અને હક્ક અને માલેકીના નામ નીચે ચાલતા જૈન તીર્થોના આજના ઝગડાઓ એ બે વચ્ચે કોઈ મેળ છે ખરો? શું આ ઝઘડાઓ એવા છે કે ખેલદિલીથી અને બાંધછોડથી ન જ પતે? પરમાનંદ

# ☆ આલ્બર્ટ સ્વાઈટ્ઝર અને મહાત્મા ગાંધી ☆

(ભવન્સ જર્નલના દિવાળીના અંકમાં જર્મન ફેડરલ રીપબ્લિકના કૉન્સલ શ્રી જી. કુંઝે અંગ્રેજીમાં લખેલો 'સ્વાઈટ્ઝર અને ગાંધી' એ મથાળા નીચે આ બન્ને મહાનુભાવોના ચિંતનની તુલના કરતો એક ભારે વિચારગંભીર લેખ પ્રગટ થયો છે. આ લેખનો અનુવાદ કરવા મેં પ્રયત્ન કર્યો છે. મૂળ અંગ્રેજી લખાણમાં રહેલી ભાષાની જટિલતા અને ગૂઢ વિચારણાના કારણે પ્રસ્તુત અનુવાદને હું જોઈએ તેટલો સરળ અને સુવાચ્ય બનાવી શક્યો નથી. એમ છતાં ગાંધી શતાબ્દિના આ વર્ષમાં આ બે મહાન શિક્ષા-ગુરુઓના તત્ત્વદર્શનના તુલનાત્મક ચિંતનનું બહુ મહત્ત્વ છે એમ સમજીને પ્રસ્તુત અનુવાદ નીચે રજૂ કરું છું. ભાષાન્તરમાં રહેલી ક્ષતિઓ પ્રબુદ્ધ જીવનના વાચકો દરગુજર કરશે એવી આશા રાખું છું.

આલ્બર્ટ સ્વાઈટ્ઝરના તત્ત્વદર્શનમાં Life-affi mati૦ı અને Life-negati૦n એ બે શબ્દસમાસનો અવારનવાર ઉલ્લેખ થતો જોવામાં આવે છે. આ બે શબ્દસમાસ માનવી જીવન વિષેના બે પ્રકારના અભિપ્રાય સૂચવે છે. એક જીવનને affi m કરે છે; અન્ય જીવનને negate કરે છે. એક છે વિધાયક; અન્ય છે નિષેધક. પ્રથમ અભિગમનો ભાવ એ છે કે જીવન જીવવા જેવું છે; આપણા પોતાના જીવનનું જેમ વિશિષ્ટ મૂલ્ય છે, તેવી જ રીતે અન્ય સર્વ જીવોના જીવનનું પણ વિશિષ્ટ મૂલ્ય છે અને તેથી જીવવું અને અન્યને જીવન જીવવામાં બને તેટલા મદદરૂપ થવું એ આપણું કર્તવ્ય છે. આ વિચારણા પરોપકારની ભાવના અને કર્મયોગ તરફ આપણને લઈ જાય છે. આનું નામ છે Life-affirmation — જીવન સમર્થન. આલ્બર્ટ સ્વાઈટ્ઝરના સમગ્ર ચિંતનના પાયામાં આ દૃષ્ટિ — આ અભિગમ — રહેલો છે. તેને માટે જીવન સારરૂપ છે અને એટલે સંસાર પણ સારરૂપ છે.

બીજો અભિગમ છે Life negationનો — જીવનનિષેધનો — આવળણ ધરાવનારને મન સંસાર અસાર છે, જીવન વિષેની આસકિત અજ્ઞાનમૂલક છે. તેને જીવન એટલે કે સંસાર જંજાળરૂપ લાગે છે અને તેમાંથી તે છૂટવા માગે છે. આ વિચારસરણીમાંથી ત્યાગ અને વૈરાગ્ય જન્મે છે અને તેનું નામ છે સંન્યાસમાર્ગ. આવી વ્યકિત સમાજઅભિમુખ નહિ પણ સમાજ પરાઙ્‌વિમુખ હોય છે. સામાજિક જવાબદારીઓનું તેને મન કોઈ મહત્ત્વ હોતું નથી. આ બે ભિન્ન દેખાતા અભિગમનો — વિચારસરણીનો — સમન્વય ગાંધીજીએ પ્રરૂપેલ અનાસકિત કર્મયોગમાં થઈ શકે છે. અનાસકિત એ સંન્યાસનું સાચું વ્યવહારૂ સ્વરૂપ છે. ત્યકતેન ભુંજિથા: એ સૂત્રનું પણ આ જ રહસ્ય છે. **પરમાનંદ**)

## આલબર્ટ સ્વાઈટ્ઝર અને મહાત્મા ગાંધી

"માનવી ત્યારે ખરેખર નીતિપરાયણ ગણાય કે જ્યારે સર્વ જીવોને તેનાથી શકય હોય ત્યાં સુધી મદદરૂપ થવાની ફરજનું તે પાલન કરે અને કોઈ પણ સજીવ વસ્તુને ઈજા પહોંચતાં તે અટકે. આ કે તે જીવ પોતાની સહાનુભૂતિને કેટલો પાત્ર છે તેનો અથવા તો એથી આગળ વધીને તેનામાં ચેતનાનો કેટલા પ્રમાણમાં વિકાસ છે તેનો તે કદિ વિચાર કરતો જ નથી. જીવન, જીવન હોઈને જ તેના માટે એક પવિત્ર વસ્તુ છે.... જો ઉનાળામાં જ રાત્રિના સમયે તે દીવો પ્રગટાવીને કામ કરતો હોય તો તેના ટેબલ ઉપર બારી બહારથી આવીને ફુદાંઓ એક પછી એક પટકાતાં જાય, તેને બદલે બારી બંધ કરવાનું અને ઓછી હવાના કારણે રૂંધામણ ભોગવવાનું તે વધારે પસંદ કરશે. જો વરસાદ પડયા પછી રસ્તા ઉપર તે ચાલતો હશે અને કોઈ અળશિયું કે એવા કોઈ જીવજંતુને તે રસ્તા ઉપર સરકતું જોશે તો તેને ઉપાડીને તે બાજુના રસ્તા ઉપર મૂકશે. રસ્તે ચાલતાં તે કોઈ જીવને પાણીના ખાબોચિયામાં પડેલું અને તરફડતું જોશે તો તે ક્ષણભર ઉભો રહેશે અને પાંદડા કે ડાળખીથી તેને ઊંચકીને જમીન ઉપર મૂકશે." (આલ્બર્ટ સ્વાઈટ્ઝર: Revere :ce for Life-જીવન માટે આદર.)

"હું જરૂર માનું છું કે ઈશ્વરે સરજેલા સર્વ જીવોને આપણી જેટલો જ જીવવાનો હક્ક છે. આપણા આ કહેવાતા હિંસક સાથી-પ્રાણીઓનો ફરજ રૂપે નાશ કરવો જોઈએ એવું નિદાન કરવાને બદલે જો સંશોધક માનવીઓએ તેમની સાથે જુદી રીતે વ્યવહાર કરવાની શોધ કરવા પાછળ પોતાની બુદ્ધિશકિતનો ઉપયોગ કર્યો હોત તો માનવી તરીકે આપણા દરજ્જાને શોભે એવી કોઈ જુદી જ દુનિયામાં આપણે વસી રહ્યા હોત..........મારી બુદ્ધિ અને હૃદય બન્ને એમ માનવાનો ઈન્કાર કરે છે કે કહેવાતા અનિષ્ટ કોટિના જીવો માનવીના હાથે માત્ર નાશ પામવાને જ સરજાયા છે....."
(મહાત્મા ગાંધી, ૧૯૩૭ જાન્યુઆરી ૯ મીનું 'હરિજન.)'

શું આ બે અવતરણો જીવન વિષે આપણને આશ્ચર્ય પમાડે એવા એકદમ સદશ અભિગમને વ્યકત કરતા નથી? શું આ બન્ને અવતરણો જેવા છે તે સ્વરૂપે એક જ નૈતિક સિદ્ધાંતનું પ્રતિપાદન કરતા નથી? આ બે મહાન સમકાલીન નૈતિક સૂત્રધારો અને કરુણા-સભર મહાનુભાવો એટલું જ નહિ પણ વ્યવહારૂ વિચારકો જેઓ પોતાના નિર્ણયોને માનવતાની સેવાભર્યા આચરણમાં સતત ઉતારતા રહ્યા છે — આવા એ બે મહાપુરુષોની ઊંડી સૂઝ શું માત્ર ઐતિહાસિક અકસ્માત છે? પ્રથમ દર્શને આપણને એમ લાગે કે આનો જવાબ આપણે હકારમાં જ આપવો ઘટે છે. તે બન્નેના આસપાસના સંયોગો એકદમ ભિન્ન હતા; બન્નેને જે સમસ્યાઓ હલ્લ કરવાની હતી તે પણ એકદમ ભિન્ન હતી. મહાત્મા ગાંધી નૈતિક સિદ્ધાંતો દ્વારા સામાજિક સુધારાઓને અમલી બનાવી રહ્યા હતા અને પોતાના દેશની આઝાદી માટે મથામણ કરી રહ્યા હતા; આલ્બર્ટ સ્વાઈટ્ઝર પોતાના દેશ જર્મનીમાં સ્થિર થયેલી એક કળાકાર અને વિચારક તરીકેની ઉજજ્વલ કારકીર્દી છોડીને આફ્રિકામાંની એ વખતની એક ફ્રૅન્ચ વસાહતમાં વસતા પીડિત માનવીઓની સેવા તરફ વળ્યા હતા; એકે શાન્તિ અને સ્વાતંત્ર્ય સર કર્યાં હતા; અન્યે ૧૯૫૩માં સુલેહશાન્તિ માટે પ્રાપ્ત થયેલા નોબેલ પારિતોષિક દ્વારા આન્તરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી હતી.

આલ્બર્ટ સ્વાઈટ્ઝર વિષે મહાત્મા ગાંધીનાં લખાણો અને પત્રોમાં સ્તુતિનો એક શબ્દ, અવતરણ કે ઉલ્લેખ શોધવા મેં ઘણો પ્રયત્ન કર્યો પણ મને એવું કશું જ હાથ ન લાગ્યું, આ બન્ને મહાનુભાવો જેઓ આજના અશાન્ત સમયમાં નૈતિક ક્ષેત્રે પ્રમાણભૂત પુરુષો ગણાય તેઓ કદી જાતે મળ્યા નહોતા તેમજ પત્રો દ્વારા તેમણે કદી વિચારવિનિમય કર્યો નહોતો. અને આજનું ઉભરાતું સાહિત્યનું ક્ષેત્ર કે જેમાં ગાંધીજીની અનેક પ્રકારના લોકો સાથે સરખામણી કરવામાં આવી છે — કદિ કદિ એવા પણ માનવીઓ સાથે કે જેની સાથે ગાંધીજીનો બહુ જ ઓછો મેળ હતો. દા. ત. સ્ટેલીન — આ વિપુલ સાહિત્યના ક્ષેત્રમાં પણ હજુ સુધી સ્વાઈટ્ઝર અને ગાંધીજી વચ્ચે કદિ કોઈએ તુલના કરેલી મારા જોવામાં આવી નથી. આમ હોવાથી ગાંધીજી અને સ્વાઈટ્ઝરના વિચારો વચ્ચે રહેલું સાદૃષ્ય માત્ર શું આકસ્મિક ઘટના છે? આને બદલે આ સાદૃષ્ય શું એમ સૂચવતું નથી કે આપણા દેશમાં પ્રગટ થયેલી માનવીય ચેતનાની — માનવ જાતની સેવાને સમર્પિત અખંડ ઉપાસનાની — ભાવનાની — અભિવ્યકિતઓ, જ્યાં જ્યાં આ પૃથ્વી તળ ઉપર આ વિચારોની ઉદ્‌ઘોષણાઓ કરવામાં આવી છે ત્યાં ત્યાં, એક સરખી થતી રહી છે, તત્ત્વમાં સમાન છે?

અને જો આવા નિર્ણય ઉપર આપણે આવીએ તો આ બે મહાનુભાવોનું સમાન ચિન્તન એક આકસ્મિક ઘટના છે — એવો સિદ્ધાંત ખોટો પડે છે. અને ખરેખર આ સર્વસામાન્ય તથ્યની ભૂમિકા ઉપર જ પ્રસ્તુત ઘટનાનો સંતોષકારક ખુલાસો આપણે મેળવવાનો છે — તારવવાનો છે.

સૌ પ્રથમ તો મારે એ બાબત તરફ ધ્યાન ખેંચવું જોઈએ કે ભારતીય તત્ત્વજ્ઞાન અને ભારતીય ચિંતનથી સ્વાઈટ્ઝર તદ્દન અજાણ્યા નહોતા. ભારતના તેમ જ જર્મનીના મહાન વિચારકો વચ્ચે બીજી કેટલીક બાબતો અંગે પણ ઘણું સામ્ય હતું અને જો કે તે બન્ને વિશ્વવ્યાપી માનસ ધરાવતા હતા, એમ છતાં જે જે ધર્મમાં તેઓ ઉછર્યા હતા તે તે ધર્મ પ્રત્યે પ્રત્યેક નિષ્ઠાવાન હતા. આમગાંધી આદર્શ હિન્દુ બની રહ્યા હતા અને સ્વાઈટ્ઝર આદર્શ પ્રોટેસ્ટન્ટ ખ્રિસ્તી બની રહ્યા હતા અને એમ છતાં પણ બન્ને બીજા મહાન ધર્મોના શાસ્ત્ર-ગ્રંથોના સારા અભ્યાસી હતા. ગાંધીજી ખાસ કરીને ગોસ્પેલ (ખ્રિસ્તી ધર્મઉપદેશ)ના અમુક ભાગો વડે ખૂબ જ પ્રભાવિત હતા અને સ્વાઈટ્ઝર ભારતીય ચિંતનથી સુપરિચિત હતા. ૧૯૩૫ માં સ્વાઈટ્ઝરે 'Indian Tnough: and its Development ' એ નામનું પુસ્તક લખ્યું છતું. તેની પ્રસ્તાવનામાં સ્વાઈટ્ઝર કબૂલ કરે છે કે જ્યારથી મારી યુવાવસ્થા દરમિયાન હું આર્થર શોપનહેરનાં પુસ્તકો દ્વારા ભારતીય વિચારથી પરિચિત બન્યો હતો ત્યારથી તે પ્રત્યે મારામાં ખૂબ આકર્ષણ પેદા થયું હતું. ભારતીય ચિંતનમાં રહેલી ખાસ કરીને ત્રણ બાબતો અંગે તેમને સવિશેષ આકર્ષણ થયેલું (૧) સર્વ કોઈ સધનચિંતન માફક માનવી-અનન્ત સત્તા સાથે કઈ રીતે આધ્યાત્મિક એકતા સાધી શકે તે સમસ્યા સાથે ભારતીય ચિતન ગાઢ સંબંધ ધરાવે છે; (૨) તેના સ્વભાવથી ભારતીય વિચારણા એક પ્રકારનો રહસ્યવાદ જ છે; અને (૩) 'ભારતીયનીતિશાસ્ત્ર સમગ્ર જીવસૃષ્ટિ સાથે માણસે કેમ વર્તવું એ સમસ્યા સાથે ગાઢપણે સબંધિત છે અને નહિ કે માત્ર પોતાના સમકાલીન માનવીઓ અને માનવસમાજ પ્રત્યેના વળણ પૂરતું જ એ સીમિત છે. આ પુસ્તકમાં પોતાથી છ વર્ષ વધારે મોટા એવા પોતાના સમકાલીન મહાત્મા ગાંધીને તેમણે એક આખું પ્રકરણ સમર્પિત કર્યું છે, સ્વાઈટ્ઝરનું આ પુસ્તક મુખ્યત્વે કરીને ભારતના ધાર્મિક ઈતિહાસમાં Life – affirmation અને Life–negation– જીવન – સમર્થન અને જીવન–નિષેધ – આ બે તત્ત્વોએ ભારતીય ચિન્તનમાં કયો અને કેવો ભાગ ભજવ્યો છે તેની તારવણી કરવા સાથે સંબંધિત હોઈને, સ્વાઈટ્ઝર ગાંધીજી વિષે મુગ્ધ બનીને પ્રસ્તુત પ્રકરણની જે આ રીતે શરૂઆત કરે છે કે "મહાત્મા ગાંધીનું તત્ત્વદર્શન એક નાની દુનિયા જેવું છે." તેમાં કશું આશ્ચર્ય પામવા જેવું નથી. અને "માનવીની સભ્યતા આ દુનિયા અને જીવનના સમર્થન ઉપર આધારિત છે." આ મુજબનો સ્વાઈટ્ઝરનો એક સિદ્ધાંત હોઈને, તેમાં કાંઈ આશ્ચર્ય પામવા જેવું નથી કે ગાંધીજીએ હાથ ધરેલા વ્યવહારુ સુધારાઓને સ્વાઈટ્ઝર ખૂબ ભાવથી આવકારે છે. સ્વાઈટ્ઝર ખુલાસો કરે છે કે ગાંધીજીએ નક્કર વાસ્તવિકતાઓમાં જેટલો રસ લીધો છે તેટલો રસ અન્ય કોઈ ભારતીય ચિન્તકે–વિચારકે ભાગ્યે જ દાખવ્યો છે."

જ્યારે સ્વાઈટ્ઝર મહાત્મા ગાંધીજીના કાર્યની કદર કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે ગાંધીજીએ પોતાના જીવનમાં આ પ્રકારની જે ક્રિયાશીલતાને અને પોતાના દેશબંધુઓ પ્રત્યેની કલ્યાણ-ભાવનાને સીધા આચરણમાં ઉતારી બતાવી છે – ગાંધીજીના જીવનની આ બાજુ સ્વાઈટ્ઝરને ખૂબ જ પ્રભાવિત કરી રહી છે. અને તેથી ભારતના ખેડૂતોનો ઉદ્ધાર કરવાના ગાંધીજીના પ્રયત્નો, હરિજનોનો ઉત્કર્ષ, સ્ત્રીઓની મુકિત, બાલવિવાહનો ઉચ્છેદ અને વિધવાઓની દયાજનક પરિસ્થિતિ સુધારવા માટેના તેમના પ્રયાસોની – આ સર્વની સ્વાઈટ્ઝર ખૂબ સ્તુતિ કરે છે. સ્વાઈટ્ઝર પ્રકરણના છેડે જણાવે છે કે "ગાંધીજીનું સૌથી વધારે મહત્ત્વનું કાર્ય એ છે કે તેમણે ભારતીય નૈતિક ચિન્તનનું વાસ્તવિકતા સાથે સીધું અનુસંધાન કરી આપ્યું છે. જે કાર્યને બુદ્ધે આરંભ કર્યો તે જ કાર્યને ગાંધીજીએ આગળ વધાર્યું છે. બુદ્ધ દ્વારા પ્રેમની ભાવનાએ દુનિયામાં ભિન્ન ભિન્ન પ્રકારની આધ્યાત્મિક પરિસ્થિતિઓ નિર્માણ કરવાનું કાર્ય કર્યું; ગાંધી દ્વારા એ જ ભાવના આખી દુનિયાની પરિસ્થિતિમાં પલટો લાવવાનું કામ કરી રહી છે."

અનુવાદક | મૂળ અંગ્રેજી
**પરમાનંદ** | અપૂર્ણ | જી. કુંઝ

## 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો મને ક્ષમા કરે!

કેટલાએક દિવસથી આંખોની તકલીફના કારણે વાંચન તેમ જ લેખન ઉપર અનિવાર્ય કાપ મૂકવો પડયો છે અને અગત્યના મુદ્દાઓ ઉપર નોંધો લખવાનું પણ બનતું નથી. આ પરિસ્થિતિમાં પ્રગટ થતું પ્રબુદ્ધ જીવન વાચકોને પૂરતો સંતોષ આપતું ન હોય તો તે માટે મને તેઓ ક્ષમા કરે! આંખોનો ઉપચાર ચાલે છે અને થોડા સમયમાં વાચન લેખન અંગે પહેલા જેવી સરળતા પુન: પ્રાપ્ત કરવાની આશા રાખું છું.

પરમાનંદ

## શ્રી વિમલાબહેન ઠકારની ઉપસ્થિતિમાં યોજવામાં આવેલ સહજીવન શિબિર

**ફેબ્રુઆરી માસની આખરમાં શ્રી વિમળાબહેન ઠકાર મુંબઈ આવી રહ્યા છે તેમની ઉપસ્થિતિમાં ફેબ્રુઆરી તા. ૨૭–૨૮ તથા માર્ચ ૧ એમ ત્રણ દિવસની વિહાર સરોવર ઉપર આવેલા મેઈન બંગલામાં મર્યાદિત સંખ્યાની એક સહજીવન શિબિર યોજવામાં આવી છે. આ શિબિરની ૨૭મી શુક્રવાર સવારના ૯–૩૦ વાગ્યે શરૂઆત થશે અને ૧લી રવિવાર સાંજના ૪ વાગ્યે તેની પૂર્ણાહૂતિ થશે. આ શિબિરમાં જોડાવા ઈચ્છનાર ભાઈ બહેને રૂા. ૨૦-૦૦ આપવાના રહેશે અને તે બદલે તેના નિવાસ, નાસ્તો તેમ જ ભોજનની જરૂરી સગવડ પૂરી પાડવામાં આવશે. આ માટે ઉત્સુક ભાઈબહેને શ્રી ચંદ્રાબહેન પારેખ, જગદીશ ટેરેસ, બેપ્ટીસ્ટા રોડ, વિલેપારલે–પશ્ચિમ, મુંબઈ ૫૬ એ. એસ., ટે. નં. ૫૭૩૦૯ સાથે સત્વરે સંપર્ક સાધવો.**

**–શિબિર સંચાલક સમિતિ**

# સંઘ સમાચાર

## સંઘદ્વારા શરૂ થનાર હોમિયોપથીનું ઉપચાર કેન્દ્ર

**સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી દામજી વેલજી શાહની ઉદાર મદદથી સંઘના કાર્યાલયમાં હોમિયોપથીનું એક ઉપચાર કેન્દ્ર શરૂ કરવાનું વિચારવામાં આવ્યું છે. આ માટે જાણીતા હોમિયોપાથ ડૉ. બહેન પી. જી. સીંધિયાની નિમણૂંક કરવામાં આવી છે અને આ ઉપચાર કેન્દ્રનું ઉદ્‌ઘાટન ૨૪મી ફેબ્રુઆરી મંગળવાર સાંજના ૬ વાગ્યે સંઘના કાર્યાલયમાં કરવામાં આવશે, તો આ પ્રસંગે સંઘના સભ્યોને વખતસર હાજર રહેવા પ્રાર્થના છે.**

## હોમિયોપથી ઉપચાર કેન્દ્ર અંગે –

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ફેબ્રુઆરી માસની ૨૪મી તારીખથી શરૂ થનાર ઉપચાર કેન્દ્ર માટે જે ડૉકટર બહેનની નિમણુંક કરવામાં આવી છે તે ડૉ. પી. જી. સીંધિયા મુંબઈના ભાતબજારમાં ચલાવવામાં આવતા ચેરીટેબલ દવાખાનામાં વર્ષોથી સેવા આપે છે અને એ લતામાં વસતા લોકોમાં તેમણે સારી પ્રતિષ્ઠા અને નામના પ્રાપ્ત કરી છે. સંઘના ઉપચાર કેન્દ્રમાં અઠવાડિયાના ગુરૂવાર અને રવિવાર સિવાયના બાકીના પાંચ દિવસ બપોરના ૩ થી ૪-૩૦ સુધી સંઘના કાર્યાલયમાં તેઓ બેસશે અને ઉપચાર માટે આવતા દર્દીઓનું મફત નિદાન કરશે અને તેના પરિણામે આપાતા ઔષધના દર્દીએ ચાર આના સંઘને આપવાના રહેશે.**

## વસન્ત વ્યાખ્યાનમાળા

**ગત વર્ષ માફક આ વર્ષે પણ માર્ચ માસની ૩૧ તથા ઍપ્રિલ માસની ૧, ૨, તથા ૩ એમ ચાર દિવસની વસન્ત વ્યાખ્યાનમાળા યોજવામાં આવશે અને આ વ્યાખ્યાનમાળામાં "Wither India ?" "આજે ભારત કયાં છે?" એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા માટે વિશિષ્ટ કોટિના વિદ્વાનો તથા વિચારકોને નિમંત્રણ આપવામાં આવશે.**

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

# ત્રિસ્તની મીનાક્ષી

ઘણાં વર્ષો પહેલાં અંગત વ્યવસાયાર્થે મદુરા બાજુ જવાનું બનેલું, ત્યારે ત્યાંનું સુપ્રસિદ્ધ મિનાક્ષી મંદિર પહેલ વાર જોવાનું બન્યું હતું. આ મંદિર જોતાં મિનાક્ષી કોણ હતી તે જાણવા સમજવા મનમાં કુતૂહલ પેદા થયું. એ વિષે પૂછપરછ કરતાં તેના ચરિત્રની જે છુટી છવાઈ હકીકત મળી તેનું સંકલિત સ્વરૂપ નીચે મુજબ હતું.

મિનાક્ષી સૈકાઓ પહેલાં એ પ્રદેશમાં રાજ્ય કરતા પાંડય રાજાની રાજ્યકન્યા હતી, પણ તેના વિષે માન્યતાઓ એવી હતી કે જેમ સીતાજીની પ્રાપ્તિ ખેતરમાં હળ ખેડતાં થઈ હોવાનું કહેવાય છે તેમ આ બાળકી પણ કોઈ એક વાપીમાંથી મળી આવી હતી. અર્થાત્ તેનો જન્મ કોઈ માનવયોનિદ્વારા થયો નહોતો. આ બાળકી અત્યન્ત રૂપાળી અને તેજસ્વી હતી અને જેમ જેમ તે મોટી થતી ગઈ તેમ તેમ તેના રૂપ અને તેજસ્વીતામાં ઉત્તરોત્તર વૃદ્ધિ થતી ગઈ. સાધારણ સ્ત્રી કરતાં તેનો વિકાસ અને વલણ અત્યન્ત જુદા પ્રકારનાં હતાં. આ ઉપરાંત એમ કહેવાય છે કે સાધારણ સ્ત્રીને બે સ્તન હોય છે તેના સ્થાને આ કન્યાને બે ઉપરાંત અપ્રગટ સદશ એવું ત્રીજું સ્તન હતું. તેના માતાપિતાએ તેનું મિનાક્ષી નામ પાડયું હતું. બીજી સ્ત્રીઓ સૌમ્ય શિક્ષણ તરફ વળે ત્યારે મનીક્ષીનો ઝોક લશ્કરી તાલીમ મેળવવા તરફ હતો. તે મોટી થવા લાગી. તેનું રૂપ અને તેજસ્વીતા જોઈને અનેક જગ્યાએથી લગ્નસંબંધ માટે માગા આવવા લાગ્યાં, પણ કોઈ પણ પ્રકારના લગ્ન બંધનથી બંધાવાને તે તૈયાર નહોતી. યોગ્ય ઉમ્મર પ્રાપ્ત થતાં રાજ્યસત્તા તેણે હસ્તગત કરી અને આસપાસનાં રાજ્યો સર કરવાનું તેણે શરૂ કર્યું. જાણે કે શકિતનો કોઈ અવતાર હોય તેમ તેની સામે કોઈ રાજ્યસત્તા ટકી શકતી નહોતી. આમ તેનું શાસન ચોતરફ વિસ્તરવા લાગ્યું અને એવો કોઈ પ્રદેશ ન રહ્યો કે જ્યાં તેનું શાસન સ્થપાયું ન હોય.

આમ જ્યારે કોઈ એક એક માનવી તપના ક્ષેત્રમાં કે દિગ્વિજયના ક્ષેત્રમાં અસાધરણ પરાક્રમ સાધે છે ત્યારે, પૌરાણિક માન્યતા મુજબ, દેવોને ચિન્તા થવા લાગે છે કે આ પરાક્રમ ઉપર અંકુશ મૂકવામાં ન આવે તો જગતનું સંતુલન નષ્ટ થાય. આ કિસ્સામાં કોઈ એક સ્ત્રી જો આખા વિશ્વને આ રીતે ગજવી શકે– ડોલાવી શકે તો સમગ્ર જગતનું નિયંત્રણ કરતી ઈશ્વરી સત્તા લાજે, તેથી આનો કોઈ ઉપાય થવો જ જોઈએ. આ ઉપરાંત દેવોને એમ પણ ભય લાગ્યો કે આ શકિત જો સ્વર્ગ લોક ઉપર આક્રમણ કરશે તો તેની સામે તેઓ ટકી નહિ શકે. આવી ચિન્તાપૂર્વક તેઓ બ્રહ્માની પાસે મદદ માટે ગયા. મીનાક્ષી તે કઈ શકિત છે તેનું બ્રહ્માજી આકલન કરી ન શકયા અને પ્રસ્તુત પરિસ્થિતિમાં પોતે કશું જ કરી શકે તેમ નથી એ મુજબ પોતાની અસહાયતા તેમણે કબૂલ કરી. ત્યાર બાદ દેવો વિષ્ણુ પાસે ગયા. તેમણે પણ પોતાની કિંકર્તવ્યમૂઢતા જાહેર કરી. પછી દેવો મહાદેવ પાસે ગયા. મહાદેવે ધ્યાન ધરીને જોયું તો તેમને માલૂમ પડયું કે આ તો પાર્વતીનો જ અવતાર છે. એટલે મહાદેવે આ પરિસ્થિતિનો મુકાબલો કરવાની તૈયારી દેખાડી અને સુસજ્જ થઈને દેવો સાથે જ્યાં મિનાક્ષી હતી ત્યાં જઈ ચડયા અને મીનાક્ષીને સંબોધીને તેમણે કહ્યું કે "હે ત્રિસ્તની મીનાક્ષી, બસ બહુ થયું! હવે તારી લીલા સંકેલી લે." મીનાક્ષીએ 'ત્રિસ્તની મિનાક્ષી' સંબોધનથી ચકિત થઈને જોયું તો તેને માલૂમ પડયું કે આ રીતે પોતાને ઓળખી કાઢનાર બીજું કોઈ નથી પણ જેને તે શોધે છે, પ્રાપ્ત કરવા ઈચ્છે છે તે સ્વયં મહાદેવ જ છે. આમ વિચારવા સાથે તેણે લજ્જિત વદને પોતાનાં શસ્ત્રો મહાદેવના ચરણમાં ધરી દીધાં અને પોતાની વિજયયાત્રા સંકેલી લીધી. આ પ્રસંગે વિષ્ણુ હાજર થયા અને મિનાક્ષી અને મહાદેવનાં તેમણે લગ્ન કર્યાં. મીનાક્ષી મંદિરના પ્રવેશદ્વારની ઉપરની ત્રિકોણ પેનલમાં આ ઘટાનને વ્યકત કરતો મિનાક્ષી અને મહાદેવનો હસ્તમેળાપ કરતા ભગવાન વિષ્ણુને લગતો આ લેખ કોતરાયલો આજે પણ જોવામાં આવે છે.

આ એક નાની સરખી – પૌરાણિક કથા જેવી લાગતી વાર્તા કેવળ વાર્તા જ છે કે તેની પાછળ કોઈ રહસ્ય છે ખરું? આપણી પૌરાણિક કલ્પનાઓમાં બે હોય ત્યાં અપ્રગટ ત્રીજાની કલ્પના જોવામાં આવે છે. દાખલા તરીકે ગંગા અને યમુનાનો સંગમ થાય છે ત્યાં નીચે સરસ્વતી નદી વહેતી હોવાની માન્યતા પ્રચલિત છે. અને તેથી પ્રયાગને ત્રિવેણી સંગમ તરીકે ઓળખવામાં આવે છે, પણ ખરી રીતે આ સંગમસ્થાન ઉપર આવી કોઈ સાચી, સરસ્વતી નદી વહેતી જ નથી. કોઈ વાસ્તવિકતા સાથે સંબંધ ધરાવતી એવી કોઈ આ નદી નથી, પણ આ પાછળ એક પ્રકારનું રૂપક રહેલું છે અને તે એ કે આ ગંગા અને યમુના અને તેનો સંગમ આપણી ભારતીય સંસ્કૃતિનું - હિન્દુ સંસ્કૃતિનું ઉગમસ્થાન છે અને આ ઐતિહાસિક વાસ્તવિકતાને ગંગા યયુનાના સંગમ સાથે નીચે વહેતી સરસ્વતીની કલ્પનાના આકારમાં વર્ણવવામાં આવી છે. આવી જ રીતે શંકરને ત્રિલોચન તરીકે વર્ણવવામાં આવે છે. એટલે કે સામાન્ય માનવી માફક શંકરને બે લોચન તો હતાં પણ બે લોચન વચ્ચે કપાળમાં ત્રીજું લોચન પણ હોવાનું કહેવામાં આવે છે. આ ત્રીજું લોચન તે કોઈ સ્થૂળ લોચન નહિ પણ જ્ઞાન લોચન છે, જેના ઉઘડવા સાથે વિકારમાત્રનો નાશ થાય છે અને જ્ઞાનજ્યોતિ પ્રગટે છે. આ ત્રીજું લોચન એ ભગવાનના અનંત જ્ઞાનનું પ્રતીક છે. આવી રીતે મીનાક્ષીને સૌ કોઈ સ્ત્રીઓ માફક બે સ્તન તો હતા જ, પણ તેનામાં આરોપાયલું ત્રીજું સ્તન તે કોઈ સ્થૂલ સ્તન નહિ પણ અનન્ત પ્રેમનું સૂચક—માતૃવાત્સલ્યનું સૂચક એવું કાલ્પનિક સ્તન હતું. માનવીના શરીરમાં રહેલી આંખો આખરે તેનામાં રહેલી જ્ઞાનદષ્ટિની દ્યોતક છે તેમ સ્ત્રીનું સ્તન એ પણ માતૃહૃદયમાં રહેલા અસીમ વાત્સલ્યનું—પ્રેમનું સૂચક છે. આ રીતે વિચારતાં મીનાક્ષી અને મહાદેવનું મીલન એ અસીમ પ્રેમ અને અનંત-જ્ઞાનના મીલનના—સમન્વયના - સંવાદિતાના—સંગમના પ્રતીક રૂપ છે. એક જ્યાં પૂર્ણ સ્વરૂપે હોય ત્યાં અન્ય પણ પૂર્ણ સ્વરૂપે હોવું જ જોઈએ અને તેથી પૂર્ણ પુરુષ એટલે અનંત જ્ઞાન અને અસીમપ્રેમના નિધાન રૂપ એવું વર્ણન આપણે હંમેશાં સાંભળતા આવ્યા છીએ. જ્ઞાન વિનાનો પ્રેમ આંધળો છે; પ્રેમ વિનાનું જ્ઞાન પાંગળું છે. બન્ને એકમેકના અનિવાર્ય પૂરક છે અને તેથી જ્ઞાનના અનંત એવા અનાવૃત પ્રદેશો આવૃત કરવા અને પ્રેમને સર્વ ભૂત—માત્ર સુધી વિસ્તારવો એ માનવી જીવનનું સદાકાળ પરમ લક્ષ્ય બની રહ્યું છે. આ રીતે વિચારતાં મીનાક્ષીની કથા મારા માટે પરમ તત્વની દ્યોતક બની ગઈ.

પરમાનંદ.

## નહીં

નહિ શબ્દ મળે રટણાને,
મૂક વ્યથા મમ પ્રાણ રુંધતી,
સત્ય મળે શમણાંને?
રે નહિ સત્ય મળે શમણાંને?—નહિ.
પીંછી ઝરે ના રંગ હિયાના,
સરે ન એક્કે સૂર,
મીંઢું મારું અંતર મુજથી
વસે અજાણ્યું દૂર;
ભારેખમ અવ ભઈ શૂન્યતા,
રચી શકું ભ્રમણાને?
રે નહિ રચી શકું ભ્રમણાને!...નહિ.

૧-૪-૬૪ ગીતા પરીખ

# સર્વદેશીય વિકાસ માટે જીવનના સર્વક્ષેત્રોમાં સમતુલા

પુરાણોની મહાસતી અહલ્યાની વાત સર્વવિદિત છે.

બ્રહ્મદેવની એ પુત્રી પર દેવરાજ ઈન્દ્ર આસક્ત થયા. એમણે બ્રહ્મા પાસે એની માગણી કરી. પરંતુ ઈન્દ્રની માગણીને ઠોકરે મારીને અહલ્યાનો હાથ મહર્ષિ ગૌતમને સોંપાવમાં આવ્યો.

ગૌતમના મુખ સામે જોયું તો અહલ્યા તેના તેજથી અંજાઈ ગઈ. એણે એનાં નેત્રો ઢાળી દીધાં. વર્ષો સુધી મહર્ષિના આશ્રમમાં રહી એ ખરું, પરંતુ આશ્રમના પ્રાણને પચાવવા એ અનધિકૃત હતી. એને લાગ્યું કે આશ્રમની હવા માટે ફેફસાં મજબૂત હોવા જોઈએ. એનું મન હજુ મહર્ષિ ગૌતમના ઉચ્ચ આદર્શ માટે અપરિપકવ હતું. જો કે આ વાત કદાચ એને સ્પષ્ટ સમજાઈ ન હતી. પરંતુ ઊંડે ઊંડે મનમાં કંઈક આવું અસ્પષ્ટ–ધૂંધળું ચિત્ર દોરાયું હતું.

દરમિયાન ઈન્દ્રે દ્વેષથી પોતાની કામનાની તૃપ્તિ અર્થે ચંદ્રને સહાયમાં લીધો. કૂડકપટથી ચંદ્રે મધરાતે આવીને મહર્ષિને જણાવ્યું કે પ્રાતઃકળ થયો છે. ભૂલાવામાં પડેલાં મહર્ષિ બ્રાહ્મમુહૂર્ત સમજી ગંગાસ્નાન કરવા રવાના થયા.

ચોરની માફક ઈન્દ્રે ગૌતમનો વેશ ધારણ કરી આશ્રમપ્રવેશ કર્યો. અહલ્યાને મહર્ષિ તાત્કાલિક પાછા કેમ ફર્યા હશે એવી શંકા પણ કદાચ થઈ હોય. પણ કપટી ઈન્દ્રે 'બ્રાહ્મમુહૂર્ત હજુ થયું નથી અને પોતે ભૂલાવામાં હતા એવી વાતોથી એનું સમાધાન પણ કર્યું હશે. અંતે ઈન્દ્રે એની સાથે રમણ કર્યું. અહલ્યાએ મહર્ષિને ( કપટી ઈન્દ્રને ) વાર્યા પણ નહીં.

પછી ઈન્દ્ર આશ્રમની બહાર નીકળતાં હતા ત્યાં જ મહર્ષિ સ્નાનાદિ ક્રિયાથી પરવારી પાછા ફર્યા. એણે આ લોકોને જોયા. પોતાના જ્ઞાનબળથી રહસ્યને જાણ્યું અને ગુસ્સે થઈ સૌને શાપ આપ્યો. અહલ્યા શલ્યા–શીલા બની.

એ અહલ્યાનો ઉદ્ધાર ભગવાન રામચંદ્રના ચરણસ્પર્શથી થયો.

* * *

આમ તો કથા સાવ સાદી છે. પણ આપણને ઘણું ઘણું શીખવી જાય છે. આજના સમાજજીવનના–પ્રગતિશીલ સમાજજીવનના પ્રશ્નોને ઉકેલવાનું એમાં સામર્થ્ય છે.

અહલ્યાની બાબતમાં મહર્ષિએ ચોક્કસ એટલું સમજવું જોઈતું હતું કે અહલ્યા હજી આશ્રમના ઉન્નત જીવન માટે પરિપકવ થઈ નથી, આશ્રમની હવા એને માફક આવે એમ નથી, આશ્રમજીવનના ઉચ્ચ આદર્શોનો ખોરાક એ હજુ પચાવી શકે એમ નથી. આ વાત તેઓ સમજી ન શકયા. તેઓ એ પણ સમજી ન શકયા કે ગૃહજીવનના હિતકારક બંધનમાં પ્રેયમાંથી શ્રેયનો માર્ગ રહેલો છે. માનવજીવનને ઉન્નત બનાવવા વિવિધ સોપાનો સર કરવાં પડે છે, એકી સાથે આખી ય સીડી ચડી શકાતી નથી. પરિણામે અહલ્યા મહર્ષિ ગૌતમના આશ્રમજીવન પાછળ ઢસડાતી રહી.

અહલ્યાના એ ઢસરડામાં આત્મવંચના હતી. એ કેટલો સમય ટકી શકે? ઈન્દ્રે જ્યારે મહર્ષિ ગૌતમનું સ્વરૂપ ધારણ કર્યું ત્યારે એણે સાહજિક નિયોગ કર્યો. મહર્ષિ ગૌતમના ઉચ્ચ જીવનને પામી ન શકનાર અહલ્યાને એની પોતાની અપરિપકવ દશામાં એ ખ્યાલમાં જ ન આવ્યું કે મહર્ષિ ગૌતમ આવા નાચી જ સુખ પાછળ પામર બને જ નહીં!

મહર્ષિ ગૌતમને પછી સમજાયું કે અહલ્યાના સ્ખલન પાછળ એનો પોતાનો જ દોષ હતો. આશ્રમમાં રહીને એણે કેવળ આદર્શજીવન કેળવ્યું (!) પણ જેણે એનો હાથ ઝાલ્યો અને જેણે એક ધોંસરીએ જોડાઈને એની સાથે કામ કરવાનું સ્વીકાર્યું, એની મંદગતિનો પોતાની પ્રગતિના નશામાં – ઉન્માદમાં ખયાલ જ ન કર્યો! એ તો પોતે જે ગતિએ પ્રવાસ કરે એ ગતિએ એને ઊંચે લઈ જવા મથ્યા!!

એને એ પણ સમજાયું કે એના આદર્શોની ઉચ્ચ ભૂમિકામાં સ્વૈરવિહાર માટે ગૃહસ્થ તરીકે એની એ ફરજ હતી કે સહધર્મચારિણીને પોતાની સાથે રાખવી જોઈએ. એ માટે કદાચ જરૂર પડે તો પોતે પોતાની ગતિને મંદ કરવી જોઈએ. સહધર્મચારિણીની મંદગતિના દોષને લઈને એની ઉપેક્ષાથી 'રગશિયું' ગાડું ઢસડાયું ખરું, દોડી શકાયું નહીં અને ઈન્દ્રના કપટભર્યા કપરા પ્રસંગે ગાડું જ્યાં ત્યાં ગબડી પડયું!

આ વસ્તુ એમને સ્પષ્ટ સમજાઈ, જ્યારે એમનો ક્રોધ શાંત થયો, પ્રગતિનો નશો–ઉન્માદ ઓછો થયો. એ તો મહર્ષિ હતા એટલે તરત જ એમણે પ્રાયશ્ચિત કર્યું. હિમાલયમાં વસવાટ કર્યો.

* * *

કથાના બે પાત્રોને હવે વિશાળતાથી જોઈએ.

લગ્નજીવનના પ્રશ્નો જુઓ કે કુટુંબની એકવાકયતાના પ્રસંગો તપાસો, સમાજની પ્રગતિશીલતા અને તેમાં રુકાવટ કરતાં બળો–પરિબળોનો કયાસ કાઢો કે રાષ્ટ્રઉત્થાનનો અંદાજ કાઢો – દરેક જગ્યાએ અહલ્યાની કથા લાગુ પડે છે.

ઔદ્યોગિક વિકાસ, નવી આર્થિક સમસ્યાઓ અને અટપટું અર્થતંત્ર, નવીન કેળવણી, સ્વાતંત્ર્યની હવા અને વ્યકિતત્વનો પ્રશ્ન, જૂનવાણી માનસ, અવરોધક બળો અને પ્રગતિશીલ સુધારક યુવાનો, કુટુંબોના વડીલોની સામાન્ય અને સર્વાંગીક્ષેત્રે હાથ બઢાવવાની તલપાપડ કરતાં આશાસ્પદ યુવાનો – આ બધાં ય પ્રશ્નો અહલ્યાની કથામાં એકસામટા સમાઈ જાય છે. અહલ્યાની કથા ધારે તો એકસામટા આ બધા પ્રશ્નોને વધુ ગૂંચવી શકે છે અને ધારે તો બધા જ પ્રશ્નોનો એકસામટો આપણને તાજુબ કરી દે એવો નિર્ણય લાવી શકે છે.

પ્રસ્તુત અહલ્યાની કથા મેં બે ભાગમાં રજૂ કરી છે. પહેલાં મૂળ કથા આપી છે. પછી કથાનાં પાત્રોનું મનોવિશ્લેષણ કર્યું છે. અહલ્યાની કથાને મૂળસ્વરૂપે જ આપણાં સમાજમાં હું જોઉં છું ત્યારે સમાજના પ્રશ્નો વધુ અટપટા, ગૂંચવણભર્યા અને જમાના સુધી અણઉકલ્યા જ રહેવાના એવું મને ભાસે છે. પરંતુ એના મનોવિશ્લેષણ ભાગને જ્યારે સમજું છું, અને એ રીતે આજનો પ્રગતિશીલ સમાજ જો સમજે તો એ સમસ્યા છે જ નહીં એવી પ્રતીતિ થાય છે.

નવીન કેળવણી અને વિજ્ઞાનની જિજ્ઞાસાવૃત્તિએ પ્રગતિશીલતા આણી છે! નવી કેળવણી લીધેલ યુવાનો તો અમાપ ઊંચાઈએ પહોંચવા તત્પર હોય છે. કારણ, યુવાનોનો આત્મા તો થનગનતો હોય છે. આશાની પાંખે બેસીને મનગમતો કલ્પનાવિહાર – સ્વૈરવિહાર તેઓ રચી શકે છે. એવે વખતે પોતાના આદર્શની મનોરમ્ય ભૂમિમાં એ આજુબાજુના – વાતાવરણને ભૂલી જાય છે, પોતાના ગૃહજીવનના હિતકારક બંધનને ભૂલી જાય છે, કુટુંબજીવનને સમૂળગું નાશકર્તા ગણે છે અને રૂઢિચુસ્ત સમાજ તો એના વચનબાણોનું કયારનો ય નિશાન બની ચૂકયો હોય છે, જ્યારે આધુનિક કેળવણીથી વંચિત વડીલો પ્રગતિનો ઊંડો ઊંડો તાગ મેળવી શકયા હોય છે પણ એ તાગ યુવાનોને પ્રોત્સાહન આપવા કે યુવાનોના વેગને ગતિશીલ બનાવવા જેટલો સ્પષ્ટ નથી હોતો. ગૃહજીવનમાં પણ પત્નીની પસંદગી વખતે સ્નાતક યુવાન પોતાનાથી થોડી ઓછી શિક્ષિત યુવતી પસંદ કરે છે ત્યારે અગર સમકક્ષ શિક્ષણમાં પણ વૈચારિક અંતર હોય છે ત્યારે પણ એણે એ વાતને લક્ષમાં રાખવી ઘટે કે બે વચ્ચે જે અંતર છે એ પહેલાં કાપવાનું છે અને પછી એની મંદ ગતિને ત્વરિત બનાવવાની છે. પરંતુ આમ બનવાને બદલે ગૃહજીવન શું, શું કુટુંબ જીવન કે સમાજ શું – બધે જ પોતાની ત્વરિત ગતિએ સૌએ ચાલવું જોઈએ એવો આગ્રહ થાય છે. એમાં વ્યકિતના વ્ય-

કિતત્વના પ્રશ્નને મહત્ત્વ આપાય છે; સ્વાતંત્ર્યની આડશમાં રહેલ અભિમાન પણ ક્યારેક દેખા દે છે. આપણને એ વસ્તુ જ સમજાતી નથી કે જે પછાત–પાછળ છે અને જેની ગતિ મંદ છે તેઓ સૌ પ્રથમ આપણી સાથે થયા વિના આપણા જેટલી ઝડપ પ્રાપ્ત કેમ કરી શકે? સાથે થવા માટે ય કદાચ હોંશમાં કરેલી દોડના થાકને પરિણામે ગતિ પકડતા ય વાર તો લાગે જ, એ આપણે સમજતા નથી. પરિણામ એ આવ્યું કે અહલ્યાની – શીલાની માફક આપણું ગૃહજીવન નિત્ય કલ્લોલતું નથી રહ્યું, આપણું કુટુંબજીવન માનમરતબો અને વ્યકિતત્વના પ્રાણપ્રશ્નના કલહનું કેન્દ્ર બન્યું અને દુનિયાની સરખામણીમાં આપણા સમાજ અને રાષ્ટ્રના માર્ગમાં આપણી જ ભૂલના ભોગે રૂકાવટ આવતાં જાણે નિશ્ચેતન પડયો છે. મહર્ષિ ગૌતમનો શાપ એ એની પવિત્રતાની નિશાની ન હતી – એની ભૂલનું પરિણામ હતું. એમ આપણી ઉચ્ચતા અને જેની સાથે આપણો સહવાસ છે એના અધિકારની પરખ વિના આપણે જે રીતે દોડીએ છીએ એનું આ પરિણામ છે!

એ પરિણામનું પ્રાયશ્ચિત આપણે જ કરવું પડે છે. યુગદ્રષ્ટા–યુગપુરુષો આ દુનિયા પર અવતરી એ ભૂલને ધોઈ નાખવા પોતાનું જીવન ગાળી નાખે છે. ઈક્ષ્વાકુ કુળની પ્રજા સાવ નિર્માલ્ય બની-દીન બની અને દશરથ રાજાની સામે એક શબ્દ પણ ઉચ્ચારી ન શકી એ દિવસે ભગવાન રામચંદ્રે વનવાસ લીધો. ગાંડીઘેલી પ્રજાને રાજાએ કેળવી નહીં એ માટે રામે સીતાનો ત્યાગ કર્યો. મહર્ષિ ગૌતમે પણ હિમાલયનો માર્ગ લીધો! 'રગશિયું ગાડું' આપણી ધીમા ઝેર જેવી ભૂલને પરિણામે તદ્દન અટકી પડે છે ત્યારે રામચંદ્ર જેવા ઉદ્ધારક પુરુષોના ચરણસ્પર્શથી સમાજને નવજીવન પ્રાપ્ત થાય છે.

પણ એમ શા માટે?

ભૂલો કરવી અને પ્રાયશ્ચિત કરવું એવું શા માટે? શું આપણે આપણી ગતિનો નિરોધ ન કરી શકીએ? એક જ ધૂંસરીમાં રહેલાં બે બળદમાંથી એક પણ વધુ ગતિશીલ બન્યા વિના એકવાક્યતા જાળવે જ છે ને?

આપણે એ સમજવું જોઈએ કે આપણા મુરબ્બીઓ રૂઢિચુસ્તો છે–હશે; પણ હકીકત તો આપણને ય એકસરખી રીતે લાગુ પડે છે. નવી પેઢીની સરખામણીમાં તો આજની પ્રજા–આપણે ય–૨૫–૫૦ વર્ષ પછાત જ રહેવાના. અલબત્ત, આર્ષદષ્ટિ તેઓમાં ન હોય એટલે તેઓ ભાવિને વીંધીને–ભાવિના ગર્ભમાં રહેલાં આપણી દોડના પરિણામો સ્પષ્ટ જોઈ શકતા નથી, પરંતુ એની મહત્તાની વાત તો એમના મનમાં ઊગી જ નીકળી હોય છે. એ તો આપણને આપણા માત–પિતા નવી કેળવણીની દીક્ષા આપે છે અને નવા જમાનાની તાસીર આપણને વાતવાતમાં સમજાવે છે એના પરથી જ આપણને સમજાઈ જવી જોઈએ. માત્ર સહધર્મચારિણી, કુટુંબ અને સમાજની મંદગતિને ઉન્નત કરવાને બદલે એમને તરછોડી ઉપેક્ષાથી રગશિયા ગાડાંને ઢસડતું કરવું અને એ રીતે વિનાશ નોતરવો એ શું વ્યાજબી છે?

ઊલટું એમની મંદગતિના કારણો સમજી એના ઉપાયો યોજવા અને એ સમય દરમિયાન આપણી ગતિ પર નિયંત્રણ મૂકવું, પરંતુ એ થોડા સમય પૂરતું જ; જેવાં એ આપણી ઉચ્ચ ભૂમિકાને પામે, આપણી સાથે દોડમાં આવી શકે અને જ્યારે આપણને એમ સમજાય કે લગભગ 'સર્વાનુમતે' આપણે પ્રગતિશીલ રહી શકીશું, ત્યારે આપણે આપણી મૌલિક–મૂળ ગતિ પ્રાપ્ત કરવી જોઈએ. શહેરમાં પસાર થતાં વાહનોને હાથગાડી અને વિકટોરિયાથી રુકાવટ આવે છે ખરી, પણ એ વખતે ડ્રાઈવર ગતિ ન રુંધે તો? તો તો અકસ્માત જ થાય ને? પણ થોડી રૂકાવટ બાદ જ્યાં જરાક જગ્યા મળે તો–ડ્રાઈવર કેવી સિફતથી પોતાના વાહનને તારવી લે (Overtake) છે?! એવી જ રીતે આપણે આપણા જીવનનું સમજવાનું છે.

અલબત્ત, મંદગતિ ધરાવતી વ્યકિતઓએ પણ સક્રિય થવું જ જોઈએ. પરંતુ શિક્ષિતો અને સમજુ લોકોની જવાબદારી આ બાબતમાં વધુ હોવાથી જ એમની ગતિ પર નિયંત્રણની વાત જાણીજોઈને કરી છે.

આર્યસંસ્કૃતિનો ઈતિહાસ તપાસો. આમ જ્યારે જ્યારે નથી બન્યું ત્યારે પ્રાયશ્ચિત કરવાનો જ પ્રસંગ આવ્યો છે. ભગવાન પરશુરામે ક્ષત્રિયોના નાશ સાથે જાણે ક્ષાત્રવૃત્તિનો ઉચ્છેદ કર્યો! બ્રહ્મવૃત્તિ, ક્ષાત્રવૃત્તિ, વૈશ્યવૃત્તિ અને શુદ્રવૃત્તિની સમતુલામાં જ સમાજની રક્ષા છે, સ્થિરતા છે અને પ્રગતિ છે. એ વાત હકીકતમાં ભૂલાઈ ગઈ. ભગવાન પરશુરામે અન્યાય માટે ક્ષત્રિયોનો નાશ કર્યો પણ નિર્મૂળ થયેલ ક્ષાત્રવૃત્તિને જ સતેજ કરવા ભગવાન રામચંદ્રે જીવન સમર્પ્યું. અન્યાય અને અધર્મ સામે ધર્મરાજ યુધિષ્ઠિરે શાંતિ અને ક્ષમાથી સમાધાનવૃત્તિ દાખવી પણ જ્યારે એનો અર્થ નિર્માલ્યતા અને નિર્બળતા ગણાયો ત્યારે મહાભારત યુદ્ધ પણ અનિવાર્ય ગણ્યું. આમ ગૃહજીવન, કુટુંબ અને સમાજમાં દરેક બાબતની સમતુલા જાળવવી એ જ મહત્ત્વનું છે અને એ સમતુલાથી જ આપણે સહીસલામત છીએ, એમાં જ આપણી સ્થિરતા છે અને એ સ્થિરતા હશે તો જ પ્રગતિ થઈ શકશે એ આપણે સમજવું જોઈએ. એ સમતુલા મહર્ષિ ગૌતમ અને અહલ્યાના જીવનમાં ન રહી તો પ્રાયશ્ચિત બન્નેને ભોગવવું પડ્યું–એમ જીવનના સર્વ ક્ષેત્રમાં સમતુલા ન રહે તો વિનિપાત આપણે સહુએ ભોગવવો પડે. સાર્વત્રિક વિકાસ માટે આથી જીવનના સર્વ ક્ષેત્રોમાં સમતુલા હોવી જરૂરી છે, એ જ સફળતાની ચાવી છે.

પન્નાલાલ રસિકલાલ શાહ

# બાદશાહખાન અને રાજકારણ

સર્વ સેવા સંઘના અધ્યક્ષ શ્રી જગન્નાથન તથા મંત્રી શ્રી ઠાકુરદાસ બંગ બાદશાહખાનને મળ્યા. સર્વોદય કાર્યકરોએ સારી સરકારની સ્થાપના કરવાનો પ્રયત્ન કરવો એવું આવાહ્ન સર્વોદય કાર્યકર્તાઓને બાદશાહખાન વારંવાર કરતા રહ્યા છે. અને તે સિવાય ભૂદાન–ગ્રામદાનનું કામ પ્રભાવહીન રહેશે એવું કહેતા રહ્યા છે.

આ અંગે સર્વ સેવા સંઘની ભૂમિકા બાદશાહખાનને સમજાવતાં જગન્નાથને કહ્યું કે, 'ગ્રામદાન આંદોલનનો પૂરેપૂરો પ્રભાવ ભારતભરમાં પડયા સિવાય આગળનું કામ શકય નહોતું. પણ હવે દોઢેક લાખ ગામોનાં ગ્રામદાન થયાં છે એટલે સર્વ સેવા સંઘ ગામડાંઓની ગ્રામસભાઓને પોતાના પ્રતિનિધિ સરકારમાં મોકલવાનું કહેશે.'

'સર્વ સેવા સંઘના કાર્યકર્તાઓએ પોતે ચૂંટણીમાં ભાગ લેવો કે?' એવો પ્રશ્ન જગન્નાથજીએ તેમને પૂછયો, ત્યારે બાદશાહખાને કહ્યું કે, 'હું તેમ કહેતો નથી. તમે લોકો નિ:સ્વાર્થ સેવા કરવા ઈચ્છો છો એ તમારો સૌથી મોટો ગુણ છે. એ (ગુણ) તમારે ગુમાવવાનું કામ નથી. તેથી ચૂંટણીમાં જાતે ન ઊભા રહેવાનું તમારું ધોરણ મને માન્ય છે. મારે તો એટલું જ કહેવું છે કે સરકાર પણ એક શકિત છે, તેની ઉપેક્ષા ન કરો. સરકારમાં સારા માણસો જ ચૂંટાય તેની બધી રીતે ચિન્તા તમારે કરવી જોઈએ.'

પોતાનો અનુભવ કહેતાં તેમણે કહ્યું કે, 'હું મારી જાતને સેવક જ માનું છું. અંગ્રેજો સાથે મેં ગાંઠ રાખી હોત તો હું ખાસ્સા ઊંચા હોદ્દા પર પહોંચી ગયો હોત. મારી પાસે તેવા સંદેશા અંગ્રેજી રાજકર્તાઓ તરફથી વારંવાર આવતા હતા. પાકિસ્તાનની જેલમાં હતો ત્યારે પણ દર ત્રણ વર્ષે મને સરકારમાં આવવાનું આમંત્રણ મળતું અને દર વખતે હું તેમને કહેતો કે હું સેવક છું, તમે સત્તાધિશ છો, સત્તાબાજ અને સેવક વચ્ચે સહકાર હોઈ શકે નહીં. સત્તા બજાવવા હું સરકારમાં તમારી સાથે સહકાર કરવા આવવાનો નથી. દર ત્રણ વર્ષે આવેલાં આમંત્રણોને મેં ધુત્કારી કાઢયાં છે. તેથી સત્તા સેવા માટે જ છે અને મારે સત્તા બજાવવી નથી, એ બન્ને વાત મારા મનમાં સ્પષ્ટ છે.

'પણ જો સત્તા સમાજમાં રહેવાની જ છે તો તે સજ્જનોના હાથમાં રહેવી જોઈએ એ મારો આગ્રહ છે. અને તે સજ્જનોના હાથમાં જ રહે તેની કાળજી રાખવી એ સેવકોનું કર્તવ્ય છે.'
(ભૂમિપુત્રમાંથી સાભાર ઉધ્ધૃત.)

# જૈન સમાજની સમસ્યાઓ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે રવિવાર તા. ૧-૨-૭૦ ના રોજ સવારે દસ વાગે, શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં તેરાપંથી મુનિશ્રી નગરાજજીનું ઉપરોક્ત વિષય ઉપર પ્રવચન યોજવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પ્રસ્તુત સભાગૃહ શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયો હતો.

શરૂઆતમાં સંઘ વતી શ્રી ચીમનલાલ જે. શાહે મહારાજશ્રીનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું.

મુનિશ્રીએ તેમના પ્રવચનમાં જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિનો ખ્યાલ આપી જૈન સમાજમાં સંગઠનનો જે અભાવ દેખાય છે એ પ્રત્યે નિર્દેશ કરી કહ્યું - "સમસ્ત જૈનોની એકતા એ જૈન સમાજની પહેલી સમસ્યા મને દેખાય છે." આ માટે તેઓશ્રીએ જૈનોની અખિલ ભારતીય ધોરણે એવી એક પાર્લામેન્ટ જેવું કંઈક હોવું જોઈએ એવું સૂચન કર્યું અને આ માટે સશક્ત સંગઠનનો અનુરોધ કર્યો. જૈન સમાજની બીજી સમસ્યાનો ઉલ્લેખ કરતા તેઓશ્રીએ કહ્યું, "નવી પેઢીમાં ધર્મની કેમ અસર પડતી નથી એ આપણે સૌએ ગંભીરપણે વિચારવું જોઈએ."

આ માટે તેઓશ્રીએ નવી પેઢીને-શાળામાં અને કૉલેજોમાં-જૈન ધર્મ વિષે સાદી ભાષામાં તેમ જ શક્ય હોય ત્યાં સચિત્ર પુસ્તકો આપી સાહિત્ય ઉપલબ્ધ કરવા અનુરોધ કર્યો.

જૈન સમાજની ત્રીજી સમસ્યા તેઓશ્રીએ બતાવતા કહ્યું કે-"વિશ્વના ધર્મમાં જૈન ધર્મનું નામ કે મહાવીરનું નામ જ નથી. આનું કારણ પ્રચાર-પ્રસારનો અભાવ છે, જૈન ધર્મનો સંદેશ દુનિયાભરમાં પહોંચાડવા જૈન સમાજ તરફથી કોઈ વ્યવસ્થિત પ્રયત્ન થયો નથી. આજની પેઢી જૂએ છે કે આપણા ધર્મનો પ્રભાવ રાષ્ટ્રીય-આંતરરાષ્ટ્રીય સ્તરે પડયો છે કે નહિ. બધી વાત પ્રભાવથી ટકે છે. સાધુઓ નિયમોથી બંધાઈ ગયા છે. ત્યારે વચલો માર્ગ જૈન સમાજે કાઢવો જોઈએ." આ માટે તેઓશ્રીએ જૈન સમાજના વિચાર કરી શકે અને બોલી શકે એવા અધ્યયનશીલ લોકોને આ પ્રચારના કાર્ય માટે-બુદ્ધ ધર્મમાં જેમ એક વચલી દીક્ષા લેવાય છે એમ બે ચાર વર્ષ માટે આવી દીક્ષા લેવા અનુરોધ કર્યો. તેઓશ્રીએ આગળ ચાલતાં કહ્યું કે 'ડૉ. રાધાકૃષ્ણન્ જ્યારે રાષ્ટ્રપતિ હતા ત્યારે તેમણે તેમને પૂછ્યું હતું કે તમે વિદેશ જશો? અને વિદેશ જઈ સહ-અસ્તિત્વ અને અનાક્રમણ વિશે જૈન ધર્મને શું કહેવાનું છે એ ત્યાં લોકોને સમજાવશો? મારી પાસે આનો મૌન સિવાય કોઈ ઉત્તર ન હતો."

મુનિશ્રીએ એમના પ્રવચનને અંતે કહ્યું: "જૈનો દૂરદર્શી રહ્યા છે. દેશકાળને સમજવામાં અને એને અનુરૂપ રહેવામાં જૈન સમાજ નિષ્ણાત રહ્યો છે. હું નિરાશ નથી. જૈન સમાજ કશું જ કરશે નહિ એવું પણ હું માનતો નથી. આપણે સૌ ભગવાન મહાવીરના ઉપદેશનો વિસ્તાર કરીએ."

ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે મુનિશ્રી નગરાજજીએ નિર્દેશ કરેલી જૈન સમાજની સમસ્યાઓ ઉપર પોતાના વિચારો વ્યક્ત કરતા કહ્યું: -

"મુનિશ્રી નગરાજજીએ જૈન સમાજની ત્રણ સમસ્યાઓ આપણને બતાવી-આપણે શું કરવું જોઈએ અથવા શું જરૂરી છે એ બતાવ્યું છે. મુનિશ્રીએ કહ્યું એ ઉપરથી મારા મનમાં ઘણા વિચારો ઘોળાય છે.

"જો તલસ્પર્શી અભ્યાસ-જૈન સમાજની સમસ્યાનો-આપણે કરવો હોય તો-સમાજના નેતાઓએ આ માટે એક પરિસંવાદ યોજવો જોઈએ.

"જૈન સમાજમાં શું હોવું જોઈએ એ પ્રશ્ન સાથે જે હોવું જોઈએ તે કેમ નથી એ વિચારવું જોઈએ. જૈનોમાં સંગઠન નથી તો તેના કારણોનું નિવારણ કેમ થાય એ પ્રશ્ન છે. આપણે જૈન સમાજની વાસ્તવિક પરિસ્થિતિ જોવી જોઈએ- વિશેષે કરી જેઓ આમાં પડયા છે એ લોકોએ.

"આપણે બધા એકતાની વાતો કરીએ છીએ. જો વાત ન કરીએ તો શરમ પણ આવે છે-પણ વાતથી આગળ વધવાનું કેમ અટકી જાય છે? મને લાગે છે કે આ માટે આપણે આપણા મન તપાસવાની જરૂર છે. આજે જૈન સમાજની અંદર મુખ્ય વાંધો એ છે કે એનું ધાર્મિક જીવન અને સામાજિક જીવન જુદી જુદી ધરાઓ ઉપર ચાલે છે. જેમ રેલવેના બે પાટા કયાંય ભેગા થાય નહિ એમ ધાર્મિક અને સામાજિક જીવન કયાંય ભેગા થતા નથી. ધાર્મિક વાત આવે ત્યાં આપણે ચુસ્ત રૂઢીવાદી બની જઈએ છીએ. ધર્મના સાચા જ્ઞાનના અભાવે આચારપ્રણાલિઓ અને બાહ્ય ક્રિયાઓને જ ધર્મ માની તેમાં કાંઈ ફેરફાર થશે તો ધર્મ રસાતલ જશે એવા ભયથી સમયાનુકૂળ પરિવર્તન કરતા ગભરાઈએ છીએ. સામાજિક ક્ષેત્રે જીવનમાં ખૂબ પલટો આણ્યો પણ ધાર્મિક ક્ષેત્રે ત્યાં જ રહ્યા. વળી જો હું તેરાપંથી હોઉં તો હું તેરાપંથી મહારાજના પ્રવચનમાં જ જાઉં. આવી રીતે સ્થાનકવાસી અને આવી જ રીતે મૂર્તિપૂજક વિચારે છે. આનું કારણ છે આપણું અજ્ઞાન. આપણને ભય છે કે જો પરંપરાથી ભિન્ન બીજી કંઈક વાતો કરીશું તો ધર્મભાવના ઊડી જશે. અજ્ઞાનમૂલક ભય એ આપણા ધાર્મિક જીવનનો પાયો છે. જ્યાં ભય હોય ત્યાં ધર્મ કેમ હોઇ શકે? શાસ્ત્રોને નામે, રૂઢિઓને પોષાય છે, શાસ્ત્રોના અધ્યયનના અભાવે, જે કાંઇ કહેવામાં આવે તે સ્વીકારાય છે, પણ માનવબુદ્ધિ અને હૃદયને ન સ્પર્શે એવી શાસ્ત્રોની વાતો શું ઉપયોગી થાય? આચાર્યશ્રી તુલસી સાથે અહિંસા ઉપર મેં કલાકો સુધી ચર્ચા કરી છે. પણ તેરાપંથીની આ વિષેની પરંપરાગત માન્યતાઓ મને ગળે ન ઊતરી. આમ છતાં તેઓશ્રી પ્રત્યે મને માન રહ્યું છે કારણ તેમણે નિખાલસ રીતે ચર્ચા કરી. "શાસ્ત્રમાં આમ છે, તમે ન સમજો." આમ કહ્યું નથી. આચાર્ય તુલસીને મેં બેંગ્લોરમાં કહ્યું હતું કે "આપ જે માર્ગે જઇ રહ્યા છો એ માર્ગે આપે ઘણા દૂર જવાનું રહેશે." આજે બધાય માને છે કે શ્રમણ સંસ્થાનાં સ્વરૂપમાં ફેરફારની જરૂર છે. મુનિશ્રીઓ પણ એમને લગતી વાતો કહેતા કેમ ભય અનુભવે છે? કેમ કોઇ કહેતું નથી કે I Begin? કેમ કોઇ વિદ્વદ્‌પરિષદ ભરવાનું વિચારતા નથી?

"આજે માત્ર જૈન સંસ્કૃતિ કે ભારતીય સંસ્કૃતિનો પ્રશ્ન નથી રહ્યો. એક વિશ્વ સંસ્કૃતિ નિર્માણ થઇ રહી છે. પશ્ચિમનો પવન પૂર્વમાં અને પૂર્વનો પશ્ચિમમાં જોરથી ફૂંકાય છે, માત્ર ઉપદેશથી જ નહિ ચાલે. યુવકને સંયમના ઉપદેશ સાથે, શા માટે સંયમ હીતકારક છે આ પણ સમજાવવું પડશે. જો જૈન સમાજને આગળ લાવવો હશે તો આપણે કેટલીક પાયાની માન્યતાઓની પુનર્વિચારણા કરવી પડશે. જાગૃત સમાજ હંમેશ સ્વતંત્રપણે વિચારે છે. એટલે આપણે પાયાની માન્યતાઓને આપણી જ સ્વતંત્ર બુદ્ધિથી સ્વીકારવાની રહેશે. જૈન સમાજમાં સાધુ-સાધ્વીઓનો પ્રભાવ હજી ઘણો છે. મુનિશ્રીનો એક શબ્દ જે કામ કરશે એ સો ભાષણો કામ નહિ કરે. તો, આપણે મુનિઓના પ્રભાવનો સદુપયોગ થાય અને જ્ઞાનમય શ્રદ્ધા કેળવાય એ જોવું જોઇશે."

સંઘના સહમંત્રી શ્રી સુબોધભાઇના આભારનિવેદન પછી વ્યાખ્યાનસભા પૂરી થઇ હતી.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. M H. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૨૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧, ૧૯૭૦, રવિવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## આગમવાણી અને અદ્યતન વૈજ્ઞાનિક સંશોધન

[ "શું શાસ્ત્રોને પડકાર આપી શકાય છે?" એ મથાળા નીચે પ્રબુદ્ધ જીવનના મે ૧૬ તથા જૂન ૧ ના અંકમાં કવિશ્રી અમરચંદજીનો એક લેખ બે હપ્તાથી પ્રગટ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ 'પ્રબુદ્ધ જીવન'ના ઑકટોબર ૧ ના અંકમાં તેમનું જ એક સ્પષ્ટીકરણ પ્રગટ કરવામાં આવ્યું હતું. આ લેખોએ જૈન સ્થાનકવાસી સમાજ અને ખાસ કરીને તેના સાધુસમુદાયમાં ખૂબ ખળભળાટ પેદા કર્યો છે અને આવા ધર્મવિરોધી – પરંપરાવિરોધી– વિચારો દર્શાવનાર સાધુનો શ્રમણસંઘમાંથી બહિષ્કાર શા માટે ન કરવો ત્યાં સુધી તેમની વિરૂદ્ધના આંદોલને આકાર લીધો છે. આના પરિણામે મુનીશ્રીએ પોતે જ શ્રમણસંઘમાંથી છુટા થવાની માગણી કરતું રાજીનામું મોકલી આપ્યું છે અને તે અંગે સ્પષ્ટીકરણ કરતો તેમનો એક લેખ તા. ૨૩-૧-૭૦ ના 'જૈન પ્રકાશ'માં પ્રગટ કરવામાં આવ્યો છે. કવિવર્ય શ્રી અમરચંદજીનો એ લેખ ધ્યાનમાં લઇને શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે "આગમવાણી બુદ્ધિગમ્ય નથી?" એ મથાળા નીચે એક આલોચના લખી છે જે તા. ૧-૨-૭૦ ના "જૈન પ્રકાશ"માં પ્રગટ થઇ છે. આ બન્ને લેખોમાં કરવામાં આવેલી ચર્ચા ચાલુ વિચારપરંપરાની વિરોધી હોઇને આ વિષયમાં રસ ધરાવતા વાચકોને–માત્ર જૈન વાચકો જ નહિ પણ જૈનેતર વાચકોને પણ–વિચારપ્રેરક નીવડશે એમ સમજીને તે બન્ને લખાણો નીચે ક્રમસર ઉધ્ધૃત કરવામાં આવે છે. **પરમાનંદ** ]

### હું અને મારૂં રાજીનામું: એક સ્પષ્ટીકરણ

માનવ મસ્તકને મોટા ભાગે બે ભાગમાં વહેંચી દેવામાં આવ્યા છે. એક શ્રદ્ધાપ્રધાન અને બીજું તર્કપ્રધાન. થોડા એવા લોકો છે કે જેઓ ચિન્તન-મનનથી વધારે સંબંધ નથી રાખતા. જે ચાલ્યું આવ્યું છે તેના પર જ આંખો મીંચીને વિશ્વાસ રાખે છે. તે શું છે, શા માટે છે તેનો વિચાર કરતા નથી. જ્યારે ઘણા લોકો તર્કપ્રધાન છે. તેમની સમક્ષ જ્યારે કોઇ પણ વાત આવે છે ત્યારે તે તેનું ચિન્તન-મનન કરે છે, પૃથક્કરણ કરે છે અને આ રીતે તર્કની કસોટી પર ચઢાવીને તેને જુએ છે કે તે આખરે છે શું? તેનું વાસ્તવિક મૂલ્ય શું છે અને શા માટે છે? ખુશનસીબી કહીએ અથવા કાંઇ પણ કહીએ-મારૂં મગજ આ પ્રકારનું છે. હું મારા અધ્યયન જીવન દરમ્યાન શરૂઆતથી જ કોઇ પણ વાતને પૂરેપૂરી અને બરાબર રીતે સમજવાની પ્રવૃત્તિવાળો જ રહ્યો છું. જેમ જેમ અભ્યાસ આગળ વધતો ગયો તેમ તેમ મારી આ પ્રકૃતિ વધારે ને વધારે દઢ થતી ગઇ. આજથી ત્રીસ-પાંત્રીસ વર્ષ પહેલાંની મારી પ્રારંભિક રચનાઓમાં પણ આ મુકત ચિન્તનનો સ્વર જ નજરે પડે છે.

તર્કપ્રધાનનો અર્થ એ નથી કે હું એકાન્ત ઘોર બુદ્ધિવાદી વ્યકિત છું, વિશ્વાસ તેમ જ શ્રદ્ધાનો કોઇ પણ અંશ મારામાં નથી. હું ભાવનાશીલ પણ ઓછો નથી. તેથી મારામાં શ્રદ્ધા છે, વિશ્વાસ છે. મારી રચનાઓને તટસ્થ દષ્ટિથી વાંચવાવાળા વાચક જાણી શકે છે કે હું વિશ્વાસના ક્ષેત્રમાં મૂળ કેવો છું. એ સ્પષ્ટ છે કે હું વિશ્વાસી તો છું, પરંતુ અંધવિશ્વાસી નથી. વિશ્વાસ–અંધવિશ્વાસમાં ફરક છે. માનવબુદ્ધિ જેના વિષયમાં કંઇ પણ ન કરી શકે, ન સમજી શકે તેને માનવું તે વિશ્વાસ છે અને આ બુદ્ધિ જેની વિરૂદ્ધ નિર્ણય કરે, તર્ક તેમ જ પ્રતિતર્ક પ્રચલિત વિશ્વાસથી કોઇ પણ ભિન્ન તત્ત્વને પ્રકાશિત કરી દે તો પણ પરંપરા તેમ જ શ્રદ્ધાના નામ પર પ્રચલિત માન્યતાઓને જ માન્ય કરવી તે અંધવિશ્વાસ છે. અંધવિશ્વાસીની નજરમાં પ્રચલિત પરંપરાની અંદર બુદ્ધિને સક્રિય રાખવી તે નાસ્તિકતા છે. અંધ-વિશ્વાસી અનુકરણવાદી હોય છે. આદિકાળથી તેમનું એ સૂત્ર છે કે, **'મહાજનો યેન ગતઃસ પન્થા' 'સંશયાત્મા વિનશ્યતિ'** જે પણ હોય, માનો. ખબરદાર જો કોઇ પણ તર્ક કર્યો કે પ્રશ્ન ઉઠાવ્યો તો! ધર્મ ઘણો જ નાજુક છે. તેની અને બુદ્ધિ વચ્ચે આસમાન જમીનનું અંતર છે. તેમાં બુદ્ધિનો સ્પર્શ થઇ શકતો નથી. અંધવિશ્વાસી કાંઇક આવું જ માને છે. તે ફકત માનવાનું જ શીખ્યો છે જાણવાનું નહિ, અને જ્યારે વિશ્વાસી અમુક પ્રમાણમાં માની લેવાનું તેમ જ અમુક પ્રમાણમાં જાણી લેવાનું શીખ્યો છે. તર્ક–પ્રધાન મગજમાં માની લેવા કરતાં જાણી લેવાનો અંશ જ વધારે છે. હું કંઇક એવો તર્કપ્રધાન વિશ્વાસુ છું, અંધવિશ્વાસુ તો જરા પણ નહીં.

ચન્દ્ર પ્રજ્ઞપ્તિ તેમ જ જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ વગેરે આગમ કહેવાતા ગ્રંથોને જ્યારે મેં વાંચ્યા ત્યારે મારું અધ્યયન ચિંતનની દિશામાં ઉંડું ઉતર્યું. મેં જોયું કે આ ગ્રંથોના અમુક વર્ણન એવા છે જેનો પ્રત્યક્ષ સત્યની સાથે મેળ નથી જામતો અને જેમ જેમ હું ચિન્તન કરતો ગયો તેમ તેમ મારું પરિજ્ઞાન સ્પષ્ટ થતું ગયું કે આ બધી રચનાઓ આચાર્યો કૃત છે. તેમનું સંકલન ભગવાન મહાવીરના પછી બહુ લાંબા સમયે થયું છે. એ સાક્ષાત ભગવદ્-વાણી નથી. વીતરાગ સર્વજ્ઞની વાણી કેવી રીતે ખોટી થઈ શકે? અને વીતરાગનું આ આધ્યાત્મિક તેમ જ ધાર્મિક ભાવનાથી શૂન્ય લાંબી ચોડી વાતો કહેવાનો ઉદ્દેશ પણ શો છે? આ બધી વાતો મનમાં ગુંચવાતી રહી અને કોઈ કોઈ વખતે ચર્ચા વાર્તાઓ દ્વારા બહાર પણ આવતી ગઈ. મને સાંભળવાવાળાઓ જાણે છે કે હું આ સંબંધમાં કયારનો ય કાંઈ ને કાંઈ કહેતો જ રહ્યો છું. જોધપુર શ્રાવક સંઘના મહામંત્રી શ્રી માધોમલજી લોઢાએ 'તરૂણ જૈન' (૧૦-૬-૫૪) માં આજથી ૧૬ વર્ષ પહેલાં જોધપુરના સંયુકત ચાતુર્માસ વખતે જાહેર કરાયેલા મારા વિચારોને પ્રગટ કર્યા છે. એ લેખ બતાવે છે કે ત્યારે પણ ભૂગોળ ખગોળની બાબતમાં મારા

વિચારો કેવા હતા: ભૂગોળ-ખગોળ સંબંધિત વર્ણનોને તે વખતે પણ હું ભગવદ્‌વાણી માનતો ન હતો.

જે વખતે ઍપોલો—૮ નું ચંદ્ર પર ઉડ્ડયન થયું તે વખતે આગરાના સ્થાનિક તેમ જ બહારના કેટલાંક સજ્જનોએ મને પ્રશ્ન કર્યો કે —'આ સંબંધમાં આપ કેવા વિચારો ધરાવો છો? ભગવાનની વાણી તો ખોટી હોઈ શકતી જ નથી છતાં ય આપણા જૈન શાસ્ત્રોની વાતો કેમ ખોટી ઠરી રહી છે!' તે વખતે મેં એક પ્રવચનમાં વિસ્તારથી સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું કે ભગવાન મહાવીરના નામથી કહેવામાં આવતી આ ભૂગોળ—ખગોળ સંબંધી વર્ણનોની વાસ્તવિકતા શું છે? અને તે પ્રવચન શ્રી અમર ભારતીના ગયા ફેબ્રુઆરીના અંકમાં સર્વસાધારણ જનતાની જાણકારી માટે પ્રકાશિત કરવામાં આવ્યું હતું. લેખનું શીર્ષક હતું - 'શું શાસ્ત્રોને પડકાર કરી શકાય છે?' ઉપરોકત લેખમાં દર્શાવવામાં આવ્યું હતું કે વિજ્ઞાન તથા વૈજ્ઞાનિક પ્રાપ્તિના આ ચમત્કારો શાસ્ત્રોને પડકારી શકતા નથી. શાસ્ત્ર આધ્યાત્મિક જીવનનો પ્રેરણાસ્રોત છે, તેને કોઈ કેવી રીતે પડકાર ફેંકી શકે? આ ભૂગોળ - ખગોળથી સંબંધિત રચનાઓ તે શાસ્ત્ર નથી, પરંતુ ગ્રંથો છે. એને ભગવદ્‌વાણી સાથે કોઈ સંબંધ નથી. એ બધી રચનાઓ આચાર્યોકૃત છે. આચાર્યો ગોપનકાળમાં હતા તેથી તેમનાથી ભૂલ થઈ જવી સ્વાભાવિક છે. જો તે ભગવાનની વાણી હોય તો તેમાં ભૂલ કેવી રીતે થઈ શકે?

પડકારના લેખે જનતામાં ખાસી વિચારજાગૃતિ પેદા કરી. આ સંબંધમાં સમાજના ચિન્તનશીલ વર્ગ તરફથી પ્રશંસાના ઘણા પત્રો આવ્યા છે - જેમાં કેટલાંક અમર ભારતીમાં પ્રકાશિત કરવામાં પણ આવી રહ્યા છે. એ બધા પત્રો એ વાતના સાક્ષી છે કે જનતા સત્ય સ્થિતિના સ્પષ્ટીકરણથી કેટલી બધી પ્રભાવિત થઈ છે, પરંતુ જેવું કે હંમેશા થાય છે તેમ કેટલાક પરંપરાવાદી મહાનુભાવો જરૂરતથી વધારે વ્યાકુળ બની ગયા છે. એમનો ક્ષોભ જ્યાં મારા ઉપર થયો છે ત્યાં શ્રમણ સંઘ તેમ જ શ્રમણસંઘના આચાર્યશ્રી ઉપર પણ કાંઈ ઓછો નથી થયો. આ દુ:ખ શ્રમણ સંઘનો અમુક વર્ગ વિશેષ તેમ જ આચાર્યશ્રી પણ અનુભવ કરવા લાગ્યા. આ એક એવી સ્થિતિ હતી કે જેનાથી હું વિચારમાં પડી ગયો. હું ઈચ્છતો હતો કે ઉપરોકત પ્રશ્ન પર વિચાર-વિનિમય થાય, વિદ્વાન મુનિરાજ મંડન—ખંડનમાં પોતાના વિચારો સ્પષ્ટ રીતે પ્રગટ કરે. ચંદ્રલોકની વૈજ્ઞાનિક પ્રાપ્તિએ અમારી પરંપરાગત માન્યતાઓને જે પડકાર ફેંકયો છે તેનું ઉચિત મૂલ્યાંકન કરવામાં આવે અને જો તે સત્ય છે તો તેનો નમ્રતાપૂર્વક સ્વીકાર કરવો જોઈએ. સત્ય સ્વીકાર કરવામાં ધર્મને કોઈ પણ જાતનો ભય કે બાધ ન હોય. ધર્મ આધ્યાત્મિક વિકાસનું એક સાધન છે. એને ભૂગોળ - ખગોળની માન્યતાઓ સાથે શું લેવાદેવા? પરંતુ દુ:ખની વાત છે કે એવી કોઈ પણ પ્રકારની ચર્ચા થઈ નહીં. ફકત શ્રદ્ધાના પરંપરાગત સૂત્રો પોકારીને કેટલાંક લોકોએ તોફાન ઊભું કર્યું અને શ્રદ્ધાળુ આચાર્યશ્રીને મુશીબતમાં મૂકી દીધા.

હું નહોતો ઈચ્છતો કે મારા વિચારોને કારણે આચાર્યશ્રીને કોઈપણ પ્રકારની મુશીબતમાં મૂકાવું પડે. હું ખુદ તો આવા કોઈપણ પ્રકારના આધારવિનાના તોફાનોની જરાપણ પરવા નથી કરતો. નિરૂપણ તથા નિંદાના કોઈ પણ કડવા શબ્દો મને મારા માર્ગથી ચલિત કરી શકશે નહીં. આજે તો શું, હું તો બહુ સમયથી આવું સાંભળતો આવ્યો છું. ચિંતનના શુદ્ધ ક્ષેત્રમાં સ્તુતિ - નિંદાનું કોઈ મહત્વ નથી હોતું, ત્યાં તો ફકત એકમાત્ર સત્યની જ સમીક્ષા કરવામાં આવે છે, તથ્યની શોધ થાય છે. વિચારમંથનનો ઉદ્દેશ સત્યરૂપી નવનીતની પ્રાપ્તિ છે, બીજું કાંઈ જ નહીં. હા, તો મેં પણ આ દૃષ્ટિએ જ વિચારચર્ચા ઉપસ્થિત કરી હતી, પરંતુ આપ જાણો છો તેમ કેટલાક લોકોએ આ માર્ગ અપનાવ્યો નહીં અને ફોગટ જ શ્રદ્ધાની ચલતી ગાડી એટલે કે સૂત્રો પોકારી સમાજમાં મનદુ:ખ ઊભું કરવા પ્રયત્ન કર્યો અને આ રીતે શ્રમણ સંઘ તેમ જ આચાર્યશ્રીજીની સામે એક મુશીબત ઊભી થઈ અને શ્રમણ સંઘ દ્વારા બહુ ચર્ચાયેલું મારૂં રાજીનામું આ સમસ્યાને સમાધાનની દિશામાં લઈ જવાનું પગલું હતું. આ સંબંધમાં બહુ પહેલાં મેં આચાર્યશ્રીને એક પત્ર (જુલાઈ ૧૪, ૧૯૬૬) માં લખી પણ જણાવ્યું હતું કે મને મારી જરા પણ ચિન્તા નથી, મને આપની ચિન્તા છે. આપે વિનાકારણ જ નિંદા સાંભળવી પડે છે, મુશીબત વેઠવી પડે છે. હું વિચારૂં છું કે આ પરિસ્થિતિમાં મારે શું કરવું જોઈએ? કેવી રીતે આપશ્રીને આ વ્યર્થ મુશીબતમાંથી મુકત રાખી શકાય. જો આપને આવી જ મુશીબતો આવતી રહેશે તો આખરે મોડા વહેલા પણ તેને માટે મારે કાંઈક કરવું તો પડશે જ.

ઉપર જણાવવામાં આવ્યું છે તે પરથી સૌ કોઈ સમજી શકે છે કે રાજીનામું આપવા પાછળ મારૂં ધ્યેય શું હતું. શ્રદ્ધાળુ આચાર્યશ્રીની સાથે મારે ઘણો મીઠો સંબંધ છે. હું તેમને માન આપું છું. તેમની સાથે મારે કોઇ આંતરિક કે બાહ્ય કડવાશ કે વિષમતા નથી અને મારે ન તો શ્રમણ સંઘ સાથે પણ કોઇ તકરાર કે મનદુ:ખ છે. આ એક સાત્ત્વિક પ્રયત્ન હતો. મારે મારા વિચારોની સમગ્ર જવાબદારી મારા પર લેવાની હતી. મારા વિચારોને કારણે બીજી કોઇ પણ વ્યકિત કે સંઘ શા માટે મુશીબતમાં મૂકાય અને મારે તેમને શા માટે મુશીબતમાં મૂકવા પણ જોઇએ? કેટલાંક સજ્જનોને મારા આ રાજીનામાથી શ્રમણ સંઘ માટે મુશ્કેલી ઊભી થયેલી લાગે છે, પરંતુ એમાં મુશીબત જેવું કાંઇ નથી. હું તો મુશીબતોને દૂર કરવા ઇચ્છું છું. મારા રાજીનામાના સમાચારથી અનેક મહાનુભાવોના મારા પર પત્ર આવ્યા અને એમાં જણાવ્યું કે, અમે બધા તમારી સાથે છીએ. અમે પણ શ્રમણ સંઘમાંથી રાજીનામાં આપી દઇએ છીએ. મેં તેઓને આ પગલું લેતાં રોકયા છે. જો હું શ્રમણ સંઘને તોડવા માંગતો હોત તો હું મારૂં પોતાનું એક જુદું જૂથ બનાવી શકયો હતો. શ્રમણ સંઘમાં મારા સહયોગીઓ પણ કાંઇ ઓછા નથી, પરંતુ જો હું આવી બાબતનો વિચાર સરખો પણ ન કરી શકું તો કરવાની વાત તો કયાં રહી! શ્રમણ સંઘના નિર્માણમાં મેં પણ મારી સેવાઓ આપી છે. શ્રમણ સંઘને તોડવામાં તેમ જ વિખેરી દેવા માટે મને પોતાને પણ ખૂબ જ દુ:ખ થાય છે. મેં તો તેને સુરક્ષિત રાખવા માટે જ આ પગલું ભર્યું હતું. એક વ્યકિતની ખાતર બીજા બધાએ શા માટે મુશીબતમાં મૂકાવું જોઇએ એવું મારૂં ભાવનાશીલ હૃદય તે વખતે પણ વિચારતું હતું અને આજે પણ આવું જ વિચારે છે. જો આચાર્યશ્રીએ મારા રાજીનામાનો સ્વીકાર કર્યો હોત તો સારૂં હતું, પરંતુ આચાર્યશ્રી પોતાના સ્પષ્ટીકરણમાં મારા રાજીનામાનો સ્વીકાર કરવા સાફ ઇન્કાર કરે છે. હું તેમના હૃદયને જાણું છું. મારા રાજીનામાને કારણે તેમની સામે એક બીજી પણ મુશીબત ઊભી થઇ છે. હું તેમના હૃદયને જરા પણ દુ:ખ પહોંચાડવા નથી માગતો. માટે હું મારા રાજીનામાના સ્વીકાર માટે હઠ પણ નથી કરી શકતો. છતાં ય હું હજુ પણ એટલી તો ઇચ્છા રાખું છું કે જો મારાથી શ્રમણ સંઘને જરાપણ ત્રાસનો અનુભવ કરવો પડયો હોય તો હું શ્રમણ સંઘથી છૂટો થાઉં તે વધારે યોગ્ય ગણાય.

મારા કેટલાક સ્નેહીઓ કહે છે કે "શ્રમણ સંઘમાંથી રાજીનામું ન આપતા તેમાં રહીને જ તેનો મુકાબલો કરવો જોઇએ. તમો તેને છોડીને ભાગો છો શા માટે?' પરંતુ સામના કે ભાગવાનો કોઇ પ્રશ્ન જ નથી. સંઘર્ષ કયી વાતનો? મને ન તો કોઇ હોદ્દાની અપેક્ષા છે કે ન તો કોઇ સત્તા કે અધિકારની, મને એવું કાંઇ જોઇતું નથી. હું તો મારા વિચારોને સાત્ત્વિક ભાવથી પ્રદર્શિત કરૂં છું. ખોટી માન્યતાઓ તેમ જ અંધ વિશ્વાસનો વિરોધ કરૂં છું. ભગવાન મહાવીરના શુદ્ધ ગૌરવને પ્રકાશમાં લાવવા માંગું છું. ભગવાન મહાવીરના નામે મધ્યકાળમાં અહીંતહીંની જે વાતો લખવામાં તેમજ સમજવામાં આવી છે તે બધી વાતોનો ફેંસલો લાવવા માંગું છું. શ્રમણ સંઘમાં રહીને આ સર્વ બની શકે તો ઠીક છે અને જો કોઇને એમ લાગે કે આનાથી શ્રમણ સંઘ માટે ભય ઉપસ્થિત થાય તેમ છે તો હું શ્રમણ સંઘથી છૂટો થઇને મારા વિચારોનો પ્રચાર કરવાનું વધુ પસંદ કરીશ. હું કોઇપણ સંઘને શા માટે મુશીબતમાં મૂકું? બસ, આટલી જ વાત છે મારા મનની. હું સમજું છું કે હવે આથી વધુ સ્પષ્ટીકરણની જરૂર નથી.

અપૂર્ણ

કવિશ્રી અમરચંદજી

# પ્રકીર્ણ નોંધ

## સત્ત્વશીલા શ્રી વિજયાબહેન પરીખનો એકાએક સ્વર્ગવાસ

તા. ૨૫ મી ફેબ્રુઆરીની વહેલી સવારે શ્રી દુર્લભજી ઉમેદચંદ પરીખનાં પત્ની સૌ. વિજયાબહેનના એકાએક નીપજેલા અવસાન દ્વારા વિધાતાએ વિરલ નજરે પડે એવા એક દંપતી-યુગલને ખંડિત કર્યું છે. આઝાદીના આન્દોલનના જુદા જુદા તબક્કાઓ સાથે જોડાયલા આ કુટુંબનો પરિચય આપવાની જરૂર નથી. જેમણે ૧૯૩૦-૩૨ ના સવિનય સત્યાગ્રહની લડત નિહાળી છે અને પરદેશી કાપડ અને દારૂના પીઠાની પીકેટિંગ કરતી દેશ સેવિકાઓનાં પરાક્રમને જાણ્યાં સાંભળ્યાં છે તેઓ વિજયાબહેનને જાણતા ન હોય એમ બને જ નહિ. આ વિજયાબહેનની ઉંમર ૭૨ વર્ષની હતી જ્યારે દુર્લભજીભાઈની ઉમ્મર આશરે ૭૫ વર્ષની છે. દેશી રજવાડા સામેની લડતના ઈતિહાસમાં દુર્લભજીભાઈ અને તેમના લઘુબંધુ રસિકભાઈનો અસાધારણ ફાળો છે. આ તેમની પ્રવૃત્તિઓમાં સૌ. વિજયાબહેને તથા સૌ. શારદાબહેને સતત સાથ આપ્યો હતો. વિજયાબહેન પતિપરાયણ પત્ની હતાં; વાત્સલ્યપૂર્ણ માતા હતાં; તેમનામાં નીડરતા તેમજ શાણપણનો અપૂર્વ સમન્વય હતો; ધીર ગંભીર અને એમ છતાં જેના મોઢા ઉપર મધુર સ્મિત સદા અંકિત રહેતું એવાં એક પ્રૌઢ ગૃહિણી હતાં.

ગયા જુલાઈ માસની ૩૧ મી તારીખે તેમનાં પુત્ર-પુત્રીઓએ, માતપિતાએ લગ્ન જીવનનાં સાઠ વર્ષ પૂરાં કર્યાં તે અંગે આનંદ દર્શાવવા, શ્રી ઢેબરભાઈના પ્રમુખપણા નીચે એક ષષ્ઠી પૂર્તિ સમારંભ યોજ્યો હતો. આ પ્રસંગે બોલતાં શ્રી ઢેબરભાઈએ જણાવ્યું હતું કે: "વિજયાબહેન આજન્મ સેવિકા છે. તેમણે કુટુંબની અને સમાજની સેવા કર્યે જ રાખી છે. ભરેલું કુટુંબ તેમણે માના વાત્સલ્યથી સાચવ્યું છે. કોણ કહેશે કે વિજયા બહેન રસિકભાઈનાં મા નહિ પણ ભાભી છે? કોણ કહી શકતું કે શારદાબહેન (રસિકભાઈનો થોડા સમય પહેલાં અવસાન પામેલા પત્ની) નાં તે જેઠાણી છે? ખબર જ ન પડે. વિજયાબહેન રસોઈમાં ડૂબ્યા હોય - કપડાં ધોવાનું પણ કરે - કોઈને ખબર ન પડે કે તેઓ શ્રીમંતનાં પત્ની છે. મને લીંબડીનાં બે બહેનો યાદ આવે છે જે પોતાની આ સુખી સ્થિતિમાં પણ રસોઈ કરવી, કપડાં ધોવાં, દળણું અને કાંતવાનું પણ ન છોડે: પૂ. ભક્તિબા અને વિજયાબહેન. દુર્લભજીભાઈ અને વિજયાબહેનનો સંસાર કેટલીયે કસોટીમાંથી પસાર થયો છે, પરંતુ હોંસથી અને એકરાગથી તેમણે ચલાવ્યો છે" આમાંનાં એક વિજયાબહેન દુર્લભજી ભાઈને છોડીને સ્વર્ગે સીધાવ્યા છે.

મારો આ બન્ને દંપતી સાથે વર્ષોજુનો મૈત્રી સંબંધ છે. પાંચ પંદર દિવસ જાય અને તેમને મળવા ન જાઉં તો ન મને ચેન પડે, ન તેમને. વિજયાબહેનનો મારા ઉપર ખૂબ જ ભાવ હતો. હજુ ગયા શુક્રવારે ૨૦ મી તારીખે સાંજે તેમને મળવા ગયેલો ત્યારે દુર્લભજીભાઈ લકવાની આછી અસરમાંથી તાજેતરમાં મુક્ત થયેલા હોઈને તેમણે મને જણાવ્યું કે: "હું તો સારો થઈ ગયો, પણ હવે આનો વારો આવ્યો છે. આ હવે કાંઈક ઢીલી પડી છે પણ મારૂં તે માનતી જ નથી અને સાવ આરામ લેવો જોઈએ તેના બદલે કાંઈને કાંઈ કામ કર્યા જ કરે છે." એ વખતે એવી કલ્પના પણ કયાંથી હોય કે વિજયાબહેન સાથે આ મારૂં છેલ્લું મિલન હતું? તેઓ ત્યાર બાદ પણ કાંઈક ઢીલાં એમ છતાં પણ પોતાના કામકાજમાં સતત નિમગ્ન જ હતાં. ૨૪ મીની રાત્રે નિરાંતે સ્વસ્થતાપૂર્વક સૂતા. સવારના પાંચ વાગ્યે તેમનો ભારે શ્વાસ સાંભળી દુર્લભજીભાઈ ઊઠી ગયા અને જોત જોતામાં વિજયા બહેને આંખ મીંચી દીધી. અનેક બહેનોના નિકટ પરિચયમાં આવવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, પણ આવી સત્વશીલ, સદા પ્રસન્ન, ત્યાગપરાયણ અને વાત્સલ્યસભર સન્નારી મેં બીજી કોઈ જોઈ નથી. તેમના જવાથી એકલા બનેલા દુર્લભજીભાઈને એકલવાયાપણું નભાવવાની પરમાત્મા તાકાત આપે એ જ પ્રાર્થના!

## એક વ્યકિતવિશેષનો દુ:ખદ દેહવિલય

અમદાવાદનિવાસી શ્રી ત્રિકમલાલ મહાસુખરામના તા. ૧૬ મી ફેબ્રુઆરીના રોજ ૭૧ વર્ષની ઉંમરે નીપજેલા અવસાનથી માત્ર જૈન સમાજને નહિ, વિશાળ ગુજરાતી સમાજને એક સંસ્કારપ્રેમી ગૃહસ્થની ખોટ પડી છે. તેઓ કાપડના કુશળ વ્યાપારી હતા પણ સાથે સાથે તેમનો સત્સંગપ્રેમ અને તત્ત્વજિજ્ઞાસા અસાધારણ હતાં. આચાર્ય રજનીશજીનો હજુ ગઈ કાલ સુધી તેમને ત્યાં ઉતારો હતો. મુંબઈમાં જ્યારે પણ શ્રી જે. કૃષ્ણમૂર્તિ આવે ત્યારે તેમના વાર્તાલાપનો લાભ લેવા તેઓ અચૂકપણે મુંબઈ આવતા. શ્રી વિમલાબહેન ઠકાર વિષે તેમના દિલમાં અસાધારણ વાત્સલ્ય અને આદરભાવ હતા અને તેમની અને વિમલાબહેન વચ્ચે પિતા-પુત્રી સદૃશ સંબંધ હતો. શ્રીમદ્ રાજચંદ્ર વિષે તેમનામાં અપૂર્વ ભકિત હતી. છેલ્લાં વર્ષો દરમિયાન શ્રીમદ્ રાજચંદ્રનું સાહિત્ય પ્રગટ કરવા પાછળ તેમણે ખૂબ જ પુરુષાર્થ કર્યો હતો. તેઓ જન્મે જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક હતા એમ છતાં પણ સર્વ પ્રકારના સાંપ્રદાયિક અભિનિવેશથી તેઓ મુક્ત હતા. સત્સંગ ઉપરાંત સદ્વાંચનનો તેમને ખૂબ શોખ હતો. તેમની સાથે મને વર્ષોજૂનો પરિચય હતો અને તેમના પ્રેમાળ સ્વભાવથી હું ખૂબ પ્રભાવિત હતો. દાદા ધર્માધિકારી તથા શંકરરાવ દેવના અમદાવાદ ખાતેના તેઓ યજમાન હતા.

તેઓ શરીરે તન્દુરસ્ત હતા. પખવાડિયા પહેલાં પક્ષઘાતનો હુમલો આવ્યો અને તેમાંથી તેઓ ઉગરી ન શકયા. તેઓ પોતાની પાછળ બહોળો કુટુંબપરિવાર મૂકી ગયા છે. તેમના વિષે આપણું દિલ ઊંડી સહાનુભૂતિ અનુભવે તે સ્વાભાવિક છે. તેમના આત્માને શાશ્વત શાંતિ પ્રાપ્ત થાઓ.

## ભાગવત વિષે શ્રીમદ્ રાજચંદ્રનો એક પત્ર

૧૬ મી જાન્યુઆરીના પ્રબુદ્ધ જીવનમાં 'ભાગવત વિષે કાંઈક' એ મથાળા નીચે અમદાવાદવાળા ડૉ. કાંતિલાલ શાહનું એક લાંબું ચર્ચાપત્ર અને તે ઉપર મારી એક ટૂંકી નોંધ પ્રગટ થઈ હતી. ત્યાર બાદ મારા વલણના સમર્થનમાં એક મિત્રે ભાગવતમાંથી ભૌતિક કામભોગ સૂચક કેટલાંક અવતરણો લખી મોકલ્યા છે, જ્યારે વવાણીયામાંથી મુનિ પુણ્યવિજયજીએ શ્રીમદ્ રાજચંદ્રે સ્વ. સોભાગભાઈ ઉપર લખેલા એક પત્રની નકલ ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ-પત્રાંક ૧૭૪-૭૫ સં ૧૯૪૭ માહ વદ ૩) મારી જાણ માટે મોકલી છે. ઉપર જણાવેલ પત્રમાં રજૂ કરવામાં આવેલાં અવતરણો અહિં આપવાની મને કાંઈ જરૂર લાગતી નથી, પણ શ્રીમદ્ ભાગવત વિષે શ્રીમદ્ રાજચંદ્ર કેવો અહોભાવ ધરાવતા હતા તે તો મારે 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો સમક્ષ રજુ કરવું જ જોઈએ એમ સમજીને તે પત્રની નકલ નીચે આપું છું :-

"આજના પ્રભાતથી નિરંજનદેવની કોઈ અદ્ભુત અનુગ્રહતા પ્રકાશી છે. આજે ઘણા દિવસ થયા ઈચ્છેલી પરા ભકિત કોઈ અનુપમ રૂપમાં ઉદય પામી છે. ગોપીઓ ભગવાન વાસુદેવ (કૃષ્ણચંદ્ર) ને મહીની મટુકીમાં નાંખી વેચવા નીકળી હતી એવી એક શ્રીમદ્ ભાગવતમાં કથા છે તે પ્રસંગ આજે બહુ સ્મરણમાં રહ્યો છે, અમૃત પ્રવહે છે ત્યાં સહસ્રદળકમળ છે એ મહીની મટુકી છે અને આદિ પુરુષ તેમાં બિરાજમાન છે તે ભગવંત વાસુદેવ છે; તેની પ્રાપ્તિ સત્પુરુષની ચિત્તવૃત્તિરૂપ ગોપીને થતાં તે ઉલ્લાસમાં આવી જઈ બીજા કોઈ મુમુક્ષુ આત્મા પ્રત્યે "કોઈ માધવ લ્યો, હાંરે કોઈ માધવ લ્યો" એમ કહે છે, અર્થાત, તે વૃત્તિ કહે છે કે આદિપુરુષની અમને પ્રાપ્તિ થઈ અને એ એક જ પ્રાપ્ત કરવા યોગ્ય છે. બીજું કશુંય પ્રાપ્ત કરવા યોગ્ય નથી. માટે તમે પ્રાપ્ત કરો. ઉલ્લાસમાં ફરી ફરી કહે છે કે તમે તે પુરાણપુરુષને* પ્રાપ્ત કરો અને જો તે પ્રાપ્તિને અચળ પ્રેમથી ઈચ્છો તો

* 'પુરાણ પુરુષ'નો નિત્ય શાશ્વત આત્માના અર્થમાં શ્રીમદ્ રાજચંદ્રે અનેકવાર પ્રયોગ કર્યો છે.

અમે તમને તે આદિપુરુષ આપી દઈએ. અમે મટુકીમાં નાંખી વેચવા નીકળ્યા છીએ, ગ્રાહક દેખી આપી દઈએ છીએ, કોઈ ગ્રાહક થાઓ, અચળ પ્રેમે કોઈ ગ્રાહક થાઓ, વાસુદેવની પ્રાપ્તિ કરાવીએ.

"મટુકીમાં નાંખીને વેચવા નીકળ્યાનો અર્થ સહસ્રદળકમળમાં અમને વાસુદેવ ભગવાન મળ્યા છે; મહીનું નામમાત્ર છે. આખી સૃષ્ટિને મથીને જો મહી કાઢીએ તો માત્ર એક અમૃતરૂપ વાસુદેવ ભગવાન જ મહી નીકળે છે—એવું સૂક્ષ્મસ્વરૂપ છે તે સ્થૂળ કરીને વ્યાસજીએ અદ્‌ભુત ભક્તિને ગાઈ છે. આ વાત અને આખું ભાગવત એ એકજને પ્રાપ્ત કરાવવા માટે અક્ષરે અક્ષરે ભરપૂર છે અને તે અમને ઘણા કાળ થયા પહેલા સમજાયું છે. આજે અતિઅતિ સ્મરણમાં છે, કારણ કે સાક્ષાત અનુભવ—પ્રાપ્તિ છે અને એને લીધે આજની પરમ અદ્‌ભુત દશા છે."

**ચિંચણ ખાતે 'મહાવીર નગર' નામનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપવાની યોજના**

તા. ૨૧મી ના જન્મભૂમિમાં પ્રગટ થયેલા સમાચાર મુજબ મુનિશ્રી સંન્તબાલજીની પ્રેરણા નીચે ચિંચણ (જિલ્લો થાણા) ખાતે 'મહાવીર નગર'ના નામે આંતરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરવામાં આવનાર છે, અને "સામાજિક જીવનમાં—સમાજના તમામ વ્યવહારોમાં—ધર્મનો આચાર—વ્યવહાર કરી શકાય છે અને ધર્મનું પાલન કરીને વ્યક્તિ અને સમાજ સારું સુખ પ્રાપ્ત કરી શકે તેમ છે." એ સિદ્ધાન્તને અનુસરીને આ કેન્દ્રમાં વિવિધ પ્રવૃત્તિઓ ચલાવવામાં આવશે એમ જણાવવામાં આવ્યું છે.

આ કેન્દ્રના ચાર પેટા કેન્દ્રો રહેશે: શ્રીમદ્ રાજચંદ્ર કેન્દ્રમાં સર્વધર્મ ઉપાસનાને લગતી પ્રવૃત્તિ ચાલશે. નાનચંદ્રજી મહારાજ કેન્દ્રમાં દરેક ધર્મનાં સાધુ—સાધ્વીઓને ઉપયોગી બને તેવી જીવન-પદ્ધતિ વિષે તાલીમ આપવામાં આવશે. જવાહરલાલ નહેરુ કેન્દ્રમાં ભારત અને પરદેશના વિદ્યાર્થીઓને અધ્યયન કરાવવામાં આવશે. અને મહાત્મા ગાંધી કેન્દ્રમાં શુદ્ધિપ્રયોગ, ગ્રામસંગઠન, સ્વાવલંબી અને વિકેન્દ્રિત અર્થતંત્ર તથા નયી તાલીમનું શિક્ષણ વગેરે પ્રવૃત્તિઓ ચાલશે.

મહાવીરનગરના આ કેન્દ્ર માટે ચિંચણના દરિયાકિનારે બાર એકરની ફળઝાડ અને મકાનો સાથેની વાડી વિશ્વવાત્સલ્ય સંઘે ખરીદ કરી છે. જમીન માટે ત્રણ લાખ રૂપિયા તથા વિવિધ પેટા કેન્દ્રોની જરૂરિયાત માટે મળી કુલ રૂા. ૧૦,૯૫,૦૦૦ના ફંડ માટે સંઘના પ્રતિનિધિમંડળે અપીલ કરી છે.

આજ સુધીમાં સંઘને મુંબઈ ખાતેથી જુદી જુદી વ્યક્તિઓ તરફથી રૂા. ૬,૯૦,૦૦૦ની કુલ રકમ મળી છે. ફંડમાં મોકલવાની રકમ ભાલ—નળકાંઠા પ્રાયોગિક સંઘના નામના ચેકથી નીચેના સરનામે મોકલી શકાશે:

(૧) વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, કામાલેન, ઘાટકોપર, મુંબઈ—૭૭.

અથવા

(૨) ઉત્તમલાલ કીરચંદ ગોસળિયા, ટ્રસ્ટી, વિશ્વવાત્સલ્ય પ્રાયોગિક સંઘ, રૂબી પ્રિન્ટર્સ, ૩૦, ડી. કાવસજી પટેલ સ્ટ્રીટ, કોટ, મુંબઈ, ટેલિફોન નંબર: ૨૫૭૫૮૪

સંસ્થાને મળેલ દાન ઈન્કમટેકસમુક્તિને પાત્ર છે.

મુનિ સંતબાલજીના આ બાજુએ થયેલા આગમન બાદ સેવાઈ રહેલા તેમના સ્વપ્નને આમ મૂર્ત આકાર મળી રહેલો જોઈને ખૂબ આનંદ થાય છે અને તે માટે તેમને ખૂબ ધન્યવાદ ઘટે છે.

આ 'મહાવીર નગર' એક આંતરરાષ્ટ્રીય કેન્દ્રનું પૂરું રૂપ ધારણ કરે તે માટે હજુ ઘણું ઘણું કરવાનું બાકી રહે છે, કેવળ મોટું નામ આપવાથી કોઈ સંસ્થા મોટી બની શકતી નથી. આ માટે ઉપરની અપીલમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ પુષ્કળ દ્રવ્યની તો જરૂર રહેશે જ, પણ તે ઉપરાંત તેને સહસ્રદલકમળનો આકાર આપવા માટે અનેક શક્તિશાળી પ્રતિભાસંપન્ન કાર્યકર્તાઓના સહકારની અપેક્ષા રહેશે. જે કામ એક નિષ્ઠાવાન જૈન મુનિ હાથમાં લે છે તે કામને સ્થૂળ આકાર આપવા માટે નાણાં તો મળી જ રહે છે, પણ કાર્યકર્તાઓનો સહકાર તો પ્રેરક મુનિની પોતાની પ્રતિભા ઉપર આધાર રાખે છે. શ્રી કાનજી મુનિએ સોનગઢમાં ઘણી મોટી માંડણી માંડી છે પણ પ્રતિભાસંપન્ન વિદ્વાન સહકાર્યકર્તાઓની ત્યાં મોટી ઊણપ નજરે પડે છે. આ નવી સંસ્થાને તેનો વિકાસ કરવામાં જેમ મુનિ સંતબાલજીની વિદ્વત્તા, સાધુતા અને જીવન-નિષ્ઠાનો લાભ મળશે તેમ પોતાના અભિનિવેશો, તથા વૈચારિક અને બૌદ્ધિક મર્યાદાઓ તેના વિકાસમાં અવરોધક ન નીવડે એવી આપણે આશા રાખીએ. આ સંસ્થા ભવિષ્યમાં ગમે તે આકાર ધારણ કરે, તો પણ એક જૈન મુનિ આવી આંતરરાષ્ટ્રીય સંસ્થાનું નિર્માણ કરવાનું સ્વપ્ન સેવે, એટલું જ નહિ પણ, તેને મૂર્ત કરવા પાછળ પોતાની સર્વ શક્તિનો યોગ આપવા કટિબદ્ધ થાય એ હકીકત જ અત્યંત ગૌરવપ્રદ અને આપણા સર્વના અભિનંદનને પાત્ર છે.

**શ્રી રાજમલજી લલવાણી**

પૂર્વ ખાનદેશમાં જામનેર ગામે શ્રી રાજમલજી લલવાણીએ પંચોતેર વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે એક 'અમૃત મહોત્સવ' જિલ્લાના લોકોએ તા. ૪—૨—૭૦ના રોજ ઉજવ્યો. પ્રમુખસ્થાને મુંબઈ સરકારના શિક્ષણમંત્રી મધુકરરાય ચૌધરી હતા અને મુખ્ય અતિથિ જાણીતા ઉદ્યોગપતિ શ્રી લાલચંદ હીરાચંદ હતા.

શ્રી રાજમલજી પંદર વર્ષના થયા ત્યારથી શરૂ થયેલી એમની સામાજિક અને રાજકીય સેવાઓની પ્રવૃત્તિઓ આજે પંચોતેર વર્ષના થયા તો પણ સતત ચાલુ છે. તેઓ સુધારક વિચારો ધરાવે છે. નાના મોટા સામાજિક કુરિવાજો, સ્ત્રીઓના પરદા, મરણ પાછળનાં જમણવારો, જૈન ધર્મમાં ફિરકાદ્વેષ, જ્ઞાતિ બહાર કરવાની વૃત્તિઓ મીટાવવા એમણે સફળ મુકાબલા કર્યા છે. જૈનોની એકતા માટે એમના પ્રયાસો ચાલુ રહ્યા છે. ભારત જૈન મહામંડળને નિભાવનારાઓમાં એ એક મુખી હતા. બે કે ત્રણ વખત મહામંડળના એ પ્રમુખ હતા. કેટલાક વર્ષ કાર્યાધ્યક્ષ પણ હતા. મહામંડળે જૈનોની એકતાની વાત મૂકી કે રાજમલજીએ તરત જ ખાનદેશની તમામ સંસ્થાઓમાં તમામ જૈનોને દાખલ કરવાની છૂટ કરી દીધી. એ ઉપરાંત જ્યાં જ્યાં એમનું સ્થાન હતું ત્યાં ત્યાં બધે રાજસ્થાન વિગેરેમાં એમણે સંસ્થાઓ તમામ જૈનો માટે ખુલ્લી મૂકાવી. ચારિત્ર્ય ન પાળી શકે એવા સાધુઓને સંસારમાં સન્માનપૂર્વક રહી શકે એ માટે એમણે સગવડ આપી છે.

પૂના—નાશિકથી માંડી નાગપુર સુધી કેળવણી ક્ષેત્રે કામ કરતી એક પણ સંસ્થા એવી નહિ હોય જેમાં એમણે તન—મન—ધનથી સાથ આપ્યો ન હોય. વર્ષો થયાં, જ્યારથી એ પુખ્ત ઉંમરના થયા ત્યારથી, એ ત્યાંના જિલ્લાની કૉંગ્રેસના પ્રમુખ છે. લોકમાન્ય તિલકને કોઈ હિંમતથી સાથ નહોતું આપતું ત્યારે રાજમલજીએ સ્વાગત સમિતિ નીમી, તેના પ્રમુખ બની કૉંગ્રેસનું અધિવેશન ભરી દીધું હતું. ગાંધીજીના કામમાં પણ એમણે ખૂબ સેવા આપી. મુંબઈની ધારાસભાના અને દિલ્હીની એસેમ્બલીના પણ એ સભ્ય હતા.

દાની તરીકે એમની ખ્યાતિ એટલી બધી છે કે કોઈ પણ સારા કામની તુલના કરી, ધન આપવામાં તેઓ પાછા પડતા નથી કે કોઈ એમને ત્યાંથી ખાલી હાથે પાછું ફરતું નથી. જિલ્લામાં દુષ્કાળ પડે તો રૂપિયાનો માલ આઠ દસ આનાની કિમ્મતે આપવા વ્યવસ્થા કરે અને નુકશાન પોતે ભોગવે. જૈનોનાં કામ તો કરે જ;

પણ તમામ સાર્વજનિક કામોમાં પણ એ આગેવાન જ રહે, એટલું જ નહિ પણ, જૈનો 'મહાજન' કહેવાય છે માટે જૈનોએ આવાં કામોમાં અગ્રેસર રહેવું જોઈએ એમ જૈનોને સમજાવે અને આગળ રાખે.

એમની આવી પ્રવૃત્તિઓથી ઈલાકાના તમામ જ્ઞાતિઓના લોકો-મુસલમાનો સુદ્ધાં-અને તમામ રાજકીય પક્ષો પણ એમને આદર આપે. એટલે સુધી કે નવી કે જૂની સંસ્થાઓ એમને જ પ્રમુખ થવા આગ્રહ કરે. જવાબમાં એમને વ્યાજબી લાગતી સંસ્થાઓને એ સાથ આપે, યોગ્ય લાગે તેવાં નામો પ્રમુખપદ માટે બીજાંનાં સૂચવે અને સાથે સાથે તેમને કહે 'આમને પ્રમુખ બનાવો, એ હા કહે તો ઠીક, નહિ તો હું તો છું જ.' સાથે જઈને બીજાંને પ્રમુખ થવા સમજાવે. સત્તા અને સ્થાન માટે આજે લડતા ઝઘડતા લોકો વચ્ચે આવી વૃત્તિ પ્રશંસનીય ગણાય.

કશાય દબાણ વગર ઉત્સાહથી એમને પંચોતેર હજાર રૂપિયાની થેલી અમૃત મહોત્સવ પ્રસંગે લોકોએ આપી. એ રકમ તેમણે પોતા તરફથી તેમાં દશ ટકા ઉમેરી કેળવણી મંડળને ભેટ આપી. કેટલીક સંસ્થાઓ અને વ્યાપારીઓએ મળી આ રકમ સવા બે લાખની કરી. આમાંથી તેઓ જામનેરમાં શ્રી રાજમલજીની સ્મૃતિ કાયમ કરવા એક કૉલેજ કરવા માગે છે.

શ્રી રાજમલજી લલવાણી દીર્ઘાયુ થાઓ અને આવાં ભલાં કામો કરતા રહો! એમને માટેની મારી શુભેચ્છાઓ આ નોંધ દ્વારા પાઠવતાં મને આનંદ થાય છે.

## બેંગલોર (ગાંધીનગર)માં 'જૈન ભવન'ની યોજના

બેંગલોરના શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સમાજના મંત્રીશ્રી નેમીદાસ જી. ભેદા તરફથી એક પુસ્તિકા મળી છે જેમાં તેઓ બેંગલોરના નવા અદ્યતન રેલવે સ્ટેશનથી દશ મિનિટના રસ્તે વસેલા ગાંધીનગર ખાતે જૈન મંદિરની બાજુમાંજ ધર્મશાળા, હોસ્ટેલ, વાડી, ભોજનશાળા વગેરે અંગોને એક જ સ્થળે સમાવી લઈ શકાય એવા છથી સાત માળના "જૈન ભવન"ની યોજના વિચારાઈ હોવાનું જણાવે છે અને તે અંગે રૂ. ૮થી ૧૦ લાખના અંદાજાયેલા ખર્ચ વિષે સંઘ તરફથી ધર્મપ્રેમીબંધુઓને, ટ્રસ્ટમંડળોને તેમ જ સખી ગૃહસ્થોને યથાશકિત ફાળો આપવાની અપીલ કરે છે.

દક્ષિણ ભારતમાં બેંગ્લોર 'City of Gardens' તરીકે ભારતભરમાં વિખ્યાત શહેર છે. આજુબાજુમાં આવેલા બાહુબળી, મુળબીદરી, બેલુર, હલેબીડ, હમ્પી વગેરે યાત્રાનાં સ્થળો ઉપરાંત ધંધાના કામે તેમ જ માયસોર, ઊટી, જોગ ફોલ્સ, તુંગભદ્રા વગેરે પ્રવાસના સ્થળોએ પણ અહીં પ્રત્યેક વર્ષે હજારો લોકો આવે છે. ગાંધીનગરમાં જૈનોની વસ્તી છેલ્લાં થોડાં વરસોમાં ઉત્તરોત્તર ઘણી વધતી ગઈ છે તેમ જ સાધુસાધ્વીઓની અવરજવરને પરિણામે લોકોમાં ધાર્મિક જાગૃતિ સારા પ્રમાણમાં આવી છે. વિ. સં. ૨૦૧૦ માં અહીં શિખરબંધી દેરાસરની પ્રતિષ્ઠા કરાવવામાં આવી હતી, અને ૨૦૧૧ માં બાજુમાં જ પાઠશાળા તથા ઉપાશ્રયનો હોલ બાંધવામાં આવ્યો હતો. અત્યારે એક જ કમ્પાઉન્ડમાં દેરાસર તેમ જ ઉપાશ્રય આવેલા છે.

ત્યારબાદ છેલ્લા દશ બાર વર્ષથી એક ધર્મશાળા અને વાડી વગેરેની ખોટ જણાતી હતી. સદ્‌ભાગ્યે દેરાસરની સામે જ એક ૧૦૦'x૮૫' નો જમીનનો પ્લોટ તેના માલિક એક સિંધી ભાઈ તરફથી પડતર કિંમતે મળી ગયો અને બેંગ્લોરના સ્થાનિક ભાઈઓએ રૂપિયા બે લાખ ભેગા કરીને સદરહુ જમીનનો પ્લોટ ખરીદ કરી લીધો છે.

બેંગ્લોરના શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ પાસે હવે 'જૈન ભવન'ની વિચારાયેલી યોજનાને સાકાર કરવા માટે ૮થી ૧૦ લાખ રૂપિયાનું ભંડોળ એકઠું કરવાનું ભગીરથ કાર્ય પડેલું છે. અને તે અંગે જુદી જુદી રકમના દાતાઓના નામો જુદી જુદી રૂમો ઉપર આપવાની તથા ફોટાઓ વગેરે યોગ્ય સ્થળે મૂકવાની યોજના નક્કી કરી છે, આથી જૈન સમાજના સંપન્ન ભાઈ-બહેનોને પોતાનો યથાશકિત ફાળો આપવાનો અનુરોધ કરવામાં આવે છે. વધુ જાણકારી માટે મજકુર સંસ્થાના મંત્રીને ૩, ક્રોસ રોડ, ગાંધીનગર, બેંગ્લોર-૯. એ સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે.

## શ્રી જૈન ઉદ્યોગ ગૃહ

સી. પી. ટેન્ક ઉપર છેલ્લા સોળ વર્ષથી ચાલતું શ્રી જૈન ઉદ્યોગ ગૃહ આજે જૈન અને જૈનેતર સમાજમાં ખૂબ લોકપ્રિય બન્યું છે; એટલું જ નહિ એની લોકપ્રિયતા ઉત્તરોત્તર વધતી રહી છે. આ ઉદ્યોગ ગૃહે તારદેવ વિસ્તારમાં પણ એની એક શાખા ખોલી છે. અને, શહેરનાં અન્ય વિસ્તારોમાં ય બીજી શાખાઓ ખોલવાના મનોરથો ઉદ્યોગ ગૃહના સંચાલકો સેવે છે. આ ઉદ્યોગ ગૃહ કોઈ વ્યાપારી ધોરણે માત્ર નફો જ કરવાની દષ્ટિ નથી રાખતું, પરંતુ અનેક સામાન્ય અને ગરીબ બહેનોને કેમ રોજી મળે, જનતાને કેમ નિર્ભેળ અને શુદ્ધ ખાદ્ય-વાનગીઓ મળે આવી માનવસેવાની દષ્ટિ ઉદ્યોગગૃહના સંચાલન પાછળ રહી છે. આ ઉદ્યોગ ગૃહ આજે તો એક મોટી સંસ્થા જેવું બની ગયું છે અને અહિં અનેક શૈક્ષણિક પ્રવૃત્તિઓ પણ ચાલે છે.

તાજેતરમાં આ ઉદ્યોગ ગૃહે એક 'પરિચય સપ્તાહ' યોજી, શહેરની જુદા જુદા ક્ષેત્રની આગેવાન વ્યકિતઓને ભોજન ઉપર જુદે જુદે દિવસે નિમંત્રી સૌને એની પ્રવૃત્તિથી વાકેફ કર્યા હતા. 'પરિચય સપ્તાહ' ના સુંદર વિચાર માટે ઉદ્યોગ ગૃહનાં સંચાલકો ખરેખર અભિનંદનનાં અધિકારી બને છે. પ્રસ્તુત જૈન ઉદ્યોગ ગૃહ સદ્‌ગત પૂ. આચાર્યદેવ શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજીની પ્રેરણાથી ૧૯૫૪માં શરૂ થયું અને પ્રથમ વર્ષમાં ઉદ્યોગગૃહે વર્ષ દરમ્યાન રૂા. ૩૧૩૦ની મજૂરી આપી અને રૂા. ૧૪,૪૧૦ નું વેચાણ કર્યું, જ્યારે ૧૯૬૯ માં મજૂરી આપી રૂા. ૭૯,૭૧૪ની અને વેચાણ કર્યું રૂા. ૪,૯૬,૫૪૭નું. ગૃહઉદ્યોગની આ અસાધારણ પ્રગતિ પાછળ સ્વ. શ્રી. રતિલાલ ઊજમશીનો આત્મા છે અને અત્યારના પ્રમુખ શ્રી ઋષભદાસજી રાંકા તથા મંત્રીઓ શ્રી મહીપતભાઈ તથા શ્રીમતી લતાબેનની એકનિષ્ઠ - સેવાઓ છે.

ગૃહઉદ્યોગમાં કોઈપણ જાતના સંપ્રદાયના કે જ્ઞાતિના ભેદભાવ નથી, એટલું જ નહિ, ગૃહઉદ્યોગમાં કામ કરતા બધાનાં જીવનની શૈક્ષણિક અને વૈદકીય જરૂરિયાતો ઉપર પણ ધ્યાન અપાય છે.

'માનવ સેવા એ જ પ્રભુસેવા' ના આદર્શને વરેલું આ ઉદ્યોગ ગૃહ વધુ ને વધુ ફૂલે ફાલે એવી અમારી પ્રાર્થના છે.

## અપર્ણા બાસુને અભિનંદન

શ્રી ગગનવિહારી મહેતા અને શ્રીમતી સૌદામિનીબહેન મહેતાનાં પુત્રી શ્રીમતી અપર્ણા બાસુને સ્ટોકહોમ (સ્વીડન)ની આંતરરાષ્ટ્રીય શાંતિસંસ્થા તરફથી એક પ્રતિષ્ઠાપાત્ર પારિતોષિક પ્રાપ્ત થયું છે. આ પારિતોષિક આંતરરાષ્ટ્રીય નિબંધ-સ્પર્ધામાં મળ્યું છે. શ્રીમતી અપર્ણાએ બે નિબંધો લખ્યા હતા. એક નિબંધ હતો 'ભારત - પાકિસ્તાનના સંબંધો, (૧૯૬૨ - ૧૯૬૫)'; બીજો નિબંધ હતો 'ભારતના સંરક્ષણસાધનોનાં ઉત્પાદનોનું અવલોકન' એ વિષય ઉપર.

ઘણા દેશોના યુવક યુવતીઓએ આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં અનેક વિષયો ઉપર નિબંધો લખ્યા હતા. આ બધા નિબંધોમાં શ્રીમતી અપર્ણાનો નિબંધ સર્વશ્રેષ્ઠ પૂરવાર થયો હતો અને તેથી તેમને ૩૯૦૦ ડૉલરનું પારિતોષિક આપવાનું જાહેર કરવામાં આવ્યું છે. આવું મોટું અને આંતરરાષ્ટ્રીય પારિતોષિક મેળવવા માટે શ્રીમતી અપર્ણા બાસુને આપણાં હાર્દિક અભિનંદન.

**પરમાનંદ**

# ☆ મારા હૃદયમાં રહેલી પૂજ્ય બાની મૂર્તિ ☆

## કસ્તુરબાની માનવતા, મમતા અને કાર્યશક્તિને અંજલિ

(પૂ. કસ્તુરબા ગાંધીજીની આજે (તા. ૨૨-૨-'૭૦ ના રોજ) ૨૬મી પુણ્યતિથિ છે. એની ઉજવણી સાથે ગાંધી શતાબ્દી મહોત્સવનું વર્ષ પણ સમાપ્ત થાય છે. પૂજ્ય બાનું જીવન ગાંધીજીના જીવન સાથે ઓતપ્રોત થયેલું હતું. ગાંધીજીએ પોતાની મહત્તામાં કસ્તુરબાના હિસ્સાનો પૂરેપૂરો સ્વીકાર કર્યો હતો. એ હિસ્સો તેમણે આદર્શ હિંદુ નારીને શોભે એ રીતે પૂર્યો હતો અને ગાંધીજીના આદર્શો અને જીવનકાર્ય સાથે તેમણે આત્મસાત કર્યો હતો, એની ઝાંખી લેખકે કરાવી છે. લેખક પૂજ્ય બા સાથે સાબરમતી આશ્રમમાં કેટલોક સમય રહ્યા હતા, અને તેમની સાથે રસોડાનું કાર્ય કર્યું હતું. એ વખતે એમને કસ્તુરબાની માનવતા, મમતા અને અન્ય વિલક્ષણતાઓનું જે દર્શન થયું તેનો અહીં સુંદર વિસ્તાર રજૂ કર્યો છે. આ લેખ જે તા. ૨૨-૨-'૭૦ ના જન્મભૂમિમાંથી ઉધ્ધૃત કરવામાં આવ્યો છે. તંત્રી)

હું બાને પહેલી વાર મળ્યો એને આજ ૪૬ વર્ષ થઇ ગયાં છે છતાં એમની યાદ મારા સ્મરણપટ પર હજીય જીવંત છે. બંધ આંખે વિચાર કરતાં બાની મૂર્તિ મારી આંખ આગળ તરી આવે છે. એમની આ યાદ હૃદયદ્રાવક છે. બેઠું કદ, ઉતાવળી ચાલ, મોટી અને સ્નેહાળ આંખો, ગોળ મુખારવિંદ, સ્પષ્ટ અને મક્કમ સાદ અને એમની પ્રાણવંત માનવતા એ બધાની યાદ આજેય એવી જ તાજી છે. બાની વિનમ્રતા અને મક્કમતા પણ સાંભરે છે. બાનુ સ્વરૂપ, મન, વચન અને કર્મથી સત્યને વરેલી અને સહુને એ માટે પડકાર ફેંકતી એક બહાદુર અને શક્તિશાળી નારીનું છે. આ મહાન અને સહુની પ્રીતિ મેળવનાર નારીની યાદ આપણા સહુ માટે પ્રેરણારૂપ બની શકે એમ છે.

બા ન તો ભણેલાં હતાં, ન ઝાઝાં બુદ્ધિશાળી હતાં; ન પ્રતિભાવાન હતાં કે ન તેમનામાં કોઇ વિશિષ્ટ શક્તિ હતી. આમ છતાં તેમણે ઘણી કીર્તિ મેળવી હતી. અભણ હોવા છતાં તેમણે ડહાપણ મેળવ્યું હતું; બીકણ હોવા છતાં તેઓ બહાદુર બન્યાં હતાં. વિનમ્ર હોવા છતાં તેઓ બીજાને ન્યાય તોળી આપતાં, કારણ તેમને સત્ય સમજાયું હતું અને તેને તેઓ પોતાના હૃદયથી અને પૂરી શક્તિથી વળગી રહ્યાં હતાં. આમ, તેઓ દરેક સ્ત્રી માટે, અદનામાં અદની સ્ત્રી માટે પણ એક આદર્શરૂપ બન્યાં હતાં.

### પ્રથમ મેળાપ

હું પહેલી વાર બાને ૧૯૨૪માં દિલ્હીમાં બાપુ જ્યારે હિન્દુ-મુસ્લિમ એકતા કાજે ઉપવાસ પર હતા ત્યારે મળ્યો હતો. બા માટે આ દિવસો ઘેરી ચિન્તા અને વેદનાના હતા. મને બા માટે ભોજન તૈયાર કરવાનું અને તેમને એ પહોંચાડવાનું કામ સોંપાયું હતું. હું મારું કામ કંઇક રૂઆબ અને બા માટે અદબની લાગણીથી કરતો, તો બાનાં સ્નેહાળ વ્યક્તિત્વ અને તેમની વહાલભરી વાતચીતથી હું ઘણી હાશ પણ અનુભવતો. બા ત્યારે કેટલીકવાર દૂધમાં ઘઉંનું થૂલું લેતાં. એ સિવાય મોટે ભાગે તો ફળ અને દૂધ પર જ રહેતાં હતાં. બાને ખાવાનું આપવા જાઉં ત્યારે તેઓ ઘણીવાર એકાએક મારી સામે જોઇ બાપુની તબિયત વિષે કંઇ બોલતાં અને પછી તરત જ એમની આંખમાંથી અશ્રુધારા વહેવા માંડતી.

બાપુના ઉપવાસ દરમ્યાન તેમની નબળાઇ ઘણી વધી ગઇ હતી. તેમની સેવા-ચાકરી માટે બા એક અનન્ય પરિચારિકા બની રહ્યાં હતાં. આ વેળા મારું હૈયું તો બા માટે કકળી ઊઠતું કારણ તેઓ સઘળી વેદના મૂકપણે સહી રહ્યાં હતાં. છેલ્લે જ્યારે બાપુએ ઉપવાસ છોડયા ત્યારે બાના ચહેરા પર હાસ્ય ચમક્યું અને આંખમાંથી હર્ષની અશ્રુધારા વહી રહી! બાપુ એમના જીવનમાં કોઈક ઉમદા હેતુ ખાતર વારંવાર બલિવેદી પર ચઢયા હતા, પણ બા તો આ વેદી પર માત્ર બાપુની વ્યથા અને પશ્ચાતાપમાં સહભાગી બનવા જ ચઢયાં હતાં એમાં અહિંસાના મહાન ભેખધારી બાપુ અને એમને પગલે ચાલનાર બા, એ બેમાં કોનું દુ:ખ વધુ મોટું હતું એ કહી શકાય એમ નથી. પ્રજાને શાંત ક્રાંતિ પ્રતિ દોરી રહેલા બાપુ પ્રસિદ્ધિની ઝાકઝમાળમાં રહેતા પણ બીજી તરફ વિનમ્ર અને સ્વકાર્યરત બા તો હંમેશાં અંધારામાં જ રહેતાં. મારું માનવું તો એવું છે કે બાપુ કરતાં બાએ જીવનભર વધુ કષ્ટ સહન કર્યાં હતાં અને તે પણ કશીય ફરિયાદ વિના!

### સાબરમતી આશ્રમ

હું ૧૯૨૫ની સાલમાં સાબરમતીના સત્યાગ્રહ આશ્રમમાં બાના સામૂહિક રસોડામાં રહ્યો હતો. આ ઘર બાપુનું હતું, પણ રસોડામાં બાનું જ રાજ હતું. ત્યાં બાપુનો હુકમ ચાલતો નહિ. બાનાં પૌત્રો-પૌત્રી સહિત અમે કુલ ૨૦ આશ્રમવાસીઓ ત્યાં જમતાં હતાં. રસોડાનો કારભાર બાના હાથમાં હતો. અમે બે-ત્રણ જણ રાંધવામાં અને પીરસવામાં બાને મદદ કરતા. બા સહુની પાસે કામ લેવામાં પાવરધા હતાં, તેમની જાત પાસેથી તો તેઓ સૌથી વધુ કામ લેતાં. બા રસોડા ઉપર દેખરેખ રાખતા એટલું જ નહિ, પણ રસોઇમાં, સાફસૂફીમાં અને વાળઝૂડમાં અમારા જેટલું જ કામ કરતાં. નિયમિતતા, ચોખ્ખાઇ, અને સારી રીતભાતના બા ખાસ આગ્રહી હતાં. આમ પરસ્પર સહકાર અને પરિશ્રમથી અમારું રસોડું અને અમારો રસોડાનો પરિવાર શોભતો હતો.

### મહેમાનોમાં મોતીલાલ નહેરુ

પણ અમારે કેટલાક પ્રશ્નો પણ હતા, અને સૌથી મોટો પ્રશ્ન બાપુને ઓચિંતા મળવા આવતા મહેમાનોનો હતો. ઘણીવાર એવું બનતું કે બપોરનું ભોજન પતી ગયું હોય, રસોડું ધોવાઈ ગયું હોય, બા બપોરનો બે ઘડીનો આરામ કરતાં હોય, અમે બીજા કોઇ કાર્યમાં મશગૂલ હોઇએ ત્યાં જ કોઇક મહેમાનો ઓચિંતા આવી ચઢે! એકવાર બપોરના આવા સમયે પંડિત મોતીલાલ નહેરુ એમના સંખ્યાબંધ મિત્રો સાથે બાપુને મળવા ઓચિંતા આવ્યા હતા. એ પ્રસંગ મને બરાબર યાદ છે.

આ મહેમાનો માટે ભોજન ફરીથી બનાવવાનું હતું. બાપુએ મને બોલાવ્યો અને કોઈકની મદદ લઈ રસોઈ કરવા કહ્યું. બાને તો એ ઊઠે ત્યારે જ કહેવું એવી સૂચના આપી. પણ બા તો રસોડામાં થતા અવાજથી તરત જાગી ગયાં અને રસોડામાં આવી બધી વાતનો તાગ પામી ગયા. પછી તેઓ તરત જ બાપુ પાસે પહોંચી ગયાં. બાપુને કહે, 'મને કેમ ન બોલાવી? શું હું રસોઈમાં એવી આળસુ છું?' બાપુએ કુનેહથી માફી માગી લીધી અને બા રસોડામાં પાછાં ફર્યા. રસોડામાં આવી તેમણે મારી ખબર લીધી. સાંભળવામાં આનંદ પડે એવા અંગ્રેજીમાં તેમણે મને પૂછયું, 'બાપુ કોલ યુ, વ્હાય યુ નોટ કોલ મી? વ્હાય યુ ઓપન કિચન વિધાઉટ પરમિશન?' મેં પણ માફી માગી લીધી અને બા રસોઈમાં પરોવાઈ ગયાં. થોડી જ વારમાં મોતીલાલજી અને તેમના મિત્રોને ગરમાગરમ રસોઈ પીરસાઈ. મોતીલાલજીએ ધન્યવાદ આપતા બા આનંદથી મલકાઈ ઊઠયાં.

### મહત્ત્વનું શિક્ષણ

મેં શિક્ષણ એકથી વધુ સ્થાને અને વધુ મહાન ગુરુઓ પાસે મેળવ્યું છે, પરંતુ બા પાસે મેળવેલા શિક્ષણનું મહત્ત્વ નિરાળું જ

છે. મને તેમની પાસેથી, ગાંધીજીએ નઈ તાલીમ શરૂ કરી એની પહેલાં બુનિયાદી શિક્ષણ મળ્યું હતું. આશ્રમમાં વહેલી સવારે ૪-૩૦ ના ટકોરે હું બાને વંદન કરતો. જો મારે એક મિનિટ પણ મોડું થાય તો બા તરત જ તેનો જવાબ માગતાં અને મારે આશ્રમની ડેરીમાં દોડતાં દૂધ લેવા જવું પડતું. બે ઘડા ગાયનું દૂધ અને બાપુ માટે એક નાના ઘડામાં બકરીનું દૂધ હું લઈ આવતો. સવારના સાડા છ વાગે નાસ્તામાં બધાને આગલા દિવસની ભાખરી અને લાલ ગોળ મળતો. જો કોઈને લાલ ગોળની સૂગ હોય અને તે ખાવામાં આનાકાની થતી હોય તો બા તરત જ ત્યાં હાજર થઈ જતાં, અને પછી તો આનાકાની કરનારને ગોળ ગળે ઊતારવા સિવાય બીજો કોઈ વિકલ્પ રહેતો નહિ. બાળકોને વધુ ખવડાવવાની ભારતીય માતાની સાચી-ખોટી આદત બાને પણ હતી.

### કઢી અને કૉફી

રસોડામાં બપોરના ભોજન સમયે અને તેના બે કલાક અગાઉથી ઘણી ધમાલ રહેતી. ચૂલા ભડભડ સળગતા હોય, શાકભાજી બફાતાં હોય, રોટલી વણાતી હોય અને તે બધાની ઉપર બા દેખરેખ રાખતાં હોય. રોટલી વણવાની અને શેકવાની બાની ઝડપ ઘણી હતી. તેમની કઢી તો અમને આશ્રમવાસીઓને ખૂબ ખૂબ ભાવતી.

બા હંમેશાં બધા જમી લે પછી જ જમવા બેસતાં. પોતાના સાથીઓને પોતાની જોડે બેસાડી જમાડવામાં બાને અનેરો આનંદ થતો. જો કોઈ બરોબર જમે નહિ તો બા એની તરત જ ખબર પૂછતા. ખાવામાં પાછળ પડી જાય એવા લોકો બાને ગમતા નહિ. કોઈ માંદું હોય તો બા એની માની જેમ સંભાળ લેતાં. પોતાની સાથે બેસી કોઈ ભરપેટ જમે તે જોઈ બાને ખૂબ ખૂબ આનંદ થતો. બાને કૉફી ખૂબ ભાવતી અને એકવાર દક્ષિણ ભારતમાં પીવાય છે એવી કૉફી મેં બનાવી આપી ત્યારે તેઓ મારા પર પ્રથમ વાર ઘણાં ખુશ થયાં હતાં. બાને રસોડામાં બાપુની દરમિયાનગીરી ગમતી નહિ અને બાપુ પણ ભાગ્યે જ ત્યાં આવતા. બાપુનું ભોજન બા ઘણી જ સંભાળથી બનાવતાં, એ તો સ્વાભાવિક છે.

### રાજાજીની કટોર

સત્યાગ્રહ અશ્રમના એ નાના રસોડામાં હું બા પાસેથી નિયમિતતા, સ્વચ્છતા, કયારેય ભૂલ વગરની સારી વર્તણૂંક, સહકારી ભાવના અને નિયમોનું ચુસ્ત પાલન શીખ્યો હતો. જીવનભર મને આ શિક્ષણ ઘણું મદદરૂપ નીવડયું છે. વર્ષો પછી હું વેલોરની સેન્ટ્રલ જેલમાં કેદી હતો ત્યારે મારી સાથે જ કેદમાં રહેલા રાજાજી એકવાર મારી ઓરડી જોવા આવ્યા. રાજાજી "એ" વર્ગના અને હું "બી" વર્ગનો કેદી હતો. મારી ઓરડી પાસે તેઓ થોડાક થંભી ગયા અને અંદર આવવા આનાકાની કરવા લાગ્યા. મને કહે, "તમારી ઓરડી એટલી બધી સ્વચ્છ છે કે મારે અંદર આવી રેતી કે કચરો ઠાલવી એને બગાડવી નથી." તેમના બોલવામાં કંઈક વ્યંગ હતો અને થોડીક મિત્રતા પણ. મેં એમને જવાબ આપતાં કહ્યું, "આ સાફસૂફી હું બા પાસેથી શીખ્યો છું" અને પછી રસોડામાં બા સાફસૂફીના કેટલાં આગ્રહી હતાં એ મેં તેમને કહ્યું.

### આંતરજ્ઞાતિય લગ્ન

મારી ભત્રીજી સરસ્વતી અને બાના પૌત્ર કાંતિલાલનું લગ્ન એક આંતરજ્ઞાતિય અને આંતરપ્રાંતિય લગ્ન હતું. છતાં બાએ તેની સામે કયારેય વાંધો ઉઠાવ્યો ન હતો. તેનો પોતાને ઘણો આનંદ થયો હોવાનું, બાપુએ મને જણાવ્યું હોવાનું મને યાદ છે. અગાઉ જ્ઞાતિપ્રથામાં માનતાં બાએ નાતજાતના ભેદભાવને મનમાંથી સંપૂર્ણપણે દૂર કર્યા ત્યાં સુધીમાં તો બા લોકસેવાના રાહે બાપુ જોડે ઘણી લાંબી યાત્રા કરી ચૂકયાં હતાં.

બા બ્રિટિશ સરકારનાં કેદી તરીકે ૨૨મી ફેબ્રુઆરી ૧૯૪૪ના દિવસે મૃત્યુ પામ્યાં ત્યારે હું મદ્રાસમાં 'ઈન્ડિયન એકસપ્રેસ'નો કાર્યકારી તંત્રી હતો અને મેં "ધી મુવીંગ ફિંગર રાઈટસ" એ શિર્ષક હેઠળ એક અગ્રલેખ લખેલો. આ અગ્રલેખથી મદ્રાસના ગવર્નર એટલા તો ગુસ્સે થયા હતા કે તેમણે મને છાપું બંધ કરાવવાની ધમકી આપી હતી! મારા આ અગ્રલેખ તરફ ત્યારના ભારતના વાઈસરોય લૉર્ડ વેવલનું પણ ધ્યાન દોરાયું હતું. મેં લૉર્ડ વેવલ કા-પુરુષ હોવાનું જણાવ્યું હતું, કારણ કે તેઓ મોતને ઉંબરે આવી ઉભેલી ઘરડી સ્ત્રીને પણ કેદમાંથી મુકત કરતા ગભરાયા હતા. મેં લખ્યું હતું કે બાથી ડરી ગયેલી સલ્તનત વિનાશને આરે આવી ઊભેલી છે.

### એકબીજાના પૂરક

ભારત અને વિશ્વના ઈતિહાસ પર બાપુ તેમની ભૂંસાય નહિ તેવી છાપ પાડતા ગયા છે. પરંતુ બાપુના પ્રભાવની ભીતરમાં અને તેના અતલઊંડાણમાં બાની મૂર્તિ રહેશે. બા અને બાપુ છૂટા ન પાડી શકાય એવાં, અભિન્ન હતાં, તેઓ એકબીજાનાં શકિતરૂપ હતાં, એકબીજાનાં પૂરક હતાં, બા વગર બાપુ અને બાપુ વગર બા સિદ્ધિ અને મહાનતાનાં શિખરો સર કરી શકયાં ન હોત અને તો ભારત અને વિશ્વ માટે તેમનો તેજપુંજ સમો વારસો પણ ન રહ્યો હોત.

(કસ્તુરબા ગાંધી રાષ્ટ્રીય સ્મારક ટ્રસ્ટના સૌજન્યથી) લેખક : જી. રામચંદ્રન

# આલ્બર્ટ સ્વાઈટ્ઝર ને મહાત્મા ગાંધી

(ગતાંકથી ચાલુ)

આમ છતાં સ્વાઈટ્ઝર જે બરોબર સમજી શકયો નહોતો તે હતો રાજકારણી જીવનમાં ગાંધીજીએ કરેલો અહિંસાનો ઉપયોગ. તેને લાગે છે કે "ગાંધીજીનું Passive Resistance —સવિનય પ્રતિકાર એ બળનો જ અહિંસક ઉપયોગ છે" અને એ એક એવું આક્રમણ છે કે જેને પહોંચી વળવાનું સીધા આક્રમણ કરતાં વધારે મુશ્કેલ હોઈને તેવો પ્રતિકાર સફળ બનવાનો વધારે સંભવ છે." પણ આ બાબતમાં ઈતિહાસે, ખાસ કરીને અંગ્રેજો અને હિન્દીઓના સંબંધને લગતા ઈતિહાસે – બતાવી આપ્યું છે કે સ્વાઈટ્ઝરની સમજણ ભૂલભરેલી છે. – સ્વાઈટ્ઝરને એમ ભય રહે છે કે બળનો આ પ્રચ્છન્ન ઉપયોગ હિંસાના સીધા ઉપયોગ કરતા વધારે કડવાશ પેદા કરે. આથી આગળ વધીને સ્વાઈટ્ઝરને લાગે છે કે "સવિનય અને સક્રિય પ્રતિકાર—Passive and activeresistance – વચ્ચે રહેલો ભેદ માત્ર ગુણવત્તાનો નહિ પણ માત્ર એક જ બળની ઓછી વધતી માત્રાનો છે." અને ઉમેરે છે કે "જયારે ગાંધીજી સવિનય-પ્રતિકાર સાથે અહિંસાને જોડે છે ત્યારે અભૌતિકને ભૌતિક સાથે સંલગ્ન કરે છે." અને આ વિષેની તેની શંકા–અશ્રદ્ધા પરાકાષ્ઠાએ પહોંચે છે, જયારે તે એમ જાહેર કરે છે કે "જે મૂળમાં જુદું છે તેનું મિશ્રણ અકુદરતી બને છે અને એ પ્રક્રિયા ઘણી જોખમી છે."

આવી ગેરસમજૂતીનો ખુલાસો શી રીતે કરવો? પ્રથમ તો, ન્યાય આપવાની ખાતર આપણે એ બાબતને ખાસ ધ્યાનમાં લેવી જોઈએ કે ભારતીય ચિન્તન ઉપર સ્વાઈટ્ઝરે આ પુસ્તક ૧૯૩૫માં લખ્યું છે કે જયારે ગાંધીવિચારની ઘણી બાજુઓ ખાસ કરીને ભારતની બહાર પૂરા પ્રમાણમાં જાણવામાં આવી નહોતી. બીજું, આપણે એ બાબત ઉપર ભાર મૂકવો જોઈએ કે આ વિષયમાં ખરી રીતે ગેરસમજૂતીથી વિશેષ કશું નથી. કારણ કે, "મહત્ત્વની બાબત એ નથી કે માત્ર અહિંસક પ્રતિકારનો ઉપયોગ થવો જોઈએ પણ આ દુનિયાનાં બધાં કાર્યો હિંસાથી બને તેટલા દૂર રહેવાની –પૂરી કાળજી રાખીને હાથ ધરાવા જોઈએ – અહિંસાની ભાવનાપૂર્વક બળના આવા ઉપયોગમાં માનવીય સમસ્યાનો ખરો ઉકેલ રહ્યો છે." આમ જણાવીને સ્વાઈટ્ઝર પ્રસ્તુત સમસ્યાનો જો કોઈ જુદો ઉકેલ સૂચવવા માગતા હોય તો આપણે જાહેર કરવું રહ્યું કે એવો કોઈ જુદો ઉકેલ તેમણે રજૂ કર્યો નથી અને ગાંધીજી અને સ્વાઈટ્ઝર વચ્ચે આપણને કશો પાયાનો મતભેદ નજરે પડતો નથી. આમ છતાં, આ બાબતમાં ગેરસમજૂતીથી વિશેષ કશું નહિ હોવા છતાં, સ્વાઈટ્ઝર જેવી મહાન અને ખ્યાતનામ વ્યકિતમાં આવી ગેરસમજૂતી હોય એ એક ખાસ ધ્યાન ખેંચે એવી બાબત છે. ખરેખર, મારા અભિપ્રાય મુજબ, આ પ્રશ્ન માનવજાતના બે મહાન શિક્ષાગુરુઓના વ્યકિતત્વના

પાયાના તફાવતને સ્પર્શે છે. ગાંધીજી અને સ્વાઈટ્ઝરની માનવતાલક્ષી માન્યતાઓમાં અનેક પ્રકારનું સામ્ય હોવા છતાં, બન્નેના આધ્યાત્મિક દષ્ટિકોણમાં અભિગમમાં પાયાનો તફાવત હતો: ગાંધીજી રાજકારણી નેતા હતા; સ્વાઈટ્ઝર રાજકીય ક્ષેત્રથી હંમેશા દૂર ભાગતા રહ્યા હતા. જો કે સ્વાઈટ્ઝર, તેની જિંદગીનાં પાછળનાં વર્ષો દરમિયાન, આણુ બોંબના પ્રાયોગિક ધડાકાઓ ઉપર મૂકાવા જોઈતા પ્રતિબંધ જેવી આંતરરાષ્ટ્રીય રાજકારણી બાબતો ઉપર ચર્ચા-આલોચના કરતા હતા, એમ છતાં, સ્વાઈટ્ઝરનાં લખાણોમાં રાજકારણને લગતી કોઈ મૌલિક વિચારણાનું આપણને નામનિશાન જોવા મળતું નથી, તેમને મુખ્ય રસ હતો માનવજાતની સભ્યતા અને સંસ્કૃતિમાં, વ્યક્તિના આત્મસાક્ષાત્કારના વિષયમાં અને નહિ કે રાજકારણી જીવનમાં.

આમ હોવાથી માલૂમ પડશે કે આલ્બર્ટ સ્વાઈટ્ઝર જો કે માનવજાતની પ્રગતિ અને ઉત્કર્ષ માટે આ દુનિયા અને જીવનના સમર્થનને world and life affirmationને-પાયાની સરત તરીકે ઉપદેશતા રહ્યા હતા. એમ છતાં, માનવજાત પ્રત્યે તેમનામાં સંપૂર્ણ અને સક્રિય ભક્તિભાવ હોવા છતાં, જવાબદાર રાજકારણી પ્રવૃત્તિઓ વિષે તેમનું વલણ તદ્દન વિમુખતાના રૂપનું રહ્યું હતું અને તે રીતે તેમનું આ વળણ દુનિયા અને જીવનની આ મહત્ત્વની બાજુ અંગે નિષેધાત્મક રહ્યું છે. સ્વાઈટ્ઝરના જીવનની આ એક એવી બાજુ છે કે જેના કારણે માનવજાતના ઈતિહાસમાં ગાંધીજી આખરે મહત્તર વ્યક્તિ પુરવાર થાય છે.

આ બન્ને મહાનુભાવોના બે સિદ્ધાંતો-અહિંસાનો સિદ્ધાંત અને જીવન વિષેના આદરનો સિદ્ધાંત-આ બન્ને વિષે વધારે ઊંડાણથી વિચાર કરતાં માલૂમ પડશે કે આ બન્ને ચિંતકો સર્વસાધારણ જીવનદર્શન દ્વારા જે સમગ્રને અને સર્વકાંઈને સમાવે એવી વિચારણા પ્રસ્થાપિત કરવા ખૂબ જ આતુર હતા.

તત્ત્વમાં ગાંધીજીએ પ્રરૂપેલો અહિંસાનો સિદ્ધાંત અને સ્વાઈટ્ઝરે પ્રરૂપેલો જીવન માટેના આદરનો સિદ્ધાંત-બન્ને એક જ સિક્કાની બે બાજુ જેવા છે. તેમાં વિધાયક સક્રિય પ્રેમનો જ સંદેશ રહેલો છે. સનાતન તત્ત્વની-પાયાના સત્યની-શોધમાં બન્ને એટલા બધા મક્કમ અને અડગ છે કે દુનિયા તેમની મશ્કરી કરે તેની તેમને કોઈ પરવા નથી. અને બીજી બે બાબત ધ્યાન ખેંચે તેવી છે કે બન્નેનાં મન એક જ દિશામાં કામ કરતાં હતાં.-તે એટલે સુધી કે તે બન્ને એક સરખી પરિભાષાનો અને એક સરખા રૂપકોનો ઉપયોગ કરતા હતા. આમ છતાં બન્ને ચિન્તકોને એ હકીકતનું પૂરું ભાન થયું હતું કે નીતિશાસ્ત્રનો આ એકાન્તલક્ષી સિદ્ધાંત સોએ સો ટકા માનવી જીવનમાં ઉતારી શકાય તેમ છે જ નહિ. ગાંધીજીએ કહ્યું છે કે "જ્યાં સુધી ભૌતિક સ્તર ઉપર આપણે જીવીએ છીએ ત્યાં સુધી સંપૂર્ણ અહિંસાનું આચરણ અશક્ય જ છે. આમ છતાં પણ આપણે આપણા જીવનની પ્રત્યેક ક્ષણે અહિંસાને આપણા જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરતા રહેવું જોઈએ."

આમ છતાં પણ મહાત્મા ગાંધીજી અને આલ્બર્ટ સ્વાઈટ્ઝરના તત્ત્વદર્શને જે મહાન પ્રગતિ સાધી છે તે એ છે કે હિંસાની આ અનિવાર્યતા એક પ્રકારનું આંતરિક મથામણ હોય, એક પ્રકારનો અપરાધ હોય, ગુન્હો હોય-એમ બન્ને અનુભવે છે. ગાંધીજી અને સ્વાઈટ્ઝર બન્ને કબૂલે છે કે હિંસાના કોઈ પણ કૃત્યનો સિદ્ધાંતના આધાર ઉપર બચાવ થઈ શકે જ નહિ. તેનો બચાવ Expediency ઉપર-સંયોગોએ પેદા કરેલી અનિવાર્ય પરિસ્થિતિ ઉપર જ થઈ શકે.

માનવતાના ચિંતનના ક્ષેત્રે ખરેખર આ એક અસાધારણ સીમાચિહ્ન ગણાય. કોઈ પણ કર્મની પાયાની નૈતિકતા અને સંયોગાધીન જરૂરત-આ બે વચ્ચેની સ્પષ્ટ ભેદરેખા કોઈ હિંસક કર્મને નૈતિકતાની દષ્ટિએ વ્યાજબી ઠરાવી ન જ શકે; આ ભેદ રેખા તત્ત્વના ક્ષેત્રમાં હિંસાને પ્રવેશ કરતી અટકાવે છે; અને સૈકાઓ દરમિયાન તત્ત્વદર્શનનો જે પારવિનાનો દુરુપયોગ થતો રહ્યો છે તેને પણ અટકાવે છે. એક વખત આ પ્રકારના જીવનદર્શનનો માનવજાત સ્વીકાર કરે, અપનાવે, તો પછી to talitarian Doctrice સરમુખત્યારશાહીનું સમર્થન કરતો સિદ્ધાંત જીવવાયોગ્ય અને ન જીવવા યોગ્ય જીવન વચ્ચેના ભેદને Survival of the Fittest ના વિચારને આગળ ધરીને જે અવળી રજૂઆત કરે છે તેવી રજઆત માટે કોઈ અવકાશ નહિ રહે.

ગાંધીજી અને સ્વાઈટ્ઝર વચ્ચે રહેલું આ મર્મસ્પર્શી સામ્ય આ પ્રશ્નની બીજી અનેક બાજુઓમાં પણ આપણને જોવા મળે છે. દાખલા તરીકે અહિંસાને અથવા તો જીવનના આદરને સમર્પિત જીવન એટલે કે વ્યક્તિની માનવજાત સાથે સંપૂર્ણ સંવાદિતા અને જીવનની પરિપૂર્ણતાદ્વારા સાચો આત્મસાક્ષાત્કાર છે એમ બન્ને સમજે છે, સ્વીકારે છે.

સ્વાઈટ્ઝર કહે છે કે: "હું જે નમ્ર છું, શાન્તિચાહક છું, સહનશીલ છું, મૈત્રીભાવથી પ્રભાવિત છું તે અન્ય જીવો પ્રત્યેના માયાળુપણાના કારણે છે એમ નથી, પણ તેનું કારણ એ છે કે આવા વર્તનથી મારો પોતાના આત્મસાક્ષાત્કાર એ જ પરમ સત્ય છે. આ બાબતને હું પુરવાર કરું છું." મહાત્મા ગાંધીજીએ પણ એ જ મતલબનું કહ્યું છે કે "જીવન એક મહત્ત્વાકાંક્ષા છે, તેની પૂર્ણતા જેનું બીજું નામ આત્મસાક્ષાત્કાર છે તેને પ્રાપ્ત કરવી એ તેનું ધ્યેય છે." આમ હોવાથી; બન્ને-ગાંધીજી અને સ્વાઈટ્ઝર-ક્ષમાશીલતા, ત્યાગ અને આત્મસમર્પણ ઉપર ખૂબ જ ભાર મૂકે છે.

આ રીતે માનવજાતના આ બન્ને મહાન શિક્ષાગુરુઓની પ્રતીતિઓ વચ્ચે અસાધારણ સામ્ય આપણે સ્પષ્ટપણે જોઈ શકીએ છીએ. આ પ્રતીતિઓ ઉપર-આ નિર્ણયો ઉપર-બન્ને એકમેકથી સ્વતંત્ર રીતે પહોંચેલા છે. ખરી રીતે તેમના ચિન્તનની શરૂઆત, માનસશાસ્ત્રની દષ્ટિએ વિચારતા, એકમેકથી તદ્દન ભિન્ન રીતે થયેલી છે; તેમાં સ્વાઈટ્ઝર અને ગાંધીજીની વ્યક્તિગત પરંપરા અને આધ્યાત્મિક ભૂમિકા પ્રતિબિંબત થતી દેખાય છે. સ્વાઈટ્ઝર તેની વિચારણામાં પોતાનામાં રહેલી Will-to-live થી-વ્યક્તિગત જિજીવિષાથી-શરૂઆત કરે છે, 'જેમ મને જીવવું ગમે છે તેમ દરેક જીવને પણ જીવવું ગમે છે' એ મુજબ એ વિચારનું તેઓ પૃથક્કરણ કરે છે અને એમાંથી સર્વસાધારણ અનુમાનો-નિર્ણયો ઉપર તે આવે છે. આ રીતે તે પાશ્ચાત્ય વ્યક્તિલક્ષી તત્ત્વચિંતનની ભાતને અનુસરે છે. આ ચિંતનમાં બર્ગસનના ૧૯મી સદીના જીવનદર્શનની અસર નજરે પડે છે, ગાંધીજી બીજા જ માર્ગે ચાલે છે. તે જીવનના સનાતન નિયમોના નમ્ર અને એમ છતાં ખૂબ જ નિષ્ઠાપૂર્ણ શોધક છે અને આ નિયમો વ્યક્તિગત ઈચ્છાની બહારના અને ઉપરના હોવાનું તેમને માલૂમ પડે છે. તેઓ Absolute ને-પરમ તત્ત્વને-સાક્ષાત્કાર તરીકે-જીવનના પરમ રહસ્ય તરીકે શોધી કાઢે છે, પ્રાપ્ત કરે છે. અને તેમના માટે વ્યક્તિગત ચિન્તન એ આ સનાતન આધ્યાત્મિક મૂલ્યોનું એક પ્રકારનું અર્થઘટન છે. આ રીતે તેઓ ભારતીય દર્શનની જે ખાસ ભાત છે, ધ્યાન અને રહસ્યવાદ, જેમાંથી દિવ્ય દર્શન નિર્માણ થાય છે-આ માર્ગે તેઓ આગળ ને આગળ પ્રવાસ કરે છે.

તેમની પ્રત્યેકની વાણીમાં પણ મોટો તફાવત છે: ગાંધીજી ગુરુની ભાષા બોલે છે. તેમની પાસે ગૂઢ વિચારોને સાદામાં સાદી ભાષામાં રજૂ કરવાની અનુપમ કળા છે. સ્વાઈટ્ઝરની વાણી-તેમાં વિશદતા અને ભાષાકીય માધુર્ય હોવા છતાં-તત્ત્વવેત્તાની છે; પંડિતની છે.

પરિણામે અહિંસા અને જીવન વિષે આદરના સિદ્ધાંતો ભાઈબહેન જેવા છે, તે સિદ્ધાંતોમાંથી એમ ફલિત થાય છે કે દુનિયા આધ્યાત્મિક રીતે અને તત્ત્વમાં પૂર્વ કે પશ્ચિમ પરત્વે એક જ છે. આમ છતાં આપણા આ ક્ષુબ્ધતાભર્યા કાળમાં ગાંધીજીએ અને આલ્બર્ટ સ્વાઈટ્ઝરે માનવજાતમાં વિશ્વાસ પેદા કર્યો છે અને આ દુનિયાને શાન્તિપૂર્વક અને સર્વકોઈના ભલા માટે બદલી શકાય તેમ છે એવી આશાને તેમણે પુન: સતેજ કરી છે.

અનુવાદક: મૂળ અંગ્રેજી:

પરમાનંદ સમાપ્ત જી. કુંઝ

# ☆ ગુજરાતનું ગરવું ગિરિનગર—સાપુતારા ☆

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સમયના લાંબા ગાળે યોજાયેલા સાપુતારા આનંદ પર્યટન માટે અમે શનિવાર તા. ૨૪મી જાન્યુઆરીએ રાતે ભુસાવળ પેસેન્જર ટ્રેઈનમાં અમારી કાર્યવાહક સમિતિના એક સભ્ય અને જાણીતા પ્રવાસ–સંચાલક શ્રી ભગુભાઈ દ્વારા રીઝર્વ થયેલ ટુરીસ્ટ કોચમાં સાપુતારા ભણી રવાના થયા.

અમારી પ્રવાસી મંડળીમાં ૧૨ બહેનો હતી, ૩ બાળકો હતા અને બાકીના ભાઈઓ હતા. અમારા પ્રવાસમાં પહેલી જ વાર જોડાનારાઓમાં એક તો હતા શ્રી એ. જે. શાહ, મુંબઈના જાણીતા ઈન્કમટેક્સના સલાહકાર; બીજા હતા શ્રી નટુભાઈ શાહ, ફિલ્મ ડિસ્ટ્રીબ્યુટર. યુગલોમાં બહેન નલિની તથા તેમના પતિ શ્રી નરેન્દ્રભાઈ શાહ. એક કવિદંપતી શ્રી રમાકાન્ત જાની તથા તેમના પત્ની અને તેમનો નાનો બાબો—અમારી આ મંડળીમાં અમારા મહેમાનોના નાતે જોડાયા હતા. અમારા મંડળીમાં યુવાનો, પ્રૌઢો અને બુઝુર્ગો પણ હતા, એટલે જ્યારે ગાડીએ વી. ટી. છોડયું ત્યારે મનમાં વિમાસણ હતી કે આ બધાનો કેવી રીતે સુમેળ જામશે અને આનંદ આવશે કે કેમ? પરંતુ ૨૭મીની સવારે જ્યારે મંડળી પાછી ફરી ત્યારે આ ચાલીશ પ્રવાસીઓનું એક કુટુંબ થઈ ગયું હતું અને કોઈને છુટા પડવાનું મન થતું નહોતું, બલ્કે કયારે પાછું ફરી આવું પર્યટન ગોઠવાય અને કયારે બધા પાછા મળીએ એવું મનમાં થતું હતું.

આ ટુરીસ્ટ કૉચમાં બે બાજુ સત્તર પ્રવાસીઓને સુવા–બેસવાની વ્યવસ્થા ઉપરાંત એક જુદી કેબિન છ જણ માટે હોય છે, તથા બીજી બે કેબિનો પૈકી એકમાં રસોડું હોય છે, અને બીજીમાં ચોકડી–પાણિયારાની વ્યવસ્થા હોય છે. છ જણની કેબિન શ્રી દામજીભાઈ તથા તેમના સંબંધીઓને અમે આપી. બાકીના બે વિંગ માટે અમે સૌને લોકશાહીનો અધિકાર આપી કોઈને કશી જ સૂચના આપ્યા વિના તેમની સ્વતંત્રતાનો ઉપયોગ કરવા દીધો. આથી સૌ પોતપોતાની સુવાની વેતરણમાં લાગી ગયા, અને અમે જોયું કે સૌ હવે આ બાબતમાં નિશ્ચિંત થઈ ગયા છે એટલે એકબાજુની વિંગમાં બધાને બોલાવ્યા. બધાનો શ્રી ચીમનભાઈએ એમની લાક્ષણિક શૈલીમાં પરિચય કરાવ્યો. પ્રવાસી ભગુભાઈએ બધાને માટે ચા મૂકાવી. સાથે સાથે સવારના નાસ્તા માટે ફરસી પૂરી અને ગાંઠિયાની તૈયારી પણ ચાલુ થઈ ગઈ હતી, ચા આવી. બધાએ ચા—કૉફીને ન્યાય આપ્યો અને હસતા હસાવતા સાપુતારાનું સ્વપ્ન સેવતા સૌ સૂઈ ગયા. ત્યારે ઘડીઆળનો કાંટો ૧૨ અને ૧ની વચ્ચે આવી ગયો હતો.

* * *

અમને કહેવામાં આવ્યું હતું કે નાસિક પાંચ વાગે આવે છે, એટલે અમારા સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહ, જેઓ હંમેશા પ્રવાસમાં વહેલા ઊઠનારા છે તે સાડા ચાર વાગ્યામાં "પ્રાત:–સ્મરામિ"નો શ્લોક બોલતા બોલતા આખા ડબ્બાની પ્રદક્ષિણા કરવા લાગ્યા અને બધા આનંદમાં આવી ગયા. કોઈકે મીઠો ઠપકો પણ આપ્યો કે "શું કામ હેરાન કરો છો? સુવા દોને." પણ બધા સમજી ગયા કે મોડા ઊઠવામાં તો બધું મોડું જ થશે, એટલે સૌ એક પછી એક પ્રાત:ક્રિયામાં લાગી ગયા. નાસિકથી સાપુતારા પહોંચતા નવ—દશ વાગી જવાના હતા એટલે ડબ્બામાં જ શ્રી ભગુભાઈ તથા તેમના પત્ની પુષ્પાબહેને અમને ચાહ, ગાંઠિયા, ફરસી પૂરી અને મૂળાના કાંદા પીરસ્યા, અને બધાએ તેને સારો ન્યાય આપ્યો.

હવે નાસિક સ્ટેશનના પ્લેટફોર્મ પાસે જ રીઝર્વ કરાવેલી 'બેસ્ટ'ની બસ આવી ગઈ હતી. તેમાં સામાન મુકાયો અને સૌએ ઠંડીના ચમકારામાં જલદી જલદી બસમાં જગ્યા લઈ લીધી. દિવસ ઊઘડતો હતો, વાતાવરણમાં સારી એવી ઠંડી હતી, લોકો કામે ચઢતા હતા, પંખીઓના ગીતો કયાંક કયાંક સંભળાતા હતા, દુકાનો ઉઘડવાની તૈયારી થતી હતી. નાસિકમાં એસ. ટી. બસ સ્ટેશન પાસે બસ ઊભી રહી.નાસિક એટલે ચીવડો; અહીં એક દુકાનેથી કેટલાક મિત્રોએ ચીવડો લીધો, કેટલાક મિત્રોએ કેળા લીધા. શ્રી ભગુભાઈએ ચા—પાણી માટેનું દૂધ એક ઠામમાં ભરાવી બસમાં સાથે લીધું. અને અંતકડીની રમઝટ વચ્ચે બસ સડસડાટ સાપુતારાને માર્ગે, ઠંડા પવનનો સામનો કરતી, પાકી સડક ઉપર દોડતી હતી. બસે હવે શહેર અને પંચવટી વટાવી દીધા હતા. જમણી બાજુ સૂરજદેવતા એમની સોળે કળાએ ખીલી રહ્યા હતા. આકાશ સ્વચ્છ હતું. કયાંક કયાંક સફેદ નાની વાદળીઓ ફરવા નીકળી હતી. ખેતરોમાં કોઈક ઠેકાણે લીલાછમ ગાલીચા હતા તો કયાંક



* સાપુતારાની અમારી પ્રવાસી મંડળી *

સૂકા ઘાસની પથારીઓ હતી. જીવનમાં વસંત છે તો પાનખર પણ છે, અને પાનખર છે તો જ વસંત છે. ઘડીકમાં નાની નાની ગિરિમાળા દેખાય તો વળી થોડીવારમાં એ ક્યાંક ગુમ પણ થઈ જતી. વચ્ચે વચ્ચે ઝૂંપડાઓમાં દરિદ્રનારાયણનાં દર્શન પણ થતાં. વચમાં તળાવ–ગરનાળા આવતા અને ઝાડીઓ પણ આવતી. અનંત આકાશ–અનંત ધરતી–ઉપર ગગન નીચે ધરતી. કેટલો બધો મોટો આપણો દેશ છે, જાણે ધરતીનો છેડો જ નથી–આવું સ્પંદન થતા હૃદય આનંદથી નાચી ઊઠતું હતું.

હવે ડાંગ જિલ્લામાં અમે પ્રવેશી ગયા હતા. સહ્યાદ્રિની ગિરિમાળાએ અમારું ભાવભીનું સ્વાગત કર્યું. કુદરત સૌન્દર્યથી લચી પડતી હતી. જ્યાં જ્યાં નજર નાખીએ ત્યાં ત્યાં મનોરમ્ય સૃષ્ટિસૌન્દર્યનું દર્શન થતું હતું. સાપુતારા, સહ્યાદ્રિની ગિરિમાળાનું એક અંગ હોવાને કારણે ગુજરાત સરકારે આનું નામ "ગિરિનગર-સાપુતારા" રાખ્યું છે અને આને ગુજરાતનું "હિલ–સ્ટેશન" બનાવ્યું છે. ભારતના અન્ય ગિરિમથકો કરતાં સાપુતારા અનોખી ભાત પાડે છે.

બિલિમોરાથી નાની રેલ્વે ગાડીમાં બેસી વઘઈ સ્ટેશને ઉતરી ત્યાંથી બસમાં બેસી સાપુતારા જવાનો એક માર્ગ છે. બીજો માર્ગ, જે અમે લીધો હતો તે–નાસિકથી બસ દ્વારા જવાનો છે. બિલિમોરાથી પણ સાપુતારાનો સીધો બસવ્યવહાર હમણા ચાલુ થયો છે. બિલિમોરાથી સાપુતારા ૧૧૨ કિલોમિટર છે, જ્યારે નાસિકથી સાપુતારા ૮૦ કિલોમિટર છે.

આશરે ૩૫૦૦ ફીટની ઊંચાઈ પર આવેલું સાપુતારા એક વિશાળ જગામાં પથરાયેલું છે. માહિતી નિયામકની કચેરીની બાજુમાં અન્નપૂર્ણા કેન્ટિન છે. જ્યાં ચા–નાસ્તો તથા સવાર–સાંજનું ભોજન નિયમિત મળે છે. તદ્દન નજીકમાં જ વરસાદના પાણીનો સંગ્રહ કરીને એક ડૅમ બાંધેલો છે, જેના પરિણામે આ સ્થળની શોભા અત્યંત વધી ગઈ છે. ડૅમની આ બાજુ તળાવમાં આખું વરસ પાણી ભરેલું હોય છે, જે પીવાના કામમાં આવે છે અને તળાવને નાકે પ્રવાસીઓ માટે નાનાં મોટાં અતિથિગૃહો સરકારે બાંધ્યા છે, જેમાં બધી જ વ્યવસ્થા છે. તળાવમાંથી પીવાના પાણીની પાઈપ લાઈન હજુ નંખાઈ નથી, પરિણામે ટ્રકદ્વારા ટાંકીઓમાં ભરી ભરીને પાણી પ્રવાસીગૃહમાં લાવવામાં આવે છે.

કચેરીની પાછળની બાજુથી નજર નાંખીએ તો નીચે ખીણમાં રમણીય દશ્ય નજરે પડે છે. ડાબી બાજુ થોડે દૂર એક નાનકડી ટેકરી પર સનસેટ પોઈન્ટ છે. જમણી બાજુ થોડું વધારે દૂર સનરાઈઝ પોઈન્ટની ટેકરી છે. આ ટેકરીનું ચઢાણ જરા સખત છે અને ક્યારેક બે હાથે ને બે પગે આધાર રાખીને ચઢવું પડે છે. પણ ઉપર ગયા પછી તો અત્યંત નયનરમ્ય દશ્ય નજરે પડે છે. વાદળાંઓની વચ્ચે જાણે આપણે સંતાકૂકડી રમતાં હોઈએ એવું લાગે છે. અમારા પૈકીનાં થોડાં ભાઈ–બહેનો તો આખી આ ટેકરી એક બાજુથી ચઢ્યા અને બીજી બાજુથી ઊતર્યાં. ત્યાં 'નવા–સાપુતારા' નામની વસાહત બનેલી છે.

અહીં પ્રવાસીગૃહમાં બે ડોરમિટરીમાં અમારું અગાઉથી રીઝર્વેશન થયેલું હતું. દરેક ડોરમિટરીમાં વીશ વીશ ખાટલાની–ગાદી, ઓછાડ, રજાઈ, અને ઓશિકા સાથે – સગવડ હતી. અમે સાપુતારાનાં પ્રવાસીગૃહમાં ઉતારો કર્યો ત્યારે બસના ત્રણ કલાકના પ્રવાસથી સહેજે થાકી ગયા હતા એટલે સીધા જ સૌ પોતપોતાની જગ્યા કરી આરામ લેતા લાગ્યા. એક પ્રવાસીગૃહ 'ઈન્ડિકેટે' કબજે કર્યું, જ્યારે બીજું "સીન્ડીકેટે.' – ચાલો વહેંચણીમાં પણ સૌની પોતપોતાની સૂઝ કામ લાગી.

શ્રી ભગુભાઈ પ્રવાસીની જવાબદારી હવે વધી ગઈ–મોડું થયું અને જમવાનું એક વાગ્યા પહેલા તો આપવું જ જોઈએ. પરંતુ એમની મશીનરી ઘણી વ્યવસ્થિત અને જોરદાર હતી, એટલે કંઈ પણ બૂમ પડે એ પહેલા જ તેમણે સૌને ગરમાગરમ રોટલી, દાળ, ભાત, શાકનો પૂરવઠો પૂરો પાડયો. કેટલાકે નાહીને ખાધું તો કેટલાક ખાઈને નાહ્યા. બપોરના બે વાગ્યે ઠંડી આબોહવામાં ગોદડાં ઓઢી પથારીમાં પડયા ત્યારે પરમ તૃપ્તિનો અનુભવ સૌને થયો અને જ્યારે બધાંએ ગોદડાં દૂર કર્યાં ત્યારે ચાર વાગ્યાની ચા સૌ માટે તૈયાર હતી.

હવે કોઈ નિશ્ચિત કાર્યક્રમ હતો નહિ, શ્રી ધીરુભાઈ (એમના પત્નીનું નામ વિદ્યાબહેન હોવાથી અમે એમનું નામ વિદ્યાપતિ પાડેલું) સૃષ્ટિસૌન્દર્ય માણવા ક્યારના ઉતાવળા થઈ રહ્યા હતા. તેમનું સૂચન થયું કે બધાએ 'સનસેટ' પોઈન્ટ ઉપર જવું. થોડાક મિત્રો, પર્વત પર ચઢવાનો કંટાળો વ્યક્ત કરતા હતા એટલે બધા જુદી જુદી દિશાઓમાં વિહરવા લાગ્યા. કુદરતપ્રેમી યુગલોએ વિદ્યાપતિની આગેવાની સ્વીકારી અને સૂર્યાસ્તનું દર્શન કરી આવ્યા ત્યારે એ દશ્યની પ્રસંશા કરતા થાકતા ન હતા.

રાતનું ભોજન ગરમાગરમ પરોઠા–શાક ફાનસને અજવાળે લેવું પડ્યું. આજે અમારી મંડળીના સદ્ભાગ્યે (!) સાપુતારાનું વિદ્યુત જનરેટર હડતાળ ઉપર ઊતર્યું હતું! અમદાવાદથી શૂટીંગ કરવા આવેલ અને અમારા બાજુમાં જ ઊતરેલી મંડળીના લોકોને એમનું પોતાનું જનરેટર હતું પણ એનો અવાજ કાનના પડદાઓ તોડી નાખતો હતો અને પ્રકાશ તો એમને જ મળતો હતો. આથી અમે તેઓને વિનંતિ કરી તેમનું જનરેટર મકાનની પાછળના ભાગમાં મુકાવ્યું એટલે સર્વત્ર શાંતિ વ્યાપી ગઈ અને અમે બે પંગતે પેટપૂજા કરી.

પર્યટનમાં મનોરંજન કાર્યક્રમ માટે તો રાતનો જ સમય હોઈ શકે, એટલે અમારી મંડળીના સૌ સભ્યો 'સિન્ડિકેટ'નાં શયનગૃહમાં ભેગા થયા. કલાકાર–કવિ શ્રી રમાકાન્ત જાનીએ એમનું યોગ્ય સ્થાન લઈ લીધું. અતિથિવિશેષ તરીકે અત્રેના માહિતી નિયામક શ્રી નાનુભાઈ નાયક હતા.

મનોરંજન કાર્યક્રમની શરૂઆતમાં યુવક સંઘ વતી મંત્રી શ્રી ચીમનભાઈએ સૌને આવકાર આપ્યો અને આનંદપર્યટનને સફળતા ઈચ્છતા આ પ્રસંગે આવેલા કેટલાક સંદેશાઓ વાંચી સંભળાવ્યા. આ સંદેશાઓમાં વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધી, અમેરિકાના પ્રેસિડેન્ટ શ્રી નિક્સન, ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી હિતુભાઈ, મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી વી. પી. નાયક, પૂજ્ય વિનોબાજી તથા યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તથા ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કાપડિયા તથા પૂનાથી શ્રી ખીમજી માડણ ભુજપુરિયાના સંદેશાઓ મહત્ત્વના હોઈ વાંચી સંભળાવવામાં આવ્યા. બાકીના સંદેશાઓ સમયને અભાવે વાંચવામાં નહોતા આવ્યા. અને ત્યાર બાદ જેમની બહુ જ આતુરતાપૂર્વક રાહ જોવાતી હતી તે શ્રી રમાકાન્ત જાનીએ એમનો ગીતોનો–મુક્તકોનો – શાયરીનો "બાબલે આઝમ"નો કાર્યક્રમ શરૂ કર્યો. શ્રી રમાકાન્ત જાનીના કાવ્યો–ગીતો–કથા–ગીતોને પ્રેક્ષકગણે તાળીઓના ગડગડાથી વધાવ્યા અને ત્યારે ઘડિયાળમાં બે કાંટા ભેગા થઈ ગયા હતા. જાનીના ગીતોની સાથે એક બે મિત્રો એમના નસકોરાનું સંગીત પણ પીરસતા હતા પરંતુ એ તો પાર્શ્વસંગીતની ગરજ સારતું હતું એટલે એ સંગીતને બંધ કરવાની કોઈએ હિંમત ન કરી. અતિથિવિશેષ શ્રી નાનુભાઈ નાયકે રજા લીધી. બીજા દિવસે સરકીટહાઉસમાં એમના હાથે ધ્વજવંદન હતું તેમાં આવવાનું સૌને નિમંત્રણ આપ્યું અને સૌ છૂટા પડયા.

બધા પથારીમાં પડયા, પણ ત્યાં તો શ્રી ભગુભાઈએ હાકલ કરી, "અરે, જુઓ તો ખરા, ચાંદ કેટલો સરસ લાગે છે? ચાલો

તળાવ પાસે જઈએ." અને ચંદ્રાબહેન, શ્રી હસમુખભાઈ, પુષ્પાબહેન, ભગુભાઈ તથા કુદરતપ્રેમી મેનાબહેન અને અજિતભાઈ—ચાંદનીનું રસપાન કરવા તળાવ બાજુએ ઊપડયા, ત્યારે કેટલાક સુખેથી નિદ્રાદેવીને શરણે થઈ ગયા હતા.

* * *

સાપુતારામાં સોમવારનું સુપ્રભાત થતા પાછા ચીમનભાઈએ "પ્રાત: સ્મરામિ"ના શ્લોકથી સૌને જાગૃત કરવાનું કાર્ય શરૂ કરી દીધું. બહાર નજર નાખતા સર્વત્ર ગાઢ અંધકાર અને ધુમ્મસ તથા ઝરમર ઝરમર વર્ષાનો અનુભવ થયો. દૂર–સુદૂર કયાંય ઝાડ–પાન–મકાન કે જમીન દેખાતા ન હતા. ધુમ્મસ અને વાદળોને જાણે હાથથી સ્પર્શ કરી શકાતો હતો! કેટલું અદ્‌ભુત! કેટલું બધું રમ્ય! સૌ બોલી ઊઠયા – ના–ડોલી ઊઠયા.

સવારના સાડા આઠે સરકીટ હાઉસમાં ધ્વજવંદન માટે જવાનું હતું એટલે બધા જલદી જલદી તૈયાર થવા લાગ્યા. ચા–પાણીને થોડી વાર હતી, ત્યાં અમારા સૌના મિત્ર શ્રી ટોકરસી વીરાના પુત્ર વિનેસનો જન્મ દિન ઉજવવાનું નક્કી થયું. વિનેસભાઈ નવા કપડાં પહેરી, ટાઈ લગાડી એમની જન્મદિનની કેઈક કાપવા તૈયાર થઈ ગયા. ફુગ્ગાઓથી ઈન્ડિકેટના નિવાસસ્થાનને શણગારવામાં આવ્યું. નવ મિણબત્તી સળગાવવામાં આવી. 'Happy Birth Day to You'નું સમૂહગીત બધાએ ગાઈ વિનેસને જન્મ દિનની મુબારકબાદી આપી. મંડળી તરફથી તેને એક સારી ભેટ પણ આપવામાં આવી. વાતાવરણ વધુ ને વધુ રસમય અને મસ્ત બનતું હતું.

હવે બધા ચા–પાણી નાસ્તો લઈ સરકીટ હાઉસ ભણી જવા રવાના થયા. સરકીટ હાઉસ સાધારણ ઉંચી ટેકરી ઉપર સરકારી અમલદારો માટે અદ્યતન ઢબે બાંધવામાં આવેલું ખાસ અતિથિગૃહ હતું. પ્રજાસત્તાક દિનના ધ્વજવંદનમાં, સાપુતારામાં આવેલા ફિલ્મી કલાકારોએ, મરચન્ટ એસોસિયેશનના વ્યાપારીઓએ અને આપણા યુવક સંઘના સભ્યોએ ભાગ લીધો. શ્રી નાનુભાઈ નાયકે સૌનો આભાર માન્યો.

ધ્વજવંદનની અરધા કલાકની વિધિ પછી સૌ પાછા ઉતારા-ભણી વળવા લાગ્યા, ત્યારે આકાશમાં સૂરજદેવતા ઊંચે આવી રહ્યા હતા, પરંતુ વાયુની શીતળતા જરાય ઓછી થતી નહોતી. આથી સૌએ આજે સ્નાન ન કરવું એમ વિચાર્યું, પરંતુ પછી ધીમે ધીમે લગભગ બધાએ–કોઈએ તળાવમાં તો કોઈએ બાથરૂમમાં – ગરમ યા ઠંડા પાણીએ સ્નાન કરી લીધું.

લગભગ અગિયાર વાગ્યા ત્યાં મોતીકાકાએ સમાચાર આપ્યા કે તળાવ પાસે 'ધરતીના છોરુ'નું શૂટીંગ ચાલે છે, એટલે શૂટીંગ જોવા અમારો કાફલો તળાવ પાસે પહોંચી ગયો. બે સ્ત્રી–પાત્રો તળાવમાં કપડા ધોતા સંવાદ બોલતા હતા અને એનું ટેઈપરેકર્ડ થતું હતું, પરંતુ આકાશમાં વાદળાંઓએ સંતાકુકડીની રમત માંડી હતી એટલે ફિલ્મવાળાઓને ફિલ્મ ઉતારવામાં તકલીફ પડતી હતી.

અમેય થાકીને, ભૂખ લાગવાથી ઉતારા ભણી આવ્યા ત્યારે અમારા માટે પૂરણપોળી અને પાત્રાનું મિષ્ટ ભોજન તૈયાર હતું. આ ભોજન બધાને પ્રિય બન્યું અને સૌ દોઢ–બે વાગ્યે જમીને એકાદ કલાક વામકુક્ષી કરવા તૈયાર થયા. ત્રણ વાગ્યા અને બિસ્તરા બેગો બસમાં મૂકાવા માંડયા અને ચાર વાગતા ચાદેવીને ન્યાય આપી અમે સૌએ સાપુતારાની વિદાય લીધી. બસ ઊપડતા શ્રી ભગુભાઈ અને પુષ્પાબહેન માટે ત્રણ હર્ષનાદો – હર્ષ હર્ષ જયના – બોલાવવામાં આવ્યા. બસ ચાલી. શ્રી સુબોધભાઈએ સૌ પાસે લકી નંબરો ખેંચાવ્યા. આમાં કોઈકને મોતીની માળા લાગી, કોઈકને રોકડા રૂપિયા લાગ્યા તો કોઈકને બીજાં ઈનામો લાગ્યા. પછી અંતકડીનો કાર્યક્રમ શરૂ થયો તે છેક નાસિક સુધી ચાલ્યો. શ્રી મોતીકાકાએ શ્રીફળની પ્રભાવના કરી, તો શ્રી મોહનભાઈ જરીવાળાએ દરેકને એક એક રૂપિયો આપ્યો અને શ્રીમતી જયાબહેન ટોકરસી વીરાએ બહેનોને બ્લાઉઝ પીસની પ્રભાવના કરી. નાસિક શહેરમાં બસે પ્રવેશ કર્યો ત્યારે રાત પડી ગઈ હતી અને દીવાબત્તી ઝગમગતા હતા. શહેરની ધમાલની વચ્ચે–શાંત નિરવ વાતાવરણ મૂકીને–પાછા અમે આવી ગયા હતા.

સ્ટેશનને અડીને જ અમારી રીઝર્વ્ડ બોગી પડેલી હતી. તેમાં બધાએ પોતપોતાનો સામાન મૂકયો. એવું એક સૂચન થયું કે શ્રી સુબોધભાઈ અને નિરુબહેનનું "સિલ્વર વેડીંગ," – જેને હજી બે વરસની વાર હતી તે – હમણાં જ ટ્રેનમાં ઊજવવું. આ સૂચનથી બધા ઉત્સાહમાં આવી ગયા. કન્યાદાન શ્રી ચીમનભાઈ આપે એમ નક્કી થયું. વરરાજા સુબોધભાઈને, ડબ્બામાં પ્રવેશતા પોંખવામાં આવ્યા. બહેનોએ ગીતો ગાવા શરૂ કર્યા, ડબ્બામાં હવે જાન આવી ગઈ હતી. માંડવા પક્ષે પણ બહેનો અને ભાઈઓ દોડાદોડ કરતા હતા. કન્યાને તૈયાર કરવામાં આવી. ગોર, રમાકાન્ત જાનીએ અંતરપટની પાછળ વર–કન્યાને ઊભા કર્યા અને શ્લોકોની ફેંકમ ફેંક શરૂ કરી અને યોગ્ય મુહૂર્તે હસ્તમેળાપ કરાવી ચોરીના ચાર ફેરા ફેરવ્યા. આ વખતે બહેનોએ સામસામા ફટાણા પણ ગાયા. વાતાવરણમાં મંગલ ઉત્સવનો આનંદ હતો. મહેમાનો માટે માંડવા પક્ષે ખીચડી–કઢીના ભવ્ય ભોજનનો પ્રબંધ પણ કર્યો હતો. વરઘોડીઆ બધાને પગે લાગ્યા અને જ્યારે કન્યાએ મા–બાપના આશીર્વાદ માંગ્યા ત્યારે વાતાવરણ ગંભીર બની ગયું અને આ વિદાયની પળથી બધાના હૈયા ભરાઈ આવ્યા અને કણ્વઋષિએ શકુંતલાને વિદાય આપી હતી એ રીતે કન્યાને સાસરે વિદાય કરવામાં આવી.

હવે અમારા ડબ્બાનું શન્ટીંગ ચાલુ થયું. સહારા વિનાનો માણસ જેમ અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં ફેંકાય એવી અમારા ડબ્બાની પરિસ્થિતિ હતી. પરંતુ અમે આ બાબતમાં સ્થિતપ્રજ્ઞ બની ગયા હતા. ભૂસાવળથી આવતી પેસેન્જર ટ્રેઈન બે કલાક લેટ હતી, તો પણ અમારો ડબ્બો તો ગમે ત્યારે પણ ટ્રેઈન સાથે લાગુ થવાનો જ હતો એટલે નચિંત જીવે અમે તો અમારી રમત–ગમતોમાં વ્યસ્ત રહ્યા. હવે અંતિમ રમત હતી હાઉસી હાઉસીની, જે ચંદ્રાબહેને બધાને રમાડી. ત્યાર બાદ કવિ રમાકાન્તે એમનાં સ્વરચિત કાવ્યો ગાઈ સંભળાવ્યા અને મોડી રાતે સૌ પોતપોતાની પથારીમાં સૂતા. કયારે ડબ્બો પેસેન્જર ટ્રેઈનને લાગ્યો અને કયારે કલ્યાણ આવ્યું એની કોઈને ખબર પડી નહિ. કલ્યાણ આવ્યું અને બધા ભેગા થયા. નિરુ બહેને "સૌને રામ રામ છે ભાઈ બોલ્યું ચાલ્યું માફ" ગીત ગાયું, સૌએ આ ગીતને ઝીલ્યું. મંગળવારનું આ મંગળ પ્રભાત હતું. સૌના ચિત્તમાં આનંદ હતો, પ્રસન્નતા હતી. દાદર અને પછીના સ્ટેશનોએ જેમ જેમ બધા વિદાય લેતા ગયા તેમ તેમ જાણે દિલનો એક એક ટુકડો ન થતો હોય એવો અનુભવ થવા માંડયો. પણ આખરે જે આવે છે એને જવું તો પડે જ છે– આ સનાતન સત્યથી અમે આશ્વાસન લીધું.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## વસન્ત વ્યાખ્યાનમાળા

ગત વર્ષ માફક આ વર્ષે પણ માર્ચ માસની ૩૧ તથા એપ્રિલ માસની ૧, ૨ તથા ૩ એમ ચાર દિવસની વસન્ત વ્યાખ્યાનમાળા યોજવામાં આવશે અને આ વ્યાખ્યાનમાળામાં ('Wither India?' "આજે ભારત કયાં છે?") એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા માટે વિશિષ્ટ કોટિના વિદ્વાનો તથા વિચારકોને નિમંત્રણ આપવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

## સ્વામી આનંદને અભિનંદન

૧૯૬૯ માટેના સાહિત્ય એકેડેમી પારિતોષિકો મેળવનાર ૧૬ સાહિત્યકારોમાં, ગુજરાતીમાં સ્વામી આનંદને તેમના પુસ્તક 'કુળકથાઓ' માટે પારિતોષિક મળ્યું છે. આ પારિતોષિક રૂા. ૫૦૦૦નું છે.

ઉપરના સમાચાર વાંચતાં ખુશી ઉપજે છે અને આ માટે સ્વામી આનંદ આપણા સર્વના અભિનંદનના અધિકારી બને છે. તંત્રી


**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

સંઘના નવા કાર્યાલયમાં ટેલિફોન હવે આવી ગયો હોઈ, નંબર નોંધી લેવા વિનંતી છે.

**૩૫૦૨૯૬**

૩૮૫, સરદાર વી. પી. રોડ, ટોપીવાળા મેન્શન, બીજે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઈ–૪

## મધ્યમતાષ્ટક

('કુમાર'માંથી સાભાર ઉધ્ધૃત)

(૧)

ન આશા હતી આટલું જીવવાની,
ન સેવા કૃતે (હ) નામના આટલાંની,
વહ્યો માર્ગ જે જે, બન્યો તે જ આપે,
ન ધર્યો વિકાસે, સુખોલ્લાસકારી.

(૨)

થતાં એક કર્તવ્ય, બીજાં સદા યે
દીઠાં ડાળ ફૂટે યથા ડાળમાંથી;
કલા, જ્ઞાન, ભકિત ય આવી મળ્યાં છે,
ભલે ચાંગળું - જંતુને તો ઘણેરાં.

(૩)

નથી ઘા પડયા સામટા કે અસહ્ય
તવાયો, છુંદાયો, બન્યો બાપડો ના,
વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
ન મુશ્કેલી ઝાઝી પડી ચિત્ત તો શે.

(૪)

મળ્યા મિત્ર ઝાઝા ન, ઝાઝી ન લક્ષ્મી,
ન મોટાં સુખો કે મળ્યું કાંઈ મોટું,
મળ્યાં તે ય કાળે હર્યા - મોજ એની,
દીધી સાન સંસારની ક્ષુદ્રતાની,

(૫)

વધંતી જ દીઠી પ્રભા ભાવનાની,
દીઠાં છિદ્ર દેશે, પ્રજા, સંસ્કૃતિએ,
દીઠું ભાવિ ઘેરું, સુચારિત્ર્ય-હ્રાસ,
લહ્યું એક એ દુઃખ, એ શલ્યકારી,

(૬)

જુવાની વિશે યે ન સત્તા સમૃદ્ધિ,
ન કીર્તિ તણે મોહ મોહ્યો, ફર્યો કે,
કુમાર્ગે સરંતાં ય ના ટેક ચૂક્યો
થયો છું ટટાર કંઈ ખાઈ ઠેશો.

(૭)

દીઠું એક પૂજ્ય, દીઠી એક હ્દ્યા
નમું સત્યને, ચાહું સૌન્દર્યશોભા;
શ્વસું ત્યાં લગી વંદના ચાહનાઓ
ટકો ને બઢો; મોક્ષ દેખું ન બીજે.

(૮)

મધ્યમ સુફલ જ વાંચ્યાં,
શુદ્ધ બુદ્ધિએ બન્યો ભગત વિદ્યાનો;
અનલ્પ અલ્પ ગમે તે
રહ્યું આયખું વહો જ મધ્યમતામાં.

સ્વ. બળવન્તરાય ક. ઠાકોર

## સંઘ દ્વારા શરૂ કરવામાં આવેલ હોમિયોપથીનું ઉપચાર કેન્દ્ર

પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં જાહેર કર્યા મુજબ સંઘ તરફથી શરૂ કરવામાં આવનાર હોમિયોપેથીના ઉપચાર કેન્દ્રના ઉદ્ઘાટનને લગતો સીમિત આકારનો એક મિલનસમારંભ તા. ૨૪-૨-૭૦ મંગળવારના રોજ સાંજના ૬ વાગ્યે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં યોજવામાં આવ્યો હતો અને તે સમયે સંઘના મંત્રી શ્રી. ચીમનલાલ જે. શાહે ટૂંકું વકતવ્ય કર્યું હતું અને સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ, આ ઉપચાર કેન્દ્ર માટે જેમની નિમણૂક કરવામાં આવી છે તે ડૉ. બહેન પી. જી. સીંધિયાનો પરિચય આપ્યો હતો અને તેમને સુખડના હારથી સત્કારવામાં આવ્યાં હતા. તદુપરાન્ત જેમની પ્રેરણાથી આ ઉપચાર કેન્દ્ર શરૂ કરવામાં આવેલ છે અને એને માટે પાયાના ખર્ચ સાથે પહેલા છ માસનો બધો જ ખર્ચ આપવાની ઉદારતા જેમણે દાખવી છે તે, સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી દામજી વેલજી શાહને સુખડનો હાર પહેરાવીને, તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ, સંઘના આ નવા સાહસને સંપૂર્ણ સફળતા મળે એના માટે પોતાથી બનતા બધા જ પ્રયત્નો પોતે કરી છૂટશે એમ ડૉ. સીંધિયાએ પોતાના વકતવ્યમાં જણાવ્યું હતું અને ત્યારબાદ સૌ વિખરાયા હતા.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

## મન-આભ

(સોનેટ-છંદ : મિશ્ર)

અખૂટ તારા નભમાં ભર્યા ભર્યા
પ્રકાશતા શા નિતનવ્ય તેજે!
ને કૈં ખરે તેજ વિલીન થતાં
તોયે સદાયે નભ એનું એ જ.

આશાફૂલો આ મનમાં અનેક
ખીલી રહેતાં નિતનવ્ય ગંધે,
ને કૈં ખરે સૌરભશૂન્ય થતાં
તોયે સદા ના મન એનું એ જ.

ઘડિક હર્ષે મન લે હિલોળા
ઘડિક દુઃખે બનતું વિમૂઢ,
રંગાઈ જાતું ક્ષણના તરંગે
કળાય ના ચંચલ રૂપ એનું.

સંધ્યા, ઉષા, પૂનમ ને અમાસે
ક્યારે થશે આ મન આભ જેવું?

૮-૫-૬૪ ગીતા પરીખ

## શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન

### "આજના રાજકીય પ્રવાહો."

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં-માર્ચ માસની નવમી તારીખ સોમવાર સાંજના ૬-૧૫ વાગ્યે સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું 'આજના રાજકીય પ્રવાહો' એ વિષય ઉપર એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનનો લાભ લેવા સંઘના સભ્યોને વિનંતી છે.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

## રજિસ્ટ્રેશન ઑફ ન્યુઝ પેપર્સ (સેન્ટ્રલ) રૂલ્સ ૧૯૫૬ના અન્વયે

'પ્રબુદ્ધ જીવન' સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

ફોર્મ નં. ૪

| | | |
|---|---|---|
| ૧. | પ્રસિદ્ધ સ્થળ ... | : ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર, વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૨. | પ્રસિદ્ધિ ક્રમ ... | : દરેક મહિનાની પહેલી અને સોળમી તારીખ |
| ૩. | મુદ્રકનું નામ ... | : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, |
| | કયા દેશના ... | ભારતીય |
| | ઠેકાણું ... | : ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ -૪. |
| ૪. | પ્રકાશકનું નામ ... | : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, |
| | કયા દેશના ... | : ભારતીય |
| | ઠેકાણું ... | : ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |
| ૫. | તંત્રીનું નામ ... | : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા |
| | કયા દેશના ... | : ભારતીય |
| | ઠેકાણું ... ... | : ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ. મુંબઈ - ૪. |
| ૬. | માલિકનું નામ ... | : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, |
| | અને સરનામું ... | : ટોપીવાલા મેન્શન, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઈ - ૪. |

હું પરમાનંદ કુંવરજી કાપડિયા આથી જાહેર કરું છું કે ઉપર આપેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ બરોબર છે.

તા૦ ૧-૩-'૭૦ પરમાનંદ કુંવરજી કાપડિયા-તંત્રી

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪. ટે. નં. ૩૫૦૨૯૬.
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૨૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, માર્ચ ૧૬, ૧૯૭૦ સોમવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## વર્તમાન રાજકીય પરિસ્થિતિ

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૯-૩-૭૦ ના રોજ આપેલ વ્યાખ્યાનનો સાર)

વર્તમાન રાજકીય પરિસ્થિતિનો વિચાર કરતાં પહેલાં રાજકીય પક્ષોની પરિસ્થિતિ સમજી લેવી જરૂરી છે. કૅાંગ્રેસ પક્ષમાં ભંગાણ પડયું. બે પક્ષો પડી ગયા. આ ભંગાણના પરિણામે માત્ર કૅાંગ્રેસનાં બે પક્ષોને જ નહિ બધા જ પક્ષોને પોતાની નીતિ અને સ્થાન વિષે પુનર્વિચારણા કરવાની ફરજ પડી છે. કૅાંગ્રેસનાં બંને ય પક્ષો પોતપોતાના સ્થાન અને નીતિ વિષે પુનર્વિચારણા કરે છે. કૅાંગ્રેસમાં હવે બે સ્પષ્ટ પક્ષો પડી ગયા છે, છતાં ય ઘણાં આશા સેવે છે કે, એ બંને પક્ષ એક થશે. અથવા તો એક થવા જોઈએ તેમ તેઓ માને છે. ખાસ કરીને બંને પક્ષોના રેન્ક એન્ડ ફાઈલમાં–આગેવાનોને બાદ કરતાં તીવ્ર લાગણી છે કે ભંગાણને લીધે કૅાંગ્રેસને અને કૅાંગ્રેસજનને નુકસાન થવાનું છે–થાય છે. એ બંને એક થાય તો સારું. આડકતરી રીતે કે સૂક્ષ્મ રીતે બંને પક્ષોનાં આગેવાનો પર દબાણ થાય છે. કૅાંગ્રેસમાં ઠેઠ ઉપરથી તે ઠેઠ નીચે સુધી ભંગાણ પડયું છે. છેક છેલ્લી કક્ષા સુધીનું ભંગાણ થયું છે. આ ભંગાણ કેમ થયું તે સમજાવવામાં કાર્યકરોને મુશ્કેલી પડે છે. છતાં ય બંને પક્ષો નજદીકના ભવિષ્યમાં એક થાય એવું દેખાતું નથી. ભિન્ન ભિન્ન પક્ષોનાં માણસો એક થશે. જમણેરી–Like minded–સરખી વિચારસરણી ધરાવતાં પક્ષો એક થાય તેવી સંભાવના વધુ છે. પરંતુ કૅાંગ્રેસનાં બંને પક્ષો એક થાય એવી કોઈ શકયતા હાલ જણાતી નથી. બંને પક્ષોનાં નેતાઓ વચ્ચે અંગત રીતે મોટું અંતર પડી ગયું છે. આ સંજોગોમાં તેઓ ભેગા થાય તેવું લાગતું નથી. ત્યારે કૅાંગ્રેસનાં ભંગાણે બધા જ પક્ષોને વિચારવાની ફરજ પાડી છે.

પ્રથમ જનસંઘનો વિચાર કરીએ. આ પક્ષ કોમી કે હિન્દુ પક્ષ મનાય છે. આ પક્ષમાં પણ બે વિચારસરણી ધરાવતા જૂથો છે. એક વાજપેઈની આગેવાની હેઠળનું અને બીજું મધોકની આગેવાની હેઠળનું જૂથ. વાજપેઈ જનસંઘની દષ્ટિએ આર્થિક અને રાષ્ટ્રીય પ્રશ્નો વિષે પ્રગતિશીલ છે. મધોકનો પક્ષ કંઈક જૂનવાણી છે. જનસંઘનું જોર માત્ર અમુક રાજ્યોમાં જ છે. તેઓ વધુ જોર કરી શકયા નથી. ઈન્દિરા ગાંધી જે કેટલાક રાજકીય પક્ષોનો જોરદાર વિરોધ કરે છે તેમાં જનસંઘ અગ્રસ્થાને છે. સંભવ છે મુસલમાનોને પોતાના પક્ષે રાખવા આ જરૂરનું હોય.

સ્વતંત્રપક્ષ છિન્નભિન્ન છે અને મારું તો માનવું છે કે હજી પણ તે વધુ છિન્નભિન્ન થશે. સ્વતંત્ર પક્ષની નીતિને કોઈ પક્ષ ટેકો આપી શકે તેમ નથી. અલબત્ત, બૅન્કોના રાષ્ટ્રીયકરણના પ્રશ્ને તેણે અદાલતમાં વિજય મેળવ્યો, પરંતુ તેટલું બસ નથી. તેનું જોર એકંદર ઘટતું જાય છે.

સંયુકત સમાજવાદી પક્ષમાં ભંગાણ છે અને તેમાં કંઈક તોફાની તત્ત્વ પણ શરૂ થયું છે. રાજનારાયણ જેવા તીખા તેનાં નેતાઓ ઈન્દિરા ગાંધીના કટ્ટર વિરોધી છે. કોઈ પણ હિસાબે ઈન્દિરા ગાંધીની સરકારને ઉથલાવવામાં તે માને છે. જ્યારે એસ. એમ. જોષી, કર્પૂરી ઠાકુર વિગેરે પીઢ નેતાઓ ઈન્દિરા ગાંધીની કૅાંગ્રેસના સહયોગમાં માને છે. આ પક્ષમાં પણ આમ ભંગાણ પડયું છે.

પ્રજા સમાજવાદી પક્ષમાં પણ વિચારસરણીનો ભેદ છે. ગોરે પ્રગતિશીલ ડાબેરી કૅાંગ્રેસ સાથે મેળ કરવા વિચારે છે. અમુક વર્ગ એમ વિચારવા તૈયાર નથી. કોઈ પણ પક્ષ પોતાનાં અસ્તિત્વનું વિસર્જન કરવા તૈયાર નથી. પક્ષ જુદો છે ત્યાં સુધી પોતાની કિંમત છે તેમ દરેક પક્ષ માને છે.

C. P. I. સામ્યવાદી પક્ષને ડાબેરી કૅાંગ્રેસ સાથે મેળ છે અને તે મેળ વધશે. બંનેની વિચારસરણી માર્કર્સવાદીને હરાવી શકે. આમ કરવામાં બંનેનું સ્વતંત્ર વ્યકિતત્વ રહેશે. છતાં બંને - સામ્યવાદી C. P. I. અને ડાબેરી કૅાંગ્રેસ - સાથે મળીને કામ કરશે.

બંગાળમાં સંયુકત મોરચામાં ભંગાણ પડયું તે અનિવાર્ય હતું. એ મોરચો ટકે તેવી કોઈ શકયતા ન હતી. કેરળમાં પણ તે તૂટી પડયો. સામ્યવાદીઓને દૂર કર્યા. આ મોરચો તૂટયો તે આવકારદાયક છે. ઈન્દિરા ગાંધી C. P. I. (M)ના, જનસંઘ જેટલા જ વિરોધી છે.

રાષ્ટ્રીય રાજકીય પક્ષો ઉપરાંત રાજ્યના સ્થાનિક રાજકીય પક્ષો દા. ત. પંજાબમાં અકાલી દળ અને તામિલનાડુમાં દ્રાવિડમુનેત્ર કળગમ્ જોર કરી રહ્યા છે. આ બંને ય પક્ષોનું વલણ રાજ્યોને વધુ ને વધુ સત્તા મળે અને રાજ્યો પર કેન્દ્રનું વર્ચસ્વ ઓછું રહે તે જોવાનું છે. અકાલીદળના નેતા ગુરનામસિંહ દ્રામુકના કોઈ સમારંભનું ઉદ્ઘાટન કરવા જાય તે વાત સૂચક છે. આ પક્ષો હાલ ઈન્દિરા ગાંધીની કૅાંગ્રેસને ટેકો આપે છે અને તેની પૂરી કિંમત લે છે.

કૅાંગ્રેસના ભંગાણે બધા જ પક્ષોને પુનર્વિચારણા કરવાની ફરજ પાડી છે અને તેના પરિણામે ધ્રુવીકરણ થશે. તેમ થતાં સમય લાગશે, પરંતુ ધ્રુવીકરણ અનિવાર્ય છે. રાજકીય પક્ષો ઓછા થઈ સ્થિર બને તે આવકારદાયક પણ છે.

રાજ્યવાર પરિસ્થિતિમાં મહારાષ્ટ્ર અને ગુજરાતમાં પ્રમાણમાં સ્થિર રાજતંત્ર છે. બંગાળ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં નીચામાં નીચી કોટિનાં દાવપેચ ખેલાયાં. ઉત્તર પ્રદેશમાં ભારતીય ક્રાંતિદળનાં હાથમાં ચાવી હતી. ડાબેરી અને જમણેરી કૅાંગ્રેસે બધા જ દાવપેચ ખેલ્યા. ચરણસિંહે તેનો પૂરતો લાભ લીધો. અનૈતિકતાની હદ આવી ગઈ ત્યાં સુધી બધું ત્યાં બન્યું. ચંદ્રભાણ ગુપ્તાને લાગ્યું કે પોતે હવે ટકી શકે તેમ નથી. આથી તેમણે રાજીનામું આપી રાજ્યપાલને ચરણસિંહને સરકાર રચવાનું આમંત્રણ આપવાની સલાહ આપી. છેવટે ત્યાં ઈન્દિરા ગાંધીનો વિજય થયો. આશ્ચર્ય તો એ છે કે બંને કૅાંગ્રેસ

ચરણસિંહને મુખ્ય પ્રધાન બનાવવા તૈયાર થઈ. આમાં લોકોની શ્રદ્ધા ઊઠી જાય તેમાં કોઈ આશ્ચર્ય નથી. આવા પ્રકારનું રાજકારણ અનિચ્છનીય છે.

બિહારમાં જમણેરી કૉંગ્રેસે સત્તા પર આવવા ખૂબ જ ઉધામા કર્યાં. ત્યાં પણ ઉત્તર પ્રદેશ જેવા નીચી કોટિનાં દાવપેચ ખેલાયા. ઈન્દિરા ગાંધીના પક્ષનો ત્યાં પણ વિજય થયો. આ બંનેય, બિહાર અને ઉત્તર પ્રદેશમાં, અપયશ મળ્યો ત્યાંના રાજ્યપાલો શ્રી કાનુનગો અને ગોપાલ રેડ્ડીને. આજે રાજ્યપાલોની પરિસ્થિતિ ખાસ કરીને આવા રાજ્યોમાં ઘણી કફોડી છે. તેમને તો બંધારણીય રીતે જે પક્ષની બહુમતી હોય અથવા દેખાય તેને સરકાર રચવાનું આમંત્રણ આપવાનું હોય છે. એક જ સભ્ય બંને પક્ષોમાં સહી આપે ત્યારે રાજ્યપાલ શું કરી શકે? એવા સંજોગોમાં રાજ્યપાલ બહુમતી પક્ષને સરકાર માટે આમંત્રણ આપવાનો નિર્ણય લે તેમાં રાજ્યપાલે બદદાનતથી નિર્ણય લીધો છે એમ કહેવાય નહિ.

બંગાળમાં શું બને છે તે હવે જેવાનું છે. સંયુકત મોરચો તૂટયા બાદ બે વિકલ્પ રહે છે. ડાબેરી સામ્યવાદીઓને દૂર રાખી બીજા બધા પક્ષો એક બની મીની ફ્રન્ટ રચે અથવા રાષ્ટ્રપતિનું શાસન આવે. મીની ફ્રન્ટનો પ્રયત્ન બંગલા કૉંગ્રેસ, ફોરવર્ડ બ્લોક, વગેરે બિન-સામ્યવાદી પક્ષો ભેગાં થઈને કરે અને ડાબેરી સામ્યવાદીઓને દૂર રાખે. પરંતુ આમ કરાશે તો ડાબેરી સામ્યવાદીઓ વધુ વ્યાપક પ્રમાણમાં હિંસક તોફાનો કરશે. પોતાને દગો દેનાર અજય મુકરજી જેવી વ્યકિત સત્તાસ્થાન પર રહે તે તેઓ સાંખી શકશે નહિ. માર્કસવાદીઓ પોતે બંગલા કૉંગ્રેસને દૂર રાખી મંત્રી મંડળ રચવા પ્રયત્ન કરે. તેમાં તેઓ સફળ થાય તેમ લાગતું નથી. મારું માનવું છે કે કેટલોક સમય પરિસ્થિતિને શાંત પાડવા અને કાયદો અને વ્યવસ્થા સ્થિર કરવા, રાષ્ટ્રપતિનું શાસન જરૂરનું છે. ધારાસભા વિસર્જન ન કરવી. પછી બિહારમાં બન્યું તેમ બંગાળમાં પણ કદાચ બનશે. રાજકીય પરિસ્થિતિ થાળે પડયા બાદ સ્થિર પ્રધાન મંડળ રચાય. મારું એમ પણ માનવું છે કે, બંગાળમાં સંભવત: વિધાનસભા બરખાસ્ત કરવામાં નહિ આવે. ત્યાં જો પ્રધાન મંડળ રચવા તાત્કાલિક પ્રયત્ન થશે તો મોટા પ્રમાણમાં હિંસા ફાટી નીકળશે.

હવે ફરી આપણે કૉંગ્રેસનો વિચાર કરીએ. અમદાવાદમાં જમણેરી કૉંગ્રેસનું અધિવેશન ભરાયું. મોટા પાયા પર ભરાયું. ત્યારે એક એવી હવા સર્જાઈ હતી કે હવે ઈન્દિરા ગાંધીનું બળ ઓછું છે અને જમણેરી કૉંગ્રેસનું જોર ઘણું છે. પરંતુ બે ત્રણ મહિનાના બનાવો બતાવી જાય છે કે ઈન્દિરા ગાંધીએ પોતાનું વર્ચસ્વ જમાવ્યું છે. ચારેક બનાવોએ તો તે વધુ દઢ કર્યું છે.

ઉત્તર પ્રદેશમાં ચન્દ્રભાણ ગુપ્તે ઈન્દિરા ગાંધી સામે સખત વિરોધ કર્યો. વડા પ્રધાનની સલામતી પાછળ રાજ્યને ઘણો ખર્ચ થાય છે વગેરે ઘણી ટીકાઓ થઈ. વાંધાઓ ઊઠાવાયા છતાંય એ વિરોધના સામે થઈને પણ વડા પ્રધાને પ્રવાસ કર્યો અને વિજય મેળવ્યો. જમણેરી કૉંગ્રેસીઓને ત્યાં ફાવવા ન દીધા. બિહારમાં પણ પોતાને અનુકૂળ પ્રધાન મંડળ રચાવ્યું. એમ કહેવાય છે કે, આમ કરવા માટે ઈન્દિરા ગાંધીએ સામ્યવાદીઓનો પણ સાથ લીધો. પરંતુ મારું દઢપણે માનવું છે કે, કયારેય માર્કસવાદી કે નકસલવાદીઓ સાથે ઈન્દિરા ગાંધી સહયોગ નહિ કરે. એ સમાજવાદ લાવવા માંગે છે. પણ માર્કસવાદી અને નકલસવાદીઓના સખ્ત વિરોધી છે. ત્રીજું ચંડીગઢનું કોકડું ઉકેલ્યું. એ ખરેખર બુદ્ધિશાળી ઉકેલ હતો. કરવા ખાતર હરિયાણાએ થોડો વિરોધ કર્યો. થોડાં ત્યાં તોફાન પણ થયા. પરંતુ જે રીતે ઉકેલ આપ્યો તેમાં પંજાબ અને હરિયાણા બંનેને સાચવી લીધાં. ચોથું બેન્ક રાષ્ટ્રીયકરણ. સર્વોચ્ચ અદાલતે તેના વિરોધમાં ચૂકાદો આપ્યો તેથી પ્રતિષ્ઠાને મોટો ફટકો પડયો. પરંતુ આ ફટકો ક્ષણજીવી રહ્યો. ચૂકાદાથી એમ મનાતું હતું કે ઈન્દિરા ગાંધીને બધી જ બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવાની ફરજ પડશે. પરંતુ ઈન્દિરા ગાંધી સ્વસ્થતાપૂર્વક કામ કરે છે. તેનાં ઘણાં પૂરાવા તેમણે આપ્યા છે. સસ્તી નામના મેળવવા બધી બેન્કોનું રાષ્ટ્રીયકરણ કરવાની તેમણે ઉતાવળ નથી કરી. વધારે વળતર આપી અને ૧૪ બેન્કોનું જ રાષ્ટ્રીયકરણ રાખી, બધો વિરોધ શમાવ્યો.

મોરારજીભાઈ એક વખત બેન્કોના રાષ્ટ્રીયકરણના વિરોધી હતા. સામાજીક અંકુશની નીતિ તેમણે જ અમલમાં મૂકી હતી. પરંતુ હવે તેમનામાં વિચાર પલ્ટો આવ્યો છે અને તે વિદેશી બૅન્કોના રાષ્ટ્રીયકરણની માંગણી પણ કરે છે. હવે ફરીથી કોઈ અપીલ કરે તો મોરારજીભાઈના આ વિચારને જરૂર ટાંકી શકાશે. પરંતુ ઈન્દિરા ગાંધીએ આ વખતે એવી ચોકસાઈ રાખી છે કે ફરિયાદનું કોઈ કારણ જ ન રહે. વળતર તેમણે છૂટા હાથે આપ્યું છે. રૂા. ૧૫ કરોડ વધારે આપી તેમણે શેર હોલ્ડરોની ચાહના મેળવી છે.

ઈન્દિરા ગાંધીનો સૌથી મોટો વિજય એ તેમનું બજેટ છે. બજેટ આવતાં પહેલાં ઘણી અફવાઓ હતી કે બોનસ ટેક્ષ આવશે, કોરપોરેટ ટેક્ષ વધશે અને ઘણું ઉદ્દામ બજેટ હશે. પરંતુ તેમણે બજેટમાં કરેલ વિવિધ દરખાસ્તો જોતાં તેમનાં કટ્ટર વિરોધીઓ પણ એકી અવાજે કહે છે કે આથી વધુ સારું બજેટ વર્તમાન સંજોગોમાં હોઈ શકે નહિ. વિરોધ કરવા ખાતર વિરોધ થાય તે વાત અલગ છે. પરંતુ સમજદાર અને તટસ્થ માણસ તેનો વિરોધ કરે એવું આ બજેટ નથી જ. તેમની નીતિને અનુરૂપ Politic .lly Oriented આ બજેટ છે. ચા, ખાંડ, કેરોસીનને બાદ કરતાં તેમણે વધુ બોજ પૈસાવાળાઓ પર જ નાંખ્યો છે. દા. ત. રૂા. ૪૦ હજારની આવક સુધી કોઈ વેરો નાંખ્યો નથી. તેમ છતાં પાંચ હજારની આવકમાં રાહત આપી છે. કોરપોરેટ સેકટર પર પણ બોજ વધાર્યો નથી. વધુ શ્રીમંતો જ વાપરી શકે એવી મોજશોખની ચીજ વસ્તુઓ પર જ વેરો નાંખ્યો છે. ટૂંકમાં સમજણપૂર્વકનો વેરો નાખ્યો છે. કયાંય ઉતાવળ નથી કરી. સ્વસ્થતાથી કામ લીધું છે. આ ઉપરાંત તેમણે રૂરલ હાઉસિંગ, પ્રોવિડન્ટ પેન્શન, વૃદ્ધોને પેન્શન વગેરે યોજનાઓ પણ સૂચવી છે. આમ રાહત આપવાને સ્થાને રાહત આપી છે અને બોજ વધારવો પડે ત્યાં બોજો વધાર્યો છે. એમ કરી તેમણે સમતોલ બજેટ આપ્યું છે.

અલબત્ત બજેટમાં ક્ષતિઓ નથી એવું નથી. પરંતુ ખરી રીતે એ ક્ષતિઓ નથી. એ યોજના કેટલી અમલી બનશે તે એક પ્રશ્ન છે. એ વ્યવહારુ કેટલું બને છે તે જેવાનું છે. સમાજની આજની જે મનોદશા છે તે તેને બર આવવા ન દે. દા. ત એક લાખથી દોઢ લાખ કોઈ વ્યકિત કમાય તો તેને છ હજારની જ બચત થાય. બાકીની રકમ વેરામાં જાય. આથી તેને કાળા નાણાં કરવાનું મન થાય. આ એક ભયસ્થાન છે, ક્ષતિ નથી. આ માટે કાયદો સખ્ત કરે કે વહીવટી તંત્ર સખત કરે. પરંતુ તે સહેલું નથી. વહીવટમાં આજે જે ભ્રષ્ટાચાર છે તે જોતાં તેમ થવું સરળ નથી. પ્રજાનું માનસ બદલાય તો જ બજેટ સફળ થાય. પચાસ હજારની નેટ આવક હોય તો વધારાની મહેનત શા માટે કરવી જોઈએ એવી વૃત્તિનો ત્યાગ પ્રજા કરે તો જ તે સફળ થાય. આમાં જ મુખ્ય મુદ્દો રહેલો છે. સમાજ પ્રત્યે પણ પોતાની ફરજ છે એમ માનવી સમજે તો જ સમાજ આગળ આવી શકે.

આર્થિક પરિસ્થિતિ પ્રમાણમાં સારી છે. કૃષિ અને ઔદ્યોગિક ઉત્પાદન સારું છે. રાજકીય અસ્થિરતા ન સર્જાય તો આ બંને ક્ષેત્રે હજી ઘણું સારું ઉત્પાદન થઈ શકે તેમ છે.

આમ બધાં બનાવો જોતાં કેન્દ્રમાં રાજકીય સ્થિરતા ૧૯૭૨ સુધી રહેશે એમ લાગે છે. આર્થિક અને રાજકીય ક્ષેત્રે ઈન્દિરા ગાંધી રેડીકલ પગલાં સમજપૂર્વક ભરે છે અને તેનો અમલ થાય તેવી રીતે વર્તે છે અને એ જોતાં ૧૯૭૨ સુધી તે ટકશે એમ લાગે છે.

ચીમનલાલ ચકુભાઈ શાહ

# ☆ 'મેં જોયેલા કેટલાક રહસ્યવાદીઓ....' ☆

(શ્રી ગુરુદયાળ મલ્લિક રચિત: "Divine Dwellers in the Desert" ના છેલ્લા પ્રકરણ 'S. me of the mystics I have met' ના પ્રથમ કિસ્સા પરથી.)

[૧]

શુક્રવારનું નમતું બપોર હતું. મસ્જિદમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. નમાઝ પૂરી થયા પછી મૌલવીએ 'વાએઝ' (કથા) કહેતાં કહેતાં કબીરની એક પંકિત ટાંકી. નમાઝીઓની આંખોમાં ક્રોધનો અગ્નિ ભભૂકી ઊઠયો અને તેઓ એકબીજાના કાન ફૂંકી રહ્યા: "આ મૌલવીને આજે થયું છે શું? ગાંડો તો નથી થઈ ગયો ને?... કાંઈ નહીં ને એક 'કાફર'ના શબ્દો તેણે ટાંકયાં છે!" લોકોના દિલમાં ઊઠેલા આ ઝંઝાવાતની મૌલવીને ખબર હોવાથી તેણે 'વાએઝ' જલ્દી પૂરી કરીને મોટેથી 'અલ્લાહ–ઓ–અકબર' પુકારતો એ મસ્જિદની બહાર નીકળ્યો અને ઘેર ગયો. નમાઝી બંદાઓએ આ ઉચ્ચસ્થાનીય વ્યકિતને રોજિંદો આદર દાખવવાનો ઈન્કાર કર્યો અને મૌલવીએ સમજી લીધું કે એક ધર્મોપદેશક તરીકેના પોતાના દિવસો હવે ભરાઈ ચૂકયા છે.

રાત્રિના વધવા સાથે ઝંઝાવાતનો વિસ્તાર અને તીવ્રતા પણ વધવા લાગ્યા. 'મુઆઝિઝમ' માટે નેકબંદાઓને પરોઢની નમાઝમાં બોલાવવાનો સમય જયારે નજીક આવ્યો ત્યારે મૌલવીના ઘર પર એક કાસદ (સંદેશવાહક) આવીને કહી ગયો કે નમાઝ તેને બદલે બીજું કોઇ પઢાવશે અને તેણે બપોરના વખતે બુઝર્ગોની સભા સમક્ષ હાજર થવું. મૌલવીએ કાસદને 'આદાબ–અર્ઝ' કરી નમીને કહ્યું: "દરવાજો મોકળો કરી દેવા માટે તમારો શુક્ર–ગુજાર (આભારી) છું."

ટાવરે બારના ટકોરા દીધા. મસ્જિદ માનવ–ચહેરાઓનો મહેરામણ બની ગઈ હતી. સભાના વડાએ નમાઝીઓની સમક્ષ મૌલવીને ખુલાસો કરવા જણાવ્યું કે ચીલાથી ખસીને તેણે શા માટે એક 'કાફર'ના શબ્દો ટાંકયા, અને તે પણ 'હિન્દી' ભાષામાં, કે જેના ઉપર ખુદાએ કોઈ રહમ–નઝર (કૃપાદષ્ટિ) કરી નથી? જો એમ હોત તો કુરાન અરબી ભાષામાં લખાયું ન હોત!

મૌલવી ઊભો હતો તે સ્થળે સૌ કોઈ તાકી રહ્યા અને આતુરતાપૂર્વક તેના જવાબની રાહ જોવા લાગ્યા. મૌલવીએ જનસમૂહને નમીને 'આદાબ–અર્ઝ' કરી દઢતા અને જુસ્સાભર્યા અવાજમાં કહ્યું: "ખુદાના ઓ પ્યારા બંદાઓ! જો તમારો ખુદા માત્ર અરબી ભાષા જ જાણતો હોય તો તે આખી દુનિયાનો ખુદા હોઈ ન શકે – કમમાં કમ મારો ખુદા તો નહીં જ!" આમ કહી ને ત્યાં હાજર રહેલા લોકોને તે ફરી નમ્યો અને મસ્જિદની બહાર ચાલ્યો ગયો. જનસમૂહ મંત્રમુગ્ધ થઈ ગયા હતો અને જ્યારે તેમનું ભાન ખુલ્યું ત્યારે તેમણે ખૂબ આશ્ચર્ય સાથે અનુભવ્યું કે પોતાની તરફ ઉશ્કેરાટભર્યા શબ્દોના તોપગોળા ફેંકવાનો તેમને અવસર દીધા સિવાય જ ગુનેગાર ત્યાંથી ભાગી છૂટયો હતો!

તે દિવસે દરવાજો ખુલી ગયો હતો અને સારા યે વિશ્વને અજવાળતા પ્રકાશમાં એ આગળ ડગ માંડી રહ્યો હતો. તેનામાં એવાં તો વિસ્તૃત પ્રેમ ને દરિયા–દિલ સર્વગ્રાહિતા હતાં કે તે પછીના વર્ષોમાં તેણે બધી જાતિ, ધર્મ અને વર્ણના સેંકડો પ્રશંસકોને પોતાના ભણી આકર્ષ્યાં હતા. ન તો એણે કોઈ ફકીરી–કફની ધારણ કરી, ન એ 'શાગિર્દો (શિષ્યો) પેદા કરવાની ફેકટરી' બન્યો. એ તો સાદા પોશાકમાં રહેવા લાગ્યો અને મુંબઈની એક નાનકડી ગલીમાં એક નાની દુકાન રાખીને ઉર્દૂ પુસ્તકો વેચીને રોજી રળવા લાગ્યો. જે કોઈ તેની દુકાનની એક વખત પણ મુલાકાત લેતું, તેને તેનું એટલું બધું ખેંચાણ થતું કે તેની પાસે ફરીને જવા તે એક યા બીજું બહાનું શોધતું. એક મોટા મકાનની એક નાનકડી ઓરડીમાં એ તદ્દન એકલો પોતાની રાત્રિઓ ગાળતો. એના દિલમાં અલ્લાહના સ્મરણની માળા ચાલતી હોય ત્યારે એ બિલકુલ ચૂપ થઈને ખામોશ બેસી રહેતો. તેનો પુસ્તકો વેચવાનો ધંધો પણ પ્રત્યેક કલાકે જપાતી અલ્લાહની એક 'તસ્બી' (માળા) જ હતો!

"આ રોજી રળવાના દુન્યવી કામમાં તમે તમારી જાતને શા સારૂં રોકી રાખો છો?" તેના કેટલાક પ્રશંસકો એક દિવસ તેને કહી રહ્યા હતા, "તમે તમારો બધો જ સમય બંદગીમાં ગાળી શકો એટલા સારુ તમને સગવડોમાં રાખવામાં અમને ખૂબ જ આનંદ થશે."

"પરંતુ આ પુસ્તકો વેચવાનો વ્યવસાય એ પણ એક પ્રકારની બંદગી જ છે ને! કામ એ ભકિત છે, ભકિત એ કામ છે. વળી ભકતે એ સદા ધ્યાનમાં રાખવું જોઈએ કે ગુલાબના અત્તરની મહેક રૂના પૂમડામાં સંતાયેલી રહે–એટલે કે ભકિત ગુપ્ત રહે, નહીં તો એ પોતાની સૂક્ષ્મ છેતરામણીમાં સરી પડશે."

"તમારા જીવનમાં તમારી ઉપર દ:ખો પડયાં છે કે? જો પડયાં હોય તો તમે તેનો સામનો કેવી રીતે કર્યો અને ચિત્તની શાંતિ તથા સમતા કેવી રીતે પામી શકયા?"

"મારો આશરો સદાને માટે અલ્લાહનું નામ રહ્યો છે." તેમણે જવાબ આપ્યો.

"શું તમે એમ કહેવા માગો છો કે તમે તેમનું નામ રટો છો અને તકલીફો ગાયબ થઈ જાય છે? આવા ઉપાયે અમને તો અમારાં દુ:ખો દૂર કરવામાં કોઇ મદદ કરી નથી!"

"રટણ નહીં પણ સ્મરણ, જુદાઈ નહીં પણ જોડાણ, દ્વૈત નહીં પણ અદ્વૈત...ઐકય...અનુસંધાન...!" હતો એનો મર્મભરેલો ઉત્તર.

"અમે તમને સમજી શકતા નથી," સૌ પ્રશંસકો કહી ઊઠયા. પળભર માટે એ ચૂપ રહ્યો અને પછી એણે રહસ્ય ખોલ્યું, "જ્યારે પણ તમારા જીવનમાં કોઈ દુ:ખ કે સંકટ આવે ત્યારે ખુલ્લામાં તારાભર્યા આકાશ નીચે અથવા કોઈ સાગર કિનારે અથવા કોઈ ટેકરી પર જઈને બેસો અને તમે એ સૌ પાસેથી સહાનુભૂતિ પામશો."

અનુવાદક: પ્રા. પ્રતાપ જ. ટોલિયા

મૂળ અંગ્રેજી: શ્રી ગુરૂદયાળ મલ્લિકજી

## વસંત વ્યાખ્યાનમાળા

ગત વર્ષ માફક આ વર્ષે પણ માર્ચ માસની ૩૧ અને એપ્રિલ માસની ૧, ૨ તથા ૩ એમ ચાર દિવસની વસન્ત વ્યાખ્યાનમાળા યોજવામાં આવશે. અને આ વ્યાખ્યાનમાળામાં Whither India? "આજે ભારત કયાં છે?" એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા માટે વિશિષ્ટ કોટિના વિદ્વાનો તથા વિચારકોને નિમંત્રણો મોકલવામાં આવ્યા છે, નક્કી થયે જાણ કરવામાં આવશે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

## સંઘ દ્વારા ચાલતું હોમિયોપથી ઉપચાર કેન્દ્ર

આ ઉપચાર કેન્દ્ર સંઘના નવા કાર્યાલયમાં શરૂ કરવામાં આવેલ છે – તેનો સમય રવિવાર તથા ગુરુવાર સિવાયના દિવસોએ બપોરના ૩–૦૦ થી ૪–૩૦ સુધીનો રાખવામાં આવેલ છે.

સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને વિનંતિ છે કે, ઉપરોકત ઉપચાર કેન્દ્રનો લાભ લેવાની પોતાના પરિચિતોને ભલામણ કરતા રહે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# સર્વોદયનો માર્ગ

ગાંધીજીની બાબતમાં એક વાત ખાસ ધ્યાન ખેંચે એવી છે, અને તે એ કે તેઓ રાજસત્તાથી અળગા રહ્યા. બીજા દેશોમાં જ્યારે ક્રાંતિ સફળ થાય છે, ત્યારે એ ક્રાંતિનો નેતા દેશના સર્વોચ્ચ સિંહાસન પર જઈને બેસે છે. પણ ગાંધીજીએ તેમ ન કર્યું. અરે, સત્તા તરફ એમણે ડૂકીને જોયું પણ નહીં. સત્તામાં જઈને રાષ્ટ્રનું ઉત્થાન થઈ શકશે, એવી જો એમની માન્યતા હોત, તો એમણે રાજ્યસત્તા હાથમાં લીધી હોત.

પંડિત નેહરુ વગેરે એમના સાથીઓ રાજસત્તામાં ગયા. પંડિત નેહરુ ઉપર તો જનતાનો અપાર પ્રેમ હતો. તેઓ દેશના લગભગ અલિખિત સર્વસત્તાધીશ જ હતા, એટલી બધી સત્તા એમને મળી હતી. ગરીબો માટે પણ એમના મનમાં તાલાવેલી હતી. તેમ છતાં રાજસત્તા મારફત તેઓ શું કરી શકયા તે આપણે જોયું.

ગરીબો વધુ ગરીબ બન્યા અને ધનિકો વધુ ધનિક. બેકારોની સંખ્યા વધી. હજી બધાને પૂરતું અન્ન મળતું નથી, રહેવાને છાપરું નથી. હજારો ગામોમાં હજી પીવાના પાણીનીયે સગવડ નથી. છેલ્લાં ૨૦ વરસમાં દેશમાં કાંઈ જ નથી થયું એમ હું નથી કહેતો પરંતુ જે કાંઈ થયું તેનો આર્થિક લાભ ધનવાનોને, ઉપલા મધ્યમ વર્ગને, મોટા ખેડૂતોને મળ્યો. નાના દુકાનદારો, મધ્યમ વર્ગ, ગરીબો, ભૂમિહીનો, આદિવાસીઓ, વગેરે તો એવા ને એવા જ રહ્યા, અથવા એમની સ્થિતિ વધારે બગડી. ગરીબ અને તવંગર વચ્ચેની ખાઈ અંગ્રેજોના વખત કરતાં આજે ઊલટાની વધી છે.

એક જ પક્ષનું રાજ હતું એટલે એમ થયું એમ પણ હવે તો કહી શકાય તેમ નથી. ઘણાં રાજ્યોમાં અન્ય પક્ષો પણ સત્તા ઉપર આવી ચૂકયા છે. અરે, સામ્યવાદીઓ સુદ્ધાં સરકાર ચલાવી ચૂકયા છે. છતાં રાજસત્તા મારફત એમણે શું કરી બતાવ્યું?

ગાંધીજીનો રસ્તો જુદો હતો. સરકારની મર્યાદા તેઓ જાણતા હતા. સરકારી પ્રયત્ન ઉપરાંત બીજું શું શું કરવું પડશે તેનું ભાન એમને હતું. એકલી સરકાર તો દુબળી રહેશે. તેની શકિત પણ મર્યાદિત જ હશે. તેથી રાષ્ટ્ર-નિર્માણ માટે બીજું કોઈ સંગઠન જોઈશે. તેઓ ચિન્તક હતા. એમનામાં દૂરદષ્ટિ હતી.

તેથી જ છેલ્લે તેઓ લખી ગયા કે 'રાજકીય સ્વતંત્રતા તો મળી, પણ આર્થિક, સામાજિક તેમજ નૈતિક સ્વતંત્રતા મળવાની હજી બાકી છે... ભારત લોકશાહીની દિશામાં જેમ જેમ આગળ વધતું જશે, તેમ તેમ નાગરિક-શકિત અને સૈનિક-શકિત વચ્ચે સંઘર્ષ ઊભો થવાનો સંભવ છે. તેથી સૈનિક-શકિત નાગરિક-શકિતના નિયંત્રણ હેઠળ રહે એવી સમાજરચના આપણે ઊભી કરવાની છે.'

આ માટે કૉંગ્રેસે ફલાણું-ફલાણું કરવું પડશે એમ તેઓ લખી શકયા હોત. પરંતુ એમણે એવું કાંઈ કહ્યું નહીં. ઊલટાનું એમણે તો લખ્યું કે આ માટે આજની કૉંગ્રેસ બરખાસ્ત કરીને લોકસેવક સંઘ નામનું નવું સંગઠન ઊભું કરવું. આ એમનું છેલ્લું વસિયતનામું હતું. પણ એમના સાથીઓએ ન માન્યું. પરિણામે આજે હવે કૉંગ્રેસના શા હાલ છે તે આપણી નજર સામે છે.

ગાંધીજીને કૉંગ્રેસનું રૂપાંતર કરવાની જરૂર કેમ લાગી? કેમ કે એમની સામે સાત લાખ ગામમાંના દરેક કુટુંબના ભલાનો વિચાર હતો. તે માટે એમને સાત લાખ સ્વયંસેવકો જોઈતા હતા. એમણે કહ્યું કે બધા લોકો સરકારમાં જવાની દોડાદોડી કરશે, તો તેમાં તમારું ને દેશનું નુકસાન થશે. થોડાક લોકો ત્યાં જાય. બાકીના બધા તો લોકોને જાગૃત કરવાના, લોકશકિત સંગઠિત કરવાના, લોકોની સેવાના સતત નવા વિચાર આપતા રહેવાના પાયાના કામમાં લાગે.

ગાંધીજીને ખબર હતી કે અંગ્રેજોએ જનતાની પરાક્રમની, સ્વાવલંબનની, અભિક્રમની ભાવના મારી નાખી છે, અને 'સરકાર અમારી માબાપ' એવી પંગુ સ્થિતિ ઊભી કરી છે. એટલે જનતાનો અભિક્રમ જગાડવાનું કામ મુખ્ય છે. તે માટે કાર્યકરોની મોટી ફોજ જોઈશે. રચનાત્મક કાર્યકરોને ગાંધીજીએ કહ્યું કે તમારે સરકારની પાછળ-પાછળ ફરવાની જરૂર નથી. સરકાર જ તમારી પાછળ-પાછળ આવશે. ગાંધીજીની લોકશકિતની કલ્પના દેખાવો કરનારી કે મોરચા લઈ જનારી નહોતી. એમની કલ્પના તો રચનાત્મક કાર્યના જોર ઉપર ઊભી થયેલ લોકશકિતની હતી. તે ખંડનાત્મક નહીં, પણ રચનાત્મક હતી.

લોકોને સમજાવવા, એમની સેવા કરવી, એમને પગભર કરવા, એ ગાંધીજીની રીત હતી. પણ કૉંગ્રેસે ગાંધીજીની સલાહની ઉપેક્ષા કરી. તેના શા હાલ થયા તે આપણે જોઈએ છીએ. રચનાત્મક કાર્યકરો સ્થૂળ શબ્દ પકડીને બેઠા. પણ બેકારી-નિવારણ પૂરતો મર્યાદિત ઉદ્દેશ રચનાત્મક કામનો કયારેય નહોતો. ગાંધીજી તો રચનાત્મક કાર્ય દ્વારા અહિંસક સમાજ નિર્માણ કરવા માગતા હતા.

લાખોપતિ કરોડપતિ બને અને મહેનત કરનારો ભૂખ્યો સૂએ, અને છતાં સમાજમાં શાંતિ રહે એવો નપુંસક સમાજ ગાંધીજી ઈચ્છતા નહોતા. શોષણ, વિષમતા સ્પષ્ટ હિંસા જ છે. અહિંસક માણસ આ હિંસા પણ કદી સહન ન કરી શકે. પણ આ દષ્ટિકોણ તો ગાંધીજીના બધા જ સાથીઓ લગભગ ભૂલી ગયા હતા. આવી હાલતમાં જો વિનોબા આગળ આવ્યા ન હોત તો અહિંસક ક્રાંતિનો વિચાર બિલકુલ ભૂલાઈ જ ગયો હોત. ગાંધીજીનો ફોટો ઘરમાં રાખ્યો હોત, તેમનાં પૂતળાં ઊભાં કર્યાં હોત, જન્માષ્ટમી, રામનવમીની જેમ ગાંધી જયંતીએ ઉપવાસ કર્યો હોત; અને પછી ગાંધી-વિચાર સો-બસો વરસે આફ્રિકા કે અમેરિકાથી આયાત કરવો પડત. પરંતુ આજે વિનોબાજીના આંદોલનને કારણે ગાંધીજીનો અહિંસક ક્રાંતિ અને આમૂલાગ્ર સમાજ-પરિવર્તનનો વિચાર ઉન્નત રહ્યો છે.

એ આંદોલન દેશમાં ચાલ્યું, તેમાંથી બહુ મોટી શકિત પ્રગટ થઈ છે અને આશા નિર્માણ થઈ છે અને હજી તો બહુ જ ઓછી શકિત આ આંદોલન પાછળ લાગી છે, જો મોટા મોટા નેતાઓ અને દેશભરમાંના કાર્યકરો કેવળ સાત દિવસ પણ એક સાથે આ કામમાં લાગ્યા હોત, તો નિરાળું જ દર્શન થાત. ચૂંટણી વખતે જેમ, ગાડી, ઘોડા, જીપ લઈને નીકળી પડે છે, રાત ને દિવસ લોકોના કાન ફાડી નાંખે એવો જોરદાર પ્રચાર ચાલે છે. કરોડો રૂપિયા પાણીની જેમ ખર્ચાય છે, અને બધા આકાશપાતાળ એક કરી દે છે, એવી શકિત જો આ આંદોલન પાછળ લાગી હોત, તો આજના કરતાંયે ઘણું વધુ પરિણામ આવ્યું હોત.

ખેર, આજ સુધીમાં આ આંદોલનનું જે પરિણામ આવ્યું છે, તે પણ ઘણું આશાજનક છે. ગાંધીજીએ બતાવેલ અહિંસક માર્ગે સર્વોદયી સમાજરચના પાયામાંથી ઊભી કરવાનું આ કામ છે. ગ્રામદાન દ્વારા આજની લોકશાહીને વાસ્તવિક બનાવવા માટે પણ એક ભૂમિકા નિર્માણ થાય છે. ગામેગામથી લોકોના પ્રતિનિધિઓ ધારાસભામાં ને લોકસભામાં મોકલવા પડશે. ત્યારે જ આ જે લોકશાહીની વિડંબના થઈ રહી છે તે બંધ થશે. ગ્રામદાની ગામોની - ગ્રામસભાઓને સક્રિય બનાવીને આ બધું કરવાનું છે. આ એક ભગીરથ કામ છે. પણ તે કર્યા વિના આજની અનેકવિધ સમસ્યાઓનો બીજો કોઈ ઉપાય પણ નથી.

વિનોબાજીનું કામ એ આવું પાયાનું કામ છે. એ રાજનીતિ નહીં, પણ લોકનીતિ છે. ખરું લોકોનું રાજકારણ એ જ છે. મેં રાજકારણનું તેમ જ આખી દુનિયાની ક્રાંતિઓનું પૂરતું અધ્યયન કર્યા પછી તથા આ દેશમાં સમાજવાદી પક્ષ વગેરેમાં રહીને જે અનુભવો થયા તે બધું જ ધ્યાનમાં લઈને ખૂબ વિચારપૂર્વક આ માર્ગ અપનાવ્યો છે.

જયપ્રકાશ નારાયણ

# આગમવાણી અને અદ્યતન વૈજ્ઞાનિક સંશોધન

(ગતાંકથી ચાલુ)

## આગમવાણી બુદ્ધિગમ્ય નથી?

શ્રદ્ધેય આચાર્યશ્રીએ આ વિવાદાસ્પદ ચર્ચા માટે વિદ્વાનોની પરિષદ તેમ જ વિચારક સંમેલનની વાત કરી છે. હું તેનો સહર્ષ સ્વીકાર કરૂં છું. તે વિષે મેં મારા લેખોમાં તેમ જ વ્યકિતગત પત્રોમાં કેટલીય વાર મારા વિચારો રજૂ કર્યા છે. હા, આ બાબતમાં એક વાત સ્પષ્ટ કરી લેવી હું જરૂરી સમજું છું કે આ વિદ્વત્પરિષદ કે વિચારક સંમેલન જે પણ હોય, વ્યાપક ભૂમિકા પર હોય તેમ જ સાર્વજનિક રૂપમાં ખુલ્લા હોય. સમાજના અધ્યયનશીલ મુનિરાજો, પ્રબુદ્ધ સાધ્વીઓ, તેમ જ વિદ્વાન ગૃહસ્થો-સૌ કોઇ મુકત મનથી તેમાં ભાગ લઇ શકે. ફકત સ્થાનકવાસી જ નહીં, બીજી પરંપરાઓના પંડિતોને પણ પ્રતિનિધિ તરીકે નિમંત્રણ મળવું જોઇએ. વિચાર-ચર્ચા બંધબારણે ન થતાં સાર્વજનિક થવી જોઇએ, જેથી કોઇપણ જીજ્ઞાસુ સાંભળી શકે. તેમ જ પક્ષમાં કે વિરોધમાં પોતાનું ઉચિત સ્થાન નક્કી કરી શકે. જે પણ ચર્ચા થાય તેને લેખિત સ્વરૂપ આપવું જોઇએ. જો પ્રારંભથી જ ચર્ચા લેખિત રૂપમાં થાય તો સૌથી સારૂં. પક્ષની તેમ જ વિરોધની બધી જ ચર્ચાઓને પ્રગટ કરવી અત્યંત જરૂરી છે. હું માનું છું કે આ રીતે નવી ભૂમિકા પર કોઇ વિચાર પરિષદ આયોજિત થાય તો વૈચારિક ક્રાંતિની દિશામાં ખૂબ જ લાભદાયક થશે. હું ઉપરની પરિષદમાં સ્વાસ્થ્ય અનુકૂળતાભર્યું હશે તો આનંદથી ભાગ લેવાની ઇચ્છા રાખું છું.

ઉપાધ્યાય કવિ અમરચંદજી મુનિએ શ્રમણ સંઘમાંથી રાજીનામું શા માટે આપ્યું તેનું સ્પષ્ટીકરણ કરતું એક નિવેદન બહાર પાડયું છે. આ નિવેદન કેટલાક પાયાના મુદ્દાઓ ઉપસ્થિત કરે છે.

કવિશ્રી જણાવે છે કે શ્રમણ સંઘ તોડવા અથવા આચાર્યશ્રી સાથેના મતભેદને કારણે તેમણે રાજીનામું આપ્યું નથી, પણ આચાર્યશ્રીને અને શ્રમણ સંઘને મુશીબતમાંથી બચાવવાનો તેમનો સાત્ત્વિક પ્રયત્ન છે. કોઇ સંસ્થાના અંગભૂત હોઇએ અને તેમાં વૈચારિક મતભેદ થાય ત્યારે શું કરવું તેનો આધાર સંજોગો ઉપર અને વ્યકિતના વલણ ઉપર રહે છે. સ્વેચ્છાએ જુદા થવું, અંદર રહી વિચાર પરિવર્તન કરાવવા પ્રયત્ન કરવો, પોતાથી જુદા વિચારના હોય તેવાને સંસ્થા છોડવાની ફરજ પાડવી, આવા અનેક પ્રકાર છે. આ પ્રશ્નોની હું ચર્ચા અહીં નથી કરતો, પણ જે મૂળભૂત મુ l ઉપર કવિશ્રી રાજીનામું આપે છે તે વિષે કાંઇક કહેવા ઇચ્છું છું.

ચન્દ્રની ધરતી ઉપર માનવીએ પગ મૂકયો અને વાસ્તવિક રીતે ચન્દ્ર શું છે તે જાણ્યું ત્યારે કવિશ્રીએ એવો મત જાહેર કર્યો કે ચન્દ્રપ્રજ્ઞપ્તિ અને જમ્બુદ્વીપપ્રજ્ઞપ્તિ ગ્રન્થોમાં જે હકીકતો અને વર્ણનો આપ્યા છે તે યથાર્થ નથી અને પ્રત્યક્ષ પ્રમાણથી વેગળા હોઇ અસ્વીકાર્ય છે. આ સાદી સીધી વાત છે તેમાં વિવાદ કેમ જાગ્યો? કવિશ્રીએ આ અભિપ્રાય જાહેર કરતાં પોતાના લેખને મથાળું આપ્યું, "શું શાસ્ત્રોને પડકાર કરી શકાય છે?" વિવાદનું મૂળ અહીં હતું. શાસ્ત્રો ભગવદ્વાણી છે, સર્વજ્ઞ કથિત છે અને સર્વજ્ઞની, ભગવાનની વાણી હોવાથી તેમાં સત્યથી વેગળું કાંઇ હોઇ જ ન શકે, તેથી શાસ્ત્રોને પડકાર આપવાનો પ્રશ્ન રહેતો નથી. ચન્દ્ર પ્રજ્ઞપ્તિ અને જમ્બુદ્વીપ પ્રજ્ઞપ્તિ બન્ને ગ્રંથો આગમ સાહિત્યનું અંગ છે અને તે પણ શાસ્ત્રો કહેવાય છે. આ મુદ્દાનો કવિશ્રીએ જે જવાબ આપ્યો તેમાંથી તેમની મૂંઝવણ ઊભી થઇ છે.

કવિશ્રીએ માનવીના બે પ્રકાર જણાવ્યા છે - શ્રદ્ધાપ્રધાન અને તર્કપ્રધાન.

તેમના કહેવા મુજબ શ્રદ્ધાપ્રધાન વ્યકિત અંધવિશ્વાસુ-અનુકરણવાદી છે અને પ્રચલિત પરંપરામાં બુદ્ધિને કોઇ અવકાશ નથી એમ માનવાવાળી છે. તર્કપ્રધાન વ્યકિત બધી માન્યતા અને વિચારોને બુદ્ધિની સરાણે ચઢાવે છે અને બુદ્ધિગમ્ય હોય તેટલું જ સ્વીકારે છે. પોતે એકાન્તે ઘોર બુદ્ધિવાદી નથી તેમ અન્ધવિશ્વાસુ પણ નથી એમ જણાવી, કવિશ્રી કહે છે:-

'માનવબુદ્ધિ જેના વિષયમાં કાંઇ પણ ન કરી શકે, ન સમજી શકે તેને માનવું તે વિશ્વાસ છે અને આ બુદ્ધિ જેની વિરૂદ્ધ નિર્ણય કરે, તર્ક તેમ જ પ્રતિતર્ક પ્રચલિત વિશ્વાસથી કોઇ પણ ભિન્ન તત્ત્વને પ્રકાશિત કરી દે તો પણ પરંપરા તેમ જ શ્રદ્ધાના નામ પર પ્રચલિત માન્યતાઓને જ માન્યા કરવી તે અન્ધવિશ્વાસ છે.'

કવિશ્રીએ કરેલ આ ભેદ—શ્રદ્ધા અને બુદ્ધિનો—બરાબર નથી તે હવે પછી જણાવીશ; પણ કવિશ્રીની વિચારભૂમિકા આ હોય તો પણ, આ કથન મુજબ શાસ્ત્રોમાં જણાવેલ બધી બાબતોને બુદ્ધિની સરાણે ચડાવી શકાય, ચઢાવવી જોઇએ; અને પછી બુદ્ધિગમ્ય કેટલું છે અને સાચી શ્રદ્ધાને પાત્ર કેટલું છે તે નિર્ણય કરવો જોઈએ.

પણ કવિશ્રીની ભૂમિકા આ નથી. તેઓ પરંપરાગત માન્યતાઓને પૂરી રીતે છોડી શકતા નથી; તેથી આગમોના બે પ્રકાર છે એમ જણાવે છે. એકને શાસ્ત્ર કહે છે, બીજાને ગ્રંથ કહે છે. તેમના જણાવવા મુજબ શાસ્ત્ર ભગવદ્વાણી છે અને વીતરાગ સર્વજ્ઞની વાણી કેવી રીતે ખોટી થઇ શકે એમ પોતે જ સવાલ કરે છે. તેમના કહેવા મુજબ શાસ્ત્ર આધ્યાત્મિક જીવનનો પ્રેરણાસ્રોત છે, તેને કોઇ કેવી રીતે પડકાર ફેંકી શકે? ગ્રન્થો આચાર્યકૃત છે અને આ ગ્રન્થોનું સંકલન ભગવાન મહાવીરના પછી લાંબા સમયે થયું છે. આચાર્યો ગોપનકાળમાં હતા તેથી તેમનાથી ભૂલ થઇ જવી સ્વાભાવિક છે. ભગવાનની વાણી હોય તો તેમાં ભૂલ કેવી રીતે થઇ શકે? આ ભૂમિકા બરાબર હોય તો, શાસ્ત્રોને વિષે બુદ્ધિથી વિચાર કરવાનો અવકાશ નથી—તે તો સ્વીકારવા જ રહ્યા: કારણકે સર્વજ્ઞની વાણી છે. કવિશ્રીના મત મુજબ આ અંધશ્રદ્ધા ન કહેવાય. કવિશ્રીની સાચી શ્રદ્ધાની વ્યાખ્યા લઇએ તો શાસ્ત્રોમાં જે લખ્યું છે તે વિષયમાં માનવબુદ્ધિ કાંઇ પણ ન કરી શકે, ન સમજી શકે અને તેથી તેમાં વિશ્વાસ રાખવો રહ્યો. પણ ગ્રન્થોમાં જે લખ્યું છે તેમાં માનવબુદ્ધિ સક્રિય થઇ શકે અને બુદ્ધિ જેની વિરૂદ્ધ નિર્ણય કરે તેને અસ્વીકાર્ય માની શકે. શાસ્ત્ર અને ગ્રન્થનો આ ભેદ કયાંથી આવ્યો? માનવબુદ્ધિએ કર્યો કે સર્વજ્ઞે બતાવેલો છે? શાસ્ત્રોમાં સર્વજ્ઞની ભગવદ્વાણી છે તે માનવબુદ્ધિએ નક્કી કર્યું કે સર્વજ્ઞે કહ્યું છે? આગમોમાં શાસ્ત્રો કોને ગણવા અને ગ્રન્થ કોને ગણવા તે માનવબુદ્ધિ નક્કી કરે છે કે સર્વજ્ઞે નક્કી કર્યું છે? કવિશ્રી જેને શાસ્ત્રો કહે છે તે ભગવાન મહાવીર પછી કેટલા સમયે રચાયા? કોણે રચ્યા? એના રચયિતા સર્વજ્ઞ હતા? આગમ સાહિત્યમાં કવિશ્રી કોને શાસ્ત્ર ગણે છે અને કોને ગ્રન્થ? શું ધોરણે? જેને શાસ્ત્ર માને છે તેમાં જે લખ્યું છે તે શબ્દે શબ્દ સંપૂર્ણ સત્ય તરીકે સ્વીકારે છે કે તેમાં પણ બુદ્ધિથી વિચાર કરવાને અવકાશ છે? એમની કાંઈક એવી માન્યતા જણાય છે કે જેમાં આધ્યાત્મિક વિષયોનું નિરૂપણ હોય તે શાસ્ત્ર અને બીજા વિષયોનું નિરૂપણ હોય તે ગ્રંથ. આધ્યાત્મિક વિષયો કોને કહેવા? તત્ત્વવિચારને કે આચારધર્મને? આચારધર્મ જીવનની સાધના છે, તત્ત્વવિચાર અંતિમ તત્ત્વોનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો પ્રયત્ન છે. જીવનની સાધનાનું ચરમ ધ્યેય પણ પૂર્ણજ્ઞાન છે. એ સાધનાના માર્ગો અનેક હોઇ શકે છે. વ્યકિતની પ્રકૃતિ પોતાનો માર્ગ નક્કી કરે. આ બધું છેવટે તો કોઇ વિચારવાન વ્યકિતએ પોતાની બુદ્ધિથી જ વિચારવાનું રહ્યું.

કવિશ્રી જે વચલો માર્ગ કાઢવાનું કહે છે તે તર્કયુકત નથી. શાસ્ત્રો—આગમોમાં—લખેલું બુદ્ધિથી વિચારી શકાય છે, વિચારવું જોઈએ. કેટલુંક ભગવદ્વાણી ગણી બુદ્ધિથી પર માનવું એ

પણ એક પ્રકારની અંધશ્રદ્ધા છે: બુદ્ધિથી વિચારતા ધર્મશ્રદ્ધા ઉડી જશે એ ભય પાયાવિનાનો છે. સમજણપૂર્વક સ્વીકાર્યું હશે તો શ્રદ્ધા જ્ઞાનમય હોવાથી દઢ થશે. અલબત, ગહનપણે વિચારવાની આટલી શકિત બધાની નથી હોતી. સામાન્યજન, જ્ઞાની પુરુષોની અનુભવની વાણીને મોટેભાગે સ્વીકારે અને તે પ્રમાણે આચરણ કરે તે હિતાવહ છે. પણ જે સ્વતંત્રપણે વિચારવા ઈચ્છે છે અથવા જેની શકિત છે, તે તેમ કરે તો તે નાસ્તિક છે એ કથન અયોગ્ય છે. એ પણ ખરું છે કે માનવી બધી વસ્તુનો બુદ્ધિથી પાર પામી શકતો નથી. બુદ્ધિથી પર એવી ચિત્તની ભૂમિકા છે, સાક્ષાત્કાર છે. અનુભવગમ્ય ચેતના છે. આ અનુભવ, વાણીથી પણ પર છે, પણ આગમોને સર્વજ્ઞની અથવા ભગવદ્વાણી ગણવી કે નહિ, તે પ્રશ્ન સાથે આ ભૂમિકાને કોઈ સંબંધ નથી.

જૈન દર્શનને હું બુદ્ધિગમ્ય અને વાસ્તવવાદી Fationalist and Realist સમજું છું. It is not a revealed religion જૈનોએ વેદોને ન સ્વીકાર્યા, ઈશ્વરપ્રણિત ન માન્યા. વેદોને ઈશ્વરપ્રણિત ન માન્યા તે ભગવાન મહાવીર પછી સેંકડો વર્ષે લખાયેલ ગ્રંથોની વાણી ઈશ્વરપ્રણિત છે એમ જૈન દર્શન કેમ માને? શાસ્ત્રને નામે મુકતવિચારના દ્વારો બંધ કરવા એ માનવીની આધ્યાત્મિક પ્રગતિને રૂંધે છે. જૈન દર્શનમાં તત્ત્વવિચાર અને આચારધર્મ છે તેવું અન્ય દર્શનોમાં પણ છે. વર્તમાનમાં પણ સમર્થ ચિંતકો નવું ચિંતન કરે જ છે. અહિંસા અને સત્યના આચરણના નવા સ્વરૂપો ગાંધીજીએ બતાવ્યા. ગાંધીજી પોતાને સનાતની હિન્દુ કહેતા છતાં હિન્દુ ધર્મનું વિશાળ નવસંસ્કરણ તેમણે કર્યું.

કવિશ્રીએ અંતમાં વિદ્વત્પરિષદ અથવા વિચારકોના સંમેલનનો ઉલ્લેખ કર્યો છે. પણ મુકત મને ગહન ચિન્તન કરવા કેટલા મુનિરાજો તૈયાર છે? ચાર સાધુસંમેલનો થયા. સમાચારીની ઝીણી ઝીણી વિગતોની ચર્ચા સિવાય શું થયું? વ્યાપક પ્રશ્નોની કોઈ ચર્ચા થઈ? પરિષદ થાય કે નહિ, પણ ગંભીર લખાણોથી પણ આવા પ્રશ્નોની છણાવટ થઈ શકે.

રોમન કેથોલિક ચર્ચમાં હાલ વિચારનો વંટોળ જાગ્યો છે. પોપની સત્તા, રૂઢ માન્યતાઓની ઉપયોગીતા, પાદરી જીવનની સાર્થકતા, પરંપરાગત પ્રણાલિકાઓ—આ બધા વિષયે ગંભીર ચિંતન ચાલી રહ્યું છે. શ્રમણ સંસ્થાનું વર્તમાન સ્વરૂપ, તેની આચાર પ્રણાલિકાઓ જૈન દર્શનનું સાચું સ્વરૂપ અને વર્તમાન જીવનની સમસ્યાઓના ઉકેલમાં તેનું માર્ગદર્શન, આ બધા પાયાના પ્રશ્નો ગંભીર ચિન્તન માગે છે. માત્ર સ્થાનકવાસી સમાજ માટે આ નથી. વિદ્વાન સાધુ સાધ્વીઓ અને વિદ્વાન શ્રાવકોનું એકાદ સમ્મેલન કદાચ કાંઈક ઉપયોગી થાય. જૈન સમાજના આગેવાનો આવું કાંઈક આયોજન કરે - તેની પૂર્વભૂમિકા તૈયાર કરીને, તો સમાજની સેવા થશે.

૨૬-૧-૭૦ સમાપ્ત ચીમનલાલ ચકુભાઈ શાહ

## તંત્રી–નોંધ

"આગમવાણી બુદ્ધિગમ્ય નથી?" આવા શ્રી ચીમનભાઈના પ્રશ્નનો તેમના નિવેદનના સળંગ સંદર્ભમાં વિચાર કરતાં, તેનો સૂચિત અર્થ એક જ તારવી શકાય કે જેમાં આત્મતત્વને લગતાં તેમ જ ભૌતિક જગતને લગતાં અનેક વિધાનો રહેલાં છે તે સમગ્ર આગમવાણી બૌદ્ધિક સંશોધનને પાત્ર છે અને તેમાં એવું કશું નથી કે જેને અન્તિમ શબ્દ ગણીને બૌદ્ધિક છણાવટને પાત્ર બનાવી ન શકાય. અને જ્યાં છણાવટને સ્થાન છે ત્યાં સંશોધનદ્વારા નવા સુધારા વધારા અને પરંપરાગત માન્યતામાં ફેરફારને પણ અવકાશ છે જ. આ રીતે વિચારતાં શ્રી ચીમનભાઈનું નિવેદન શ્રી અમરચંદ મુનિની વિચારભૂમિકાથી આગળ જાય છે અને આગમોના અર્થઘટન માટે બુદ્ધિ એટલે કે તર્કનું દ્વાર ખુલ્લું કરે છે. ચાલુ પરંપરાના બંધનથી મુકત એવા નિવેદન માટે શ્રી ચીમનભાઈને અનેક ધન્યવાદ ઘટે છે.

તા. ૧-૧૦-૬૯ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ કવિશ્રી અમરચંદજીના લેખના અનુવાદ નીચેની મારી નોંધમાં મેં જણાવ્યું છે તે મુજબ, આ બધી ચર્ચાની મૂળ ઘૂંચ સર્વજ્ઞવાદમાં રહેલી છે. આગમવાણી એ સર્વજ્ઞની વાણી એટલે એ વાણીમાં શંકા કરી ન જ શકાય, તેમાં કોઈ ફેરફાર સ્વીકારી ન જ શકાય—આ પરંપરાગત માન્યતા ભૌતિક કે આધ્યાત્મિક સંશોધનના સ્વીકારની આડે આવે છે. 'સર્વજ્ઞ' શબ્દનો અર્થ તત્ત્વજ્ઞ એ રીતે કરવામાં આવે તો આવી કોઈ ગૂંચ પેદા ન થાય અને આગમમાં અમુક વિભાગ શાસ્ત્ર છે અને અમુક વિભાગ ગ્રંથ છે આવી કૃતિમ ભેદરેખાનું અવલંબન લેવાની કોઈ જરૂર ન રહે.

કોઈ પણ ક્ષેત્ર સાથે સંબંધ ધરાવતા સત્યના અનાવરણને કોઈ સીમા કે મર્યાદા હોઈ ન શકે. કોઈ પણ આપ્તજનના વાકય કે વિધાન સાથે સત્યને સીમિત કરવું એ સત્યના સ્વરૂપનો ઈનકાર કરવા બરોબર છે. કાળે કાળે યુગપુરુષ પાકે છે અને તે તે કાળના માનવસમાજને લક્ષમાં લઈને તત્ત્વાવબોધ કરાવે છે. કાળપરિવર્તનની અને અવનવાં અનુભવો અને સંશોધનોની અસર આ તત્ત્વાવબોધના સ્વરૂપ ઉપર પડે છે અને સમયની માંગ મુજબ તત્વાવબોધનું પ્રસ્તુત સ્વરૂપ પણ નવા વળાંકની—નવા સંશોધનની—અપેક્ષા રાખે છે. આ જે સમજે, સ્વીકારે અને તદ્નુસાર માર્ગદર્શન કરાવે તે જ ખરો સમયજ્ઞ છે. મુનિ અમરચંદજીનું પ્રસ્થાન - જો કે અચકાતું - ખચકાતું - તો પણ આ દિશાનું છે. તેટલા પૂરતા તેઓ આપણા સવિશેષ આદરને પાત્ર બને છે.

આ ચર્ચાના સંદર્ભમાં પં. બેચરદાસ તરફથી તાજેતરમાં મળેલ પત્રમાંથી થોડુંક અહિં ટાંકું તો તે અસ્થાને નહિ ગણાય. તેઓ જણાવે છે કે "મેં કવિશ્રી અમરચંદજીને લખ્યું છે કે શાસ્ત્ર અને ગ્રંથનો ભેદ બરાબર નથી. તેમ જ સર્વજ્ઞની માન્યતા પણ મારા વિચાર પ્રમાણે બરાબર નથી. છતાં સર્વજ્ઞ માનવા હોય તો મહાવીર, કપિલ, કણાદ અને ગૌતમ - બુદ્ધને સર્વજ્ઞ માનવા જોઈએ, આચાર્ય હરિભદ્રે તો એ બધાને સર્વજ્ઞ માનવાની વાત કરેલ જ છે. સર્વજ્ઞતાનો સંબંધ તત્ત્વસાક્ષાત્કાર સાથે છે, વીતરાગતા સાથે છે, નહિ કે તમામ દ્રવ્યો અને પર્યાયો તથા ભૂત—ભવિષ્ય—વર્તમાનને જાણવા સાથે છે. શાસ્ત્ર અને ગ્રંથ એવો ભેદ બરાબર નથી. શાસ્ત્રમાત્ર અપૂર્ણ હોય છે, પછી તે ગમે તે શાસ્ત્ર હોય. એવો મારો વિચાર છે."

પરમાનંદ

## વસંત વૈભવ

કોકિલ કૂજ્યો કાનનમાં ત્યાં વાયુએ વાત ફેલાવી,
વ્હેણમાં વહેતો કાનમાં કહેતો વસુધા વસંત આવી,
યૌવન લાવી ......

આળસ છોડી ઊંઘ ઉરાડી ભેટણું લાવી લઈલે,
ઉદધિ ગાય ને ઊર્મિઓ ઝીલે સૂતી કાં મુખડે વીલે,
પૂર્ણ ભરી લે ......

ઝબકીને ત્યાંતો ધરણીએ દીધો જીર્ણ સાળુ ફગાવી,
નવ પટકૂળે જોબન ઝીલે વૈજયંતિની વેણી સજાવી,
જાજમ બિછાવી ......

કેસુડો કેતકી મોગરો માલતી સાહેલી સૌએ સજોડે,
ગુલાબ ને ગુલબાસ પારિજાત સાથે જુઈજાઈ સોડે,
જુઈ જાઈ સોડે ......

બોરસલી બ્યુગલ વગાડે ને ચંપેલી ચાંપલી બોલી,
સૂરજમુખી સજજ થયા પેલી સેવંતી છેક જ ભોળી,
પૂરી રંગોળી ......

ક્યારડે ક્યારડે ફૂલના ડાયરે ભ્રમરે ભમવા માંડ્યું,
કૈં સમજ્યા વિણ અધ ખીલી કળિયે તરુથી હાસ્ય ઉરાડ્યું,
હાસ્ય ઊરાડ્યું ......

પારસ પીપળે પંખીઓ ઝૂલે ટેટા વડને હિંડોળે,
શિરિષ દ્રૂમો પહાડો પરથી ઝૂમીઝૂમી ચામર ઢોળે,
ચામર ઢોળે ......

સુશીલા ઝવેરી

7



# હિમાલય અને આધ્યાત્મિક અનુભૂતિ

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે જાણીતા સાહિત્યકાર કિશનસિંહ ચાવડાનો વાર્તાલાપ સંઘના શ્રી પરમાનંદ કાપડિયા ગૃહમાં તા૦ ૧૦-૩-૭૦ના રોજ સાંજના છ વાગ્યે યોજવામાં [illegible]ાં હતો. સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે વકતાનો [illegible]રિચય અને તેમને આવકાર આપતાં કહ્યું કે "ગુજરાતના એક પ્રથમ પંકિતના સાહિત્યકાર તરીકે તો આપ સૌ શ્રી કિશનસિંહભાઈને ઓળખો છો, પરંતુ હું આપને એમ કહેવા માગું છું કે તેઓ સાહિત્યકાર ઉપરાન્ત સાચા અર્થમાં સાધક પણ છે. છેલ્લા આઠેક વર્ષથી તેઓ મોટે ભાગે હિમાલયમાં ૮૦૦૦ ફીટની ઊંચાઇ પર આવેલા સ્વામી કૃષ્ણપ્રેમના મિરતોલા આશ્રમમાં રહે છે. હમણાં જ અમે વિમલાબહેનની શિબિરમાં સાથે હતા ત્યારે મેં એ વિષે આનંદાશ્ચર્ય વ્યકત કર્યું ત્યારે તેમણે જણાવ્યું કે ૪૦ વર્ષના જાહેર જીવન દરમિયાન મેં પ્રતિષ્ઠા, સેવા, સંપત્તિ વગેરે બધું જ પ્રાપ્ત કર્યું હોવા છતાં મને જીવનની જે ચરિતાર્થતા કયાંય નથી મળી તે મને હિમાલયમાં અને સ્વામી કૃષ્ણપ્રેમના સાન્નિધ્યમાં મળી છે. એમની આ Fulfilment of life વાળી વાત મારા ચિત્તતંત્રને સ્પર્શી ગઇ છે અને તેથી જ હું શ્રી કિશનસિંહભાઇને વિનંતિ કરીશ કે તેઓ આજે આપણી સમક્ષ એમના આધ્યાત્મિક અ[illegible]."

ત્યાર બાદ શ્રી કિશનસિં[illegible]નું પ્રવચન શરૂ કરતાં જણાવ્યું કે:—

સામાન્ય રીતે કોઇ પણ વકતાની ઓળખાણ અપાય છે ત્યારે તેના પ્રત્યેના પ્રેમ અને આદરને લઈને અતિશયોકિતપૂર્વક તેની ઓળખાણ આપવામાં આવે છે. અને આથી વકતા માટે મોટી મુશ્કેલી ઊભી થાય છે. હા, પણ તેમાં પોતે પોતાને નવી નવી રીતે ઓળખતો થાય છે. આવી ઓળખાણથી ફૂલાવાને બદલે હું મારી જાતને તપાસું છું, વીંખું છું, પીંખું છું; તેની નિર્બળતાને હું ચાવડાના મિત્ર તરીકે તટસ્થ રીતે જોઈ શકું છું.

શ્રી સુબોધભાઈએ મને કહ્યું, "હિમાલય અને આધ્યાત્મિક અનુભૂતિ વિષે બોલો."

આધ્યાત્મિક અનુભૂતિ શબ્દોદ્વારા વ્યકત કરી શકાતી નથી, એટલે આધ્યાત્મિક અનુભૂતિ વિષે બોલવું મુશ્કેલ છે.

બર્ટ્રાન્ડ રસેલે કહ્યું છે કે આધ્યાત્મિક અનુભૂતિ વિષે વાત કરવી એમાં સાંભળનારને લાભ થાય છે અને બોલનારનું અભિમાન પોષાય છે—એ સિવાય કાંઈ થતું નથી.

હું પોતે આધ્યાત્મિક અનુભૂતિ પામેલો માણસ છું તેમ માનવા હું તૈયાર નથી. હું જે જીવન જીવી રહ્યો છું તે વિષે મારા અનુભવો કહું. બાકી માણસનો અહમ્ બહુ ભયંકર વસ્તુ છે. મારા ૪૦ વર્ષના સામાજિક, સાંસ્કૃતિક, સાહિત્યિક જીવનથી મારી સાર્થકતા પરાકાષ્ટાએ પહોંચી અને મન તેનો સંતોષ લેતું હતું, અને એમ થતું હતું કે મેં ઘણું મેળવ્યું છે—ઘણો સંતોષ લઈ શકાય એવું જીવન—ઘડતર થયું છે. પરંતુ જ્યારે મૂલ્યનું કલેવર બદલાઈ ગયું ત્યારે એ બધી જ સાર્થકતા નિરર્થક બની ગઇ. જીવન વિષે વિચારવાની દિશા બદલાઈ ગઈ. એ દિશા કેમ બદલાઈ ગઈ તેની સ્પષ્ટતા માટે મારા જીવનનો એક પ્રસંગ હું આપને કહું.

સને ૧૯૪૮ માં પરદેશમાં બધે ફરીને જ્યારે યુરોપથી સ્વદેશ પાછા ફરવા માટે મેં ટિકિટ બુક કરાવી ત્યારે સ્ટીમર લંડનથી ત્રણ અઠવાડિયા મોડી ઉપડવાની હતી; એટલો સમય ત્યાં પસાર કરવા મારી પાસે પસંદગીના બે વિષયો હતા — એક, સારાં નાટકો જોવાં અને બીજું, સારા પુસ્તકોનું વાંચન કરવું. એટલે, એક પુસ્તક વિક્રેતા જહોન વૉટકીન્સની દુકાનમાં હું ગયો અને આધ્યાત્મિકતા વિષે સારાં પુસ્તકોની માગણી કરી. તેમણે મને એક કબાટ જોવા આપ્યો, તેમાંથી પહેલું જ પુસ્તક જે મારા હાથમાં આવ્યું તે "ભગવદ્‌ગીતા અને યોગ" નામનું પુસ્તક હતું અને તેના લેખક સ્વામી કૃષ્ણપ્રેમ હતા. ત્યાં નીસરણીના પગથીયા ઉપર બેસીને તે પુસ્તકની પ્રસ્તાવના હું જોઈ ગયો. ફકત એ પ્રસ્તાવના વાંચતા જ, હું શબ્દનાવિન્યનો જાણકાર છું, શબ્દોને વિવિધ રીતે રજુ કરવાની મારી પાસે કળા છે એવો જે મારો અહમ્ હતો તે ઓગળી ગયો. તેમની પ્રસ્તાવનાના શબ્દનાવિન્યે મને મારા અંતરના ઊંડાણથી આકર્ષ્યો.

વૉટકીન્સને મેં તેના વિષે પૂછયું કે. "ભાઇ, આ સ્વામી કૃષ્ણપ્રેમ છે કોણ અને કયાં રહે છે?" તેમણે કહ્યું કે "તેઓ હિમાલયમાં આલ્મોડા પાસે કયાંક રહે છે." ત્યાર બાદ તેમના બે પુસ્તકો મેં વાંચ્યાં, એ પુસ્તકો મને એટલા બધા ગમ્યા કે સ્વદેશ પાછા ફર્યા પછી તેનો નશો ઘણા લાંબા સમય સુધી રહ્યો. પરંતુ સમયના વહેણ સાથે આ કેફ પણ ધીમે ધીમે ઓછો થતો ગયો. એવામાં મારા મિત્ર શ્રી ઉમાશંકર જોશીને મળવાનું થયું - તેઓ એ અરસામાં નૈનિતાલ જવાના હતા. તેમને મેં સ્વામી કૃષ્ણપ્રેમના પુસ્તકો વાંચ્યા પછી મારા મન ઉપર અંકિત થયેલી તેની અદ્‌ભૂત છાપ વિષે વાત કરી અને તેમને તેઓ અવશ્ય મળે તથા તેમના વિષેની માહિતી લેતા આવે એમ મેં ભલામણ કરી. તેઓ એ બાજુએ ફરીને દોઢેક માસ પછી પાછા આવ્યા. તેઓ તેમને મળી આવ્યા હતા. તેમણે કહ્યું કે "મિરતોલા ખાતે એક રાધાકૃષ્ણનું મંદિર છે ત્યાં સ્વામી કૃષ્ણપ્રેમ તેમના એક શિષ્ય આશિષમહારાજ સાથે રહે છે. તેઓ પોતે અંગ્રેજ છે. તેમની મુલાકાત પછી મારા ઉપર એવી છાપ પડી છે કે મારા જીવનમાં ગ્રંથિ વિનાનો આવો નિર્ગ્રંથ માણસ મેં કદી જોયો નથી. ઉમાશંકર કોઈના અહોભાવમાં જલદી ખેંચાઇ જતા નથી એ મારા મનની છાપ હતી જ અને એમને મોઢે સ્વામી કૃષ્ણપ્રેમ વિષે આવો અભિપ્રાય સાંભળ્યા પછી તેમને મળવા માટે મારૂં મન વધારે આતુર થયું.

૧૯૬૦ માં હું મારા એક મિત્ર બચુભાઈ ધીયાની સાથે કૈલાસ—માનસરોવરને રસ્તે આલ્મોડા સુધી ગયો અને ત્યાંથી પછી અમે મિરતોલા પહોંચ્યાં.

પ્રજ્ઞા, બુદ્ધિ, ભાવ, લાગણી વગેરે દરેક માણસમાં દરેક વખતે હોય છે તે, જ્યારે કોઈ વિભૂતિને માણસ મળે છે ત્યારે, કમળના ફુલની પાંખડીઓની જેમ જીવનની બધી પાંખડીઓ ખુલી જતી હોય છે - માણસ પ્રફુલ્લિત બને છે. એટલો વિભુતિનો પ્રભાવ પડતો હોય છે. અમે ત્યાં પહોંચીને સ્વામી કૃષ્ણપ્રેમને અને આશિષમહારાજને જોયાં ત્યારે આગલી રાત્રે મને જે સ્વપ્ન આવેલું તેમાં જે બે વિભૂતિઓના દર્શન થયા હતા અને આ વિસ્તારનું જે સૃષ્ટિસૌંદર્ય, જે લાવણ્ય મને જોવા મળેલું, બરાબર તે જ લાવણ્ય અને તે જ વ્યકિતઓને જોઈને એક અદ્‌ભૂત અનુભવ થયો. જીવનની ઝંખનાને, પરમ અભિપ્સાને વિસામો મળે તેમ તેમના મિલનથી મને વિસામો મળ્યો.

બીજા વર્ષે મારા પત્ની સાવિત્રી સાથે હું તેમની પાસે ગયો. મેં તેમની સાથે રહેવાની અમારી ઇચ્છા વ્યકત કરી. તેમણે કહ્યું, આ અમારા વિસ્તારમાં બે જ માણસની વસ્તી છે, તેમાં તમે બે જણા આવો તો વસ્તી બેવડાઇ જાય, એમ કહીને તેમણે સંમતિ ન આપી. એથી અમો આલ્મોડાથી મિરતોલા એક વર્ષ સુધી આવતા જતા રહ્યા. ત્યાર બાદ ફરી એક વાર દરખાસ્ત મૂકી કે અમારી કાયમ માટે અહિં જ રહેવાની ઇચ્છા છે, કાં હવે અમને અહિં રહેવાની સંમતિ આપો અથવા તો અમો પાછા વડોદરા જઇને રહીએ. અંતે ત્યાં કાયમી રહેવાની અમને મંજૂરી મળી અને એ રીતે છેલ્લા આઠ વર્ષથી અમે ત્યાં રહીએ છીએ.

મુંબઈના 'ચેઈન બુકીંગ' ના જીવનની મનને ટેવ પડયા પછી આવા સ્થાનમાં બેસવાનું થાય ત્યારે માણસ પોતાના મનને પૂછે કે તારે શું જોઈએ છે? સામાન્ય રીતે માણસો મનના ગુલામ હોય છે, મન કહે તેમ જ કરે. પણ કેટલાક માણસો મનના મિત્ર હોય

છે - મન કહે તેમ કરતા નથી. મનને ખિસ્સામાં રાખે એ જ મનના મિત્રો. મનને પેલે પાર બેઠેલ ચેતના પરથી ખરું કાર્ય થતું હોય છે. ઘોડા પર બેઠેલા અસવારની જેમ મનને ખૂબ પળોટીને, ખૂબ ગદ્દેડીને મનની પકડથી બહાર આવતાં શીખવું જોઈએ.

સ્વામી કૃષ્ણપ્રેમને મળતાં પહેલો અનુભવ એ થયો કે મનની સત્તાની ઉપરવટ થઈને જીવતા માણસો સહજપણે જીવતા હોય છે- યંત્રવત્ નહિ. તેનો પુરાવો શું તે પોતે ન આપે - એમની પાસે જે બેસે તે આપે.

આપણે સંકલ્પ કરીએ છીએ, પરંતુ તેમાં પરિસ્થિતિ પ્રમાણે બાંધછોડ કરીએ છીએ.

આચરણપૂર્વકનું દર્શન જીવનમાં પ્રગટ થાય ત્યારે જીવન સફળ થાય. જેમકે ગુલાબનું ફૂલ - તેની સૌરભ એ જ તેની વાણી છે. દીપકની જ્યોત-પ્રકાશ એ જ તેની વાણી છે. હુ આ છું એમ જેણે કહેવું પડે છે તે તો તે નથી અને નથી જ.

પરિવર્તનની સૌથી મંગળ ઘડી તે મૃત્યુ છે. આપણા કવિ ઓમકારનાથની ઓળખાણ ઘણા મિત્રો તેમને 'અહંકારનાથ' કહીને આપતા હતા, એટલા સ્વભાવે તેઓ ઉગ્ર હતા - એટલો તેમણે અહંકારને પોષ્યો હતો. તેમની અંતિમ માંદગી વખતે તેમણે ગુજરાત સરકારને કાગળ લખ્યો કે, મને તમે ઍરકન્ડીશન્ડ ડબ્બામાં ભરૂચ પહોંચાડો, કેમકે મારા મોભા પ્રમાણે આ સિવાયના અન્ય વર્ગમાં હું મુસાફરી ન કરી શકું. મને એ જાણવા મળ્યું એટલે હું તેમને મળ્યો અને મેં તેમને વિનંતિ કરી કે, "આખું જીવન સન્માન તમારી પાછળ દોડયું છે. અને આ વિદાયવેળાએ સન્માનની પાછળ તમે દોડો છો?" તેમને સત્ય સમજાયું - અહંકાર ઓગળી ગયો અને તેમણે કહ્યું, "હવે મને ભરૂચ લઈ જાવ - હું આવવા તૈયાર છું."

જો ગંગોત્રી પહોંચવું હોય, ગંગાના મૂળને પામવું હોય તો તેના પ્રવાહથી, તેની ધારાથી ઊલટી દિશામાં જવું જોઈએ. "ધારા"નો ઊલટો શબ્દ છે "રાધા" - તો રાધાની જેમ સમર્પણભાવથી ચેતનાની દિશામાં અન્તર્યાત્રા કરવી જોઈએ. અહંકાર છૂટવો જોઈએ. નમ્રતા દ્વારા પણ અહંકાર પ્રગટ થાય છે તે વિષે પણ જાગૃત રહેવું જોઈએ.

મને આ રીતે આપ સૌને મળવાની તક આપી તે બદલ હું આપ સૌનો આભાર માનું છું.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે વકતાનો અંત:કરણપૂર્વક આભાર માન્યો હતો ને સંઘની વતી શ્રી નીરૂબહેન શાહે કિશનસિહભાઈને હાર પહેરાવ્યો હતો. ત્યારબાદ ઠંડા પીણાને ન્યાય આપી પ્રસન્ન વાતાવરણમાં સૌ વિખરાયાં હતાં.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

## મુદ્રણશુદ્ધિ

૧૬મી ફેબ્રુઆરીના અંકમાં પહેલા પાને બીજી કોલમમાં પહેલી લીટીમાં 'પ્રથમ વિશ્વયુદ્ધે તેમના જીવનમાં ખોટો પલટો આણ્યો' એમ છપાયું છે ત્યાં 'ખોટો' શબ્દ છે તેને બદલે 'મોટો' એમ વાંચવું.

પાના ૨૩૪ ઉપર ત્રીજા પારિગ્રાફમાં બીજી લીટીને છેડે 'યદીભૂમિ' છપાયું છે ત્યાં 'ભકિતભૂમિ' એમ વાંચવું.

તા. ૧લી માર્ચના અંકમાં પાના ૨૪૪ ઉપર "ચિચણ ખાતે 'મહાવીર નગર' નામનું આંતરરાષ્ટ્રીય કેન્દ્ર સ્થાપવાની યોજના" એ મથાળા નીચેની પ્રકીર્ણ નોંધમાં 'ફંડમાં કુલ રકમ ૬,૯૦,૦૦૦ની મળી છે એમ છપાયું છે તે બરાબર નથી, પરંતુ એ રકમ ૬૯,૦૦૦ની છે, તો તેમ સુધારીને વાંચવું. અને તા. ૫-૩-૭૦ સુધીમાં એ આંકડો રૂા. ૧,૦૬,૦૦૦ સુધી પહોંચ્યો છે તેમ શ્રી અંબુભાઈ જણાવે છે.

—તંત્રી

# સહજીવન શિબિર

('પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૨-૭૦ના અંકમાં જાહેર કર્યા પ્ર સુશ્રી વિમલાબહેન ઠકારના સાન્નિધ્યમાં વિહાર તળાવ પર ? મેન બંગલા ખાતે શુક્રવાર તા. ૨૭-૨-૭૦ થી રવીવાર તા. ૨૯ સુધી એક સહજીવન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું, આશરે ૯૦ ભાઈબહેનોએ લાભ લીધો હતો. અઢી દિવસના કાર્યક્રમનો સળંગ હેવાલ શ્રી સુબોધભાઈ એમ. શાહે લખી આપ્ છે તેનો પૂર્વાર્ધ 'પ્રબુદ્ધ જીવન'ના વાંચકોની જાણ માટે નીચે પ્રગ. કરવામાં આવે છે. તંત્રી)

અમને અપાયેલી સૂચના પ્રમાણે શુક્રવારે સવારે બરાબર ૯ વાગે અમે વિહાર લેઈક પહોંચી ગયા. સૌએ ત્યાં પહોંચવાની વ્યવસ્થા પોતાની મેળે કરવાની હતી. તેમ છતાં અંધેરી (પૂર્વ) સ્ટેશન પાસે એક બસની વ્યવસ્થા રાખવામાં આવી હતી. શિબિરની તમામ વ્યવસ્થા વિલેપાર્લે રહેતાં પારેખ દંપતી—ચંદ્રાબેન પારેખ અને તેમના પતિ શ્રી વસુભાઈ—તથા તેમના મિત્રોએ કરી હતી. સામાન્યરીતે વિમલાતાઈ જ્યારે પણ મુંબઈ આવે છે ત્યારે તેઓ પારેખ દંપતીના [illegible] મુંબઈમાં આ પ્રકારની શિબિર સૌપ્રથમ જ યોજવામાં આવી હતી. તળાવની વિશાળ જળરાશિ વડે નજરને ભરી લેતું એકાંત સ્થળ, ચારેબાજુ રમણીય હરિયાળી અને નિરવ શાંતિથી ચિત્તે પ્રસન્નતા અનુભવી. અમારા નામ વગેરેની નોંધ કરીને અમને શિબિરાર્થીના બેજ તથા શિબિરનો છાપેલો કાર્યક્રમ આપવામાં આવ્યાં. શિબિરનો કાર્યક્રમ સવારે ૭ થી ૭ાા સામૂહિક મૌન - પ્રાર્થના, ૧૦ થી ૧૧ તાઈનું પ્રવચન, ૧૧ થી ૩ ભોજન - આરામ, ૩-૩૦ થી ૫ પ્રશ્નોત્તરી, ૫ થી ૬-૩૦ હરવાફરવા માટે, ૬-૩૦ થી ૭-૩૦ ભોજન, ૮ થી ૯ાા મૌન - સંગીત અને ૧૦ વાગે શયન—એ રીતે રાખવામાં આવ્યો હતો.

બરાબર ૯-૩૦ વાગે વિમલાબેન તથા શિબિરના બીજા મહેમાન શ્રી. કિશનસિહ ચાવડાને લઈને વસુભાઈની મોટર આવી પહોંચી ત્યાં સુધીમાં લગભગ બધા જ શિબિરાર્થીઓ આવી ગયા હતાં અને ઉપર નીચે થઈને મેઈન બંગલાના ચારપાંચ ખંડો તથા લોબીઓમાં પોતપોતાનો સામાન મૂકીને સ્વસ્થપણે નીચે પ્રવચનખંડમાં ભેગા થયા હતાં. મિત્રોએ પ્રવચનખંડને શણગાર્યો હતો. ફૂલો અને અગરબત્તીની મહેંક વચ્ચે દશ વાગે શિબિરનો પ્રારંભ થયો. શ્રી રવિન્દ્ર ત્રિવેદીએ એક સુંદર ગીતથી શરૂઆત કરી.

"યહ ગર્વભરા મસ્તક મેરા, પ્રભુ ચરણ ધૂલ તક ઝૂકને દે.
અહંકાર વિકાર ભરે મનકો, નિજ નામકી માલા જપને દે..."

ત્યારબાદ ચંદ્રાબેન પારેખે સહજીવન શિબિરની ભૂમિકા સમજાવી અને બહુ જ ટૂંકા ગાળામાં તૈયારી કરી હોવાથી કોઈને કાંઈ તકલીફ પડે તો માફ કરવા જણાવ્યું અને વિમલાબેનને પ્રેમના પ્રતિકરૂપે પુષ્પની માળા અર્પણ કરી.

શિબિરનું ઉદ્ઘાટન પ્રવચન કરતાં પૂ. તાઈએ એમની પ્રેરક હિંદી ભાષામાં બોલતાં જણાવ્યું કે, "સત્ય સમજવાની જિજ્ઞાસાનો ઉદ્ભવ થવો એ એક પરમ મંગલ ઘટના છે, એક દુર્લભ વરદાન છે. પછી માણસ બીજાંઓના અનુભવ વડે મળેલા જ્ઞાનના સંગ્રહથી સંતૃપ્ત થતો નથી. સત્ય વિશેની આ અભિમુખતા જ સ્વયં અવસર બની જાય છે. આ શિબિરને તમે સહજીવન શિબિરનું નામ આપ્યું છે. આ સહજીવન શું છે તે આપણે જાણીએ છીએ? આજે આપણે 'સહજીવન' જીવતાં નથી, માત્ર 'સહઅસ્તિત્વ' જીવીએ છીએ. મન એક યંત્ર છે અને એ યંત્રની ગતિથી મુકત થઈને જ 'સહજીવન' જીવી શકાય છે. એકબીજાની સાથે જીવતાં પહેલાં સ્વને સમજવાની જરૂર છે. જગતના તમામ દેશોમાં આજે

એક પ્રકારની વિદ્રોહની-વિધ્વંસની આંધી છવાઈ ગઈ છે. આપણી જીવનપદ્ધતિમાં જરૂર કોઈ પ્રકારની કમી છે, ખામી છે, જેના કારણે જીવનમાં સ્વસ્થતા આવતી નથી. પરંતુ મને એની ભીતર આવી રહેલા નવજીવનનાં એંધાણ દેખાય છે. માનવીનું ચિત્ત આજે અસ્વસ્થ છે, બિમાર છે; આવું રુગ્ણ ચિત્ત શું જીવનમાં ક્રાન્તિ લાવી શકશે? માણસના મન પર જ્યારે Emotional tension હોય છે, ત્યારે તે પોતાનું સંતુલન ખોઈ બેસે છે અને કોઈ પણ સમસ્યાને યથાર્થ રીતે જોઈ શકતો નથી, સમજી શકતો નથી અને એનો ઉકેલ પણ લાવી શકતો નથી. આજે આપણી પાસે જે સમશ્યાઓ છે તે માત્ર આપણી જ - આપણા દેશની જ સમશ્યા છે એવું નથી. આજે સમશ્યાઓ વૈશ્વિક બની ગઈ છે. જગતને આજે થોડાં એવા પ્રખર ક્રાંતિકારીઓની જરૂર છે જેઓ પોતાનું માનસિક સંતુલન જાળવી શકતાં હોય. ખરી રીતે જોઈએ તો આજે આપણને જે વિકૃતિઓ દેખાય છે તેની જડ ક્યાંક બીજે પડેલી છે. વિકૃતિ માત્ર લક્ષણ છે; એની જડ વ્યકિતની ચેતનામાં છે.

આ ચેતના શું છે? ગ્રંથોમાં શોધવાથી તો એ મળશે નહીં. આપણે મનના ગુલામ થઈ ગયા છે. મનને પેલે પાર ક્યાંક ચેતનાની સત્તા છે. આપણે જે કાંઈ જોઈએ છીએ, જે કાંઈ કરીએ છીએ, તે બધું ખંડિત દર્શન હોય છે. માણસે સમગ્રતાથી જીવતાં શીખવું જોઈશે. એમ થશે ત્યારે જ ક્યાંક સાચા અર્થમાં માનવીય સંબંધો બનશે, માનવીય સમાજ પેદા થશે. આ મજલ લાંબી છે, યાત્રા કઠણ છે પણ અનિવાર્ય છે."

બપોરે એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે જીવનને સમગ્રતાથી જોવું હોય તો મનને મૌન કરતાં શીખવું જોઈએ. મનને તુલના કરવાની આદત પડેલી છે. મનનું કેન્દ્રસ્થાન અહંકાર છે. દરેક ચીજનો એ સોદો કરવા માંગે છે. પોતે જે મૂલ્ય આંકે છે તે જ સત્ય છે એવો મનનો આગ્રહ હોય છે. જીવન જીવવું એ સોદાબાજીનું કામ નથી. મનના મૌન દ્વારા જીવન જીવવાનું એક તદ્દન નવું પરિમાણ પેદા થાય છે. તે જોવાનું સાહસ કરીએ તો જ જીવનને સમગ્રતાથી જોઈ શકાય.

અપૂર્ણ સુબોધભાઈ એમ. શાહ

## મોટા થવાનો ઈલમ

મારી અને મારા કૂતરાની સમસ્યા એક જ હતી. એ ય મહત્ત્વાકાંક્ષી અને હું પણ. કૂતરો શરીરથી મરિયલ હતો, અને હું વ્યકિતત્વથી દુબળો હતો. મોટા થવાની ચિંતામાં દહાડે દહાડે એ દુબળો થતો જતો, અને હું દુ:ખી.

એકાએક કૂતરામાં મેં પરિવર્તન જોયું. એ કાંઈક જાડો થવા લાગ્યો. મહોલ્લાના કૂતરાઓ પર એનો રુવાબ વધવા લાગ્યો. ભસવાની લીડરશીપ એની પાસે રહેતી. કોઈ નવો માણસ આવતો તો ભસવાની બાબતમાં એની સલાહ લેવાતી.

મેં ધ્યાનપૂર્વક એની ગતિવિધિ નિહાળી. એ રોજ સવારે નજીકના બંગલામાં સાંકળથી બાંધેલ ગધેડા જેવડા એલસેશિયન સામે ભસી આવતો. બીજા કૂતરા તો ત્યાં જતાં પણ ડરતાં. ભસીને એ એવી અદાથી પાછો ફરતો, જાણે એલસેશિયન બંધાયેલો ન હોત, તો પોતે તેને ફાડી ખાત!

એક દિ' એક સાહેબ મોટા કૂતરાને લઈ નીકળ્યા. મારો કૂતરો ગરજીને દોડ્યો. સામેવાળો ઘૂરક્યો. પછી એના માલિકે એને ધમકાવ્યો. એ ચૂપચાપ ચાલ્યો ગયો. પણ મારો કૂતરો એવા ઠાઠથી પાછો ફર્યો કે જાણે પોતે જ પેલાને દુમ દબાવી ભગાડયો. હું બધું જ સમજી ગયો. મેં એને કહ્યું, 'ગુરૂદેવ! તમે આ ઈલમ મને કાં ન બતાવ્યો?' કૂતરાએ પૂંછડી પટપટાવી અને કાંઈક કુન કુન કર્યું - એટલે કે ગો એહેડ... આગળ વધો. હું વધી ગયો.

બીજે જ દિ' બુદ્ધ પર મેં એક પ્રવચન આપ્યું: 'બુદ્ધે બે ભૂલ કરી. એક, પત્નીને કહ્યા વગર ઘર છોડી ગયા; અને બીજી સુજાતાની ખીર ખાધી. ખીરે બુદ્ધના ચિંતનને નબળું બનાવ્યું. જો તેઓ ખીરને બદલે પાપડ ખાઈ લેત, તો એમનો પંથ લાખ વરસ ચાલત... એટલે જ હું બુદ્ધને પૂરેપૂરો નથી સ્વીકારી શકતો.'

ભાષણ પછી કેટલાકને મેં બોલતા સાંભળ્યા, 'બુદ્ધને પછાડી દીધો. કેવી મોટી ભૂલ બતાવી છે બુદ્ધના ચિંતનની!'

મેં એમના નામ નોંધી લીધાં, અને કહ્યું કે, 'તમે લોકો દરેક ભાષણમાં આવજો. તમે ભારે સમજદાર શ્રોતા છો!'

બીજા પ્રવચનમાં મેં કાર્લ માર્ક્સને ઉધડો લીધો: 'માર્ક્સ! હા, માર્ક્સે જીવન વિષે વિચાર્યું છે, પણ એંજલ્સની જેમ પોતે દાઢી રાખવા જતા માર્ક્સવાદમાં બ્રિટીશ ઉદારવાદના કીટાણુ આવી ગયા છે. હું એ ચિંતકને ક્યારેય માફ નહીં કરી શકું, જે પોતાની દાઢીના મોહમાં ચિંતનને અધૂરૂં મૂકી દે છે. માર્ક્સમાં બીજો વિરોધાભાસ એ છે કે એણે જે પૂંજીવાદની સામે લડવા માટે પુસ્તક લખ્યું, એનું નામ 'પૂંજી' જ રાખ્યું. આ નામને લીધે પૂંજીવાદીઓએ એનો લાભ ઉઠાવ્યો.'

લોકો હસી હસીને લોથપોથ થઈ ગયા,–'માર્ક્સને ઠોક્યો. જબરો ક્રાંતિકારી વિચારક છે!'

મારી માંગ વધવા લાગી. હવે હું જામી ગયો, જેમ જેમ જામતો ગયો તેમ તેમ વજનદાર થતો ગયો. હું ચિંતકની મુદ્રામાં સભાખંડમાં પ્રવેશતો અને લોકો આદરપૂર્વક હઠી જતા.

ઈશુને પણ મેં ન છોડયા:

'હું ઈશુને પૂછું છું કે જ્યારે તને ખબર હતી કે તારી સાથે વિશ્વાસઘાત થવાનો છે, તો તું ભાગી કેમ ન ગયો? જાણી જોઈને શૂળી પર શા માટે ચઢયો? હું સુકરાતને પણ ઝેરનો પ્યાલો પી જવા માટે કદી માફ નહીં કરી શકું. એણે ઝેર શા માટે પીવું પડે? પત્ની કર્કશા હતી, તો તલ્લાક આપી શકતો હતો!'

લોકોએ કહ્યું, 'વાહ વાહ! આજે આચાર્યે ઈશુ અને સુકરાતને ઝપટમાં લીધા. વિચારથી વિચારને કાપે છે! સમજ્યા?'

ગાંધી જયંતી પર મેં ગાંધીને બોચીમાંથી પકડયા - 'ગાંધીની ભૂલ એ હતી કે સ્વાતંત્ર્ય-પ્રાપ્તિ પછી એ વડા પ્રધાન ન બન્યા. હું મોહનદાસને પૂછું છું કે તમે શાસનની જવાબદારીમાંથી કેમ ભાગ્યા? તમે કદાચ વિચાર્યું હશે કે તમારે શેરવાની સાથે ચૂડીદાર પાયજામો પહેરવો પડશે. પણ ભલા! શું દેશને માટે લંગોટીનો મોહ છોડવો પણ એટલો જ જરૂરી ન હતો?'

વિવેકાનંદની પણ મેં આ જ રીતે ખબર લઈ નાખી – 'વિવેક સારો વિચારક હતો. એને માટે મને પ્રેમ છે. પણ એણે ય એક મોટી ભૂલ કરેલી. અમેરિકા વિમાન દ્વારા ન જતાં આગબોટ દ્વારા ગયો. એ નહોતો જાણતો કે ચિંતનની ગતિ વાહનની ગતિ સાથે સંકળાયેલી હોય છે? અને તેથી જ અમેરિકામાં વિવેકનું ચિંતન ધીમું રહ્યું. આનો વિવેક પાસે શો જવાબ છે?'

એક શ્રોતા ધીમેથી બોલ્યો, 'તે વખતે વિમાન ન હતાં.'

હું ઘૂરક્યો: 'ચૂપ રહો, હું તમને નહીં, વિવેકને પૂછું છું.'

બસ, આપણી તો ચારેકોર બોલબાલા થઈ ગઈ. એક પ્રોફેસરે અખબારમાં લખ્યું, 'માર્ક્સના કોઈ પણ વ્યાખ્યાતાએ એના સિદ્ધાંતો પર એંજલ્સની દાઢીનો સૂક્ષ્મ પ્રભાવ નથી જોયો.' બીજાએ લખ્યું, 'એ તો ગાંધી, બુદ્ધને સુદ્ધાં સીધા સવાલ કરે છે, અને આ મહાત્માઓ નિરૂત્તર થઈ જાય છે.

એક રાતે હું જોઉં છું, તો બુદ્ધ, ગાંધી, ઈશુ, સુકરાત, વિવેક આવીને મને પૂછે છે: અમે તારૂં શું બગાડયું છે?

'અમારી દુર્ગતિ કાં કરો?'

મેં કહ્યું, 'તમારી સાથે મારે કોઈ દુશ્મનાવટ નથી. મારે તો મોટા માણસ થવું છે. જો તમે ઈચ્છતા હો કે હું બોલવું બંધ કરી દઉં, તો મારા વિષે એક સંમિલિત નિવેદન આપી દો.'

એ બધાએ લખ્યું: 'અમે સ્વીકારીએ છીએ કે આચાર્ય હરિશંકરજી એક મૌલિક અને ક્રાંતિકારી ચિંતક છે. તેઓ આ યુગની એક મહાન વિભૂતિ છે.'

નીચે સહી: સુકરાત, ઈશુ, ગાંધી, બુદ્ધ, વિવેકાનંદ.

આ નિવેદન છાપામાં છપાયું. તમે એ વાંચ્યું?

મેં કૂતરાને કહ્યું, 'ગુરુ! હવે હું પણ જામી ગયો. શું સુંદર ઈલમ સુઝાડયો છે તેં!' કૂતરાએ પૂંછડી પટપટાવી.

(શ્રી હરિશંકર પરસાઈની હિંદી વાર્તા પરથી) 'ભૂમિપુત્ર'માંથી સાભાર.

હરિશ્ચંદ્ર

# પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી

પૂ. મુનિશ્રી ન્યાયવિજયજી તા. ૨૬-૨-૭૦ ના રોજ સવારે ૧૦ વાગે કાળધર્મ પામ્યા. અગાશીમાં ફરતા હતા ત્યારે ઓચિંતી લકવાની અસર થતાં ગબડી પડયા ને ફકત ૧૫ કલાકની માંદગી ભોગવી અચાનક ચાલ્યા ગયા. આજથી ૮૧ વર્ષ પહેલાં માંડલમાં એમનો જન્મ થયો હતો.

માંડલમાં થયેલા રૂા. વીસ હજારના ફાળાથી પ્રસિદ્ધ આચાર્ય શ્રી વિજયધર્મસૂરીજીની પ્રેરણાથી અત્રે માંડલમાં સ્થપાયેલી બનારસ યશોવિજય જૈન પાઠશાળામાં એ ૧૪ મા વર્ષે દાખલ થયા હતા. બુદ્ધિ-સ્મૃતિ તેજ હોઈ અભ્યાસમાં ખૂબ પ્રગતિ થઈ રહી હતી પણ પાઠશાળાને પછી બનારસ (કાશી) માં ખસેડવામાં આવી હોઈ એમને એનું ઘેલું લાગ્યું હતું. જેથી ઘેરથી ભાગીને એ કલકત્તા પહોંચ્યા ને ત્યાં ૧૬ વર્ષની ઉંમરે વિજયધર્મસુરીજી પાસે દીક્ષિત થયા બાદ બનારસમાં ગુરુજી તથા વિદ્યાર્થીઓ પાછા આવી સ્થિર થયા હોઈ ૪ વર્ષના પરિશ્રમ પછી એ સંસ્કૃતના પ્રખર પંડિત થયા. અને કલકત્તા જઈ 'ન્યાય'ની ઊંચી પદવીઓ પ્રાપ્ત કરી.

ઊગતી યુવાનીમાં જ શાસ્ત્રોની ઊંડી પારગામિતા તથા ગહન તત્ત્વચિંતન પછી 'અધ્યાત્મતત્ત્વાલોક' તથા 'ન્યાયકુસુમાંજલિ' જેવા શ્રેષ્ઠ ગ્રંથો સંસ્કૃત-પ્રાકૃતપદ્યમાં લખ્યા. મહાવીરપ્રસાદ દ્વિવેદી જેવા ભારતપ્રસિદ્ધ પંડિત આ ઊગતા સાધુની ઊંચી કાવ્ય-પ્રતિભા, જ્ઞાનવૈભવ અને તર્કસંગત દલીલો વાંચી મુગ્ધ થયા હતા. નાગપુર અને ઉજ્જયિનીના બ્રાહ્મણ પંડિતોએ પણ આ જ સુધીમાં किमश्वघोष:किमुकालिदास: જેવી પ્રશસ્તિઓ સાથે એમને માનપત્ર આપ્યું હતું.

આમ એમનો જ્ઞાનસૂર્ય દિનભરદિન ઝળકતો જતો હતો. એથી તત્ત્વના ઊંડા અભ્યાસ બાદ એમણે "જૈનદર્શન" નામનો પ્રમાણભૂત ગ્રંથ લખી ભારતવ્યાપી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી, જેને સ્વામી પ્રેમાનંદજીએ ભારતીય સંસ્કૃતિ અને તત્ત્વજ્ઞાનની અમૂલ્ય મૂડી ગણાવી છે. શાળા-કૉલેજોમાં એ પાઠયપુસ્તક તરીકે મંજૂર થયું હોઈ આજસુધીમાં એની ૧૨ આવૃત્તિઓ નીકળી છે ને હિંદીની પણ ૨ આવૃત્તિઓ પ્રકાશિત થઈ છે. અંગ્રેજી માટે પણ પ્રયત્ન ચાલે છે. આ પછી તો એમણે સંસ્કૃત-પ્રાકૃતમાં ૨૫ અને ગુજરાતીમાં ૧૬ ગ્રંથો લખ્યા છે. ઉપરાંત હિંદીમાં પણ ૬ અને અંગ્રેજીમાં પણ ૧૦ પુસ્તકો લખ્યા છે. આમ પાંચ ભાષાઓ પર એમનો ભારે કાબૂ હતો. છતાં તત્ત્વજ્ઞાનના ઊંડા અભ્યાસી અને સંસ્કૃતના શીઘ્ર કવિ તરીકે એમની વિશેષ ખ્યાતિ હતી. ભાષા પ્રાસાદિક હોવા છતાં ઊંચા વિચારો અને તેજસ્વી શબ્દોથી વિશેષ અલંકૃત બનતી.

અવા વિદ્વાન અને ચારિત્ર્યશીલ સંત હોવા છતાં એ રાષ્ટ્ર-ભકત પણ હતા. સરદાર વલ્લભભાઈ પટેલ અને મણિલાલ કોઠારી દેશભિક્ષુની સાથે ઊભા રહી, મુંબઈના ટાઉન હૉલ પર એમણે રાષ્ટ્રધ્વજ ફરકતો કર્યો હતો. જેવા એ રાષ્ટ્ર ભકત હતા તેવા જ એ સુધારક અને ક્રાંતિકારી પણ હતા.

૧૯૨૩ માં બિયાવરના જૈનમંદિરમાં હરિજનોના પ્રવેશનો પ્રશ્ન ઊભો થયો હતો ત્યારે ત્યાંના સંઘે સલાહ માંગતા સુધારક ગણાતા સાધુઓ કે શ્રાવકો ચૂપ રહ્યા હતા ત્યારે એમણે તાર કરી બેધડક પ્રવેશ આપવાની જાહેરાત કરી હતી. બાળદીક્ષાના પ્રસંગ પર સામે સમર્થ આચાર્યો-મુનિઓ હોવા છતાં એમણે એકલે હાથે ટક્કર ઝીલી બાળદીક્ષાનો કાયદો પસાર કરાવ્યો હતો ને તે અંગે વડોદરાના મહારાજા સયાજીરાવ સાથે બે વાર મુલાકાત થઈ હતી.

સંઘમાં એમનાથી ચઢિયાતા કૈંક વિદ્વાનો હશે; ચારિત્ર્ય-શીલ પણ હશે પણ એમના જેવી સર્વધર્મસમભાવભરી ઉદાર અને વ્યાપક દૃષ્ટિ ભાગ્યે જ બીજે જોવા મળશે. કારણકે ધર્મના કોચલાને એ ચૂંથવામાં નહોતા માનતા પણ એ કોચલું ભેદી અંદરના મૂળભૂત રહસ્યને બહાર લાવવામાં માનતા હોઈ એમના મુખેથી અવારનવાર અવનવાં સત્યો પ્રગટ થતા.

પ્રમાણભૂત મનાતા 'આપ્ટે સંસ્કૃત કોષ' તથા 'જોડણી કોશ'માંથી ક્ષતિદોષ બતાવી આપનાર તથા અગાઉના મહાન વૈયાકરણોથી જુદા પડી કેટલાક શબ્દોની સમુચિત અને અર્થસંગત વ્યુત્પત્તિ કરી બતાવનારા સમર્થ વિદ્વાન, મહાન સાહિત્યકાર-લેખક અને સમર્થ મહાકવિ ઉપરાંત સુધારક-રાષ્ટ્રપ્રેમી પુરુષ હોવા છતાં હાડથી એ ઉમદા સંતપુરુષ હતા. સ્વભાવ બાળક જેવો નિર્દોષ અને પ્રકૃતિ સરળ હોઈ જ્યારે જૂઓ ત્યારે ખડખડાટ હાસ્ય વેરતા -પુસ્તકોના ઢગલા વચ્ચે જ બેઠેલા જણાતા.

આવા ઉદાત્ત ગુણોને કારણે અનેક સંન્યાસીઓ, વિદ્વાનો તથા અમલદારો એમનાં દર્શને આવતા અને ખૂબ પ્રભાવિત થઈ પાછા ફરતા. વિદ્વાનો માટે એ યાત્રાનું ધામ હતા, ગ્રામજનતા માટે સતત વહેતી જ્ઞાનગંગા હતા અને વિદ્યાર્થીઓના અભ્યાસમાં એમને મદદ કરનાર શિક્ષાગુરુ હતા. ખરેખર માંડલવાસીઓ માટે એ એક ધર્મછત્ર હતા કે જેમણે છેલ્લા ૨૦-૨૫ વર્ષથી સ્થિરવાસ કરી માંડલની જનતાને અમીરસના પાન કરાવ્યા હતા.

બાળક સાથે એ બાળક જેવા હોઈ અનેક વિદ્યાર્થીઓ એમને વીંટળાઈ વળતા. એમાં મુસ્લિમ વિદ્યાર્થીઓ પણ હતા- હરિજન વિદ્યાર્થીઓ પણ હતા. હરિજન વિદ્યાર્થીઓ તો મધુર કંઠે ભજનો ગાઈ એમને રમાડતા અને મુનિશ્રી પણ એમને લાડ લડાવતા-એમના સાન્નિધ્યમાં આવું નિર્મળ-મુકત વાતાવરણ જામતું.

૪૦ વર્ષ સુધી એમની પ્રકૃતિ અતિ ઉગ્ર હતી. ગીતા કહે છે કે प्रकृतिं यान्ति भूतानि, निग्रह: किं करिष्यति। ત્યારથી જ કહેવાય છે કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જ જાય. પણ તેમણે પોતાની મૂળ પ્રકૃતિને ઉચ્છેદી નાખવા જે ભગીરથ આન્તરપુરુષાર્થ દ્વારા સફળતા મેળવી હતી એ જ એમના જીવનની મહત્તા હતી અને એ કારણે જ गुणै हि साधु એ સાચા અર્થમાં તેઓ સંત થયા હતા.

આગમ પ્રભાકર મુનિ પુણ્યવિજયજી આચાર્યો-મુનિ-ઓને ઘણીવાર કહેતા કે સાધુનો નમૂનો જોવો હોય તો માંડલ જઈને જોઈ આવો. આ અંગે પૂછતાં એમણે કહેલું કે 'કોઈ નિંદે તોય ઠીક, કોઈ સ્તુતિ કરે તોય ઠીક, કોઈ પજવે તોય ઠીક, કોઈ સેવા કરે તોય ઠીક.' આવી એમની સર્વ પ્રત્યે સમધારા જ વહેતી હોઇ આવું પ્રબળ વ્યકિતત્વ ધરાવવાને કારણે મેં એમને 'સાધુતાનો નમૂનો' કહ્યો છે. ને એ કારણે એ પોતે પણ યાત્રાની દૃષ્ટિથી જ એમને માંડલ વાંદવા આવી એક અઠવાડિયું રોકાયા હતા.

એમના મરણના સમાચાર બહાર આવતાંજ જૈનો ઉપરાંત હિંદુઓ તથા મુસ્લિમોએ પણ પોતાની દુકાનો ટપોટપ બંધ કરી એમની ભવ્ય સ્મશાનયાત્રામાં ભાગ લીધો હતો. અગ્નિસંસ્કાર કરવાની બોલી રૂા. ૨૦૦૦ માં ગઈ હતી. બહારથી અનેક દોડતા આવી પહોંચ્યા હતા.

ખરેખર આવી એક ઉમદા વ્યકિત જતાં ગામે ધર્મછત્ર ખોયું છે અને સંઘે એક સંતરત્ન ગૂમાવ્યું છે, જેની ખોટ લાંબા વખત સુધી અણપૂરાયેલી જ રહેશે.

રતીલાલ મફાભાઈ શાહ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

(1)

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૨૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧, ૧૯૭૦ બુધવાર
પરદેશ માટે શિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## કલાગુરુ શ્રી રવિશંકર રાવળનું કેન્દ્રીય લલિતકળા અકાદમીએ કરેલું બહુમાન

શ્રી રવિશંકર રાવળ

ઓ ગુરુવર્ય,

દૃશ્ય કલાઓનાં ક્ષેત્રમાં આપે જે મહાન ફાળો પ્રદાન કર્યો છે એથી દેશનું બહુમાન થયું છે. દેશવાસીઓ વિશ્વભરમાં પ્રકીર્તિત થએલી આપની સિદ્ધિઓથી ગૌરવ અનુભવે છે.

આ રાષ્ટ્રીય કલાસંસ્થા, ભારતીય કલાની ક્ષિતિજે નવી કેડીઓ પાડનાર એક પુરોગામી બનવા માટે આપને એના એક 'ફૅલો' તરીકે ચૂંટતાં ગૌરવ અનુભવે છે. આપ પ્રત્યેના માનના પ્રતીક તરીકે આ તામ્રપત્ર આપને અર્પણ કરીને અમે આપને અમારી વિનમ્ર શ્રદ્ધાંજલિ અર્પિત કરીએ છીએ.

માહ વદ ૮, ૨૦૨૬ લલિત કલા અકાદમીના સભ્યો

શ્રી રવિશંકર રાવળને અર્પણ થયેલા ત્રાંબાના પ્રશસ્તિપત્રની પ્રતિલિપિ

'ફેલોશિપ'–પ્રદાન સમયે કલાગુરુ–વન્દના

वासन्तीं सुषमां गायत्
गुर्जरोद्यान-कोकिल: ।
प्रबोधयन् कलालक्ष्मीम्
वन्द्यते रविशंकर : ।।
श्री गुर्जरे ललित-सृष्टि-विधायकानां
दीक्षागुरू-रविरयं महिमानमेति ।
तृप्तिं स्वकीय-तपसो मधु-गौरवं च
तस्मै वदान्य–गुरवे निपुणं नमाम : ।।

શંકરદેવ વિદ્યાલંકાર

નંદલાલ વસુ, યામિની રાય આદિ જેવા અગ્રમાન્ય કલાકારો તથા અન્ય કલામનીષીઓને જે બહુમાનથી વિભૂષિત કરવામાં આવ્યા છે તે કેન્દ્રીય લલિતકલા અકાદમીની 'ફેલોશિપ'ના દરજ્જા સાથે રૂ. ૫૦૦૦ નો ચેક તથા કીમતી રેશમી શાલ, ગુજરાતના કલાગુરુ શ્રી રવિશંકર રાવળને, આ સાથે દર્શાવેલા ત્રાંબાના પ્રશસ્તિપત્ર દ્વારા અર્પણ કરવાનો વિધિ (પોતાની અતિ અસ્વસ્થ તબિયતને લીધે તેઓ દિલ્હી જઈ શકે તેમ ન હોવાથી) અમદાવાદમાં ગઈ તા. ૨૭ ફેબ્રુઆરીના રોજ, ગુજરાત રાજ્ય લલિત કલા અકાદમીના અધ્યક્ષ શ્રી ચીમનભાઈ પટેલના પ્રમુખપદે યોજાયેલા ખાસ સમારંભમાં, કેન્દ્રીય લલિત કલા અકાદમીના અધ્યક્ષ શ્રી મુલ્કરાજ આનંદે સ્વહસ્તે કર્યો હતો; જે પ્રસંગે શ્રી આનંદે તેમ જ દેશના જાણીતા કલાવિવેચક તથા 'લલિત કલા'ના તંત્રી શ્રી કાર્લ ખંડાલાવાળાએ પણ ખાસ આ પ્રસંગે આવીને શ્રી રાવળે કરેલી કલાસેવાને પ્રશસ્તિપૂર્ણ અંજલિ આપી હતી.

આ માસિકના સ્થાપક ને ગુજરાતના આદ્ય અને અગ્રગણ્ય કલાકાર શ્રી રવિશંકર રાવળનો પરિચય 'કુમાર'ના વાચકોને કરાવવાનો હોય નહિ. ગઈ સદીથી શરૂ થયેલા અર્વાચીન ગુજરાતના સર્વાંગી નવવિધાનમાં અન્ય સાંસ્કૃતિક ક્ષેત્રોને મુકાબલે ઘણા લાંબા કાળ સુધી શૂન્યવત્ રહેલા કલાના ક્ષેત્રમાં તેમણે લગભગ કોરી પાટી ઉપર શરૂ કરીને ચાર દાયકા જેટલા ટૂંકા ગાળામાં ગુજરાતની કલાલક્ષી અસ્મિતામાં જે મોટો જુવાળ આણ્યો તે, એક બંગાળને બાદ કરતાં, ભારતભરમાં અનન્ય છે. માત્ર ચિત્રકળા જ નહિ, પણ કલાસંસ્કૃતિનાં સર્વ પાસાંઓની જાગૃતિ અને વિકાસનું એમણે હેતુલક્ષી કાર્ય કર્યું, તેને જીવંત રાખે એવી શિષ્યોની પરંપરા ઊભી કરી, અને આવતી પ્રજાની ચેતનાની પ્રેરણા અને ઉત્થાનનું પ્રબોધક બની રહે એવું આ માસિક શરૂ કર્યું તથા બે દાયકા સુધી તે ચલાવ્યું. એ કાર્યો ગુજરાતના સાંસ્કૃતિક ઈતિહાસમાં સીમાસ્તંભ સમાં છે. શ્રી મુલ્કરાજ આનંદે આ પ્રસંગે ભાવપૂર્વક કહ્યું કે એમના જેવા કલાકારનું મારા હાથે સન્માન થાય છે તેથી મારી જાતને હું કૃતકૃત્ય માનું છું.

શ્રી રવિશંકર રાવળે આ પ્રસંગે આભાર વ્યકત કરતાં કહ્યું કે "જે કાળે મેં કલાનો અભ્યાસ શરૂ કર્યો ત્યારે ચિત્રો કરવાનો ધંધો હીણકમાઉ ગણાતો હતો અને મારા સહાધ્યાયી મિત્રો જેઓ ડૉકટરો, વકીલો, એન્જિનિયર કે વેપારી થવાના હતા તેમની હરોળમાં હું પાછળ રહી જઈશ એવો સદા ભય રહેતો. પણ મને એવા બુદ્ધિમાન મિત્રો મળ્યા જેમણે મને કદી પાછળ રાખ્યો નથી અને તેમના સંમાનમાં મારો પૂરો માનમોભો રક્ષ્યો છે.

"જીવનભર હું સ્વતંત્ર ધંધો કરતો રહ્યો છું. કામ કે નોકરી માટે મેં કદી લાંબો હાથ કર્યો નથી. જો કે આજીવિકા માટે મારે કળાના સર્વ પ્રકારના પ્રયોગો કરવા પડયા હતા: તસવીરચિત્રક, ડિઝાઈનર, ગ્રંથચિત્રક, ચિત્રશિક્ષક, કલાવ્યાખ્યાતા, કલાવિવેચક, સંપાદક, પ્રકાશક—આદિ વિવિધ જવાબદારીઓ મારે અદા કરવી પડી હતી; પણ એ સર્વની પાછળ મારા મનથી હું કળાનો એક ભકત અને પ્રચારક હતો.

"કલાના ઉત્તમોત્તમ જ્ઞાન અને વિવેચકોના નિકટ પરિચયનું ભાગ્ય મને સાંપડયું હોવાથી પ્રજા ને દેશની કલાકૃતિઓમાં વ્યાપ્ત ચિંતન ને મૂલ્યોનું યથાશકિત જ્ઞાન હું પામી શકયો. આજનાં અપરૂપ ને અર્ધવિકસિત કલાસ્વરૂપોના પ્રચંડ વાવંટોળની વચ્ચે પણ એ મૂલ્યો ટકી રહેવાનાં છે એવી મને પૂરી શ્રદ્ધા છે. એટલે આજ સુધી મેં નિષ્ઠા અને અંતરની સૂઝથી મારાં દર્શન ને આદર્શો લક્ષમાં રાખી મારામાં રહેલાં આનંદ અને ચિંતન પ્રજામાં પ્રકટાવવા અર્થે જીવન ચરિતાર્થ કરવા જે કંઈ પ્રયત્ન કર્યો છે તેથી હું કૃતકૃત્ય થયો છું.

"મારી પાસે તાલીમ લઈ આગળ વધેલા મારા વિદ્યાર્થીઓ આજે દેશના નામી ચિત્રકારો, કાર્ટૂનિસ્ટો, સુશોભનકારો ને કલાનિર્દેશકો તરીકે પ્રસિદ્ધ થયા છે તેથી મારાં ગૌરવ અને યશ સમૃદ્ધ થયાં માનું છું. સરકાર કે મ્યુનિસિપાલિટી જેવી સંસ્થા અથવા વડીલોની સહાય વિના દેશને એવા શ્રેષ્ઠ ચિત્રકારો મળી શકયા અને પ્રજાએ સહજ મમતાથી મને 'કલાગુરુ' તરીકે બિરદાવ્યો તેનો હું સંતોષ લઉં છું.

"જે દુનિયામાં હું રહ્યો અને જીવ્યો, જેની મમતા પ્રેરણા અને કદર પામ્યો, એ દુનિયાને અંતરના ભાવથી વંદન કરું છું."

'કુમાર'માંથી સાભાર ઉધ્ધૃત)

મારા બાળવયસ્ક શ્રી રવિશંકર મ. રાવળના આ અસાધારણ બહુમાન પ્રસંગે મારાં તેમને હાર્દિક અભિનંદન. પરમાનંદ

# ટેંપલ ઑફ અન્ડરસ્ટેન્ડિંગ દ્વારા યોજાયેલ શિખર પરિષદમાં ભાગ લેવા માટે યુરોપ ભણી સીધાવેલા મુનિ ચિત્રભાનુ

મુનિશ્રી ચિત્રભાનુ ઉપર જણાવેલ ઉદ્દેશથી તા. ૨૯મીના રોજ રાત્રીના વિમાન દ્વારા જીનિવા જવા માટે મુંબઈથી વિદાય થયા છે. આ સંબંધમાં જરૂરી માહિતિ પૂરી પાડતો ડીવાઈન લાઈફ સોસાયટી તરફથી મળેલ એક નિવેદન નીચે આપવામાં આવે છે:

## મુનિ ચિત્રભાનુના યુરોપ પ્રવાસ અંગેનું નિવેદન

યુનાઈટેડ સ્ટેટ ઓફ અમેરિકાના મિસિસ ડીકરમેન હૅાલીસ્ટારની પ્રેરણા અને પુરુષાર્થના પરિણામે ૧૯૬૦ની સાલમાં "The Temple of Understanding"–"વૈચારિકસમન્વયલક્ષીમંદિર"–એ નામની એક સંસ્થા ઊભી કરવામાં આવી છે. દુનિયાના મહાન ધર્મો વચ્ચે સમજૂતી અને સમન્વયની ભાવનાને વેગ આપવો એ આ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ છે. મિસિસ હૅાલીસ્ટારના શબ્દોમાં કહીએ તો "દુનિયાના પ્રચલિત ધર્મોના રહસ્યો વિષે જગતના લોકોને શિક્ષણ આપનારું સર્વ ધર્મોનું આ કેન્દ્ર છે." ઉપર જણાવેલ ધી ટેંપલ ઑફ અંડરસ્ટેન્ડિંગ વૅાશીંગ્ટનમાં એક એવું સુંદર મંદિર નિર્માણ કરવા માગે છે કે, જ્યાં વધારે જાગૃતિ અને માનવી સુખની વધારે ગંભીર કલ્પના તરફ માનવજાત વળે એ હેતુથી દુનિયાના મુખ્ય મુખ્ય ધર્મોને પ્રતિનિધિત્વ આપવામાં આવે અને જ્યાં એ ધર્મોનુ વધારે ઊંડાણથી અધ્યયન કરવામાં આવે.

૧૯૬૮ના ઑક્ટોબર માસ દરમિયાન કલકત્તા ખાતે આ સંસ્થાના આશ્રયે આ સંસ્થાની પહેલી શિખર પરિષદ ભરવામાં આવી હતી. આ પરિષદમાં 'વીસમી સદીમાં ધર્મની પ્રસ્તુતતા' એ મુખ્ય ચર્ચાનો વિષય હતો. જુદા જુદા ધર્મોના અનુયાયીઓએ આ પરિષદમાં નિબંધો રજૂ કર્યા હતા. આ પરિષદની પૂર્ણાહુતિ આ મુજબની ઘોષણા સાથે થઈ હતી "આજના યુગમાં માનવીના ભાવિ સાથે દુનિયાના ધર્મોની પ્રસ્તુતતાનો બધા લોકો અને બધા રાષ્ટ્રો સ્વીકાર કરે એ માટે સમય પાકી ચૂકયો છે." એક સુદૃઢ આન્તરરાષ્ટ્રીય – આન્તરધર્મી – વિશ્વવ્યાપી સંસ્થાનું નિર્માણ કરવા માટે દુનિયાના ધર્મોના આગેવાનોને સર્જનાત્મક પગલાં ભરવાનો આ પ્રસંગે અનુરોધ કરવામાં આવ્યો હતો.

આ જ સંસ્થાની ચાલુ વર્ષના ૩૧મી માર્ચથી ૪ એપ્રિલ સુધી એમ પાંચ દિવસની એક બીજી આધ્યાત્મિક શિખર પરિષદ જીનિવા ખાતે ભરવામાં આવનાર છે. અને "વિશ્વ શાન્તિની વ્યવહારુ જરૂરિયાતો" એ વિષયની ચર્ચા–વિચારણા કરવી એ આ શિખર પરિષદનો મુખ્ય હેતુ છે. આ પરિષદમાં વિવિધ ધર્મોના વડાઓ અને પ્રતિનિધિઓ ભાગ લેવાના છે.

આ પરિષદમાં જૈન ધર્મને યોગ્ય પ્રતિનિધિત્વ મળે એ હેતુથી ટેમ્પલ ઓફ અન્ડરસ્ટેન્ડિંગે તેમ જ ઈન્ટરનૅશનલ કમિટીનાં ચૅરમૅન શ્રીમતી બી. કે. બિરલા અને શ્રી. બી. કે. બિરલાએ એવો આગ્રહ કર્યો છે કે, પહેલી શિખર પરિષદમાં મોકલવામાં આવેલ હતા તેમ પોતાના કોઈ પ્રતિનિધિને આ પરિષદમાં ભાગ લેવા માટે મોકલે તેના બદલે મુનિશ્રી ચિત્રભાનુ પોતે જ આ પરિષદમાં ઉપસ્થિત થાય અને વિશ્વશાન્તિને વેગ આપવાની દિશાએ જૈન દષ્ટિકોણ રજૂ કરે.

સામાન્ય રીતે જૈન મુનિ પ્રવાસ કરવા માટે કોઈ વાહનનો ઉપયોગ કરતા નથી. આનું પરિણામ દુનિયાને જૈન ધર્મથી તદ્દન અપરિચિત રાખવામાં આવ્યું છે. પરિણામે અહિંસા, અપરિગ્રહ અને અનેકાન્તના સિદ્ધાન્તોથી આજની દુનિયા સાવ અજાણ રહી છે.

ભગવાન મહાવીરના સિદ્ધાન્તોની સમજૂતી ફેલાવવા સાથે વિશ્વશાન્તિનું સમર્થન કરવાના હેતુથી મુનિશ્રીએ જીનિવામાં ભરાનારી આ પરિષદમાં ભાગ લેવાનું નક્કી કર્યું છે. મુનિશ્રી સ્વતંત્ર વિચાર ધરાવતા અને પરંપરામુકત એવા એક સન્ત પુરુષ છે. તેમનાં લખાણો, વ્યાખ્યાનો અને તેમના વ્યકિતત્વમાં વિશાળતા અને વ્યાપકતાનું દર્શન થાય છે. વર્ષમાં આઠ પવિત્ર દિવસો દરમિયાન મુંબઈનું કતલખાનું બંધ કરાવવામાં તેમણે આપેલો ફાળો મુંબઈના શહેરીઓને અજાણ નથી. માનવતાલક્ષી તેમના પ્રેમે માનવ જાતની ભીડના વખતે તેમને હલાવી નાંખ્યા છે. અને તેમની પ્રેરણાથી ડીવાઈન નોલેજ સોસાયટી તરફથી બિહાર, ગુજરાત અને કોયનામાં માનવ રાહત કેન્દ્રો ખોલવામાં આવ્યા હતા.

જીનિવામાં ભરાનાર શિખર પરિષદમાં ભાગ લેવા માટે વાહનનો ઉપયોગ કરવાનું હીંમતભર્યું પગલું જૈન ધર્મના ઈતિહાસમાં અસાધારણ મહત્વની ઘટના છે. મુનિશ્રી પરદેશની ભૂમિ ઉપર સૌ પ્રથમ પગલાં માંડનાર હશે. આપણે આશા રાખીએ કે એમના ભવ્ય વ્યકિતત્વ વડે, વિશાળ જ્ઞાન અને શાણપણ વડે જ્ઞાનનો પ્રકાશ દૂર અને દૂર મોટા વિસ્તાર સુધી ફેલાશે.

**ડીવાઈન નોલેજ સોસાયટી**

(પ્રસ્તુત પરદેશગમન સંબંધમાં વિભિન્ન અભિગમો રજુ કરતાં બે નિવેદનો નીચે ક્રમસર આપવામાં આવે છે. તંત્રી)

## મુનિ ચિત્રભાનુના પરદેશગમનના સંદર્ભમાં–

મુનિ ચિત્રભાનુનું આ પરદેશગમન જૈન સમાજમાં અને ખાસ કરીને જૈન સાધુ સમુદાયમાં એક મોટો ક્ષોભ પેદા કરે એવો સંભવ છે. એ તો દેખીતું છે કે વિમાનવ્યવહાર દ્વારા આ યોજાયલા પરદેશગમનને જૈન સાધુના નિહિત અને વિહિત આચાર સાથે કોઈ મેળ બેસે તેમ નથી. તેથી જેને એ આચારપાલનનો સખ્ત આગ્રહ હોય તે સાધુ આવું પરદેશગમન કરી ન જ શકે તેમ જ તેવા પરદેશગમનનું સમર્થન પણ તે કદાચ ન કરે.

પણ આ પ્રશ્નની એક બીજી બાજુ ધ્યાનમાં લેવી ઘટે છે. ભારતીય લેખાતા ધર્મોમાં વૈદિક ધર્મ, બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મ મુખ્ય ધર્મો છે. આ ત્રણમાં બૌદ્ધ ધર્મ અને જૈન ધર્મની જડ તેમાં રહેલી ધર્માન્તરની સરળતામાં છે અને તેથી તેનો પ્રસાર અને પ્રચાર તે તે ધર્મના સતત વિચરતા સાધુ સંતો દ્વારા સદા થતો રહ્યો છે. આ બન્ને ધર્મોના પ્રસાર અને પ્રચારનો વિચાર કરતાં માલૂમ પડે કે બૌદ્ધ ધર્મ ભારત બહાર ચોતરફ અનેક દેશોમાં ખૂબ જ ફેલાયેલો છે, જ્યારે જૈન ધર્મનો ભારત બહાર કોઈપણ દેશમાં જરા પણ ફેલાવો થયો નથી. આના મૂળમાં રહેલું કારણ એ છે કે બૌદ્ધ ભિક્ષુઓની આચારબંધી પ્રમાણમાં ઓછી કડક હોવાથી, તેઓ જરૂર પડયે વાહનનો ઉપયોગ કરી શકે છે અને પ્રવાસ ખર્ચ માટે જરૂરી દ્રવ્ય પણ પોતાની પાસે રાખી શકે છે, અને આ ઉપરાંત ખાન–પાન અંગે પણ તેઓ ઘણી વધારે છૂટ ભોગવે છે. પરિણામે દુનિયાના કોઈ પણ ખૂણે જવું–વસવું તેમના માટે સરળ છે, અને બૌદ્ધ ધર્મનો આટલો મોટો પ્રચાર બૌદ્ધ ભિક્ષુઓના આ વ્યાપક વિહારને જ આભારી છે. આ જ બાબત ખ્રિસ્તી ધર્મના પ્રચારક પાદરીઓને પણ લાગુ પડે છે. જૈન સાધુઓને આ સગવડ–સરળતા સુલભ નથી. ભારતની બહારના દેશોની વાત તો શું કરવી? પણ ભારતના ભાગરૂપ હિમાલયમાં પણ જૈનોનું આજે કોઈ તીર્થ કે મંદિર નથી, તેમ જ જૈનોની કોઈ વસ્તી નથી. કારણ કે જૈન સાધુઓ પોતાના કઠણ આચાર ધર્મને લીધે તે પ્રદેશમાં વિહાર કરી શકતા નથી.

બીજું આજે આ દુનિયાના લોકોમાં જૂદા જૂદા ધર્મોના અધિકૃત આચાર્યોના મોઢેથી તેમના ધર્મોનાં રહસ્યો જાણવા સમજ-

વાની જિજ્ઞાસા જાગી છે. વળી આ યુગ સર્વધર્મસમન્વયનો છે અને આ જ હેતુથી આજની દુનિયામાં એક યા અન્ય સ્થળે અવારનવાર સર્વધર્મપરિષદો યોજાતી રહે છે, જેમાં બધા ધર્મોના અગ્રણીઓ ભાગ લેતા હોય છે, પણ આવી પરિષદમાં જૈન આચાર્યો તેમણે સ્વીકારેલ કડક આચાર–ધોરણના કારણે ભાગ લઈ શકતા નથી. જમાનાની માગ છે કે ભિન્ન ભિન્ન ધર્મના આચાર્યો એક-મેકના સંપર્કમાં આવે અને આજની દુનિયાના પ્રાણપ્રશ્નોનો સાથે મળીને વિચાર કરે. આ માટે જરૂરી છે કે વિદ્વાન ધર્માચાર્યો જરૂર પડયે વાહનના ઉપયોગ દ્વારા કશી પણ રોકટોક સિવાય સહજપણે દેશાંતર કરી શકે.

આચારપાલનના કઠણ ધોરી માર્ગે જૈન સાધુઓને શિથિલતા તરફ ધસી જતા બચાવ્યા છે એ આપણે કબૂલ કરીએ તો પણ બીજી બાજુએ તેમનું જીવન મોટા ભાગે ઉપાશ્રયની ચાર દીવાલ વચ્ચે પુરાયેલું રહ્યું છે. વિશાળ દુનિયાનો તેમને કોઈ સીધો સંપર્ક નથી. તેઓ પોતાના સમાજથી જ વીંટળાયલા રહેતા હોઈને તેમની મનોદશા મોટા ભાગે કૂપમંડુક જેવી રહી છે. તેમનામાં આજના મિશનરીની સાહસિકતા જોવામાં આવતી નથી: તો પછી પ્રશ્ન એ થાય છે કે જેમાં ભારત બહારના કોઈ વિહારને અવકાશ નથી એવી આજની સીમિત પરિસ્થિતિ ચાલુ રહેવા દેવી કે કોઈ શકિતશાળી પ્રાણવાન સાધુ–સાધ્વીને ધર્મપ્રચાર અર્થે–વ્યાપક સંપર્ક અર્થે–ઉન્નત ઉડ્ડયનની – વ્યાપક વિહારની–ઈચ્છા થાય અથવા તો તેમના માટે એવી કોઈ શકયતા ઊભી થાય તો આપણે તેમને અનુલક્ષીને આવી મોકળાશ કરી આપવી?

આવી કેટલીક વિચારણાથી પ્રેરાઈને મુનિ ચિત્રભાનુના પ્રસ્તુત પરદેશગમનને હાર્દિક આવકાર આપવા હું પ્રેરાઉં છું. આજ સુધી બહારની દુનિયાએ કોઈ જૈન સાધુને–તેના આચાર-વ્યવહારને–જોયેલ નથી. તેમના માટે મુનિ ચિત્રભાનુની ઉપસ્થિતિ ખૂબ જ આવકારપાત્ર નીવડશે અને તે લોકોના કાને જૈન ધર્મની વાત પણ અથડાશે. મુનિ ચિત્રભાનુ એક શકિતશાળી અને સંસ્કાર-સંપન્ન સાધુ છે. અંગ્રેજી ભાષા ઉપર તેમને સારૂં પ્રભુત્વ છે એમ કહી નહિ શકાય. એમ છતાં પણ સંયોગોની માગ તેમની વાણીને જરૂર યોગ્ય આકાર આપી રહેશે.

વ્યકિત માત્ર ત્રુટી અને વિશેષતાઓનું મિશ્રણ હોય છે. આ રીતે મુનિ ચિત્રભાનુમાં કોઈ વિશેષતા છે તો કોઈ ત્રુટિ પણ હશે જ. આમ છતાં પણ જે શુભ ભાવનાથી તેઓ જાય છે તે શુભ ભાવના તેમના મિશનને જરૂર સફળ બનાવશે એવી આપણે શ્રદ્ધા રાખીએ. તદુપરાંત તેમના જવાથી પરદેશગમનનું દ્વાર ખુલશે, જેના પરિણામે આપણે તેમનાથી પણ વધારે વિદ્વાન, વ્યાખ્યાન કુશળ, તત્ત્વનિષ્ટ મુનિને આપણા પ્રતિનિધિ તરીકે વધારે સરળતાથી મોકલી શકીશું. આ રીતે વિચારીને આપણે મુનિ ચિત્રભાનુનું તેમના સાહસ બદલ હાર્દિક અભિનંદન કરીએ.

પરમાનંદ

## મુનિશ્રી ચિત્રભાનુનું વિદેશગમન

જીનિવામાં મળતા વિશ્વ ધર્મ સમ્મેલનમાં હાજરી આપવા મુનિ શ્રી ચિત્રભાનુ વિમાનમાં જાય છે તે સામે વિરોધ થયો છે, તેમને અનુમોદન પણ મળ્યું છે. એક જૈન સાધુ વિમાનમાં વિદેશ જાય તે જૈન સાધુના આચારથી વિપરીત છે તે નિર્વિવાદ હકીકત છે. જૈનના મુનિનો આદર્શ સર્વથા નિવૃત્તિનો છે અને અહિંસા, બ્રહ્મ-ચર્ય, અપરિગ્રહ વિગેરે મહા–વ્રતોનું જે રીતે જૈન મુનિએ આચરણ કરવાનું છે તેમાં આવી કોઈ પ્રવૃત્તિને અવકાશ નથી. જૈન સાધુના આચાર ધર્મમાં સમયાનુકુળ પરિવર્તન કરવું કે નહિ અને કેટલે દરજજે, કેવી રીતે તે વિષે મતભેદને અવકાશ છે. જૈન મુનિના આહાર વિહારના નિયમો બદલાવી, દાખલા તરીકે, રામકૃષ્ણ મિશનના સંન્યાસી જેવા તેમણે બનવું તેમ કોઈ કહી શકે. જનસેવાના કાર્યમાં સક્રિય રીતે તેમણે પ્રવૃત્ત થવું એમ માનવાવાળા કેટલાક છે. શ્રમણ સંસ્થાનું વર્તમાન સ્વરૂપ અને તેના આચારના નિયમો કાંઈક પરિવર્તન માગે છે એ અનુભવથી જણાય છે, આવું પરિ-વર્તન કેટલેક દરજજે થઈ પણ રહ્યું છે.

પણ મુનિ શ્રી ચિત્રભાનુનું વિદેશગમન એક જુદા પ્રકારનું જ પગલું છે. વિદેશમાં જૈન ધર્મનો પ્રચાર થાય એવી કોઈ અપેક્ષાથી આ પગલું તેઓ લે છે એમ કહેવાય છે. કેટલાય સમયથી મુનિ શ્રી ચિત્રભાનુએ જૈન મુનિના કેટલાક આચારો ત્યજ્યા છે. વિદેશમાં જૈન ધર્મનો પ્રચાર કરવા તેમની ઈચ્છા હોય તો તેમને કોઈ રોકી શકે નહિ. વિરોધનું કારણ જૈન મુનિ તરીકે તેઓ જાય છે તે છે. આ કાર્ય માટે તેમની કેટલી શકિત અને યોગ્યતા છે તે પણ એક પ્રશ્ન છે. વિશ્વ ધર્મ સમ્મેલનો ખાસ ફળદાયી થયા હોય એવો અનુભવ નથી. તેમાં હાજર રહેતી વ્યકિતઓ તે તે ધર્મના સાચા પ્રતિનિધિ હોય તેવું પણ બનતું નથી. એકાદ સ્વામી વિવેકાનંદ અપવાદ છે. આપણે જૈનોમાં જ જૈન ધર્મના સાચા જ્ઞાનનો અભાવ છે અને અંધશ્રદ્ધા, વેશપૂજા અને સાંપ્રદાયિક ઝનૂનના ઊંડા મૂળ છે. આપણા દેશમા જ જૈન ધર્મ વિષે અજ્ઞાન છે. એટલે આવા એક સમ્મેલનમાં મુનિ ચિત્રભાનુ હાજરી આપે તેથી જૈન ધર્મનો કોઈ પ્રભાવ વધશે અથવા તેને વિષે યોગ્ય સમજણ અન્ય ધર્મીઓને મળશે એમ માનવાને કારણ નથી. જૈન ધર્મના સિદ્ધાંતોનો જગતમાં સાચી રીતે પ્રચાર કરવો હોય તો તેના માર્ગો બીજા છે. જૈનોએ આ દિશામાં કોઈ અસરકારક પગલાં લીધાં નથી.

મુનિ ચિત્રભાનુ પોતાના સાધુ જીવનમાં આવું મોટું પરિવર્તન કરી રહ્યા છે ત્યારે, સાચા સંયમના માર્ગથી અને સાચી સાધુતા અથવા મુનિપણાથી વિચલિત ન થાય એમ આપણે સૌ ઈચ્છીએ. બાહ્ય આચારમાં ફેરફાર થાય ત્યારે પણ મહાવ્રતોના સાચા પાલનમાં ખામી ન આવે, બલ્કે તે વિશેષપણે જીવનમાં ઉતરે તો ફેરફાર સાર્થક થશે.

૨૭–૩–૭૦. ચીમનલાલ ચકુભાઈ શાહ

## વસન્ત વ્યાખ્યાનમાળા

ગયા વર્ષ માફક આ વર્ષે પણ સંઘ તરફથી સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે, ફલોરા ફાઉન્ટન પાસે, બ્રુસ સ્ટ્રીટમાં આવેલ એરકન્ડીશન હોલ - તાતા ઓડીટોરીયમ–માં દરરોજ સાંજના ૬-૧૫ વાગ્યે, માર્ચ માસની ૩૧મી તારીખથી એપ્રિલ માસની ત્રીજી તારીખ સુધી–એમ ચાર દિવસ માટે–એક વસન્ત વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. તેમાં 'ભારત કયા માર્ગે?' એ વિષય ઉપર નીચેના વકતાઓ પ્રવચન કરશે. આ વિષયમાં રસ ધરાવતા ભાઈબહેનોને પધારવા જાહેર નિમંત્રણ છે.

| સમય | વ્યાખ્યાતા |
|---|---|
| મંગળવાર માર્ચ - ૩૧ | શ્રી એન. જી. ગોરે ... પ્રેસીડન્ટ, પી. એસ. પી. |
| બુધવાર એપ્રિલ - ૧ | શ્રી રોહિત દવે ... જાણીતા અર્થશાસ્ત્રી. |
| ગુરુવાર એપ્રિલ - ૨ | શ્રીમતી સુચેતા કિરપલાણી ... એમ. પી. |
| શુક્રવાર એપ્રિલ - ૩ | શ્રી. આર. આર. દીવાકર ... પ્રેસીડન્ટ ગાંધી સ્મારક નિધિ. |

વ્યાખ્યાનો દરમિયાન સંપૂર્ણ શાન્તિ જાળવવા શ્રોતાઓને વિનંતિ છે.

ચીમનલાલ જેઠાલાલ શાહ
સુબોધભાઈ એમ્. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# પ્રકીર્ણ નોંધ

**કેન્દ્રસ્થ સાહિત્ય અકાદમી તરફથી પારિતોષિક મેળવનાર સ્વામી આનંદને હાર્દિક અભિનંદન**

જેમની સાથે લગભગ ૬૦ વર્ષ જુનો મૈત્રી સંબંધ છે તેવા સ્વામી આનંદને કેન્દ્રસ્થ સાહિત્ય અકાદમી તરફથી ૧૯૬૯ ની શ્રેષ્ઠ સાહિત્ય કૃતિ તરીકે તેમની 'કુળકથાઓ' કૃતિ માટે રૂ. ૫૦૦૦/–નું પારિતોષિક આપવાની થોડા દિવસો પહેલાં કરવામાં આવેલી જાહેરાતથી અંગત રીતે મને આનંદ અને ગૌરવનો અનુભવ થાય એ સ્વાભાવિક છે. આ 'કુળકથાઓ' સ્વામી આનંદ ગ્રંથ પ્રકાશન યોજના દ્વારા પ્રકાશિત થનારા ૧૨ પુસ્તકોમાંનું સૌથી પહેલું પુસ્તક છે. આ યોજના દ્વારા આ ઉપરાંત આજ સુધીમાં માનવતાના વેરી, અનંત કળા, નવલાં દર્શન તથા ધરતીનું લૂણ આટલાં પુસ્તકો આજ સુધીમાં પ્રગટ થઈ ચૂકયાં છે અને હવે પછી મહાદેવથી મોટેરા, મારા પિતરાઈઓ, નઘરોળ, મોતને હંફાવનારા, ઈશુ ભાગવત, બચપણનાં બાર વરસ, જીવનજાત્રા વગેરે પુસ્તકો પ્રગટ થવાના છે. આ આખી ગ્રંથ માળાની કીંમત રૂ. ૧૨૦ છે અને તે મેળવવા ઈચ્છનારે મેસર્સ બાલ ગોવિંદ પ્રકાશન, ગાંધી માર્ગ અમદાવાદ –૧ એ સરનામે લખવાનું રહે છે. પ્રસ્તુત લેખકનાં અન્ય પ્રકાશનો ૧. ગાંધીજીનાં સંસ્મરણો (શ્રી શાંતિકુમાર જોડે) રૂ. ૫-૦૦. ૨. ભગવાન બુદ્ધ (શ્રી શિવાજી ભાવે જોડે) રૂ. ૧–૫૦, ૩. સર્વોદય વિચારણા રૂ. ૨–૦૦, ૪. ભ્રમણ અને સંશોધન રૂ. ૬–૦૦, ૫. બરફના રસ્તે બદરીનાથ, રૂ. ૧–૫૦, ૬. આતમનાં મૂલ ૦–૭૫, ૭. દશાવતાર ૦૦–૫૦, ૮. ઈશ ઉપનિષદ્. વિના મૂલ્ય, Accross Gangotri Glaciers રૂ. ૮–૦૦ પણ ઉપરના ઠેકાણેથી મળી શકશે. સ્વામી આનંદની વર્ષોભરની સાહિત્યસેવા કેટલા વિશાળ ક્ષેત્રને આવરી રહેલી છે તેનો ખ્યાલ આપવા માટે ઉપરની વિગતો આપી છે. આવા સિદ્ધહસ્ત લેખકની કદર કરીને સાહિત્ય ઍકેડેમીએ ખરી રીતે પોતાના ગૌરવમાં વધારો કર્યો છે.

આ પ્રસંગે સ્વામી આનંદ સાથેના ચિરકાલીન સંબંધને લગતા અનેક મીઠાં સ્મરણો ચિત્તમાં જાગૃત થાય છે. હું કૉલેજ અભ્યાસ માટે મુંબઈ આવ્યો ત્યારથી લગભગ અમારા પરિચયની શરૂઆત થઈ. તે પરિચય સંબંધ આજ સુધી અખંડિત રહ્યો છે. એક મિત્ર તરીકે મારા જીવનઘડતરમાં તેમનો ઘણો મોટો ફાળો છે. આ બધી વિગતો કોઈ વાર શબ્દબદ્ધ કરવાની મનમાં ઈચ્છા છે.

આજે તેઓ કોસબાડમાં રહે છે. ૮૨–૮૩ વર્ષની ઉમરે તેઓ પહોંચ્યા છે. પોતાની ઢીલી પડતી જતી તબિયત વિષે લખતાં તાજેતરમાં મળેલા પત્રમાં તેઓ જણાવે છે કે "મારી તબિયત પણ હવે ઘસાઈ રહી છે. રગડ દગડ ખેંચ્યે જાય છું, હરવા ફરવામાં વાંધો આવતો નથી. માત્ર આર્થરાઈટીસ વચ્ચે થઈ આવે છે ત્યારે અટકી પડું છું. પણ કામ કરવાની–મુસાફરી કરવાની–શકિત હવે ગઈ છે. વાંચી પણ મેગ્નીફાઈંગ કાચ વગર નથી શકતો. હાર્ટની કમજોરી, લોહીનું દબાણ, ડાયાબિટીસ છે જ. રામજી રાખે તેમ રહેવું, બસ."

ઉપર જણાવેલ રૂ. ૫૦૦૦ ના પારિતોષિક–અર્પણને લગતા સમારોહમાં ઉપસ્થિત થવા અંગેના અકાદમીના નિમંત્રણનો જવાબ આપતાં તેમણે ઍકેડેમીના મંત્રીને જણાવ્યું છે કે:

"અકાદમીના તથા તેના સલાહકાર મંડળનો હું આભાર માનું છું અને મારું જે ગૌરવ કરવામાં આવ્યું છે તે પ્રત્યે અત્યંત હૃદયપૂર્વક કૃતજ્ઞતા દાખવવા આતુર છું. તથાપિ જણાવતાં ખેદ અનુભવું છું કે એ નિર્ધારિત સમારોહમાં હું ભાગ લઈ શકીશ નહિ તેમ સન્માનપત્ર તથા પારિતોષિકની રકમ સ્વીકારી શકીશ નહિ.

"રૂઢિમાન્ય સાધુ તરીકે મારી પ્રતિજ્ઞાને કારણે મારાં લખાણોમાંથી યા તો પ્રજાની અન્ય જે કોઈ રીતની સેવા કરું તેમાંથી આર્થિક લાભ મેળવવાનું યા સ્વીકારવાનું મારે માટે નિષિદ્ધ છે. એ જ રીતે હરકોઈ પ્રકારના જાહેર માન યા સ્વીકૃતિથી અંગત રીતે વેગળા રહેવાનું મારે માટે બંધનરૂપ છે. તેથી કૃપા કરીને મારા સંબંધમાં નાણાખાતાને માનપત્ર વગેરે અંગે ખર્ચ કરવામાંથી મુકત રાખશો.

"મારા સંબંધે અન્ય જે માહિતી આપે માગી છે તે અંગે આપ તો નિ:સંદેહ એ ભારતીય પ્રણાલીથી વાકેફ હશો જ કે કોઈ પણ સાધુને તેની પોતાની આત્મકથાત્મક વિગત પૂરી પાડવાનું જણાવાય નહિ."

આ જવાબ સ્વામી આનંદની લાક્ષણિક પ્રકૃતિને અનુરૂપ છે અને તે વાંચીને તેમના વિષેના આપણા આદરમાં વૃદ્ધિ થાય છે. આવા પારિતોષિકનો સહર્ષ સ્વીકાર એ માનવપ્રકૃતિ છે; તેનો અસ્વીકાર તે માનવ પ્રકૃતિ ઉપરનું ઉત્થાન છે.

**"વિનોબાજી ઘણીવાર મને સમજાતા નથી."**

પૂજ્ય વિનોબાજીના વિચારોથી ભૂમિપુત્રના નિયમિત વાંચન દ્વારા વર્ષોથી હું સુપરિચિત છું. અને તેમને જાણવા સમજવાનો મારો સતત પ્રયત્ન રહ્યો છે. આમ છતાં તેમના કેટલાક ખ્યાલો–વિચારો-મારી સમજણમાં ઉતરતા નથી. દા. ત. ગાંધીજીએ રાજકીય ક્ષેત્રે જે કાંઇ કર્યું તે લોકનીતિ છે અને આજના ધારાસભ્યો જે કાંઇ કહે છે, કરે છે તે રાજનીતિ છે. આ લોકનીતિ અને રાજનીતિનો ભેદ મને સમજાતો નથી. તેઓ શાસનમુક્ત સમાજની કલ્પના આપણી આગળ ધરતા હોય છે. મને આવી સમાજ રચનાની કદિ શકયતા જ દેખાતી નથી. તેઓ નિષ્પક્ષ લોકશાહીનો આદર્શ અવારનવાર રજૂ કરે છે. મને આ વદતોવ્યાઘાત જેવું લાગે છે. મારી સમજણ મુજબ નિષ્પક્ષ સરમુખત્યારશાહી સંભવે છે; નિષ્પક્ષ લોકશાહી સંભવતી જ નથી. જ્યાં લોકશાહી હશે ત્યાં દેશના ભાવી ઘડતર અંગે એકમેકથી વિરોધી અથવા તો જુદી પડતી વિચારસરણી ધરાવતા રાજકીય પક્ષો હોવાના જ. તેઓ બધી બાબતમાં સર્વાનુમતિથી નિર્ણય લેવાનું સૂચવે છે. વિવાદાસ્પદ છતાં અગત્યની બાબતોમાં સર્વાનુમતી નિર્ણય ઉપર આવવાનું મારી સમજણ મુજબ ભાગ્યે જ શકય બને છે. તેઓ રાજ્યને ખતમ કરવાની વાત કરે છે. મને લાગે છે કે, જ્યાં સમાજ છે ત્યાં રાજ્ય હોવાનું જ, એટલે કે સમાજ શાસક અને શાસિત એમ બે ભાગમાં વહેંચાયા વિના રહેવાનો જ નહિ. તેઓ જે સત્યાગ્રહનો આશય કે પરિણામ કોઈ ઉપર દબાણ લાવવામાં આવે એવો સંભવ હોય તે સત્યાગ્રહ હિંસક હોવાનું જણાવીને તેને વર્જ્ય લેખે છે. જેનો આશય યા પરિણામ કોઇ પણ પ્રકારનું દબાણ પેદા કરવાનો ન હોય એવા કોઈ સત્યાગ્રહની મને કલ્પના જ આવતી નથી. આવા ઝીણા વિશ્લેષણનું પરિણામ સત્યાગ્રહને નામશેષ બનાવવામાં જ આવે એમ મને લાગે છે. તેઓ પ્રત્યક્ષ કાર્ય કરતાં મૌન વધારે કાર્યક્ષમ હોવાનું કદિ કદિ જણાવે છે. મૌનની આવી કાર્યક્ષમતા મારા ખ્યાલમાં આવતી નથી.

આવી જ રીતે વિનોબાજી કહે છે કે આજે રાજકારણના દિવસો ખતમ થયા છે; ધર્મના દિવસો વિદાય પામ્યા છે. અધ્યાત્મ અને વિજ્ઞાનના દિવસો આવ્યા છે. આ વિધાનમાં અધ્યાત્મ અને વિજ્ઞાન ઉપર લોકોનું ચિત્ત વધારે કેન્દ્રિત થયું છે એટલા પૂરતું સમજાય છે, પણ રાજકારણ કે ધર્મો ખતમ થયા છે એવા સૂચનનો આજની વાસ્તવિકતા સાથે મેળ બેસતો હોય એમ મને લાગતું નથી.

સમગ્રપણે વિચારતાં મને એમ લાગવા માંડયું છે કે વિનોબાજીના આવા કેટલાક ખ્યાલો વાસ્તવિકતા સાથે વિસંવાદી છે

અને તે ખ્યાલોએ તેમને અનુસરનારાઓમાં બૌદ્ધિક વિભ્રમો ઊભા કર્યા છે અને તેમની કાર્યશક્તિને કુંઠિત કરી છે. સંભવ છે કે આ મારી સમજણ પાયામાંથી ભૂલ ભરી હોય અથવા તો વિનોબાજીને વિષે ગેરસમજૂતીપૂર્ણ હોય. આમ છતાં પણ આ બાબતોની વિચારકો સ્પષ્ટતા કરે – વધારે ઊંડાણથી–ઝીણવટથી ચર્ચા કરે–એ આશયથી આ મારા વિચારો અહિં રજૂ કરવા હું પ્રેરાયો છું.

**શ્રી નાનક મોટવાણીનું દુ:ખદ અવસાન**

ગયા માર્ચ માસની ૧૩ મી તારીખે શીકાગો રેડીઓના માલિક અને મુખ્ય સંચાલક શ્રી નાનક મોટવાણીનું આશરે ૬૭ વર્ષની ઉમ્મરે અવસાન થતાં મુંબઈ શહેરને એક અગ્રગણ્ય નાગરિકની ખોટ પડી છે. ધ્વનિવર્ધક યંત્ર આજના જાહેર જીવનનું એક અનિવાર્ય અંગ બની ગયું છે. અને આ યંત્રને લગતો વ્યવસાય શીકાગો રેડિયોએ એટલો બધો વિકસાવ્યો છે કે ધ્વનિવર્ધક યંત્ર અને શિકાગો રેડીયો એ આજે પર્યાય શબ્દ બની ગયા છે. આ વ્યવસાયમાં આજે અનેક લોકો પડયા છે. પણ શીકાગો રેડિયોની સર્વિસ આજે પણ સૌથી વધારે વિશ્વસનીય ગણાય છે. મુંબઈમાં ભાગ્યે જ એવાં મોટા પાયાનાં સંમેલનો યોજાયા હશે કે જેમાં ધ્વનિવર્ધક યંત્રના આયોજક તરીકે નાનક મોટવાણી ઉપસ્થિત ન હોય. કૉંગ્રેસનાં લગભગ બધાં અધિવેશનોની મોનોપોલી તો શીકાગો રેડિયોને જ વરેલી હતી. તે પાછળ હતી શ્રી નાનક મોટવાણીની કુશળ કામગીરી અને ઊંડી રાષ્ટ્રનિષ્ઠા.

સંઘ દ્વારા યોજાતા કાર્યક્રમોના અનુસંધાનમાં ધ્વનિવર્ધક યંત્રને લગતી સગવડ પ્રાપ્ત કરવા અંગે મને પોતાને ભાઈ નાનકને અનેક વાર મળવાનું બનતું અને આ કારણે અમારી વચ્ચે ઊંડો સદ્‌ભાવભર્યો સંબંધ નિર્માણ થયો હતો. ઓફિસમાં હું જાઉં અને મને દૂરથી તેઓ દેખે કે "આઈયે સ્વામી પરમાનંદજી, કયા હુકમ હય." એમ મોટા અવાજે બોલાવીને તેઓ મને આવકાર આપે અને તેમની કામગીરીના બદલમાં હું જે કાંઈ આપું તે પ્રેમથી સ્વીકારે. છેલ્લા પાંચ છ મહિનાથી તેમની તબિયત નરમ ચાલતી હતી, પણ તેની ખબર મને બહુ મોડી પડી. આ ખબર પડતાં ખારમાં આવેલા તેમના નિવાસસ્થાને હું ગયો અને માલુમ પડયું કે, તેમને વૈદ્યકીય તપાસ અને શસ્ત્રોપચાર માટે તાતા મૅમોરિયલ હૉસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા છે. બે ત્રણ દિવસ બાદ હૉસ્પીટલમાં ગયો અને તેમને મળ્યો. તેઓ બિછાનામાં સુતા હતા તે મને જોઈને બેઠા થઈ ગયા અને મને પહેલાં માફક જ બહુ ભાવથી આવકાર આપ્યો. અમારી વાતો દરમિયાન સંઘના નવા કાર્યાલયમાં ધ્વનિવર્ધક યંત્રની સ્થાયી ગોઠવણ કરવાનો અમારો વિચાર રજૂ કર્યો અને તે મુજબ ઓફિસના કર્મચારીઓને સૂચના આપવા મેં વિનંતિ કરી. તેમણે મારી આ વાત સાંભળીને જણાવ્યું કે, "જરૂર જરૂર, મારા ઓફિસના લોકોને આ બધું ગોઠવી આપવા બરોબર કહીશ. તેની તમે જરા પણ ચિન્તા ન કરશો અને તમારા સંઘને આ મારી ભેટ સમજશો." આમ વાતો કરીને અમે છૂટા પડયા. આઠ દશ દિવસ બાદ ફરીવાર પણ તેમને હું જોવા ગયેલો. ત્યારે વધારે નરમ લાગેલા. પછી સાંભળ્યું કે, તેમને ઘેર લઈ જવામાં આવ્યા છે. એટલે મેં મુંબઈ માર્ચની ત્રીજી તારીખે અમદાવાદ રાજકોટ જવા માટે છોડયું તે પહેલાં તેમની ખબર કાઢવા તેમના નિવાસસ્થાને પણ જઈ આવેલો. તે વખતે તેમની તબિયત વધારે લથડતી જતી હોય એવો ખ્યાલ આવ્યો. રાજકોટ હતો એ દરમિયાન તેમના અવસાનના ખબર મળતાં એક મિત્ર ગુમાવ્યા જેટલો મને આઘાત લાગ્યો.

ભાઈ નાનક કુશળ વ્યાપારી અને ઉદ્યોગપતિ તો હતા જ પણ એ ઉપરાંત તેઓ એક ભકત હૃદયના ધર્મપરાયણ માનવી હતા. તેમના દિલમાં દેશની આજની અપદશા અંગે પાર વિનાની બળતરા હતી. તેમના ખારના નિવાસસ્થાને એક મોટું અલગ મંદિર છે. જ્યાં ભગવાન શ્રી કૃષ્ણની આરસપ્રતિમા મૂકવામાં આવી છે અને દિવસરાત ભજન પ્રાર્થના ચાલ્યા કરતા હોય છે અને દર રવિવારે સાંજે મોટી ભજનમંડળી ત્યાં એકઠી થાય છે. તેઓ મોટો કુટુંબ પરિવાર મૂકી ગયા છે જેમના વિષે દિલ ઊંડી સહાનુભૂતિ અનુભવે છે. તેમના આત્માને પરમાત્મા શાશ્વત શાન્તિ અર્પે એ જ પ્રાર્થના.

તા. ક.–ઉપર જણાવ્યા મુજબ શીકાગો રેડીયો તરફથી સંઘના કાર્યાલયમાં ધ્વનિવર્ધક યંત્રની સ્થાયી ગોઠવણ થતાં શ્રી નાનક મોટવાણી સંઘ માટે ચિરસ્મરણીય બન્યા છે.

**એક ધર્મસંકટ**

તાજેતરમાં માર્ચ માસની આઠમી તારીખે રાજકોટની લાયન્સ કલબ તરફથી યોજાયેલા એક સામુદાયિક સન્માન સમારોહમાં ભાગ લેવા માટે મને રાજકોટ જવાનું બન્યું. સવારના ભાગમાં આ સમારોહમાં જવાની હું તૈયારી કરતો હતો એવામાં મારા નિવાસસ્થાન ઉપર એક મોટરકાર આવી ચડી અને તેમાંથી મારી સાળીની પુત્રી બહેન તારા, તેના પતિ ભાઈ મણિલાલ અને અન્ય કુટુંબીજનો બહાર આવ્યાં. આ તારા ધ્રાંગધ્રાના જાણીતાં કુટુંબ વોરા વીરચંદ ભાઈચંદની કુળવધૂ થાય. એની ઉમ્મર આજે આશરે ૫૨ વર્ષની છે. તેને બે પુત્રો અને ત્રણ પુત્રીઓ છે. બે પુત્રમાંથી મોટો પુત્ર હસમુખ બાળપણથી અંધ બન્યો છે. તેની ઉમર આશરે ૩૦ વર્ષની છે. તે ધ્રાંગધ્રામાં તેના માતા–પિતા સાથે રહે છે અને સંગીત-શિક્ષકનું કામ કરે છે. બીજા પુત્રને થોડા સમય પહેલાં પરણાવેલો છે, અને તે કુટુંબના વ્યાપાર ધંધામાં જોડાયેલો છે. ત્રણ પુત્રીઓમાંથી બે પરણાવેલી અને એક કુંવારી છે. આ રીતે આ બહેન તારા એક બહોળા સ્થિતિસંપન્ન કુટુંબ પરિવારની જવાબદારી ધરાવતી પ્રૌઢ વયની ગૃહિણી અથવા તો ગૃહમાતા છે. જૈનધર્મ વિષે તેનામાં અપાર શ્રદ્ધા રહેલી છે અને જાણીતા જૈનાચાર્ય શ્રી વિજય–રામચંદ્ર સૂરિના સંસારત્યાગલક્ષી ઉપદેશથી પ્રભાવિત બનીને તે ઘર બાર છોડીને દીક્ષા લેવા તત્પર બની છે. આવા સમાચાર થોડા દિવસ પહેલાં મારા સાંભળવામાં આવતાં હું આશ્ચર્ય અને દુ:ખ અનુભવતો હતો. આ બહેન તારા ફાગણ શુદ ત્રીજ તા. ૧૦–૩–૭૦ ના રોજ જૂનાગઢ ગિરનાર ઉપર ગોઠવાયલા તેના દીક્ષામહોત્સવ પહેલાં જામનગર ખાતે બિરાજતા પોતાના ગુરુવર્ય શ્રી વિજય રામચંદ્ર સૂરિના આશીર્વાદ લેવા માટે પોતાના સ્વજનો સાથે જામનગર ગયેલી અને ત્યાંથી પાછા ફરતાં રાજકોટમાં વસતી મારી પુત્રીને મળવા તેના નિવાસસ્થાને આવી પહોંચી અને ત્યાં મને અચાનક જોતાં આશ્ચર્ય પામી અને મને કહી રહી કે "માસા, હું દીક્ષા લેવા જૂનાગઢ જાઉં છું. તો મને તમારા આશીર્વાદ આપો!" આ પ્રકારની દીક્ષાને હું આશીર્વાદ શી રીતે આપું? આવા પ્રસંગે મારે આશીર્વાદ આપવા જ જોઈએ – એ વ્યવહારવિચારને અવગણીને મેં તેને અત્યંત વ્યથિત સ્વરે કહ્યું કે: "તારા, તારી બધી કૌટંબિક જવાબદારી ફેંકી દઈને, આંધળા દીકરાને હડસેલીને, તું જે આ દીક્ષા લેવા નીકળી છે તેને હું કેમ આવકારૂં કે તેને હું શી રીતે આશીર્વાદ આપું? આ એવો તે કયો ધર્મ છે કે જે માનવીને આમ નિષ્ઠુર બનતાં શિખવે છે અને સ્થિતિપ્રાપ્ત ધર્મ ને તરછોડીને અને પત્ની અને માતાની જવાબદારીને ફગોળીને વેશપલટો કરવા પ્રેરે છે! શું તું જ્યાં છો ત્યાં ધર્મપાલન થઈ શકતું નથી અને આત્મસાધના શકય નથી? જે સાધુઓ પોતાના કુટંબ પરિવારને ઠોકરે મારવાનો ઉપદેશ આપે છે તે સાધુઓ વિષે – ધર્માચાર્યો વિષે – શું કહેવું, શું વિચારવું? હજુ પણ સમજ અને પાછી જા. આ માર્ગ ધર્મનો નથી, અધર્મનો છે. અને એમ છતાં આજે આ વાત ન સમજાતી હોય તો દીક્ષા લીધા બાદ જ્યારે પણ મારા આ શબ્દો યાદ આવે અને તારી આ ભૂલ સમજાય ત્યારે પાછી ફરજે અને તારા કુટુંબીઓ તને એટલા જ પ્રેમથી આવકારશે, અપનાવશે." "માસા આમ ન બોલો. આમ બોલો તો મારૂં અકલ્યાણ થાય. મારા બી

દીકરાનાં મેં લગ્ન કર્યા છે તે હસમુખને સંભાળશે અને તમારે તો મને આશીર્વાદ જ આપવા જોઈએ." આમ તારા બોલી ઊઠી. મેં કહ્યું "તારી ઉપર મને પૂરો સદ્ભાવ છે, તારૂં અકલ્યાણ હું કેમ ઈચ્છું? પણ આ તારા કાર્ય અંગે હું ખૂબ વ્યથા અનુભવું છું. અને તે વ્યથા મને આમ બોલાવે છે. તું જ્યાં હો ત્યાં તારૂં કલ્યાણ થાઓ એવી મારી પ્રાર્થના છે!" આ રીતે અમે મામા-ભાણેજ છૂટાં પડયાં અને તેને મોટરમાં વિદાય થતી હું જોઈ રહ્યો!

**સ્વદયા અને પરદયા**

તેરાપંથી સાધુઓ સાથેની ચર્ચામાં 'સ્વદયા' શબ્દ મારા સાંભળવામાં ઘણી વાર આવતો અને આ સ્વદયા એટલે શું તેમને સમજાતું નહિ. દયા હંમેશા પરલક્ષી હોય છે. પોતા વિષે વળી દયા કેવી? આ રીતે મારૂં મન વિચારતું હતું. આ ચિન્તનના અનુસંધાનમાં તા. ૨૬-૨-૭૦ ના 'જૈન'ના અગ્રલેખમાંની એક નોંધમાં આ બાબતને લગતી એક ચર્ચા જોવામાં આવી. તેમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ ૫-૧૨-૬૯ના 'સ્થાનકવાસી જૈન'માં જૈન સંઘના વયોવૃદ્ધ સંત શ્રી વ્રજલાલ સ્વામી અને મહાત્મા ગાંધી વચ્ચે કચ્છના મુંદ્રા શહેરમાં વિક્રમ સંવત ૧૯૮૨માં થયેલ નીચે મુજબનો વાર્તાલાપ પ્રગટ કરવામાં આવ્યો છે:

ગાંધીજી નમ્રતાથી બોલ્યા, 'સ્વદયા એટલે શું? અને પરદયા એટલે શું? પ્રથમ સ્વદયા કે પરદયા?'

ગાંધીજીનો આ તાત્ત્વિક પ્રશ્ન સાંભળી પૂજ્ય શ્રી થોડી સેકંડ મૌન રહ્યા. સભામાં ઘડિયાળના ટક ટક... અવાજ સિવાય નિરવ શાંતિ હતી. સૌના કર્ણો પૂજ્યશ્રીની ધીરગંભીર વાણી સાંભળવા આતુર બન્યા. પત્રકારો આ બંને મહાત્માઓની જ્ઞાનગોષ્ઠિને અક્ષરદેહ આપી રહ્યા હતા.

પૂજ્યશ્રી પ્રસન્નવદને બોલ્યા, 'મહાત્માજી, તમે બહુ સરસ પ્રશ્ન પૂછયો. જુઓ, દયા મુખ્યત્વે બે પ્રકારની: દ્રવ્યદયા અને ભાવદયા. સંસારના દુ:ખીજનો અને પ્રાણીઓને જોઈને હૃદયમાં જે કરુણાભાવ સ્ફૂરે તેને દ્રવ્યદયા કહેવાય અને સંસારના અજ્ઞાની, પામર મનુષ્યો સ્વધર્મને ચૂકી, જેઓ નીતિ વિરુદ્ધ આચરણ કરે છે, તેઓ પુન: ધર્મસન્મુખ થાય એવો ભાવ ચિંતવવો તેને ભાવદયા કહેવાય. હવે તમારા પ્રશ્નનો જવાબ: દ્રવ્યદયાની અપેક્ષાએ કહીએ તો પરદયા ચિંતવવી, પોતાના સુખની પરવા કર્યા વિના પરના સુખને કાજે પ્રયત્નશીલ બનવું, એટલે દ્રવ્યદયાની અપેક્ષાએ 'સ્વ' એટલે પોતાની દયા ન કરતાં 'પર' એટલે બીજાની દયા ચિંતવવી. પણ ભાવદયાની અપેક્ષાએ તો પ્રથમ સ્વદયા ચિંતવવી. સ્વદયા એટલે પોતાની દયા. પોતાનો આત્મા જે દુર્ગુણોથી ભરેલો છે તેની દયા ચિંતવવી, અને એ દુર્ગુણોથી જેમ બની શકે તેમ આત્માને મુક્ત કરવો. આવી રીતે પ્રથમ સ્વદયા ચિંતવવી અને ત્યાર પછી પરદયા ચિંતવવી. બીજાને પણ સન્માર્ગે ચાલવાનો ઉપદેશ આપવો. પણ પ્રથમ આપણે જો સીધે માર્ગે ચાલતાં હોઈએ તો અન્યને કહી શકીએ. પણ પોતે જ ખોટે માર્ગે ચાલતો હોય, અને બીજાને સાચા માર્ગે ચાલવાનો ઉપદેશ આપે, તેનો કંઈ અર્થ નથી. એટલે પ્રથમ સ્વદયા ચિંતવી, પોતાના આત્માને યથાશકય સ્વચ્છ કરવો અને ત્યાર પછી પરદયા ચિંતવી અન્ય જનોને પણ સન્માર્ગે વાળવા."

આ ખુલાસાથી મનનું સમાધાન થયું અને સ્વદયાનો પ્રયોગ સ્વની ત્રુટીઓને અનુલક્ષીને કરવામાં આવે છે અને પરદયાનો પ્રયોગ સંસારના દુ:ખી જનોની આધિ, વ્યાધિ અને ઉપાધિને અનુલક્ષીને કરવામાં આવે છે—એ પ્રકારની ચોખવટ અનુભવી. પરમાનંદ

**શૂન્યમાંથી સહસ્ર**

મુંબઈમાં હું બાબુલનાથ બાજુએ રહું છું ત્યાં બાબુલનાથ મારકેટની બાજુએ એક વયોવૃદ્ધ શાકવાળાની દુકાન છે. મારી પત્ની મોટા ભાગે તેની પાસેથી જ શાક લે છે અને તેથી તેની સાથે અમારો વર્ષો જૂનો સંબંધ ગણાય. તેનો મોટો દીકરો વસંત ભણતાં ભણતાં ઈજનેર થયો અને છસો રૂપિયાની તેને નોકરી મળી. આ વસંત ભણતો હતો ત્યારે અવાર નવાર તેના બાપની દુકાને બેસતો અને બકાલું વેચતો. આ શાકવાળાની એક પુત્રી મેટ્રિક થઈ અને તેને પણ ૩૦૦ રૂપિયાની નોકરી મળી. પછીનો પુત્ર કે પુત્રી પણ ઘરમાં માસિક રૂ. ૨૦૦ લાવતા થયા. આમ પાંચ છ વર્ષ ચલાવતાં થોડી મૂડી ભેગી થઈ એટલે વસંતે મુંબઈના પરામાં સારી રકમ આપીને ઓનરશીપનો બ્લોક લીધો. આ વસંત થોડા દિવસ પહેલાં મારે ત્યાં આવ્યો અને તરતમાં થનાર પોતાના લગ્નનું નિમંત્રણપત્ર તેણે મારા હાથમાં મૂકયું. આ જાણીને હું ખૂબ રાજી થયો અને તેને મેં પૂછયું કે: "વસંત, તારાં લગ્ન કરે છે એ કોણ છે? શું ભણેલી છે?" તેણે જવાબ આપ્યો કે: "તે અમારી ન્યાતવાળી છે. પણ ગ્રેજ્યુએટ છે." આથી હું વિશેષ રાજી થયો. તેના લગ્નસમારંભમાં અમે ગયા અને યોગ્ય વ્યવહાર કર્યો.

નીચેના સ્તરના ગણાતા અનેક કુટુંબો આજે આ રીતે ઉપર આવી રહ્યા છે અને પોતાના પુરુષાર્થના બળે પોતાનો અને પોતાના આખા કુટુંબનો ઉદ્ધાર કરી રહ્યા છે. આ હકીકત આપણા દેશના ઉજ્જવળ ભાવિની આગાહી આપે છે.

**જામનગરથી જુનાગઢ સુધીના સંઘ પાછળ ૧૦ લાખનો ધૂમાડો**

તા. ૧૨ મી માર્ચના ફુલછાબમાંથી જાણવા મળે છે કે, જૈનાચાર્ય શ્રી વિજયરામચંદ્ર સૂરિની પ્રેરણાથી બિકાનેરના જૈન ધનાઢય ગૃહસ્થ શ્રી હરખચંદ કાંકરિયાએ સંઘપતિ પદ ગ્રહણ કરીને આજથી ૨૨ દિવસ પહેલાં જામનગરથી શરૂ કરેલો પદયાત્રીઓનો સંઘ જુનાગઢ પહોંચ્યો છે અને ગિરનારની યાત્રાનો પ્રારંભ કર્યો છે. આ સંઘમાં ૧૭૦૦ જૈન ભાવિકો અને સાધુ-સાધ્વીઓ જોડાયા છે અને તેમણે જામનગરથી જુનાગઢ સુધી ૧૦૭ માઈલનો પ્રવાસ કર્યો છે. આ સંઘ પાછળ આશરે ૧૦ લાખનો ખર્ચ થવા સંભવ છે. આ રીતની ધાર્મિક પ્રવૃત્તિઓ જેવી કે, ઉપધાન, વરઘોડાઓ, જમણવારો, પાછળ જૈન શ્વે. મૂ. સંપ્રદાયના સાધુઓ જૈન સમાજના લાખો રૂપિયાનું પાણી કરાવે છે જેમાં પાંચ પંદર દિવસનો આનંદ, ખાણી-પીણી, રોણક, ઝાકઝમાળ હોય છે. પણ તેમાં સમાજનું કોઈ સ્થાયી કલ્યાણ થાય અને આજની ભીંસ, મોંઘવારી અને હાલાકીથી પીડિત જનતાને કોઈ નક્કર રાહત મળે એવી યોજના કે પરિણામ હોતું નથી. પાલીતાણામાં શ્રી. વિજયરામચંદ્ર સૂરિએ ગયું ચાતુર્માસ કરેલું તે દરમિયાન પણ આવી જ રીતે લાખો રૂપિયાનો દુર્વ્યય કરાવવાના તેઓ નિમિત્ત બન્યા છે. તેમને દુષ્કાળ પીડતા નથી, માનવજાત ઉપર ઉતરી આવતી કુદરતી આફતો તેમના દિલને હલાવતી નથી, તેઓ ક્રિયાકાંડ અને ધાર્મિક જલસાઓમાં જ રાચે છે. તેઓ ધારે તો તેમની લાગવગનો જનકલ્યાણકારી ઉપયોગ કરી શકે છે. પણ જ્યાં દર્દ નથી ત્યાં આવી અપેક્ષા રાખવી વ્યર્થ છે.

પરમાનંદ

# કર્મસિદ્ધાંત

(તા. ૯-૯-૬૯ની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું વ્યાખ્યાન)

ભારતીય દર્શન અને ધર્મનો કોઈ સર્વમાન્ય સિદ્ધાંત હોય તો તે કર્મસિદ્ધાંત છે—તેનું સામાન્ય તાત્પર્ય તો એવું છે કે જેવું કરીએ તેવું પામીએ. વેદકાળમાં દેવોને અર્થે યજ્ઞકર્મ થતું અને દેવો પ્રસન્ન થઈ ફળ આપતા. ઉપનિષદકાળમાં દેવોનું સ્થાન આત્મા કે બ્રહ્મે લીધું અને સારા કર્મનું સારૂં ફળ અને માઠાં કર્મનું માઠું ફળ—એવો સિદ્ધાંત સ્થિર થયેલ જણાય છે. પણ તે સિદ્ધાંતની કોઈ વિસ્તૃત ચર્ચા તેમાં જણાતી નથી. તે સિદ્ધાંત કોઈ ગૂહ્ય તત્વ હોય અને ખાનગીમાં ચર્ચવાની વાત હોય એવી છાપ ઊભી થાય છે. આથી જણાય છે કે તે સિદ્ધાંત ઉપનિષદના ઋષિઓ માટે નવો હતો. ભગવાન મહાવીર અને બુદ્ધના કાળમાં સંસારની ઘટમાળના કાર્યકારણ ભાવની

ચર્ચા અનેક ધર્મનાયકોએ અનેક રીતે કરી છે. તેમાં અજ્ઞાનવાદીઓનું કહેવું હતું કે એ જાણી શકાય તેમ નથી. તો વળી કેટલાક કાળને મહત્વ આપતા અને કહેતા કે સંસારનું વૈચિત્ર્ય કાળકૃત છે. ગમે તેટલો પ્રયાસ થાય પણ કાળના પરિપાક વિના કોઈ પણ કાર્ય નિષ્પન્ન થઈ શકતું નથી. આ વાદ અથર્વવેદ જેટલો તો જૂનો છે જ. વળી બીજાઓનું એમ મન્તવ્ય હતું કે બધું સ્વભાવથી જ થાય છે. ઘઉં વાવીએ અને બાજરાની ઈચ્છા કરીએ એ ન બને. ઘઉંના બીજનો સ્વભાવ છે કે તેમાંથી ઘઉં જ થાય. સૌ સૌનો સ્વભાવ જુદો એટલે તે સ્વભાવની વિચિત્રતાને કારણે જગતમાં વિચિત્રતા છે. આમ તે કાળે અનેક વિવાદો હતા. તેમાં કર્મવાદ પણ એક હતો. જીવ જે ક્રિયા કરે તેની વાસના કે સંસ્કાર આત્મામાં પડે અને તે સંસ્કારને અનુસરીને જગતમાં વૈચિત્ર્ય જન્મે—એ કર્મનો સામાન્ય સિદ્ધાન્ત છે. આ સિદ્ધાન્તના પુરસ્કર્તા ભગવાન મહાવીરથી પણ પૂર્વેના જૈન તીર્થંકર પાર્શ્વ હોઈ શકે છે. આ જ સિદ્ધાન્તને ભગવાન બુદ્ધે પણ માન્ય રાખ્યો છે.

ગોશાલકના અનુયાયીઓનું કહેવું હતું કે સંસારચક્ર નિયત છે તેમાં કોઈ પણ ક્રિયા કે કર્મ વડે કશું જ પરિવર્તન થઈ શકતું નથી, જ્યારે ભ. મહાવીર અને બુદ્ધનું કહેવું હતું કે ભવિષ્ય અનિશ્ચિત છે, તે આપણા પુરુષાર્થને અધીન છે, કર્મને અધીન છે, જેવું ભવિષ્ય બનાવવું હોય તેવાં કર્મ કરવાં જોઈએ—તેવી ક્રિયા કરવી જોઈએ. વર્તમાનમાં જે આપણે છીએ તે ભૂતકાળના કર્મનું ફળ છે.

કર્મનો આ સામાન્ય સિદ્ધાંતનો આપણા જીવનમાં જે પ્રકારે ઉપયોગ દેખાય છે તે નિરાશ જ કરે તેવો છે. કર્મને નામે કે ભાવીભાવને નામે આપણા જીવનમાંથી પુરુષાર્થ સમાપ્ત થયો છે. જે થવાનું હશે તે થશે, ભાગ્યમાં લખ્યું હશે તે થશે, કર્મમાં હશે તે મળશે—આવી ભાવના ભારતના લોકોમાં સામાન્યપણે પ્રચલિત થઈ ગઈ છે. આ તો ખરી રીતે આપણે કર્મના સિદ્ધાન્તનું નહિ પણ ગોશાલકના નિયતિવાદનું જ અનુસરણ કરી રહ્યા છીએ. જો તેમ ન હોત તો જીવનમાંથી જે પુરુષાર્થનો લોપ થયો છે તે ન થાત. આપણે જે પરદેશીઓને અધ્યાત્મશૂન્ય કહીએ છીએ તેમના પુરુષાર્થના ફળને ભોગવવા આપણે તૈયાર છીએ, પણ આપણામાં પુરુષાર્થને નામે મીંડું છે. ભ. મહાવીરના પુરુષાર્થના સિદ્ધાંતને વિદેશીઓ બરાબર અનુસરે છે, પણ આપણે તો કર્મસિદ્ધાંતને માનવા છતાં જીવનમાં તો ગોશાલકના સિદ્ધાંતને જ અનુસરતા થઈ ગયા છીએ. ગોશાલકે જ્યોતિપશાસ્ત્રનો વિકાસ કર્યો હતો. કારણ તેના માટે બધું જ નિયત હોઈ ભવિષ્ય ભાખી શકાતું હતું. પણ ભ. મહાવીરનો સિદ્ધાંત તે પુરુષાર્થનો હોઈ ભાવિજીવનમાં નિયતિ નિરર્થક હતી. છતાં પણ આજે ભારતમાં એવો કોણ છે જે જયોતિષને માનતો ન હોય? એટલે આપણા જીવનમાં ભ. મહાવીર પ્રત્યેની અનાસ્થા અને ગોશાલક પ્રત્યેની આસ્થા જ વધી ગઈ છે એમ માનવું રહ્યું.

વેદકાળમાં ફળ દેવાની દેવોની શકિત મનાતી હતી. પણ મીમાંસાદર્શનના વિકાસ સાથે દેવોની એ શકિત છીનવી લેવામાં આવી અને પંડા-પુરોહિતોએ ઠસાવ્યું કે સ્વયં શબ્દમાં એટલે કે મંત્રમાં—જે દેવોની સ્તુતિરૂપ હતા—તેમાં જ ફલ દેવાની શકિત છે. આમ દેવોનું મહત્વ ઘટી ગયું અને મન્ત્રનું મહત્વ વધી ગયું. સાથે સાથે મંત્રના જાણકાર પુરોહિતોનું પણ મહત્ત્વ વધી ગયું. ધર્મની શકિત સ્વયં સ્તોત્રોમાં જે હતી તે હવે પુરોહિતોએ લીધી અને મનુષ્ય તેને પરાધીન બની ગયો. ભગવાન મહાવીરે આવી કોઈ મન્ત્રશકિતને મહત્ત્વ આપ્યું ન હતું—આવી કોઈ શબ્દશકિતને મહત્ત્વ આપ્યું ન હતું. પણ આત્માના પુરુષાર્થને મહત્વ હતું, પુરોહિતને ન હતું. પરંતુ આજે આપણે પાછા ભગવાન મહાવીરના ઉપદેશથી વિરૂદ્ધ જઈને મન્ત્રશકિત પાછળ ગાંડા થયા છીએ. નિત્ય નિત્ય નવા નવા મન્ત્રના અનુષ્ઠાનો સાધુ–મુનિરાજો શોધી કાઢે છે અને ભોળી અજ્ઞાન પ્રજાને ભરમાવીને પુરુષાર્થનો માર્ગ છોડી મન્ત્રના માર્ગે લઈ જાય છે. આ ભ. મહાવીરનો ધર્મ નથી, પણ કાંઈક જુદું જ ધર્મને નામે થઈ રહ્યું છે.

વેદમાં દેવોની પ્રાર્થના થતી અને તેઓ પ્રસન્ન થાય તો ફલ-પ્રદાન કરતા હતા. પણ પછીના કાળે જ્યારે ઈશ્વરની પ્રતિષ્ઠા થઈ ત્યારે કર્મવાદનું પ્રાબલ્ય તો હતું જ એટલે મનાયું કે ઈશ્વર સર્વ-શકિતમાન ખરો પણ તે પણ કર્મને આધીન તો છે જ. એટલે કે જીવોએ જેવાં કર્મ કર્યાં હોય તેને અનુસરીને જ ઈશ્વર ફલ આપી શકે, અન્યથા નહિ. આથી વિરુદ્ધ જ્યારે ભકિતમાર્ગ પ્રબળ બન્યો ત્યારે ઈશ્વરમાં પ્રસાદશકિતનું આરોપણ થયું અને તે પ્રસાદશકિત વડે ઈશ્વર ચાહે તેવું ફળ જીવોને આપી શકે તેમ મનાયું. આમ કર્મ નહિ પણ ઈશ્વરનો પ્રસાદ એ મહત્વનું હતું. એટલે ભકિતમાર્ગીઓ ઈશ્વરને પ્રસન્ન કરવા એક ભકિતમાર્ગનું અનુસરણ કરવા લાગ્યા. પરિણામે આપણે મધ્યકાળના જૈન સ્તવનોમાં પણ આની અસર જોઈ શકીએ છીએ. જૈન અરિહંતો તો વીતરાગ છે. એટલે તેમના પ્રત્યેની ભકિત એકપક્ષીય જ હોઈ શકે એમ જાણવા છતાં અને સ્વીકારવા છતાં, મધ્યકાળના જૈનસ્તવનોમાં ભકિતમાર્ગની અસર સ્પષ્ટ દેખાય છે, જેમાં પુરુષાર્થવાદને કોઈ સ્થાન નથી. આમ મૂળ ભ. મહાવીરનો કર્મસિદ્ધાન્ત ભકિતમાર્ગનું રૂપ લે ત્યારે પુરુષાર્થ હણાય એ સ્વાભાવિક છે.

આ પ્રકારે પુરુષાર્થ હણવામાં ભગવાન મહાવીરની સર્વજ્ઞતાને પણ આગળ ધરવામાં આવે છે. ભગવાને પોતાના જ્ઞાનમાં જે દીઠું હશે તેજ થવાનું છે—આવી ઘોષણા શ્રી કાનજીસ્વામી કરે કે પછી શ્રી અરવિંદ આશ્રમવાળા માને કે એકની યોગસાધનાથી સમગ્ર સંસારમાં પરિવર્તન લાવી શકાય છે—આમાં કાંઈ ફરક છે જ નહિ. બન્નેમાં પુરુષાર્થને હણવાની જ વાત આવે છે. આપણી આ અજ્ઞાન પ્રજાને ઉલટે માર્ગે જ લઈ જવાની વાત છે. હજારો વર્ષથી આ પ્રજાને ભાગ્યવાદ અને નિષ્ક્રિયતાનો ઉપદેશ મળ્યો છે. પરિણામે આટલી મોટી વસતી છતાં દુ:ખ અને દારિદ્રય, આળસ અને નિષ્ક્રિયતા આપણા જીવનમાં જડાઈ ગયાં છે. જીવનનો ઉત્સાહ કે પુરુષાર્થની તમન્ના લુપ્ત થઈ ગયાં છે.

ગીતા એ કર્મમાર્ગનો ગ્રન્થ છે—એમ તિલકે અનેકવાર કહ્યું. ગાંધીજીએ તે ગીતાના કર્મમાર્ગને જીવનમાં ઉતારીને પ્રજાને કર્મમાર્ગે વાળવાનો પ્રયત્ન કર્યો. પણ આમપ્રજા તરફ દૃષ્ટિ નાખો તો જણાશે કે પ્રજામાં કર્મયોગ નહિ પણ ભાગ્યયોગનું જ પ્રાબલ્ય છે. પરિણામે દારિદ્રયનું સામ્રાજ્ય પ્રવર્તે છે. અકાળે અને અસ્થાને વૈરાગ્યનો ઉપદેશ અપાય છે. મા–બાપ એ શરણ નથી, સૌ સગાં સ્વાર્થી છે, માટે છોડો સંસાર, વૈરાગી બનો—આવી નિષ્ક્રિયતાનો ઉપદેશ ભારતીય બાળકને ગળથૂથીમાંથી જ મળે છે. એટલે એ નથી રહેતો ઘરનો કે નથી રહેતો ઘાટનો. વૈરાગી બની ત્યાગી બની નવો સંસાર શરૂ કરે છે. પરદેશમાં મેં જોયું કે નાનપણથી જ જવાબદારીનું ભાન બાળકને અપાય છે. એ પણ ઉમરલાયક થયે ઘર છોડે છે અને પોતાનો નવો સંસાર શરૂ કરે છે. બન્નેમાં ગૃહત્યાગ સરખો છે, પણ એકમાં જવાબદારીના ભાન સાથે, જ્યારે બીજામાં બધી જ જવાબદારીથી મુકત થઈને. એકમાં પુરુષાર્થનું બળ દેખાય છે જ્યારે બીજામાં બીજા ઉપર નભવાની વૃત્તિ પોષાય છે સંસારત્યાગની વાત કર્યા પછી પણ અને ઘર છોડયા પછી પ જે અર્થે સંસારત્યાગ કર્યો હોય તે માટેનો પણ પુરુષાર્થ જોવ મળતો નથી. દેખાય છે મોટે ભાગે પ્રમાદ. આ છે આપણ આધ્યાત્મિકતા. પરદેશમાં આવી આધ્યાત્મિકતા કદાચ ના હોય, પરંતુ જીવનમાં સતત પુરુષાર્થ તો દેખાય છે. પાદરી થન પણ તે માટેની પૂરી યોગ્યતા અધ્યયનની અને સંસ્કારની પ્રાપ કરવી અનિવાર્ય છે. તે વિના સંસારત્યાગી થઈ શકાતું નથી.

ભ. મહાવીરે અજ્ઞાનમાર્ગનો વિરોધ કર્યો. પરંતુ આજે આપ અજ્ઞાનમાર્ગનું જ અનુસરણ કરી રહ્યા છીએ. ધર્મચિંતાની ઠેકેદા

આપણે સાધુવર્ગને સોંપી છે અને આપણી બુદ્ધિનાં દ્વાર બંધ કરી દીધા છે, મગજને તાળું લગાવી દીધું છે. આપણે સાયન્સ અને ટેકનોલોજી સમજી શકીએ, પણ ધર્મની વાત આવે ત્યાં સાદી સમજને પણ કોરે મૂકી દેવા તૈયાર થઈએ છીએ અને એમાં તો આપણે કાંઈ જ ન સમજીએ એમ માનીને ચાલીએ છીએ. પરિણામે આજના જે નવાં નવાં અનુષ્ઠાનો જૈન સાધુઓએ પ્રચલિત કર્યા છે તેમાં જરા પણ ઊંડા ઉતરવાનો વિચાર ભાગ્યે જ કોઈને આવે છે. આજે એવાં પણ અનુષ્ઠાનો થઈ રહ્યાં છે જેમાં સંસારની બધી સ્ત્રીઓને વશ કરવાના મન્ત્રોનો પ્રયોગ થઈ રહ્યો છે. આવી સાદી વાત જ શું આપણે ધારીએ તો ન સમજી શકીએ? એ મન્ત્ર સાંભળી આપણે શું અર્થ ન સમજી શકીએ? આ કેવળ અજ્ઞાનવાદનો જ આશ્રય છે, બુદ્ધિવાદ કે કર્મવાદનો નહિ.

જૈનસંમત કર્મસિદ્ધાન્તમાં જરા ઊંડા ઉતરી વિચારીએ તો ગીતાનો અનાસકત યોગ અને જૈનકર્મસિદ્ધાંતમાં મને ભેદ દેખાતો નથી. બાહ્ય હિંસા હોય છતાં જો અપ્રમાદ હોય તો કર્મબંધ નથી મનાયો, બાહ્યપ્રવૃત્તિ હોય પણ કષાય સહકૃત ન હોય તો તેથી કર્મબંધ નથી એમ જૈનોનો કર્મસિદ્ધાન્ત કહે છે. તે જ વાત ગીતામાં અનાસકત યોગમાં કહેવામાં આવી છે. આપણે કર્મબંધને નામે પ્રવૃત્તિનું નિરાકણ કર્યું. અને જીવનમાં પુરૂષાર્થશૂન્યતા ઊભી કરી. પરિણામે જીવન નિષ્ક્રિય બની ગયું છે. સંસાર સધાયો નહિ અને મોક્ષ તો દૂરનો દૂર રહ્યો.

કર્મસિદ્ધાન્ત જે જૈનસંમત છે તેમાં કર્મની તે તે પ્રકૃતિનું ફળ શું તે સ્પષ્ટ જણાવવામાં આવ્યું છે અને તે તે પ્રકૃતિબંધમાં શાં શાં કારણો છે તેનો પણ નિર્દેશ મળે છે. કર્મના મુખ્ય બે ભેદો છે—એક જીવમાં જે જ્ઞાનાદિ સ્વભાવ છે તેનો ઘાત કરે છે તો બીજું જીવમાં જે નથી તેનું આરોપણ કરે છે—એટલે કે સ્વયં જે જીવના સ્વભાવરૂપ નથી તેવી વિકૃતિ જીવમાં પેદા કરે છે. જેમકે જીવ એ અમૂર્ત છે પણ જીવનો સંબંધ શરીર સાથે જોડીને તેને મૂર્ત બનાવી દે છે. આમ કર્મના બે પ્રકારે મુખ્ય ફળો છે. પરંતુ મધ્યકાળમાં આ કર્મના સિદ્ધાંતમાં પણ વિકૃતિ ધર્મના નામે ઊભી કરવામાં આવી છે અને મનુષ્યને જે વિભૂતિ કે ભૌતિક સંપત્તિ મળે છે તેમાં પણ જાણે કે કર્મ કારણ હોય તેવી વ્યાખ્યા કરવામાં આવી છે. કર્મની જે પ્રકૃતિઓ શાસ્ત્રમાં ગણાવવામાં આવી છે તેમાં એક પણ એવી નથી જેને વિષે કહી શકાય કે તે કર્મના કારણે સંપત્તિ મળી શકે. સંપત્તિથી સુખ છે—જ્યારથી આ માન્યતાને બળ મળ્યું ત્યારથી સંપત્તિ પણ કર્મનું ફળ છે તેમ મનાવા લાગ્યું. ખરી વાત એવી છે કે સુખ કે દુ:ખની વેદના એ માનસિક છે. સંપત્તિ ન હોય તો પણ સુખવેદના સંભવે અને હોય તો પણ દુ:ખવેદના સંભવે. છતાં પણ બાહ્ય સંપત્તિ સાથે સુખદુ:ખનો સંબંધ જોડી દીધો અને ઉપદેશ દેવો શરૂ થયો કે ધર્મકૃત્યો જેવાં કે આયંબિલ, ઉપવાસ, ઉપાશ્રયનિર્માણ, મંદિરનિર્માણ, સાધુને દાન આદિથી સંપત્તિ મળે છે, અને મનુષ્ય સુખી થાય છે. ધર્મકૃત્યનો ઉદ્દેશ એક તરફ ત્યાગની ભાવનાની પુષ્ટિ બતાવાય છે જ્યારે બીજી તરફ એ જ કૃત્યથી સંપત્તિની લાલચ દેખાડાય છે. આ વદતોવ્યાઘાત છે. પણ ધર્મને નામે, પુણ્યને નામે કર્મથી સંપત્તિ મળે છે એવી માન્યતા ઠસાવવામાં આવે છે. ખરી વાત એવી છે કે સંપત્તિ માટેનો યોગ્ય પુરુષાર્થ કરવામાં આવે તો સંપત્તિ મળે. તેને બદલે મનાયું કે પૂર્વે કરેલ કર્મને લીધે સંપત્તિ મળે છે. આથી પણ જીવનમાંથી પુરુષાર્થ જાય છે અને ભાગ્યને ભરોસે જીવનનૈયા ધકેલાય છે. આ પણ કર્મસિદ્ધાન્તની વિકૃતિ જ છે. સંપત્તિ જોઈતી હોય તો સંપત્તિ મેળવવાના જે માર્ગો છે તે અપનાવવા જોઈએ, પણ કર્મને ભરોસે બેસી શકાય નહિ. પણ ભારતીય જીવનમાં ઉલટું વલણ દેખાય છે. પુરુષાર્થ કરવો નહિ અને પુરાણા કર્મના ફળ રૂપે સંપત્તિ પામવાની આશા સેવવી. આ કર્મસિદ્ધાન્તની વિકૃતિ જ છે. આ વિકૃતિથી જેટલું વહેલું છુટાય તેટલો વહેલો આપણો ઉદ્ધાર છે.

**દલસુખ માલવણિયા**

# રાજકારણના પલટાતા રંગો

કૉંગ્રેસમાં ભંગાણ પડયું તેથી દેશના રાજકારણમાં ધરતીકંપ થયો, તેના આંચકા ચારે તરફ અને દરેક રાજ્યમાં અનુભવાય છે. ભાગલા પડવા છતાં, કૉંગ્રેસના બન્ને પક્ષો, સમજણપૂર્વક સ્થિરતા લાવી શકત. પણ પરસ્પરને તોડી પાડવાના તેમના ભીષણ સંગ્રામમાં બીજા બધા રાજકીય પક્ષો પણ હોમાયા. કાવાદાવા અને કૂટનીતિ પરાકાષ્ટાએ પહોંચ્યા. બન્ને પક્ષો નીચામાં નીચા સ્તર પર ઊતર્યા અને બીજાને પણ ખેંચ્યા.

બંગાળમાં રાષ્ટ્રપતિનું શાસન અનિવાર્ય હતું. ૧૪ મહિનાના ગાળામાં યુનાઈટેડ ફ્રન્ટે બંગાળમાં ખેદાન મેદાન કર્યું. પ્રજાની જાણે કોઈને પડી જ નથી. રાષ્ટ્રપતિનું શાસન ઠીક સમય સુધી રહે તો જ પ્રજા કાંઈક રાહત અનુભવશે. માકર્સવાદીઓ વચગાળાની ચૂંટણી માગે છે અને તેમ ન થાય તો વ્યાપક આંદોલનની ધમકી આપી છે. ગવર્નરે સખ્ત હાથે કામ લેવું પડશે. ગવર્નર ધવન સામ્યવાદી અથવા સામ્યવાદી તરફેણ કરવાવાળા છે એવો ભય સેવાય છે, આશા રાખીએ કે આ ભય ખોટો ઠરે અને કેન્દ્ર સરકાર દ્રઢતાથી કામ લેશે. કલકત્તા અને બંગાળમાં ભયનું વાતાવરણ છે. બેરોજગારી વધતી જાય છે. અસામાજિક તત્વો જોર કરે છે. કૉંગ્રેસના બન્ને પક્ષો અને બંગલા કૉંગ્રેસના આગેવાનો માથે મોટી જવાબદારી છે. શાન્તિ સ્થાપવાનું કામ મુખ્યત્વે તેમનું છે. વિકલ્પી સરકાર રચવાની અથવા વચગાળાની ચૂંટણી કરવાની કોઈ ચેષ્ટા હાલ કરવી જોઈએ નહિ.

કેરળમાં C P I મંત્રી મંડળ હાલ ટકી ગયું. મુખ્ય મંત્રી અચ્યુત મેનન માટે પ્રજામાં આદર છે. માકર્સવાદીઓ તેમને તોડવા કટિબદ્ધ થયા હતા. આશ્ચર્યની વાત એ છે કે જની કૉંગ્રેસનો માકર્સવાદીઓને ટેકો હતો. ડૉ. રામસુભગસિંગે નફટાઈથી જાહેર કર્યું કે દુશ્મનનો દુશ્મન મિત્ર છે. છેલ્લી ઘડીયે, સ્થાનિક સંજોગોને કારણે, જૂની કૉંગ્રેસના ચાર સભ્યો તટસ્થ રહ્યા.

ગુજરાતમાં હિતેન્દ્ર સરકારને તોડવા, જગજીવનરામે, રામસુભગ સિંગ જેટલી જ નફટાઈથી સ્વતંત્ર પક્ષને ટેકો આપવાનું જાહેર કર્યું. ત્યાં પણ દુશ્મનનો દુશ્મન મિત્ર ગણાયો. ખૂબ જોરથી પ્રયાસો શરૂ થયા. કેટલાક સભ્યોએ જૂની કૉંગ્રેસમાંથી પક્ષાન્તર કર્યું. હિતેન્દ્ર સરકાર ડોલી ગઈ અને તૂટવાની અણી પર હોય એવી પરિસ્થિતિ ઊભી થઈ. મોટી લાંચો અપાયાના આક્ષેપો થયા, ધારાસભ્યોને રોકી રાખ્યા, ઘેરી લીધા, તેમના પર સ્થાનિક કાર્યકર્તાઓને બોલાવી ભારે દબાણો થયા, અને નીચામાં નીચી કક્ષાની ખટપટો થઈ. જગજીવનરામનો આ પ્રયત્ન સર્વથા અયોગ્ય હતો. અલબત્ત, શાસક પક્ષને ઉથલાવવાનો વિરોધ પક્ષને અધિકાર છે. સ્વતંત્ર પક્ષ, પોતાના જોર પર તેમ કરી શકે તો જુદી વાત છે. નવી કૉંગ્રેસ તેમ કરવામાં સ્વતંત્ર પક્ષને પ્રોત્સાહન આપે, તેને જેટલું વખોડીયે તેટલું ઓછું છે. હરિજનો, આદિવાસીઓ વિગેરેને ઉશ્કેરવા, તેમને લાલચો આપવી, સ્થાનિક મતભેદોને વિકરાવવા—આ બધાં પગલાં બન્ને પક્ષને ભારે પડવાના છે. હિતેન્દ્ર સરકારની સામે અસંતોષનું કારણ નથી એમ નથી. સૌરાષ્ટ્રનું હિત પૂરું જળવાતું નથી અને તેનું જાહેર જીવન યોજનાપૂર્વક ચૂંથી નાખવામાં આવ્યું છે એ ફરિયાદમાં તથ્ય છે. છતાં ગુજરાત—સૌરાષ્ટ્રની પ્રજા અને આગેવાનો માટે ગૌરવથી કહી શકાય કે આવા હીન કાવત્રાને તેમણે નિષ્ફળ બનાવ્યો છે અને સર્વથા સિદ્ધાંતહીન Unprincipled પ્રયત્નને સહન નથી કર્યો. ગુજરાત સરકાર માટે આ લાલબત્તી છે. અસંતોષનાં વિવિધ કારણો સત્વર દૂર નહિ થાય તો સ્ફોટક સ્થિતિ ચાલુ રહેશે.

ગુજરાત વિધાન સભાની બેઠક, ઉતાવળમાં, નક્કી કરેલ સમય કરતાં વહેલી મુલતવી રાખવાનો નિર્ણય લેવાયો. તે અટકાવવા

વિરોધ પક્ષે અવિશ્વાસની દરખાસ્ત રજૂ કરી, પણ અધ્યક્ષે તે દાખલ ન કરી અને ભારે ધમાલ વચ્ચે, શનિવારે બેઠક અચોક્કસ મુદત સુધી મુલ્તવી રાખી. વિરોધ પક્ષનો આક્ષેપ છે કે પરાજયમાંથી બચવા સરકારે આ પગલું લીધું. કાંઈક હરિયાણા જેવું થયું.

ચંડીગઢના નિર્ણયને લીધે હરિયાણા અને પંજાબમાં અસ્થિરતા આવી. હરિયાણામાં બંસીલાલ સરકાર ટકે તેમ ન હતું. તેની સામે ધારાસભામાં અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઈ હતી. તે છતાં ધારા સભા તુરત મુલ્તવી રાખી. આ પગલું બિન – બંધારણીય હતું પણ બચવાનો આ એક જ માર્ગ હતો. પંજાબમાં અકાલીદલનાં આંતરિક વિગ્રહે ઉગ્ર સ્વરૂપ લીધું અને ગુરનામસિંગ સરકારનું પતન થયું. ત્યાં પ્રમાણમાં સ્થિર રાજતંત્ર હતું. ગુરનામસિંગની સારી પ્રતિષ્ઠા હતી. પણ સંત ફત્તેસિંગના અને ગુરનામસિંગ વચ્ચે મતભેદ હતો. અત્યારે સંત ફતેસિંગના પક્ષનો વિજય થયો છે, પણ તે પંજાબના હિતમાં છે તેમ ન કહેવાય. ધર્મ અને રાજકારણ જે રીતે પંજાબમાં ભાગ ભજવી રહ્યા છે તેમાં એકંદરે પ્રત્યાઘાતી બળોનું જ જોર વધે. અકાલીઓનો પ્રગતિશીલ વર્ગ છેવટ સફળ થાય તેમાં પંજાબની સલામતી છે.

મધ્ય પ્રદેશમાં શુક્લ મંત્રી મંડળને ઉથલાવવા પ્રયત્નો થયા અને થાય છે. તેમાં, દ્વારકાપ્રસાદ મિશ્રાના ચૂંટણી કેસમાં સુપ્રિમ કોર્ટના ચુકાદાથી વેગ આવ્યો. સુપ્રિમ કોર્ટે, શુક્લ સામે પણ, ચૂંટણીમાં ગેરરીતિઓ અજમાવવા નોટીસ કાઢવાનું હાઈ કોર્ટને જણાવ્યું છે. છતાં, એમ લાગે છે કે હાલ તુરત, નવી કૉન્ગ્રેસ મધ્ય પ્રદેશમાં કોઈ ફેરફાર થાય તેમ ઈચ્છતી નથી અને રજમાતા કાંઈક ઠંડા પડયા છે.

ઓરિસ્સામાં સ્વતંત્ર પક્ષની સરકારને તોડવા, નવી કૉંગ્રેસના પ્રયત્નો ચાલુ છે. ઓરિસામાં પ્રમાણમાં સ્થિર રાજતંત્ર છે અને બહુ ખરાબ નથી. છતાં, નવી કૉંગ્રેસ બધા રાજ્યોમાં પોતાને અનુકૂળ સરકાર હોય તે નીતિ અનુસાર, ઓરિસામાં પલટો લાવવાના પ્રયત્નો ચાલુ રાખશે.

ઉત્તર પ્રદેશ અને બિહારમાં, ઈન્દિરા ગાંધીને અનુકૂળ સરકારોની રચના થઈ છે. પણ તે સ્થિર નીવડશે તેમ ન કહેવાય. આ બન્ને રાજ્યોમાં રાજકારણના ગંદવાડની પરાકાષ્ઠા છે અને કોણ, કયારે પલટો નહિ કરે તે કહેવાય નહિ.

તામીલનાડમાં DMK ના પાયા મજબૂત થતા જાય છે, કેન્દ્ર સરકારનો ટેકો છે અને DMK ઈન્દિરા ગાંધીને ટેકો આપવાની પૂરી કિંમત મેળવે છે. એટલે DMK પક્ષ કે સરકારને નિર્બળ બનાવવાના કામરાજના પ્રયાસો સફળ થવાનો, નજીકના ભવિષ્યમાં સંભવ નથી.

કાશ્મીરમાં સાદીક સામેના બળવાએ ઉગ્રરૂપ ધારણ કર્યું. સાદીક સામે ભારે અસંતોષ છે. પણ હાલ તો ઈન્દિરા ગાંધીની દરમ્યાનગિરિથી મામલો કાંઈક થાળે પડયો છે. પણ કાશ્મીરનો પ્રશ્ન સળગતો રહેવાનો જ.

રાજ્યસભાની ચૂંટણીઓમાં કેટલાક અણધાર્યા પરિણામો આવ્યા. પંજાબમાં અકાલી દળનો ઉમેદવાર હારી ગયો. મહારાષ્ટ્રમાં શાસક કૉંગ્રેસનો એક ઉમેદવાર હારી ગયો અને જૂની કૉંગ્રેસના ઉમેદવાર શ્રી બાબુભાઈ ચિનાઈને આશ્ચર્યજનક રીતે સૌથી વધારે મત મળ્યા. મહારાષ્ટ્ર કૉંગ્રેસ માટે આ ચેતવણી છે. મદ્રાસમાં સુબ્રમણ્યમ હારી ગયા તે શાસક કૉંગ્રેસને ફટકો છે. આ પરાજય માટે સુબ્રમણ્યમ પ્રત્યેનો અંગત વિરોધ વધારે જવાબદાર લાગે છે. મહારાષ્ટ્રમાં પ્રજા સમાજવાદી પક્ષના પ્રમુખ શ્રી ગોરે ચૂંટાઈ આવ્યા તે સારું થયું છે. ગોરેને ટેકો આપવા ઈન્દિરા ગાંધી મહારાષ્ટ્ર કૉંગ્રેસનો નિર્ણય ફેરવી શકયા તેમાં ચવ્હાણનું વર્ચસ્વ દેખાય છે. ઓરીસામાં શાસકપક્ષનો ઉમેદવાર હારી ગયો. ઉત્તર પ્રદેશમાં પણ એવું બન્યું. એકંદરે Cross Voting સારા પ્રમાણમાં થયું. શાસક કૉંગ્રેસને વિશેષ ધક્કો લાગ્યો છે. જનસંઘને લાભ થયો છે.

નેશનલ ડેવલપમેન્ટ કાઉન્સિલની બેઠકમાં ચતુર્થ પ્લાનને છેવટની મંજૂરી મળી તેમાં ઈન્દિરા ગાંધીની આર્થિક નીતિનું સમર્થન છે. દરેક રાજ્ય પોતાના હિત માટે જે ખેંચાતાણી કરે છે અને મુખ્ય મંત્રીઓની સત્તા અને લાગવગ વધતી રહી છે તેવા સંજોગોમાં, રાષ્ટ્રીય પ્લાનને છેવટની મંજૂરી મળે તે આવકારપાત્ર છે. NDC ની આ બેઠક તોફાની થશે એવો ભય ખોટો ઠર્યો છે.

બજેટમાં વેપાર ઉદ્યોગો અને કંપનીઓ ઉપર ખોટો બોજો નથી નાખ્યો એટલું જ નહિ પણ ખાનગી સાહસમાં મૂડી રોકાણને પ્રોત્સાહન મળ્યું છે તેનો પડઘો ફેડેરેશનની વાર્ષિક બેઠકમાં પડયો. વેપાર ઉદ્યોગના આગેવાનો અને સરકાર વચ્ચેનું અંતર કાંઈક ઓછું થયું અને પરસ્પર વિશ્વાસ અને સહકારથી કામ લેવામાં દેશનું હિત છે એવી હવા પેદા થઈ.

આર્થિક સ્થિતિ સુધરતી ગઈ છે ત્યારે લોકોની ચિંતાનું કારણ રાજકીય અસ્થિરતા છે. આ અસ્થિરતા મુખ્યત્વે કૉંગ્રેસના બે પક્ષો વચ્ચે સત્તાના સંઘર્ષને આભારી છે. તેની અસર બીજા રાજકીય પક્ષો ઉપર પણ પડે છે. પરિણામે, રાજકીય આગેવાનોનો મોટા ભાગનો સમય પોતાનાં સત્તાસ્થાનો ટકાવી રાખવા અથવા પ્રાપ્ત કરવાની ખટપટમાં જ જાય છે. આની અસર વહીવટીતંત્ર ઉપર પડે તે સ્વાભાવિક છે. રાજકીય નેતાઓ જે રીત રસમો અજમાવી રહ્યા છે તેની અસર પ્રજાજીવનના બધા ક્ષેત્રોમાં પડે છે. તેથી ભ્રષ્ટાચાર, કાયદા અને વ્યવસ્થા માટે અનાદર, અસામાજિક તત્ત્વોનું જોર આ બધા અનિષ્ટો વધતા જાય છે. આનો ઉપાય શું? બેમાંથી એક પક્ષ પણ એવો નિર્ણય કરે કે પરસ્પરનો વિરોધ કરીશું ત્યારે પણ કાંઈક નૈતિક ધોરણ જાળવશું તો પરિસ્થિતિ કાંઈક સુધરે. એ ખરું છે કે Politics is always a struggle for power પણ ગાંધીજીએ કાંઈ શીખવ્યું હોય તો એ છે કે ધ્યેયની સિદ્ધિમાં સાધનશુદ્ધિનો આગ્રહ રાખવો. આમ કરનારને કદાચ શરૂઆતમાં એમ બને કે દેખીતી રીતે કાંઈક સહન કરવું પડે. પણ અંતે તે પ્રજાનો આદર મેળવશે. દા. ત. બેન્કોના રાષ્ટ્રીયકરણનો ખરડો હમણાં પાર્લામેન્ટમાં આવ્યો ત્યારે, જૂની કૉંગ્રેસ તરફથી એવો સુધારો રજૂ થયો કે વિદેશી બેંકોનું રાષ્ટ્રીયકરણ કરવું. એવી અપેક્ષા હતી કે ડાબેરી બધા પક્ષો આ સુધારાને ટેકો આપશે અને શાસક કૉંગ્રેસ કફોડી સ્થિતિમાં મૂકાશે – અંતે તે આ સુધારો ઊડી ગયો. આવું કરવું જરૂરનું હતું?

૨૯–૩–'૭૦. **ચીમનલાલ ચકુભાઈ શાહ**

## મુદ્રણદોષ અંગે ક્ષમાયાચના

તા. ૧-૩-૭૦ ના પ્રબુદ્ધ જીવનમાં 'આગમવાણી અને અદ્યતન વૈજ્ઞાનિક સંશોધન' ના મથાળા નીચે મુનિ અમરચંદજી કવિનું એક નિવેદન પ્રગટ થયું છે. તે નિવેદનનો છેલ્લો પારીગ્રાફ તે નિવેદનમાં ન છપાતાં પછીનાં અંકમાં એ જ મથાળાના પેટા મથાળા "આગમવાણી બુદ્ધિગમ્ય નથી?" પ્રગટ થયેલા શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહના નિવેદનની શરૂઆતમાં ભૂલથી મૂકવામાં આવ્યો છે અને આ ભૂલને લીધે જાણે કે શ્રી. ચીમનભાઈના નિવેદનનો જ એ ભાગ ન હોય એવી ભ્રમણા વાંચકોના દિલમાં પેદા થવાનો સંભવ છે અને એમ છતાં ઉપર નીચેના લખાણોમાં પરસ્પર મેળ મળતો નથી એ દેખીતું છે. ક્ષમાયાચના સાથે આ ભૂલ સુધારી લેવા પ્રબુદ્ધ જીવનના વાચકોને વિનંતિ છે.

તંત્રી . પ્રબુદ્ધ જીવન

# ગાંધીજીનો સંદેશ

(જર્મન કમિટી અને ઈન્ડો - જર્મન સોસાયટીના ઉપક્રમે યોજવામાં આવેલ ગાંધી શતાબ્દિ ઉજવણીના ઉદ્‌ઘાટન પ્રસંગે માનનીય શ્રી મોરારજી દેસાઈએ ૮ મી જુલાઈએ ફ્રેન્કફર્ટમાં આપેલાં અંગ્રેજી પ્રવચનનો અનુવાદ)

એક પ્રખર રાજદ્વારી પુરુષ અને મહાન સંતની સ્મૃતિમાં આજે દુનિયાભરમાં ગાંધી શતાબ્દિ ઉજવાઈ રહી છે. દુનિયાને આવી મહાન વિભૂતિ આપવા ભારત ભાગ્યશાળી બન્યું તેનું ગૌરવ કોઈ પણ સ્થળે વસતો ભારતીય અનુભવશે જ.

ગાંધીજી કેવળ ભારતના જ નહિ પરંતુ આખી દુનિયાના હતા એ કહેવાની મારે જરર નથી. તેમની નિષ્કામ સેવા અને જીવનસંદેશ કેવળ ભારતના ઈતિહાસમાં કે ભારતની ભૌગોલિક હદમાં જ પુરાઈ રહી શકે તેમ નથી. એ જીવનની અમરગાથા તો સદાકાળ સર્વસ્થળે ગવાતી રહેશે. કોઈ પણ સ્થળે અને કાળે, પરાધીન

પ્રજા પોતાની મુક્તિ અર્થે અવાજ ઉઠાવશે ત્યારે આ ક્રાન્તિકારી સંતના સંદેશને અવશ્ય યાદ કરશે.

### શાન્તિ માટે સંઘર્ષ

પોતાના અંગત હિતો અને સત્તાની લાલસામાં ફસાયેલા મોટી મોટી વાતો કરનારા આજના રાજદ્વારી નેતાઓ અને લશ્કરી સત્તાધીશો જ્યારે ઈતિહાસના ઓળામાં વિલીન થઈ જવાની તૈયારીમાં છે ત્યારે આપણે આશા રાખીએ કે ગાંધીજીનો સંદેશ ભૂલ્યાને માર્ગ બતાવે, એમનું પુનિત સ્મરણ સૌની સદ્વૃત્તિઓને જાગૃત કરે.

ભારતના પ્રાચીન મૂલ્યો તરફ પોતાની વેધક દષ્ટિ ઠેરવીને ગાંધીજીએ જે ઊંડી સૂઝ અને ડહાપણ કેળવ્યા હતા તેને ભૂલી જવાનું કોઈ રીતે આપણને પરવડે તેમ નથી. માનવને મહામાનવ બનાવનાર દૈવી ગુણોની અદ્ભૂત શક્તિ ઉપર જો આપણે વિશ્વાસ રાખી શકીશું તો જ ગાંધીજીનો સંદેશ જીવંત રહી શકશે. એક એવી અટલ શ્રદ્ધા જો આપણે કેળવી શકીએ કે બુરાઈ ઉપર ભલાઈ વિજય મેળવે છે, સત્યનો જ સદા જય થાય છે, સંઘર્ષોની આગને કેવળ શાન્તિ જ બૂઝાવી શકે છે અને બાહ્ય જગત યા માનવ મનમાં પરિવર્તન આણવાની સમર્થ શક્તિ કેવળ આત્મામાં જ છે, તો જ આપણે તેમને વફાદાર રહ્યા ગણાઈશું.

અલબત્ત! આ બધી વાતોનું પોકળ પુનરાવર્તન કરી કરીને આપણે તેમના ગુણગાન ગાવામાં રાચીએ છીએ—આ બાબતનો કોઈ ઈનકાર કરી શકે તેમ નથી. લોહીતરસ્યા યુદ્ધપ્રેમીઓ દલીલ કરે છે કે તેમની લડાઈ શાન્તિ માટે છે. ગાંધીજીની મહત્તા તો એટલા માટે છે કે તેમણે પોતાના વિચારોને જીવનમાં જીવી બતાવ્યા. એમના દરેક કાર્યમાં એ આદર્શો સાકાર થયા. એક ધ્યેયને ખાતર તેઓ જીવ્યા અને એને માટે પોતાની કુરબાની આપવા હર પળે તેઓ તૈયાર રહ્યા.

મારી ઉપર પડેલા ગાંધીજીના પ્રભાવ બાબત અહીં કહેવું મને બહુ ઉચિત લાગતું નથી. મારા સમવયસ્ક સાથીદારો જેટલું જ મને પણ તેમના પ્રત્યે પ્રબળ આકર્ષણ હતું. ૧૯૧૫માં મુંબઈ ખાતે ભરાયેલી ઈન્ડિયન નેશનલ કૉંગ્રેસમાં હું સ્વયંસેવક તરીકે હતો ત્યારે મેં એમને પ્રથમ જોયેલા. તેઓ તાજા જ દક્ષિણ આફ્રિકાથી આવ્યાં હતા. એ વખતે મહાત્મા તરીકે તેઓ જાણીતા નહોતા થયા; પરંતુ એક મહાન વ્યક્તિ તરીકેનું તેમણે ભારતની પ્રજાના દિલમાં માનભર્યું સ્થાન તો ત્યારે પણ મેળવી લીધું હતું.

બ્રિટિશ સરકારની મારી નોકરીનું રાજીનામું આપી ૧૯૩૦ માં સ્વાતંત્ર્યની લડતમાં હું જોડાયો ત્યાર પહેલાં પણ હું સત્યનો શોધક હતો. ગાંધીજીના પરિચયમાં આવ્યા પછી હું જોઈ શકયો કે તેમણે ચીંધેલા માર્ગ ભણી જ મારો પુરુષાર્થ રહેલો હતો. એમના તત્ત્વજ્ઞાન અને જીવનદષ્ટિએ મારી સમજ અને જ્ઞાનને વધુ પુષ્ટ કર્યાં.

ગાંધીજીના સંપર્કમાં આવનાર અનેક લોકો માટે પણ આમ જ બન્યું છે. તમે ગમે તે સ્થાન ઉપર હો કે તમે ગમે તેવા ખ્યાલો ધરાવતા હો, પણ એકવાર તમે એમની સામે જઈને ઊભા રહ્યા કે તેમનો તમારી ઉપર પ્રભાવ પડયા વિના રહેવાનો જ નહિ. અંતર સોંસરી ઊતરી જાય એવી એમની અદ્ભુત વાણી હતી. એમના એક સાદમાં, એક હાકલમાં શબ્દોથી ન સમજાવી શકાય તેવો કોઈક જાદુ હતો. હિંસામાં માનનારા ક્રાન્તિકારીઓ જેલમાંથી છૂટી, પોતાની વાતો ગાંધીજીને સમજાવવા તલપાપડ થઈ તેમની પાસે જતા, પણ ત્યાં ગયા પછી તેઓ પોતે જ પાંચ મિનિટમાં બદલાઈ જતા. ગાંધીજીના આદર્શો કે તેમની આધ્યાત્મિકતા કરતાં પણ કોઈ પણ સમસ્યાનો તેઓ જે કુનેહથી ઝડપી ઉકેલ લાવી દેતા એ કાર્યદક્ષતાથી હું વધારે પ્રભાવિત બન્યો છું. તેમની અનન્ય સત્યનિષ્ઠાની પ્રશંસા કરતા Herr Kiesinger ગાંધીજીના શબ્દોને યાદ કરી અંજલિ આપે છે કે, "હકીકતો એટલે જ સત્ય અને જ્યારે આપણે આ સત્યને વફાદાર રહીએ છીએ ત્યારે કાયદો આપણી મદદે આવે છે." કેવળ કાયદો જ નહિ, પરંતુ ઈતિહાસના બધાં જ બળો આપણી મદદે આવે છે.

### વિરલ વ્યક્તિત્વ

ગાંધીજીના વ્યક્તિત્વની ખૂબીઓ—પોતે જીવી બતાવીને પછી જ કલમ અને વાણીમાં જે વહેતું મૂક્યું, અવિરત પુરુષાર્થના પરિણામે જે ભવ્યતાએ તેમના જીવનને ઓપ આપી ભારત અને દુનિયાને પ્રકાશ આપ્યો—તેને તેના પૂર્ણ રૂપમાં અહીં સમાવી શકાય તેમ નથી. સંજોગો ગમે તેટલા બદલાય, ગાંધીવાદીઓમાં ગમે તેટલા મતમતાંતર અને તડાં પડે, પરંતુ ધ્રુવતારક સમા એ પ્રશાંત અને સ્થિર જીવનનો પ્રકાશ જગતને સદાકાળ મળ્યા કરશે જ. એ પરિપૂર્ણ જીવનના બધાં જ પાસાં એટલા તો ચમકતાં અને સુરેખ છે કે તમે ગમે ત્યાંથી ગમે તે પાસું તપાસો, કયાંય વધતો ઓછો પ્રકાશ નહીં મળે. પૂર્ણ વિકસિત માનવ સ્વરૂપનું કેવું વિરલ ભવ્ય દર્શન!

ગાંધીજીના જન્મ પછીનાં સો વર્ષો દુનિયાના ઈતિહાસમાં કટોકટીના રહ્યા છે. ૧૮ મી સદીનાં વચગાળાનાં વર્ષો દરમ્યાન બ્રિટિશ સત્તાએ ભારતના જુદા જુદા ભાગોમાં વિરોધીઓને દબાવી પોતાની સત્તા જમાવી. ઈસ્ટ ઈન્ડિયા અને ડચ કંપનીઓએ ચીનમાં અફીણનો વેપાર શરુ કરી ચીનાઓને કબજામાં લીધા. આફ્રિકાના વિવિધ ભાગોમાં યુરોપીઅન સત્તાઓએ લાંબો સમય એકબીજા સાથે ઝઘડી વસાહતો સ્થાપી.

એ વખતની દુનિયાનું ચિત્ર એવું હતું કે મુઠ્ઠીભર સત્તાઓએ—મોટે ભાગે અંગ્રેજ સત્તાએ—પોતાનું વર્ચસ્વ એ વખતની દુનિયા ઉપર જમાવ્યું હતું. ઔદ્યોગિક ક્રાન્તિના પરિણામે એ લોકોની જાહોજલાલી વધી, સત્તાનું ક્ષેત્ર વધ્યું તો બીજી બાજુ વધુ વસ્તીવાળા દેશો તે સત્તાની પકડમાંથી પોતાને બચાવવાની મથામણમાં પડયા. પરદેશી સત્તાની આંખ ભારતમાં પેદા થતો કાચો માલ મેળવવા ઉપર, સસ્તા દરે મળતાં મજૂરો, કારીગરોનો લાભ ઉઠાવવા પાછળ અને પોતાના પાકા માલને ભારતના બજારમાં વેચી લખલૂટ ધન પેદા કરવા તરફ મંડાયેલી હતી. ભારતમાં પોતાની વસાહતો સ્થાપવા પાછળ અંગ્રેજોનો આ જ ઉદ્દેશ હતો. આવી કૂટનીતિને પરિણામે શ્રીમંત અને ગરીબ વચ્ચેના ભેદ વધ્યા. અનેક લોકો નિર્ધન અને નિર્બળ બન્યા. રાજકીય ક્ષેત્રે લોકશાહી ઔદ્યોગિક રીતે આગળ વધેલા યુરોપના અમુક દેશો પૂરતી જ રહી.

### ભીષણ ગરીબાઈ

ગાંધીજીએ ભારતમાં અને દક્ષિણ આફ્રિકામાં અનેક નાગા, ભૂખ્યા લોકોને જોયા. ચારેબાજુ ભીષણ ગરીબાઈ તથા રોગ અને અજ્ઞાનનું સામ્રાજ્ય હતું. માનવતાને વિકૃત બનાવનારી હિંસક વૃત્તિઓ તેમણે માણસ માણસ વચ્ચે, સમાજ સમાજ વચ્ચે, દેશ દેશ વચ્ચે, શાસકો અને પ્રજા વચ્ચે જોઈ. હડધૂત થવાને જ જાણે જન્મ લીધો હોય તેવા અનેક લોકોની યાતના તેમણે નિહાળી.

સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રમાં જે સડો પેઠો હતો તેનાં મૂળ ઘણાં ઊંડા હતાં. દેશની આવી દુર્દશા જોઈ તેમનું હૃદય દ્રવી ઊઠયું, પરંતુ આવી પરિસ્થિતિથી એ ધીર પુરુષ લેશમાત્ર અકળાયા નહિ. એમની પ્રજ્ઞાસંપન્ન દૃષ્ટિએ તો સર્વ સ્થળે અને સૌ કોઈમાં એક જ પરમતત્ત્વનાં દર્શન કર્યાં. પશ્ચિમની ભૌતિક પ્રગતિ કરતાં તેમની સાંસ્કૃતિક વિશેષતાઓની તેમણે વધુ કદર કરી. ભૌતિકવાદી પશ્ચિમની ધર્મ પરત્વેની ઉદાસીનતા તેમને આ બધી વિકૃતિઓના મૂળમાં જણાઈ. અહિંસા અને સત્યના પ્રકાશ વડે અજ્ઞાનના આ અંધકારનો નાશ કરવા તેમણે કમ્મર કસી. સત્તાધીશો અને તેમની દમનનીતિનો ભોગ બનેલાઓ બંનેને તેમણે તેમની ફરજનું ભાન કરાવી માનવતાનો સાચો રાહ બતાવ્યો.

(ક્રમશ:)

અનુવાદક : સૌ. શારદાબહેન શાહ

મૂળ અંગ્રેજી : શ્રી મોરારજી દેસાઈ

# ☆ ન ત્વહં કામયે રાજ્યમ્ ☆

ભારતીય સંસ્કૃતિમાં જે આંતરિક તાકાત હતી, તેને રોજ – બરોજના જાહેર વ્યવહારના ક્ષેત્રમાં પ્રગટ કરવાનો મોકો ગાંધીજીને મળ્યો. એમણે સ્વરાજ્યપ્રાપ્તિના કામને પણ માનવસેવાનું રૂપ આપ્યું. રાજકારણને પણ ધર્મ ને અધ્યાત્મનો રંગ ચઢાવ્યો. તેથી તે કેવળ એક રાજકીય આંદોલન ન રહ્યું. બાપુ પોતે કદી રાજકારણના જીવ નહોતા. છેક મરતાં સુધી એમને રાજકારણીય બાબતોમાં રસ લેવો પડયો. પણ એમને માટે એ રાજકારણ નહોતું. એમને મન તો એ બધું પણ એમની વ્યાપક સાધનાના, એમની સત્યની ખોજના એક અંગરૂપ જ હતું.

ખરું જોતાં હું તો એમ કહું છું કે ગાંધીજીએ રાજનીતિ ચલાવી જ નહોતી; એમણે જે કંઈ કર્યું તે લોકનીતિ જ હતી, કેમકે તેઓ જનતાને જગાડવા મથતા હતા. ગાંધીજીએ રાજકારણમાં ભાગ લીધો, કારણ કે તે વખતે મુખ્ય કામ આઝાદી મેળવવાનું હતું. જે સ્વતંત્ર નથી તેની કોઈ હસ્તી જ નથી. તેથી સ્વરાજ લાવવા સારું ગાંધીજી રાજકારણમાં પડેલા.

ગોખલેએ રાજકારણના અધ્યાત્મીકરણની, રાજકારણને નીતિમય બનાવવાની વાત કરેલી. ગાંધીજીએ આ વાત ઉપાડી લીધી અને તેનો વિકાસ કર્યો. રાજકારણને આધ્યાત્મિક રૂપ આપવાના વિચારને ગાંધીજીએ ઘણો વધુ સ્પષ્ટ કર્યો. આપણે જે બધાં કામો કરીએ છીએ, તેમાં રાજકારણ પણ આવે છે. ગાંધીજીએ કહ્યું કે રાજકારણમાંયે સત્ય અને અહિંસાના આધારે જ વર્તવું જોઈએ. માત્ર આધ્યાત્મિક કહેવાથી ફોડ નથી પડતો, એટલે ગાંધીજીએ તેની વ્યાખ્યા કરી આપી, અને પોતે રાજનીતિને આધ્યાત્મિક રૂપ આપવા સતત પ્રયત્ન કર્યો. એ કંઈક અંશે સફળ પણ થયો, કારણ કે એ પ્રયત્ન સત્તા – પ્રાપ્તિ પહેલાંનો હતો.

પરંતુ જેવો સત્તા –પ્રાપ્તિનો અણસારો દૂરથી પણ વરતાવા લાગ્યો કે રાજનીતિમાં અધ્યાત્મીકરણનો આ જે આભાસ ઊભો થયો હતો તે ઊડી ગયો, એ અધ્યાત્મીકરણનું બળ નબળું પડી ગયું. જ્યાં કળાઈ ચૂકયું કે સત્તા હવે હાથમાં આવી રહી છે, ત્યાં રાજનીતિએ અધ્યાત્મ લગભગ છોડી દીધું, ને ગાંધીજીને પણ કહી દેવામાં આવ્યું કે હવે આપણા રસ્તા જુદા પડી ગયા છે.

ગાંધીજીના આખરી દિવસોનું ચિત્રણ પ્યારેલાલજીએ પોતાના અપ્રતિમ ગ્રંથ 'ધી લાસ્ટ ફેઝ' ('પૂર્ણાહુતિ')માં કર્યું છે. તેમાં એ બધું વર્ણન છે. આખરના દિવસોમાં ગાંધીજી કહેતા કે મેં જે જે મૂલ્યો માટે મથામણ કરી, તે તમામે તમામ મૂલ્યો લગભગ ભૂંસાઈ જઈ રહ્યાં છે. દિલ્હીમાં સ્વાતંત્ર્ય –પ્રાપ્તિનો ઉત્સવ ઊજવાઈ રહ્યો હતો, ત્યારે તેઓ તો દૂર દૂર પોતાની તપસ્યા વધુ ને વધુ કઠોર બનાવી રહ્યા હતા. જે ગાંધીનું નામ લઈ લઈને લાખો લોકોએ ત્યાગ કર્યો, તેને છેવટના દિવસોમાં વ્યાસમુનિની જેમ કહેવું પડયું કે "ઉર્ધ્વ બાહુર્વિરૌમ્યેષો ન કશ્ચિત્ શૃણોતિ મામ્"– "હું હાથ ઊંચા કરી કરીને બૂમો પાડું છું, પણ મારી વાત કોઈ સાંભળતું જ નથી." વ્યાસ ભગવાન જેવું જ આવું અરણ્યરૂદન આ જમાનામાં ગાંધીજીને ય કરવું પડયું.

હવે, કેટલાક મને સમજાવે છે કે જેમ બાપુ રાજનીતિનું અધ્યાત્મીકરણ કરવાની કોશિશ કરતા હતા, તેમ તમારેય કરવું જોઈએ. ત્યારે હું કહું છું કે હું તો આ રાજનીતિને જ ખતમ કરવા માગું છું. રાજનીતિનું અધ્યાત્મીકરણ કરવાની પ્રક્રિયામાં એ મારા ધ્યાનમાં આવ્યું કે એ પ્રક્રિયા દરમ્યાન રાજનીતિ ટકતી નથી, તૂટી જાય છે, અને તેને બદલે લોકનીતિ આવે છે, સ્વતંત્રતાની સાથે લોકશાહી અને અણુયુગ એમ ત્રણેય ચીજ જ્યાં એકી સાથે આવે છે, ત્યાં રાજનીતિનું અધ્યાત્મિકરણ કરતી વખતે રાજનીતિ તૂટી જાય છે. જેમ કે લાકડીને પ્રજ્વલિત કરવાનો પ્રયત્ન કરીએ છીએ, તો તે પ્રક્રિયા દરમ્યાન તે બળી જાય છે. લાકડીનો લાકડીભાવ કાયમ રાખીને તેમાં અગ્નિનો પ્રવેશ કરાવવો – એમ દેખાડવું કે લાકડી પણ કાયમ છે અને આગ પણ કાયમ, તો તે શકય નથી. આગ જેટલી આવશે, તેટલી જ લાકડી નષ્ટ થતી જશે. તેના નાશની સાથોસાથ તેનો પ્રકાશ છે. મતલબ કે જ્યાં લઘુતમતી અને બહુમતીના ભાગલા પાડીને કારભાર ચાલે છે, ત્યાં રાજનીતિને કાયમ રાખીને તેનું અધ્યાત્મીકરણ કરવા જઈએ, તો તે ચાલી શકતું નથી.

પરંતુ દુનિયામાં આ સમયે એક મોટો મોહ કામ કરી રહ્યો છે, અને તે છે સત્તામોહ. સજ્જન માણસો પણ એમ માની બેઠા છે કે સત્તા વિના તેઓ કામ કરી શકશે નહીં, અથવા સત્તાની મદદથી તેઓ વધારે કામ કરી શકશે.

ગાંધીજીના ઘણા સાથીઓ પણ મોહમાં ફસાયેલા છે. એ લોકો એમ માને છે કે ગમે તે હાલતમાં રાજ્ય ચલાવવાની જવાબદારી આપણા પર રહે જ છે. આ એમનું કહેવું ખરું છે. પરંતુ મારી વાત એ છે કે આપણે જરૂર સ્વરાજ્ય મેળવ્યું છે, પણ તે એટલા માટે કે સત્તા આપણા હાથમાં લઈને એ સત્તાનો વિલય કરવાનું બીજી જ ક્ષણે શરૂ કરી દઈએ. પૂરો વિલય થતાં થતાં ભલે ને પચાસ વરસ લાગે, પણ તેની શરૂઆત તો આજથી જ કરી દેવી જોઈએ.

પરંતુ આ સત્તાનો મોહ ગાંધીવાળાઓથી પણ છૂટતો નથી. તેઓ એવું ધારે છે કે અમારા ગુરુજી (ગાંધીજી) રાજનીતિને જીવનમાં ઘણું મહત્વ આપતા, તેથી અમારે પણ સત્તા ઉપર ધ્યાન આપવું જોઈએ.

મને લાગે છે કે આ ગાંધી–વિચાર નથી. લોકોમાં એક મોટો ભ્રમ ફેલાયેલો છે કે ગાંધીજી રાજનીતિ કરતા હતા. એ શું કરતા હતા અને શું નહીં તેની ચર્ચા કરવાથી શું મળવાનું છે? પણ લોકો એની ચર્ચા એટલા માટે કરે છે કે આપણે શું થયા છીએ તે બાબત વિચાર ઊભો થાય છે અને તેમાં ગાંધીજીનો દાખલો નજર સામે આવે છે એટલે મોહ પેદા થાય છે. અને પછી એ મોહનું નિરસન કરવું પડે છે. એ મોહને ગાંધીજીના નામથી અને ગાંધીજીના જીવનનું ખોટું નિરીક્ષણ થયું છે તેનાથી બળ મળે છે. પરંતુ મારે સાફસાફ એ કહી દેવું છે કે ગાંધીજીએ પહેલેથી માંડીને ઠેઠ સુધી લોકનીતિનું જ કાર્ય કર્યું હતું. મારા આ કથનનું કોઈ ખંડન કરવા માંગતું હોય, તો એ મને એનો વિચાર જરૂર સમજાવે.

બાકી, ગાંધીજી રાજકારણના પક્ષપાતી હતા એમ તમને લાગતું હોય તો એમના આખરના જીવન પર દષ્ટિપાત કરવો જોઈએ. સ્વરાજ મળ્યા બાદ મહમદઅલી ઝીણાની માફક હિન્દુસ્તાનના ગવર્નર જનરલ બનતાં એમને કોણ રોકતું હતું? વળી એમણે કહેલું કે વાઈસરોય–ભવનમાં તો હૉસ્પિટલ બનશે. ગોળમેજી પરિષદમાં પણ એમણે કહ્યું હતું કે હું ખૂબ નમ્રતાપૂર્વક સ્વરાજ્યની માગણી કરું છું. કારણ કે તે વિના હિંદુસ્તાનના ગરીબોનો ઉદ્ધાર નથી એવી મને ખાતરી થઈ ગઈ છે. આ ભાષા રાજનીતિવાળાની છે કે લોકનીતિવાળાની તે તમે સમજી શકો તેમ છો.

અને એટલું તો વિચારો કે બાપુને જો રાજનીતિ જ ચલાવવી હોત, તો આખરે કૉંગ્રેસનું લોકસેવક સંઘમાં રૂપાંતર કરવાની સલાહ તેઓ શું કામ આપત?

રાજનીતિવાળાઓને બાપુની આ સલાહ તદ્દન વિચિત્ર

લાગે છે. પરંતુ જો ગાંધીજીની સલાહ માનીને લોકસેવક સંઘ બનાવ્યો હોત, તો આખા દેશ ઉપર તેનો એક સારો પ્રભાવ પડત. જનતાને યોગ્ય દિશામાં દોરવણી આપવા માટે, નિષ્કામ અને નિષ્પક્ષ ભાવે એમની સેવા કરવા માટે, યોગ્ય માર્ગદર્શન કરાવવા માટે, નીતિનો વિચાર આપવા માટે, લોકોની અથવા સરકારની ભૂલ થાય તો તેને તટસ્થ ભાવે લોકો સમક્ષ રજૂ કરી શકે એવી એક નૈતિક શકિત દેશમાં પેદા થઇ શકત, અને મહત્ત્વની અસર તો એ થાત કે દેશમાં સેવા–સંસ્થા મુખ્ય બનત અને રાજ્ય ચલાવનારી સત્તા–સંસ્થા ગૌણ બનત. એને બદલે આજે શું થયું છે? સત્તા–સંસ્થા મુખ્ય બની છે. બધે જ એની બોલબાલા છે. નાની નાની સેવા–સંસ્થાઓ એની આશ્રિત બનીને કામ કરે છે, જ્યારે ગાંધીજી સરકારની સત્તા ગૌણ અને જનતાની સત્તાને મુખ્ય બનાવવા માગતા હતા.

બાપુએ કૉંગ્રેસને લોકસેવક સંઘ બનાવવાની સલાહ આપી હતી તેનો અર્થ એવો હતો કે જો તમે લોકસેવક બનશો, તો સત્તાધારીઓ પર તમારો પ્રભાવ રહેશે. સત્તાનું સ્થાન બીજા નંબરનું રહેશે, પહેલા નંબરનું નહીં. પહેલો લોકસેવક હશે, સેવા રાણી હશે, અને સત્તા તેની દાસી હશે.

પણ એમ ન થઇ શક્યું. તેને લીધે કૉંગ્રેસનું નામ જે ખૂબ પ્રભાવશાળી બન્યું હતું, તે ક્ષીણ થઇ ગયું. તેની મોટી શકિત તૂટી ગઇ. ઇતિહાસકાર તો લખવાના કે કૉંગ્રેસની હાલત પુણ્ય ક્ષીણ થયે સ્વર્ગમાંથી ફરી મૃત્યુલોકમાં પછડાવા જેવી થઇ. આ એક બહુ મોટું નુકસાન થયું. સ્વરાજ્ય પછી કૉંગ્રેસ ગમે તેવી મોટી રહી, તોયે એક 'પાર્ટી' બની ગઇ. પાર્ટી એટલે ટુકડી, ગમે તેટલી મોટી હોવા છતાં તે પૂર્ણ નથી. ગાંધીજીના જમાનામાં કૉંગ્રેસ 'રાષ્ટ્રીય એકીકરણ પરિષદ' જેવી હતી. તેના દ્વારા રાષ્ટ્રીય એકીકરણનું બહુ મોટું કામ થતું. પરંતુ સ્વરાજ્ય પછી કૉંગ્રેસ પણ માત્ર એક રાજકીય પક્ષ બની ગઇ અને તેના મોટા મોટા નેતાઓ જે એક કાળે દેશનેતા હતા, તે એક પક્ષના નેતા બની ગયા.

આનું પરિણામ શું આવ્યું તે આપણે જોયું. આજે એવી હાલત છે કે નૈતિક અવાજ ઊઠે અને દેશ આખો એને અનુસરે એવી કોઇ સંસ્થા કે વ્યકિત દેશમાં દેખાતી નથી. જુદા જુદા પક્ષના નેતાઓ જનતાની સામે જઇને એકબીજાની વાતોનું ખંડન કરે છે. નિષ્ક્રય જનતામાં એનાથી કોઈ પ્રકારની ક્રિયાશીલતા પેદા થતી નથી. જેને આપણે નૈતિક નેતૃત્વ કહી શકીએ, તેનો સંપૂર્ણ અભાવ છે. આને કારણે દેશમાં એક પ્રકારની નિષ્ક્રિયતા શૂન્યતા ખાલીપણું આવી ગયું છે. અને જનતા બહાવરી બની ગઇ છે, ને ક્યાં જવું ને શું કરવું એ જનતાને સમજાતું નથી. ગાંધીજીની સલાહ માની હોત, તો આ દહાડા ન આવત.

ગાંધીજીના ગયા પછી રાજનીતિને આપણી જીવનનિષ્ઠાથી પ્રભાવિત કરવાને બદલે આપણે પોતે જ રાજનીતિથી પ્રભાવિત થઇ ગયા, અંજાઇ ગયા. રાજનીતિના પ્રવાહની તાણ આપણને એવી તો તાણી ગઇ કે આપણે પણ તેમાં વહી ગયા. આજે આપણી જીવનનિષ્ઠાનો કોઇ જ પ્રભાવ રાજનીતિ પર નથી વરતાતો. ઊલટું, આપણા જીવન પર રાજનીતિનો પ્રભાવ વરતાય છે.

ગાંધીજી તો આવ્યા ને ગયા, અને છતાં રાજકીય, આર્થિક અને સામાજિક એ બધાં જ ક્ષેત્રોમાં આપણાં ચિંતનનું સ્તર એનું એ જરીપુરાણું જ રહ્યું, અને આપણો તમામ દારોમદાર લશ્કર, પોલીસ અને સરકાર ઉપર જ રહ્યો. તો તો પછી ગાંધીજી જેવા આવ્યા તેવા ગયા એટલું જ ફકત થયું. ગાંધીજીના આવવાથી લાભ જ શો થયો?

સદીઓથી દંડશકિતનું રાજ ચાલી રહ્યું છે. તેમાં વેશ બદલાતો રહ્યો છે ખરો. હમણાં લોકશાહીનો વેશ ચાલે છે. પણ તેમ છતાં રાજ દંડશકિતનું જ છે. અને અહિંસા તો જેમ પહેલાં યે હતી તેમ આજે ય છે. પણ એ દાસી છે.

પરંતુ ગાંધીજી ઈચ્છતા હતા તે આ કરુણા નહીં. તેઓ તો એવી કરુણા ઈચ્છતા હતા કે જે રાણી હોય, ને જેને આધારે માનવ–સમાજની રચના કરી શકાય, આપણે કરી શકીએ, એવો વિશ્વાસ માનવને થાય, અને ધીરે ધીરે દંડશકિત ક્ષીણ થતી જાય, અને આખરે તેનું છેક જ રૂપાંતર થઈ જાય.

આને હું ગાંધી–વિચાર સમજ્યો છું. તેમાં આજની રાજનીતિનું સમૂળગું પરિવર્તન કરવાની વાત આવે છે. એક નવી લોકનીતિ વિકસાવવાની છે. રાજનીતિને સત્યમય કરવાનો એક જ ઉપાય છે, અને તે છે તેનું લોકનીતિમાં પરિવર્તન કરવું તે. 'હું બ્રાહ્મણ છું,' 'હું ફલાણી ભાષાવાળો છું' 'હું ફલાણા ધર્મનો છું' 'મારો તો ફલાણો રાજકીય પક્ષ છે'–આવી બધી ઉપાધિઓનાં બંધનો તોડ્યા વિના અહિંસાની શકિતના વિકાસ માટે આપણી બુદ્ધિ કામ નહીં આપે. જો અહિંસાની શકિતનો વિકાસ કરવા માંગતા હોઇએ, તો ઉપાધિરહિત થવું જ પડશે.

જ્યાં સુધી આ વાત મનમાં સ્પષ્ટ ન થતી હોય અને ગળે ઊતરતી ન હોય અને ઊતરતી હોય તોયે વચગાળામાં તો આમતેમ બીજું કંઇક કર્યે જ છૂટકો એવો ભાસ જ્યાં સુધી ચિત્તમાં રહેતો હોય, ત્યાં સુધી હિંસાના પંજામાંથી વિશ્વનો છૂટકારો થાય તેમ નથી. માટે હવે તો કામ કરવાની કેવળ એવા પ્રકરની રીત જ આપણે અપનાવવી પડશે કે જેના વડે દુનિયામાંથી હિંસાના જડિયાં મૂળમાંથી જ ઉખડી જાય. એમાં સમય વધુ લાગે, તો પણ વાંધો નહીં.

તેથીસ્તો જ્યારે મને કોઇ પૂછે છે કે આ રાજકારણને નિર્મળ કરવાની કોશિશ કેમ નથી કરતા, ત્યારે હું કહું છું કે હું તેને ખતમ જ કરવા માગું છું. આ વિજ્ઞાનના જમાનામાં હવે પોલિટિક્સ આઉટડેટેડ–જરીપુરાણું–થઇ ગયું છે.

એક વાર સ્વરાજ્ય મળી જાય પછી રાજનીતિનું અધ્યાત્મીકરણ કરવું એટલે સત્તાને કાપવી. એને બીજી ભાષામાં કહીએ તો એમ કહેવાય કે સત્તાનું વિકેન્દ્રીકરણ કરવું. બંને ભાષા મળીને એક પૂરો અર્થ થાય છે. એક ભાષાથી પૂરો અર્થ થતો નથી. મેં "સ્વરાજ્યશાસ્ત્ર" નામનું એક નાનું પુસ્તક લખ્યું છે. તેની પ્રસ્તાવનામાં એક વાક્ય છે: 'ન ત્વહં કામયે રાજ્યમ્ :' એમાં જ એક બીજું પણ વાક્ય છે: "યતેમહી સ્વરાજાય." અમારે રાજ્ય નથી જોઇતું. અમે સ્વરાજ્ય માટે પ્રયત્ન કરીશું. રાજ્ય એટલે સરકારની સત્તા અને સ્વરાજ્ય એટલે દરેક મનુષ્યની સત્તા. જ્યાં દરેકને એમ થાય કે મારી સત્તા છે, ત્યાં સર્વની સત્તા, સર્વરાજ્ય બને છે. એ બિલકુલ નિરાળી વસ્તુ છે. એને ફાવે તો સ્વરાજ્ય કહો કે સર્વરાજ્ય કહો. એ લોકનીતિ છે. તે લાવવા રાજનીતિ કાપવી પડશે. જેને ઝાડને કાપવું છે, તે ઝાડ ઉપર નહીં ચઢે. હા, ડાળી કાપવાવાળો ઝાડ ઉપર ચઢે ખરો. પણ આપણે તો ઝાડને જ મૂળમાંથી કાપવું છે. તેથી તેનાથી (રાજનીતિથી) અળગા રહીને તેને કાપવી પડશે. આ વાત એકલા હિંદુસ્તાન પૂરતી જ નથી, આખી દુનિયા માટે છે. મુઠ્ઠીભર લોકોના હાથમાં સત્તા આવી પડી છે, તેને વહેંચી નાખવાની છે.

ગાંધી–વિચારમાં માનનારાઓ સામે આ એક મુખ્ય ધ્યેય છે: જનતાને જગાડવાનું અને રાજ્યનો ક્ષય કરવાનું. જનતાની પોતાની શકિત જાગે અને રાજ્યનો ક્ષય થાય. તે વિના ગાંધીજીની કલ્પના અનુસારનો સમાજ લાવી શકાશે નહીં. એટલે આજે સર્વોદય પરિવાર સામે આ એક ક્રાંતિકારી ધ્યેય છે.

**વિનોબા.**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ–૪ ટે. નં. ૩૫૦૨૯૬.
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૧ : અંક ૨૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, એપ્રિલ ૧૬, ૧૯૭૦ ગુરૂવાર
પરદેશ, માટે સિલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું માસિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ ભગવાન મહાવીર અને મહાત્મા ગાંધી ☆

શ્રામણ ભગવાન મહાવીરની જયંતી આજે આપણે ઉજવી રહ્યા છીએ. અહિંસાના આધુનિક અવતાર ગાંધીજીની જન્મશતાબ્દી આપણે ધામધૂમથી ઉજવી તે પ્રસંગે ભગવાન મહાવીર અને બુદ્ધ જે આજથી અઢી હજાર વર્ષો પૂર્વે થયા એ યાદ આવે તે સ્વાભાવિક છે. તે બન્નેએ પોતાની રીતે તે કાળે અહિંસાપ્રચારમાં જે કર્યું તેના પરિપાકરૂપે જ ભારતમાં ગાંધી અહિંસાના પૂજારી થયા એ હકીકત છે. તેથી આજે અઢી હજાર વર્ષ પછી આપણે એવા મહાપુરુષને યાદ કરીએ તેમાં કાંઈ નવાઈ નથી.

ગાંધીજીએ કોઈ ધાર્મિક સંપ્રદાય ઊભો કર્યો નથી તે આ કાળની ખાસીયતને લીધે, અને તેમણે જે કાંઈ કહ્યું કે કર્યું તે ભારતવર્ષની રાજનીતિના એક અંગ રૂપે. તેથી કોઈ ધાર્મિક સંપ્રદાયરૂપે નહિ પણ રાજનીતિમાં ગાંધીવાદરૂપે તો આજે તેમનો સંપ્રદાય છે જ. આજથી અઢી હજાર વર્ષ પૂર્વે રાજનીતિની આસપાસ ભગવાન મહાવીરે કશું કર્યું હોય એમ જાણાતું નથી. તેમને તો તેમનું વ્યકિતગત જીવન જ એવી રીતે સુધારવું હતું જેની અસર સમગ્ર ધાર્મિક વાતાવરણમાં પડે. ગાંધીજીએ પણ વ્યકિતગત જીવનના ઘડતરમાં જે પ્રયોગો કર્યા તેના મૂળમાં કેવળ વ્યકિતસુધાર નહિ પણ સામાજિક ગુલામી, રાજનૈતિક ગુલામીના જે બંધનો હતા, વ્યકિત અને સમાજમાં, તે તૂટે અને વ્યકિત સ્વતંત્ર બની આધ્યાત્મિક જીવન તરફ પ્રયાણ કરે – એ હતું. ભગવાન મહાવીરનો ભારવ્યકિતનો પૂર્ણરૂપે સુધાર થાય ત્યાર પછી જ તેણે અન્યના જીવનમાં સુધારો કરવા પ્રયત્ન કરવો – આ બાબત ઉપર હતો, જ્યારે ગાંધીજીનો ભારવ્યકિતના જીવનની પળો વ્યકિતના સુધારમાં વીતતી હોય કે સમાજના જીવનની સુધારણામાં વીતતી હોય તે એક જ પ્રક્રિયા છે – એ ઉપર હતો. વ્યકિત પોતાના જીવનનો ઉદ્ધાર કરવા સાથે જ સમાજનો ઉદ્ધાર કરી શકે છે અને નહિ કે પોતાનો સંપૂર્ણ ઉદ્ધાર થાય પછી – આવી ભાવના ગાંધીજીમાં હતી, તેથી ઉલ્ટું ભગવાન મહાવીરમાં દેખાય છે. તેમણે તો પોતાના સુધાર માટે સંસારનો ત્યાગ કર્યો, સમાજથી, સમાજજીવનથી અળગા રહ્યા અને જ્યારે પોતે સંપૂર્ણ નિર્દોષ થયા ત્યારે જ સમાજ વચ્ચે આવી ઉપદેશ આપવો શરૂ કર્યો. સાધનાકાળમાં મૌન રહેવાની ભગવાન મહાવીરની પ્રતિજ્ઞા હતી. પણ ગાંધીજીએ તો પોતાના સમગ્ર જીવનને સાધનાકાળ જ માન્યો છે. સિદ્ધિકાળ જેવી કોઈ કલ્પના તેમનામાં નથી. જીવનની છેવટની ઘડી સુધી તેમને પોતામાં અહિંસાની, બ્રહ્મચર્યની અપૂર્ણતા જ દેખાઈ છે, અને તેથી તેમાં આગળ વધવા લોકલાજ છોડીને પણ પ્રયોગો કરતા અચકાયા નથી. આથી ઉલ્ટું ભગવાન મહાવીરે બાર વર્ષની ઘોર તપસ્યા, એકાંતવાસ, ધ્યાન, એવા સમાજથી, સામાજિક જીવનથી દૂર રહીને – વ્યકિતગત સાધનાના માર્ગો અપનાવ્યા છે. લોકસંપર્ક તો માત્ર ભિક્ષા પૂરતો હતો અને તે પણ બાર વર્ષના સાધનાકાળમાં સરવાળે માત્ર એક વર્ષ જેટલો. ગાંધીજીની તો પ્રાર્થના કે તેમનું ધ્યાન–એ એકાકી ન હતું પણ સમૂહની વચ્ચે હતું. અને સતત લોકસંપર્ક એ તો ગાંધીજીની સાધનાનું એક અંગ હતું. સંસારથી દૂર થઈ શુદ્ધ થઈ, પુન: સંસાર વચ્ચે આવી સંસારશુદ્ધિ કરવી એ ભગવાન મહાવીરનો માર્ગ. પરંતુ સંસારમાં જ રહીને સંસારશુદ્ધિ કરવી એ ગાંધીમાર્ગ. આ બન્ને વચ્ચેનો ભેદ અઢી હજાર વર્ષ પૂર્વે થનાર ભગવાન મહાવીર અને આધુનિક નેતા ગાંધીનો છે તે આપણે સ્પષ્ટ સમજી લેવું જોઈએ. આ સમજ્યા વિના આપણે ગાંધી કે મહાવીરને ન્યાય આપી શકીએ નહિ.

ગાંધીજી નેતા હતા–ધાર્મિક જીવનના, રાજનૈતિક જીવનના, સામાજિક જીવનના–અથવા તો સંપૂર્ણ એક અને અવિભાજ્ય જીવનના. ભગવાન મહાવીર નેતા હતા ધાર્મિક જીવનના. જીવનની અનેક બાજુઓ છે અને તેમાં માત્ર ધાર્મિક જીવન ઉપર જ ભાર આપવા જતાં સમગ્ર જીવન 'પાંગળું' બની જાય છે – એવી પ્રતીતિ તે કાળે હતી નહિ. દુનિયા બહુ નાની હતી, આક્રમણ અને તે પણ પરદેશી આક્રમણ અને તે પણ નવા નવા હથીયારોથી થતા આક્રમણોનો અને તે દ્વારા આર્થિક શોષણનો અને આક્રમણ વિના પણ આર્થિક શોષણનો ખ્યાલ આજે જે રીતે સમગ્ર પ્રજામાં સાંભવે છે – તેવી રીતે પ્રજાને એ બાબતમાં એ કાળે બહુ પડી હતી નહિ, પ્રચારનાં સાધનો પણ ઓછાં એટલે રાજપલટાની અસર સમગ્રભાવે પ્રજાને જાણાતી પણ નહીં હોય – એથી રાજકીય જાગૃતિ – પ્રજાગત જાગૃતિ એ તો ભારતમાં પ્રજાગત નવું તત્ત્વ આધુનિકકાળનું છે. તે તત્ત્વની અપેક્ષા ભગવાન મહાવીરના કાળમાં રાખવી પણ અસ્થાને છે. આમ બન્નેમાં – ભગવાન મહાવીર અને ગાંધીજીમાં સમયની દષ્ટિએ નેતૃત્વના વિકાસમાં ભેદ છે જ. ગાંધીજી ભારતીય સંતપરંપરાના ધાર્મિક નેતા તો ખરા જ, ઉપરાંત રાજનૈતિક નેતા પણ ખરા. ભગવાન મહાવીર માત્ર ધાર્મિક નેતા છે.

ભગવાન મહાવીર રાજકુળમાં જન્મ્યા, પણ એ કુળની ભોગસામગ્રીથી અળગા થઈ વિચર્યા. તેમણે પોતાના કોઈ ન માન્યા અને તેથી રાગ–દ્વેષથી પર થયા. ગાંધીજી પણ રાજકૂળમાં નહિ તો છેવટે રાજાના દિવાનના કૂળમાં તો જન્મ્યા જ અને સંસારમાં સૌ કોઈ પોતાના જ છે – એમ માની સૌ વચ્ચે રહી સંપતિથી અળગા રહ્યા અને છતાં સંપત્તિના સ્વામી બન્યા, દાસ નહિ. સંપત્તિનો વિનિયોગ કરવામાં–તેનો ઉપયોગ કરવામાં વિવેક હોય, મારા–તારાની ભાવના ન હોય તો સંપત્તિ પોતાની કે પારકી એ ભેદથી પર થવાય છે – એવું નવું સૂત્ર ગાંધીજીએ આપ્યું. ભગવાન

મહાવીરે સંપત્તિનો રાગ ત્યજ્યો તે છોડીને. ગાંધીજીએ એ રાગ ત્યજ્યો, તે મારી નથી એમ વ્યવહારથી બનાવીને. અનેક ટ્રસ્ટોના ટ્રસ્ટી ગાંધીજી હતા અને તેનો વહીવટ કરતા છતાં તે સંપત્તિ મારી છે એમ નહિ પણ સૌની સરખી છે એમ માનીને, ત્યારે ભગવાન મહાવીરે સંપત્તિ તો શું પણ અંગ ઢાંકવાના વસ્ત્રોનો પણ ત્યાગ કર્યો. બન્ને વીતરાગ થવાના પ્રયત્નમાં હતા. ભગવાન મહાવીરને વિષે અનુયાયીઓ તેઓ વીતરાગ થયા તેમ માને છે. ગાંધીજી તો સ્વયં પણ એવો દાવો કરતા નથી અને હજી પોતે અપૂર્ણ છે એવો છેલ્લી ઘડી સુધી એકરાર કરતા. પરિગ્રહત્યાગ એટલે મૂર્છાનો ત્યાગ – આ સૂત્ર બન્નેને માન્ય છતાં, ભગવાન મહાવીરે આંતર–બાહ્ય પરિગ્રહના ત્યાગમાં કૃતાર્થતા જોઈ, ત્યારે ગાંધીજીએ માત્ર આંતરિક ત્યાગમાં.

બ્રહ્મચર્યની સાધના બન્નેને એકસરખી ઈષ્ટ હતી. અને તે અહિંસાની સાધનાની અંગભૂત હતી તે પણ બન્નેને સરખી રીતે માન્ય છે. છતાં બ્રહ્મચર્યની સાધનામાં બાહ્ય આચરણમાં બંનેમાં મૌલિક ભેદ છે. ભગવાન મહાવીરે પોતાની પત્ની અને પુત્રીનો ત્યાગ કર્યો – તેમનાંથી અળગા થયા, અને જાણે કે તેમનાથી કાંઈ સંબંધ ન હોય તેમ વર્ત્યા. આથી ઉલ્ટું ગાંધીજીએ કસ્તુરબાનો ત્યાગ કર્યો નહિ, પરિવારનો ત્યાગ કર્યો નહિ, પણ પરિવાર મંડળ મોટું બનાવી તેમાંના એક કસ્તુરબા – તેથી કાંઈ વિશેષ નહિ–એમ વર્ત્યા. આમાં તેમને બ્રહ્મચર્યની સાધનામાં કાંઈ બાધ દેખાયો નહિ. છેવટની જિંદગીમાં તેમને જણાવ્યુ કે મારી બ્રહ્મચર્યની સાધના અધૂરી છે તેથી મારી અહિંસા બળવત્તી નથી, ધાર્યું પરિણામ આવતું નથી; અને તેથી તે સાધનાને લગતા પ્રયોગો તેમના જીવનના અંત સુધી ચાલતા રહ્યા અને બ્રહ્મચર્યની સાધનાની તેઓ સતત ચકાસણી કરતા રહ્યા – બ્રહ્મચર્યની સાધનાની આવી કોઈ ચકાસણી ભગવાન મહાવીરે કરી હોય તો તે વિષે કોઈ ઉલ્લેખ નથી. આવી ચકાસણીનો પ્રસંગ પણ ઉપસ્થિત થાય તેમ હતું નહિ. તેમનો માર્ગ જ જુદો હતો. સ્ત્રી સાથેના સદંતર સંપર્કનો ત્યાગ, એ બાહ્યાચારની કડક શર્ત તેમના જીવનમાં જોવા મળે છે. અને ધ્યાન દ્વારા આંતરિક રાગ–સ્નેહના ભાવોનું નિરાકરણ કરવાની પ્રક્રિયા એ આંતરિક આચારની પ્રક્રિયા હતી. સ્ત્રીથી દૂર થઈ સિદ્ધ થવું તે ભગવાન મહાવીરનો માર્ગ, જ્યારે સાથે રહી સિદ્ધ થવું તે ગાંધીનો માર્ગ હતો. આમાં બન્નેની પ્રકૃતિ અને કાળબળ ઠીક-ઠીક ભાગ ભજવે છે એમ માનવું રહ્યુ.

ગાંધીજી અને ભગવાન મહાવીર બન્ને અહિંસાના પૂજારી ખરા, પણ ગાંધીને મતે સત્ય એ જ ઈશ્વર અને એને અર્થે અહિંસા. પરંતુ ભગવાન મહાવીરને મતે અહિંસા એ જ ઈશ્વર અને એને અર્થે સત્ય. આ મૌલિક ભેદ બન્નેની નિષ્ઠામાં. તેથી ગાંધીજી અહિંસા વિષે બાંધછોડ કરવા તૈયાર થાય, ભગવાન મહાવીર તેવું ન કરે. પરિણામે સાધનાકાળમાં જીવનનું કાચબાની જેમ સંકુચિત રહેવું અનિવાર્ય ભગવાન મહાવીરમાં; અને ગાંધીજીની જીવનપ્રવૃત્તિ સંકુચિત નહિ પણ સદૈવ વિસ્તરતી દેખાય તેમાં આશ્ચર્ય પામવાનું નથી. જીવનની પ્રવૃત્તિ – બાહ્ય પ્રવૃત્તિ અત્યંત સંકુચિત કરવી એટલા માટે ભગવાન મહાવીરને અનિવાર્ય જણાય છે કે તેમને પ્રવૃત્તિમાત્રમાં પ્રાણીની હિંસા થતી દેખાય છે અને એવી હિંસાથી અહિંસાના ઉપાસકે બચવા માટે પ્રયત્ન કરવો અનિવાર્ય છે. ગાંધીજીને અહિંસાની સાધના એટલી હદે લંબાવવી અનિવાર્ય જણાતી નથી. જે સૂક્ષ્મપ્રાણી દેખાતા પણ નથી તેની હિંસાની ચિન્તામાં જીવનના બાહ્ય વ્યવહારને સંકુચિત કરી નાખવો – એ ગાંધીજીને અમાન્ય છે. તેથી તેમની બાહ્યપ્રવૃત્તિ કદી સંકુચિત થઈ નથી. પણ વિવેકી જરૂર થઈ છે: બન્નેને પ્રાણી પ્રત્યે અનુકંપા છે, એક સરખી અનુકંપા છે, પણ સાથે જ લોકહિતની તુલનામાં હિંસાનું બળાબળ જોવું અનિવાર્ય છે એમ ગાંધીજી માને છે. મનુષ્યને બચાવવા કૂતરાને મારવામાં ગાંધીજી સંમત થાય પણ ભગવાન મહાવીર મનુષ્યને એવો સ્વાર્થી થતો અટકાવે. આ બન્નેની અહિંસા–સાધનામાં ભેદ છે. કાશ્મીર ઉપર પાકિસ્તાનનું આક્રમણ થાય ત્યારે સામી લડાઈ કરવા સલાહ ગાંધીજી આપે, પણ ભગવાન મહાવીર તો કહે છે કે એમ બહારના શત્રુને જીતવાથી કશો જ લાભ થવાનો નથી, આંતરિક શત્રુ – રાગ – દ્વેષને જીતો – એ જીતાયે બધું જ જીતાઈ જશે અને નહીં જીત્યા હોય તો ગમે તેને જીતશો પણ તે નિરર્થક છે. આ શાણી સલાહ વિશ્વના નાગરિકને બંધબેસતી છે પણ રાજનૈતિક દષ્ટિએ જ્યાં સુધી વિશ્વ હજી એક નથી, નાના રાજ્યો વિદ્યમાન છે, વિશ્વનાગરિકની કલ્પના હજી માત્ર કલ્પના જ હોય ત્યાં કોણ માને અને કોણ આપવાની હિંમત કરે? બન્નેને મતે કાયર થવું એ હિંસા જ છે. પરંતુ બન્ને જીવન–વ્યવહારમાં અહિંસાને માર્ગે જુદી રીતે જ વિચર્યા; એક સંતની દષ્ટિએ, તો બીજા રાજનૈતિક નેતાની દષ્ટિએ. ગાંધીજી સંત ખરા પણ આધુનિક સંત, જ્યારે ભગવાન મહાવીર તે કાળના–આજથી અઢી હજાર વર્ષ પહેલાના સંત. આદર્શ ઊંચો અને ઉદાત્ત હોય તો જીવનમાં યથાશકિત પાલન કરી અગ્રેસર થવાય, પણ આદર્શ જ નીચો હોય તો મંજીલ નજીક જ દેખાય. ભગવાન મહાવીરનો આદર્શ ઉચ્ચતમ શિખરનો હતો, કદાચ તે સર થાય તેમ પણ ન બને, છતાં શકિત બહારનો પ્રયત્ન કરવા પ્રેરણા જરૂર આપે તેવો હતો જ, તેથી તો આ લાંબા અઢી હજાર વર્ષના ગાળામાં એવી અહિંસાના પાલનમાં અનેક ચઢાવ-ઉતાર આવ્યા અને ગાંધીજીએ તે અહિંસાના એક અંશને યથાશકિત જીવનમાં ઉતાર્યો તો મહાન સંત અને મહાન નેતા બન્યા, તો પછી તે કાળે શકિતથી ઉપરવટ જઈ અહિંસાની પ્રખર સાધનામાં વિચરનાર ભગવાન મહાવીર ધાર્મિક નેતા બની જાય તેમાં શું આશ્ચર્ય?

ખાન-પાનમાં, શિકારમાં, ધાર્મિકયજ્ઞોમાં – એમ જીવનના બધા જ ક્ષેત્રે પ્રાણીહિંસાનું સામ્રાજ્ય તે કાળે હતું, આજે પણ દેખાય છે, પરંતુ એ બધા જ ક્ષેત્રોમાંથી હિંસા દૂર કરવાનો ઉપદેશ તે કાળના ધાર્મિક નેતાઓથી વિરુદ્ધ જઈને ભગવાન મહાવીરે આપ્યો. પરિણામે ભારતમાંથી ધર્મને નામે થતી હિંસા તો લગભગ દૂર થઈ છે; ખાન-પાનમાંથી માંસનો વ્યવહાર ભગવાન મહાવીરના અનુયાયી જૈનોમાંથી તો સદંતર ગયો જ હતો અને શિકારની હિંસા પણ દૂર થઈ ગઈ હતી. તેની અસર આસપાસના વૈદિક અનુયાયીમાં પણ પડયા વિના રહે નહિ એ સ્વાભાવિક છે. યુદ્ધની હિંસાખોરીમાંથી બચવાનો ઉપદેશ વ્યકિતગત રીતે કેટલાક રાજાઓને પણ અસર કરી ગયો. અને એક આદર્શ એ પણ રજૂ કરવામાં આવ્યો કે સૈન્યને બદલે બે રાજા જ લડીને હારજીતનો ફેંસલો કરી લે. પણ આ બાબતમાં દેખાય એવું કે નજર સામે તરી આવે એવું કાંઈ થયું ન હતું. આમ જીવનમાંથી હિંસાના ત્યાગની પ્રવૃત્તિ સતત ચાલુ રહી છે. પણ રાજનીતિમાં તો હજી યુદ્ધ એ એકમાત્ર છેલ્લો ઉપાય હોય એમ સ્થિર હતું. આવી પરિસ્થિતિ કે જેના સર્જનમાં ભગવાન મહાવીરનો કાંઈ નાનોસૂનો ફાળો નથી. તેમાં ગાંધીજીએ સત્યાગ્રહ અને અસહકારના માર્ગનું પ્રતિપાદન કરીને અને યુદ્ધો ટાળવાની નીતિનો પ્રચાર કરીને અહિંસાના માર્ગમાં એક ડગલું પ્રજાને આગળ વધારી છે એમાં તો શક છે જ નહિ. પ્રજા હવે એ બાબતમાં પોતાને અનુકૂળ થાય તેવી પ્રગતિ કેવી રીતે કરે છે તે તો ભવિષ્ય જ બતાવશે પણ સત્યાગ્રહ અને અસહકાર એ એવાં અસ્ત્રો છે જેમાં હિંસાને, દેખીતા પ્રાણીવધને અવકાશ નથી–એટલું તો સ્વીકારવું જ પડે, અને એ અહિંસામાર્ગની–ભગવાન મહાવીરના માર્ગની પ્રગતિ જ છે.

**દલસુખ માલવણિયા**

## ભગવાન મહાવીરના જન્મજયંતીના દિવસે

**મુંબઈ શહેરમાં વસતા સમગ્ર જૈન સમાજ તરફથી તા. ૧૯મી એપ્રિલ-ચૈત્ર શુદ ૧૩ના રોજ સવારના નવ વાગે આઝાદ મેદાનમાં મહાવીર જયંતી ઊજવવામાં આવશે, જ્યારે અતિથિવિશેષ તરીકે કાકાસાહેબ કાલેલકર મુખ્ય પ્રવચન કરશે. એ જ દિવસે સવારે ૮-૩૦ વાગ્યે આમદાવાદના રેડિયો મથક ઉપરથી ભગવાન મહાવીર વિષે પંડિત સુખલાલજીનો વાર્તાલાપ પ્રસારિત કરવામાં આવશે અને રાત્રે ૭-૧૫ વાગે મુંબઈના રેડિયો મથક ઉપરથી ભગવાન મહાવીર વિષે શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાનો વાર્તાલાપ પ્રસારિત કરવામાં આવશે.**

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## જાણીતા હોમિયોપેથીક તબીબ સ્વ. ડૉ. સુબોધભાઈ મહેતા

મુંબઈ શહેર અને પરાંઓમાં જેમની ખ્યાતિ અને લોકપ્રિયતા પ્રસરેલી હતી એવા સેવાભાવી હોમિયોપેથિક તબીબ ડૉ. સુબોધભાઈ મહેતાનું તા. ૨૯-૩-'૭૦ના રોજ ખારના તેમના નિવાસસ્થાને દશ દિવસની માંદગી બાદ ૬૮ વર્ષની ઉંમરે અવસાન થયું છે. ડૉ. સુબોધભાઈ મહેતાના અવસાનથી હજારો દર્દીઓને કુશળ હોમિયોપેથિક તબીબ અને સમાજને આદર્શ સેવકની ખોટ પડી છે. ભૌતિક સુખ પાછળ ઘેલા બનનારાઓની આ દુનિયામાં ડૉ. સુબોધ મહેતા એક એવા કર્મયોગી હતા, જેમણે માનવજાતની મૂક સેવાને જ પોતાનું જીવનધ્યેય બનાવ્યું હતું. ડૉ. મહેતા પ્રારંભમાં એમ માનતા કે એકસરખી દેખાતી ગોળીઓ વિવિધ રોગો મટાડી શકે નહીં. પણ તેમના પોતા પર જ પ્રયોગ કરતાં તેમને હોમિયોપેથિક દવાઓમાં અખૂટ શ્રદ્ધા બેઠી. આ દવાઓ તેમણે અસંખ્ય દર્દીઓ પર અજમાવવાની શરૂઆત કરી અને તે પણ બદલાની કશી આશા રાખ્યા વગર!

ખાર ખાતેના તેમના નિવાસસ્થાને તેઓ રોજ ૩૦૦ થી ૪૦૦ જેટલા દર્દીઓને દવા આપતા હતા. કોઢ, પથરી, કમળો તથા બીજા અનેક દર્દોથી પીડાતાં અસંખ્ય દર્દીઓને તેમણે હોમિયોપેથિક દવાઓ વડે સાજા કર્યા હતા.

ડૉ. મહેતા એમ માનતા હતા કે અણુવિજ્ઞાનનો ઉપયોગ હૉમિયોપેથિક દવાઓમાં પણ થઈ શકે. ભારતે હવે અણુયુગમાં પ્રવેશ કર્યો છે. પણ આ ક્ષેત્રે થઈ રહેલાં સંશોધનના કંઈ નક્કર પરિણામ આવે તે પહેલાં જ ડૉ. મહેતાએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે.

## ગુજરાત યુનિવર્સિટીના ઉપ-કુલપતિ શ્રી ઉમાશંકર જોષીને હાર્દિક અભિનન્દન

શ્રી ઉમાશંકર જોષીનો પરિચય આપવાની જરૂર નથી. ગુજરાતના આ મહામના કવિવરને કોણ નથી ઓળખતું? જણાવતાં આનંદ થાય છે કે તાજેતરમાં ભારત સરકાર તરફથી કેન્દ્રસ્થ રાજ્યસભાના એક સભ્ય તરીકે તેમની નિમણૂંક કરવામાં આવી છે. આ નિમણૂંકથી ભારત સરકારે માત્ર ભાઈ ઉમાશંકરનું નહિ પણ, આપણા ગુજરાતનું ગૌરવ કર્યું છે. ઉત્કર્ષના એક પછી એક સીમાચિહ્નો સર કરતા ઉમાશંકરે આ એક નવું અને અતિ મહત્ત્વનું સીમાચિહ્ન સર કર્યું છે. આજના મેલા અને ડોળાયલા રાજકારણમાં ઉમાશંકર જેવી સરળ અને સૌમ્ય વ્યકિતને પોતાનો માર્ગ કરતાં મુશ્કેલી પડશે એવી ભીતિ રહે છે. બીજી બાજુએ આજના રાજકારણને સ્વચ્છ કરવામાં ઉમાશંકર જેવી વ્યકિત ઘણો ઉપયોગી ભાગ ભજવી શકે એમ પણ લાગે છે. ભાઈ ઉમાશંકરનો આ રાજકીય ક્ષેત્રે સીધો પ્રવેશ સ્વપરકલ્યાણસાધક બને, તેમના હાથે આ ઉન્નત આરોહણ દ્વારા દેશની અનેક સેવાઓ સધાતી રહે અને આજના સિન્ડીકેટ-ઈન્ડીકેટના ચકાવામાં ન ફસાતાં, કોઈ નવા પ્રસ્થાનના તેઓ નિર્માતા બને એવી આપણે તેમના વિષે આશા અને શ્રદ્ધા સેવીએ! અને આ માટે તેમને ચિરાયુષ્ય, સુદૃઢ આરોગ્ય અને અનુપમ સામર્થ્ય પ્રાપ્ત થાય એમ પરમાત્માને પ્રાર્થના કરીએ!

## ભ. મહાવીર અને ભ. બુદ્ધની જન્મ તથા નિર્વાણની સાલ વિષે સ્પષ્ટતા

મિત્રોને પૂછતાં માલૂમ પડે છે કે ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધની જન્મ તથા નિર્વાણની સાલ અંગે ઘણી અસ્પષ્ટતા પ્રવર્તે છે. આ સંબંધમાં પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયાને પૂછતાં તેઓ નીચે મુજબની માહિતી આપે છે:

**જન્મ** : ભગવાન મહાવીર ઈ. પૂ. ૫૯૯, ભગવાન બુદ્ધ ઈ. પૂ. ૬૨૪. આ ઉપરથી માલૂમ પડે છે કે ભગવાન બુદ્ધના જન્મ પછી ૨૫ વર્ષ બાદ ભગવાન મહાવીરનો જન્મ થયો હતો.

**નિર્વાણ** : ભગવાન મહાવીર ઈ. પૂ. ૫૨૭, ભગવાન બુદ્ધ ઈ. પૂ. ૫૪૪. આ ઉપરથી માલૂમ પડે છે કે ભગવાન બુદ્ધનું નિર્વાણ થયું ત્યારે ભગવાન મહાવીરની ઉંમર ૫૫ વર્ષની હતી અને ૪૫ વર્ષ સુધી બન્ને સમકાલીન હતા. ભગવાન બુદ્ધની ઉંમર ૮૦ વર્ષની અને ભગવાન મહાવીરની ઉંમર ૭૨ વર્ષની હતી.

નિર્વાણના અનુસંધાનમાં વિચાર કરતાં ઈ. સ. ૧૯૫૬ માં ભગવાન બુદ્ધના નિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરાં થયાં અને ઈ સ. ૧૯૭૩ મા ભગવાન મહાવીર નિર્વાણને ૨૫૦૦ વર્ષ પૂરાં થશે. આ રીતે બુદ્ધની ૨૫૦૦ મી નિર્વાણતિથિ વર્ષો પહેલાં ઊજવાઈ ગઈ અને ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણતિથિ ૧૯૭૩ ની સાલમાં ઊજવવામાં આવશે. ભગવાન બુદ્ધની જન્મ તથા નિર્વાણ તિથિ વૈશાખ શુદ ૧૫ છે અને ભગવાન મહાવીરની જન્મ તિથિ ચૈત્ર શુદ ૧૩ છે અને નિર્વાણતિથિ આસો વદ અમાસ છે.

આ સંબંધમાં શ્રી દલસુખભાઈ પોતાના પત્રમાં સવિશેષ જણાવે છે કે "આ બધી સાલો સાંપ્રદાયિક પરંપરા મુજબ છે. પરંતુ આજના ઐતિહાસિકો ભગવાન મહાવીર અને ભગવાન બુદ્ધના જન્મના સમય વિષે એકમત નથી. આ અંગે અનેક મતો પ્રચલિત છે. પણ પરંપરા મુજબ જે સમયને આપણે માનીએ છીએ તે સમયને વળગી રહીએ છીએ. તેથી તે સમય મેં ઉપર જણાવ્યો છે. આની વિસ્તૃત ચર્ચા માટે મુનિશ્રી નગરાજનું "આગમ અને ત્રિપિટક" પુસ્તક જોવું ઘટે.

## ઉપાધ્યાય શ્રી અમરચંદ્રજી મહારાજનું કરવામાં આવેલું બહુમાન

સ્થાનકવાસી સંઘના ઉપાધ્યાય શ્રી અમરચંદ્રજી કવિના નામથી પ્રબુદ્ધ જીવનના વાચકો સુપરિચિત છે. તેમણે ગયા ફેબ્રુઆરી માસમાં પોતાના દીક્ષાપર્યાયનાં ૫૦ વર્ષ પૂરાં કર્યાં. આજે તેમની ઉંમર ૬૫ વર્ષની છે. એમનું ગયા માર્ચ માસની ૧૩મી તારીખે ભારતના મહાઅમાત્ય શ્રીમતી ઈન્દિરા ગાંધીના પ્રમુખપણા નીચે ન્યુ દિલ્હી ખાતે દિક્ષાપર્યાયના પૂરાં થયેલા ૫૦ વર્ષને અનુલક્ષીને મુનિ સુશિલકુમારની આગેવાની નીચે જાહેર રીતે બહુમાન કરવામાં આવ્યું હતું. આપણા સર્વના આ મનીષી મહાપુરુષને હાર્દિક અભિનન્દન અને અંતરની શુભેચ્છા હો!

તેમનો વિશેષ પરિચય આપતાં 'જૈન' પત્રના તંત્રી યથાર્થ રીતે જણાવે છે કે;

"સ્થાનકવાસી સંઘમાં તો તેઓનું સ્થાન સાવ અનોખું છે જ. ઉપરાંત સામાન્ય જનસમૂહમાં પણ તેઓ ઘણું આદર અને બહુમાનભર્યું સ્થાન ધરાવે છે અને એનું કારણ છે એમની ઉદારતા, સત્યને શોધવા અને સ્વીકારવાની વિશિષ્ટ દષ્ટિ અને સૌ કોઈનું ભલું કરવાની કરુણાપરાયણ મનોવૃત્તિ.

"તેઓએ જૈન શાસ્ત્રો ઉપરાંત અન્ય ધર્મશાસ્ત્રોનું પણ ગુણગ્રાહક અને સત્યચાહક વિશાળ દષ્ટિથી અધ્યયન કર્યું છે. જ્યાં ક્યાંયથી પણ સાર ગ્રહણ કરવાનો એમનો સહજ સ્વભાવ છે. કેટલાક વખત પહેલાં એમણે સંપાદિત કરેલ સુક્તિત્રિવેણી નામે દળદાર ગ્રંથ કે જેમાં જૈન, બૌદ્ધ અને હિંદુ એ ત્રણે ધર્મશાસ્ત્રોમાંથી વીણેલાં સુવાક્યો એનાં હિંદી અનુવાદ સાથે આપ્યાં છે, તે તેઓનાં શાસ્ત્રાધ્યયનની આવી વિશિષ્ટ દષ્ટિનો ખ્યાલ આપી શકે એમ છે.

"તેઓ ઉચ્ચકોટિના લેખક, હૃદયસ્પર્શી વક્તા અને હૃદયંગમ કવિતાના સર્જક છે. એમની વાણી અને કલમમાંથી તેમ જ એમના જીવનમાંથી પણ નિરંતર માનવતા, સંસ્કારિતા અને ધર્મભાવનાનો જીવનપ્રદ રસ ઝરતો જ રહે છે. કોઈના ય અકલ્યાણના પક્ષકાર ન બનવું અને સૌકોઈના કલ્યાણની કામના અને પ્રવૃત્તિમાં જીવનને ધન્ય બનાવવું એ એમનું જીવનવ્રત છે. સાધુતાનો તેઓ એક ઉચ્ચ આદર્શ રજૂ કરે છે."

## ગાંધીજીના હાથનો એક જૂનો દસ્તાવેજ

થોડા દિવસ પહેલાં મારા મિત્ર ભાઈશ્રી જયંતીલાલ અંબાલાલ શાહ, જેઓ સંઘના વર્ષોજૂના સભ્ય અને સહાયક છે તેમના નિવાસસ્થાને જવાનું બનતાં તેમનાં પત્ની સૌ. ઉર્મિલાબહેને પોતાના સ્વ. પિતાના જીવનને લગતી અને તેમના ગાંધી સાથેના સહવાસને લગતી મને કેટલીક વાતો કરી અને તેમના પિતા અમદાવાદ ખાતે હાથસાળનું કારખાનું ચલાવતા હતા, તે કારખાનું વિક્રમ સંવત ૧૯૭૧ની સાલમાં એટલે કે ઈ. સ. ૧૯૧૫ માં ગાંધીજી જાતે જોવા ગયેલા, અને તે જોઈને ખૂબ રાજી થયેલા અને તેમણે એ જ વખતે એક પ્રમાણપત્ર લખી આપેલું—એમ જણાવીને જાણે કે કોઈ કીંમતી દાગીનો દેખાડતા હોય એમ પોતાના સંગ્રહમાંથી એ ગાંધીજીના હસ્તાક્ષરનું લખાણ તેમણે મને દેખાડયું. આ લખાણમાં એ જ દિવસોમાં ગાંધીજીએ એ ફેકટરીમાં કામ કરતા મજૂરોને પોતાના ભાગીદાર સમજી તેમને મળતા નફામાં ભાગ આપવાની ભલામણ કરેલી અને જેની આજના સમાજવાદીઓ વાતો કરે છે તે વિચાર ગાંધીજીએ એ દિવસોમાં રજૂ કરેલો. આ જોઈને મને ખૂબ આનંદ થયો અને વિચાર આવ્યો કે આ લખાણને—પ્રમાણપત્રને—પ્રબુદ્ધ જીવનમાં પ્રસિદ્ધિ આપવી જોઈએ. આ મારા વિચારનો આદર કરીને તેમણે મૂળ લખાણની ફોટોસ્ટેટ નકલ મને પૂરી પાડી. આ મૂળ નકલ અને તેની પ્રતિલિપિ નીચે આપવામાં આવે છે:

મૂળ લખાણનો ફોટોગ્રાફ



પ્રતિલિપિ

"શાહ વાડીલાલ ખોડીદાસનું સાળનું કારખાનું જોઈ મને દેશી સાળની ઉપર વિશેષ પ્રીતિ ઉત્પન્ન થઈ છે અને હું જોઈ શકું છું કે દેશી સાળોને જેટલું ઉત્તેજન અપાય તેટલું ઓછું છે. શાહ વાડીલાલના સાહસને હું ફત્તેહ ઈચ્છું છું, પણ તેની સાથે એ પણ ઈચ્છીશ કે પોતાના કામદારોને પોતાના ભાગીદાર સમજી પોતાને મળતા નફાનો ઘણો ઉપભોગ આપશે. તેમાં જ સ્વદેશી સાહસની કુંચી છે એમ હું માનું છું.

૧૯૭૧ ના આષાઢ સુદ ૨. મોહનદાસ કરમચંદ ગાંધી"

સૌ. ઉર્મિલાબહેને પોતાનાં પિતાના જીવનની વિગતો રજૂ કરતાં મને જણાવેલું કે તેમનો જન્મ ૧૯૪૬ ના કાર્તક શુદ ૯ ના રોજ ગુજરાત રાજ્યના ગામ પાલેજમાં એક જૈન કુટુંબમાં થયો હતો. ૧૫ વર્ષની ઉંમરે પિતાનું અવસાન થતાં અને ભાઈઓમાં સૌથી મોટા હોવાથી તેમણે પિતાનો ધંધો સંભાળી લીધો હતો. વર્ષો જતાં ચાલુ ધંધો પોતાના ભાઈઓને સોંપી નવા ધંધાની શોધ માટે તેઓ અમદાવાદ આવ્યા. એ અરસામાં સ્વદેશીની ચળવળ જોસભેર ચાલતી હતી. તેથી તેઓએ "વાડીલાલ વિવિંગ વર્કસ" એ નામની કાપડ વણવાની ફેકટરી શરૂ કરી હતી. તેઓ જીવનના પ્રારંભથી રાષ્ટ્રવાદી અને ગાંધીજીના અનુયાયી હતા અને અઠવાડિયામાં નિયમિત રીતે એક દિવસ સાબરમતી આશ્રમમાં જતા અને પ્રાર્થનામાં ભાગ લેતા અને એ રીતે તેમને ગાંધીજીના નિકટના સહવાસમાં આવવાનું બન્યું હતું અને આ સંબંધના યોગથી જ ગાંધીજી વિક્રમ સંવત ૧૯૭૧ ની સાલમાં ગાંધીજી તેમની ફેકટરી જોવા ગયેલા અને ઉપર મુજબનું તેમને પ્રમાણપત્ર આપ્યું હતું. તેઓ ૭૯ વર્ષનું સુખી અને દીર્ઘ આયુષ્ય ભોગવીને ઈ. સ. ૧૯૬૫ના જાન્યુઆરી માસની ૨૦મી તારીખે અવસાન પામ્યા હતા.

## મુનિશ્રી ચિત્રભાનુની પ્રવૃત્તિ અંગે મળેલો પત્ર

તા. ૨૯મીના રોજ મુનિ ચિત્રભાનુ મુંબઈથી જિનીવા જવા માટે વિદાય થયા. ત્યાં જવા બાદ તેમની ચાલી રહેલી પ્રવૃત્તિ વિષે તેમની સાથે મદદનીશ તરીકે ગયેલા શ્રી શાંતિલાલ ભાટકિયા તરફથી ત્રીજી એપ્રિલનો લખેલો નીચે મુજબ પત્ર મળ્યો છે:

"પૂજ્ય શ્રી પરમાનંદભાઈ કાપડિયા,

આપની Air port ઉપરની ટૂંકી મુલાકાત અને ત્યાંના ટેન્શન વચ્ચે કોઈ સાથે મુલાકાત કે ચર્ચા કરવાનો પણ ટાઈમ નથી રહ્યો—તે બદલ અમો ખૂબ જ દીલગીર છીએ. પૂજ્યશ્રી ખૂબ જ શાતામાં છે અને આપ સૌને ધર્મલાભ લખાવે છે.

અહીંની તેમની મુલાકાતે એક નવી દષ્ટિ અને ડાયમેન્શન ઊભા કર્યાં છે. આવી કૉન્ફરન્સ જાણે કેમ જૈન ધર્મ ઉપર જ બોલાવી ન હોય તેવું વાતાવરણ છે. પ્રેસ—લોકલ તથા ફોરેન—સૌ કોઈ જૈન માટે જ જાણવા માગે છે. આમ બનતાં આપણાં સૌ માટે આ એક ગૌરવભર્યો પ્રવાસ રહેશે.

પૂજ્યશ્રીનાં શ્વેતવસ્ત્ર, ઓઘો, પાતરાં—એ બધાંએ પવિત્રતા અને અપરિગ્રહવ્રતની ઊંડી છાપ પાડી છે. "માંગલિક" સાંભળ્યા પછી અનેક લોકોએ ધસારો કરી પૂજ્યશ્રીનાં દર્શન માટે ઝંખના દાખવી હતી.

આપણાં આચારમાં, વસ્ત્રોમાં, ખાનપાનમાં કે કોઈ પણ વ્યવહારમાં કંઈ પણ બાધ આવતો નથી. શ્રી ન્યાલભાઈ આખો દિવસ કામ છોડી હાજર છે.

અહીંથી શનિવારે કૉન્ફરન્સ પૂરી થતાં ફ્રાન્સમાં માર્સેલ્સ, પેરીસ વગેરે જગ્યાએ ભાષણો ગોઠવાયાં છે. ત્યાં થઈ લંડન જઈશું. ત્યાંથી બાકીનો પ્રોગ્રામ જણાવીશું.

અહિંસા, સત્ય, અને અપરિગ્રહનો આ જબ્બર સુકાની અત્યાર સુધી કોઈએ ન પાડી હોય તેવી ભાત આ સમાજ ઉપર પાડી રહ્યો છે. આ જૈન સમાજને ગૌરવનો વિષય છે."

## મુનિ શ્રી ચિત્રભાનુના પરદેશગમનના સંદર્ભમાં

મુનિ ચિત્રભાનુનું તાજેતરનું પરદેશગમન જૈન સાધુસંસ્થાના સમગ્ર ભાવી અંગે અને તેના આજના સ્વરૂપમાં સમયાનુરૂપ ફેરફારોની કોઈ આવશ્યકતા છે કે નહિ તે અંગે અનેક પ્રશ્નો ઉપસ્થિત કરે છે. આજે મુનિ ચિત્રભાનુના પરદેશગમનનું સમર્થન કરીએ કે તેનો વિરોધ કરીએ તેટલાથી આ પ્રશ્નનો છેડો આવતો નથી. તો વિદ્વાન શ્રાવકો તેમ જ સાધુઓને વિનંતિ છે કે આ બાબતમાં તેઓ પોતાના વિચારો પરિમિત ભાષામાં લખી મોકલે. આ પ્રકારના જે કાંઈ પત્રો આવશે તેને પ્રબુદ્ધ જીવનમાં અવકાશ આપવામાં આવશે. એટલી જ શરત કે આ લખાણ સંયમપૂર્ણ અને અત્યન્ત પ્રસ્તુત હોવું જોઈએ.

### મુનિ શ્રી ચિત્રભાનુના પરદેશગમન સામે વિરોધી ટોળાએ કરેલો અયોગ્ય વર્તાવ

તા. ૨૯ મી માર્ચની રાત્રે મુનિ ચિત્રભાનુ મુંબઈથી જીનીવા જવા ઉપડયા તે દિવસની સવારે સાડાનવ વાગ્યે ચોપાટી ઉપર આવેલા બીરલા બાલક્રિડાંગણમાં તેમનું જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. તે વ્યાખ્યાનસભા પૂરી થવા આવી એ દરમિયાન તેમના વિદેશગમનના કેટલાક વિરોધી જુવાનો ક્રીડાંગણ બહારના રસ્તા ઉપર આવી ચઢયા હતા અને વિરોધની બૂમો પાડવા લાગ્યા હતા. સભા પુરી થયા બાદ આ તોફાની ટોળાએ પોતાના નિવાસ-સ્થાને જવા માંગતા મુનિ ચિત્રભાનુને ક્રિડાંગણ બહાર નીકળતાં અટકાવ્યા હતા અને શોરબકોર મચાવી મૂકયો હતો તથા પથ્થર-બાજી શરૂ કરી હતી. પરિણામે મુનિશ્રીને સભાગૃહમાં પાછા ફરવું પડયું હતું અને બપોરના અઢી વાગ્યા સુધી તેમને ત્યાં જ બેસી રહેવું પડયું હતું.

મુનિશ્રીના પરદેશગમન સામે વિરોધ દાખવવાનો કોઈ પણ વ્યકિત કે સમુદાયને પૂરો હકક છે, પણ ઉપર જણાવેલ વિરોધી ટોળાએ જે તોફાની વર્તાણુક અખત્યાર કરી અને જે ધાંધલ મચાવ્યું તે જૈન સમાજ માટે શરમાવનારી બીના છે. આવા તોફાનને જૈન સમાજના આગેવાનોએ વખોડી નાંખવું જોઈએ, ઊભા થતાં અટકાવવા જોઈએ. કમનસીબે આજે કોઈ પણ બાબત સામેના વિરોધને ઉગ્ર સ્વરૂપ અને તોફાની આકાર ધારણ કરતા વાર લાગતી નથી અને જોતજોતામાં સુલેહશાંતિનો ભંગ થઈ બેસે છે. આવી અસહિષ્ણુતા સ્વસ્થ જાહેર જીવનને છિન્ન ભિન્ન કરી નાંખે છે અને તેથી કોઈ પણ પ્રશ્ન અંગે વિરોધ કે સમર્થન કરતાં આપણ સર્વેએ આ બાબતની પૂરી તકેદારી રાખવી જરૂરી છે.

**પરમાનંદ**

## વસન્ત વ્યાખ્યાનમાળા

ગયા વર્ષની વસંત વ્યાખ્યાનમાળાની સફળતાથી પ્રેરાઈ આ વર્ષે પણ શ્રી મુંબઈ જૈન યુવક સંઘે તાતા ઑડિટોરિયમમાં આવી જ એક વ્યાખ્યાનમાળાનું આયોજન મંગળવાર તા. ૩૧-૩ થી શુક્રવાર તા. ૩-૪ સુધી કર્યું હતું. આ વર્ષે વકતાઓમાં અનુક્રમે હતા શ્રી એન. જી. ગોરે, શ્રી રોહિત દવે, શ્રીમતી સુચેતા ક્રિપલાણી અને શ્રી આર. આર. દીવાકર. ત્રણ દિવસનું પ્રમુખસ્થાન શ્રી ચીમનલાલ ચકુભાઈએ લીધું હતું, જ્યારે શ્રી રોહિત દવેના પ્રવચન વખતે શ્રી વાડીલાલ ડગલીએ પ્રમુખસ્થાન સ્વીકાર્યું હતું. સભાઓ નિયત સમયે સાંજના બરાબર ૬-૧૫ કલાકે શરૂ થતી હતી. વ્યાખ્યાનગૃહ પણ ચારેય દિવસ શ્રોતાઓથી ભરેલું રહ્યું હતું. વકતાઓનો પરિચય તેમજ તેઓનાં પ્રવચનોના અંતે આભાર-વિધિ સાથે પ્રવચનની ટૂંકી આલોચના પ્રમુખશ્રી એમની વિશિષ્ટ શૈલીથી કરતાં એક પ્રસન્ન વાતાવરણ સર્જાતું હતું અને સૌ છૂટા પડતા ત્યારે સૌને પ્રસન્નતાની અનુભૂતિ થતી હતી. આવી વ્યાખ્યાન-માળા રાષ્ટ્રના પ્રશ્નો સમજવામાં અને જુદા જુદા દૃષ્ટિબિંદુઓ દ્વારા આ પ્રશ્નો હલ કરવામાં ખૂબ ઉપયોગી નિવડે છે એવો અભિ-પ્રાય શ્રોતાઓ આપતા હતા. આ વસંતવ્યાખ્યાનમાળાને સફળ બનાવવામાં શ્રી અમર ઝરીવાળા તથા શ્રી સુબોધભાઈ એમ. શાહનો અમને ખૂબ સહકાર મળ્યો. આ માટે અમે આ સ્થળેથી તેઓનો ખૂબ આભાર માનીએ છીએ.

પ્રસ્તુત વસંત વ્યાખ્યાનમાળામાં ચારેય વકતાઓને એક જ વિષય "ભારત-ક્યા માર્ગે ?" આપવામાં આવ્યો હતો. શ્રી એન. જી. ગોરે, જેઓ પ્રજા સોશ્યાલીસ્ટ પાર્ટીના ચેરમેન છે અને જેઓ રાજકીય ક્ષેત્રે એક અગ્રગણ્ય વ્યકિત છે તેમણે તેમના પ્રવચનમાં વિશાળ વાંચનની અને આ પ્રશ્નની ઊંડી સૂઝની પ્રતીતિ કરાવી હતી. "દેશના ધૂંધવાયેલા વાતાવરણ માટે જેટલા રાજકારણીઓ જવાબદાર છે એટલા જ જવાબદાર લોકો પણ છે અને જે અનેક પ્રશ્નો-કોયડાઓ આજે ઊભા થયા છે એ વિકસતા દેશ માટે સ્વાભાવિક ગણાવા જોઈએ. દેશમાં લોકશાહી ત્યાં સુધી ચાલશે જ્યાં સુધી લોકો એને ચલાવવા માગતા હશે." "શ્રી ગોરેનાં પ્રવ-ચનનો આ સારાંશ હતો. તેઓશ્રીએ એમ પણ કહ્યું કે "શ્રીમતી ગાંધીને હું સમાજવાદી માનતો નથી."

શ્રી રોહિત દવે એક જાણીતા અર્થશાસ્ત્રી છે. તેમના પ્રવ-ચનમાં તેમણે ઈન્દિરા ગાંધીએ રજૂ કરેલ બજેટને પણ સંકલિત કરી બજેટની પ્રશંસા કરી હતી. આ સભાનાં પ્રમુખસ્થાનેથી 'કૉમર્સ'નાં તંત્રી યુવાન અર્થશાસ્ત્રી અને સાહિત્યકાર શ્રી વાડી-લાલ ડગલીએ લોકોને ભારતને ઉપર લાવવામાં પોતાનો ફાળો આપવાનો અનુરોધ કર્યો હતો.

શ્રીમતી સુચેતા ક્રિપલાણીનું પ્રવચન રાજકારણી પ્રવચન હતું. તેમણે નવી કૉંગ્રેસને અને મુખ્યત્વે શ્રીમતી ઈન્દિરા ગાંધીને આજની વેરવિખેર સ્થિતિ અને દેશના સત્યાનાશને માટે જવાબદાર ગણાવ્યા હતા. તેમણે એક કલાકના પ્રવચનમાં કૉંગ્રેસનો છેલ્લા વીશ વર્ષનો કડી-બદ્ધ ઈતિહાસ એમની જોરદાર વાણીમાં રજૂ કર્યો હતો. તેઓશ્રીનાં પ્રવચનને અંતે પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈએ આભાર માનતાં જૂની કૉંગ્રેસના આગેવાનો પણ અમુક રાજ્યોમાં આવી જ ચાલબાજીઓ રમે છે એમ કહેતાં શ્રોતાઓએ નાખુશ થઈ બૂમાબૂમ કરી હતી અને તેઓશ્રીને આગળ બોલવા નો'તા દીધા. સભામાં આવી ધાંધલથી અમે દુ:ખ અનુભવીએ છીએ. ભવિષ્યમાં શ્રોતાઓ શિસ્તનું પૂરેપૂરું ધ્યાન રાખશે એવી અમે અપેક્ષા રાખીએ છીએ.

શ્રી આર. આર. દિવાકરનું પ્રવચન એક તત્ત્વજ્ઞાનીને શોભે તેવું હતું. તેમણે માનવની ઉત્ક્રાંતિની વાત કરી, ધર્મની અને વિજ્ઞાનની વાત કરી, ભારતની સંસ્કૃતિમાંથી મળેલ સત્ય અને અહિંસાની વાત પણ કરી, વિચાર આચારની એકતા ઉપર ભાર મૂકી કહ્યું કે સમાજ-વાદ માનવતાવાળો હોય તો જ દેશ સુખી થઈ શકે.

આ ચારેય વકતાઓને સાંભળ્યા પછી આપણે કહી શકીએ કે ભિન્ન ભિન્ન પક્ષને વરેલા અને જુદા જુદા ક્ષેત્રોમાં કામ કરતા નેતાઓના દૃષ્ટિબિંદુઓ પાછળ દેશ માટે સાચી નિષ્ઠા હતી-પ્રમા-ણીક કર્તવ્ય હતું-આવા સપૂતોથી ભારત કેટલું બધું ભાગ્યશાળી છે!

**મંત્રીઓ**

### मौन–अनंत का वातायन !

यह भव्य निलय मौनभवन,
होता है जहाँ निज आत्म-मिलन,
नहीं रूप, रंग, नहीं शब्द स्फुरण,
यहाँ एक निगूढ नीरव गूंजन !
संवादिता का सातत्य जहाँ और विसंवाद का विसर्जन,
सजग स्थिति है चेतन की, उलझन उन्माद का उन्मूलन,
आदि–अंत का संमिलन यह, अपनेपन का अनुकूलन,
क्रिया-संग का हे शमन यह, प्रतिक्रिया का प्रतिफलन ।
दर्शन अपना, शोधन अपना, कोऽहम् ? का यह उन्मीलन
तन-मन-बुद्धि-चित्त-हृदय के पार अंतस् का अनुशीलन,
कारण, हेतू, भ्रान्ति रहित यह आकांक्षाआशा का उन्नयन,
ज्ञात के पार प्रवेश है यह अज्ञात प्रदेश का अनुगमन ।
रहा भटकता भ्रान्त मनुज परिधियों उस की जीर्ण पुरातन
इन सीमाओं के पार क्षितिज और आयाम अदृष्ट वे चिरनूतन,
सांत–ससीम में होता रहा है, अब तक उसका संभ्रमण,
यह मौन भवन है असीम अनंत का, बना हुआ एक वातायन !

'निशान्त'

6

# ☆ સહજીવન શિબિર ☆

(તા. ૧૬-૩-૭૦ના પ્રબુદ્ધજીવનથી અનુસંધાન)

શિબિરના બીજા દિવસના સવારના પ્રવચનનો પ્રારંભ કરતાં શ્રી વિમલાબહેને કહ્યું કે "માનવીનું જીવન આજે અલગ અલગ ખંડોમાં વહેંચાઈ ગયું છે. એમ માની લેવામાં આવ્યું છે કે માણસનું વ્યવહારિક જીવન અને આધ્યાત્મિક જીવન બંને જુદાં છે. વ્યવહારિક જીવનના પણ બીજા પેટાભાગો પાડેલા છે. આ ખંડો અને પેટા ખંડોની સાથે જે મૂલ્યો જોડવામાં આવ્યા છે તે વિરોધી મૂલ્યો છે. તેના પરિણામે આજે માણસ એક Split Personality બની ગયો છે. આ વિરોધી મૂલ્યો વચ્ચે એક પ્રકારનું સમાધાન શોધવામાં માણસની સારી જિંદગી પૂરી થઈ જાય છે.

"વાસ્તવિક રીતે તો જીવન એક અને અવિભાજ્ય છે. મનુષ્યની અંદર જે ઉર્મી પડેલી છે તે બહાર આવવા–પ્રગટ થવા મથી રહેલી છે. એને પ્રગટ થવા દેવાની તક આપવી એ જ અધ્યાત્મ છે. પોતાને જે સત્ય લાગે તે સત્યને માટે જ જીવે અને સમાજ મારી નાંખે તો પણ ભલે, તેવા સાહસપૂર્વક જીવે એવા ક્રાન્તિકારીઓની આજે જગતને જરૂર છે. આવાં પ્રવચનો આપ અનેક સાંભળો છો, છતાં જીવનમાં કશો ફરક પડતો નથી એમ ઘણાં ભાઈ-બહેનો કહે છે. એનું કારણ શું? પ્રવચનો તો આપ એક કલાક સાંભળો છો પણ બાકીના ૨૩ કલાક તો Fragmented જીવન જીવો છો. સમાજ શું કહેશે એવા ભયપૂર્વક સતત જીવો છો.

"સમાજે પ્રસ્થાપિત કરેલા મૂલ્યો પ્રમાણે જીવવું હશે તો પૂર્ણતા કેમ પ્રગટ થશે? આપણે તો પ્રભુને મૂર્તિમાં કંડારીને બાંધી રાખ્યાં છે, ઈસુને ક્રોસ પર લટકાવી રાખ્યો છે, નીચે ઉતરવા જ દેવો નથી. આપણી પાસે અવિભાજ્ય જીવન જીવવાનું સાહસ નથી. આ વાત હું પ્રેમની કોમળતાપૂર્વક કહું છું પણ કોઈના અંતરમાં કાંટાની જેમ ખૂંચી જાય તો ઘણું સારૂં. સવારથી રાત સુધી–ચોવીસે કલાક–આ એકતા જીવનના સમસ્ત વ્યવહારમાં પ્રગટ થવી જોઈએ.

"મનુષ્યની બુદ્ધિ એક વકીલ જેવી છે. દા. ત. આપણને ક્રોધ આવ્યો. બુદ્ધિ તરત દલીલ કરે છે કે કોઈકે કારણ આપ્યું માટે મને ક્રોધ આવ્યો, જવાબદારી મારી નથી. પણ ક્રોધ આવ્યો એ કબૂલ કરવાનું સાહસ આપણી પાસે નથી. જવાબદારી બીજા કોઈના પર ઢોળી પાડવાની આપણી વૃત્તિ છે. એ જ રીતે આપણાં મૂલ્યો, આપણા વિચારો બીજા પર લાદવાનો આપણો હંમેશા આગ્રહ હોય છે. હું એક કલાક ધ્યાનમાં બેસું છું તો પત્ની કેમ ન બેસે? આપણી authority આપણે બીજા પર ચલાવવા ઈચ્છીએ છીએ. સમજ-પૂર્વક જીવવાવાળી વ્યકિત સ્વતંત્ર હોય છે અને માટે જ તે બીજાને ગુલામ બનાવવા માંગતી નથી. અધ્યાત્મ એટલે આત્મનિર્ભરતા. આપણે તો સમાજે બક્ષેલી સુરક્ષામાં જ જીવવા માંગીએ છીએ. આપણા પોતાના પ્રત્યયનો વિશ્વાસ કરતા નથી, માટે જ જીવન નિસ્તેજ છે. આત્મપ્રત્યયમાં જ સુરક્ષા માનવાવાળાને સુરક્ષા માટે બીજાંઓ તરફ નજર કરવી પડતી નથી. માટે જ ક્રાન્તિકારીઓની આવશ્યકતા છે. સાહસ કરવાવાળા મુઠ્ઠીભર પણ જો નીકળે તો સંભવ છે કે માનવીને–સમાજને–ઉંચે લઈ જઈ શકાય."

બપોરના પ્રશ્નોત્તરી સમયે કેટલાક મિત્રોના આગ્રહથી શ્રી કિસનસિંહ ચાવડાએ શબ્દનો આવિર્ભાવ કેવી રીતે થાય છે તેના વિષે એક અભ્યાસપૂર્ણ પ્રવચન આપ્યું. પરા, પશ્યન્તી, મધ્યમા અને વૈખરીનું સ્થાન અનુક્રમે નાભિની નીચે, નાભિની મધ્યમાં, હૃદયની મધ્યમાં, અને કંઠમાં રહેલું છે–એમ ચારે વિભાગને વિસ્તારથી સમજાવીને શબ્દનો સૂક્ષ્મ દેહ કેવી રીતે બંધાય છે અને છેલ્લે કેવી રીતે શબ્દનો આવિર્ભાવ થાય છે તે જણાવ્યું.

ત્યારબાદ એક પ્રશ્નનો જવાબ આપતાં શ્રી વિમલાબહેને કહ્યું કે મૌન અને ધ્યાનમાં ફરક છે. મૌન દ્વાર છે અને એ દ્વાર પસાર કરીને ધ્યાનમાં પ્રવેશ કરી શકાય છે. ધ્યાનને માટે એકાંત અને એકલા હોવું ઉપયોગી છે. સામાન્ય રીતે રાત્રિના પાછલા પહોરે કે જ્યારે બધું વાતાવરણ શાંત હોય અને નિદ્રા લઈને શરીર સ્વસ્થ હોય તેવો સમય સારો છે.

રોજ રાત્રે અને સવારે આશરે ૪૫ મિનિટ અમે સૌ મૌન-ધ્યાન માટે બહાર ખુલ્લી હવામાં બેસતા. ધ્યાનના અંતે પૂ. તાઈ તેમના સુમધુર કંઠે એક ભજન ગાઈસંભળાવતા અને શ્રોતાઓના હૈયાં રસતરબોળ થઈ જતાં. એમના કંઠમાં એવું માધુર્ય હતું, એવી ધ્રુજારીવાળી હલક હતી, અને ભજનો એવા ભાવવાહી હતાં કે જાણે આપણે એમને સાંભળ્યાંજ કરીએ એવું મન થતું. એમણે ગાયેલું એક ભજન "મેરો કોઈ નહીં રોકણહાર... મગન ભયી, મીરા ચલી..." ખૂબ જ સરસ હતું અને જ્યારે એમણે ગાયું કે;

"જાઓ જાઓ રાણા અબ ઘર જાઓ... હરિ સંગ મીરા ચલી...
મીરા નાચી હરિ રંગ રાચી...હરિ રૂપ મીરા ભયી...મગન ભયી."

ત્યારે જાણે સાચેજ આપણી સમક્ષ મેવાડની મીરા ભકિતમાં લીન થઈને ગાઈ રહી હોય એવું હૃદયંગમ દશ્ય ખડું થયું હતું.

૧મી માર્ચને રવિવારે સવારનું તેમનું પ્રવચન અંગ્રેજીમાં થયું, કેટલાક ભાઈઓનો એવો આગ્રહ હતો કે તેઓ હિન્દીમાં પૂરેપૂરૂં સમજી શકતા નથી. તેમણે પણ કહ્યું કે હિન્દી ભાષાનો તેમણે અભ્યાસ કરેલો નથી અને જો કે તેઓ હિન્દીમાં બોલી શકે છે, તેમ છતાં અંગ્રેજી ભાષામાં પોતાના વિચારો વધારે સારી રીતે વ્યકત કરી શકે છે. તેઓએ પોતાના પ્રવચનની શરૂઆતમાં શિબિરનું આયોજન કરવા બદલ અને તેમાં આમંત્રણ આપવા માટે શ્રીમતી ચંદ્રાબેન પારેખનો આભાર માન્યો અને જણાવ્યું કે "હું સખ્યભાવે માત્ર નિવેદન જ કરૂં છું. હું કોઈ પ્રવચનકાર નથી. તમે સૌ મને મિત્રભાવે જ સાંભળશો.

"જીવન એક અનંત યાત્રા છે–એક ક્ષણથી બીજી ક્ષણ સુધીનો પ્રવાસ છે. (Movement From one moment to another) જીવનને માત્ર વર્તમાનકાળજ છે. સ્વતંત્ર વ્યકિત જ સમગ્રતાપૂર્વક વર્તમાનમાં જીવી શકે છે. આ સ્વતંત્રતાને કોણ અવરોધે છે? માણસનું મન અવરોધે છે. મન શું કામ કરે છે? આઘાત–પ્રત્યાઘાતોને મગજના જ્ઞાનતંતુઓ સુધી લાવવા-લઈજવાનું કામ કરે છે. મન પોતે movement કરવાની શકિત ધરાવતું નથી એ સમજી લેવું જોઈએ. મનની ક્રિયા કોઈ વિધાયક ક્રિયા નથી, માત્ર પ્રત્યાઘાતી ક્રિયા છે, યાંત્રિક ક્રિયા છે. બાળપણથી આપણને દરેક શબ્દને, દરેક વાતને બીજી કોઈ ચીજ જોડે સરખાવવાની આદત પડી છે. આપણે કોઈ પણ વ્યકિત વિષે વિચારીએ છીએ તો આનંદ અથવા દુ:ખની લાગણી સાથે જ વિચાર કરીએ છીએ. એ સ્વતંત્રતા નથી. કોઈ પણ જાતના અવરોધ વિના માત્ર વર્તમાન ક્ષણમાં જીવવું એજ સાચું જીવન છે.

"મનની તમામ ક્રિયા અટકે છે ત્યારે જ મૌનનો આવિર્ભાવ થાય છે. જ્યારે મૌન પેદા થાય છે ત્યારે કશું કરવાપણું રહેતું નથી. મૌન એક પ્રચંડ શકિત છે અને એ શકિત દ્વારા જ જીવનમાં ક્રાન્તિ આવે છે.

"સમાજ ક્રાન્તિકારીઓને જીરવી શકતો નથી, કારણકે એ લોકો સમાજે માનેલાં મૂલ્યો વડે જીવવાની ના પાડે છે. અને જરૂર પડે તો પોતાનું લોહી રેડવા પણ તેઓ તૈયાર રહે છે. આપણે ત્યાં સાધુઓ અને ગુરૂઓની અછત નથી. તેમ છતાં આજે આપણે ક્યાં ઊભા છીએ? We lack living human beings.

"હું દેશભરમાં ફરી ફરીને લોકોને આ વાત કહેતી રહું છું. જગત આજે આંધીના આરે ઊભેલું છે. આવી શિબિરો દ્વારા વ્યકિત-ઓને આ વાત જણાવવાની જરૂર છે. ૧૯૬૮માં એક શિબિર થઈ હતી. મારૂં સૂચન છે કે શિબિરો બને એટલી નાની, સગવડ-વાળી અને ઓછી ખર્ચાળ હોવી જોઈએ, જેથી વ્યકિતગત સંપર્ક સધાઈ શકે, પ્રવચનોને બદલે આમનસામન જેમાં વિચારોની આપ-લે થઈ શકે. અમેરિકામાં આવી ૭-૮ દિવસની મૌન-શિબિરો યોજાય છે. ત્યાં લોકો સવારે કલાક અને બપોરે કલાક મળે છે ત્યારે જ વાત-ચીત કરે છે. બાકી સતત મૌન પાળે છે. પરિણામ ઘણું સારૂં આવેલ છે."

પ્રવચન બાદ બારેક વાગે બધા સાથે જમ્યા. વિમલાબહેન પણ અમારી સાથે જ જમ્યા અને ભોજન બાદ લગભગ એક વાગે તેઓ પારલા તેમના યજમાનના નિવાસસ્થાને જવા રવાના થયા, ત્યારે બધા શિબિરાર્થીઓએ રસ્તાની બંને બાજુ ઊભા રહી, નમસ્કાર-પૂર્વક ભાવભરી વિદાય આપી. બીજે દિવસે 'મુંબઈ બંધ'ના અંગે તર્ક-વિર્તક કરતાં અમે સૌ પણ અમારા યજમાનદંપતીનો આભાર માનીને છૂટા પડ્યાં.

સંપૂર્ણ

સુબોધભાઈ એમ. શાહ

# મુનિશ્રી ચિત્રભાનુના પરદેશગમનના સંદર્ભમાં મળેલા બે પત્રો

## (૧) મુનિશ્રી ચિત્રભાનુનો સમુદ્રપ્રવાસ શાસ્ત્રસંમત છે?

મુનિશ્રી ચિત્રભાનુના યુરોપ પ્રવાસ અંગે જૈન સમાજમાં ભારે ખળભળાટ મચ્યો છે. પણ આ કોઈ નવીન વાત નથી. બહુ પ્રાચીનકાળના જૈન નિર્ગ્રંથશ્રમણો સમુદ્રપ્રવાસ ખેડતા એના અનેક ઉદાહરણો નોંધાયેલા છે.

(૧) ભગવાન મહાવીરના નિર્વાણ સમય બાદ તરત જ લોહિતાચાર્યે પોતાના શિષ્યો સહિત દક્ષિણમાં લંકા સુધી જૈનધર્મનો પ્રચરા કરવા સમુદ્રપ્રવાસ કર્યો હતો. જેનો બૌદ્ધભિક્ષુ ધેનુસેન વિરચિત મહાવંશ–કાવ્યમાં ઉલ્લેખ છે કે સિહલદ્વીપના રાજા પનુગાનયેએ જૈન નિર્ગ્રંથો માટે ગિરિ નામનું સ્થાન બંધાવી આપ્યું હતું (વાંચો ત્રિપુરી મહારાજકૃત જૈનપરંપરાનો ઇતિહાસ ભા. ૧લો પાનું ૧૭)

(૨) કાલકાચાર્ય જેમની આજ્ઞા નીચે આજે શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘનો મોટો ભાગ ચાલે છે એ આચાર્ય ઈરાન જેવા અનાર્ય દેશમાં તો ગયા હતા પણ પાછા ફરતાં ૯૬ શાહી રાજાઓ સાથે એ સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં ઊતર્યા હતા (જૈન પરંપરાનો ઇતિહાસ પાનું ૨૨૬).

(૩) સોપારક નામનો એક રાજદૂત યુનાન ગયો હતો. તેની સાથે એક જૈનાચાર્ય પણ ગયા હતા. એમણે ત્યાં જૈનધર્મનો સારો પ્રચાર કર્યો હતો. અને છેવટે એથેન્સ (ગ્રીસ) માં સમાધિ મરણ તેમણે પ્રાપ્ત કર્યું હતું. (Indian Historical Quarterly P. II Page 2 3)

(૪) જર્મન ઇતિહાસ લેખક વાનક્રેમર લખે છે કે મિસરમાં જે 'સમાનિયા' સંપ્રદાય છે તે જૈન શ્રમણોનો જ અપભ્રંશ છે.

(૫) વિશ્વંભરનાથ પાંડે જણાવે છે કે–ઈશુના જન્મ પહેલાં જૈનધર્મ મધ્યપૂર્વમાં ખૂબ ફેલાયેલો હતો, જેણે યહૂદી તથા પાછળથી ઈસાઈ અને મુસ્લિમ ધર્મ પર પ્રભાવ પાડયો હતો.

(૬) ઇતિહાસવેત્તા પંડિત સુંદરલાલજીએ લખ્યું છે કે ઈસુ જૈન મુનિઓ પાસેથી ધાર્મિક શિક્ષણ પામ્યો હતો.

(૭) યુનાની વિદ્વાન એરિસ્ટોટલે ઈ. સ. પૂર્વે ૩૩૦ પહેલાં કહેલું કે યહુદીઓ જૈન સાધુ હતા જે પાછળથી જુડિયામાં રહેવાને કારણે યહુદી સંજ્ઞા પામ્યા હતા.

(૮) મેજર જનરલ જે. સી. ફર્લાંગે લખેલા Science of Comparative Religions નામના પુસ્તકના પાના ૧૪માં લખ્યું છે કે જૈન મુનિઓ સમસ્ત પૃથ્વી પર વિહાર કરવા લાગ્યા હતા.

(૯) ફર્ગ્યુસન નામના શિલ્પશાસ્ત્રીએ 'વિશ્વ કી દષ્ટિ' નામના પુસ્તકમાં પાના ૨૬ ઉપર લખ્યું છે કે મક્કામાં પણ જૈન મંદિરો હતા.

આ બધાં પ્રમાણો જણાવે છે કે પ્રાચીન કાળના જૈનનિર્ગ્રંથ શ્રમણો મિશનની ભાવનાથી સમુદ્રપ્રવાસ ખેડતા તેમ જ દૂર-દૂરના અનાર્ય દેશો સુધી પણ વિહાર કરતા. પણ જ્ઞાનમાર્ગ ઝાંખો પડવાથી ક્રિયાકાંડ પર વધુ પડતો ભાર દેવાને કારણે પાછળથી આચારવિચારના નામે સાંકડી મનોવૃત્તિ પોષાવા લાગી હશે એમ સહેજે કલ્પી શકાય છે.

આથી મુનિશ્રીનો પરદેશ પ્રવાસ પરંપરા સંમત છે. હા, એટલું ખરું કે એ પ્રવાસ પાછળ મુનિશ્રીને કેવળ પ્રતિષ્ઠાનો મોહ હશે તેમ જ પ્રવાસમોજનો હેતુ હશે તો એમનું કાર્ય એ અધર્મરૂપ ગણાશે ને એ પોતે પડશે. પણ જો એની પાછળ કેવળ જૈનધર્મના પ્રચારનો શુદ્ધ હેતુ હશે તો એ જૈનધર્મના ઇતિહાસમાં એક યશકલગી સમાન ગૌરવઘટના ગણાશે.

આજે યુરોપ–અમેરિકામાં બૌદ્ધો વૈદિકોના સેંકડો મઠો–આશ્રમો–મંદિરો સ્થપાઈ રહ્યા છે અને જ્યારે નવા બનેલા યુરોપિયન ભક્તો ભજનકીર્તન કરતા નગરયાત્રા કરે છે ત્યારે ઘણીવાર તો વાહનવ્યવહાર પણ બંધ કરવો પડે છે. આવી પરિસ્થિતિમાં જો આપણે ઉપાશ્રયોમાં જ ગોંધાઈ રહીશું અને આશાતના કે વાયુકાયની હિંસાને નામે પ્રચારવૃત્તિને જ ધર્મ માન્યા કરશું તો એના જેવી ભગવાન મહાવીરની બીજી કઈ મોટી આશતના ગણાશે? અને એવી ખોટી કલ્પનાએ જ ભગવાનની ૨૫૦૦ મી નિર્વાણ તિથિની ઉજવણીનો પણ આપણે વિરોધ કરવા લાગ્યા છીએ ને એ રીતે ભગવાનના નામને જ ભૂલવાનો આપણે પ્રયત્ન કરી રહ્યા છીએ. સાચું કહીએ તો એવી જડવૃત્તિના પ્રત્યાઘાત રૂપે જ મુનિશ્રીના પરદેશગમન જેવી ઘટનાઓ ઊભી આવવાની છે.

અમદાવાદમાં હમણાં થોડા વખત પહેલાં જ એક આચાર્યે એક લાખ પુષ્પો દ્વારા મહાપૂજન કરાવ્યું તેમ જ શત્રુંજય પર અનેક ઘડાથી મૂર્તિનું પ્રક્ષાલન થઈ જવા છતાં હજારો ભકતો ઘડાના ઘડા પાણી ભગવાન પર ઠાલવે જાય છે. એથી કહેવું પડે છે કે એક પાણીના ટીપામાં સેંકડો–હજારો જીવો હાલતાં–ચાલતાં વિજ્ઞાને સિદ્ધ કર્યા છે છતાં ભકિતને કારણે એવી હિંસાનો દોષ લાગતો નથી તો જેની પાછળ જૈનધર્મની શુદ્ધ પ્રભાવનાનો જ હેતુ હોય તો મોટર–વિમાનદ્વારા થતી વાયુકાયાદિ હિંસાનો દોષ શા માટે?

આ તો જાણીતી હકીકત છે કે યુગપ્રધાન વજસ્વામી હિમવંતગિરિપરથી તાજાં પુષ્પો પ્રભુપૂજા માટે સંઘને લાવી આપતા. હિમવંતગિરિ તો અહીંથી લાખો ગાઉ દૂર આવેલો હોઈ વજસ્વામી ભલે વિમાનદ્વારા નહીં પણ પોતાની આકાશગામિની વિદ્યાદ્વારા ગયા હશે. પણ તીવ્ર ઝડપને કારણે જોરદાર ઘર્ષણ હવા સાથે થાય જ, અને જેટલા પ્રમાણમાં ઘર્ષણ તીવ્ર તેટલી વાયુકાયની હિંસા વિશેષ. છતાં એમના આ કાર્યને ધર્મકાર્ય માનવામાં આવ્યું છે તો તેમની અપેક્ષાએ બહુ જ ધીમી ગતિએ ચાલતી મોટર કે વિમાનમાં કઈ મોટી હિંસા થઈ જવાની હતી?

અને છેવટે તો કર્મબંધ પરિણામ પર જ આધાર રાખે છે અને એટલે જ ભગવાને કોઈ પણ વિધિનિષેધનો આગ્રહ ન રાખતાં જેમ વાણિયો લાભ–ખોટનો વ્યાપારમાં વિચાર કરે છે તેમ સાધકે પણ કોઈ કાર્ય ઉપસ્થિત થતાં પોતે ચડી રહ્યો છે કે પડી રહ્યો છે એનું આંતરનિરીક્ષણ કરી સચ્ચાઈ પૂર્વક વર્તે એમ કહ્યું છે. (નિશીથ ગાથા ૨૦૬૭) ભગવાનની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જોઈ વર્તવાની આજ્ઞા પણ આ જ કારણે છે. ભારતમાં આજે પાંચ–દશથી માંડી વીસ હજાર ચોરસ માઈલ જેટલા પ્રદેશો છે કે જ્યાં કોઈ નદી જ નથી. છતાં ભગવાને એવા ભાગોમાં જ જકડાઈ રહેવાનું ન કહેતાં ધર્મપ્રભાવનાને કારણે નદીઓ ઓળંગી અન્ય પ્રદેશોમાં પણ જવાની છૂટ આપી છે તો એ જ ભગવાન આજની પરિસ્થિતિમાં સાગરો પાર કરવાની રજા ન આપત?

આ પ્રશ્ન એક વિચારણા માંગે છે.

– રતિલાલ મફાભાઈ શાહ

## (૨) ક્રાંતિની ઝાલરી

જૈન ધર્મના સિદ્ધાંતો જગતના ચોકમાં મૂકવાના ચક્રો ગતિમાન થયા છે. ભારતની સંસ્કૃતિ યોગપ્રધાન છે. પાશ્ચાત્ય સંસ્કૃતિ ભોગપ્રધાન છે. પાશ્ચાત્ય જગતને અધ્યાત્મની ભૂખ જાગી છે. વિજ્ઞાનના નવનવા પ્રયોગો થતા રહે છે, પણ તેનાથી સાચી શાંતિ નથી જ નથી. જૈન ધર્મના સિદ્ધાંતો અહિંસા, અપરિગ્રહ અને પ્રાણી

માત્ર પ્રત્યે દયા તરફ જગતની પ્રજાઓને વાળવાની અત્યંત આવશ્યકતા છે. ટેમ્પલ ઑફ અન્ડરસ્ટેન્ડીંગમાં જૈન ધર્મ સિવાયના છ ધર્મોનો ઉલ્લેખ છે. ત્યાં જૈનધર્મ જેવા વિશ્વશાંતિ પ્રબોધક ધર્મનું નામ નથી. નવા વિચારોના પ્રવાહોને ઝીલનારા, સમજનારા ચિંતકને આ કેમ પાલવે? જગતના વિદ્વાનો, ચિન્તકો, વિચારકો વિશ્વશાંતિનો પરિસંવાદ યોજતા હોય, વિચાર-વિનિમય કરતા હોય, જગતને શાંતિનો નવો રાહ ચીંધતા હોય, આજના બળબળતા પ્રશ્નોની ચર્ચા કરતા હોય, નવા સર્જનનો કોયડો ઉકેલવા મંથન થતું હોય, વિનાશનું તાંડવ જગતભરમાં ખેલાતું અટકાવવા આયોજન થતું હોય ત્યારે મુનિ ચિત્રભાનુ જેવા જૈન ધર્મના ચિન્તક એ પરિષદને વિશ્વશાંતિનો પેગામ આપવા જઈ પહોંચે તેમાં જૈનધર્મનું ગૌરવ નથી શું? હા, જૂનવાણીમાનસ અને ધર્મધુરંધરોને આંચકો લાગે તે સ્વાભાવિક છે. પણ જૈન ધર્મમાં આજ સુધીમાં ઘણાં પરિવર્તનો થયાં છે અને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ પ્રમાણે પરિવર્તન કરવાં રહ્યાં. જગત શાંતિને ઝંખે છે ત્યારે અહિંસાની ચંદ્રિકા જ સાચી શાંતિ સર્જી શકશે. મુનિશ્રી ચિત્રભાનુ ક્રાંતિની ઝાલરી ઝણઝણાવે ને વિશ્વને નવો રાહ દર્શાવે એ જ અભ્યર્થના.

**સરલા સુમતિચંદ્ર શાહ**
**સુમતિચન્દ્ર શિવજીભાઈ શાહ**

# કર્મયોગી સ્વ. ભાઈલાલભાઈ

કેટલીક વ્યકિતઓ સો વર્ષ જ નહિ સેંકડો વર્ષ સુધી જીવે એમ આપણે ઈચ્છીએ. તેઓ માત્ર વ્યક્તિ નથી હોતી, સંસ્થા હોય છે. ભાઈકાકા એવી વ્યકિત હતા. ગુજરાતને તેમણે શું આપ્યું છે અને તેમને ગુમાવીને આપણે શું ગુમાવ્યું છે તેનું મૂલ્યાંકન થઈ શકે નહિ.

લગભગ અઢી દાયકા પહેલાં જે આમ્રવૃક્ષ નીચે બેસીને, ભાઈકાકાએ સરદાર પટેલ યુનિવર્સિટીની અને તેને સમાવી લેતા વલ્લભ વિદ્યાનગરની યોજના ઘડી હતી તે આમ્રવૃક્ષ નીચે ગયા મંગળવારે ભાઈકાકાનો નિર્જીવ પાર્થિવ દેહ મૂકવામાં આવ્યો ત્યારે એમ લાગતું હતું કે માત્ર આ શરીરમાંથી જ નહિ, ભાઈકાકાએ રચેલી આ સુંદર સૃષ્ટિમાંથી પણ આત્મા ઊડી ગયો છે.

તા. ૭મી જૂન ૧૮૮૮ના દિવસે સોજિત્રા ગામમાં ગરીબ મા-બાપને પેટે જન્મેલા ભાઈલાલભાઈ દ્યાભાઈ પટેલે નાની વયે માબાપ ગુમાવ્યા હતાં, ૪૮ વર્ષની વયે પ્રેમાળ પત્ની ગુમાવી હતી. નાની વયે તેઓ વિદ્યા પ્રાપ્ત કરવાની તપશ્ચર્યામાં તલ્લીન બની દુ:ખ ભૂલી ગયા, મોટી વયે વિદ્યા આપવામાં.

ભાઈની ઓથ અને શિષ્યવૃત્તિ મેળવીને પૂના જઈ ઈજનેર થયા પછી ભાઈલાલભાઈએ સરકારી નોકરીમાં પહેલાં મહારાષ્ટ્રની (તે સમયના મુંબઈ પ્રાંતની) સેવા કરી, પછી સિન્ધની.

અમદાવાદની સુધરાઈના પ્રમુખપદે પહોંચેલા સરદાર પટેલ હીરાને તરત પારખી લે એવા ઝવેરી હતા. તેમણે અમદાવાદના નવનિર્માણ માટે ભાઈકાકાને બોલાવી લીધા. આજે કાંકરિયા તળાવ અને ઉદ્યાન ભાઈકાકાની ઈજનેરી કળાદષ્ટિ અને પ્રકૃતિપ્રેમનું સ્મરણ કરાવે છે.

૧૯૪૨ના રાષ્ટ્રીય આંદોલનથી ભાઈકાકાને ખાતરી થઈ ગઈ હતી કે, તેમનું સ્થાન હવે સરકારી નોકરીમાં નથી, રાષ્ટ્રના નવનિર્માણમાં છે. તેઓ સ્વાતંત્ર્યના ઉદયની ઉષા જોઈ શકતા હતા અને કેળવણી તથા જ્ઞાન-વિજ્ઞાન વિના સ્વાતંત્ર્ય નિરર્થક બની જશે એમ સમજતા હતા. તેમણે રાષ્ટ્રીય દષ્ટિથી એક સર્વગ્રાહી વિદ્યાપીઠ રચવા આણંદથી પાંચ માઈલ પશ્ચિમે વિશાળ જગ્યા પસંદ કરી, અને સરકારની મદદ મેળવ્યા વિના ખેડૂતો પાસેથી વિશાળ જમીનો ખરીદી લીધી. એ વિદ્યાનગરના નિર્માણમાંથી નાણાં ઉપજાવીને ખેડૂતોને વળતર ચૂકવી સંતુષ્ઠ કર્યા. સરદાર પટેલનું એક શ્રેષ્ઠ સ્મારક આ વિદ્યાપીઠ અને વિદ્યાનગર છે. તેના વૃક્ષાચ્છાદિત માર્ગો અને ભવ્ય વિદ્યાભવનોમાં ફરી વળો ત્યારે ખ્યાલ આવે કે ભાઈકાકાએ ગુજરાતને શું આપ્યું છે.

સિંધના રેગીસ્તાનને સક્કર બેરેજની નહેરો વડે હરિયાળુ કરી આવેલા ભાઈકાકા વનસ્પતિના પ્રેમી હતા. આથી વિદ્યાનગરના માર્ગો પર જાતજાતનાં વૃક્ષો વાવીને તેને હરિયાળું અને પક્ષીઓના કલ્લોલથી ગુંજતું કર્યું. અમદાવાદમાં જ્યાં ગંધાતા પાણીના તળાવડા અને ઉકરડાના ઢગલા હતા, ત્યાં કાંકરિયામાં તેમણે નંદનવન બનાવી દીધુ છે. ગુજરાત પ્રકૃતિ મંડળના મુખપત્ર 'પ્રકૃતિ'માં ૧૯૪૨માં તેનું છપાયેલું વર્ણન વાંચવા જેવું છે. વલ્લભ વિદ્યાનગરમાં વનરાઈ વચ્ચે ભાઈકાકાનો 'કુલપતિ નિવાસ' જોઈને યાદ આવે કે ભાઈકાકા વનસ્પતિ અને પક્ષીઓથી અળગા થઈ શકે જ નહિ.

શ્રી એચ. એમ. પટેલ આઈ. સી. એસ. થઈને ૧૯૨૮માં મદદનીશ કલેક્ટર તરીકે સિંધમાં નિમાયા ત્યારે ત્યાં તેઓ ભાઈકાકાના સંસર્ગમાં આવ્યા અને કર્મયોગી ભાઈકાકાના મિત્ર તથા પ્રશંસક બની ગયા. એચ. એમ. પટેલે લખ્યું છે કે, ૧૯૩૬માં મારી બદલી થઈ ત્યારથી અમે વિખૂટા પડયા અને છેક સ્વતંત્રતા મળ્યા પછી દિલ્હીમાં અમે ભેગા થઈ ગયા.

આ બે તેજસ્વી પટેલો વલ્લભવિદ્યાનગરમાં વસ્યા, વિદ્યાપ્રચારમાં ભેગા રહ્યા અને રાજકારણમાં-સ્વતંત્ર પક્ષમાં-પણ ભેગા મળીને કામ કર્યું. ભાઈકાકા સામે ટીકાકારોનો એક વાંધો એ હતો કે તેઓ કેળવણીક્ષેત્રે રહીને રાજકારણથી રંગાયેલા હતા. આથી સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપ-કુલપતિપદે તેમની મુદત પૂરી થતાં તે લંબાવી આપવામાં આવી નહિ. કૉંગ્રેસ છોડીને ગુજરાતમાં સ્વતંત્ર પક્ષની સ્થાપના કરનાર અને પછી જીવનના છેલ્લા દિવસો સુધી કૉંગ્રેસને સખત લડત આપનાર ભાઈકાકાની ઘણી ટીકા અને મજાક પણ કરવામાં આવતી હતી. જો તેઓ છેવટ સુધી કૉંગ્રેસમાં હોત તો તેમણે ગુજરાતમાં લગભગ સર્વોચ્ચ સ્થાન ભોગવ્યું હોત. પરંતુ ભાઈકાકા કર્તવ્યમાં તેમ વિચારોમાં હમેશાં પ્રામાણિક રહ્યા હતા. તેમને ધન, માન કે હોદ્દા નહોતા જોઈતા. તેઓ પોતાની પ્રામાણિક માન્યતા પ્રમાણે લોકહિતના જે ધ્યેયને વરેલા હતા તે માટે કામ કરવામાં માનતા હતા. એમના વિચારો અને નીતિ સાથે સંમત ન થઈ શકે તેઓ પણ તેમની નિષ્ઠાને માન આપશે. છેલ્લે ભયજનક માંદગીથી પીડાતા હોવા છતાં તેમણે ડૉક્ટરોની સલાહની ઉપેક્ષા કરીને વિધાનસભામાં હાજરી આપી. રાજ્યસભાની ચૂંટણીમાં મતદાન કર્યું, અને કાળે તેમને તા. ૩૧-૩-'૭૦ના રોજ ઝુંટવી લીધા.

('જન્મભૂમિ પ્રવાસી'માંથી સાભાર ઉદ્ધૃત) **સોહમ્**

# ધરતીનો ધબકાર

(સમાજના તમામ સ્તરના લોકોનાં જ નહિ પણ રાજકીય પ્રતિસ્પર્ધાઓનાં પણ માન-આદરને પાત્ર બની શકનાર ગુજરાતના 'ભાઈકાકા'નું ૮૩ વર્ષની વયે ૩૧મી માર્ચે અવસાન થયું. તેમની સાથેની કેટલીક મુલાકાતો પરથી સંકલિત કરીને નીચેનું તૈયાર કરવામાં આવેલું લખાણ તા. ૬-૪-૭૦ના 'ભૂમિપુત્ર'માંથી ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. તેમાં ધરતી સાથેના તેમનાં તાદાત્મ્યનો આપણને પ્રેરક પરિચય થાય છે. **-પરમાનંદ**)

હું ધરતીનો ભક્ત છું. પરંતુ ધરતી પરના ચહેરા મને પસંદ નહોતા. એ મારે બદલવા હતા એટલે ઈજનેર થયો. પરંતુ ત્રણ-ત્રણ દાયકાની ઈજનેરી બાદ મને થયું કે માનવની સિકલ અને સિકલ

બન્ને બદલવાં હોય તો રાજકારણના રંગે રંગાયા વિના છૂટકો નથી.

સેવાના ક્ષેત્રમાં પડવાના વિચારનો તણખો હું પ્રિવિયસમાં હતો ત્યારે મગજમાં મૂકાયેલો. મહાભારતમાં કૌશિક આખ્યાનમાં દરેક માનવીએ જીવનમાં ચાર આશ્રમો પ્રમાણે પોતાનો ધર્મ બજાવવો જોઈએ તેમ પ્રતિપાદન કર્યું છે. આ તે વખતે વાંચેલું ત્યારથી મનમાં ગાંઠ વાળેલી કે અભ્યાસ વખતે બરાબર ભણવું, ધંધા વખતે કમાઈ લેવું અને નિવૃત્ત થયા પછી સેવાના ક્ષેત્રમાં પડવું.

મહાત્માજીએ ગ્રામોદ્ધારની પ્રવૃત્તિ શરૂ કરી એટલે સરકારને પણ દેખાવ કરવાની જરૂર પડી કે પોતાની નજર બહાર ગામડાઓનું હિત નથી. તે માટે સરકારે ગ્રામોદ્ધારની યોજના વિચારવા માંડી. ૧૯૩૨ માં મુંબઈના ગવર્નર સર ફેડરિક સાઈટે દરેક જિલ્લાના અધિકારી પાસેથી પોતપોતાનું ખાતું ગ્રામોદ્ધારમાં શો ભાગ ભજવી શકે તે અંગે અભિપ્રાય માગ્યો. તે વખતે હું લારખાનામાં હતો. મારે પણ અભિપ્રાય આપવાનો આવ્યો. મેં એક લાંબો રિપોર્ટ સરકાર ઉપર મોકલ્યો. તે વખતથી એમ થયેલું કે ગામડાની પ્રજાને ઉપયોગી થવાય તેવી પ્રવૃત્તિમાં પડવું.

મારી કલ્પના પ્રજાનું માનસ બદલવાની છે. આજે એ જે સ્થિતિમાં છે એ સ્થિતિ એને કઠે, સારી રીતે જીવવાની એનામાં ચિનગારી મૂકાય તેમ કરવાનું છે. ગામડાંને પાણીની સગવડ, ખેતી માટે અને પીવા માટે પૂરતી મળે, વીજળી દ્વારા ચાલતા ગૃહઉદ્યોગ મળે તો એનામાં નવું ચેતન આવે તેમ હું માનું છું. શહેરમાં આવનારને જે ફેર પડે છે તે વાતાવરણને આભારી છે. કેળવણીથી ગામડાંની ચાલુ ઘરેડ બદલાય. એ માટે વિદ્યાનગર કેળવણીની સંસ્થાઓ પૂરતું મર્યાદિત નથી. એ ઉત્પાદનમાં પણ માને છે. એ માટે એ ગામડાંની પ્રયોગશાળા બનશે, મદદરૂપ બનશે, ને જે ગામને એવી સેવા જોઈતી હશે તેને એ આપવા પ્રયત્ન કરશે.

સોંઘવારીમાં દરરોજ દોઢ રૂપિયાની સિગારેટ હું પીતો. પરંતુ જે દિવસે ધરાસણાના લાઠીમારના સમાચાર પેપરમાં વાંચ્યા તે જ દિવસે સિગારેટને વિદાય આપી દીધી. જે સરકાર આવી જુલમી હોય, તેના દેશમાં દરરોજ દોઢ રૂપિયો મોકલી આપવો એ મારે માટે ગુનો છે એમ માની સિગારેટને રામરામ કર્યા.

તો હૂકો છોડયો એ કારણે કે, વિદ્યાનગર જેવા વિદ્યાના ધામમાં એ મારા મોમાં શોભતો નથી. એક અંગત વ્યક્તિ તરીકે મારા મોંમાં એ હોય તે નિભાવી લેવાય, પરંતુ વિદ્યાની સંસ્થાના એક સેવકના મોમાં હૂકાની નેહ હોય એ અઘટિત તો છે એમ લાગતાં હૂકો પણ છોડયો. વ્યસન માણસને વળગ્યું નથી, માણસ વ્યસનને વળગ્યો છે.

સારા નેતામાં માનવતા હોવી જોઈએ. માનવતાવાદ એ મોટી વસ્તુ છે. હું દાખલો આપું એ પરથી વાત કદાચ વધારે સમજાશે. ૧૯૪૫માં મેં વિદ્યાનગર શરૂ કર્યું. એનો પાયો નંખાવ્યો કરમસદના હરિજન શનાજી દલાજી પાસે. પછી તો ત્યાંના વૉટરવર્ક્સ પર પણ ભંગીઓને રાખ્યા. પટાવાળા પણ ભંગી રાખ્યા. એમને વગર વ્યાજની લોને ભેંસો બંધાવી. એમનાં બૈરાંને કામ અપાવ્યું. ઘર બાંધી આપ્યાં. પટાવાળાથી તે પ્રોફેસરોનાં ઘર થયાં ત્યાં સુધી હું ને બીજા ત્રણ કાર્યકર્તાઓ એક રૂમમાં રહ્યા.

નેતૃત્વ માટે નમ્રતા અને માનવતા ઉપરાંત મોટી વાત છે—લોકોને સમજાવીને કામ લેવાની. અમદાવાદનો કિલ્લો તોડવાનો હતો તે વખતે લોહી વહેવડાવવા સુધીની વાતો થતી હતી. હું તે વખતે એન્જિનિયર. મેં આગેવાનોને બોલાવીને સમજાવીને કિલ્લો તોડાવ્યો. કામ હંમેશાં સમજાવટથી થવું જોઈએ.

ભાઈકાકા

## સાભાર સ્વીકાર

**લગ્નસાગર**: લેખક: રેવ. ફાધર વાલેસ. પ્રકાશક: ગુર્જર ગ્રંથ રત્ન કાર્યાલય, ગાંધીધામમાર્ગ, અમદાવાદ-૧ કિંમત રૂા. ૯-૫૦

**સ્વ. બળવંતરાય મહેતા સ્મૃતિગ્રંથ**: પ્રકાશક: લોકશિક્ષણ ટ્રસ્ટ, પગદંડી કાર્યાલય; ગઢની રાંગ, ભાવનગર, કીંમત રૂ. ૧૦

**રાજસ્થાન રો મેળો-૧૯૬૯** પ્રકાશક: શ્રેયસ ફાઉન્ડેશન, અમદાવાદ-૯.

**પ્રગતિનું પારખું: ભારતીય રાષ્ટ્રીય કૉંગ્રેસનું ૭૩ મું અધિવેશન** સ્મૃતિગ્રંથ: પ્રકાશક: ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ, કૉંગ્રેસ ભવન, ભદ્ર, અમદાવાદ-૧. કીંમત રૂ. ૫

**જીવન-ગીતા**: શ્રીમદ્ ભગવદ્ગીતાનું પદ્યમાં મુક્ત વિશદ નિરૂપણ: સંપાદક: શ્રી ભીખુભાઈ હરીભાઈ પટેલ, પ્રકાશક: હરિ: ૐ આશ્રમ, નડિયાદ, કિંમત રૂ. ૨-૨૫.

**ગાંધી: જેવા જોયા – જાણ્યા વિનોબાએ**: સંપાદક: શ્રી કાન્તિ શાહ, પ્રકાશક: યજ્ઞ પ્રકાશન, ભૂમિપુત્ર, હુઝરાતપાગા, વડોદરા. કિંમત રૂ. ૨-૫૦.

**ત્રીજી શકિત**: લેખક: શ્રી વિનોબા ભાવે, પ્રકાશક, ઉપર મુજબ, કિંમત રૂ. ૨-૦૦.

**શ્રી સોભાગ પ્રત્યે; શ્રીમદ્ રાજચંદ્રના પત્રો**: પ્રકાશક: શ્રી ત્રિકમલાલ મહાસુખરામ શાહ, પ્રમુખ શ્રીમદ્ રાજચંદ્ર જન્મશતાબ્દી મંડળ, શ્રીમદ રાજચંદ્ર પાઠશાળા, પંચભાઈની પોળ, અમદાવાદ; કિંમત રૂ. ૨-૦૦.

**ગાંધીધ્વનિ**: લેખક, પ્રિન્સિપાલ હરિત બુચ; પ્રાપ્તિસ્થાન: ગુર્જરગ્રંથ રત્નકાર્યાલય, અમદાવાદ; કિંમત રૂ. ૧-૨૫.

**અમૃતમ્**: લેખક: શ્રી નાથાલાલ હ. જોશી. પ્રકાશક, શ્રી ભગવત્ સાધન સંઘ, ગોંડલ.

**એકાદશ વૃત્ત**: સંપાદક: આચાર્ય શ્રી વજુભાઈ પટેલ; પ્રકાશક: શ્રી ચંદુલાલ નાણાવટી, કન્યા વિનયમંદિર, વિલેપાર્લે, મુંબઈ-૫૬. કિંમત રૂ. ૨-૫૦.

**ગીતાંજલિ: એક અધ્યયન**: લેખક: શ્રી ગુરુદયાલ મલ્લિક પ્રકાશક: રૂપાયતન પ્રકાશન, રામકૃષ્ણનગર, શેરી ૨, રાજકોટ, કિંમત રૂ. ૧-૨૫.

**દાંડીકૂચ**: લેખક: કવિ મણિભાઈ દેસાઈ તથા કવિ જયકૃષ્ણ સુરતી; પ્રકાશક: સંન્નિષ્ટ પ્રકાશન, માવળંકર હવેલી; ભદ્ર, અમદાવાદ-૧. કીમત રૂા. ૩-૦૦.

**યુગપુરુષ ગાંધીજી**: લેખક: શ્રી ઈન્દુલાલ યાજ્ઞિક: પ્રકાશક ઉપર મુજબ, કિંમત ૦-૪૦ પૈસા.

**વેરની વસૂલાત**: શ્રી ચીનુભાઈ ગી. શાહ, પ્રકાશક: ખાદી વિકાસ સંઘ, જૂના વાડજ, અમદાવાદ, કિંમત ૩૦ પૈસા.

**ક્રિયાકોષ**: સંપાદક: શ્રી મોહનલાલ બાંઠિયા તથા શ્રી શ્રીચંદ ચોરડિયા; પ્રકાશક: જૈન દર્શન સમિતિ, ૧૬-સી ડોવર લેન, કલકત્તા-૨૯. કિંમત રૂા. ૧૫-૦૦.

**ગાંધીવંદના**: સંપાદક: શાંતિલાલ કે. મહેતા (વિલોચન) ઠે. આર. એલ. મહેતા D-1 સ્ટેટ બેંક કૉલોની, કાળા ગરનાળા, ભાવનગર, કિંમત રૂ. ૩-૦૦.

**ગાંધીજીની અહિંસાનું પુનરાવલોકન**: લેખક: આચાર્ય રજનીશજી (મૂળ હિંદી:) અનુવાદક: સૌ. ઈન્દુબહેન રામજીભાઈ; પ્રકાશક: આર. અંબાણી એન્ડ કંપની, જીમખાના સામે, રાજકોટ-૧. કિંમત: ૫૦ પૈસા.

# 'મેં જોયેલા કેટલાક રહસ્યવાદીઓ'

(શ્રી ગુરુદયાળ મલ્લિક રચિત "DIVINE DWELLERS IN THE DESERT" ના છેલ્લા પ્રકરણ 'Some of the mystics I have met' ના બીજા કિસ્સા પરથી. પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૩-'૭૦ ના અંકથી અનુસંધાન).

[૨]

એની આંખોમાં પ્રિયતમ પ્રભુનું સૌન્દર્ય ઝળકી રહ્યું હતું, એના દેહમાં પર્વત-શી અચળતા હતી, એનો ભાલપ્રદેશ પરમાત્માનું પાદાસન હતો અને એના અંગ ને મુખારવિંદ પર મૃગવર્ણી મોહકતા હતી. જ્યારે હું એને મળવા ગયો ત્યારે એ એના એક સહ-સાધકના ઘરમાં પ્રાર્થનાની સાદડી પર બેઠો હતો. મેં એને નમસ્કાર કર્યા અને એની બાજુમાં બેઠો.

એટલામાં અચાનક જ વરસાદ આવ્યો અને મૂશળધાર વરસી રહ્યો. આ સંતની મૌનની કમાન પણ ધસારા સાથે ઉછળતી એક સાદા સરળ વાક્પ્રવાહરૂપે વહેવા લાગી.

"વરસાદ વરસી રહ્યો છે. પ્રભુના અનુગ્રહનો આ વરસાદ છે. પ્રભુની પ્યાસના પ્રકાશમાં ધૂળના એ જ ડાઘા ધોવાઇ રહ્યા છે. નીચે, સાગરના પેટાળમાં છે પેલી પોચટ છીપ-માછલી. આજે તેણે સમાચાર સાંભળ્યા છે વર્ષાના આગમનના. કોણે એ તેને પહોંચાડયા? તેનું મ્હોં પૂરતું ખુલ્લું છે. બસ માત્ર વર્ષાના બિંદુનો તેને સ્પર્શ થવા દો અને તેનું અમૂલ્ય મોતીમાં રૂપાંતર થઇ જશે!

"પરંતુ પ્રેમના આ કરુણાર્દ્ર પુકારને આજે કોણ ગ્રહણ કરે યા સુણે છે? પ્રત્યેક વ્યક્તિ પાંડિત્યના પરિગ્રહ પાછળ પૂરપાટ દોડી રહેલ છે. અને આ પાંડિત્ય એક પર્દા જેવું છે કે જે માણસને પોતાના પ્રિયતમના સતત સંગાથથી દૂર રાખે છે. સૌ કોઇ પોતાની જાતને સુખભોગની ચિન્તા ને તલસાટની પાછળ ઢસડી રહેલ છે, પરંતુ સાધનાના પવિત્ર ધામમાં સંવેદનાના સ્મૃતિ-મંદિરમાં, એક નાનાશા ગોખ સારુ પણ કદી કોઇ પ્રેમનું ક્રંદન કરે છે ખરૂં?

"પ્રભુએ પોતાના સારાયે સર્જનને અન્ન-વસ્ત્ર પૂરા પાડવાનું માથે લીધું છે. જેની સાથે આપણે સંમત થયા હતા તે એક માત્ર શરત એ હતી કે પશ્ચિમમાં સૂરજ ઢળે તે પહેલાં આપણે તેને-પ્રભુને-શોધીશું. પરંતુ દિવસ મેળાના દેખાવો અને દેકારા માણવામાં વીતી ગયો છે અને અંધકારે આપણને ખૂબ ઘેરી લીધા છે એ જ જોવા માટે આપણે ઘેર પાછા ફરીએ છીએ. ધિક્કાર છે આપણને કે આપણે આપણા અંતરાત્માને બેવફા નીવડયા છીએ!

"પુસ્તકો શા કામના છે? માણસ ન તો માત્ર પુસ્તકોથી જીવે છે, ન રોટલાથી. તેને પ્રેમના શિક્ષણ અને પોષણની આવશ્યકતા છે. એ મોટામાં મોટી વાસ્તવિકતા છે. જો એમ ન હોત તો પ્રભુએ ક્રૉસને પોતાની મરણપથારી ન બનાવી હોત અને પ્રેમીએ પોતાની જાતને એક ચાળણી અને એક હાડપિંજર ન બનાવેલ હોત!

"આપણે વ્યાપાર-સ્થળના રસિયા છીએ. વ્યાપારીની યુકતિઓના આપણે નિષ્ણાત છીએ. આપણે સદાય વધારે ને વધારે માટે માગણી કરતા રહીએ છીએ. આપણે ભગવાનને ભવિષ્યની ભીડ ભાંગવા માટે પ્રાર્થતા રહીએ છીએ, પરંતુ તે માટે આપણી અભીપ્સા વિસ્તારવાના રૂપમાં આપણે અગાઉથી કદી કિંમત ચૂકવતા નથી.

"દુનિયાના માણસનું 'સર્વેસર્વા' છે પુરસ્કાર, બદલો, ફળ. સંપત્તિના વશીકરણને સાધવા માટે એ પોતાની જાગૃતિની પ્રત્યેક મિનિટ ખર્ચે છે. પરંતુ પ્રેમીનું સર્વેસર્વા તેના પ્રિયતમ-પ્રભુની વિશ્વાસપૂર્ણતામાં સરળ હૃદયની શ્રદ્ધા હોય છે. સાધકને કેવળ સંનિષ્ઠ બનવા દો.

"ઔષધના નિર્માતા ને વિક્રેતા પાસેથી આપણા ઘાવો (જખ્મો) માટે મલમ લેવા આપણે જઈએ છીએ. આપણે એ ભૂલી જઈએ છીએ કે આપણી અંદર જ ચિકિત્સક બેઠેલો છે અને જીવનનાં સઘળાં દર્દો માટેની તેની દવા છે-દુઃખ...વેદના...પ્રેમની આર્ત્ત પુકાર!"

તેણે બોલવું પૂરું કર્યું અને અમે તેની રજા લેવા ત્યાંથી ઊઠયા. તેણે અમને આશીર્વાદ આપ્યા અને અમે ઘરભણી જવા રસ્તો માપી રહ્યા. એ બધો વખત મારા કાનોમાં ગૂંજી રહ્યા હતા એક ગીતના સૂર:

"કોઈ એક શાશ્વતતાના અમૃતનો આસ્વાદ માણ્યો હોય તેથી શું થયું? જેણે કદી પ્રેમ કર્યો નથી એ કદી ખરેખર જીવ્યો નથી. માણસ પોતાના પાંડિત્યમાં સર્વસંગ્રહકોશ જેવો ભલે બને, પણ જો તેણે બાળકની જેમ પ્રેમનો આસ્વાદ માણ્યો ન હોય તો તેનું સઘળું સાધ્યું નિરર્થક ને કલેશરૂપ છે......"

જેવું મેં આ ગીત ગાયું કે આકાશના સિતારાઓ મારા પર હસ્યા અને ગુલાબ ને જૂઈ એ સૂરધારાને અનુસરવા મને સંકેત કરી રહ્યા.

અનુવાદક: * મૂળ અંગ્રેજી:

**પ્રા. પ્રતાપ જ. ટોલિયા** **શ્રી ગુરુદયાળ મલ્લિકજી**

તા. ક. જણાવતાં અત્યન્ત ગ્લાનિ થાય છે કે પ્રસ્તુત પુસ્તકના લેખક શ્રી ગુરુદયાલ મલ્લિકનું તા. ૧૪-૪-૭૦ ના રોજ ૭૪ વર્ષની ઉમ્મરે મુંબઈ ખાતે અવસાન થયું છે.

## સમાજવાદી કોણ?

સમાજવાદ સુંદર શબ્દ છે. હું જાણું છું ત્યાં લગી સમાજવાદ એટલે સમાજનાં બધાં અંગ સરખાં: ન કોઈ નીચાં, ન કોઈ ઊંચાં. નથી માથું ઊંચું કેમ કે તે શરીરની ટોચ પર છે, નથી પગનાં તળિયાં નીચાં કેમ કે તે જમીનને અડે છે. જેમ વ્યકિતના શરીરનાં બધાં અંગ સરખાં તેમ જ સમાજ-શરીરનાં. આવી માન્યતાનું નામ સમાજવાદ.

આ વાદમાં રાજા ને પ્રજા, ધનિક ને ગરીબ, માલિક ને મજૂર એવું દ્વૈત નથી. આ રીતે સમાજવાદ એટલે અદ્વૈતવાદ.

સમાજ ઉપર નજર નાખીએ તો જોઈએ છીએ કે બધે દ્વૈત જ છે. આ ઊંચો, પેલો નીચો; આ હિંદુ, પેલો મુસલમાન, ત્રીજો ખ્રિસ્તી, ચોથો પારસી, પાંચમો શીખ, છઠ્ઠો યહૂદી. વળી તેમાંય પેટાજાતિ. મારા અદ્વૈતવાદમાં આ બધાંનું એકીકરણ છે. એ બધાં અદ્વૈતમાં સમાઈ જાય.

આ વાદને પહોંચવા સારું આપણે એકબીજાની સામે જોયા ન કરીએ; જ્યાં સુધી બધાનો પલટો ન થાય ત્યાં લગી આપણે બેઠા રહીએ, જીવનમાં ફેરફાર ન કરીએ, ભાષણ કરીએ, પક્ષ બનાવીએ ને બાજ પક્ષીની જેમ જ્યાં શિકાર મળે ત્યાં ઝડપ મારીએ- આ સમાજવાદ નથી જ. સમાજવાદ જેવી ભવ્ય ચીજ ઝડપ મારતાં આપણાથી દૂર જ જવાની.

સમાજવાદનો આરંભ પહેલાં સમાજવાદીથી થાય. એકડો હોય ને તેની ઉપર મીંડાં ચડે તો યે તેમની કિંમત બેવડી નહીં પણ દશગણી થાય ને દરેક મીંડું ચડ્યે તેની કિંમત આગલાની દશગણી થતી જાય. પણ જો એક મીંડું જ હોય તો મીંડાં ગમે તેટલાં મેળવો છતાં તેમની કિંમત મીંડું જ રહેવાની; માત્ર કાગળ બગડશે અને મીંડાં ભરતાં મહેનત થાય તે એળે જાય.

વળી, સમાજવાદ અત્યંત શુદ્ધ વસ્તુ છે; તેને પહોંચવાનાં સાધન પણ શુદ્ધ હોવાં જોઈએ. ગંદાં સાધનથી ગંદું જ સાધ્ય સિદ્ધ થવાનું. તેથી રાજાને મારીને રાજા-પ્રજા સરખાં ન જ થાય, માલિકને મારીને મજૂર માલિક નહીં બને. આમ બધાને વિષે ઘટાવી શકાય.

* * *

સત્યવાદી, અહિંસક, પવિત્ર સમાજવાદી જ જગતમાં કે હિંદુસ્તાનમાં સમાજવાદ ફેલાવી શકે. સમાજવાદ આચરનારો દેશ હજુ કયાંય નથી. મેં બતાવ્યાં તે સાધન વિના એવી સમાજસ્થાપના અસંભવિત છે.

'હરિજનબંધુ' ૧૩-૭-'૪૭ ગાંધીજી

# ગાંધીજીનો સંદેશ

( ગતાંકથી ચાલુ )

પરદેશી સત્તાની ધૂંસરીમાંથી ભારતને મુકત કરવું એ તેમની દષ્ટિ સમક્ષ સૌથી અગત્યનું પ્રથમ કાર્ય રહ્યું; કારણ કે તેઓ સમજતા હતા કે કોઈ પણ ગુલામ દેશની પ્રજા સાચા અર્થમાં પોતાની પ્રગતિ સાધી શકતી નથી. પોતાના ક્રાન્તિકારી વિચારો સમજે, અપનાવે એવી પ્રજા તૈયાર કરી ભાંગેલા ભારતને બેઠું કરવું એ કાંઈ નાનું-સુનું કામ નહોતું. ભારતના જીવનનાં બધાં જ નબળાં અંગોની મરમ્મત કરવાનું ભગીરથ કાર્ય તેમની સામે પડેલું હતું. ગામડાંઓમાં પ્રવર્તતી ગરીબાઈ અને અજ્ઞાનતા દૂર કરી નાગાં ઉઘાડાં શરીરો તેમને ઢાંકવા હતા, કરમાયેલા ચહેરાઓ પરના આંસુઓ લૂછી ક્ષુધા-પીડિત ટળવળતાં એકેએક મોં સુધી અન્નનો કોળિયો તેમને પહોંચાડવો હતો.

**તેમનો સર્વલક્ષી પુરુષાર્થ**

આ કામને સફળ બનાવવા અર્ધી સદી સુધી તેમણે અવિરત પરિશ્રમ ઉઠાવ્યો. ગામડે ગામડે ઘૂમી હતાશ બની ગયેલી પ્રજાના જીવનમાં તેમણે પ્રાણ પૂર્યો. તેમની સત્યનિષ્ઠા, તમન્ના, જુસ્સો અને કાર્યદક્ષતાએ ભારતને ખળભળાવી મૂક્યું. નિસ્તેજ અને નિરુત્સાહી બની ગયેલી પ્રજામાં આશાનો સંચાર કરી નવું ચેતન પ્રગટાવ્યું અને માનવતાનો સાચો રાહ ચીંધનાર આ નાનકડા માનવીને લોકોએ 'રાષ્ટ્રપિતા'નું બિરુદ આપ્યું.

ગાંધીજીનો સંદેશ આખી દુનિયા માટે હતો. દુનિયાના જે દેશો ગુલામીમાં સબડતા હતા તેમણે તેમના જીવનમાંથી મુક્તિની પ્રેરણા મેળવી. આજે એશિયા અને આફ્રિકાના દેશો સ્વતંત્ર છે તે મહદ્-અંશે ગાંધીજીનાં પ્રેરણા અને જીવનસંદેશને આભારી છે.

ગાંધીજીએ ભારત પૂરતું જ પોતાનું કાર્યક્ષેત્ર મર્યાદિત રાખ્યું તેમાં પણ તેમની વ્યવહારુ સૂઝ હતી. પ્રથમ પોતાની માતૃભૂમિનાં અનિષ્ટોને દૂર કરી દેશને આબાદ બનાવવો એ કર્તવ્યને તેઓ અંત સુધી નિષ્ઠાપૂર્વક વળગી રહ્યા. બીજા દેશોમાં જવા માટેના આમંત્રણો કે સૂચનોનો અસ્વીકાર કરી તેઓ પોતાની શ્રદ્ધા વ્યક્ત કરતા કે ભારતમાં સાચી રીતે કામ થશે તેનો પ્રભાવ અન્ય દેશોમાં અચૂક ફેલાશે. પોતાના દેશના શ્રેષ્ઠ નાગરિક બનીને પછી જ તેમને દુનિયાના નાગરિક બનવાનું ડહાપણભર્યું લાગ્યું. એમના આ આગ્રહનું પરિણામ આજે આપણે જોઈ રહ્યા છીએ. દુનિયાના બધા દેશો આ નરવીરને માનપૂર્વક યાદ કરી તેમની જન્મશતાબ્દી ઊજવી રહ્યા છે.

ગાંધીજીની આટલી મહાન સફળતાનું રહસ્ય તેમની અનન્ય ધર્મનિષ્ઠામાં રહેલું છે. ઈશ્વર સાથેનું અનુસંધાન એ માત્ર કોઈ બુદ્ધિથી પર એવું તત્ત્વ નથી કે માત્ર તાત્ત્વિક રહસ્ય નથી. એ તો આંતરિક અને બાહ્ય, એકાએક અને અંગત એવા ઈશ્વરી સાક્ષાત્કારનો વિષય છે.

ગાંધીજીએ ધર્મને વ્યાખ્યાઓનાં ચોકઠામાંથી મુક્ત કરી વ્યવહારુ બનાવ્યો અને તેમાંથી તેમને જે સત્યદર્શન લાધ્યું તેને જ તેમના સમગ્ર જીવનનું દોરીસંચાલન કર્યું. શ્રેય અને તપના માર્ગે દઢતાપૂર્વક ડગ માંડી રહેલા આ માનવે પોતાના તપોબળથી જ બાહ્ય સંઘર્ષો પર વિજય મેળવ્યો, પોતાની આંતર-બાહ્ય અવસ્થા વચ્ચે સમતુલા આણી, અંતરના સત્યને ઓળખી માનવપ્રકૃતિના દુરાગ્રહી તત્ત્વો પર વિજય મેળવ્યો, વિવિધ પ્રયોગો કરી પોતાનો સ્વાનુભવ અને કુદરતના કાનૂનને સમજવા નમ્ર પુરુષાર્થ કર્યો, સર્વ જીવો સાથે મૈત્રીભાવ કેળવ્યો અને સૃષ્ટિના અણુ અણુમાં વિલસી રહેલા ચૈતન્ય તત્ત્વને ઓળખી કાઢી સારાયે વિશ્વની સાથે તેમણે અનુસંધાન સાધ્યું. હિન્દુ ધર્મમાં સત્યશોધક માટે જે અનિવાર્ય બાબતો – ઈન્દ્રિયો પરનો સંયમ, પ્રાર્થના, પ્રભુમાં અનન્ય શ્રદ્ધા–ગણાય છે તેના પર જ તેમનું જીવન પ્રતિષ્ઠિત થયેલું હતું.

એના સફળ આચરણ દ્વારા તેમણે અહંતાને ઉખેડી 'મારા'–'તારા'નો ભેદ નાબૂદ કર્યો. હિન્દુ ધર્મમાં, જે 'શાન્તિ: શાન્તિ:'ની અપાર મહત્તા છે તેને સત્યની ઉપાસના કરીને જ આપણા આંતર–બાહ્ય જીવનમાં પ્રાપ્ત કરી શકાય છે. હિન્દુ ધર્મમાં ગાંધીજીને શ્રદ્ધા હતી, પરંતુ એ જ પરિપૂર્ણ ધર્મ છે એવી સંકુચિતતા તેમણે કદિ દાખવી નથી. તેમને મન અનેક ધર્મમાર્ગોમાંનો એ પણ એક ધર્મમાર્ગ હતો. અલબત્ત! હિંદુ ધર્મમાં રહેલી ઊંડી અને વિશાળ દષ્ટિ એમને મન અમૂલ્ય હતી, છતાં બધાં જ ધર્મો પ્રત્યે તેમણે આદરભાવ કેળવ્યો હતો.

તેમણે કહ્યું છે, "બધા જ ધર્મો આખરે તો અંતિમ લક્ષ્ય તરફ લઈ જતાં હોઈ કોઈ ગમે તે ધર્મમાર્ગનું અનુસરણ કરે એનો વિવાદ શો? ભાતભાતના માણસો હોય છે તેમ વિવિધ ધર્મ-પંથો છે. જેને જે ઠીક લાગે તે સ્વીકારે."

બધા જ ધર્મોમાંથી પોતાને જે સારું લાગ્યું તે ગાંધીજીએ ખુલ્લા દિલથી અપનાવ્યું છે. ટાગોરને એમણે એક વાર લખેલું "કોઈ પણ પ્રકારની સંકુચિતતાથી મારા જીવનને મર્યાદિત બનાવી દેવાનું હું પસંદ નથી કરતો. મારું જીવન તો ખુલ્લી બારી જેવું છે, જેમાં કોઈ પણ સ્થળેથી આવતી સારી વસ્તુઓ પ્રવેશી શકે છે. હા! એ સાથે એટલું જરૂર કહીશ કે કોઈથી પણ હું ખોટી રીતે ખેંચાઈ ન જાઉં એ માટે બરાબર સજાગ રહું છું. મારો ધર્મ કેદખાના જેવો સાંકડો નથી. સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવનો વિચાર કરવા જેટલો એ વિશાળ છે, પરંતુ નાતજાતના ભેદભાવો, ઊંચનીચના ખ્યાલો, ધાર્મિક અસહિષ્ણુતા અને અન્યાયી નીતિ સામે એ પડકાર કરે છે."

**વિશાળ દષ્ટિ**

ગાંધીજીએ પોતાની અનેકવિધ જાહેર પ્રવૃત્તિઓને ધાર્મિક સ્વરૂપ આપ્યું હતું. તેમના ઉદ્‌ગારો યાદ કરીએ, "પોતાના સાચા સ્વરૂપને ઓળખવું એ માણસનું અંતિમ ધ્યેય છે. આ ધ્યેયને કેન્દ્રમાં રાખી તેણે સામાજિક, રાજકીય, ધાર્મિક કે અન્ય કોઈ પણ પ્રવૃત્તિ કરવી જોઈએ. માનવસેવાનું કામ પણ ત્યારે જ સાર્થક ગણી શકાય કે જ્યારે આપણે સૌમાં વસતા પ્રભુને પિછાની તેની હાજરીનું સતત સ્મરણ જાળવી શકીએ."

ગાંધીવાદી વિચારસરણીના પાયામાં રહેલા સત્ય અને અહિંસા એ કોઈ નવો આવિષ્કાર નથી. પ્રાચીન કાળથી એના પર ભાર મૂકાયો છે. જૈન અને બૌદ્ધ ધર્મના તો આ બે તત્ત્વો આધાર-સ્તંભો છે. આ બે ધર્મોના બહોળા ફેલાવાએ સત્ય અને અહિંસાને માનવતાના મહામંત્રો બનાવ્યા છે. ગુજરાતમાં સારી સંખ્યામાં જૈનો વસે છે. યુવાવસ્થાથી જ ગાંધીજીને, જૈન ધર્મ અહિંસાને જે અતિ મહત્ત્વ આપે છે એ તરફ આકર્ષણ હતું.

સત્ય એટલે શું? તાર્કિક રીતે એમ કહી શકાય કે જે અસત્ય નથી તે સત્ય છે. હિન્દુ વિચારમાં જે કંઈ સારરૂપ છે તેને 'સત્ત્વ' કહેવામાં આવે છે જે 'સત્ય'નો સૂચક શબ્દ છે. 'સત્ય' શબ્દ 'સત્' માંથી બનેલો છે; એટલે કે જે 'અસત્' નથી તે જ સાર છે, તેજ શુભ છે. આ રીતે જે મૂલ્યો સ્થાયી છે તે જ જીવનનો અંતિમ સાર છે, જીવનનું સત્વ છે અને તે જ ઈશ્વર છે; અને આપણા અનુભવો વ્યવહારો અને પ્રતીતિઓમાં પ્રગટ થતાં આ અફર મૂલ્યો એ જ સત્ય છે. ઈશ્વર સત્ય સ્વરૂપ હોઈ સત્યનું પ્રગટીકરણ એ ઈશ્વરનો જ આવિર્ભાવ છે; માટે જ 'Truth is God' એમ ગાંધીજીએ ઈશ્વરમાં

ન માનનારાઓને તેમના ભલા માટે સમજાવ્યું. આ રીતે વિચારીએ તો 'અમે ઈશ્વરમાં માનતા નથી' એમ તમે ભલે કહી શકો છો, પરંતુ ના, 'અમે સત્યમાં માનતા નથી' એવું તમે કદાપિ નહિ કહી શકો.

પાશ્ચાત્ય ફિલસૂફ હેગલ પોતાનો સિદ્ધાંત જે રીતે રજૂ કરતો હતો તે આપનામાંના ઘણાને યાદ આવશે. જે માત્ર બુદ્ધિગમ્ય છે તે જ સત્ય છે એવું વિધાન પહેલાં કરીને તેણે તે જ વિધાનને ઊલટાવીને એમ કહ્યું કે જે માત્ર સત્ય છે તે જ બુદ્ધિગમ્ય છે. જરૂર હેગલ એક મહાન તત્ત્વવેત્તા હતો જે ગાંધીજી નહોતા. હેગલ પોતાની બુદ્ધિનો ઉપયોગ કરતો હતો, જ્યારે ગાંધીજી પોતાની અંતર સૂઝનો ઉપયોગ કરતા હતા. હેગલનું વિધાન એક તર્કાધારિત અનુમાન અથવા નિર્ણયરૂપ હતું જ્યારે ગાંધીજીનું સત્ય પ્રત્યક્ષ અનુભૂતિ ઉપર આધારિત હતું, તત્કાળ થયેલા સાક્ષાત્કાર ઉપર અવલંબિત હતું. ગાંધીજીના વચનો ઉદ્ધૃત્ત કરતાં જણાવવાનું કે; "હું જોઈ રહ્યો છું કે આ જગતમાં બધું જ પરિવર્તનશીલ છે, ક્ષણભંગુર છે. કેવળ એક સર્વોપરી શકિત જ અનાદિ છે જે આ વિશ્વનું સર્જન કરે છે, તેને નિભાવે છે અને તેનો નાશ કરી પાછી નવસર્જનની લીલા આરંભે છે. આ સર્વવ્યાપક તત્ત્વ એ જ ઈશ્વર છે. ઈન્દ્રિયોના અનુભવોની જે કાયમી હસ્તી જ નથી તો પછી આ પરમતત્ત્વ એ જ સર્વકંઈ છે. હું નિહાળી રહ્યો છું કે મૃત્યુ વચ્ચે જીવન વહી રહ્યું છે, જુઠાણાંની વચ્ચે સત્ય પોતાની હસ્તી ટકાવી રહ્યું છે, અંધકારમાં પ્રકાશનું કિરણ ઝબકી રહ્યું છે. હું તો એટલો સાર ગ્રહણ કરું છું કે ઈશ્વર એ જ જીવન છે. સત્ય એ જ પ્રકાશ છે."

### દંભ

ગાંધીજીના રોજિંદા ઝીણામાં ઝીણા વ્યવહારોમાં સત્યનું દર્શન થતું. આજે તો એવી કરુણ કમનસીબી પ્રવર્તે છે કે આપણા વ્યકિતગત અને જાહેર જીવનમાં સાચા કરતાં જુઠાણું વધારે પ્રગટ થાય છે. સારામાં સારા ગણાતાં માણસો તેમના હેતુઓ અને કાર્યોની એવી જાહેરાતો કરે છે કે જે ખરી રીતે તેમના અંગત જીવનની વાસ્તવિકતાથી તદ્દન વેગળી હોય છે. ખરી હકીકતોને છુપાવી, અથવા મરડી મચડીને એવી તો ચાલાકીથી આપણે તેને મોહક ભાષામાં વ્યકત કરીએ છીએ કે આની પાછળનો આપણો ખરો આશય આપણા જ માનવબંધુઓને અવળી રીતે દોરવાનો હોય છે. આવી દાંભિક વૃત્તિઓ સામાજિક એકતાનો હ્રાસ કરી પરસ્પર અવિશ્વાસની લાગણી જન્માવે છે, જે દેશના હિત માટે ઘાતક છે.

માનવ કેવળ ભૌતિક દિશામાં જ નહીં, પરંતુ આધ્યાત્મિક માર્ગે પણ પોતાનો વિકાસ સાધે એમ ગાંધીજી ઇચ્છતા હતા. માનવમાં રહેલી સર્વોચ્ચ વિકાસની શકયતાઓ તેમણે પોતે ઉજ્જવલ જીવન જીવી સિદ્ધ કરી બતાવી છે. થોડાઘણા માણસો પોતાની આવડતના બળે આગળ આવી જાય અને બીજા જેમના તેમ એની એ જ દશામાં રહે એ ૧૯ મી સદીની નીતિ ગાંધીજીને પસંદ નહોતી. એમની દૃષ્ટિમાં સૌ સમાન હોઇ કોઇ પણ પ્રકારના ભેદભાવ અને પક્ષપાતને લેશમાત્ર સ્થાન નહોતું. એટલે તો એમના પ્રશંસકો અને વિરોધીઓ તેમને ક્રુઝેડર - સતત લડતા રહેતા યોદ્ધા - કહે છે. એ સાચું જ છે. ગાંધીજી સત્ય, અહિંસા, શાન્તિ અને ન્યાયના સેનાની જીવનભર રહ્યા છે. મહાન રાજકીય નેતા હોવા છતાં કોઇ પણ પ્રકારના તાત્કાલિક લાભો, પોતાના સિદ્ધાંતોને ભોગે, તેમણે કદી સ્વીકાર્યા નથી. ૨૦ મી સદીના દંભ, પ્રપંચ અને પોકળતાના ખોટા હીરા જેવા ઝાકઝમાળથી જરા પણ અંજાયા વગર ગાંધીજી સ્વતેજથી અનોખી રીતે જ પ્રકાશ્યા છે.

ઐતિહાસિક દૃષ્ટિએ અજોડ ગણી શકાય તેવા લગભગ ૬૦ જેટલાં પુસ્તકોમાં તેમણે જીવનને આવરી લેતાં અનેક પ્રશ્નો– ધર્મ, નીતિ, કલા, રાજકારણ, અર્થશાસ્ત્ર, સામાજિક સુધારા, જાતીય સમસ્યા, આરોગ્ય, કેળવણી - પર મનનીય વિચારો દર્શાવ્યા છે. સ્વાતંત્ર્ય સંગ્રામના મહાન નેતા હોવા ઉપરાંત ગાંધીજી ઘણું ઘણું હતા એ આ પરથી સમજી શકાય છે. પરદેશી સત્તાને હટાવવા માટેની દરેક ચળવળના પ્રણેતા હોવા છતાં ગાંધીજીને મન રાજકારણ એ જ સર્વસ્વ નહોતું.

રાજકીય ઝુંબેશમાં તેમણે રજૂ કરેલા બાર સુધારાઓને ખરી રીતે રાજકારણ સાથે કશો જ સંબંધ નથી, છતાં યે ગાંધીજીએ તેને ઘણું મહત્ત્વ આપ્યું છે. દા. ત. હરિજન આદિ પછાત વર્ગની ઉન્નતિ, બુનિયાદી તાલિમ, રચનાત્મક કાર્યક્રમ, પાયાની કેળવણી વગેરે. રાજદ્વારી નેતાઓને લખેલાં અનેક પત્રોમાં અંગત સંબંધોને સ્પર્શતી કેટલીયે બાબતોમાં ગાંધીજીએ રસ લીધો છે. કેટલાંયે સ્ત્રી–પુરૂષોને તેમની નાની મોટી મૂંઝવણોમાં તેમણે માર્ગદર્શન આપ્યું છે. કાચા ધાન અથવા રાંધ્યા વિનાના ખોરાક અંગે પ્રયોગ કરતા ઉત્સાહી ભાઇ બહેનોને તેમણે દિશાસૂચન કરેલ છે; બાળકોનું તેમના અક્ષરો સુધારવાની આવશ્યકતા તરફ તેમણે ખાસ ધ્યાન ખેંચ્યું છે.

બીજાને ઉપદેશ આપતાં ધર્મપ્રચારકો અને તત્ત્વચિંતકો તે ઉપદેશને પોતે તો ભાગ્યેજ આચરણમાં મૂકતા હોય છે; પરંતુ ગાંધીજીએ જુદા જુદા મુદ્દા પર જે કાંઇ કહ્યું કે લખ્યું તે પ્રથમ પોતે આચરી બતાવ્યું છે. કોરો ઉપદેશ તેમણે કદી પણ કોઇને આપ્યો નથી. તેમનું વિરલ વ્યકિતત્વ આચારવિચારના આ સમન્વયને જ આભારી છે. ચારિત્ર્યની ઉચ્ચતા અને પવિત્રતાની અદ્‌ભૂત શકિતનો પરિચય આપતા Heinrich Zimmer ૧૯૪૨ માં આપેલા તેમના ભાષણમાં કહે છે:

"બુદ્ધિને યોગ્ય રીતે કેળવવામાં આવે અને જ્ઞાનનો સાચી દિશામાં ઉપયોગ કરવામાં આવે તો એવી ઉચ્ચતર બુદ્ધિ અને જ્ઞાન માણસના વ્યકિતત્વને એવું નિરાળું સ્વરૂપ આપે છે કે ઉચ્ચ શકિતઓના સ્રોત માટે એ વ્યકિત માધ્યમ બની શકે છે. કોઇ પણ મહાન સંત જ્ઞાન અને વિદ્યાનો ભંડાર હોય છે કે હોવો જોઇએ એ અનિવાર્ય નથી. પ્રજ્ઞા, પ્રકાશ, જ્ઞાન, શાન્તિ આદિ દૈવી તત્ત્વો મહાન વ્યકિતના જીવનવ્યવહારોમાં આપોઆપ પ્રગટ થાય છે અને એની તીવ્રતા વ્યકિતની જીવનભૂમિકા પર અવલંબે છે. જીવનનો સ્તર જેટલો ઉચ્ચ તેટલું મહાન તેનું જીવનદર્શન હોય છે. આટલા બધાં લોકોના દિલમાં ગાંધીજી જે ચિરસ્થાન મેળવી શક્યા તેનું રહસ્ય આ પરથી સમજી શકાશે. જીવનની સામાન્ય ભૂમિકાને વટાવી ગયેલા તેમના સ્થૂલ સ્વરૂપ મારફતે એક દૈવી હેતુ સિદ્ધ થઇ રહ્યો હતો."

### એક જ માર્ગ

જનતા પર અસર પાડવા કોઇ સોંઘી નીતિરીતિનો ગાંધીજીએ કદી આશરો લીધો નથી. એમની દૃષ્ટિ સમક્ષ સદા એક જ વસ્તુ રહી હતી કે, એક એવી નીતિ આપણી પાસે હોવી જોઇએ જે પરસ્પરના વેરઝેર, ઝઘડા અને રાગદ્વેષને મિટાવી, માનવતાની મહેક પ્રસરાવી, માનવજાતિને ઉન્નતિને માર્ગે લઇ જાય. કોઇ પણ સંજોગોમાં માણસે અન્યાયી નીતિ અખત્યાર ન કરવી જોઇએ. પરંતુ એ સાથે અવળે માર્ગે ચાલતાં કે આપણને અવળી રીતે દોરવાનો પ્રયાસ કરતાં લોકો માટે પણ આપણા દિલમાં ભલી લાગણી હોવી જોઇએ. પાપ અને પાપી વચ્ચેનો ભેદ સમજી શકીએ તો આપણો અણગમો પાપ તરફ હોઇ શકે, પાપી તરફ કદિ પણ નહિ. દુર્જનના દુષ્કૃત્યોનો શાન્તિથી સામનો કરી આખરે તો આપણે દુર્જનને પણ પ્રેમ અને તિતીક્ષા વડે જીતી લેવાનો છે. આ છે ગાંધીજીની અહિંસા, જેમાં બીજાના કલ્યાણ માટે પોતાની જાતને ભૂલી જવાની છે. અહંતાનું વિસર્જન અને સમભાવની પ્રતિષ્ઠા એ છે ગાંધીવાદનું હાર્દ.

અનુવાદક: સૌ. શારદાબહેન શાહ | સમાપ્ત | મૂળ અંગ્રેજી શ્રી મોરારજી દેસાઈ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશન સ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪. ટે. નં. ૩૫૦૨૯૬. મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧

મુંબઇ, મે ૧, ૧૯૭૦ શુક્રવાર
પરદેશ, માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા .

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ભગવાન મહાવીર

[ તા. ૧૯–૪–'૭૦ ના રોજ ઑલ ઈન્ડિયા રેડિયોના મુંબઈ મથકેથી ભગવાન મહાવીર ઉપર મારો વાર્તાલાપ પ્રસારિત કરવામાં આવેલો. તે મૂળ વાર્તાલાપ ઑલ ઈન્ડિયા રેડિયોની અનુમતિપૂર્વક થોડી પૂરવણી સાથે નીચે આપવામાં આવે છે. **પરમાનંદ** ]

આજે ભગવાન મહાવીરની જન્મજયંતી હોઈને તેમના લોકો-ાર જીવનકાર્યની સંક્ષેપમાં સમજ આપવી એ આજના વાર્તાલાપનો આશય છે.

ભગવાન મહાવીરનું ભવ્ય જીવનકાર્ય સમજવા માટે તત્કાલીન સામાજિક પરિસ્થિતિ આપણા ધ્યાન ઉપર હોવી આવશ્યક છે. એ વખતના સમાજ ઉપર બ્રાહ્મણવર્ગનું અસાધારણ વર્ચસ્વ હતું. ભિન્ન ભિન્ન વર્ણોમાં વહેંચાયેલા એ કાળના સમાજમાં ાાહ્મણ સર્વશ્રેષ્ઠ મનાતો. ધર્મશાસ્ત્રોમાં વેદને સર્વોત્કૃષ્ટ ધર્મગ્રંથ ેકે લેખવામાં આવતા, કારણકે વેદ ઈશ્વરપ્રણીત છે એવી ાાન્યતા એ વખતે પ્રચલિત હતી. એ વખતનો સમાજ રૂઢી–પરંરાઓથી અને ધાર્મિક ક્રિયાકાંડથી જકડાયેલો હતો. સ્થળે સ્થળે ાોટા પાયા ઉપર યોજાતા યજ્ઞોમાં પારવિનાની પશુહિંસા થતી હતી અને તેની આસપાસ સમગ્ર ધર્મોપાસના રચાયેલી હતી. એ વખતના સમાજમાં સ્ત્રીઓને અને શુદ્રોને હીન સ્થાન હતું. માનવીનાં ાર્વ સુખદુ:ખો ઈશ્વરનિર્મિત હોવાનું મનાતું હતું. માનવીજીવન ાષે કોઈ ઊંડો વિચાર કે સ્વતંત્ર ચિન્તનને સ્થાન નહોતું. આ પ્રકાની માનસિક તેમ જ સામાજિક ગુલામી એ એ સમયના સમાજની ાિશેષતા હતી.

આ પરિસ્થિતિ સામે બે મહાન જ્યોતિર્ધરોએ વિદ્રોહ જગાવ્યો. ેક ભગવાન બુદ્ધ અને બીજા ભગવાન મહાવીર. ચાલુ પરંપરા મુજબ ભગવાન બુદ્ધનો કાળ ઇ. સ. પૂર્વે ૬૨૪ થી ઇ. સ. પૂર્વે ૫૪૪ ાુધીનો અને ભગવાન મહાવીરનો કાળ ઇ. સ. પૂર્વે ૫૯૯ થી ઇ..સ. પૂર્વે ૫૨૭ સુધીનો ગણવામાં આવે છે. એકનું આયુષ્ય ૮૦ વર્ષનું અને અન્યનું આયુષ્ય ૭૨ વર્ષનું હતું. ૪૫ વર્ષ બન્ને સમકાલીન હતા. આ બન્ને વિભૂતિઓમાંથી આજે આપણે ભગવાન મહાવીરના ચરિત્રની રજૂઆત કરવાની છે. કારણકે આજે ભગવાન મહાવીરની જન્મજયન્તી ભારતના ખૂણે ખૂણે–વિશેષ કરીને જૈન સમાજમાં ભકિતભાવપૂર્વક ઉજવાઇ રહી છે.

ભગવાન મહાવીરનો જન્મ આજથી ૨૫૭૧ વર્ષ પહેલાં–ઇ. સ. પૂર્વે ૫૯૯માં બિહારમાં આવેલ વૈશાલી નગરીમાં વસતા એક રાજવી કુટુંબમાં થયો હતો. પિતાનું નામ રાજા સિદ્ધાર્થ; માતાનું ાામ રાણી ત્રિશલા. રાજા સિદ્ધાર્થને બે પુત્રો અને એક પુત્રી ાતી; મોટા પુત્રનું નામ નંદીવર્ધન; નાના પુત્રનું નામ વર્ધમાન, ેઓ સમય જતાં અસાધારણ જીવનસાધનાના અને લોકોત્તર પુરુાર્થના કારણે મહાવીરના નામથી જગવિખ્યાત બન્યા.

સમૃદ્ધિભર્યા રાજવૈભવ વચ્ચે વર્ધમાન મોટા થવા લાગ્યા; વિદ્યાસંપન્ન બન્યા; શસ્ત્રવિદ્યાઓમાં કુશળ બન્યા; સમય જતાં યશોદા નામની રાજકુંવરી સાથે તેમનું લગ્ન થયું. તેનાથી તેમને પ્રિયદર્શના નામની એક પુત્રી થઇ. જીવનના પ્રારંભથી તેમના દિલમાં સંસારવિરકિત હતી અને વિશિષ્ટ જીવનસાધના અર્થે સંસારત્યાગને તેમનું દિલ ઝંખતું હતું. એમ છતાં માતા–પિતાને તેમ કરવાથી સખ્ત આઘાત લાગશે એમ સમજીને માતા–પિતાની હયાતી દરમિયાન તેમણે તેવું પગલું ન લીધું. મોટાભાઈના આગ્રહને વશ થઈને બીજાં બે વર્ષ પણ તેમણે સંસારમાં ગાળ્યા અને એ દરમ્યાન પોતાની સર્વ ધનસંપત્તિનું તેમણે વિતરણ કર્યું. ૩૦ વર્ષની ઉંમરે માગશર વદ ૧૦ ના રોજ તેમણે પંચમહાવ્રત રૂપ ચારિત્ર્ય–સંન્યાસદીક્ષા – અંગીકાર કરી અને આજીવન ભિક્ષાવૃત્તિ સ્વીકારી અને પગપાળા વિહાર શરૂ કર્યો. નાની મોટી મુદતના ઉપવાસો કરીને, આત્મધ્યાનમાં લીન રહીને દિવસો, મહિનાઓ, વર્ષો, તેઓ વિતાવવા લાગ્યા, પારવિનાનાં કષ્ટો–ઉપદ્રવો તેમણે સહન કર્યાં. આ પ્રમાણે ૧૨ વર્ષ સુધી તેમણે કઠોર આત્મસાધના કરી. આ વર્ષો દરમિયાન ન કોઇને તેમણે ઉપદેશ આપ્યો; ન કોઇ સાથે ચર્ચાવાર્તા કરી; મોટા ભાગે મૌન વ્રતનું પાલન કર્યું. આમ નાની-મોટી તપશ્ચર્યાના તબક્કાઓ વટાવતાં વટાવતાં ૪૨ વર્ષની ઉમ્મરે ચાર ઘાતી કર્મોનાં બંધન તૂટી જતાં વૈશાખ શુદ ૧૦ ના રોજ તેમને બિહારમાં આવેલી ઋજુવાળુકા નદીના તીરે કેવળજ્ઞાન ઉત્પન્ન થયું, એટલે કે વસ્તુતત્ત્વના પારગામી દર્શનને તેમણે પ્રાપ્ત કર્યું. આ પ્રમાણે જીવનની પરમ સિદ્ધિ પ્રાપ્ત કર્યા બાદ તેમણે ધર્મતીર્થની સ્થાપના કરી. એટલે કે આ સંસારને તરવાનો મોક્ષલક્ષી જે ઉદ્ધારમાર્ગ તેનું તેમણે પ્રતિપાદન કર્યું અને એ રીતે તેઓ તીર્થંકર તરીકે ઓળખાવા લાગ્યા. તેમના ઉપદેશામૃતનું પાન કરીને અનેક લોકો પ્રભાવિત બનવા લાગ્યા અને તેમના પ્રરૂપેલા માર્ગને એટલે કે જૈન ધર્મને સ્વીકારવા લાગ્યા. આ રીતે ઉભા થયેલા વિપુલ અનુયાયી દળને સાધુ,સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા એમ ચતુર્વિધ સંઘમાં તેમણે વિભાજિત કર્યું. એમ કહેવાય છે કે આ સંઘમાં એ વખતે ૧૪,૦૦૦ સાધુઓ, ૩૬,૦૦૦ સાધ્વીઓ, ૧,૫૦,૦૦૦ શ્રાવકો અને ૩,૧૮,૦૦૦ શ્રાવિકાઓ હતી.

તાત્વિક ક્ષેત્રે તેમણે આ સંસાર અનાદિ અનંત હોવાનું જણાવ્યું અને તેનો નિર્માતા કોઇ અમુક ઇશ્વર છે એ માન્યતાનો તેમણે ઇનકાર કર્યો અને આત્મત્વનું અને પુનર્ભવનું પ્રતિપાદન કર્યું, અને કર્મવશાત આત્માનું ભવભ્રમણ ચાલ્યા કરે છે અને કર્મોથી મુકત થતાં આત્મા મોક્ષપદને પ્રાપ્ત કરે છે—આ સિદ્ધાંતો ઉપર તાત્વિક વિચારની તેમણે માંડણી કરી.

આચારક્ષેત્રે તેમણે અહિંસાને પ્રાધાન્ય આપ્યું અને તેના પૂરક તરીકે સત્ય–અસ્તેય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહને અહિંસા સાથે તેમણે સંકલિત કર્યા. આ રીતે પંચમહાવ્રત રૂપ આચારધર્મનું તેમણે પ્રતિપાદન કર્યું.

ભગવાન મહાવીર એ સમયના એક મહાન ક્રાન્તિકાર હતા. ક્રાન્તિકાર એ કહેવાય કે જે પ્રચલિત જીવનમૂલ્યોનો ઉચ્છેદ કરે અને તેના સ્થાને નવાં મૂલ્યોની સ્થાપના કરે. આ રીતે વિચારતાં જણાવી શકાય કે ભગવાન મહાવીરે બ્રાહ્મણવર્ગના સર્વોપરિ વર્ચસ્‌ને તોડયું અને માનવ સમાજને સમાનતાની બક્ષીસ આપી. એટલે કે માનવી માત્ર જન્મથી સરખા છે અને ગુણભેદે– ચારિત્ર્યભેદે–તેઓ ઊંચા નીચા બને છે એવી પ્રરૂપણા કરી. ઈશ્વરપ્રણીત લેખાતા વેદની તેમણે પ્રતિષ્ઠા તોડી અને તેના સ્થાને બુદ્ધિ અને આત્માનુભૂતિને પ્રતિષ્ઠિત કરી. સ્ત્રીઓ તેમ શુદ્રોને ધર્મદીક્ષાના અધિકારી બનાવીને સમાનતાનો દરજ્જો આપ્યો. જે પાછળ અનર્ગળ હિંસા ચાલતી હતી તેવા યજ્ઞોની ધાર્મિકતાને તેમણે પડકારી અને અહિંસાના વિચારને સમગ્ર જીવસૃષ્ટિ સુધી વિસ્તૃત કર્યો. ભોગની જગ્યા ત્યાગને અને દેહના લાલનપાલનની જગ્યાએ તપ અને સંયમને પ્રસ્થાપિત કર્યા.

આ ઉપરાંત એ વખતનો સમાજ મતમતાન્તરોના કલહથી વ્યાકુળ હતો. તેના નિવારણ અર્થે તેમણે અનેકાન્તવાદની પ્રરૂપણા કરીને વૈચારિક સહિષ્ણુતા અને ઉદારતાને નવો વેગ આપ્યો અને આજે જે સર્વધર્મસમભાવની ભાવના સર્વસ્વીકૃત થવા લાગી છે તે ભાવનાનું તેમણે બીજારોપણ કર્યું.

ભાષાના ક્ષેત્રે એ વખતે સંસ્કૃત ભાષા શિષ્ટમાન્ય હતી તેના સ્થાને લોકભાષા લેખાતી પ્રાકૃત ભાષામાં જ પોતાની ઉપદેશધારા વહાવીને તેમણે પ્રાકૃત ભાષાનું ગૌરવ કર્યું. આ રીતે તેમણે તત્કાલીન સામાજિક તેમ જ ધાર્મિક વળણો અને વિચારધોરણોમાં એક અદ્‌ભુત ક્રાન્તિ સરજી.

આવા ભગવાન મહાવીરે ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ થતાં પોતાની જીવનલીલા સંકેલી અને મોક્ષપદને પ્રાપ્ત કર્યું.

આવા પરમોપકારી ભગવાન મહાવીરના અન્તિમ સમયનું વર્ણન કરતાં શાસ્ત્રકાર જણાવે છે કે, "હવે ભગવાને પર્યંકાસને સ્થિર થઈ ધીરે ધીરે મન–વાણી–કાયાના સ્થૂળ તેમ જ સૂક્ષ્મ યોગો રૂંધવા માંડયા અને એ રીતે ધ્યાનની સર્વોત્તમ કક્ષાએ પહોંચી સર્વ કર્મબંધ તોડી નાખ્યા. એમ થતાં જે પદ પ્રાપ્ત કરવા માટે તેમણે પુર–મંદિર–રાજ્ય–લક્ષ્મીનો ત્યાગ કર્યો હતો; સ્નેહે કરીને વ્યાપ્ત એવા બંધુજનોના સ્નેહને અવમાન્યો હતો; ગમે તેવા ગ્રીષ્મ ઋતુના તીવ્ર તાપ અને શીત ઋતુની ગમે તેવી ઠંડીઓ સતત સહ્યા કરી હતી; ભીક્ષા માંગીને ગમે તેવાં લૂખાં–સૂકાં તુચ્છ અન્નપાન સ્વીકાર્યાં હતાં; ભયંકર સ્મશાનો, શૂન્યગૃહો અને અરણ્યોમાં વિહરવાનું માન્ય રાખ્યું હતું; છ ટંક–આઠ ટંક આદિના કઠિન ઉપવાસો સતત કર્યા હતા અને બીજા પણ અનેક વિઘ્નો તથા સંકટો ખેદરહિતપણે સહ્યાં હતાં તે પદ–મોક્ષપદ–તેમને પ્રાપ્ત થયું." ૭૨ વર્ષની ઉંમરે આસો વદ અમાસની રાત્રિએ તેમનું નિર્વાણ થયું.

અહિંસા અને અનેકાન્ત એ મહાવીરનો આજના જગતને મહામુલો સંદેશ છે. હળીમળીને રહો, એકમેકના જીવનનો અને વિચારોનો આદર કરો, અહિંસા, સંયમ અને તપદ્વારા કર્મોનો ક્ષય કરો, ઉર્ધ્વ ચેતનાના આવિર્ભાવ દ્વારા પરમતત્ત્વની અનુભૂતિ કરો, ભવભ્રમણના ચક્રથી મુક્ત બની શાશ્વત એવા મોક્ષને પ્રાપ્ત કરો – આ તેમની વાણી તેમ જ પ્રત્યક્ષ જીવન દ્વારા વ્યક્ત થયેલા ઉપદેશનો સાર છે. આવી મહાન વિભૂતિને આજના તેમના જન્મદિને આપણા અનેક વંદન હો!

**પરમાનંદ**

## પૂરક નોંધ

ભગવાન મહાવીરે માનવી જગતને અહિંસાનો મંત્ર આપ્યો; તાજેતરમાં જેમની આપણે જન્મશતાબ્દી ઊજવી તે મહાત્મા ગાંધીએ પણ આ અહિંસા–વિચાર ખૂબ જ વિકસાવ્યો અને પોતાનું જીવન તેની સાધના ઉપર આધારિત બનાવ્યું. તો આ પ્રસંગે આ બે મહાન યુગપુરુષોની તુલનાત્મક આલોચના કરવામાં આવે તો તે અસ્થાને નહિ ગણાય.

ભગવાન મહાવીરની અહિંસા વ્યક્તિલક્ષી જીવનસાધનાનું એક મહત્ત્વનું અંગ હતું. ભવભ્રમણથી માનવીનો મોક્ષ એ તેમને મન માનવી જીવનનું પરમ ધ્યેય હતું અને તે માટે કર્મમુક્તિ અને તે માટે સંપૂર્ણ અહિંસક જીવન આવશ્યક હોવાનું તેમણે જણાવ્યું હતું, જ્યારે ગાંધીજીએ માત્ર વ્યક્તિગત અહિંસાની સાધનાને નહિ પણ અહિંસક સમાજરચનાના નિર્માણને પોતાનું લક્ષ્ય બનાવ્યું હતું અને સમાજના પ્રશ્નો અહિંસક પ્રક્રિયા વડે ઉકેલવા ઉપર તેમણે ખૂબ ભાર મૂક્યો હતો અને તેના અનુસંધાનમાં અસહકાર અને સત્યાગ્રહના તત્ત્વનું તેમણે પ્રતિપાદન કર્યું હતું, એટલું જ નહિ પણ, આચરણ વડે તેની કાર્યક્ષમતા તેમણે સિદ્ધ કરી દેખાડી હતી.

આ બન્ને મહાપુરુષો અહિંસા અને સત્યના પરમ પૂજારી હતા. એમ છતાં આ બે તત્ત્વો વચ્ચે અથડામણ થાય તો ભગવાન મહાવીર કોઈ પણ સંયોગમાં હિંસાને ટેકો ન આપે, કારણકે તેમને મન અહિંસા સર્વેસર્વા હતી, અને મહાત્મા ગાંધી કોઈ પણ સંયોગોમાં અસત્યને ટેકો ન આપે, કારણકે તેમને મન સત્ય એ જ ઈશ્વર હતા.

ભગવાન મહાવીરે આત્મ–સાધના માટે સંસારત્યાગ આવશ્યક લેખ્યો; મહાત્મા ગાંધીએ આત્મસાધના માટે સંસારત્યાગને આવશ્યક ન લેખતાં, સંસારમાં–કુટુંબ, પરિવાર વચ્ચે રહીને, આત્મસાધના કરવાનું વધારે પસંદ કર્યું.

ભગવાન મહાવીરે પરમદર્શન પ્રાપ્ત કર્યા બાદ એટલે જીવનની પરમ સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી જ, લોકોને ઉપદેશ આપવાનો પ્રારંભ કર્યો; ગાંધીજી જિંદગીની આખર સુધી સાધક રહ્યા, અને એ સાધના સાથે લોકોને કર્તવ્યાકર્તવ્યનો ઉપદેશ તેઓ આપતા રહ્યા.

ભગવાન મહાવીર એક ચોક્કસ ધર્મ–સંપ્રદાયના પ્રવર્તક બન્યા; ગાંધીજી આવા કોઈ ચોક્કસ સંપ્રદાયના પ્રવર્તક બન્યા નહિ. ગાંધીજીએ આપણને જે નવા વિચારો આપ્યા તે ગાંધીવાદના નામે ઓળખાય છે, પણ તેને એક ચોક્કસ સંપ્રદાય તરીકે ઓળખાવી ન શકાય.

ભગવાન મહાવીરે જૈન સાધુ માટે પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ–વિરમણ, અદત્તાદાન–વિરમણ, મૈથુન–વિરમણ અને પરિગ્રહ–વિરમણ એમ પાંચ મહાવ્રત સૂચવ્યા અને શ્રાવક–શ્રાવિકા માટે સ્થૂલ પ્રાણાતિપાત–વિરમણ, સ્થૂલ મૃષાવાદ વિરમણ, સ્થૂલ અદત્તાદાન–વિરમણ, સ્થૂલ મૈથુન વિરમણ, પરિગ્રહ પરિમાણ, દિગ્‌વ્રત, ભોગોપભોગ પરિમાણ, અનર્થદંડવિરતિ, સામાયિક, પૌષધ અને અતિથિસંવિભાગ–એમ બાર વ્રતો સૂચવ્યા. ગાંધીજીએ સૌ કોઈ સાધક માટે અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અસંગ્રહ, શરીરશ્રમ, અસ્વાદ, ભયવર્જન, સર્વધર્મે સમાનત્વ, સ્વદેશી અને સ્પર્શભાવના–એમ અગિયાર વ્રતોનું પ્રતિપાદન કર્યું.

ભગવાન મહાવીરે ઘોર તપશ્ચર્યાદ્વારા જીવનસાધના કરી; ગાંધીજીના જીવનમાં, અમુક નિમિત્ત ઊભું થતાં, નાની મોટી મુદ્દતના ઉપવાસની ઘટનાઓ જરૂર બની છે, પણ ભગવાન મહાવીરે કરી તેવી તપશ્ચર્યાનું તેમણે કદી સમર્થન કર્યું નથી.

ભગવાન મહાવીરની લોકસંગ્રહની વૃત્તિ ઉપદેશપ્રદાન સુધી સીમિત રહી; ગાંધીજીની લોકસંગ્રહની વૃત્તિ તેમને રાજકારણ તરફ ખેંચી ગઈ. અને અધર્મ–અન્યાયનો પ્રતિકાર, તેમના જીવનનો મુખ્ય સૂર બની ગયો.

ભગવાન મહાવીરનું લક્ષ્ય, માનવીને આધ્યાત્મિક સાધનાદ્વારા, મોક્ષમાર્ગ દેખાડવા ઉપર કેન્દ્રિત રહ્યું, અને બીજી કોઈ સામાજિક કે રાજકીય પ્રવૃત્તિમાં તેઓ કદી ન પડયા. ગાંધીજીએ, પોતાના સમયના રાજકીય, સામાજિક, આર્થિક તેમ જ ધાર્મિક–સર્વ પ્રકારના પ્રશ્નોનો ઉકેલ શોધવામાં, પોતાની સર્વ શક્તિનો યોગ આપ્યો.

મહાવીરનું જીવન કેવળ આત્મલક્ષી હતું; ગાંધીજીનું જીવન સમગ્રલક્ષી હતું.

આ રીતે, આપણે આ બે મહામાનવોને સમજીએ અને બન્નેમાંથી પ્રેરણા મેળવીને, આપણા જીવનને સફળ–સાર્થક બનાવીએ.

**પરમાનંદ**

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## 'પ્રબુદ્ધ જીવન' ૩૨ માં વર્ષમાં પ્રવેશ કરે છે.

જે પાક્ષિક પત્રની 'પ્રબુદ્ધ જૈન'ના નામથી આજથી ૩૧ વર્ષ પહેલાં શરૂઆત કરવામાં આવી હતી અને જેનું ૧૯૫૩ના મે માસની પહેલી તારીખથી 'પ્રબુદ્ધ જીવન' એ મુજબ નામાન્તર કરવામાં આવ્યું હતું તે શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું મુખપત્ર આજે ૩૨ મા વર્ષમાં પ્રવેશ કરે છે, આ પત્ર આજ સુધી મારી સીધી કે આડકતરી દેખરેખ નીચે અતૂટ ધારાએ પ્રગટ થતું રહ્યું છે અને પ્રારંભથી સ્વીકારાયલી નીતિને તે આજ સુધી વફાદાર રહ્યું છે. આ પત્ર માટે પ્રારંભમાં આઠ પાનાની મર્યાદા સ્વીકારવામાં આવી હતી. સમય જતાં તેમાં બે પાનાનો વધારો કરવામાં આવેલો. આમાં પણ વધારો કરીને બે વર્ષ પહેલાં કુલ ૨૫૮ પાનાંનું વાંચન પૂરું પાડવામાં આવ્યું હતું. આગળના વર્ષ દરમિયાન કુલ ૨૭૦ પાનાનું અને એપ્રિલની આખરે પૂરા થતા વર્ષ દરમિયાન કુલ ૨૮૬ પાનાનું વાંચન પૂરું પાડવામાં આવ્યું છે. આનો અર્થ એ થયો કે પૂરા થયેલા વર્ષના ૨૪ અંકોમાં ૨૩ અંક પૂરા બાર પાનાનાં પ્રગટ થયાં છે. એ સુવિદિત છે કે પ્રારંભથી આજ સુધી આ પત્રના દેહને જાહેરખબરો દ્વારા દૂષિત કરવામાં આવ્યો નથી અને એવી કોઈ આવકના અભાવે આ પત્રના સંચાલન પાછળ ખર્ચ અને ખોટ વધતાં જ રહ્યા છે. આ ખોટમાં છેલ્લાં ત્રણ વર્ષથી સંઘના સભ્યોના તેમ જ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકોના વાર્ષિક લવાજમમાં રૂા. ૩ નો વધારો કરવાથી થોડીક રાહત મળી છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી પ્રબુદ્ધ જીવનને લક્ષમાં રાખીને દર વર્ષે રૂ. ૨૫,૦૦ ની આર્થિક મદદ સંઘને મળે છે, જે માટે અમે તેનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે. આ બધું હોવા છતાં આ વર્ષે પણ પ્રબુદ્ધ જીવનના સંચાલન પાછળ સંઘને આશરે રૂા. ૩૬૦૦-૦૦ની ખોટ આવવા સંભવ છે. આ ખોટ જયાં સુધી પ્રબુદ્ધ જીવનની ગ્રાહક સંખ્યા સારા પ્રમાણમાં વધે નહિ ત્યાં સુધી હળવી થવા સંભવ નથી. પ્રબુદ્ધ જીવન કોઈ પક્ષ કે પંથનું પ્રચારપત્ર નથી અને તેથી તેવા કોઈ અનુયાયી વર્ગના ટેકાને પ્રબુદ્ધ જીવનના અનુસંધાનમાં અવકાશ જ નથી. પ્રબુદ્ધ જીવનની ગ્રાહક સંખ્યા તો જ વધે કે જો સંઘના સભ્યો તેમ જ 'પ્રબુદ્ધ જીવન' પ્રત્યે ઊંડો સદ્‌ભાવ ધરાવતા ગ્રાહકો આ બાબતમાં ઊંડો રસ દાખવે અને ગ્રાહકો વધારવાની દિશાએ કંઈક સક્રિય બને. આ પ્રકારની સક્રિયતા માટે તેમને સપ્રેમ અનુરોધ છે.

'પ્રબુદ્ધ જીવન'ના સંપાદનકાર્યમાં શ્રી સુબોધભાઈ એમ. શાહ, તેમનાં પત્ની નીરૂબહેન તથા સૌ. શારદાબહેન શાહનો એક સરખો સહકાર મળતો રહ્યો છે. શ્રી મેનાબહેન નરોતમદાસની તબિયત ગયા વર્ષ દરમિયાન મોટા ભાગે નરમ રહેવાથી તેઓ, ઈચ્છા હોવા છતાં, બહુ ઉપયોગી થઈ શકયા નથી. શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની પ્રબુદ્ધ જીવનમાં અવારનવાર પ્રગટ થતી સાંપ્રત રાજકારણની સમાલોચના પ્રબુદ્ધ જીવનનું એક સવિશેષ આકર્ષક અંગ બનેલ છે. આ રીતે પ્રબુદ્ધ જીવનને એક સરખી સેવા આપતા રહેવા બદલ આ બધા મિત્રોનો હું આભાર માનું છું અને પ્રબુદ્ધ જીવનને અધિકાધિક સમૃદ્ધ બનાવવામાં આ તેમ જ અન્ય મિત્રો પોતાનો ફાળો આપતા રહેશે એવી તેમને મારી પ્રાર્થના છે.

'પ્રબુદ્ધ જીવન'ના સંપાદન પાછળ મારી શકિતનો સમગ્ર યોગ લગાડવા છતાં, તેની અનેક ત્રૂટિઓ વિષે હું પૂરો સભાન છું. મારી પોતાની વધતી જતી મર્યાદાઓના કારણે દેશ અને દુનિયાને લગતી એવી અનેક મહત્ત્વની બાબતો છે કે જે અંગે 'પ્રબુદ્ધ જીવન' દ્વારા આવશ્યક માર્ગદર્શન આપી શકાતું નથી. છએક મહિના પહેલાં મારી તબિયતમાં ઢીલાપણું આવેલું; છેલ્લા બે ત્રણ મહિનાથી આંખો પણ તક્લીફ આપતી હતી. સદ્‌ભાગ્યે આંખની તક્લીફ હવે હળવી બની છે અને સ્વાસ્થ્ય પણ હાલ તો પ્રમાણમાં ઠીક ઠીક ટકી રહ્યું છે. આમ છતાં આવી અનુકૂળતા કયાં સુધી કાયમ રહે તે કહી શકાય નહિ. આ કારણે પ્રબુદ્ધ જીવનને—તેની પ્રતિભાને—કેમ ટકાવી રાખવી એ મારે માટે ચિન્તાનો વિષય બનતો જાય છે. આ ચિન્તા તો જ હળવી બને કે જો સમાન ધોરણે વિચાર કરતા લેખકો અને ચિન્તકો આ પત્ર વિષે આત્મીયભાવ દાખવતા થાય અને સમાજ અને રાષ્ટ્રની અનેકવિધ સમસ્યાના ઉકેલમાં મદદરૂપ બને એવાં લેખો મોકલતા રહેવાનું મન ઉપર લે. આ પત્ર માત્ર મારું કે મુંબઈ જૈન યુવક સંઘનું નહિ પણ સૌ કોઈનું છે. સત્યનિષ્ઠા તેનું પ્રેરક બળ છે; અને સમાજશ્રેય તેનું પરમ ધ્યેય છે. આ રીતે અમારી આ પ્રવૃત્તિને જોવા તેમ જ અપનાવવા તેમને મારી નમ્ર પ્રાર્થના છે.

## આચાર્ય રજનીશજી કયાં જઈ રહ્યા છે? આપણને કઈ દિશાએ દોરી રહ્યા છે?

જીવન જાગૃતિ કેન્દ્રના ઉપક્રમે મુંબઈ ખાતે ક્રોસ મેદાનમાં સાંજના સમયે આચાર્ય રજનીશજીનાં તા. ૧૩ મી એપ્રિલથી ૧૭ મી એપ્રિલ સુધી એમ પાંચ વ્યાખ્યાનો થયાં. આ વ્યાખ્યાનોનો મુખ્ય વિષય હતો "સમાજવાદ સે સાવધાન!". આચાર્ય રજનીશજી સામ્યવાદના પુરસ્કર્તા છે એવો આપણો તેમનાં વિષે આજ સુધી ખ્યાલ રહ્યો છે. કેટલાક સમય પહેલાં કોઈ એક પત્રકારનો પ્રશ્ન "આપ કોણ છો એ અમને ટૂંકમાં સમજાવશો?" તેના ઉત્તરમાં તેમણે જણાવેલું કે; "હું માર્ક્સવાદી વધતા ઈશ્વર છું." આ તેમના કહેવાનો આશય એ હતો કે સાધારણ રીતે માર્ક્સવાદી ઈશ્વરનો ઈન્કાર કરે છે ત્યારે તેઓ માર્ક્સવાદ સાથે ઈશ્વરનો પણ સ્વીકાર કરે છે.

હજુ ગયા વર્ષના તેમના એક વ્યાખ્યાનમાં તેમણે એ મતલબનું જણાવેલું કે "હું પૂંજીપતિઓનો માત્ર નહિ પણ પૂંજીવાદનો વિરોધી છું, કારણ કે પૂંજીપતિઓ પૂંજીવાદના ગુલામ છે. પૂંજીપતિઓનાં મન સમજાવટથી બદલી શકાતાં નથી. આપણે ક્રાન્તિ લાવવી બહુ જરૂરી છે અને જરૂર પડે તો હિંસાથી. ધનપતિઓ દ્વારા થતું શોષણ બહુ જ ખરાબ વસ્તુ છે. શોષણ જવું જ જોઈએ. ધન બહુ બુરી વસ્તુ છે. પૈસો આપણા બધાના દુ:ખનું કારણ છે." આમ સામ્યવાદી અને પૂંજીવાદવિરોધી વિચારણા ધરાવતા હોવાનો જેમના વિષે આપણ સર્વને આજ સુધી ખ્યાલ હતો એ આચાર્ય રજનીશજીએ આ વખતનાં વ્યાખ્યાનોમાં સમાજવાદ સામે લાલબત્તી ધરી હતી, એટલું જ નહિ પણ, પૂંજીવાદનું અને પૂંજીપતિઓનું ભારે જોરદાર સમર્થન કર્યું હતું, અને સાથે સાથે તેઓ રશિયાની આબાદીનો ઈનકાર કરતા અને અમેરિકાની આબાદીની એકધારી પ્રશસ્તિ કરતા રહ્યા હતા. આચાર્ય રજજીનીશજીનો આ વિચારપલટો તેમને વર્ષોથી જે સાંભળતા આવ્યા છે તેમને મન ભારે આશ્ચર્ય પેદા કરનારો હતો. એમના કહેવા મુજબ આપણા દેશ ઉપર જે સમાજવાદ લાદવામાં આવ્યો છે તે અપરિપકવ રૂપનો છે અને તેની સ્થિતિ અકાળે જન્મેલા બાળક જેવી છે. આમાંથી આપણે પાછા હઠવું જોઈએ અને આપણા દેશમાં પૂંજીવાદને પૂરેપૂરો વિકસવા દેવો જોઈએ. તેમના અભિપ્રાય મુજબ પૂંજીવાદના પૂરા પરિપાકથી જ સાચો સમાજવાદ નિર્માણ થશે. તેમણે એવો પણ અભિપ્રાય વ્યકત કર્યો હતો કે આજે માનવીના દ્રવ્યોપાર્જન ઉપર જે કરવેરા નાખવામાં આવે છે અને જેમ દ્રવ્યોપાર્જન વધારે તેમ કરવેરા વધારે મોટા પ્રમાણમાં એવી જે નીતિ સરકારે અખત્યાર કરી છે તેનું પરિણામ દ્રવ્યોપાર્જનની પ્રવૃત્તિને કુંઠિત કરવામાં અને બને તેટલું વધારે ઉત્પાદન કરવાનો જે આપણા દેશનો આજનો મુખ્ય પ્રશ્ન છે તેના વેગને ઢીલું પાડ-

વામાં આવશે. તેમણે એટલે સુધી કહ્યું હતું કે જે કોઈ માનવી જેટલું કમાય તે કમાણી ઉપર તેનો પૂરો અધિકાર હોવો જોઈએ અને કરવેરાના નામે તેને કોઈ પણ અંશમાં ઝૂંટવી લેવાનો રાજ્યને અધિકાર નથી. આમ થશે તો જ તે કમાણીનો વિશેષ અને વિશેષ ઉત્પાદક પ્રવૃત્તિમાં વિનિયોગ કરવાની તેને પ્રેરણા રહેશે અને દેશમાં ખરી આબાદી આવશે. આજનો મુખ્ય પ્રશ્ન અદ્યતન ટેક્નોલૉજીના પૂરા ઉપયોગ દ્વારા વધારે ને વધારે ઉત્પાદન કરવાનો છે. એમ કરવાથી ધનનો દેશમાં અતિરેક થશે અને તેમાંથી સાચા સમાજવાદનું નિર્માણ થશે. તેમના અભિપ્રાય મુજબ માત્ર સમાજવાદનું સંવર્ધન નહિ પણ મૂડીવાદનો–કેપિટેલીઝમનો – પૂરો વિકાસ તે જ આજના સમયની માંગ છે.

હંમેશાં બે ડગલાં આગળ ભરવાનું કહેનાર આચાર્ય રજનીશજીને આ વખતે, ચાર ડગલાં પાછા ભરવાનું કહેતા જોઈને મારી જેવા અનેક મિત્રો ભારે આશ્ચર્ય અનુભવી રહ્યા છે અને સામાન્ય માનવીના મનમાં એવો તર્ક ઊભો કરે છે કે આ તેમના વલણપલટા પાછળ પૂંજીપતિઓનું કોઈ પીઠબળ તો નથીને?

આજ સુધી તેમનાં વ્યાખ્યાનોનું આયોજન જે રીતે કરવામાં આવતું હતું અને એ પાછળ થતા પાંચ સાત હજારના ખર્ચને પહોંચી-વળવામાં પણ જીવન જાગૃતિ કેન્દ્ર મુંઝવણ અનુભવતું હતું તે જ જીવન જાગૃતિ કેન્દ્રે આ વખતના આયોજન પાછળ અને ઢગલા-બંધ જાહેરાતો પાછળ, સાંભળવા મુજબ લગભગ વીસ હજાર રૂપિયાનો ખર્ચ કર્યો છે. આવો ખર્ચ કરવાનું પૂંજીપતિઓના ટેકા વિના શકય નથી. અને તે હકીકત પણ ઉપર જણાવેલ તર્ક તરફ મનને ખેંચી જાય છે.

આવા તર્ક અને કલ્પનામાં તથ્ય હોય કે ન હોય, પણ એ આજની નિર્વિવાદ વસ્તુસ્થિતિ છે કે જેમ આ દેશમાં રાજાશાહી પાછી લાવવી શકય નથી તેમ દેશમાંથી વિદાય લઈ રહેલો પૂંજીવાદ પણ પાછો લાવવો શકય નથી. સમાજવાદના લાભાલાભ જે કાંઈ હોય તે ખરા, પણ તે તરફ દેશ આગેકૂચ કરી રહ્યો છે. તેમાં પીછેહઠને કોઈ અવકાશ નથી. સમાજવાદનાં ભયસ્થાનો દર્શાવવા તે એક બાબત છે. તેથી પાછા હઠવાનું કહેવું એ બીજી જ બાબત છે. કાળના આવા એંધાણ સામે થઈને આચાર્ય રજનીશજી આપણને સમાજવાદથી સાવધાન થવાની ચેતવણી આપી રહ્યા છે જે ભારે આશ્ચર્ય પેદા કરે છે અને રજનીશજી કયાં જઈ રહ્યા છે અથવા તો આપણને કયાં લઈ જઈ રહ્યા છે એવો પ્રશ્ન આપણા દિલમાં પેદા કરે છે.

પ્રસ્તુત વ્યાખ્યાનો દરમિયાન આચાર્ય રજનીશજીએ ગાંધીજીની નિંદા કરવામાં અને તેમને વિકૃત આકારમાં રજૂ કરવામાં કાંઈ બાકી રાખી નથી. સાથે સાથે વિનોબાજી અને સર્વોદય વિચાર પણ તેમના વાગ્‌બાણોનો ભોગ બન્યા હતા. ભારતવાસીઓના દિલમાં ગાંધીજી અપ્રતિમ સ્થાન ધરાવે છે. તેમના હૃદયમાં પ્રતિષ્ઠિત બનેલી ગાંધીજીની Image ને – પ્રતિમાને–ખંડિત કરવાનું જાણે કે આચાર્ય રજનીશજીએ વ્રત લીધું હોય એવી કાંઈક છાપ રજનીશજીના ગાંધીજી વિષેના આ વખતના વિવેક અને સંયમવિહોણા અને સત્યનિરપેક્ષ આવિષ્કારો સાંભળતાં આપણા મન ઉપર પડે છે. જે પ્રજાએ ગાંધીજીને જોયા નથી તે પ્રજાના માનસમાં ગાંધીજી વિષે વિકૃતિ પેદા કરતા આચાર્ય રજનીશજી આજની પ્રજાની ભારે કુસેવા કરી રહ્યા છે એમ આપણું દિલ પોકારી ઉઠે છે.

ઉપર જણાવેલી બધી બાબતો ધ્યાનમાં લેતાં આપણા પ્રજાજનોને–આજની નવી પ્રજાને–ઊંડા દુ:ખ અને વ્યથા સાથે ચેતવવાનું પ્રાપ્ત થાય છે "સમાજવાદ સે નહિ, પણ આચાર્ય રજનીશજી સે સાવધાન!"

**તા. ક.** એમ પાકે પાયે જાણવા મળે છે કે આચાર્ય રજનીશજીની આ વખતની મુલાકાતદ્વારા આચાર્ય રજનીશજી અને અમુક આગેવાન પૂંજીપતિઓ અને સ્વતંત્ર પક્ષના અમુક પુરસ્કર્તાઓ વચ્ચે ખાસ મિલન ગોઠવવામાં આવ્યું હતું. આ હકીકત ઉપરની આલોચનાના સંદર્ભમાં ભારે દ્યોતક બને છે.

**મુંબઈ ખાતે ઉજવાયેલી આ વખતની મહાવીર જયંતી**

આ વખતની મહાવીર જયન્તીમાં અતિથિવિશેષ તરીકે કોઈ પ્રધાન કે સત્તાધિકારીને નિમંત્રણ આપવાને બદલે કાકાસાહેબ કાલેલકરને બોલાવવામાં આવ્યા હતા. મહાવીર જયંતીના ઉદ્યાપનમાં અગ્રસ્થાને આથી વધારે યોગ્ય વ્યકિત કલ્પી શકાય તેમ નથી. કાકાસાહેબને ભગવાન મહાવીર વિષે, અહિંસા વિશે તેમ જ આજે જે વિચારના પ્રચારને તેઓ પોતાનું જીવનકાર્ય માની રહ્યા છે તે સમન્વય વિચાર એટલે કે સ્યાદ્‌વાદવિચાર વિષે અસાધારણ આદર છે અને જૈન સમાજ સાથે તેમનો વર્ષોથી ગાઢ સંબંધ છે. આ જોતાં તેમની અતિથિવિશેષ તરીકેની પસંદગી અનેક રીતે આવકારપાત્ર હતી. આ પ્રસંગે તેમણે કરેલું વિચારપ્રેરક પ્રવચન 'પ્રબુદ્ધ જીવન'ના આગામી અંકમાં પ્રગટ કરવામાં આવશે.

આ વખતની મહાવીર જયંતી અંગે બીજી ધ્યાન ખેંચે તેવી બાબત હતી. આ જયંતી સમારંભમાં જૈન ભાઈ–બહેનોની તેમ જ સાધુ–સાધ્વીની અતિ કંગાળ હાજરી. સાધુઓમાં સામાન્ય કોટિના માત્ર ત્રણ સાધુઓ ઉપસ્થિત થયા હતા. ભાઈ–બહેનો બહુ અલ્પ સંખ્યામાં હાજર રહ્યાં હતાં. આજસુધીની મહાવીર જયન્તીમાં કોઈ પણ વખતે આટલી બધી કંગાળ હાજરી જોવામાં આવી નહોતી. આનું કારણ શું? પૂરતી જાહેરાતનો અભાવ, જુદા જુદા સ્થળોએ એ જ સમયે યોજાયેલી જયંતી સભાઓ, સમાજની કાંઈક ઉદાસીનતા–આવાં કારણો આગળ ધરવામાં આવે છે. સૌથી વધારે આશ્ચર્ય અને દુ:ખ પમાડે એવું કારણ તો એ જણાવવામાં આવે છે કે આ વખતની જયંતીની વ્યવસ્થા મોટા ભાગે જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક કૉન્ફરન્સ તરફથી કરવામાં આવી હતી અને આ કૉન્ફરન્સના પ્રમુખ શ્રી હીરાલાલ શાહે મુનિ ચિત્રભાનુના પરદેશગમનને લગતા અનુમોદનપત્ર ઉપર સહી કરી હતી. મળેલી ખબર મુજબ, આ કારણે અનેક સાધુમુનિરાજોએ આ વખતની જયન્તીમાં સામેલ થવાની અનિચ્છા દર્શાવી હતી અને જૈન આગેવાનો પણ બહુ થોડી સંખ્યામાં ઉપસ્થિ થયા હતા. મુનિ ચિત્રભાનુના પરદેશગમનને અનુમોદન આપવું ન આપવું એ દરેકની ઈચ્છાની વાત છે, પણ આ કારણને આગળ ધરીને જૈન સમાજના બધા ફિરકાની આગેવાન સંસ્થાઓના ઉપક્રમે ભરવામાં આવેલી મહાવીર જયન્તીના સમારંભથી દૂર રહેવું અને પોતાના અનુયાયીઓને એ પ્રકારની સૂચના આપવી એ તો કેવળ મનના સાંકડાપણાની પરાકાષ્ટા સૂચવે છે. ચિત્રભાનુના પરદેશગમનને અને મહાવીર જયન્તીને કશો જ સંબંધ નથી. આમ છતાં આ બે બાબતોને એકમેક સાથે સાંકળવી એ દિલની દરિદ્રતા દાખવે છે. જે સમાજમાં આવું સાંકડાપણું જોર કરી શકે છે તે સમાજ પાસેથી એકતાની અને સમગ્ર કોમના સંગઠ્ઠનની આશા રાખવી વ્યર્થ છે.

**એક સ્પષ્ટતા**

પ્રબુદ્ધ જીવનના આગળના અંકમાં, મુનિ ચિત્રભાનુના પરદેશગમનના સંદર્ભમાં આજની સાધુસંસ્થાના સ્વરૂપ અંગે અનેક મુદ્દાઓ ઉપસ્થિત થાય છે એ હકીકત ધ્યાનમાં લઈને આજની સાધુસંસ્થાના અદ્યતન સ્વરૂપ અને તેમાં અપેક્ષિત પરિવર્તન અંગે જૈન વિચારકો પાસેથી ચર્ચાપત્રોની માંગણી કરવામાં આવી છે અને તે હેતુથી શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી થોડા સમયમાં એક પરિસંવાદ સભા યોજવાની જાહેરાત પણ એ અંકમાં કરવામાં આવી છે. આ સંબંધમાં એ મુજબ સ્પષ્ટતા કરવાની જરૂર છે કે પ્રસ્તુત વિષય મુનિ ચિત્રભાનુનું પરદેશગમન નથી, પણ આજની સાધુસંસ્થામાં કોઈ પરિવર્તન અપેક્ષિત છે કે નહિ અને જો છે તો કયા પ્રકારનું છે એ પ્રશ્ન મુખ્યપણે પ્રસ્તુત છે અને યોજવા ધારેલ પરિસંવાદમાં પણ આ જ ધોરણે વિચારવિનિમય કરવાનું વિચારવામાં આવ્યું છે.

**પરમાનંદ**

# ☆ દિવંગત આત્માઓને આદર અંજલિ ☆

## ૧. પ્રેમના પયગમ્બર સમા, ગુરુદયાલ મલ્લિકજીનું અંતિમ પ્રસ્થાન

તા. ૧૪ મી એપ્રિલ મંગળવારના માનવસેવાના ભેખધારી શ્રી ગુરુદયાળ મલ્લિકજીનું મુંબઈ ખાતે ચેમ્બુરમાં તેમના પરમ સ્નેહી અને ભકત ડૉ. કે. જી. રૂલવરના નિવાસસ્થાને ૭૪ વર્ષની ઉંમરે અવસાન થયું હતું. તેમનો જીવનપરિચય આપતાં તા. ૧૫-૪-૭૦ ના જન્મભૂમિમાં જણાવવામાં આવ્યું છે તે મુજબ શ્રી ગુરુદયાળ મલ્લિકનો જન્મ વાયવ્ય સરહદ પ્રદેશના ડેરા ઈસ્માઈલખાનમાં ઈ. સ. ૧૮૯૬ માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ એમણે લાહોર અને કરાંચીમાં લીધું હતું, અને કૉલેજ-શિક્ષણ મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં મેળવ્યું હતું. કૉલેજમાં હતા ત્યારે પહેલી જ વાર કવિવર રવીન્દ્રનાથ ટાગોરનું નામ છાપામાં વાંચ્યું હતું અને ત્યારથી એમનાં દર્શન કરવાની તાલાવેલી જાગી હતી અને ટૂંક સમયમાં જ એમની ઈચ્છા ફળી હતી.



● સ્વ. શ્રી ગુરુદયાળ મલ્લિકજી ●

ત્યારથી લગભગ વીસ બાવીસ વર્ષ એમણે ગુરુદેવના નિકટના સાન્નિધ્યમાં અને શિક્ષક તરીકે શાંતિનિકેતનમાં ગાળ્યાં હતાં અને વિદ્યાર્થીઓ તેમ જ સાથીઓનો પ્રેમ જીતી લીધો હતો. શાંતિનિકેતનમાં જ એમને દીનબંધુ એન્ડ્રુઝ તેમ જ ગાંધીજીનો પરિચય થયો અને ત્યારથી એ બન્ને વિભૂતિઓનું નિકટનું સાન્નિધ્ય તેમ જ પ્રેમ પણ તેઓ પામ્યા હતા. ગાંધીજીના કહેવાથી જ ૧૯૧૯ માં જળિયાંવાલા બાગના અત્યાચારોનો ભોગ બનેલાઓની કરુણ કથનીઓનો હેવાલ લેવામાં એમણે એન્ડ્રુઝને સહાય આપી હતી.

ગુરુદેવ ટાગોરનું ૧૯૪૧ માં મૃત્યુ થયા બાદ શાંતિનિકેતનનું વાતાવરણ ઝડપભેર બદલાવા લાગ્યું એટલે મલ્લિકજીએ ૧૯૪૬ માં ગુરુદેવવિહીન એ સંસ્થાને છેલ્લા પ્રણામ કર્યા. અને ટૂંક સમયમાં ગાંધીજી પણ આપણી વચ્ચેથી ચાલ્યા ગયા.

એમના એ બે ધ્રુવતારક જવાથી એમણે થોડો વખત તો ભારે ગ્લાનિ અને એકલતા અનુભવી હતી. પણ એમનો અંતરાત્મા તરત સાવધ થઈ ગયો, અને બહારની વિરાટ દુનિયામાં માનવસેવા કરવાનો સાદ એમને આપી ગયો. ત્યારથી જીવ્યા ત્યાં સુધી તેઓ દેશભરમાં ઘૂમીને દીનદુ:ખિયાઓનાં આંસુ લૂછતાં ઠેરઠેર પ્રેમ, વહાલ અને આનંદની સુવાસ ફેલાવતા એક આદર્શ પરિવ્રાજકનું જીવન જીવ્યા હતા.

માતાના સ્વર્ગવાસ પછી હૃદયના પુકારને માન આપીને તેઓ જીવનભર અવિવાહિત રહ્યા હતા. એમના પર ટાગોર અને ગાંધીજી ઉપરાંત સિંધુના સુફીઓ, બંગાળના બાઉલો અને એવા બીજા લોકસંતો અને ફિલસૂફોનો પ્રભાવ પડયો છે.

તેમને અંજલિ આપતા પ્રા. પ્રતાપ જ. ટોલિયા પોતાની કવિત્વયુકત વાણીમાં જણાવે છે કે "ગુરુદેવ રવીન્દ્રનાથ ઠાકુરની અને મહાત્મા ગાંધીજીની બે વિરાટ જીવનધારાઓને સાંધનાર સેતુ; બાઉલોની મસ્તી અને સૂફીઓની પ્રેમ-પરસ્તીના પ્રત્યક્ષ પરિચાયક; ફેલોશિપ ઑફ ફ્રૅન્ડઝ ઑફ ટ્રુથ, – 'કવેકર્સ' – શી કઠોર સાધના ને સેવાની માનવતાવાદી પ્રવૃત્તિ તેમ જ ભૂદાન-ગ્રામદાન-સર્વોદય-શી પ્રેમ-કરુણાની સર્જનપ્રવૃત્તિના પુરસ્કર્તા કર્મયોગી; ગૂઢ રહસ્યપંથના મૌન, ધ્યાની, આત્મયાત્રી અને દિવ્યપ્રેમથી સભર એક પરમ નિરવ ભકત; ઉચ્ચ કોટિના અનુભૂત-જ્ઞાની અને શ્રીમદ્ રાજચંદ્રજી, સ્વામી રામકૃષ્ણ પરમહંસ, રમણ મહર્ષિ, શ્રી અરવિંદ, સ્વામી રામદાસજી, મા આનંદમયી, પૂજ્ય મોટા અને અન્ય અનેક જીવનદષ્ટા દિવ્યપંથીઓના પ્રત્યક્ષ-પરોક્ષ સહયાત્રી; સર્વ ધર્મ-વિચાર-ભાષા-પ્રાન્ત-રાષ્ટ્રના સમન્વયી; મૌનની ભાષાના સ્વામી અને તેવા જ અન્તરના ઊંડાણેથી પ્રગટતી 'પરા'-ભાષાને અભિવ્યકત કરતા વિરલ વકતા; અંગ્રેજી-હિન્દી-ઉર્દૂ-સિંધી-ગુજરાતી-બંગલા ભાષાઓના સાહિત્યપ્રદાતા-લેખક અને સંતકવિ; બાળકોના પ્યારા અને દીન-દુ:ખિયાના સહારા; અંતરમાં ઉચ્ચ અસંગ ભૂમિકાએ સ્થિત અને છતાં બહારમાં ડગલે ને પગલે વિનોદ, રમુજ ને હાસ્યની હળવાશથી વાતાવરણને આનંદ આનંદથી ભરી દેનારા ને જીવનના મર્મોને સહજમાં ખોલી દેનારા; આંખોમાંથી અશ્રુધારા, મુખમાંથી સૌમ્ય મધુર વચનધારા અને અંગપ્રત્યંગમાંથી અસ્ખલિત પ્રેમધારા વહાવનારા અને સર્વત્ર પ્રેમ, પ્રેમને પ્રેમના પ્રસરાવનારા પ્રેમના પયગમ્બર-શા પૂજ્ય ગુરુદયાળ મલ્લિકજી પોતાની પ્રકાશના પુંજ જેવી ચુમોતેર વર્ષની હસ્તી, સંકેલી ગયા !...આ મૌનમસ્ત મનીષિએ મંગળવાર તા. ૧૪-૪-૭૦ ના મધ્યાહ્‌ન પછી મુંબઈ મુકામે તેમની જીવનયાત્રાના પરિપાકશી સમાધિવત્ સ્થિતિમાં દેહ છોડયો અને અનંતની વિદેહયાત્રા આરંભી. તેમના માટે મંગલમય અને જગત માટે વેદનાભરેલી એવી વિશ્વની આ વિદાયવેળાએ રણકી રહ્યાં હતાં વાદ્યના મૃદુ સ્વર, ભજનનાં ઘેરાં ઘેરાં ગાન અને મંત્રોના ગંભીર ઘોષ. મલ્લિકજીના "જીવન-સર્વસ્વ" એવા ગુરુદેવ રવીન્દ્રનાથની વિદાય જેવું જ આ વાતાવરણ...ઓમાંથી ઊઠતા હતા જીવનના કર્ણધાર પરમાત્મા પ્રત્યે તેના શાન્તિ-સાગરમાં, આનંદ-સાગરમાંથી પોતાની જીવન-નૌકાને વહાવી લઈ જઈને અનંત, અસીમ, આત્મલોકમાં એકરૂપ કરી દેવા માટેની આરતભર્યા 'અંતિમગાન'ના રણકાર :

"શંમુખે શાંતિ પારાબાર,
ભાસાઓ તરણી, હે કર્ણધાર !"

અનેકની વેદનાઓ-વ્યથાઓ-વ્યાધિઓ ને સ્વ-પરનો અભેદ અનુભવતા, પરમ કરુણાભાવે સ્વયં વેઠી લેનારા, વિસંવાદોમાં સંવાદ સર્જનારા અને પ્રેમ-આનંદ-શાંતિના પથ પર જીવનભર વિચરનારા આ શાંતિયાત્રીને પરમ કર્ણધારે શાંતિના આત્મલોકે પહોંચાડયા જ છે."

તેમની સાથે મારો વર્ષો જૂનો પરિચય હતો. આપણી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તેઓ એક વાર વ્યાખ્યાન આપવા માટે આવેલા. તેઓ નમ્રતાની મૂર્તિ હતા. આપણી વચ્ચે વિચરતા તેઓ ઉત્તમ કોટિના એક સન્ત હતા. આપણા તેમને અનેકાનેક વન્દન હો !

પરમાનંદ

## ૨. પૂજ્ય રણછોડદાસજી મહારાજનો દેહવિલય

(ભારત વર્ષના ઘણા મોટા ભાગના વિસ્તારોના આફતગ્રસ્ત માનવસમુદાયની વહારે ધાનાર માનવસેવક તેમ જ આધ્યાત્મિક સંત - એવા શ્રી રણછોડદાસજી મહારાજનો - તા. ૧૯-૪-૭૦ રવિવારના રોજ મુંબઈ ખાતે દેહવિલય થયો. તેમનું શિષ્યમંડળ અને ભકતમંડળ સારાયે ભારતવર્ષના ખૂણે ખૂણે પથરાયેલું છે. એ બધાનો સાથ લઈને તેમણે પોતાના જીવન દરમિયાન વિવિધક્ષેત્રે ઘણાં કાર્યો કર્યા છે અને ઘણાં માણસોના જીવનમાં પ્રકાશ પાથર્યો છે-તેને લગતાં થોડાંક સ્મરણો શ્રીયુત ઢેબરભાઈ તરફથી 'પ્રબુદ્ધ જીવન'ને પ્રાપ્ત થયા છે તે સાભાર નીચે પ્રગટ કરતા હું ધન્યતા અનુભવું છું. પરમાનંદ)

મારી બીમારીએ તેમનાં આખરી દર્શન કરવાની તકથી મને વંચિત રાખ્યો છે. આનું ઊંડું દુઃખ અનુભવું છું.

પૂજ્ય રણછોડદાસજી મહારાજનો પ્રથમ પરિચય ૧૯૪૬ માં રાજકોટમાં થયો. છેલ્લા અમે AICC ના અધિવેશન વખતે બેંગ્લોરમાં મળ્યા. વચમાં ડઝનેક વખત મળવાની તક મળી હશે. કેટલાંએ સ્મરણો નજર સમક્ષ તરી આવે છે.

પૂ. રણછોડદાસજી મહારાજ અને ગાંધીજી વચ્ચેનો એક સુભગ પ્રસંગ તેમના સ્વમુખે સાંભળવાનું સૌભાગ્ય મને પ્રાપ્ત થયું હતું. પૂ. રણછોડદાસજી મહારાજ સમક્ષ ઓરિસ્સામાંથી ફરિયાદ પહોંચી કે નાકરની લડતમાં કેટલાક કિસાનોની જમીન સરકારે આંચકી લીધી હતી. આ જમીનવિહોણી વ્યકિતઓની હાલતથી તેમનું હૃદય કંપી ઊઠ્યું અને ગાંધીજીને કશુંક કરવા તેમણે પત્ર લખ્યો. ગાંધીજીએ તેમને મળવાને માટે નિમંત્રણ આપ્યું અને જ્યારે મળ્યા ત્યારે જે ચર્ચા થઈ તેનો સાર આ હતો: બાપુએ કહ્યું કે "આપ તો સાધુ છો, અનુકંપા એ આપનો સ્વભાવધર્મ છે. હું લોકોને સંઘર્ષમાં નોતરું છું. તેમાં કંઈ ને કંઈ સહન કરવું એ સ્વાભાવિક બને છે. મને સમજાવો કે એક બાજુથી સંઘર્ષમાં નોતરું અને બીજી બાજુથી સહન કરતાં કેમ બચાવી શકું? અને વળતર આપવાનું વિચારું તો ક્યાં પહોંચી શકું?" સાધુ અને સાધુ વચ્ચેનો આ પુણ્યકારી વાર્તાલાપ. બન્ને અનુકંપાની મૂર્તિઓ પણ બન્નેના ભિન્ન ભિન્ન કાર્યક્ષેત્રોમાં અને તેમાંથી બંને એકબીજાની પદ્ધતિ સમજી છૂટા પડયા. આ શુભમિલનના એક શુભ સ્મરણ ચિન્હ રૂપે ગાંધીજીએ શ્રી રણછોડદાસજી મહારાજને આપેલું પોતાનું રોસ્કોપનું ઘડીયાળ તેમણે શ્રી ગીરધરભાઈ કોટક તથા મને સાચવવા આપ્યું. ગયા માસમાં ગાંધી-સંગ્રહાલયની બેઠકમાં તે સાચવવા માટે મેં સંગ્રહાલયસમિતિને વિનંતિ કરી અને તેમણે માન્ય કરી. ગાંધીજીના સંગ્રહમાં બે સાધુઓના ઉપયોગમાં આવેલી રોસ્કોપની ઘડિયાળ એક પવિત્ર સ્મારક બનશે. તેને અંગેની માહિતી માગવાની મને જરૂર લાલચ થઈ હતી, પણ તેમણે આ પવિત્ર સ્મારક માટેની કોઈ પણ વાત પ્રગટ કરતાં હૃદયનો સંકોચ અનુભવ્યો અને મેં આગ્રહ છોડી દીધો.

પૂ. રણછોડદાસજી મહારાજ જનકલ્યાણની પ્રવૃત્તિમાં મોખરે હતા. પણ મનુષ્યના જડ માળખામાં વસતા ચૈતન્યરૂપી આત્માના કલ્યાણની કેટલી ચમત્કારી સહાયતા કરી શકતા હતા તેના દૃષ્ટાંતો ગણ્યા ગણાય નહિ તેટલાં નીકળશે. શ્રી નેણશીભાઈ મોનજી તન્નાને તેમણે રામનામના બોલથી તારી દીધા. શ્રી પોબારુને રામાયણમાં રસબોળ કરી દીધા. નામદાર રાજકોટ ઠાકોરસાહેબ ઉપર તેમની મીઠી આશીર્વાદ ભરેલી નજર રહેતી. શ્રી ગીરધરભાઈ કોટકને તેમણે આધ્યાત્મિક ભૂમિકાની ઊંચી સપાટી ઉપર લાવી મૂક્યા, શ્રી. અરવિંદભાઈને જે લાભ થયો છે તે તેઓ જ વર્ણવી શકે.

તેમની આ ક્ષેત્રમાં સહાયતા કરવાની અનોખી પદ્ધતિ હતી. બીજા ધર્મગુરુઓ પોતાની પદ્ધતિ વિષે આગ્રહી હોય છે. શ્રી રણછોડદાસજી મહારાજ આવા કોઈ આગ્રહથી પર હતા. બિહારના અકાળમાં જવાબદારી લેવાને માટે શ્રી દેવકરણભાઈ, શ્રી. ગીરધરભાઈ અને હું તેમને ગોતતા ગોતતા વેલોર વિનંતિ કરવા ગયેલાં. અકાળ વિશે વાતચીત પૂરી થતાં આધ્યાત્મિક ક્ષેત્ર વિષે તેમણે જે વાતો કરી તે ત્રણેમાંથી કદી કોઈ ભૂલી શકીશું નહીં. તેમની સહાયતાની અપેક્ષા રાખનાર માનવહૃદય તેમના વિશાળ પ્રેમસરોવરને કાંઠેથી તરસ્યું પાછું ન વળે તેટલા માટે જ્યાં તે હૃદય હોય ત્યાં સુધી તેઓ તેમનો ઉદાર હાથ પહોંચાડવા કોશિષ કરતા. જેને ભકિતયોગમાં રસ હોય તેમને ભકિતયોગ મારફત, જ્ઞાનયોગમાં હોય તેને જ્ઞાનયોગ મારફત, કર્મયોગ કે રાજયોગમાં રસ હોય તો તેની મારફત અને મારા જેવા કંઈક અંશે રમણ મહર્ષિથી આકર્ષાયેલાને તે દ્વારા, બધાની શ્રદ્ધા તેની સાધનામાં કેમ મજબૂત કરવી અને બીજી વખત મળીએ કે તુરત જ તેમાં કેટલી પ્રગતિ થઈ રહી છે તેના ખબર પૂછવા—જાણે એ પોતાની જ માન્ય પદ્ધતિ ન હોય! ઈશ્વરને પામવાના અનેકાનેક માર્ગો છે. જે માર્ગ ગ્રહણ કરો તેમાં શ્રદ્ધા અને વિશ્વાસથી વળગી રહો આ જ તેમનો આગ્રહ હતો.

રણછોડદાસજી મહારાજનો ભારત પ્રત્યેનો પ્રેમ અપૂર્વ હતો. આમાં ક્યાંય સંકુચિતતા ન હતી. તેમનાં મનમાં ભાવ હતો. ભારત સમૃદ્ધ બનશે જ. તેમાં ક્યાંય ક્ષતિ પહોંચતી તો અકળાતા. ૧૯૪૯ માં એક વખત તેમણે મને કહ્યું: "'ढेबरभाई कुछ ताकतसे काम लो।' હું સૌરાષ્ટ્રનો મુખ્ય મંત્રી હતો. તેમને જે હકીકતો મળતી હતી તે પ્રમાણે હું કંઈક ઢીલાશ દેખાડતો હતો.

૧૯૫૫માં કૉંગ્રેસપ્રમુખ હતો. ફરી પણ વાત નીકળી અને પોતે રાજનૈતિક ક્ષેત્રમાં જે પણ ક્ષતિ જોતા હતા તે તરફ તેમણે ધ્યાન ખેંચ્યું: "ढेबरभाई, ईश्वर क्षण क्षण बुंदबुंदसे पाणी खिंचता है। मनुष्यके शरीरसे खिंचता है। लेकिन कोई महसुस नहीं करता। और जब बारीष होती है लोग मात्र ईश्वरका धन्यवाद करते है। शासनको भी बिना पैसा नहीं चलता, नही चलेगा। लेकिन अगर शासनको लोकहृदयमें ठीक ढंगसे टीकना है तो लेनेदेनेके तरीकेमें फेरफार करना चाहीये। दुसरा तुम्हारा रुपया देखो। उससे ६४ पैसेका माल आता है क्या? (उस जमानेमें ६४ पैसाका रुपिया था). मगर ४८ पैसेका माल इससे बाजारमें मिलता है तो समज लो कि तुम्हारी शासनकी शक्ति २५ भी सदी कम हुयी. तुम्हारे रुपयामे चांदी तो ५ आनेकी है. कहो फिर शासनकी शक्ति किस तरह बढ़ सकती है। और तुम्हारी घरकी और स्कुलकी शिक्षा बताओ। उसमें धर्म कहाँ है, अगर धर्मभावना नही है तो खुद गरमी ही बढेगी।

૧૯૬૯ ના બેંગલોર AICC વખતે આંખમાં આંસુ સાથે કહ્યું, "....को मंत्री मंडलसे हटना नही चाहिए—बहुत कठीन दीन भारतके लीये देख रहा हूँ।

૧૯૬૮માં મેં એક વખત પૂછ્યું કે, તમને સૌથી પ્રથમ વસ્તુ શું જરૂરી લાગે છે? "भारत को अन्नसे स्वावलँबी बनाना, अेक राज्य और दूसरे राज्य के बीचमे जो पाबंधीं है वो दूर करो। व्यापारी समुदायको समजाओ। अन्नमे से कमानेका ख्याल छोड दे। अेक मन्त्र रखे आत्मनिर्भरताका।

માણસ વિષેની એમની પરખ પણ ઊંડી હતી. એક વખત



સ્વ. કુ. બહેન રેખા : જેનાં ચક્ષુઓનું અવસાન બાદ દાન કરવામાં આવ્યું છે.

હું ચૂંટણીમાં ઊભો હતો. ચૂંટણી વિષે તેમની માન્યતા હતી કે "आज जो चल रहे है वह तो भराव है, चुनाव कहां है ?" મારા ચૂંટણીમાં ઊભા રહેવાના નિર્ણય સંબંધમાં કહેતા કે ચૂંટણીમાં ઊભા છો કે તમને લોકો ચૂંટવા માંગે છે.?

તેમની વ્યવસ્થાશકિત અલૌકિક હતી. એક એક પૈસાનો સદુપયોગ કેમ થાય, રાહત માટે આવનાર લોકોને સંતોપ કેમ થાય એટલું જ નહિ પણ તેમનું ગૌરવ કેમ સચવાય અને સૌથી વિશેષ આ બધું સેવાકાર્ય એક ઈશ્વરનો પોતાના અને પોતાના સેવક મંડળ ઉપર અનુગ્રહ છે, પોતાના ભાંડુ પ્રત્યે પોતાના હ્રદયમાં ઊભરાતો પ્રેમ સંતોષવાની અપૂર્વ તક છે એમ વિચારતા.

રણછોડદાસજી મહારાજ જતાં ભારતનો સેવા સરિતાપ્રવાહ જરૂર મંદ પડશે. આધ્યાત્મ વિકાસના કેટલાયે તરસ્યા હ્રદયનો આધાર ઢીલો પડશે અને સમૃદ્ધ ભારત જોવાની તેમના હ્રદયની અભિલાષામાં અમારી જેવી કેટલીયે વ્યકિતઓને નિસ્પૃહ માર્ગદર્શન પ્રાપ્ત થતું હતું તે મળતું બંધ પડશે. છતાં અલૌકિક આ સાધુપુરુષની સાધુતા, તેમનું તપ, તેમના આત્માના આશીર્વાદ—આ બધી ક્ષતિ પૂરી કરશે એ ભાવ સાથે નમ્રપણે મારા હ્રદયની શ્રદ્ધાંજલિ તેમની પૂણ્યસ્મૃતિમાં સમર્પણ કરું છું.

**ઉછરંગરાય ન. ઢેબર**

## ૩. કુ. બ્હેન રેખાનું દુઃખદ અવસાન

કુ. બહેન રેખા જેનું નામ, તેના પિતાશ્રી દામજીભાઈએ રૂ. ૫૦૦૦નું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા ચાલતી રાહતપ્રવૃત્તિને દાન આપ્યું અને બીજી પણ સંગીન આર્થિક મદદ મેળવી આપી તેની કદર તરીકે સંઘની રાહતપ્રવૃત્તિ સાથે જોડવામાં આવ્યું છે તે બહેન રેખાનું ચાર દિવસની માંદગીમાં તા. ૨૨-૪-૭૦ના રોજ ૨૧ વર્ષની ઉંમરે અવસાન થયું. આ બહેન રેખા પોતાના જન્મ બાદ દોઢ બે મહિનાના ગાળા દરમિયાન આવેલી માંદગીના પરિણામે એવી અપંગ બની ગઈ કે તેને એક જગ્યાએથી બીજી જગ્યાએ ઉપાડીને જ ફેરવવી પડે અને શરીરને લગતી બધી ક્રિયાઓ અન્ય જનોએ જ કરવી પડે. આ અપંગતાના કારણે તેનું આખું જીવન કેવળ પરાધીન બની ગયું. ઉંમર વધતાં બુદ્ધિ ખીલતી ગઈ, પણ નિશાળે જઈને ભણવાનું તેના માટે શકય ન રહ્યું. શિક્ષકની મદદથી વાંચતાં લખતાં શિખી. આગળ જતાં હાથ ચાલુ કામ આપવાની સ્થિતિમાં ન રહ્યા તેથી લખવાનું બંધ થયું પણ વાંચવાનું ચાલુ રહ્યું. અંતકડીમાં તો તે એક્કો હતી. નવું નવું જાણવાની તેને ખૂબ હોંશ રહેતી. છેલ્લાં ત્રણ વર્ષથી સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં નિયમિત આવતી અને પૂરા અઢીથી ત્રણ કલાક બેસી રહેતી અને વ્યાખ્યાનો એકધ્યાનથી સાંભળતી. તેના માબાપ તેની કોઈ પણ ઈચ્છા તૃપ્ત કરવાને ઊભા પગે રહેતા. તેની ઈચ્છા થાય ત્યારે તેને સિનેમા જોવા લઈ જતા. સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે કચ્છનો આજથી પાંચ વર્ષ પહેલાં બાર દિવસનો એક પ્રવાસ યોજવામાં આવેલો. આ પ્રવાસમાં તે અમારી સાથે હતી. ગિરનાર, શંત્રુજય, આબુ વગેરે તીર્થસ્થાનોની તેને યાત્રા કરાવેલી. તેને મસૂરી, નૈનિતાલ સુધી પણ લઈ જવામાં આવેલી. તેની તીવ્ર ઈચ્છાને વશ થઈને છ મહિના પહેલાં તેના પિતાશ્રીએ તેને તેમ જ બીજા સગાવહાલાઓની મંડળી લઈને સમેતશિખર, પાવાપુરી, રાજગ્રહી તેમ જ બોધગયાની યાત્રા કરાવેલી અને કલકત્તા શહેર દેખાડેલું. તે પહેલા ગયા સપ્ટેમ્બર માસની ચોથી તારીખે સંઘના નવા કાર્યાલયમાં તેની પાસે અમે કુંભ મુકાવેલો. તેના અવસાનના બે દિવસો પહેલાં તેની સાથે ટેલિફોન દ્વારા મેં અને મારાં પત્નીએ વાતો કરેલી અને પરસ્પર મળવાનું ઠરાવેલું. આવી અપંગ પરાધીન પુત્રીની તેના માતાપિતાએ ૨૧ વર્ષ સુધી કલ્પનામાં ન આવે તેવી જે સેવા કરી છે અને તેના સ્વાસ્થ્ય પાછળ અને તેની ઈચ્છાઓ પુરી કરવા પાછળ જે પારવિનાનો ખર્ચ કર્યો છે તેને યોગ્ય શબ્દોમાં રજૂ કરવાનું મુશ્કેલ છે. તે છોકરીની અપંગતાએ તેના માબાપનું જીવન સફળ—સાર્થક—બનાવ્યું છે. રેખાનું પરલોકગમન સંઘના સદસ્યોને મન—ખાસ કરીને સંઘની કાર્યવાહીના સભ્યોને મન—એક સ્વજન ગુમાવ્યાના દુઃખસદશ બન્યું છે. આ પુત્રીના વિયોગનું દુઃખ તેમના માતા પિતા—તેમનો ચાલુ સેવાયોગ એકાએક અટકી જતાં—તીવ્રપણે અનુભવી રહ્યા છે. લગભગ ૨૧ વર્ષની તેમની આ કઠોર તપસ્યાનો રેખાના જવાથી અંત આવ્યો છે. તેમના વિષે આપણું દિલ ઊંડી સહાનુભૂતિ અનુભવે છે. બહેન રેખાના આત્માને પરમ શાંતિ પ્રાપ્ત થાઓ!

**પરમાનંદ**

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ સંચાલિત
## શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ
## નિયમો

૧. મજકુર સભાગૃહ વાપરવાની રજા મેળવવા ઈચ્છનારે રૂા. ૧૦૦—૦૦ ની ડીપોઝીટ સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘને નિયત કરેલા અરજી ફોર્મમાં લેખિત અરજી કરવાની રહેશે.

૨. મજકુર સભાગૃહ કોઈ પણ વ્યકિતને અથવા મંડળને વાપરવા આપવો કે નહિ તે માટેનો સંઘનો નિર્ણય છેવટનો રહેશે. સભાગૃહ નહિ આપવાનું કોઈ પણ કારણ દર્શાવવાની જરૂર રહેશે નહિ.

૩. મજકુર સભાગૃહ સાંસ્કૃતિક, શૈક્ષણિક અથવા સામાજિક કાર્યક્રમ માટે આપવામાં આવશે. લગ્ન અથવા સત્કાર-સમારંભ યા ભોજન—સમારંભ માટે સામાન્ય રીતે આ સભાગૃહ આપવામાં આવશે નહિ.

૪. મજકુર સભાગૃહ વાપરવા માટેની રજા મેળવનારને સંસ્થાના કાર્યાલય—મંત્રીની સૂચના મુજબ વર્તવું પડશે અને સભાગૃહના કોઈ પણ રાચરચીલાંને નુકશાન પહોંચશે તો તેના પૈસા તેમના કહેવા પ્રમાણે ભરી આપવા પડશે.

૫. મજકુર સભાગૃહના વપરાશના રૂા. ૪૦—૦૦ તથા માઈકના રૂા. ૧૦—૦૦ તથા સાફસૂફીના —પ્યુનના રૂા. ૩—૦૦ લેવામાં આવશે. માઈક ન વાપરવું હોય તો સભાગૃહના વપરાશના રૂા. ૪૦—૦૦ તથા પ્યુનના રૂા. ૩—૦૦ લેવામાં આવશે.

૬. મજકુર સભાગૃહના વપરાશના તથા માઈકના નક્કી કરેલા દરમાં, જરૂર જણાયે રાહત આપવાની સંઘના મંત્રીઓને સત્તા રહેશે.

૭. અરજી મળ્યા પછી ૪૮ કલાક બાદ 'હા' કે 'ના'નો જવાબ સંસ્થાના કાર્યાલય—મંત્રી તરફથી જણાવવામાં આવશે.

૮. નિયત કરેલા ભાડા ઉપર સભાગૃહનો ઉપયોગ ત્રણ કલાકથી વધારે થઈ શકશે નહિ.

૯. અરજીમાં જણાવ્યા મુજબનો કાર્યક્રમ પતી જવા બાદ, સભાગૃહ રાખનાર પાસેથી જે હિસાબ લેવાનો થશે તે તેમની ડીપોઝીટની રકમમાંથી કાપીને બાકીની રકમ પાછી આપવામાં આવશે અને જો કાંઈ ભાંગતૂટ થઈ હશે તો તેની રકમ પણ તેમાંથી કાપી લેવામાં આવશે.

૧૦. સંઘના ઉદ્દેશોને પ્રતિકૂળ એવી કોઈ પણ પ્રવૃત્તિ માટે આ સભાગૃહ વાપરવા આપવામાં આવશે નહિ.

૧૧. કોઈ પણ વ્યકિતએ કે સંસ્થાએ સભાગૃહ નોંધાવ્યું હશે, પણ કોઈ અનિવાર્ય સંજોગોને કારણે તેમને સભાગૃહ આપી ન શકાય એવું બને તો તે રદ કરવાનો અધિકાર સંઘને રહેશે. અને ડીપોઝીટ પાછી આપવા સિવાય સંઘની બીજી કોઈ જવાબદારી રહેશે નહિ.

૧૨. જે વ્યકિત કે સંસ્થાએ સભાગૃહ વાપરવા રાખ્યો હશે અને તેમના પોતાના કોઈ પણ કારણસર તેઓ સભાગૃહનો ઉપયોગ નહિ કરે તો પણ સભાગૃહનું પૂરેપૂરું ભાડું તેમની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૩. સભાગૃહ નોંધાવવાનો કે ડીપોઝીટ અને હિસાબની લેવડદેવડનો સમય રવિવાર અને રજાના દિવસો સિવાય સવારના ૧૧—૩૦થી સાંજના ૫—૩૦ સુધીનો રહેશે.

૧૪. જે વ્યકિત કે સંસ્થાએ જે નામે સભાગૃહ લખાવ્યું હશે તેને જ સભાગૃહનો ઉપયોગ કરવા દેવામાં આવશે. એના બદલે બીજા કોઈને સભાગૃહનો ઉપયોગ કરવા દેવામાં આવશે નહિ.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

# સાંપ્રત રાજકીય પ્રવાહો

## ગુજરાત

ગુજરાતમાં ભારેલો અગ્નિ ફરી ભભૂકી ઊઠયો છે. સંસ્થાકીય કૉંગ્રેસમાંથી છ સભ્યો છૂટા થયા. હિતેન્દ્રસરકારની બહુમતી બહુ પાતળી રહી. બન્ને પક્ષે જોરદાર ખેંચતાણ ચાલુ જ છે. કોઈ રીત અજમાવવી બાકી રહી નથી. હાથતાળીની વાત છે. ધારાસભા ચાલુ નથી એટલે અગ્નિપરીક્ષા બાકી છે. અચાનક અચોક્કસ મુદત માટે તેમણે ધારાસભા મુલ્તવી રાખી દીધી. આ પગલું ગેરબંધારણીય છે તેમ જણાવી તેને માટે હાઈકોર્ટમાં આ લખાય છે ત્યારે કેસ ચાલુ છે. હાઈકોર્ટ ધારાસભાના આંતરિક વહીવટમાં લેશપણ દરમ્યાનગીરી કરી ન શકે અને પોતાનો આંતરિક વહીવટ કરવાનો સંપૂર્ણ અધિકાર ધારાસભાને જ છે એમ જણાવી, સ્પીકર આ કેસમાં હાજર રહ્યા નથી. હું એમ માનું છું કે કૉર્ટ આ બાબતમાં કાંઈ જ કરી નહિ શકે. મુદ્દો, રાજકીય શુદ્ધ વ્યવહારનો છે. (Political Propriety) સત્તા ઉપરનો પક્ષ બહુમતિ ગુમાવી બેસે અથવા ગુમાવી બેસવાનો ભય ઊભો થાય ત્યારે, સ્પીકરની મદદથી અથવા તે સમયે દેખાતી બહુમતી હોય તેનો લાભ લઈ, ધારાસભા અચોક્કસ મુદત માટે મુલ્તવી કરી નાખવી એ ખતરનાક અખતરો છે. પંજાબ, હરીયાણા અને હવે ગુજરાતમાં તેમ થયું. પછી છ મહિના સુધી ધારાસભા બોલાવવી ન પડે તે સમય દરમ્યાન વળી પરિસ્થિતિ બદલાય અથવા બદલાવી શકાય તો કાંઈક જીવતદાન મળી જાય. આવા સંજોગોમાં સ્પીકર અને ગવર્નરની જવાબદારી વધી પડે છે. લોકશાહી ધોરણ અને બંધારણનું રક્ષણ કરવાની ફરજ તેમને શીરે આવી પડે છે. ધારાસભા અચોક્કસ મુદત સુધી મુલ્તવી રાખ્યા પછી, ગવર્નર પાસે તેને ધોરણસર Prorogue કરાવવી—એટલે કે ધારાસભાની તે બેઠક પૂરી થયેલી જાહેર કરવી—તેમાં ગવર્નરનો કેટલો સ્વતંત્ર અધિકાર છે તે પ્રશ્ન રહે છે. ગુજરાતના રાજ્યપાલ ચુસ્ત ગાંધીવાદી છે અને લોકશાહી ધોરણને જાળવવા જાગૃત રહેશે એમ માનીએ તો હિતેન્દ્ર સરકાર ધારાસભામાં પોતાની બહુમતી ચકાસવાનું કયાં સુધી ઠેલી શકશે તે જોવાનું રહે છે. પણ જે બની રહ્યું છે તે પ્રજાને માટે તો હિતાવહ નથી જ. સ્વતંત્ર પક્ષ સત્તા પર આવે એ આવકારદાયક તો નથી જ. સ્વતંત્ર પક્ષને બીજા પક્ષો અને ખાસ કરી શાસક કૉંગ્રેસનો કેટલો અને કયાં સુધી ટેકો રહેશે તે પણ જોવાનું છે. હિતેન્દ્રભાઈએ અને પ્રાન્તિક સમિતિના પ્રમુખ વજુભાઈએ વચગાળાની ચૂંટણીનું આવ્હાહન આપ્યું છે. હકીકતમાં કોઈ પક્ષને વચગાળાની ચૂંટણી જોઈતી નથી.

## સ્વતંત્ર પક્ષ

પણ ગુજરાતમાં જે બની રહ્યું છે તેના રાષ્ટ્રીય પ્રત્યાઘાતો વ્યાપક છે. રાષ્ટ્રીય સ્તર પર ઈન્દિરા ગાંધીની સરકારને ઉથલાવવા કટિબદ્ધ થયેલ સંસ્થાકીય કૉંગ્રેસ તે કાર્યમાં સ્વતંત્ર પક્ષ અને જનસંઘનો ટેકો લઈ રહેલ છે; જ્યારે ગુજરાતમાં સ્વતંત્ર પક્ષ સંસ્થાકીય કૉંગ્રેસને ઉથલાવવા તૈયાર થયેલ છે. અને ગુજરાતની સંસ્થાકીય કૉંગ્રેસે પણ જાહેર કર્યું છે કે કોઈપણ સંજોગોમાં સ્વતંત્ર પક્ષ સાથે હિતેન્દ્ર સરકાર સહકારથી કામ નહિ કરે. એટલે કે બન્ને પક્ષનાં સ્થાનિક એકમો પક્ષની રાષ્ટ્રીય નેતાગીરી અને તેની નીતિને અવગણે છે. સ્વતંત્ર પક્ષની કટોકટી વધારે ઊંડી છે. સી. સી. દેસાઈ સામે ગેરશિસ્તનાં પગલાં લીધાં તેથી પક્ષમાં ફૂટ પડી, એટલું જ નહી પણ, પક્ષની નીતિમાં જે વિરોધ રહ્યો છે તે બહાર આવ્યો. મસાણી મોટા ઉદ્યોગપતિઓ અને Monopolists નું સમર્થન કરી રહ્યા છે. સી. સી. દેસાઈ નાના અને મધ્યમ ઉદ્યોગો અને વ્યાપારીઓનું હિત વધારે લક્ષમાં લે છે. ઈન્દિરા ગાંધીની સરકાર આ પરિસ્થિતિનો લાભ લે છે. નાના અને મધ્યમ ઉદ્યોગો અને વ્યાપારીઓનું રક્ષણ અને ઈજારાશાહીમાં અંકુશ એવી તેમની નીતિ રહી છે. પરિણામે, ઈજારાશાહી નિયમનધારાનો મસાણી વિરોધ કરે છે, સી સી. દેસાઈ સમર્થન કરે છે. સ્વતંત્ર પક્ષના પિતામહ રાજાજીએ સી. સી. દેસાઈ સામે પગલા લેવાયા તેનું સમર્થન કર્યું છે. તેમનું તો એક જ ધ્યેય રહ્યું છે કે ઈન્દિરા ગાંધીની સરકારને કેમ તોડવી. તેમ કરતાં પરસ્પરવિરોધી વલણ લેવાં પડે તેની રાજાજીને ચિન્તા નથી. બેંકના રાષ્ટ્રીયકરણનો નવો કાયદો થયો તેમાં ઘણું મોટું વળતર Compensation અપાયું અને કોઈને વિરોધનું કારણ ન રહ્યું તો પણ રાજાજીએ કહ્યું કે નવા કાયદાને પણ પડકારવો જોઈએ—કાંઈ નહિ તો બેંકના ડીપોઝીટરો વતી—જાણે તેની ડીપોઝીટો ડૂબી ગઈ હોય. કોઈએ ડીપોઝીટ પાછી માગી અને ન મળી હોય એવું તો બન્યું નથી, બલ્કે રાષ્ટ્રીયકરણ પછી ડીપોઝીટો વધી છે. પણ રાજાજીની પ્રખર બુદ્ધિ, દ્વેષ અને ઈર્ષા હોય ત્યારે, કેટલી માનસિક વિકૃતિ જન્માવે છે, તે જોઈ ખેદ થાય છે. આ જોતાં સ્વતંત્ર પક્ષનું ભાવિ ઉજજવળ નથી.

## બંગાળ

બંગાળમાં રાષ્ટ્રપતિનું શાસન આવ્યા પછી પણ કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ બહુ સુધરી હોય તેમ જણાતું નથી. ગવર્નર ધવન વિશ્વાસ સંપાદન કરી શકયા નથી. નકસલવાદીઓ હિંસાનું તાંડવ ખેલી રહ્યા છે. જાદવપુર યુનિવર્સિટી અને કલકત્તા યુનિવર્સિટીમાં ગાંધી-ચિત્રો અને પુસ્તકાલયને તેના ભોગ બનાવ્યા. ચૌરંગીમાં ગાંધી-પ્રતિમાનું રક્ષણ કરવા પોલીસપહેરો રાખવો પડે છે. મધ્યસ્થ સરકારની હવે સીધી જવાબદારી છે. કલકત્તા અને બીજા વિભાગોમાં ભય અને ત્રાસનું વાતાવરણ પ્રવર્તે છે. મધ્યસ્થ સરકારે ઝડપથી અસરકારક પગલાં લેવાની જરૂર છે.

## કેરળ

કેરળમાં અચ્યુત મેનન, માર્કસવાદીને હરાવી મોટી બહુમતિથી ચૂંટાઈ આવ્યા. બીજી એક પેટા ચૂંટણીમાં પણ માર્કસવાદીને હાર મળી. આ બે પેટા ચૂંટણીના પરિણામો આવકારદાયક હોવા છતાં, કેરળમાં શાન્તિ કે સ્થિરતા છે એમ ન કહેવાય.

## કૉંગ્રેસ

નવી અને જુની બન્ને કૉંગ્રેસની કારોબારીની બેઠકો થઈ ગઈ. બન્નેને ઠીક ઠીક આંતરનિરીક્ષણ કરવાનું હતું. નવી કૉંગ્રેસને રાજ્યસભાની ચૂંટણીમાં ઓરિસ્સા, મહારાષ્ટ્ર, ઉત્તર પ્રદેશ અને અન્ય સ્થળોએ ધક્કો પહોંચ્યો અને તેમાં ઠીક ગેરશિસ્ત દેખાણી, છતાં કાંઈ અસરકારક પગલા લઈ ન શકયા, ખાસ કરી ઓરીસ્સામાં બીજુ પટનાયકે બળવો કર્યો તેને પણ ગળી જવો પડયો. રાજવીઓનાં સાલીયાણાં નાબુદીમાં નવી કૉંગ્રેસ કાંઈક ફેરવિચારણા કરતી હોય તેમ જણાય છે. રાજવીઓનો પ્રચાર કાંઈક સફળ થયો છે અને નવી કૉંગ્રેસના ૬૦-૭૦ સભ્યો આ પ્રશ્ન સુપ્રીમ કોર્ટને અભિપ્રાય અર્થે સોંપવાની હીમાયત કરે છે. ચવ્હાણ મક્કમ દેખાય છે પણ ઈન્દિરા ગાંધી ઉતાવળમાં જણાતા નથી.

જુની કૉંગ્રેસે, પોતે નવી કૉંગ્રેસ કરતાં વધારે સમાજવાદી હોવાનો દેખાવ કરવાનું હવે કાંઈક છોડયું છે. આટલો સમય માત્ર સુચન હતું તે હવે નિર્ણય થયો છે કે ઈન્દિરા ગાંધીના પક્ષને તોડવા સ્વતંત્ર, જનસંઘ અને બીજા પક્ષો સાથે જોડાણ કરવાં. પોતાના સાચા સ્વરૂપમાં દરેક પક્ષે અંતે પ્રકટ થવું જ પડે. બધા રાજકીય પક્ષો ૧૯૭૨ ની ચૂંટણી માટેની પૂર્વતૈયારીમાં પડયા છે. કેન્દ્રમાં

૧૯૭૨ સુધી ઈન્દિરા ગાંધીની સરકારને કોઈ ભય નથી એ હકીકત સ્વીકૃત છે. બન્ને કૉંગ્રેસ વિરોધી વિચારો ધરાવતા સમૂહોનો શંભુ-મેળો છે. ચૂંટણીઓ નજીક આવશે તેમ, જોડાણો આકાર લેશે. કોઈ રાજકીય પક્ષ, લાંચ, લાલચ, ભય અને તકવાદીતા ઉપર લાંબો વખત ટકે નહિ. થોડા સમય માટે સંખ્યાબળ ઓછું થાય અથવા સત્તા હાથમાં ન હોય કે ન રહે તો પણ નિશ્ચિત સિદ્ધાંતો અને નીતિને પણ દઢતાથી વળગી રહેવું, એ જ ધોરણ અંતે કામિયાબ થાય. પણ અત્યારે તો કોઈ રાજકીય પક્ષ આ ધોરણ સ્વીકારવા તૈયાર હોય તેમ જણાતું નથી.

### વિદ્યાર્થીઓનાં તોફાનો

વિદ્યાર્થીઓનાં તોફાનોએ કેટલેક સ્થળે માઝા મૂકી છે. કોપી કરવી જન્મસિદ્ધ અધિકાર છે, તેમ કરતાં અટકાવે તેવા પ્રોફેસર કે સુપરવાઈઝરને મારવાપીટવા, ખૂન કરવા, સામાન્ય થઈ પડયું છે. આ સ્થિતિ કોઈ પણ સમાજ માટે ચિન્તાનો વિષય હોવી જોઈએ. કોઈને કાંઈ માર્ગ સૂઝતો હોય તેમ જણાતું નથી.

### રાષ્ટ્રપતિની ચૂંટણીને પડકાર

રાષ્ટ્રપતિની ચૂંટણીને પડકારતી બે અરજીઓ સુપ્રીમ કોર્ટમાં થઈ છે. આ અભૂતપૂર્વ બનાવ છે. ૧૦૦ જેટલા સાક્ષીઓની જુબાની થઈ. દેશના આગેવાનો, નેતાઓ, ધારાસભ્યો અને રાષ્ટ્રપતિએ પોતે જુબાની આપી–ઈન્દિરા ગાંધીએ જુબાની ન આપી તે સૂચક છે. પરસ્પર સદંતર વિરોધી એવાં એટલાં બધાં વિધાનો થયાં છે કે સામાન્ય માણસની મતિ મુંઝાઈ જાય. નૈતિક મૂલ્યોની આટલી બધી અવનતિ ન થઈ હોત તો આ એક જ બનાવ આપણને મૂઢતામાંથી જાગૃત કરવા પર્યાપ્ત બનત. કેસ ચાલુ હોવાથી આ વિષે વધારે ન કહેતાં, એટલું જ કહું કે સુપ્રીમ કોર્ટના ચૂકાદાની પ્રજા આતુરતાપૂર્વક રાહ જોઈ રહી છે.

૨૫-૪ ૭૦ ચીમનલાલ ચકુભાઈ

# સંઘ સમાચાર

## મુનિશ્રી ચિત્રભાનુના પરદેશગમન અંગે–

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૨૨–૪–'૭૦ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિની સભાએ મુનિશ્રી ચિત્રભાનુના પરદેશગમન અંગે નીચે મુજબના બે પ્રસ્તાવો સર્વાનુમતે પસાર કર્યા હતા:–

### પ્રસ્તાવ : ૧

"અમેરિકાની સંસ્થા "ટૅમ્પલ ઑફ અન્ડરસ્ટેન્ડીંગ" ના ઉપક્રમે જીનિવા ખાતે ૩૧ મી માર્ચથી ૪ એપ્રિલ સુધી – એમ ચાર દિવસ માટે યોજાયેલી બીજી આધ્યાત્મિક શીખર પરિષદમાં એક જૈન સાધુ તરીકે ભાગ લેવા માટે ટૅમ્પલ ઑફ અન્ડરસ્ટેન્ડીંગ તરફથી મુનિ ચિત્રભાનુને નિમંત્રણ મળતાં, તે પરિષદમાં ચર્ચવામાં આવનાર "Practical Requirments for World Peace –" વિશ્વ-શાન્તિ માટે વ્યવહારૂ જરૂરિયાતો –" એ વિષયને લગતી ચર્ચાવિચારણામાં જૈનધર્મનું દૃષ્ટિબિંદૂ રજૂ કરવા માટે મુનિશ્રી ચિત્રભાનુ માર્ચ માસની ૨૯ મી તારીખે રાત્રે હવાઈ જહાજ મારફત જીનિવા ગયા છે. આ તેમના વિવાદાસ્પદ બનેલા પરદેશગમન અંગે શ્રી મુંબઈ જૈન યુવક સંઘ જણાવે છે કે જૈન સાધુની ચાલુ આચાર-પ્રક્રિયાનું ઉલ્લંઘન કરતા આ તેમના પરદેશગમનને, તે પાછળ રહેલા ધર્મપ્રચારના પ્રસશ્ય હેતુને ધ્યાનમાં લઈને, આ સંઘ આવકારે છે અને તેમના મિશનને સફળતા ઇચ્છે છે.'

### પ્રસ્તાવ - ૨

'મુનિશ્રી ચિત્રભાનુના પ્રસ્તુત પરદેશગમનના સંદર્ભમાં થયેલી ચર્ચા દરમિયાન સાધુસંસ્થાના વર્તમાન સ્વરૂપ અને તેમાં અપેક્ષિત પરિવર્તન અંગે જે અનેક મુદ્દાઓ ઉપસ્થિત થયા હતા તે ધ્યાનમાં લઈને, જાહેર ચર્ચાવિચારણા માટે નજીકના ભવિષ્યમાં સંઘ તરફથી એક પરિસંવાદ યોજવાનું ઠરાવવામાં આવે છે.'

## બહેન રેખાના અવસાન અંગે શોકપ્રસ્તાવ

તા. ૨૨-૪-૭૦ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ બહેન રેખાના થયેલા અવસાન અંગે નીચે પ્રમાણે એક શોકપ્રસ્તાવ પસાર કર્યો હતો :

"બહેન રેખા, જેના નામ સાથે આપણું વૈદ્યકીય રાહતકેન્દ્ર જોડાયેલું છે, એના આજે નીપજેલા અવસાન અંગે આજની સભા ઊંડા શોકની લાગણી પ્રદર્શિત કરે છે અને આ દુ:ખદ ઘટના અંગે, જેમણે બહેન રેખાની પારવિનાની સેવા કરી છે, એવા તેના પિતા તથા માતા શ્રી દામજીભાઇ તથા શ્રીમતી દેવકાબહેન પ્રત્યે હાર્દિક સહાનુભૂતિ પ્રગટ કરે છે.'

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

# "ગુજરાતનું રંગદર્શન"

(નીચે જે દસ્તાવેજી ચિત્રપટનું અવલોકન પ્રગટ કરવામાં આવ્યું છે તે ચિત્રપટના લેખક અને દિગદર્શક ભાઇ પ્રવીણકુમાર દોશી મારો ભાણેજ થાય. તેના કલાકૌશલ્યના પરિણામ રૂપ આ અતિ મનોહર ચિત્રપટ 'ગુજરાતનું રંગદર્શન' મેં થોડાં સમય પહેલાં જોયું હતું. તે જોતાં મેં જે રોમાંચક સંવેદન અનુભવ્યું હતું તે સંવેદન તા. ૬-૪-૭૦ ના 'જન્મભૂમિ - પ્રવાસી' માં પ્રગટ થયેલ શ્રી. વેણીભાઇ પુરોહિતના અવલોકનમાં યથાસ્વરૂપે પ્રતિબિંબિત થાય છે. મારા અભિપ્રાય મુજબ આ એક વિશિષ્ટકોટિનું સર્જન છે. આમ છતાં, આ વિષયને લગતી મારી પાસે ભાષા નથી; વેણીભાઇ પાસે છે. તેથી તેમનું એ લખાણ, કોઇ કોઇ ઠેકાણે થોડું ટૂંકાવીને, નીચે ઉદ્ધૃત કરવાનું મેં ઉચિત ધાર્યું છે. નીચે જણાવવામાં આવ્યું છે તે મુજબ આ ચિત્રપટને ગુજરાત સરકાર તરફથી ૧૯૬૮-૬૯ ના શ્રેષ્ઠ દસ્તાવેજી ચિત્રપટ તરીકે પ્રથમ પારિતોષિક આપવામાં આવ્યું છે. આ જાણીને હું ગૌરવ અનુભવું છું અને ચિ. ભાઇ પ્રવીણને અન્તરની શુભેચ્છા પાઠવું છું. પરમાનંદ)

દસ્તાવેજી ચિત્રો સામાન્ય રીતે કદમાં નાનાં હોય છે. પણ અર્થમાં મૂલ્યવાન હોય છે. આવાં ચિત્રો જીવનને અને જમાનાને સંકલિત કરીને તેનો સાક્ષાત્કાર કરાવે છે. હમણાં ઇસ્ટર્ન ઍજ્યુકેશનલ ફિલ્મ્સ પ્રા. લિ. તરફથી બે રીલનું દસ્તાવેજી ચિત્ર 'ગુજરાતનું રંગદર્શન' તૈયાર કરાયું છે. માત્ર ૧૮૦૦ ફીટ લાંબી આ ફિલ્મમાં ગુજરાતી ચિત્રકલામાં પરિપક્વ ઉગમથી માંડીને ઉત્તરોત્તર પરિવર્તનો દ્વારા થયેલી પ્રગતિનો રોમાંચક અને રંગદર્શીય સાક્ષાત્કાર કરાવવામાં આવ્યો છે. અંગ્રેજી અને ગુજરાતી એમ બે ભાષામાં આ ફિલ્મ તૈયાર થઇ છે. મૂળ આ ફિલ્મ ગુજરાત રાજ્ય માટે બનાવવામાં આવી હતી. આ ફિલ્મના લેખક - દિગદર્શક અને આયોજક શ્રી પ્રવિણકુમાર અમૃતલાલ દોશી શાન્તિનિકેતનના વિદ્યાર્થી હતા. ત્યાંના કળાભવનમાં તેમણે અભ્યાસ અને સર્જન કર્યાં હતાં. આ કળાકારને એક વખત નૃત્યની લગની લાગી હતી અને મલબાર જઇને કથકલી નૃત્ય પણ શિખ્યા હતા અને નૃત્ય - નાટિકાઓમાં ભૂમિકાઓ પણ ભજવી હતી. ચિત્રકળા અને નૃત્યકલા ઉપરાંત તેમણે ફિલ્મોમાં કલાનિર્દેશક તરીકે કામ પણ કર્યું છે.

આવાં આ સ્વપ્નસેવી અને શ્રમશીલ કલાકારના મનમાં ગુજરાતના ચિત્રકલાના પ્રાગટયથી માંડીને પ્રગતિ સુધીનો ઇતિહાસ કચકડા ઉપર કંડારવાના કોડ જાગ્યા અને નિર્માતા સંસ્થા તરફથી પોતાને સોંપાયેલી જવાબદારી તેમણે પરિપૂર્ણ કરી.

'ગુજરાતનું રંગદર્શન' ફિલ્મ પ્રયોગાત્મક હોવા છતાં ગુજરાતના પૌરાણિક, આધ્યાત્મિક અને લોકજીવનની રમણાને

રમતી મૂકે છે. આની વિશિષ્ટતા એ છે કે, આપણા પ્રાચીન ગ્રંથોથી લઇને આજના કલાપ્રયોગો કરનારા કલાકારોનાં જુદાં જુદાં ચિત્રો પરથી તેમણે આ ફિલ્મ તૈયાર કરી છે. દરેક ચિત્રકાર પાસેથી તેની કૃતિઓ લઇ એને કેમેરામાં કંડારી તે પડદા ઉપર પ્રવાહબદ્ધ સ્વરૂપ આપવાનું કામ સાધના અને સર્જનાત્મક કલ્પના માગી લે છે. શ્રી પ્રવીણકુમારે અહીં પ્રેરણાત્મક પુરુષાર્થ કર્યો છે.

એમ કહેવામાં આવ્યું છે કે ગુજરાતી ચિત્રશૈલી અજન્ટાની સીધી વારસ છે અને એનાં મૂળ લગભગ પંદરમા શતક સુધી ઊંડાં ઉતર્યા છે અને એમ ગુજરાતી શૈલીની સરિતા પૌરાણિક વિષયોની ગિરિકંદરામાં ભમતી રમતી ઐતિહાસિક વિષયોની પરંપરા સર્જે છે. સમયના વહેણ જોડે આધુનિક યુગમાં તે પ્રવેશે છે. ચારે દિશાએથી નિતનવીન શૈલીની અનેક સરવાણીઓ આ વહેણને મળતાં ગુજરાતી ચિત્રશૈલી વિસ્તરીને વધુ સમૃદ્ધ બની છે.

આ તારતમ્યને તલસ્પર્શી બનાવવા માટે વૈષ્ણવ અને જૈન સંપ્રદાયના પ્રાચીન ગ્રન્થોમાં આલેખાયેલાં ચિત્રોથી આ ફિલ્મનો આરંભ કરાયો છે. તેમાં "બાલગોપાલ સ્તુતિ", "દુર્ગાસપ્તશતિ" 'મધુમાલતી' 'વસન્તવિલાસ,' 'ઉત્તરાધ્યયન' અને 'કલ્પસૂત્ર' જેવાં ગ્રંથોમાંથી ચિત્રાવલિ લેવામાં આવી છે અને ત્યાર પછી તો અંદાજે ગુજરાતના પચાસ-સાઠ જેટલા પ્રાચીન મધ્યકાલીન અને અર્વાચીન ચિત્રકારોની કૃતિને સાંકળી લઇને એક નાનકડી છતાં નયનરમ્ય અને ભારેખમ છતાં ભાવનાત્મક કથા કંડારી છે.

આવું આકર્ષક અને આલ્હાદક પરિણામ લાવવા માટે શ્રી પ્રવીણકુમારે કલર ટ્રાન્સપેન્સીનો સાથ લીધો છે.

આ ફિલ્મ માટે કોઇ ચિત્રકાર પાસે નવાં ચિત્રો તૈયાર કરાવવામાં આવ્યા નથી, જે ઉપલબ્ધ હતાં તેમાંથી જ આ સૃષ્ટિ સર્જાઇ છે. હકીકતમાં આ ફિલ્મ ગુજરાતની ચિત્રશૈલીનો ઉડતો ખ્યાલ આપતું સંદર્ભ સર્જન બન્યું છે.

× × ×

ભારત સરકારના ફિલ્મ ડિવિઝન તરફથી આ ફિલ્મને ભારતની બધી ભાષામાં 'ડબ' કરવામાં આવશે અને પછી તે બધે રજૂ થશે. " ગુજરાતનું રંગદર્શન " ફિલ્મને ગુજરાત સરકાર તરફથી ૧૯૬૮--૬૯ ના શ્રેષ્ઠ દસ્તાવેજી ચિત્ર તરીકેનું પ્રથમ પારિતોષિક આપવામાં આવ્યું છે. તેમાં સંપૂર્ણ ઔચિત્ય છે. **વેણીભાઈ પુરોહિત**

# આચાર્ય વિનોબા તથા આચાર્ય તુલસીનું હૃદયસ્પર્શી મીલનઃ ઉભય સ્વીકૃત સંયુક્ત નિવેદન

આચાર્ય તુલસી દક્ષિણ ભારતથી પદયાત્રાદ્વારા પાછા ફરતા એપ્રિલ માસની પહેલી તારીખે વર્ધાની બાજુએ આવેલા ગાંધીજીના સેવાશ્રમમાં આવી પહોંચ્યા હતા અને ત્યાંના આશ્રમવાસીઓએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું હતું, અને ત્યાં કસ્તુરબા નિવાસમાં તેમણે રાત્રી ગાળી હતી. બીજી એપ્રિલની સવારે આચાર્ય તુલસીએ પોતાના શિષ્યસમુદાય સાથે ગોપુરી તરફ વિહાર કર્યો હતો. ગોપુરીમાં વસતા આચાર્ય વિનોબા આટલી વૃદ્ધાવસ્થા અને નબળી તબિયત હોવા છતાં આચાર્ય તુલસીનું સ્વાગત કરવા માટે ગોપુરીથી બે માઈલ દૂર પગે ચાલીને ગયા હતા અને આ રીતે આ બે સંતોનું એક મહત્ત્વપૂર્ણ હૃદયસ્પર્શી મીલન નિર્માણ થયું હતું. આ વખતે વિનોબાજી વિનમ્રતાની મૂર્તિ સમા દેખાતા હતા અને આચાર્ય તુલસી ભાવવિભોર બની ગયા હતા. બન્ને એકમેકનો હાથ પકડીને ગોપુરી પહોંચ્યા હતા. પ્રાત: ૧૧ વાગ્યે બન્ને આચાર્યો વચ્ચે વાર્તાલાપ યોજાયો હતો. વાર્તાલાપ દરમિયાન બન્ને આચાર્યોએ એ બાબત ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું કે સર્વોદય અને આણુવ્રત બન્ને આન્દોલનો પોતપોતાની સીમાઓમાં રહીને એકબીજા વચ્ચે કેવી રીતે સમન્વય સ્થાપિત કરે તેમ જ એકમેકના કેવી રીતે પૂરક બને. આચાર્ય વિનોબાએ કહ્યું કે સર્વોદય કાર્યકર્તાઓ આણુવ્રતને જીવનમાં ઊતારે અને આણુવ્રતી સર્વોદયની ભાવનાને બળ આપે. આચાર્ય તુલસીએ આ વિચારનું સમર્થન કરતાં કહ્યું કે બન્ને આન્દોલનના સંચાલકોની સંમીલિત શકિત રાષ્ટ્રના દુષિત વાતાવરણને સ્વસ્થ બનાવવામાં સમર્થ બની શકે તેમ છે. વાર્તાલાપ અત્યન્ત સૌહાર્દપૂર્ણ તેમ જ હાસ્ય-વિનોદના વાતાવરણ વડે મનોરંજક બન્યો હતો.

બપોરના ત્રણ વાગ્યે ફરીથી બન્ને આચાર્યો વચ્ચે લગભગ દોઢ કલાક ચર્ચા ચાલી હતી અને આ પ્રસંગે મુનિશ્રી નથમલજી, શ્રી રિષભદાસજી રાંકા, શ્રી ગણેશમલજી દુગડ, સર્વ સેવા સંઘના મંત્રી શ્રી ઠાકુરદાસ બંગ, શ્રી ગોવિન્દરાવ દેશપાંડે વગેરે ચર્ચામાં જોડાયા હતા અને તેમણે પોતપોતાના વિચાર રજૂ કર્યા હતા. ચુનાવશુદ્ધિ, ગ્રામસુધાર યોજના, શાસનમુકત સમાજરચના, પરિવાર નિયોજન માટે બ્રહ્મચર્યપાલન, બુરાઈઓનો ઓજસ્વી પ્રતિકાર વગેરે કાર્યક્રમોને સામૂહિક રૂપમાં કેમ ચલાવવું તેનો વિસ્તારથી વિચાર થયો હતો. આ સંબંધમાં બન્ને આચાર્યો તરફથી એક સંયુકત નિવેદન પ્રસારિત કરવામાં આવ્યું હતું જે આ નોંધની નીચે પરિશિષ્ટ રૂપે આપવામાં આવેલ છે.

ત્રીજી એપ્રિલના રોજ સવારના ભાગમાં આચાર્ય તુલસી વિનોબાજીને ફરીથી મળવા માટે ગોપુરી પધાર્યા હતા અને વિનોબાજી સાથે તેમને લગભગ એક કલાક ચર્ચાવાર્તા થઈ હતી. ભગવાન મહાવીરની ૨૫મી નિર્વાણ શતાબ્દિ સંબંધમાં પણ બન્ને વચ્ચે ચર્ચા થઈ હતી. વિનોબાજીએ એ બાબત ઉપર ભાર મૂકીને કહ્યું હતું કે આ અવસર ઉપર "સત્યગ્રાહી" બનવાની અને જીવનમાં સાદાઈ અપનાવવાની વિશેષ પ્રેરણા આપવામાં આવે. આચાર્ય તુલસીએ જૈન વિશ્વભારતીની યોજના ઉપર પણ કેટલુંક વિવેચન કર્યું હતું. અન્તમાં આણુવ્રત તેમ જ સર્વોદયના વિશિષ્ટ કાર્યકર્તાઓનો પરસ્પર પરિચય કરાવવામાં આવ્યો હતો.

## પરિશિષ્ટ: સંયુકત નિવેદન

આણુવ્રત અનુશાસ્તા આચાર્ય શ્રી તુલસી તેમ જ સર્વોદયી સન્ત વિનોબા ભાવે વચ્ચે બીજી એપ્રિલ ૧૯૭૦ ના રોજ ગોપુરી-વર્ધામાં થયેલી બે વિચારગોષ્ટીઓ દરમિયાન ઉભય સ્વીકૃત સંમીલિત વકતવ્ય:

આણુવ્રત આન્દોલન તેમ જ સર્વોદય આન્દોલન માનવીની નૈતિક ભૂમિકાને સુદ્દઢ બનાવવા માટે એટલે કે તેના સર્વતોમુખી વિકાસ તેમ જ સ્વસ્થ રાષ્ટ્રનિર્માણ માટે સતત પ્રયત્નશીલ રહ્યું છે. આ દિશામાં બન્ને આન્દોલનોમાં અનેક સેવકો તેમ જ કાર્યકર્તાઓ દેશભરમાં કામ કરી રહ્યા છે. કાર્યની દૃષ્ટિએ બન્નેને પોતપોતાની સીમાઓ છે. આમ હોવા છતાં પણ બન્ને આન્દોલનો એક બીજાના સહયોગ તથા પૂરક રૂપમાં કામ કરી શકે તેમ છે તેમ જ આથી કાર્યને અધિક શકિત તથા ગતિ મળી શકે તેમ છે. આમ હોવાથી અમારું નિવેદન છે કે:

"આણુવ્રત આન્દોલનના કાર્યકર્તાઓ ગ્રામદાનના વિચારને જનસાધારણ સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરે. સર્વોદયના આન્દોલનના કાર્યકર્તાઓ આણુવ્રતોને પોતાના જીવનમાં ઉતારે.

બન્ને આન્દોલનોના કાર્યકર્તાઓનો નીચે જણાવેલો સમાન કાર્યક્રમ રહે:

(૧) શાસનમુકત સમાજરચનાના વિચારને જનસાધારણને સમજાવવામાં આવે.

(૨) વધતી જતી વસ્તીના નિયંત્રણ માટે બ્રહ્મચર્ય ઉપર જોર દેવામાં આવે; નહિ કે કૃત્રિમ ઉપાયો ઉપર.

(૩) ચુનાવ-શુદ્ધિ માટે દલગત રાજનીતિને પ્રશ્રય તેમ જ પ્રોત્સાહન દેવામાં ન આવે, તેમ જ ચારિત્ર્યને મહત્ત્વ આપવા માટે લોકમતને કેળવવામાં આવે.

(૪) સમાજ તેમ જ સરકારમાં વ્યાપ્ત બુરાઈઓનો ઓજસ્વી ભાષામાં પ્રતિવાદ કરવામાં આવે.

આણુવ્રત તથા સર્વોદય – બન્ને આન્દોલનોના કાર્યકર્તાઓની સમય સમય ઉપર સંયુકત શિબિર યોજવામાં આવે, જેથી પારસ્પરિક વિચાર-વિમર્ષ થતો રહે."

**ઠાકુરદાસ બંગ**
મંત્રી, સર્વોદય સંઘ, વર્ધા.
તા. ૩-૪-૭૦

**રિષભદાસ રાંકા**
ઉપાધ્યક્ષ અ. ભા. આણુવ્રત
સમિતિ-નવી દિલ્હી-૩૦

(જૈન જગતના એપ્રિલ માસના અંકમાંથી થોડુંક સંક્ષિપ્ત કરીને)

# ☆ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ☆



ગુજરાતની સંસ્કૃતિની એક વિશેષતા, તે એની મહાજનની સંસ્થા. રાજસત્તા અને પ્રજા વચ્ચે સુમેળ રાખવો, અન્યાય અને ક્લેશને કાબૂમાં રાખવો અને વેપાર તથા વ્યવહારશાંતિ અને સમાધાનપૂર્વક ચાલતા રહે એ માટે જાગ્રત અને પ્રયત્નશીલ રહેવું એ એનું કામ. એમ કરતાં રાજસત્તા કે બીજા માથાભારે લોકોનો સામનો કરવાનો વખત આવે તો પણ પાછા પડવું નહિ, એવું એનું ખમીર.

આજે આ સંસ્થાની હસ્તી ભૂંસાઈ જાય એ રીતે સમયનાં વહેણ પોતાની દિશા બદલી રહ્યાં છે. અને છતાં ગુજરાતમાં એવી પ્રભાવશાળી ને સર્વહિતચિંતક વ્યકિતઓ હાલ પણ મોજૂદ છે જે મહાજન સંસ્થાની ગરજ સારે છે. ભારતના વિખ્યાત ઉદ્યોગપતિ શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ ગુજરાતના આવા જ એક મહાજન છે. અને એમને ભારતના મહાજન લેખી શકાય એવી વ્યાપક ને યશસ્વી એમની કારકિર્દી છે.

મહાજન તરીકે આવી શકિત ને ગુણસંપત્તિની પાછળ એમની પોતાની બુદ્ધિ અને પુરુષાર્થપરાયણતા ઉપરાંત દસ-દસ પેઢીનો અખંડ ને ઉજ્જ્વળ સંસ્કારવારસો પણ રહેલો છે. એ કુટુંબના અનેક પૂર્વજોએ અણીને વખતે ગુજરાતના પાટનગર—અમદાવાદનું તેમજ ગુજરાતનું રક્ષણ કરીને પોતાના મહાજન તરીકેના નામને સાર્થક કર્યું હતું.

શ્રી કસ્તૂરભાઈની દસમી પેઢીએ શેઠ શ્રી શાંતિદાસ શેષકરણ ઝવેરી નામે નામાંકિત પુરુષ થઈ ગયા. પ્રારબ્ધ અને પુરુષાર્થના બળે તેઓએ પોતાના ભાગ્યને ખીલવ્યું હતું અને બુદ્ધિ, ચતુરાઈ તથા શાણપણનાં લીધે દિલ્હીની રાજસત્તા સાથે મીઠો સંબંધ કેળવ્યો હતો. જ્યારે ઔરંગઝેબ અમદાવાદનો સૂબો હતો ત્યારે ધર્મઝનૂનથી તેણે અમદાવાદના પરા બીબીપુર (અત્યારના સરસપુર)માં બંધાવેલા ચિન્તામણિ પાર્શ્વનાથના જૈન દેરાસરને ખંડિત કરીને એને મસ્જિદમાં ફેરવી નાંખ્યું હતું. શાંતિદાસ શેઠે એની સામે બાદશાહ શાહજહાં પાસે રાવ ખાધી. એમનો પ્રભાવ એવો હતો કે બાદશાહે તરત જ એ દેરાસર પાછું સોંપવાનું અને એને થએલું નુકસાન ભરપાઈ કરી આપવાનું ફરમાન કર્યું. ઈસ્વીસન ૧૬૪૪ માં આ ઘટના બની.

શાંતિદાસ શેઠના ત્રીજા પુત્ર લક્ષ્મીચંદ શેઠે ઈ. ૧૬૫૭માં શાહજહાંના પુત્ર મુરાદબક્ષને સાડા પાંચ લાખ રૂપિયા ધીર્યા હતા. પોતાનું કામ પતતાં મુરાદબક્ષે એ રકમ એકાદ વર્ષમાં જ પરત આપી દીધી હતી.

એ લક્ષ્મીચંદ શેઠના પુત્ર ખુશાલચંદ પ્રભાવશાળી પુરુષ હતા. ઈ. ૧૭૨૫માં મરાઠાઓએ અમદાવાદ લૂંટવા સુરતથી કૂચ કરી. એ રોકવાની ત્યારે કોઈની તાકાત ન હતી. મરાઠા લશ્કરે અમદાવાદના પાદરે કાંકરિયા નજીક પડાવ નાખ્યો. અમદાવાદનો હાકેમ હમીદખાં શહેરનો બચાવ કરી શકે એમ ન હતો. અને પ્રજા તો સાવ અસહાય જ હતી. ખુશાલચંદ શેઠે સમય પારખી લીધો અને હિંમત કરીને મરાઠા છાવણીમાં પહોંચ્યા. વાતચીત કરીને પોતાની પાસેથી પાંચ લાખ રૂપિયા આપીને એમણે મરાઠાઓને પાછા વાળ્યા ને શહેરને વિનાશમાંથી ઉગારી લીધું. શેઠનાં ઓશિંગણ બનેલાં શહેરનાં મહાજનોએ, શેઠની ઘણી આનાકાની છતાં, શહેરમાંથી થતી વેપારી માલની અવરજવર ઉપર દર સેંકડે ૦I ટકો શેઠને કર તરીકે આપવાનો દસ્તાવેજ કરી આપીને પોતાની કૃતજ્ઞતા દર્શાવી. ઈ. ૧૭૮૦માં અંગ્રેજ જનરલ ગૉડાર્ડે અમદાવાદ શહેરને લૂંટી લેવાનો હુકમ કરેલો તે આ ખુશાલશાહે જ વચ્ચે પડીને પાછો ખેંચાવેલો.

એ ખુશાલશાહના પુત્ર વખતચંદ શેઠનું પણ રાજકર્તાઓમાં અને પ્રજામાં ઘણું માન હતું. ગાયકવાડ અને પેશ્વા તરફથી એમને પાલખી અને છત્રી રાખવાનો અધિકાર તથા વર્ષાસન મળતાં.

હેમાભાઈ તથા પ્રેમાભાઈ શેઠની સેવાઓ ને સખાવતો પણ જાણીતી છે; અને શ્રી કસ્તૂરભાઈના પિતાશ્રી લાલભાઈ શેઠ તો ગુજરાતના જાહેરજીવન સાથે ઓતપ્રોત થઈ ગયા હતા. એમની સેવાઓની કદરરૂપે સરકારે એમને 'સરદાર'નો ખિતાબ એનાયત કર્યો હતો. વળી શાંતિદાસ શેઠથી લઈને આ બધા ય મહાજનો જૈન સંઘના અગ્રણીઓ હતા. એમણે તીર્થસ્થાનોનું રક્ષણ કરવામાં, નવાં મંદિરો બાંધવામાં ને જૈન સંઘના પ્રભાવનો વિસ્તાર કરવામાં પોતાનાં જીવન અને ધનને કૃતાર્થ કર્યાં હતાં.

દેશસેવા અને ધર્મસંસ્કારની આવી ગૌરવભરી પરંપરાનો વારસો મળવો એ જેમ ગૌરવની વાત છે, તેમ એ વારસાને દીપાવી અને વધારી જાણવો એ પણ અસાધારણ બુદ્ધિશકિત, પારદર્શી કાર્યસૂઝ અને ઉન્નત ભાવનાનો ત્રિવેણીસંગમ સધાય તો જ થઈ શકે એવું કામ છે. આપણી સામે રચાતો ઈતિહાસ કહે છે કે શેઠ શ્રી કસ્તૂરભાઈએ પોતાની પંચોતેર વર્ષની ઉજ્જ્વળ કારકિર્દીથી આ વારસાનું ગૌરવ ખૂબ વધાર્યું છે.

ઈ. ૧૮૯૪ની ૧૯ મી ડિસેમ્બરે એમનો જન્મ. એમના પિતાશ્રી લાલભાઈ દલપતભાઈની માફક એમનાં માતુશ્રી મોહિનાબા પણ વ્યવહારદક્ષ અને જાજરમાન સન્નારી હતાં. કુટુંબના ગૌરવ માટે એ સદા જાગ્રત રહેતાં અને પોતાનાં સંતાનોનું એ રીતે જ ઘડતર કરતાં. એમની આજ્ઞા સૌને શિરોમાન્ય રહેતી. એમની ધર્મભકિત આદર્શ હતી. કસ્તૂરભાઈએ મૅટ્રિકનો અભ્યાસ પૂરો કર્યો ને કૉલેજમાં હજી પ્રવેશ મેળવ્યો ત્યાં ઈ. ૧૯૧૨ની પાંચમી જૂને એમના પિતાશ્રીનો ૪૯ની વયે સ્વર્ગવાસ થયો. એ વખતે તેઓ અમદાવાદમાં આવેલી રાયપુર મિલ ચલાવતા. મિલની સ્થિતિ સારી ન હતી અને એને તરતી કરવા માટે તાત્કાલિક પગલાં ભરવાની જરૂર હતી. શેઠાણી મોહિનાબા આ સ્થિતિ પામી ગયાં હતાં અને કસ્તૂરભાઈનું હીર પણ તેઓ પિછાણતાં હતાં. એમણે કસ્તૂરભાઈને ભણવાનું છોડીને મિલનો કારોબાર સંભાળવાની આજ્ઞા કરી. ભારે વિમાસણ ઊભી થઈ. એક બાજુ ૧૭-૧૮ વર્ષની ઊછરતી ઉંમર, તેજસ્વી બુદ્ધિ, અભ્યાસમાં આગળ વધીને નિપુણ બનવાની તમન્ના, અને બીજી બાજુ માતાની આજ્ઞા! પણ છેવટે માતાની આજ્ઞાનો વિજય થયો. કસ્તૂરભાઈ કૉલેજ અને યૌવનની બેફિકરી છોડીને મિલના વહીવટમાં પરોવાઈ ગયા. આ પ્રસંગે એમના જીવનના રાહને સુનિશ્ચિત કરી દીધો. સતત કર્તવ્યપરાયણતાનો જ એ માર્ગ હતો.

પછી તો કસ્તૂરભાઈની કાર્યશકિતનો અનેક રૂપે ઝડપી વિકાસ

થયો. જાણે અંતરમાં પ્રશાંતપણે સંગ્રહાયેલું ખમીર કોઈક યોગ્ય તકની રાહ જ જોતું હતું. ૧૭-૧૮ વર્ષની ઊગતી ઉંમરે શરૂ થયેલી એ પ્રવૃત્તિનો પ્રવાહ અનેક ક્ષેત્રોને હરિયાળાં બનાવીને આજે પણ અખંડ ધારાએ આગળ વધી રહ્યો છે. હવે જો કે વધતી વયનું સન્માન કરીને વહીવટની જવાબદારીમાંથી એમણે નિવૃત્તિ લીધી છે; છતાં એ નિવૃત્તિ જનઉત્કર્ષની કે ધર્મની બીજી પ્રવૃત્તિઓની પ્રેરક બનીને વધુ ઉપકારક નીવડી છે. નિષ્ક્રિય નિવૃત્તિને તો એમના જીવનમાં સ્થાન જ નથી.

લગભગ છ દાયકાથી અવિરતપણે ચાલી રહેલી એમની કામગીરીને કંઈક આ રીતે વહેંચી શકાય: દેશ-વિદેશમાં વિખ્યાત ભારતના ઉદ્યોગપતિ તરીકે, ગુજરાતના શ્રેષ્ઠ મહાજન તરીકે, કેળવણીના સમર્થ હિમાયતી અને પુરસ્કર્તા તરીકે, કાર્યદક્ષ રાષ્ટ્રીય વ્યકિત તરીકે, જૈન સંઘના મુખ્ય અગ્રણી તરીકે અને બાંધકામ તથા જીર્ણોદ્ધારના નિષ્ણાત તરીકે.

દેશના એક મોટા ઉદ્યોગપતિ તરીકે એમની જ્વલંત સફળતાની કીર્તિગાથા તો એમણે સંચાલિત કરેલી અને સ્થાપેલી એકેએક મિલ અને એકેએક કારખાનાની વિકાસકથામાં સાંભળવા મળે છે. ઈ. ૧૯૧૨ માં તેઓએ રાયપુર મિલનો વહીવટ હાથ લીધો ત્યારે શરૂમાં તો એમને એક કારકુનની માફક કામ કરવું પડતું અને મિલનો વહીવટ વડીલોની સલાહસૂચના મુજબ ચાલતો. પરંતુ કોઈ પણ કામ કે જવાબદારીથી પાછા હઠવાનું તેઓ સમજ્યા જ નથી. એમની બુદ્ધિ જેવી કુશાગ્ર છે, એવી જ પરિણામલક્ષી ને વ્યવહારુ છે; એટલે કોઈ પણ આદર્શ વિચારને અમલમાં કેવી રીતે ઉતારવો, એ તેઓ સારી રીતે નક્કી કરી શકે છે. વળી, આપસૂઝ, કાર્યનિષ્ઠા ને જાતમહેનતથી કોઈ પણ કામને સફળ કરવાની એમનામાં તમન્ના છે, ને ગર્ભશ્રીમંતાઈ સાથે સહજ આવી પડતી મોજમજાની સુંવાળી મનોવૃત્તિ એમને કદી સતાવી શકતી નથી. એટલે મિલની જવાબદારી માથે આવી પડતાં જ તેઓ તો પૂર્ણ એકાગ્રતા ને ધ્યેયનિષ્ઠાથી પોતાના કાર્યમાં લાગી ગયા. એક બાજુ ખોટ કરતી મિલને ઉગારવા કરકસર અને ત્રેવડના ખંતપૂર્વકના પ્રયત્નો શરૂ કર્યા, અને બીજી બાજુ એમાં ઉત્તમ કોટિનો માલ તૈયાર થાય એ માટે પૂરતી તકેદારી રાખીને એને ઊંચે લાવવા માંડી. એ પ્રારંભિક પ્રયત્નોમાં ૧૯૧૪માં શરૂ થએલા પહેલા વિશ્વયુદ્ધનો પણ લાભ મળ્યો. મિલ સારો નફો કરતી થઈ ગઈ.

રાયપુર મિલનું કામ સરાડે તો ચડી ગયું, પણ તેથી એમની અદમ્ય કાર્યશકિતને સંતોષ ન થયો. એમનું મન નવી સ્વતંત્ર મિલ સ્થાપવાનું સાહસ ખેડવા ઝંખી રહ્યું. સને ઈ. સ. ૧૯૧૮માં એમણે બાર લાખની મૂડીથી અશોક મિલ શરૂ કરવાનું નક્કી કર્યું. નાણાં રોકનારાઓને હવે એમની પ્રામાણિકતા અને કાર્યશકિતમાં એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કે બાર લાખને બદલે ચોવીસ લાખના શેરો ભરાયા અને શેઠે બમણી યંત્રસામગ્રીથી મોટી મિલ શરૂ કરવાનું નક્કી કર્યું. પણ એવામાં પરદેશી હૂંડિયામણના ફેરફારને લીધે એવી આંધી આવી કે પુરુષાર્થપૂર્વક મિલ ચાલુ કરવા છતાં, બજારમાં એના ૧૦૦ના શેરના ભાવ ૪૦ બોલાવા લાગ્યા, ને લોકોમાં 'અશોકે શોકમાં નાખ્યા' એવી કહેવત વહેતી થઈ! પણ શ્રી કસ્તૂરભાઈને લોકોના પૈસાનું જતન કરવાની ચિન્તા પોતાના પૈસાની ચિન્તાથી જરા ય ઓછી નથી; ને એ માટે તેઓ આભપાતાળ એક કરવા જેવો પુરુષાર્થ કરે છે. દેશના આર્થિક ને ઔદ્યોગિક ક્ષેત્રે તેઓની જે આંટ ને નામના છે તે આ કારણે જ. તેઓએ અપાર ખંત, ધીરજ ને ચીવટથી મિલની સ્થિતિ સુધારવા ભગીરથ પ્રયત્ન કર્યો અને એ સફળ થયો.

એવી જ રોમાંચક કથા સરસપુર મિલની છે. એમના બે કાકાઓએ એ મિલ સ્થાપી હતી; પણ પરિસ્થિતિ એવી ઊભી થઈ કે મિલને ફડચામાં લઈ જવી પડે. ફડચામાં જતી કાકાની મિલને બચાવવાનું કામ યુવાન ભત્રીજાને સોંપવામાં આવે એ કંઈક નવાઈ ઉપજાવે એવી વાત ગણાય. પણ કસ્તૂરભાઈએ એનો વહીવટ સંભાળી લઈ એને પણ તરતી કરી દીધી! એમની પ્રતિષ્ઠામાં આથી ઓર વધારો થયો. શેઠનો વહીવટ હોય ત્યાં નુકસાન થાય જ નહિ એવી લોકોની શ્રદ્ધા દૃઢ બની ગઈ.

આમ ત્રણ મિલોને તરતી કરીને ઈ. સ. ૧૯૨૯માં એમણે અરુણ મિલ અને ૧૯૩૧માં આજની વિખ્યાત અરવિંદ મિલ ઊભી કરી. અરવિંદ તો આજે હિંદુસ્તાનની સારામાં સારી મિલોમાંની એક છે. ઈ. સ. ૧૯૩૩માં નૂતન મિલ અને ૧૯૩૬માં જૂની મિલમાંથી ન્યૂ કોટન મિલ ઊભી થઈ. 'કસ્તૂરભાઈ ગ્રૂપની મિલો' તરીકે ઓળખાતી આ સાતે મિલોએ એના શેરહોલ્ડરોને સદા પૂરું વળતર આપીને એમનો જે વિશ્વાસ ટકાવી રાખ્યો છે તે શેઠશ્રીની રાહબરી નીચે ચાલતા એના કુશળ સંચાલનને કારણે જ.

કાપડઉદ્યોગને વિકસાવવાની આ કામગીરી પૂરી કરીને એમણે બીજા વિશ્વયુદ્ધની શરૂઆતથી અન્ય ઉદ્યોગો તરફ ધ્યાન આપ્યું. ઈ. સ. ૧૯૩૯માં એમણે અનિલ સ્ટાર્ચ નામે કાંજીનું કારખાનું કાઢયું; ને ૧૯૪૮માં વલસાડ પાસે અતુલ પ્રોડકટસ-રંગો, રસાયણો ને દવાઓનું જંગી કારખાનું સ્થાપ્યું.

અતુલ પ્રોડકટસનું કારખાનું તો શેઠશ્રી કસ્તૂરભાઈની એક પ્રામાણિક, કાર્યદક્ષ અને સફળ ઉદ્યોગપતિ તરીકેની સિદ્ધિના સુવર્ણકળશ સમું છે. એક કરોડના રોકાણથી આ કારખાનું શરૂ કરવામાં આવ્યું ત્યારે એમાં અમેરિકાની એક પેઢીનો હિસ્સો દસ લાખ રૂપિયાનો હતો. કારખાનું ચાલુ કરતાં કરતાં બે કરોડની જોગવાઈ કરવી પડી; છતાં એમાં મુશ્કેલી ન પડી. કેટલાક વખત પહેલાં એ અમેરિકન પેઢી દસ લાખના બદલે સાઠ લાખ લઈને છૂટી થઈ ગઈ. આજે વીસ-બાવીસ વર્ષ બાદ એની મૂડી ચાલીસ કરોડની લેખાય છે અને મુખ્ય કારખાનું, એની સાથેનાં નાનાં-મોટાં બીજાં કારખાનાં, કર્મચારીઓ અને મજૂરોના વસવાટો વગેરેને વસાવતા આ નગરનો વિસ્તાર બારસો એકર જેટલો છે.

શ્રી કસ્તૂરભાઈની આવી સફળતા ઘણી બાબતોને આભારી છે. સૌથી મુખ્ય વાત છે પ્રામાણિક ને કરકસરવાળા વહીવટનો આગ્રહ. ધંધામાં એક પાઈ પણ કોઈની બિનઆવડત કે બદદાનતથી વેડફાય એ એમને હરગીઝ મંજૂર નથી. કાર્યક્ષમતા તરફ પણ તેઓ એટલું જ ધ્યાન આપે છે અને તે માટે જવાબદારીવાળાં સ્થાનો નિષ્ણાત અને કાબેલ માણસોને જ સોંપે છે. કાર્યકુશળ માણસોને શોધી કાઢવાની અને એમને સાચવવાની એમની દષ્ટિ દાખલારૂપ છે. એમની કંપની કે પેઢીમાં જવાબદારીવાળા સ્થાને કામ કરેલું હોવું એ કાર્યકુશળતાનું પ્રમાણપત્ર લેખાય છે. નિયત કામો માટે નિષ્ણાતો રાખ્યા પછી તેઓને પોતાની રીતે કામ કરવાની તેઓ પૂરી મોકળાશ આપે છે; અને છતાં કોઈ બાબતમાં કોઈ બનાવી ન જાય કે પરાધીન રહેવાનો વખત ન આવે એ માટે તેઓ બધી આંતરબાહ્ય વિગતોથી માહિતગાર રહે છે. જ્યારે એમણે રાયપુર મિલમાં કામ શરૂ કર્યું ત્યારે જે જે કેન્દ્રોમાંથી રૂની ખરીદી કરી હોય ત્યાં રૂની પરખ માટે તેઓ જાતે જ જતા. (આ રીતે તેઓએ રૂની પરખમાં જે નિપુણતા પ્રાપ્ત કરી છે તે વિરલ છે.) ઉપરાંત, શરૂમાં માલ વેચવા માટે પણ તેઓ દેશમાં ઠેર ઠેર ફર્યા હતા. એક રસોઈયો, એક મદદનીશ અને પોતે એમ ત્રણ જણ ફરતા, ધર્મશાળામાં ઉતારો કરતા અને વેપારીઓના સીધા સંપર્કથી જાતઅનુભવ મેળવતા. તેઓ કહે છે કે જાતમહેનત કરવામાં મેં કદી સંકોચ અનુભવ્યો નથી, અને કામ કામને શીખવે એ સૂત્રને અપનાવીને હું જિંદગીમાં કામ કરતાં કરતાં જ ઘણું શીખ્યો છું.

('કુમાર'માંથી સાભાર ઉદ્ધૃત) ક્રમશ: રતિલાલ દીપચંદ દેસાઈ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, મે ૧૬, ૧૯૭૦ શનિવાર
પરદેશ, માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ પ્રકીર્ણ નોંધ ☆

(આ પ્રકીર્ણ નોંધમાં પહેલી ત્રણ નોંધો શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહની લખેલી છે.)

**આણુશસ્ત્રો**

ચીને અણુબૉમ્બ બનાવ્યો અને હવે અવકાશગ્રહ છોડયો પછી ભારતે આણુશસ્ત્રો બનાવવા જોઈએ તેવી માંગણી જોરદાર બની છે. ચીન અને પાકિસ્તાનના ભય સામે બચવા માટે ભારત પાસે આણુ શસ્ત્રો હોવા અનિવાર્ય છે એમ કહેવાય છે. ભારતીય વૈજ્ઞાનિકો ખાત્રી આપે છે કે આણુશસ્ત્રો બનાવવા માટેનું જ્ઞાન અને સાધનો Technical know-how ભારત પાસે છે અને ભારતીય વૈજ્ઞાનિકો બીજા દેશોના વૈજ્ઞાનિકોથી કોઈ રીતે ઉતરતા નથી. કેટલાક અર્થશાસ્ત્રીઓ ખાત્રી આપે છે કે આણશસ્ત્રો બનાવવા માટેની આર્થિક શકિત અને સાધનો પણ Economic Resources ભારત ઉભા કરી શકે તેમ છે. એમ પણ કહેવાય છે કે ભારત એટલો મોટો દેશ છે કે અમેરિકા, રશિયા, અને ચીન તથા ઈંગ્લાંડ અને ફ્રાંસ પણ કેટલેક દરજ્જે આણશસ્ત્રો માટે સ્વાવલંબી થાય ત્યારે ભારત પરાવલંબી રહે તેમાં આપણી પ્રતિષ્ઠા નથી અને આણશસ્ત્રો નહિ બનાવીયે ત્યાં સુધી દુનિયામાં આપણો વટ નહિ પડે.

આ પ્રશ્ન નવો નથી. વર્ષોથી ચર્ચાતો આવે છે. ૧૯૬૨માં ચીને આક્રમણ કર્યું ત્યારે અને ત્યાર પછી તેણે વધારે જોર પકડયું. ભારત આણશસ્ત્રો બનાવી શકે એમાં શંકાનું કારણ નથી. કોઈ પણ દેશ ધારે તો વહેલો મોડો આણશસ્ત્રો ઓછા વત્તા પ્રમાણમાં બનાવી શકે તેમ છે. તેને માટેનું જ્ઞાન અને માહિતી હવે એટલાં ખાનગી નથી કે તે મેળવી ન શકાય. ભારત પાસે તો કુશળ વૈજ્ઞાનિકો છે જ. અમેરિકાએ આણુ-બૉંબ બનાવ્યો ત્યાર બાદ કેટલાક વર્ષો સુધી એમ માનવામાં આવતું હતું કે બીજો કોઈ દેશ બનાવી નહિ શકે. પણ થોડા વર્ષમાં જ રશિયાએ આણુબૉમ્બ બનાવ્યો અને હવે તો તે અમેરિકાની બરોબરી કરે છે. ઈંગ્લાંડ અને ફ્રાન્સે પણ પરાવલંબી ન રહેવા શરૂઆત કરી. ચીન જેવો પછાત અને ગરીબ દેશ આણુશસ્ત્રો નહિ બનાવી શકે અથવા આર્થિક વિકાસની તેની જરૂરિયાત જોતાં આણુશસ્ત્રોના ઉત્પાદન પાછળ અબજોનું ખર્ચ નહિ કરે એમ માનવામાં આવતું. સરમુખત્યારી દેશ પેટે પાટા બાંધીને અથવા પ્રજાને ભૂખે મારીને પણ ધાર્યું કરી શકે છે. આણુશસ્ત્રોનો વિસ્તાર દુનિયાની શાંતિ માટે મોટા ભયરૂપ છે એમ માની મહા સત્તાઓએ આ વિસ્તાર અટકાવવા Non-Proliferation Treaty કરી અને કોઈ દેશ ઉપર આણુઆક્રમણ થાય તો રક્ષણ આપવાની બાંયધરી આપવાની તૈયારી બતાવી. કેટલાય દેશોએ આ કરાર સ્વીકાર્યો છે. આપણાં દેશે સ્વીકાર્યો નથી. યુદ્ધ માટે ભારત આણુશક્તિનો ઉપયોગ નહિ કરે એવી આપણી નીતિ હોવા છતાં, બીજાની છત્રછાયા નીચે રહેવાનું અને તેવી રીતે પરાવલંબી બનવાનું આપણને માન્ય નથી. ચીની આક્રમણ સમયે અને પછી Nuclear umbrellaનું રક્ષણ આપણને આપવા અમેરિકાએ તૈયારી બતાવી હતી જે આપણને સ્વીકાર્ય ન હતી.

જગતભરના વૈજ્ઞાનિકો, તત્ત્વચિંતકો, અને રાજપુરુષો પણ એકમત છે કે આણુશસ્ત્રો માનવજાત અને માનવસંસ્કૃતિ માટે, મહા વિનાશકારી અને ભયંકર અનિષ્ઠ છે. ધર્મ, નીતિ કે વિશ્વશાંતિની દષ્ટિએ આણુશસ્ત્રો માનવતાના મહાશત્રુ છે. બધા દેશો સાથે મળી બધા આણુશસ્ત્રોનો સર્વથા વિનાશ કરે અને હવે પછી કોઈ દેશ આણુ-શસ્ત્રો બનાવશે નહિ એવો નિર્ણય થઈ શકે તો સૌ સહર્ષ આવકારશે. આ દિશામાં પ્રયત્નો થયા છે અને થાય છે. પણ સંતોષકારક રીતે સફળ થાય એવી આશા અત્યારે દેખાતી નથી. આણુશસ્ત્રો બનાવવાની એક જ દલીલ છે. બીજા પાસે છે માટે આપણા રક્ષણ માટે જરૂરના છે. ધર્મ, નીતિ કે માનવતાના બધા વિચારો ઠોકરે મારીએ અને માત્ર રક્ષણની દષ્ટિએ વિચારીએ તો પણ, શું આણુશસ્ત્રોથી ખરેખર રક્ષણ મળવાનું છે? એમ કહેવાય છે કે આપણી પાસે આણુશસ્ત્રો હોય તો આક્રમણ કરતાં બીજો દેશ ડરે, Deterrent બને. થોડો પણ વિચાર કરીયે તો આ દલીલની પોકળતા તુરત સમજાશે. ક્યુબાની કટોકટી વખતે ક્રુશ્ચેવે ડહાપણ વાપર્યું ન હોત તો આણુયુદ્ધ અટકી શકત નહિ. એક હીટલર, માઓ કે ટ્રુમેન આણુબૉંબનો ઉપયોગ કરવાનો નિર્ણય કરે તો કોઈ અટકાવી શકે નહિ. ૧૯૪૫માં અમેરિકાએ જાપાન ઉપર આણુબૉંબનો ઉપયોગ કર્યો ત્યારે જર્મની કે જાપાન પાસે આણુબૉંબ હોત તો કેટલો વિનાશ સર્જાયો હોત? ભય અને ધમકી ઉપર રચાયેલ શાંતિ ક્યાં સુધી ટકે? બીજાને સતત દુશ્મન માનતા રહેવું અને તેમના પ્રત્યે ધિક્કાર વધારતા જ રહેવું એવી સ્થિતિ કરતાં મરણભય તજી, બીજાને નિશ્ચિત કરવા એમ સાદી સમજણથી વિચારીએ તો પણ વધારે હિતાવહ છે.

અને આણુશસ્ત્રો બનાવીએ તો પણ નિત્ય નવીન શોધ અને બીજા દેશોના ગંજાવર જથ્થા Stock-Pile પાસે આપણે કેટલું કરી શકવાના? અને જેની પાસે આવો ગંજાવર જથ્થો છે તે પણ બચી શકવાના છે? આણુયુદ્ધ શરૂ થાય તો પ્રતિઆક્રમણ કરતા પહેલાં તો નાશ થઈ જાય અને કદાચ પ્રતિ આક્રમણ કરવાની શકિત બચી જાય તો સામાનો વિનાશ કરીએ, પણ આક્રમણ થયું હોય તે દેશનું રક્ષણ તો નથી જ થતું. એટલો જ સંતોષ લેવાય કે કદાચ સામાનો પણ વિનાશ કરીશું.

દુનિયાને આ ગાંડપણમાંથી કેમ બચવું? કોઈકે શરૂઆત કરવી પડશે, જોખમ ખેડવું પડશે. આણુશસ્ત્રો બનાવીયે તો પણ વિનાશથી બચવાના નથી તો તે જતા કરી, નિર્ભયતા અને નૈતિકતાનું એક દષ્ટાંત કેમ પૂરું ન પાડીયે? આણુશસ્ત્રો આપણી પાસે નહિ હોય તો કદાચ આણુ આક્રમણનો ભય ઓછો રહેશે. અને આર્થિક દષ્ટિએ તો દેવાળિયા સ્થિતિમાંથી કદાચ બચીશું. આ દેશની ભયંકર ગરીબાઈ

દૂર કરવા પાઈએ પાઈ જોઈએ છે ત્યાં, આણુશસ્ત્રો બનાવવા અબજો રૂપિયાનું ખર્ચ કરવું મહા પાપ છે. પ્રજાની ગરીબાઈ દૂર કરી હશે તો બીજી રીતે સામનો કરવાની શકિત કેળવાશે. અંતે તો આ શ્રદ્ધાનો વિષય છે.

**કેમ્બોડિયા**

પ્રેસિડન્ટ નિક્સને કેમ્બોડિયામાં અમેરિકન સૈન્ય મોકલાવી એક ગંભીર કટોકટી સર્જી છે. તેમના આ પગલાંનો વિરોધ દુનિયાના ઘણા દેશોમાં થયો છે, એટલું જ નહિ પણ, અમેરિકામાં પણ સખ્ત વિરોધ થયો છે, ખાસ કરી વિદ્યાર્થીઓમાં. ઘણી કૉલેજોમાં તોફાનો થયા અને લગભગ ૭૫૦૦૦ માણસોનો એક મોરચો વ્હાઈટ હાઉસ ગયો. નિક્સનનું આ પગલું તેમના લશ્કરી સલાહકારોને આભારી છે. તેમની કેબિનેટના ઉચ્ચ કક્ષાના સભ્યોને પણ તેની જાણ ન હતી. સેનેટમાં ભારે વિરોધ થયો છે. નિક્સનને અંતે જાહેર કરવું પડયું કે અમેરિકન સૈન્ય કેમ્બોડિયાની હદમાં ૨૦ માઈલથી વધારે નહિ જાય અને જૂનની આખર સુધીમાં અમેરિકન લશ્કર પાછું ખેંચી લેવાશે. પ્રમુખ નિકસનની ભારે કફોડી સ્થિતિ છે. દક્ષિણ વિયેટનામમાંથી અમેરિકન લશ્કર ક્રમશ: પાછું ખેંચી લેવાનું જાહેર કર્યા પછી આ રીતે યુદ્ધનો વિસ્તાર કરવો પડે ત્યારે તેનો બચાવ થઈ શકતો નથી. છતાં નિક્સનનું પગલું સર્વથા અવિચારી નથી. દક્ષિણ વિયેટનામમાં લડતા વિયેટકોંગ અને ઉત્તર વિયેટનામના દળોને, કેમ્બોડિયામાં તેના અડ્ડા છે ત્યાંથી સતત મદદ મળ્યા કરે છે. આ અડ્ડાઓ તોડવામાં ન આવે ત્યાં સુધી દક્ષિણ વિયેટનામમાં યુદ્ધ હંડુ ન પડે અથવા ત્યાં શાન્તિ ન થાય. કેમ્બોડિયામાં વિયેટકોંગ અને ઉત્તર વિયેટનામની આ જમાવટ વર્ષોથી છે. પૂર્વનું ઈન્ડો-ચાઈના, વિયેટ-નામ, લાઓસ અને કેમ્બોડિયામાં વહેંચાઈ ગયું ત્યારે તે ત્રણે દેશોની સરહદોની ફુલગુંથણી એવી રહી કે એકમાંથી બીજામાં પ્રવેશ ઝડપથી થઈ શકે છે. ઉત્તર વિયેટનામનાં દળો લાઓસ અને કેમ્બો-ડિયામાં રહી, દક્ષિણ વિયેટનામનું યુદ્ધ લડી રહ્યા છે. ત્યાંથી લશ્કર અને પુરવઠો જાય છે. કેમ્બોડિયામાં પ્રિન્સ સિહાનુક સત્તા-સ્થાને હતા ત્યાં સુધી અમેરિકન લશ્કર ત્યાં દાખલ થઈ શકે તેમ ન હતું. સિહાનુકે પોતાના દેશને વિયેટનામના યુદ્ધમાં સંડોવાતા અટકાવ્યો હતો. સિહાનુકનું વલણ અમેરિકા વિરોધી રહ્યું છે. એકંદરે કેમ્બોડિયાના હિતમાં હતું. પણ થોડા સમય પહેલાં કેમ્બોડિયામાં રાજ્યપલ્ટો થયો અને સિહાનુકની ગેરહાજરીમાં તેમને પદભ્રષ્ટ કર્યા. એમ કહેવાય છે કે આ રાજ્યપલ્ટો કરવામાં અમેરિકાનો હાથ હતો. ગમે તેમ, નવા લશ્કરી રાજ્યકર્તાઓ અમેરિકાને કાંઈક અનુકુળ છે તેથી નિક્સન આ પગલું ભરી શકયા. એમ તો લાઓસમાં પણ ઉત્તર વિયેટનામ અને વિયેટ કૉંગના સૈન્યોની જમાવટ છે. પણ લાઓસ વહેંચાયેલું છે અને તેનો એક ભાગ કોમ્યુનિસ્ટ-પાથેટલાઓ-ના કબ્જામાં છે. દક્ષિણ વિયેટનામના યુદ્ધમાં અમેરિકાની પરિસ્થિતિ સાપે છછુંદર ગળ્યા જેવી છે. ભેરવાઈ પડયા છે અને હવે આબરૂભર છૂટવાનો માર્ગ નથી. અમેરિકા પોતાની પુરી શકિત લગાડે તો ઉત્તર વિયેટનામને શરણે લાવી શકે. પણ તેમ કરતાં વિશ્વયુદ્ધ થઈ પડે. અમેરિકામાં આ યુદ્ધનો વિરોધ વધતો જાય છે એટલે ભાંગ્યા હૈયે અને પાછા પગ કરતાં લડે છે. ઉત્તર વિયેટનામ આ નબળાઈ બરાબર જાણે છે. ઉત્તર વિયેટનામને ચીન અને રશિયાનો ટેકો છે. પણ ચીન અને રશિયાએ લશ્કર મોકલ્યું નથી. શસ્ત્રસરંજામ અને આર્થિક સહાય મોટા પ્રમાણમાં કરે છે. અમેરિકાને દુર્ભાગ્યે દક્ષિણ વિયેટનામમાં તેનું લશ્કર સંડોવાયું છે. પારકી ભૂમિ ઉપર સ્થાનિક પ્રજાના બળ અને સહકાર વિના કયાં સુધી લડી શકાય? અને અમેરિકાની પ્રજા પૂછે છે કે આ બધો ભોગ, હજારો યુવકોનો અને અબજો ડોલરનો શેને માટે?

દક્ષિણ વિયેટનામને સામ્યવાદી થતાં અટકાવવા? ચીનની લાગવગ વિસ્તરતી અટકાવવા? અમેરિકા આખી દુનિયામાં સામ્ય-વાદનો સામનો કરી શકશે? અમેરિકા જેવી શકિતશાળી અને મહાન પ્રજાને માટે હવે પ્રતિષ્ઠાનો સવાલ છે. પેરિસમાં લાંબા સમયથી મંત્રણાઓ ચાલે છે. પણ ઉત્તર વિયેટનામની, શાન્તિ માટે દાનત નથી. દુનિયાના દેશો જેઓ અમેરિકાના આ પગલાનો વિરોધ કરે છે તેમણે ઉત્તર વિયેટનામ ઉપર દબાણ લાવી આ યુદ્ધનો અંત લાવવો જોઈએ. માત્ર અમેરિકાનો જ દોષ કાઢવાથી આ યુદ્ધનો અંત નહિ આવે. ૧૯૫૪માં થયેલ જીનીવા કરારનો અમલ કરાવવા કોઈ પ્રમાણિક પ્રયત્ન થયો નથી. સંયુકત રાષ્ટ્રસંઘની અસહાયતાથી ખેદ થાય છે. અમેરિકાનું દુર્ભાગ્ય છે કે આવા સંજોગોમાં પ્રત્યાઘાતી બળોને તેણે ટેકો આપવો પડે છે અને મોટો ભોગ આપવો પડતો હોવા છતાં નિન્દા વ્હોરવી પડે છે. હકીકતમાં અમેરિકામાં યુવાન પેઢી યુદ્ધથી કંટાળી છે અને કોઈ પણ ભોગે આ યુદ્ધમાંથી તેને છૂટવું છે. ઈઝરા-યલની પેઠે દક્ષિણ વિયેટનામની પ્રજામાં બળ હોત તો અમેરિકાના આ હાલ ન થાત.

**કોમી તોફાનો**

ભીવંડી અને જલગાંવમાં ગંભીર કોમી તોફાનો થયાં. તેમાં લગભગ ૧૦૦ માણસો મરી ગયા, સેંકડો ઘાયલ થયા, ઘરબાર વિનાના થયા અને કરોડોનું નુકસાન થયું. કોમી ઝેર આપણે નથી નીચોવી શકયા કે નથી પચાવી શકયા. ભારેલા અગ્નિ પેઠે એક તણખો ઝરે અને આગ ભભૂકી ઉઠે છે અને ઝડપથી ફેલાય છે. છેલ્લાં વીસ વર્ષમાં દેશમાં ઠેરઠેર થયેલ કોમી રમખાણો વિશે દુર્ભાગ્યે એમ કહેવું પડે છે કે શરૂઆતની ઉશ્કેરણી લઘુમતી કોમથી થાય છે. પછી પ્રતિઆક્રમણ થાય ત્યારે તેને ખૂબ સહન કરવું પડે છે અને પછી પ્રચાર થાય છે કે લઘુમતી કોમની સલામતી નથી. જનસંઘ, શિવસેના, રાષ્ટ્રિય સ્વયં-સેવક દળ વગેરે હિન્દુરાજના સ્વપ્ના સેવતા રાજકીય પક્ષો છેજ. પણ કૉંગ્રેસ પણ તેમાંથી મુકત નથી. ચૂંટણીઓ કોમી અંતર વધારતી રહી છે. કેટલાક પક્ષો લઘુમતી કોમોને પંપાળે છે. મુસ્લિમ લીગે ઠીક ઠીક માથું ઊંચકયું છે. અને બીજા પક્ષો તેના સહકાર માટે કીંમત ચૂકવે છે.

ભીવંડીમાં શિવાજી જયંતીનું સરઘસ નિમિત્ત બન્યું. પણ જે રીતે તોફાનો થયાં તે બતાવે છે કે પૂર્વ તૈયારી હતી. સત્તાવાળાઓને ચેતવણી હોવા છતાં, ગફલતમાં રહ્યા અને અગમચેતીના પગલાં લેવા જોઈએ તે ન લીધા. અસામાજિક તત્ત્વો આવી પરિસ્થિતિનો લાભ લેવા તૈયાર જ હોય છે. શિવાજી જયંતી જે રીતે ઊજવવામાં આવે છે અને તેને જે રાજકીય સ્વરૂપ આપવામાં આવે છે તે ઉશ્કેરણીનું કારણ બને છે. આવા પ્રસંગે માનવતાનાં દર્શન પણ થાય છે. પણ હેવાનીયત માઝા મૂકે છે. રાજકીય નેતાઓ અથવા સત્તાવાળાઓને જ દોષ દેવાથી આ અનિષ્ટ દૂર નહિ થાય. સામાન્ય પ્રજાના માનસમાં હિંસા અને ઉશ્કેરણી ભર્યા છે તેને પ્રયત્નપૂર્વક ટારવા પડશે.

૧૧-૫-૭૦. **ચીમનલાલ ચકુભાઈ**

**આજે આપણો દેશ કયાં જઈ રહ્યો છે?**

(૧) તા. ૬-૫-૭૦ ના ભૂમિપુત્રમાં શ્રી. એસ. જગન્નાથન્ જણાવે છે કે "બંગાળમાં અને વિશેષ કરીને કલકત્તાની અંદર અને બહાર નકસલવાદીઓ દ્વારા મહાત્મા ગાંધીની પ્રતિમાઓ, ચિત્રો તથા સાહિત્યની ભાંગફોડ કરવામાં આવી છે અને તેને આગ લગાડવામાં આવી છે તે બિના આઘાતજનક છે. કયાંક નેતા સુભાષચંદ્ર બોઝની પણ તેવી જ વલે કરવામાં આવી. અરે, હમણાં જેમની જન્મશતાબ્દી વિશ્વભરમાં ચોમેર ઉજવાઈ રહી છે તે લેનીનને પણ નકસલવાદી-ઓએ છોડયા નથી. આવી બાલિશ ચેષ્ટાઓ અત્યન્ત ઘૃણાસ્પદ હોઈ લાગતાવળગતા સૌએ તેને વખોડી નાખવી જોઈએ. આવા જંગલીવેડાથી કોઈ વિચારસરણી જનમાનસમાંથી ભૂંસી શકાશે નહિ. આ અવસરે બંગાળના નાગરિકોએ મક્કમ વલણ અપનાવી ગાંધીજી

અને અન્યોનાં ચિત્રો ઘરો તથા કચેરીઓમાં મોખરાના સ્થળે લટકાવે તથા ગાંધી સાહિત્યનો ઝડપી પ્રસાર કરવાનાં પગલાં લે અને તે રીતે વિચાર અને વર્તનના સ્વાતંત્ર્યનો બચાવ કરે."

(૨) હમણાં કલકત્તાના એક પરિચિત સામાજિક કાર્યકર્તા બહેન મુંબઈ આવ્યાં અને તેમને મળવાનું બનતાં તેમણે કલકત્તાની આજની પરિસ્થિતિનું વર્ણન કર્યું તે સાંભળતાં દિલ કંપી ઊઠ્યું. તેમના કહેવા મુજબ ત્યાંના તાજેતરમાં વિસર્જિત થયેલા શ્રી જ્યોતિ બસુના સામ્યવાદી શાસને ન કલ્પી શકાય એવી ગુંડાગીરી નિર્માણ કરી છે. ગમે ત્યારે ગમે તે છોકરી, કે છોકરાનું બાઈ કે ભાઈનું અપહરણ થાય છે અને પછી તેનો કોઈ પત્તો ખાતો નથી. આવી રીતે સામ્યવાદીઓ દ્વારા કોઈનું પણ એકાએક ખૂન થાય છે અને પોલીસ તેમાં નિષ્ક્રિય બનીને બેસી રહે છે. તમે ચાલ્યા જતા હો અને હાથે ઘડિયાળ બાંધ્યું હોય અને એકાએક કોઈ બે ચાર માણસો તમને ઘેરી લે અને ઘડિયાળ ઝૂંટવી લે અને તમે અવાચક બનીને એ પ્રક્રિયા જોયા કરો. છોકરાં - છોકરીઓને ભણવા મોકલવા પડે, પણ ઘેર પાછા સહીસલામત આવે ત્યારે જીવ હેઠો બેસે. આવી તો તેમણે કેટલીયે વાતો કરી. આ ગુંડાગીરી કેમ અટકે? અહિ જ્યોતિબસુના શાસને બધી મર્યાદા મૂકી અને નબળા પડેલા કેન્દ્રે જોયા જ કર્યું. આ પરિસ્થિતિને કેમ કાબૂમાં લાવવી તેની નથી રાષ્ટ્રપતિશાસનના નિયામકને સૂઝ પડતી કે નથી સેન્ટરને સૂઝ પડતી.

(૩) હમણાં આપણી બાજુના એક સમાજિક કાર્યકર બહેનને મળવાનું બન્યું. તેઓ એક મોટી સંસ્થાના સંચાલિકા છે. તેમણે પોતાની સંસ્થા અંગેની કેટલીક મુંઝવણો રજુ કરી. ત્યાર બાદ આજની પરિસ્થિતિ અને વણસતા જતાં નૈતિક મૂલ્યોનો ખ્યાલ આવતાં તેમણે જણાવ્યું કે પહેલાં કોઈ વિધવા સગર્ભા થઈ જતી તો તેનાં સગા વહાલાં તેને છૂપી રીતે લાવતા લઈ જતા અને ઊભી થયેલી ગૂંચના નિકાલનો માર્ગ નક્કી કરી જતા. હવે આ બાબતની શરમ સંકોચ તૂટતા જાય છે. કોઈ પણ પોતાની સગર્ભા બહેન ભત્રીજીને કશી શરમ સંકોચ વિના લઈ આવે છે અને હવે આનું શું કરવું એમ પૂછે છે. મોટા શહેરોમાં કુંવારી સગર્ભાના કિસ્સાઓ વધતા જાય છે. આર્થિક ભીંસના કારણે પણ પતિ બે પૈસા કમાવાના લોભે પોતાની પત્નીને અનીતિના માર્ગે દોરતા હોય છે. સંતતિ-નિયમન ગમે તેટલું ઈષ્ટ હોય, પણ તેના ઉપાયોએ વ્યભિચારને મોકળો કરી આપ્યો છે. આમ વણસતી જતી નૈતિકતા આપણને કયાં લઈ જશે તેની ખબર પડતી નથી.

(૪) અમદાવાદના એક સામાજિક કાર્યકરને મળવાનું બનતા તેમની પાસેથી ત્યાં ધનના જોરે પક્ષપલટાના જે કીસ્સાઓ બનતા જાય છે તે સાંભળીને રાજકારણના ક્ષેત્રે પણ આપણો કેટલો મોટો હ્રાસ થઈ રહ્યો છે - તેનો ખ્યાલ આવ્યો. આદિવાસી હરિજન, પછાત વર્ગના સભ્યો કે જેમણે એક સાથે રૂા. ૫૦૦ પણ પોતાની સામે કદી ભાળ્યા ન હોય તેમની સામે ૨૦-૨૫ હજાર કે તેથી વધારે મોટી રકમો ધરવામાં આવતી હોય - પછી આ પ્રલોભનને તેઓ કેમ અટકાવી શકે? આ દશા ગુજરાતમાં છે એવી જ અન્યત્ર છે. અને આ બધું શાસક કૉંગ્રેસ કરે છે એમ નથી; સંસ્થાકીય કૉંગ્રેસ પણ એવી જ નીતિ અપનાવી રહી છે અને બીજા પક્ષો પણ આ જ માર્ગે જઈ રહ્યા છે. છડે ચોક લાંચ રૂશ્વત અપાય લેવાય છે અને આની કોઈને લેશમાત્ર શરમ હોય એવું રહ્યું નથી.

આજના સમાજહિતૈષીઓએ આ બધી બાબતોનો ગંભીરપણે વિચાર કરવો ઘટે છે.

પરમાનંદ

## સાધુસંસ્થા અંગે પરિસંવાદ

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં તા. ૭ જૂન રવિવાર સવારના ૯ વાગ્યે સાધુસંસ્થા અંગે એક જાહેર પરિસંવાદ યોજવામાં આવ્યો છે. જેની વિશેષ જાહેરાત હવે પછીના અંકમાં કરવામાં આવશે.**

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

# મુનિ ચિત્રભાનુની અપૂર્વ કાર્યસિદ્ધિ

(મુનિ ચિત્રભાનુ અહિંથી ૨૯મી માર્ચના રોજ યુરોપના પ્રવાસે સીધાવ્યા હતા, તેઓ મે માસની પહેલી તારીખે ભારત ખાતે પાછા ફર્યા છે અને હાલ ઘાટકોપરમાં આવેલા એક જૈન શ્વે. મૂ. સમુદાયના ઉપાશ્રયમાં સ્થિર થયા છે. તેમના પરદેશ પ્રવાસ દરમિયાન તેઓ કયા કયા સ્થળોએ ફર્યા અને તેમણે કેવું કાર્ય કર્યું તેનો ટૂંકો વૃતાન્ત તેમના સહપ્રવાસી શ્રી શાન્તિલાલ ઝાટકિયા તરફથી પ્રાપ્ત થયો છે, જે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ સાથે જણાવતાં આનંદ થાય છે કે તેમના પ્રયાણના દિવસે જે પ્રતિકૂળ વિરોધી દેખાવો જોવા સાંભળવામાં આવ્યા હતા તેવા કોઇ દેખાવો તેમના પ્રત્યાગમન પ્રસંગે જોવા સાંભળવામાં આવ્યા નથી. – **પરમાનંદ**)

જીનિવાની બીજી સર્વધર્મ શિખર પરિષદમાં પૂ. ચિત્રભાનુ મહારાજશ્રીની બુલંદ ઘોષણા થઇ અને સહુને વિવેકાનન્દની સ્મૃતિ તાજી થઇ. એમની વાણીમાં રહેલા અહિંસા અને અનેકાન્તના વિચારોએ વિદ્વાનોને વિચાર કરતા કર્યા. પાંચ દિવસ સુધી વિદ્વત્ વર્ગે ખૂબ જ્ઞાનચર્ચા કરી અને એકબીજાના ધર્મોની સમજણથી વિશ્વમાં શાંતિ લાવવા ઠરાવો થયા.

તેમનાં શ્વેત વસ્ત્રો, સાદું જીવન તથા નમ્રતાભર્યા આચાર-વિચાર જોતાં સહુ એમના તરફ આકર્ષાયા. વૉઇસ ઑફ અમેરિકા, લંડન ટાઇમ્સ તથા સ્વિસ કૉન્ફરન્સ અને બી. બી. સી. દ્વારા અહિંસાનો સંદેશો સ્વિટ્ઝરલેન્ડના કુટુંબોમાં ગુંજતો કર્યો.

ત્યાં તો ફ્રાન્સથી આમંત્રણ આવ્યું. દસ વર્ષ પહેલાં મુંબઇમાં પૂ. ચિત્રભાનુશ્રીએ ફ્રાન્સથી આવેલા પ્રવાસીઓમાં અહિંસા અને નવકારમંત્રના વાવેલ બીજમાંથી વટવૃક્ષ બન્યું અને ફ્રાન્સના આચાર્ય હંસાનન્દ (ગીલબર્ટ) અને તેમના અનુયાયીઓ પૂ. ચિત્રભાનુશ્રીની સેવામાં હાજર થયા. ફ્રાન્સમાં પણ એવા કેટલાક જ્ઞાનભૂખ્યા આત્માઓ છે જે મનની શાંતિ અને આત્મજ્ઞાનની શોધમાં છે, પ્રભુનું સાન્નિધ્ય માગે છે. આચાર્ય હંસાનન્દના આશ્રમો જ્યાં મન સહેજે જ સમાધિમાં આવી જાય એવા ઊંચા હરિયાળા પહાડોમાં છે. આ આશ્રમ-વાસીઓને પૂજ્યશ્રીને મળ્યા અને જાણે ભૂખ્યાને ભોજન મળ્યું. જ્ઞાન-વાર્તા થઇ, હૈયાં ભીનાં થયાં. આશ્રમમાં ખૂબ ઠંડી પડતી હોવાથી એક આશ્રમવાસી બહેને તો મનમાં નવકારમંત્રના સ્મરણ સાથે હાથમાં ઊન લીધું. ત્રણ દિવસમાં શ્વેત સ્વેટર ગૂંથ્યું. પૂજ્યશ્રીને વહોરાવી જીવ-નની ધન્યતા અનુભવી. એમની શ્રદ્ધા અને ભકિત માટે પૂજ્ય-શ્રીને પણ આશ્ચર્ય સાથે માન થયું. ફ્રાન્સમાં કેટલાય ઘરોમાં પગલાં કર્યાં, અહિંસાની સાચી સમજ આપી અને આધ્યાત્મિક પ્રગતિ ઇચ્છતા માનવોએ જીવનમાં શાકાહાર અપનાવ્યો. ફ્રાન્સના આચાર્ય હંસાનન્દ અને એના સાથીઓએ તો જાણે ભેખ લીધો. "પૂજ્યશ્રી જ્યાં સુધી ફ્રાન્સની ધરતી પર રહેશે ત્યાં સુધી સેવાનો લાભ અમે જ લેવાના. લીઓન, નીસ, કાન, માર્સેઈલ્સ વગેરે અનેક સ્થળોમાં પ્રવચનો આપ્યાં તથા પ્રેસ કોન્ફરન્સમાં અનેક વિષયો ચર્ચ્યા. શસ્ત્રવિરામ, વિયેટનામ, હીપ્પીઝ, કેપિટાલિઝમ અને કોમ્યુ-નિઝમ, સ્ત્રી વૉટ સ્વાતન્ત્ર્ય વગેરે અનેક વિષયો ઉપર જૈન દર્શન કેવી રીતે રીતે સહાયક થઈ શકે તે અંગે બ્રૉડકાસ્ટ કર્યું. પૂજ્યશ્રીએ ઊંડાણથી સમજાવ્યું કે અહિંસાથી યુદ્ધવિરામ થાય, અનેકાન્તથી કલહ બંધ થાય અને અપરિગ્રહથી વાદો કમ થાય. ફ્રાન્સમાં બે હજાર માઈલ ફરીને પૂજ્યશ્રી પેરીસ પહોંચ્યા. પેરીસમાં આ હવા કયારની ય પ્રસરી ગઈ હતી. ત્યાંના યુવાન-યુવતીઓની જિજ્ઞાસા તો અદ્ભુત હતી. યોગ ઈન્સ્ટીટયૂટમાં પ્રવચનો આપ્યાં, રેડિયો સ્ટેશન દ્વારા બ્રૉડકાસ્ટ થયો.

જીનિવા અને ફ્રાન્સના સમાચાર લંડન પહોંચતા પૂજ્યશ્રી મહાવીર જયંતી જવવા માટે લંડનમાં વસતા પાંચ હજાર જૈનો તથા

જૈનેતરો તરફથી ભાવભર્યું આમંત્રણ આવ્યું. રોજ બબ્બે કલાકના પ્રવચનો ગોઠવાતાં ગયાં અને મહાવીર જયંતિ આવતાં તો હૉલ નાનો પડવાથી એકને બદલે બબ્બે પ્રવચનો ગોઠવાયાં. વીરની વાણી લંડન સુધી પહોંચી અને ત્યાંની અંગ્રેજ પ્રજા વધુ જાણવા આતુર બની. હિન્દુધર્મ અને જૈનધર્મ ઉપર પણ વિવેચન થયું. કૅમ્બ્રીજ યુનિવર્સિટીમાં ડારવીનના પૌત્ર સાથે જ્ઞાનગોષ્ઠી થતાં અહિંસા અને કરુણાના સિદ્ધાંતોની ઝીણવટથી વિચારણા થતાં પ્રયોગ ખાતર બે વર્ષ માંસાહારનો એમણે ત્યાગ કર્યો.

લંડનની પ્રજામાં મહાવીરની વાણીનું અમૃતપાન થતાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું. પ્રવચનમાં પાલિતાણાના જિર્ણોદ્ધાર પ્રસંગે પોતાનું સર્વસ્વ આપી દેનાર ભીમાશાહની વાત કરી એ કેટલાયને સ્પર્શી ગઈ. બીજે જ દિવસે ત્રણ ભાઈઓ આવ્યા, કાંઈક કરવાની ઈચ્છા વ્યક્ત કરી અને પોણો લાખ રૂપિયા પૂજ્યશ્રીના ચરણોમાં ધર્યા, જે તેમને પાછાં આપતાં લંડનમાં અહિંસક સંઘ સ્થપાયો. જૈન ફેલોશીપ સેન્ટરની સ્થાપના થઈ અને જિજ્ઞાસુ આત્માઓ માટે જ્ઞાનગંગાનો પ્રવાહ સતત વહ્યા કરે તેની ગોઠવણી ચાલુ થઈ.

ઍન્ટપર્વ (બેલ્જિયમ)માં રહેતા ભાઈઓની પ્રવચનની માંગ વધતાં પૂજ્યશ્રી એન્ટપર્વ પધાર્યા. હીરાને ઘસીને એની અંદરનું તેજ બહાર લાવી શકે છે તેજ માનવી પોતાના આત્મામાં રહેલું તેજ પણ બહાર લાવી શકે છે. એ વિષય પર એક અંગ્રેજીમાં અને બીજે દિવસે ગુજરાતીઓ માટે ગુજરાતીમાં એમ બે પ્રવચન આપ્યાં. પૂજ્યશ્રીએ જીવનનો નવો જ રાહ બતાવ્યો. ત્યાંથી જર્મનીમાં મ્યુનિચ ગયા. ત્યાં કુમારી હાઈડીએ પરિસંવાદ ગોઠવ્યો હતો તે પૂરો કરી બીજે દિવસે પૂજ્યશ્રીએ પોપને મળવાનું આમંત્રણ સ્વીકાર્યું હતું, એટલે ઈટલી (રોમ) આવ્યા. પોપ સાથે પણ મૈત્રીભર્યા વાતાવરણમાં વિશ્વશાંતિ તરફ પરસ્પરની સમજણથી આગળ વધવા શુભેચ્છા વ્યક્ત કરી.

વિદેશ પ્રવાસ પૂર્ણ કરી પૂજ્યશ્રી ચિત્રભાનુ મુંબઈ પધાર્યા ત્યારે એમના મુખ પર એક ધ્યેય પૂર્ણ કર્યાનો સંતોષ હતો અને મનમાં કહેવાતી અનાર્યભૂમિમાં સાચા આર્યોનાં દર્શન કર્યાનો આનંદ હતો.

શાન્તિલાલ ઝાટકિયા.

## ચંદ્રઅવતરણ અને હવાઈ પ્રવાસ અંગે મુનિશ્રી નગરાજજીનાં મંતવ્યો

અણુવ્રત આંદોલનને લીધે આચાર્ય શ્રી તુલસી અને જૈન શ્વેતાંબર તેરાપંથી મુનિઓ સંપ્રદાય બહાર ધ્યાન ખેંચી શક્યા છે. તેમાં મુનિશ્રી નગરાજજી અણુવ્રત-પરામર્શક તરીકે પ્રસિદ્ધિ પામેલા છે. એમની દિલ્હી તરફની પદયાત્રામાં ગયે અઠવાડિયે અમદાવાદમાં તેમનો મુકામ થયો હતો. અણુવ્રત વિશેના એમના વિચારો જાહેર છે. પરંતુ હાલ જૈન સાધુસમાજમાં બે પ્રશ્નો ઉપર વિવાદ જાગેલો જોવા મળે છે: ચંદ્ર ઉપર માનવી પહોંચ્યો તે અને વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપવા પ્લેનમાં ઊડીને મુનિશ્રી ચિત્રભાનુજી જીનિવા ગયા તે. આથી એ અંગે મુનિશ્રી નગરાજજીના વિચારો જાણવાની ઈચ્છા રહે તે સ્વાભાવિક છે.

તા. ૧૮મી એપ્રિલના રોજ એમની મુલાકાતની તક મળતાં મેં તેમને પ્રથમ ચંદ્ર ઉપર માનવના અવતરણના મુદ્દાની પૃચ્છા કરી. જૈન સ્થાનકવાસી સમાજમાં અને ખાસ કરીને તેના સાધુસંપ્રદાયમાં મુનિશ્રી અમરચંદજીએ ચંદ્ર ઉપરની માનવીની સિદ્ધિને સ્વીકારવી જોઈએ તેમ જણાવવાથી ખળભળાટ પેદા થયો છે. ધર્મવિરોધી વિચાર દર્શાવવાથી તેમને શ્રમણસંઘમાંથી બહાર કેમ ન મૂકવા તેવા આંદોલને આકાર લીધો છે. મુનિશ્રીએ પોતે સાધુસંઘમાંથી છૂટા થવાની માગણી કરતું રાજીનામું મોકલી આપ્યું છે.

મુનિશ્રી નગરાજજી આ હકીકત જાણતા હતા. તેમણે જણાવ્યું કે જે પ્રત્યક્ષ હકીકત છે તેનો ઈનકાર કરી શકાય નહીં. મહાવીરની આગમવાણીથી તે વિરોધી બનાવ હોય તો સાચો માર્ગ તો એ છે કે આગમવાણી વિશે પુનર્વિચારણા કરવી જોઈએ. પરંતુ એ વાણી ખોટી ન હોઈ શકે તેમ સ્વીકારી લઈને ચંદ્ર ઉપર માનવનું અવતરણ જે એક વૈજ્ઞાનિક સિદ્ધિ છે તેનો ઈનકાર કરવાથી આગમવાણીની સત્યતા પુરવાર થતી નથી. એને બદલે આગમવાણીના વિધાન બાબત નવેસરથી મૂલ્યાંકન કરવાની તત્પરતા બતાવવી જોઈએ.

મુનિશ્રીએ જણાવ્યું કે મહાવીરની વાણી એમના વખતમાં ગ્રંથસ્થ કરવામાં આવી છે. આમાં બે અનુમાનો થઈ શકે. આગમવાણી તરીકે ઓળખાતી બધી હકીકતો તેમને નામે ચઢી હોય તો પણ તે તેમની પોતાની ન હોય. એ રચનાઓ પાછળથી બીજાં આચાર્યોએ ઉમેરી હોય અને તેનું કર્તવ્ય મહાવીરને નામે ચડાવ્યું હોય અગર તે વાણી મહાવીરની પોતાની હોય. જો એમની હોય તો એ ભૂગોળ-ખગોળ અંગેની માન્યતા સાચી નથી તેમ સ્વીકારવાની તૈયારી રાખવી જોઈએ. જૈન ધર્મ મહાવીરને સર્વજ્ઞ કહે છે, તે દાવો એમનો પોતાનો નથી પણ બીજા આચાર્યોએ તેમના અંગે કરેલો દાવો છે, છે, જે દાવો કરનાર આચાર્યોની સર્વજ્ઞતાના અભિપ્રાયની કસોટી કરે છે અગર તેમના જ્ઞાનની પરિસીમાનો ખ્યાલ આપે છે. એ જે હોય તે, પરંતુ જે પ્રત્યક્ષ સાબિત થયું છે તેનો ઈનકાર કરવાથી જૈન ધર્મ, મહાવીર કે સાધુસમાજના ગૌરવમાં વધારો થતો નથી. અમુક ધર્મની માન્યતા વિજ્ઞાનની ચેલેન્જને લીધે ખોટી ઠરતી હોય હોય તો તેનો સ્વીકાર કરવો જોઈએ. સાંપ્રદાયિકતાને વશ થઈ વળગી રહેવું ન જોઈએ.

જૈન સાધુઓ વાહનોનો ઉપયોગ કરતા નથી અને પગપાળા પ્રવાસ કરે છે. માંદગીમાં પણ તે વાહનનો નિષેધ માને છે. આપદ્-ધર્મ તરીકે માણસો ડોળીમાં તેમને એક સ્થળેથી બીજે સ્થળે લઈ જાય તેટલી છૂટ સ્વીકારે છે. આથી પ્લેનમાં બેસી મુનિશ્રી ચિત્રભાનુજી જીનિવા ગયા છે તે પ્રસંગ જૈન સાધુસમાજ માટે નવો અને ખળભળાટ મચાવનારો કહી શકાય. એમણે પોતે જમાના પ્રમાણે અમુક આચારમાં ફેરફાર થવો જોઈએ તેમ પોતાના પગલાના ટેકામાં જણાવ્યું છે. જૈન ધર્મે જો બીજા ધર્મો સમક્ષ પોતાની રજૂઆત કરવી હોય તો પરદેશમાં ભરાતી સભાઓમાં ભાગ લેવા જવું જોઈએ. એ જ રીતે પરદેશોમાં જૈન ધર્મનો પ્રચાર કરવા માટે પગપાળા પ્રવાસનું બંધન છોડવું જોઈએ.

મુનિશ્રી નગરાજજીએ તે અંગે જણાવ્યું કે વાહનનો બિલકુલ ઉપયોગ ન થઈ શકે તેવો એકાંગી આચાર ધર્મને અભિપ્રેત નથી. આજે નદીઓ ઉપર પુલ બંધાઈ ગયા છે એટલે પગપાળા દેશમાં પ્રવાસ કરનારને હોડીનો ઉપયોગ કરવાની જરૂર ન રહે. અમુક સ્થળે થોડો પ્રવાસ લાંબો થાય એટલું જ. પરંતુ મહાવીરના જમાનામાં પુલો ન હતા અને મોટી નદીઓ ઓળંગી એક પ્રદેશમાંથી બીજા પ્રદેશોમાં જવું હોય તો વહાણનો ઉપયોગ કર્યા વિના ન ચાલે. જો તેનો નિષેધ કર્યો હોત તો એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં જવું મુશ્કેલ બન્યું હોત અને સ્થાનિક સાધુઓના જ્ઞાનનો મર્યાદિત જ લાભ જૈનોને મળ્યો હોત. એ સ્થિતિ ધર્મના કે લોકોના હિતમાં ન જ ગણાત. મહાવીરે નદી પાર કરવા માટે હોડીનો ઉપયોગ કરવાનો સાધુઓને માટે નિષેધ માન્યો નહોતો. આમ દેશના પ્રવાસ માટે મહાવીરે નદી પાર કરવાના વાહનનો સ્વીકાર કર્યો હોય તો આજના જગતમાં પરદેશ પ્રવાસ માટે પ્લેનના વાહનનો ઉપયોગ કરવો પડે તો તે શ્રમણ-આચારને સુરાંગત નથી તેમ ન ગણવું જોઈએ. આમાં જે મુદ્દો રહેલો છે તે એ કે આવા પ્રવાસ અંગે એ હેતુને વધુમાં વધુ કોણ પાર પાડે તે દૃષ્ટિએ નિર્ણય થવો જોઈએ.

(તા. ૨૬-૪-૭૦ના 'નિરીક્ષક'માંથી) ઈશ્વર પેટલીકર

# ☆ 'પ્રબુદ્ધ જીવન'ની પત્રચર્યા ☆

(તા. ૧-૪-૭૦ના 'પ્રબુદ્ધ જીવન'માં "વિનોબાજી મને ઘણીવાર સમજાતા નથી" એ મથાળા નીચે પ્રગટ થયેલી મારી નોંધમાં વિનોબાજીના કેટલાંક મંતવ્યો અને વલણો વિષે આલોચના કરવામાં આવી હતી. તેના પ્રત્યાઘાત રૂપે બે પત્રો - એક ગાંધીજીના પૌત્ર શ્રી કાન્તિલાલ ગાંધીનો અને બીજો મુંબઈના જાણીતા સર્વોદય કાર્યકર્તા ભાઈ કાન્તિલાલ વોરાનો - પ્રાપ્ત થયા છે. આ બે પત્રો અનુક્રમે નીચે આપવામાં આવે છે. અહિ એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે, ઉપર જણાવેલ મારી નોંધમાં જે વિચારો પ્રગટ કરવામાંઆવેલા હતા તે માત્ર મારા નહોતા પણ તે વિચારો વિનોબાજીના વિચારક્ષેત્રે મારી જેવા અનેક સહયાત્રીઓના દિલમાં ઊઠતા તર્કવિતર્કોને પ્રતિધ્વનિત કરતા હતા. આ બાબતમાં હું સાચો છું અને વિનોબાજી ખોટા છે એવું કશું પુરવાર કરવાનો નહિ પણ વિનોબાજીના વિચારવલણો વિષે વધારે સ્પષ્ટતા થાય એ આશયથી એ વિચારો રજૂ કરવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિમાં આ પત્રોના જવાબ રૂપે કંઈ ને કંઈ લખીને આ ચર્ચા હું લંબાવું તેના બદલે મારા લખાણના અનુસંધાનમાં આ પત્રોમાં રજૂ કરવામાં આવેલા મુદ્દાઓનો આપણે બધા વધારે ઊંડાણથી વિચાર કરીએ અને દરેક પોતાને માટે સમ્યક્ નિષ્કર્ષ તારવે એ મને વધારે શ્રેયસ્કર લાગે છે.

**પરમાનંદ)**

મુંબઈ, તા. ૮-૪-૭૦

## શ્રી કાન્તિલાલ ગાંધીનો પત્ર

**મુ. શ્રી. પરમાનંદભાઈ,**

તા. ૧-૪-૭૦ના 'પ્રબુદ્ધ જીવન'માં 'વિનોબાજી ઘણીવાર મને સમજાતા નથી.' એ મથાળા હેઠળની તમારી પ્રકીર્ણ નોંધ વાંચી, અને વિચારકોને ઊંડાણથી ચર્ચા કરવાનો તમારો આશય જાણી આ લખું છું. ઉપરના વાંચન સાથે સાથે જ "ન ત્વહં કામયે રાજ્યમ્' પણ વાંચ્યું.

મને લાગે છે કે પૂ. બાપુજી કે પૂ. વિનોબાજી પ્રત્યે અત્યંત શ્રદ્ધા - ભક્તિથી જોનારાઓમાં પોતાને લાગે તે એમના વિચારોની વિરૂદ્ધ હોય તો પણ કહેવાની હિંમત દેખાતી નથી. આવી ભીરૂતાને એકકોર મૂકીને તમે નોંધ લખી તેથી જ હું પણ આ પત્ર લખવા પ્રેરાયો.

તમે કહો છો તેમ શાસનમુક્ત સમાજરચનાની શકયતા માત્ર કલ્પવી જ રહી. સામ્યવાદનું ધ્યેય પણ એ જ છે ને? પૂ. બાપુએ સ્વર્ગસ્થ નામદાર આગાખાનને કહેલું મને યાદ છે કે શાસન પૃથ્વી ઉપરથી કદીયે નષ્ટ થવાનું હશે તો તે હિંસાથી તો ભાગ્યે જ થશે. મારી યાદ પ્રમાણે ૧૯૪૭ના છેલ્લા ભાગમાં દિલ્હીમાં જ આગાખાનને મુલાકાત આપતાં આવું કહેલું.

"ન ત્વહં કામયે રાજ્યમ્" માં પૂ. વિનોબાજી કહે છે તેમ એમનો પ્રયત્ન "સ્વરાજ્ય' એટલે દરેક વ્યકિતની સત્તા સ્થાપવાનો છે. બીજા ઉપર સત્તા ચલાવવાની એટલે રાજ્ય કરવાની જરૂર એટલા માટે ઊભી થતી હોય છે કે વ્યકિત પોતાના સ્વાતંત્ર્યનો ઉપયોગ બીજાના સ્વાતંત્ર્યને ભોગે કરવા જતી હોય છે. સૌ બીજાનો વિચાર કરીને પોતા ઉપર પોતાની સત્તા ચલાવે, એટલે કે પૂર્ણ રૂપે આત્મસંયમી થાય ત્યારે જ રાજસત્તા નષ્ટ થાય. આ એક આદર્શ તરીકે જ રહી શકે ને આ પૃથ્વી ઉપર એવું સ્વર્ગ ઊતરવું એ શકય જ નથી દેખાતું.

એટલે આદર્શોને વ્યવહારમાં ઊતારવાં જતાં બાંધ-છોડ વિના જીવન નથી. પણ એ બાંધ-છોડનું દુ:ખ - અસંતોષ મનમાં રહે તો માણસ એવી પરિસ્થિતિ ફરીવાર ન સરજાય એની ચીવટ રાખતો થઈ જાય અને ક્રમે ક્રમે એને એવી બાંધ-છોડ કરવાના પ્રસંગો ઓછા થતા જાય; એ આદર્શો તરફ આગળ વધતો જાય. એથી જ તો કહેવાય છે કે એ રાજ્ય જ સારું જે ઓછામાં ઓછું રાજ્ય કરે.

(That Government is best that governs the least) મારી સમજ પ્રમાણે સર્વોદયવાદ ને સામ્યવાદનું અંતિમ લક્ષ્ય એક જ છે. એને પહોંચવાના બે ધોરી રસ્તા જુદા છે. પૂ. બાપુનો આખો જીવન - પ્રયોગ આ બન્નેનો માનવ-સુખ માટે સમન્વય કરવાનો જ હતો. બીજી રીતે મૂકીએ તો કહી શકાય કે ચોમેર ચાલતી હિંસા વચ્ચે અહિંસા કેટલી હદ સુધી કામયાબ થઈ શકે તે એમણે દેખાડયું.

સ્નેહાંકિત, કાન્તિલાલ ગાંધીના પ્રણામ

## શ્રી કાન્તિલાલ વોરાનો પત્ર

મુંબઈ, તા. ૩૦-૪-૭૦

**મુ. શ્રી પરમાનંદભાઈ,**

થોડા દિવસ પહેલાં મારા એક મિત્રે તા. ૧-૪-'૭૦ નું 'પ્રબુદ્ધ જીવન' તેમાંની આપની પ્રકીર્ણ નોંધ "વિનોબાજી ઘણી વાર મને સમજાતા નથી" એ તરફ ધ્યાન ખેંચતા આપ્યું.

આમ તો આપણે નિકટના પરિચયમાં હોવાથી, રૂબરૂમાં પણ ચર્ચા કરી શક્યા હોત, પરંતુ આપે આ અંગેના ચિન્તનમાં વાંચક પણ સહભાગી બને, એ દષ્ટિથી એને 'પ્રબુદ્ધ જીવન'માં સ્થાન આપ્યું છે. એની સ્પષ્ટતા થાય, વધારે ઊંડાણથી - ઝીણવટથી ચર્ચા થાય એવી અપેક્ષા રાખી છે તો એ જ દષ્ટિથી હું પણ મારા વિચારો અને જાણકારી નમ્રતાપૂર્વક પ્રબુદ્ધ જીવનમાં પ્રસિદ્ધિ અર્થે મોકલું છું.

આપે લખ્યું છે કે, 'વિનોબાજીના ખ્યાલો - દા. ત. ગાંધીજીએ રાજકીય ક્ષેત્રે જે કાંઇ કર્યું તે લોકનીતિ છે અને આજના ધારાસભ્યો જે કાંઇ કરે છે તે રાજનીતિ છે - આ ભેદ મને સમજાતો નથી.' આપ એ તો જાણતા હશો કે દુનિયાભરમાં લોકશાહી Democracy ની વ્યાખ્યા જ એ કરવામાં આવી છે કે, It should be of the people, by the people & for the people. આજે આપણે ત્યાં ચાલતી લોકશાહી, ફક્ત for the people સિવાય, of the people કે by the people છે એવું કોઈ કહી શકે તેમ છે કે? અને જો લોકોની અને લોકો દ્વારા ચાલતી લોકશાહી હોય તો ૨૨ વર્ષ પછી પણ દેશની આ દુર્દશા — વધારે ને વધારે દુર્દશા–પેદા થઇ હોત ખરી?

ગાંધીજીએ પણ આવી લોકશાહીની કલ્પના નહોતી કરી. એમણે તો એક એક ગામના લોકો પોતાની બુદ્ધિ - શકિત દ્વારા વહીવટ પોતે ચલાવી વિકેન્દ્રિત લોકતંત્ર દ્વારા ગ્રામ–સ્વરાજ્ય અને તે દ્વારા હિંદ સ્વરાજ્ય ખડું કરવાની કલ્પના કરી હતી. આ તો લોકશાહી નહીં, ફકત કોરા કાગળ ઉપરની શાહી જ રહી ગઇ છે.

બીજું આપે લખ્યું છે કે, "વિનોબાજી શાસન મુકત સમાજની કલ્પના આપણી સામે ધરતા હોય છે. મને આવી સમાજ રચનાની કદી શકયતા જ દેખાતી નથી. જગપ્રસિદ્ધ કાર્લ માર્કસે Socialism ની વ્યાખ્યા કરતાં લખ્યું છે કે આખરે state will wither away. રાજ્ય વિલીન થઇ જશે અને એ કલ્પનાને દુનિયાભરના લોકોએ આવકારી છે. બીજો એ પણ વિચાર સ્વીકાર્યો છે કે, It is the best government who govens the least.

વિનોબાની ગ્રામસ્વરાજ્યની વ્યાખ્યા છે કૃષિમૂલક, ગ્રામોદ્યોગ પ્રધાન, શોષણમુકત અને શાસનનિરપેક્ષ (શાસન વિહીન નહીં) એવી અહિંસક સમાજરચના. શાસન રહેશે પણ તે તેની અત્યંત મર્યાદામાં.

અને શકયતા–અશકયતાની તો આપણે શું વાત કરીએ? માનવ:

જાતો કદિયે કોઇ નવી વાતને તરતમાં શકય માનીને સ્વીકારી છે? ગાંધીએ અહિંસક સ્વરાજ્યની સૌ પ્રથમ વાત કરી, ત્યારે એક પણ વ્યકિતએ એ માની હતી ખરી? અને અશકયતાને શકયતામાં પલટાવી નાખવાની તાકાત મહદઅંશે માનવમાત્રમાં પડેલી છે ફકત જરૂરત છે તેનો દૃઢપણે વિકાસ કરવાની--એ અંધારામાં જતા ડરનાર અને બેરીસ્ટર થઇને બોલવા ઊભા થતાં જેના પગ થરથરતા હતા એ ગાંધીજીએ, શું આપણને સિદ્ધ નથી કરી બતાવ્યું?

વિનોબાની તો એક બીજી પણ ફિલસુફી છે, તેઓ કહે છે કે કોઇ પણ શુભ કાર્ય કરવામાં તમે માત્ર તમારી જ શકિતનો ખ્યાલ ન કરો. એટલો જ ખ્યાલ કરશો તો તમે બહુ જ નાનું કામ કરી શકશો. પણ શુભ કામમાં ઇશ્વરની શકિત પણ ભળવાની છે એમ માનીને સંકલ્પ કરશો, તો તમે બહુ મોટું કામ કરી શકશો. કોઇએ એ ન ભૂલવું જોઇએ કે, There is Kingdom of God. ઘણા બધા કામો તો માણસના પુરુષાર્થની બાવજુદ ઇશ્વર ઇચ્છાથીજ થતાં હોય છે. વિનોબા એમના તમામ કાર્યોનો સંબંધ ઇશ્વરની સાથે જોડે છે, અને હજી સુધી આ કામમાં જનશકિત ઘણી ઓછી લાગી હોવા છતાં પણ ભૂદાનથી રાજ્યદાન સુધીના પહેલા તબક્કાની એમની કલ્પના તો સફળ થઇ જ છે, અને હવે બીજા તબક્કામાં આ કાર્યની પુષ્ટિ તથા ગ્રામસ્વજરાજનું નિર્માણ કરવાનું છે.

આપ લખો છો કે, "વિનોબા નિષ્પક્ષ લોકશાહીનો આદર્શ અવારનવાર રજુ કરે છે એ મને વદતોવ્યાઘાત જેવું લાગે છે." વિનોબા આના જવાબમાં કહેતા હોય છે કે, પક્ષ એટલે કે Party is only a part of the whole. આપણું કામ Part-ટુકડાથી નહીં ચાલે. બધા પક્ષના કુલ મળીને માની લઈએ કે દેશભરમાં એક કરોડ લોકો હશે તો બાકીના પચાસ કરોડ લોકો કે જેઓ કોઈ પક્ષમાં નથી એમને શું આપણે એમ કહી શકીશું કે તેઓ બધા બુદ્ધુ છે? દેશનો વહીવટ ચલાવવામાં એમનું કોઈ સ્થાન જ નથી? અને આજે તો એ વધારેમાં વધારે સિદ્ધ થઈ ચૂકયું છે કે, પાર્ટીવાળાઓએ પોતાનો અને પાર્ટીનો સ્વાર્થ સાધવા સિવાય બીજું કશું જ નથી કર્યું. માટે જ નિષ્પક્ષ (યોગ્ય વ્યકિતઓ દ્વારા ચાલતી) લોકશાહીની આજે તો અત્યંત આવશયકતા છે. આપણે તો પાર્ટીઓની નિષ્ફળતા હવે અનુભવીએ છીએ, પરંતુ વિનોબાએ આ વાત ઘણા વર્ષો પહેલાં કહી મુકેલી છે.

વિશેષમાં આપ લખો છો કે "વિનોબાજી બધી બાબતમાં સર્વાનુમતિથી નિર્ણય લેવાનું સૂચવે છે, જે મારી સમજણ મુજબ ભાગ્યે જ શકય બને છે." આના જવાબમાં, વિનોબાજી માત્ર સર્વાનુમતિની જ વાત નથી કરતાં. એ તો પ્રથમ નંબરમાં સર્વસંમત્તિની વાત કરે છે એટલે કે ૧૦૦ ટકા સંમતિ. સર્વાનુમતિ તો બીજા નંબરની વાત છે કે જેમાં કોઈકના મતભેદ હોય તો પણ ચર્ચાના અંતે તેઓ તેમનો વિરોધ નહીં ઊભો રાખતાં, બધાના મત સાથે સંમત થઈ જાય. આવું અત્યારે ઓછામાં ઓછું બે મોટી સંસ્થાઓમાં તો સફળતાપૂર્વક ચાલે છે. એક તો સર્વોદયનું આંદોલન ચલાવવાવાળી સર્વ સેવા સંઘની સંસ્થા અને બીજી કવેકર્સની સંસ્થા જેમાં હજારો લોકો કામ કરે છે.

આની મતલબ અહીં મતભેદો જ થતા નથી એમ નથી, કેટલીક વખત તો પુષ્કળ મતભેદો ઊભા થતા હોય છે. આપ કદાચ વેડછી (ગુજરાત) ના સંમેલનમાં આવ્યા હશો તો આપે પણ અનુભવ્યું હશે કે તે વખતે ચીનના આક્રમણ સામે હિંસા - અહિંસા અંગે કેટલા તીવ્ર મતભેદો ઊભા થયા હતા? પણ હું માનું છું કે જયાં નિષ્ઠા શુદ્ધ હોય છે અને જ્યાં અંગત સ્વાર્થની વાત નથી હોતી ત્યાં મતભેદો થવા છતાં વિરોધ નથી થતો એટલે ત્યાં સર્વાનુમતિ સાધી શકાય છે. તો આ પણ એક સાચા અને હિતાવહ રસ્તે જવાનો પ્રયોગ છે. અશકય માનીને એનો પુરુષાર્થ જ કરવાનું, આટલી સફળતા તો જ્યારે મળી જ છે, ત્યારે માંડીવાળવું બુદ્ધિગમ્ય ગણાશે કે? રસ્તો જો સાચો હોય તો કઠણ હોવા છતાં એને છોડી ન જ શકાય. અને છોડી દેવાય તો પછી સમાજના, દેશના અને વિશ્વના કલ્યાણનો કોઈએ વિચાર જ કરવાનો ન રહે.

સત્યાગ્રહ વિષે આપે લખ્યું છે કે "સત્યાગ્રહનો આશય કે પરિણામ કોઈ ઉપર દબાણ લાવવામાં આવે એવો સંભવ હોય તે સત્યાગ્રહ હિંસક હોવાનું જણાવીને વિનોબા તેને વર્જ્ય લેખે છે. આવા ઝીણા વિશ્લેષણનું પરિણામ સત્યાગ્રહને નામશેષ બનાવવામાં જ આવે એમ મને લાગે છે."

હું માનું છું કે સત્યાગ્રહ એ ગમે તેમ વેડફી દેવાનું હથિયાર નથી એમ ગાંધીજીએ ભારપૂર્વક કહેલું છે, વિનોબા પણ એમ જ માને છે. અને આજે સત્યાગ્રહનો જે દુરૂપયોગ થઈ રહ્યો છે એનાથી પણ કોઈ અજાણ નથી. વિનોબાની ઝીણવટભરી સાવધાની સત્યાગ્રહને નામશેષ બનાવી દે છે કે જે આજે ચાલતાં સત્યાગ્રહો તેને નામશેષ બનાવી દે છે? એ તો સ્પષ્ટ સમજાય તેવું લાગે છે.

ભાષાના પ્રશ્ન વખતે ખુદ વિનોબાએ પાંચ દિવસના ઉપવાસ દ્વારા સત્યાગ્રહ કર્યો છે. હાલના સર્વ સેવા સંઘના અધ્યક્ષ શ્રી જગન્નાથને પણ જમીનની બાબતે તામિલનાડમાં સત્યાગ્રહ કરેલો છે તેમ જ હમણાં જ મહારાષ્ટ્રના શ્રી વસંતરાવ નારગોલકર જમીનના પ્રશ્ને સરકાર સામે સત્યાગ્રહ કરીને ઉપવાસ સાથે ૭ દિવસ જેલમાં જઈ આવ્યા એની જાણકારી તો કદાચ આપને હશે જ.

આપે એ પણ લખ્યું છે કે "વિનોબાજી કહે છે કે આજે રાજકારણના દિવસો ખતમ થયા છે, ધર્મના દિવસો વિદાય પામ્યા છે એનો પણ આજની વાસ્તવિકતા સાથે મેળ બેસતો હોય એમ નથી લાગતું." વિનોબાએ આ પણ ઘણા વખત પહેલાં કહેલું છે, જ્યારે રાજકારણની હાલત આજના કરતાં ઘણી સારી હતી. આજે રાજકારણની જે હાલત છે એ જોતાં હવે તો કોઈ પણ એમ કહી શકે તેમ છે કે આ રાજકારણ ખુદ બચી શકે તેમ નથી કે દેશને બચાવી શકે તેમ નથી. કારણ એ છે કે એણે પહેલેથી રસ્તો જ, ગાંધીજીએ બતાવેલ, તેનાથી ઉલ્ટો લીધો છે. ધર્મને વિનોબા સાંપ્રદાયિકતાના અર્થમાં કહે છે. સાંપ્રદાયિકતા અહિતાવહ છે અને તે આ જમાનામાં ચાલી શકે નહીં એવું તો હું ધારું છું કે આપ પણ માનતા હશો જ.

પ્રત્યક્ષ કાર્ય કરતાં કદિ કદિ મૌન વધારે કાર્યક્ષમ હોવાની વિનોબાની વાત આપના ખ્યાલમાં આવતી નથી. પરંતુ મને લાગે છે મૌન અને પ્રાર્થનાનો પણ મહિમા આપણે ત્યાં ઘણો મનાયો છે. મૌનમાં એક જબરદસ્ત શકિત છે એવું હું માનું છું કે ઘણાઓએ સ્વીકાર્યું છે.

તો વિનોબાજીના આવા કેટલાંક ખ્યાલો વાસ્તવિકતા સાથે વિસંવાદી છે એવું અમને તો નથી લાગતું અને એ ખ્યાલોએ તેમને અનુસરનારાઓમાં બૌદ્ધિક વિભ્રમો ઊભા કર્યા હોય તે કે તેમની કાર્યશકિતને કુંઠિત કરી હોય એવો પણ અનુભવ મને તો નથી થયો. બલ્કે ઉલ્ટો જ અનુભવ મને તો થાય છે.

છેવટમાં હું તો એટલું સમજું છું કે, વિનોબા અને તેમના અનેક સાથીઓ જે કાર્ય કરી રહ્યા છે તે એક માત્ર સમાજ, દેશ અને દુનિયાની ભલાઈના શુભ હેતુથી, કોઈ પણ જાતના સ્વાર્થ વગર પોતાનું જીવન અર્પણ કરીને, કરી રહ્યા છે. આમ છતાં એમનું ખુલ્લું આવાહન પણ છે કે દેશની ભલાઈ માટે આ કરતાં વધારે કારગત માર્ગ મને કોઈ બતાવે તો હું તે સ્વીકારવા બિલ્કુલ તૈયાર છું. મારી રીતે જ થાય એવો મારો કોઈ આગ્રહ નથી. મને દેશની ભલાઈ જ જોઈએ છે, તો બીજો કોઈ માર્ગ જ્યાં સુધી આપણને કે બીજા કોઈને ન સૂઝતો હોય ત્યાં સુધી એમાં શ્રદ્ધા રાખીને, 'ખડે હો જાવ ઔર ચલ પડો' એ જ માર્ગ મને તો આપણે માટે હિતાવહ લાગે છે.

મણિભુવન,
ગામદેવી, મુંબઈ-૭.

લિ: આપનો કાન્તિલાલ વોરા

# ☆ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ: પરિચયપૂરવણી ☆

પદ્મભૂષણ શ્રેષ્ઠિવર્ય શ્રીમાન કસ્તુરભાઈ લાલભાઈએ પોતાના યશસ્વી જીવનનાં ૭૫ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે અખિલ ભારતીય જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ તરફથી તેમની દીર્ઘકાલીન અનેકવિધ સેવાઓ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાના હેતુથી અમદાવાદ ખાતે તા. ૧૦ મી મે, રવિવારના રોજ તેમનો બહુમાનસૂચક અમૃતોત્સવ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શેઠશ્રી બ્રિજમોહન બીરલા પ્રમુખસ્થાને બીરાજ્યા હતા અને ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્નારાયણ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા. આ અવસર ઉપર જૈનો તેમ જ જૈનેતરો ઘણી મોટી સંખ્યામાં ઉપસ્થિત થયા હતા.

શેઠ કસ્તુરભાઈના વ્યક્તિત્વની અસાધારણ પ્રતિભાનો અને કાર્યસિદ્ધિઓનો પ્રબુદ્ધ જીવનના વાચકોને પૂરો પરિચય થાય એ હેતુથી પ્રબુદ્ધ-જીવનના આગળના અને આ અંકમાં મળીને બે હફતા દ્વારા અંગત જાત માહિતી મેળવીને તૈયાર કરવામાં આવેલ શ્રી રતિલાલ દીપચંદ દેસાઈનો લેખ જે કુમારમાં પ્રગટ થઈ ચૂકયો છે તે આપવામાં આવ્યો છે. તેની પુરવણી તરીકે આ નોંધ લખું છું.

અમદાવાદમાં શેઠસાહેબોની એક લાંબી ઉજજવળ પરંપરા ચાલતી આવી છે: જેમ કે શાન્તિદાસ શેઠ, પ્રેમાભાઈ શેઠ, હેમાભાઈ શેઠ, મનસુખભાઈ શેઠ, લાલભાઈ શેઠ, જમનાદાસભાઈ શેઠ. તે પરંપરાના કદાચ છેલ્લા સૌથી વધારે તેજસ્વી પ્રતિનિધિ શેઠ કસ્તુરભાઈ છે. તેઓ લગભગ જન્મકાળથી જ 'શેઠસાહેબ'ના સંબોધનથી સંબોધાતા રહ્યા છે. તેમણે ઔદ્યોગિક ક્ષેત્રે ભારે નામના મેળવી છે એ સુવિદિત છે. જૈન સમાજમાં તેમનો સંબંધ મુખ્યત્વે કરીને જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ સાથે રહ્યો છે અને એ સંઘની તેમણે અનેકવિધ સેવાઓ કરી છે. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના તેઓ વર્ષોથી મુખ્ય વહીવટદાર પ્રતિનિધિ છે અને એ અધિકાર ઉપર રહીને તેમણે એ વહીવટને ખૂબ, ચોખ્ખો અને વ્યવસ્થિત બનાવ્યો છે. જૈનતીર્થોનું સમારકામ ભારે કુશળતાપૂર્વક કરાવ્યું છે અને આબુ તેમ જ રાણકપુર તીર્થની અદ્યતન રોણક તેમની દષ્ટિસંપન્નતાને આભારી છે.

સાંપ્રદાયિક વિચારના ક્ષેત્રે, તેમનું વલણ મોટા ભાગે સ્થિતિચુસ્તનું રહ્યું છે. દેવદ્રવ્યનો ઉપયોગ, બાલદીક્ષા, અનિયંત્રિતપણે અપાતી દીક્ષાઓ, તીર્થોનો પ્રશ્ન, જૈનએકતાનો પ્રશ્ન વગેરે અનેક બાબતમાં તેમનું માનસ રૂઢિગ્રસ્ત હોવાનું માલુમ પડયું છે. જૈન શ્વે. મૂ. સમાજમાં તેમનું સ્થાન વર્ષોથી એક અગ્રગણ્ય અજોડ નેતાનું રહ્યું છે અને તે નાતે તીર્થોની બાબતમાં જૈન શ્વે. મૂ. સમાજને કાનૂની લડત અને કોર્ટોના ચૂકાદાના પરિણામે મળેલા હક્કો અંગે પરસ્પર એકતા સધાય એ હેતુથી, જરા પણ છૂટછાટ સ્વીકારવાને તેમણે ભાગ્યે જ તૈયારી દાખવી છે. ભૂતકાળમાં અમદાવાદના જૈન મૂ. સંઘ દ્વારા કરવામાં આવેલ સંઘબહિષ્કારના કિસ્સાઓમાં તેમણે અગ્ર ભાગ ભજવ્યો છે અથવા તો તેમનું હાર્દિક સમર્થન રહ્યું છે.

આ બધામાંથી જુદી તરી આવતી તેમના જીવન દરમિયાન બે ઘટનાઓ બન્યાનું યાદ આવે છે. પહેલી ઘટના એ છે કે કેટલાક વર્ષ પહેલાં મુંબઈ જૈન યુવક સંઘના નિમંત્રણને માન આપીને શેઠસાહેબ સંઘના કાર્યાલયમાં પધારેલા અને તે પ્રસંગે તેમણે કરેલા વિવેચન દરમિયાન હરિજનો જૈન મંદિરમાં પ્રવેશ કરવા માગતા હોય તો તેમ કરવાની તેમને પૂરી છૂટ હોવી જોઈએ અને તેમાં કોઈએ કશી પણ અટકાયત કરવી ન જોઈએ એવી મતલબની તેમણે હિંમતભરી જાહેરાત કરેલી અને તે સામે મુંબઈ સમાચારમાં શ્રી. વિજય રામચંદ્રસૂરિએ લાંબા સમય સુધી ઝુંબેશ ચલાવેલી.

આવી જ બીજી ઘટના, તેમણે કેટલાક સમય પહેલાં જૈન શ્વે. સમાજનું અમદાવાદ ખાતે સંમેલન બોલાવેલું અને આજના જૈન શ્વે. મૂ. સાધુઓમાં પ્રવેશેલ શિથિલ આચારનો સડો દૂર કરવા માટે એક સંઘસમિતિ નીમવામાં આવેલી તેને લગતી છે. આ સંઘસમિતિએ કેટલોક સમય કામ કર્યું અને સાધુઓના શિથિલાચારના અનેક કિસ્સાઓ એકઠા કરેલા. આમ છતાં આ સમિતિ એક પણ સાધુ અંગે સક્રિય પગલું ભરી શકી નહિ અને થોડા સમય બાદ આ સંઘસમિતિ એમ જ વિસર્જિત કરવામાં આવેલી.

સમાજમાં એવી કેટલીક આગેવાન વ્યકિતઓ હોય છે કે જેની આસપાસ અનેક પ્રવૃત્તિઓ વીંટળાયલી હોય છે અને તે પ્રવૃત્તિઓથી અલગ રીતે તમે તેમનો વિચાર જ કરી શકતા નથી, આમ હોવાથી તે વ્યકિતઓ વ્યકિત રહેતી નથી પણ એક સંસ્થા બની જાય છે. આ રીતે શેઠ કસ્તુરભાઈ એક વ્યકિત નથી પણ એક સંસ્થા છે એ રીતે તેમને ઓળખાવવા વધારે ઉચિત લેખાશે.

તેમની સાથે મને વર્ષો જૂનો સંપર્ક છે, એમ છતાં આ સંપર્ક કોઈ ગાઢતાસૂચક છે એમ કોઈએ માનવાની જરૂર નથી. મૂળ તો મારા પિતાશ્રીનો એમનો પિતાશ્રી સાથે સંબંધ અને તેના અનુસંધાનમાં તેમની સાથે સંબંધ. શેઠ કસ્તુરભાઈનું વ્યકિતત્વ જ એવું છે કે બહુ ઓછી વ્યકિતઓ તેમની સાથે ગાઢ સંબંધ હોવાનો દાવો કરી શકે. તમે એમને મળો; તમારી સાથે વાતો કરે; એમ છતાં તમારાથી તેઓ સાવ નિરાળા છે એમ લાગે. કોઈ સામાન્ય માણસ તેમને મળવા જાય તો તે હિમગિરિના ઉત્તુંગ શિખર સામે ઊભો છે એવું અન્તર અને આત્માને અનુભવે. તેમની સાથે ખુલ્લા દિલથી વાત કરવાનું સદ્ભાગ્ય બહુ ઓછા લોકોને સાંપડયું હશે. તેમના વર્તાવમાં ઔપચારિક સૌજન્ય તો હોય જ, પણ ઉમળકાનો જવલ્લે જ અનુભવ થાય. ગૂઢતા તેમની પ્રકૃતિની વિશિષ્ટ ખાસિયત છે. તેમના દિલમાં શું ચાલે છે તે તમે ભાગ્યે જ કહી શકો. જરૂર કરતાં એક પણ શબ્દ વધારે વાપરે નહિ. તમારા કોઈ કાર્ય વિશે સ્તુતિ કે અનુમોદનનો ઉદ્ગાર તમને ભાગ્યે જ સાંભળવા મળે. જાણેકે તેમના એવા ઉદ્ગારનો તમે કાંઈ લાભ ઊઠાવી નહિ લ્યોને એવી ગ્રંથિ તેમને પીડતી હોય એમ આપણને લાગે. તેમને પત્ર લખો તો જવાબમાં ભાગ્યે જ બે વાકયથી ત્રીજું વાકય તમને સાંપડે. દિલના તેઓ ઉદાર હશે, પણ શબ્દોના તેઓ અતિ કરકસરીયા છે એ વિષે બે મત હોવા સંભવ નથી.

તેમનો વિશિષ્ટ ગુણ તેમની શીલસંપન્નતા છે. તેમનો વ્યવસાય–વહીવટ અસાધારણ ચોખ્ખો હોવાનું લેખાય છે. તેમને કોઈ પણ બાબત અંગે અનુકૂળ બનાવવા બહુ મુશ્કેલ, પણ એક વાર જો તેમણે અનુકૂળતા દાખવી તો તે બાબતમાં તમે તેમના ઉપર પૂરો વિશ્વાસ રાખી શકો. તેમના સમગ્ર વ્યકિતત્વનો વિચાર કરતાં તેઓ જો સાંપ્રદાયિક સંકીર્ણતાથી પર હોત તો જૈન સમાજને તેઓ વિચારના ક્ષેત્રમાં ખૂબ આગળ લઈ જઈ શકયા હોત, જૈન તીર્થોના પ્રશ્નોનો કયારનો ઉકેલ આવી શકયો હોત અને આજે જે સૌથી વધારે અપેક્ષિત છે તે જૈન સમાજની એકતા સાધવામાં તેમનો ઘણો મોટો ફાળો હોત.

જૈનસમાજના જાહેર જીવનમાં તેમનું અગ્રસ્થાન છે. મારું જીવન પણ જૈન સમાજના જાહેર જીવન સાથે વર્ષોથી જોડાયલું છે. કેટલીક બાબતોમાં તેમની સાથે સીધી યા આડકતરી રીતે મારે અથડાવાનું બન્યું છે. કેટલીક બાબતોમાં અમારા મતભેદો ચાલુ છે. આમ છતાં તેમના વ્યકિતત્વની મહત્તા વિષે હું પૂરો પ્રભાવિત છું અને તેથી તેમના ૭૫ વર્ષ પૂરાં થવાના પ્રસંગે જૈન તેમ જ જૈનતર સમાજ તેમનું બહુમાન કરી રહેલ છે અને તેમના સફળ જીવનકાર્ય વિષે કૃતજ્ઞતા દાખવી રહેલ છે ત્યારે, તે મહત્તાની યોગ્ય કદર કરવામાં હું મૌન ધારણ કરી શકું નહિ. આજે તેમને ૭૫ વર્ષ થયાં છે. એમ છતાં તેઓ પૂરી શારીરિક તેમ માનસિક તાકાત ધરાવે છે અને હજુ પણ તેમને હાથે અનેક સેવાઓની શકયતા છે. તેમની આ કાર્યક્ષમતા જળવાઈ રહે અને તેમનું અવશેષ જીવન સમાજશ્રેયની સાધનામાં વ્યતીત થાય એવી મારી શુભેચ્છા તેમ જ પ્રાર્થના છે.

**પરમાનંદ**

# ☆ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ ☆

(ગતાંકથી ચાલુ)

ઉદ્યોગો અને વ્યવહારુ અર્થશાસ્ત્રની નિપુણતાને લીધે બીજી મિલો, વીમા કંપનીઓ, બેન્કો, વીજળી આદિ સંખ્યાબંધ કંપનીઓના ડીરેક્ટર તરીકે એમની વરણી કરવા ઉપરાંત એમને રાષ્ટ્રીય કામોની પણ જવાબદારી સોંપાતી ગઈ, અને તેઓ એ કામોને ખંત, નિષ્ઠા અને અભ્યાસશીલતાથી સાંગોપાંગ પૂરી કરતા રહ્યા. પરિણામે રાષ્ટ્રની એક વિશિષ્ટ વ્યકિત તરીકેની એમની ખ્યાતિ ક્રમે ક્રમે વધતી ગઈ. એમના કુટુંબની નામના એક રાજમાન્ય અને પ્રજામાન્ય ખાનદાન તરીકે તો હતી જ; એમાં નાની ઉંમરે જ મોટી જવાબદારીવાળો વહીવટ સંભાળવાનું માથે આવ્યું અને સાથેસાથે મોટા નામાંકિત આગેવાનોનો પરિચય થતો ગયો. આમ, એક જવાબદાર જાહેર કાર્યકર તરીકે અને દુઃખી, ગરીબ તથા લોકોની મુસીબતોના સાથી મહાજન તરીકે એમનો વિકાસ થતો ગયો.

ઈ. સ. ૧૯૧૮માં ગુજરાતમાં દુષ્કાળ પડયો. ગાંધીજીની પ્રેરણાથી સરદાર વલ્લભભાઈ પટેલ વગેરેએ રાહતકાર્ય શરૂ કર્યું. કસ્તુરભાઈ એના મંત્રી બન્યા. શેઠ અંબાલાલ સારાભાઈ અને શ્રી કસ્તુરભાઈએ ત્યારે ઘેરઘેર ફરીને પોણા ત્રણ લાખ રૂપિયા જેવું માતબર ફંડ ભેગું કર્યું. આ પ્રસંગથી ગાંધીજી અને સરદારને કસ્તુરભાઈની કાર્યશકિત અને પ્રામાણિકતાનો ખ્યાલ આવ્યો અને સરદાર સાથે તો એમને મિત્રતા થઈ ગઈ.

રાષ્ટ્રીય જવાબદારીનો પહેલો પ્રસંગ એમને ૩૦ વર્ષની ઉંમરે આવ્યો. સરદારશ્રીએ આગ્રહ કરીને એમને ઈ. સ. ૧૯૨૩ થી'-૨૬ નેં માટે, મિલોના પ્રતિનિધિ તરીકે દિલ્હીની વડી ધારાસભામાં મોકલ્યા, જ્યાં નવાં નવાં કામો કરવાની અને રાજદ્વારી અગ્રણીઓના સંપર્કમાં આવવાની એમને તક મળી. અહીં એમણે સૌથી મોટું કામ મોતીલાલ નેહરુની સહાયથી કાપડ ઉપરનો ૩ા ટકાનો કર માફ કરાવવાનું કર્યું.

એવો જ બીજો અનુભવ ઈ. સ. ૧૯૨૭માં ગુજરાતના ભયંકર રેલસંકટ સમયે થયો. તારાજ થઈ ગએલાં ગામડાંને ઊભા કરવાનું કામ બહુ જ મોટું ને મુશ્કેલ હતું સરદારશ્રીનાં તો એ વખતે ઊંઘ-આરામ હરામ બની ગયા હતાં. ફરી અંબાલાલ શેઠ તથા શ્રી કસ્તુરભાઈએ શ્રી મંગળદાસ શેઠની સૂચના મુજબ અમુક રકમ મદદ તરીકે અને અમુક રકમ વગર વ્યાજે ધીરાણ તરીકે ઉઘરાવીને કામ શરૂ કર્યું. આથી જરૂરી નાણાં મળી ગયાં, લોકોને સમયસર રાહત મળી ગઈ અને બંદોબસ્ત એવો સારો કર્યો કે છેવટે નાણાં ધીરનારાઓને પણ એમનાં નાણાં પાછાં મળી ગયાં.

ઈ. સ. ૧૯૨૮માં શ્રી કસ્તુરભાઈ કુટુંબ સાથે વિલાયત ગયા હતા ત્યાં એમને ભારત સરકાર તરફથી તાર મળ્યો કે ૧૯૨૯ના મે મહિનામાં જીનીવામાં મળનારી ઈન્ટરનૅશનલ લેબર કોન્ફરન્સમાં ભારતના પ્રતિનિધિમંડળના મોવડી તરીકે તમારે જવાનું છે. તેઓ કહે છે કે મેં એક નિયમ કર્યો છે કે ખુરશી માટે કયારે ય પ્રયત્ન ન કરવો, પણ ખુરશી સામે ચાલીને આવતી હોય તો એની જવાબદારીનો ઈનકાર પણ ન કરવો. આ શરૂઆત પછી તેમણે એવી અનેક સરકારી અને જાહેર જવાબદારીઓ કુનેહ અને કૌશલપૂર્વક અદા કરીને દેશનું ગૌરવ વધાર્યું છે. તેઓ ઈ. સ. ૧૯૩૭ થી ૪૯ તથા ૧૯૫૭ થી-૬૦ સુધી રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ડિરેક્ટર હતા. વળી હિંદુસ્તાનના સુતરાઉ કાપડના ઉદ્યોગની તપાસ માટે નિમાએલા ટેક્સ્ટાઈલ ટેરિફ બોર્ડ સમક્ષ એમણે બે વાર ખૂબ માહિતીપૂર્ણ અને ઉપયોગી જુબાની આપી હતી. ૧૯૪૩માં ઈજિપ્શિયન રૂની એક લાખ ગાંસડીના સોદામાં જે ગૂંચ પડી હતી તેનો નિકાલ લાવવા હિંદ સરકારે મોકલેલા પ્રતિનિધિમંડળમાં એમણે નિર્ણાયક કામગીરી બજાવીને સમાધાન કરાવ્યું હતું. ૧૯૪૬માં કાપડ-ઉદ્યોગને લગતી યંત્રસામગ્રી તૈયાર કરી શકાય એવાં જંગી યંત્રો મેળવવાની વાટાઘાટો કરવા ભારત સરકારે લંડન મોકલેલા પ્રતિનિધિમંડળમાં પણ તે હતા અને એ વાટાઘાટો સફળ બનાવવામાં પણ એમનો ફાળો બહુ મહત્વનો હતો. ઈ. સ. ૧૯૪૮માં પૂર્વ આફ્રિકા અને સુદાનના રૂની ત્રણ લાખ ગાંસડીઓનો (અંદાજે વીસેક કરોડ રૂપિયાનો) સોદો અનેક આંટીઘૂંટીઓમાંથી ફકત એક-બે દિવસમાં જ પાર પાડવામાં શ્રી કસ્તૂરભાઈએ જે ગણતરી અને કુનેહથી કામ લીધું તે તો યાદગાર અને અભિનંદનીય બની રહે એવું છે. અને ૧૯૪૮માં કરાંચીની ખોટ પૂરે એવું બંદર હિંદમાં ઊભું કરવા માટે રચાયેલી કંડલા પોર્ટ ડેવેલપમેન્ટ કમિટીના ચેરમેન તરીકેની એમની કામગીરી એમની દીર્ધદૃષ્ટિની ઉજ્જવળ સાક્ષી પૂરે છે.

૧૯૪૮માં હિંદ સરકારે પોતાનાં જુદાં જુદાં ખાતાંઓની તપાસ કરીને કરકસરનાં પગલાં સૂચવવા નીમેલા કમિશનનું અધ્યક્ષપદ શ્રી કસ્તુરભાઈને આપ્યું હતું. કામ જંગી હતું અને સવા વર્ષ સુધી ખૂબ જહેમત લઈને તેઓએ અહેવાલ તૈયાર કરીને સરકારને સુપ્રત કર્યો. શેઠ દુઃખ સાથે કહે છે કે સરકારે અમારી ભલામણોનો ભાગ્યે જ અમલ કર્યો! તે પછી તેઓએ નક્કી કર્યું કે ભલામણોનો અમલ કરવાની ખાતરી ન હોય એવી કોઈ પણ તપાસ-કમિટીના અધ્યક્ષ કે સભ્ય ન બનવું.

ઈ. સ. ૧૯૫૧માં હૈદરાબાદ, મૈસૂર ને ત્રાવણકોરના ઉદ્યોગોના ધીરાણની મોટી રકમોની તપાસ અંગે શ્રી કસ્તુરભાઈની એક વ્યકિતની કમિટી રચવામાં આવી હતી, જેની ભલામણોનો સરકારે સ્વીકાર કર્યો હતો. એ જ સાલમાં ઔદ્યોગિક અને ખેતીવાડીને લગતું જે પ્રતિનિધિમંડળ રશિયા ગયું હતું એના મોવડી શ્રી કસ્તુરભાઈ હતા. ઈ. સ. ૧૯૫૧ થી તેઓ કાઉન્સિલ ઓફ ઈન્ડસ્ટ્રીઅલ રીસર્ચ બોર્ડના કાર્યવાહક મંડળના સભ્ય છે. મહાજનનું મુરબ્બીપણું, ઉદ્યોગપતિની ઝીણવટ અને સુકાનીની દીર્ધદષ્ટિ જાણે એમની બધી પ્રવૃત્તિઓના માર્ગને અજવાળતી રહે છે.

અમદાવાદમાં કાપડ-ઉદ્યોગના સંશોધન માટે સ્થપાયેલી 'અટીરા' (અમદાવાદ ટેક્સ્ટાઈલ ઈન્ડસ્ટ્રી રીસર્ચ અસોસિયેશન) સંસ્થા એ એમની જ આવી દીર્ધદૃષ્ટિ અને વિકાસ-પ્રેમની દ્યોતક છે. શ્રી વિક્રમ સારાભાઈના સાથમાં એમણે સહકારી ધોરણે ઊભી કરેલી આ પ્રગતિશીલ અને માતબર સંસ્થા ભારતભરમાં એ દિશામાં પહેલું પગલું હતું.

એક ઉદ્યોગપતિ મૂડીને વાપરી નાખવા કરતાં જેમ મૂડીનું રોકાણ કરવામાં વધારે માને એ જ રીતે શ્રી કસ્તુરભાઈ પોતાના દાનનો વિનિયોગ કરે છે અને એ માટે શિક્ષણનું ક્ષેત્ર ઉત્તમ ગણે છે. એમાં ધનનું 'ખર્ચ' નહિ પણ 'વાવેતર' થાય છે. શ્રી કસ્તુરભાઈએ પોતાની તથા પોતાના કુટુંબીજનોની વતી શિક્ષણક્ષેત્રમાં આશરે એક કરોડ રૂપિયાની આવી સખાવતનું વાવેતર કર્યું છે અને અત્યારે પણ એ પ્રવાહ ચાલુ છે. એ જ રીતે મોટાં મોટાં દાન મેળવવામાં પણ તેઓ ખૂબ જ કુશળ છે.

અમદાવાદ ઍજ્યુકેશન સોસાઅટીની સ્થાપનામાં શેઠશ્રી અમૃતલાલ હરગોવનદાસ અને સ્વ. ગણેશ વાસુદેવ માવળંકર સાથે એમણે જે જહેમત ઉઠાવી હતી તે અસાધારણ હતી. એને લીધે જ અમદાવાદ આજે આધુનિક વિદ્યાઓની વિવિધ શાખાઓનું કેન્દ્ર બની શક્યું છે. આમાં ઍજ્યુકેશન સોસાયટી મારફત અપાયેલી સહાય ઉપરાંત એમણે આપેલી સીધી સહાયનો હિસ્સો પણ મહત્ત્વનો છે.

પણ એ ચાલુ વિદ્યાશાખાઓ ઉપરાંત અમદાવાદના તેમજ ગુજરાતના ગૌરવ રૂપ, અને તેજસ્વી ધ્યેયલક્ષી વિદ્યાર્થીઓને માટે આશીર્વાદરૂપ ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑવ મૅનેજમેન્ટ, સ્કૂલ ઑવ આર્કિટેક્ચર જેવી વિશિષ્ટ શિક્ષણસંસ્થાઓ સ્થપાઈ એમાં તો શ્રી કસ્તૂરભાઈ શેઠની જ લાગવગ, લાગણી અને સૂઝનો મોટો ફાળો છે. અને વિદ્વાન મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી અને પોતાના જ કુટુંબની સખાવતથી સ્થાપેલું 'લાલભાઈ દલપતભાઈ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર' તો ભારતીય તેમ જ પ્રાચ્ય વિદ્યાઓના દેશ-વિદેશના અભ્યાસીઓ ને વિદ્વાનોને માટે એક વિદ્યાતીર્થ જ છે. શેઠશ્રી ધર્મ, સંસ્કૃતિ અને તત્ત્વવિદ્યાઓ પ્રત્યે કેવો આદર ધરાવે છે તેની એ જીવંત પ્રતીતિ છે. શિક્ષણ પ્રત્યેની આવી ભક્તિને કારણે જ તેઓ 'ઈન્ડિયન ઈન્સ્ટિટયૂટ ઑવ ટેક્નૉલૉજી' જેવી ભારતવ્યાપી સંસ્થાનું અધ્યક્ષપદ શોભાવે છે.

શ્રી કસ્તૂરભાઈ શેઠની જૈન સંઘની નેતાગીરીની વિગતો પણ એવી જ વિપુલ અને ગૌરવભરી છે. પણ એમાં પહેલી વાત એ છે કે તેઓ જૈન ધર્મના ઉપાસક ગૃહસ્થસંઘના સુકાની હોવા છતાં સાંપ્રદાયિક અભિનિવેષથી મુક્ત છે. વળી, એમની વિચારપદ્ધતિ અને કાર્યપદ્ધતિ ન સુધારાવાદી છે, ન રૂઢિચુસ્ત છે. જેનાથી વ્યક્તિની અને સંઘ-સમાજની ઉન્નતિ થાય એવા વિચારો અને કાર્યો તરફ જ એમની અભિરુચિ રહે છે.

ઈ. સ. ૧૯૧૨ સુધી જૈન તીર્થસ્થાનોનો વહીવટ સંભાળતી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ એમના પિતાશ્રી હતા. છેલ્લાં ૪૪ વર્ષથી એ જવાબદારી તેઓ ખૂબ શ્રદ્ધા અને કુનેહપૂર્વક સંભાળી રહ્યા છે. શત્રુંજયતીર્થનો યાત્રાકર દૂર થયો, કળાનાં ધામ સમાં પ્રાચીન તીર્થોના જીર્ણોદ્ધારો થયા અને કેટલાંક જૂનાં મંદિરો તથા તીર્થસ્થાનો સુરક્ષિત ને સુવ્યવસ્થિત બન્યાં તે એમની જ રાહબરીનાં સુફળ છે.

હરિજનોને મંદિરમાં આવતા ન રોકવા એ મતલબનો નિર્ણય, એ એમની ધર્મની સમજણ, સમયજ્ઞતા અને યોગ્ય પગલું ભરવાની હિંમતથી પ્રશસ્તિ બની રહે એવો છે. ધર્માદા ટ્રસ્ટ ઍક્ટને સૌથી પહેલાં એમણે જ આવકાર્યો હતો. જૈન સંઘની એકતા અને આચારશુદ્ધિની જાળવણી માટે સાત વર્ષ પહેલાં એમણે બોલાવેલું અખિલ ભારતીય શ્રમણોપાસક શ્રી સંઘ સમ્મેલન અને એ પછી સ્થાપવામાં આવેલી શ્રી સંઘ સમિતિ એ જૈન પરંપરાના ઈતિહાસમાં અનોખી ઘટના છે અને એ કેવળ એમના એકલાના જ ગજાની વાત છે.

અને બાંધકામ તથા જીર્ણોદ્ધાર તરફનો એમનો રસ! એને hobby—ફુરસદનો શૉખ—નહિ પણ જીવનનો રસ જ કહેવો જોઈએ. આ રસ એમનો એવો જીવંત છે કે એ માટે તેઓ આહ્‌લાદપૂર્વક પોતાનાં તન-મન-ધન અર્પણ કરે છે. ધંધુકામાં તૈયાર થએલું 'શ્રી હેમચંદ્રાચાર્ય જ્ઞાનમંદિર' આનું એક ઉદાહરણ છે. રાણકપુર, આબુ, કુંભારિયા, તારંગા અને શત્રુંજય તીર્થના જીર્ણોદ્ધારો જોઈને તો અંતર એના માર્ગદર્શક પ્રત્યેના અહોભાવથી ઉભરાઈ જાય. આ વિષયની એમની સૂઝ ને રસવૃત્તિ જોઈને તો એમ લાગે કે તેઓ પૂર્વના કોઈ મહાન સ્થપતિના સંસ્કારો ધરાવે છે. કિફાયત ભાવે સારું કામ કરાવવું એમાં તેઓ સિદ્ધહસ્ત છે.

એમનો સૌથી મોટો ગુણ ઓછામાં ઓછું બોલવામાં ને વધુમાં વધુ કામ કરવામાં છે. સાચા કામથી જે કંઈ મહત્તા મળવાની હોય તે ભલે મળે, એ માટે આડંબર રચવાની એમને ભારે નફરત છે. એમના હસ્તક બેએક કરોડ રૂપિયાનાં દાન થયા છતાં એમાં કીર્તિદાનને ભાગ્યે જ સ્થાન હશે.

કદી કોઈ વાતનો હઠાગ્રહ નહિ, અને 'કર ભલા, હોગા ભલા' એ સૂત્રાનુસાર કોઈનું પણ સારું કરવું, એ તેઓની બધી પ્રવૃત્તિઓનું મૂળ છે. તેઓને મળવું બહુ સહેલું છે; પણ કામ વગર કે તૈયારી વગર એમની સાથે વાત કરવા જાઓ તો ભોંઠા પડવા જેવું થાય. તેઓ વિચાર કરીને મત બાંધે છે, એટલે એને ફેરવવાનું બહુ મુશ્કેલ હોય છે; અને છતાં વાજબી વાતનો સ્વીકાર કરવા માટે તેઓ મનને ખુલ્લું રાખે છે.

ખાનપાન, ઊંઘ, આરામ અને કામકાજ બધી બાબતોમાં તેઓ ઘડિયાળના કાંટાની જેમ નિયમિત રહે છે. અને અવ્યવસ્થા તો એમને સ્પર્શતી પણ નથી. આ વયે પણ એમના ઉત્તમ શરીર-સ્વાસ્થ્ય અને મનની તાજગીનું મુખ્ય કારણ આ નિયમિતતા, વ્યાયામ અને માલિશ છે. કરકસરને તેઓ મોટો ગુણ માને છે, અને ખર્ચ લેખે લાગતું હોય તો મોટામાં મોટું ખર્ચ કરવામાં પણ ખમચાતા નથી.

શ્રીમંત હોવા છતાં સાદું અને શીલસંપન્ન એમનું જીવન છે, અને એ જ એમના વ્યક્તિત્વને ઉન્નત અને પ્રભાવશાળી બનાવે છે. તેઓએ પોતે જ કહ્યું છે કે: 'ચીવટથી કામ કરવાની ટેવ, પ્રામાણિકતા અને સંતોષથી જીવનઘડતર થાય છે. જીવનમાં સાદાઈ કેળવી, અંગત જરૂરતો ઘટાડી મહેનત કરીએ તો આગળ વધી શકાય.'

ગુજરાત અને ભારતના આ શ્રેષ્ઠ મહાજનના અમૃતમહોત્સવ પ્રસંગે આપણે એમનું અભિવાદન કરીએ.

## કસ્તુરભાઇની કલાપ્રીતિ

સતત ઉદ્યોગરત રહેતા શ્રી કસ્તૂરભાઈમાં પ્રગાઢ કલાપ્રીતિ અને ઊંચાં રસદષ્ટિ હોવાનો ખ્યાલ સહજમાં ન આવે. એમણે જ્યારે ઊંડી સૂઝબૂઝ અને ઝીણવટભરી દૃષ્ટિથી શત્રુંજય, આબુ, તારંગા, રાણપુર આદિનાં પ્રાચીન જૈન મંદિરોનો પૂર્વવત્ જીર્ણોદ્ધાર કરાવ્યો ત્યારે લોકોને એની જાણ થઈ. તેમાં યે શત્રુંજય પરનાં મંદિરોની ઉત્કૃષ્ટ કામગીરી પર ચઢાવેલા પ્લાસ્ટરના થથેડા અને ખૂણેખૂણા ભરીને અવિચારી રીતે ખડકેલાં નાનાં મંદિર-મૂર્તિઓ ને રૂઢિચુસ્ત ધર્માચાર્યોના વિરોધવંટોળ સામે પણ અડગ રહીને એમણે એ ઉખેડીને જે દૂર કરાવ્યાં અને એની સ્થાપત્યરચના અસલ રૂપમાં દીપી ઊઠી ત્યારે એમની શુદ્ધ કલાપ્રીતિની સાચી પ્રતીતિ થઈ. એ જીર્ણોદ્ધાર બાબતમાં સોમપુરા શિલ્પીઓને સલાહસૂચન આપતા કે પરદેશી મુસાફરોને ભારતની કલાલક્ષ્મીનો પરિચય આપતા આપણે એમને સાંભળીએ ત્યારે જ એમની રસદષ્ટિનો ખયાલ આવે.

આજે દેશખ્યાત થએલો એમનો કલાસંગ્રહ પણ ભારતની આધુનિક કલા-અસ્મિતાના ઉગમકાળે સંઘરાએલા કેટલાક બહુમૂલ્ય નમૂનાઓ ધરાવે છે. દેશનાં સાંસ્કૃતિક નવોત્થાનકાળે બંગાળના ટાગોર પરિવારે જ્યારે હૅવેલ અને કુમારસ્વામીના સંપર્કમાં ભારતની વિલીન થતી જતી કલાલક્ષ્મીના અવશેષો સંઘરવા માંડયા ત્યારે તેમાં આપણી પરદેશ ખેંચાતી જતી સમૃદ્ધિના કેટલાક ઉત્કૃષ્ટ નમૂના બચી ગયા. એ રીતે વધતો રહેલો એ સંગ્રહ પાછળનાં વર્ષોમાં આર્થિક મુશ્કેલીઓને કારણે વેચાવા નીકળ્યો ત્યારે શ્રી કસ્તુરભાઈના પરિવારમાંથી ટાગોર કુટુંબમાં પરણેલાં શ્રીમતીબહેનના અનુરોધથી એમણે એ ખરીદી લીધો. એમાં મુઘલ, રાજસ્થાની, પહાડી અને અન્ય શૈલીનાં લગભગ ૨૩૦૦ ચિત્રો ઉપરાંત ગગનેન્દ્રનાથ અને અવનીન્દ્રનાથ ટાગોર, નંદલાલ બોઝ, અસીતકુમાર હાલદાર, ક્ષિતીન્દ્રનાથ મઝુમદાર, સુરેન્દ્રનાથ ગાંગુલી આદિની સોએક કૃતિઓ છે. ભાવોની સુકુમારતા ને અભિનિવેષમાં અજોડ એવાં એ ચિત્રો ભારતીય કલાના નવોત્થાનકાળના બહુમૂલ્ય દસ્તાવેજ સમાં છે. આમ લગભગ અઢી હજાર ચિત્રો, સ્કેચો, વગેરે ઉપરાંત કાંસ્ય તથા પાષાણ મૂર્તિઓ, તિબેટના કાપડ પરના પટ, આદિ મળીને ૧૫૦થી ૨૦૦ બીજી કલાકૃતિઓ એ સંગ્રહમાં છે.

રતિલાલ દીપચંદ દેસાઈ

'કુમાર'માંથી સાભાર ઉધ્ધૃત સમાપ્ત

# ચિ. અનુરાધાના 'આરંગેત્રલ' પ્રસંગે કરવામાં આવેલ કાકાસાહેબ કાલેલકરનું પ્રવચન

(અમદાવાદનિવાસી મિત્ર શ્રી ચંદ્રવદન લશ્કરી તરફથી અમુક પ્રસંગ ઉપર કાકાસાહેબે આપેલાં પ્રવચનોની નક્લ મળી. આ પ્રસંગ વિષે તેમને પૂછાવતાં તેમણે જણાવ્યું કે "ચિ. અનુરાધા નામની મારે એક ૧૬ વર્ષની પુત્રી છે અને સાયન્સના પહેલા વર્ષમાં ભણે છે. આ અનુરાધાએ સાત વર્ષ સુધી શ્રીમતી મૃણાલિની બહેનની 'દર્પણ' નામની - નૃત્યનું શિક્ષણ આપતી - સંસ્થામાં ભારત-નાટ્યમ્‌નો અભ્યાસ કર્યો, તે અભ્યાસની પૂર્ણાહૂતિના અનુ-સંધાનમાં યોજવામાં આવેલ 'આરંગેત્રલ' એટલે કે પોતે શિખેલ નૃત્યકળાનું જાહેરમાં સૌપ્રથમ પ્રદર્શન કરવાને લગતો સમારંભ ગયા જાન્યુઆરી માસની ત્રીજી તારીખે યોજવામાં આવેલ. આ પ્રસંગે પૂજ્ય કાકાસાહેબ, પૂજ્ય રવિશંકર મહારાજ ઉપસ્થિત થયા હતા અને ચિ. બહેન અનુરાધાને તેમણે આશીર્વાદ આપ્યા હતા. અને કાકાસાહેબે આ પ્રસંગે કરેલા ત્રણ પ્રવચનોની નક્લ તમારી જાણ માટે મોકલી છે." તેમાંનો મહત્વનો વિભાગ નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**)

## જીવનમાં કળાની પડતી અને ચઢતી

મારે માટે આજનો દિવસ અનેરો છે. ઉંમરે ઘણા લોકોનો મુરબ્બી છું. એટલે આશીર્વાદ આપવાનું કામ હૃદયથી કરતો આવ્યો છું. એ મારે માટે નવું નથી. પણ કોઈ પણ મને પૂછી શકે કે નૃત્ય અને નાટ્યક્લા સાથે તમારે શું લાગેવળગે? એ કળાનો હું વિશેષજ્ઞ નથી જ. જાણકાર હોવાનો પણ દાવો ન કરી શકું. પણ જે માણસે દેશાભિમાનથી કહો, કે આધ્યાત્મિક દષ્ટિથી કહો, ભારતીય સંસ્કૃતિની ભકિત કરી છે એને માટે સાહિત્ય, સંગીત, ચિત્રકળા, નૃત્યકળા, આપણા તહેવારો અને રીતરિવાજો સાથે ઊંડો સંબંધ હોવાનો જ. મેં સ્વરાજ્ય માટે જીવન અર્પણ કર્યું. એ સેવામાં આડે આવે એવા ઘણા રસો મેં જતા કર્યા. પણ મારી સ્વરાજ્યની ક્લ્પના કેવળ રાજદ્વારી ન હતી. અંગ્રેજોનું રાજ્ય અહીંથી હટાવવું એ મુખ્ય ઉદ્દેશ ખરો. હું હંમેશાં કહેતો કે અમારા દેશમાંથી વિદેશી-ઓનું રાજ્ય દૂર કરીએ પછી ઘરના માલિક તરીકે અહીં અમે સ્વર્ગ ઉત્પન્ન કરીએ કે નરક, એ અમારી મુન્સફીની વાત, કે સ્વભા-વની બલિહારી. પણ ઘરના માલિક બનીએ તો જ ધર્મની, સંસ્કૃતિની અને રાષ્ટ્રીયતાની સેવા કરી શકીશુ. તે વખતે પણ કહેતો, સ્વરાજ્ય નથી તેથી જ રાષ્ટ્રીયતાની વાત કરીએ છીએ. આ બહુધર્મી દેશમાં રાષ્ટ્રીયતા એ જ અમારી એકતાનું મોટું સાધન છે તેથી જ, રાષ્ટ્રીયતાનો આટલો અમારો આગ્રહ છે. નહિ તો ભારતની સંસ્કૃતિ, રાષ્ટ્રીયતાના સંકુચિત આદર્શને કોઈ કાળે વળગીને રહી નથી. ભારતીય સંસ્કૃતિ સમસ્ત માનવતાને એકરૂપ માનતી આવી છે, એટલું જ નહિ પણ પ્રાણીસૃષ્ટિ સાથે પણ એકતા અનુભવવાના એના કોડ છે.

હવે સંસ્કૃતિનાં જે જે તત્વો માનવતાને પોષક અને વર્ધક હોય તે બધાને અપનાવવાં એ અમારો પરાપૂર્વથી ચાલતો આવેલો આદર્શ છે.

ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી અને એમાં બ્રહ્મચર્યનો આગ્રહ, સ્વાદ—સંયમનો આગ્રહ, શ્રમજીવનનો આગ્રહ, આ બધુ જોઈને લોકોએ માની લીધું હતું કે સ્વરાજ્યને વરેલા વૈરાગીઓનો આ એક અડ્ડો છે.

અમે જ્યારે દરબાર ગોપાળદાસને સૌરાષ્ટ્રમાંથી બોલાવી એમના દાંડિયારાસનો ઉત્સવ આશ્રમમાં મનાવ્યો ત્યારે ગુજરાતની પ્રજાને ભારે આશ્ચર્ય થયું હતું. અમે તો આશ્રમમાં આપણી સંસ્કૃતિના બધા તહેવારો ઉજવીએ, પછી તે હિંદુઓના હોય કે મુસલમાનોના, પારસીઓના હોય કે ઈસાઈઓના.

આશ્રમ દ્વારા અને વિદ્યાપીઠ દ્વારા પણ અમે ભારતીય સંગીત, ચિત્રકળા, નાટયકળા, લોકનૃત્ય અને સ્વદેશી રાચરચીલાનો પુર-સ્કાર શરૂ કર્યો. એની અસર આખા ગુજરાત પર થઈ. અમારા આપાસાહેબ પટવર્ધન વિદ્યાર્થીઓને લઈને દાંડિયા રાસ રમે. છોક-રીઓ ગરબાઓ ગાય અને નાચે, ત્યારે પ્રથમ પ્રથમ લોકોને આશ્ચર્ય થતું. પાછળથી એ જ લોકો કહેવા લાગ્યા કે આશ્રમ એ સંગીત અને સંસ્કૃતિના પુનરુજ્જીવનનું એક સમર્થ કેન્દ્ર છે. આશ્રમની સાદગી, આશ્રમનો સંયમ, પવિત્રતાનો આગ્રહ અને આધ્યાત્મિકતાની ઉપાસના એવા વાતાવરણમાં સ્વતંત્રપણે બધી શુભ કળાઓ ખીલવા લાગી, અને એની અસર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ ઉપર જ્યાં ત્યાં દેખાવા લાગી.

એ જ ગાંધીજીની આશ્રમની પ્રવૃત્તિનો હું પ્રતિનિધિ છું. એટલે ભાઈ ચંદ્રવદન લશ્કરીનું આમંત્રણ સ્વીકારતા મને જરાયે સંકોચ ન થયો. પણ મેં માન્યું ન હતું કે ચિ. અનુરાધાને આશીર્વાદ આપવા ઉપરાંત મને અહીં વિશેષ બોલવાનું હશે, અને તે પણ જ્યાં નૃત્યકળાની સ્વામિની અને દક્ષિણ અને ઉત્તરનો સમન્વય સાધતી સંસ્કૃતિ - સ્વામિની મૃણાલિનીબેન પ્રેરણામૂર્તિ છે ત્યાં મારા જેવાયે બોલવાનું શું હોય?

પણ હું જાણું છું કે કળાધરો અને તદ્‌વિદો જ્યારે પોતાની વિદ્યાની અને કળાની વિગતવાર ચર્ચા કરી કરીને થાકી જાય છે ત્યારે મારા જેવા સામાન્ય માણસના વિચારો, ભલે છીછરા હોય, સાંભળવાની ઈચ્છા સેવે જ છે, અને હું પણ માનું છું કે સર્વ-બાજુથી વિચાર કરનારા સામાન્યજનો પાસેથી કોકવાર નવી દષ્ટિ પણ રજૂ થઈ શકે છે.

નૃત્યકળાનો મારો પરિચય છેક નાનપણથી છે. અમે બેલગામ શાહપુર તરફના રહીશો. ગોમાંતક ભૂમિ, ગોવાના પડોશી એ ભૂમિમાં સંગીત, નૃત્ય અને નાટયની ઉપાસના પરાપૂર્વથી ચાલતી આવેલી. હું જ્યારે પરણ્યો ત્યારે વેદમંત્ર બોલનાર પુરોહિતની જેટલી આવશ્યકતા હતી તેટલી જ નૃત્યકળાઓનો અભિનય બતાવનાર ક્લાવંતીઓની હાજરી પણ આવશ્યક મનાઈ હતી, અને અમારા એ ચિરસુવાસિની ક્લાવંતીઓના આશીર્વાદ પણ અમને લેવા પડયા હતા. ગોવાની નૃત્યકળામાં શાસ્રોકત નૃત્ય ઉપરાંત 'કારવા નાચ' કરીને નૃત્યકળાનો એક વિભાગ હતો. એમાં અભિનયના હાવભાવની એટલી બધી કદર હતી કે સર્વોચ્ચ શાસ્રીય નૃત્ય સાથે નાટયનો પણ પૂરેપૂરો એમાં પુરસ્કાર દેખાતો હતો.

આગળ જતા અમે નવા ભણેલાઓએ જોયું કે ક્લાવંતી એ શબ્દ વેશ્યાઓ માટે પણ વપરાય છે. નૃત્યકળાનું પ્રદર્શન કરનાર એ બહેનોની કળાની કદર ગમે તેટલી થતી હોય, શિષ્ટ સમાજમાં એમને જરાયે સ્થાન નથી એટલે અમે સુધારાવાળાઓએ નાચની આખી પ્રથાનો જબરદસ્ત વિરોધ શરૂ કર્યો, એમાં પણ મારો ભાગ ઓછો ન હતો. બટુકને જનોઈ આપતી વખતે નાચ, લગ્ન વખતે નાચ, દરેક શુભ ધાર્મિક પ્રસંગે નાચ, એ પ્રથા તોડી પાડતાં, જૂની પેઢીના લોકો સાથે ખૂબ ઝગડો કરવો પડયો હતો.

તે તો ઠીક પણ અમારા દરેક મંદિર સાથે સંગીત દ્વારા મંદિરની સેવા કરનારી સેવક-બહેનો પણ હતી, એમને દેવદાસી કહેતાં. બપોરે પૂજા વખતે એ બહેનો મંદિરનાં પગથિયાંની પગચંપી કરે! અને રાત્રે કીર્તન સાથે એમનું સંગીત અને નૃત્ય પણ ચાલે. મંદિર તરફથી એમને વર્ષાસન મળે. એટલે એમનો ધંધો પેઢી દર પેઢીએ (વંશપરંપરાથી). બીજી બાજુ, દેવદાસીઓને આશ્રય આપનારા લોકોની સામાજિક પ્રતિષ્ઠા કાંઈક ઓછી થતી. છતાં મંદિરોમાંથી દેવદાસીઓને હઠાવવામાં અમે હજીયે પૂરતા સફળ થયા નથી.

પ્રથમ પ્રથમ અમારા 'સુધારાના જોશે' સંગીત અને નૃત્યકળાનો જ વિરોધ ક્યોં હતો. આગળ જતાં સંગીતનું અને નૃત્યકળાનું આધ્યાત્મ ધ્યાનમાં આવતા "એ બંને કળાઓને બચાવવાનો" નવો

સુધારો અમે લોકોએ ચલાવ્યો. એમાં અમે ઠીક ઠીક ફાવ્યા. આજે સારા ઘરની છોકરીઓ સંગીત અને નૃત્યમાં ઠીક ઠીક પ્રવીણ થતી જાય છે. અને એક દિવસ જરૂર આવશે જ્યારે આસામની પેઠે અમારે ત્યાં પણ કહી શકાશે કે જે છોકરીને સિતાર વગાડતા આવડતું નથી, સંગીત અને નૃત્યનો પરિચય નથી એને પરણવાની મુશ્કેલી રહેવાની જ.

આ થઈ ગોવા અને મહારાષ્ટ્ર તરફથી વાત. દક્ષિણના બધાં જ મંદિરોમાં દેવદાસીની પ્રથા ચાલુ છે. પણ ત્યાં સંગીત અને નૃત્યકળા હીનકળા છે એમ માનવા સુધી ત્યાંના લોકો આંધળા થયા નથી.

ભારતીય સંસ્કૃતિમાં વિવિધકળાઓનું સ્થાન કેટલું ઊંચું છે એનો સુંદર ખ્યાલ અમને સૌથી પહેલવહેલો આપ્યો સિલોનના આનંદકુમારસ્વામીએ, અને સ્વામી વિવેકાનંદની બ્રિટિશ કે આયરીશ શિષ્યા ભગિની નિવેદિતાએ. (એમની સાથે કલકત્તાના આર્ટસ સ્કૂલના પ્રિન્સિપાલ એ. બી. હેવેલ પણ ખરા).

પછી તો ભારતીય ચિત્રકળા, સંગીત અને નૃત્યકળા પાછળનું અધ્યાત્મ અમે સમજતા થયા. એમની સાથે જાપાની કળાનું રહસ્ય સમજતા અમને વાર લાગી. જોતજોતામાં કવિવર શ્રી રવીન્દ્રનાથ અને યોગીરાજ અરવિંદ ઘોષનો જમાનો બેઠો. એની અસર આજે આપણે અહીં દર્પણમાં, આખા ગુજરાતમાં, અને આ-સેતુ-હિમાલય ભારતમાં જોઈએ છીએ. એનું જ અભિનંદન કરવા આજે આપણે ભેગા થયા છીએ.

કુમારસ્વામી અને હેવેલની પ્રાથમિક અસર સાથે અમે પશ્ચિમની અધ્યાત્મ-વિહોણી કળાનો વિરોધ કરવા લાગ્યા. ઘણો વિરોધ મોટે ભાગે આંધળો જ હોય છે. એટલે એનું જોર ઓસરી ગયા પછી માણસમાં સૌમ્યતા આવી જાય છે. દરેક કળામાં જે શુભ-તત્વો હોય છે તેની કદર કર્યા વગર રહેવાતું નથી અને પછી તો સ્વદેશી અને વિદેશીનો ભેદ ઓછો થઈ, કળા અને વિકળાના મૌલિક ભેદ તરફ જ ધ્યાન કેન્દ્રિત થાય છે. સૌન્દર્યોપાસના નોખી અને ઈન્દ્રિયોને છૂટો દોર આપતી વિકરી વિલાસિતા નોખી. એ વસ્તુ સમજવા અને સમજાવવા આપણે પ્રેરાઈએ છીએ.

આમ પ્રવૃત્ત થતા પ્રથમ પ્રથમ વિદેશીનું છીછરું અનુકરણ કરતા આપણે શરમાઈએ છીએ. ત્યાર પછી કળાનું રહસ્ય સમજ્યા વગર કળાને નામે વિલાસિતાના સસ્તા પ્રયોગોથી આપણે અકળાઈએ છીએ, અને પછી આપણે સ્વીકારીએ છીએ કે નવા પ્રયોગો કરવાનો અધિકાર ત્યારે જ આપણને મળે જ્યારે જૂની કળાના શિષ્ટમાન્ય (Classical) પ્રકારો આગળ આપણે નમ્ર થઈ એમનો આદરયુકત પરિચય કેળવીએ. અહીં દર્પણમાં જૂની, શિષ્ટમાન્ય આચાર્યોપ્રણીત નૃત્યકળાનો વિગતવાર પૂર્ણ પરિચય કેળવવાનો જે આગ્રહ છે તે આ જ કારણે મહત્વનો છે. જૂનાનું રહસ્ય જે જાણે, જૂની કળા પ્રત્યે શિષ્યભાવે આદરબુદ્ધિ જેણે કેળવી છે એને જ એ કળાનો આત્મા યથાકાળે નવા યુગના નવા પ્રયોગો કરવાની પ્રેરણા આપે છે. આપણા ધર્મો, આપણું અધ્યાત્મ, આપણી સંસ્કૃતિ અને આપણી કળાઓનું ઊંડું રહસ્ય ઓળખ્યા પછી જ નવસર્જનનો અધિકાર આપણને પ્રાપ્ત થાય છે. આ વાતને પૂર્ણપણે સ્વીકાર્યા પછી જ હું કહીશ કે જૂનું સાચવવાનો, જાળવવાનો, નભાવવાનો, ટકાવવાનો જમાનો હવે પૂરો થયો છે. ગાંધીજીની સ્વરાજ્ય સાધના પછી જે નવા યુગનું આપણે સ્વાગત કરવાના છીએ તે યુગ નવસર્જનનો છે. એટલે જ તો આપણા ક્રાંતદર્શી કવિએ ગાયું હતું -

તે રંગ થકી પણ અધિક સરસ રંગ
થશે સત્વરે માત!

આમાં 'સત્વરે' શબ્દ ઉપર હું ખાસ ભાર મૂકવા માગું છું.

ઉજાન્યુઆરી' ૭૦, અમદાવાદ, કાકાસાહેબ કાલેલકર

## જૂનાના આદર અને આધાર પર નવનિર્મિતી

જીવન અને સંસ્કારિતા ખીલવવાના અસંખ્ય સાધનો છે. એ ખીલેલી સંસ્કૃતિ વ્યક્ત કરવાના, સાચવી રાખવાના અને આવતી પેઢીને દીક્ષા આપવાનાં મુખ્ય સાધનો ત્રણ; સાહિત્ય, સંગીત અને વિવિધ કળાઓ. ત્રણેની પોતપોતાની લિપિ હોય છે. સાહિત્ય અક્ષર લિપિનો આશ્રય લે છે, સંગીત સપ્તસ્વર અને બાવીસ શ્રુતિઓની મદદ લે છે, જ્યારે સર્વશ્રેષ્ઠ નૃત્યકળા આખા શરીરના તમામ અંગ-પ્રત્યંગોનો ઉપયોગ કરી જીવનમાં પ્રગટ થતા બધા ભાવો અને રસો વ્યક્ત કરે છે. તેથી જ બધી કળાઓમાં 'સર્વાંગીણ નૃત્યકળા' સર્વશ્રેષ્ઠ ગણેલી છે.

આપણે નાટયકળાનો ઉગમ ભરતાચાર્યથી ગણીએ છીએ. પણ નાટયકળા તો એથીયે જૂની. વેદથીયે પૂર્વેની એ કળા છે. ભરતાચાર્યે, પોતાના જમાના સુધીના પૂર્વજોએ આ કળામાં જે વિકાસ કર્યો હતો, તેનો સંગ્રહ કર્યો. એની બધી વિગતોના લક્ષણો બાંધ્યા, અને એ પ્રાચીન દૈવીકળાને સ્થિર રૂપ આપ્યું. ત્યાર પછી અનેક નાટયાચાર્યો થયા, સંગીતાચાર્યો થયા એમણે ભરતમુનિ પાસેથી પ્રેરણા મેળવી, ખૂબ પ્રગતિ કરી. આ થઈ આપણી રૃષિપરંપરા.

પણ લોકજીવન રૃષિઓની દીક્ષાની રાહ જોવા બેસી રહેતું નથી. રૃષિઓના શિષ્યો અત્યંત ગુરુભકિતથી માની બેસે છે કે સર્વજ્ઞ ગુરુની વિદ્યાને હવે વિકાસનો અવકાશ હોઈ જ ન શકે. રૃષિમુનિઓનું અનુકરણ કરવું અને એમના આશીર્વાદ મેળવવા એટલું જ આપણું કામ. આવી અતિભકિતથી શિષ્યો પોતપોતાનું 'અચલાયતન' છાપે છે. એ આખો વ્યાપાર જોતજોતામાં 'ઘડપણની ઉપાસના'નું રૂપ લે છે. એ વસ્તુ કવિવર રવીન્દ્રનાથે પોતાના 'અચલાયતન' નાટકમાં સુંદર રીતે સમજાવી છે.

હું તો માનું છું કે ઉન્નતિનો પ્રાસાદ રાજમહેલ ઘણીવાર જૂની ઈમારત ઉપર નવા નવા મજલા ઊભા કરવામાં જ ડહાપણ છે. જૂનું ખોયેલું પૂર્ણપણે અપનાવ્યાં પછી જ, એ જૂનામાં પરિવર્તન કરવાનો અધિકાર આપણને મળે છે. જૂનાનું રહસ્ય ઓળખી, પૂર્ણપણે અપનાવ્યા પછી જ, એ યોગ્યતાને જોરે, નવસર્જનની હામ ભીડવી જોઈએ.

ભારતની કળા અને પશ્ચિમની કળા વચ્ચે સરખામણી કરાય છે. ખરું જોતાં ભારત સાથે ચીન, જાપાન વગેરે એશિયાઈ દેશોની કળાનું ઊંડું અધ્યયન થવું જોઈએ. એની સાથે ઈરાન, તુર્કસ્તાન અને ઈજિપ્ત જેવા ઈસ્લામી દેશોની કળામાં પણ પારંગત થવાની આવશ્યકતા છે. આમ અત્યાર સુધીની અલગ અલગ સંસ્કૃતિની કળાને પી ગયા પછી એની મેળે આજના યુગને અનુરૂપ એવી જાગતિક કળાની સ્ફુરણા થવાની નવનિર્મિતી જૂની મૂડી વગર થઈ શકતી જ નથી, એ જેટલું સાચું છે તેટલું જ જૂની મૂડી કેવળ સાચવી રાખવાથી જીવન કૃતાર્થ થતું નથી, એ પણ સાચું છે. જીવનનો અર્થ જ નવસર્જન છે. એ સમજી આપણે આપણા યુગને વફાદાર રહીએ તો જ કાળ ભગવાનના તાજામાં તાજા આશીર્વાદ આપણને મળવાના.

જાન્યુઆરી '૭૦, અમદાવાદ, કાકાસાહેબ કાલેલકર

## એક પ્રકારની આચારજડતા

(થોડા દિવસ પહેલા ભાઈ ધર્મેન્દ્ર શાહ તરફથી મળેલો નીચેનો પત્ર આજની સાધુસંસ્થાના વિકાસને રૂંધતી આચારજડતાનો ખ્યાલ આપતી એક ઘટના રજૂ કરે છે. પરમાનંદ)

**મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,**

'પ્રબુદ્ધ જીવન' હું રસપૂર્વક વાંચું છું. એના વિષયો અને શૈલી પર હું સાચે જ મુગ્ધ છું. દહાડે દહાડે મારી ફાઈલ દળદાર થતી જાય છે તો પણ આવાં સુંદર લખાણો પસ્તીમાં કાઢી નાંખવાનું

મન થતું નથી. કદિક કદિક પ્રગટ થતા અંગ્રેજીના અનુવાદો ખૂબ જ સુંદર અને વાચનભોગ્ય હોય છે. પ્રત્યેક અંકમાં શબ્દે શબ્દ તોળાઈ તોળાઈને મૂકાતો હોય એવું સતત લાગે છે. તમારી મહેનત અને દેખરેખની આ રીતે પ્રતીતિ થાય છે. મારા જેવા સાહિત્યભૂખ્યાંને તમે પરોક્ષ રીતે તૃપ્ત કરો છો તે બદલ આપનો અનુગ્રહી છું. વારુ.

એક સમસ્યા આપની સમક્ષ નમ્રતાપ્રર્વક રજૂ કરું છું. કોઈ સમાધાન ખોળી આપવા આપને અરજ કરું છું. ફકત એટલું જાણવાની તીવ્ર ઈચ્છા છે કે સંબંધિત વિમાસણની પછવાડે મારો મતિભ્રમ તો નહોતોને?

બન્યું એવું કે વર્ષો ઉપર કલકત્તાના વસવાટ દરમિયાન હું એક સાધુ મહારાજના નિકટના સાન્નિધ્યમાં આવ્યો. નાની વયે બંધાયેલી આસ્થા અને ધર્મના સંસ્કારો મને અવારનવાર સત્સંગ ભણી પ્રેરતા. સાધુમહાત્માઓ પાસેથી કંઈક જાણવા - પામવાની ઉત્કંઠા હું સેવ્યા કરતો. એક દહાડે સાધુમહારાજને ગૌચરી વહોરવા મારે ત્યાં લઈ જતો હતો. એમની ઋજુ વાણીથી હું ઘણો જ પ્રભાવિત થયો હતો. મને એમના પર અંશત: આસક્તિ થયા જેવું લાગતું હતું. વાટે જતાં જતાં જેકસન લેનના છેવાડે અમે પહોંચ્યા, ત્યાં સામા ઢોળાવ ઉપરથી એક હાથગાડી ઝડપથી ધસી આવી અને ઊંધી વળી ગઈ. ચાલક મજૂર નીચે ગબડી પડયો. ગાડીમાંનો સરસામાન એની ઉપર છવાઈ ગયો. એ સામાન નીચે દબાઈ ગયો. એનો શ્વાસ રુંધાવા લાગ્યો. એ વેદનાથી કણસવા લાગ્યો. હું ઝડપભેર દોડયો અને એને ખેંચવા લાગ્યો. સાથે સામાન આમતેમ કરવા લાગ્યો તેમ જ સાધુમહારાજ અને અન્ય લોકોને બૂમો મારવા લાગ્યો કે, 'જલ્દિ આવો! આને ખેંચી કાઢો! નહિ તો બિચારો મરી જશે!' ચોમેરથી માણસો દોડી આવ્યા, પણ સાધુમહારાજ ત્યાં ને ત્યાં જ ઊભા રહ્યા. એ કહેવા લાગ્યા, 'મારાથી પાત્રાં નીચે ન મૂકાય.' અમે સહુ પેલા મજૂરને કાઢવામાં વ્યસ્ત હતા, તેથી એમની વાત તત્ક્ષણ તો લક્ષમાં ન આવી. પણ પેલાને ઈસ્પિતાલ ભેળો કરી દીધા પછી સાધુમહારાજની ઉપર્યુકત વાણી મને શૂળની પેઠે ખટકવા લાગી.

હું જઈને એમના ગુરુજીને મળ્યો. આખી ઘટના એમને અથતિ કહી. એમણે સાધુમહારાજના બોલને સમર્થન આપ્યું: "શાસ્ત્રોમાં નિષેધ છે કે જે જગ્યાએ અન્ન વહોરવું ત્યાં જ પાત્રું નીચે મુકવું, અન્યત્ર નહિ, મારા શિષ્યે કર્યું અને કહ્યું એ યથાયોગ્ય જ હતું." એમનો ઉત્તર સાંભળી હું વિસ્મયમાં પડયો. મેં સામી દલીલ કરી: "એ માણસ જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાતો' તો ગુરુજી. પળેપળનો હિસાબ ગણાતો હોય એવા ટાણે, અપવાદરૂપે, કોઈની જિંદગી ઉગારવા પૂરતા તમારાથી પાત્રાં નીચે ન જ મૂકાય?" ગુરુજીએ કહ્યું: "નહિ, ધર્મ એ ધર્મ. અમારે એના નિયમોનું ચુસ્તપણે પાલન કરવું રહ્યું."

એ દિવસથી મારો માર્ગ ફંટાઈ ગયો. ઊઠતી વેળા મેં ગુરુદેવને આટલું કહ્યું: "અવિનય લાગે તો ક્ષમા કરશો, ગુરુદેવ! આજસુધી આપે પ્રેમાળ ભાવ રાખ્યો એ માટે અનુગ્રહી છું. પણ આજે આપને મારા છેલ્લાં વંદન છે. સાથોસાથ આપના સમસ્ત સમુદાયને પણ. કાલથી હું અહીં નહીં હોઉં. આ ધર્મ માનવધર્મ બજાવતા મને રોકશે એવું લાગે છે. માટે આજથી એનો પણ ત્યાગ કરું છું. દીનદુ:ખિયાના આંસુ લ્હોવાં જેવો અન્ય કોઈ ધર્મ મારી નજરે વસતો નથી. સ્પર્શગોચર વાસ્તવ ભૂલી જડવિચારો પોષવામાં હું સંમત નથી. હું મારા માર્ગે જવા તમારાથી છૂટો થાઉં છું. મને દૃઢ આસ્થા છે કે પરમકૃપાળુ પરમેશ્વરનાં અમીભર્યાં રેશમરશ્મિ મનુષ્યપ્રેમની મેં સ્વેચ્છાએ ઉપાડેલી ઝુંબેશમાં પૂર્ણ પ્રકાશ ફેલાવશે. મારો માર્ગ નિશ્ચે ઝળાંઝળાં થઈ ઊઠશે."

કહેવાતાં ધર્મ પરથી મને તે દહાડાથી શ્રદ્ધા ઊઠી ગઈ. કલકત્તાનું મારાં પર આ સહુથી મોટું ઋણ ચડયું. ત્યાં મેં મનુષ્યપ્રેમની દીક્ષા અંગીકાર કરી.

પરંતુ મનમાં આજસુધી એક પ્રશ્ન ઘોળાતો રહ્યો: આપણે લોકો સમયને શું કદી જ નહિ પારખીએ? આજે જ્યાં ત્યાં સાધુમહાત્માઓ અને વડીલો હૈયાવરાળ ઓકતા નજરે ચડે છે કે "આજના જુવાનિયાંથી તો તોબા! તદ્દન નાસ્તિક જ થતાં જાય છે. સમાજમાંથી ધર્મ જેવી ચીજ લોપ થતી ચાલી છે, વિગેરે..." પણ હકીકત શું છે? સાચું દોષિત કોણ છે? જેમ મેં ઉપરોકત ઘટના જોઈ અને મારું હૃદય પલટાઈ ગયું એ પ્રમાણે મારા સ્થાને અન્ય કોઈ હોય તો એનું પણ નિશ્ચે એવું જ થાય. એટલું નિ:સંદેહ છે નિર્વિવાદ છે.

એક તરફ સમાજોદ્ધારની મોટી મોટી વાતો કરવી અને બીજી બાજુ (તમારી દૃષ્ટિએ) ક્ષુલ્લક, ગૌણ અને સૂક્ષ્માતિસૂક્ષ્મ, બાબતોને પણ વળગી રહેવું એ લગારે હિતાવહ છે ખરું? તૃણને વળગી રહી ડાંખળી છોડી દેવા કરતાં હું અંશત: બાંધછોડ કરવામાં, છૂટછાટ લેવાદેવામાં વિશેષ માનું છું. તાજેતરમાં મુનિશ્રી ચિત્રભાનુએ જૈન ધર્મના પ્રચારાર્થે ધાર્મિક પરિષદમાં હાજર રહેવા વિમાનદ્વારા સ્વીટઝર્લૅન્ડ જવાનો નિર્ણય લઈને એક જ્વલંત ઉદાહરણ પૂરું પાડયું છે. એમના આ પગલાને હું અંતરથી બિરદાવું છું.

સંબંધિત ઘટના મેં મારી બુદ્ધિ અનુસાર, મારા દૃષ્ટિબિંદુના માધ્યમથી વિચારી છે. એમાં મારી સમજફેર હોવાનો કે દૃષ્ટિભેદ હોવાનો, ઉપરાંત વિચારસરણી ભિન્ન હોવાનો પૂરો સંભવ છે. આપશ્રી સાધુમાહારાજના પાત્રાં નીચે] ન મુકવાના આગ્રહ વિશે કંઈક પ્રકાશ પાડશો એવી આશા સેવું.

આપનું સ્વાસ્થ્ય વાંચ્છતો –

સ્નેહાધીન, ધર્મેન્દ્ર શાહ

## તંત્રી નોંધ

આચારના નિયમો સાથે અસાધારણ સંયોગોમાં અપવાદને અવકાશ હોવો ઘટે છે—આ તથ્ય આપણને મળેલી વિવેકબુદ્ધિમાંથી સહજપણે ફલિત થાય છે. ભાઈ ધર્મેન્દ્ર શાહે જે ઘટનાનું વર્ણન કર્યું છે તે ઘટનામાં ઊંધી વળેલી હાથગાડીના સામાન નીચે દબાઈ ગયેલા મજૂરને બચાવવાના કામમાં મદદ કરવા માટે પ્રસ્તુત જૈન સાધુએ પોતાના પાત્રા નીચે મૂકીને દોડી જવું જોઈતું જ હતું અને એમ કરવામાં પોતાના કોઈ આચારનું ઉલ્લંઘન થયું છે એમ તેમને લાગ્યું હોય તો તે માટે તેમના ગુરુ પાસેથી તે અંગે પ્રાયશ્ચિત માગી લેવું જોઈતું હતું. પણ પ્રસ્તુત કિસ્સામાં જૈન મુનિ તેમ ન કરતાં ઊભા ઊભા માત્ર જોઈ રહ્યા અને આ તેમની નિષ્ક્રિયતાનો તેના ગુરુએ બચાવ કર્યો. આ બન્ને પાછળ કેવળ આચારજડતા અને વિચારજડતા જ રહેલી છે એમ કહેવું પડે.

આવા પ્રતિકૂળ અનુભવ ઉપરથી સાધુમાત્રનો કે તેઓ જેના પ્રતિનિધિ છે એવા જૈન ધર્મનો ત્યાગ કરવાની જરા પણ જરૂર નથી. 'બહુરત્ના વસુન્ધરા' એ કહેવત મુજબ ભાઈ ધર્મેન્દ્ર શાહ જેવા સાધુઓની અપેક્ષા ધરાવે છે તેવા અનેક સાધુ સન્તો આ જગતમાં વિચરે છે.

વળી જેમાં અનેકાન્ત વિચારને પ્રાધાન્ય છે તથા મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ભાવના ચતુષ્ટય જેના કેન્દ્રમાં છે એવા જૈન ધર્મમાં માનવધર્મને અગ્રિમ સ્થાન છે જ. ચર્ચાપત્રમાં ધર્મવિષયક અમુક જે વલણ રજૂ કરવામાં આવ્યું છે, તે ધર્મને લગતી અધૂરી સમજણનું પરિણામ છે.

આ પ્રશ્ન આપણે ચર્ચીએ છીએ ત્યારે આ પત્રના અન્ત ભાગમાં જે મુનિ ચિત્રભાનુનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમના સંબંધમાં વર્ષો પહેલાં ભાવનગર ખાતે બનેલી એક ઘટના યાદ આવે છે. તેમનો જે મકાનમાં નિવાસ હતો તે જ મકાનમાં રાત્રીના ભાગમાં નીચેથી આગ લાગેલી અને ઉપરના માળમાં સુતેલા મુનિ ચિત્રભાનુને આગની જાણ થતાં આગમાં સપડાયેલા ચાર પાંચ માણસોને જીવના જોખમે બહાર કાઢયા બાદ જ પોતે છેલ્લા બારી વાટે દોરડા દ્વારા નીચે ઉતરેલા. આ તેમના સાહસભર્યા પરોપકારની કોઈ રૂઢિચુસ્તોએ ટીકા કરી હોય તો મને ખબર નથી, પણ ભાવનગરના જનો તેમ જ અન્ય પ્રજાજનો તેમના આ શુભ કાર્ય અંગે ખૂબ જ પ્રભાવિત બન્યા હતા, એમ મને જાણવા મળ્યું હતું.

પરમાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬

મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭
'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુન ૧, ૧૯૭૦ સોમવાર
પરદેશ, માટે શીલિંગ ૧૫
શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## આપણી સાધુસંસ્થા—૧

**આવશ્યકતા**

૧. સાધુસંસ્થાની આવશ્યકતા તો રહેવાની જ, કારણ ઉપાધિથી નિરાકુલ રહી સેવાભાવી સામાજિક કાર્યકરોની જરૂર સમાજને રહેવાની જ છે. એટલે કે કમાણીના ઉદ્દેશ વિના કાર્ય કરનાર માત્ર સેવાભાવી વ્યકિતઓનો સંઘ હોય એ જરૂરી છે.

**નિયમપરિર્તન જરૂરી**

૨. જૈન સાધુસંસ્થાના દીર્ઘકાળના ઈતિહાસને આધારે કહી શકાય છે કે જે કઠોર નિયમો સાધુસંસ્થાના છે તે સાધુસંઘને માટે અનુકુળ નથી. વિરલ વ્યકિત માટે જ અનુકુળ છે. એટલે એકલદોકલ વ્યકિત એવા કઠોર નિયમ પાળે તે તેની ઈચ્છાની વાત ગણવી જોઈએ; પણ સાધુસંઘના નિયમોમાં પરિવર્તનની જરૂર છે. સંઘમાં એવા નિયમો જ રાખવા જોઈએ જેને સંઘનો દરેક સદસ્ય પાળી શકે, સહેલાઈથી પાળી શકે. નિયમોનો ભંગ ચલાવી શકાય નહિ—એમ તો જ કહી શકાય, જો પાલન કરવામાં શકય એવા જ નિમયો હોય. અન્યથા નિયમપાલનમાં વંચના જ કરવી પડે છે, જે આજે સહજ બની ગઈ છે.

**અનાવશ્યક નિયમો**

૩. (ક) ગરમ પાણી જ લેવાની પ્રથા હવે અનાવશ્યક છે. જ્યાં નળનું પાણી આવે છે ત્યાં લગભગ બધે જ તેમાં કલોરિન વગેરે પદાર્થોની મેળવણી થાય છે અને વૈજ્ઞાનિકોનું કહેવું છે કે તેમાં નિર્જીવતા આવી જ જાય છે. એટલે ગરમ પાણીનો જ આગ્રહ નકામો છે.

(ખ) ભિક્ષા માગવી એ પણ વૈકલ્પિક હોવું જોઈએ. કોઈને ઘરે પણ જમી શકે એવો અપવાદ સ્વીકારવાની જરૂર છે અને પગાર લઈ નિર્વાહ કરી શકે એવો પણ અપવાદ જરૂરી છે. કે જેઓ એક જ જગ્યાએ રહી કોઈ પણ સેવાપ્રવૃત્તિમાં પડયા હોય તેમના માટે અનુભવે જણાયું છે કે ઔદ્દેશિક—સાધુના નિમિત્તે તૈયાર થયેલ—આહાર ટાળી શકાતો નથી. તો પછી તેની છૂટ આપવી એ જ વંચના ઓછી કરવામાં નિમિત્ત બનશે.

(ગ) થંડિલના જે નિયમો છે તે મુંબઈ જેવા શહેરમાં વસનાર સાધુ માટે પાળી શકાય તેવા નથી. એટલે પાયખાનું વાપરવાની છૂટ આપવી જ જોઈએ.

(ઘ) ઉપરના નિયમોમાં સુધારા કરવા માટે સર્વપ્રથમ એ જરૂરી છે કે પાંચ મહાવ્રતની જે પ્રતિજ્ઞા લેવાય છે તેનું પાલન અશકય જ છે એમ માની લેવું અને તે પ્રતિજ્ઞામાં જ સુધારો કરવો. આમ કરવાથી જીવનમાંથી ઘણી વંચના ઓછી થશે.

(ઙ) બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા વૈકલ્પિક રાખવી. જેની ઈચ્છા હોય તે શકિત પ્રમાણે લે અને જેની ઈચ્છા ન હોય તે ન પણ લે.

(ચ) નિવાસ માટેના નિયમો જે જૂના છે તે અત્યારે ચાલી શકતા જ નથી. તો પછી અનુકૂળ મકાનમાં રહેવાની છૂટ જરૂરી છે.

(છ) વિહાર માટેના નિયમોમાં પણ પરિવર્તનની જરૂર છે. બૌદ્ધ ભિક્ષુની જેમ કોઈ પણ વાહનનો ઉપયોગ કરવાની છૂટ હોવી જોઈએ.

**પરિવર્તનનો અધિકાર**

૪. સામાચારીમાં પવિર્તન થતું જ આવ્યું છે અને અપવાદ—પરંપરા ઊભી પણ કરવામાં આવી છે. એટલે સાધુસંઘના મુખીયાને એ અધિકાર છે જ કે તેઓ સમયાનુકૂળ નિયમોમાં પરિવર્તન કરી શકે છે. અને કરવું પણ જોઈએ. ન કરવાથી ઉલટા પાપમાં પડે છે એ પણ મુખીયાઓએ સમજી લેવું જરૂરી છે.

**પરિગ્રહ**

૫. સાધુ સ્વયં પૈસા રાખે કે નહિ એ પ્રશ્ન પૂરી રીતે વિચારી લેવાની જરૂર છે. બૌદ્ધોમાં તેની વતી બીજો કોઈ રાખી શકે છે એટલે જ્યારે પણ જરૂર પડે ત્યારે તે તેની વતી વાપરે. તેની વેતનની જો આવક હોય તો તે પૂરતો પરિગ્રહ તેની પાસે રહી શકે એવી છૂટ હોવી જોઈએ.

**વીરસંઘ ?**

૬. સાધુસંસ્થાથી જુદો વીરસંઘ કરવાની જરૂર નથી. સાધુ—સંસ્થામાં જ નિયમોનું પરિવર્તન કરવું જરૂરી છે.

**દલસુખ માલવણિયા**

## આપણી સાધુસંસ્થા—૨

આ લેખ જૈન મૂર્તિપૂજક સંપ્રદાયના મુનિ શ્રી ચિત્રભાનુ મહારાજના પરદેશ-ગમનના સંદર્ભમાં, 'પ્રબુદ્ધ જીવન'ના સંપાદક, મારા મિત્ર શ્રી પરમાનંદભાઇ કાપડિયાના નિમંત્રણથી હું લખું છું, જો કે જરા મોડું તો થયું છે. ઉપરાંત લેખના વિષય-ભૂત શ્રી ચિત્રભાનુ મુનિ મહારાજ તો પરદેશ યાત્રા પૂરી કરી સ્વદેશ આવી પણ ગયા છે અને એમણે પોતાના સાહસના બચાવમાં નિવેદનો પણ પ્રસિદ્ધ કર્યા છે, જેમાંનાં એકાદ-બે મારા વાંચવામાં આવ્યાં છે, પ્રસ્તુત લેખ પરમાનંદભાઇની સરળ પ્રશ્નાવલિના ક્રમમાં લગભગ મેં લખ્યો છે.

એક પ્રશ્ન આ પ્રમાણે છે: મુનિશ્રી ચિત્રભાનુ મહારાજના પરદેશ-ગમનના સંદર્ભમાં, આજની જૈન સાધુ-સંસ્થાના સ્વરૂપમાં કોઇ ફેરફાર કરવો જોઇએ કે કેમ? આ પ્રશ્નના ઉત્તરમાં મારે કહેવું જોઇએ કે વર્તમાન જૈન સાધુ સાધ્વી-સંસ્થામાં ફેરફારની જરૂર મને તો ઘણા સમય થયાં લાગતી આવી છે. બે ફેરફાર OVER—DUE છે. એમનો આચાર અવશ્ય ફેરફાર માંગે છે. જો આ સાધુ-સાધ્વી સમાજમાં દિગંબર સંપ્રદાય આવી જતો હોય તો એ ફેરફાર અવશ્ય તાત્કાલિક થવો જોઇએ. મહાવીરના સમયમાં, અને તે બાદ, અત્યારે પણ, આ સમાજ હતો અને છે. અત્યારે તે સમાજ જૈન જગતને અને જૈનેતર જગતને યથાર્થ સેવા આપી શકતો નથી. પૂર્વે એમનામાં સમર્થ વિદ્વત્તા હતી. **સમય-સાર, નિયમસાર, પ્રવચનસાર.** જેવું અગ્ર સાહિત્ય તેઓ આપી ગયા છે. એમના ટીકા-ગ્રન્થો તો અદ્ભુત શકિતવાળા છે. શ્રી અમરચંદ્ર

સૂરિ, પદ્મપ્રભ મલધારી સૂરિ - એમની ટીકાઓ એમની ટીકાના અંતર્ગત કલશો અદ્‌ભુત સ્વાધ્યાય - શકિતવાળાં છે; અત્યારે તેઓ એમના આચારથી સમાજને સેવા આપી શકતા નથી. એમનામાં અર્જિકા - આર્યાની સંસ્થા નહિવત્ છે. પરિણામે સ્થાનકવાસી - તેરાપંથી આર્યાઓ, અને શ્વેતાંબર - મૂર્તિપૂજક ગરણીજીઓ સ્રીસમાજમાં યથેચ્છ હરી-ફરી શકે છે તે આ સમાજમાં હોઈ શકે નહિ. એમના આચાર - કડક હોય છે. પણ એમની નગ્નતા ઔચિત્યવિરુદ્ધ હોય છે. મને તો મુહપત્તી મોઢે બાંધવી એ પણ અનુચિત લાગે છે. એ આચાર–પરંપરા ફેરફાર માંગે છે. મૂર્તિપૂજક સાધ્વીજીઓ વ્યાખ્યાન કરી શકે નહિ એ વિચાર મને બિલકુલ રુચતો નથી. તેથી તો તેઓ બહુધા સ્વાધ્યાયથી વંચિત રહે છે, જો કે હમણાં હમણાં તો, એમનામાં વિદ્વત્તાનો વિશિષ્ટ ગુણ આવતો જોઉં છું. સ્થાનકવાસી આર્યાજીઓમાં પણ બહુશ્રુતપણું હવે પ્રવેશ કરતું જાય છે. આ ગુણવિશિષ્ટતાથી તેઓ સમાજને ઉપયોગી થઈ શકે છે.

હમણાં હમણાં એક જુદી જાતના વાદનો પરિચય મને થાય છે. **શુભભાવથી** પુણ્યનું ઉપાર્જન થતું હશે, પણ તેથી મુકત દશા આત્માને મોડી આવે છે–એવો ઉપદેશક ક્યાંક ક્યાંક આપવામાં આવે છે. પરિણામ એ આવ્યું છે કે શુભભાવથી પરિણમતી સેવા-ભાવના આ વધતાજતા સમાજમાં અલ્પ થતી જાય છે. તેમનામાં આત્માના મોક્ષને નામે સ્વાર્થનો અવગુણ પ્રવેશ કરતો હું જોઉં છું, અલબત્ત, આ વિષય ફિલસૂફીનો છે, પણ મને લાગે છે કે તેમાં વિચારભિન્નતા માટે અવકાશ રહે છે.

હવે તો જૈન સાધુઓ અને સાધ્વીઓ પણ પરદેશગમન કરી શકે છે. જૈન આચારનો વિચાર આ દિશામાં મને સંકુચિત લાગ્યા કરે છે. જૈનોએ એવા આચારો ઘડયા કે તેમને તે માટે **નિશીથ** સૂત્ર જેવું-**વ્યવહાર** સૂત્ર, જેવું – નકારાત્મક સાહિત્ય સર્જવું પડયું. ભિક્ષુએ આ ન કરવું, તે ન કરવું વગેરે આ કારણથી જૈન સાધુ - સાધ્વી સમાજ ફિલસૂફી - સાયન્સની અવગાહનાથી વંચિત રહ્યો છે. એમનો કેવળ જ્ઞાનનો ખ્યાલ વર્તમાન શિષ્ટતાથી ઘણો દૂર રહ્યો છે.

પુરાતન જૈન આચાર - વિચાર મથુરાની પેલી પાર જઈ શક્યા નથી. એક કેશીકુમારનો પરિચય અપવાદમાં આવે ખરો. જૈન સાધુ - સાધ્વીઓનાં પર્યટનો બહુ મર્યાદિત રહ્યાં છે, કારણ કે તેમનો આચાર તેથી વિરુદ્ધ પડયો છે. જૈન સાધુ - સાધ્વીઓનું જીવન - લક્ષ્ય માત્ર આત્મ-મોક્ષાર્થી હતું નહિ–હોવું જોઈએ નહિ. નવકાર - મંત્રમાં જૈનોએ ઉપાધ્યાયની સંસ્થાનો સ્વીકાર કર્યો છે. મહાવીરનાં પર્યટનો તો ગૌતમ બુદ્ધનાં પર્યટનોને ટપી જાય તેવાં હતાં. એ પર્યટનો પ્રજાના સંસ્કારોના પરિવર્તનલક્ષી હતાં. એમણે એ દેશોમાં વસતા લોકોને અનાર્ય જીવનથી વિરકત કરી, જૈન દર્શનથી, આર્ય-સંસ્કારમાં ભેળવ્યાં. જૈન સાધુ - સાધ્વીઓએ હવે એ લક્ષ્યનો વિસ્તાર કરવો જોઈએ. અત્યારે જગતના પ્રજા-સમૂહો અનાર્ય જીવન જીવી રહ્યા છે; હિંસાવાદમાં અનુરકત રહેવા માંડયા છે; વર્ગવિગ્રહમાંથી જ સકલ સમાજ ઉન્નત દિશામાં આવશે, બીજી રીતે નહિ, એવો અનાર્યતાવાદી માર્કર્સવાદનો છડેચોક ઉપદેશ અપાતો રહ્યો છે; તેનો રંગ યુવક - યુવતીવર્ગને લાગતો જાય છે; શ્વેતવર્ણી, કૃષ્ણવર્ણી, ઘઉંવર્ણી પ્રજાઓના સંસ્કારોને, તેમની સમસ્યાઓને પૃથક્‌ભાવે વિચારવામાં આવે છે ત્યારે જૈન સાધુ - સાધ્વીઓએ ભારત બહાર, આ અનાર્ય માન્યતાઓનો યત્‌કિંચિત્, સામનો કરવા કટિબદ્ધ થવું જોઈએ. તે માટે એમણે જૈન આચારની કડકાઈનો પર્યટન પૂરતો ત્યાગ કરવો પડે તો તે માટે તેમને સંઘથી છૂટ મળવી જોઈએ. એમને **નિશીથ સૂત્રનાં** વ્યવહારસૂત્રનાં વિધાનો લાગુ પાડવાં જોઈએ નહિ. ભારતબહાર તેઓ ભિક્ષા માટે પર્યટન કરી શકે નહિ, તેમને અચિત્ત પાણી મળી શકે નહિ. માત્ર એમણે એક બાબત ધ્યાનમાં રાખવી જોઈએ. એમનો આહાર નિરામિષ હોવો જોઈએ, જો કે તેમાં પણ કંદમૂળનો આહાર પર્યટન - પૂરતો વર્જ્ય ગણવો જોઈએ નહિ તેમના પોશાકમાં પણ પર્યટનોના દેશોની આબોહવા પ્રમાણે છૂટ-છાટ હોવી જોઈએ. તેઓ એકલ-વિહારી પણ હોઈ શકે. યુરોપ–અમેરિકા - એશિયામાં જેસ્યુઈટો ( Jesuits )ની સંસ્થા છે, તે સંસ્થાએ શિક્ષણ વગેરેમાં સમાજની સારી સેવા કરી છે. તેવો સેવાભાવ જૈન સાધુ-સમાજ કેળવી શકે.

મારે એક બાબત લખવી જોઈએ. આવા વિદેશી પર્યટનોમાં જૈનવિદ્યાનાં કેન્દ્રો સ્થાપવાં જોઈએ. જેમ આર્ય-સમાજીઓ, બ્રહ્મસમાજીઓ, બૌદ્ધો વગેરેએ સ્થાપ્યાં છે તેવાં કેન્દ્રો હોવાં જોઈએ. અફસોસની વાત તો એ છે કે ખુદ મહાવીર સ્વામીના જીવનચરિતના વિષયમાં, તેની હકીકતોને કલ્પનાયુકત જાળ - ઝાંખરાંથી એટલી બધી કુંઠિત કરી દેવામાં આવી છે કે તેને શુદ્ધ કરવાનો વીંખવાનો–વ્યવસાય હજુ સુધીમાં હાથ પર લેવામાં આવ્યો નથી. જૈન મુનિરાજો આટલું સમજતા થાય તો જનતા ઉપર મહાન્ ઉપકાર થશે. મહાવીરના જન્મનો વૃત્તાંત, એમના વિહારોની વાર્તાઓ, એમની તપસ્યાના પ્રકારો, ખાસ તો એમનાં પર્યટનોનાં ગામ - નગરો વગેરે પર્યુષણ સમયે, એમના જીવનનાં ચિત્રો બતાવવામાં આવે છે તે સાથે તેમને વિસ્તારથી સમજાવવામાં આવે તો? અશ્વઘોષે બુદ્ધચરિત્ર લખ્યું એવું સાહિત્ય મહાવીરના જીવન વિષે આપી ન શકાય? આ તમામ સિદ્ધિઓ ત્યારે જ થાય, જ્યારે જૈન સાધુ-સમાજના આચારોમાં અને વિચારોમાં સંગીન ફેરફારો થાય.

જૈનદર્શનમાં વિચારોનું વૈવિધ્ય જોવામાં આવે છે. એ વૈવિધ્ય અત્યારે નવો વેશ ધારવા માંડયું છે. ઉપાદાન-નિમિત્ત-શુભ અશુભ આસ્રવ, સ્વ - આત્મ-પર-પરમાણુ સંબંધ વગેરે. આ વૈવિધ્ય સરળ-ભાવે જોવામાં આવતું નથી. એમાં Intolerance-અસહિષ્ણુતા– જોવામાં આવે છે. આ વાત ઈચ્છવા જોગ નથી. મતમતાંતરને હંમેશાં ભારતમાં યોગ્ય સ્થાન મળતું રહ્યું છે.

જૈન-સાધુ સમાજના આચાર - વિચારમાં ફેરફારની આવશ્યકતા ઘણી છે. અહીં તો દિશાસૂચન કર્યું છે. આ કામ મુખ્યત્વે જે તે સંસ્થાઓનું છે, વ્યકિતઓનું નહિ.

મારો આશય કોઈ દર્શન-વાદી સાથે અથડાવાનો નથી.

કેશવલાલ હિમતરાય કામદાર, એમ. એ,

## આપણી સાધુસંસ્થા અંગે યોજાયેલો પરિસંવાદ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે ૧૪મી જૂન રવિવારે સવારે ૯ વાગ્યે સંઘના કાર્યાલયમાં આપણી સાધુ–સંસ્થાના અદ્યતન સ્વરૂપમાં તેમ જ તેના આચારવ્યવહારમાં કોઈ ફેરફારોની આવશ્યકતા છે કે નહિ અને જો હોય તો કેવા ફેરફારો ઈચ્છનીય છે એ વિષય અંગે વિચારપરામર્શ કરવા માટે જૈન સમાજના વિચારકોનો એક પરિસંવાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો છે. આજે આ પ્રશ્ન ચોતરફ ખૂબ ચર્ચાઈ રહ્યો છે તે પરિસ્થિતિના સંદર્ભમાં આવો વિચારવિનિમય આપણ સર્વને માર્ગદર્શક બનશે એવી આશા અને અપેક્ષા આ પરિસંવાદ પાછળ રહેલ છે. તો આ પરિસંવાદમાં ભાગ લેવા એમાં રસ ધરાવતા ભાઈબહેનોને અમારું હાર્દિક નિમંત્રણ છે.

આ પરિસંવાદ માટે અઢી કલાકની સમયમર્યાદા વિચારવામાં આવી છે. આમ છતાં આ પરિસંવાદમાં જૈન સમાજના પ્રમુખ વિચારકો મુકતભાવે ચર્ચા કરે એવી અમારી અપેક્ષા હોઈને ધારેલી સમયમર્યાદામાં પ્રસ્તુત ચર્ચા–વિચારણા પૂરી ન થાય અને આવશ્યક લાગે તો આ ચર્ચા-સભા એ જ દિવસે સાંજે ચાર વાગ્યા ઉપર મુલત્વી રાખવામાં આવશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# જૈન સમાજ ધર્મતેજ કેળવશે?

(ગઈ મહાવીર જયંતીના રોજ મુંબઈ ખાતે મળેલી જૈનોની જાહેર સભામાં અતિથિવિશેષ તરીકે કાકા સાહેબ કાલેલકરે આપેલું ઉદ્‌બોધક વ્યાખ્યાન.)

કારુણ્યમૂર્તિ મહાવીરને વંદન! જૈન લોકો સાથેનો મારો સંબંધ એટલો જૂનો છે, અને એમણે મને એવો તો પોતાનો કરી દીધો છે કે અહીં આવતાં મને પારકા જેવું લાગતું જ નથી.

હું જન્મે જૈન નથી. સનાતની બ્રાહ્મણ છું. પણ બ્રાહ્મણનો આદર્શ મને અમારી સ્મૃતિઓમાંથી મળ્યો, એના કરતાં બૌદ્ધ અને જૈન ગ્રંથોમાં સાચા બ્રાહ્મણની જે વ્યાખ્યાઓ આપી છે એમાંથી વધારે મળ્યો છે.

ब्रह्म जानाति ब्राह्मणः। એ તો બહુ મોટી વાત થઈ. સનાતનીઓ કહે છે: જેના મા બાપ બ્રાહ્મણ છે તે બ્રાહ્મણ. સનાતનીઓનો હિંદુધર્મ વંશપરંપરાથી એમને મળેલો હોય છે.

હવે દુનિયામાં જે મોટા મોટા ધર્મો છે એના મુખ્ય બે વિભાગ પડે છે.

(૧) વંશપરંપરાના ધર્મો. આવા ધર્મો ગુણકર્મ કેળવે છે ખરા, પણ કોઈને પોતાના ધર્મસમાજમાં દાખલ થવા નોતરતા નથી અને કોઈ દાખલ થવા માંગે તો એને ભાગ્યે જ સ્વીકારે છે. હું માનું છું કે આ જાતના મુખ્ય ધર્મો ત્રણ છે: (૧) અમારો સનાતન હિંદુ ધર્મ. (૨) પારસીઓનો જરથુષ્ટ્રી ધર્મ અને (૩) યહૂદી ધર્મ. (બધા યહૂદીઓ એક જ વંશના હોય છે કે શું એ વિષે મારી પાસે ચોક્કસ માહિતી નથી. પણ હું માનું છું કે યહૂદી ધર્મ વંશપરંપરાપ્રાપ્ત જ હોય છે.)

(હમણાં હમણાં એક પુરુષાર્થી સૌરાષ્ટ્રી ગુજરાતીએ પંજાબમાં જઈને આર્યસમાજની સ્થાપના કરી અને એણે સનાતની હિંદુ ધર્મનું રૂપ ફેરવવાનો પ્રયત્ન કર્યો. આર્યસમાજમાં ગમે તે દેશનો, ગમે તે વંશનો માણસ દાખલ થઈ શકે. અમુક શરતો સ્વીકારે એટલે બસ. પણ આમ બહારના કેટલા આવ્યા?)

(૨) ધર્મોનો બીજો વિભાગ તે પ્રચારપરાયણ ધર્મોનો છે. અમુક સિદ્ધાંતોનો સ્વીકાર કરો, અમુક જીવનક્રમ પસંદ કરો અને અમુક ધર્મસંસ્થાપકને માન્ય રાખો તેમજ અમુક ગ્રંથોનું પ્રામાણ્ય સ્વીકારો એટલે તમે એ ધર્મમાં પ્રવેશ કરી શકો છો. પછી તમારો વંશ, તમારો દેશ કે તમારી સંસ્કૃતિ એમાં આડે આવવાની નથી. આવા ધર્મો દુનિયાના બધા લોકોને આવકારે છે, આમંત્રે છે. આવા ધર્મોમાં મુખ્ય ત્રણ છે.:- (૧) બૌદ્ધ ધર્મ. (૨) ઈસાઈ ધર્મ અને (૩) ઈસ્લામ.

બૌદ્ધ ધર્મ મૂળે હિંદુ ધર્મમાં સુધારો કરવા પ્રવૃત થયો, પણ એ ધર્મમાં વંશનિષ્ઠા નહિ પણ વિશિષ્ટ પ્રકારની જીવનનિષ્ઠા સર્વોપરી બની. પ્રથમ એ ધર્મ ભારતમાં બધે ફેલાયો. હિંદુ ધર્મની અંદરના કર્મકાંડથી અને ઉચ્ચનીચભાવથી અકળાયેલા લોકોને બૌદ્ધવિચારથી નવી પ્રેરણા મળી. જૂના ધર્મના અભિમાની અને ઠેકેદાર લોકોએ બૌદ્ધ ધર્મનો જબરદસ્ત વિરોધ કર્યો. એના ઈતિહાસમાં હું અહીં નહિ ઊતરું. હું એટલું જ કહીશ કે "આ બૌદ્ધ ધર્મને હિન્દુસ્તાન બહાર સતત આવકાર મળ્યો છે. બૌદ્ધ પ્રચારકો પગપાળા હિમાલય ઓળંગીને તિબેટ, ચીન, મંગોલિયા આદિ દેશોમાં પહોંચ્યા. જે ધર્મથી, જે ઉપદેશથી અને જે જીવનદષ્ટિથી પોતાનું કલ્યાણ થયું, તે સમસ્ત માનવજાતિને ન આપીએ તો સ્વાર્થી કહેવાઈએ. જીવનનું રહસ્ય અને જીવનના ઉદ્ધારનો માર્ગ એજ સર્વશ્રેષ્ઠ જ્ઞાન છે. એનો પ્રચાર ન કરીએ તો તે માનવતાનો અને સાચા જ્ઞાનનો દ્રોહ જ ગણાય." એ ભાવનાથી આ બૌદ્ધપ્રચારકો એશિયામાં બધે ફેલાયા. અને એક બાજુ લંકા, બીજી બાજુ બ્રહ્મદેશ, કમ્બોડિયા આદિ અને ઉત્તરમાં તિબેટથી જાપાન સુધીનો આખો એશિયા ખંડ એમણે બૌદ્ધ ધર્મની અસરતળે આણ્યો, અને અજ્ઞાનમાં સબડતા લોકોને રત્નત્રયીની ભેટ કરી.

આ જ અસર તમે એક ઈશ્વરભકત યહૂદીના પુરુષાર્થમાં જોશો. જેમ એક હિન્દુ ગૌતમ બુધ્ધે કલ્યાણમાર્ગનો પ્રચાર કર્યો, તેમ ઈશુએ યહૂદીઓને એમનો ધર્મ પરિપૂર્ણ કરવાની આવશ્યકતા સમજાવી અને ઈશુના શિષ્યોએ ધર્મવીરોને છાજે એવી બહાદુરીથી ઈસાઈ સંઘની સ્થાપના કરી. એમનો એ ઉત્સાહ લગભગ બે હજાર વર્ષ થયા હજી ઓછો થયો નથી. તેઓ યુરોપમાં ફેલાયા, અમેરિકા પોતાનો કર્યો, એશિયા અને આફ્રિકામાં એમના પ્રયત્નો અખંડ ચાલુ છે.

માનવી પ્રયત્નોમાં ગુણદોષ ભેગા થવાના જ. પવિત્ર હેતુમાં પણ અપવિત્રતા ભળી જવાની. કલ્યાણની પ્રેરણાથી કરેલાં કેટલાંક કામોમાં અકલ્યાણનાં ફળો વીણવાં પડવાનાં. પણ આપણે સરવાળે વિચાર કરી માણસજાત આગળ વધી છે કે નહિ, ઉર્ધ્વગામી થઈ છે કે અધોગામી એ જ જોવાનું છે.

પ્રચારપરાયણ ત્રીજો ધર્મ તે ઈસ્લામ. હજરત મહમ્મદ પૈગંબરે અરબસ્તાનની હાલત જોઈ, એનું ખૂબ ચિન્તન કર્યું. એમને ઈશ્વરી પ્રેરણા મળી. એમને શિષ્યો પણ સારા મળ્યા અને એ ધર્મનો પ્રચાર પૂર્વ અને પશ્ચિમ બંને તરફ ફેલાયો.

યુરોપમાં સ્પેન સુધી એ ધર્મની અસર પહોંચી હતી. તુર્કસ્તાન, ઈરાન, મધ્ય એશિયા વગેરે પ્રદેશોમાં એ ધર્મ ફેલાયો. પ્રવાસક્રમે એ ભારત પણ આવ્યો. અહીં હિંદુ ધર્મ સાથે એનો સંઘર્ષ થયો. આપણે એમ માની ન બેસીએ કે એ ધર્મ પઠાણ અને મોગલ રાજસત્તાને જોરે જ અહીં પગપેસારો કરી શક્યો. હિંદુ સંસ્કૃતિમાં પછાત લોકોની ઘણી ઉપેક્ષા હતી. પવિત્રતાના પોતાના આદર્શો જે ન સ્વીકારે તેને વિષે હિંદુ લોકો તિરસ્કાર કેળવે, બહિષ્કાર કરે અને એમને હડધૂત દશામાં રાખે. આ અધાર્મિક વૃત્તિ ખરી, પણ એથીયે અસહ્ય વાત એ કે માણસ પોતાનાં ચારિત્ર્યમાં અને જીવનક્રમમાં ઊંચાઈ કેળવવા માગે તો ન્યાતજાતમાં માનનારા હિંદુ આગેવાન, હીન ગણાતી જાતિને ઊંચે ચઢવા ન દે. હિંદુને મન હીનતા પણ સ્વધર્મ હોઈ, રક્ષણ પાત્ર હતી. આ ઘોર અન્યાય સામે સંતોએ વખતોવખત અવાજ ઊઠાવ્યો. પણ અન્યાયનો જબરદસ્ત પ્રતિકાર ન કર્યો. તેથી પોતાનો ઉદ્ધાર જોઈતો હોય તો ધર્માન્તર કર્યે જ છૂટકો એ જાતની પરિસ્થિતિ આપણે આ દેશમાં દાખલ કરી.

આખી માનવજાતને પોતાના ધર્મનો લાભ પહોંચાડવાના પ્રયત્નમાં એક મોટો દોષ ઘૂસી ગયો તે હતો, 'સંઘ વધારવાની અબળખા.' મુસલમાન અને ઈસાઈ લોકો વચ્ચે સંઘર્ષ જામ્યો. એમણે અનેક યુદ્ધો કર્યા. જે યુદ્ધોને wars between the cross and the crescent તરીકે ઓળખવામાં આવે છે.

આવો છે દુનિયાના ધર્મોનો ઈતિહાસ. આમાં જૈન ધર્મ ક્યાં બેસે છે એનું ઉત્કટ ચિંતન થવું જોઈએ.

ભગવાન મહાવીરનો જૈન ધર્મ વંશનિષ્ઠ નથી. વિશિષ્ટ જીવનદષ્ટિ અને જીવનક્રમ માનવજાતિને માટે અત્યંત કલ્યાણકારી છે એમ જોઈને એમણે સાર્વત્રિક પ્રચાર શરૂ કર્યો. આવા સુધારધર્મમાં ન્યાતજાતના ભેદ અને ઉચ્ચનીચનું પાખંડ હોઈ ન જ શકે.

શું કોઈ કહી શકે કે જ્ઞાન તો અમુક માણસને જ મળે, બીજા લોકોએ અજ્ઞાની જ રહેવું જોઈએ? અમુક લોકો અહિંસાધર્મનો સ્વીકાર કરી કૈવલ્ય પ્રાપ્ત કરે એટલે બસ. બાકીની દુનિયા હિંસાને સ્વીકારી પરસ્પરનો નાશ કરે તો આપણને વાંધો નથી?

જૈન ધર્મ સિદ્ધાન્તે, સ્વભાવે અને મૂળ પ્રેરણા પ્રમાણે સાર્વભૌમ માનવધર્મ બનવાને સર્જાયેલો છે. એ ધર્મના આદ્ય પ્રચારકોમાં

ધર્મતેજ હતું ત્યાં સુધી એ ધર્મ ફેલાયો. પણ સાધુઓ તપસ્યા વધારતાં વધારતાં 'સ્વાર્થી મોક્ષાર્થી' થયા અને શ્રાવકો તો બિચારા અનુયાયીઓ. અમુક આચારધર્મ પાળે; શાકાહારનો આગ્રહ રાખે, બની શકે તેટલું દાનધર્મ કરી છૂટે; અને ધર્મકાર્યના ભાગ તરીકે સાધુઓને પૂજે, પાળે અને એમને પોતાની તપશ્ચર્યા વધારવામાં પ્રોત્સાહન આપે. જેની તપસ્યા વધારે, એ વધારે મોટો સાધુ. એનાં જ વચનો સાંભળવા લોકો દોડે, અને સાધુઓ પણ જાણે કે શ્રાવકો તો આખરે શ્રાવકો જ રહેવાના, અમુક સદાચાર પાળે એટલે બસ, પછી જરૂર ખૂબ કમાય અને સુખી રહે.

જૈન ધર્મનું સ્વરૂપ અને રહસ્ય સમજાવનારા સાધુઓના કેટલાક ગ્રંથો મેં જોયા છે. તેઓ કહે છે કે જૈન ધર્મમાં ન્યાત-જાતને સ્થાન નથી. વાત સાચી છે. પણ તેઓ ઉદાહરણો આપે છે બધા સાધુઓના. પછાત કોમની કોઈ વ્યકિત પણ જો જૈન સાધુ બની જાય તો તેને લોકો સમાનભાવે પૂજે. એવો સાધુ જો જ્ઞાન અને તપસ્યામાં વધે તો એને ગુરુ થતાં મુશ્કેલી ન આવે.

પણ શ્રાવકોએ જૈન ધર્મની આ ઉદારતા પોતાના સાધુ-લોકોને જ મુબારક કરી. હવે આ સાધુઓ પરણે નહિ, કમાય નહિ, તપસ્યા વધારતા જાય, ઉપદેશ કરતા જાય. એમને ન્યાતજાત સાથે સંબંધ આવે જ કયાંથી? સાધુઓમાં ન્યાતનો ઉચ્ચનીચ ભેદ છે જ નહિ એ ખરું, પણ સાધુની ન્યાત શ્રાવકો કરતાં ઊંચી અને તેથી સાધુઓના અમુક અધિકારો લોકોએ માન્ય કરવા જ જોઈએ; એ જાતનો આગ્રહ અને એનું અભિમાન સાધુઓમાં ઓછા નથી હોતા!!

અપૂર્ણ કાકા કાલેલકર

## પ્રકીર્ણ નોંધ

### ઘાટકોપર ખાતે શ્રામણી વિદ્યાપીઠનું ઉદ્ઘાટન

શ્રી બૃહદ્ મુંબઈ વર્ધમાન સ્થાનકવાસી જૈન મહાસંઘના ઉપક્રમે તા. ૧૭-૫-૭૦ રવિવારના રોજ સવારના ભાગમાં ઘાટ-કોપર ખાતે આવેલા થાનકવાસી ઉપાશ્રયમાં શ્રી ચીમનલાલ ચકુ-ભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવેલ સમારંભમાં મહાસતી પ્રમોદસુધાજીએ 'શ્રામણી વિદ્યાપીઠ' નું ઉદ્ઘાટન કર્યું હતું.

આ શ્રામણી વિદ્યાપીઠ શું? એવો પ્રશ્ન 'પ્રબુદ્ધ જીવન' ના વાચકોને સ્વાભાવિક રીતે થવાનો. આ માટે જૈનોની સાધુસંસ્થાનું-ખાસ કરીને શ્વે. મૂ. તેમ જ સ્થાનકવાસી તથા તેરાપંથી સંપ્રદાયને લગતી સાધુ સંસ્થાનું-અદ્યતન સ્વરૂપ સમજવાની જરૂર છે. આ સાધુસંસ્થાના પાયામાં 'યદા વિરજેત્ તદા પ્રવ્રજેત' = જેવો વૈરાગ્ય આવ્યો કે તત્કાળ તેણે પ્રવ્રજ્યા એટલે કે દીક્ષા ગ્રહણ કરવી અર્થાત્ તેને કોઈ પણ જૈન ગુરુએ વિના વિલંબે દીક્ષા આપવી.' આ વિચાર રહેલો છે. આનું પરિણામ એ આવ્યું છે કે દીક્ષાના ઉમેદવારની યોગ્યતા માટે કોઈ ચોક્કસ ધોરણની પરંપરા અસ્તિત્વમાં નથી. સાધારણ રીતે આવો ઉમેદવાર જે ગુરુ પાસે દીક્ષા લેવા ઈચ્છતો હોય તે ગુરુના સહવાસમાં થોડો સમય રહે છે અને પછી કોઈ પણ જૈન સંઘ મારફત તેને દીક્ષા આપવામાં આવે છે. પરિણામે કશી પણ શૈક્ષણિક તાલીમ વિનાની અને ગઈ કાલ સુધી સાધારણ લેખાતી વ્યકિત દીક્ષા લેવાની સાથે માત્ર વેશાન્તરના કારણે આખા જૈન સપ્રદાયને વન્દનીય બની જાય છે.

અદ્યતન સાધુસંસ્થાના અનુસંધાનમાં ધ્યાન ખેંચે એવી બીજી બાબત એ છે કે આવા સાધુ-સાધ્વીઓને પોતાના ગુરુ-ગુરુણી સાથે સતત વિહારમાં રહેવાનું હોઈને તેમના અભ્યાસ માટે કોઈ સ્થાયી વ્યવસ્થા હોતી નથી. તેઓ જ્યાં ચાતુર્માસ કરે ત્યાં કેટલીકવાર તેમના અભ્યાસ માટે યા શિક્ષણ માટે પંડિત રોકવામાં આવે છે. પણ ચાતુર્માસ પૂરા થતાં તેઓ મોટા ભાગે સ્થાનાન્તર કરતા હોય છે અને પંડિતો દ્વારા શરૂ કરેલો અભ્યાસ અધૂરો રહે છે.

સાધુસંસ્થાની આ બે ત્રૂટિઓ ધ્યાનમાં લઈને મુંબઈના મહા-સંઘે તત્કાળ દીક્ષાની ઉમેદવાર બહેનો અને સાધ્વીઓ પૂરતી શ્રામણી વિદ્યાપીઠ ઊભી કરવાનું વિચાર્યું છે. આ માટે ઘાટકોપરના શ્રી સંઘે પ્રસ્તુત વિદ્યાપીઠના સંયોજકોને લગભગ ત્રણ લાખ રૂપિયાની કિંમતનું સંઘની માલેકીનું મકાન જેનો આજે ઉપાશ્રય તરીકે ઉપયોગ થાય છે તે ભેટ આપ્યું છે. આ વિદ્યાપીઠમાં સાધ્વીઓ માટે પાંચ વર્ષનો અને દીક્ષાની ઉમેદવાર બહેનો માટે બે વર્ષનો અભ્યાસક્રમ નક્કી કરવામાં આવ્યો છે. આ યોજના પાછળ એવો હેતુ છે કે દીક્ષાની ઉમેદવાર બહેનને અહીંની બે વર્ષની તાલીમમાંથી પસાર થયાનું પ્રમાણપત્ર મળે ત્યાર બાદ જ તે બહેનને દીક્ષા આપી શકાય. આ ઉપરાંત એવી આશા રાખવામાં આવી છે કે, એક સરખી પાંચ વર્ષની તાલીમ મળે એ માટે ગુરણી પોતાની શિષ્યા સાધ્વીને આ વિદ્યાપીઠમાં પાંચ વર્ષ સુધી રહેવાની રાજીખુશીથી સંમતિ આપશે.

આ યોજના ઉપર જણાવ્યું તે મુજબ દીક્ષાની ઉમેદવાર બહેનો અને દીક્ષિત સાધ્વીઓને ઉદ્દેશીને વિચારવામાં આવી છે. આ યોજના યોગ્ય આકાર ધારણ કરે ત્યાર બાદ દીક્ષાના ઉમેદવાર યુવાનો અને દીક્ષિત સાધુઓ માટે પણ આવી વિદ્યાપીઠ ઊભી કરવાની મુંબઈના મહાસંઘની ભાવના છે.

આ યોજનાનો અમલ કરવા માટે યોગ્ય વિદ્વાનોને રોકવામાં આવશે અને જરૂરી સાધન સામગ્રી તથા સમૃદ્ધ પુસ્તકાલય પણ વસાવવામાં આવશે. આ રીતે આજે ઔપચારિક રીતે ઉદ્ઘાટિત થયેલી આ શ્રામણી વિદ્યાપીઠને સંપૂર્ણ આકાર આપવા માટે દશ લાખ રૂપિયાનાં દાનો એકઠાં કરવાના રહેશે. આ બાબત અંગે સ્થાનક-વાસી સમાજને ખૂબ ઉત્સાહ છે અને આ યોજનાને મુંબઈના સમગ્ર સ્થાનકવાસી સંઘનું પીઠબળ છે, તેથી ઉપરની રકમ એકઠી કરવામાં સંચાલકોને મુશ્કેલી નહિ પડે એવી આશા રાખવામાં આવે છે.

ઉપર જણાવેલ સમારંભમાં સ્થાનકવાસી સમાજના આગે-વાનોની સારા પ્રમાણમાં હાજરી હતી. આ ઉપરાંત શ્રી વિજયમુનિ શાસ્ત્રી, શ્રી દેવેન્દ્ર મુનિ શાસ્ત્રી, શ્રી પુષ્કરમુનિ, તપસ્વી રતિલાલજી તથા હસુમુનિ તેમ જ મહાસતી પ્રમોદસુધા, મહાસતી દમયંતી મુનિ વગેરે અનેક સાધુસાધ્વીઓની આવકારપાત્ર ઉપસ્થિતિ હતી.

આ વિદ્યાપીઠનું નિર્માણ કયા સંયોગોમાં થયું તે અંગે જણા-વવાનું કે ગયા ઓકટોબરમાં શ્રી વિજયમુનિ શાસ્ત્રી અને શ્રી દુર્લભજી ખેતાણી તથા શ્રી મણિલાલ સુન્દરજી વગેરેની પ્રેરણાથી સ્થાનકવાસી જૈન વિચારકોનું એક સંમેલન ભરવામાં આવ્યું હતું અને તેમાં કેટલીક ચર્ચાવિચારણા કરવામાં આવી હતી. તે સંમેલનનું આટલા થોડા સમયમાં આવું નક્કર પરિણામ આવશે એ કલ્પનાપ્રદેશની બહાર હતું. શ્રામણી વિદ્યાપીઠના આવા મંગળમય નવનિર્માણ માટે સૌથી વધારે ધન્યવાદ શ્રી વિજયમુનિ શાસ્ત્રીને અને મારા મિત્ર શ્રી દુર્લભજી ખેતાણીને ઘટે છે. આ પાછળ ભાઈ દુર્લભજીએ અથાગ પરિશ્રમ લીધો છે તેની અહીં ખાસ નોંધ લેવી ઘટે છે.

આ શ્રામણી વિદ્યાપીઠના પ્રસ્થાનને હું અન્તઃકરણથી આવકારું છું. આશા રાખું છું કે આ નવપ્રસ્થાનનું શ્વે. મૂ. સંપ્રદાયના તથા તેરાપંથી સંપ્રદાયના આગ્રણીઓ અનુકરણ કરશે અને પોતપોતાના સંપ્રદાયના ઉમેદવાર તેમ જ દીક્ષિત સાધુ-સાધ્વીઓ માટે આવી વિદ્યાપીઠ ઊભી કરવા પ્રેરાશે અથવા તો સૌ સાથે મળીને આખા જૈન સમાજને આવરી લે એવી શ્રમણ-શ્રામણી વિદ્યાપીઠની યોજનાના વિચાર તરફ ઢળશે. દીક્ષાપ્રદાન અંગે અનેક નિયંત્રણોની જરૂર છે અને દીક્ષા લઈને લગભગ નિરર્થક

સમય વીતાવતા સાધુ-સાધ્વીઓ માટે પણ શૈક્ષણિક પ્રબંધની અસાધારણ આવશ્યકતા છે. આજના સમયની આ માંગની પરિપૂર્તિ નિયંત્રણલક્ષી આવી શ્રમણ - શ્રમણી વિદ્યાપીઠ દ્વારા જ શકય છે.

શ્રમણી વિદ્યાપીઠના પ્રસ્તુત ઉદ્ઘાટનથી કે તે માટે મળેલા મકાનથી અથવા તો તે અંગે એકઠા થનાર નિધિથી સંતોષ માનીને બેસી રહેવાય જ નહિ. આ તો બહારની સંપન્નતા છે. આવી વિદ્યાપીઠની સફળતાનો આધાર તેના સંચાલન માટે પ્રાણ પૂરીને કાર્ય કરે એવા ઉચ્ચ કક્ષાના કાર્યકરો અને તેની શિક્ષણપ્રવૃત્તિ માટે યોગ્ય પંડિતો અથવા વિદ્યાગુરુઓ પ્રાપ્ત થવા ઉપર છે. આવી સંસ્થાની સુરક્ષા સતત જાગૃત એવા સંચાલકો ઉપર આધારિત છે.

શુભભાવપ્રેરિત આ વિદ્યાપીઠ માટે અપેક્ષિત કાર્યકરો અને વિદ્યાગુરુઓ મળી રહેશે અને આજનું સ્વપ્ન આવતી કાલના નક્કર આકારમાં પરિણામશે એવી આપણી શ્રદ્ધા હો!

આ શ્રમણી વિદ્યાપીઠ જૈન સમાજના આજ સુધીના ઈતિહાસમાં તદ્દન એક નવો પ્રયોગ છે. ખ્રિસ્તી સમાજમાં સાધુ-સાધ્વીઓ તૈયાર કરવા માટે અનેક સંસ્થાઓ છે અને તેમાં આઠ-દશ વર્ષની તાલીમ અને પ્રમાણપત્ર મળ્યા બાદ ઉમેદવાર વ્યકિત ખ્રિસ્તી સાધુ યા સાધ્વી થઈ શકે છે. રામકૃષ્ણ મિશનમાં પણ સંન્યાસી થવા માટે લાંબા કાળના શિક્ષણ અને તાલીમનો પ્રબંધ છે. જે વ્યકિતએ સાધુ યા સાધ્વી બનવું હોય અને એ રીતે સમાજની વન્દનીયતા પ્રાપ્ત કરવી હોય તેના માટે કડક તાલીમ અને ઉચ્ચ કોટિના શિક્ષણનો આગ્રહ હોવો જ જોઈએ. કમનસીબે આજ સુધી આપણા જૈન સમાજે આ બાબતનો આ રીતે વિચાર કર્યો જ નથી. આપણે આશા રાખીએ કે આ નવા પ્રયોગનું નિર્માણ જૈન સમાજના આગેવાનોને આ બાબત અંગે ગંભીરપણે વિચારવાની પ્રેરણા આપશે.

**મુનિ ચિત્રભાનુનું આ વલણ બરાબર નથી**

મુનિ ચિત્રભાનુ મે માસના પ્રારંભમાં પરદેશથી પાછા ફર્યા બાદના દિવસોના દૈનિક પત્રોમાં તેમનું એ મતલબનું મંતવ્ય પ્રગટ થયેલું જોવામાં આવ્યું છે કે "પોતે હવાઈ વિમાનમાં યુરોપ ગયા તેમાં કશું ખોટું કર્યું નથી. કોઈની કાંધ ઉપર ચઢીને ફરવું તેના કરતાં વિમાનમાં જવું શું ખોટું છે?"

આ સંબંધમાં જણાવવાનું કે જે તે સાધુ કોઈની કાંધ ઉપર ચઢીને ફરતા હોય તો તેના બદલે કોઈ પણ વાહનનો-ખાસ કરીને પશુસંચાલિત ન હોય તેવા વાહનનો-ઉપયોગ કરવો તે વધારે સારું-આવી દલીલ કોઈ કરે તો તે સમજાય તેવી છે, પણ હકીકત એમ છે કે કોઈની કાંધ ઉપર ચઢીને એટલે કે ડોળીમાં બેસીને તે જ સાધુ આવો વિહાર કરે છે કે જે સાધુ શરીરે એકદમ અશકત હોય અથવા તો અતિશય વયોવૃદ્ધ હોય. આમ ડોળીમાં બેસીને વિહાર કરવો તે કેવળ અસહાયતાના જ કારણે છે. તે વિહારને વિમાન-વિહાર સાથે સરખાવવો તે યોગ્ય નથી.

આવી જ રીતે તેઓ એમ પણ દલીલ કરતા હોય છે કે, જૈન સાધુઓને નદી ઓળંગવા માટે જરૂર પડે તો હોડી અથવા વહાણ-નો ઉપયોગ કરવાની સૈકાઓથી છૂટ છે જ. આ જેમ એક વાહન છે તેમ વિમાન પણ એક વાહન જ છે અને આ રીતે વિચારતાં વહાણ કે વિમાન વચ્ચે આપણા લોકોએ તફાવત વિચારવો ન જોઈએ.

આ તેમની દલીલ પણ બરાબર લાગતી નથી. વિહાર કરતા સાધુ ને નદી ઓળંગવા માટે હોડી કે વહાણનો ઉપયોગ અનિવાર્ય છે. કારણ કે તેમ ન કરે તો તો વિહાર કરતા સાધુને નદીના મૂળ સુધી જવું પડે, જ્યારે વિમાનના ઉપયોગને આ રીતે અનિવાર્ય લેખી ન શકાય.

સમય જતાં અથવા તો સવિશેષ વિચાર-વિમર્શ બાદ જૈન સાધુઓના અમુક સંયોગોમાં કોઈપણ વાહનના ઉપયોગને અધિકૃત સાધુ સમુદાય અથવા તો સંઘ સમુદાય સંમત કરે તો તે પછી તો આ ધોરી માર્ગ બનાવાનો અને તેથી આ બાબત વિચારવા જેવી રહેતી જ નથી. પણ આજના સંયોગોમાં આવો વિમાનવિહાર જૈન સાધુના પ્રચલિત આચારવ્યવહાર સાથે સુસંગત નથી અને તેવા પ્રવાસને લગતા અસાધારણ પ્રશસ્ય હેતુને ધ્યાનમાં લઈને જ આવા વિમાનવિહારનું એક અપવાદ તરીકે અનુમોદન થઈ શકે. આવા વિવાદાસ્પદ પ્રશ્નમાં વિચારની સ્પષ્ટતા જરૂરી છે એમ સમજીને આ નોંધ લખવા હું પ્રેરાયો છું. પરમાનંદ

**અભ્યાસનો ૧૦૦મો દળદાર અંક**

થોડા દિવસ પહેલાં અભ્યાસ માસિકનો ૧૦૦ મો અંક પ્રાપ્ત થયો. આ માસિકના તંત્રી શ્રી. પુરુષોત્તમ ગણેશ માવળંકર છે. સ્વ. દાદાસાહેબ માવળંકરને કોણ નથી જાણતું? તેઓ ગુજરાતના સમર્થ લોકસેવક હતા અને આપણી લોકસભાના પ્રથમ સ્પીકર હતા. તેમના પુત્ર ભાઈ પુરુષોત્તમ પણ આજે અમદાવાદના એક અગ્રગણ્ય નાગરિક છે. અમદાવાદની જાણીતી સંસ્થા-લાસ્કી ઈન્સ્ટીટયૂટના તેઓ સર્જક અને સંચાલક છે. તેમની દ્વારા ચાલતી પ્રકાશન સંસ્થા સન્નિષ્ઠ પ્રકાશને આજ સુધીમાં નાનાં મોટાં થઈ ૧૯ પુસ્તકો પ્રગટ કર્યા છે. તેમણે ૧૯૬૦ના જાન્યુઆરી માસથી 'અભ્યાસ' માસિક પ્રગટ કરવું શરૂ કર્યું. વચ્ચે પ્રેસની અથવા બીજી કોઈ અગવડોના કારણે અંકો નિયમિતપણે પ્રગટ થઈ ન શકયા. તેના લીધે પ્રસ્તુત ૧૦૦ મો અંક વસ્તુતઃ ૧૯૬૯ ના એપ્રિલનો અંક છે. આ અંક ૨૧૮ પાનાનો છે અને તેમાં અનેક વિદ્વાન લેખકોના લેખોનો સુશ્લિષ્ટ સંગ્રહ કરવામાં આવ્યો છે. આજના અનેક પ્રશ્નો ઉપર નાના મોટા લેખો દ્વારા વેધક પ્રકાશ પાડવામાં આવ્યો છે. જેવું સામગ્રીવૈવિધ્ય છે તેવો જ સુન્દર આખા અંકનો ઉઠાવ છે. અનુપમ શિક્ષણની ગરજ સારતો આવો અંક તૈયાર કરવા માટે ભાઈ પુરુષોત્તમ માવળંકરને અનેક ધન્યવાદ ઘટે છે. સાહિત્ય-રસિક સજ્જન સન્નારીઓને આ અંક વસાવવા ખાસ ભલામણ છે. અભ્યાસનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦ છે અને તે મેળવવાનું ઠેકાણું અભ્યાસ કાર્યાલય, માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ,-૧ છે. આજના વિચારગંભીર માસિકોમાં અભ્યાસનું અગ્રસ્થાન છે. આ દળદાર અંકની કીંમત રૂ. ૭-૫૦ છે.

**આચાર્ય રજનીશજીએ કરેલી વિકૃત રજૂઆત**

'સમાજવાદ સે સાવધાન' ના નામે તાજેતરમાં થયેલા પ્રવચનોમાં આચાર્ય રજનીશજીએ ભૂદાનને લગતા આપેલા આંકડાઓ સંબંધમાં શ્રી નરોત્તમ શાહ (સર્વોદય કાર્યકર) જનશકિતમાં જણાવે છે કે:-

"રજનીશજીએ સર્વોદય દર્શન અને વિનોબાજી અંગે બોલતા કહ્યું કે, 'વિનોબાજીને ભૂદાનમાં જે જમીન મળી છે તેમાં ૯૦ ટકા સરકારી જમીન છે, પાંચ ટકા પડતર જમીન છે, ત્રણ ટકા ઝઘડાવાળી જમીન છે, અને એક ટકો એવા લોકો તરફથી મળી છે કે જેમની પાસે બીલકુલ જમીન નથી. આ પ્રમાણે ભૂદાનની ૯૯ ટકા જમીનની હાલત છે. અને વિનોબા બુરી રીતે હારી ગયા છે.'

ભૂદાનમાં કુલ ૪૨ લાખ એકર જમીન પોણા છ લાખ દાતાઓ તરફથી મળી છે. આમાંથી બાર લાખ એકર જમીન ચાર લાખ સાઠ હજાર ભૂમિહીન પરિવારોમાં વહેંચાઈ પણ ચૂકી છે. લાખો એકરમાં નબળી સબળી જમીન પણ હોય જે થોડી વધુ મહેનતથી ખેતી લાયક બનાવીને વહેંચી શકાય તેમ છે. અથવા ખેતી સિવાયના બીજા ઉપયોગમાં લઈ શકાય તેમ છે.

બીજા તબક્કામાં, દેશના ચોથા ભાગથી વધારે દોઢ લાખ ગામના લોકોએ ગ્રામદાન આંદોલન દ્વારા પોતાની વીસમા ભાગની જમીન ભૂમિહીનોમાં વહેંચી આપવાના સંકલ્પ સાથે, ગ્રામ સ્વરાજ્ય તરફ જવાનો નિર્ધાર કર્યો છે અને આ ગ્રામદાન આંદોલન દેશના દરેક રાજ્યોમાં આગળ વધી રહ્યું છે.

જે કાર્ય માટે, હોલ નગારાં પીટવામાં આવતાં હોય તે સફળ અને શાંત રીતે ચાલતું હોય તે અસફળ છે એમ માનવાનું કારણ નથી. વિનોબા સફળ કે નિષ્ફળ તેનો નિર્ણય તો વાચક પોતે જ કરે."

પરમાનંદ

# ☆ શેઠ કસ્તુરભાઈ લાલભાઈનું પ્રવચન ☆

[અમદાવાદ ખાતે શ્રેષ્ઠિવર્ય શ્રી કસ્તુરભાઈ લાલભાઈને અનુલક્ષીને અખિલ ભારતીય જૈન શ્વે. મૂ. સંઘ તરફથી મોટા પાયા ઉપર સન્માન સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી બ્રિજમોહન બિરલા પ્રમુખસ્થાને બિરાજ્યા હતા અને ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રીમન્નારાયણ અતિથિવિશેષ તરીકે પધાર્યા હતા અને અમદાવાદના શ્રી સંઘ તરફથી શ્રી રાણકપુર તીર્થનું રૂપામાં તૈયાર કરવામાં આવેલું નાનું મૉડેલ–અનુકૃતિ શેઠ કસ્તુરભાઈને અર્પણ કરવામાં આવી હતી. પ્રસ્તુત પ્રસંગે શેઠ કસ્તુરભાઈએ પોતાના લાંબા અનુભવના નીચોડરૂપ જે પ્રવચન કર્યું હતું તે નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**]

**ભાઈઓ તથા બહેનો**

આપ સૌએ મારા પ્રત્યે જે સદ્ભાવ બતાવ્યો છે તે સારુ હું આપનો આભારી છું. આપનામાંના ઘણા ભાઈઓ દૂરદેશાવરથી આ પ્રસંગને માટે ખાસ આવ્યા છો. તેમણે લીધેલી તસ્દી માટે હું તેમનો ઋણી છું. જૈન સમાજની મેં જે કાંઈ સેવા કરી છે તે મારી ફરજ સમજીને કરી છે તેની આપે ઉદારભાવે કદર કરી, તેથી હું કૃતજ્ઞતા અનુવું છું.

મોગલ જમાનામાં શેઠ શાંતિદાસથી માંડી પેઢીધર મારા વડવાઓએ પોતાના જીવન માટે જૈન શાસનને ઈષ્ટ માન્યું છે, અને સમયાનુસાર યથાશક્તિ જૈન ધર્મ અને જૈન સમાજને સહાયક બનતા આવ્યા છે. તેમના જેટલું હું કરી શક્યો નથી. મારી સમજ અને શક્તિ મુજબ મેં તેમને પગલે ચાલવા પ્રયત્ન કર્યો છે. હું જે કાંઈ કાર્ય કરી શક્યો છું તે તેમણે સીંચેલ સંસ્કારોનું ફળ છે, પણ એવું નથી કે મારા વડવાઓએ એકલાએ જ સેવા કરી છે. જૈન પરંપરાનો ગૌરવભર્યો ઈતિહાસ જોઈશું તો જણાશે કે ભારતમાં આવાં કેટલાંયે કુટુંબો વસે છે કે જે પ્રણાલિકાગત આવી સેવા કરતા આવ્યા છે. બીજાઓ પણ જૈન શાસનની હસ્તી અને પુષ્ટી માટે પોતાનું સર્વસ્વ અર્પણ કરતા આવ્યા છે. બીજા જૈનોની માફક મને પણ તેનો વારસો મળ્યો છે.

ધર્મના મુખ્ય બે અંગો છે: એક તેની પાયાની ફિલસૂફી અથવા તત્ત્વજ્ઞાન અને બીજું તેના ઉપર રચાયેલી આચારસંહિતા. જૈન ધર્મ ઘણો જૂનો છે. તેણે ઈશ્વર, જીવ, જગત, ઈત્યાદિ વિષયો ઉપર ગહન વિચારો કરી ભારતીય સંસ્કૃતિના વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો છે. આ તત્ત્વજ્ઞાનમાં હું ઊંડો ઊતરી શક્યો નથી. મારું ધર્મ બાબતનું જ્ઞાન અને શ્રદ્ધા વાંચન અને સાધુમહારાજોના સમાગમને લીધે છે. જૈન સંઘના આ મહાન અંગને હું વંદન કરું છું. હું સમજું છું તે પ્રમાણે ઈશ્વર અને મનુષ્ય બે અલગ છે. એ અર્થમાં જૈન ધર્મ ઈશ્વરના અસ્તિત્વમાં માનતો નથી. જિનપ્રતિમાની પૂજા કરી જૈનો મનુષ્યમાંથી ઈશ્વરતત્ત્વને પામનાર મહાન વિભૂતિઓનો આદર કરે છે. જૈનદર્શન પ્રમાણે દરેક મનુષ્ય સદાચરણ અને ધર્મમય જીવનદ્વારા ઈશ્વરત્વ પામી શકે છે. એટલે કે આત્મામાંથી પરમાત્મા બની શકે છે. બ્રાહ્મણ કુળમાં જન્મવાથી કોઈ માનવ ઊંચો થઈ જતો નથી કે શુદ્ર કુળમાં જન્મવાથી તેને નીચો ગણવો જોઈએ નહીં. દરેક મનુષ્યના ઊંચનીચપણાનું પ્રમાણ તેના આચાર–વિચાર ઉપર જ આધાર રાખે છે. સ્ત્રીઓ અને શુદ્રો પણ મોક્ષના અધિકારી છે, અને ધાર્મિક ક્રિયાઓ કરવા હક્કદાર છે. એ ઉદાર ધર્મ વિચારવાનો સ્વીકાર સૌથી પ્રથમ જૈન ધર્મ અને બૌદ્ધ ધર્મે કર્યો.

જૈન ધર્મની આચારસંહિતાની ખૂબી એ છે કે ધર્મનાં વિશિષ્ટ ધ્યેયોને રોજિંદા જીવનમાં વણી લે છે. કેવળ તેનું યથાશક્તિ અનુકરણ કરવામાં આવે તો પણ જીવન ધર્મમય બને છે. મારે કબૂલ કરવું જોઈએ કે હું આવા અનુકરણથી વિશેષ કાંઈ કરી શક્યો નથી. સદ્ભાગ્યે મને તેમાંથી સુખદુ:ખ પ્રત્યે સમભાવ, મનની શાંતિ અને તટસ્થતા મળ્યાં છે. ધર્મ આપણને સહિષ્ણુતા શિખવે છે. ધર્મના આચરણથી અહિંસા અને સમદૃષ્ટિ તેના વ્યાપક અર્થમાં આપણને સાંપડે છે, જાણી જોઈને કોઈનું દિલ દુભાવવાથી તે આપણને દૂર રાખે છે. જૈન ધર્મનો સ્યાદવાદનો સિદ્ધાંત એની ખાસ વિશિષ્ટતા છે. એનો હેતુ એ છે કે કોઈ પણ વસ્તુ વિષે અભિપ્રાય બાંધતા પહેલાં તેના જુદા જુદા પાસાં તપાસવાં જોઈએ, જેથી સત્યની નજીક પહોંચી શકાય, અને સત્યના કોઈ પણ અંશની અવગણનાથી બચી શકાય.

આપણા તીર્થોને માટે મેં જે કાંઈ કર્યું છે તે માટે તમે ઘણું કહ્યું છે. આ કાર્ય આપણી ધર્મપરંપરા સાથે સંકળાયેલ છે. મોટાભાગના જૈનેતર મંદિરોનો વહીવટ તેમના મહંતોના હાથમાં હોય છે, પરિણામે ધાર્મિક મિલકત અને ખાનગી મિલ્કત વચ્ચે ભેદ રહેતો નથી અને ધાર્મિક મિલ્કતનો બગાડ થવાના પ્રસંગો બને છે. આપણી પરંપરા જુદી છે. તીર્થોનો વહીવટ સંઘના હાથમાં રહ્યો છે. વળી આપણામાં એવી ભાવના રહેલી છે કે દેવદ્રવ્યનો બીજો ઉપયોગ નિષિદ્ધ છે. આ કારણથી સેંકડો વર્ષોથી આપણાં તીર્થો જળવાતાં આવ્યાં છે. મને આશા છે કે આ પ્રણાલિકા ભવિષ્યમાં પણ બરાબર જળવાઈ રહેશે. સંઘની એ ફરજ છે કે ધાર્મિક મિલકતનો વહીવટ પ્રમાણિકતાને આંચ ન આવે તેવી રીતે શુદ્ધબુદ્ધિથી કરે.

આપણાં દેરાસરોનો આપણને મોટો વારસો મળ્યો છે. ઉત્તર અને પૂર્વ ભારતમાં ઘણાં ઓછાં દેરાસરો એવાં છે કે જે અણિશુદ્ધ, તેના તે જ સ્વરૂપમાં પૂરેપૂરાં સુરક્ષિત રહ્યાં હોય. આપણાં દેરાસરોમાંના કેટલાંક તો ઉચ્ચ કોટિના સ્થાપત્યના નમુના છે. દેલવાડા અને રાણકપુર તે માટે જગપ્રસિદ્ધ છે. જૂના ઐતિહાસિક દેરાસરોમાં એવાં ઘણાં દેરાસરો છે કે જેમનો જીર્ણોદ્ધાર કરવાની જરૂર છે, અને કેટલાંકના જીર્ણોદ્ધાર થયા પણ છે. પણ આમાં એક મુશ્કેલી એ છે કે ભાવિક છતાં જીર્ણોદ્ધારની ઓછી સમજણ ધરાવતા માણસોના હાથે દેરાસરોનું અસલ સ્થાપત્ય વિકૃત બને છે ને ક્યારેક તો નષ્ટ પણ થાય છે. જીર્ણોદ્ધાર કરતી વખતે જે વસ્તુનો ખ્યાલ રાખવાનો છે તે એ છે કે જે દેરાસરનું સ્થાપત્ય તેની અસલ સ્થિતિમાં જળવાઈ રહે અને જો કોઈપણ કારણસર તેની અસલ સ્થિતિ છુપાઈ ગઈ હોય તો તે બહાર આવે અને એમાં જે ભાગ ખંડિત થયો હોય તે પૂરો કરવામાં આવે. જો આમ થાય તો જૂના સ્થાપત્યનું કલેવર તેના મૂળ સ્વરૂપમાં આબેહૂબ જળવાઈ રહે. દેલવાડા, રાણકપુર અને શત્રુંજયનાં દેરાસરોનાં જીર્ણોધ્ધાર આ બાબત નજરમાં રાખીને કરવામાં આવ્યા છે. જો કે શરૂઆતમાં કેટલાક લોકોને આ ન ગમ્યું, પરંતુ મને કહેતાં આનંદ થાય છે કે, હવે બધા આ દૃષ્ટિબિંદુ સમજવા લાગ્યા છે અને સંમત થયા છે કે જે કાંઈ થઈ રહ્યું છે તે બરાબર છે. હું આશા રાખું છું કે જીર્ણોદ્ધાર કરાવતી વખતે સંઘના અત્યારના કાર્યકરો અને આપણી ભાવિ પેઢીઓ આ વાત ધ્યાનમાં રાખશે.

આપણી બીજી એક મોટી સંપત્તિ તે આપણાં જ્ઞાનભંડારો. ઐતિહાસિક ફેરફારોને કારણે ભારતના બીજા ભાગોમાં પ્રાચીન-સાહિત્ય બહુ ઓછું સચવાયું છે, પરંતુ ગુજરાત અને રાજસ્થાનમાં તે સુરક્ષિત રહ્યું છે, જોકે આજે તેનો જોઈએ તેવો ઉપયોગ થતો નથી. જો આપણે જ્ઞાનભંડારોને સુવ્યવસ્થિત કરીએ કે જેથી વિદ્વાનો તેનો ઉપયોગ કરી શકે તો પ્રાદેશિક ઈતિહાસને અને ભાષાઓને

લાભ થશે, એટલું જ નહિ પણ જૈન ધર્મ અને જૈન સમાજે દેશના ઘડતરમાં જે ફાળો આપ્યો છે તે લોકોના ધ્યાનમાં આવશે.

જાહેર જીવનમાં કામ કરનાર માટે ક્યારેક અંગત સંબંધ અને સમાજના હિત વચ્ચે સંઘર્ષના પ્રસંગો આવે છે અને ત્યારે તેની કસોટી થાય છે. પેઢીના સંચાલન દરમિયાન જાહેર જીવનની જવાબદારીને ન્યાય આપવા માટે મારે એક પ્રસંગે કાયદેસર પગલાં ભરવા પડેલાં.

વ્યકિતગત અને સંસ્થાકીય આદર્શોના સંઘર્ષનો એક પ્રસંગ ૧૯૫૫ની સાલમાં બન્યો હતો. કેટલાક હરિજનભાઈઓએ શંત્રુજયના દેરાસરમાં જવાનો આગ્રહ જાહેર કર્યો. મેં અગાઉ કહ્યું તે પ્રમાણે સ્ત્રીઓ અને શુદ્રોને ધાર્મિક ક્રિયાઓમાં ભાગ લેવાનો અધિકાર છે તેવું જૈન ધર્મ સ્વીકારે છે એટલે નાહી-ધોઈ શુદ્ધ કપડાં પહેરી તેઓ દેરાસરમાં જઈ શકે છે તેવું મારૂં મંતવ્ય હતું. પરંતુ જુનવાણી વિચારધારાએ એવી પકડ પકડેલી કે હરિજનોને દેરાસરમાં જવા દેવાય નહિ. પેઢીના ટ્રસ્ટીઓ પાસે આ પ્રશ્ન આવ્યો. તેમણે સૌએ મંદિરપ્રવેશની ના પાડી. મારે કહેવું પડયું કે હું અંગત રીતે તેમની સાથે નથી, આ સંજોગોમાં તેમણે મને પેઢીમાંથી છૂટો થવા દેવો જોઈએ. હું મારા વ્યકિતગત સિદ્ધાંતના ભોગે પેઢીમાં કામ કરવા તૈયાર નથી. સદ્‌ભાગ્યે ટ્રસ્ટીમંડળ માની ગયું અને હરિજન પ્રવેશ માટે ઠરાવ કર્યો. આંદોલન આપોઆપ શમી ગયું.

રાજ્ય સાથેના સંઘર્ષમાં સંઘબળના વિજયનો એક પ્રસંગ કહું તો તે અસ્થાને નહિ લેખાય. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી દર વર્ષે પાલીતાણા દરબારને રૂા. ૧૫,૦૦૦ આપતી હતી. ૧૯૨૬ માં આ કરારનો અંત આવ્યો. નવો કરાર કરવા માટે દરબારે રૂા. ૧૫,૦૦૦ ને બદલે રૂા. ૧,૫૦,૦૦૦ ની માંગણી કરી. આ માંગણી ઘણી વધારે પડતી હોઈ પેઢીએ ઠરાવ કર્યો કે કોઈએ શેત્રુંજયની જાત્રાએ જવું નહિ. જૈન સમાજે આ ઠરાવનું પાલન એટલી તો કડક રીતે કર્યું કે તેની ઘણા મોટા પ્રમાણમાં અસર થઈ. પેઢીએ આવો ઠરાવ કરવો અને સારા યે જૈન સંઘે તેને શિરોધાર્ય કરવો, તેનો જ્યારે હું વિચાર કરું છું ત્યારે તે શ્રીસંઘ પાસે મારું મસ્તક નમે છે. શેત્રુંજયની યાત્રા કરવાનો કેટલી ય વ્યકિતઓને તો એવો નિયમ હતો કે જો તે જાત્રાએ ન જાય તો અમુક ચીજ ખાવાની છોડી દેવી પડે. મારાં દાદીમા દર વર્ષે બે વખત શેત્રુંજયની જાત્રાએ જતાં હતાં. જ્યારે પેઢીનો ઠરાવ થયો ત્યારે તે પણ જાત્રાએ ન ગયાં. તે બન્ને વખત પાંચસો રૂપિયા પેઢીને ભરતાં. તે યાત્રાએ ગયાં તો નહિ પરંતુ બેઉ વખત એમણે રૂપિયા પેઢીમાં ભરાવ્યા. સંઘબળમાં એમને આવી શ્રદ્ધા હતી. વાઈસરોય લૉર્ડ રીડીંગની સફળ દરમ્યાનગીરીથી આ પ્રશ્નનો સુખદ અંત આવ્યો. પાલીતાણા દરબારને નમતું જોખવું પડયું અને દોઢ લાખને બદલે વાર્ષિક રૂા. ૬૦,૦૦૦ આપવાનો કરાર થયો. આ રીતે રાજસત્તા ઉપર સંઘબળનો વિજય થયો.

આ પ્રસંગ કહેવા પાછળનો મારો આશય એ છે કે જૈન સંઘ જો એક થઈ અડીખમ ઊભો રહેશે તો તેને ઉની આંચ આવવાની નથી. ભારતના ઈતિહાસમાં ઘણા પલટા આવી ગયા છે, તે સામે આપણાં દેરાસરો જો સુરક્ષિત રહ્યાં હોય તો તે પણ આપણા સંઘ બળને આભારી છે. આપણાં બધાની એ ફરજ થઈ પડે છે કે આપણે સંઘબળને વધારે મજબૂત બનાવીએ. જે રીતે રાજ્યવ્યવસ્થા બદલાઈ રહી છે તે જોતાં ભવિષ્યમાં આવા સંગઠનની વધારે જરૂર પડશે. આપણાં તીર્થો દેશભરમાં પથરાયેલાં પડયાં છે અને એવા અવસરો આવશે કે આપણે એકે અવાજે ખભેખભા મિલાવી કામ કરવું પડશે.

આજના વ્યકિતવાદના જમાનામાં સંસ્કારોનો મહિમા ઘટતો જાય છે અને નીતિ અને સદાચારનાં મુલ્યો વિસરાવા કે પલટાવા લાગ્યાં છે. તેથી શીલ - સદાચાર તથા નીતિ - પ્રમાણિકતાની ભાવનાને ટકાવી રાખવા માટે વિશેષ પ્રયત્ન કરવો પડે એમ છે. આ માટે ધર્મનું શિક્ષણ અને ધર્મનો ઉપદેશ ઉપયોગી થઈ શકે એમ છે, પણ ખરો પ્રભાવ ધર્મમય જીવનનો જ પડે છે. એટલે આપણા સંઘની આચારસંહિતાના પાલનમાં જે કાંઈ ખામી આવી ગઈ હોય તે દૂર કરવાની જરૂર છે.

હવે જો મારા કામની વાત કરું તો મને એકરાર કરતાં ખુશી થાય છે કે શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વડા તરીકે મેં જે કાંઈ કામ કર્યું છે તે મારા સહકાર્યકર ટ્રસ્ટીઓને, અને તેમાં યે ખાસ કરીને શ્રી કેશુભાઈ શેઠને આભારી છે. હું તો માત્ર સુકાની હતો. જે કામો થયાં છે તેને માટે મારાં કરતા તેઓ યશના વધારે અધિકારી છે.

વળી, પેઢી મારફત તીર્થભકિત અને સંઘભકિત કરવાનો મને જે અવસર મળ્યો છે તેને હું મારા જીવનનો મોટો લહાવો ગણું છું. એની પાછળની મારી દષ્ટિ કંઈક આત્મસંતોષ અને નિર્મળ આનંદ મેળવવાની રહી છે. આપણા વડવાઓએ જે ધર્મકાર્યો અને તીર્થસ્થાનો કર્યાં છે, અને અત્યારે પણ જે કામો કરવાનાં બાકી છે એનો વિચાર આપણને અતિનમ્ર બનાવે છે. મંત્રીશ્વર વસ્તુપાળ જેવા ધર્મપુરુષે ભગવાનની સ્મૃતિ કરતાં રચેલ શ્લોકનું સ્મરણ કરવા જેવું છે. તેઓએ કહ્યું કે:

" ન કૃતં સુકૃતં કિંચિત્, સતાં સંસ્મરણોચિતમ્ ।
મનોરથૈકસારાણાં, એવમેવ ગતં વય: ॥ "

અનેક મહાન ધર્મકાર્યો કરનાર મહામંત્રી વસ્તુપાળ ભગવાન સમક્ષ નમ્રતા દર્શાવી કહે છે કે, "આટલી જિંદગી વહી ગઈ તો પણ સજ્જનોને યાદ રાખવા લાયક કોઈપણ સારૂં કાર્ય મારે હાથે થયું નથી. સારા મનોરથો કરવામાં જ જિંદગી વહી ગઈ." મંત્રીશ્વર વસ્તુપાળની સરખામણીએ તો આપણે જેટલી નમ્રતા દર્શાવીએ એટલી ઓછી છે. તીર્થભકિતમાં મારી લાગણી આવી જ રહી છે.

અંતમાં, આપે બધાએ મારું બહુમાન કર્યું તે માટે હું ફરી આપનો આભાર માનું છું અને પ્રભુ પ્રત્યે પ્રાર્થના કરું છું કે સમાજને વધુ ઉપયોગી નિવડવા મને શકિત અને પ્રેરણા આપે.

કસ્તુરભાઈ લાલભાઈ

## આચાર્ય તુલસી અને વિનોબાજીનું મીલન



જેની વિગતો ગયા અંકમાં આપવામાં આવી છે.

# રાજવીઓનાં સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારો

રાજવીઓનાં સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારો રદ કરતો ખરડો છેવટ લોકસભામાં દાખલ થયો છે. આ બાબત દેશમાં ઘણો વિવાદ જાગ્યો છે. બે વર્ષ પહેલાં મુંબઈ કૉંગ્રેસ મહાસમિતિની બેઠક થઈ હતી ત્યારે એક દશસૂત્રી કાર્યક્રમ – Ten Point Programme– મંજૂર થયો હતો. આ દસ મુદ્દાઓમાં એક મુદ્દો રાજવીઓનાં સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારોને નાબૂદ કરવાનો હતો. આ ઠરાવ કાંઈક ઉતાવળમાં રજૂ થયો હતો અને બહુ ચર્ચા વિના પસાર થયો હતો. કેટલાક આગેવાનો અને ઘણા સભ્યો હાજર પણ ન હતા. Snap Vote હતો. યુવાન ટર્કો તરફથી - સમાજવાદને નામે - આ કાર્યક્રમ રજૂ થયો હતો. પણ પછી તો બાઈબલના Ten Commandments પેઠે સ્વીકૃતિ પામ્યો, બેંગ્લોર અધિવેશનમાં વિસ્તાર પામ્યો અને ઈન્દિરા ગાંધીના આર્થિક કાર્યક્રમના અંગ તરીકે સર્વાનુમતે મંજૂર થયો. તે વખતે આ બાબતમાં કૉંગ્રેસમાં મતભેદ હતો. મોરારજીભાઈ, પાટિલ અને બીજા ઘણાં માનતા હતા કે, રાજાઓને આપેલ વચનો પાળવા જોઈએ. ત્યાર પછી સંસ્થાકીય કૉંગ્રેસ પણ સમાજવાદી દેખાવમાં પાછળ રહી ન જાય એટલે તેણે પણ સાલિયાણાં–નાબૂદી સ્વીકારી અને મોરારજીભાઈ, પાટિલ વિગેરે હવે એમ કહે છે કે તેમનો અંગત મત ગમે તે હોય પણ પક્ષની નીતિ તેઓ સ્વીકારે છે અને આ ખરડાને ટેકો આપશે. સ્વતંત્ર પક્ષ અને જનસંઘ તેનો વિરોધ કરે છે. ડાબેરી બધા પક્ષો તેને ટેકો આપે છે. શાસક કૉંગ્રેસ પક્ષમાં કાંઈક મતભેદ ઊભો થયો છે. રાજાઓએ ઠીક ઠીક પ્રચાર કરી, શાસક કૉંગ્રેસ પક્ષના સારી સંખ્યાના સભ્યોને પોતાના પક્ષે લીધા છે અને આ સભ્યોએ ઈન્દિરા ગાંધીને એક નિવેદન આપ્યું છે કે, આ બાબતમાં આગળ વધતાં પહેલાં સુપ્રિમ કોર્ટનો અભિપ્રાય લેવો. રાષ્ટ્રપતિની પાસે પણ તે પ્રમાણે માંગણી મૂકી છે. ચવ્હાણ આ બાબતમાં મક્કમ છે. અને છેવટ કેબિનેટે પણ મહાસમિતિના નિર્ણયનો અમલ કરવાનું નક્કી કર્યું છે અને આ ખરડો રજૂ થયો છે.

સુપ્રીમ કોર્ટનો અભિપ્રાય લેવા બાબતમાં કોઈક ગેરસમજણ છે. શું મુદ્દા ઉપર અભિપ્રાય લેવો? સાલિયાણા રદ કરવા યોગ્ય છે કે નહિ તે ઉપર કે પાલમિન્ટ બંધારણ મુજબ તેમ કરવા અધિકારી છે કે નહિ તે મુદ્દા ઉપર? પહેલો મુદ્દો નીતિનો છે, બીજો મુદ્દો બંધારણનો છે. નીતિ પાલમિન્ટે નક્કી કરવાની છે, સુપ્રિમ કોર્ટે નહિ. પ્રજામતને લક્ષમાં લઈ પાર્લમેન્ટ નીતિ નક્કી કરે છે. એ અધિકાર સુપ્રીમ કોર્ટનો નથી. પાલમિન્ટને આવો કાયદો કરવાનો અધિકાર છે કે નહિ તે માટે સુપ્રીમ કોર્ટનો પહેલેથી અભિપ્રાય મેળવવો અને પછી કાયદાનો વિચાર કરવો તે યોગ્ય નથી. સરકારે પોતાના કાયદાના સલાહકારોની સલાહ લેવાની હોય છે. સુપ્રીમ કોર્ટને પૂછીને કાયદા નથી થતા. કાયદો કર્યા પછી તે ગેરબંધારણીય હશે, તો સુપ્રીમ કોર્ટ નિર્ણય કરશે. કોર્ટને પૂછીને કાયદા કરવા એવું બને નહિ.

સરકારના આ પગલાંનો વિરોધ મુખ્ય બે કારણોથી થાય છે. એક એ છે કે રાજાઓને વચનો આપ્યા છે. બંધારણમાં તે વચનોના અમલની જોગવાઈ કરી ખાત્રી આપી છે કે તેનું પાલન થશે અને તેથી આવા પવિત્ર વચનનો ભંગ થાય તે અનૈતિક છે. બીજું એમ કહેવાય છે કે રાજાઓએ દેશહિતમાં બહુ ભોગ આપ્યો છે. પોતાનાં રાજ્યો અને કરોડોની મિલકત જતી કરી છે અને તેના અલ્પ વળતર તરીકે તેમને આપેલ સાલિયાણાં પણ લઈ લેવા તે દ્રોહ છે.

આ બન્ને કારણો તપાસીએ. એ ખરું છે કે, રાજાઓને વચનો આપ્યા છે અને બંધારણમાં તેના પાલનની ખાત્રી આપી છે. પણ શું यावत्चंद्रदिवाकरौ આ બંધનકર્તા રહે? જે સંજોગોમાં આ કરારો થયા તે સર્વથા પલટાઈ જાય, તો શું એ કરારમાં ફેરફાર ન થઈ શકે? આપણે જમીનદારીઓ નાબૂદ કરી, જમીનની ટોચ મર્યાદા નક્કી કરી, મેનેજિંગ એજન્સીઓ રદ કરી, ઉદ્યોગોમાં ઈજારાશાહી પર અંકુશો મૂકીએ છીએ, મોટા આવકવેરા, મિલકત-વેરા, એસ્ટેટ ડયૂટી અને બીજા ઘણાં કરવેરાઓ નાખી મિલકત અને આવકની અસમાનતાઓ દૂર કરવા ઈચ્છીએ છીએ, અને નવી સમાજરચના કરવી છે ત્યારે રાજાઓના એક નાના વર્ગને તેમાંથી બાદ રાખવો? આ બધી અસમાનતાઓ દૂર કરવા કાયદા કરવા જ પડયા છે. પલટાતા સંજોગોમાં આસમાની સુલતાની થાય તે અનિવાર્ય છે. આપણે લોકશાહી રીતે શાન્તિમયમાર્ગે તે કરીએ છીએ. જ્યાં લોહીયાળ ક્રાન્તિઓ થઈ છે ત્યાં આવા બધા સ્થાપિત હિતો જબરજસ્તીથી સર્વથા નાબૂદ થયા છે. રાજાઓએ આ સાલિયાણાં ઘણાં વર્ષો ભોગવ્યાં. આજે આવકવેરા વિગેરે એટલા મોટા છે કે મોટી આવક કે મિલકતની જમાવટ શકય નથી. એક લાખ કમાય તેને ૪૩ હજાર બચે છે, બીજા એક લાખમાંથી માત્ર ૧૨ હજાર બચે છે. અને ત્યાર પછી લગભગ ૯૩ ટકા આવકવેરામાં જાય છે. મહેનતથી કમાયેલ આવક ઉપર પણ જો આટલો મોટો બોજો આપણે નાખતા હોઈએ તો પાંચ લાખ અને દસ લાખ જેવા વાર્ષિક સાલિ-યાણાં આવકવેરામુકત કેવી રીતે વ્યાજબી ગણાય? પાંચ દસ કરોડ કમાય તો પણ આટલી ચોકખી આવક ન રહે. જે સ્થિતિમાં અને સંજોગોમાં આ સાલિયાણાં નક્કી થયાં ત્યારે તે જરૂરનું હતું. વર્તમાન સંજોગોમાં રાજાઓએ સ્વેચ્છાએ ફેરફાર કરવો જોઈતો હતો. સરકારે એ દિશામાં પ્રયત્નો કરી જોયા, પણ તેમાં સફળતા ન મળી.

હજુ પણ સાલિયાણાં રદ કરી, રાજાઓની આવક તાત્કાલિક સર્વથા બંધ નથી કરવાના. કેટલાક સમય સુધી, મર્યાદિત રકમ આપ-વાનો સરકારનો ઈરાદો છે. તે વિષે સરકાર રાજાઓ સાથે વાટાઘાટો કરશે. આપણે આશા રાખીએ, કે આ વાટાઘાટો સફળ થાય, ન થાય તો પણ સરકાર સંજોગોને જોઈને વ્યાજબી નિર્ણય કરશે જ.

હવે બીજો મુદ્દો રાજાઓએ આપેલા ભોગનો. એ ખરું છે કે રાજાઓ સમજી ગયા અને સરદાર પટેલની કુનેહથી સરળતાથી આ અતિ વિકટ પ્રશ્ન પત્યો. રાજાઓ ધારત તો ઘણી મુશ્કેલીઓ ઊભી કરી શકત. તેમાંના કેટલાકે દેશહિતનો વિચાર કર્યો. પણ જરા ઊંડા ઉતરીને તપાસીએ તો જણાશે કે તેમ કરવામાં રાજાઓને જ લાભ થયો છે. બ્રિટિશ બેયોનેટના રક્ષણથી તે નભતા હતા. એ રક્ષણ દૂર થતા, પ્રજાની સામે લાંબો વખત રાજાઓ ટકી શકત જ નહિ અને જો સમજણપૂર્વક ન કર્યું હોત તો બધું ગુમાવત. જુનાગઢમાં તેમ જ થયું. અને રાજ્યો તેમની ખાનગી મિલકત ન હતી, પ્રજાની મિલકત હતી. મોટા ભાગના રાજાઓએ તેમના રાજ્યોની આવક પ્રજાહિતમાં વાપરવાને બદલે, મોજશોખમાં અને પોતાની ખાનગી મિલકતો વધારવામાં તેનો ઉપયોગ કર્યો હતો. તેમનો ગેરવહીવટ બ્રિટિશ રક્ષણથી ઢંકાઈ જતો, પ્રજા કચડાતી. જવાબદાર રાજતંત્રની લડત દેશી રાજ્યોમાં ચાલી ત્યારે રાજાઓએ જુલમો અને અત્યા-ચારો કરવામાં બાકી રાખી ન હતી. બ્રિટિશ હકુમત દૂર થઈ અને રાજાઓ સ્વતંત્ર થયા ત્યારે, કાંઈક કાવાદાવા અને કાવતરાંઓ થયા. કેટલાક હિન્દુ રાજાઓ પણ પાકિસ્તાનમાં જોડાવા તૈયાર થયા હતા. લૉર્ડ માઉન્ટબેટનનું મક્કમ વલણ અને સરદારની કુનેહે આ બધું અટકાવ્યું. છેવટ તો સંજોગોને વશ થયા. તેમાં ડહાપણ કર્યું. નિઝામ જેવાં છેવટ સુધી લડયા તો ચમત્કાર બતાવવો પડયો. અને છેવટ જોડાણ થયાં ત્યારે પણ, કરોડોની મિલકત ઝપાટાબંધ રફે દફે કરી. બને તેટલી પોતાના કબજે રાખી. તે સંજોગોમાં સરદારે

ઉદારતાથી કામ લીધું અને લૂંટાઈ ગયું તેને ભૂલી ગયા. રાજ્યની મિલકત અને ખાનગી મિલકતની વહેંચણી કરવામાં મોટું મન રાખ્યું. એમ માન્યું કે, લઈ જઈને પણ ક્યાં જશે? આ બધા દેશી રાજ્યો ઈતિહાસના અવશેષો હતા. અકસ્માતનાં પરિણામો હતાં. મારે તેની તલવાર હતી અને લૂંટે તેની મિલકત હતી. બ્રિટિશોએ પોતાના સ્વાર્થે જેટલા બાકી રહ્યા તેમને નભવા દીધા. આ બધું અત્યારે ઉખાળવાની જરૂર નથી. ઘણું કહેવાય તેમ છે. રાજાઓનો ભૂતકાળ ઉજ્જવળ નથી. પણ જ્યારે તેમના મહાન ભોગની વાત થાય છે, ત્યારે આ વસ્તુઓ ભૂલી ન જવાય.

પવિત્ર વચનોનો ભંગ થાય છે અને રાજાઓએ આપેલ ભોગની અવગણના થાય છે એવું કહેવામાં આવે ત્યારે કાંઈક ખરી વસ્તુ-સ્થિતિ સમજી લેવી જરૂરની છે.

રાજાઓના વિશિષ્ટ અધિકારો એવાં છે કે જે તેઓ પોતે પણ જતા કરવા તૈયાર થાય. તેમની મોટરોને લાલ પાટિયું લાગે, તેમને તોપોનું માન મળે, પાણી—વીજળી વિનામૂલ્ય મળે, તેમની સામે કોઈ કેસ કરવો હોય તો સરકારની પ્રથમ મંજૂરી મેળવવી, એવા કેટલાય ઝીણા મોટા અધિકારો ત્યારે આપેલા, વર્તમાન સંજોગોમાં તે બધા અસ્થાને છે. કદાચ રાજાઓ પોતે જ આ સંબંધે વ્યાજબી તડજોડ કરશે.

હકીકતમાં, કોઈ રાજ્ય ન હોય ત્યાં રાજાઓ રહે એ અસંગત છે. આ ખરડાના ઉદ્દેશમાં કહ્યું છે:

"The concept of Rulership, with privy purses and special privilegs, is incompatible with an egalitarian social order."

૨૫-૫-૭૦ ચીમનલાલ ચકભાઈ

# એપોલો ૧૩નું ચંદ્રઊતરાણ કેમ નિષ્ફળ નિવડયું?

(જગ્યાના અભાવે ગતાંકમાં આપવું રહી ગયેલું લખાણ)

[અવકાશયાન ત્રણ વિભાગમાં વહેંચાયલું હોય છે: ૧. સર્વિસ મોડયુલ (સેવા—યાન); ૨. કમાન્ડ મોડયુલ (મુખ્ય યાન); ૩. લ્યુનર મોડયુલ (ચંદ્ર—યાન). સર્વિસ મોડયુલમાં એન્જિન, ઓકિસજનની ટાંકી તેમ જ બીજી ટેક્નિકલ સામગ્રી હોય છે, કમાન્ડ મોડયુ-લમાં અવકાશયાત્રીઓ પોતાની યાત્રાનો મોટો ભાગ પસાર કરે છે, જ્યારે અવકાશયાન ચંદ્રની સમીપ પહોંચે છે ત્યારે અવકાશયાત્રીઓ ઉપર જણાવેલ લ્યુનર મોડયુલમાં દાખલ થાય છે, ચંદ્ર ઉપર ઊતરાણ કરે છે, તેની સપાટી ઉપર જરૂરી સમય ગાળે છે, પાછા તેમાં દાખલ થાય છે અને ચંદ્ર આસપાસ ફરતા અવકાશયાન સમીપ પહોંચતાં અવકાશયાનમાં પુન:પ્રવેશ કરે છે અને લ્યુનર મોડયુલને છૂટું મૂકી દે છે.

ચંદ્રની સપાટીનું વધારે બારીક નિરીક્ષણ કરવા માટે ૧૨મી એપ્રિલે ઉપડેલું એપોલો ૧૩ ચંદ્ર સુધી પહોંચી ન શકતાં કેવા સંયોગોમાં ૧૭મી એપ્રિલના રોજ પાછું ફર્યું તેનો નીચેના ટૂંકા લખાણમાં ભાઈ અશોક બોઘાણીએ કેટલોક ખ્યાલ આપ્યો છે. આપણામાંના ઘણાના ધ્યાનમાં આ વિગતો નથી હોતી તેમને આ લેખથી અવકાશયાત્રીઓ કેવા જીવલેણ સંકટમાંથી પસાર થયા તેનો સ્પષ્ટ ખ્યાલ આવશે. **પરમાનંદ**]

એપોલો ૧૧ અને એપોલો ૧૨ની સફળતા પછી લોકોના મનમાં એવો ખ્યાલ બેસી ગયો હતો કે ચંદ્રયાત્રા તદ્દન સરળ છે, એટલા માટે જ એપોલો ૧૩ના ઉડ્ડયનની શરૂઆત વખતે તેમાં બહુ ઓછા લોકોને રસ હતો, પરંતુ તેના ઉડ્ડયન બાદ લગભગ અઢી દિવસ પછી તેને નડેલા અકસ્માતને લીધે બધા જ લોકોના જીવ ઊંચા થઈ ગયા અને સર્વ લોકો વિજ્ઞાન માટે પોતાની જિંદગી હોડમાં મુકવાવાળા એપોલો ૧૩ના આ ત્રણ સાહસવીરોની સલામતી માટે પ્રાર્થના કરવા લાગ્યા.

એપોલો-૧૩ ને ૧૩નો અપશુકનિયાળ આંકડો પહેલેથી જ નડતો હતો. ઉડ્ડયનના થોડા દિવસ પહેલાં યંત્રોમાંની કંઈ ખામીને લીધે આ ચંદ્રયાત્રા રદ થવાનો ભય ઊભો થયો હતો; પરંતુ આ ખામી વખતસર દૂર થઈ ગઈ હતી. ઉડ્ડયનના બે જ દિવસ પહેલા એક અવકાશયાત્રી, મેટિંગલીને અછબડાનો ચેપ લાગ્યો હોય તેવી આશંકા ઊભી થઈ અને તેથી તેને બદલે બીજા અવકાશયાત્રી સ્વીગર્ટને લેવામાં આવ્યો (પાછળથી પુરવાર થયું કે મેટિંગલીને ખરેખર કોઈ ચેપ લાગ્યો નહોતો). અંતે એપોલો ૧૩ સમયસર ચંદ્ર તરફ જવા ઊપડયું ત્યારે તેનાં અવકાશયાત્રીઓ હતાં—જેમ્સ લોવેલ, ફ્રેડ હેઈસ અને જેક સ્વીગર્ટ.

ભારતીય સમય પ્રમાણે મંગળવારે એટલે કે તારીખ ૧૪ એપ્રિલે સવારે એપોલો અવકાશયાન એક ધડાકાથી ધણધણી ઊઠયું (આ ધડાકાનું કારણ શૉર્ટ સરકીટ હતું એમ માનવામાં આવે છે.) આ ધડાકાને લીધે સેવાયાન (Srevice Module) ની પ્રાણવાયુની બન્ને ટાંકીઓમાં કાણાં પડયાં અને થોડા સમયમાં જીવન માટે અનિ-વાર્ય પ્રાણવાયુ—ઓકિસજન—બહારના અવકાશમાં ચાલી ગયો. આ જાણે કે ઓછું હતું તેમ ત્રણમાંથી બે ઈંધણકોષો પણ નાકામયાબ બની ગયા અને આના કારણે વિદ્યુતશકિત પણ ઓછી થઈ ગઈ. (આ ઈંધણકોષો આપણી બેટરી જેવા હોય છે. એમાં હાઈડ્રોજન અને પ્રાણવાયુના મિશ્રણથી પાણી બનાવવામાં આવે છે અને જેથી રાસાયણિક શકિત પેદા થાય છે તેનું વિદ્યુતશકિતમાં રૂપાન્તર કરવામાં આવે છે. આ જ વિદ્યુતશકિત મુખ્ય યાન—Command Module—માં વપરાય છે.) આમ પાણી તથા વિદ્યુત્‌નું ઉત્પાદન બંધ થતાં ચંદ્ર પર ઊતરાણ કરવું અસંભવ લાગ્યું અને તરત જ તે રદ કરવામાં આવ્યું. હવે સમસ્યા માત્ર અવકાશયાત્રીઓને પાછા લાવવા માટેની જ હતી. આ સમયે તેનું પૃથ્વીથી અંતર લગભગ બે લાખ માઈલનું હતું.

અવકાશયાનને ચંદ્ર સુધી જવા પહેલાં જ પાછું વાળવું શકય હતું, પણ તેના માટે સેવાયાનના એન્જિનનો ઉપયોગ કરવો પડે તેમ હતું, પરંતુ ધડાકા પછી સેવાયાનના યંત્રો પર પૃથ્વી પરનાં સંચાલકોને ભરોસો ન હતો. તેથી જ તેને તે રીતે વાળીને પાછું લાવવાનો વિચાર પડતો મુકાયો અને તેને ચંદ્રની એક પ્રદક્ષિણા મારી પાછું લાવવાનું નક્કી કરવામાં આવ્યું.

અવકાશયાત્રીઓ માટે મુખ્ય યાનમાં રહેવાનું અશકય હતું તેથી તેઓને ચંદ્રયાન (Lunar Module)માં જવાનો આદેશ આપ-વામાં આવ્યો. ચંદ્રયાનમાં પાણી, ખોરાક, પ્રાણવાયુ તથા વિદ્યુત-શકિતનો પૂરવઠો હતો. મુખ્ય યાનનો ઉપયોગ તો માત્ર શયનખંડ તરીકે કરવામાં આવતો. ત્યારે પણ પ્રાણવાયુ તો ચંદ્રયાનમાંથી જ પહોંચાડવામાં આવતો હતો.

આ રીતે અવકાશયાન ચંદ્ર સુધી પહોંચ્યું. હવે અહીં ચંદ્રયાનનું એન્જિન નકકી કરેલા સમય માટે ચાલુ કરવાનું હતું, આ એન્જિન જો કામ ન કરે તો એપોલોયાન પૃથ્વીથી લગભગ ૪,૦૦૦ માઈલ દૂરથી પસાર થઈ જાય અને ચંદ્રયાત્રીઓને બચાવવાની કોઈ આશા ન રહે. પરંતુ સારા નસીબે એન્જિન બરાબર ચાલ્યું અને અવકાશયાત્રીઓની પૃથ્વી તરફની સફર શરૂ થઈ. હવે એ જ જોવાનું હતું કે ખોરાક, પાણી, પ્રાણવાયુ અને સૌથી મહત્ત્વની અવકાશ-યાત્રીઓની Will to live—જીવતા ટકી રહેવાનો નિશ્ચય—જિજિવિષા-કાયમ રહે છે કે નહિ?

દુનિયાના લોકો તેમના રક્ષણ માટે એકદિલથી પ્રાર્થના કરવા લાગ્યા. જે લોકોને વિયેટનામમાં મરતાં હજારો લોકોની કંઈ પડી ન હતી તે લોકોએ પણ આ ત્રણ માણસોની જિંદગી માટે કંઈ પણ કરી છૂટવા તત્પરતા બતાવી. રશિયા વગેરે દેશોએ પણ મદદ કરવાની બાંહેધરી આપી.

કદાચ આ પ્રાર્થનાઓના પ્રતાપે ૧૭મી એપ્રિલની રાત્રિના ૧૧-૨૫ વાગ્યે અવકાશયાત્રીઓ પૃથ્વી પર સહીસલામત પાછા આવી પહોંચ્યા અને આમ માનવીની સૌથી મુશ્કેલીઓવાળી અવકાશ-યાત્રા પૂરી થઈ.

એક ચંદ્રયાત્રાનો ખર્ચ લગભગ અઢી અબજ રૂપિયા થાય છે. એપોલો-૧૩નાં આ અકસ્માતને કારણે કદાચ આ દ્રવ્યનો વ્યય નિરર્થક થયો લાગે, પણ આ અકસ્માતથી જે અનુભવ થયો અને કોઈ પણ અકસ્માતને પહોંચી વળવાનો જે વિશ્વાસ પેદા થયો તે અમૂલ્ય છે.

**અશોક બોઘાણી**

# ☆ સાધ્વીશ્રી નિર્મળાશ્રી: એક પરિચય ☆

(માર્ચ મહિનાની આખરમાં અમદાવાદ જવાનું બનતાં જેમના વિષે ઘણા વખતથી હું સાંભળતો આવ્યો હતો તેવાં સાધ્વીશ્રી નિર્મળાશ્રીનાં દર્શન કરવાની મને તક સાંપડી, અને જેમના વિષે મારું મન પ્રભાવિત બન્યું. આવા સાધ્વીનો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પરિચય થાય તે હેતુથી શ્રી રતિલાલ દીપચંદ દેસાઈની પરિચયનોંધ તા. ૨૧-૩-૭૦ના જૈનમાંથી ઉદ્ધૃત કરવાનું ઉચિત ધાર્યું છે. **પરમાનંદ**)

વિદૂષી સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીનું નામ અને કામ જૈન સંઘમાં ઠીક ઠીક જાણીતું છે; અને એક પ્રભાવશાળી વ્યાખ્યાતા તરીકે તેઓએ જૈન–જૈનેતર વર્ગમાં સારી ચાહના મેળવી છે. એમની આવી નામના અને લોકચાહનામાં જેમ એમની વિદ્વત્તા અને વ્યાખ્યાનશકિતનો ફાળો છે, તેમ એમના અંતરમાં સતત વહેતી જનકલ્યાણનાં કાર્યોમાં પોતાની શકિતઓને સફળ બનાવવાની ભાવનાનો પણ ઘણો મોટો ફાળો છે. વિદ્વત્તા, વકતૃત્વશકિત અને લોકકલ્યાણની ભાવના, એ ત્રણેનો સંગમ વિરલ જ જોવા મળે છે. તેઓમાં આ સર્વ મંગલકારી ત્રિવેણીસંગમ સધાયો છે, અને તેઓ સ્વકલ્યાણ અને પરકલ્યાણના ધ્યેયને વરેલાં, જૈન સંઘની શોભા અને એના ગૌરવસમાં એક સાધ્વીરત્ન બની ગયાં છે. જનસમુદાયનું કંઈક ને કંઈક પણ ભલું કરવાની લાગણી એમને જાણે નિરાંતે જંપવાળીને બેસવા દેતી નથી, અને નિરંતર કાર્યપરાયણતાના માર્ગે દોર્યા કરે છે.

એમની ઊર્મિ તો એમને કંઈ કંઈ કરવા પ્રેરે છે, પણ શાસ્ત્ર અને પરંપરાની મર્યાદાઓને ધ્યાનમાં રાખીને એમને પોતાના કાર્યક્ષેત્રને મર્યાદિત બનાવવું પડે છે. આથી સરવાળે સંઘને કે સામાન્યજનસમૂહને થોડું–ઝાઝું પણ નુકસાન જ વેઠવું પડે છે પણ એ વાત જવા દઈએ.

એમણે પોતાની મર્યાદા સમજીને, સત્રો યોજીને કે બીજી જે રીતે બની શકે તે રીતે અત્યારે ઉછરતી કન્યાઓને કેળવીને સંસ્કારદાન આપવા તરફ વધારે ધ્યાન આપવાનું નક્કી કર્યું છે. તેઓ હંમેશા આ અંગે કંઈક ને કંઈક વિચારતાં અને એ દિશામાં શકય પ્રયત્ન કરતાં જ રહે છે. છેલ્લાં ચાર પાંચ વર્ષ દરમ્યાન એમની રાહબરી નીચે યોજાયેલા સંસ્કારઅધ્યયન સત્રો એમની ઉત્કટ તમન્નાની સાક્ષી પૂરે છે. એમની પાસેથી જૈન સંઘ ઈચ્છે, એટલું કામ આપવાની એમની શકિત અને તાલાવેલી છે. આપણે વધુ લાભ ન લઈ શકીએ એ આપણી પોતાની ક્ષતિ છે.

"ધી ટાઈમ્સ ઑફ ઈંડિયા" અંગ્રેજી દૈનિકના એક બહેન–પ્રતિનિધિ શ્રીમતી વિમલાબહેન પાટીલે થોડા વખત પહેલાં સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીની મુલાકાત લીધી હતી. એ મુલાકાત દરમ્યાન શ્રીમતી વિમલાબહેનના મન ઉપર સાધ્વીજીના જીવન અને કાર્યનો જે પ્રભાવ પડયો તેની વિગત એમણે "ધી ટાઈમ્સ ઑફ ઈંડિયા"ના તા. ૮-૨-૧૯૭૦ના અંકમાં 'A Concern Eor Brothers'–બીજાઓ માટેની ફિકર–એ નામે લેખમાં આપી છે. તેમાં એમણે આ સાધ્વીજીનાં વ્યકિતત્વ અને કાર્યને ભાવભરી અંજલિ આપી છે. એમાંના થોડાક ભાગનો આપણે પણ આસ્વાદ લઈએ. શ્રીમતી પાટીલ કહે છે કે–

"સાધ્વીજી દેખાવમાં નિરાડંબરી સીધાંસાદાં હોવા છતાં એમની સાથે વાત કરીએ ત્યારે ઈતિહાસ, તત્ત્વજ્ઞાન અને એક રીતે સમાજશાસ્ત્ર સંબંધી એમની જાણકારીનો ખજાનો આપણેને દેખાઈ આવે છે. એમની ગુજરાતી ભાષા શુદ્ધ છે, સંસ્કૃત તેઓ સ્પષ્ટ અને નિશ્ચિત અર્થવાળું બોલે છે. અને વાતચીત દરમ્યાન જૈનગ્રંથોના છૂટાછવાયા ઉદ્ધરણો સમજાવતાં તેઓ અર્ધમાગધી અને પ્રાકૃતભાષાનો પ્રવાહબદ્ધ રીતે ઉપયોગ કરે છે. સંસ્કૃત લઈને બનારસ હિંદુ યુનિવર્સિટીની એમ. એ.ની ડિગ્રી મેળવનાર નિર્મળાશ્રીજીએ હિંદીનો પણ ઊંચામાં ઊંચો ડિપ્લોમા મેળવેલ છે અને તેઓ હૃદયસ્પર્શી શબ્દોનો ઉપયોગ કરીને મધુર હિંદી બોલે છે."

આ પછી સાધ્વીજી દ્વારા ચલાવાતા શિબિરોની કાર્યવાહીનું રોચક અને પ્રશંસાત્મક વર્ણન કર્યા પછી સાધ્વીજી પ્રત્યેની ભકિતનો ખ્યાલ આપતાં આ બહેન લખે છે કે–

"એ વિદ્યાર્થિનીઓની સાથેની વાતચીત ઉપરથી એક વાત સ્પષ્ટ રૂપે સમજી શકાય છે કે, જે જે કન્યાઓ આ સાધ્વીજી પાસે અત્યાર સુધીમાં અભ્યાસ કરી ગઈ છે, એવી સેંકડો કન્યાઓના અંતરમાં સાધ્વીજીએ શકિત અને પ્રશંસાની લાગણી જન્માવી છે. ઘણી કન્યાઓ, શિબિરનું કામ પૂરું થઈ ગયા પછી પણ, સાંત્વન મેળવવા સલાહ લેવા કે પ્રોત્સાહન પ્રાપ્ત કરવા એમની પાસે આવતી રહી છે."

"ટાઈમ્સ"ના આ પ્રતિનિધિ બહેને કન્યાઓની નિર્મળાશ્રીજી પ્રત્યેની આવી આદર અને ભકિતની લાગણી અંગે ઉપર જે કહ્યું તે, બિલકુલ સાચું છે. જેમના અંતરમાં એક આદર્શ ને ઉપરકારક શિક્ષિકાને સહજ એવી માતાની મમતાનો વાત્સલ્ય-ઝરો વહેતો હોય એના પ્રત્યે એમના પરિચયમાં આવનાર સહુ કોઈને આવી લાગણી થઈ આવે એ સ્વાભાવિક છે.

અંતમાં એમની કલ્યાણભાવનાનો ખ્યાલ આપતાં શ્રીમતી પાટીલ કહે છે કે–

"નિર્મળાશ્રીજીની સમાજકલ્યાણની અને ઉછરતી પેઢીમાં નવસંસ્કારો રેડવાની પ્રવૃત્તિ જોઈને એક સવાલ થઈ આવે છે. બીજાઓના માટે તેઓ જે ચિન્તા સેવે છે તેનો, એમની પરંપરા જે સંપૂર્ણ ત્યાગની હિમાયત કરે છે, એની સાથે તેઓ કેવી રીતે મેળ બેસાડે છે? આનો સાદો સરળ જવાબ આપતાં નિર્મળાશ્રીજી કહે છે કે, જરૂરિયાતવાળી વ્યકિત સહાયતાનો જે પોકાર પાડતી હોય એનાથી સાધુ પણ અસરમુકત ન રહી શકે. અમારી ધર્મપરંપરાના સભ્યો (સાધુ–સાધ્વીઓ) બીજાઓને મદદ કરી શકાય એવી કોઈ વસ્તુ કે સંપત્તિ ધરાવતા હોતા નથી. બીજાઓનાં દુ:ખ દૂર કરવાનો અમારે માટે એક જ માર્ગ છે; તે માર્ગ છે, સહાનુભૂતિનો અને સમજણનો. મારા મત પ્રમાણે ત્યાગના સિદ્ધાંતોનો અમલ એટલાં પ્રમાણમાં હોવો જોઈએ કે અમે અમારી પરંપરાની ધાર્મિક શિસ્ત સાથે કોઈ જાતની બાંધછોડ ન કરીએ અને ઈન્દ્રિયજન્ય સુખભોગ તરફ ન ખેંચાઈ જઈએ. બાકી તો, જે રીતે અમે દુ:ખી માનવજાતની વચ્ચે રહીએ છીએ, એ રીતે રહેવા છતાં, જ્યાં હિંમતની ખૂબ જરૂર છે, એની સામે અમે અમારી આંખો કેવી રીતે બંધ કરી દઈ શકીએ? પરિપૂર્ણ ત્યાગ તો ત્યારે જ શકય બને, જ્યારે આપણે માનવ સભ્યતાથી દૂર દૂર જંગલમાં જઈને વસીએ."

સાધ્વીજીએ કરેલ આ ખુલાસામાં આપણને, આડકતરી રીતે, એમની પ્રવૃત્તિમાર્ગ અને નિવૃત્તિમાર્ગને લગતી સાચી સમજણની ઝલક જોવા મળે છે. આપણા સંઘમાં આવી વિદૂષી, વિચારક અને પ્રભાવશાળી સાધ્વી છે, એ સંઘનું ગૌરવ અને સદ્‌ભાગ્ય છે. સાધ્વી શ્રી નિર્મળાશ્રીજી હજુ પણ વધુ વિકાસ કરી શકે એવી વધુ મોકળાશ શ્રીસંઘ કરી આપે, અને એમની ભાવના અને શકિતઓનો વધુ ને વધુ લાભ લે, એ જ અભિલાષા.

રતિલાલ દીપચંદ દેસાઈ

# ☆ દિવંગત આત્માઓને આદર-અંજલિ ☆

## પુરુષાર્થી ઉદારચેતા શ્રી હરગોવિંદભાઈ

સહૃદય સખા શ્રી હરગોવિંદભાઈનો સ્વર્ગવાસ તા. ૩-૫-૭૦ ના એમના નિવાસસ્થાન મુલુન્ડમાં (મુંબઈ) થયો. એના સમાચાર તારથી મળતાં જ મેં બે લાગણીઓ એક સાથે અનુભવી. એક તો આવા ચિર વિદ્યાસખાના વિયોગની દુ:ખદ અને બીજી લાંબા સમય થયા અનેક વ્યાધિઓની અસહ્ય યાતનામાંથી કાળધર્મે કરેલ છૂટકારાથી થતી રાહતની લાગણી.

શ્રી હરગોવિંદભાઈનું વિસ્તૃત જીવન અનેક દૃષ્ટિએ જાણવા જેવું છે. પણ અત્યારે તો એની ટૂંકી નોંધ લેવાનું મારા માટે શક્ય છે. તેથી પ્રબુદ્ધ જીવનના વાચકોને પ્રેરક થઈ પડે એવા થોડાક ઉપયોગી મુદ્દાઓનો જ અત્રે નિર્દેશ કરવા ધારું છું. લગભગ ૬૫ વર્ષ પહેલાં કાશીમાં હું જ્યાં અભ્યાસ કરતો તે જ સંસ્થામાં શ્રી. હરગોવિંદભાઈ પણ અચાનક અભ્યાસ કરવાની દૃષ્ટિએ જ આવી ચડ્યા. આમ તો અમારા બંનેના રૂમ સામસામા, પણ મળવાનું સાવ ઓછું. મેં કલ્પેલું કે તેઓ અમુક સાધુના સહવાસમાં તેમના જ રૂમમાં છે એટલે કોઈ દીક્ષાર્થી હશે, પણ એ ભ્રમ જલ્દી જ ભાંગી ગયો. હરગોવિંદભાઈ બનારસથી મુંબઈ ગયા. તેઓનું મૂળ વતન તો ગોહિલવાડમાં ઉમરાળા, પણ આર્થિક દૃષ્ટિએ તેઓ **મુંબઈમાં** કાંઈક કામે લાગ્યા. પહેલું કામ તેમણે કોઈની નોકરી અને તે પણ ખાસ ઉઘરાણી કરવાની સ્વીકારી. લિફ્ટ વિનાના એ જમાનામાં પાંચ પાંચ, છ છ માળે વગર થાકે ચઢી, ઊતરી થોડા પગારમાં પણ ગાડું ચલાવ્યું. પણ બુદ્ધિ અને જાતમહેનતની વૃત્તિએ તેમને છેવટે ધંધા તરફ પ્રેર્યા અને કરીયાણાની દુકાન શરૂ કરી. એ દુકાન હતી તો નાના પાયા ઉપર પણ ખંત, જાત મહેનત, પ્રામાણિકતાને લીધે તેઓ બજારમાં વિશેષ જાણીતા થતા ગયા અને પહેલી લડાઈના દિવસોમાં તેઓ પોતાના મોટાભાઈ ઝવેરભાઈ સાથે બીજા જાણીતા શેઠ શ્રી નરોત્તમ ભાણજી આદિ સાથે જમીનના ધંધામાં પણ જોડાયા. છેવટે એમાંથી અમુક નફો લઈ છૂટા થયા અને કરીયાણાની દુકાનનું કામકાજ વધારે વિકસાવવા લાગ્યા.

ઘાટકોપરથી આગળ ભાંડુપ, વિક્રોલીમાં એમણે મકાન બાંધ્યા અને વેચ્યાં. છેવટે થાણા પાસેના મુલુન્ડમાં સ્થિર થયા. આ વખતે મુલુન્ડમાં ભાગ્યે જ બે, ચાર બંગલા હશે. પણ એને વિશેષ વિકસાવવાનું અને વસાવવાનું કામ પાયામાં તો મુખ્યપણે એ બંને ભાઈઓનું.

કરીયાણાની દુકાન અને જુદા જુદા પરાઓમાં મકાનો બંધાવવા, જમીનની લે-વેચ કરવી એ બધા ધંધાનો ભાર જેવો તેવો નહોતો, પણ એમનો મૂળ સંસ્કાર કાંઈક જૂદો જ હતો અને તે હતો જુદા જુદા શાસ્ત્રોના અભ્યાસનો તેમ જ વિવિધ વિદ્યાઓની જિજ્ઞાસા સંતોષવાનો.

આ મૂળ સંસ્કાર એમનામાં મેં અને બીજા નિકટના મિત્રોએ એટલો બધો બળવાન જોયો છે અને એને સંતોષવાની એટલી બધી ઉગ્ર તમન્ના અને સાધના જોઈ છે કે એની ગાથા જ શ્રીહરગોવિંદભાઈની મુખ્ય જીવનગાથા અને પ્રેરકગાથા બની રહે છે. એના થોડાક નમૂના આ રહ્યા.

૧. મુંબઈમાં વસ્યા અને પ્રસિદ્ધ હિન્દી સાહિત્યકાર સ્વર્ગવાસી નાથુરામ પ્રેમીજીના પરિચયમાં આવ્યા. પ્રેમીજીને પણ એક સધિયારો સાંપડયો. એ ગાઢ મૈત્રી અને પડોશીના નાતે હરગોવિંદભાઈ હિન્દી, મરાઠી અને બંગાળી સાહિત્ય વાંચવા અને તે તે ભાષા શીખવાના પંથે વળ્યા. પછી તો એમણે એ માટે અનેક જાતનું સાહિત્ય મેળવ્યું, છાપાઓ મંગાવ્યા અને આપમેળે એ દિશામાં ઠીક ઠીક પ્રગતિ કરી. આ બધું કરતાં ત્યારે પણ એમનો સંસ્કૃત ભાષાનો રસ ઓસર્યો નહોતો. એટલે તેઓ સંસ્કૃત વ્યાકરણ, કાવ્ય આદિનું પરિશીલન તો કરતા જ હતા. વચ્ચે વચ્ચે તેમને અંગ્રેજીનો નાદ વળગે ત્યારે થોડો વખત આપમેળે અને કોઈને રોકીને પણ એ વૃત્તિ સંતોષે. પણ એમણે વધારે વખત અને બુદ્ધિ તો સંસ્કૃત, પ્રાકૃત ભાષા અને તેના સાહિત્યમાં જ યોજ્યે રાખ્યા. આમ ભાષાઓ શીખતાં અને છાપા અને સાહિત્ય વાંચતા જે રુચિ અને શકિત પોષાયે જતી હતી તેના પરિણામે તેઓ અનેક ભાષાઓનું અને અનેક વિષયોનું સાહિત્ય પણ ખરીદે જતા. એટલે તેમની લાયબ્રેરીનું કદ ઉત્તરોત્તર વધ્યે જ જતું અને ગમે તેવા કિંમતી પુસ્તકો ખરીદવામાં પણ તેઓ પાછા ન પડતાં.

૨. વાચકને સ્હેજે પ્રશ્ન થાય કે ધંધાની બેવડી જવાબદારી વચ્ચે તેઓ નવું નવું શીખવાનું કામ કેવી રીતે કરતા? અને કેવી રીતે વખત મેળવતા? આનો ઉત્તર ટૂંકમાં એટલો જ કે સવારે અને રાત્રે તો ઘરમાં બેસી વાંચે. પણ પરામાં રહેતાં હોવાથી મસ્જીદ બંદર સુધી ટ્રેઈનમાં જવા આવવામાં જે સમય લાગતો તે બધા સમયનો ઉપયોગ તેઓ વાંચવામાં જ કરતાં. અને તે માટે તેઓ ફર્સ્ટ ક્લાસનો પાસ રાખતા. થેલીમાં તો ચોપડીઓ હોય જ. દુકાને જરાક નવરાશ મળી કે પુસ્તક હાથમાં.

આવા વિદ્યાવ્યાસંગે તેમને અનેક યોગ્ય વિદ્યારસિક મિત્રો પણ મેળવી આપ્યા. શ્રી મોહનલાલ દલીચંદ દેસાઈ, શ્રી મોહનલાલ સોલિસિટર અને પં. બેચરદાસ તેમ જ અમારા જેવા અનેકોનું મિલનસ્થાન તેમનું ઘર બની ગયું. આતિથ્યની અને બીજી ઘણી ઉદારતાઓએ તેમના પ્રત્યે જૈન જૈનેતર સંસ્કારી વર્ગનું ધ્યાન વધતું ગયું. જૈન પરંપરાના દરેક ફિરકાના સાધુસાધ્વીઓ પણ તેમની પાસે આવે. ઘણા તો પુસ્તકના લોભે. હરગોવિંદભાઈની પ્રકૃતિ એવી કે જે સાધુસાધ્વીને જે જે પુસ્તક જોઈએ તે આપી જ દે, અને પોતે નવું વસાવે. આ રીતે એક બાજુ એમની લાયબ્રેરી ખાલી થતી જાય તો બીજી બાજુ તે નવે નવે રૂપે ઉભરાતી પણ જાય. આ ઉપરાંત તેઓ જ્યોતિષ અને સામુદિક શાસ્ત્રના ઊંડા અભ્યાસી હતા અને આ વિષયને લગતા ગ્રંથોનો તેમની પાસે વિપુલ સંચય હતો અને આ બાબતમાં તેઓ અનેકને માર્ગદર્શન આપતા.

હરગોવિંદદાસ ધાર્મિક વૃત્તિના હતા. એ વૃત્તિથી એમણે પાલીતાણામાં એક ધાર્મિક પાઠશાળા શરૂ કરેલી અને તેમાં એક સુયોગ્ય પંડિતને પૂરો આશ્રય આપી ત્યાં આવનાર બધા જ સાધુ-સાધ્વી કે ગૃહસ્થ ભાઈ-બહેનોને ધાર્મિક અને દાર્શનિક મુક્ત શિક્ષણ મળે એવી પણ ગોઠવણ કરેલી. મુલુન્ડમાં તો એમણે પોતાની કિંમતી જમીન આપી ત્યાંના સંઘના સહકારથી મંદિર અને ઉપાશ્રય પણ બંધાવેલ છે. તેમની દૃષ્ટિ એ રહેલી કે અમુક ગચ્છને માનતા કચ્છી ભાઈઓ અને ઈતર ગચ્છને માનતા ગુજરાતીઓ બધા પોતપોતાની રીતે એક જ ધર્મસ્થાનમાં મળે અને પોતાની રુચિ પ્રમાણે જુદા જુદા ક્રિયાકાંડો પણ તકરાર વિના આચરે. આ માટે એમણે ખૂબ જહેમત ઊઠાવેલી.

હરગોવિંદદાસનું ચિત્ત આર્થિક દૃષ્ટિએ ઠીક ઠીક કહી શકાય એવું ઉદાર હતું. તેથી જ્યારે કોઈની ભીડ જુએ ત્યારે એને યથાશક્તિ મૂંગે મોઢે અવશ્ય મદદ કરતા. તેઓ બીજાનું ધ્યાન ખેંચે એવી મોટી રકમ એક સાથે ખર્ચી ન શકતા. પણ એમની નાની મોટી મદદ કરવાની વૃત્તિ તો સદાય જાગતી રહેતી.

અમુક સમયે પરદેશ જતાં વિદ્યાર્થીઓને કાંઈક મદદ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે એમણે તેઓને ઠીક ઠીક કહી શકાય એવી મદદ આપી અને ઈચ્છયું કે તેઓ જ્યારે પણ પગભર થાય ત્યારે

એનો બદલો બીજા એવા જ વિદ્યાર્થીઓને આપે. મદદ આપી તે આપી જ. પછી એનું કોઈની પાસે નામ લેવું કે ગાણું ગાવું એ એમના હાડમાં જ નહોતું. આ રીતે હરગોવિંદદાસ આપબળે અને આપસૂઝથી એક પ્રસિદ્ધ વ્યાપારી અને સમાજના આદરપાત્ર મોવડીનું સ્થાન પામ્યા.

એમનું કુટુંબ મોટું છે. ચાર પુત્રો અને એક પુત્રીનો પરિવાર તેમ જ સુશીલ પત્ની એ બધાને યોગ્ય રીતે પોતપોતાને સ્થાને નિશ્ચિત કરી પોતાનું જીવનકાર્ય પૂરું કરી પાકી ઉંમરે લોકાંતર પામ્યા છે તેથી એમના વિશે કોઈએ કાંઈ દુ:ખ ચિંતવવા જેવું નથી એમ કહી શકાય.

એમના પુત્રો કહ્યાગરા અને ઉદાર છે. પોતપોતાના ધંધામાં કુશળ છે. પિતાના કેટલાક સંસ્કારો તો એમનામાં ઠીક ઠીક ઊતર્યા છે. એટલે તેઓ તેમની પ્રસિદ્ધ પેઢી હરગોવિંદદાસ રામજી એન્ડ સન્સને અને કુટુંબને વિશેષ દીપાવશે એવી શ્રદ્ધા અસ્થાને નથી. એમનાં સુશીલ અને આતિથ્યશીલ પત્ની હરિબહેનનું જીવન પ્રસન્ન વીતો એ જ છેલ્લી આકાંક્ષા!

**પંડિત સુખલાલજી સંઘવી**

## સ્વ. ગંગાદાસ અમરશી ગાંધી

ભાવનગરના વર્ષોજૂના સામાજિક કાર્યકર શ્રી ગંગાદાસ અમરશી ગાંધી તેમનાં પત્ની શ્રી લક્ષ્મીબહેન અને અન્ય પરિવાર સાથે થોડા દિવસ પહેલાં નર્મદા નદીના તીરે આવેલા ચાંદોદ–કરનાલીની યાત્રાએ ગયેલાં. તેમાંના શ્રી ગંગાદાસભાઈ તા. ૧૭મી મેના રોજ નર્મદામાં નહાવા જતાં, પ્રવાહના વમળમાં ખેંચાઈ ગયા અને તેમના મૃતદેહનો પત્તો ખાધો નહિ. તેમનું આ રીતે અવસાન થતાં આપણને એક અત્યન્ત પ્રમાણિક ભાવનાશાળી ગાંધીવાદી સામાજિક કાર્યકરની ખોટ પડી છે. તેમની સાથે મારો વર્ષોથી મૈત્રીસંબંધ હોવાથી આ દુર્ઘટનાના કારણે મારું દિલ ઊંડી વ્યથા અનુભવે છે.

તેઓ વર્ષોથી કૉંગ્રેસના કાર્યકર હતા. તેમનું દિલ સત્તાલક્ષી કૉંગ્રેસ કરતાં તેની સાથે જોડાયેલા રનાત્મક કાર્ય પ્રત્યે વધારે ઢળેલું હતું. ખાદીપ્રચારમાં તેમને વિશેષ રસ હતો. તેમના સદ્‌ભાગ્યે તેમને એવાં સહધર્મચારિણી મળ્યા હતાં - શ્રી લક્ષ્મીબહેન– કે જેમનો ગંગાદાસભાઈની બધી સામાજિક પ્રવૃત્તિઓમાં પૂરો સાથ હતો. થોડા વર્ષ પહેલા ભાવનગરમાં સ્વ. મેઘજી પેથરાજ શાહની ઉદારતાનાં પરિણામે રકતપિતીયાનું ધામ–Lepers' Asylum–ખોલવામાં આવ્યું છે. તેમાં આ બન્ને દંપતીઓએ રકતપિતીયાઓ વચ્ચે બે વર્ષ અથવા વધારે મુદત સુધી રહીને એ સંસ્થાને સંભાળી હતી અને વિનાવળતર સેવા આપી હતી. બન્ને દંપતી કેટલાય સમયથી નિયમિત રીતે રેંટિયો કાંતતા હતા અને સુસ્થિત કુટુંબપરિવાર અને વ્યવસાય હોવા છતાં સાદા જીવનને વરેલાં હતાં. વિનોબાજીની સર્વોદય પ્રવૃત્તિ અને ગ્રામદાન આન્દોલનમાં તેમને બન્નેને ખૂબ જ રસ હતો. વર્ષે - બે વર્ષે ભરાતા સર્વોદય સંમેલનમાં, અનિવાર્ય કારણ ન હોય તો, તેમણે હાજરી આપી ન હોય એમ બને જ નહિ. શ્રી વિમલાબહેન ઠકારનો આ બન્ને દંપતી પ્રત્યે અથાક્ પૂજ્યભાવ હતો અને તેમના કુટુંબપરિવારમાં વિમલાબહેનને એક સ્વજનનું સ્થાન હતું. પ્રબુદ્ધ જીવનના તેઓ એક મોટા ચાહક હતા. હજુ ગયા માર્ચ માસની ૨૧ મી તારીખે ભાવનગરની એક દવસની ઊડતી મુલાકાત દરમિયાન અમે મારા મિત્ર હરભાઈ ત્રિવેદીને ત્યાં સાથે દોઢ બે કલાક મળ્યા હતા અને અનેક બાબતોની ચર્ચા કરી હતી. તેમના સ્વભાવમાં સ્નેહનો ઉમળકો હતો. તેમનામાં અસાધારણ ધ્યેયનિષ્ઠા હતી. તેમને આપણી વચ્ચેથી ઉપાડી લઈને વિધાતાએ બહુ વિરલ જોવા મળે એવા એક દંપતી યુગલને ખંડિત કર્યું છે. બન્નેની ઉમ્મર ૭૦ અને ૭૫ વર્ષ વચ્ચે હતી. એકલવાયા બનેલાં લક્ષ્મીબહેન પ્રત્યે તેમ જ ગંગાદાસભાઈના બહોળા કુટુંબપરિવાર પ્રત્યે મારી જેવા અનેક સ્નેહી સંબંધીઓનાં દિલ ઊંડી સહાનુભૂતિથી દ્રવે છે. ગંગાદાસભાઈના અભાવે લક્ષ્મીબહેનને ટકી રહેવાની પરમાત્મા તાકાત આપે એવી આપણા સર્વની પ્રાર્થના હો!

**પરમાનંદ.**

## સ્વ. સૌ. જસુમતીબહેન કાપડિયા

ઉપરની નોંધમાં સ્વ. ગંગાદાસભાઈ અંગે જણાવ્યું છે તેમ વિધાતાએ એવું જ એક બીજું ચિરપરિણીત પરસ્પર સુસંવાદી યુગલ તાજેતરમાં ખંડિત કર્યું છે, પણ આ કિસ્સામાં પતિના બદલે પત્નીએ ચિરવિદાય લીધી છે.

શ્રી મનુભાઈ ગુલાબચંદ કાપડિયા જેઓ મુંબઈમાં વર્ષોથી મોટર સ્પેર પાર્ટ્સનો ધંધો કરે છે અને જેઓ મારા પિત્રાઈ ભાઈ છે તેમનાં પત્ની જસુમતીબહેન કાપડિયાનું દોઢ બે વર્ષની લાંબી માંદગી બાદ ૬૩ વર્ષની ઉમ્મરે તા. ૨૬ મી મેના રોજ મુંબઈ ખાતે અવસાન થયું છે.

આ બન્ને દંપતી પોતપોતાના જીવનવ્યવસાય સાથે પોતાની શકિત અને ભાવના અનુસાર જુદા જુદા ક્ષેત્રે સેવા કરી રહ્યા હતા. શ્રી મનુભાઈ ઓટો સ્પેર પાર્ટ્સ એસોસીએશનના ઘણા સમય સુધી પ્રમુખ હતા અને એક વખત થોડા સમય માટે તેઓ એ એસોસીએશનના ફેડરેશનના પણ પ્રમુખ હતા. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના તેમ જ પાલીતાણાના યશોવિજયજી ગુરૂકુળના પણ ઠીક સમય સુધી મંત્રી હતા. બીજી બાજુએ જસુમતી બહેન મુંબઈના જૈન મહિલા સમાજનાં વર્ષોથી એક મંત્રી હતાં અને અમારા મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહીમાં વર્ષોથી એક સભ્ય હતાં. જૈન કોન્ફરન્સ ઉદ્યોગ ગૃહના પણ તેઓ એક વખત સક્રિય કાર્યકર હતાં. સેવા કરવાનો તેમનામાં અદમ્ય ઉત્સાહ હતો. માથે લીધેલી સામાજિક જવાબદારીઓને પાર પાડવા માટે તેમનું સતત પરિભ્રમણ ચાલ્યા કરતું અને આ બાબતનો ન તો તેમને કોઈ કંટાળો હતો કે ન તો કોઈ થાક હતો. આ સાથે મનુભાઈની અને ગૃહકાર્યની પણ તેઓ એટલી જ સંભાળ લેતા. મુંબઈ જૈન યુવક સંઘ અને જૈન મહિલા સમાજ ઉપરાંત બીજી પણ અનેક સામાજિક જવાબદારીઓનું અનેરા ઉત્સાહથી તેઓ વહન કરતાં. બન્નેના જીવનમાં કોઈ ભોગ-વિલાસ કે મોજમજાને સ્થાન નહોતું. કોઈ સંતાનના અભાવે સામાજિક કાર્યો કરવા માટે જસુમતીને ખૂબ અવકાશ રહેતો અને તેનો તેઓ પૂરો ઉપયોગ કરતાં. આવી એક ઉત્કટ સેવિકાનું અવસાન થતાં મુંબઈની ઉપર જણાવેલ બન્ને સંસ્થાઓને મોટી ખોટ પડી છે. અને એક સરખા સૌહાર્દ અને પ્રેમભર્યા દંપતી જીવનનો આમ અંત આવતાં મનુભાઈનું જીવન એકલવાયું બન્યું છે. મનુભાઈએ જસુમતી બહેનની માંદગી દરમિયાન તેમની અથાક સેવા કરી છે. મનુભાઈનો વ્યાપાર બહોળો નહિ હોય પણ તેમણે એક પ્રામાણિક વ્યાપારી તરીકે એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે કે ઈન્કમટેક્સના અધિકારીઓ મનુભાઈ તેને લગતા ફૉર્મમાં જે કાંઈ ભરી મોકલે તેની વધારે જાંચતપાસ સિવાય સાધારણ રીતે સ્વીકારી લેતા હોય છે અને કાયદાના કશા પણ ભણતર સિવાય તેમના વ્યાપારને લગતી કાનૂની બાબતોમાં મનુભાઈ અનેકના એક નિષ્ણાત એવા સલાહકાર બન્યા છે. મનુભાઈના જીવનના આ વ્યથાજનક પ્રસંગે તેઓ આપણા દિલની સહાનુભૂતિના અધિકારી બન્યા છે. અનેક સેવાકાર્યો વડે જીવનને સફળ અને સભર બનાવીને વિદાય થયેલા જસુમતીબહેને પણ ચિરસ્મરણીયતા પ્રાપ્ત કરી છે.

આ નોંધના અન્તે એ જણાવતાં અંગત સંબંધને કારણે કૃતાર્થતા અનુભવું છું કે મનુભાઈએ આ પ્રસંગે જસુમતીના સ્મરણમાં રૂા. ૫૧૦૦૦ ની રકમ સમાજના કોઈ શુભ કલ્યાણકારી કાર્ય પાછળ ખરચવાની ઈચ્છા વ્યકત કરી છે. આ માટે મનુભાઈને આપણા સર્વનાં હાર્દિક અભિનંદન હો!

**પરમાનંદ**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, જુન ૧૬, ૧૯૭૦ મંગળવાર
પરદેશ, માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ગર્ભાધાનનો અંત અથવા ગર્ભપાત

અત્યારના કાયદા પ્રમાણે (ઇન્ડિયન પીનલ કોડ, કલમ ૩૧૨), સ્ત્રીની જિંદગી બચાવવા સિવાય બીજા કોઈ કારણે ગર્ભપાત કરવો અથવા કરાવવો તે, સગર્ભા સ્ત્રી અને તે કરાવનાર બન્ને માટે ગુનો છે. આવો અથવા આથી પણ સખત કાયદો દુનિયાના બીજા દેશોમાં પણ છે અથવા હતો. ગર્ભપાતનું પરિણામ માત્ર તે વ્યકિત પૂરતું જ નથી. તેમાં ધાર્મિક, નૈતિક તેમ જ સામાજિક પરિણામો વિશેષ મહત્વનાં છે. ગર્ભપાત અથવા ભ્રૂણહત્યા મહાપાતક મનાયું છે, પણ હવે દૃષ્ટિ બદલાઈ છે. ઘણાં દેશોમાં આ કાયદાનાં બંધન ઢીલાં કરવામાં આવ્યાં છે. તેને Liberalisation કહે છે. ભારત સરકારે પણ આ પ્રશ્નની વિચારણા માટે એક કમિટી નીમી હતી, જેણે પોતાનો અહેવાલ રજૂ કર્યો હતો. તે ઉપરથી હાલ રાજ્યસભામાં એક ખરડો દાખલ કરવામાં આવ્યો છે. તેને The Medical Termination of Pregnancy Bill એવું આકર્ષક નામ આપવામાં આવ્યું છે. ખરી રીતે Legalisation of Abortion એવું નામ આપવું જોઈએ. આ ખરડા ઉપર ચર્ચા થવી હજી બાકી છે, પણ તે પ્રત્યે દેશમાં બહુ ધ્યાન ગયું હોય તેમ જણાતું નથી.

આ ખરડાની મુખ્ય જોગવાઈ નીચે પ્રમાણે છે:

(૧) આ કાયદામાં જણાવેલ સંજોગો અને કારણોથી ગર્ભપાત કરવામાં આવે તો તે ગુનો ગણાશે નહિ.

(૨) ગર્ભાધાન થયા, ૧૨ અઠવાડિયાંથી વધારે સમય થયો ન હોય તો, કોઈ પણ રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર, અને ૧૨ અઠવાડિયાથી વધારે પણ ૨૦ અઠવાડિયાથી વધારે સમય થયો ન હોય તો, કોઈ બે રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનરો, પ્રમાણિકપણે (in good faith) એવો અભિપ્રાય ધરાવે કે ગર્ભાધાન ચાલુ રહેવા દેવું તેમાં ગર્ભવતી સ્ત્રીના જીવનને જોખમ છે અથવા તેના શારીરિક–માનસિક આરોગ્યને હાનિનું જોખમ છે અથવા બાળકનો જન્મ થશે તો, તે બાળકને એવી શારીરિક અથવા માનસિક વિકૃતિ હોવાનું જોખમ છે કે તે ખૂબ નિરાધાર (Handicapped) રહેશે તો, ગર્ભાધાનનો અંત લાવી શકાશે.

ખુલાસાઓ : (Explanations)

(ક) કોઈ ગર્ભવતી સ્ત્રી એમ કહે કે ગર્ભાધાન બળાત્કારથી થયેલ છે તો, આવા ગર્ભાધાનથી પરિતાપ ઊપજે તેનાથી તે સ્ત્રીના માનસિક આરોગ્યને ગંભીર હાનિ થવા સંભવ છે એમ માની લેવું.

(ખ) બાળકોની સંખ્યા મર્યાદિત કરવા, કોઈ પરિણીત સ્ત્રી અથવા પુરુષ કૃત્રિમ ઉપાય કરે અને તે નિષ્ફળ જતાં ગર્ભાધાન થાય તો, આવા અનિચ્છાએ થયેલ ગર્ભાધાનથી પરિતાપ ઊપજે, તેનાથી તે સ્ત્રીના માનસિક આરોગ્યને ગંભીર હાનિ થવા સંભવ છે એમ માની લેવું.

(ગ) ગર્ભાધાન ચાલુ રહેવા દેવાથી, આરોગ્યને હાનિ થવાનું જોખમ છે કે નહિ તે વિચારવામાં ગર્ભવતી સ્ત્રીની આસપાસનું વાતાવરણ (environment)–હાલનું અને નજીકના સમયમાં થવાનું–લક્ષ્યમાં લઈ શકાશે.

(ઘ) પરિણીત સ્ત્રીને બળાત્કારથી થયેલ ગર્ભાધાન તેના પતિની સંમતિ વિના, વિધવા ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હોય અથવા અસ્થિર મગજની હોય તો તેના વાલીની સંમતિ વિના, કુમારિકા ૧૮ વર્ષથી ઓછી ઉંમરની હોય તો તેના પિતા અથવા વાલીની સંમતિ વિના, અપરિણીત સ્ત્રી અસ્થિર મગજની હોય તો તેના વાલીની સંમતિ વિના, અને બીજા બધા કિસ્સામાં સ્ત્રીની પોતાની સંમતિ વિના, ગર્ભાધાનનો અંત લાવવો નહિ.

(૩) સરકારી હૉસ્પિટલ અથવા સરકાર-સંમત સ્થળ સિવાય બીજા કોઈ સ્થળે ગર્ભાધાનનો અંત લાવી શકાશે નહિ.

(૪) ઉપર પ્રમાણે ગર્ભાધાનની સમયમર્યાદા, સ્થળમર્યાદા અને બે ડૉક્ટરના અભિપ્રાયની મર્યાદા બાંધવામાં આવી છે. પણ કોઈ રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનર પ્રમાણિકપણે એવો અભિપ્રાય ધરાવે કે ગર્ભવતી સ્ત્રીની જિંદગી બચાવવા અથવા તેના શારીરિક અથવા માનસિક આરોગ્યને ગંભીર કાયમી હાનિ થતી અટકાવવા, તાત્કાલિક ગર્ભાધાનનો અંત આણવાની જરૂર છે, તો તે તેમ કરી શકશે.

(૫) આ કાયદા પ્રમાણે કોઈ રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનર પ્રમાણિકપણે ગર્ભાધાનનો અંત લાવે તો, તેથી કાંઈ હાનિ થાય અથવા હાનિ થવાનો સંભવ હોય તો પણ તેની સામે કોર્ટમાં કોઈ પગલાં લઈ શકાશે નહિ.

આ કાયદામાં લગભગ બધી જવાબદારી અથવા અધિકાર, રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનરના રહે છે. સ્ત્રી ગર્ભપાતની ઈચ્છા બતાવે અને ડૉક્ટર તેમાં સંમત થાય તો બન્ને માટે માર્ગ ખુલ્લો છે. આટલું Liberalisation બહુ થોડા દેશોમાં થયું છે. કાયદામાં જણાવ્યા પ્રમાણે, પ્રમાણિકપણે અભિપ્રાય ધરાવતો ન હતો તે પુરવાર કરવું લગભગ અશક્ય છે. આવો અભિપ્રાય ધરાવવા જે કારણો આપ્યાં છે તે એવાં છે કે જેને વિષે મતભેદ હોય તો પણ, તે પ્રમાણિક નથી એમ પુરવાર કરવું ઘણું મુશ્કેલ થાય. ગર્ભાધાન ચાલુ રાખવાથી, સ્ત્રીને શારીરિક અથવા માનસિક હાનિ થવા સંભવ છે કે નહિ અથવા તેની જિંદગીને જોખમ છે કે નહિ તે તો ડૉક્ટર જ નક્કી કરે. ૧૨ અઠવાડિયાથી વધારે ગર્ભાધાનનો સમય ન થયો હોય ત્યાં, કોઈ પણ એક ડૉક્ટર અને ૧૨ થી ૨૦ અઠવાડિયાના સમયમાં બે ડૉક્ટરે નક્કી કરવાનું. પણ ઉપર જણાવેલ કલમ (૪) માં તે મર્યાદા પણ નથી રહેતી. વળી કાયદો ડૉક્ટરનું કામ સહેલું કરે છે. ઉપર જણાવેલ ખુલાસા (ક) અને (ખ) ના સંજોગોમાં ડૉક્ટરે

અભિપ્રાય બાંધવાની પણ જરૂર નથી. તેમાં જણાવેલ સંજોગોમાં માનસિક હાનિ અથવા આઘાત (Anguish) થાય જ એમ માની લેવું.

ખુલાસો (ખ) કેટલો વ્યાપક છે તે જરા વિચાર કરીએ તો સમજાશે. ગર્ભાધાન અટકાવવાનો ઉપાય કર્યો છે કે નહિ તે તો તે સ્ત્રી અથવા પુરુષ જ કહી શકે. ડૉક્ટર ક્યાંથી જાણે? એવો ઉપાય નિષ્ફળ ગયો છે તે પણ ડૉક્ટર ક્યાંથી જાણે? અને આવો ઉપાય કર્યો હોય છતાં ગર્ભાધાન થાય, તો તેથી સ્ત્રીને એટલો બધો માનસિક પરિતાપ થશે કે ગર્ભપાત જરૂરનો છે તે તો ખતરનાક વિધાન છે. વળી આમાં કોઈ એવી મર્યાદા પણ નથી કે બે–ત્રણ બાળકો હોય અને પછી આવો ઉપાય નિષ્ફળ જાય તો ગર્ભપાત કરવો. પ્રથમ ગર્ભાધાનમાં પણ ગર્ભપાત કરાવે. આમાં સ્ત્રીની જિંદગી જોખમમાં છે અથવા શારીરિક હાનિ થવાની છે તેમ પણ નથી. બાળક નથી જોઈતું, તેનાં કૃત્રિમ ઉપાયો કર્યા છે પણ નિષ્ફળ ગયા, માટે ગર્ભપાત કરવો. આથી વધારે સ્વચ્છંદ કલ્પવો મુશ્કેલ છે. વળી એક બીજી વાત. વસતિવધારો અટકાવવા ગર્ભપાતને સાધન ગણવું? કૃત્રિમ ઉપાયો લેવાય તે તો સમજાય પણ ગર્ભપાત પણ કરાવવા? એટલે આજે કુટુમ્બનિયોજન માટે કૃત્રિમ ઉપાયોનો મોટો પ્રચાર થાય છે તે સાથે ગર્ભપાતનો પણ હવે પ્રચાર કરવો? એને માટે પણ આયોજન કરવું?

કોઈ પણ રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર ગર્ભપાત કરી શકે. રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનરની Indian Medical Council Actમાં જે વ્યાખ્યા આપી છે તે એટલી વ્યાપક છે કે એ બધા આવા ગંભીર કાર્યને માટે લાયક છે તેમ ન કહેવાય.

એક જ મર્યાદા–સ્થળની–કાંઈક અસરકારક છે. સરકારી હૉસ્પિટલનું અથવા સરકાર–નિયુકત સ્થળે ગર્ભપાત થાય. કલમ (૪) માં એ મર્યાદા પણ નથી રહેતી. સરકાર આટલી વ્યવસ્થા કરી શકવાની છે?

ખુલાસા (ગ) માં અભિપ્રાય બાંધતા ડૉક્ટરે સ્ત્રીની આસપાસના વાતાવરણનો પણ ખ્યાલ કરવાનો છે. આનો અર્થ Socio–Economic Conditions of the Woman થાય. સ્ત્રીની સામાજિક અને આર્થિક પરિસ્થિતિ. એટલે સામાજિક, આર્થિક પરિસ્થિતિ બરાબર ન હોય, ત્યાં પણ, ગર્ભપાતનો માર્ગ લેવાય.

આ બધું liberalisation શું કારણે કરવામાં આવે છે?

એમ કહેવાય છે કે વર્તમાનમાં મોટી સંખ્યામાં ગર્ભપાત, અણઆવડત વિનાની વ્યકિતઓને હાથે થાય છે, જેથી સ્ત્રીને શારીરિક હાનિ અથવા જાનનું જોખમ થાય છે. એટલે કે ઘણાં Illegal Abortions થાય છે. ગુનાનું પ્રમાણ વધી જાય ત્યારે એવા કૃત્યને ગુનો ન ગણવો એ સહેલો માર્ગ છે. દારૂબંધી સામે પણ આવી જ દલીલો થાય છે. આવા અનિષ્ટ માટે યોગ્ય ઉપાય, સાચી સમજણ, સામાજિક સેવાના અને બીજા ઉપાયો લેવાને બદલે, કાયદો liberalise કરવો એ નવી રીત છે.

સ્ત્રી પ્રત્યેની સહાનુભૂતિ, humanitarian ground એક કારણ આપવામાં આવે છે. અલબત્ત, આવા પ્રસંગોમાં સ્ત્રીને જ વધારે સહન કરવું પડે છે. ગુનેહગાર પુરુષ છૂટી જાય છે. સમાજે આવી પરિસ્થિતિને પોષણ આપવું કે પુરુષની જવાબદારીનું તેને ભાન કરાવવું, ફરજ પાડવી?

સ્ત્રીને શારીરિક અને માનસિક હાનિથી બચાવવા અથવા તેનું સ્વાસ્થ્ય અને જિંદગીનું જોખમ ઓછું કરવા ગર્ભપાતની છૂટ જરૂરની છે એમ કહેવાય છે, પણ ગર્ભપાતથી જ કેટલી શારીરિક અને માનસિક હાનિ થાય છે અથવા જિંદગીનું જોખમ છે એ કેમ ભૂલી જવાય? નિષ્ણાત ડૉકટરોએ કહ્યું છે:

Whilst the continuance of pregnancy can have a psychological rather than physical ill effect, so can induced abortion. There are few women, no matter how desperate they may be to find themselves with an unwanted pregnancy, who do not have regrets at losing it. This fundamental reaction, governed by maternal instinct is mollified if the woman realises that the abortion was essential to her life and health, but if the indication for the termination of pregnancy was flimsy and fleeting, she may suffer from a sense of guilt for the rest of her life."

માતૃત્વની ભાવના સ્ત્રીજીવનની પ્રબળ અને પવિત્ર ભાવના છે. ગર્ભપાત કરનાર સ્ત્રીનો માનસિક પરિતાપ અને એક ગુનાહિત કાર્ય કર્યાનો ખેદ જીવનભર તેની જિંદગી દુ:ખમય બનાવે છે. કૃત્રિમ ગર્ભપાતનાં હાનિકારક શારીરિક પરિણામો પણ ઓછાં નથી. તેમાં પણ એકથી વિશેષ વખત તેમ બને ત્યારે ગંભીર પરિણામ આવે.

ગર્ભાધાનનિરોધના કૃત્રિમ ઉપાયો અને ગર્ભપાત પણ મોટા પ્રમાણમાં અજમાવાયા છે ત્યાં પણ illegitimate births—અપરિણીત અથવા વિધવા સ્ત્રીને બાળક જન્મ–મોટા પ્રમાણમાં છે. પશ્ચિમનાં દેશોમાં illegitimate births નું પ્રમાણ વધતું રહ્યું છે. કદાચ, પ્રબળ માતૃત્વની ભાવનાને આ આભારી હોય–તે હજી સાવ મરી પરવારી નથી.

અનિષ્ટને અનિષ્ટ તરીકે સ્વીકારવું અને તેનું આચરણ કરવું પડે ત્યારે ખેદ હોય તે એક દષ્ટિ છે. અનિષ્ટને ઈષ્ટ ગણવું અને આવકારવું અને સહર્ષ આચરવું તે બીજી દષ્ટિ છે. સંયમનું આચરણ અઘરું છે માટે સ્વચ્છંદ પોષવો એ લપસણી ભૂમિકા છે, અધોગતિનો માર્ગ છે. અનિષ્ટને પહોંચીવળવા, સાચા ઉપાયો લેવાને બદલે સહેલો માર્ગ શોધવો તેમાં વ્યકિત અથવા સમાજનું કલ્યાણ ન થાય. કેટલાય દુર્ભાગી કિસ્સાઓ હોય છે, તેનો ઉપાય કરવાને બદલે તેને કારણ બનાવી, નૈતિક મૂલ્યો છોડવાં તે અવળો માર્ગ છે. ગર્ભપાત બધી રીતે અનિષ્ટ છે; ધાર્મિક, નૈતિક તેમ જ સામાજિક દષ્ટિએ તથા સ્ત્રીની શારિરીક અને માનસિક દષ્ટિએ પણ, એમ સમજવું અને અનિચ્છનિય ગર્ભાધાન થાય ત્યાં તેનાં વિપરીત પરિણામોને ઓછાં કરવાં સમાજે બધાં પગલાં લેવાં અને છતાં અનિવાર્ય સંજોગોમાં ગર્ભપાત જરૂરી જણાય ત્યાં ઓછામાં ઓછા થાય તેમ કરવું. આવો માર્ગ લેવાને બદલે ગર્ભપાતની શરમ છોડી, તેને સરળ બનાવવો એ માર્ગે આજે દુનિયા જાય છે અને આપણે એનું અનુકરણ કરીએ છીએ.

૨૬–૫–૭૦ ચીમનલાલ ચકુભાઈ શાહ.

## સાધુસંસ્થા અંગેનો મુલતવી રહેલો પરિસંવાદ

**• ૨૮મી જૂન, રવિવારના રોજ યોજાશે. •**

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૪ મી જૂન–રવિવારના રોજ સવારના ૯ વાગ્યે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં (ટોપીવાળા મેન્શન, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજાયેલ આપણી સાધુસંસ્થા અંગે યોજાયેલ પરિસંવાદ સભામાં શ્રી કુસુમબહેન મોતીચંદ શાહ, શ્રી ખીમચંદ મગનલાલ વોરા, ડૉ. જગદીશચંદ્ર જૈન, શ્રી ગીરધરલાલ દફતરી, શ્રી અંબુભાઈ (મુનિ સન્તબાલજીના અનુયાયી અને સહકાર્યકર્તા), શ્રી શાન્તિલાલ હ. શાહ, શ્રી. જેઠાલાલ ઝવેરી, શ્રી. દુર્લભજીભાઈ કેશવજી ખેતાણી, પ્રા. દલસુખભાઈ માલવણિયા–આ મુજબના નવ વ્યાખ્યાતાઓએ પ્રસ્તુત વિષય અંગેના પોતાના વિચારો રજૂ કર્યા હતા અને પ્રમુખશ્રીએ પ્રારંભિક તેમ જ અન્તિમ ઉપસંહાર પ્રવચન કર્યા હતાં. આ રીતે પ્રસ્તુત પરિસંવાદ ત્રણ કલાક ચાલવા છતાં અનેક પૂર્વનિશ્ચિત વ્યાખ્યાતાઓને પોતાના મહત્ત્વપૂર્ણ વિચારો રજૂ કરવા માટે સમય આપી શકાયો નહોતો. તેથી મુલતવી રહેલ પરિસંવાદસભા તા. ૨૮ મી રવિવાર સવારના ૯ વાગ્યે એ જ સ્થળે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળશે, જ્યારે બાકી રહેલા પૂર્વનિશ્ચિત વ્યાખ્યાતાઓ ઉપરાંત, જો સમય હશે તો, આ વિષયમાં રસ ધરાવતા અન્ય વિવેચકોને પોતાના વિચારો રજૂ કરવાની તક આપવામાં આવશે. આ પરિસંવાદસભામાં પૂર્વનિમંત્રિત સર્વે ભાઈ–બહેનોને સમયસર હાજર રહેવા અમારું હાર્દિક નિમંત્રણ તથા પ્રાર્થના છે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# આપણી સાધુસંસ્થા

## [ ૩ ]

પ્રાચીનકાળથી ચાલી આવતી શ્રામણસંસ્થા જૈનો માટે વિશિષ્ટતારૂપ છે. આમ તો બૌદ્ધ ધર્મમાં પણ શ્રામણપરંપરા ચાલી આવે છે અને તે જુદા જુદા સ્વરૂપે અલગ – અલગ દેશોમાં પથરાયલી રહી છે. પણ પ્રાચીનકાળના જૈનોના આચારમાં કડકાઈ વધારે પડતી હોવાના કારણે અને એ પરંપરામાં નિવૃત્તિ અને આત્મ-વિકાસ પર વધારેપડતો ભાર મૂકવામાં આવેલ હોવાથી તેમાં બૌદ્ધ આચાર - વિચારોથી પ્રમાણમાં વધારે કડકાઈ રહી છે અને એ કારણે બૌદ્ધપરંપરાની માફક જનસેવાના કાર્યમાં જ્યાં પૈસાની સાથે વ્યવહાર હોય અથવા સૂક્ષ્મ અહિંસામાં કાંઈક ક્ષતિ પહોંચતી હોય, ત્યાં જૈન શ્રામણો માટે ભાગ લેવાનું અશકય બને છે. બૌદ્ધ ધર્મમાં પણ અહિંસાનો વિચાર મુખ્યત્વે રહેલો છે જ અને શ્રામણો માટે અપરિગ્રહ પણ આવશ્યક માનેલ છે, એમ છતાં તેના શ્રામણોના આચારમાં થોડી ઉદારવૃત્તિ રહેલી છે. બૌદ્ધ શ્રામણો જેટલી સુવિધા જૈન શ્રામણોને પ્રાપ્ય નહિ હોવાના કારણે બૌદ્ધધર્મની માફક જૈન ધર્મ બીજા દેશોમાં વ્યાપક બની શકયો નથી, એનો પ્રચાર ભારત દેશની બહાર ખાસ થઈ શકયો નથી.

આચારવિચારની કડકાઈના કારણે જૈનધર્મનો વ્યાપક પ્રચાર તો ન થઈ શકયો પરંતુ આ કારણે શ્રામણસંસ્થા તેની પ્રાચીન પરંપરાને જાળવી શકી છે. એ તો સુવિદિત છે કે બીજા સાધુ, સંતો અને મહન્તોમાં પરિગ્રહે જે જડ ઘાલી છે એમાંથી સારા એવા અંશમાં શ્રામણસંસ્થા વિમુકત રહી શકી છે. આજના સમયમાં પણ વૈદિક સંપ્રદાયના સાધુઓમાં પરિગ્રહનું જે પ્રમાણ જોવા મળે છે તેટલું પરિગ્રહનું પ્રદર્શન બૌદ્ધ-શ્રામણ નથી જ કરતો. આ બાબતમાં વૈદિક તથા બ્રાહ્મણ બન્ને સંપ્રદાયો કરતા જૈન સાધુમાં ત્યાગ અને સંયમની ભાવના વધારે પ્રમાણમાં જોવા મળે છે.

આવી આચારની કડકાઈના કારણે અપરિગ્રહને અપનાવવામાં આવે છે કે અપનાવવાની ફરજ પડે છે એમ છતાં પરિગ્રહનો તેમના પર પ્રભાવ ચાલુ રહે છે કે નહિ તે કહેવું મુશ્કેલ છે. ઘણા જૈન સાધુઓમાં આજે પણ પરિગ્રહ પ્રત્યેનું આકર્ષણ અને એનો પ્રભાવ જોવામાં આવે છે અને ઘણા સંપ્રદાયોમાં પરિગ્રહનું પ્રદર્શન પણ થતું જોવા મળે છે. પણ એ જૈન વિચારને માન્ય નહિ હોવાના કારણે તેને બહારનો દેખાવ તો અપરિગ્રહ વ્રતનો જ કરવો પડતો હોય છે. કારણકે સાધુઓ માટે અપરિગ્રહ વ્રત અનિવાર્ય લેખવામાં આવેલ છે. આમ છતાં પણ જો કોઈ સાધુ પરિગ્રહ રાખે છે તો તે ધર્મ અંગે સાહિત્યપ્રચાર અથવા સમાજકલ્યાણના નામે રાખતા હોય છે, કેમકે સ્વયં સાધુ માટે તો તે વર્જિત લેખવામાં આવેલ છે.

આમ છતાં પણ જૈન શ્રામણસંસ્થાની એક વિશેષતા વિનોબાજીએ અમારી સમક્ષ વર્ણવી તે એ કે ભગવાન મહાવીરે શ્રામણને એકલા વિચારવાનો પ્રતિબંધ મૂકેલ છે. એ કારણે શ્રામણસંસ્થામાં વધારેપડતી વિકૃતિ દાખલ થઈ શકી નથી, કારણકે માણસને બીજાની હાજરીમાં ખરાબ કર્મ કરતા સંકોચ થતો હોય છે, ભય લાગતો હોય છે. બૂરાઈથી બચવા માટે આ નિયમ એક કવચસમાન છે.

જૈન શ્રામણની જીવનચર્યા સંયમપ્રધાન અને સાધનાના નિયમોથી બાંધેલી હોવાના કારણે તેની વિશેષતા આજે પણ બીજા ધર્મોના શ્રામણો, સંન્યાસીઓ, ફકીરો અથવા પાદરીઓ કરતાં વધારે જોવા મળે છે અને એ સાધનાની દષ્ટિએ સારી પણ કહેવાય. પણ પ્રશ્ન એ ઉદ્ભવે છે કે શું આજના બૌદ્ધિક અને વૈજ્ઞાનિક યુગમાં તે યોગ્ય છે?

આજનો વિચારપ્રવાહ વ્યકિતગત જીવનના વિકાસ કરતા સામૂહિક અથવા સામાજિક વિકાસ અથવા સેવાનો વધારે પ્રમાણમાં હોવાનું માનવામાં આવે છે. સમાજ અથવા સામૂહિક હિતના ખ્યાલ વિનાની મોટામાં મોટી વ્યકિતગત સાધનાને પણ આજનો વિચારક અને ચિંતક વર્ગ અપૂર્ણ લેખે છે. એ તો એવી સાધનાને શ્રેયસ્કર માને છે કે જેમાં સમૂહ અને સમાજના હિતનું પ્રથમ ધ્યાન રાખવામાં આવતું હોય અને એને એવું સ્વરૂપ આપવામ આવ્યું હોય કે જે સમાજસેવા અને સામાજિક હિતને અનુકૂળ હોય.

જેની મૂળ પ્રવૃત્તિ નિવૃત્તિપ્રધાન છે અને આજે તો જે પોતાને પણ નિવૃત્ત માને છે તેવા વિનોબાજીને મેં પ્રશ્ન પૂછયો કે; "આ વૈજ્ઞાનિક યુગમાં સાધનાનું સ્વરૂપ કેવું હોવું જોઈએ?" તેમણે કહ્યું, "વિજ્ઞાનને લીધે આપણા જીવનનું સ્વરૂપ બદલાઈ ગયું છે. પુરાણા જમાનામાં અસ્રો વિગેરે કાંઈ હતું નહિ. ઋષિઓના દાઢી અને માથાના વાળ એમ જ વધેલા રહેતા હતા. એ ઋષિઓ વટવૃશનું દૂધ લગાવીને એની લટ બનાવી લેતા. એ ઋષિઓ જો આજ હયાત હોત તો તમારૂં સુન્દર મુખારવિન્દ જોઈને કહેત કે 'આપ કેટલા બધા ભાગ્યશાળી છો! અમને તો આવો કોઈ મોકો જ મળ્યો નહિ.' પણ હવે જ્યારે આપણી પાસે આટલા સારા ઓજારો છે ત્યારે તેનો ઉપયોગ થવો જ જોઈએ. વિજ્ઞાનને કારણે મનુષ્યજીવન બદલાઈ રહ્યું છે. સાધના કોઈ દિવસ વિજ્ઞાનવિરોધી હોઈ ન શકે, તે તો યોગાનુકુળ જ હોવી જોઈએ. વિજ્ઞાનના કારણે જેમ યુગનું સ્વરૂપ બદલાતું રહ્યું છે તેમ સાધનાનું સ્વરૂપ પણ વિજ્ઞાનને કારણે બદલાશે. હવે જે કાંઈ કરવાનું છે તે વિજ્ઞાનને ધ્યાનમાં રાખીને જ કરવાનું છે.

જ્યારે વિજ્ઞાનના કારણે સાધનાનું સ્વરૂપ બદલાય છે ત્યારે આપણા આચારમાં પણ પરિવર્તનની આવશ્યકતા ઊભી થાય છે. આગાઉ ભારતમાં આટલા મોટા શહેરો હતાં નહિ, એ વખતે ખાસ કરીને ગામડાંઓને લક્ષ્યમાં રાખીને બનાવવામાં આવેલા નિયમો શહેરો માટે હાસ્યાસ્પદ અને સમાજને હાનિ પહોંચાડનારા જ બને. જૈન મુનિઓ માટેની શૌચ-મૂત્રાદિ વિસર્જનની ક્રિયા શહેરીજીવનને અનુકૂળ નથી એટલું જ નહિ પણ, સામાજિક સ્વાસ્થ માટે પણ હાનિકારક છે. તો શું આપણે આ પ્રાચીન પરંપરાને નિભાવવા માટે તે નિયમોને ચાલુ જ રાખીશું કે તેમાં કાંઈ પરિવર્તન કરવાનું વિચારીશું? અને જો પરિવર્તન કરવાનું વિચારીએ તો તે કઈ મર્યાદામાં?"

આજના સમાજહિતનો પ્રથમ ખ્યાલ રાખવામાં આવે છે એવા સામાજિક યુગમાં નિવૃત્તિપ્રધાન જૈન સાધુઓનું જીવન એવું જ રાખવું જોઈએ કે તેને સેવાપરાયણ બનાવવું જોઈએ?

શ્રામણસંસ્થામાં ત્યાગીજીવનને અધિક મહત્ત્વ આપવામાં આવે છે. જીવનની જરૂરિયાતો બહુ જ ઓછી હોય છે. તેમાં કુટુંબ-પરિવારની જવાબદારી હોતી નથી અને તેમાં જનકલ્યાણની ભાવના હોઈ શકે છે, કારણકે સામાન્ય વ્યકિત કરતાં તેનામાં કરુણાભાવ અધિકતર રહેલો હોય છે. તેમની પાસે સમય પણ હોય છે. આવા ત્યાગી અને ધાર્મિક વૃત્તિવાળા જેટલી સારી સમાજસેવા કરી શકે એટલી સેવા બીજા કોઈ કરી શકે નહિ. પરંતુ આજે તેઓ નિયમોને કારણે એટલા બંધાયેલા છે કે કરવા ધારે તો પણ વધારે કાંઈ કરી શકે નહિ. તો સેવાકાર્યો કરવા માટે તેમના આચારોમાં પરિવર્તન કરવું શું જરૂરી નથી લાગતું કે જેથી તેઓ જનસેવાને જ આત્મવિકાસનું સાધન બનાવી શકે?

આ પ્રશ્ન વિચાર માગી લે છે.

બીજા તો ઠીક પણ જેના ઉપર ધર્મપ્રચાર કરવાની જવાબદારી છે એવા શ્રામણો આધુનિક સાધનોનો ઉપયોગ કરી શકે? અને જો ઉપયોગ કરે તો તેની મર્યાદા શું?

આજનું જગત્ વૈજ્ઞાનિક સાધનોનાં કારણે બહુ નાનું બની

ગયું છે. પહેલાના જમાનામાં ભારતમાં જ એક રાજ્યમાંથી બીજા રાજ્યમાં પહોંચવા માટે મહિનાઓ વહી જતા હતા અને આજે તો થોડા કલાકોમાં આખી પૃથ્વીની પ્રદક્ષિણા કરી શકાય છે. તો શું ધર્મપ્રચારાર્થે વિદેશોમાં જઈ શકાય? અને જો જઈ શકાય તો કયા કયા વાહનનો કેવી કેવી રીતે ઉપયોગ કરવો જોઈએ એના પર વિચાર કરવો એ અત્યન્ત જરૂરી છે.

આવા બીજા અનેક પ્રશ્નો પણ વિચારણા માટે મૂકી શકાય, જેના ઉપર ગંભીરપણે ચિન્તન કરવું જરૂરી છે. નવાં મૂલ્યોની સ્થાપના કરવાના સમયે એ ધ્યાનમાં રાખવું અતિ આવશ્યક છે કે જ્યાં સુધી નવાં મૂલ્યોની સ્થાપના ન થાય ત્યાં સુધી જૂનાં મૂલ્યોની ઉપેક્ષા કરવી શું લાભદાયક ગણાય?

તો શ્રમણોની સમસ્યા ઉપર શ્રમણો જ વિચાર કરે અને તેના ઉપર શ્રાવકો પણ વિચાર કરે, કારણકે શ્રમણોના જીવનનો શ્રાવક સંઘ સાથે ગાઢ સંબંધ રહેલો છે એ કારણે તેના વિષે શ્રાવકોએ વિચાર કરવો તે અનિવાર્ય બની જાય છે.

આ બધાં પ્રશ્નો વિષે કોઈ વ્યકિત પોતાની પ્રેરણાથી કંઈ પણ નિર્ણય કરે તેનો સમાજ ઉપર કોઈ ખાસ પ્રભાવ નહિ પડે, એટલે શ્રામણસંસ્થાને તેજસ્વી અને ઉપયોગી બનાવવી હોય તો શ્રામણસમસ્યા ઉપર શ્રમણો અને શ્રાવકોએ મળીને ઊંડાણપૂર્વકનું ચિન્તન કરવું પડશે. આપણે આ પ્રશ્નને એમ કહીને ટાળી નહિ શકીએ કે પ્રાચીનકાળથી ચાલી આવતી વિચાર અને આચાર પદ્ધતિઓને એમ ને એમ ચાલવા દો. ચાલુ કાળપ્રવાહમાં હવે એમ બનવું અશક્ય છે.

ભલે આપણી શ્રામણપરંપરાને પ્રાચીન કાળની ખૂબ નજીક માનવામાં આવે, પણ એ જેવી મહાવીરના સમયમાં હતી તેવી જ આજે પણ ચાલી રહી છે એમ કહેવું તે પૂર્ણ સત્ય નથી. આજના વિજ્ઞાનયુગનો આપણે ઉપયોગ કર્યો નથી એમ પણ આપણે કહી શકતા નથી. કારણકે મહાવીરના જમાનામાં મિલો હતી નહિ, કપડાં હાથે કાંતેલ સુતરના હાથશાળ પર બનતા હતા, પણ આજે તો આપણે કારખાનાઓમાં બનેલાં કપડાં પહેરીએ છીએ. એ જમાનામાં પુસ્તકો હતાં નહિ. જ્યારે માણસની સ્મરણશકિત મંદ થવા લાગી ત્યારે આગમો ભોજપત્ર ઉપર લખાવા માંડયા અને ત્યારપછી એ છપાવા પણ શરૂ થયાં. જીવનની હરએક ચીજ ઉપર વિજ્ઞાનની અસર પહોંચી છે. ખાવા-પીવાનું અને દવાઓ પણ તેમાંથી બાકાત નથી. તો કહેવાનું એ છે કે મહાવીરના સમયમાં હતી એવી પ્રાચીનપરંપરા અક્ષુણ્ણ બની રહી છે એમ કહેવું બરાબર નથી. સમયનો પ્રભાવ જીવન પર પડે છે અને આપણે ન ઈચ્છીએ તો પણ ઘણી વાતો જીવનમાં જાણતા-અજાણતા આવી જાય તે અપરિહાર્ય છે. તો શ્રામણસંસ્થાને ઉપયોગી, પ્રભાવશાળી અને તેજસ્વી બનાવવા માટે વિવેકયુકત દૃષ્ટિપૂર્ણ ચિન્તન કરવું તે અધિક શ્રેયસ્કર છે.

મુંબઈમાં મહાવીર જયંતિના અવસર પર કાકાસાહેબ કાલેલકરે પોતાના ભાષણમાં કહ્યું હતું કે "જૈન ધર્માવલંબીઓએ વિદેશોમાં ધર્મપ્રચાર માટે વિચરવું જોઈએ, પછી તેમાં આપણે એ કામ માટે સાધુથી અતિરિકત બીજો વર્ગ ઊભો કરવો પડે તો પણ કરવો, પણ આ કાર્ય કરવું તે આવશ્યક બની ગયું છે."

ધર્મ અને ધર્મનાં સારાં પરિણામો ઉપર આપણી નિષ્ઠા છે. આપણે જીવનમાં સંયમને મહત્ત્વપૂર્ણ સ્થાન આપ્યું છે એટલું જ નહિ પણ, માનવજીવન અને સમાજજીવન સંયમથી સુખી બની શકે છે એવી આપણી દઢ શ્રદ્ધા છે, પણ એ સંયમ જડ તથા નિર્જીવ ન હોવો જોઈએ, તે વિવેકયુકત અને પ્રાણવાન હોવો જોઈએ. જડ અને નિર્જીવ આચાર આત્મવિકાસ નહિ કરી શકે પણ આત્મોન્નતિમાં બાધક નિવડશે. એટલા માટે સંયમ ધર્મમાં આજના સંદર્ભમાં આપણે ઉચિત પરિવર્તન અને સંશોધન કરવું જોઈશે, તો જ તે અધિક પ્રાણવાન અને તેજસ્વી બનશે. આશા રાખું છું કે સમાજના ચિન્તક, વિદ્વાન અને સાધક તથા નેતા આ વિષયમાં ચિન્તન કરીને સમાજને ઉચિત માર્ગદર્શન આપે.

અનુવાદ: **શાન્તિલાલ ટી. શેઠ** મૂળ હિંદી: **રિષભદાસજી** રાંકા

## [ ૪ ]

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સાધુસંસ્થા અંગે યોજાયેલા પરિસંવાદમાં રજૂ કરવા ધારેલા વિચારો)

સમગ્ર જૈન સમાજ સાથે મારી આત્મીયતા છે એમ છતાં મારો સંબંધ શ્વે. મૂ. સંપ્રદાયની સાધુસંસ્થા સાથે વધારે છે અને મારી જાણકારી પણ તે સંસ્થાના આચારને લગતી વધારે છે.

આજનો આપણો સમાજ આપણી સાધુસંસ્થા અંગે સમાજસેવાની સવિશેષ અપેક્ષા રાખે છે. એમ છતાં તેમના આજના આચારની પરંપરાને લક્ષમાં લેતાં તેમના માટે સમાજસેવા અંગે બહુ ઓછો અવકાશ છે. કારણકે સમાજસેવા માટે આજનાં વાહનોનો ઉપયોગ, તદર્થે આવશ્યક દ્રવ્યસંગ્રહ અને ભિક્ષાચરીને બદલે કોઈ પણ સ્થળે બેસીને ભોજન કરી શકે એટલી છૂટ સમાજસેવાલક્ષી સાધુસાધ્વી માટે અતિ આવશ્યક છે, જે છૂટ આજના સાધુસાધ્વીઓને સુલભ નથી.

જૈન સાધુસંસ્થાનાં પાયામાં સમાજસેવાની નહિ પણ આત્મસાધનાની ભાવના રહેલી છે. તે ભાવના સાથે સંગત હોય તેટલા પ્રમાણમાં તેઓ ધર્મપ્રચાર અને સમાજસેવા કરી શકે છે. સાધુસંસ્થાનું આ કાઠું તત્કાળ બદલવું શક્ય નથી, તેથી તેની આચારપરંપરામાં જે કાંઈ નિયમો વધારેપડતા કષ્ટદાયી હોય અથવા તો આજની સભ્યતા સાથે બંધબેસતા ન હોય તેટલા પૂરતા ફેરફારો કરવાની મને જરૂર લાગે છે.

આ દૃષ્ટિએ વિચારતાં હું નીચે મુજબનાં ફેરફારો સૂચવું છું:

(૧) વાળનો લોચ કરવાની પ્રથા બંધ કરવી જોઈએ.

(૨) દાંત આજની રીતે સાફ ન કરવા, સ્નાન ન કરવું, વસ્ત્રો ન ધોવા કે ન સાફ રાખવા—આની જગ્યાએ શારીરિક સ્વચ્છતાને લગતા અને આજે સર્વસ્વીકૃત બનેલા બધા નિયમોનો અમલ શરૂ થવો જોઈએ અને તે માટે જરૂરી સગવડ ઊભી કરવી જોઈએ.

(૩) મળમૂત્રવિસર્જન અંગેની જૂની પ્રથાનો ત્યાગ કરીને મૂતરડી તથા પાયખાનાનો ઉપયોગ શરૂ થવો જોઈએ અને એ માટે દરેક ઉપાશ્રયમાં આ પ્રકારની સગવડ ઊભી કરવી જોઈએ.

(૪) ઉઘાડા પગે ચાલવાને બદલે રબરના તળીયાવાળા કંતાનના જોડાનો ઉપયોગ શરૂ કરવો જોઈએ—ખાસ કરીને ડામરની સડકોવાળા મોટા શહેરોમાં એક સ્થળેથી બીજા સ્થળે જવા આવવા માટે.

(૫) ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ સર્વસ્વીકૃત બનવો જોઈએ.

(૬) રાત્રીના દીવાબત્તીનો ઉપયોગ કરવાની તેમને છૂટ આપવી જોઈએ, જેથી તેઓ રાત્રીના સમયનો સ્વાધ્યાય માટે ઉપયોગ કરી શકે, તેમ જ રાત્રીના યોજાતી જાહેર વ્યાખ્યાનસભામાં તેઓ ભાગ લઈ શકે.

(૭) વર્ષાઋતુના સમયમાં છત્રીનો ઉપયોગ કરવાની તેમને છૂટ મળવી જોઈએ.

આ ઉપરાંત સ્થાનકવાસી તથા તેરાપંથી સાધુસાધ્વીઓ મોઢે મુહપત્તી બાંધે છે તે પ્રથા કેવળ બિનજરૂરી હોઈને તેનો ત્યાગ કરવો જોઈએ. દિગંબર સાધુઓ નગ્ન વિચરે છે તે નગ્નતાના સ્થાને આજની સર્વસામાન્ય સભ્યતાનો ખ્યાલ કરીને અને માનવીની ઘટતી જતી શારીરિક ક્ષમતા ધ્યાનમાં લઈને અન્ય સાધુઓ માફક તેમણે પણ વસ્ત્રધારણની પ્રથા અંગીકાર કરવી જોઈએ.

આજના સમયની અપેક્ષા ધ્યાનમાં લઈને આજના સાધુઓ

અને સાધ્વીઓ જે કઠક આચારો પાળે છે તે આચારોને હળવા બનાવીને એક બીજી કક્ષાનો યતિવર્ગ ઊભો કરવો જોઈએ, જેમના માટે બ્રહ્મચર્ય વ્રત આવશ્યક હોવું જોઈએ, પણ જેઓ આજનાં વાહનોનો ઉપયોગ કરી શકે; પ્રવાસખર્ચ પૂરતું દ્રવ્ય રાખી શકે; ઉકાળેલા પાણીનો આગ્રહ ન રાખે; અને આહાર માટે ભીક્ષાચરી કરવાને બદલે કોઈ નિયત સ્થળે અથવા નિયત વ્યકિતને ત્યાં બેસીને ભોજન કરી શકે. આ ઉપરાંત વર્ષાઋતુ એટલે કે ચોમાસા દરમિયાન એક જ સ્થળે ચાર મહિના ગાળવાના બંધનથી આ યતિઓ મુકત હોવા જોઈએ. તેઓ પોતાની શકિત અને સમયનો જનસેવા પાછળ પૂરતો યોગ આપી શકે એ માટે તેમને આટલી છૂટ જૈન સમાજે આપવી ઘટે. આ કક્ષાના યતિઓ ખ્રિસ્તી સાધુ સાધ્વીઓ માફક તેમ જ રામકૃષ્ણ મિશનના સંન્યાસીઓ માફક આત્મસાધના સાથે જનસેવાના અનેક કાર્યો હાથ ધરી શકશે અને એ રીતે આજના જમાનાની માંગને તેઓ પૂરી પાડી શકશે.

આમ આપણે જૈન સાધુસાધ્વીઓ અંગે બે સમુદાય વિચાર્યા (૧) પરંપરા પરાયણ સમુદાય (૨) સેવાલક્ષી સમુદાય, અહિં વિશેષમાં એ ઉમેરવાનું રહે છે કે એક સમુદાયમાં સ્થિર થયેલ સાધુસાધ્વી સ્વેચ્છાએ સમુદાય-પરિવર્તન કરી શકે એટલી છૂટ આજની પરિસ્થિતિ અને બદલાતા માનસિક વલણો ધ્યાનમાં લઈને તેમને મળવી જોઈએ અથવા આપવી જોઈએ.

આના અનુસંધાનમાં એક મહત્ત્વનું સૂચન એ કરવાનું રહે છે કે જૈન દીક્ષા માટેના ઉમેદવાર માટે પૂર્વ તાલીમનું કોઈ ધોરણ હજુ સ્વીકારાયું કે વિચારાયું નથી. હવે એ અત્યન્ત આવશ્યક છે કે આજના સમયમાં કોઈ બાલદીક્ષાને અવકાશ હોવો જ ન જોઈએ અને દીક્ષાર્થી માટે પૂર્વ તાલીમનું કોઈ સુદૃઢ ધોરણ નિશ્ચિત થવું જોઈએ અને એવી બે ત્રણ વર્ષની તાલીમ મળ્યા બાદ અને તેને લગતું પ્રમાણપત્ર મળ્યા બાદ જ કોઈપણ દીક્ષાર્થીને દીક્ષા આપી શકાય એવો પ્રબંધ સર્વત્ર સ્વીકારાવો જોઈએ. આ દિશાએ તાજેતરમાં ઘાટકોપર ખાતે કરવામાં આવેલો શ્રમણી વિદ્યાપીઠની સ્થાપના અત્યન્ત આવકારપાત્ર છે.

આ ઉપરાન્ત એક ખાસ સૂચના એ કરવાની છે કે બૌદ્ધોની માફક નિયત મુદતની દીક્ષા આપવાની પ્રથા આપણે શરૂ કરવી જોઈએ.

પરમાનંદ

# [ ૫ ]

**શ્રી પરમાનંદભાઈ,** તા. ૪-૬-૭૦

આપણી 'સાધુ સંસ્થા' એ નામની લેખમાળા અથવા સહુના સ્વતંત્ર અભિપ્રાયો જણાવવાની પ્રણાલિકા ઊભી કરી.—તે વાત આવકારદાયક છે.

સાધુ-સાધ્વીઓ ઉપર લદાયેલા કેટલાક નિયમો તેઓ નથી પાળી શકતા ત્યારે તેઓ શ્રાવક-શ્રાવિકા સાથેની લાગવગનો ઉપયોગ કરતા જણાય છે અને એવા કઠક નિયમનો ભંગ નથી કરતા એવી છેતરપીંડી વાપરે છે.

વાહનમાં મુસાફરી કરવી, પાસે પૈસા રાખવા, ગમે તેને ઘેર રહેવું એવા નિયમોની છૂટ જૈન સાધુઓ તરતમાં લે એ ઈચ્છવાજોગ નથી. તેથી સમાજ પરત્વેનો ભાવ તથા મહાવીર ભગવાનના પ્રતિનિધિ તરીકેનો પૂજ્યભાવ ઘટી જશે, ધર્મશ્રદ્ધામાં ઓટ આવશે તેમ જ સાધુ-સાધ્વીઓ વધુ સ્વચ્છંદી બની જશે.

તેથી નીચે આપેલા સુધારાઓ ક્રમવાર થાય એ ઈચ્છવાજોગ ગણાશે. દાખલા તરીકે:

(૧) શહેરોમાં ગરમ પાણીને બદલે નળનું પાણી વાપરવું.
(૨) શહેરોમાં પાયખાનાનો ઉપયોગ કરવો.
(૩) શહેરોમાં લાઉડસ્પીકરોનો લાભ ઊઠાવવો.
(૪) શહેરોમાં રાત્રે દિવાબત્તીએ વાંચવાની છૂટ લેવી.
(૫) વિહારમાં પ્લાસ્ટીક કે કેન્વાસના જોડા વાપરે તો કાંઈ ખોટું નથી.

વિચારવિનિમયમાં આવા નાજુક સુધારા વડે પણ સાધુસંતોને રાહત મળેશે અને કપટવૃત્તિ ટળી જશે.

અઢીસો માણસોથી વધુ સાંભળવા ભેગા થયેલાઓ સામે લાઉડ સ્પીકરમાં બોલીને પ્રવચન કરવું.

સાધુઓ પોતાને મુકત માનતા હોય છે, પણ શ્રાવકના રક્ષણ વગર તેમનો આરો નથી. તેથી શ્રાવકગણની સલાહ મુજબ નક્કી થયેલી છૂટ ભોગવવી એ જ શ્રેયસ્કર છે.

બધાના મૂળમાં તો, અધ્યયનશીલ જીવન ન હોવાને કારણે ખોટી છૂટો લેવાનું મન થાય છે, જેમાં નીતિનો પણ ભંગ થાય છે. ઠેર ઠેર સાધુઓ તથા સાધ્વીઓ માટે અભ્યાસ-શાળાઓ શરૂ થવી જોઈએ તથા નવી દીક્ષાઓ પર પાંચ વર્ષનો પ્રતિબંધ મૂકવો જોઈએ. હાલને તબક્કે એટલી જ છૂટ તથા એવા પ્રતિબંધ ચાલુ રહેશે તો સમયસરની ધર્મપ્રણાલિકા જળવાઈ રહેશે. વધુ મોડર્નાઈઝ થતાં શાસનનું માળખું ભાંગી પડશે.

સાધુસંસ્થાનો હિમાયતી,
દુર્લભજી કે. ખેતાણી

# સંઘ સમાચાર

## સૌ. જસુમતીબહેનના અવસાન અંગે શોકપ્રસ્તાવ

તા. ૯-૬-૭૦ ના રોજ મળેલી શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિએ કરેલો ઠરાવ નીચે મુજબ છે:

તા. ૨૬-૫-૭૦ ના રોજ નિપજેલા જસુમતીબહેન કાપડિયાના અવસાનથી આપણાં સંઘને વર્ષોજૂના એક સહકાર્યકર્તાની ખોટ પડી છે અને એ કારણે આજની સભા ઊંડા શોકની લાગણી અનુભવે છે. જસુમતીબહેન આપણી કારોબારીના વર્ષોથી સભ્ય હતા તેમ જ જૈન સમાજના એક સન્નિષ્ઠ કાર્યકર હતા. જૈન મહિલા સમાજના તેઓ છેલ્લા ત્રેવીશ વર્ષથી મંત્રીપદે હતા અને તે અધિકાર ઉપર રહીને એ સંસ્થાની તેમણે ખૂબ જ સેવા બજાવી હતી. જૈન ઉદ્યોગગૃહના પણ તેઓ એક સક્રિય કાર્યકર્તા હતા. આ રીતે અનેક પ્રકારની સામાજિક સેવાઓ પાછળ તેની સર્વ શકિતઓનો સતત યોગ રહ્યો હતો. આ પ્રસંગે તેમના પતિશ્રી મનુભાઈ તથા તેમના કુટુંબીજનો પ્રત્યે આ સભા ઊંડી સહાનુભૂતિ દાખવે છે.

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા ઑગસ્ટ માસની ૨૯ મી તારીખથી સપ્ટેમ્બર માસની ૫ મી તારીખ સુધી—એમ આઠ દિવસની ગોઠવવાનું નક્કી કરવામાં આવ્યું છે. સ્થળ: ભારતીય વિદ્યાભવન, સમય સવારના ૮-૩૦.

## સંઘદ્વારા ચાલતું હોમિયોપથી ઉપચારકેન્દ્ર

આ ઉપચારકેન્દ્ર સંઘના નવા કાર્યાલયમાં શરૂ કરવામાં આવેલ છે. તેનો સમય રવિવાર અને ગુરુવાર સિવાયના દિવસોએ બપોરના ૩ થી ૪॥ સુધીનો રાખવામાં આવેલ છે.

સંઘના સભ્યો તથા 'પ્રબુદ્ધ જીવન' ના ગ્રાહકોને વિનંતિ છે કે ઉપરોકત ઉપચારકેન્દ્રનો લાભ લેવાની ભલામણ પોતપોતાના પરિચિતોને કરે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

## પંખીને કેમ પલાણું ?

આતમજી મોરા પંખીને કેમ રે પલાણું ?
ગાવલડી હોય તો ખીલે તે બાંધીએ
તોફાને ચઢતાં કંઠે દમણું યે નાંખીએ
આની તે રીત કો ના જાણું — આતમજી ૦
અલ્લડ હો સાંઢ તો એને યે નાથીએ ?
વહેતાં એ વાયરાને કેમ કરી બાથીએ
ઊડ્ડયન એનાં કેમ વખાણું ? — આતમજી ૦
વીંધીને વાયરો અવકાશો ભેદતું
સાતે પાતાળ ચૌદે બ્રહ્માંડ ઉચ્છેદતું
પિંજરનું પંખી અધ-પીછાણ્યું — આતમજી ૦

સુશીલા ઝવેરી

# સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીના સાંનિધ્યમાં યોજાયેલ સંસ્કાર અધ્યયનસત્ર

સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજી, એમનાં માતા - સાધ્વીજી શ્રી સુનંદાશ્રીજીની સાથે, બેએક દાયકા સુધી ગુજરાત બહાર બિહાર - બંગાળ જેવા દૂરના પ્રદેશોમાં વિચરીને પાંચ - છ વર્ષ પહેલાં અમદાવાદ આવ્યાં. આ બધા વર્ષો દરમ્યાન જેમ એમણે વિદ્યાનાં જુદાં જુદાં ક્ષેત્રોનું ખેડાણ કરીને વિદ્વત્તા અને વકતૃત્વકળા પ્રાપ્ત કરી, તેમ સમાજના બધા સ્તરના જનસમૂહનો સંપર્ક થવાને લીધે, એમના જીવનને સુખી અને સંસ્કારી બનાવવામાં પોતાનો શકય ફાળો આપવાની ભાવના પણ એમનામાં જાગી.

પાંચ - છ વર્ષ પહેલાં તેઓ અમદાવાદ આવ્યાં, ત્યારે તેઓએ કન્યાઓના સંસ્કાર - ઘડતરની કોઈક પ્રવૃત્તિ શરૂ કરવા અંગે પૂ. મુ. શ્રી. પુણ્યવિજયજી મહારાજની સલાહ પૂછી. મહારાજશ્રીએ એ વિચારને આવકાર્યો. જોગાનુજોગ શેઠશ્રી કસ્તુરભાઈ લાલભાઈ, શેઠશ્રી શ્રી કેશવલાલ લલ્લુભાઈ ઝવેરી વગેરે અમદાવાદના જૈન મોવડીઓનો એને સહકાર મળ્યો. પરિણામે સને ૧૯૬૬ના ઉનાળામાં કન્યાઓ માટેનું પહેલું સંસ્કાર – અધ્યયન – સત્ર અમદાવાદમાં યોજાયું. આ સત્ર બપોરના ૧ થી સાંજના ૪ સુધી મર્યાદિત સમય માટે એક માસ માટે યોજવામાં આવ્યું હતું. એમાં હાઈસ્કૂલ તથા કૉલેજની આશરે બસો કન્યાઓએ લાભ લીધો હતો. સત્રની શરૂઆતથી જ ગુજરાતના રાષ્ટ્રીય અને સામાજિક કાર્યકર શ્રીમતી ઈન્દુમતીબહેન ચીમનલાલ શેઠનો સહકાર સાંપડયો હતો, અને એ ઉત્તરોત્તર વધતો રહ્યો એ બીજો શુભ યોગ હતો.

આ પછી ૧૯૬૭માં અમદાવાદમાં, ૧૯૬૮માં ભાવનગરમાં, ૧૯૬૯માં પાલણપુરમાં ત્રણેક અઠવાડિયાનું અને અમદાવાદમાં ઉનાળામાં રાબેતા મુજબનું સત્ર યોજાયું હતું. જેમ જેમ વખત વીતતો ગયો તેમ તેમ સત્રની અને સાધ્વીજીની લોકપ્રિયતા વધતી ગઈ, અને સમાજને એની ઉપયોગિતા પણ સમજાતી ગઈ. છતાં આર્થિક સાધનોની મર્યાદાને કારણે કન્યાઓની સંખ્યા ઉપર પણ મર્યાદા મૂકવાનું જરૂરી બનતું રહ્યું.

આ વર્ષે આ સત્ર દિવસના ૩–૪ કલાક જેટલા મર્યાદિત સમયના બદલે પૂરા સમયનું યોજવામાં આવ્યું હતું, એ એની વિશેષતા લેખી શકાય. આ સત્ર ચાર અઠવાડિયાં ચાલ્યું. એમાં ૮૨ હાઈસ્કૂલમાં અભ્યાસ કરતી અને ૬૦ કૉલેજમાં અભ્યાસ કરતી એમ કુલ ૧૪૨ કન્યાઓએ ચોવીસે કલાક માટે સાધ્વીજીના સાંનિધ્યમાં રહીને શિસ્ત અને સંસ્કારપાલનની કેળવણી લીધી હતી. સવારના ૫ થી તે રાતના ૯ાા સુધીનો કાર્યક્રમ નિશ્ચિત હતો. અને એમાં ધર્મક્રિયાઓ, ધાર્મિક તેમ જ સંસ્કાર-પોષક અને જ્ઞાનવર્ધક અભ્યાસ અને રમતગમત – એમ શરીર અને મનને પ્રફુલ્લ રાખે એવી અનેક પ્રવૃત્તિઓનો સમાવેશ થતો. સાધ્વીજી અનુશાસનની દઢતા અને હાર્દિક વત્સલતાનો સમાન રીતે કુશળતાપૂર્વક ઉપયોગ કરીને કન્યાઓનાં મનને વશ કરીને એમની પાસે ધાર્યું કામ કરાવી શકે છે તે અહીં જોવા મળ્યું. કાયાની છાયાની જેમ સાધ્વીજી શ્રી નિર્મળાશ્રીજીનું જ અંગ બની ગયેલી કુમારી પન્નાબહેનની શકિત, બુદ્ધિ અને ભકિત પણ સત્રની નાની - મોટી પ્રત્યેક પ્રવૃત્તિમાં જોવા મળે છે.

જૈન તત્ત્વજ્ઞાન અને જૈન આચારનું સિંચન આ સત્રના કેન્દ્રમાં રહેલ હોવા છતાં, કન્યાઓમાં ધર્મભાવનાની સાથોસાથ માનવતાની ભાવનાઓ તેમ જ સામાજિક અને રાષ્ટ્રીય દષ્ટિનો વિકાસ થાય, અને એ રીતે એમને સમગ્ર જીવનનો આછો પાતળો પણ ખ્યાલ આવે અને એમનો સર્વાંગીણ વિકાસ થાય એ રીતે આ સત્રનું સંચાલન કરવામાં આવે છે. આ એની અનોખી વિશેષતા છે. આ વાતનો ખરો ખ્યાલ તો સત્રનું જાતે નિરીક્ષણ કરવાથી જ આવી શકે. આમ છતાં આ સત્રમાં વર્ગો લેવા કે સત્રની કામગીરીનું નિરીક્ષણ કરવા આવનાર વ્યકિતઓનાં નામો ઉપરથી પણ એનો કાંઈક ખ્યાલ આવી શકે. આવી વ્યકિતઓમાં શ્રી ઈન્દુમતીબહેન ચીમનલાલ શેઠ, શ્રીમતી સરલાબહેન સારાભાઈ, ગુજરાતના રાજ્યપાલનાં પત્ની શ્રીમતી મદાલસાબહેન, શ્રીમતી ગીતાબહેન પરીખ, પં. શ્રી. રામવિજયજી ગણિ, મુ. શ્રી. દુર્લભસાગરજી, મુ. શ્રી. પૂર્ણાનંદવિજયજી શેઠશ્રી અમૃતલાલ કાળીદાસ દોશી, શેઠશ્રી કસ્તૂરભાઈ લાલભાઈ, મેયર શ્રી નરોત્તમભાઈ ઝવેરી, કેળવણીપ્રધાન શ્રી ગોરધનદાસ ચોખાવાલા, યોગસાધના આશ્રમના આચાર્યશ્રી મનુવર્યજી, શેઠશ્રી કાંતિલાલ ચીમનલાલ કોલસાવાલા, પં. શ્રી. દલસુખભાઈ માલવણિયા, પ્રો. મજમુદાર, આચાર્યશ્રી કાલીદાસ દવે, આચાર્યશ્રી દોલતભાઈ, સંગીતકાર શ્રી ભુરાભાઈ તથા શ્રી પ્રતાપભાઈ ટોલિયા, પં. શ્રી. મફતલાલ ગાંધી, શ્રી જીવનમણિ ટ્રસ્ટના સ્થાપક શ્રી લાલભાઈ મણિલાલ શાહ, રતિલાલ દીપચંદ દેસાઈ, પ્રો. કુમારપાળ દેસાઈ, શ્રી શાંતિલાલ સાઠંબાકર, શ્રી જયંતીલાલ સાધુ વગેરેનો સમાવેશ થાય છે.

સત્રદરમ્યાન સંગીત તથા વકતૃત્વની હરીફાઈ અને સામાન્ય પરીક્ષા યોજવામાં આવી હતી; અને કન્યાઓને બેએક હજાર રૂપિયાનાં ઈનામો આપવામાં આવ્યાં હતાં. સત્રમાં પૂરા સમય માટે પ્રવેશ નહીં મેળવી શકનાર પચીસ જેટલી કન્યાઓએ બપોરના ૧ થી ૪ સુધીના વર્ગોમાં હાજરી આપીને સત્રનો લાભ લીધો હતો.

શ્રી ઈન્દુમતીબહેન શેઠની ભલી લાગણીથી આ સત્ર શેઠ ચીમનલાલ નગીનદાસ વિદ્યાવિહારના સ્વચ્છ, સુઘડ અને સુરમ્ય સ્થાનમાં યોજી શકાયું હતું. સત્રની પૂર્ણાહુતિનો ઈનામી મેળાવડો તા. ૨૪-૫-૭૦ ના રોજ શ્રી ઈન્દુમતીબહેન શેઠના પ્રમુખપદે યોજાયો હતો. આ પ્રસંગે આ સત્રની કામગીરી પ્રત્યે તેઓએ સંતોષ અને ખુશાલીની જે લાગણી વ્યકત કરી તે પણ આ સત્રની સફળતા અને આવાં સત્રોની ઉપયોગિતાનું સૂચન કરી જાય એવી હતી.

**રતિલાલ દીપચંદ દેસાઈ.**

# વિધવા વિવાહ

(આ લેખ તા. ૧-૬-૭૦ ના 'વિકાસ' માંથી ઉદ્ધૃત કરવામાં આવ્યો છે. આપણે ત્યાં વિધવા વિવાહનો વિચાર બુદ્ધિથી સ્વીકૃત થયો છે, પણ તેના અમલ તરફ આપણે બહુ જ ઓછા આગળ વધ્યા છીએ, અથવા તો આ વિષયમાં આપણે કેવળ ઉદાસીન રહ્યા છીએ. આ આજની હકીકત તરફ આ લેખ આપણું સચોટ ધ્યાન ખેંચે છે અને અન્તભાગમાં ભારપૂર્વક જણાવે છે કે "વિધવા વિવાહ એ અધર્મ નથી, પરંતુ ધર્મ છે; પાપનો માર્ગ નથી, પરંતુ જીવનને સમતોલ બનાવનારો સ્વસ્થ માર્ગ છે; એના અનુસરણમાં સમાજનું નૈતિક હિત તેમ જ એક વ્યકિતના જીવનને રૂંધી નાંખનારી સમસ્યાઓનું નિરાકરણ રહેલું છે." આ લેખનાં લેખિકા બહેનને લગ્ન બાદ થોડા સમયમાં વૈધવ્ય પ્રાપ્ત થયેલું. ત્યાર બાદ ભાવનગરમાં રહીને માધ્યમિક શિક્ષણથી એમ. એ. સુધીનો તેમણે અભ્યાસ કર્યો. ત્યાર બાદ તેમણે લગ્ન કર્યું છે અને તેઓ સુખી અને સ્વસ્થ ગૃહથાશ્રમ ચલાવે છે. જેની પાછળ પ્રત્યક્ષ અનુભવ અને આચરણનું સમર્થન છે એવા આ લેખનું સામાન્ય સુધારાવાદી લખાણો કરતાં ઘણું વધારે મૂલ્ય છે. **પરમાનંદ**)

જેમ જેમ સમય બદલાતો જાય છે તેમ તેમ આપણા રીતરિવાજો અને જીવનપદ્ધતિમાં પણ પરિવર્તન આવતું જાય છે. એક કાળે જેનું ઘણું મહત્ત્વ હતું એવા અનેક રિવાજોનું મૂલ્ય આજે નહિવત છે. એક સમય એવો હતો કે વિધવા સ્રીથી ફરી વિવાહ

થઈ શકતો નહિ. એવો વિચાર કરવો એ પણ જાણે દોષરૂપ લેખાતું. સમયપરિવર્તન સાથે આજે આપણે વિધવાવિવાહના પગલાંને આવકારવા જેટલા રિવાજોની પકડમાંથી મુકત બન્યા છીએ. સ્રી સમાજના ઉત્કર્ષ માટે આ એક ઘણી સારી નિશાની છે, પરંતુ અહીં તહીં વિધવા વિવાહના ગણ્યાં ગાંઠયા કિસ્સા બને એથી કાંઈ ક્રાંતિ આવી નહિ કહી શકાય. કોઈ પણ સુધારો જો કેવળ પ્રશંસા કરવાની વસ્તુ જ રહે અને જીવન સાથે મેળ ન સાધી શકે તો જીવન પલટાયા વગરનું એમ જ રહેવાનું.

વિધવા વિવાહના વિચારને આપણે આવકાર્યો ખરો પણ વ્યવહારમાં અપનાવ્યો કેટલે અંશે? કેટલા કુટુંબોએ વિધવાને કુલવધૂ તરીકે સત્કારવા તૈયારી બતાવી? કેટલા પુરુષોએ વિધવાને પત્ની તરીકે અપનાવવા તત્પરતા દાખવી?

શિક્ષિત સમાજ વચ્ચે જીવન ગાળતી વિધવા બહેનોને બાદ કરીએ તો જૂની ઘરેડમાં જ રાચતા સમાજ વચ્ચે જીવતી વિધવાની દશા દયાજનક છે. અર્થવગરના રિવાજો, માન્યતાઓ અને ધર્મ-વિષેના ખોટા અંધ ખ્યાલોમાં અટવાયેલી વિધવાની જીંદગી તદ્દન બરબાદ થઈ જાય છે. આ સ્થિતિમાં થોડો સુધારો થયો છે. શિક્ષણનો બહોળો પ્રચાર થતાં સ્રીઓનું વલણ કેવળ ઘરબાર સંભાળવા પૂરતું ન રહેતાં અવનવું શીખી પગભર થવા તરફ ઘણું વધ્યું છે. કલાકારીગરી અને હુન્નર-ઉદ્યોગનું ક્ષેત્ર એટલું વિકસ્યું છે કે ઓછું ભણેલી વિધવા સ્રીઓ પણ કોઈ ને કોઈ નાનું મોટું કામ કરી નિર્વાહ જોગું કમાઈ લે છે. અજ્ઞાન, વહેમ અને જડતાની અંધારી દુનિયામાં કામના બોજા તળે કચડાયેલી વિધવા આ રીતે બહારની દુનિયાના સંપર્કમાં આવી એટલે અંશે એની દશામાં સુધારો થયો છે. વિધવાની ઉન્નતિ માટે ધગશથી કામ કરનારા અનેક સમાજસુધારકો અને સંસ્થાઓને ફાળે આ યશ જાય છે. આ દિશામાં આજે જે કંઈ કાર્ય થઈ રહ્યું છે તે પ્રશંસનીય છે; પરંતુ આટલેથી જ આપણે અટકી જવાનું નથી. વિધવાવિવાહનો જોરશોરથી પ્રચાર થવો જોઈએ. વિધવા શ્રીમંત હોય કે તે તેના બાહ્ય સંજોગો - માલમિલકત, આવકનું સાધન, કુટુંબીજનોની હૂંફ વગેરે - સારા હોય તેથી તેને ફરી લગ્ન કરવાની જરૂર નથી એમ માનવું એ ઘણું ભૂલભરેલું છે. આ બાબતમાં તો એક વ્યકિતના દિલનો વિચાર આપણે કરવાનો છે. પતિના મૃત્યુ બાદ હિન્દુ સ્રીને જે આચારનિયમોનો સ્વીકાર કરી ફરજિયાત વૈધવ્ય પાળવું પડે છે તેમાં માનવમનની મૂળભૂત વૃત્તિઓનું દમન કરવામાં આવે છે. વૃત્તિઓનું દમન માનસિક તાણ ઊભી કરી કેટલીક વાર સ્વભાવને વિકૃત કરી મૂકે છે તેમ જ શરીરસ્વાસ્થ્યને પણ હાનિ પહોંચાડે છે. અતૃપ્ત ઈચ્છાઓ અને આવેગોને કારણે ઘણીવાર જે વિષમ પરિણામો આવે છે તે એક વ્યકિતના જીવનને હાનિ પહોંચાડે છે તેમ જ સમાજના નૈતિક સ્તરને નબળો પાડે છે. કોઈ નબળી ક્ષણમાં થઈ જતી ભૂલને કારણે વિધવાને હડધૂત થઈ જે ગંભીર સમસ્યાનો સામનો કરવો પડે છે તેને માટે સમાજ જવાબદાર છે. ફરજિયાત વૈધવ્યને કારણે એક લાચાર સ્રીના જીવનમાં જે ઘટના બને છે તેને પાછું તમાશો માની તેનો નિંદારસ માણવો એ તો વળી પડયા ઉપર પાટુ મારવા જેવું અધમ કૃત્ય છે. ત્યજાયેલા બાળકોના રક્ષણ માટે કે વિધવાની ઉન્નતિ માટે આશ્રમો કે સંસ્થાઓ ઊભી કરીને આપણે આ પ્રશ્નનાં મૂળમાં કદિ નહીં પહોંચી શકીએ. ખરી અને પાયાની જરૂર તો વિધવા સ્રી ફરી લગ્ન કરી શકે તેવું વાતાવરણ ઊભું કરવાની છે.

આ કામને સફળ બનાવવામાં મુશ્કેલીઓ તો રહેવાની જ. વિધવા પોતે જ ફરી લગ્ન કરવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દે એવું પણ બને, પરંતુ બીજા લગ્ન માટે તે નારાજી બતાવે તેનો અર્થ એવો નથી કે સાંસારિક જીવન પ્રત્યેના તેના બધા જ રસો નિર્મૂળ થઈ ગયા છે. ખરું કારણ તો એ છે કે આપણા સમાજમાં વિધુર વિવાહની જેમ વિધવા વિવાહ એ સહજ ઘટના નથી. પુનર્લગ્નને આપણે અત્યાર સુધી એક દોષિત પગલું જ માન્યું છે. આ માન્યતાની જડ એટલી તો ઊંડી છે કે તેનો વિચ્છેદ કરી લગ્ન કરવાનું ક્રાન્તિકારી પગલું ભરવું એ ઘણી નૈતિક હિંમત માગી લે છે. સમાજની ટીકાની અવગણના કરી આવું પગલું ભરવાની હિંમત દરેકમાં ન હોય એ સ્વાભાવિક છે. બીજું કારણ એ છે કે સ્રી સ્વભાવે કોમળ અને લાગણીપ્રધાન હોઈ બીજા પતિનો વિચાર એકદમ નથી કરી શકતી. આઘાત, દુ:ખ અને રિવાજોની પકડમાં તે એવી ભીંસાઈ જાય છે કે તેને તેના ભાવિ વિષે કોઈ સારી આશા નથી દેખાતી. એમાં જો તેનું શિક્ષણ ઓછું હશે તો તે પોતાના જીવનનો કશો જ નિર્ણય નહિ લઈ શકે. મારી એક યુવાન વિધવા સખી અત્યારે મને યાદ આવે છે. વાતવાતમાં એકવાર તેણે મને કહેલું, "ફરી લગ્ન કરવાની હવે મારી ઈચ્છા નથી. મારા નસીબમાં સુખ હોત તો આવું બનત જ શા માટે? હવે એક ભવમાં બે ભવ શું કરવા!"

વ્યથાપૂર્ણ અંતરમાંથી નીકળેલા આ શબ્દો હું સાંભળી રહી. તેમને સમજાવવાનું કામ સહેલું નહોતું. વિધવા વિવાહને સમાજે એવું હીન કૃત્યુ ગણ્યું છે કે એનો અમલ જવલ્લે જ થતો હોઈ ઓછું ભણેલાં અનેક બહેનો આ પ્રકારની વિચારસરણી ધરાવે છે. સુખદુ:ખની વાત કુદરતને આધીન છે એમ સમજી હરેક પ્રકારની નિરાશાને આપણે હટાવવી જોઈએ. બીજું લગ્નજીવન પ્રથમ કરતા વિશેષ સુખી અને પ્રગતિશીલ હોય એવું પણ બની શકે છે.

વિધવા બહેનોએ હિંમત અને આત્મબળ કેળવી કુરિવાજો સામે લડવું જોઈએ. પતિના મૃત્યુ બાદ મહિનાઓ સુધી ખૂણો પાળવાનો રિવાજ એ નર્યું અજ્ઞાનનું પ્રદર્શન છે. એ જ રીતે રોવા કકળવાની, ચુડી ચાંલ્લાની કે બીજા વેષપરિધાનની જે મૂર્ખાઈભરી ક્રૂર ક્રિયાઓ એક ચોક્કસ વિધિ પ્રમાણે કરવામાં આવે છે તેનો સ્વસ્થ સામનો વિધવા બહેનોએ કરવો જોઈએ. પતિનું મૃત્યુ થયું એટલે સ્રીનું જીવન કોડીનું નથી થઈ જતું. પોતાના સંજોગો, ઉંમર વગેરે બાબતોનો સ્વસ્થ ચિત્તે વિચાર કરી વિધવા સ્રી ફરી લગ્ન કરે યા પોતાના જીવનનો વિકાસ થાય એ રીતનો માર્ગ તેણે સ્વીકારવો જોઈએ. સૌથી પ્રથમ તો તેણે પોતાના શિક્ષણ બાબતની વાત વિચારવી જોઈએ. સ્રી જો સુશિક્ષિત હશે તો તેનો માર્ગ સરળતાથી કાઢી શકશે. જ્ઞાન અને વિદ્યાનું ધન તો એવું અમૂલ્ય છે કે આપણા જીવનની ઘણી ગૂંચોને ઊકેલવામાં તે સહાયરૂપ બને છે. વિધવા બહેનોએ પોતાની શકિત અને રુચિ અનુસાર કંઈ ને કંઈ ઉદ્યમ કે આગળ અભ્યાસ કરી પોતાના જ્ઞાનને વિસ્તૃત કરવું જોઈએ. આપણે આવી બાબતમાં કોઈને એક ચોક્કસ દિશાસૂચન ન જ આપી શકીએ કારણ કે દરેક વ્યકિત અને તેના સંજોગો જુદા હોય છે. પોતાનો માર્ગ પોતે કાઢવાનો હોય છે. આ પ્રકારની શકિત અને સૂઝ બહુ ઓછી સ્રીઓમાં હોય એ દેખીતું છે. આવા સંજોગોમાં સ્રીઓના વિકાસ માટે કાર્ય કરી રહેલી સંસ્થાઓ તેમ જ સમાજસુધારકો તેમને મદદ કરી શકે છે.

જે કુટુંબ ઉદારદ્રષ્ટિ ધરાવે છે ત્યાં વિધવાનું જીવન ઓછું કષ્ટદાયક હોય છે. ખરી રીતે તો વડીલોએ જ જમાનાને સમજી વિધવાને ફરી લગ્ન કરવા માટે પ્રોત્સાહન આપવું જોઈએ. એમાં યે જે બહેનો યુવાન છે તેના પુનર્લગ્ન માટે તો મુરબ્બીઓએ ખાસ આગ્રહ રાખવો ઘટે.

વિધવા બહેનો માનભેર જીવી શકે. તેમ ઈચ્છે તો, ફરી વિવાહ કરી શકે એ દિશામાં આજની શિક્ષિત બહેનોએ પોતાનો સક્રિય સહકાર આપવો જોઈએ. ટીકાના ભયથી ઈચ્છા હોવા છતાં જે વિધવા લગ્ન કરવા આગળ આવી શકતી નથી તેને પ્રોત્સાહન આપી તૈયાર કરવાનું પણ શિક્ષિત બહેનોનું કર્તવ્ય છે.

યોગ્ય વિધવા સાથે લગ્ન કરવા પુરૂષોએ પણ તૈયારી બતાવવી જોઈએ. વિધવા 'અપશુકનિયાળ' નથી તેમ તેની હાજરીથી કોઈનું કશું જ અમંગલ થતું નથી. આ જડ માન્યતા તો આપણું જ અજ્ઞાન અને દિલનું દારિદ્રય પ્રગટ કરે છે. પતિને ખોઈ બેઠેલી એક દુ:ખી નારીને આવા શબ્દોથી નવાજવી એ તો માનવતાનું હડહડતું અપમાન છે. કીડી મંકોડી જેવા નાના જીવોનું હિત જોનારા આપણે, માનવ જેવા એક વિકસિત પ્રાણી પ્રત્યે કેટલા ક્રૂર બનીએ છીએ તેનું ભાન આપણને થવું જ જોઈએ.

વિધવા વિવાહ એ અધર્મ નથી પરંતુ ધર્મ છે, પાપનો માર્ગ નથી પરંતુ જીવનને સમતોલ બનાવનારો સ્વસ્થ માર્ગ છે. એના અનુસરણમાં સમાજનું નૈતિક હિત તેમ જ એક વ્યકિતના જીવનને રૂંધી નાખનારી સમસ્યાઓનું નિરાકરણ રહેલું છે.

શારદાબહેન શાહ

# કોમી સંઘર્ષો પેદા કરતાં કારણોની મીમાંસા

(અમદાવાદમાં કોમી સંઘર્ષનો દાવાનળ શમી રહ્યો હતો એ દરમિયાન 'નિકેતન' ના તંત્રી શ્રી ચીનુભાઈ ગી. શાહે ગયા ઑક્ટોબર માસના અંકમાં આપણી કોમી સમસ્યાની વિશદ આલોચના કરતો એક લેખ 'વેરની વસૂલાત' એ મથાળા નીચે પ્રગટ કર્યો હતો. એ લેખની છણાવટથી આકર્ષાઈને એક મુસ્લિમ મિત્રે આ લેખની ૨,૦૦૦ નકલ પુસ્તિકાના આકારમાં તૈયાર કરી આપવા માટે માંગણી કરી હતી. સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિએ પણ પોતાના કાર્યકરો અને કારીગરોમાં વહેંચવા માટે એટલી જ નકલોની માંગણી કરી. આવી માગણીઓ ચોતરફથી આવતાં શ્રી ચીનુભાઈ ગી. શાહે આ લેખની ૧૦,૦૦૦ નકલો છાપીને વહેંચી આપી. ત્યાર બાદ ગુજરાત રાજ્યની સરકારે આમ પ્રજામાં ફેલાવો કરવા માટે આ જ લેખની બીજી ૧૦,૦૦૦ નકલો તૈયાર કરી આપવાની શ્રી ચીનુભાઈને વિનંતી કરી હતી અને તે મુજબ ચીનુભાઈએ તેટલી નકલો પૂરી પાડી હતી.

આજે જ્યારે તાજેતરમાં ભીંવડી, થાણા, જળગામ વગેરે સ્થળોએ કોમી અથડામણની દુર્ઘટનાઓ બની ચૂકી છે ત્યારે જેમને આ પ્રશ્ન ઉપર કાંઈક વિચારવું, સમજવું તથા વર્તવું છે તેમને ઉપયોગી થઈ પડશે એમ સમજીને ઉપર જણાવેલ લેખને 'પ્રબુદ્ધ જીવન'માં પ્રસિદ્ધિ આપવાનું ઉચિત ધાર્યું છે. પરમાનંદ

## વેરની વસૂલાત

"ઈસ્લામનો 'અલ્લા' ખ્રિસ્તીઓનો 'ગૉડ' અને હિન્દુઓનો 'ઈશ્વર' એક જ છે. જેમ હિન્દુ ધર્મમાં ઈશ્વરનાં સહસ્રવિધિ નામ છે તેમ ઈસ્લામમાં પણ અલ્લાનાં અનેક નામ છે. એ નામો જુદી જુદી વ્યક્તિઓનાં નહીં પણ જુદા જુદા ગુણનાં સૂચક છે, અને અલ્પ માનવીએ નમ્રભાવે ઈશ્વરમાં ગુણોનું આરોપણ કરીને તેનું વર્ણન કરવાનો પ્રયત્ન કર્યો છે પણ ઈશ્વર તો ગુણદોષથી પર છે, અવર્ણનીય છે, અચિંત્ય છે, અપ્રમેય છે. આ ઈશ્વરને વિષે જીવતી જાગતી શ્રદ્ધા હોવી એનો અર્થ એ કે મનુષ્યમાત્રને ભાઈભાડું માનવા. એનો અર્થ એ પણ છે કે સર્વ ધર્મ વિષે સરખો આદર રાખવો."

ગાંધીજી

એક સુખની નીંદમાં સૂઈ ગયા હતા. એ નીંદ જ ખુદ સ્વપ્ન હતું તો પછી સુખ તો કલ્પના માત્ર જ. એ કલ્પનામાં પણ ભંગાણ પડ્યું. અચાનક એક આંચકો લાગ્યો. ૧૯૪૭ ના માનવ માનવની કતલના આઘાત–પ્રત્યાઘાત પછી એમ ધારેલું કે હવે ખાતું ભરપાઈ થઈ ચૂક્યું છે, કાંઈ પણ લેણ દેણ બાકી નથી. પણ માનવીનું મન અકળ છે અને કદાચ અકળ રહેવાં જ સર્જાયેલું લાગે છે!

અચાનક અમદાવાદના રહેવાસીઓનાં મન પર શયતાને કબજો મેળવ્યો અને એક વેળા તો ૪૭ ના દિવસોની બેફામ અને ભયાનક કતલોને ભૂલાવી નાખે તેવા હત્યાકાંડમાંથી અમદાવાદ–ગાંધીજીનું અમદાવાદ–જૈનો અને વૈષ્ણવોનું અમદાવાદ–મહાજનોનું અમદાવાદ–પસાર થયું અને એની ભીષણ જ્વાળાઓમાં અમદાવાદ લપેટાઈ ગયું.

કારણ હતું–છ મહિનાના નિર્દોષ બાળકને રહેંસી નાખવાનું કારણ હતું. આખાંને આખાં કુટુંબોને જીવતા શેકી નાખવાનું કારણ હતું. આગના ભડકામાંથી માંડ જીવ બચાવીને ભાગતાં બાળકો, બહેનો અને ભાઈઓને ફરી ફરી પાછા આગમાં ધકેલી દેવાનું કારણ હતું. નિર્દોષ બાળકને મારી તેના ટુકડા કરી, એ ટુકડાને લટકાવી, નીચે તે બાળકોની માતાને ઊભી રાખી કકળાવવાનું પણ કારણ હતું. હરેક પિશાચી કૃત્ય કરવાનું કારણ હતું. હરેક પિશાચી કૃત્યે ધર્મનો ઝંડો ઊંચો ને ઊંચો ચઢયે જતો હતો! ધરતીમાંથી એનાં મૂળ ઉખેડીને એ ઊંચે ને ઊંચે ચઢયે જતો હતો! અમદાવાદ, અમદાવાદ જ નહોતું રહ્યું.

જે કાંઈ ક્રૂરતા આચરી શકાઈ તે આચરી અને જે ન આચરી શકાઈ તેને કલ્પનાના રંગોમાં બોળી, હરપળ નવાં વાઘાં ચઢાવી લોકમોઢે વહેતી મૂકવાનો કેટલાકે ખાસ ધંધો આદર્યો અને કલ્પનાને સાકાર સ્વરૂપ મળતાં પણ વાર ક્યાં હતી! આમ એક કલ્પના સાકાર થતી એટલે વળી પાછું બીજી કોઈ વધુ રૌદ્ર કલ્પના તરફ લોક માનસ દોડતું અને એને આકાર આપવવાળાઓની લાઈનમાં ઊભું રહેતું! આમ શયતાન અને સવાઈ શયતાનના ચક્કરમાં અમદાવાદ ફસાયેલું પડયું હતું, હતું શું કરવા? માનસિક વ્યાપારોને કર્મબંધન સાથે જો કોઈ સંબંધ હોય તો આજ પણ અનેક નિર્દોષોનાં શરીરો ભાલાથી વીંધાઈ રહ્યાં છે, આજ પણ અનેક ઘરોને તેના છટકવાનાં દ્વારો બંધ કરી દિવાસળી ચંપાય છે અને આજ પણ આમ માનવતાની હોળી ખેલાઈ રહી છે.

મીઠામાં કાચ અને દૂધમાં ઝેર ભેળવ્યાના વહેતાં તરંગોના વમળમાં નગરીનાં આબાલવૃદ્ધ તણાયે જતાં હતાં. જ્યારે બીજી બાજુ ખુદ ધર્મમાં હળાહળ ઝેર ભેળવીને કસૂંબા ઘોળાતા હતા. સળગો, વૈશાખી દાવાનળ સળગો. હજી માનવતા બાકી છે. ખૂણેખાંચરેથી શોધી શોધી એને ભસ્મીભૂત કરી નાખો. આજ ધર્મે ઝનૂનના નશામાં અધર્મનો ઝંડો હાથ ધર્યો છે. આજ સાપને દોરડું સમજી ધર્મ અભ્યુત્થાન કરવા મથી રહ્યો છે.

તો શું આપણા ઘર લૂંટાય, આપણી કત્લેઆમ થાય, અને આપણાં ધર્મસ્થાનો નાપાક બનાવવામાં આવે તો હાથ જોડીને બેસી રહેવું? ના, હાથ જોડીને બેસી ન રહેવું. મર્દનો બચ્ચો તો આવું કાંઈ પરિણામ આવે તે પહેલાં જ પોતાનો જાન કુરબાન કરી ચૂક્યો હોય અને નામર્દ હોય તો ત્યાંથી ભાગે અને માઈલોના અંતરે કોઈ સુરક્ષિત સ્થળે –જ્યાં કોઈના ડરનો પડછાયો પણ ન હોય ત્યાં- થાકનો માર્યો શ્વાસ ખાવા ઊભો રહે અને પછી જાણે કે પોતાના પર ગુજરેલા સિતમનો બદલો લેતો હોય તેવી ભ્રમણા નીચે કો'ક બીજા પાસે કો'ક નિર્દોષોનાં ઘર લૂટાવે; કો'ક નિર્દોષ મા–બહેનોનાં શીયળ લૂંટાવે, કો'ક નિર્દોષોની કત્લેઆમ કરાવે, કો'ક બીજાંના ધર્મસ્થાનોને નાપાક કરાવે, અને બદલો લીધાનો સંતોષ માને! અને આ બીજા સ્થળના નામર્દો વળી ભાગતા ભાગતા કો'ક સુરક્ષિત સ્થળે થાક ખાય અને કો'ક ત્રીજા જ પાસે કુકર્મો કરાવીને બદલો લીધાનો સંતોષ માને. અને આમ શયતાન અને સવાઈ શયતાનના ચક્કરમાં માનવતા રહેંસાતી રહે!!

તો પછી ઉપાય શો? મન જો શાંત થયું હોય તો જરૂર વિચાર કરીએ.

પહેલાં તો ગાંધીની અહિંસા; કે ઈશુનો 'તારા જમણા ગાલે કોઈ લાફો મારે તો તું તેને તારો ડાબો ગાલ ધરજે' વાળો પ્રેમસંદેશ; કે ભગવાન શ્રીકૃષ્ણની 'દુ:ખે ઉદ્વેગ ના ચિત્તે સુખોની ઝંખના ગઈ, ગયા રાગ ભય ક્રોધ'વાળી સમતુલા, કે ચંડકૌશિકના ડંખીલા સ્વભાવને જાણતાં છતાં તેને ઉગારી લેવાની દષ્ટિએ સામે પગલે તેની પાસે જતા ભગવાન મહાવીરના આક્રમક પ્રેમ, કે 'પરદુ:ખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે' વાળી વૈષ્ણવી ભાવનાને આપણે એક વાર ઊંચે અભરાઈ પર મૂકીને માત્ર શુદ્ધ વ્યવહાર ભાવનાથી જ આ આખો પ્રશ્ન વિચારવા બેસીએ.

આ જગત એક ગુઢ રહસ્ય રહ્યું છે અને રહેશે, છતાં પણ ધર્મક્ષેત્રે એવા કેટલાય ધુરંધર વૈજ્ઞાનિકો થઈ ગયા જેમણે આ જગતના ગુઢ રહસ્યને ઉકેલવાનો પ્રમાણિક પ્રયત્ન કર્યો. આ ઉકેલની

શોધમાં બે ફાંટા પડેલા જણાય છે. એક તો આ જગતમાં માણસે કેમ જીવવું, કેમ હરવું ફરવું અને કેમ પોતાનો વ્યવહાર ચલાવવો, આ અંગેનું સંશોધન હોય છે. જ્યારે બીજી બાજુ આ સૃષ્ટિની ઉત્પત્તિ, એનું સંચાલન અને એનો પ્રલય અને જો કોઈ હોય તો આ બધાનો કર્તા અને આખી વ્યવસ્થાનો વ્યવસ્થાપક, એની રહેણીકરણી તેમ જ એની શકિત, રહેવાસ તથા આકાર, પ્રકાર વગેરેનું સંશોધન, એ આ ગુઢ રહસ્યની બીજી બાજુ છે. આ બન્ને સંશોધનોને આ અંગેના ધુરંધર વૈજ્ઞાનિકોએ ધર્મ તરીકે ઓળખ્યા. જુદે જુદે સમયે, જુદા જુદા સ્થળોએ અને જુદા જુદા માનવસમૂહ માટે આ ધર્મ–સંશોધન કરનારા મહાનુભાવો આ જગત્‌માં અનેક વાર પેદા થયા છે અને થતા રહેશે. આ અનેક સંશોધકોમાંથી માનવ ઈતિહાસના પાને તો ગણ્યાગાંઠયા જ ચડયા છે. આજે દુનિયા જાણે છે તેવા ઈતિહાસમાં આપણી સમક્ષ કન્ફયુસિયસ, મૂસા, શ્રીરામ, શ્રીકૃષ્ણ, જરથોસ્ત, બુદ્ધ, મહાવીર, મોહમ્મદ અને મહાત્મા ગાંધી નજરે પડે છે. ધર્મતત્ત્વ અંગે આ બધા મહા–માનવોએ ઠીક ઠીક પ્રમાણમાં આત્મ–મંથન કરી ઉપર જણાવેલ ધર્મના બન્ને પાસાં વિષે કેટલાંક તારણો કાઢયાં છે. પોતપોતાને યોગ્ય અને તર્કદષ્ટિએ ઠીક લાગ્યાં તેવા તારણો–નિષ્કર્ષો તેમણે સૌએ દુનિયા સમક્ષ મૂકયાં પણ છે. હવે આમાંથી ધર્મનું જે પહેલું પાસું છે–એટલે કે મનુષ્યના રહન–સહન વ્યવહાર અંગેનું પાસું છે–એ અંગે તો આ બધા જ મહાનુભાવો લગભગ એકમત છે. સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ એમ પાંચ મુખ્ય તત્ત્વો કે જેના પર મનુષ્ય–જીવન આધારિત હોવું જોઈએ તે અંગે તો દરેકે દરેક ધર્મ લગભગ સરખાં જ નીતિનિયમો બતાવે છે. અને ધર્મના વૈજ્ઞાનિકોમાં આ અંગે કોઈ નોંધવા જેવો ફરક જણાતો નથી. પરંતુ આપણે આગળ જોઈ ગયા તેમ ધર્મનું એક બીજું પાસું છે જેમાં દેખીતી રીતે જ ધર્મના વૈજ્ઞાનિકોને કલ્પનાનો આશરો લેવો પડયો છે, એટલે કે સૃષ્ટિ કેવી રીતે શરૂ થઈ? તેનો વ્યવહાર ચલાવનાર કોણ? તે રૂપે રંગે કેવો? અને આ સૃષ્ટિનો અંત ક્યારે આવશે? તે પછી શું? આ અને આવા અનેક ગુઢ પ્રશ્નો અંગે ધર્મના વૈજ્ઞાનિકો જે નિષ્કર્ષ પર આવ્યા છે તેમાં ઠીક ઠીક મતભેદ છે એટલું જ નહિ પણ પરસ્પરવિરોધી તારણો પણ છે. આવા દરેક વૈજ્ઞાનિકની પાછળ માનવોનાં નાનાં મોટાં જૂથ ચાલતાં જ હોય છે અને તે તે વૈજ્ઞાનિકે પ્રરૂપેલી વસ્તુ સત્ય છે અને એ સિવાયની અથવા એનાથી વિપરીત વસ્તુ સત્ય હોઈ જ ન શકે એવા અવૈજ્ઞાનિક ઘમંડ સાથે આવાં જૂથો તેમનાં નેતાને અનુસરતા હોય છે. પણ વધુ મુશ્કેલી તો એ છે કે જે બાબતોમાં ધર્મનાં વૈજ્ઞાનિકો લગભગ એકમત છે અને જેના પર આ સંસારમાં સુલભ સંચાલનનો અધાર છે, તે નીતિ નિયમો પર તે તે ધર્મના અનુયાયીઓ ઘણું જ ઓછું લક્ષ આપતા હોય છે એટલું જ નહીં પણ એના વારંવાર ભંગને પોતે પોતા પર જ દયા લાવીને ક્ષમ્ય ગણી લેતા હોય છે. જ્યારે પેલા બીજા કાલ્પનિક પાસાને તો અચળ સિદ્ધાંતો સમજીને ઝાડની જેમ વળગી રહેતા હોય છે. જો જરા પણ સમજપૂર્વક, બુદ્ધિપૂર્વક, તર્કશાસ્ત્રની દષ્ટિએ સમજીએ તો આટલું તો સ્પષ્ટ જ છે કે સૃષ્ટિનાં જન્મ, મરણ કે સંચાલન અંગેના જે સંશોધનો થયાં છે તેમાં સામાન્ય રીતે કલ્પનાના રંગો પુરવા સિવાય છૂટકો જ નથી. આનું કારણ છે. ધર્મ સંસ્થાપક ગમે તેટલો મહાન હોય પણ આખરે તો તે મનુષ્ય જ છે, એની સહિષ્ણુતા, સમજશકિત, કે રજૂઆતશકિતને મર્યાદા રહેવાની જ. હવે આવી મર્યાદાતિ શકિતવાળા જ્યારે અમર્યાદ શકિત પર પોતાનો અભિપ્રાય આપવા મથે ત્યારે એને કલ્પનાના ઘોડે ચડયા સિવાય છૂટકો જ નથી અને કલ્પનાના સહારે લાવેલાં નિષ્કર્ષો કે તારણો તાર્કિક દષ્ટિએ કે હકીકતની દષ્ટિએ સર્વથા, સર્વત્ર, એકાંત સત્ય ન પણ હોય. અલગ અલગ ધર્મના વૈજ્ઞાનિકો અલગ અલગ તારણો પર આવ્યા છે એ પરથી પણ સમજી શકાય છે કે આમાં કંઈક મર્યાદા નડે છે. એ સાચું કે કદાચ ધર્મના વૈજ્ઞાનિકો આ અંગે જે કાંઇ તારણો પર આવ્યા છે તે પોતે તો પ્રમાણિકપણે સાચાં, અને ખોટાં ન ઠરાવી શકાય તેવાં સમજીને જ આવ્યા હશે, પરંતુ સત્યના પૂજારીએ આટલેથી અટકયે ચાલે એમ નથી. આજે આપણી સમક્ષ ઘણા ધર્મો, ઘણા સંપ્રદાયો અને ઘણી વિચારસરણીઓ આપણી ચકાસણી માટે છે. છતાં પણ આ બધી કલ્પનાઓના તરંગોમાં ન ઊતરીએ તો પણ ચાલે એવું જ છે. આજે આપણી પહેલી જરૂર તો છે પેલી પાંચ વાતો, સત્ય–અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગ્રહ–પર જોર દેવાની. એટલું કરીશું તો, જો હશે તો ખુદ ભગવાન જ આવીને આપણને એનો આકાર, રૂપ તથા ગુણોનું દર્શન કરાવશે. જે બાબતોમાં આપણા ધર્મ–વૈજ્ઞાનિકો એકમત છે ત્યાં આપણે સાવ ઉદાસીન છીએ, જ્યારે પેલા કલ્પનાના ઘોડાને આપણે છોડી શકતા નથી! આત્મા, ભગવાન, પુનર્જન્મ, કયામત હોય કે ન હોય; પૃથ્વી અનાદિ અનંત હોય કે કોકે બેસીને ઘડી હોય; આ બધા અંગે સાવ અજ્ઞાન રહીને પણ આપણે આપણો જીવનવ્યવહાર શુદ્ધ બનાવીએ તો અલ્લાહ મિયા સ્વર્ગ અને આપણા ઘર વચ્ચે રોજ અપ–ડાઉન કરવા કાયમી પાસ કઢાવી દેશે. પણ આપણી અવળચંડાઈ ઓર છે. સાચું બોલવાની ઠોસ વાતને લગભગ બધા જ ધર્મના અનુયાયીઓ એકમત થઈ તરછોડી શકે છે પરંતુ શંકાશીલ વિધાન પર ઝનૂની થઈને ખુદ ખુદાની મખલૂકનો નાશ કરતાં પણ અચકાતા નથી! આ ઝનૂન જ્યારે સોળેકળાએ ખીલી ઊઠે છે ત્યારે આખા સંસારના સુલભ સંચાલનનો જેના પર આધાર છે અને જેમાં ધર્મના બધા જ વૈજ્ઞાનિકો એકમત છે તે નીતિનિયમોનો છડેચોક ભંગ કરતાં અટકતા નથી, શરમાતા નથી. જ્યાં ઈશ્વર છે કે નહીં એ જ મોટો ચર્ચાનો વિષય છે ત્યાં ઈશ્વર એકરૂપ કે અનેકરૂપ છે, સૃષ્ટિનો કર્તા છે કે નહીં એવી બાબતો અંગેની લડાઈઓ અને તે પણ ધર્મના સંશોધકો જે બાબતોમાં એકમત છે એવા નીતિનિયમોનો બેશરમ ભંગ કરીને લડવામાં આવતી લડાઈઓ નથી સમજાતી.

ભારત એક કૃષિપ્રધાન દેશ છે અને ખેતી માટે ગાય અને એની ઓલાદ ઘણું ઉપયોગી પ્રાણી છે, એટલે ગાયને મારવી નહીં, એવો એક સંયમ ભારતવર્ષે કેળવ્યો. હજારો વર્ષની આ રૂઢ થયેલી સંસ્કૃતિમાં કેટલાક નવા વિચારો, નવી પ્રણાલીઓ લઈને ભારતમાં ઈસ્લિામ આવ્યો. ભારતની ચાલુ સંસ્કૃતિ એમને કેટલીક જગ્યાએ આખરી. ખેતી માટે ગાય અત્યંત ઉપયોગી વસ્તુ હોઈને ભારતની સંસ્કૃતિ એના અહોભાવમાં ગાયને પૂજવાની હદે પહોંચી. જ્યારે ઈસ્લામની ઈશ્વર–અલ્લાહની જે કલ્પના છે એમાં ઈશ્વર સિવાય બીજું કોઈ પૂજ્ય નથી, એમાં કોઈનીય ભાગીદારી નથી. આ તારણ એમને ગાયની પૂજા તરફની નફરત તરફ ઘસડી ગયું. બીજી બાજુ મુસ્લિમોને ગોવધ કે ગોમાંસ ખાવાનો કોઈ વાંધો જ ન હતો. ભારતની સંસ્કૃતિને એ વસ્તુ માન્ય નહોતી, એટલું જ નહીં પરંતુ ગોમાંસ–ભક્ષકો તરફ એક પ્રકારની ઘૃણા પેદા થઈ જાય તેવા તેમના ગોભકિતના સંસ્કાર હતા.

હવે દેખીતી રીતે જ એકબીજા વિરૂદ્ધ એવા આ બે તત્ત્વોનો મેળ કેમ જામે? મેળ જામે; જો ધાર્મિક વૈજ્ઞાનિકોનાં કાલ્પનિક નિરાકરણો કરતાં, માનવ માનવ વચ્ચેના વ્યવહાર અંગેનાં તેમનાં સર્વસંમત નિરાકરણો પર વધુ ધ્યાન આપીએ તો ભારતમાં મુસલમાનોને પોતાના પાડોશી આટલા બધા દુભાતા હોય તો ગાય મારવાની કોઈ જરૂરત ઊભી નથી થતી; જ્યારે બીજી બાજુ ધારો કે કોઈ મુસલમાને ગાય મારી તો તેટલા જ ખાતર ખુદ એ મુસલમાન કે એના જેવા કોઈ બીજાને મારી નાખવાનો ધર્મ પેદા થતો નથી. એક વેળા

જો ચડસાચડસી બંધ થશે તો માત્ર કોઈની લાગણી દુભાવવા ખાતર ગાયને મારવાપણું નહીં રહે, અને બીજી બાજુ કોઈ કારણસર લાગણી દુભાઈ તો એના પ્રત્યાઘાત રૂપે મનુષ્યને મારવાપણું નહીં રહે. ગોધન અને ગોવંશને બચાવવા માટે ગાંધીજીએ કેટલાય ઉપાયો સૂચવ્યા છે. આપણને સ્પષ્ટ સમજાવવામાં આવ્યું કે છે જો સાચે જ આપણે ગોવંશનો ઉદ્ધાર ઈચ્છતા હોઈએ, ગોસંવર્ધન ઈચ્છતા હોઈએ, તો આપણામાંથી દરેકે ગાયનાં જ ઘી-દૂધનું સેવન કરવું જોઈએ અને કુદરતી રીતે મરેલ જાનવરોનાં જ ચામડાનો ઉપયોગ કરવો જોઈએ. જે શકિત આપણે વૈમનસ્યોનાં કામો પાછળ ખર્ચીએ છીએ તે જો આવાં વિધાયક કામોમાં ખર્ચીએ તો ગાય પણ બચે અને મનુષ્ય-મનુષ્ય વચ્ચેના વ્યવહારો પણ સુધરે.

આવો જ એક પ્રશ્ન મસીદ આગળનાં વાજાંનો હોય છે. ઈશ્વરની આરાધના વેળા શાંતિ હોય તો વધુ અનુકૂળ આવે તે વાત તદ્દન માન્ય છે, પરંતુ ઈશ્વરની આરાધના માટેના સ્થળોની પસંદગી કરતી વખતે પહેલાં તો ઘણું વિચારવાની જરૂરત છે. ભરબજારમાં મસીદ હોય અને તેમાં નમાજ પઢવાનો સમય હોય ત્યારે હિન્દુ પોતાના જ સંસ્કારના કારણે ગડબડ ન કરે તે અલગ અને સૌજન્યભરી વાત છે, પરંતુ નમાજનો સમય જ ન હોય, અલ્લાહ કે ઈશ્વર સાથે તાદાત્મ્ય કેળવવું છે એટલી હદની ઈશ્વર-ભકિત ન હોય, બજારમાં મસીદ હોવાને કારણે અન્ય હજારો ઘોંઘાટ સહી લેવાતા હોય, ત્યાં કોઈ એકાદ વરઘોડો નીકળી આવે અને ધારો કે ચડસમાં પણ એનું વાજું વાગી જાય તો એમાં વધારાની ગડબડ કયાં થઈ તે મને સમજાતું નથી, અને ધારો કે ગડબડ થઈ તો એમાં અલ્લાહના બીજા કોઈ બંદાને આપણે પોતે મારવાની જરૂરત કયાં ઊભી થઈ એ તો સાવ સમજાતું નથી. અલ્લાહ કે ઈશ્વરની કલ્પના સાથોસાથ જ એ જ બધાના સારાં નરસાં કરતૂકો માટે સારાં નરસાં ફળો આપવાનો જ છે, એવી કલ્પના પણ છે જ. તો આ બીજી કલ્પના કે અલ્લાહ ન્યાય કરવાનો છે અને જેનાથી દુનિયાદારીના વ્યવહાર સુધરે એમ છે અને એથીય વધુ ખુદ પોતાના ચારિત્રઘડતર માટે વધુ અનુકૂળ એટલે કે ધર્મ તરફથી પોતાની અભિરૂચી વધે એમ છે—માટે કેમ ઉદાસીન રહેવામાં આવે છે અને આપણે ખુદ ખૂદાની સત્તા આપણા હાથમાં લઈએ છીએ? આ વાત મને તો સમજાતી નથી જ. ખાલી ચીડવવા માટે જ ગડબડ કરવી કોઈને શોભા કરનારું નથી અને ધારો કે ચીડવવા જ ગડબડ કરી તો અલ્લાહના બંદાનો ધર્મ તો સહન કરવામાં છે, એ વાત મારે મન સાવ સ્પષ્ટ છે. આટલી સમજ જો કેળવાય અને રખાય તો એક બીજા તરફ આજે ઘૂરકિયાં કરવાનો જે ધર્મ થઈ પડયો છે તે આપોઆપ પાંગરતો બંધ થઈ જશે અને સાચા ધર્મના ફણગા ફૂટીને ફૂલ આવવા માંડશે. હિન્દુ-મુસ્લિમ ઝઘડાનાં લોકબત્રી-સીએ ઘવાયેલાં બે મુખ્ય કારણો તરફ અને એ કારણો ખૂદ ધાર્મિક દૃષ્ટિએ પણ કેવાં બાલિશ છે તે તરફ આ તો લક્ષ દોર્યું. આ ઉપરાંત પણ કેટલીક વાતો સમજી લેવા જેવી છે.

અપૂર્ણ ચીનુભાઈ ગી. શાહ

## મહેતાદંપતીએ હાથ ધરેલી લંચ-પેકેટની યોજના

**(એઠું એકઠું કરી વહેંચી આપનાર શ્રી મહેતાદંપતી તરફથી મળેલો પત્ર)**

ભૂખ્યાને ભોજન આપવાની પ્રવૃત્તિ છેલ્લા ત્રણ વર્ષથી ચાલી રહી છે. પ્રથમ અમો (મહેતાદંપતી)એ ઘરથી શરૂઆત કરી. પછી લોકોમાં જાગૃતિ આવી. લગ્ન યા કુટુમ્બના સારાનરસા પ્રસંગોએ ગોઠવાતા ભોજન-સમારંભોમાં આમંત્રણ મળે, ત્યાં જઈ થાળીમાં જમતા બચેલી ખાદ્યસામગ્રી એકઠી કરી, ઝૂંપડ-પટ્ટીઓમાં લઈ જઈ આજીવિકા મેળવવાના સાધનવિહોણા આપણા ગરીબ ભિક્ષુક ભાઈબહેનોને પંગતમાં બેસાડી અમો જમાડી આવીએ છીએ. જમણવાર પૂરો થયે, બચેલી ચોખ્ખી રસોઈ પણ યજમાન કે કેટરર્સ ભાઈબહેનો આપે તો સખાવત પર નભતી સંસ્થાઓમાં પહોંચાડીએ છીએ. શરૂઆતમાં આંગળીના વેઢે ગણાય તેટલી સંસ્થાઓમાં અપાતી; અત્યારે મુંબઈ અને પરાંની મળીને ૪૦ જેટલી લૂલા-લંગડા, આંધળા-પાંગળા, વિધવાબહેનો કે અનાથાશ્રમોમાં પહોંચાડીએ છીએ. તદુપરાંત આપણા સમાજના ગરીબ કુટુમ્બો કે જેમાં વધુ ખાવાવાળા અને ઓછી આવક ધરાવતા હોય યા તો કોઈના સગાં-વહાલાને આશરે પડયા હોય તેમને પહોંચાડીએ છીએ. આ સદ્કાર્યમાં ૧૦૦ જેટલા સેવાભાવી ભાઈ-બહેનો જોડાયેલાં છે. સાત-સાત સુખી, અતિ સમૃદ્ધ ભાઈ-બહેનો પોતાની મોટર લઈને આ પવિત્ર કાર્યમાં પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપીને સ્વેચ્છાએ પોતાની સેવા આપે છે. તદુ-પરાંત રોટરી કલબ અને પ્રખ્યાત ઔદ્યોગિક પેઢી ટી. માણેકલાલ ની કું.એ બે મોટરો અમને ભેટ આપેલી છે. મુંબઈના શેરીફ શ્રી વિજય મરચન્ટ પણ આ આ કાર્યમાં પોતાની મોટર, ડ્રાઈવર અને પેટ્રોલનો ખર્ચ ભોગવે છે.

હમણાં એક વિશેષ પ્રવૃત્તિ અમોએ શરૂ કરી છે, અને તે છે લન્ચ-પેકેટ. ઘાટકોપરના સર્વોદય સ્વાસ્થ્યસદનવાળા શ્રી કાન્તિલાલભાઈ તરફથી ૨૫ પૈસામાં પ્લાસ્ટીકની થેલીમાં ચાર ચપાટી અને દાળ કે મગનું શાક આપે છે. હમણાં જ એક ધનાઢ્ય શેઠે પોતાની પૂ. માતુશ્રીની મંગળ તિથિએ એટલે કે ૮મી તારીખે આવા અઢી હજાર લન્ચપેકેટો અમારી મારફત વહેં-ચાવ્યા છે. આ પેકેટો દર મહિનાની ૮મી તારીખે ઉપરોકત સંસ્થામાંથી લાવી ગરીબ બિચારા આપણા ભૂખ્યાં ભાઈ-બહેનો અને હાજતમંદ ગરીબ કુટુમ્બો કે જીવલેણ દર્દથી-અસાધ્ય દર્દથી-પીડાતા દર્દીઓની હોસ્પિટલમાં પૂરા પાડવામાં આવે છે. ઘણા ભાઈ-બહેનો તરફથી આવા હજારો લન્ચ-પેકેટો અમોએ વહેંચી આપી, ભૂખ્યાઓની આંતરડી ઠારી, દાન કરનારને આશીર્વાદ મેળવી આપ્યા છે. આથી લોકોને અમો અપીલ કરીએ છીએ કે જો આપ આવા લન્ચ-પેકેટો વહેંચાવશો તો તે એક ખરેખર પ્રભુ-પસંદ દરિદ્રનારાયણોના આશીર્વાદ લઈ પરભવનું કે આ ભવનું પુણ્યનું ભાથું બાંધ્યું ગણાશે. જો આપમાંના કોઈ ઘરના વડીલની પુણ્યતિથિઓ—તારીખો—નોંધાવશે તો તે જ દિવસે અને સમયે લન્ચ-પેકેટો વહેંચી આપવામાં આવશે. દાતા ઈચ્છશે તો તેમની હાજરીમાં આ કાર્ય કરી બતાવવામાં આવશે. જેઓ ઉપર જણાવ્યા મુજબના લંચપેકેટો અગાઉથી જોવા માગશે તો અમો તેમને ઘણી ખુશીથી બતાવીશું. તો આપણે બધા સાથે મળીને આ ભૂખ્યાને ભોજન આપવાની પ્રવૃત્તિને વધુ વેગથી વિકસાવીએ, લન્ચ-પેકેટો માટે એક સપ્તાહ પહેલાંથી ઓર્ડર બૂક કરાવવો જરૂરી છે. અમોને આશા છે કે જે શ્રીકૃષ્ણ ભગવાને એંઠી પતરાવલીઓ ઊંચકી હતી, જે પિતૃભકત શ્રીરામ ભગવાને શબરીનાં એઠાં બોર ખાધાં હતાં, તેવાં જ પ્રકારના આ સત્કાર્યમાં મુંબઈના કદરદાન સુખી ઘરનાં ભાઈ-બહેનો જરૂરથી સાથ આપશે. આ માટે નીચેના સરનામે સંપર્ક સાધશોજી:

(૧) શ્રી. એચ. સી. મહેતા (ટે. નં. ૩૫૯૫૩૨) "નાલંદા" બી બ્લોક, ફલેટ નં. ૫૩, પાંચમે માળે, ૬૨, પેડર રોડ, મુંબઈ નં. ૨૬.
(૨) શ્રી ચંપકલાલ મોદી (ટે. નં. ૩૫૭૮૫૬) ગીતાંજલિ, ૧લે માળે, વાલકેશ્વર રોડ, મુંબઈ નં. ૬.

## ભૂલ-સુધાર

'પ્રબુદ્ધ જીવનના ૧-૬-૭૦ ના અંકમાં 'અભ્યાસ'ના ૧૦ મા અંકના અવલોકનમાં પ્રગટ થયેલ અવલોકનને નીચે પ્રમાણે સુધારીને વાંચવા વિનંતિ છેઃ-

"૧૦૦ મા અભ્યાસનો અંક એપ્રિલ ૧૯૭૦નો નહિ પણ નવેમ્બર ૧૯૬૯ નો છે, અંકના પાના ૨૧૮ નહિ પણ ૨૪૪ છે તથા અભ્યાસનું હાલનું વાર્ષિક લવાજમ રૂા. ૧૦-૦૦ નહિ પણ રૂા. ૧૫-૦૦ છે." આવી ભૂલ થવા માટે હું બહુ દિલગીર છું."

તંત્રી 'પ્રબુદ્ધ જીવન'

# જૈન સમાજ ધર્મતેજ કેળવશે?

(ગતાંકથી ચાલુ)

જ્યાં બધા જ સમાજો શિથિલ છે અને માનવોની દુર્બળતા અને વિકૃતિ જ્યાં બધે સરખી રીતે ફેલાઈ છે, ત્યાં કોણ કોનો દોષ જુએ? જ્યાં જ્યાં જ્ઞાન, સત્યનિષ્ઠા, પવિત્રતા, કારુણ્ય, સેવાભાવ અને ઉદારતા હોય, ત્યાં ત્યાં એની કદર કરીએ. મારો ઉદ્દેશ કોઈ પણ સમાજ કે વર્ગના ગુણદોષોની ચર્ચા કરવાનો છે જ નહિ. મારે એટલું જ કહેવું છે કે જૈન ધર્મ, જે મૂળે વિશ્વકલ્યાણ માટે સાર્વભૌમ ધર્મ તરીકે પ્રવૃત્ત થયો, તે હિંદુધર્મની માઠી અસરથી વંશનિષ્ઠ થઈ ગયો છે. રડયાખડયા સાધુ કોઈ પછાત વર્ગના દસવીસ લોકોને જૈન ધર્મની દીક્ષા આપે તો તેટલા પરથી જૈન ધર્મે પોતાનું મિશન છોડી નથી દીધું એમ સિદ્ધ નથી થતું.

સાધુલોકો શ્રાવકોને આધારે જીવે. શ્રાવકો રૂઢિની કસોટી પ્રમાણે સાધુઓનો આચાર કસી જુએ. પરિણામે શ્રાવકો તેમ જ સાધુઓ રૂઢિમાં સુધારો કરવાની કલ્પના પણ ન કરી શકે. માણસના આદર્શો સુધરે, જ્ઞાનમાં વિકાસ થાય, પરિસ્થિતિ બદલાય, તો યે રૂઢિનો આગ્રહ તત્ત્વત: કાયમ રાખે, એ સમાજ ગમે તેટલો સમૃદ્ધ હોય, તો પણ તેને જડતાનો ઉપાસક જ કહેવો જોઈએ. રૂઢિ વગર સંગઠન નથી અને સંગઠન વગર સમાજમાં આદર્શ ટકતા નથી એ વાત ખરી, પણ જેમ ઉંમર વધે તેમ શરીર વધે છે; જ્ઞાન અને અનુભવ વધે તેમ મન પરિપકવ થતું જાય છે; તેમ જ જમાનો બદલાય, તે પ્રમાણે આદર્શો સુધરે તેમ રૂઢિઓની જડતા છોડી દઈ, આવશ્યક પરિવર્તન વખતસર કરવા તૈયાર થઈ જાય. એમ ન થાય તો સામાજિક જીવનમાં દંભ પેસી જાય. ધર્મનિષ્ઠા નિષ્પ્રાણ થાય અને અંતે નવા અને તેજસ્વી તત્ત્વો જૂના ધર્મોને તિરસ્કૃત કરી ખાઈ જાય.

પશ્ચિમની સંસ્કૃતિ સારી હોય કે નરસી પણ તે જીવતી છે, પ્રાણવાન છે અને પોતાની અસર બધે ફેલાવતી જાય છે. રૂઢિવાદી સમાજોનો રિવાજ પણ હવે નક્કી થયો છે. પશ્ચિમની બાજુથી કાંઈ પણ નવું આવે ત્યારે એ 'અધાર્મિક છે, વિકૃતિ છે' એમ કહીને એની નિંદા કરવી, છતાં એને રોકવાનો પ્રયત્ન કરવા જેટલો પ્રાણ કેળવવાની જવાબદારીને અભાવે, તટસ્થપણે આક્રમણ જોયા કરવું. એ આક્રમણ ઘરમાં બધે ફેલાય એટલે મનનો વિરોધ પણ મોળો કરવો અને નવી વસ્તુઓ મને-કમને મંજૂર રાખવી. કાળે કરીને એ જ વસ્તુઓ પછી સમાજમાન્ય રૂઢિ બને છે અને એને માટે નવો બચાવ પણ ગોઠવવામાં આવે છે!! આપણે ત્યાં જમાનો એની મેળે બદલાય છે. આપણે એને વિચારપૂર્વક કે સંકલ્પપૂર્વક બદલતા નથી. બહારથી વસ્તુઓ આવતી જાય છે, આપણે આપણી સંસ્કૃતિના આદેશ પ્રમાણે અને આપણાં જીવનની જરૂરિયાત પ્રમાણે કશું ઉપજાવવાનો પુરુષાર્થ કરતા નથી. પોશાક હોય કે ઘરનું રાચરચીલું હોય – જે આપણે ત્યાં આવે છે તેનો, બબડતા અથવા ઉત્સાહપૂર્વક, સ્વીકાર કરીએ છીએ અને માનીએ છીએ કે આપણે આપણા ધર્મ પ્રત્યે નિષ્ઠાવાન છીએ. ફક્ત કમાવું અને જીવન માણવું એટલી જ આપણી પ્રવૃત્તિ. (ઘણીવાર જીવન માણતા પણ બરાબર આવડતું નથી એ વાત નોખી.)

આવડી મોટી સંસ્કૃતિ, આવડો મોટો દેશ અને આવડી જબરદસ્ત લોકસંખ્યા. પણ આપણું નેતૃત્વ ક્યાંય નથી!

જો આપણે અહિંસાધર્મમાં માનતા હોઈએ, અને ગાંધીજીએ અહિંસાને જે વ્યાપક રૂપ આપ્યું, તેને માટે અભિમાન ધરાવતા હોઈએ તો આપણે રૂઢિઓનું સામ્રાજ્ય તોડવું જોઈએ. જૈન રૂઢિ પ્રમાણે ખાવાપીવાની સગવડ મળે, તેટલા જ પ્રદેશમાં સાધુઓ રહે, દેશ બહાર જાય જ નહિ, તો અહિંસાધર્મનો પ્રચાર કેમ થાય? જો ડૉકટર કહે કે 'હું તો મારી જાતને નિરોગી રાખવામાં માનું છું. રોગીઓનો સંપર્ક મને ન ખપે!' તો એવાને તમે ડૉકટર કહેશો ખરા? સાધુઓએ આનો વિચાર કરવો જોઈએ.

એક અમેરિકન નેતા અંગ્રેજો સામે લડયો અને એણે અમેરિકાને સ્વતંત્ર કર્યું. ત્યાર પછી ફ્રેન્ચ લોકોની હાડમારી દૂર કરવા અને એ પ્રજાને સ્વતંત્ર કરવા એ ફ્રાન્સ પહોંચ્યો. કોઈકે એને પડકારીને પૂછ્યું "સ્વદેશ છોડીને તું અહીં ક્યાંથી આવ્યો? તારો સ્વદેશ તો અમેરિકા છે ને?" એણે આપેલો જવાબ વિશ્વ સાહિત્યમાં અમર થયો છે. એણે કહ્યું, "અમેરિકા મારો સ્વદેશ હતો ખરો; પણ ત્યાં હવે પારતંત્ર્ય નથી; અને મારે તો પારતંત્ર્ય સામે લડવાનું, એટલે જ્યાં પારતંત્ર્ય હોય એ દેશને જ મારો સ્વદેશ બનાવું. My home is where liberty is not." જૈન ધર્મમાં માનનારે - પછી એ સાધુ હોય કે શ્રાવક. એમજ કહેવું જોઈએ કે જ્યાં હિંસા ફેલાઈ છે, નબળા લોકો રીબાય છે, નબળા પ્રાણીઓની હાય કોઈ સાંભળતું નથી, ત્યાં જ મારે દોડીને જવાનું રહ્યું. પોતાની સુખાકારીનો વિચાર કર્યા વગર, ગમે તે જોખમે, હિંસાતત્ત્વનો વિરોધ કરતો જાઉં. અહિંસા એ જ માનવધર્મ છે એ માણસજાતને સમજાવતો જાઉં, એ જ મારો જીવનધર્મ, એ જ મારું સાધુ તરીકેનું મિશન.

મહાત્મા ગાંધીએ માણસજાતને બતાવી દીધું કે અહિંસાધર્મનું સંપૂર્ણ પાલન કરીને પણ માણસ હિંસા સામે 'લડી' શકે છે. અહિંસામાં રહેલું ક્ષાત્રતેજ દુનિયા આગળ પ્રગટ કરવું એ હતું ગાંધીજીનું યુગકાર્ય. માનવી સંસ્કૃતિમાં ગાંધીજીએ આ જે મહત્ત્વનો ઉમેરો કર્યો એ કાર્ય આગળ ચલાવવા માટે જેઓ આખી દુનિયામાં ફરી વળે, તેઓ જ સાચા અહિંસાધર્મી.

એકવાર હું આચાર્ય તુલસીજીને મળ્યો. સમાજ જે સ્થિતિએ છે, ત્યાંથી એને ઉપર ચઢાવવા માટે સૌમ્ય પ્રારંભ કરવાની દષ્ટિએ એમણે જે અણુવ્રત આંદોલન શરૂ કર્યું છે તે પ્રવૃત્તિ વિષે મારા મનમાં આદર છે. મેં એમને કહ્યું કે આદર્શ જૈન સાધુઓને સલાહ આપવાનું મારું કામ નથી. તેઓ ભલે ભારત બહાર પગ ન મૂકે. પણ જ્યાં જ્યાં સત્ય, અહિંસા, સંયમ અને નિષ્કામ સેવાની આવશ્યકતા છે, ત્યાં ત્યાં બધી અગવડો વેઠીને અને જરૂર પડયે પોતાનાં જીવનક્રમમાં જરૂરી બધો ફેરફાર કરી માનવજાતની સેવા કરનારો એક નવો પ્રચારક વર્ગ તૈયાર કેમ ન કરો? જૂના આદર્શની પ્રતિષ્ઠામાં ભલે એ ઉતરતો ગણાય. ભારતબહારની ભોગભૂમિમાં પગ ન મૂકનાર ઉચ્ચ કોટિના સાધુ જેટલી એની પ્રતિષ્ઠા ભલે ન હોય. પણ અહિંસાધર્મના ફેલાવા માટે એક નિષ્ઠાવાન નવો વર્ગ ઊભો કેમ ન કરીએ? જે દુનિયામાં બધે જાય અને લોકોને સમજાવે કે "હિંસાદ્વારા સર્વનાશ થવા બેઠો છે. એવે વખતે અહિંસા–પ્રધાન સંસ્કૃતિનો જ સ્વીકાર કરવો જોઇએ."

આચાર્ય તુલસીજીએ કહ્યું, "તમારી વાત સાચી છે, હું પણ એ દિશાએ જ વિચાર ચલાવું છું."

આશા રાખું છું કે જૈન સમાજ આ જાતનું તેજસ્વી પગલું ભરશે અને જડ રૂઢિની અંદર ધર્મતત્વને ગુંગળાતું અટકાવશે. પગપાળા ચાલવાનો તમારો નિયમ તમે ભલે ન છોડો, પણ ભારત બહાર ધર્મપ્રચારને અર્થે જૈનધર્મી લોકો કેમ ન જાય? આ જાતનું એક જબરદસ્ત મિશન ઊભું કરવાનો સમય પાકયો છે. આવે વખતે કોના હાથનું ખાવું, કોના હાથનું ન ખાવું? કોનો સહવાસ

સહન કરવો, કોનો સહવાસ ટાળવો? એ જાતની નમાલી રૂઢ વિચારણા છોડી દેવી જોઇએ.

હું તો આખી દુનિયા ફરી આવ્યો છું. રૂઢિવાદી લોકો મને પૂછે, "તમે બ્રાહ્મણ છો, અમારા હાથનું રાંધેલું તમને ખપે?" હું એમને કહું છું "હું શાકાહારી છું, માંસ, માંછલી કે ઈંડાં મને ન ખપે, શરાબ પણ ન પીઉં, પણ કોઇ પણ જીવતા માણસના હાથનું રાંધેલું મને જરૂર ખપે. હું સિલોન, બ્રહ્મદેશ, ચીન કે જાપાન ગમે ત્યાં ગયો. મહેમાન તો ત્યાંના લોકોનો જ થયો. એમાં મારે પણ અગવડ વેઠવી પડે અને મારા યજમાનોને પણ વિશેષ મહેનત કરવી પડે. પણ એ વગર સંબંધ બંધાય કેમ? હું માંસાહારીને ત્યાં જમું, મારી પડખે બેસીને લોકોને માંસ કે માછલાં ખાતાં જોઉં, એ રીતે મેં મારી જાતને કેળવી છે. દુનિયામાં રહેવું હોય, સેવા કરવી હોય તો સુગાળવાપણું કામનું નથી. ડૉકટરોને સુગાળવા થવું પોસાય?

રોટીબેટી વ્યવહારની મર્યાદા આપણે એટલી બધી વધારી દીધી છે કે દુનિયાથી આપણે અળગા પડીએ છીએ, એટલું જ નહિ પણ, દેશની અંદર પણ 'જેટલી ન્યાતો તેટલા અલગ રાષ્ટ્ર' એના જેવી સ્થિતિ આપણે કરી મૂકી છે. ન્યાતજાતનું બંધન જૈનો માટે ન હોવું જોઇએ, પણ એ બંધન આજે સહુથી વધારે જૈન શ્રાવકોમાં જ છે. હું સનાતનીઓને જ્યાં ત્યાં કહેતો ફરું છું કે ન્યાતજાતના ભેદો હવે કાલગ્રસ્ત થયા છે. એ ભેદો તોડયે જ છૂટકો. પરસ્પર અનુકૂળતા હોય તો માણસ પોતાની ન્યાત બહાર પરણે એ જ ખાસ ઇષ્ટ છે. વિવાહ સંબંધથી આપણે આપણું સામાજિક જીવન વ્યાપક કરીએ છીએ. ગાંધીજીએ આ જ દષ્ટિથી નિયમ કર્યો કે જે લોકો અમારા આશ્રમના વાયુમંડલનો લાભ લઇ પોતાનાં દીકરા દીકરીઓને આશ્રમમાં જ પરણાવવા માંગતા હોય, તેમણે જાણવું જોઇએ કે પરણનાર યુવક અને યુવતી ભિન્ન ન્યાતિના હોય (દાખલા તરીકે બ્રાહ્મણ અને હરિજન) તો જ આશ્રમના આશીર્વાદ એમને મળવાના.

બીજાની માઠી અસરથી આપણે ડરીએ, એના કરતાં આપણી પોતાની સારી અસર ચારેકોર ફેલાશે એ જાતની ઉમેદ, એ જાતનો આત્મવિશ્વાસ આપણે કેમ ન કેળવીએ?

એક વાત સ્પષ્ટ છે કે "હવે પછી ન્યાત ટકે તો હિંદુધર્મ કે જૈન ધર્મ ટકવાના નથી." (હું જાણું છું કે આપણે ત્યાં કેટલાક એવા તો રૂઢિધર્મી છે જે કહેશે – "ધર્મ ટકે કે ન ટકે. ન્યાતિભેદ તો ટકાવવો જ છે. ન્યાત, એ જ અમારું સારસર્વસ્વ છે."

કાળે કરીને આવા આગ્રહો તૂટી જવાના છે એ વિષે શંકા નથી. પણ સુધારો વખતસર ન કરીએ તો આપણી હસ્તી જ મટી જવાની છે. સુધારાનો સાર તો એ વખતસર કરવામાં જ છે.

હું આશા રાખું છું કે અહીં ભેગા થયેલાં ભાઇઓ અને બહેનો અમુક સુધારા માટે હવે તૈયાર થઇ જ જશે. બીજી ભાષામાં કહું તો ગાંધીયુગ–પરિવર્તન નિષ્ફળ નહિ જ નીવડે.

હિંસા, સંઘર્ષ, શોષણ, આક્રમણ અને અત્યાચારથી દુનિયા અકળાઇ છે. યુદ્ધની વધારેમાં વધારે તૈયારી કરનાર રાષ્ટ્રો પણ સમજી ગયા છે કે, હિંસા દ્વારા હવે પછી સર્વનાશ જ થવાનો છે. આ રીતે હારેલી દુનિયા, અહિંસાનો આશાદાયક સંદેશો અજમાવવા તૈયાર થઇ છે. હિંસા પરનો એનો વિશ્વાસ ઉઠી ગયો છે. અહિંસા વિષે, ગાંધીના જમાનામાં દુનિયાને આશા બંધાઇ, પણ છેલ્લા વીસ વર્ષમાં આપણે અહિંસાના વિકાસની દિશામાં કશું પગલું ભર્યું નથી, પુરુષાર્થ કર્યો નથી. તેથી અહિંસા પર દુનિયાનો વિશ્વાસ ટકતો નથી. શું 'અહિંસા પરમો ધર્મ' કહેનાર જૈન લોકો, આ તકનો લાભ લઇ અહિંસાનો પ્રચાર કરવા આગળ નહિ આવે?

**સમાપ્ત** ☆ **કાકાસાહેબ કાલેલકર.**

# ગાંધીજી અને ટાગોર

(૧)

ગાંધીજી પવિત્ર ભગવદ્‌ગીતા હતા તો ટાગોર ઉપનિષદની આવૃત્તિ સમાન હતા.

એક જીવનભર કર્મયોગી રહ્યા; બીજા આજીવન સૌંદર્યના પૂજક રહ્યા; છતાં પોતપોતાને માર્ગે રહી બંનેએ એક જ પરમતત્ત્વની આરાધના કરી.

ચરખો ચલાવતાં ગાંધીએ શ્રમનો મહિમા ગાયો તો સંગીતમય ટાગોરે નાદબ્રહ્મનો મહિમા ગાયો.

એકે ઘવાયેલી માનવતાની માવજત કરીને તો બીજાએ મુરઝાયેલી માનવતાને નવપલ્લવિત કરીને વિશ્વપ્રેમના અપૂર્વ આનંદનો રસ સરખી રીતે જ માણ્યો.

નૈતિકતાના આધાર પર ગાંધીજીએ જીવનનું મહાપ્રસ્થાન કર્યું તો ટાગોરે પ્રભુના 'સુન્દરમ્' સ્વરૂપ પાસે ભાવવિભોર બની નર્તન કર્યું.

ગાંધીજીની દૃષ્ટિએ સમસ્ત વિશ્વ પ્રભુનું પરમધામ હતું તો સૌંદર્યપ્રેમી ટાગોરને મન આ જગત સર્જનહારનો અદ્‌ભુત ગુલઝાર હતું. એકે કર્મમાં જીવનની ધન્યતા અનુભવી તો બીજાએ વિશ્વના રમણીય તત્ત્વોમાં પરમ રહસ્યની ખોજ કરી. બંનેની સાધનાપદ્ધતિ ભિન્ન હતી પરંતુ જીવનદર્શન સરખું જ મહાન હતું.

એકે જીવનની વિષમતા વચ્ચે રહી તેને સમજવા તથા તેની અટપટી ગૂંચોના ઉકેલ માટે ભેખ લીધો તો બીજાએ એ કઠોર રૂક્ષતા વચ્ચે બેસી કુદરતના મંગલ મનોરમ સ્વરૂપનું ગાન છેડયું અને આ બંને અવધૂતોને કુદરતના અસીમ સામર્થ્યની ઉગ્રતા, કરુણાની આર્દ્રતા અને માંગલ્યના મહિમાની અનુભૂતિ સમાન રીતે જ પ્રાપ્ત થઈ.

જીવનના દરેક ક્ષેત્રમાં આચાર અને વિચારની શુદ્ધિ માટે સત્યપ્રેમી ગાંધીજીએ ખાસ ભાર મૂકયો. તેજસ્વી અને વિરાટ વ્યક્તિત્વ ધરાવનાર ગાંધીજીનું જીવન એક પ્રયોગશાળા જેવું હતું. એક કુશળ વૈજ્ઞાનિકની અદાથી તેમણે કરેલા વિવિધ જીવનપ્રયોગો એક મહાકાવ્ય સમા બની ગયા.

તો સૌંદર્ય, રમણીયતા અને લાલિત્યનાં પરમ ચાહક ટાગોરને મન જીવનનું પ્રત્યેક સ્પંદન એક લયબદ્ધ ગાન હતું.

ગાંધીજીએ જોયું કે જે પ્રજાને પેટ પૂરતું ખાવા મળતું નથી તે સાચા અર્થમાં પ્રગતિ નહીં કરી શકે. દારિદ્ર્યને સૌપ્રથમ નિવારવા તેમણે ચરખો ચલાવ્યો, ખેતી કરી; અને શ્રમનું મહત્ત્વ વધાર્યું.

આરસમાંથી અદ્‌ભુત કલાકૃતિ ઊભી કરતા કોઈ શિલ્પી જેવા ગાંધીજી જીવનશિલ્પી હતા. જડ જીવનને તેમણે કોરી–કંડારી આકાર આપ્યો; રંગ આપ્યો; રૂપ આપ્યું; અને જીવન હસી ઊઠયું. તો કલારસિક ટાગોરે જીવનબાગમાંથી સુંદર સુવાસિત પુષ્પો એકઠાં કરી પ્રિયતમાની સેરમાં હોંશભેર ગૂંથ્યાં.

બંનેએ જીવન સાથે ગોઠડી કરી તેને ગાઢ આલિંગન આપ્યું.
એકે પુરુષસહજ વીરતાથી.
બીજાએ મુગ્ધાના લાલગુલાબી ભાવોથી.

(૨)

ટાગોરના મધુર સંગીતે ઊગતી પેઢીને જીવનનો મર્મ અને આત્મશક્તિનું ગૌરવ સમજાવ્યું.

માનવજાતિની પીડા નિહાળી ગાંધીજી ખુદ કરુણા બની ગયા અને વેદનાના પરિતાપમાં ઓગળી જઈ એ કરુણામૂર્તિ અસ્ખલિત પ્રેમધારા બની જગતમાં વહી રહ્યા.

ટાગોરે પોતાના માનવ – બાંધવો પ્રત્યેના સદ્‌ભાવથી પ્રેરાઈ પિતાના ઘરની સુખસગવડોનો ત્યાગ કર્યો; અને જીવનમાર્ગમાં અટવાઈ ગયેલા વટેમાર્ગુઓને સાચો રાહ ચીંધવા શાન્ત તપોવનમાં પોતાનું આસન બિછાવ્યું.

ભારતવાસીઓની આંખનાં અશ્રુઓ જોઈ ગાંધીજીએ અંગત સુખોપભોગનો ત્યાગ કર્યો તો પોતાના હતાશ માનવભેરુઓને જોઈ ટાગોરનું હૃદય હમેશાં ભાવભીનું રહ્યું.

આભના ઝબૂકતાં તારલાઓ ગુપચુપ આવી ગાંધીજીના કાનમાં કહ્યું, "ચાલ ઉપર! અમારી સાથે કામે લાગી જા!"

ટાગોરે, આંખો પટપટાવતાં એ તારલાને સ્પષ્ટ કહી દીધું, "તમે જ અમારી સાથે ધરતી પર ખેલવા આવોને!"

અનુવાદક: **સૌ. શારદાબહેન શાહ** ✻ મૂળ અંગ્રેજી **સ્વ. ગુરુદયાલ મલ્લિક**

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧, ૧૯૭૦ બુધવાર
પરદેશ, માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## * આપણી સાધુ સંસ્થા અંગે યોજાયેલો પરિસંવાદ—૧ *

[ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની ૪૦ વર્ષની કારકિર્દી દરમિયાન સંઘના ઉપક્રમે અનેક સભાઓ અને સંમેલનો યોજાયાં છે, પણ તા. ૧૪ મી જૂનના રોજ મળેલી પરિસંવાદ સભા, આગળનાં સંમેલનો અને સભાઓની અપેક્ષાએ અપૂર્વ કોટિની હતી. એક તો પરિસંવાદ જે વિષય અંગે યોજવામાં આવ્યો હતો તે જૈન સમાજની દૃષ્ટિએ અસાધારણ મહત્ત્વનો હતો. બીજું અમારા નિમંત્રણને માન આપીને જૈન સમાજના જુદા જુદા ફિરકાના અને એક છેડેથી બીજા છેડા સુધીના વિચારો ધરાવતા આગેવાનો યા વિચારકો ઉપસ્થિત થયા હતા. તે જ દિવસે સવારે મુંબઈમાં પાયધુની ખાતે શ્રી વિજય સમુદ્ર સૂરિજીની પધરામણી થનાર હોવાથી શ્વે. જૈ. વિભાગના અમુક આગેવાનો આ પરિસંવાદમાં ભાગ લેવા માટે આવી શકયા નહોતા. પણ અન્ય આગેવાનોની ઉપસ્થિતિ ધ્યાનમાં લેતાં આ પરિસંવાદ સભા જૈન સમાજના પ્રતિનિધિત્વને રજૂ કરતી હોય એમ લાગતું હતું. આ રીતે વિચારતાં આ પરિસંવાદમાં જેમણે ભાગ લીધો હતો તેમનો આછો પરિચય આપવો જરૂરી લાગે છે. સભાનું પ્રમુખસ્થાન જેમણે શોભાવ્યું હતું તે શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહ અમારા સંઘના પ્રમુખ છે અને મુંબઈ સ્થાનકવાસી સંઘના ફેડરેશનના પણ પ્રમુખ છે. શ્રી કુસુમબહેન મોતીચંદ શાહ દિગંબર જૈન છે અને ભારત જૈન મહામંડળના એક કાર્યકર છે. શ્રી ખીમચંદ મગનલાલ વોરા મુંબઈના સ્થાનકવાસી સંઘના એક અગ્રગણ્ય આગેવાન છે. શ્રી શાન્તિલાલ હ. શાહ જન્મથી દિગંબર જૈન છે. હાલ પાર્લામેન્ટના સભ્ય છે. શ્રી ગીરધરલાલ દફતરી મુંબઈના સ્થાનકવાસી સંઘના સર્વમાન્ય આગેવાન છે. ડૉ. જગદીશચંદ્ર જૈન જન્મે દિગંબર જૈન અને હિંદી સાહિત્યના અગ્રગણ્ય ઉપાસક અને નિવૃત્ત પ્રાધ્યાપક છે. શ્રી અંબુભાઈ મુનિ સન્તબાલજીના અનુયાયી અને સહકાર્યકર્તા છે. શ્રી જેઠાલાલ ઝવેરી મુંબઈના તેરાપંથી સમાજની અગ્રગણ્ય વ્યક્તિ છે. શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી શ્રી સ્થાનકવાસી આગેવાન અને તાજેતરમાં સ્થપાયેલ શ્રામણી વિદ્યાપીઠના મુખ્ય નિર્માતા છે. પ્રા. દલસુખભાઈ માલવણિયા જૈન પંડિત અને લાલભાઈ દલપતભાઈ ભારતી સંસ્કૃતિ વિદ્યામંદિરના ડીરેકટર છે. પ્રબુદ્ધ જીવનના કેટલાક વાચકોની ખાસ ઈચ્છાને માન આપીને પ્રસ્તુત પરિસંવાદની સવિસ્તર વિગતો નીચે આપવામાં આવે છે. **પરમાનંદ** ]

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૧૪ મીએ જૂને રવિવારે સવારે ૯ વાગે સંઘના કાર્યાલયમાં આપણી સાધુ સંસ્થાના અદ્યતન સ્વરૂપમાં તેમ જ તેના આચારવ્યવહારમાં કોઈ ફેરફારની આવશ્યકતા છે કે નહિ અને જો હોય તો કેવા ફેરફારો ઈચ્છનીય છે એ વિશે વિચારપરામર્શ કરવા માટે જૈન સમાજના વિચારકોનો એક પરિસંવાદ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવ્યો છતો.

આ પ્રસંગે અમારા નિમંત્રણને ખાસ માન આપીને શ્રી. દલસુખભાઈ માલવણીયા, અને શ્રી અંબુભાઈ બહારગામથી આવ્યા હતા, જ્યારે અન્ય નિમંત્રિત વકતાઓ સ્થાનિક હતા. આમાં શાસ્ત્રોના જાણકાર, સાધુસંસ્થા સાથે નિકટ પરિચય ધરાવનાર, તેમ જ જૈન સમાજ સાથે ગાઢ સંબંધ ધરાવનાર એમ જૂદી જૂદી વિશિષ્ટતા ધરાવનાર ભાઈ-બહેનો ઉપસ્થિત થયાં હતાં.

કાર્યાલયનું સભાગૃહ શ્રોતાઓથી ખીચોખીચ ભરાઈ ગયું હતું.

શરૂઆતમાં પ્રમુખસ્થાનેથી બોલતાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે આજના પરિસંવાદની પૂર્વભૂમિકા નીચે મુજબ રજુ કરી હતી :—

### પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહનું પ્રારંભિક પ્રવચન

આપણી શ્રામણ સંસ્થા એમના આચાર વિચારમાં પરિવર્તન માગે છે કે નહિ, અને પરિવર્તન માગતી હોય તો કેવા પ્રકારનું અને આ પરિવર્તન કેવી રીતે કરવું એ આજનો મુખ્ય વિષય છે.

એક ધર્મને બીજા ધર્મથી જુદી પાડતી ચાર વસ્તુઓ છે-

૧. એના આરાધ્ય દેવ કોણ છે?

૨. એ કયાં શાસ્ત્રોને પોતાનાં શાસ્ત્રો ગણે છે?

૩. એના ધર્મનાં વિધિ–વિધાનો (Rituals and Religious observences) કેવાં પ્રકારનાં છે?

૪. એ કોને પોતાના ધર્મગુરુ માને છે?

મૂળ સિદ્ધાંતો જોઈએ તો તેમાં સર્વ ધર્મની એકતા જણાશે. દરેક ધર્મમાં ધર્મગુરુઓનું સ્થાન કદાચ સૌથી ઊંચું છે. જનસમુદાય માટે ધાર્મિક જીવન ઉપર ઊંડી અને વ્યાપક અસર એના ધર્મગુરુની રહે છે. ધર્મગુરુનો આદર્શ એની સમીપે છે. આ આદર્શ શાસ્ત્રોમાં પણ આપ્યો છે. એ વાત સાચી છે કે આદર્શ સર્વથા મૂર્તિમંત થયો નથી. પરિવર્તન વખતોવખત થતું પણ જાય છે.

આજની આપણી શ્રામણસંસ્થા વિષે બે અભિપ્રાયો પ્રવર્તે છે. કેટલાક આને નિરુપયોગી અને જડ માને છે. આનું કારણ આચારની શિથિલતાએ અને સાચા જ્ઞાનના અભાવે એના ઉપરની શ્રદ્ધા ઉડાડી દીધી એ છે. આ વર્ગ માને છે કે સાધુઓએ વર્તમાન સમયને અનુકૂળ થવું જોઈએ. બીજો વર્ગ એમ માને છે કે શાસ્ત્રોનાં વિધિવિધાનો દૃઢપણે અને કઠોરપણે જે પાલન કરે છે એને સાધુ કહેવાય.

આવું જ સાધુઓમાં—

એક વર્ગ માને છે, "અમે અમારી આચારનિષ્ઠામાં દૃઢ છીએ. તમે શું માનો છો એની સાથે અમારે નિસ્બત નથી. અમારો ધર્મ છે ફકત આત્મકલ્યાણનો.

બીજો વર્ગ વર્તમાન સમયને અનુકૂળ થવાનો પ્રયત્ન કરે છે અને એમાં એ ભાતભાતના પ્રયોગો કરે છે. પણ આમાં એ મુનિવેશ જાળવી રાખે છે - સમાજનો આદર ચાલુ રાખવા. આમાં શ્રાવકનો એક વર્ગ એક તરફ અને બીજો વર્ગ બીજી તરફ ખેંચાય છે.

આમ આ બે વિચારધારા આપણે લક્ષ્યમાં રાખવાની છે. આપણે એ પણ લક્ષ્યમાં રાખવાનું છે કે અન્ય ધર્મોના ધર્મગુરુઓ કરતાં

જૈન સમાજનો આદર જૈન સમાજના ગુરુઓ પ્રત્યે ઘણો મોટો છે. જૈન સમાજ ઉપર ગુરુનું વર્ચસ્વ–તેમનાં વચનોનો પ્રભાવ–તમારા મારા કરતાં ઘણો વધારે છે. આનું કારણ છે. શ્રમણ વર્ગનો ત્યાગ અને તપશ્ચર્યા. સાધુઓના આચાર વિચારના પરિવર્તન અંગે આપણે શું કહીએ? તેઓ જ વધારે સારી રીતે આ અંગે કહી શકે. જીવન તો એમને જીવવું છે. પરંતુ જૈન સાધુ–સાધ્વી સામુદાયિક રીતે ચર્ચા કરે એવું આજે દેખાતું નથી. મુક્તપણે વિચારવાનું આપણે આપણા સમાજમાં લાવવું પડશે. મને લાગે છે કે આની નાની શરૂઆત આજે મુંબઈ જૈન યુવક સંઘ કરે છે. આજે તો આ એક પ્રાથમિક ચર્ચા છે.

આજે આપણે ચર્ચા - વિચારણા કરીએ ત્યારે આપણે લક્ષ્યમાં રાખવું પડશે કે શ્રમણનો આદર્શ શું છે, તેને શું કલ્પે છે, શા માટે એણે આ કઠોર સાધના આચરી છે? ફક્ત સામાજિક દષ્ટિએ નહિ પરંતુ આધ્યાત્મિક અને નૈતિક દષ્ટિએ પણ આ પરિવર્તન આપણે વિચારવાનું છે.

ત્યારબાદ પરિસંવાદની શરૂઆત શ્રીમતી કુસુમબહેનના વકતવ્યથી થઈ હતી.

## શ્રીમતી કુસુમબહેન મોતીચંદ શાહ

આ વિજ્ઞાનયુગમાં જૈન ધર્મ શા કારણે પાછળ પડયો છે એ આપણ સર્વ માટે વિચાર માગે છે. પાછળ પડવાનું કારણ યોગ્ય પ્રચારનો અભાવ અને આપણી સંકુચિતતા છે એમ હું માનું છું. આજે મૂલ્યો બદલાયાં છે. આપણે મૂલ્યો બદલવા જોઈએ એમ હું કહેતી નથી, પણ આપણા મનમાં શું છે એ આપણે સમજી લેવું જોઈએ. શ્રમણ વર્ગનો આજે ત્યાગ અને સંયમને લીધે પ્રભાવ પડે છે. એમને આપણે વાહનનો ઉપયોગ કરવા કે પૈસા રાખવા કહીશું તો એમની વિશિષ્ટતા ઓછી થશે. એટલે, મારી તો એવી સૂચના છે કે આજના સાધુઓથી જરા ઊતરતી કક્ષાનો બ્રહ્મચારી વર્ગ ઊભો કરવો જોઈએ, જેને થોડી વધારે છૂટ આપવામાં આવે અને તે રીતે તેમનું જીવન વધારે સેવાપરાયણ બની શકે.

## શ્રી ખીમચંદ મગનલાલ વોરા

આજે આપણે જે ચર્ચા કરવા ભેગા થયા છીએ એ માટે આપણો અધિકાર અમુક અંશે ઓછો છે. શ્રમણ વર્ગને માર્ગદર્શન આપણે જરૂર આપી શકીએ તેમાં પરિવર્તન જરૂરી છે. સમાજ અને આજનો યુગ પરિવર્તન માગે છે. પરંતુ સિદ્ધાંતોમાં અપરિવર્તન ન હોઈ શકે. પાંચ સિદ્ધાંતો: સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય-આ પાયાના સિદ્ધાંતોમાં–આનું પરિવર્તન કદી થયું નથી - થઈ પણ ન શકે. જૈન ધર્મના પ્રચાર માટે મહાવ્રતો ખંડિત થતા હોય તો ચલાવી શકાય પણ નહિ.

જૈન યુવક સંઘે આ પરિસંવાદનું આયોજન કર્યું એ માટે એને હું અભિનંદન આપું છું. સાથે સાથે એમ પણ કહું કે 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી દલસુખ માલવણિયાનો જે લેખ પ્રકટ થયો છે એથી વાતાવરણ સ્વચ્છ નથી રહ્યું.

...મારો પ્રશ્ન છે કે પ્રતિજ્ઞાનો ભંગ કરી સાધુ શું સાધુ રહી શકે? તમારે જૈન ધર્મનો પ્રચાર જ કરવો હોય તો યતિ સંસ્થા સ્થાપો. બાકી સાધુસંસ્થા બળવાન છે. એને વધારે બળવાન કરવાની જરૂર છે. સાધુઓ માટે આચારસંહિતા બનાવો; એની સામે મારો વિરોધ નથી. આજે તો આ પ્રાથમિક સભા છે. પરંતુ ભવિષ્યમાં સાધુઓની એક સભા–જોઈએ તો અખિલ ભારતીય ધોરણે–કરીને દેશકાળ પ્રમાણે પરિવર્તન કરીએ. પણ ત્યારે ય ધર્મના અને સાધુજીવનનાં મૂળભૂત સિદ્ધાંતોને લક્ષ્યમાં રાખીને પરિવર્તન કરીએ.

## શ્રી શાંતિલાલ હરજીવનદાસ શાહ

સાધુ સંસ્થાઓ જોડેનો મારો સંબંધ - પરિચય - નામ માત્રનો છે. શાસ્ત્રો વિશેનું મારું જ્ઞાન પણ થોડું છે. આમ છતાં આ પ્રકારની ચર્ચાને હું આવકારું છું. ધર્મનું પહેલું પગથિયું છે આચાર. આચાર: પ્રથમો ધર્મ પણ ધર્મો જેમ જેમ જૂના થતા જાય છે એમ એમાં જડતા આવતી જાય છે. જેમ ઈસ્લામ ધર્મમાં બંદગી એ મુખ્ય વસ્તુ છે પણ હાથ કેમ રાખવા એ મહત્વનું થઈ ગયું. હું માનું છું બંદગી એ મહત્વની વસ્તુ છે, હાથ ગમે તેમ રાખો. આવું જ કંઈક હું સાધુઓ વિશે વિચારું છું. સાધુઓએ પોતા ખાતર નહિ તો સમાજ ખાતર પણ અમુક મર્યાદાઓ પાળવી જોઈએ. દિગમ્બર સાધુએ નગ્ન રહેવું જોઈએ એમ હું માનતો નથી. વળી શરીરને દુ:ખ થાય, કેશ લોચ કરી લોહી નીકળે ત્યાં સુધી દેહદમન કરવું- આ વાત મારે ગળે ઊતરતી નથી. હું માનું છું કે દેહ વિના આત્માની અભિવ્યકિત થતી નથી. હા, દેહનું લાલનપાલન ન કરવું જોઈએ એ હું માનું છું. દેહદમનથી માણસોના વિષયો દૂર થાય છે એમ કહેવાય છે; પરન્તુ સામાન્ય માણસે આવું દેહદમન કરવાની મને જરૂર લાગતી નથી.

સાધુ સમાજ પાસેથી કંઈક લે છે. જેણે લીધું હોય એણે સમાજને કંઈક આપવું જોઈએ. મારો પ્રશ્ન આ છે. શા માટે સાધુઓ કૉલેજ ન ચલાવે? શા માટે સાધ્વીઓ ઈસ્પિતાલોમાં સેવા ન આપે? શું આ કરવામાં પાપ છે? તો તો પછી એમનાં વ્યાખ્યાનો ગોઠવાય છે ત્યારે છાપાઓમાં મોટી મોટી જાહેરખબરો આવે છે - ભલે એમના અનુયાયીઓ આ છપાવતાં હોય; પણ એમને ય કંઈક મઝા તો આવતી હશે ને–એમાં શું પુણ્ય છે? હું શિક્ષણ, આરોગ્ય અને સદ્વિચારનો ફેલાવો સાધુઓ દ્વારા થાય એમાં કશું જ ખોટું જોતો નથી. જૈન ધર્મના શાસ્ત્રમાં બધું સાચું જ છે એમ હું અંધશ્રદ્ધાથી માનતો નથી.

બ્રહ્મચર્ય મૂળવ્રત હોય એમ પણ હું માનતો નથી. અબ્રહ્મચર્યનો વિલાસ થયો હશે ત્યારે મહાવીર સ્વામીએ આ વ્રત દાખલ કર્યું હશે એમ હું માનું છું. અસ્તેય વ્રતના પાલન માટે દરેકે કંઈક ને કંઈક શારીરિક શ્રમ કરવો જોઈએ.

આપણે ત્યાં સાધુઓ શાસ્ત્રોના વાડા બહાર જઈ કશો જ અભ્યાસ કરતા નથી. એક અંગ્રેજે શ્રીમદ્ રાજચંદ્રનું પુસ્તક અંગ્રેજીમાં પ્રકટ કર્યું છે. બાઈબલ આજે ગુજરાતી ભાષામાં ઊતરેલ છે. આ જાતની પ્રવૃત્તિ આપણા સાધુઓએ કરવી જોઈએ. શ્રમણી વિદ્યાપીઠનો વિચાર મને ગમ્યો છે. અંતમાં (न त्वहं कामये राज्यं, न स्वर्गं, न पुनर्भवम्। कामये दु:खतप्तानां, प्राणीनामार्तिनाशनम्।।

આ શ્લોક પાછળ રહેલી ભાવના મને વધારે માન્ય છે.

## શ્રી ગીરધરલાલ દફતરી

આ ચર્ચા કરવાનો આપણને અધિકાર છે. પહેલાં આપણે બધા માઈકનો વિરોધ કરતા હતા. આજે પ્રાયશ્ચિત લઈને પણ માઈક વાપરવું એવું નક્કી કર્યું છે. સાધુઓએ પચખ્ખાણ લીધા હોય એટલે પાળવા જોઈએ અને સાધુઓ જો એમનાં પચખ્ખાણ પાળતા હોય તો તેમાં પરિવર્તન શા માટે કરીએ? સાધુઓને પરિવર્તનનું કંઈ કહેવું એ મને યોગ્ય લાગતું નથી. હા, આપણે સૂચનાઓ કરીએ, સંડાસ વાપરવાની ભલામણ કરીએ, પણ સાધુવેશ છોડાવવા જેટલો પરિવર્તનનો વિચાર ન કરીએ ... આપણે જૈનધર્મના પ્રચાર માટે બ્રહ્મચર્યાશ્રમ જેવો એક બીજો આશ્રમ ખોલવો જોઈએ. બાકી આ પરિવર્તન અંગે કોઈ ઠરાવ કરવાની જરૂરત હું જોતો નથી.

## ડૉ. જગદીશચંદ્ર જૈન

વર્તમાનયુગ વિજ્ઞાનનો યુગ છે. માનવી પોતાના અથાક પ્રયત્નોને લીધે ચંદ્રમાની સપાટીને સ્પર્શીને પાછો આવી પહોંચ્યો છે. સોવિયેત રશિયા તથા અમેરિકા વિશ્વની સમસ્યાઓને ઉકેલવા માટે એકબીજાની સમીપ આવી રહ્યા છે. દુનિયામાં સર્વત્ર ક્રાન્તિકારી પરિવર્તન થઈ રહ્યું છે. આમ છતાં સમયાનુસાર પરિવર્તન કરવામાં

વિશ્વાસ ધરાવવાવાળો - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ તથા ભાવનાના સિદ્ધાન્તોનો સ્વીકાર કરવાવાળો—જૈન સમાજ આજે કેમ પાછળ પડી ગયો છે? વ્યાપારી તથા ઉદ્યોગપતિ હોવાને કારણે જૈન જનતામાં બુદ્ધિ તથા અધ્યવસાયની કોઈ ઊણપ નથી. એમ છતાં એવું શું કારણ છે કે, આપણે આપણા અલગ અલગ ચોકો બનાવીને આપણી આપણી ઢોલકી અથવા તો પપૂડી વગાડી રહ્યા છીએ?

આ પ્રશ્નના સંદર્ભમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત આ પરિસંવાદનું હું સ્વાગત કરું છું. જૈન ધર્મ કોઈ જાતિ અથવા તો વર્ગ વિશેષનો ધર્મ રહ્યો નથી. આ ધર્મ સદા આચારપ્રધાન રહ્યો છે. એટલે કે પોતાના આચાર - વિચારને સુધારે. અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય તથા અપરિગ્રહનો ઉપદેશ આ માટે આપવામાં આવ્યો છે. સ્યાદ્‌વાદ અથવા અનેકાન્તવાદનો અર્થ પણ એજ છે કે આપણે પરસ્પરવિરોધી એવી બે માન્યતાઓનો અથવા વિચારોનો સમન્વય કરીને જીવનશુદ્ધિ તરફ પ્રવૃત્ત થઈએ. નગ્નત્વથી માંડીને જ્યારે વિવાદે ઉગ્ર રૂપ ધારણ કર્યું ત્યારે જૈન શ્રમણોને ઘોષણા કરવી પડી કે મોક્ષ પ્રાપ્તિ માટે નગ્નત્વનો એકાન્ત આગ્રહ કરવો ઠીક નહિ ગણાય. આમ હોવાથી કોઈ શ્રમણ નગ્ન પરિષહ સહન કરવામાં કદાચિત્ અસમર્થ હોય તો તેને વસ્ત્રધારણ કરવાની અનુમતિ દેવી ઘટે. મુખ્ય વસ્તું તો માયા—મોહનો ત્યાગ છે. આ બાબત જૈન શ્રમણોની સમન્વય બુદ્ધિની પરિચાયક છે. લોંકાશાહે પણ મૂર્તિપૂજાનો વિરોધ કરીને એવી જ ક્રાન્તિકારી મનોવૃત્તિનો આપણને પરિચય કરાવ્યો છે.

બૌદ્ધ શ્રમણોની માફક અમુક કારણોને લીધે જૈન શ્રમણો વિદેશોની યાત્રા કરી ન શક્યા. સંભવ છે કે જો તેઓ વિદેશયાત્રા કરી શક્યા હોત તો તેમ કરવાથી જનકલ્યાણમાં વિશેષ વૃદ્ધિ થઈ શકી હોત. આજે જો કોઈ જૈન શ્રમણ કોઈ યોજનાપૂર્વક વિદેશગમન કરવા ઈચ્છે તો તેમાં તેને કોઈ ખાસ આપત્તિ કે પ્રતિકૂળતા હોવી ન ઘટે.

જો આપણી સાધુસંસ્થાના આચારવ્યવહારમાં પરિવર્તન કરવાનું આપણને ઈષ્ટ લાગે તો તેમને આપણી સાથે લઈને ચાલવાનું યોગ્ય લેખાશે. તેમનામાં ઉદાર જનકલ્યાણની ભાવના જાગૃત કરવાની રહેશે. આપણા દેશ સામે એવી કેટલીયે સમસ્યાઓ છે કે જેનો ઉકેલ લાવવાની દિશાએ જૈન શ્રમણસંસ્થા ઘણું કાંઈક કરી શકે તેમ છે. આ માટે હાલ તુરત વેશત્યાગ કરવાની કોઈ આવશ્યકતા નથી તેમ નથી તેમના વ્રતનિયમોમાં કોઈ ખાસ પરિવર્તનની આવશ્યકતા. જરૂર છે માત્ર એ વાતની કે જનકલ્યાણલક્ષી પોતાના સમુદાયને તેઓ જરા વધારે વ્યાપક બનાવી લે.

## શ્રી અંબુભાઈ શાહ

હમણાં હું કચ્છમાં હતો. ત્યાં જૈનોએ મને વાત કરી કે કોઈ સાધુએ એમને ખેતી માટે બાધા આપી છે, જમીનમાં ખાતર આપવા માટેય બાધા આપી છે. હવે જો આ જૈનો ખેતી કરતા બંધ થાય તો જે ખેતી થશે એમાં વધુ હિંસા હશે. જૈનો ખેતી કરતા હશે તો ઓછામાં ઓછી હિંસા થાય એ માટે જાગૃત રહેશે. એક બાજુ આપણો અહિંસાનો ધર્મ જૈન ધર્મ શ્રેષ્ઠ; બીજી બાજુ સાધુ આવી પ્રત્યક્ષ પ્રેરણા આપે. મને લાગે છે કે ખરેખર જૈનધર્મ પાછળ પડી ગયો છે.

મારી તો માન્યતા છે કે સમાજ જ્યાં ઊભો છે ત્યાંથી અહિંસામાં એક ડગલું પણ આગળ વધે તો તે સાધુઓએ કરવું જોઈએ. હું તો એમ પણ કહું કે સાધુઓએ ખાદીમાં, અર્થરચનામાં અને રાજકારણમાં પણ ભાગ લેવો જોઈએ. આમાં મહાવ્રતોનું સંપૂર્ણ પાલન થઈ શકે છે, સાથે સાથે સમાજને ઉપયોગી પણ થઈ શકાય છે. બીજાને તારવાના તેઓ નિમિત્ત પણ બને છે.

## શ્રી જેઠાલાલ ઝવેરી

આપણે પરિવર્તનની વાતો કરીએ ત્યારે આપણે જૈન દર્શનનો પાયો અનેકાન્તવાદ છે એ ભૂલવું જોઈએ નહિ. પરિવર્તન સાથે સ્થિરતા ભૂલાવી જોઈએ નહિ. સાધુએ સાધુધર્મ અને ગૃહસ્થે ગૃહસ્થ ધર્મ પાળવાનો હોય. પાંચ મહાવ્રતો સાથે એની સમિતિ પણ છે - પ્રવૃત્તિના નિયમો પણ છે. આ નિયમો પરિવર્તનીય છે. વિહાર, ગોચરી, મળ—મૂત્ર વિસર્જન—આમાં પરિવર્તનની જરૂર છે. આમાં ચેતનાની જરૂર છે. અત્યારે જે છે તે માત્ર જડતા છે. સમાજના આરોગ્યની દષ્ટિથી શું શું પરિવર્તન જરૂરી છે એ વિચારવું જોઈએ. શુદ્ધ સંયમને માર્ગે જવા પરિવર્તન જરૂર કરવું જોઈએ. યુવકો આજે દૂર થયા હોય તો તેમને સાધુસંસ્થાઓ દૂર કર્યા છે. આપણે જૈન ધર્મનો પ્રચાર કરવા માટે એક તૃતીય શ્રેણી ઊભી કરવી જોઈએ, જે જ્ઞાન અને ચારિત્ર્યનો પ્રચાર કરે એટલું જ નહિ બધા ધર્મોનો સમન્વય કરે. જો આ તૃતીય શ્રેણી ઊભી થશે તો આના તરફ યુવકો જરૂર આકર્ષાશે.

મને શ્રદ્ધા છે કે જો સમ્યક્ દષ્ટિથી અને આદરપૂર્વક સાધુઓને પરિવર્તનની વાતો કરીશું તો તેઓ આપણું જરૂર સાંભળશે.

## શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી

સાધુઓ પૂજ્ય છે. પરંતુ જ્યાં સાધુ અનુકૂળ નથી ત્યાં ત્યાં આંગળી ચીંધવામાં આવે છે અને આ આંગળી શ્રાવક ચીંધે છે. એ સાધુને મોઢે કહી શકતો નથી. એટલે આવા સંયોજન ઉપયોગી છે, જે દ્વારા એ સાધુઓને પોતાના મનની વાત કહી શકે. મારું તો સૂચન છે કે પાંચ સાધુઓ અને સમાજનાં પાંચ આગેવાનોની એક કમિટી થાય અને પરિવર્તન અંગે વિચારે અને નિર્ણય કરે. પછી મુંબઈ બાજુ આવતા સાધુ - સાધ્વીને કહે કે, તમારે મુંબઈની સરહદમાં પ્રવેશવું હોય તો આટલા નિયમો (-માઈક વાપરવું, દીવાનો ઉપયોગ કરવો અને ઝાડા - પેશાબ માટે પાયખાનખાનાનો ઉપયોગ -) પાળવા જ પડશે.

આપણો વર્ગ શ્રદ્ધાળુ વર્ગ છે, સાધુઓ માટે સદ્‌ભાવ છે. આપણે આ સદ્‌ભાવને પકડી નાના નાના ફેરફારો કરીએ. એક 'મીલન - મંડળ' જેવું ઊભું કરીએ. એક મુખપત્ર ચલાવીએ, એમાં વિચારો વ્યકત કરીએ. જો ધીરેથી પગલા ભરીશું તો આપણને સફળતા મળશે જ, અને આનો જશ પણ જૈન યુવક સંઘને જશે.

## પ્રા. શ્રી દલસુખભાઈ માલવણિયા

અમદાવાદથી હું આવતો હતો ત્યારે એક ભાઇએ મને પ્રશ્ન પૂછયો કે જે સભામાં સાધુ ન હોય એ સભાને સાધુઓ વિશે વિચારવાનો શો અધિકાર? મેં કહ્યું "વિચાર કરવાનો અધિકાર સૌનો છે. આ અધિકાર કોઇ છીનવી શકે નહિ."

શ્રી ખીમચંદભાઈએ મૂળભૂત મહાવ્રતોમાં ફેરફાર ન થાય એમ વાત કરી. એમની વાત ઠીક છે, પણ આપણે આ મહાવ્રતોની વ્યાખ્યા તો નક્કી કરવી પડશે ને? અહિંસા એટલે શું? નવકોટિએ અહિંસાના પચ્ચખ્ખાણ એ આત્મવંચના નથી તો બીજું શું છે? સનાતન સત્યો જો બધા પાલન જ કરતા હોત તો તો આ સભા હોત જ નહીં.

શાસ્ત્રમાં આચાર વિચાર છે. એમાંય પરિવર્તન થતા જ આવ્યા છે. ખરી વાત એ છે કે આંતરના આચાર સાથે બાહ્ય આચારનો સુમેળ હોવો જોઈએ. એટલે પરિવર્તનની આવશ્યકતા તો છે જ. મેં જે બ્રહ્મચર્યની વાત મારા લેખમાં લખી છે એ તો વૈકલ્પિક છે. મારું માનવું છે કે જ્યારે પ્રતિજ્ઞાઓ લેવાય છે ત્યારે મોટે ભાગે એની સમજ હોતી નથી. એટલે હું તો એમ કહું કે પ્રતિજ્ઞામાં જ સુધારો થવો જોઈએ. નવકોટિ પ્રતિજ્ઞા લઇ તેઓ પોતા વિશે મોટામાં મોટા ભ્રમો સેવે છે અને દુનિયામાં ફેલાવે છે. પ્રતિજ્ઞાઓ મહાવીરે આપી છે એમાં હું માનતો નથી. પ્રતિજ્ઞાઓ કાળક્રમે આવેલી છે. પ્રતિજ્ઞાઓ પાળી

શકાય એવી જ લેવી જોઇએ. આ વ્રતજીવનવ્રત સ્વીકાર્યું માટે પાળવું એ મને યોગ્ય લાગતું નથી. બે વર્ષનો યા પાંચ વર્ષનો પ્રતિજ્ઞાકાળ હોવો જોઇએ અને પછી આગળ વધવું જોઇએ.

સાધુઓ જો એમ કહે કે અમે ઉપદેશ માત્ર આપીએ અને કંઇ પણ કરવાનો અમારો ધર્મ નથી – કોઇ પડી ગયો હોયા તો એને અમારાથી ઊભો પણ ન કરાય–તો મને લાગે છે કે ક્યાંક મૂળમાં જ ભૂલ છે. અંતમાં મારે એટલું જ કહેવું છે કે સાધુઓમાં આપણે શકિતબહારની આશા ન રાખીએ.

## પ્રમુખશ્રીનું ઉપસંહાર પ્રવચન

પરિસંવાદનું સમાપન કરતાં પ્રમુખસ્થાનેથી શ્રી ચીમનલાલ ચકુભાઈએ કહ્યું : "આજે મુકતપણે લગભગ આ વકતાઓએ એમના વિચારો વ્યકત કર્યા છે. એમના વિચારો આપણને ગમે યા ન ગમે, આપણે વિચારતા થયા છીએ. આજે આપણી પાસે બે પ્રશ્નો છે.

સાધુને કહેવાવાળો શ્રાવક વર્ગ કોણ? સાધુએ કેમ જીવવું એ એનો વ્યકિતગત પ્રશ્ન છે. પરંતુ સમાજ ઉપર સાધુની અસર થાય છે એટલે શ્રાવકસંઘને કહેવાનો અધિકાર છે. સામાજજીવનને લાગે વળગે છે ત્યાં સુધી સાધુના આચાર - વિચારના પરિવર્તન અંગે શ્રાવકસંઘે વિચારવાનું રહે છે. પરંતુ આપણે એ લક્ષ્યમાં રાખવું જોઈએ કે સાધુસંસ્થાના પરિવર્તનથી આપણે શું પરિણામ લાવવું છે? સાધુસંસ્થાનું સ્વરૂપ સર્વથા નિવૃત્તિપ્રધાન છે. આત્મામાં નિમગ્ન રહેવું, દેહાધ્યાસ છોડવો, સર્વ સંબંધનું બંધન છોડીને આત્મલક્ષ્યે વિચારવાનુ–જૈન સાધુનો આ આદર્શ છે. આ આદર્શ તમને અને મને માન્ય છે કે નહિ એ જુદી વાત છે, પરંતુ ૨૫૦૦ વર્ષની આ આદર્શની પરંપરા છે. એ સૌએ સમજી લેવું જોઈએ.

વ્રતને જ ઢીલું કરવું એ વાત પણ યોગ્ય લાગતી નથી. તમારી દૃષ્ટિ શું હોવી જોઈએ? આદર્શ તરફ જવું છે કે પાછાં જવું છે? હા, લાયકાત ન હોય છતાં દીક્ષા આપવી એ ઘણાં અનિષ્ટોનું મૂળ છે. ખાસ કરીને, અન્તર વૈરાગ્ય ન હોય અને પૂરતું જ્ઞાન સંપાદન કર્યું ન હોય ત્યાં દીક્ષા આપવાથી દીક્ષાર્થીને અને સમાજને હાનિ છે. પાંચ મહાવ્રતો સાધુજીવનની સાધના છે. જીવનની સાધના સંયમ છે. સાધનામાં – સંયમમાં–પરિવર્તન ન હોય. સમાચારીમાં દેશકાળ પ્રમાણે પરિવર્તન યોગ્ય છે, જરૂરના છે. દા. ત. ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ, જરૂર પડયે દીવાબત્તીનો ઉપયોગ, મોટાં શહેરોમાં રહેવાનું હોય ત્યાં મળ-મૂત્ર વિર્જન માટે જાજરૂનો ઉપયોગ–વગેરે.

સાધુ સમાજ પાસેથી કાંઈક લે છે માટે એણે સમાજને કાંઈ દેવું જોઈએ –આ વાત બરોબર નથી. સામાજિક સેવાના માર્ગે હું અને તમે જઈએ છીએ, પણ આ માર્ગે સાધુએ જવું જોઈએ અને એ ન જાય તો એ સાધુ નથી એમ કહેવું યોગ્ય નથી. દા. ત. સાધુએ કૉલેજમાં શિક્ષક તરીકે કામ કરવું અથવા તો સાધ્વીજીએ નર્સ તરીકે કામ કરવું એમ કહેવામાં સાધુજીવનની અધૂરી સમજણ છે. ધર્મગુરુ પોતાના આત્મકલ્યાણમાં નિમગ્ન રહે તે સાથે સમાજમાં આધ્યાત્મિક તથા નૈતિક મૂલ્યોનું જતન કરે અને જીવનમાં સાચું માર્ગદર્શન આપે.

વળી વ્રતનું પાલન પૂર્ણપણે થતું નથી માટે જ તેને લગતી પ્રક્રિયા બદલવી – આ બધા ફેરફારો અનિવાર્ય છે. અહિંસાની અધૂરી સમજણના કારણે જૈન સમાજમાં–શ્રાવક અને સાધુના જીવનમાં–વિકૃતિ આવી છે. જીવનમાં દંભ, અંધશ્રદ્ધા, વેશપૂજા, અને ક્રિયાજડતા– આ પ્રકારની વિકૃતિઓએ સ્થાન લીધું છે. આ પરિસ્થિતિ માટે મોટા ભાગે શ્રાવકો જવાબદાર છે."

અહિં ઘડિયાળમાં લગભગ સાડા બાર થવા આવ્યા હતા અને અનેક નિમંત્રિત વકતાઓ બાકી હતાં. આ કારણે આ પરિસંવાદ સભા મુલતવી રાખવામાં આવી હતી અને આ મુલતવી રહેલી સભા આવતી ૨૧ મી અથવા તો ૨૮ મી તારીખે ભરવામાં આવશે. એમ જાહેર કરીને સભાનું વિસર્જન કરવામાં આવ્યું હતું.

સંકલન કરનાર : **શ્રી ચીમનલાલ જે. શાહ**

## સાભાર સ્વીકાર

**સાધનાના અનુભવો** : લેખક શ્રી જ્ઞાનચંદ્રજી; પ્રકાશક : આધ્યાત્મિક આન્તરિક મંડળ, હરિ ૐ કુટિર, ઋષિ બાળમંદિર, સાણંદ, જિલ્લો અમદાવાદ, કીંમત રૂા. ૨-૫૦.

**જીવનદર્શન** : લેખક : ફાધર વાલેસ; પ્રકાશક : ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તા, અમદાવાદ. કીંમત : રૂ. ૨-૭૫.

**સસ્તી પોષક વાનગીઓ** : ત્રીજી આવૃત્તિ : લેખક : શ્રી ચંદુલાલ કાશીરામ દવે; પ્રકાશક : જ્યોતિ સંઘ કાર્યાલય, ટિળક માર્ગ, અમદાવાદ-૧. કીંમત રૂ. ૪-૦૦.

**ધર્મ ઔર દર્શન** : લેખક : શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી, પ્રકાશક : સન્મતિ જ્ઞાનપીઠ આગ્રા ૨– કિંમત રૂા. ૪-૦૦.

**ભગવાન પાર્શ્વ** : લેખક : શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી; પ્રકાશક : શ્રી વર્ધમાન શ્વે. સ્થાનકવાસી સંઘ, જૈન સાધના સનદ, ૨૫૧, નાનાપેઠ, પૂના – ૨. કીંમત રૂ. ૫-૦૦.

**અનુભૂતિ કે આલોક મેં** : લેખક શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી; પ્રકાશક : શ્રી તારક ગુરૂ જૈન ગ્રન્થાલય, પદરાડા (ઉદયપુર), કીંમત રૂા. - ૫

**ચિન્તન કી ચાંદની** : લેખક : શ્રી દેવેન્દ્રમુનિ શાસ્ત્રી; પ્રકાશક : ઉપર મુજબ; કીમત રૂા. ૩.

**ક્રિયાકોશ** : વાચનાપ્રમુખ: આચાર્ય તુલસી; પ્રકાશક : જૈન દર્શન સમિતિ; ૧૯ સી, ડોવર લેન, કલકત્તા-૨૬, કીમત રૂા. ૧૫

**સોલ્વંટ એક્ષ્ટ્રેક્ષન ઉદ્યોગ : એક રૂપરેખા** : લેખક અને પ્રકાશક : શ્રી કાન્તિલાલ બરોડિયા, આનન્દ પ્લે ગ્રાઉન્ડ રોડ, વીલેપાર્લે - પૂર્વ, કિંમત, વિનામૂલ્ય.

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સભા

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા જુલાઈ માસની ૧૧ તારીખ શનિવાર સાંજના પાંચ વાગ્યે સંઘના કાર્યાલયમાં મળશે જે વખતે નીચે મુજબનું કામકાજ હાથ ધરવામાં આવશે :**

**(૧) ગત વર્ષના વૃત્તાંતને તથા સંઘ તેમ જ શ્રી મણિલાલ મોકમચંદ શાહસાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટ થયેલા હિસાબોને મંજૂરી આપવી.**

**(૨) નવા વર્ષનું અંદાજપત્ર મંજૂર કરવું.**

**(૩) સંઘના અધિકારીઓ તેમ જ કાર્યવાહક સમિતિના ૧૫ સભ્યોની ચૂંટણી કરવી.**

**(૪) સંઘ તથા વાચનાલય અને પુસ્તકાલયના ઑડિટરોની નિમણૂંક કરવી.**

**ઉપર જણાવેલ વાર્ષિક સામાન્ય સભાના અનુસંધાનમાં સવિશેષ સૂચના કરવામાં આવે છે કે ઉપર જણાવેલ સંઘનો વૃત્તાંત તથા સંઘના તેમ જ વાચનાલય અને પુસ્તાકલયના ઑડિટ થયેલા હિસાબો તેમ જ ચોપડાઓ સંઘના કાર્યાલયમાં ખુલ્લા રાખવામાં આવ્યા છે. સોમવારથી શનિવાર સુધીના દિવસોમાં બપોરના ૨ થી ૫ સુધીમાં કોઈ પણ સભ્ય તેનું નિરીક્ષણ કરી શકશે.**

**વાર્ષિક સામાન્ય સભાના ઉપર જણાવેલા સમયે વખતસર ઉપસ્થિત થવા સર્વે સભ્યોને વિનંતિ છે.**

**સભા સ્થળ : સંઘનું કાર્યાલય**
**૩૮૫, સરદાર વી. પી. રોડ,**
**વનિતા વિશ્રામ સામે**
**મુંબઈ–૪**

**ચીમનલાલ જે. શાહ**
**સુબોધભાઈ એમ. શાહ**
**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

# આપણી સાધુસંસ્થા અંગે

[૬]

શ્રી ન્યાલચંદ મૂળચંદ શેઠ આપણી સાધુસંસ્થા અંગે નીચે મુજબની સૂચનાઓ લખી મોક્લે છે:

(૧) પાદવિહાર, ગૌચરી; લોચ–ત્રણે વસ્તુઓ પૈકી લોચ એ ઘણી જ કઠણ અને વધુ કષ્ટદાયક ગણાય છે. તેમાં ફેરફાર કરવો.

(૨) લાઉડસ્પિકરનો ઉપયોગ કરવો.

(૩) લોકકલ્યાણના સાચા કાર્ય માટે દેશાટન કરવાનું પ્રમાણપત્ર મળે તો પ્રવાસની છૂટ લાયકાત મુજબ આપવી.

(૪) જાહેર રસ્તાઓ ઉપર ગંદકી કરવા કરતાં શહેરોમાં ડ્રેનેજ-વાળા સંડાસોનો અને મૂત્રીનો ઉપયોગ કરવો.

(૫) પોતે લીધેલી વિદ્યા બીજાને ભણાવવામાં ઉપયોગ કરવાનું બંધન.

(૬) રોજનિશી લખીને પોતાના ગુરુઓને આપવી. તેનો સાર આચાર્યશ્રી સુધી પહોંચે.

૭. આહાર–પાણી માટેનાં ખોટાં બંધનો તોડવાં. સૌ સાથે બેસીને જ આહાર કરે.

(૮) બધા જૈનોનું સાર્વજનિક પ્રતીક પુસ્તક રૂપે પ્રગટ થાય તેવો નિર્ણય સાધુ સમાજ કરે.

(૯) જૈન શાળાઓમાં ભણતર બાળક-બાલિકા માટે વધુ સરલ, સાદું અને આકર્ષક હોવું જોઇએ. તેમાં સત્ય અને અહિંસા મુખ્ય.

(૧૦) સાધુ અને સાધ્વીઓ વચ્ચેનો ચડઊતરનો ભેદ જ્ઞાન અને શુદ્ધતા ઉપર જ રાખવો.

(૧૧) જનસેવાનું શિક્ષણ યુગને અનુસરતું લઇને આપો.

[૭]

તા. ૧૪ મી જૂનના રોજ આપણી સાધુસંસ્થા અંગે યોજાયેલા પરિસંવાદના અનુસંધાનમાં પાલઘર નજીક આવેલ ચીંચણી મુકામે જેમણે સ્થાપેલ મહાવીરનગર - આન્તરરાષ્ટ્રીય કેન્દ્રનું ૭ મી જૂનના રોજ શ્રી રવિશંકર મહારાજના શુભ હસ્તે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું તે મુનિ સન્તબાલજી તરફથી નીચે મુજબનો સંદેશો મળ્યો હતો:

હું ન ભૂલતો હોઉં તો થોડાંક વર્ષો પહેલાં રાજસ્થાનમાં શ્રી કાકાસાહેબની હાજરીમાં "સાધુસંસ્થા ન જોઇએ." તે જાતનો એક પરિસંવાદ અથવા મેળાવડો યોજાયેલો. તાજેતરમાં થોડા માસ પહેલાં દિલ્હીમાંથી પૂ. કવિ શ્રી અમરમુનિ તથા સતીજી ચંદનાબાઇ વિ. નો ચાહક એક વર્ગ મેરઠમાં એક સંભાવિત મુનિ પાસે સાધુ-સંસ્થાના અદ્યતન સ્વરૂપમાં તેમ જ તેના આચાર-વ્યવહારમાં ફેરફાર અંગે ચર્ચા કરવા ગયેલો, જેનો ટૂંકો અહેવાલ મને તે તરફ ભાલનલકાંઠા પ્રયોગ અન્વયે કાર્ય કરી રહેલા પ્રિય નેમિમુનિએ મોકલેલો. પણ તેમાં સંસ્થાગત ફેરફારોનું માધ્યમ વ્યક્તિ અને વ્યકિતની અનુકૂળતા હતું, તેવી છાપ ઉઠેલી. ખેર, આ બધા પ્રવાહો પરથી એકી સાથે આ મુદ્દા અંગે ત્રણ બાબતો ઉપસ્થિત થાય છે. (૧) પ્રચારાત્મક દષ્ટિએ (૨) સ્થિતિચુસ્તતાની દષ્ટિએ અને (૩) યુગનારૂપ ધર્મક્રાન્તિની દષ્ટિએ.

(૧) આ વિજ્ઞાનયુગ હોઇ પ્રચારાત્મક દષ્ટિએ જોતાં ઝડપી વાહનમાં બેસવું, (૨) નરનારીસ્પર્શનો બાધ ન ગણવો, (૩) પાકા પાણીનો આગ્રહ ન રાખવો, જરૂર પડયે (૪) પાસે નાણાં રાખવાં. (૫) પગમાં જોડા પહેરવા વગેરે વાતો આવે છે અને આમાં મોટેભાગે વ્યક્તિને માધ્યમ ગણીને ચાલવું પડે છે. કારણ કે બધો સમૂહ કે આખી સાધુસંસ્થા પ્રચારાત્મક દષ્ટિએ આમાં આવી ન શકે.

(૨) "આત્માનું જ કરો. જગત તો જે છે તે જ રહેવાનું. કોલસાને ગમે તેટલો સાબુ નાખી સ્વચ્છ કરો, પણ તે કાળો જ રહેવાનો" એટલે આત્મવિકાસને નામે આવી સાધનાની બાબતમાં તો સ્થિતિચુસ્તતા તથા એકાંગિતા આવવાની હોઇ, સરવાળે આ સાધના પણ વ્યક્તિગત રહેવાની.

(૩) આત્મા માત્ર શરીરવ્યાપી નથી. સાથોસાથ તે (આત્મા) વિશ્વવ્યાપી પણ છે જ. 'વિભુત્વ' ને પણ જો આત્મગુણ સમયસાર (કુંદકુંદ કૃત) માં માન્યો છે, તો તેવા આત્માને ઓળખવા માટે જેમ આપણી વ્યકિતગત સાધના છે, તેમ આપણે માનવસમાજ, પ્રાણીસમાજ અને સંસ્થાના પણ મહત્ત્વના અંગરૂપે સાધના કરનારા બનવું જોઇએ. એટલે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની દષ્ટિથી યુગે યુગે ફેરફારો ભલે થાય, પરંતુ તે ફેરફારોમાં ઊંડાણ અને વ્યાપકતા બન્ને જોઇએ. સાતત્યરક્ષા અને પરિવર્તનશીલતા એ બન્ને બાજુઓનો સમાવેશ હોવો જોઇએ. આમ થાય તો એવા ફેરફારોમાં (૧) હૃદયપરિવર્તન (૨) વિચારપવિર્તન અને (૩) પરિસ્થિતિ–પરિવર્તન એ ત્રણેયનો સમાવેશ આપોઆપ થઇ જાય. અથવા બીજા શબ્દોમાં કહીએ તો એ ફેરફાર વ્યકિતનાં હૃદય, બુદ્ધિ સાથે સમષ્ટિની પરિસ્થિતિના સંદર્ભમાં પણ સહેજે થાય જ. મારા નમ્ર મતે જૈનધર્મની તીર્થંકરરૂપ વિભૂતિમાં જે સંઘરચનાની વાત આવે છે, તેમાં આ વાતનું મૌલિકપણું છે. જૈનધર્મને આવો જ ફેરફાર મંજૂર છે અને કદાચ તેથી જ દેવ ગુરુ અને ધર્મની જે ત્રિવેણી જૈન સાધનામાં કહેલી છે તેમાં ધર્મની વ્યાખ્યામાં 'કેવલિ પન્નતો ધમ્મો" એમ બતાવ્યું છે. વળી એ કેવલિ પણ સામાન્ય કેવલિ નહીં; બલકે તીર્થંકર કેવલિ. આવા ધર્મના અનુસંધાનમાં જે ફેરફાર કરે, તે મુખ્યપણે ધર્મક્રાન્તિની યોગ્યતાવાળો હોવો જોઇએ. આમાં મોટે ભાગે જૈન સાધુ અને ખાસ કરીને જૈનાચાર્ય, (આજે જે સાધુ જૈનાચાર્ય પદવી ભોગવે છે તે નહીં પણ હૃદયપરિવર્તન, વિચારપરિવર્તન અને પરિસ્થિતિપરિવર્તન માટે પરિગ્રહ, પ્રાણ અને પ્રતિષ્ઠા પણ જરૂર પડયે હોમી દેનાર આંતરિક અને બાહ્ય બને પ્રકારની સાધુતાવાળો) હોવા જોઇએ.

મને પોતાને આ ત્રીજી બાબતમાં વર્ષોથી રસ હોઇ હું ગાંધીજીના સામુદાયિક અહિંસાના પ્રયોગના અનુસંધાનમાં આ વાતને લઉં છું. અને તેમાં પગપાળા પ્રવાસ અને આમજનતામાં ભિક્ષા–આ બે નિયમોને મૌલિક ગણું છું. પ્રિય ભાઇશ્રી પરમાનંદભાઇના 'સાધકના અનુભવો' પુસ્તક અંગેના પ્રશ્નમાં મેં જે ભાઇશ્રી નાનચંદભાઇનું નામ ઉલ્લેખ્યું, તેઓ પૂરા સન્યાસી હજુ પોતાને માનતા નથી, એમ છતાં (૧) સ્રીસ્પર્શનો વિરોધ અને ગૌરવપૂર્ણ સન્નારી સહવાસ ઉપરાંત નાણાંનો ત્યાગ અને ભિક્ષાચરી તથા પગપાળા પ્રવાસ વગેરે છેલ્લાં વર્ષોથી બરાબર પાળે છે.

આની સાથોસાથ આજના યુગે સર્વધર્મઉપાસનાનું માધ્યમ પણ હું અનિવાર્ય માનું છું. તો જ ધર્માન્તર કરાવવાનું કદી કોઇને માટે પણ મન નહીં થાય. આમાં ઉપદેશ કરતાં પણ મુખ્ય વાત તો સંસ્થાનિર્માણની આવે છે. આજના દેશના અને દુનિયાના રાજકારણી પ્રવાહ જોતાં રાજ્ય ઉપર સાચો અંકુશ તો બીજી બે સંસ્થાઓ (૧) પ્રાયોગિક સંઘ જેવી એટલે કે સર્વાંગી રચાનાત્મક કાર્ય-કરોની સંસ્થા અને (૨) જનસંગઠન જેવી એટલે કે ગાંધીકલ્પ્યા લોકસેવક સંઘ જેવી સંસ્થા નિર્માય (ઘડતરપૂર્વકની) અને વળી તે બન્ને સંસ્થાઓ સાથે શ્રદ્ધાભર્યું સાધુસંકલન ઉમેરાય, તો જ આવી શકે. અને આ સિવાય દેશનું અને દુનિયાનું પરિસ્થિતિપરિ-વર્તન થઇ જ ન શકે. તે ન થાય ત્યાંલગી વિચારપરિવર્તન અને હૃદયપરિવર્તન પણ સુશકય બની જ ન શકે તથા વ્યક્તિગત સર્વાંગી સાધના પણ વિક્સી નહીં જ શકે.

**સન્તબાલ**

# મુનિશ્રી વિદ્યાનન્દજીનું બદ્રીનાથ ધામમાં અભૂતપૂર્વ સ્વાગત

[મિરઠ શહેર ખાતે પ્રગટ થતા 'વીર' નામના પાક્ષિક પત્રના તા. ૧૫-૬-૭૦ ના અંકમાં-દિગંબર મુનિશ્રી વિદ્યાનંદજી મહારાજ સંપૂર્ણ નગ્નાવસ્થામાં ઋષિકેષથી ૨૧૦ માઇલનો બદ્રીનાથ સુધીનો પંથ પગપાળા કાપીને ૩૦મી મેના રોજ બદ્રીનાથ પહોંચ્યા અને બીજી યા ત્રીજી જૂન સુધી રહ્યા અને બદ્રીનાથની મૂર્તિની પ્રત્યેક પૂજાવિધિમાં હાજર રહ્યા - આ પ્રમાણેના સમાચાર પ્રકટ થયા છે. આ પત્રમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, મુનિશ્રીની વ્યવસ્થાની સારસંભાળ શ્રી બદ્રીનાથ કમિટીના પ્રબંધક શ્રી. કે. કે. ગોવિલા પી. સી. એસ. એ સ્વયં કરી હતી અને એક મુલાકાતમાં તેમણે મુનિશ્રીને જણાવ્યું હતું કે "જો જૈન સમાજ આ પુણ્યતીર્થ ઉપર કોઇ ધર્મશાળા ઊભી કરવા ઇચ્છે તો અમે તેમને જમીન આપવાને તૈયાર છીએ." મુનિશ્રીને બદ્રીનાથના અભિષેક સમયે લઇ જવામાં આવ્યા હતા અને તે વખતે તેમણે મૂર્તિનું મૂળ સ્વરૂપ જે કાંઇ જોયું તે ઉપરથી તેમણે એવું અનુમાન રજૂ કર્યું છે કે આ મૂર્તિ નથી વિષ્ણુની કે નથી બુદ્ધની, પણ જૈન તીર્થંકરની છે. એ પત્રમાં ઉપરના મથાળા નીચે પ્રગટ થયેલ મૂળ હિંદી લેખનો અનુવાદ નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**]

શ્રી વિદ્યાનન્દજી મહારાજે ૨૬ મેના રોજ જોશીમઠથી વિહાર કરીને બદ્રીનાથ તરફ પ્રયાણ કર્યું. રસ્તામાં પ્રથમ પાન્ડુકેશ્વર વિશ્રામ લેવાની ભાવના હતી પરંતુ બદ્રીનાથ જલ્દિ પહોંચવાની ઉત્કંઠાને લીધે હનુમાનચટ્ટી પહોંચીને જ વિશ્રામ કર્યો. ત્યાંથી ૩૦ મી મેની વહેલી સવારે વિહાર કરીને સવારે છ વાગ્યા સુધીમાં બદ્રીનાથની સરહદમાં પ્રવેશ કર્યો. ત્યાં જ્યોતિર્મઠના પંડા શેઠ સત્યનારાયણ તથા અન્ય પ્રતિષ્ઠિત લોકોએ મળીને મુનિશ્રીનું સ્વાગત કર્યું. ત્યાં મંદિર સમિતિના વિશ્રામગૃહમાં મુનિશ્રી પોતાના સંઘ સાથે રોકાયા. શ્રી બદ્રીનાથ ધામમાં દિગમ્બર જૈન મુનિનું આગમન એ એક અભૂતપૂર્વ ઘટના ગણાય. જે માણસોને દિગમ્બર જૈન મુનિ વિષેની કોઇ કલ્પના નહોતી તેઓ મુનિશ્રીને નાગાબાવા સમજીને શ્રદ્ધાપૂર્વક પ્રણામ કરીને તેમનું સ્વાગત કરતા હતા. મુનિશ્રીના અહિંના આગમનથી સ્થાનિક લોકોને ખૂબ નવાઇ લાગતી હતી. મુનિશ્રીના અહિંના આગમનથી જૈન સમાજ માટે બદ્રીનાથ ધામ જવા માટેનો રસ્તો ખુલ્લો થયો. અત્યાર સુધી આ ક્ષેત્ર વૈષ્ણવોનું જ તીર્થ છે એવી માન્યતાના કારણે જૈનધર્મના અનુયાયીઓનું આગમન ખૂબ અલ્પ પ્રમાણમાં થતું હતું, જ્યારે મૂળભૂત હકીકતતો એમ છે કે આ ક્ષેત્ર એ તપોભૂમિ છે કે જ્યાં જૈનધર્મના પહેલા તીર્થંકર આદિનાથ (ઋષભદેવ) ના માતા-પિતાએ તપશ્ચર્યા કરી હતી. આદિનાથ તીર્થંકરનું નિર્વાણસ્થાન તો કૈલાસ-પર્વત છે પરંતુ બદ્રીનાથ ક્ષેત્ર સાથે પણ તેમનો ઘનિષ્ઠ સંબંધ છે.

શ્રી બદ્રીનાથજીની પ્રતિમા વિષે એવો વિવાદાસ્પદ પ્રશ્ન ચાલુ રહ્યો છે કે આ પ્રતિમા જૈનમૂર્તિ છે યા બૌદ્ધમૂર્તિ છે યા તો વૈષ્ણવમૂર્તિ છે? શ્રી બદ્રીનાથજીની પ્રતિમા પદ્માસન યુકત દિગમ્બર મૂર્તિ છે. પ્રતિમાજીનાં દર્શન કરીએ છીએ ત્યારે એ સ્પષ્ટ થાય છે કે આ બૌદ્ધપ્રતિમા નથી, કેમકે એ પ્રતિમા દિગમ્બર છે અને પદ્માસન મુદ્રામાં છે. આવી મુદ્રામાં (વિતરાગ નિષ્પરિગ્રહ) બૌદ્ધ મૂર્તિઓ કયાંય જોવા મળતી નથી. વૈષ્ણવ પુરાણોમાં જૈનધર્મના પ્રથમ તીર્થંકરની ગણતરી ભગવાનના ૨૪ અવતારોમાં કરી છે. આ કારણે કેવળ અજ્ઞાની અને સ્વાર્થી અનુયાયીઓ જ જૈન ધર્મ અને વૈષ્ણવધર્મમાં મતભેદ પેદા કરવાના ભાગી બન્યા છે. જૈનધર્મ અને વૈષ્ણવધર્મમાં - મૂળમાં કોઇ વિરોધ નથી. શ્રી બદ્રીનાથજીની પ્રતિમા જેવી રીતે પદ્માસનવાળી નિર્વાણ વિતરાગ મુદ્રામાં સ્થિત છે. એવી મુદ્રામાં વૈષ્ણવ ધર્મની અન્ય કોઇ મૂર્તિ કદિ જોવા મળતી નથી, પરંતુ આ બદ્રીનાથજીની મૂર્તિને જૈનમૂર્તિ માની લેવા માટે આ એક જ કારણ પુરતું ન ગણાવું જોઇએ. એ પુરવાર કરવાને લગતાં તથ્ય ધરાવતાં બીજા કારણો પણ છે, જેનું વિવેચન આપણે હવે પછી કરીશું.

બદ્રીનાથની મંદિર સમિતિએ ધર્માધિકારીજીને મોકલીને ૩૧ મેથી ૨ જૂન સુધી - એમ ત્રણ દિવસ માટે-અભિષેક અને શૃંગાર દર્શન માટે મુનિજીને નિમંત્રણ આપ્યું હતું. મુનિજીના સંઘમાંથી આઠદસ વ્યકિતઓએ પ્રત્યેકે રૂા. ૧૫૧-૦૦ શ્રી બદ્રીનાથજીના અભિષેકમાં આપ્યા. આ ક્રમ ૩જી જૂન સુધી ચાલ્યો, અને એ રીતે શ્રાવકોએ શ્રદ્ધાપૂર્વક શ્રી બદ્રીનાથજીનો અભિષેક અને શૃંગાર-દર્શન કર્યાં. આ પણ એક અભૂતપૂર્વ ઘટના કહેવાય. ઇતિહાસમાં એવો એકકે દાખલો જોવા નથી મળતો કે બે અઢી હજાર વર્ષથી કોઇ પણ જૈન મુનિએ આ ક્ષેત્રમાં વિહાર કર્યો હોય. ઋષભદેવ, પારસનાથ અને મહાવીર સ્વામી-આ તીર્થંકરોનો આ ક્ષેત્રમાં વિહાર થયો હતો, ત્યાર બાદ આ પરંપરાનો દોર તૂટેલો જ રહ્યો હતો. આ ભૂમિની મોસમ અને રસ્તાની ચાલવાની મુશ્કેલીઓ જોતાં પણ એમ લાગે એ સ્વાભાવિક છે કે દિગમ્બર મુનિઓ આ ક્ષેત્રની યાત્રા માટે નિરૂત્સાહી બન્યા હોય. પણ મુનિશ્રી વિદ્યાનન્દજી મહારાજના અદમ્ય ઉત્સાહને જોઇને તો લોકો આશ્ચર્યમૂઢ બની ગયા હતા. આ ક્ષેત્રના વિહાર માટે તેમનામાં કેટલો ઉત્સાહ, સાહસ અને દઢતા હતાં? તેમને ખુલ્લા શરીરે ત્યાંની અસહ્ય ઠંડીનો પણ કોઇ ભય નહોતો. આવા વિકટ રસ્તામાં પગે ચાલતાં વેઠવી પડતી મુશ્કેલીઓની પણ તેમને કોઈ પરવા નહોતી. પોતે સમન્વયવાદી છે અને 'અભય' એ તો એમનો જીવનમંત્ર છે. તેઓ જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં બધા જ ધર્મના અનુયાયીઓએ તેમનું ભાવભર્યું સ્વાગત કર્યું છે, કારણ કે મુનિશ્રી તો માનવધર્મ અને વિશ્વધર્મને માને છે. ધર્મના અર્થના સંબંધમાં એમનું પોતાનું દષ્ટિકોણ બહુ વ્યાપક છે. તેઓ એમ માને છે કે જે ધર્મ માનવ માનવ વચ્ચે ભેદભાવ અને સંઘર્ષ પેદા કરે તે ધર્મ કહેવાય જ નહિ.

મહાભારતમાં વ્યાસ દેવે પણ એ જ વાત કરી છે. આપણી મહાન ભારતભૂમિમાં અસલમાં તો ધર્મ સંબંધે આવો વ્યાપક દષ્ટિકોણ રહેલો જ છે. કાળના પ્રભાવે અને વિદેશી આક્રમણકારોના પ્રભાવથી મધ્યકાલમાં ધર્મસંબંધી બહુ સંકુચિત મનોવૃત્તિ પેદા થઇ છે.

મુનિજીનું હૃદય અતિ સરળ, કોમળ અને દયાપૂર્ણ અને કરુણાથી સભર છે. તેમનો દષ્ટિકોણ અનેકાન્તવાદી છે અને તેથી જ તેઓ મહાન સમન્વયવાદી છે દરેક મનુષ્ય માત્ર ઉપર વિશ્વાસ રાખવો જોઇએ એમ પોતે માને છે અને આ કારણે તેઓ બધા સંપ્રદાય (-મુસલમાનો સુદ્ધાં) ના આદરપાત્ર રહ્યા છે. આ તેમની મહાન તપશ્ચર્યા અને ઉદાર દષ્ટિકોણ અને જાગૃત વિવેકનું પરિણામ છે. જો જીવનમાં ન ઉતારો તો શાસ્ત્ર તો જડ છે. મુનિશ્રી વિદ્યા-નન્દજીએ ચારિત્ર્યની સાથે જ્ઞાનનો પણ અદ્‌ભુત સમન્વય કેળવ્યો છે, એ કારણે તેઓ દેશના એક મહાન જ્ઞાનવાન તપસ્વીના રૂપમાં સર્વ લોકોની શ્રદ્ધાના અધિકારી બની શકયા છે. મુનિશ્રીની કઠોર તપશ્ચર્યા જનમાનસને પ્રભાવિત કરે એ તો સ્વાભાવિક છે, પરંતુ તેમનો જાગૃત વિવેક અને પ્રવચનની પ્રભાવોત્પાદક શૈલી પણ જનમાનસને મુગ્ધ કરે છે. એવી કદાચ કોઇ વ્યકિત નહિ મળે કે જે એમનું પ્રવચન સાંભળ્યા પછી પ્રભાવિત થઇ ન હોય. ભવિષ્યકાળ એ સાબિત કરશે કે મુનિશ્રીની દઢ નિષ્ઠાથી કેટલા મોટા પ્રમાણમાં ભાવાત્મક એકતા વિકસી શકી છે. દેશ પ્રત્યેની મુનિ-

શ્રીની ભક્તિ પણ અદ્‌ભુત છે. તેઓ દેશની મહાનતામાં અને તેના ઉજ્જવલ ભવિષ્યમાં દૃઢપણે વિશ્વાસ ધરાવે છે.

હિમાલયની પૂણ્યભૂમિ દેશભક્તિની ભાવનાના વિકાસ અને ભાવનાત્મક એકતા માટે એક મહાન પ્રેરણાસ્રોત છે એમ મુનિજી માને છે. બદ્રીનાથ મંદિરમાં, મંદિર સમિતિદ્વારા આયોજિત એક પ્રવચન-સભામાં તેમણે એમ કહ્યું કે આ ક્ષેત્ર, ધર્મ અને સંસ્કૃતિનું એક અદ્‌ભૂત સંગમસ્થાન છે. આ ક્ષેત્ર ધાર્મિક દૃષ્ટિએ તો પવિત્ર છેજ, પરંતુ ભારતીય સંસ્કૃતિનું સ્વરૂપ અહિંયા દિવ્યરૂપે દૃષ્ટિગોચર થાય છે. આ રીતે આ પવિત્ર સ્થળની મુલાકાતથી મુનિજી ખૂબ જ પ્રભાવિત બન્યા છે. એમણે સૂચવ્યું કે દેશના ખૂણેખૂણેથી દશબાર લાખ યાત્રીઓ અહિં આવે તો આ ક્ષેત્રની આર્થિક ઉન્નતિ પણ થાય અને દેશમાં ઉત્તર-દક્ષિણ અને પૂર્વ-પશ્ચિમની જે ભાવના પેદા થઇ છે તેનો આ ભૂમિનાં દર્શનથી અન્ત આવી જાય. કેમકે હિમાલયના વિરાટરૂપનું દર્શન કર્યા પછી એવી સંકુચિત ભાવનાથી તેઓ મુક્તિ મેળવશે અને સાચી ધાર્મિક ભાવનાથી તેઓનો અળગાપણાનો અહં વિલાઇ જશે. ભારતનું જે કોઇ સર્વાધિક રમણીય અને પવિત્ર સ્થળ હોય તો તે હિમાલય જ છે. આ મહાન પર્વત, નાગાધિરાજમાંથી પુણ્યમયી ગંગા અને જમના નીકળે છે, જે આપણા દેશને ફક્ત આર્થિક દૃષ્ટિથી સંપન્ન જ નથી બનાવતી, પરંતુ તેનું ધાર્મિક દૃષ્ટિએ પણ અધિક મહત્ત્વ છે. જૈન મંદિરોમાં મૂર્તિપ્રતિષ્ઠાનના સમયે મૂર્તિપ્રક્ષાલન માટે ગંગાજળને પવિત્ર માનીને તેનો ઉપયોગ કરવામાં આવે છે. પંડિત જવાહરલાલ નહેરૂએ પોતાના વસિયત-નામામાં ગંગાનાં સાંસ્કૃતિક મહત્ત્વનું વર્ણન માર્મિક શબ્દોમાં કર્યું છે.

આપણને ગર્વ હો! આપણે એ દેશના વાસી છીએ કે જ્યાં ગંગા વહે છે, જે દેશનું મસ્તક હિમાલય છે, જે દેશમાં ઋષિમુનિઓએ હિમાલયના પુણ્યક્ષેત્ર સમી અલકનન્દા અને ભાગીરથી પર ઘોર તપશ્ચર્યા કરીને જ્ઞાનની દિવ્ય જ્યોતિ પ્રાપ્ત કરી છે, ધન્ય છે આવા ભારત દેશને કે જ્યાં જન્મ લેવા માટે દેવતાઓ પણ આકાંક્ષા સેવતા હોય છે.

(અપૂર્ણ)

અનુવાદક: શાન્તિલાલ ટી. શેઠ

મૂળ હિંદી: ડૉ. જયકિશનદાસપ્રસાદ ખન્ડેલવાલ

## રાવણ મનનો—

(છંદ સવૈયા)

રાવણ મનનો યુદ્ધ કરે છે
નિત નિત રામજી સંગે,
દશ માથે લડનાર છતાં ના
જીતે રામને જંગે — ...... રાવણ મનનો૦

રામ સંગ સેના નાની ને
થોડી શસ્ત્રની શક્તિ,
પણ ખિસકોલી ને વાનરની
પામ્યા અદ્‌ભુત ભક્તિ. ... રાવણ મનનો૦

"પ્રાણ જાય પણ વચન ન જાયે"
એવી રામની નેમ,
પરમ સત્ય શી સીતા પામવા
અનંત નિષ્ઠા પ્રેમ—...... રાવણ મનનો૦

અડગ શૌર્યથી દાનવદલને
જીતે રામ અભિરામ,
લાખ દુર્ગુણો નમે સદ્‌ગુણે
યદિ પ્રાણ નિષ્કામ! ...... રાવણ મનનો૦

ગીતા પરીખ

## ધર્મઝનૂન ત્યાગો!

[ફિલસૂફ - પત્રકાર વા. મો. શાહની 'નોંધપોથી'માંથી]

હિંદી જનતાએ ધર્મઝનૂનને છોડી ધર્મપ્રેમી અગર તો ધર્મપંથોને છોડી 'નરા મનુષ્ય' બની રહેવા તૈયાર થવું જોઈએ, નહિ તો આ ઝનૂન જ દેશનો અને સાથે તમામ ધર્મોનો નાશ કરનાર થઈ પડશે. આજના હિંદી ધર્મોએ લોકોને (૧) મારામારી અને ગાળાગાળી તથા (૨) ક્રિયાઓ અને તહેવારો અને ગુરુઓના નિમિત્તે હરસાલ કરાવાતાં કરોડો રૂપિયાનાં બિનજરૂરી અને અનુત્પાદક ખર્ચો તથા (૩) રાજકીય તેમ જ આધ્યાત્મિક પ્રગતિ માટે જોઈતી બુદ્ધિની નિર્મળતા અને તીવ્રતા તથા ઈચ્છાશક્તિ, - એ બન્નેની હાનિ: આ ફળો આપ્યાં છે. અને તે છતાં હજી લોકો પોતે વિષમય ફળોને અને ફળો આપનાર વૃક્ષોને છોડવા કે સુધારવા તૈયાર નથી એના જેવું દુર્ભાગ્ય બીજું કયું હોઈ શકે?

પાંચ વર્ષની ઉંમરથી શરૂ કરીને પચાસ વર્ષની ઉંમર સુધી એક યા બીજા પ્રકારની મૂર્તિ પૂજવામાં અને મૂર્તિ અને મંદિરને લગતી ધામધૂમો પાછળ જેઓએ સમય અને મૂડીનો મોટો ભાગ ખરચ્યો છે, તેવા કરોડો સ્ત્રી - પુરુષો પૈકી કેટલા એમ કહી શકશે કે તેઓમાં અમુક ગુણ પ્રગટવા પામ્યો છે કે અમુક જ્ઞાન કે શક્તિ પ્રગટી શક્યાં છે?

મૂર્તિને નહિ માનનારા પણ શાસ્ત્રો, ગુરુઓ કે સ્થાનકોને માનવા પાછળ જેમણે સમય અને મૂડીનો વ્યય પચાસ વર્ષ સુધી કર્યા કર્યો હોય તેવાઓ પણ બતાવી શકશે કે એમનામાં હજી ચૈતન્ય જાગ્યું કે મનુષ્યત્વ આવ્યું કે ઉદારતા પણ આવી?

શું આ બધી 'સપાટી પરની ધમાલ' નથી? વેપારમાં એક જ વર્ષની આખરે નફાતોટાનું સરવૈયું કાઢ્યા વગર જે લોકોને ચાલતું નથી, અને જે લોકો પાંચ સાત વર્ષ લાગલગાટ નુકસાન હોવાનું કે નફાની ગેરહાજરી ચાલુ રહેવાનું જોતાં એ ધંધાને છોડી દીધા સિવાય રહી શકતા નથી તે જ લોકો ધર્મોની બાબતમાં તો કાંઈ પણ હિત ન સધાવા છતાં અને ઉલટું અહિત થયેલું સ્પષ્ટ જોવા છતાં ધર્મનું પૂછડું છોડવા તૈયાર થતા નથી. એ શું એમ બતાવી આપતું નથી કે હિંદી જનતાની ચૈતનાશક્તિ પર ભયંકર કાળુ જાદુ થયેલું છે? ચૈતન્યને પ્રગટાવવા અને વિકસાવવામાં કારગત થઈ શકે તે જ ધર્મ છે; બાકી બધું પાખંડ છે, મનુષ્યજાતિનું ખૂન ચૂસનાર સેતા-નોની ચાલબાજી છે.

જ્યાં ચૈતન્ય પ્રગટે છે ત્યાં બુદ્ધિ પણ દાસી બનીને ચાલી આવે છે. જૈનશાસ્ત્રો કે વેદો એ બેમાંનું કાંઈ નહિ ભણેલાઓ, તેમ જ ગુરુની પણ મદદ નહિ પામેલાઓ મહાજ્ઞાની થઈ શક્યા છે, આ વાતનો એકરાર તમામ ધર્મશાસ્ત્રોમાંથી જડી આવે છે.

આજની દુનિયામાંના ગુરુઓ અને નેતાઓ જે જે કરવાનું કહે છે તે બધું કરવામાં આવે તો પણ જનતાની મુક્તિ થઈ શકનાર નથી, કારણ કે તેઓ પોતે જ હજી મુક્તિ શું છે તે જાણી શક્યા નથી; પણ એક વાર જનતા નિશ્ચય કરે કે વધુ નહિ તો પાંચ વર્ષ માટે તો તમામ ગુરુઓ અને તમામ નેતાઓ વગર જ ચલાવી લેવું તો જનતાની બંધાઈ ગયેલી બુદ્ધિ આપોઆપ છૂટી જશે, મુક્તિ શોધવા પૂરતી મુક્ત થશે અને પછી મુક્ત થયેલી એ બુદ્ધિ ખરે રસ્તે ગતિ કરવા પ્રેરી મુક્તિ મેળવી આપનાર થઈ પડશે—તે પણ આ જન્મમાં જ મુક્તિ!

સંપાદક: ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

# આચાર્ય વિનોબા ભાવે અમૃત મહોત્સવ ગ્રામસ્વરાજ કોષ

## * રાષ્ટ્રજોગ અપીલ *

આચાર્ય વિનોબા ભાવે ૧૧ સપ્ટેમ્બર'૭૦ના રોજ ૭૫ વર્ષ પૂરાં કરશે. તેઓનું સમગ્ર જીવન ઊંડી અધ્યાત્મ - સાધના, બૌદ્ધિક અધ્યયન, નિઃસ્વાર્થ સમાજસેવા અને સામાજિક પ્રશ્નોમાં તેજસ્વી અહિંસક પ્રયોગોથી ભરપૂર રહ્યું છે. ઠેઠ ૧૯૪૦માં ખુદ મહાત્મા ગાંધીજીએ તેઓને પ્રથમ અને સર્વોત્તમ સત્યાગ્રહી તરીકે માન્યતા આપી ત્યારથી સત્યાગ્રહના તે સાર્વભૌમ શાસ્ત્રનો તેમણે વિધાયક રીતે વિકાસ કર્યો છે. પુરાણકાળની બર્બરતા તરફ ઢસડાવામાંથી માનવ જો બચવા માંગતો હોય તો તેણે આ સત્યાગ્રહના માર્ગ તરફ વળવું જ રહ્યું.

અલ્લાના બંદા, ઊંડી અંતર્ચેતના ધરાવનાર યોગી, ઊંડા વિચારક અને પ્રકાંડ પંડિત, અસ્રાની ધાર જેવી તીક્ષ્ણ મેધાવાળા તથા અસાધારણ સ્મરણશક્તિ ધરાવનારા, વિવિધ ભાષાઓને સહેલાઈથી જાણી લેનાર, પ્રતિભાશાળી લેખક, આજન્મ શિક્ષક અને મૌલિક શિક્ષણશાસ્ત્રી, જનતાના નેતા અને માનવજીવનના ઘડવૈયા, રાષ્ટ્રવ્યાપી ક્રાન્તિના પ્રણેતા, બાળબ્રહ્મચારી એવા વિનોબાનું વ્યક્તિત્વ ખરેખર દુર્લભ છે. અધ્યાત્મવિદ્યા, દર્શનશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને સમાજપુનર્નિર્માણના ક્ષેત્રે તેમનો ફાળો મૌલિક અને જીવંત હોઈ વિચારવાની આજની રૂઢ પ્રથાને સ્થાને જીવંત જિજ્ઞાસા અને ચિન્તન પાંગરશે તેમ તેમ તેઓની વિચારસરણી જરૂર ઉત્તરોત્તર વધુ આદર પામશે. આપણી સાંસ્કૃતિક પરિભાષામાં કહીએ તો વિનોબાના વ્યક્તિત્વમાં જ્ઞાનપ્રયોગ, કર્મયોગ અને ભક્તિયોગનો અદ્‌ભુત સમન્વય થયો છે.

વિનોબાજી દ્વારા પ્રણીત અને વિકસિત થયેલી ભૂદાન, ગ્રામદાન અને શાન્તિસેનાની પ્રવૃત્તિએ સમગ્ર વિશ્વનું ધ્યાન ખેંચ્યું છે. ભારતીય સમાજનું નવનિર્માણ કરવાની અને અહિંસક સામાજિક ક્રાંતિ લાવવાની દિશામાં એ પ્રથમ સોપાન છે. એ રીતે જોઈએ તો ગાંધીજીના અહિંસક સમાજ રચવાના અધૂરા કામને તેમણે આગળ ધપાવ્યું છે.

અહિંસક ક્રાન્તિરૂપી ફાચરની ભૂદાનરૂપી અણીથી મોજૂદ સામંતવાદી અને મૂડીવાદી સમાજરચનાના અંતઃસ્થલમાં ઘા કરવામાં આવ્યો છે. ભારત જેવા દેશમાં જ્યાં ભૂમિની સમસ્યા વિકટ છે અને માણસ દીઠ જમીનનું પ્રમાણ અત્યંત અલ્પ છે ત્યાં પણ લગભગ ૪૨ લાખ એકર જમીન સ્વૈચ્છિક દાન દ્વારા પ્રાપ્ત થઈ છે, અને તે પૈકી ૧૨ લાખ એકર જમીનનું દેશભરમાં પથરાયેલા ૪ લાખ ૬૦ હજાર ભૂમિહીન પરિવારોમાં વિતરણ પણ થઈ ગયું છે.

ગ્રામદાનમાં (૧) જમીનની ખાનગી માલિકીને સમાજની માલિકીમાં ફેરવવી, (૨) જમીન, ઉત્પાદન, આવક અને શ્રમનો નાનોશો હિસ્સો સહજ જીવનવ્યવહાર પ્રમાણે સમાજમાં વહેંચી લેવો, (૩) સામૂહિક નિર્ણયો લેવામાં સર્વાનુમતિના સિદ્ધાંતનો અમલ કરવો–એટલી બાબતોને મહત્ત્વ આપીને અહિંસક ક્રાંતિની પ્રક્રિયાને તેમણે ગતિ આપી છે. આ રીતે ગ્રામદાન આંદોલન સમાજની જડમાં સમૂહભાવના, પરસ્પર સહયોગ અને સહકારની ભાવના જગાડી રહ્યું છે અને એ રીતે ગાંધી–વિનોબાના ચિત્રના ગ્રામરાજ કે ગ્રામસ્વરાજની સ્થાપના માટે મનો–સામાજિક પાયો નાંખી રહ્યું છે.

જો કે ગ્રામદાન અંગેના સિદ્ધાંતો અને શરતોના કાગળો ઉપર સહી મેળવવાના પ્રાથમિક કામમાં જ હજી આંદોલન મુખ્યત્વે ચાલી રહ્યું છે; છતાં આ રીતે ગ્રામદાન કરનાર ગામોની સંખ્યા લગભગ દોઢ લાખ, એટલે કે દેશના કુલ ગામોની સંખ્યાના ૨૫ ટકા છે. તે જ રીતે સેંકડો ગામડાંઓ ગ્રામદાન તરીકે પાકા નોંધાયા છે અને નોંધપાત્ર ભૌતિક અને નૈતિક પ્રગતિ સાધી રહ્યાં છે. ત્યાં ગ્રામસભાઓ કામ કરતી થઈ ગઈ છે. હજારો રૂપિયાના ગ્રામ-કોષ બની ચૂક્યા છે, બમણું ત્રણગણું ઉત્પાદન થયું છે, જમીનના ઝઘડાઓ નામશેષ કે નિર્મૂળ થઈ ગયા છે.

એક બાજુ ગ્રામદાન માટે લોકસંમતિ મેળવવાનું આંદોલન ચાલી રહ્યું છે ત્યારે બીજી બાજુ કેટલાંક રાજ્યો–જેવાં કે બિહાર, તામિલનાડુ, ઓરિસ્સા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ ને ઉત્તર પ્રદેશમાં થયેલા સંકલ્પોની પુષ્ટિ કરવાના બીજા અને નિર્ણાયક તબક્કામાં આંદોલન પ્રવેશ્યું છે. આર્થિક, સામાજિક અને રાજકીય વિકાસ દ્વારા ગામડાથી માંડીને ઉપર સુધીનો સર્વાંગી વિકાસ સાધવાનો તે પછીનો તબક્કો છે. દેશના વિકાસની મંદ ગતિ જોતાં હજારો-લાખો ગામડાંઓમાં થયેલો આ સ્વૈચ્છિક, સામૂહિક પુરુષાર્થ અમૂલ્ય છે. આ મહાન કાર્યની સિદ્ધિ માટે સ્વયંસેવકોની વિશાળ જમાત, તેનું સંગઠન, તેનું કાર્ય આયોજન, તેમની તાલીમની વ્યવસ્થા અને તે બધા કરતાં જરાયે ઓછી મહત્ત્વની નહીં તેવી નાણાંની પણ જરૂર છે.

આંદોલનની આ જરૂરિયાતોને લક્ષમાં રાખીને તથા આ પ્રવૃત્તિના જનકનું બહુમાન કરવા અને આ દેશના પુનરુત્થાન અને પુનર્નિર્માણ માટે, ખાસ કરીને ગરીબો અને દલિતો માટે, તેઓએ જે કાંઈ કર્યું છે તે પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવા માટે સર્વ સેવા સંઘે "આચાર્ય વિનોબા ભાવે અમૃત મહોત્સવ ગ્રામસ્વરાજ કોષ" એ નામે એક કરોડ રૂપિયાનો ફાળો એકઠો કરી તેઓ જ્યારે તેમના જીવનનાં ૭૫ વર્ષ પૂરાં કરે ત્યારે એટલે કે આગામી ૧૧ સપ્ટેમ્બરે તેમને તે અર્પણ કરવાનો ઠરાવ કર્યો છે.

આ કોષમાં ગરીબ - તવગંર તમામને યથાશક્તિ પોતાનો ફાળો આપવાની વિનંતિ કરતાં હર્ષ થાય છે. ભારતના રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગિરિએ આ કોષના સંરક્ષક (Patron) બનવાનું સ્વીકાર્યું છે તે આનંદની વાત છે.

**જયપ્રકાશ નારાયણ**
અધ્યક્ષ, ગ્રામ સ્વરાજ કોષ

## શ્રી ચંપકભાઈ દાદભાવાળાનું દુઃખદ અવસાન

મૂળ વઢવાણ શહેરના પણ વર્ષોથી મુંબઈમાં વસેલા શ્રી ચંપકભાઈ દાદભાવાળાનું જૂન માસની ૧૬ મી તારીખે માટુંગા ખાતેના તેમના નિવાસસ્થાને ૬૮ વર્ષની વયે અવસાન થતાં આપણને એક સમાજહિતૈષી સજ્જનની ખોટ પડી છે.

તેઓ ૧૮ વર્ષની વયે લોન લઈને ઉચ્ચ અભ્યાસ માટે અમેરિકા ગયેલા અને એમ. એસ. સી. ની ડીગ્રી તેમણે પ્રાપ્ત કરેલી. આમ છતાં તેઓ વ્યાપાર ઉદ્યોગમાં પડેલા અને તે દ્વારા સમૃદ્ધ સ્થિતિએ પહોંચેલા. તેઓ મુંબઈમાં સ્થાયીપણે રહેતા હોવા છતાં પોતાના વતન વઢવાણ સાથે અને ત્યાંની લોકકલ્યાણકારી પ્રવૃત્તિઓ સાથે તેમનો સંબંધ અતૂટપણે ચાલુ રહેલો. તેઓ વઢવાણ મિત્રમંડળના પ્રમુખ હતા; વઢવાણ કેળવણી મંડળના ટ્રસ્ટી હતા; અને વઢવાણ વિકાસ વિદ્યાલયની સલાહકાર સમિતિના સભ્ય હતા. તેમણે પોતાના માતાપિતાની યાદમાં વિકાસ વિદ્યાલયને રૂા. ૫૦,૦૦૦નું દાન કર્યું હતું. આ ઉપરાંત દોશી સાર્વજનિક હાઈસ્કૂલને પોતાના પિતાની સ્મૃતિ અર્થે રૂા. ૨૫૦૦૦–૦૦ થી વધુ રકમનું દાન કર્યું હતું. ગયા વર્ષે હાથ ધરવામાં આવેલા સંઘના મકાનફંડમાં તેમણે રૂા. ૨૫૦૦ ની રકમ અર્પણ કરી હતી. તેમનું જીવન સાદું, સરળ અને નિરાડંબરી હતું. તેમની પાછળ રહેલા તેમનાં પત્ની તથા બે પુત્રો પ્રત્યે મારા અન્તરની સહાનુભૂતિ પાઠવું છું.

**પરમાનંદ**

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું ૩૧ મી ડિસેમ્બર ૧૯૬૯ સુધીનું સરવૈયું

| ફંડ અને દેવું: | રૂ. પૈ. | | રૂ. પૈ. |
|---|---|---|---|
| **શ્રી રિઝર્વ ફંડ:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | | ૨૬,૭૦૪-૮૯ |
| **શ્રી સંઘ હસ્તકનાં ફંડો:** | | | |
| **(૧) શ્રી મકાન ફંડ** | | | |
| વર્ષ દરમિયાન ભેટનાં | ૫૮,૨૪૮-૨૫ | | |
| બાદ: નવી ઑફિસ રીનોવેશન ખર્ચ | ૨૬,૯૦૧-૦૧ | ૩૧,૩૪૭-૨૪ | |
| **(૨) શ્રી પુસ્તક પ્રકાશન ખાતું** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨,૧૩૨-૭૫ | | |
| ઉમેરો: વર્ષ દરમિયાન પુસ્તકોનાં વેચાણના | ૩૧-૦૦ | ૨,૧૬૩-૭૫ | |
| **(૩) શ્રી માવજત ખાતું:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | ૨૯૪-૪૩ | | |
| ઉમેરો: માવજત ઘસારાનાં | ૬-૮૭ | | |
| | ૩૦૦-૭૦ | | |
| બાદ: વર્ષ દરમિયાન ખર્ચનાં | ૨૮૫-૭૫ | ૧૪-૯૫ | ૩૩,૫૨૫-૯૪ |
| **દેવું:** | | | |
| પરચૂરણ દેવું | | ૧૦,૫૧૩-૭૪ | |
| સ્ટાફ પ્રોવિડંડ ફંડ અંગે | | ૩,૧૦૨-૮૮ | |
| આગાઉથી આવેલ લવાજમનાં | | ૧,૩૧૦-૦૦ | ૧૪,૯૨૬-૬૨ |
| **શ્રી જનરલ ફંડ (શ્રી આવકખર્ચ ખાતું:)** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૩૨,૩૬૬-૮૪ | |
| બાદ: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આવક ખર્ચ ખાતેથી લાવ્યા | | ૫,૯૦૫-૭૫ | |
| | | ૨૬,૪૬૧-૦૯ | |
| બાદ: શ્રી 'પ્રબુદ્ધ જીવન'ના આવક ખર્ચ ખાતેથી લાવ્યા | | ૪,૦૬૬-૭૪ | ૨૨,૩૯૪-૩૫ |
| કુલ રૂ. | | | ૯૭,૫૫૧-૮૦ |

અમોએ શ્રી મુંબઈ જૈન યુવક સંઘ—મુંબઈનું તા. ૩૧-૧૨-૬૯ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાનાં ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલુમ પડ્યું છે.

શાહ મહેતા ઍન્ડ કાં.,
મુંબઈ, તા. ૨૨-૬-૧૯૭૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

| ઈન્વેસ્ટમેન્ટ્સ | રૂ. પૈ. | | રૂ. પૈ. |
|---|---|---|---|
| ૭ ટકા ના ઈન્ડિનય હ્યુમ પાઈપ કું. લિ. ડિબેન્ચરો ... (ફે. વેલ્યુ ૫,૦૦૦/-) | | | ૫,૨૩૬-૩૯ |
| **ફર્નિચર અને ફિકચર્સ (ચોપડા પ્રમાણે)** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૮૪૫-૨૪ | |
| બાદ: ઘસારાનાં કુલ લખીવાળ્યા તા. ૩૧-૧૨-૬૮ સુધીના | ૪૯૦-૨૪ | | |
| ચાલુ વર્ષના | ૩૫-૦૦ | ૫૨૫-૨૪ | ૩૨૦-૦૦ |
| **ડિપોઝીટ:** | | | |
| પોસ્ટ ઑફિસમાં | | ૭૫-૦૦ | |
| બી. ઈ. એસ. ટી. પાસે | | ૮૦-૦૦ | |
| ઑફિસ ભાડા ડિપોઝીટ | | ૪૭૭-૨૭ | ૬૩૨-૨૭ |
| **લેણું: (સદ્ધર)** | | | |
| શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય | | ૭,૫૦૧-૯૭ | |
| ઈન્કમટેક્ષ રીફંડનું લેણું | | ૫૬૮-૭૩ | |
| સભ્ય લવાજમ અંગે | | ૪૪૦-૦૦ | |
| સ્ટાફ પાસે | | ૧,૭૯૪-૯૧ | ૧૦,૩૦૫-૬૧ |
| **રોકડ તથા બેંક બાકી** | | | |
| બેંક ઑફ ઈન્ડિયા ચાલુ ખાતે | | ૧૭,૫૯૭-૭૮ | |
| બેંક ઑફ ઈ. ફિકસ ડિપોઝીટ ખાતે | | ૬૧,૭૩૩-૨૯ | |
| રોકડ સિલક (ચોપડા પ્રમાણે) | | ૧૦૨-૦૮ | ૭૯,૪૩૩-૧૫ |
| **શ્રી સંઘ હસ્તકનાં ખાતાંઓ** | | | |
| શ્રી વૈદ્યકીય રાહત ખાતું: | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૧૨-૩૪ | |
| ઉમેરો: વર્ષ દરમિયાન વૈદ્યકિય રાહત આપી તેના | | ૧,૫૪૮-૦૪ | |
| | | ૧,૭૬૦-૩૮ | |
| બાદ: વર્ષ દરમિયાન ભેટના | | ૧૩૬-૦૦ | ૧,૬૨૪-૩૮ |
| | | | ૯૭,૫૫૧-૮૦ |

## વાદ—વિચાર

'ન્યૂ યૉર્ક ટ્રિબ્યુન હેરોલ્ડ' નામનું છાપું ભિન્ન ભિન્ન વાદની વ્યાખ્યા નીચે પ્રમાણે કરે છે:

**સામ્યવાદ:** તમારી પાસે બે ગાયો છે. તો એક સરકારને આપી દો. પછી એમાંનું થોડુંક દૂધ સરકાર તમને આપ્યા કરશે.

**ફાસિવાદ:** તમારી પાસે બે ગાયો છે. તો એ બન્ને તમારી કને રાખો. દૂધ દોહીને સરકારને મોકલી આપો. પછી એમાંનું થોડુંક દૂધ સરકાર તમને વેચાતું આપશે.

**નાઝીવાદ:** તમારી પાસે બે ગાયો છે. તો સરકાર તમને ગોળીઓ ફૂંકીને તમારી બન્ને ગાયો છીનવી લેશે. ને એ પોતાની પાસે રાખશે.

**પૂંજીવાદ:** તમારી પાસે બે ગાયો છે. એમાંની એક વેચી દો અને એ પૈસાથી સરસ મજાનો સાંઢ ખરીદી લો. એટલે પછી એનો વંશવેલો વધશે. તમારી આવક વધશે.

**સમાજવાદ:** તમારી પાસે બે ગાયો છે. તો એક તમારા પાડોસીને આપો. પાડોસીનો પણ વિચાર કરો.

જયપ્રકાશજી સમાજવાદના નીચેના ત્રણ પ્રકાર ગણાવે છે:

(૧) **તામસી સમાજવાદ:** આ પ્રકારનો સમાજવાદ જનતા પર ઠોકી બેસાડવામાં આવે છે.

(૨) **રાજસી સમાજવાદ:** આ પ્રકારનો સમાજવાદ સરકારના કાયદા દ્વારા લાવવામાં આવે છે.

(૩) **સાત્ત્વિક સમાજવાદ:** લોકો પોતાની ઈચ્છાથી સ્વીકારે ને આચારે એ સાત્ત્વિક સમાજવાદ. આ પ્રકાર ઉત્તમ છે.

સર્વોદયને આવો સાત્ત્વિક સમાજવાદ ખપે છે.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

તા. ૩૧–૧૨–૧૯૬૯ ના રોજ પુરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| ભેટનાં | | ૬,૭૪૯-૦૦ |
| લવાજમનાં | | |
| કુલ આવ્યા | ૫,૪૯૫-૦૦ | |
| બાદ: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને 'પ્રબુદ્ધ જીવન'ની પ્રતો મફત મોકલવામાં આવે છે તેના એડજેસ્ટ કર્યા ... | ૩,૨૩૪-૦૦ | |
| | | ૨,૨૬૧-૦૦ |
| વ્યાજના: | | |
| ડિબેન્ચરોના | ૩૫૦-૦૦ | |
| બેંકના ખાતાઓનાં | ૨,૧૧૪-૬૮ | |
| | | ૨,૪૬૪-૬૮ |
| | | ૧૧,૪૭૪-૬૮ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો, જનરલ ફંડ ખાતે લઈ ગયા | | ૫,૯૦૫-૭૫ |
| કુલ રૂ. | | ૧૭,૩૮૦-૪૩ |

| ખર્ચ: | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| માણસોને પગારના ૧/૨ ભાગના | | ૩,૩૧૭-૩૩ |
| મકાનભાડું તથા વીજળીખર્ચ | | ૩૧૬-૨૩ |
| પ્રિન્ટિંગ અને સ્ટેશનરી | | ૫૬૭-૨૩ |
| ટેલિફોન ખર્ચ | | ૪૮૨-૩૧ |
| પોસ્ટેજ ખર્ચ | | ૬૯૮-૯૫ |
| ઑડિટરોને ઑનેરેરિયમનાં | | ૧૦૧-૦૦ |
| સ્ટાફ પ્રોવિડન્ટ ફંડ ફાળાનાં | | ૪૪૦-૪૦ |
| પ્રો. ફંડ ઉપર વ્યાજનાં | | ૭૨-૦૦ |
| બોમ્બે પબ્લિક ટ્રસ્ટ ઍડમિનિસ્ટ્રેશન ફંડને ફાળાના | | ૩૪૭-૨૭ |
| પરચુરણ ખર્ચ: | | |
| ઉદ્‌ઘાટન સમારંભ ખર્ચ | | ૧,૪૮૩-૬૦ |
| ઑફિસ ફેરવણી ખર્ચ | | ૧,૮૦૦-૦૦ |
| ફર્નિચર ઉપર ઘસારાનાં | | ૩૫-૦૦ |
| ઉદ્દેશો અંગે ખર્ચ: | | |
| વ્યાખ્યાનમાળા અંગે ખર્ચ | | |
| શ્રી વસંત વ્યાખ્યાનમાળા અંગે | ૨,૧૭૨-૩૫ | |
| શ્રી પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે | ૩,૯૧૫-૭૦ | |
| | | ૬,૦૮૮-૦૫ |
| કુલ રૂ. | | ૧૭,૩૮૦-૪૩ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે. અને બરાબર છે.

શાહ મહેતા ઍન્ડ કું.,
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

મુંબઈ, તા. ૨૨–૬–૧૯૭૦.

# શ્રી મુંબઈ જૈન યુવક સંઘ–મુંબઈ

શ્રી 'પ્રબુદ્ધ જીવન'નો તા. ૩૧–૧૨–૬૯ ના રોજ પુરા થતાં વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|
| લવાજમના આવ્યા | ૩,૬૮૩-૪૫ | |
| ઉમેરો: શ્રી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યોને મફત પ્રતો મોકલવામાં આવે છે તે એડજેસ્ટ કર્યા | ૩,૨૩૪-૦૦ | |
| | | ૬,૯૧૭-૪૫ |
| ભેટના | | |
| સૌરાષ્ટ્ર ટ્રસ્ટ પાસેથી | ૨,૫૦૦-૦૦ | |
| પરચૂરણ ભેટના | ૩૭-૦૦ | |
| | | ૨,૫૩૭-૦૦ |
| | | ૯,૪૫૪-૪૫ |
| વર્ષ દરમિયાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૪,૦૬૬-૭૪ |
| | | ૧૩,૫૨૧-૧૯ |

| ખર્ચ | રૂ. પૈ. |
|---|---|
| માણસોને પગારના ૧/૨ ભાગના | ૩,૩૧૭-૩૩ |
| પેપર ખર્ચના | ૧,૯૮૩-૫૭ |
| છપામણી ખર્ચના | ૬,૧૮૧-૩૪ |
| પોસ્ટેજ ખર્ચનાં | ૧,૨૮૨-૪૬ |
| પરચૂરણ ખર્ચના | ૭૫૬-૪૯ |
| | ૧૩,૫૨૧-૧૯ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે, અને બરાબર છે.

શાહ મહેતા એન્ડ કું.
ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ

મુંબઈ, તા. ૨૨-૬-૧૯૭૦

## શ્રી દામજીભાઈએ કરેલી સખાવત માટે તેમને ધન્યવાદ

શ્રી કચ્છી વીશા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન તરફથી મુંબઈ ખાતે ચીંચબંદર ઉપર એક મકાન બંધાઈ રહ્યું છે. તેમાં ત્રીજે માળે મહિલા ઉદ્યોગગૃહની પ્રવૃત્તિ માટે એક હોલ બંધાવાનો છે. થોડા સમય પહેલાં જેનું અવસાન થયું છે તે બહેન રેખાનું નામ આ હૉલ સાથે જોડવાની શરતે તેના પિતા શ્રી દામજી વેલજી શાહે રૂા. ૨૧,૦૦૦–૦૦ ની રકમ તે મહાજનને અર્પણ કરવાની ઈચ્છા દર્શાવી છે અને આ શરતનો સ્વીકાર કરીને આ મહાજને શ્રી દામજીભાઈની ઈચ્છાને આવકારી છે.

શ્રી દામજીભાઈ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના ઘણા સમયથી સભ્ય છે. સંઘના મકાનફંડમાં તેમણે રૂા. ૫૦૦૦–૦૦ ની રકમ આપી હતી. ત્યાર બાદ મકાન ફંડમાં તેમણે રૂા. ૧૦,૦૦૦–૦૦ મેળવી આપ્યા હતા. તેની કદરરૂપે સંઘ હસ્તક ચાલતા વૈદ્યકીય રાહત કેન્દ્ર સાથે બહેન રેખાનું નામ, તે જીવન્ત હતી તે દરમિયાન, જોડવામાં આવ્યું છે. આ ઉપરાંત છેલ્લા ત્રણ મહિનાથી સંઘના કાર્યાલયમાં તેમની મારફત એક હોમીઓપથી કેન્દ્ર શરૂ કરવામાં આવ્યું છે. આવા ઉદારચરિત શ્રી દામજીભાઈને ઉપર જણાવેલ રૂા. ૨૧,૦૦૦–૦૦ ની સખાવત કરવા માટે આપણ સર્વના ધન્યવાદ ઘટે છે.

પરમાનંદ.

# શ્રી મણિલાલ માણેકચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

તા. ૩૧-૧૨-૧૯૬૯ના દિવસનું સરવૈયું

| ફંડો અને દેવું: | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|
| **શ્રી સ્થાયી ફંડ:** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૨૪,૫૬૧-૦૦ |
| **શ્રી પુસ્તક ફંડ** | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૫,૫૦૦-૦૦ |
| **શ્રી ફરનીચર ફંડ** | | |
| ગયા સરવૈવયા મુજબ બાકી | | ૨,૪૦૦-૦૦ |
| **દેવું: (ડીપોઝીટ):** | | |
| પુસ્તકો અંગે | ૬,૮૨૬-૦૦ | |
| માસિકો અંગે | ૨૧-૦૦ | |
| **પરચુરણ દેવું:** | | |
| શ્રી મુંબઈ જૈન યુવક સંઘ | ૭,૫૦૧-૯૭ | |
| સ્ટાફનું પ્રોવિડંટ ફંડ | ૧,૬૮૭-૭૪ | |
| | | ૧૬,૦૩૬-૭૧ |
| | | ૪૮૪૯૭-૭૧ |

| ઈન્વેસ્ટમેન્ટસ (ચોપડા પ્રમાણે) | | રૂા. પૈ. | રૂા. પૈ. |
|---|---|---|---|
| પબ્લિક લિમિટેડ કાં. ઓના ડિબેન્ચરો: | | | |
| ૭ ટકાના ધી રાવળગાંવ સુગર ફાર્મ | | | |
| કાં. લિ. ફે. વે. ૧૦,૦૦૦/ | | ૧૦,૦૦૦-૦૦ | |
| ૫ ટકાના ધી તાતા લોકોમોટિવ | | | |
| કાં. લિ. ફે. વે. ૬૦૦૦/- | | ૬,૧૬૩-૫૦ | |
| | | | ૧૬,૧૬૩-૫૦ |
| **ફરનીચર (ચોપડા પ્રમાણે):** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૩,૩૧૦-૯૩ | |
| બાદ: ઘસારાનાં કુલ લખી વાળ્યાં | | | |
| તા. ૩૧-૧૨-૬૮ સુધીના | ૧,૫૭૪-૫૮ | | |
| ચાલુ વર્ષના | ૮૭-૦૦ | | |
| | | ૧,૬૬૧-૫૮ | |
| | | | ૧,૬૪૯-૩૫ |
| **પુસ્તકો (ખરીદ કિંમતે):** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૧૬,૧૮૫-૩૨ | |
| ઉમેરો: વર્ષ દરમ્યાન ખરીદીના | | ૫૬૬-૭૨ | |
| | | ૧૬,૭૫૨-૦૪ | |
| બાદ: ઘસારાનાં કુલ લખી વાળ્યાં | | | |
| તા. ૩૧-૧૨-૬૮સુધીના | ૧૦,૫૫૯-૯૬ | | |
| ચાલુ સાલના | ૧,૧૨૫-૦૦ | | |
| | | ૧૧,૬૮૪-૯૬ | |
| | | | ૫,૦૬૭-૦૮ |
| **લેણું:** | | | |
| ઈન્કમટેક્ષ રીફંડ અંગે | | ૩૮૭-૭૦ | |
| વ્યાજ અંગે | | ૧,૧૫૦-૦૦ | |
| | | | ૧,૫૩૭-૭૦ |
| **રોકડ તથા બેંક બાકી:** | | | |
| બેંક ઓફ બરોડા ચાલુ ખાતે | | ૭,૭૭૭-૦૦ | |
| બેંક ઓફ ઈન્ડિયા ચાલુ ખાતે | | ૪૭૮-૦૩ | |
| રોકડ સિલક | | ૧૨-૨૯ | |
| | | | ૮,૨૬૭-૩૨ |
| **શ્રી આવક-ખર્ચ ખાતું:** | | | |
| ગયા સરવૈયા મુજબ બાકી | | ૧૨,૪૪૦-૮૮ | |
| ઉમેરો: વર્ષ દરમ્યાન આવક કરતાં ખર્ચનો વધારો | | ૩,૩૭૧-૮૮ | |
| | | | ૧૫,૮૧૨-૭૬ |
| | | | ૪૮,૪૯૭-૭૧ |

અમોએ શ્રી મણિલાલ માણેકચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય-મુંબઈનું તા. ૩૧-૧૨-૧૯૬૯ ના દિવસનું સરવૈયું મજકુર સંસ્થાના ચોપડા તથા વાઉચરો સાથે તપાસ્યું છે અને બરાબર માલૂમ પડ્યું છે.

શાહ મહેતા એન્ડ કાં.
મુંબઈ ૨૩-૬-૬૯ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

## "ગાંધીજી જેવા જોયા-જાણ્યા વિનોબાએ" અને 'ત્રીજી શકિત'

ભૂમિપુત્ર - યજ્ઞપ્રકાશન (હુઝરાત પાગા, વડોદરા - ૧) તરફથી હમણાં બે પુસ્તકો બહાર પડયાં છે, તેમાંનું એક છે "ગાંધી જેવા જોયા - જાણ્યા વિનોબાએ" અને બીજું છે "ત્રીજી શકિત." એકની કિંમત છે. રૂ. ૨-૫૦. બીજાની કિંમત છે. રૂ. ૩. જેને ગાંધી-વિચાર અને વિનોબા વિચારનો નિચોડ મેળવવો હોય તેને આ બન્ને પુસ્તકો વાંચી જવા ખાસ ભલામણ છે.

પહેલા પુસ્તકમાં ગાંધીજી વિષે વિનોબાનું છૂટું છવાયું ચિન્તન બહુ સુન્દર રીતે સંકલિત કરવામાં આવ્યું છે. તેના સંપાદક છે ભૂમિપુત્રના તંત્રી શ્રી કાન્તિ શાહ. તેના વિષે હું કાંઈ લખું તેના બદલે સ્વામી આનંદે તે પુસ્તક અંગે જે કાંઈ પુરોવચનરૂપ લખ્યું છે તેનું અવતરણ કરવું વધારે ઉચિત લેખાશે. સ્વામી આનંદ પોતાના એ પુરોવચનમાં જણાવે છે કે "આ પુસ્તકમાં ભાઈ કાન્તિએ વિનોબાજીનું ગાંધીદર્શન વિનોબાજીના પોતાના જ શબ્દોમાં એમનાં અસંખ્ય વચન-પ્રવચનો તેમ જ લખાણોમાંથી વીણી-ગુંથી સળંગસૂત્ર કરીને રજૂ કર્યું છે. આટલું કામ કેટલું વિકટ હોય છે એનો મારા જેટલો અનુભવ થોડાને હશે. વાચક વર્ગ એ જોશે. એવા જ એક વાચકના નાતે કહું તો એ કામમાં ભાઈ કાન્તિ બેહદ સફળ થયા છે. પુસ્તક ઠેઠ સુધી વાંચી જતાં ન તો મને કયાંયે ઠેસ આવી ન ખોડીબારાં. સરીઆમ ડામર સડક પર ઘ્રોપટ દોડતો ફાટક લગણ પહોંચી ગયો. ગૂંથણકળા પણ એવી કે આ ડીઝાઈન નકશીદાર સળંગ વણાટનો ગાલીચો શેતરંજી છે કે કકડા જોડેલ, સીવેલ ચંદરવો એનું ઓસાણ સરખું વાચન દરમિયાન કયાંયે ન ઊગ્યું. અને છતાં આરંભકાળથી માંડીને આજ લગીનું વિનોબાજીનું સળંગ ગાંધીદર્શન આ સંકલનમાં જે સંપૂર્ણતાએ વણાયું છે તે જોઈને વિનોબાજીની વિચારધારાનો હરકોઈ ચાહક અભ્યાસી હેરત પામે એમ છે."

સ્વામી આનંદના આ લખાણ સાથે હું પૂરેપૂરો સંમત થાઉં છું. ગાંધીજી અને વિનોબા-એકમેક સાથે જાણે કે ગુરુશિષ્યભાવે જોડાયેલા. આજના બન્ને મહામાનવ - એકમેક વિશે કેવો આદર ધરાવતા હતા તે સંપાદકીય નોંધમાંના નીચેના અવતરણથી સવિશેષ સ્પષ્ટ થાય છે.

ઠેઠ ૧૯૧૭ માં દીનબંધુ એન્ડુઝ સાથેની વાતચીતમાં ગાંધીજીએ વિનોબા વિષે કહેલું કે "આશ્રમનાં દુર્લભ રત્નોમાંના આ એક છે.

(અનુસંધાન ૬૦ મે પાને)

૧૨ 12



# શ્રી મણિલાલ માણેકચંદ શાહ સાર્વજનિક વાચનાલય તથા પુસ્તકાલય-મુંબઈ

તા. ૩૧-૧૨-૬૯ ના દિવસે પૂરા થતા વર્ષનો આવક તથા ખર્ચનો હિસાબ

| આવક: | રૂ. પૈ. | રૂ. પૈ. | ખર્ચ | રૂ. પૈ. | રૂ. પૈ. |
|---|---|---|---|---|---|
| વ્યાજના | | | ટ્રસ્ટના ઉદ્દેશો અંગે ખર્ચનાં | | |
| સીકયુરીટીના | ૪૫૦-૦૦ | | કેળવણી અંગે ખર્ચ: | | |
| ડિબેન્ચરોના | ૭૦૦-૦૦ | | પેપર લવાજમનાં | ૫૫૬-૦૬ | |
| | | ૧,૧૫૦-૦૦ | પગારનાં | ૬,૪૭૪-૬૯ | |
| ભેટનાં: | ૨,૬૭૬-૦૦ | | મકાનભાડા તથા વીજળી ખર્ચના | ૯૪૯-૫૮ | |
| પુસ્તકોના લવાજમનાં | ૭૧૬-૦૦ | | પુસ્તક રીપેર તથા બાઈન્ડિંગ | ૯૯-૧૦ | |
| | | ૩,૩૯૨-૦૦ | | | ૮,૦૭૯-૪૩ |
| મ્યુનિસિપલ ગ્રાન્ટ | | ૨,૦૦૦-૦૦ | પ્રોવિડન્ટ ફંડના ફાળાનાં | ૨૯૯-૮૫ | |
| પરચુરણ આવકના | | | પ્રોવિ. ફંડ ઉપર વ્યાજના ૪ ટકા | ૫૦-૩૨ | |
| પસ્તી વેચાણનાં | ૧૩૬-૩૦ | | | | ૩૫૦-૧૭ |
| પાસબુક વેચાણનાં | ૪૮-૪૦ | | | | |
| દંડનાં | ૩૪-૫૦ | | વ્યવસ્થા ખર્ચ | | |
| | | ૨૧૯-૨૦ | પરચૂરણ ખર્ચ | ૩૬૪-૪૪ | |
| | | | વીમાનાં પ્રિમિયમનાં | ૨૬-૦૩ | |
| | | ૬૭૬૧-૨૦ | ઓડિટરોને ઓનરેરિયમનાં | ૧૦૧-૦૦ | |
| વર્ષ દરમિયાન આવક | | | | | ૪૯૧-૪૮ |
| કરતાં ખર્ચનો વધારો | | ૩,૩૭૧-૮૮ | | | |
| | | | ઘસારા ફંડ: | | |
| | | ૧૦,૧૩૩-૦૮ | ફર્નિચર પર | ૮૭·૦૦ | |
| | | | પુસ્તકો પર | ૧,૧૨૫-૦૦ | |
| | | | | | ૧,૨૧૨-૦૦ |
| | | | કુલ રૂ. ... | | ૧૦,૧૩૩–૦૮ |

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર છે.

શાહ મહેતા એન્ડ કું.

મુંબઈ તા. ૨૩-૬-૧૯૭૦ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ

( પાના ૫૯નું ચાલુ )

તેઓ આશ્રમને જ પોતાના પુણ્યથી સીંચવા આવ્યા છે; પામવા નથી આવ્યા, આપવા આવ્યા છે."

બીજી બાજુ વિનોબા કહે છે: "ભગવાનની અપાર કૃપા છે કે તેણે મને બાપુનાં ચરણોમાં સ્થિર કર્યો... બાપુના આશ્રમમાંથી મને શું શું મળ્યું છે તે તો મારૂં મન જાણે છે... આશ્રમમાં આવ્યા પછી મને આંખ જ પ્રાપ્ત થઈ છે. બાપુનો આશ્રમ મારા માટે દષ્ટિદાયી માતૃસ્થાન છે."

એક–બે વાર પત્રમાં વિનોબાએ ગાંધીજીને લખેલું કે: "ઈશ્વર મારી પાસેથી સેવા લેશે કે? ... આ દુનિયામાં આપના આશીર્વાદ વિના બીજું બધું શૂન્ય છે... આપના મહાયજ્ઞની આહુતિ બની જવાની યોગ્યતા ઈશ્વર પાસે મને અપાવજો."

ત્યારે જવાબમાં ગાંધીજીએ લખ્યું હતું: "તમારો પ્રેમ અને ચારિત્ર મને મોહમાં ડૂબાડી દે છે. ...... તમારી ભકિત અને શ્રદ્ધા આંખમાં ખુશીનાં આંસુ આણે છે. હું તેને લાયક હોઉં કે ન હોઉં, પણ તમને તો તે ફળશે જ. તમે મોટી સેવાનું નિમિત્ત બનશો ... તમને ઈશ્વર દીર્ઘાયુષી બનાવો અને તમારો ઉપયોગ હિન્દની ઉન્નતિને સારૂ થાઓ!"

ગાંધીજીના આ આશીર્વાદ પૂર્ણપણે સાર્થક થયેલા આજે આપણે જોઈએ છીએ. વિનોબા દેશ - દુનિયાની મોટી સેવાનું નિમિત્ત બન્યા છે. ગાંધીજીનો મહાયજ્ઞ તેમણે આગળ ચલાવ્યો છે. તેઓ કહે છે: "મારો અન્તરાત્મા શાખ પુરાવે છે કે ગાંધીજીએ જે અહિંસાનો માર્ગ દાખવ્યો તેના ઉપર ચાલવાની મેં પૂરેપૂરી કોશિશ કરી છે. ... એમના વિચારોમાંથી જેટલું હું સમજ્યો છું અને જેટલું મને સૂઝ્યું છે એટલાનો અમલ કરવાને પ્રતિક્ષણ સાવધાન રહીને મારી કોશિશ ચાલે છે એમ કહેવાને મને કોઈ સંકોચ નથી ... બાપુના ગયા બાદ હું બાપુનું જ કામ કરી રહ્યો છું, એમાં મને રતિભાર શંકા નથી ... હું માનું છું કે મારા ચિન્તનમાં બાપુનો સારરૂપ અંશ છે"

આવા બાપુ વિશે, આવા વિનોબાના ૩૦૦ જેટલા વકતવ્યો અને લખાણોનું સંકલન ૨૧ પ્રકરણોમાં વ્યવસ્થિત રીતે વહેંચાયેલું આ પુસ્તકમાં આપણને જોવા - વાંચવા મળે છે અને આખું પુસ્તક વાંચતાં આપણું દિલ બન્ને વિષે ઊંડા આદરભાવથી સભર બને છે. આવું પુસ્તક આપણી સમક્ષ રજૂ કરવા માટે ભૂમિપુત્રના તંત્રી શ્રી કાન્તિ શાહના આપણે અનેક રીતે ઋણી બન્યા છીએ.

બીજું પુસ્તક 'ત્રીજી શકિત.' વિનોબાજીના આજના અનેક પ્રશ્નો ઉપર મૌલિક પ્રકાશ પાડતા અને આજ સુધીમાં પ્રગટ થઈ ચૂકેલા કેટલાક લેખોનો સંગ્રહ છે. આ પુસ્તકની શ્રી જયપ્રકાશ નારાયણે ભૂમિકા લખી છે. તેમાં જણાવવા પ્રમાણે હિંસાશકિત અને દંડશકિત બન્નેય માનવ સમાજની મૂળ સમસ્યાઓને ઉકેલ-વામાં નિષ્ફળ ગઈ છે, કોઈ ત્રીજી શકિતની જરૂર જણાય છે. આ શકિત તો તે જ છે કે જેનું મહાવીર, બુદ્ધ, ઈશુએ આટલી કુશળતાથી પ્રતિપાદન કર્યું હતું. - એટલે કે પ્રેમ - અહિંસા, - કરુણાની શકિત. વિનોબાજીના ચિન્તનના વિવિધ પાસાઓ યથાર્થ રીતે સમજવા માટે આ પુસ્તક ખરેખર ખૂબ જ ઉપયોગી છે.

આમ યજ્ઞપ્રકાશન તરફથી પ્રગટ થયેલાં આ બે પુસ્તકો 'ગાંધી જેવા જોયા - જાણ્યા વિનોબાએ' અને 'ત્રીજી શકિત' ગાંધીજીના અને વિનોબાજીના સમગ્ર ચિન્તનને ચિત્તમાં ધારણ કરવા માટે અત્યન્ત મહત્ત્વનાં છે. આજે ગાંધીજી અને વિનોબાજી વિષે ઉપર-છલા વિચારોથી ભરમાતા યુવાનોને આ બન્ને પુસ્તકોનું અધ્યયન કરવા અને આ રીતે ગાંધીજી અને વિનોબાજી વિષે સમ્યક્દર્શન પ્રાપ્ત કરવા ખાસ ભલામણ છે.

પરમાનંદ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૬

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, જુલાઇ ૧૬, ૧૯૭૦ ગુરુવાર
પરદેશ, માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## આપણી સાધુસંસ્થા અંગે યોજાયેલો પરિસંવાદ—૨

(તા. ૨૮-૬-૭૦ રવિવારના રોજ મળેલી પરિસંવાદસભામાં સૌથી પહેલું પ્રવચન મારું હતું. મારો પરિચય આપવાની જરૂર નથી. ત્યાર પછીના વ્યાખ્યાતાઓનો ક્રમવાર પરિચય આપવો પ્રસ્તુત લેખાશે. મારી પછીના વકતા હતા શ્રી. રતિલાલ ચીમનલાલ કોઠારી મુંબઈ જૈન યુવક સંઘના સ્થાપક સભ્ય અને સુવિખ્યાત સામાજિક કાર્યકર; ડૉ. રમણલાલ ચી. શાહ સંઘના કાર્યવાહક સમિતિના એક સભ્ય અને મુંબઇ યુનિવર્સિટીના ગુજરાતી ભાષાના રીડર, સૌ. પ્રતિભાબહેન સાહૂરાવ મોડક જેમણે સ્થાનકવાસી સંપ્રદાયમાં દશ વર્ષ દીક્ષિત જીવન ગાળ્યા બાદ સંસારમાં પુન: પ્રવેશ કર્યો છે અને જેઓ જાણીતા સિનેમા એકટર શ્રી સાહૂરાવ મોડકનાં પત્ની છે તેમજ જેઓ આચાર્ય સાહિત્યરત્ન વિદ્યાવાચસ્પતિ છે; શ્રી ત્રીભોવનદાસ વીરજી હેમાણી સ્વ. વાડીલાલ મોતીલાલ શાહનાં લખાણોના સંગ્રાહક અને સંપાદક; શ્રી ગંભીરભાઈ ઉમેદચંદ શાહ માટુંગા સ્થાનકવાસી સંઘના પ્રમુખ; શ્રી તારાચંદ કોઠારી સંઘના એક વખતના વર્ષોજૂના સભ્ય અને ભારત જૈન મહામંડળના એક કાર્યકર; શ્રી ટોકરશી કે. શાહ સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય; શ્રી જયન્તિલાલ મસ્કારિયા મુંબઈના સ્થાનકવાસી સંઘના એક સ્થિતિચુસ્ત આગેવાન; ડૉ. જયન્તિલાલ પટ્ટણી જૈન ડૉકટર અને સંઘના એક સભ્ય. **પરમાનંદ**)

તા. ૧૪-૬-૭૦ રવિવારના રોજ મળેલી અને મુલતવી રહેલી પરિસંવાદ સભા તા. ૨૮-૬-૭૦ રવિવારના રોજ સવારના ૯ વાગ્યે સંઘના કાર્યાલયમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી. આ સભામાં રસ લેતાં ભાઈ બહેનો સારી સંખ્યામાં ઉપસ્થિત થયાં હતાં. શરૂઆતમાં શ્રી ચીમનભાઈએ હાજર રહેલાં ભાઈ - બહેનોને આવકાર આપ્યો હતો અને આજે બાર વાગ્યા સુધીમાં આ સભા પૂરી કરવામાં આવશે અને એ દરમિયાન પ્રસ્તુત વિષય અંગે પોતાના વિચારો રજૂ કરવા માગતા ભાઈઓ યા બહેનોને તે માટે પૂરી તક આપવામાં આવશે એમ જાહેર કર્યું હતું.

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ બે અઠવાડિયા પહેલાં યોજાયલી પહેલી પરિસંવાદ સભામાં જૈન સમાજની અગ્રગણ્ય લેખાતી કેટલીક વ્યકિતઓની ઉપસ્થિતિ અંગે અને તે પરિસંવાદ દરમિયાન વ્યાપક ધોરણે કરવામાં આવેલી ચર્ચા અંગે પોતાનો ઊંડો સંતોષ વ્યકત કર્યો હતો અને જે સંસ્થાની સ્થાપનાથી માંડીને આજ સુધી પોતે જોડાયેલા છે તે સંસ્થાના ૪૦ વર્ષના ઈતિહાસમાં અતિ મહત્ત્વના અને એમ છતાં અતિ નાજુક વિષય ઉપર યોજવામાં આવેલા આવા પરિસંવાદનું આયોજન એક અપૂર્વ ઘટના છે અને એ કારણે પોતે ઊંડી પ્રસન્નતા અનુભવી રહ્યા છે એમ તેમણે જાહેર કર્યું હતું. ત્યાર બાદ તેમણે પ્રસ્તુત વિષય ઉપર નીચે મુજબ પોતાના વિચારો રજૂ કર્યા હતા:

### શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા

પ્રબુદ્ધ જીવનના તા. ૧૬-૬-૭૦ ના અંકમાં સાધુસંસ્થાના આજના બંધારણ અને આચારપરંપરામાં કરવા જોઈતા કેટલાક ફેરફારો અંગે મેં મારા વિચારો સંક્ષેપમાં જણાવ્યા છે. એમ છતાં આગળની પરિસંવાદ સભામાં ઊભા કરવામાં આવેલા કેટલાએક મુદ્દાઓ સંબંધમાં મારા વિચારો રજુ કરવા મને જરૂરી લાગે છે.

પહેલો મુદ્દો એ છે કે, સાધુસંસ્થા સંબંધમાં આપણને આવી ચર્ચા કરવાનો અધિકાર છે કે નહિ? આના જવાબમાં જણાવવાનું કે સાધુસંસ્થા આખા જૈન સમાજનું એક મહત્ત્વનું અંગ છે અને જૈન સમાજમાંથી જ તેનું નિર્માણ થયું છે અને તેના યોગક્ષેમની જવાબદારી જૈન સમાજ વહન કરે છે તેથી, આ સાધુસાધ્વીઓ પોતાના ચારિત્ર્યનું યોગ્ય રીતે પાલન કરે છે કે નહિ તેની ચોકી કરવાનું કામ તથા સમાજના ઉત્કર્ષમાં પોતાનો પૂરતો ફાળો આપે છે કે નહિ તે જોવાનું કામ શ્રાવક સમાજનું છે. આ રીતે વિચારતાં, જેમ સાધુ–સાધ્વીઓ આપણને ધર્મ-પાલનના ક્ષેત્રમાં માર્ગદર્શન આપવાના અધિકારી છે તેમ આ સાધુસંસ્થાનું યોગ્ય નિયમન કરવાનો આપણને પૂરો અધિકાર છે.

અહીં બીજો એવો મુદ્દો ઉઠાવવામાં આવ્યો છે કે "સાધુજીવનનો મુખ્ય આશય આત્મ-સાધના છે, સમાજની સેવા કરવાની તેમની કોઈ જવાબદારી નથી." આના જવાબમાં જણાવવાનું કે, પરંપરાગત સાધુજીવનનો આત્મ-સાધના એ જરૂર મુખ્ય આશય છે, પણ તેમની આ આત્મસાધના તેમ જ તેના આચાર-નિયમોને આધીન રહીને બને તેટલી સેવા કરવી એ પણ તેની મહત્વની ફરજ છે. જે સમાજ તેને પાળે-પોષે છે અને તેના યોગક્ષેમની રક્ષા કરે છે તેના વળતરરૂપે તે સમાજની યથાશકિત સેવા કરવી એ તેનો ધર્મ બને છે. અલબત્ત, આ સેવાના અનેક પ્રકારો છે. સાધુ જૈનસમાજને ધર્મઉપદેશ આપીને, તેને ઉચિત માર્ગદર્શન દ્વારા આત્મોત્કર્ષના માર્ગે ચઢાવીને, ધર્મ ગ્રંથોના ઊંડા અધ્યયનપૂર્વક ધાર્મિક સાહિત્યનું સંશોધન પ્રકાશન કરીને, કોઈ પણ શૈક્ષણિક પ્રવૃત્તિ હાથ ધરીને સમાજસેવા કરી શકે છે. અને આ સેવા આજના અમુક સાધુ સાધ્વીઓ ઉત્તમ રીતે બજાવતા પણ હોય જ છે. આનો અર્થ એ થયો કે તેમણે સંસાર છોડયો એટલે તેમણે સમાજ-વિમુખ બનવાનું નથી પણ સમાજ—અભિમુખ રહેવાનું છે અને પોતાના સાધુધર્મને આધીન રહીને સમાજને બને તેટલા ઉપયોગી થવાનું છે.

તા. ૧-૬-૭૦ ના પ્રબુદ્ધ જીવનમાં પ્રા. દલસુખભાઈ માલવણિયાએ સાધુસંસ્થાની આજની રચનામાં કરવા જોઈતા કેટલાક ફેરફારો સૂચવ્યા છે. આ વાંચીને કેટલાક ભાઈઓ ભડકી ઊઠયા છે અને તેમના વિચારોનો આગળની પરિસંવાદ સભામાં ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો છે. તેમણે સૂચવેલા બધા ફેરફારો સાથે હું સંમત થતો નથી. તેમણે સાધુઓ માટે

વૈકલ્પિક બ્રહ્મચર્ય સૂચવ્યું છે, જ્યારે હું એમ માનું છું કે સાધુ સાધ્વીઓ માટે બ્રહ્મચર્યપાલન આવશ્યક છે. આમ છતાં પણ તેમના વિચારો પાછળ એક મુદ્દો રહેલો હતો તે જરા પણ ઉપેક્ષાયોગ્ય નથી.' તેમણે આગળની પરિસંવાદ સભામાં સ્પષ્ટ કર્યું છે તે મુજબ આજે પાંચ મહાવ્રતના સંપૂર્ણ પાલનની જૈન સાધુ-સાધ્વીઓને આજીવન પ્રતિજ્ઞા આપવામાં આવે છે. એમ છતાં એક તો જેમને દીક્ષા આપવામાં આવે છે તેમાંના મોટા ભાગને પંચ મહાવ્રતનું સંપૂર્ણ પાલન એટલે શું તેની કોઈ વાસ્તવિક કલ્પના હોતી નથી, અને પછી પણ આવું સંપૂર્ણ પાલન આજના સાધુજીવનમાં શક્ય જ દેખાતું નથી, અને પરિણામે એક પ્રકારની સ્વપરવંચના ચાલે છે. આ વંચના તેમના કહેવા મુજબ દૂર થવી જોઈએ અને મર્યાદિત આકારમાં—આ પ્રતિજ્ઞાઓનું પાલન શક્ય હોય તે મર્યાદિત આકારમાં—આ પ્રતિજ્ઞાઓ અપાવી જોઈએ. પંચમહાવ્રતનું સંપૂર્ણ પાલન એ સાધુજીવનનો આદર્શ છે, પણ જેવી રીતે ગૃહસ્થો માટે અણુવ્રતની એક કલ્પના અને યોજના છે તેવી રીતે વાસ્તવિકતાના અનુબંધપૂર્વકની – પંચ મહાવ્રતલક્ષી–પ્રતિજ્ઞાઓ આજના સાધુ-સાધ્વીઓ માટે નવી રચાવી જોઈએ અને અપાવી જોઈએ, જેથી તેઓ સ્વપરવંચનાથી બચે. શ્રી દલસુખભાઈનું આ મન્તવ્ય મને વિચારવાયોગ્ય તેમ જ સ્વીકારવાયોગ્ય લાગે છે. આમાં પ્રતિજ્ઞાનું ધોરણ ઉતારી પાડવાનો સવાલ નથી, પણ વાસ્તવિકતાના સંદર્ભમાં પ્રતિજ્ઞાઓનો વિચાર કરવાનો સવાલ છે.

પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ આ વિષયને લગતી મારી નોંધમાં આજના કઠણ આચારને વરેલા સાધુવર્ગ ઉપરાંત એ કઠણ આચારોને જરા હળવા કરીને એક યતિવર્ગ ઉભો કરવાની મેં સૂચના કરી છે, જેઓ આજે ચોતરફ માંગ અને અપેક્ષા છે એવી સમાજ સેવામાં જોડાઈ શકે અને પોતાની પ્રસુપ્ત શકિતઓનો સમાજને લાભ આપી શકે. આપણે આત્મસાધનાની મોટી મોટી વાતો કરીએ છીએ પણ આજના સાધુસાધ્વીસમુદાયનો મોટો ભાગ પોતાનો સમય પ્રમાદમાં અને ચીલાચાલુ પ્રક્રિયાઓમાં ગાળતો હોય છે. તેમાંના કેટલાક કામ માંગે છે, સેવાલક્ષી પ્રવૃત્તિઓમાં જોડાવા માગે છે, પણ તેમના કઠણ આચારો તેમને તે તરફ ગતિ કરવા દેતા નથી. ખ્રિસ્તી ધર્મના સાધુસાધ્વીઓને અને રામકૃષ્ણમિશનના સંન્યાસીઓને અનેક પ્રકારની સેવામાં જોડાયલા જોઈને આપણને પ્રશ્ન થાય છે કે મોટી સંખ્યા ધરાવતો આપણો સાધુસમુદાય શું આવી કોઈ જનકલ્યાણની પ્રવૃત્તિ કરી ન જ શકે? એ તો જ બની શકે કે જો તેમને સેવાપ્રવૃત્તિ સ્વીકારવામાં રૂકાવટ કરતાં કેટલાંક બંધનો હળવાં કરવામાં આવે અને એ પ્રકારનો એક નવો વર્ગ ઊભો કરવામાં આવે.

આપણા સમાજમાં દીક્ષા દેવા-લેવાની એક પ્રકારની ઘેલછા પ્રવર્તે છે. તે પાછળ એક એવી ભાવના રહેલી છે કે યદા વિરજેત્ તદા પરિવ્રજેત્ – જેવો દિલમાં વૈરાગ્ય આવ્યો કે તેને બને તેટલી જલ્દીથી દીક્ષા આપી દેવી. આ ભાવનાના અનુપાલનમાં આપણે પાત્રાપાત્રનો વિવેક ભૂલી ગયા છીએ, દીક્ષા અપાતા પહેલાંની તાલીમને આપણે કોઈ મહત્ત્વ આપ્યું નથી, વૈરાગ્યનો આવેગ અને સંસારથી છૂટવાની તમન્ના એ જ માત્ર પાત્રતાનું લક્ષણ બની બેઠું છે. આના પરિણામે ઉચ્ચ કક્ષાના સાધુ-સાધ્વીઓનો નમુનેદાર વર્ગ નહિ પણ મોટા ભાગે અણઘડ સાધુસાધ્વીઓનું એક ટોળું આપણે ઊભું કર્યું છે. આ વિષયમાં ચોક્કસ પ્રબંધ થવો જોઈએ. દીક્ષાર્થીને તાલીમ આપવા માટે શ્રમણ શ્રમણી વિદ્યાપીઠો ઊભી થવી જોઈએ. બીજું, આવી રીતે યોગ્યતા ધરાવતી વ્યકિતને યાવદ્જીવન નહિ, પણ મુદતી દીક્ષા બે થી પાંચ વર્ષની અપાવી જોઈએ. એ મુદત પૂરી થયે તેને સંસાર તરફ માનભેર પાછા ફરવાનો વિકલ્પ હોવો જોઈએ અને એમ છતાં જે દઢતાપૂર્વક ચાલુ રહેવા માગતા હોય તેવા સાધુ-સાધ્વીને યાવદ્જીવનની દીક્ષા અપાવી જોઈએ.

આ વિચારના સમર્થનમાં અહીં જણાવવું જરૂરી છે કે આપણે ત્યાં દીક્ષાર્થીને પહેલાં દીક્ષા આપવામાં આવે છે અને અમુક બે પાંચ મહિના વીત્યા બાદ વડી દીક્ષા આપવામાં આવે છે. આનો આશય એ છે કે દીક્ષા લીધા બાદ સાધુજીવનમાં મન ન ઠરે તો દીક્ષા લેનાર તેને વડી દીક્ષા અપાય તે પહેલાં સંસારમાં પાછો ફરી શકે છે, પણ દીક્ષા અને વડી દીક્ષા વચ્ચે સમયનો બહુ નાનો ગાળો રહેતો હોવાથી ઉપર જણાવેલા વિકલ્પને અમલી બનાવવા કોઈ અવકાશ રહેતો નથી અને દીક્ષાની પાછળ દોડતી આવતી વડી દીક્ષા નક્કી કરેલી પરંપરા મુજબ અપાઈ જાય છે અને અપાયેલ દીક્ષા જ આજીવન દીક્ષા બની જાય છે. આને બદલે દીક્ષા અપાયા બાદ આગળ સૂચવ્યું તે મુજબ બેથી પાંચ વર્ષ બાદ જો વડી દીક્ષા આપવામાં આવે તો તે પહેલાં ચાલુ સાધુજીવનથી છૂટા થવાની સગવડનો દીક્ષિત જીવનથી કંટાળેલો સાધુ લાભ લઈ શકે. આજની સાધુસંસ્થામાં પ્રસરેલી પોકળતા દૂર કરવી હોય તો આવી મુદતી દીક્ષાના વિચારને અમલી બનાવવાની ખાસ જરૂર છે.

આગળ ઉપર જણાવેલ યતિવર્ગ અથવા તો દિગંબર સમાજમાં છે તેવી બ્રહ્મચારીની કક્ષાની સંસ્થાના નિર્માણના અનુસંધાનમાં ઉમેરવાનું કે આજના સાધુને તે વર્ગમાં પ્રવેશ કરવાની અને યતિવર્ગમાંના કોઈને પરંપરાગત સાધુવર્ગમાં દાખલ થવાની પૂરી છૂટ હોવી જોઈએ.

આવો યતિવર્ગ અથવા તો બ્રહ્મચારીવર્ગ આજે ઊભો થાય કે આવતી કાલે ઊભો થાય, પણ જેનું આપણા સમાજ ઉપર અસાધારણ વર્ચસ્ છે તે આજનો જૂની પરંપરાને વરેલા સાધુ-સાધ્વી વર્ગ પોતાના જીવનનું સુખપૂર્વક નિર્વહન કરી શકે, પોતાના આચારનું યોગ્ય રીતે પાલન કરી શકે અને તેને અધીન રહીને સમાજને બને તેટલી સેવા આપી શકે—આવી આપણી અપેક્ષા છે. આ માટે તેમના માથે જે બિનજરૂરી કષ્ટો અને અગવડો લાદવામાં આવેલ છે; જેમકે વાળનો લોચ કરવો, દાંત સાફ ન કરવા, સ્નાન ન કરવું, મળ-મૂત્રનું પુરાણી પ્રથા મુજબ વિસર્જન કરવું, ઉઘાડા પગે ચાલવાના આગ્રહને વળગી રહેવું, ધ્વનિવર્ધક યંત્રનો વિરોધ કરવો, રાત્રિના દીવાબત્તીનો ઉપયોગ ન કરવો, નગ્ન વિચરવું, મુહપત્તિ મોઢે બાંધી રાખવી, વરસાદથી બચવા માટે કોઈ સાધનનો ઉપયોગ ન કરવો—આવાં કષ્ટો અને અગવડોથી તેમને સત્વર મુકત કરવા ઘટે છે. આ આખી ચર્ચાનો આશય આપણો સાધુસમાજ જે આજે નિસ્તેજ, અમુક અંશે દંભી, મોટા ભાગે પ્રમાદી, તેમ જ સત્ત્વશૂન્ય દેખાય છે—અલબત્ત, આમાં કેટલાક આદરપાત્ર અપવાદો છે – તે કેમ વધારે તેજસ્વી, સત્ત્વસંપન્ન, સેવાનિષ્ટ, પરિશ્રમપરાયણ, વ્રતસન્નિષ્ઠ, સત્યનિષ્ઠ, પુરુષાર્થી, સ્વપરલક્ષી, દંભમુકત, તેમ જ કેમ વધારે પ્રભાવશાળી બને તેને લગતું માર્ગદર્શન કરાવવાનો છે. આ જ આપણું સર્વેનું ચિન્તન અને આપણ સર્વની ચિન્તા છે.

## શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી

સાધુસંસ્થાના પરિવર્તનનાં સંદર્ભમાં રખાયેલા આ પરિસંવાદમાં આપણા બધાનો લગભગ એક સૂર એ છે કે બધા જ કંઈક તો ફેરફાર માગે છે. મારો સંપર્ક સાધુઓ સાથે ઠીક ઠીક સારો એવો છે, હું ઘણા સાધુઓમાં અસાલમતીની ભાવના જોઉં છું. મારા પછી મારા ચેલાઓનું શું થશે એ એમની ચિન્તા હોય છે. પરિગ્રહ પણ વધતો જાય છે. કેટલાકનાં તો બેંકમાં ખાતાં પણ હોવાનું જાણવા મળ્યું છે. સાધુઓ વૃદ્ધ થાય છે ત્યારે એમના ગણ્યા ગાંઠયા ભકતો અને એમના બે-ચાર સગાંવહાલાં સિવાય એ ઉંમરે એમની પાસે

કોઈ હોતું નથી. આવી દુર્દશા મેં કચ્છમાં ઘણા સાધુઓની જોઈ છે.

શ્વે. મૂર્તિપૂજક સમાજમાં સાધ્વીઓનો મોટો ભાગ શું કાર્ય કરવું એની મુંઝવણ અનુભવતો હોય છે. વ્યાખ્યાન વાંચવાની તો હમણાં હમણાં શરૂઆત થઈ છે. ઘણી સાધ્વીઓ તો એમનો સમય ગૂંથણી કરવામાં કે કપડાં ધોવામાં જ કાઢતી હોય છે. અભ્યાસની એમને કોઈ તક હોતી નથી—સુલભના હોતી નથી. આવા સંજોગોમાં એમને સેવાના પંથે વાળવાની જરૂર છે.

હું એમ પણ માનું છું કે દીક્ષા અને વડી દીક્ષા વચ્ચે બે ચાર વર્ષનો ગાળો હોવો જોઈએ. ગાળો ઘણો ઓછો રાખવામાં આવે છે એની પાછળ કારણ એક જ છે કે પકડાયેલું પક્ષી ઊડી ન જાય. મારું માનવું છે કે આવા પરિસંવાદોથી ફેરફારની એક હવા જરૂર ઊભી થશે. જેમ દિગમ્બર સમાજમાં પંડિતો છે એમ આપણે એક ત્રીજો વર્ગ ઊભો કરવો જોઈએ. લોકો ઉપાશ્રયમાં જાય છે અને વિશેષે યુવાનો વધારે પ્રમાણમાં જતા થયા છે એથી ધર્મનો પ્રભાવ વધી ગયો છે અને લોકોની શ્રદ્ધા ધર્મ પ્રત્યે વધતી ચાલી છે એમ માનવાને હું તૈયાર નથી. મારું તો એમ માનવું છે કે યુવાનોની ધર્મ પ્રત્યેની આસ્થા તો દિન પ્રતિ દિન ઘટતી જાય છે.

## પ્રૉફેસર રમણલાલ ચી. શાહ

સાધુસંસ્થા સંપૂર્ણ છે એમ આપણે કહી ન શકીએ. અને સમય પ્રમાણે ફેરફારની ય જરૂર છે. સાધુસંસ્થામાં કેટલીક ક્ષતિઓ છે તો ઉચ્ચત્તમ કેટલીક બાબતો પણ છે, એટલે માત્ર આધુનિક ગણાવા માટે જ જો ફેરફાર કરવા જઈશું તો જરાસરખી છૂટ આંગળી આપતાં પોંચો કરડવા જેવું થશે.

આપણી જે પરંપરા છે— ધર્મના જે મૂળભૂત સિદ્ધાંતો છે—એમાં બહુ ફેરફાર કરવા જેવું મને લાગતું નથી. અને સ્થૂળ બાબતોના ફેરફારો વખતના વહેવા સાથે સ્વાભાવિક રીતે થતા જ રહ્યા છે. દાખલા તરીકે પુણ્યવિજયજીમહારાજ આજે વર્ષોથી રાતના લાઈટનો ઉપયોગ કરે છે, રાતના બબ્બે વાગ્યા સુધી તેઓ સંશોધન કરે છે. મને યાદ નથી કે કોઈ સંઘે મહારાજ સાહેબનો આ બાબત અંગે વિરોધ કર્યો હોય. આનું કારણ મહારાજસાહેબનું ધર્મનું ઊંડુ જ્ઞાન અને ચારિત્ર્ય છે. એટલે જો સાધુઓ જ્ઞાની અને ચારિત્ર્યવાન હશે તો એમનાં હાથે થતા નાના મોટા સુધારાઓનો કોઈ વાંધો લેશે નહિ.

બાકી પરમાનંદભાઈએ છત્રીનું સૂચન કર્યું—તો તો પછી સાધુઓ હૉન્ગકોન્ગની જ છત્રી માગશે. પરિગ્રહમાં છૂટછાટથી પરિગ્રહ વધશે—એનો કોઈ અંત નહિ આવે.

જૈન સમાજમાં સાધુસંસ્થાની ૨૫૦૦ વર્ષની એક અતૂટ પરંપરા છે અને સાધુઓની જવાબદારી સંઘોએ સ્વેચ્છાએ ઉપાડી છે. જો સાધુઓ પોતાના નિર્વાહની ચિન્તા પોતે જ રાખશે તો તો પછી કોઈ વ્યવસ્થા રહેશે જ નહિ. જે આપણો આદર છે એ ય રહેશે નહિ.

શ્રી રતિભાઈએ કહ્યો એવો કોઈ ત્રીજો વર્ગ ઊભો કરવાની તરફેણમાં હું નથી. આવો એક વર્ગ—યતિવર્ગ—ભૂતકાળમાં ઊભો થયેલો—પણ કાળક્રમે આ વર્ગ મંતરજંતરમાં ગૂંચવાઈ ગયો અને અંતે તૂટી ગયો. વળી આવો વર્ગ ઊભો કરતાં એ વર્ગ રહે ક્યાં—ખાય ક્યાં—એ ગોચરી વહોરશે કે નહિ—આવા બધા અનેક પ્રશ્ના ઊભા થવાના. આજે સાધુસંસ્થા પ્રત્યે આપણને આદર છે કારણ કે એમની અને આપણી વચ્ચે ઘણું મોટું અંતર છે. વચલો વર્ગ કોઈ ઊભો થતા આ અંતર ઓછું થશે.—એટલે આદર ઘટશે. અને સમાજને આ પ્રશ્નો સતાવશે. ઈતિહાસે પણ આવા વચલા વર્ગની નિરર્થકતા પૂરવાર કરી છે. એટલે મારું માનવું છે કે જે ફેરફારો થશે એ એની મેળે જ થશે. આજે ઘણા સાધુઓ માઈકનો અને 'ડોર-બેલ'નો ઉપયોગ કરતા થયા છે. ક્રમે ક્રમે લીફ્ટનો ઉપયોગ પણ કરવો જ પડશે, નહિતર પચ્ચીસ ત્રીસ માળવાળા મકાનમાં પોતાના ભકતને ત્યાં ગોચરી જવાનું તેમણે માંડીવાળવું પડશે.

## સૌ. પ્રતિભાબહેન સાંહૂરાવ મોડક

"સત્યનો અભાવ નિયમોનું નિર્માણ કરે છે." આ એક સત્યને તથ્યપૂર્ણ એક જ વાકયમાં આજના વિષયનો સંપૂર્ણ સાર આવી ગયો છે એમ હું માનુ છું. જ્યારે દુનિયામાં જ માટી ભરેલી હોય ત્યાં ઉપર સિમેન્ટ—ચૂનાનો શો અર્થ છે?

જૈન - દર્શનના વિશ્વદર્શનને ઈતિહાસમાં મહત્ત્વપૂર્ણ સ્થાન છે. અહિંસા, અનેકાંત, અપરિગ્રહ જેવા મહાન સિદ્ધાંત આ દર્શનનો પ્રાણ છે. આટલું હોવા છતાં પ્રભાવનું પ્રમાણ પરિમિત છે એનું મુખ્ય કારણ છે "સત્યનો અભાવ".

આજે આપણે બધા ઉપગ્રહયુગમાં જીવી રહ્યા છીએ. જો વિજ્ઞાન અને ધર્મનો સુમેળ ના થાય તો પાછળ રહેતા ધર્મને નવી પેઢી કેવી રીતે સ્વીકારી શકશે? આ પ્રશ્નનો ઉકેલ કરવા માટે આ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું છે. આજનો યુવકવર્ગ અન્વેષક બની સત્યની શોધ કરી રહ્યો છે. એ કંઈક માંગે છે, વૈજ્ઞાનિક રીતે સંશોધિત સત્ય માગે છે.

હમણા મારા ધર્મભાઈ શ્રી પરમાનંદભાઈએ કહ્યું કે એક મધ્યમવર્ગનું નિર્માણ હોવું જોઈએ, કે જે બ્રહ્મચારી રહીને ગામોગામ જઈ સદ્ધર્મ પ્રચાર કરી શકે. લોચ કરવાની પ્રથા આજના વિકાસશીલ યુગમાં બહુ જ વિચિત્ર લાગે છે. એમાં મોટા ભાગે અસત્યનું સેવન થાય છે. પગમાં ચંપલ ન પહેરતાં કપડાંના જૂતાં પહેરવાં, ગરમીથી બચવા વિહારમાં પ્લાસ્ટિકનાં ટોપ વાપરવા એ બધી ચીજો સત્યના અભાવે નિર્માણ થાય છે.

આજની સાધુસંસ્થામાં સુધારણા થવી જોઈએ. આ સંસ્થામાં જે જડતા આવી છે એનું મુખ્ય કારણ સક્રિય કાર્યપ્રણાલીનો અભાવ છે. થોડાક વિદ્વાન સાધુ—સાધ્વી સિવાય બધા સામાન્ય વર્ગના છે અને સમય પસાર કેવી રીતે કરવો એ તેમની સામે મોટો પ્રશ્ન હોય છે. એ લોકોએ કંઈક શ્રમદાન કરવું જોઈએ. કવિવાણી કહે છે:

"આલસ સે જીયેં અમૃતભી પીયે, વહ ખૂનકા પીના હોતા હૈ
મહેનત કા પસીના જબ ગિરતા, કંકર ભી નગીના હોતા હૈ"

અગર આજનો માનવ શ્રમનો ક્રમ જારી રાખે તો ભ્રમનાં વાદળ દૂર થઈ બ્રહ્મનો સૂર્ય ઉદિત થઈ શકે છે. હાં, સુધાર કરનારને જડ રૂઢિયોનું અવશ્ય નિર્ભયતાથી ઉચ્છેદન કરવું જોઈશે. મારી કવિવાણી પોકારે છે કે:

"હમકો મિટાકે રખ દે, રુઢિયો મેં દમ નહીં;!
હમસે નિર્મિત હૈ રુઢિ, રુઢિયો સે હમ નહીં।।"

હાં, સુધાર કરવા સમયે સાચા ને તથ્યપૂર્ણ નિયમો સાચવવા પણ આવશ્યક છે. આજ સાધુતાના નામે મોટા ભાગે દંભ પોષાય છે. અપરિગ્રહના નામે પરિગ્રહનું તાંડવનૃત્ય થઈ રહ્યું છે. સત્યના અભાવે આટલા તેજસ્વી સિદ્ધાંતો હીનત્વને પ્રાપ્ત થઈ રહ્યા છે. આજે પણ સાચા સાધુ નથી એ વાત નથી, અહમદનગરમાં વિરાજીત આત્માર્થી ગુરુદેવ અને પૂ. શ્રી. વિનયઋષિજી મહારાજ જેવા સંતોમાં સાધુત્વ ઝળકી ઊઠે છે.

આજનો પરિસંવાદ પ્રત્યક્ષમાં ઊતરી કંઈક ચૈતન્યમય ક્રાંતિ કરે તો સમાજને પણ જ્યોતિ મળશે, પ્રેરણા મળશે, ચેતનતા મળશે.

## શ્રી ગંભીરભાઈ ઉમેદચંદ

સાધુસંસ્થા આજે જૈન સમાજ ઉપર ઘણો મોટો કાબૂ ધરાવે છે. આપણે વિચાર કરવા ભેગાં થયા છીએ તો આપણે ઘણી રીતે વિચાર કરવો જરૂરી છે. પહેલા તો એ કે સાધુસંસ્થાનું વિસર્જન શકય નથી. એટલે આ સંસ્થાનો લાભ સમાજને કેમ વધારે મળે એ વિશે વિચારવું જરૂરી છે.

જૈન સમાજનાં ચાર પાયા છે. સાધુજી—સાધ્વીજી, શ્રાવક તથા શ્રાવિકા—ચારે અરસપરસનાં આધારે પોતાના જીવનમાં ઉત્તરોત્તર ઊતરતી કક્ષામાં જઈ રહ્યા છે; કારણ, દેશકાળની અસર તેમના ઉપર થઈ રહી છે.

સદાચારી શુદ્ધ જીવન જીવવાની કળા, સાદાઈ, અહિંસા, સંતોષ તથા સત્ય ઉપર ટકી શકે, જે આજનાં હવામાનમાં અદશ્ય થઈ રહ્યા છે.

સાધુજીઓ પોતાની ભકિત કરે તેવા ટોળાંઓ જ પોતાના માની તેમની આળપંપાળ કરે છે. અંધશ્રદ્ધાળુ સમાજ, અસંતોષી, દુ:ખી તથા ખટપટીઓ સમાજ તેઓ પાસેથી પોતાનું ભલું સાધવામાં તેમની પાછળ રખડપટ્ટી કરે છે અને ગુરુ–ચેલા બન્ને લાલચુ લોભી–દંભી હોઈ કોઈ કોઈનું ભલું કરી શકતા નથી એ શોચનીય છે.

થોડાએક શકિતશાળી, પ્રભાવશાળી સંતો–સાધ્વીજીઓ છે. થોડાંએક સર્વાંગી શુદ્ધ સદાચારી શ્રાવક–શ્રાવિકાઓ પણ છે, પણ એ વર્ગ ઘણો જ નાનો છે, જૂજ એવા મહાનુભાવો છે. ચારે ફીરકાનાં સંઘોએ સુંદર સંગઠ્ઠન કરી – સમાજમાં નેતાઓએ – ચતુર્વિધ સંઘ ઉપર પોતાની આમન્યા બેસાડવી જરૂરી છે. ધર્મક્ષેત્રના સુકાની સંઘોએ બનવું જરૂરી છે.

બૃહદ મુંબઈ, તથા મોટા શહેરોમાં – સાધુજીઓ માટે યોગ્ય નિયમાવલી બનાવવી જરૂરી છે. એ નિયમાવલીને ન માને તો સંતોએ ગામડામાં રહેવું જરૂરી બની રહેશે.

ઉપાશ્રયોમાં તથા દેરાસરમાં તથા સંઘોના વહીવટમાં શું પ્રવૃત્તિઓ કરવી, કેટલી હદે કરવી, તથા શું ન કરવી તેનો સ્વચ્છ નિર્ણય થવો જરૂરી છે. સમાજને સ્પષ્ટ માર્ગદર્શન સંઘોએ આપવું જરૂરી છે.

આધુનિક કાળની વિવેકભરી છૂટછાટો દેશ–કાળ-સમય–સમાજની હેતુલક્ષી પ્રવૃત્તિઓમાં લેવી, જિદ કરી લેવી યા જિદ કરી ન લેવી એ વ્યાજબી નથી. સ્વતંત્રતા, છૂટછાટ, હેતુલક્ષી હોઈ શકે, સ્વછંદને પોષવા નહીં.

પાંચ મહાવ્રતનું – ખંડન થાય નહીં, તેનો ભંગ કરાય નહીં. તે બાલ્યઅવસ્થાનું રમકડું નથી કે જેને ગમે તેમ ફેંકી દેવાય.

ધાર્મિક છાપાઓ બધા ફીરકાઓનાં સંગઠ્ઠીત થવા જોઈએ.

ધાર્મિક પ્રકાશન, લાઈબ્રેરી, સાહિત્યસંશોધન બધા ફીરકાઓનું સંગઠ્ઠન થવું જોઈએ.

યુવાનવર્ગને ધર્મ શબ્દથી ગભરાવવો નહીં. તેને સદાચાર તથા શુદ્ધ નૈતિક સારું જીવન એ શબ્દોમાં ધર્મનો સરળ ઉપદેશ રુચિકર ભાષામાં આપવો જોઈએ.

સ્વછંદ પોષે તેવી પ્રવૃત્તિ, ખોરાક-વેશ–ભૂષા પેહેરવેશ-ચતુર્વિધ સંઘના એકકે સભ્ય ન પહેરે–વાપરે.

મદદ, લોન, સ્કોલરશીપ, જૈનશાળા, દવાખાનાની સંસ્થાઓનું એકીકરણ–સંગઠ્ઠન થવું ઘટે.

જૈન હાઈસ્કૂલ, કૉલેજ, દવાખાનું, કન્સલ્ટીંગ વિભાગ, હૉસ્પિટલ, લાયબ્રેરી સકળ જૈનો માટે, પછી બૃહદ મુંબઈમાં સુંદર વ્યવસ્થા સાથે ઊભી કરવી ઘટે. વિલેપારલા, જૂહુ-ચેમ્બુરમાં જમીન વ્યાજબી ભાવે હજુ મળે છે. બાકી સાયન-વાંદરા સુધીમાં શકય નથી.

સાધુજીઓએ સમાજ ઉપર બોજારૂપ ન થવું જોઈએ તથા સમાજ પોતાની ફરજો અદા કરે, તેમાં ભૂલ થવી ન ઘટે.

આગમન અગર વિદાયનાં બેંડો વગડાવવા, તોરણો બંધાવવા, પગલા કરાવવા, જમણવારો કરાવવા, રાજામહારાજાઓનાં અલંકારો-વિશેષણો લગાડવા એ સાધુસંસ્થાને નબળી પાડવાની પ્રવૃત્તિઓ બંધ થવી જોઈએ.

માત્ર ૧૦ ટકા વર્ગ દેરાસર ઉપાશ્રયમાં આવે છે તથા ધર્મની વાતો કરે છે તથા સાંભળે છે. એમાંથી ૯ ટકા અંધશ્રદ્ધાળુ–લાલચુ વર્ગ છે. બાકી એક ટકો સમજુ–સદાચારી ધર્મપ્રેમી વર્ગ છે. માટે સમાજે ચેતવું જરૂરી છે; સંગઠ્ઠન જરૂરી છે–હિતાવહ છે.

ઘરનું આંગણું મેલું–ગોબરું છે ત્યાં વિશ્વપ્રેમ, વિશ્વધર્મ તથા વિશ્વમૈત્રીની વાતો કરનારા આપણે તથા તેમનું શું ભલું કરશે એ સમજી લેવું જરૂરી છે.

પ્રબુદ્ધ જીવન જે ખરેખર એક લાક્ષણિક પત્ર છે તે દ્વારા અંધશ્રદ્ધા ઉપર સતત પ્રહાર થતા રહે, તથા દાખલા દલીલપૂર્વકનાં લખાણો પ્રગટ થતા રહે એ જરૂરી છે.

## શ્રી ત્રિભુવનદાસ વીરજી હેમાણી

આજનો વિષય જેટલો નાજુક છે એટલો જ ઉપયોગી છે. સાધુસમાજ એ સમાજનો જ એક ભાગ છે. સાધુ આપણામાંથી જ બને છે. પણ આપણે એવી કોટિએ પહોંચ્યા નથી, અને દેવના કોઈ દીકરા પણ નથી કે આપણે સાધુઓની ભૂલો જોઈએ. મુહપત્તિની જો ટીકા કરીએ તો સફેદ ટોપી કંઈ ઓછી ટીકાને પાત્ર નથી. પવિત્રતા મુહપત્તિમાં કે ટોપીમાં નથી – પવિત્રતા છે વ્યકિતમાં. આ તો ચિત્રભાનુ મહારાજ પરદેશ ગયા એટલે પરિવર્તનનો પ્રશ્ન ઊભો થયો. એક વર્ગ કહે સાધુથી પરદેશ જવાય નહિ; બીજો એક વર્ગ કહે આ તો ધર્મપ્રચારનું કામ છે. મારી દૃષ્ટિએ આપણા સાધુઓને ધર્મપ્રચાર માટે આપણા જ દેશમાં ઘણું કરવાનું છે. શ્રીમદ્ રાજચંદ્રે પણ એક વાર કહેલું: "મારો જન્મ આ ભૂમિમાં થયો છે – પરદેશ જવાનો કોઈ જ અર્થ નથી."

હું માનું છું કે સાધુઓને દરેક ધર્મનો અભ્યાસ કરાવવો જોઈએ. સાધુઓ સમાજને પણ ઉપયોગી થઈ શકે છે. જૈનધર્મના પ્રચાર માટે પણ વિચારી શકાય, પરંતુ આ ફેરફાર – વિચારણા-રાતોરાત થઈ શકે નહિ. સૌથી પહેલા તો આપણે જ આપણી સંકુચિતતા છોડવી પડશે. નેતાઓએ જ એમનાં વર્તનમાં ફેરફાર કરવો પડશે. જે નેતાઓને ધર્મનું કંઈ જ્ઞાન પણ ન હોય એ માઈકનો કે લાઈટનો ઉપયોગ થતો અટકાવવા જાય તો કેટલું હાસ્યાસ્પદ લાગે? એટલે સાધુસંસ્થામાં સુધારો એમની રીતે જ આવશે – આપણી રીતે નહિ આવે.

## શ્રી તારાચંદ કોઠારી

જે સમાજમાં સાધુઓએ રહેવું હોય એ સમાજને અગવડરૂપ તો સાધુઓએ ન જ થવું જોઈએ એમ હું માનું છું. હું પણ ઘણા સાધુઓનાં સંપર્કમાં આવ્યો છું. મોટા ભાગના સાધુઓમાં મેં સચ્ચાઈનો અભાવ જોયો છે. માત્ર ધર્મની આશાતના ન થાય એ માટે ઉપાશ્રયોના સંચાલકોને કેટલું કેટલું સમાધાન કરવું પડે છે અને પછી જ્યાં સમાધાનમાંય વિવેક રખાતો નથી ત્યાં આવા અડ્ડાઓ વધતા જાય છે. મારી દૃષ્ટિએ આપણે સુધારાને બે વિભાગમાં વહેંચી શકીએ; એક તો આપણે સૂચવવાના સુધારાઓ અને બીજા સુધારા સાધુઓને જોઈએ છે તે. દાખલા તરીકે ચિત્રભાનુ મહારાજનું પરદેશગમન. પરદેશમાં એમનું માત્ર કુતૂહલ હતું અને મારી દૃષ્ટિએ કુતુહલતાથી જૈન ધર્મનો પ્રચાર થતો નથી.

## શ્રી ટોકરશી કે. શાહ

આપણી સાધુસંસ્થામાં જે ફેરફારો સૂચિત છે એ મારી દૃષ્ટિએ સામાન્ય અને ક્ષુલ્લક પ્રકારના છે. પાયાના સિદ્ધાંતોની બાબતમાં પણ હું માનું છું કે જે દેશકાળને અનુરૂપ નથી એમાં જડતા જ આવે છે. સાધુનું લક્ષ્ય આત્માનો ઉત્કર્ષ, એ વાત સાચી પરંતુ તેમની પ્રવૃત્તિ માત્ર ઉપદેશની જ થઈ ગઈ છે. સમાજ પ્રત્યે પણ તેઓએ તેમની ફરજ અદા કરવી જ પડશે. હકીકતમાં સાધુઓનું વર્તન મૂળ સિદ્ધાંત સાથે બંધબેસતું નથી, મહાવ્રતોની પ્રતિજ્ઞાઓ પણ ફકત આદર્શ ન રહેતા વાસ્તવિકતાના સંદર્ભમાં હોવી જોઈએ. હું માનું છું કે સાધુઓ શ્રાવકને જ આધારે જીવે છે અને આપણા શ્રાવકો એટલું જ જુએ છે કે સાધુઓ રૂઢિ પ્રમાણે આચાર કરે છે કે નહિ; જો રૂઢિ પ્રમાણે આચાર ન કરતા હોય તો તેમના ઉપર દબાણ કરવામાં આવે છે. મને પ્રશ્ન કરવાનું મન થાય છે કે શું આપણે શ્રાવકોએ સાધુઓને ધાર્મિક સિદ્ધાંતો સમજાવવાના છે? આપણે ગુલબાંગો ફેંકીએ છીએ કે આપણા સાધુઓ દુનિયામાં

શ્રેષ્ઠ છે. તો ભલા તમારી પાસે સાધુઓને શ્રેષ્ઠ કહેવાનું દુનિયાનું કોઈ ધોરણ – સ્ટાન્ડર્ડ છે ખરું? આપણા સિદ્ધાંતો Non–Activity જેવાં છે. આપણે ઊંઘમાં જીવીએ છીએ. દુનિયા ઘણી આગળ વધી ગઈ છે. મહાવીરનો સમય જૂદો જ હતો. આજે શું પાયામાંથી ફેરફાર કરવાની વિચારણા કરવાની જરૂર નથી? કહેવાય છે કે આપણા સાધુઓ આપણને પ્રભાવિત કરી શકતા નથી. આ વિચિત્ર નથી શું? શાળાના વિદ્યાર્થીઓ એમ કહે કે માસ્તર અમને પ્રભાવિત કરી શકતા નથી એના જેવું આ નથી શું? મને લાગે છે કે આપણો ધર્મ શ્રેષ્ઠ છે – આપણી સાધુસંસ્થા શ્રેષ્ઠ છે – આમ કહેતાં પહેલાં આપણે ઘણું વિચારવું પડશે. મા પોતાના છોકરાને રૂપાળો અને ડાહ્યો કહે એથી એ રૂપાળો અને ડાહ્યો નથી થઈ જતો. આના જેવું આ છે.

## શ્રી જયન્તિલાલ મસ્કારીઆ

(મોઢા આડે વસ્ત્રધારણ કરીને અને ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ ટાળીને તેમણે નીચે મુજબ જણાવ્યું:–)

સાધુસંસ્થામાં તુચ્છ બુદ્ધિથી ફેરફાર કરવાની આપણી વાતોથી મારું દિલ દુ:ખે છે. તીર્થંકર ભગવાનની વાણીમાં આપણે શ્રદ્ધા રાખીએ, સાધુઓને માટે જે પ્રતિજ્ઞા કહેવામાં આવે છે એ તીર્થંકર ભગવાને કહી છે. સાધુઓ તો ગુણના સમુદ્ર છે. જે શાસન ચાલે છે એ તીર્થંકરકથિત છે. સાધુના આચાર–વિચારમાં કોઈ ફેરફાર ન કરવા જોઈએ એમ હું કહું છું. જ્ઞાનીઓના જ્ઞાનનો સાર એ છે કે કોઈની હિંસા ન કરો. હિંસાનો માર્ગ મોકળો કરે એવી વાતો યોગ્ય નથી. અને એને પ્રેરવાવાળા શ્રાવકો પણ સાચા શ્રાવકો નથી. જો આપણે સાધુની પ્રતિષ્ઠા વધારવી હોય તો આપણે એમને કોઈ પણ જાતની છૂટ ન આપવી જોઈએ. આપણે એ ન ભૂલીએ કે આપણા બધાની દૃષ્ટિ સંસાર તરફ વળેલી છે. આપણે સાધુને નીચા લાવવા તરફ છીએ. પણ યાદ રાખીએ કે સાધુઓએ દીક્ષા લીધી છે–મોક્ષમાં જવા માટે. અને શ્રદ્ધા રાખો કે આ લોક ઉપર એક અગ્રસ્થાન મોક્ષ છે અને છે જ. મોટા ભાગના લોકોને આ શ્રદ્ધા છે કે નહિ? જૈનધર્મ નિવૃત્તિપ્રધાન ધર્મ છે. જેને સમાજની સેવા કરવી હોય એને મુનિપણામાં સ્થાન નથી.

## ડૉ. જયન્તિલાલ પટ્ટણી

જૈન સાધુસંસ્થા કોઈ પણ જૈન સંપ્રદાયની હોય ... તેણે અન્ય ધર્મોની સાધુસંસ્થાની ગણતરીમાં ઘણું જ આગવું આદરણીય અને અનોખું સ્થાન જાળવી રાખ્યું છે. આગમોમાં આપવામાં આવેલ આચારોના અનુસરણથી જૈન સાધુસંસ્થામાં શિથિલતાને સ્થાન ઘણું ઓછું રહ્યું છે. તેમણે જ્ઞાનપ્રાપ્તિ - વિકાસ અને પ્રસારણમાં ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે, જ્ઞાનને ખૂબ જ મહત્તા આપી, સાધુના આચાર અને જ્ઞાનને ઘણાં જ સાંકળી દીધાં છે.

જૈન સાધુઓનો અપરિગ્રહ, વિહાર, આચાર અને જ્ઞાન અજોડ હોવાથી સર્વકોઈની મુક્ત પ્રશંસાને યોગ્ય બન્યા છે. ધર્મઘેલછાથી પર હોય અને સર્વધર્મસમભાવવાળી વ્યક્તિ હોય તેવી વ્યક્તિથી જૈન સાધુના જીવન ઉપર જગતના અન્ય સાધુઓની સરખામણીમાં પ્રશંસાનાં પુષ્પ વેર્યા સિવાય રહી શકાય તેમ નથી.

જ્ઞાનોપાસક સાધુઓ અલ્પ સંખ્યામાં છે. મહાવીરનો ભેખ ધારણ કરવાથી મોક્ષ અને મુક્તિ મળશે એવા ઉપદેશથી જ સાધુ સંખ્યામાં ખૂબ જ વધારો થઈ રહ્યો છે. જ્ઞાનોપાસકો સિવાયના સાધુઓને સમય વ્યતીત કરવા માટે ક્રિયાકાંડ અને આળસ સિવાય અન્ય માર્ગ નથી હોતો. મોટા ભાગના સાધુઓ દિવસનો મોટો ભાગ નિષ્ક્રિયતામાં વિતાવે છે. નિષ્ક્રિયતા માનસિક અને દૈહિક વિનાશ લાવે છે. જ્યાં શિથિલતા ન હોવી જોઈએ ત્યાં પલટાતાં સમયનાં આકર્ષણો સુષ્ત માનસ ઉપર ઊંડા ઘા કરે છે. આ ઘા અનેક આવેગો ઉત્પન્ન કરે છે, પરિણામે સંસ્થા ઘણી જ શિથિલ બનતી જાય છે. જૈન સાધુસંસ્થા પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા વિવિધ ક્રિયાકાંડો ઊભા કરે છે: ઉપધાન, શાંતિસ્નાત્ર, રથયાત્રા, અનેક છોડરચના, નવાં મંદિરો, ઉપાશ્રયો વગેરે નિમિત્ત બનાવી શ્રાવકસમુદાયને આકર્ષી રાખે છે. આ ખોટું છે એમ મારો કહેવાનો ઉદ્દેશ નથી. લોકભોગ્ય વસ્તુઓ ભલે તેઓના મનની શાંતિ માટે આચરવામાં આવે. આવા અનુષ્ટાનો માટે થોડા સાધુઓની જરૂર પડે, પણ આપણાં હજારો સાધુઓનો પ્રશ્ન આપણે વિચારવાનો છે.

સંઘના ચાર પાયા: સાધુ-સાધ્વી–શ્રાવક–શ્રાવિકા.

આ ખાટલાને ટકાવી રાખવા સમયને અનુસરી વિચાર કરવાનો છે. જે સંઘ સાધુઓને ઉપાધ્યાય કે આચાર્ય બનાવી શકે છે તે સંઘ સાધુઓને કાર્યપ્રદેશ બદલવાનો આદેશ આપી શકે છે. જરૂર, આ કાર્યપ્રદેશ જૈન પ્રણાલિકાથી વિરુદ્ધ ન બને – અહિંસાની વિરુદ્ધ અને અઢાર પાપસ્થાનકને અનુકૂળ ન હોય. સાથે આ કાર્યપ્રદેશથી સંઘના પ્રત્યેક અંગનું ઉત્થાન-વિકાસ થવાની શકયતા હોવી ઘટે. આ દિશાએ પહોંચવા રૂઢીગત વિચારોને તિલાંજલિ આપી નવા અને જૂના વિચારો અને કાર્યોનો સમન્વય સાધવો જરૂરી બને છે.

જૈન સાધુઓનાં કાર્યક્ષેત્રો એવાં હોય કે જ્યાં જૈનાચાર નષ્ટ - ભ્રષ્ટ ન થતાં ઊંચી કક્ષાએ સચવાય – સેવાય. આ આચારોમાં જૈનધર્મનું ઉચ્ચ ગૌરવ જળવાય, – અહિંસા પરમો ધર્મ – મન, વચન, કાયાએ જ્યાં અહિંસા આચરાય ને અનુમોદય. આવો કાર્યપ્રદેશ આપણાં સાધુ - સાધ્વી માટે પસંદ કરાય તે યોગ્ય ગણાય. જેથી પોતાનું અને બીજાઓનું આત્મકલ્યાણ કરી શકે તેવી બાબત વિચારશીલ સાધુ - સાધ્વીએ આ પરિવર્તિત સમયમાં અમલમાં મૂકતા અચકાવું જોઈએ નહિ. રૂઢીગત વ્યવહારમાંથી બહાર આવતાં થોડું કપરું લાગશે. સંઘના અન્ય તાણાવાણા ઝણઝણશે, પણ કાર્ય અને ઉપયોગિતા જોવાશે ત્યારે બધા તારો સ્થિર થઈ ખાટલો મજબૂત થશે. એ પલંગ આણયુગનો બનશે કે જેની ઉપર ગમે તેવા પ્રહારો થાય તો પણ તે ટકી રહેશે અને મહાવીરની મહાભાવનાઓ ને માનવ-કલ્યાણ કૃતાર્થ થશે.

આજના ઊગતા સમાજ-વિજ્ઞાનનો વિકાસ, અદ્યતન સાધનો, ઉચ્ચ કેળવણી, પાશ્ચાત્ય વિચારોનો પ્રવેશ, વિશ્વનું થતું ટુંકાપણું અને ભિન્ન ભિન્ન ભાષા અને પ્રજાઓમાં આવતી નિકટતા – વગેરેનો વિચાર કરીએ તો આજની સાધુસંસ્થા જો સેંકડો વર્ષ પહેલાંનાં બંધનોમાં જકડાઈ રહેશે તો જગતમાં તેમની ઉપયોગિતા નામશેષ થઈ જશે. સમય જતાં તેઓને અનુસરનારા ઓછા થશે અને એ રીતે જૈન ધર્મને પણ આંચ આવશે.

માટે, સાધુસંસ્થામાંની નિષ્ક્રિયતામાં જો પરિવર્તન લાવવામાં આવે તો તે સંસ્થા સમાજમાં ઉચ્ચ સ્થાન જાળવી શકે – ધર્મની આંતરદેશીય કીર્તિ વધારી શકે.

મારી દૃષ્ટિએ જૈનાચારને અનુરૂપ કાર્યોનો થોડો સાર આપું. તેમનાં કાર્યો નિર્લેપ, નિર્લોભ અને સ્થાપિત પાપાચારોથી પર હોવા જોઈએ. ઉચ્ચ કક્ષાના - સંસ્કારી સેવાભાવી શ્રાવકોની જ્યાં જરૂર છે ત્યાં - તેવા સ્થાનો તેઓએ સ્વીકારવા જોઈએ, જ્યાં ધર્માચારને જરાય બાધ ન આવે. જે સ્થાન માટે હું સૂચન કરું છું તે સ્થાનોને એ સુચરિત વ્યક્તિઓની ખૂબ જ જરૂર છે. ઊંચા પગારો આપવા છતાં ઊંચી કક્ષાની વ્યક્તિઓ સુલભ નથી અને તેઓના અભાવે ઘણું સહન કરવું પડે છે. જેવા કે:–

છાત્રાલયોના - ગૃહપતિ – ઉપગૃહપતિ – ધાર્મિક શિક્ષક–સંચાલક વગેરે સ્થાનો.

કન્યા – છાત્રાલયો માટે બહેનોની જરૂરિયાતો, ધાર્મિક પાઠશાળાઓ, નિશાળો અને કન્યાશાળાઓમાં શિક્ષક – શિક્ષિકાઓ રૂગ્ણાલયોમાં - દાકતરો - પરિચારક અને પરિચારિકાઓ. આ માટે જો આપણી સાધુસંસ્થા વિવેકપૂર્ણ વિચાર કરે, અને તેમની આધ્યાત્મિક ઉન્નતિ સાથે ઉપરના વિવિધ ક્ષેત્રોમાં સેવા આપે તો તેમના નિષ્ક્રિય સમયનો સમાજના અને શાસનનાં કલ્યાણમાં ઉપયોગ થઈ શકે.

## શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ

### ઉપસંહાર

આ પરિસંવાદ અત્યંત ગંભીરતાપૂર્વક જૈન યુવક સંઘના ઇતિહાસમાં એક પગલું પાડવા જેવો બન્યો છે. ઘણા પરમાનંદભાઈને કહે છે કે જૈન યુવક સંઘ જૈન પણ નથી, યુવક પણ નથી. મને

લાગે છે એમને જવાબ દેવા માટે આ પરિસંવાદ યોજીને પરમાનંદભાઈએ પ્રાયશ્ચિત કર્યું છે. મને લાગે છે કે પરિસંવાદ માત્ર અહીંથી જ નહિં અટકે—આ ચર્ચા લાંબો સમય સુધી ચાલુ રહેશે. આપણે બે વસ્તુ લક્ષ્યમાં રાખવી જોઈએ: આદર્શ શું છે અને વાસ્તવિકતા શું છે. માત્ર આદર્શને વર્ણવીને જો વાસ્તવિકતા પ્રત્યે દુર્લક્ષ કરીએ તો આપણે નીચે જઈએ છીએ. આદર્શને આપણે પહોંચી શકયા નથી. આને કારણે આપણામાં અને સાધુજીવનમાં દંભ આવી ગયો છે. આદર્શની બાબતમાં ઘણાખરા મોટા ભાગના એનો સ્વીકાર કરે છે.

મતભેદ છે માત્ર આદર્શનાં અમલમાં.

આપણે સૌથી પ્રથમ કેવા સદ્ગુરુ જોઈએ છે એ વિચારવું પડશે. અલબત્ત, જે લોકો સાધુસંસ્થા કલ્યાણકારી નથી એમ માને છે તેમને માટે આ ચર્ચા નથી. ધર્મગુરુનો વિચાર કરતા આગાખાનથી માંડી જૈન ધર્મના સાધુ સુધી વિવિધ પ્રકાર જોવા મળશે. તો, આમાંથી આપણે કેવા પ્રકારના ધર્મગુરુ જોઈએ છે તે વિચારવાનું છે.

આજે મોટે ભાગે બાહ્યત્યાગ અને નિજમતવેશને મહત્ત્વ અપાય છે. પોતે માની લીધેલ કુળગુરુ પ્રત્યે મમત્વ રહે છે. સાચા સદ્ગુરૂ બહુ થોડા છે અને છે તેની કદર નથી. શ્રીમદ્ રાજચંદ્રે કહ્યું છે:

"પ્રત્યક્ષ સદ્ગુરુયોગમાં, વર્તે દષ્ટિવિમુખ,
અસદ્ગુરુને દઢ કરે, નિજમાનાર્થે મુખ્ય"

સાચાં સદ્ગુરુનાં લક્ષણ શ્રીમદે કહ્યાં છે:—

"આત્મજ્ઞાન ત્યાં મુનિપણું, ત્યાં સાચા ગુરુ હોય,
બાકી કુળગુરુ કલ્પના, આત્માર્થે નહિ જોય.
આત્મજ્ઞાન, સમદર્શિતા, વિચરે ઉદયપ્રયોગ,
અપૂર્વ વાણી પરમશ્રુત, સદ્ગુરુ લક્ષણ યોગ્ય,
કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ, પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ."

જૈન દર્શન માને છે કે જ્ઞાનક્રિયાભ્યામ્ મોક્ષ:
જ્ઞાન અને ક્રિયા બન્ને જોઈએ. વર્તમાનમાં:

**"કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ,
માને મારગ મોક્ષનો કરૂણા ઊપજે જોઈ."**

ક્રિયાજડ અને શુષ્ક જ્ઞાનિ બન્ને પ્રકાર જોવા મળશે. કેટલાક સાધુ—સાધ્વી પાસે જાઓ તો આગ્રહ રાખશે કે મોઢે લૂગડું રાખી બોલો તો જ તમારી સાથે વાત કરીશું. વળી કહેશે કે અમે તો ધ્વનિવર્ધક યંત્રનો ઉપયોગ ન કરીએ, પણ બીજા કોઈ સાધુ અમારા દેખતાં કરે તો પણ અમને દોષ લાગે. માટે તેમ થવા ન દઈએ. શુષ્ક જ્ઞાનીઓ મળશે કે જે કહેશે, "આત્મા, આત્માનું કામ કરે છે, પુદ્ગુલ પુદ્ગલનું" એવા "સદ્ગુરુ" ને ભોજન માટે અમંત્રણ આપી ધામધૂમથી બીજા પણ ૫૦/૧૦૦ ને સાથે આમંત્રણ અપાય, તેમના ચરણે રૂપિયા ધરાય, તેમના પગલાં પડાવાય, મોટી મોટરોમાં ફરે, કોઈ વ્રત, ક્રિયા, તપને માને નહિ, નિશ્ચય નયની વાણીથી સદ્વ્યવહારને લોપે. શ્રીમદ્ કહ્યું છે:

"અથવા નિશ્ચય નય ગ્રહે, માત્ર શબ્દનીમાંય,
લોપે સદ્વ્યવહારને, સાધન રહિત થાય.
નિશ્ચયવાણી સાંભળી, સાધન તજવા ન હોય,
નિશ્ચય રાખી લક્ષમાં, સાધન કરવા સોય.
જ્ઞાન દશા પાળે નહિ, સાધન દશા ન કાંઈ,
પાળે તેનો સંગ જે, તે બુડે ભવમાંહિ."

સાચા સદ્ગુરુ આત્માર્થી જ હોય—
આત્માર્થીની સાધનાનો પાયો ત્યાગ અને વૈરાગ્ય છે.

"ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
ખટકે ત્યાગ વૈરાગમાં, તો ભૂલે નિજ ભાન.
વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમ જ્ઞાન,
તેમ જ આતમ જ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન."

જૈન ધર્મનો અને જૈન સાધુ જીવનનો પાયો અહિંસા—સંયમ છે. અહિંસાનું પૂરું રહસ્ય આપણે પામી શકવાના નથી.

પ્રતિક્ષણ હિંસામાં જીવી અહિંસાનો ધર્મ આચરવો એ જીવનની ખરેખર Mystery—છે, જીવનનું રહસ્ય છે. આજે તો એવું બન્યું છે કે આચરવું નથી પણ કોયડાઓ ઊભા કરવા છે અને કહેવું છે કે ધર્મ તો અહિંસા જ હોય. પણ દેહધારી હોઈ હિંસા અનિવાર્ય બને છે એટલે નવકોટિએ અહિંસા પાળવાનું શક્ય નથી. અહિંસા એ અંતરની વસ્તુ છે. પ્રમત્તપણે પ્રાણ લેવો એ હિંસા છે. અનિવાર્યપણે થતી હિંસાનો ખેદ હોય પણ એ હિંસા તો છે જ. ગાંધીજીએ અહિંસાનું વ્યાપક સ્વરૂપ મૂક્યું એ પણ અહિંસા જ છે. યુદ્ધ સમયે ગાંધીજી બોલ્યા "જાપાનીઓનો સામનો હું અહિંસક રીતે પણ કરીશ.—" આ, ગાંધીજી બોલી શકયા, પણ આવું આપણા કેટલા સુશ્રાવકો કે સાધુઓ કહી શકશે? અહિંસાના આચરણમાં પણ સાચા જ્ઞાનને અભાવે દંભ અને ક્રિયાજડતા આવે છે. પરંતુ આપણે, સમાજજીવનને જયાં સ્પર્શે છે ત્યાં સાધુના આચારવિચારની ફેરફારની શકયતા — અશકયતા ઉપર વિચારવાનું છે. છત્રી કે કંતાનના બૂટ વાપરે કે ન વાપરે એનો મને કાંઈ વાંધો નથી. એ એમની સ્વયં તિતીક્ષા છે; એ એમની પોતાના જીવનની વ્યકિતગત અને અંગત વાત છે. ઘરે વહોરવા આવે અને એક યા બીજા કારણે ઘર અસૂઝતું ગણે તો એમને જ બીજા પાંચ દાદર ચઢવાના રહેશે. પણ મળમૂત્રવિસર્જન, સ્વચ્છતા વિગેરે સમાજજીવનના અંગ છે. સાધુજીવનમાં જે દંભ છે અને સત્યનો અભાવ છે એ આપણા જીવનનું જ પ્રતિબિમ્બ છે. પાદવિહાર, ભિક્ષાચરી વિગેરે તેના સંયમને ટકાવે છે, પણ અપવાદને અવકાશ છે. સાધુના આચાર-વિચારનું પાલન કેમ થાય, તેઓ સાચા આત્માર્થી કેમ થાય એ સમાજે જોવાનું છે. માત્ર ક્રિયાજડતા અને નિષ્ક્રિયતા સાધુજીવનમાં પ્રમાદ જ લાવશે. અપ્રમત થવાને માર્ગે સાધુઓએ જવું પડશે. પરંતુ સમાજે અપ્રમત થવાનાં સાધનો સાધુઓને આપ્યા નથી. ઉપધાન— મંદિરો એ જ જાણે મોટો ધર્મ સમજાયો છે. આમાં ઘણું પરિવર્તન લાવવાની જરૂર છે. પરંતુ ધ્યેયની સ્પષ્ટતા વિના આપણે આડીઅવળી વાતો ઉપર ચઢી જઈશું ... એટલે સાધુઓની સાધના શું છે એ જાણવાની જરૂરત છે. પ્રત્યક્ષ સમાજસેવાના કાર્યોને જ હું તે સાધનાનું અનિવાર્ય અંગ માનતો નથી.

રવીન્દ્રનાથ ટાગોરે ધમ્મપદની પ્રસ્તાવનામાં ભારતીય અને પાશ્ચાત્ય આદર્શ સમજાવતા સરસ કહ્યું છે કે:—

આપણે કર્મ મારફત કર્મમાંથી છૂટવું છે, જ્યારે પશ્ચિમમાં કર્મને અનંત માન્યા છે અને પ્રવૃત્તિ જ લક્ષ્ય રહ્યું છે. જ્યારે આપણે પ્રવૃત્તિમાંથી અને પ્રવૃત્તિ મારફત નિવૃત્તિ લક્ષ્ય રાખ્યું છે. આ આપણો એક કોયડો છે. ભગવદ્ગીતામાં ભગવાને આ કોયડાને 'અનાસકિત યોગ' કહ્યો છે અને આ આપણે સમજતા નથી. માણસની પહોંચવાની શકિત ન હોય અને કૂદે તો એ માત્ર કૂદકો જ થશે.

અંતે મારે આટલું જ કહેવું છે, જ્યારે માણસ આત્માર્થી થાય છે ત્યારે સંયમ અને અપરિગ્રહ અનિવાર્ય બને છે. आत्मार्थे पृथ्वीम् त्यजेत्. આ વસ્તુ દરેક ધર્મમાં છે — ગાંધીજીએ બ્રિટનને યુદ્ધ દરમ્યાન એક પત્ર લખેલો ને કહ્યું હતું કે "Let go thy Empire — but save thy soul. ક્રાઈસ્ટે કહ્યું છે: What profiteth a man if he gains the kingdom of the world but loseth his soul?

વર્તમાન શ્રામણ સંસ્થાની સ્થિતિ શોચનીય છે. સંઘો અને શ્રાવકો તે માટે મોટે ભાગે જવાબદાર છે. શ્રામણ સંસ્થાને તેના આદર્શને અનુરૂપ બનાવવા ભગીરથ પ્રયત્નની જરૂર છે.

ત્યાર બાદ સંઘના મંત્રી શ્રી સુબોધભાઈ એમ. શાહે બન્ને પરિસંવાદસભાઓનું આટલું કુશળ અને કુનેહભર્યું સંચાલન કરવા માટે પ્રમુખસ્થાને બીરાજેલા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનો અને આ પરિસંવાદમાં ભાગ લેવા બદલ અનેક વકતાઓનો અને સંઘના નિમંત્રણને માન આપીને ઉપસ્થિત થયેલા શ્રોતાગણનો આભાર માન્યો હતો અને લગભગ ત્રણ કલાક સુધી ચાલેલી આ પરિસંવાદ સભા — પ્રારંભમાં જણાવ્યા પ્રમાણે—બરાબર બાર વાગ્યે વિસર્જન કરવામાં આવી હતી.

**સમાપ્ત** **સંકલન: ચીમનલાલ જે. શાહ**

# 卐 શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો વાર્ષિક વૃત્તાંત—૧૯૬૯ 卐

સમયની રફતાર વણથંભી ચાલી જાય છે અને એ રફતારની સાથે શ્રી મુંબઈ જૈન યુવક સંઘે ૪૧ વર્ષ પૂરાં કરી ૪૨મા વર્ષમાં પ્રવેશ કર્યો છે. પ્રતિવર્ષ આપણે સંઘની પ્રવૃત્તિનું અને પ્રગતિનું સરવૈયું કાઢીએ છીએ અને આપણે અનુભવીએ છીએ કે પ્રવૃત્તિની પુરાંત બાજુ વધતી જ રહી છે અને આપણા સર્વ માટે એ આનંદ અને ગૌરવનો વિષય છે.

પ્રસ્તુત વૃત્તાંત વહિવટની દષ્ટિએ તા. ૧-૧-૬૯ થી ૩૧-૧૨-૬૯ સુધીનો અને કાર્યવાહીની દષ્ટિએ છેલ્લી વાર્ષિક સભા તા. ૨૧-૬-૬૯ ના રોજ મળી ત્યારથી આજ સુધીનો તા. ૧૧-૭-૭૦ સુધીનો છે.

ગત વર્ષ સંઘના ઈતિહાસમાં મુખ્યત્વે બે પ્રસંગોને કારણે અત્યંત મહત્ત્વના સિમાચિહ્ન રૂપ બન્યું છે. એક તો સંઘના પોતાના નવા કાર્યાલયની પ્રાપ્તિ અને પૂ. કાકાસાહેબના હસ્તે ઉદ્‌ઘાટન અને બીજું કાર્યાલયના એક ભાગ રૂપ અદ્યતન સભાગૃહને શ્રી પરમાનંદ કાપડિયાના નામ સાથે જોડવાને લગતો નિર્ણય.

## સંઘનું નવું કાર્યાલય

સંઘના કાર્યાલયની જગ્યા ખૂબ જ સાંકડી પડતી હોઈ કાર્યાલય માટે વિશાળ જગ્યા મેળવવા માટે પ્રયત્ન કરવો જોઈએ એવી વિચારણા ઘણા લાંબા સમયથી ચાલતી હતી. દર વર્ષે વાર્ષિક વૃતાન્તના અન્તે પણ આ ભાવના વ્યકત કરવામાં આવતી હતી, પરંતુ તે વિચારણાને અમલી બનાવી શકાતી નહોતી, સદ્‌ભાગ્યે સંઘની કાર્યવાહક સમિતિમાં છેલ્લા બે વર્ષથી જોડાયલા સભ્ય શ્રી. બાબુભાઈ જી. શાહે દરખાસ્ત કરી કે સંઘના કાર્યાલયની જગ્યા માટે ફંડ શરૂ કરતા હો તો મારા રૂા. ૫,૦૦૦—૦૦ લ્યો, એમ કહીને તેમણે રૂા. ૫૦૦૦—૦૦ નો ચેક ટેબલ પર મૂકયો અને એ રીતે આ ફંડ શરૂ કરવાને લગતો ચેતનાનો દીવો સભ્યોના દિલમાં તેમણે પ્રગટાવ્યો — અને તરત જ સંઘની કાર્યવાહક સમિતિના વર્ષોજૂના સભ્ય શ્રી દામજી વેલજી શાહે પણ તેમની પુત્રી રેખાના નામે રૂા. ૫૦૦૦—૦૦ આપવાની જાહેરાત કરી. આ બન્ને દરખાસ્તોને તત્પુરતી સ્વીકારીને મકાનફંડ અંગે વધારે વિચારણા કરવા માટે સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી. ધીરજલાલ ફુલચંદ શાહના સાયન ખાતેના નિવસસ્થાને — તેમના નિમંત્રણને માન આપીને-તા. ૩-૫-૬૯ ના રોજ નિકટવર્તી સભ્યોનું સીમિત આકારનું એક સ્નેહસંમેલન યોજ્યું અને ઉપરની પાંચ પાંચ હજારની બે દરખાસ્તોની વાત ત્યાં રજૂ કરવામાં આવી - એના અનુસંધાનમાં હાજર સભ્યોની રકમો લખાવાની શરૂઆત થઈ અને પેલા દસ હજાર સાથે એકંદર રૂા. ૨૨,૦૦૦—૦૦ ની રકમનાં વચનો ત્યાં જ મળી ગયા, એટલે કાર્યવાહકોને આ ફંડને આગળ વધારવાનું જોર મળ્યું અને આઠેક માસના પ્રયત્ન બાદ એ ફંડમાં રૂપિયા સાઠ હજાર એકઠા કરી શકાયા. એ જ અરસામાં સરદાર વલ્લભભાઈ પટેલ રોડ ઉપર આવેલ વનિતાવિશ્રામની સામે ટોપીવાળા મેન્શનનો બીજો આખો માળ લગભગ ૧૯૦૦ સ્કવેર ફીટ મળી ગયો, એ જગ્યા વિશાળ પણ જુની હોવાથી તેની સમગ્ર સુધારણામાં લગભગ રૂા. ૩૫૦૦૦—૦૦ નો ખર્ચ કરવો પડયો. પરંતુ આટલો ખર્ચ કર્યા બાદ આ જગ્યા અદ્યતન બની ગઈ. આ નવી કાર્યાલયની જગ્યાનો સંઘને કબજો મળ્યો ત્યારે તે જગ્યાની રચનામાં ૨૦+૩૦ નો હોલ તથા એ ઉપરાન્ત છ રૂમો હતા - તેમાંથી બે રૂમો તોડીને આપણે હોલ ૩૦+૩૦ નો બનાવ્યો. આના અનુસંધાનમાં તા. ૬-૯-૬૯ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ સર્વાનુમતે એમ ઠરાવ્યું કે સંઘના વર્તમાન ઉપપ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ વર્ષોથી સંઘની જે અનેકવિધ સેવા કરી છે તેની કદર તરીકે, તેમનું નામ હોલ સાથે જોડવું. એટલે કે તેને "શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ" નામ આપવું. આ રીતે નવા કાર્યાલયના ઉદ્‌ઘાટનની સાથે જ પૂ. કાકાસાહેબના વરદ હસ્તે તા. ૨૫-૧૨-૬૯ ના રોજ શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહનું પણ ઉદ્‌ઘાટન થયું. સાથે સાથે અમે એ વાતનો પણ સાભાર નિર્દેશ કરીએ છીએ કે, ચિકાગો રેડીયોવાળાએ સ્વ. શ્રી નાનક મોટવાણીની ઈચ્છા મુજબ આપણા આ હોલ માટે કાયમી માઈકની પણ વ્યવસ્થા વિનામૂલ્યે કરી આપી. આ હોલ આપણે હવે મિટીંગો, કૉન્સફરન્સો, પરિસંવાદો તેમ જ સ્નેહસમારંભો જેવા પ્રસંગો માટે ભાડે આપવાનો પણ નિર્ણય કર્યો છે. તેના માટે આપણી પાસે કુલ ૧૨૫ ખુરશીઓ પણ છે, તેમ જ હવે તો સંઘનો નવો ટેલિફોન પણ આવી ગયો છે.

## સાધુસંસ્થા અંગેનો પરિસંવાદ

બીજો મહત્ત્વનો બનાવ એ આપણી સાધુ-સંસ્થા વિષે યોજાયેલો પરિસંવાદ છે. જૈન સમાજના ઈતિહાસમાં અજોડ કહી શકાય એવો આ બનાવ છે. જેમાં સાધુ—સાધ્વીનાં આચારો વિષે જુદા જુદા ફીરકાના જૈનોએ પોતાના વિચારો નિડરપણે સમાજ પાસે મૂકયા હોય. આ પ્રસંગના મૂળમાં તો જાણીતા મુનિશ્રી ચિત્રભાનુ જીનિવા તા. ૨૯-૩-૭૦ ના રોજ વિશ્વધર્મ પરિષદમાં હાજરી આપવા વિમાનદ્વારા ગયા તે બનાવ રહેલો છે. જ્યારથી આ વાત જાહેર થઈ ત્યારથી સમાજમાં એક મોટો ખળભળાટ પેદા થયો હતો. તેમાં પણ આપણી કારોબારીનાં કેટલાક સભ્યોએ મુનિશ્રી ચિત્રભાનુએ લીધેલા આ પગલાને ટેકો આપવા માટે કારોબારીની મિટીંગ બોલાવવાનો લેખિત અનુરોધ કર્યો ત્યારે — અને જ્યારે મિટીંગ બોલાવાઈ ત્યારે - બે થી ત્રણ કલાકની આ બનાવ વિષેની પુખ્ત ચર્ચા—વિચારણા કરવામાં આવી અને કારોબારીએ તા. ૨૨-૪-૭૦ ના રોજ મુનિશ્રી ચિત્રભાનુના પરદેશગમનનું અનુમોદન કરતો ઠરાવ તો કર્યો પણ એ ચર્ચા દરમિયાન સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ભારપૂર્વક જણાવ્યું કે, કોઈ જૈનમુનિના પરદેશગમન કરતાં પણ વિશેષ મહત્ત્વ તો એ વાતનું છે કે વર્તમાન પરિસ્થિતિને લક્ષમાં રાખીને જૈન સાધુનાં આચારોમાં કાંઈ પણ ફેરફાર થવાની આવશ્યકતા છે કે કેમ અને હોય તો શા ફેરફારો થવા જોઈએ એ વિષે એક જ પ્લેટફોર્મ પર જુદા જુદા ફીરકાઓના જૈનો તેમ જ વિચારકોને ભેગા કરીને એકું પરિસંવાદ યોજવો જોઈએ. શ્રી ચીમનભાઈની પ્રેરણા અને સૂચનાના પરિણામે સંઘ આવો એક પરિસંવાદ યોજી શકયો અને તેમાં શ્વેતાંબર, સ્થાનકવાસી, તેરાપંથી અને દિગંબર એમ ચારે ફીરકાની વિશિષ્ઠ વ્યકિતઓએ ભાગ લીધો અને પોતાના વિચારો રજુ કર્યા, એ આપણા સંઘના માટે એક અત્યન્ત ગૌરવનો પ્રસંગ છે. શ્રી ચીમનભાઇએ પ્રસ્તુત પરિસંવાદની તા. ૭-૬-૭૦ ના રોજ તથા તા. ૨૮-૬-૭૦ ના રોજ ભરવામાં આવેલી ઉત્તરોત્તર બે સભાઓનું સફળ સંચાલન કર્યું હતું અને આખી ચર્ચા અત્યન્ત રસપ્રદ અને વિચારપ્રેરક નીવડી હતી. આ રીતે જૈનો પોતાના વિચારો વડે સાધુઓ પર શું અસર પાડી શકે એ વિષે બે મત હોવાનો અવકાશ ભલે હોય; પણ અમે એમ દઢપણે માનીએ છીએ કે સમાજમાં અમે જે વિચારનો પ્રવાહ વહેતો મૂકયો છે તેનું કાંઈક ને કાંઈક નક્કર પરિણામ આજે નહીં તો આવતી કાલે આવશે જ.

## 'પ્રબુદ્ધ જીવન'

ગત વર્ષ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' ને રૂા. ૯૪૫૪-૪૫ ની આવક થઈ છે, જ્યારે રૂા. ૧૩,૫૨૧-૨૯ નો ખર્ચ થયો છે, પરિણામે રૂા. ૪૦૬૭-૭૪ ની ખોટ આવી છે. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ તરફથી

ગયા વર્ષ સુધી 'પ્રબુદ્ધ જીવન' ના સંપાદનકાર્યમાં ભેટ રૂપે રૂા. ૧૫૦૦-૦૦ વાર્ષિક મળતા હતા, પરંતુ સ્ટેઈટ્સ પીપલ પ્રા. લિ. જ્યાં આપણું 'પ્રબુદ્ધ જીવન' છપાય છે, તેમણે બધા જ ગ્રાહકોની છપામણીનો સારો એવો ભાવવધારો કર્યો છે તે લક્ષ્યમાં લઈને સૌરાષ્ટ્ર ટ્રસ્ટે આપણને મળતી ભેટની રકમ વાર્ષિક રૂા. ૧૫૦૦-૦૦ ને બદલે રૂા. ૨૫૦૦-૦૦ ની કરી આપી છે—તે માટે તેમનો જેટલો આભાર માનીએ તેટલો ઓછો છે.

## શ્રી મ. મો. શાહ સાર્વજનીક વાચનાલય અને પુસ્તકાલય

ગત વર્ષ દરમિયાન પુસ્તકાલયમાં રૂા. ૫૯૬-૭૨ નાં નવાં પુસ્તકો ઉમેરવામાં આવ્યા છે. વાચનાલય અને પુસ્તકાલયના સંચાલન પાછળ ગત વર્ષ દરમિયાન રૂા. ૧૦૧૩૩-૦૮નો ખર્ચ થયો છે, જ્યારે આવક રૂા. ૬૭૬૧-૨૦ ની થઈ છે. (જેમાં મ્યુનિસિપાલીટીનાં રૂા. ૨૦૦૦-૦૦ની ગ્રાન્ટનો સમાવેશ થાય છે.) એટલે રૂા. ૩૩૭૧-૮૮ ની ખોટ આવી છે. આગલા વર્ષના ખોટ રૂા. ૧૨૨૪૦-૮૮ તેમાં ઉમેરતાં એકંદર ખોટ રૂા. ૧૫૮૧૨-૭૬ ની ઊભી રહે છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા

ગત વર્ષની પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૮ સપ્ટેમ્બરથી તા. ૧૬ સપ્ટેમ્બર સુધી - એમ નવ દિવસની અધ્યાપક શ્રીગૌરીપ્રસાદ ચુ. ઝાલાના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ વખતના નવ દિવસના અઢારે વ્યાખ્યાનો ભારતીય વિદ્યાભવનમાં ગોઠવવામાં આવ્યા હતા, જેમાં નીચે મુજબ વકતાઓ હતા. જેમાં ફાધર વાલેસના બે વ્યાખ્યાનો હતા તથા શ્રી શ્રીદેવી મહેતાના, તેમના એક ભાષણ ઉપરાન્ત રવિવારે ભજનો પણ રાખવામાં આવ્યા હતા:

| | |
|---|---|
| **માન્યવર મોરારજી દેસાઈ** | **પ્રાધ્યાપિકા હર્ષિદાબહેન પંડિત** |
| **મધર થેરીસા** | **પ્રાધ્યાપક સુરેશ દલાલ** |
| **પ્રાધ્યાપક દલસુખભાઈ માલવણિયા** | **શ્રી સાહુ મોડક** |
| **આચાર્ય યશવંત શુકલ** | **શ્રીમતી પૂર્ણિમાબહેન પકવાસા** |
| **ડૉ. રમણલાલ ચી. શાહ** | **શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ** |
| **કવિવર કરસનદાસ માણેક** | **શ્રીમતી શ્રીદેવી મહેતા** |
| **પ્રાધ્યાપિકા નીરા દેસાઈ** | **શ્રી રોહિત મહેતા** |
| **મુનિશ્રી નગરાજજી** | **ફાધર વાલેસ** |
| **શ્રી મૃણાલિની દેસાઈ** | |

આ વખતના વ્યાખ્યાનોમાંથી છ વ્યાખ્યાતાઓને બહારથી બોલાવવામાં આવ્યા હતા. પર્યુષણના વ્યાખ્યાનો દરમિયાન દર વર્ષની જેમ આ વર્ષે પણ સારી હાજરી રહી હતી અને એ રીતે વ્યાખ્યાનમાળા વધુ ને વધુ લોકપ્રિય બનતી જાય છે.

## વસંત વ્યાખ્યાનમાળા

ગયા વર્ષે સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ વસન્ત વ્યાખ્યાનમાળા આ વર્ષે પણ માર્ચ માસની તા. ૩૧ તથા એપ્રિલ માસની તા. ૧-૨ તથા ૩ એમ ચાર દિવસ માટે 'whither India' —'આજે ભારત કયાં છે?") એ વિષય ઉપર ફ્લોરા ફાઉન્ટ ઉપર આવેલા તાતા ઓડિટોરિયમમાં, સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે યોજવામાં આવી હતી. આ વ્યાખ્યાનમાળાના વકતાઓમાં (૧) શ્રી. એન. જી. ગોરે, પ્રેસિડન્ટ, પી. એસ. પી. (૨) શ્રી રોહિત દવે, જાણીતા અર્થશાસ્ત્રી, (૩) શ્રીમતી સુચેતા ક્રીપાલાણી એમ. પી. અને (૪) શ્રી. આર. આર. દીવાકર, પ્રેસિડન્ટ ગાંધી સ્મારક નિધિ - ને બોલાવવામાં આવ્યા હતા. ચારે દિવસ હોલ વ્યાખ્યતાઓથી ભરેલો રહ્યો હતો. એટલે સંઘની આ બીજી વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિને પણ ભારે સફળતા સાંપડી હતી.

## વૈદ્યકીય રાહત

સંઘના કાર્યાલયમાં વૈદ્યકીય સારવાર માટેનાં નીચે પ્રમાણેના સાધનો રાખવામાં આવે છે:—

| | |
|---|---|
| (૧) ગરમ પાણીની થેલી | (૬) મેઝર ગ્લાસ |
| (૨) ગ્લિસરીન સીરીંજ | (૭) બરફની થેલી |
| (૩) થરમોમીટર | (૮) પેશાબનું |
| (૪) મીણ—કાપડ | (૯) ચેમ્બર પોટ |
| (૫) બેડપેન | (૧૦) ફીડિંગ કપ |

કાર્યાલય તરફથી જરૂરિયાતવાળા ભાઈ-બહેનોને નાતજાતનો કશો પણ ભેદભાવ રાખ્યા સિવાય વૈદ્યકીય રાહત માટે ઈંજેકશનો તથા પેટંટ દવાઓ આપવામાં આવે છે. પહેલા આ વૈદ્યકીય રાહત સંઘના કાર્યાલયમાંથી જરૂરિયાતવાળા માણસોને તેની ચકાસણી કરીને આપવામાં આવતી હતી; પરંતુ થોડા દાખલાઓ એવા જાણવા મળ્યા કે આપણે અપાવેલી દવાઓનો દુરૂપયોગ થતો હતો, એથી જૈન કલીનીકવાળા ડૉ. સાંઘાણી ત્યાંના ખૂબ જ જરૂરિયાતવાળા દર્દીઓને પસંદ કરીને દવાઓ માટેની ચિઠ્ઠી-આપણે નક્કી કરેલી દવાની દુકાન ઉપર-લખી આપે એવી વ્યવસ્થા ઊભી કરી છે, જેથી તેનો બિલકુલ દુરૂપયોગ ન થાય. આ ગોઠવણના પરિણામે આ પ્રવૃત્તિ સંતોષકારક રીતે ચાલી રહી છે.

આ ખાતામાં ગયા વર્ષની ખોટ રૂા. ૨૧૨-૩૪ની ઊભી હતી અને ચાલુ વર્ષમાં રૂા. ૧૫૪૮-૦૪ ચુકવાયા છે - એમ એકંદર રકમ રૂા. ૧૭૬૦-૦૪ માંથી ચાલુ વર્ષમાં મળેલી ભેટની રકમ રૂા. ૧૩૬-૦૦ બાદ કરતાં આ ખાતે વર્ષની આખરે રૂા. ૧૬૨૪-૩૮ની રકમ ઊભી રહે છે.

## વર્ષ દરમિયાન યોજાયેલાં સંમેલનો

(૧) **તા. ૫મી જુલાઈના** રોજ સંઘના કાર્યાલયમાં, સંઘના આશ્રયે "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય રાજકારણ" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૨) **તા. ૨૬ મી જુલાઈના** રોજ ધી ગ્રેન, રાઈસ એન્ડ ઓઈલ સીડઝ મરચન્ટસ એસોસિએશનના હોલમાં, મનાલી બાજુએ આવેલ હનુમાન ટીંબાના શીખરોનું સફળ પર્વતારોહણ કરીને પાછા ફરેલા કુમારી ઉષા ભટ્ટનું તથા ગંગોત્રી બાજુએ આવેલા રૂદ્રઘેરા નામના શીખરનું સફળ આરોહણ કરી આવેલા શ્રી રાજેન્દ્ર દેસાઈને અભિનન્દન આપવાને લગતો એક સમારંભ સંઘના ઉપક્રમે ગોઠવવામાં આવ્યો હતો.

(૩) **તા. ૨૩ મી ઑગસ્ટના** રોજ સંઘના કાર્યાલયમાં, સંઘના ઉપક્રમે "સાંપ્રત રાજકારણ" એ વિષય ઉપર શ્રી. ચીમનલાલ ચકુભાઈ શાહનું જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૪) **તા. ૪ થી સપ્ટેમ્બરના** રોજ સંઘના નવા કાર્યાલયમાં બહેન રેખા દામજીભાઈના હસ્તે કાર્યવાહક સમિતિના સભ્યોની હાજરીમાં કુંભસ્થાપનવિધિ કરવામાં આવી હતી.

(૫) **તા. ૧૦ મી જાન્યુઆરી ૧૯૭૦ના** રોજ સંઘના નવા કાર્યાલયમાં, સંઘના ઉપક્રમે, સ્થાનકવાસી સમાજના સેવાભાવી કાર્યકર શ્રી ગીરધરલાલ દામોદરદાસ દફતરીનું, તેમણે ૭૭ વર્ષ પુરાં કર્યા અને તેમની અખંડ સેવાની કદર રૂપે સ્થાનકવાસી સમાજે તેમને રૂા. ૧,૩૧,૧૧૧-૦૦ની થેલી અર્પણ કરી તેના અનુસંધાનમાં તેમને સન્માનવાને લગતું એક જાહેર સંમેલન યોજવામાં આવ્યું હતું.

(૬) **તા. ૧ લી ફેબ્રુઆરીના** રોજ સંઘના આશ્રયે, સંઘના કાર્યાલયમાં તેરાપંથી મુનિશ્રી નગરાજજીનું "જૈન સમાજની સમસ્યાઓ" એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

(૭) **તા. ૨૪મી ફેબ્રુઆરીના** રોજ સંઘના નવા કાર્યાલયમાં હોમિયોપથીને લગતા ઉપચારકેન્દ્રના ઉદ્ઘાટનને લગતો સીમિત આકારનો એક મિલનસમારંભ સંઘના "શ્રી. પરમાનંદ કાપડિયા સભાગૃહ"માં યોજવામાં આવ્યો હતો, જ્યારે આ ઉપચારકેન્દ્ર

માટે નિયુક્ત થયેલા ડૉ. બહેન પી. જી. સીંધિયાનો પરિચય આપવામાં આવ્યો હતો અને આ સંઘના નવા સાહસને સંપૂર્ણ સફળ બનાવવા પોતે પોતાથી બનતા પ્રયત્નો કરી છૂટશે એવી તેમણે ખાત્રી આપી હતી.

આ હોમીઓપથી ઉપચારકેન્દ્રના અનુસંધાનમાં જણાવવાનું કે કેન્દ્ર ઊભું કરવાનો અને છ મહિના સુધી ચલાવવાનો બધો જ ખર્ચ સંઘના ઉદારદિલ સભ્ય શ્રી દામજી વેલજી શાહે ઉપાડીને સંઘને આ નવી પ્રવૃત્તિ હાથ ધરવાની પ્રેરણા આપી છે અને તે માટે સંઘ તેમનો ખૂબ આભાર માને છે.

(૮) **તા. ૯ મી માર્ચના રોજ**, સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં "આજના રાજકીય પ્રવાહો" એ વિષય ઉપર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું એક જાહેર વ્યાખ્યાન યોજવામાં આવ્યું હતું.

(૯) **તા. ૧૪ મી જૂનના રોજ**, સંઘના આશ્રયે, સંઘના "શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ"માં "આપણી સાધુસંસ્થાના અદ્યતન સ્વરૂપમાં તેમ જ તેના આચારવ્યવહારમાં કોઈ ફેરફારોની આવશ્યકતા છે કે નહિ અને જો હોય તો કેવા ફેરફારો ઈચ્છનીય છે?" એ વિષય ઉપર સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે એક પરિસંવાદ યોજવામાં આવ્યો હતો.

(૧૦) **તા. ૨૮ મી જૂનના રોજ**, મુલતવી રહેલા પરિસંવાદની બીજી સભા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે ભરવામાં આવી હતી.

## રેખા દામજીભાઈ વૈદ્યકીય રાહતકેન્દ્ર

તા. ૬-૯-૬૯ ના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ, શ્રી દામજી વેલજી શાહે સંઘના મકાનફંડમાં આપેલા રૂા. ૫૦૦૦-૦૦ ઉપરાન્ત બીજા રૂા. ૧૦,૦૦૦-૦૦ તેમના મિત્રો પાસેથી મેળવી આપ્યા તેના ઉપલક્ષમાં તેમની પુત્રી બહેન રેખાનું નામ જોડીને (ત્યાર બાદ બહેન રેખાનું તા. ૨૨-૪-૭૦ના રોજ અવસાન થયું છે.) સંઘ તરફથી ચાલતી વૈદ્યકીય રાહતની પ્રવૃત્તિને 'રેખા દામજીભાઈ વૈદ્યકીય રાહત કેન્દ્ર" એ મુજબનું નામ આપવાનો પણ નિર્ણય કર્યો છે.

## સંઘ તરફથી યોજવામાં આવેલ પર્યટન

જાન્યુઆરી માસની તા. ૨૪ શનિવારથી તા. ૨૬ સોમવાર સુધીનું—એમ ત્રણ દિવસનું—એક પર્યટન નાસિક નજીક પણ ગુજરાત રાજ્યમાં દરિયાની સપાટીથી લગભગ ૩૫૦૦ ફીટની ઊંચાઈએ આવેલ 'સાપુતારા' નામના હીલ સ્ટેશન માટેનું—સંઘના સભ્યો તેમ જ તેમના કુટુંબીજનો માટે યોજવામાં આવ્યું હતું. આ પર્યટનને સારી એવી સફળતા સાંપડી હતી.

## સંઘની કાર્યવાહી તેમ જ આર્થિક પરિસ્થિતિ

વર્ષ દરમિયાન સંઘની કાર્યવાહક સમિતિની ૧૩ સભાઓ બોલાવવામાં આવી હતી. સંઘને ગત વર્ષમાં ખર્ચ રૂા. ૧૭,૩૮૦-૪૩ નો થયો છે, આવક રૂા. ૧૧,૪૭૪-૬૮ ની થઈ છે અને સરવાળે રૂા. ૫,૯૦૫-૭૫ ની ખોટ આવી છે. આ ખોટ આવવાનું કારણ, આ વર્ષે મકાનફંડ પણ કરવામાં આવેલ તે છે. આના કારણે સંઘને ભેટની રકમો ઓછી મળવાને કારણે ખોટ આવી છે.

આપણું જનરલ ફંડ રૂા. ૩૨,૩૬૬-૮૪ નું ગયા વર્ષે હતું, તેમાંથી સંઘની ખોટ રૂા. ૫,૯૦૫-૭૫ તથા 'પ્રબુદ્ધ જીવન'ની ખોટ રૂા. ૪,૦૬૬-૭૪ મળી એકંદર ખોટના રૂા. ૯,૯૭૨-૪૯ બાદ કરતા વર્ષની આખરે આપણું જનરલ ફંડ રૂા. ૨૨,૩૯૪-૩૫ નું રહે છે.

આપણું રિઝર્વ ફંડ રૂા. ૨૬,૭૦૪-૮૯ નું છે. આપણું મકાનફંડ રૂા. ૫૮,૨૪૮-૨૫ નું થયું હતું, તેમાંથી રીનોવેશનને લગતો આ વર્ષ દરમિયાન થયેલ ખર્ચ રૂા. ૨૬,૯૦૧-૦૧ બાદ કરતાં આપણું મકાનફંડ રૂા. ૩૧,૩૪૭-૨૪ નું રહે છે. ૧૯૭૦ ના વર્ષમાં પણ રીનોવેશનને લગતા ખર્ચના લગભગ આઠેક હજારના બીલો ચૂકવાયા છે તે અહીં જણાવવું જોઈએ.

આપણું પુસ્તક પ્રકાશન ફંડ ગયા વર્ષે રૂા. ૨,૧૩૨-૭૫ હતું, તેમાં પુસ્તકોના વેચાણના રૂા. ૩૧-૦૦ આ વર્ષે આવ્યા તે ઉમેરતાં વર્ષની આખરે પુસ્તક પ્રકાશન ફંડ રૂા. ૨,૧૬૩-૭૫ નું રહે છે.

શ્રી સંઘે ૪૧ વર્ષ પૂરાં કર્યાં છે.

શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયે ૩૦ વર્ષ પૂરાં કર્યાં છે.

"પ્રબુદ્ધ જીવને" ૩૧ વર્ષ પૂરાં કર્યાં છે.

## સૌ. જસુમતીબહેનનું અવસાન

આ વૃત્તાંત પૂરો કરીએ તે પહેલાં સંઘની કાર્યવાહક સમિતિના સભ્ય સૌ. જસુમતીબહેન મનુભાઈ કાપડિયાનું તા. ૨૬-૫-૭૦ ના રોજ અવસાન થતાં સંઘને એક સેવાભાવી કાર્યકરની ખોટ પડી છે, તે બાબતની અમે ઊંડા ખેદપૂર્વક નોંધ લઈએ છીએ.

## અંતમાં

અંતમાં આપણો સંઘ દિન પ્રતિ દિન સમાજસેવાનાં અને રાષ્ટ્રસેવાનાં સુંદર કાર્યો કરે એવી અમારી શુભ ભાવના છે. સંઘના નવા સ્થળ સાથે કાર્યપ્રવૃત્તિ વિકસે છે. સાથે સાથે, આપણા સૌની જવાબદારી પણ વધે છે. એટલે, અમારો સંઘના સભ્યોને આગ્રહભર્યો અનુરોધ છે કે આપ સંઘને તન-મન-ધનથી ઉપયોગી થાવ એટલું જ નહિ, આપના મિત્ર વર્તુલમાંથી પણ સારી એવી આર્થિક સહાય સંઘને મેળવી આપો જેથી આપણા "પ્રબુદ્ધ જીવન"ની ખોટ હળવી થાય તેમ જ કાર્યક્રમોના નવા આયોજન અમે કરી શકીએ.

ગત વર્ષ દરમિયાન કારોબારીનાં સૌ સભ્યોએ અમને જે સહકાર આપ્યો છે એ માટે અમે તેમનો અંતરથી આભાર માનીએ છીએ. સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલભાઈએ તથા સંઘના પ્રાણસમા મુરબ્બી શ્રી પરમાનંદભાઈએ હંમેશાં પ્રેરણા આપી છે એ માટે આપણો સંઘ તેમનો ખૂબ ઋણી છે. અંતમાં વર્તમાનપત્રો, સામયિકો અને ઈતર શૈક્ષણિક અને સંસ્કાર પ્રવૃત્તિ કરતી સંસ્થાઓએ આપણા કાર્યને અવારનવાર એક યા બીજી રીતે જે ટેકો આપ્યો છે તે માટે એ બધાનો અમે હૃદયથી આભાર માનીએ છીએ.

**ચીમનલાલ જે. શાહ**

**સુબોધભાઈ એમ. શાહ**

**મંત્રીઓ**

## અખિલ-ભારતીય જૈન જનગણના સમિતિનું નિવેદન

જૈન જનગણના સમિતિની અંદર પ્રાંતીય તેમ જ સ્થાનિક ધોરણે સમિતિઓની રચના થઈ રહી છે, અનેક સ્થાનોમાં સમિતિઓ રચાઈ ગઈ છે, તથા રચાઈ રહી છે; સમિતિના હોદ્દેદારો જનસંપર્ક માટે પ્રવાસ ખેડી રહ્યા છે.

જે જે સ્થાનોમાં હજીસુધી સમિતિઓ રચાઈ નથી, ત્યાંના કાર્યકરો, વહેલામાં વહેલાં, પોતાનું કાર્યક્ષેત્ર નિશ્ચિત કરીને, સમિતિઓની રચના કરે, તેમ જ નીચેની બાબતો ઉપર ધ્યાન આપે:

(૧) વસતિ ગણતરી વખતે પોતાની જાતને ફક્ત "જૈન" તરીકે જ નોંધાવવાની છે. ફિરકો, ગોત્ર, જ્ઞાતિ વગેરે બીજી કોઈ બાબતની નોંધ કરાવવાની નથી.

(૨) વસતિગણતરી માટે સરકાર કાર્યકરોની માગણી કરે છે એ માટે આપણે ત્યાંના મુખ્ય વસતિગણતરી અધિકારીઓને સમાજના સ્વયંસેવકોનાં વધુમાં વધુ નામ આપીને, આપણા કાર્યકરો મારફત વસતિગણતરીનું કામ કરવા આપણે પ્રયત્ન કરવાનો છે.

(૩) વસતિગણતરી માટે આવનારા અધિકારીઓની સાથે રહીને આપણા કાર્યકરો અને સ્વયંસેવકોએ એકધારી યાદીઓ તૈયાર કરાવવાની છે કે જેથી એ યાદી સાચી બની શકે.

(૪) એવું પણ સાંભળવામાં આવ્યું છે કે ઘણાંખરાં ગામોમાં વસતિગણતરીના અમલદારો એક જ ઠેકાણે બેસીને આખા ગામની વસતિગણતરીની મનમાની યાદી બનાવી લે છે. આ માટે સમાજે જાગૃત રહીને સાચી યાદીઓ તૈયાર કરાવવી જોઈએ.

દરેક સંસ્થાના મંત્રીશ્રીને વિનંતિ છે કે તેઓ પોતાની સંસ્થા તરફથી પોતાની સંસ્થાના હોદ્દેદારો, કાર્યવાહક સમિતિ કે વ્યવસ્થાપક સમિતિના સભ્યો તેમ જ અન્ય કાર્યકરો ઉપર પત્ર લખીને તેઓને અનુરોધ કરે કે તેઓ આગેવાની લઈને પોતાના શહેર કે ગામમાં જૈન જનગણના સમિતિની રચના કરે અને એની બધી પ્રવૃત્તિમાં પોતા તરફથી હરેક પ્રકારનો સાથ આપે.

અમને પૂરી આશા છે કે જૈન સમાજના પ્રત્યેક કાર્યકર આ મહાન કાર્યમાં પોતાની જવાબદારી સમજીને સાથ આપશે.

ઠે. ૨૦૪, દરીબા કલાં, **સુકુમાર જૈન**

દિલ્હી, ૬ મંત્રી, અ. ભા. જૈન જનગણના સમિતિ

# સંઘની વાર્ષિક સામાન્ય સભા અને ચૂંટણીનું પરિણામ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની વાર્ષિક સામાન્ય સભા તા. ૧૧-૭-૭૦ શનિવારના રોજ સાંજના પાંચ વાગ્યે સંઘના નવા કાર્યાલય–શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ–માં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે મળી હતી.

શરૂઆતમાં સંઘનો વાર્ષિક વૃત્તાંત તથા સંઘ તેમ જ શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ૧૯૬૯ ના વર્ષના ઑડીટ થયેલા હિસાબો રજૂ કરવામાં આવ્યા હતા. આ વાર્ષિક વૃત્તાંત તથા હિસાબો સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યા હતા. ૧૯૭૦ ના નવા વર્ષનું અંદાજપત્ર પણ સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યું હતું.

## ચૂંટણીનું પરિણામ

ત્યાર બાદ સંઘના અધિકારીઓ તથા કાર્યવાહક સમિતિના સભ્યોની ચૂંટણી કરવામાં આવી હતી, જેનું પરિણામ નીચે મુજબ આવ્યું હતું:–

| | | |
|---|---|---|
| ૧ | શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, | પ્રમુખ |
| ૨ | શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, | ઉપપ્રમુખ |
| ૩ | શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ, | મંત્રી |
| ૪ | શ્રી સુબોધભાઈ એમ. શાહ, | " |
| ૫ | શ્રી મફતલાલ ભીખાચંદ શાહ, | કોષાધ્યક્ષ |
| ૬ | શ્રી દામજીભાઈ વેલજી શાહ, | સભ્ય |
| ૭ | શ્રી નીરૂબહેન એસ. શાહ, | " |
| ૮ | શ્રી બાબુભાઈ ગુલાબચંદ શાહ, | " |
| ૯ | શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ, | " |
| ૧૦ | શ્રી ટોકરસી કે. શાહ, | " |
| ૧૧ | શ્રી અમર જરીવાળા, | " |
| ૧૨ | શ્રી દામિનીબહેન જરીવાળા, | " |
| ૧૩ | શ્રી જયન્તિલાલ ફતેહચંદ શાહ, | " |
| ૧૪ | શ્રી ધીરજલાલ ફૂલચંદ શાહ, | " |
| ૧૫ | શ્રી કે. પી. શાહ, | " |
| ૧૬ | શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી, | " |
| ૧૭ | શ્રી કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયા, | " |
| ૧૮ | પ્રો. રમણલાલ ચી. શાહ, | " |
| ૧૯ | શ્રી કુસુમચન્દ્ર ડાહ્યાભાઈ શાહ, | " |
| ૨૦ | શ્રી બસંતલાલ નરસીંહપુરા, | " |

ત્યાર બાદ સંઘના તથા શ્રી. મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલયના ઑડીટર તરીકે મે. શાહ મહેતા એન્ડ કું. ની ૧૯૭૦ ના વર્ષ માટે ચાલુ મહેનતાણાથી સર્વાનુમતે નીમણૂંક કરવામાં આવી હતી.

ત્યાર બાદ શ્રી બાસન્તલાલ નરસીંહપુરાએ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહ જેવા સંઘને પ્રમુખ મળ્યા છે તે માટે સંઘે ગૌરવ લેવું જોઈએ એમ કહ્યું હતું, અને સંઘ જે ધોરણે પ્રવૃત્તિ ચલાવી રહ્યો છે તેને સંતોષપ્રદ અને ગૌરવપ્રદ ગણાવી હતી અને તેમણે એ રીતે પોતાનો આનંદ વ્યક્ત કર્યો હતો–સાથે ટૂંકું પ્રવચન પણ કર્યું હતું અને તેમણે લાયબ્રેરીમાં હિંદી પુસ્તકો સારા પ્રમાણમાં વસાવવા જોઈએ એવી પણ હિમાયત કરી હતી.

ત્યાર બાદ સંઘના ઉપપ્રમુખ શ્રીયુત પરામનંદભાઈએ લાયબ્રેરી વિષે બે બોલ કહ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, શ્રી નરસીંહપુરાની હિંદી પુસ્તકો લાયબ્રેરીમાં બસાવવા વિષેની સૂચના બરાબર છે, પરંતુ હાલતુરત તો આપણે ગુજરાતી વિભાગ વ્યવસ્થિત બનાવવો છે અને તેમાં ઘણાં પુસ્તકો ઉમેરવાના છે-આપણી પાસે ગાંધી સાહિત્ય વિભાગ તથા જૈનધર્મ વિભાગોને લગતાં પુસ્તકો છે તે વિભાગોને પણ અદ્યતન બનાવવાના છે, ત્યાર બાદ હિંદી પુસ્તકો વસાવવા વિષેનો વિચાર અવશ્ય કરીશું. અને હાલ તો લાયબ્રેરીના સંચાલનમાં ચાલુ ખોટ આવે છે એ ઉપરાન્ત આગલા વર્ષોની ખોટ પણ ઊભી છે તેને લક્ષ્યમાં લઈને થોડા સમયમાં લાયબ્રેરી માટે એકાદ નાટકનું આયોજન કરીએ તો તેની આવક થાય તે દ્વારા લાયબ્રેરીના ખર્ચ વિષે નિશ્ચિન્ત બની શકીએ, તો આવો વિચાર પણ ચાલી રહ્યો છે. બધા મિત્રોના સહકારથી આપણે આવી વિશાળ જગ્યા પ્રાપ્ત કરી શકયા છીએ એટલે લાયબ્રેરીનો ધારીએ તેટલો વિકાસ કરી શકીએ એમ છીએ અને વ્યવસ્થિત તેમ જ અદ્યતન બનાવી શકીએ તેમ છીએ. હવે આપણો બધાનો પ્રયત્ન એ બાજુએ હોવો જોઈએ. આ ઉપરાંત સંઘની પ્રવૃત્તિઓમાં બધા જ સભ્યોનો જે રીતનો સાથ અને સહકાર મળી રહ્યો છે અને કોઈ પણ જાતના વિઘ્ન વિના સરળપણે કાર્ય ચાલી રહ્યું છે તે પ્રત્યે પોતાનો પૂર્ણ સંતોષ અને ખુશાલી વ્યક્ત કરી હતી.

ત્યાર બાદ સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી. કે. પી. શાહ તાજેતરમાં તેમના પત્ની સાથે જાપાનનો પ્રવાસ કરી આવ્યા તેને લગતા પોતાના અનુભવો તેમની આગવી શૈલીમાં વ્યક્ત કર્યા હતા અને હાજર રહેલા સભ્યોને આથી જાપાન વિષેની રસપ્રદ માહિતી સાંપડી હતી.

ત્યાર બાદ કાર્યવાહક સમિતિના બીજા એક સભ્ય શ્રી. જ્યંતિલાલ ફતેહચંદ શાહ, પોતાના કુટુંબ સાથે તાજેતરમાં જાપાન તેમ જ યુરોપના બીજા પાંચ રાષ્ટ્રોનો પ્રવાસ કરી આવ્યા હોઈ તેમણે પણ ટૂંકમાં પોતાના અનુભવો રજૂ કર્યા હતા.

ત્યાર બાદ સંઘના એક સભ્ય શ્રી. મદનલાલ ઠાકોરલાલ શાહ જેઓ પણ તાજેતરમાં યુરોપના ૧૪ રાષ્ટ્રોનો પ્રવાસ કરી આવ્યા હોઈ તેમણે બે શબ્દો કહ્યા હતા અને પોતાની નાદુરસ્ત તબિયતના કારણે તેમના અનુભવો બીજા કોઈ અનુકૂળ સમયે જણાવવા કહ્યું હતું. ત્યાર બાદ અલ્પાહાર સાથે આનંદિત વાતાવરણ વચ્ચે સભા વિસર્જન કરવામાં આવી હતી.

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ,

## ધન્ય જયપ્રકાશજી !

મુઝફ્ફર જિલ્લાના સર્વોદયના બે આગેવાન કાર્યકરો - બદ્રીબાબુ અને ગોપાલજીબાબુ ઉપર નક્ષલવાદીઓએ તેમના ખૂન કરવાના ધમકીપત્રો મોકલ્યા છે. આ વાતની જાણ થતાં જ અખિલ ભારત શાંતિમંડળના પ્રમુખ શ્રી જયપ્રકાશજી પોતાના બધા જ કાર્યક્રમો રદ કરીને ત્યાં પહોંચી ગયા અને ગર્જના કરી છે કે "કોઈ એમ ન સમજે કે અમે ધમકીઓ અને ખૂનથી ડરવાના છીએ, અમે તો લગાતાર ફરતા રહીએ છીએ, જે કોઈ ઈચ્છે તે ગમે ત્યારે અમને મારી શકે છે. સલામતીની આટઆટલી વ્યવસ્થા છતાં યે જ્યારે ગાંધીજી અને કેનેડી જેવાને ન બચાવી શકયા ત્યારે ખૂન કરવા તત્પર બનેલા માણસ પાસેથી બીજાનો બચાવ કયાં સુધી થઈ શકશે? અમને અમારું ખૂન થાય તેની જરાયે ચિન્તા નથી. અમને જ્યાં સુધી બચાવવા માગશે ત્યાં સુધી ભગવાન બચાવશે, જ્યારે મારવા ઈચ્છશે ત્યારે મારશે." અને તેમણે બિહાર સરકાર તરફથી તેમની ચાંપતી રક્ષાવ્યવસ્થા કરી છે તેનો પણ સખત વિરોધ કરીને બિહારના મુખ્ય પ્રધાન શ્રી. દારોગાપ્રસાદ રાયને એ રક્ષણવ્યવસ્થાને પાછી ખેંચી લેવા અનુરોધ કરતો એક પત્ર પાઠવ્યો છે અને તેમાં તેમણે જણાવ્યું છે કે "મારી સાથે મારા વાહનમાં સંરક્ષણ માટેના કોઈ અધિકારીને હું બેસવા દઈશ નહીં કે તેમને મારા કેમ્પમાં કે મારા નિવાસસ્થાનમાં ઉતારો કરવા દઈશ નહીં." અને એ ઉપરાંત તેમણે એ પત્રમાં એમ પણ જણાવ્યું છે કે "મને કંઈ પણ થશે તો તેની સમગ્ર જવાબદારી મારી પોતાની રહેશે. આના માટે મારા સગા કે કુટુંબીજનો બિહાર સરકારને કે કેન્દ્ર સરકારને જરાપણ જવાબદાર ગણશે નહીં તેની હું પોતે ખાતરી આપું છું."

ઉપરોક્ત જયપ્રકાશજીનું નિવેદન વાંચ્યા પછી એમ લાગે છે કે ગાંધીજીની તપશ્ચર્યા તદ્દન એળે નથી ગઈ. તેમની પ્રણાલીને સાચવી રાખવાવાળી એકાદ વ્યક્તિ પણ હયાત છે.

આજના હતાશાભર્યા વાતાવરણમાં જયપ્રકાશજીએ આ જાતનું નિવેદન કરીને સાચા ગાંધી–અનુયાયીની પ્રતીતિ કરાવતાં આપણા મનમાં તેમના વિષેનો આદર અનેકગણો વધી જાય છે અને તેઓ કોટિ કોટિ અભિનંદનના અધિકારી બને છે. આ રીતે તેમને અનુસરનારા બીજા સેવકો પણ અવશ્ય નીકળશે જ અને ગાંધીયુગની ઝાંખી પડેલી જ્યોત પુન: પ્રજ્જવલિત થશે. નકસલવાદ જેવી ભયંકર પ્રવૃત્તિનાં મૂળિયાં ભારતમાંથી ઉખેડી નાખવાનો યશ જયપ્રકાશજીને મળે એવી અંતરની પ્રાર્થના છે.

શાન્તિલાલ ટી. શેઠ

# કોમી સંઘર્ષો પેદા કરતાં કારણોની મીમાંસા

(૧૬મી જૂનના અંકથી ચાલુ)

૧૯૪૭માં હિંદુ-મુસ્લિમ વૈમનસ્યના કારણે ભારતના ભાગલા થયા. તે પછી એમ હતું કે એ બંને અલગ થયેલા દેશોમાં એક પ્રકારનું રાષ્ટ્રીય જીવન શરૂ થશે અને પાંગરશે. એટલે કે ભારતનો હિન્દુ કે મુસલમાન પોતાને ભારતીય ગણશે અને પાકિસ્તાનનો મુસલમાન કે હિન્દુ પોતાને પાકિસ્તાની ગણશે અને ભગવાન ન કરે, પણ ભારત-પાકિસ્તાન વચ્ચે કદાચ લડાઈ જાહેર થાય તો ભારતીય મુસલમાન તેમ જ પાકિસ્તાની હિંદુ પોતપોતાની માતૃભૂમિ માટે લડશે. હું સમજું છું કે આ સહેલું નથી. કારણ કે સંબંધો એટલા નજીકના છે કે એક બીજા તરફ મન ખેંચાયા સિવાય રહે નહીં. સાચું પૂછો તો ભારત-પાકિસ્તાનના ભાગલા જ અકુદરતી છે. કેટલાય મુસલમાનોના કુટુંબીજનોમાં અડધા પાકિસ્તાની અને અડધા ભારતીય હશે. આ જ રીતે કેટલાય હિન્દુઓના કુટુંબમાં અડધા ભારતીય અને અડધા પાકિસ્તાની હશે. એટલે ખરેખર જ આપણે અલગ રાષ્ટ્ર તરીકે રહેવું હોય તો આપણા અંતરની તદ્દન સ્વાભાવિક ઊર્મિઓને કેળવીને આપણાં મનમાં આ નવાં ઉત્પન્ન થયેલાં રાષ્ટ્રોની અલગ અલગ રાષ્ટ્રીયતા કેળવ્યા સિવાય છૂટકો નથી. અને જેવી અલગ રાષ્ટ્રીયતા કેળવાય તેવું જ અલગ અલગ રાષ્ટ્રોના નાગરિકો બે ભાઈઓ હોય તો પણ તેમણે પ્રસંગ પડયે એક બીજાની વિરુદ્ધ લડવું પણ પડે. ભારત અને પાકિસ્તાન સંપથી રહે એવું સૌ કોઈ ઈચ્છે, પરંતુ ધારો કે બંને રાષ્ટ્રો વચ્ચે, રાષ્ટ્ર તરીકે સંપ ન રહી શકતો હોય અને એક બીજા વિરુદ્ધ લડાઈ જાહેર કરવા પર પરિસ્થિતિ પહોંચે તો સ્પષ્ટ છે કે ભારતીય મુસ્લિમોએ ભારત તરફ રહી પાકિસ્તાન વિરુદ્ધ અને બીજી બાજુ પાકિસ્તાની હિન્દુઓએ પાકિસ્તાન તરફ રહી ભારત વિરુદ્ધ લડવું જ પડે. આપણી પાસે યુનાઈટેડ સ્ટેટસનો દાખલો છે. ત્યાંની મૂળ વસતિ તો જે કાંઈ હતી તે લગભગ નાબૂદ કરી નાખવામાં આવી છે જ્યારે જે બહારથી આવ્યા તે કોઈ એક રાષ્ટ્રના નાગરિકો ન હતા. તેમાં અંગ્રેજ, ફ્રેન્ચ ડચ, પોલીશ, જરમન એમ ઘણા રાજ્યોનો શંભુમેળો હતો. અમેરિકાનો આ શંભુમેળો પણ એક દિવસ સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે જાહેર થયો અને એ બધાં પોતાની એકરાષ્ટ્રીયતા કેળવવામાં મશગૂલ થઈ ગયા. એમને એ બાબતમાં ઠીક ઠીક સફળતા પણ મળી. પરંતુ વર્ષો પછી પણ જ્યારે બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું અને બ્રિટનના પક્ષે ઊભા રહીને જર્મની તથા ઈટલી સામે લડવાનો આ નવા રાષ્ટ્ર અમેરિકાને પ્રસંગ પડયો ત્યારે અમેરિકાના જર્મન લોહીમાં પરંપરાગત જર્મની તરફના કુદરતી તત્ત્વોમાં-ભલે આપણે ત્યાં છે તેટલા પ્રમાણમાં નહીં-પણ સળવળાટ થયો. જરૂર, એટલા માટે અમેરિકન ફિલ્મોમાં એની વિરુદ્ધ અને એ રાષ્ટ્રીયતાને ઊગતી જ દાબી દેવા કેળવણી પણ શરૂ થઈ! હવે આ તો પ્રજા કેળવાયેલી છે, વર્ષો પણ ઠીક ઠીક વીત્યાં છે અને ધાર્મિક ઝનૂનને અવકાશ નથી, ત્યાંની પણ આવી દશા છે તો આપણે તો હજી સ્વતંત્ર, તેમ જ નવાં રાષ્ટ્રો તરીકે બાવીસ વર્ષ વીતાવ્યાં અને તે પણ એક બીજા પ્રત્યેના વૈમનસ્યમાંથી પેદા થયેલ રાષ્ટ્રો છીએ તેવી પાર્શ્વભૂમિમાં પેદા થયેલાં રાષ્ટ્રો!! ધીરજનું કામ છે, સબ્રો-ઈસ્તકલાલનું કામ છે. જીવતાં રહીને દુનિયાની પ્રગતિમાં આપણો ય હિસ્સો નોંધાવવો હોય તો ઘણી બાંધછોડનું કામ છે. એટલે જે સમજે તેમણે આ જ ક્ષણથી અપણી રાષ્ટ્રીયતાના ઘડતર અને ચણતર માટે પોતાનો હિસ્સો નોંધાવ્યે જ છૂટકો છે. વળી અલગ રીતે જોઈએ.

મેં ઘણા હિંદુઓને કહેતાં સાંભળ્યા છે: "આપણા દેશમાં મુસલમાનોની આવી દાદાગીરી ચાલી ન શકે." આ આખી વિચારણા અણસમજ ઉપર રચાયેલી છે. "આપણો દેશ" એટલે કોનો દેશ? આપણામાં ખ્રિસ્તીઓ આવી ગયા? પારસીઓ આવી ગયા? યહુદીઓ આવી ગયા? જૈનો, બૌદ્ધો, શીખો આવી ગયા? અને તેથી આગળ વધીને કલ્પનાના પાયા પર રચવામાં આવેલી આ બધી ખખડધજ ઈમારતોમાંથી એકમાંય જેનો વાસ નથી એવા 'નાસ્તિકો' આવી ગયા? અને આ બધા આવી ગયા તો મુસલમાનો કેમ ન આવી ગયા? અને આખરે આજે જે મુસલમાન છે તે કાલે ઈસાઈ, જૈન કે હિન્દુ થઈ શકે કે નહીં? કોઈ જૈન, મુસલમાન કે વૈષ્ણવ થઈ શકે કે નહીં? આવું તો ઘણું થાય. વિચાર એ કાંઈ ફિક્સ્ડ ડિપોઝીટમાં મૂકેલ રકમ નથી, તે પરિવર્તનશીલ છે. પરિસ્થિતિ તો એ છે કે આવા બાલિશ ઝઘડાઓ જો થતાં જ રહેશે તો એ સમય દૂર નથી કે જ્યારે સમજદારો, પેલા ધાર્મિક વૈજ્ઞાનિકોના કલ્પનાના ઘોડાઓ પરથી ઊતરી માત્ર ધર્મના નીતિનિયમો પર આધારિત ભાગ પર જ શ્રદ્ધા રાખતા થઈ જશે અને સાવ ન કાઢી નાખવા જેવો એક ભય તો એ છે કે કદાચ હવે પછીની પેઢી આપણા આવા ઝઘડાઓ જોઈને પેલા નીતિ નિયમોના ઠોસ કાર્યક્રમનેય ફગાવી દે? અને આમ થયું તો સર્વનાશને નોતર્યા સિવાય આરો નહીં રહે. ઈસ ઘરકો આગ લગેગી ઘરકે ચિરાગ સે. પણ આ ભારત દેશમાં મુસલમાનો શા માટે નહીં એ અંગેનું કેટલાકનું મંતવ્ય હું જણાવતો હતો. જેની સમજ સાવ મર્યાદિત છે તેવા ઘણી વાર આમ કહેતા હોય છે: "એ લોકો માંસાહારી અને આપણે શુદ્ધ શાકાહારી-આપણે કેમ સાથે રહી શકીએ?" ભારતમાં કોણ માંસાહારી નથી? જૈનો અને વૈષ્ણવોને છોડીને એવો ઘણો નાનો વર્ગ છે કે માંસાહારી નહીં હોય. એટલે માંસાહારના કારણે જ ભારત પર અમુક લોકોનું વર્ચસ્વ સ્થાપવું હોય તો આ દેશને પાંચ દશ કરોડ શાકાહારીઓને હવાલે કરીને બીજાઓએ નીકળી જવું પડશે. પરંતુ આ વાત તો એટલી સ્પષ્ટ છે કે તરત જ ગળે ઊતરી જાય છે. એટલે દલીલ આગળ વધે છે: "અરે ભાઈ, સમજ્યા કે માંસાહાર તો બહુ મોટો ભાગ કરે છે પણ આ મુસલમાનો તો ગૌમાંસ પણ ખાય છે!" આમાં પણ સમજની મર્યાદા જ કામ કરે છે, આ દેશમાં ખ્રિસ્તીઓની વસતિ પણ ઠીક ઠીક છે અને ઠીક ઠીક ઝડપે વધતી જાય છે. ખ્રિસ્તીઓ પણ ગોમાંસ ખાય છે. બીજી બાજુ હિંદુઓમાંથી ઘણાં હરિજનો ગોમાંસ અને તેમાંય મુડદાલ ગોમાંસ ખાય છે! હવે જો ખ્રિસ્તીઓ કે હરિજનો સાથે લડાઈ નથી તો આ કારણસર એકલા મુસલમાનો સાથે કેવી રીતે લડી શકાય? વળી કેટલાકને એમ પણ કહેતાં સાંભળ્યા છે કે મિયાં - મહાદેવનો મેળ ન ખાય. આપણે પૂર્વમાં નમીએ તો એ પશ્ચિમમાં નમે! આમાં પણ સમજની મર્યાદા નડે છે. મુસલમાનો પશ્ચિમમાં નમે છે એમે ય નથી, એ કાબા તરફ મોઢું રાખીને નમતા હોય છે અને કાબા એટલે મક્કા-ભારતની પશ્ચિમે છે. જૈનોમાં સિદ્ધક્ષેત્ર પાલીતાણા તરફ મોઢું રાખીને દર્શન કરવાનો રિવાજ છે. આમાં જો બંગાળમાં રહેનાર જૈન દર્શન કરવા ઈચ્છતો હોય તો જરૂર તેને પશ્ચિમમાં નમવું પડે: મદ્રાસમાં રહેનાર જૈન ઉત્તરમાં નમે અને શ્રીનગરમાં રહેના જૈન દક્ષિણમાં નમે, જ્યારે અમેરિકા ગયેલા કોઈ જૈનમાં સિદ્ધક્ષેત્ર તરફના દર્શનની શ્રદ્ધા બાકી રહી હોય તો તેને પૂર્વમાં નમવું રહ્યું. આવી જ પરિસ્થિતિ મક્કા કે કાબા તરફ મોઢું રાખીને નમવાવાળાની સમજવી. એમાં પશ્ચિમ કે પૂર્વ તરફ મોઢું રાખીને નમવાનો સવાલ જ નથી. આ દાખલો તો આપણે ગેરસમજની ગૂંચોમાં કેવા ફસાયેલા રહીએ છીએ તેનો છે, પણ આથી આગળ વધીને એમ પણ કહી શકાય કે ધારો કે એવો પૂર્વ-પશ્ચિમનો ભેદ હોય તો ય કોઈને શી રીતે નડે? ઊલટું સમજ તો એવી થઈ શકે કે ખેર! સારું થયું કે કોઈ પશ્ચિમ બાજુ મોઢું કરીને પણ ભજન કરે છે. એટલે હવે બંને દિશાઓ પાક- પાવન થઈ જશે. એકબીજાના રીતરિવાજોનું જરા આછકલું જ્ઞાન મેળવીએ તો પણ એ રીતરિવાજો પાછળ શો હેતુ સમાયેલો છે તેની સમજ પડે અને તો ધાર્મિક ઝનૂનના કારણે ઉત્પન્ન થતાં આવાં ભયાનક અને સાવ અધાર્મિક પરિણામોથી બચી શકાય.

મુસલમાનોમાં એમ કહેવાય છે કે 'લા ઈલા હી ઈલ્લિલાહ' એક અલ્લાહ જ પૂજવા લાયક છે અને એના સિવાય બીજું કોઈ પૂજવા લાયક નથી. આ માન્યતાના પરિણામ સ્વરૂપ એમને હિંદુઓના 'તેત્રિસ કોટી દેવતાઓ' તરફ નફરત જાગે છે. રામધૂનમાં 'ઈશ્વર અલ્લાહ તેરે નામ' ગાતાં એમને શરમ આવે છે, સંકોચ અનુભવે છે; એમ કરવામાં કુફ્ર (નાસ્તિકતા) લાગે છે. ભાષા ભાષાનો સવાલ છે, રીતરિવાજનો સવાલ છે. આખર તો ઈશ્વર - અલ્લાહને કોઈએ જોયા નથી. એ બધું કલ્પનાનું સર્જન લાગે છે. આપણા

સુખદુ:ખમાં અને આપણા વ્યવહાર ચલાવવામાં આપણને ઉપયોગી થઈ પડે એટલે દિલ બહેલાવવા માટે એ ખ્યાલ સારો છે. પરંતુ તેથી વધુ અલ્લાહ કે ઈશ્વરને નામે કોઈ ગેરસમજ ખડી કરવાની જરૂર દેખાતી નથી. ઈશ્વર અને અલ્લાહને નામે કે એ બંન્નેને અનેક અનુકૂળ નામે પોકારવામાં કોઈ નાસ્તિકતા, કોઈ કુફ્ર લાગવાં જોઈએ નહીં, શરમ અનુભવવી જોઈએ નહીં, કે તેમ કરનારાઓ તરફ કોઈ નફરત પેદા થવી જોઈએ નહીં. સૌથી હેરતની વાત તો એ છે કે દુનિયાભરનાં પાપ કરવા છતાં ય હિન્દુ કે મુસલમાન જ્યારે પણ ધર્મના કલ્પના બાજુના ઘોડા પર સવાર હોય છે ત્યારે એકબીજાને સાંખી નથી શકતા, સહન નથી કરી શકતા!

છતાં આટલું સ્પષ્ટ છે કે કદાચ તરેહતરેહની આ કલ્પનાઓમાંથી કોઈ એકાદ કલ્પના સાચી પણ હોય. પણ તો પછી જે કલ્પના સાચી હોય તેનાથી વિરુદ્ધની કલ્પના સાચી ન હોય. બાકીની બધી કલ્પના, કલ્પના જ રહે. તો પછી દરેક ધર્મના અનુયાયીઓએ એવો ઘમંડ લઈને ફરવાની શી જરૂર છે કે મારા જ પયગંબરે, અવતારે કે તીર્થંકરે કરેલી કલ્પના જ સાચી છે અને બીજી બધી જૂઠી છે? મારું તો એમ કહેવું છે કે ધર્મની આ કાલ્પનિક બાજુને જો એકવાર બાજુએ મૂકી દેવામાં આવે અને ધર્મની જે નક્કર બાજુ છે, જેને બધા જ ધર્મો એકમતે સ્વીકારે છે - સત્ય, અહિંસા, અસ્તેય, બ્રહ્મચર્ય અને અસંગ્રહ - આ પાંચના પાલન માટે બધા જ ધર્મના ધર્મગુરુઓ ભેગા મળીને પોતપોતાનો સાંપ્રદાયિક અહં છોડીને પોતાના અનુયાયીઓને સજાગ કરી દે તો સંભવ છે કે, ધર્મના નામે આજે જે પાખંડ ચાલી રહ્યાં છે અને એના કારણે ખુદ ધર્મનો જ ભોગ લેવાઈ રહ્યો છે તે બંધ થઈ જશે અને ધર્મના નામે આચરાતાં આવાં પીશાચી કૃત્યોમાં લોકોને રસ નહીં રહે.

આપણે આચરેલી નરાધમતાનું એક બીજું પાસું પણ છે. દરેકે દરેક ધર્મમાં પાપનું કૃત્ય અને તે પાપ કરવાની ભાવનાને સમાન ગણવામાં આવ્યાં છે. ખરાબ, દોષિત ભાવનાઓના કારણે જો કાંઈ કર્મબંધ થતો હોય, પાપ આચરાતું હોય તો કોઈએ કદી એ પણ વિચાર્યું છે કે "સા ... ને કાપી જ નાખવા જોઈએ, મારી જ નાખવા જોઈએ." એમ બોલવા કે વિચારવા માત્રથી પણ આપણાં મનોવ્યાપારોમાં ઉત્પન્ન થતાં મનોમાલિન્યને કારણે કર્મબંધ થઈ જ જાય છે? પાપ આચરાઈ જ જાય છે? અને આ શું આટલેથી અટકે છે? આવું બોલનારાં માબાપોને જ્યારે તેમનાં બાળકો સાંભળે તેમ જ લૂંટાલૂંટમાં અહીંતહીંથી જાતજાતનો માલ લઈ આવીને ઘરમાં સંઘરાતાં જુએ અને માબાપને બાળકો આવાં કામો કરી લાવે તેવું પ્રોત્સાહન આપતાં જુએ તો એ સંસ્કારમાં ઊછરેલી ભાવિ પેઢી - અદત્તાદાન અને પરાયું ધન હરામ છે; એક ધાગા ભી કૈસા? અલ્લાહ મિયાંકી ચોરી કરકે કહાં જાયેંગે? વાળી સુફિયાણી વાતો માનશે? એટલે બદલાની ભાવના, લોભમાં પરિણમી માત્ર આત્મઘાતક નીવડશે એટલું જ નહીં, ભાવિ પેઢીઓના સંસ્કાર - આંબાના મૂળિયાંને પણ ખાતરને બદલે એસિડની બાટલી જ ભાગ્યમાં રહેશે.

કેટલાક લોકોને એમ કહેતાં સાંભળ્યા છે કે ભગવાન રામચંદ્રે પણ બદલો લીધો હતો અને મોહંમદ સાહેબે પણ લડાઈઓ કરી હતી. અરબી કે સંસ્કૃત વાંચતાં આવડે એટલે શયતાન પણ કલમો પઢે અને ગીતા પાઠ કરે! ભગવાન રામચંદ્રનો બદલો અને મોહંમદ સાહેબની લડાઈઓ સાથે પોતાનાં હિચકારા કૃત્યોને સરખાવતાં ય શરમાતા નથી! આપણે ભગવાન રામચંદ્રનો દાખલો લઈએ, સવારે જ્યાં રાજ્યાભિષેકની તૈયારીઓમાં લોકમાનસ ડૂબ્યું હતું ત્યાં જ ભગવાન રામચંદ્રને લક્ષ્મણ - સીતા સાથે વનમાં જતાં જોવાનું સાંપડ્યું! વનમાં રાવણ સીતાનું હરણ કરી ગયો, ભગવાનને કાળ વ્યાપી ગયો. તદ્દન લૌકિક વ્યવહારમાં જેને બદલો કહીએ છીએ તેવો બદલો લેવાનું વિચાર્યું. સીતાને રાવણ ઉપાડી ગયો છે તેની જાણ જટાયુ પાસેથી મેળવી ગુનેગારો અંગે ચોકસાઈ કરી. પણ એ પછી એમણે શું કર્યું? આજુબાજુના કોઈ એકલ દોકલ રાક્ષસને મારવાનો એમણે પ્રયત્ન તો ઠીક વિચાર સુદ્ધાં પણ કર્યો કે એની પત્નીને પોતે ઉઠાવી લાવવાનો વિચાર કર્યો? ભગવાન તો સીધા લંકા ગયા, લંકા જઈને પણ રાવણની પત્ની મંદોદરીને ઉઠાવવાની ઈચ્છા ય ન કરી. એમણે તો રાવણનો જ નાશ ઈચ્છયો અને તેમાં ય વિભિષણ જેવા ભકત રાક્ષસને તો સહારો આપ્યો. આપણા હિચકારા અને કાયર ઝઘડાઓને એકવાર રામ - રાવણ યુદ્ધ ગણીએ તો બંને કોમોના વિભિષણોને પણ આપણે તો બાકાત ન રાખ્યા! ભગવાન રામચંદ્ર કે મોહંમદ સાહેબે લીધેલા બદલા - ઈન્તકામ અને આપણે જે બદલાની વાતો કરીએ છીએ એમાં જમીન આસમાનનો ફરક દેખાય છે કે નહીં? અને ભાઈ, બદલાનો કોઈ અંત નથી.

બદલાનો કોઈ અંત નથી, વેરથી વેર શમ્યાના કોઈ દાખલા નથી, જ્યારે પ્રેમ આગળ ચંડકૌશિક નાગનું ઝેર પણ શમી ગયું છે, રાણે મોકલ્યો વિષનો પ્યાલો અમૃત થયો છે અને ઈશુના "સ્વર્ગમાં રહેલા ઓ મારા પિતા તું એમને માફ કરજે, કારણ કે તેઓ શું કરે છે તે તેઓ સમજતા નથી" એ વચનોએ દુનિયાને સદીઓ સુધી હલાવી છે. આવા તો અનેક દાખલા ધર્મોમાં છે. ધર્મોમાં આટલાં પાખંડ હોવા છતાં આજે પણ જો ધર્મતત્ત્વ ટકી રહ્યું હોય તો તેનું કારણ પણ આપણા સંતોનું પ્રેમમય જીવન જ છે, નહીં કે મારો મારોના પુકારો! મંદિરના મસીદમાં અને મસીદમાંના મંદિરમાં ફેરફારો! કે નિર્દોષ માસુમોની કત્લેઆમ! આવાં જ કારણોસર ધર્મનો ઝંડો, ઊંચો રહેતો હોય તો ભરવસ્તીમાં હીરોસીમા કે નાગાસાકીમાં નંખાયેલ એકાદ બોમ્બની જ જરૂર છે! પણ સમાજનું એક સમજુ માનસ હોય છે. જ્યારે સમજદારીનો અંશ ઓછો થશે ત્યારે બેસમજ આપણા પર સવાર થઈ જશે અને જરૂર આ દુનિયાનો અંત આવશે. આમાં ય દુ:ખનો વિષય તો એ છે કે બેસમજ અને ગુંડાગીરી સંગઠિત છે, જ્યારે સમજદારીમાં વીરોચિત કર્તવ્યપાલન તરફનો ઝુકાવ ઓછો જોવા મળે છે.

જો આપણે રાષ્ટ્ર તરીકે ઊંચું માથું કરવું હોય અને માનવજાતની ઉન્નતિમાં પોતાનો સક્રિય ફાળો આપવો હોય તો આ ધાર્મિક બાલિશતામાંથી ઊગરવું જ રહ્યું. પસંદગી આપણા હાથમાં છે. જીવવું કે મરવું, એ આપણા ખુદ પર આધારિત છે. શયતાન ને ઈશ્વર વચ્ચેની પસંદગી આપણે જ કરવાની છે. શયતાન પાસે તો પ્રલોભનોની કોઈ મર્યાદા નથી, જ્યારે ખુદા તો દિશા - સૂચનથી સંતોષ માનશે. રોજ રોજ બૂરા કામોમાં ખૂંપાયેલાઓએ હવે શયતાનને વગોવવો શોભતો નથી.

હંસી આતી હૈ મુઝે હઝરતે ઈન્સાન પર;
બદકામ તો ખુદ કરે, લાનત પડે શયતાન પર.

तुम्हेहि किच्चं आतप्पं अक्खातारो तथागता ।

"તમારે જ પ્રયત્ન કરવો જોઈએ. તથાગતો તો માત્ર કહેનારા છે."

એટલે આપણે જાગવું રહ્યું. કોઈના ય પર આધાર રાખવા કરતાં સમજદારોએ સંગઠિત થઈને દાવાનળને હોલવવો રહ્યો.

સવારના ચાર થઈ ગયા છે, હવે પૂરું કરું છું. અલગ અલગ સંપ્રદાયોની દૃષ્ટિએ હું એક "નાસ્તિક, કાફિર, અભવી અને મિથ્યાદૃષ્ટિ" જીવ છું, છતાં ચેન નથી. માનવ માનવ વચ્ચેના સંઘર્ષો ઓછા થાય, નાબૂદ થાય તે દૃષ્ટિએ કદાચ ઉપયોગી નીવડશે, એમ ધારીને જ નીંદ હરામ કરી છે. કોઈ ને ય આથી મનદ:ખ થાય તો ક્ષમા કરે પણ મારી દૃષ્ટિએ આજ તો બીજો રસ્તો દેખાતો નથી. એટલે મારી વાત જેને પોતાની લાગે તેઓ તેનો પ્રચાર કરે, અન્યથા વિચારોની આપલે કરે અને મારો વિચારદોષ બતાવે એવી વિનંતી છે.

સમાપ્ત ચીનુભાઈ ગી. શાહ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૭

# પ્રબુદ્ધ જીવન

મુંબઈ, ઓગસ્ટ ૧, ૧૯૭૦, શનિવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ રાજકારણના રંગો ☆

શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પોતાના પ્રધાનમંડળમાં ઘણા ફેરફારો કર્યા. આ ફેરફારોથી મંત્રીમંડળની કાર્યક્ષમતા વધી નથી તેમ કોઈ નવી શકિતશાળી વ્યકિતઓ આવી નથી. ગંજીપાનાં પાનાંની પેઠે, પોતાની મરજી પ્રમાણે રોકટોક વિના, તેઓ પ્રધાનોની અદલબદલ કરી શકે છે અને પોતે સર્વોપરી નેતા છે તેટલું તેમણે પુરવાર કર્યું છે. પોતાની જાતને અવિચળ માનતા હતા - ચવ્હાણ, ફખરૂદીન કે દિનેશસીંગ–તેમને તેમના સ્થાનનું ભાન કરાવ્યું; વફાદારો–જગજીવનરામ, સવર્ણસીંગ–ને બઢતી આપી; ઊંચા–નીચા થનારાઓને ચેતવણી આપી અને Nerve Centres પોતાના હાથમાં લઈ પોતાની સત્તા વધારી. કોઈને સત્તા છોડવી નથી એટલે બધાએ આદેશો સ્વીકાર્યા. પરસ્પર વિશ્વાસ કે પ્રેમ ઓછા થયા, અસંતોષ વધ્યો, ભયથી સાથે રહ્યા. પરિણામે ઈન્દિરા ગાંધી વધારે એકલાં પડયા. સેવાને બદલે સત્તાને પ્રધાન્ય મળે ત્યારે આવું જ કાંઈક થાય.

ઈન્દિરા ગાંધીની વધતી જતી સત્તાએ વિરોધી દળોને જાગ્રત કર્યા છે. સંસ્થાકીય કૉંગ્રેસે દેશને અને લોકશાહીને બચાવવાની હાકલ કરી છે અને તે માટે ઈન્દિરા ગાંધીને હટાવવા, બીજા દળોને ભવ્ય જોડાણ માટે આમંત્રણ આપ્યું છે. પણ સ્વતંત્ર પક્ષ અને જનસંઘ સિવાય બીજો કોઈ પક્ષ સંસ્થાકીય કૉંગ્રેસ સાથે જોડાવા તૈયાર નથી. સ્વતંત્ર અને જનસંઘે ઉત્સાહપૂર્વક આ આમંત્રણ સ્વીકાર્યું છે. આવા જોડાણથી સંસ્થાકીય કૉંગ્રેસના ભોગે, આ બન્ને પક્ષોને લાભ જ છે. રાજગોપાલાચારીએ જાણે તેમના જીવનની સૌથી ધન્ય પળ આવી હોય તેમ સ્વતંત્ર પક્ષને આ 'યુદ્ધ'માં જોડાવા આદેશ આપ્યો છે. જીવનભરના દુશ્મન કામરાજમાં તેમને હવે પરિવર્તન દેખાય છે. ૯૧ વર્ષની ઉંમરે, જે ભજગોવિન્દમ્ ઉપર પોતે સુન્દર વિવેચન કર્યું છે તેનું સ્મરણ કરવાને બદલે, રાજકારણના કાદવથી પોતાના આત્માને ખરડતા રહેવાનું આ મહાબુદ્ધિશાળી પુરૂષે પસંદ કર્યું છે. ઈન્દિરા ગાંધીને હીટલર સાથે સરખાવી અંતરમાં જેટલા દ્વેષ અને ઈર્ષ્યા ભર્યાં હતાં તે બધાં તેમણે ઠાલવ્યાં છે. મોરારજીભાઈને જનસંઘ હવે કોમવાદી સંસ્થા નથી લાગતી; સ્વતંત્ર પક્ષની નીતિમાં તેમને પરિવર્તન દેખાય છે. મોરારજીભાઈ તો આવા જોડાણની હિમાયત કૉંગ્રેસમાં ભંગાણ પડયું ત્યારથી કરતા જ આવ્યા છે. ઈન્દિરા ગાંધીને હટાવવાનો કોઈ માર્ગ હોય તો આવા જોડાણથી કદાચ સફળતા મળે. કોઈ ચોક્કસ નીતિ કે સિદ્ધાંતને બદલે એક વ્યકિત પ્રત્યેના વિરોધને જ પ્રાધાન્ય આપવામાં આવે ત્યારે, તકવાદીતાની હદ થાય. નિજલિંગપ્પાએ હવે કહ્યું છે કે જરૂર પડશે તો કૉંગ્રેસના દસસૂત્રી કાર્યક્રમમાં પણ ફેરફાર કરવામાં આવશે. જુની કૉંગ્રેસના વૃદ્ધ નેતાઓ માટે જીવનનો આ છેલ્લો દાવ છે. પણ સામાન્ય કૉંગ્રેસજન જાણે છે કે આવા જોડાણથી વિનાશ છે. તેથી મોરારજીભાઈના નિકટના સાથીઓએ પણ તેનો સખત વિરોધ કર્યો છે. મોરારજીભાઈને માટે જીવનનો આ નવો અનુભવ છે. સર્વોચ્ચ નેતાને સર્વતોમુખી વિરોધ જોવો પડયો. ગુજરાત કૉંગ્રેસ જાણે છે કે સ્વતંત્ર કે જનસંઘ સાથે જોડાણ કરવાથી આવતી ચૂંટણીમાં પ્રજા તેમને ફેંકી દેશે. તેથી ગુજરાત કૉંગ્રેસે તેના સિદ્ધાંતોને ભોગે જોડાણનો સખ્ત વિરોધ કર્યો છે. આ ભાઈઓ ધન્યવાદને પાત્ર છે. બિનસાંપ્રદાયિકતા અને જનસંઘ, સમાજવાદ અને સ્વતંત્ર પક્ષ–આ પરસ્પર વિરોધી બાબતો છે. પણ સંસ્થાકીય કૉંગ્રેસના નેતાઓ આવું કાંઈક જોડાણ, કોઈ પણ ભોગે કરવા કૃતનિશ્ચયી જણાય છે. આવું જોડાણ કે બીજી કોઈ સમજણ સંસદના સ્તર પર કરશે તેથી ઈન્દિરા ગાંધીને કાંઈ આંચ આવે તેમ જણાતું નથી. તેમનું કામ વધારે વિકટ થાય. દા. ત. રાજાઓનાં સાલીયાણાં અને વિશેષાધિકારો નાબુદ કરવાનો ખરડો સંસદ સમક્ષ આવશે. સંસ્થાકીય કૉંગ્રેસ તેને ટેકો આપવા બંધાયેલ છે. જનસંઘ અને સ્વતંત્ર પક્ષ તેના વિરોધી છે. આવા મુદ્દાઓ ઉપર કદાચ મતસ્વાતંત્ર્ય આપવામાં આવશે. મોરારજીભાઈ સંસદસ્તરે આવા જોડાણ કે સમજુતીનો આગ્રહ રાખશે તો ગુજરાતમાં વળી કદાચ કટોકટી સર્જાશે. મોરારજીભાઈનું વલણ એવું લાગે છે કે ગુજરાતમાં થવું હોય તે થાય, ઈન્દિરા ગાંધીનો જેટલો વિરોધ કરી શકાય તેટલો કરવો જ. આ બધું જો દેશના ભલા માટે થતું હોત તો જરૂર આવકારપાત્ર બનત. પણ માત્ર સત્તા માટે જ લડત હોય, અને તેમ છે એમ જણાય છે, તો તેમાં સંસ્થાકીય કોંગ્રેસને જ વધારે નુકસાન છે. મોરારજીભાઈ એમ જાહેર કરે કે તેમને કોઈ પદ કે અધિકાર જોઈતા નથી અને લેવાના નથી પણ માત્ર દેશને અને લોકશાહીને બચાવવા તેમની આ લડત છે, તો જરૂર તેમની આ લડતને ટેકો મળે–પણ તેઓ સત્તા મેળવવા લડી રહ્યા છે એવી છાપ પ્રજામાં જ્યાં સુધી રહેશે ત્યાં સુધી, દેશ અને લોકશાહીને બચાવવાની વાત કોઈને ગળે ઊતરે તેમ નથી. આ લડતમાં છેવટ, ઈન્દિરા ગાંધીને સામ્યવાદી બળો ઉપર વધારે આધાર રાખવો પડશે અને પરિણામે, એક તરફ જનસંઘ અને બીજી તરફ સામ્યવાદી પક્ષને જોર મળશે. સંસ્થાકીય કૉંગ્રેસ અને સ્વતંત્ર પક્ષે બન્નેએ ગુમાવવાનું છે. સંસ્થાકીય કૉંગ્રેસના આગેવાનો બધા વયોવૃદ્ધ છે. તેનો યુવાન વર્ગ–માયસોરના વીરેન્દ્ર પાટીલ કે ગુજરાતના હિતેન્દ્ર દેસાઈ–પોતાનું હિત અને ભાવિ વિચારે તે સ્વાભાવિક છે. સંસ્થાકીય કૉંગ્રેસે ભંગાણ બાદ શરૂઆતમાં શાસક કૉંગ્રેસ કરતાં પણ વધારે પ્રગતિશીલ હોવાનો દેખાવ કર્યો એ દંભ જ હતો એવું હવે પ્રજાને લાગશે.

ઈન્દિરા ગાંધી મક્કમતા અને કુનેહથી કામ કરી રહ્યાં છે, પણ મુસલમાનોને પંપાળી ભારે જોખમી બાજી ખેલી રહ્યા છે. મુસલમાનો માથું ઊંચકે છે અને હિન્દુઓમાં તેના ઘેરા પ્રત્યાઘાત પડે છે. કોમવાદી અને હિંસક બળો જોર પકડતા રહ્યા છે. ગૃહખાતું પોતાના હસ્તક લઈ, દેશમાં કાયદો અને વ્યવસ્થા તથા શાન્તિ જાળવવાની સીધી જવાબ-

દારી ઈન્દિરા ગાંધીએ લીધી છે. બંગાળની સ્થિતિ વણસતી છે. કલકત્તામાંથી ઘણી પેઢીઓ અને કંપનીઓએ સ્થળાન્તર કર્યું છે. દેહાતોમાં ભયનું વાતાવરણ છે. રાષ્ટ્રપતિનું શાસન ચાલુ રહેશે પણ ગવર્નર ધવન વિશ્વાસ પ્રાપ્ત કરી શક્યા નથી. બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા અને પંજાબમાં અસ્થિરતા ચાલુ છે. ચરણસિંહ પરિસ્થિતિનો પૂરો લાભ ઉઠાવવા ઈચ્છે છે. પંજાબમાં ગુરનામસિંગના પતન પછી, બાદલ મંત્રીમંડળમાંથી જનસંઘના જવાથી તેના પતનનો ભય ઊભો થયો છે. અકાલી પક્ષમાં પક્ષાન્તર—આયારામ ગયારામ—ચાલુ છે. શાસક કોંગ્રેસે બાદલને ટકાવવાનું નક્કી કરવાથી તે હાલ ટકી ગયેલ છે. કેરલમાં સપ્ટેમ્બરમાં વચગાળાની ચૂંટણી જાહેર થઈ છે. માર્કસવાદી સામ્યવાદીઓ તેનો વિરોધ કરે છે. મહારાષ્ટ્રમાં શાસક કોંગ્રેસની દેખીતી એકતામાં ફાટ જણાય છે. ઈન્દિરા ગાંધી, દરેક રાજ્યમાં ખટપટ ચાલુ રાખી, કોઈ જુથ કે વ્યક્તિને, જામવા દેતાં નથી. આવી હોંશિયારી કે ચાલાકીથી સત્તા ઉપર ક્યાં સુધી ટકી શકાય? અલબત્ત, અત્યારે ઈન્દિરા ગાંધીના કોઈ હરીફ નથી. પોતાની સત્તા ટકાવવા તેઓ કાંઈ પણ કરે તેમ છે. પણ ઈંગ્લાંડમાં બન્યું તે બોધપાઠ છે. વિલ્સન ઘણા ચાલાક અને હોંશિયાર, પણ પ્રજાને પ્રમાણિકતા જોઈતી હતી, માત્ર હોંશિયારી નહિ.

અત્યારે તો રાજકીય અસ્થિરતા ચાલુ રહેશે એમ જ જણાય છે. મોંઘવારી, ફુગાવો, તંત્રની ગેરવ્યવસ્થા, ભ્રષ્ટાચાર—આ બધું પ્રજાને પરેશાન કરે છે. લોકમાનસ અસંતુષ્ટ અને ઉશ્કેરાયેલું રહે છે. સદ્‌ભાગ્યે અત્યાર સુધી દેશભરમાં વરસાદ સારો થયો છે અને અન્ન અને બીજું ઉત્પાદન સારું હશે રહે તો પ્રજા રાહત અનુભવશે.

આ બધા અંધકારમાં, એક વીરપુરૂષ ગાંધીચીંધ્યા માર્ગે તથા જાનના જોખમે હિંસાનો સામનો કરવા પ્રયત્ન કરી રહેલ છે. નક્સલવાદીઓની હિંસાનો અહિંસક રીતે સામનો કરવા શ્રી જયપ્રકાશ નારાયણે ભગીરથ પુરૂષાર્થ આરંભ્યો છે. પણ પ્રજાને આ મહાન્ કાર્યની માહિતી નથી, કદર નથી. વર્તમાનપત્રોને તેની પડી નથી. શ્રી જયપ્રકાશ સાથેની વાતચીતમાં જાણ્યું કે પોતે અને તેમના સાથીઓ આ કાર્યને અગ્રસ્થાન આપી રહ્યા છે.

૨૬-૭-૭૦ ચીમનલાલ ચકુભાઈ શાહ

## પૂરક નોંધ

આ નોંધ લખ્યા પછી સંસ્થાકીય કોંગ્રેસના પાર્લામેન્ટરી બોર્ડની મિટીંગ થઈ ગઈ અને સંસદસ્તરે પણ કોઈ જોડાણ કરવાના સખ્ત વિરોધને કારણે, તેની મહાસમિતિએ કરેલ ઠરાવ લગભગ ઊડી ગયો. આ ઠરાવે સંસ્થાકીય કોંગ્રેસમાં વંટોળ જગાવ્યો હતો. એમ લાગતું હતું કે શાસક કોંગ્રેસ માટે કદાચ સંયુક્ત મોરચા તરફથી ભય ઊભો થાય, પણ જે રીતે આ પ્રસ્તાવનો રકાસ થયો તે બતાવે છે કે સંસ્થાકીય કોંગ્રેસના આગેવાનો વચ્ચે તીવ્ર મતભેદો છે અને એ આગેવાનો અને તેમના અનુયાયીઓ વચ્ચે ઘણું મોટું અંતર છે. ધારવા પ્રમાણે વીરેન્દ્ર પાટીલે અને હિતેન્દ્ર દેસાઈએ આવા જોડાણનો સખ્ત વિરોધ કર્યો. સંસ્થાકીય કોંગ્રેસના નેતાઓ સામે આ એક બળવો જ થયો. વીરેન્દ્ર પાટિલ, નિજલિંગપ્પાનો વિરોધ કરે અને હિતેન્દ્ર દેસાઈ મોરારજીભાઈનો વિરોધ કરે એ ગંભીર વસ્તુ છે અને સંસ્થાકીય કોંગ્રેસની નબળાઈ ઉઘાડી પાડે છે. ડૉ. રામસુભગસીંગે પણ આ જોડાણનો સખ્ત વિરોધ કર્યો. સંસ્થાકીય કોંગ્રેસના પાર્લામેન્ટરીપક્ષના નેતા મોરારજીભાઈ અને લોકસભામાં તેના નેતા ડૉ. રામસુભગસીંગ—એ બેની વચ્ચે આટલો ઊંડો મતભેદ હોય તે ભારે આશ્ચર્યની વાત છે. એથી પણ આશ્ચર્યકારક એ છે કે કામરાજ સામ્યવાદીઓ સાથે જોડાણ અથવા સમજૂતી કરવા તૈયાર થયા અને મોરારજીભાઈએ તેનો સખ્ત વિરોધ કર્યો. નિજલિંગપ્પાએ દશસૂત્રી આર્થિક કાર્યક્રમને ઢીલો કરવાની સૂચના કરી હતી. તેનો ડૉ. રામસુભગસીંગે અને બીજાઓએ વ્યાજબી રીતે વિરોધ કર્યો. આ બધું એટલું જ બતાવે છે કે સંસ્થાકીય કોંગ્રેસના નેતાઓ વચ્ચે અને તે નેતાઓ અને તેમની નીચેના સાથીઓ વચ્ચે કોઈ વિચારની આપ-લે કે મન-મેળ રહ્યા નથી. બધા વચ્ચેના સંપર્કો તૂટી ગયા છે. સંસ્થાકીય કોંગ્રેસનું નાવ આવી રીતે ક્યાં જઈ અટકશે?

૨૮/૭/૭૦ ચીમનલાલ ચકુભાઈ શાહ

# સંઘ સમાચાર

## સંઘની નવી કાર્યવાહક સમિતિમાં સભ્યોની પૂરવણી

તા. ૧૬-૭-૭૦ના રોજ મળેલી સંઘની નવી ચૂંટાયેલી કાર્યવાહક સમિતિએ, કાર્યવાહક સમિતિમાં નીચે જણાવેલા પાંચ સભ્યોની પૂરવણી કરી હતી.

(૧) શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
(૨) શ્રી ભગવાનદાસ પોપટલાલ શાહ
(૩) શ્રી ખેતશી માલશી સાવલા
(૪) શ્રી હરિલાલ ગુલાબચંદ શાહ
(૫) શ્રી કંચનબહેન ઓલીવર દેસાઈ

## શ્રી મ. મો. શાહ સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય

આ સમિતિમાં પ્રસ્તુત વાચનાલય અને પુસ્તકાલયના નીચે જણાવેલા પાંચ ટ્રસ્ટીઓ અધિકારની રૂએ સભ્યો ગણાય છે.

(૧) શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ
(૨) શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા
(૩) શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી
(૪) શ્રી રમણિકલાલ મણિલાલ શાહ
(૫) શ્રી ચીમનલાલ જેઠાલાલ શાહ

આ ઉપરાંત સંઘની કાર્યવાહક સમિતિમાંથી નીચેના ચાર સભ્યોની નિમણૂંક કરવામાં આવી હતી.

(૧) શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહ—મંત્રી
(૨) શ્રીમતી દામિનીબહેન જરીવાળા
(૩) શ્રી ટોકરસી કે. શાહ
(૪) શ્રી કુસુમચંદ્ર ડાહ્યાભાઈ

આ રીતે વાચનાલય અને પુસ્તકાલય સમિતિ નવ સભ્યોની બને છે અને શ્રી પ્રવીણભાઈ મંગળદાસ શાહની આ સમિતિના મંત્રી તરીકે નિમણૂંક કરવામાં આવી હતી.

## આગામી પર્યુષણ વ્યાખ્યાનમાળા

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળા ચાલુ થયેલા ઑગસ્ટ માસની તારીખ ૨૯મી શનિવારથી તા. ૫મી સપ્ટેમ્બર શનિવાર સુધી—એમ આઠ દિવસની યોજવાનું વિચારવામાં આવ્યું છે. આ વ્યાખ્યાનમાળા સંભવ છે કે તા. ૬ સપ્ટેમ્બર રવિવાર—એમ એક દિવસ માટે લંબાવવામાં આવે. આ આઠ અથવા તો નવ દિવસની વ્યાખ્યાનસભાઓ પ્રાધ્યાપક ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલાના પ્રમુખપણા નીચે સવારના ૮-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનના મુખ્ય સભાગૃહમાં ભરવામાં આવશે. વ્યાખ્યાતાઓની નામાવલિ હજુ પૂરેપૂરી નક્કી થઈ નથી, એમ છતાં આજ સુધીમાં નક્કી થયેલા વ્યાતાઓમાં મુખ્ય મુખ્યના નામ નીચે મુજબ છે:—

શ્રી ઉમાશંકર જોશી, શ્રી કિસનસિંહ ચાવડા, શ્રી રોહિત મહેતા, શ્રી શ્રીદેવી મહેતા, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, બહેન મૃણાલીની દેસાઈ, ડૉ. જગદીશચન્દ્ર જૈન.

## સંગીત સંધ્યા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સ્વ. શ્રી કુંદનલાલ સાયગલના કલા શિષ્ય શ્રી **હરીશ ભટ્ટ** શનિવાર તા. ૮-૭-૭૦ સાંજના ૬-૦૦ વાગ્યે સંઘના "શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ"માં સંગીતનો કાર્યક્રમ આપશે. સંઘના સભ્યોને આ કાર્યક્રમમાં સમયસર ઉપસ્થિત થવા હાર્દિક નિમંત્રણ છે.

સ્થળ: ટોપીવાળા મેન્શન,
બીજે માળે, વનિતા વિશ્રામ સામે, સેન્ડહર્સ્ટ રોડ, મુંબઈ-૪.
ફોન: ૩૫૦૨૯૬

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ

# ધ્યાનયોગ

(વજ્રેશ્વરીની બાજુએ ગણેશપુરીમાં આવેલા ગુરુદેવ આશ્રમમાં વર્ષોથી વસતાં શ્રીમતી પ્રતિભાબહેન ત્રિવેદી, જેમનો કુંડલિની યોગ ઉપરનો લેખ પહેલી ઑગસ્ટના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયો હતો, તેમનો ધ્યાનયોગ ઉપરનો આ બીજો લેખ તેમના તરફથી થોડા સમય પહેલાં મળેલો, જે અહીં નીચે પ્રગટ કરવામાં આવે છે. તંત્રી)

આધ્યાત્મિક ક્ષેત્રમાં ક્રિયાશીલ બનવા માગતો સાધક, સામાન્ય રીતે જપ અને ધ્યાનથી સાધનાની શરૂઆત કરતો જોવામાં આવે છે. ઉપનિષદોમાં પણ આત્મપ્રાપ્તિના સાધન તરીકે, શ્રવણ અને મનન બાદ, ધ્યાનનું વિધાન કરવામાં આવ્યું છે - आत्या वा अरे दृष्टव्यः श्रोतव्यो निदिधासितव्य : । (બૃહ. ૪–૫–૬) શ્રેય અને પ્રેય, સત્ અને અસત્, નિત્ય અને અનિત્યનો વિવેક જાગૃત થતાં સાધકના મનમાં શ્રેય, સત્ય, નિત્ય તત્ત્વને પ્રાપ્ત કરવાની ઈચ્છા જાગે છે. એ તત્ત્વ પોતાની અંદર જ છુપાયેલું છે એમ જ્યારે તે સમજે છે ત્યારે આધ્યાત્મિક સાધનાનાં અનિવાર્ય અંગરૂપ ધ્યાનનું તે આલંબન લે છે. પરંતુ તેનાં મનમાં પ્રશ્ન ઊઠે છે: ધ્યાન એટલે શું? ધ્યાન કરવાની સાચી રીત કઈ? મોટે ભાગે તો ધ્યાનનો વિચાર કરતાં જ મન સમક્ષ કોઈ શાંત એકાંત સ્થાનમાં, (કાં તો નદી કિનારે, કાં તો જંગલની ગુફામાં કે વૃક્ષ નીચે) લાંબો સમય પદ્માસન વાળી આંખો બંધ કરી બેઠેલી કોઈ જટાધારી અને આછા વસ્ત્ર ધારણ કરેલી વ્યકિતનું ચિત્ર ખડું થાય છે.

ધ્યાન કરવાની રીત સમજવા માટે પ્રથમ તેનું પ્રયોજન જાણી લેવું જોઈએ.

### ધ્યાનનું પ્રયોજન

ધ્યાનનો હેતુ ચિત્તની એટલે કે મનની વૃત્તિઓનો નિરોધ કરવાનો છે. દુનિયામાં સુખ અને દુ:ખનું મૂળ કારણ માણસનું મન છે. મન અતિ ચંચળ છે. જે વિષયને તે જુએ, અનુભવે કે ચિંતવે તેનો આકાર તે ધારણ કરી લે છે. પ્રતિપળે વિચારો બદલાતા રહે છે. વાયુ જેમ નાવને ઘસડી જાય છે તેમ ઈન્દ્રિયો મનને ભિન્ન ભિન્ન દિશાઓમાં ખેંચી જાય છે. અને આમથી તેમ ભટકતું મન હંમેશાં વિક્ષિપ્ત રહે છે. ટૂંકમાં મન વૃત્તિઓનો સમૂહ માત્ર છે. તે એટલું વિચિત્ર છે કે, અસત્યને સત્ય હોય એવું બતાવે છે. ગૌડપાદ–કારિકા (૩-૩૧) માં કહ્યું છે કે:

मनोदृश्यमिदं द्वैतं यत्किंचित्सचराचरम् ।
मनसो ह्यमनीभावे द्वैतं नैवोपलभ्यते ।।

(જે કાંઈ જડચેતનરૂપ દ્વૈત દેખાય છે તે બધું મનને લીધે જ છે. મન જ્યારે અમન બને છે ત્યારે દ્વૈત રહેતું નથી). આ રીતે મન જ માણસને ચંચળ, ચિંતાયુકત અને દુ:ખી બનાવે છે. માટે સાચું સુખ અને શાંતિ તો મનની નિર્વિકલ્પ સ્થિતિમાં જ સમાયેલાં છે. આ કથનની સત્યતાની પ્રતીતિ નિદ્રામાં થાય છે, કારણ ત્યારે મન સંસારના વિવિધ પદાર્થો પાછળ દોડતું નથી હોતું. માટે માણસ ઊંઘમાંથી જાગે છે ત્યારે તાજગી અનુભવે છે. મનનાં ચંચળ સ્વભાવની જાણ દરેકને હોય છે. મનની આ ચંચળતા રોકવા માટે પશ્ચિમના દેશોમાં એલ. એસ. ડી. જેવી ગોળીઓ અને 'સાઈકેડેલીક આર્ટ' જેવા ઉપાયોનું સંશોધન થયું છે. કારણ કે ત્યાં અસંખ્ય લોકો માનસિક શ્રમ અને જ્ઞાનતંતુઓની સતત ખેંચના કારણે પીડાય છે.

સાચું સુખ ત્યારે જ સંભવે જ્યારે મનની વાસનાઓ અને સંસ્કારો રૂપી અશુદ્ધિનો ક્ષય થાય. ચિત્ત શુદ્ધ ન થાય ત્યાં સુધી માણસને સંસારના બંધનમાંથી છૂટવાની આશા નથી અને શાશ્વત સુખ મળવાની શકયતા નથી. બ્રહ્મબિન્દુ ઉપનિષદમાં કહ્યું છે કે: मनः एव मनुष्याणां कारणं बन्धमोक्षयो : । અર્થાત મન જ મનુષ્યના બંધ અને મોક્ષનું કારણ છે. વેદાંતનો સિદ્ધાંત છે કે સ્થૂલ શરીરનો નાશ થયા બાદ પણ મન સૂક્ષ્મ રૂપે રહે છે અને પુનર્જન્મનું કારણ બને છે. મન, વિચારોની હારમાળાનું બનેલું છે. આ વિચારોમાંથી ઈચ્છા ઉત્પન થાય છે, ઈચ્છા નિર્ણયમાં પરિણમે છે અને પછી મન ઈન્દ્રિયો દ્વારા કર્મ કરીને વાસનાઓને તૃપ્ત કરે છે. કર્મોથી માનવનું પ્રારબ્ધ બંધાય છે. પ્રારબ્ધનું ફળ ભોગવાય માટે મન ચિંતન કરતું રહે છે, સંકલ્પ-વિકલ્પ કરે છે અને તે અનુસાર આમથી તેમ ફેંકાય છે. જ્યાં સુધી ચિત્તની વૃત્તિઓનો નિરોધ ન થાય, મન શુદ્ધ અને શાંત ન બને ત્યાં સુધી આ વિષચક્ર ફરતું જ રહેવાનું. મન પ્રશાંત થતાંની સાથે જ અંતરમાં રહેલો આત્માનંદ અનુભવાય છે. મન એક સરોવર જેવું છે. તેની પ્રત્યેક વૃત્તિ જળમાં ઊઠતા તરંગ જેવી છે. તરંગો અને લીલનાં કારણે સરોવરને તળિયે રહેલા કાંકરા આપણે જોઈ શકતાં નથી, પરંતુ જ્યારે સપાટી પરની લીલ દૂર કરવામાં આવે અને તરંગો શાંત થઈ જાય ત્યારે તળિયે પડેલા કાંકરા જોઈ શકાય છે. તે જ પ્રમાણે જ્યારે મન શુદ્ધ થાય છે અને બધાં વિચારો શાંત થઈ જાય છે ત્યારે તેની પાછળ છુપાયેલા આત્માનું દર્શન થાય છે. કેનોપનિષદમાં કહ્યું છે:

यन्मनसा न मनुते येनाहुर्मनो मतम् ।
तदेव ब्रह्म त्वं विद्धि नेदं यदिदमुपासते ।।

(મન વડે જેનું ચિંતન કરી શકાતું નથી પણ જેને લીધે મન મનનશીલ બને છે એને જ તું બ્રહ્મ જાણ, લોકો જેની ઉપાસના કરે છે તેને નહીં.) વેદાંતના મત પ્રમાણે આ આનંદમય સ્થિતિ દરેક વ્યકિતમાં સદા રહેલી જ છે. સાચું પૂછો તો આત્માને પ્રાપ્ત કરવા માટે પ્રયત્ન કરવાનો નથી હોતો, કારણ કે એ તો 'નિત્યપ્રાપ્ત' જ છે; પ્રયત્ન તો કેવળ શુદ્ધ આત્માને ઢાંકનારાં આવરણોને દૂર કરવા પૂરતો જ કરવાનો છે. અંદર સળગતી જ્યોતવાળા ફાનસના ગોળા ઉપર બાઝેલી મેશ સાફ કરવાના જેવો આ પ્રયાસ છે.

ઉપાસના, તપ, મૂર્તિપૂજા, સ્તોત્રપાઠ, શાસ્ત્રાધ્યયન, પ્રાણાયામ, જપ, ધ્યાન વગેરે ચિત્તશુદ્ધિ માટેના વિવિધ ઉપાયો છે. એ બધાંમાં ધ્યાનને સર્વશ્રેષ્ઠ ઉપાય ગણવામાં આવે છે. ધ્યાન મનને અંતર્મુખ બનાવે છે અને આત્માનું દર્શન કરાવે છે. ગીતામાં કહ્યું છે કે: ध्यानेनात्मनि पश्यन्ति केचिदात्मानम् (अ. १३–२४) (ધ્યાન દ્વારા કેટલાક યોગીઓ પોતાની અંદર આત્માનું દર્શન કરે છે.) શ્વેતાશ્વતરોપનિષદમાં કહ્યું છે કે: ते ध्यानयोगानुगता अपश्यन् देवात्मशक्ति स्वगुणैर्निगूढाम् (१–३) । ધ્યાનયોગ દ્વારા તેઓએ, પોતાના ગુણોથી ઢંકાયેલી દેવાત્મ શકિતનું દર્શન કર્યું), અને ध्याननिर्मथनाभ्यासाद्देव पश्येन्निगूढवत् (१–१४)। (ધ્યાનરૂપી મંથનનાં અભ્યાસ વડે જાણે છૂપાઈ રહેલાં હોય તેવા પરમાત્માનું દર્શન કરવું જોઈએ.) આમ પરમાનન્દમય આત્માના નિવાસસ્થાનરૂપ હૃદયનાં અંતરતમ ઊંડાણમાં પહોંચવા માટે ધ્યાન અમોઘ ઉપાય છે.

### ધ્યાન કરવાની રીત

હવે આપણે ફરી એ પ્રશ્ન પર આવીએ કે ધ્યાન શું છે અને તે કેવી રીતે કરવું. દરેક મનુષ્યને પોતાના દૈનિક જીવનમાં ધ્યાનનો થોડો ઘણો અનુભવ તો હોય છે જ. દા. ત. જ્યારે કોઈ વ્યકિત ચિત્રકામ, રસોઈ, ઈજનેરી કામ, અધ્યાપન, લેખન કે એવાં કોઈ પણ જાતનાં કાર્યમાં મગ્ન હોય છે ત્યારે ચોતરફ વિખરાયેલા વિચારોને કાબૂમાં લઈ મનને હાથમાં લીધેલા વિષયમાં એકાગ્ર કરવું પડે છે, તો જ તે પોતાના કાર્યમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. આ રીતે મનની પ્રવૃત્તિઓને કાબૂમાં લઈ એક વિષય પર એકાગ્ર કરવાની રીતને યોગશાસ્ત્રમાં ધ્યાન કહે છે અને તેનું પ્રયોજન અંતે દિવ્ય આનન્દની પ્રાપ્તિ છે.

ધ્યાનની અનેક રીતો અને વિવિધ પ્રકારો છે. પતંજલિનું યોગસૂત્ર આ વિષયમાં પ્રમાણભૂત ગ્રન્થ લેખાય છે. એનું પહેલું

સૂત્ર છે योगश्चित्तवृत्तिनिरोध : (ચિત્તની તમામ વૃત્તિઓનો નિરોધ એટલે યોગ.) અને ધ્યાન એ યોગ જ છે. આ રીતે ખરું જોતાં કોઈ એક વિષય પર મનને એકાગ્ર કરવું એ ધ્યાન નથી, પણ એથી ઊલટું, મનમાંથી બધા વિચારો કાઢી નાખવા તે ધ્યાન છે, કારણ, વિચારો અંતરાત્માના સ્વરૂપને ઢાંકી દેનારા છે. પરંતુ સામાન્ય રીતે મન વિકલ્પશૂન્ય રહી શકતું નથી. તેથી ધ્યાનસાધનાની શરૂઆતમાં કોઈ એક વિષય પર મનને એકાગ્ર કરવું પડે છે. એ માટે સાધક પોતાને રુચિકર એવું પરમાત્માનું કોઈ પણ એક સ્વરૂપ પસંદ કરે છે यथाभिमतध्यानाद्वा (योगसूत्र १-३९). જે વસ્તુ પર મન અનાયાસે ઠરે તેના પર ધ્યાન કેન્દ્રિત કરવાથી મન સહેલાઈથી શાંત થઈ જાય છે. ધ્યાન માટે કોઈ પણ વિષય પસંદ કરી શકાય, જેમ કે પોતાના ઈષ્ટદેવની મૂર્તિ જેના પર સાધકને પ્રીતિ છે અને જેની તે ઉપાસના કરતો હોય, અથવા કોઈ ચિત્ર કે પરમેશ્વરનું કોઈ પણ બીજું પ્રતીક. ધ્યેય વિષયને મન:ચક્ષુ સમક્ષ રાખી અંતર્મુખ ધ્યાન થઈ શકે છે અથવા વિષયને બહાર રાખી ખુલ્લી આંખો વડે બહિર્મુખ ધ્યાન પણ કરી શકાય છે. કોઈ કોઈ સાધક ત્રાટક માટે બિંદુ અથવા દીપકનો પ્રયોગ કરે છે. આ બધા પ્રયાસો મનને ધીરે ધીરે બીજા વિચારોમાંથી હટી જવા મદદ કરે છે, અને ચિત્તને અંતરનાં ઊંડાણમાં લઈ જાય છે. નામજપ અથવા अहं ब्रह्मास्मि જેવા મહાવાકયનું અર્થ સહિત ચિંતન પણ ધ્યાનનો એક પ્રકાર છે: એને ધ્યાનનો સર્વોચ્ચ પ્રકાર માનવામાં આવે છે.

શરૂઆતમાં સાધકને કેટલીક બાબતો ધ્યાનનો અભ્યાસ કરવામાં સહાયક બને છે; જેમ કે એકાન્ત સ્થાન, અમુક જાતની બેઠક, અમુક સ્થિર આસન, નિશ્ચિત સમય વગેરે.

સાધકે કોઈ એકાન્ત સ્થળ શોધી લેવું જોઈએ કે જ્યાં બીજાં લોકો એના મનને વિક્ષિપ્ત ન કરે. સ્થળ સ્વચ્છ અને મનોરમ હોવું ઘટે. રોજ એક જ સ્થાનમાં બેસી ધ્યાન કરવું. જો સાધક ધ્યાન માટે અલગ ઓરડો કે ઓરડાનો એકાદ ખૂણો રાખી શકે તો તેને ફૂલો અને ધૂપથી સુગંધિત રાખી તે સ્થાન કેવળ ધ્યાન માટે જ ઉપયોગમાં લે. ઓરડામાં પોતાના ઈષ્ટદેવ તથા ગુરુના ફોટાઓ પણ રાખી શકાય. ધ્યાન કરતી વખતે ઓરડામાં તદ્દન આછો પ્રકાશ હોવો જોઈએ.

ધ્યાન માટે દર્ભાસન અથવા કુશાસન રાખવું. ઊનનો નાનો ગાલીચો, કામળી અથવા ગરમ કપડાંનું આસન પણ રાખી શકાય. આ બધામાંથી વિદ્યુતનો પ્રવાહ પસાર નથી થતો, એટલે શરીરમાં જાગૃત થયેલી શકિત બહાર ચાલી જતી અટકે છે. (ગીતા અધ્યાય ૬-૧૧) માં કહ્યું છે:

शुचौ देशे प्रतिष्ठाप्य स्थिरमानसनमात्मन :।
नात्युच्छ्रितं नातिनीचं चैलाजिनकुशोत्तरम् ॥

(પવિત્ર સ્થળમાં, ઘણું ઊંચું નહીં કે ઘણું નીચું નહીં એવું, દર્ભ, મૃગચર્મ અને રેશમી વસ્ત્ર એક પર એક બિછાવીને સ્થિર આસન તૈયાર કરી તે પર બેસવું.)

સામાન્ય રીતે ધ્યાન માટે પદ્માસન અથવા સિદ્ધાસન વધારે અનુકૂળ માનવામાં આવ્યાં છે. એ આસનોમાં શરીર ટટ્ટાર રહે છે અને તેથી સ્વાસ્થ્ય માટે હિતકર છે. શરૂઆતમાં કદાચ સાધકને એ આસનો કષ્ટપ્રદ કે મુશ્કેલીભર્યાં લાગશે પણ અભ્યાસથી સહેલાં બની જાય છે, અથવા તો બીજું કોઈ આસન જેમાં સાધક સહેલાઈથી, સુખપૂર્વક લાંબો સમય બેસી શકતો હોય તો તે આસન પણ ચાલી શકે છે — स्थिरसुखामासनम् (योगसूत्र. २-४६). અગત્યની વાત એ છે કે કરોડરજજુ અને મસ્તક ટટ્ટાર રહેવા જોઈએ કારણ તેનાથી શરીરમાં પ્રાણ સરળતાથી ફરી શકે છે — समं कायशिरोग्रीवं धारयन्नचलं स्थिर: (गीता, अ. ६-१३). ધ્યાન કરતી વખતે જો પગ દુ:ખવા લાગે તો શરીરનો ઉપરનો ભાગ હલાવ્યા વિના આસનમાં સાધારણ ફેરફાર કરવામાં કોઈ જાતનો વાંધો નથી.

ધ્યાન વખતે ઓછાં અને ઢીલાં વસ્ત્રો પહેરવા લાભકારક છે. વસ્ત્ર સ્વચ્છ હોવાં જોઈએ અને ધ્યાન માટે તે અલગ રાખવામાં આવે તો વધું સારું.

ધ્યાન માટે પ્રાત:કાળનો સમય ઉત્તમ છે. સંધ્યાકાળ પણ સારો સમય ગણાય. આ ગાળામાં રાત્રી જ્યારે દિવસમાં અને દિવસ રાત્રિમાં પરિણમે છે. ત્યારે સુષુમ્ણા નાડી સહેલાઈથી ક્રિયાશીલ બને છે. આ બન્ને સમય પ્રાચીન ઋષિઓએ સંધ્યાવંદન માટે નક્કી કર્યા છે એ લક્ષ્યમાં લેવા જેવી વાત છે. સાધકને જો આ સમય અનુકૂળ ન હોય તો તે પોતાને અનુકૂળ એનો બીજો કોઈ સમય નક્કી કરી શકે છે, પણ રોજ નિયમિતપણે તે જ સમયે ધ્યાન માટે બેસવું. કારણ તેમ કરવાથી રોજની ટેવ મુજબ ધ્યાનનો સમય થતાં તેને આપોઆપ ધ્યાન લાગવા માંડે છે. બાકી તો જ્યારે પણ અંતરથી ધ્યાન કરવાથી ઈચ્છા થાય તે સમય, ધ્યાન માટે સૌથી શ્રેષ્ઠ જાણવો.

વળી સાધકે આહાર, વિહાર, નિદ્રા વગેરે બાબતોમાં નિયમોનું પાલન કરવું જરૂરી છે. સાધકે આત્મસંયમ, પવિત્રતા, સત્ય વગેરે ગુણો પણ કેળવવા જોઈએ, તેનાથી ધ્યાનમાં જલદી પ્રગતિ થાય છે. ખોરાક અને નિદ્રા નિયમિત અને પ્રમાણસર હોવાં જોઈએ. ખોરાક સાદો, શુદ્ધ, તાજો, પૌષ્ટિક, સુપાચ્ય અને શરીરને અનુકૂળ હોવો જોઈએ. આળસ અને જડતા લાવે એવી ચીજો સાધકે ન ખાવી જોઈએ. બપોરના ભોજન પહેલાં, સાધક કસમયે વચ્ચે વચ્ચે ખાય એ સારું નથી. અકરાંતિયાની માફક પણ ન ખાવું જોઈએ. સાધકે ચા, કૉફી વગેરે ઉત્તેજક અને માદક પીણાંઓથી બચવું સારું. ભૂખ લાગે કે તરત ખાવા ન બેસતાં થોડી વાર રાહ જોવી, કારણ તેમ કરવાથી અન્ન સ્વાદિષ્ટ લાગે છે અને સારી રીતે પચે પણ છે. બપોરે જમીને ઊંઘી જવું પણ સારું નથી, આ બધા નિયમોનું પાલન કરવાથી સ્વાસ્થ્ય સારું રહે છે અને ધ્યાન પણ સારું લાગે છે.

સાધકે સવારમાં વહેલા ઉઠવાની, વિચારોની પવિત્રતાની અને શરીરની સ્વચ્છતા જાળવવાની ટેવ પાડવી જોઈએ. માણસનું મન જેટલું વધારે સારા અને પવિત્ર વિચારોમાં પરોવાશે, તેટલા અંશે ધ્યાનમાં આધ્યાત્મિક ઉન્નતિ થશે. વળી બીજા સાધકોના સત્સંગમાં રહેવું પણ લાભદાયક છે. તેનાથી સાધનામાં શ્રદ્ધા અને ઉત્સાહ વધે છે.

શરૂઆતમાં દૈનિક જીવન આ રીતે શિસ્તબદ્ધ કરવામાં આવે તો ધ્યાનનો નિયમિત અભ્યાસ સાધકના અંત:કરણને શુદ્ધ કરે છે અને આધ્યાત્મિક વિકાસ થાય છે જ, જેનાં વડે શાંતિ, આનંદ, ભકિત તથા પ્રકાશની પ્રાપ્તિ થાય છે. તદુપરાંત આધ્યાત્મિક જીવનના ઊંચા સ્તર પર પહોંચવાની સાધકના મનમાં તીવ્ર ઈચ્છા જાગે છે. ધીમે ધીમે એનાં અંત:કરણમાંથી અસત્ય, અહંકાર, લોભ, આસકિત, અજ્ઞાન વગેરે આસુરી વૃત્તિઓનો નાશ થવા માંડે છે.

આમ સાધક દીર્ઘ કાળ સુધી પ્રામાણિકપણે ધ્યાનનો અભ્યાસ કરતો રહે તો તેના શુદ્ધ ચિત્તમાં ધ્યેયનું યથાર્થ જ્ઞાન ઉદય પામતું જાય છે. એનાથી ધ્યેયની પાછળ છુપાયેલું સત્ય પ્રકટ થાય છે. પછી ચાહે તો તે ધ્યેયવિષય મૂર્તિ હોય, નામ હોય કે વિચાર હોય. ધીરે ધીરે તે સત્ય સાધકનાં અંતરમાં સ્થિર થઈ જાય છે અને તે કૃતકૃત્યતાની લાગણી અનુભવે છે.

### ધ્યાનમાર્ગના અંતરાયો

આ બધું દેખાય છે તેટલું સહેલું નથી. સાધક જ્યારે ધ્યાનનો અભ્યાસ શરૂ કરે છે ત્યારે જાતજાતની મુસીબતો આવે છે અને મનમાં શંકાઓ ઊઠે છે. સૌપ્રથમ મુશ્કેલી તો એ આવે છે કે જ્યારે તે ધ્યાન કરવા બેસે છે ત્યારે મનમાં જાત જાતના શુભ અને અશુભ વિચારો આવવા માંડે છે કે જેનો ધ્યાનના વિષય જોડે કાંઈ સંબંધ નથી હોતો. મનને એકાગ્ર કરવાનો સાધકનો પ્રયત્ન નિષ્ફળ નીવડે છે. કોઈ વાર તો તેને એવું લાગે છે કે બીજા સમય કરતાં ધ્યાનને સમયે જ વધારે વિચારો આવતા હોય છે. પણ ખરેખર એવું નથી. મનને બાહ્ય પદાર્થો પાછળ દોડવાની ટેવ પડી ગઈ છે તેથી તેને કાબૂમાં લાવવાનો પ્રયત્ન કરીએ ત્યારે તે બળવો કરે છે. જે પ્રમાણે નદી પર બંધ બાંધવાનો પ્રયાસ કરવામાં આવે ત્યારે તેનો જળપ્રવાહ વધારે વેગીલો બને છે તેમ મનમાં વિચારોની અવિરત હારમાળા ચાલતી જ હોય છે. સામાન્ય રીતે આપણને એનો ખ્યાલ નથી હોતો, પણ જ્યારે તેને સ્થિર કરવાનો પ્રયત્ન કરીએ છીએ ત્યારે આપણને એ વિચારોનું ભાન થાય છે. ખરું જોતાં વિચારોનું આ ઘમસાણ, જે વિઘ્નરૂપ દેખાય છે એ મનની સ્થિર થવાની પૂર્વ તૈયારીનું સૂચક છે. મન ભમરડાં જેવું છે. જ્યારે તે તીવ્ર વેગથી ફરે છે ત્યારે સ્થિર દેખાય છે, પણ તેની ગતિ ધીમી પડે છે એ વખતે તે ખડખડ અવાજ કરતો મોટું ચક્કર મારે છે અને આખરે ફરતો બંધ થઈ જાય છે. વળી આપણામાં ભૂતકાળમાં અનેક સંસ્કારો સુપ્ત અવસ્થામાં પડેલા હોય છે તેમાં કેટલાક તો પૂર્વજન્મના પણ હોય છે. ધ્યાન કરતી વખતે તે મનની સપાટી ઉપર આવે છે અને પછી કચરારૂપે બહાર ફેંકાઈ જાય છે.

અપૂર્ણ

પ્રતિભાબહેન ત્રિવેદી

# ☆ શ્રી વિમળાબહેન ઠકારનો પત્ર ☆

('પ્રબુદ્ધ જીવન'ના વાચકોને સુપરિચિત છે એવાં વિમલાબહેન ઠકાર ૧૯૬૯ના ડીસેમ્બરમાં યુરોપ – અમેરિકાના પ્રવાસેથી પાછા ફર્યાં અને આબુ જઈને રહ્યા ત્યાર પછીની તેમની પ્રવૃત્તિના અને તે દરમિયાન ચાલી રહેલા તેમના પરિભ્રમણના વિગતવાર સમાચાર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરી શકાયા નથી.

ગયા એપ્રિલ - મે માસ તેમણે હિમાલયના તીર્થો ગંગોત્તરી, બદ્રીનાથ તથા કેદારનાથની યાત્રામાં ગાળ્યા અને હવે જુલાઈ માસની ૨૦ મી તારીખે તેઓ યુરોપ તરફ રવાના થઈ ચુકયા છે. તેઓ રવાના થયાં તે પહેલાં મારી વિનંતીને ધ્યાનમાં લઈને તેમણે આજ સુધીની તેમની પ્રવૃત્તિનું અને ખાસ કરીને હિમાલયની યાત્રાનું સંક્ષિપ્ત વર્ણન મારી ઉપર 'એક પત્રમાં લખી મોકલેલું. તે પત્રનો પ્રસ્તુત ભાગ પ્રગટ કરતા હું ખૂબ આનંદ અનુભવું છું પરમાનંદ)

માઉન્ટ આબુ, તા. ૨૯-૬-૭૦

**પ્રિય પરમાનંદભાઈ,**

આપનો તા ૨૪ જુનનો સૂત્ર મળ્યો પ્રિય સુનંદાબહેનની મદદથી આ પત્ર ગુજરાતીમાં લખું છું. હવે મારી તબિયત બધી જ રીતે ઠીક છે. પૂ. દાદા જયારે અહીં હતા ત્યારે મને ખાંસી હતી. હવે નથી તો આપ મારા સ્વાસ્થ્યની ચિન્તા ના કરશો.

૧૯૬૯ ના ડીસેમ્બરમાં હું ભારત આવી ત્યારથી માર્ચ ૭૦ સુધી મારો પ્રવાસ સતત ચાલુ રહ્યો. આવો સતત પ્રવાસ ભારતમાં ૧૯૬૨ થી અત્યાર સુધી કર્યો ન હતો. છેલ્લાં ત્રણ વર્ષથી મિત્રોની ઈચ્છા અને આગ્રહના કારણે શિબિર વિગેરેનો કાર્યક્રમ થઇ રહ્યો છે. અમદાવાદ, ચોરવાડ, અને મુંબઈમાં ધ્યાન - શિબિરો થઈ. ભાવનગર, વડોદરા તથા ધોળકામાં ગ્રુપ સભાઓ થઈ. નાગપુર અને પુનામાં જાહેર સભાઓ યોજાઈ હતી. બનારસ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલરના આગ્રહને કારણે ચાર પ્રવચન થયાં. એટલે આ રીતે ૧૯૬૯ના ડીસેમ્બરથી ૧૯૭૦ ના માર્ચ સુધી શિબિર અને પ્રવચનોનો કાર્યક્રમ સતત ચાલુ રહ્યો. આથી હું શારીરિક થાક અનુભવતી હતી. અને તેથી મન તથા શરીર બન્ને હિમાલય તરફ જવા ઉત્સુક હતાં. તેથી તા. ૨ એપ્રિલ ૧૯૭૦ ના રોજ હું ઉત્તરકાશી તરફ જવા નીકળી.

આ વખતે મારી સાથે મારી મિત્ર ડૉ. પ્રેમલતા શર્મા સાથે હતી. આપ જાણો છે કે મારી અને તેની મિત્રતા પુરાણી છે. ઉત્તર કાશીમાં અમે ઈંદુબહેન ટીકેકરને ત્યાં રહ્યાં. ઈંદુબહેનને ત્યાં તેમનાં મિત્ર લતા પાટણકર પણ આવ્યાં હતાં. કૌસાની આશ્રમના લીલાબહેન પણ સાથે હતાં. આ બધાંની સાથે ઉત્તરકાશીનો બે સપ્તાહનો સમય ખૂબ ઝડપથી પસાર થયો. પ્રેમલતા બનારસ પાછાં ફર્યાં. લતા પાટણકર જળગાંવ ગયાં. ત્યાર પછી ઈંદુબહેન અને હું ગંગોત્રીની યાત્રાએ નીકળ્યાં. અમે હર-પ્રયાગ સુધી બસમાં ગયાં. ત્યાંથી ૧૪ માઈલ સુધીનો પગરસ્તો છે. આ પદયાત્રામાં જ્યારે અમે દેવદારનાં અને ચીડનાં (પાઈનના) ગીચ જંગલોમાંથી પસાર થતાં હતાં, ત્યારે જુદા જ આનંદનો અનુભવ થતો હતો. માર્ગ ખૂબ શાંત હતો અને સાથે નિરવતા પણ હતી જ. વૃક્ષની શાખામાંથી જે પવન આવતો તે મધુર સંગીત સાથે પસાર થતો હતો. તે વખતે અમને એમ લાગ્યું કે, અમારા પગરખાંનો અવાજ પણ અત્યારે ન આવે તો કેવું સારું? ભૈરવ ઘાટીમાં જ્હાનવી અને નીલમનો સંગમ જોયો. એમ સાંભળ્યું છે કે, ભૈરવ ઘાટી તંત્રસાધનાની ભૂમિ છે. આ ઘાટીના સૌંદર્યમાં અમને પણ ભય ઉત્પન્ન થાય તેવી રૌદ્ર શકિતનો અનુભવ થયો. તેથી લાગ્યું કે આ ભૂમિ-તંત્રસાધનાના માટે ખરેખર અનુકૂળ છે. ગંગોત્રીનું નાનું સરખું ગામ ૧૦,૦૦૦ ફીટથી પણ અધિક ઊંચાઈએ વસેલું છે. ગામની બહાર રેસ્ટ હાઉસમાં અમે સૌએ અમારો મુકામ કર્યો. આ રેસ્ટ હાઉસ ત્રણ સપ્તાહ માટે મેં રીઝર્વ કરાવ્યું હતું. રેસ્ટ હાઉસની એક બાજુ કેદાર ગંગા અને બીજી બાજુ ભાગીરથી વહી રહી હતી. રેસ્ટહાઉસની પાછળ દંડીસ્વામી બ્રહ્મવિદ્યાનંદ તીર્થનું મૂમુક્ષુભવન હતું. ત્યાં બે સંન્યાસી રહેતા હતા. તેમના સિવાય અમને આ ત્રણ સપ્તાહ દરમિયાન ખાસ કોઈ મનુષ્યનું દર્શન થયું ન હતું. આ શાન્તિને હું મારા તનથી અને મનથી પી રહી હતી. જાણે કે તરસ્યો માનવી અમૃત પી રહ્યો ન હોય? જંગલમાંથી જાતે જ લાકડાં બળતણ માટે લાવવાં, નદીમાંથી પાણી ભરીને લાવવું - આ બધું ભેગું કરીને હું અને ઈંદુ ચૂલો પેટાવી રસોઈ કરતાં. આ રસોઈ જમતાં અમે ખૂબ આનંદ અનુભવતાં.

અહીં ભાગીરથીના વહેણમાં ભારે મોટી શિલાઓ પડી છે. અમે સૌ કલાકો સુધી શિલાઓ ઉપર બેસતા, પાણીનું વહેણ પારદર્શી હતું તેને નિહાળતા. કદી કંઈ પણ ઉદ્દેશ વગર ગાઢ જંગલમાં ઘૂમતાં. કદી ગૌરીકુંડની પાસે બેસીને ત્યાંના ધોધને નીરખતાં.

મેની ૬ ઠ્ઠી તારીખે અચાનક દિનકર ભાઈ ત્રિવેદી, (ન્યુ ઑર્ડર બુક કંપનીવાળા) ગંગોત્રી આવ્યા. બીજે જ દિવસે હું ઈંદુ અને દિનકરભાઈ સૌએ ગૌમુખની યાત્રા માટે પ્રયાણ કર્યું. ગંગોત્રીથી સાત માઈલ સુધીનો માર્ગ કંઈક ઠીક હતો; પણ પછી ચીડવાસાથી આગળ ન મળે કોઈ માર્ગ કે ન મળે કોઈ કેડી. ત્રણથી સાડા ત્રણ માઈલ સુધી તો પગ મૂકવા માટે છ ઈંચ પહોળો માર્ગ પણ ન હતો. પહાડની શિલાના આધારે અને ભગવાનને ભરોસે જ માર્ગ કાપવાનો હતો. સવારના છ વાગ્યે અમે યાત્રા શરૂ કરી હતી. સાંજે ચાર વાગ્યે અમે ભુર્જવાસા પહોંચ્યાં. ત્યાંથી ગૌમુખ બે માઈલ દૂર હતું. ત્યાં રહેવાની કોઈ વ્યવસ્થા ન હોવાથી અમે ભુર્જવાસામાં જ રાત્રી - મુકામ કર્યો. તેર હજાર ફીટથી પણ વધુ ઊંચાઈએ ભુર્જવાસા આવેલુ છે. અમે ત્યાં પહોંચ્યા ત્યારે અમને એક સંન્યાસીનો મેળાપ થયો. શ્રાવણ અને ભાદરવા માસમાં ત્યાં અન્ય સંન્યાસીઓ પણ આવીને વસે છે તેમ સાંભળ્યું. ત્યાં એક નાનીશી ઝુંપડીમાં અમે રાતવાસો કર્યો. આ ઝુંપડીને દરવાજો હતો નહિ. ફકત ત્રણ બાજુ ભુર્જવૃક્ષની લાકડીઓની બનાવેલી દીવાલ હતી, જેમાંથી કાતિલ ઠંડી હવા સારી રીતે આવતી હતી. આ કાતિલ ઠંડીને ખાળવા અમે તાપણું કર્યું, પરંતુ તેનાથી કંઈ ગરમી મળી નહિ. કસ્તુરીની ગોળી અને સુંઠનું પાણી જ ફકત અમને કંઈક ઉષ્ણતા આપી શકતાં.

સવારે છ વાગ્યે અમે ગૌમુખ તરફ જવા ઊપડયા. ભુર્જવાસાથી ગૌમુખ બે માઈલ જવામાં અને બે માઈલ પાછા ફરવામાં અમને પૂરા ચાર કલાક થયા. ગૌમુખનુ સ્પંદનયુકત સૌંદર્યનું વર્ણન કરવું મનુષ્યને માટે અસંભવ છે. ચારે બાજુ બરફના પહાડ, પગ તળે પણ બરફ - આવી ધવલતાના સામ્રાજ્યમાં કેવળ આકાશનો નીલવર્ણ આંખોને કંઈક આરામ આપતો હતો. બરફનું આવું નિકટ સાન્નિધ્ય આંખોમાં જલન પેદા કરતું હતું અને ત્વચાને પણ બાળતું હતું. ભુર્જવાસાથી અમે સવારે દશ વાગે નીકળ્યા, સાંજે છ વાગ્યે અમે સૌ સકુશળ ગંગોત્રી પહોંચ્યાં. બીજે દિવસે અમે ઉત્તરકાશી જવા નીકળ્યાં. ગૌમુખ - યાત્રાનો થાક તો હવે જ જણાવા લાગ્યો. નસેનસમાં દરદ થવા લાગ્યું. હાડકાં પણ કળવા લાગ્યાં. ત્રણ દિવસ અહીં આરામ કરીને હું બદ્રીનાથ જવા નીકળી. મારી સાથે ફકત દિનકરભાઈ જ હતા. ઈંદુબહેન ઉત્તરકાશી રોકાયાં. બદ્રીનાથ મારે માટે સ્નેહીજનોનાં મિલનસ્થાન સમું થઈ પડયું. કેરળની મારી એક જૂની મિત્ર રાજઅમ્મા ત્યાં હતી જ. પાછળથી મારાં માતા-પિતા, કલ્યાણભાઈ, તેમનાં પત્ની સુશીલાબહેન, સુનંદાબહેન, પ્રભાબહેન વિગેરે આવ્યાં. સૌથી વધારે આશ્ચર્યની વાત તો એ હતી કે,

બદ્રીનાથમાં શ્રી. શંકરરાવ દેવનો પણ મેળાપ થઈ ગયો. અમને બદ્રીનાથના ટેમ્પલ ગેસ્ટહાઉસમાં રહેવાની સારી સગવડ મળી હતી. હું કુલ નવ દિવસ અહીં રહી. ત્યાર પછી કલ્યાણભાઈ વિગેરે અમે કેદારનાથ જવા નીકળ્યાં

કેદારનાથની ચઢાઈ પૂરા ચૌદ માઈલ તો ખરી જ, પણ જોખમી ન હતી. તેની ચારે બાજુ જે સૌંદર્ય વિસ્તરેલું હતું તેનો આનંદ અમે સૌ માણી શક્યાં. કેદારનાથમાં અમે સૌ ત્રણ રાત રહ્યાં. બદ્રીનાથના મંદિર કરતાં કેદારનાથના મંદિરનો ઉઠાવ અને દેખાવ વધારે સુંદર છે. બદ્રીનાથના મંદિરની જેમ રાજસી વૈભવ ન હોવાને કારણે કેદારનાથમાં દિવ્યતા અને ભવ્યતાનો જીવંત પરિચય થયો.

કેદારનાથથી પાછા ફરી હરદ્વારમાં એક રાત આરામ કરી અમે સૌ દિલ્હી આવ્યાં. ચોથી જૂનના દિવસે હું આબુ પાછી ફરી. આબુના બધા જ સમાચાર દાદાએ આપને આપ્યા જ હશે? યાત્રાનું આ વર્ણન કેવળ આપને લક્ષ્યમાં રાખીને મોકલું છું. તે પ્ર. જી.માં છપાય તેવો કોઈ આગ્રહ નથી. આપ આપની પાસે નિઃસંકોચ રાખી શકો છો અને આપની ઈચ્છા હોય તો પ્ર.જી.માં છપાવી શકો છો.

હું તા. ૧૩ મી જુલાઈએ અમદાવાદ પહોંચીશ. ત્યાંથી ૨૦ મી જુલાઈએ મુંબઈ થઈને યુરોપ જઈશ. પ્રભાબહેને અને સુનંદાબહેને આપને પ્રણામ પાઠવ્યા છે. આપનું સ્વાસ્થ્ય સારું રહે તેવી પ્રાર્થના!

લિ. **વિમલવંદન**

# આપણી સાધુસંસ્થા અંગે-૮

સાધુસંસ્થા અંગે આજે કયા પરિવર્તનો કરવા યોગ્ય ગણાય એ અંગે પહેલાં તેમ જ પછી, પરિસંવાદમાં જે જે વિદ્વાન વકતાઓએ પોતાના મંતવ્યો રજુ કર્યા એ ઉપરથી જણાયું છે કે એક વર્ગ એક છેડાની વાત કરે છે; બીજો વર્ગ બીજા છેડે જ ઊભો રહેવાનું પસંદ કરે છે. મને લાગે છે કે આ બન્ને છેડાની વાતો બરાબર નથી.

જે વર્ગ બ્રહ્મચર્યમાં મોકળાશ ઇચ્છે છે, ઉકાળેલા પાણીનો આગ્રહ મૂકવાનું કહે છે, વળી નોકરી કરવાની અને પાસે દ્રવ્ય રાખવાની વાત કરે છે, ઉપરાંત છૂટથી વાહનોનો ઉપયોગ કરવાની વાત પસંદ કરે છે, અધૂરામાં બાકી રહ્યું હોય તેમ ગૃહસ્થના ઘરે ભોજન કરવાની છૂટ ઇચ્છે છે, એ વર્ગને પૂછી શકાય કે તો પછી મુનિધર્મમાં રહ્યું શું? ફકત વેશ જ ને! હું માનું છું કે જો આવી છૂટ મળે તો ફકત માથે ભગવું વીંટતા ઘરબારી બાવા જેવી જ દશા નિર્ગ્રંથપરંપરાની થાય યા તો બિકાનેરના યતિ-યતિણીઓની જ બીજી આવૃત્તિ બને.

બીજી બાજુ બીજે છેડે ઊભેલા પંચમહાવ્રતને નામે સંયમ સંયમની વાર્તા કરે છે એમને પણ પૂછી શકાય કે આખર સંયમ છે શું? સંયમ શબ્દ ફકત બોલવા માટે જ છે કે આચારના પાલન માટે છે? અને જો આચારના પાલન માટે જ હોય તો નીચેની બાબતો અંગે એ કેમ કદી સંયમની વાત ઉચ્ચારતા નથી?

(૧) અહિંસક ખાદીની અપેક્ષાએ ચરબીવાળા મિલકાપડમાં સંયમનો પ્રશ્ન આવે કે નહીં?

(૨) પાલીતાણામાં મુનિઓને માટે જ ભોજનશાળા ચાલે છે. તો એ આધાકર્મી દોષમાં સંયમની વાત આવે કે નહીં?

(૩) ઉકાળેલા પાણી માટે રાત્રિના છેલ્લા પહોરે હાંડા ચડતા હોય તેમ જ લાકડાં સળગાવવામાં આવતા હોઇ એમાં સંયમનો પ્રશ્ન ગણાય કે નહીં? કારણ કે એ પાણી મુનિઓ માટે જ તૈયાર થતું હોય છે.

(૪) સંઘ જમણોમાં-નવકારશીઓમાં ઘણી જગ્યાએ રાત્રે મોહનથાળ-લાડુ કે એવી મિઠાઈ બનતી હોય છે તો તે રાત્રિભોજનના દોષમાં આવે કે નહીં?

(૫) સાધુઓના સામૈયામાં-દેવદર્શન-પટ ભરવા કે તીર્થયાત્રા કરવામાં જતા આવતાં બેન્ડનો છૂટથી ઉપયોગ થાય છે. મુનિઓએ એનો કદી વિરોધ નથી કર્યો. ત્યાં વાયુકાયના જીવોની હિંસાનો પ્રશ્ન આવે કે નહીં?

(૬) મંદિરો-ઉપાશ્રયોમાં ધાર્મિક ઉત્સવ પ્રસંગે રાતના ૧૧-૧૨ સુધી લાઈટ અને લાઈટને કારણે નાના મોટા જીવોનું ખેંચાઈ આવવું બને છે ત્યાં જીવહિંસા ગણાય કે નહીં?

(૭) મુનિઓથી લાઈટમાં ન ફરાય, પણ જ્ઞાનમંદિર-અમદાવાદ માળે માળે લાઈટો ચાલુ રાખવામાં આવતાં તે મુનિઓને ચડ-ઊતર કરતાં મેં પર્યુષણમાં નજરે નિહાળ્યા છે; પણ કોઈ મુનિએ આજ સુધી એનો વિરોધ કર્યો નથી તો એમાં સંયમની વાત ન આવે?

(૮) આચાર્યના ઉપદેશથી એક લાખ પુષ્પો વડે ભગવાનની પૂજા કરવાના કાર્યક્રમો થયા છે અને કદાચ આજ પણ થતા હશે, તો જો પુષ્પો સચિત્ત કહેવાય છે તો એમાં જીવહિંસાનો પ્રશ્ન નડે કે નહીં?

(૯) મૂર્તિને સ્વચ્છ રાખવા પાણીનો ઉપયોગ કરવો પડે એ એક વાત છે, પણ જેના ટીપે ટીપે અનેક ત્રસજીવો વિજ્ઞાને સિદ્ધ કર્યા છે ને એનો આપણે 'જીવવિચાર'માં સ્વીકાર પણ કર્યો છે છતાં પખાળને નામે હજારો ઘડા પાણીના ભગવાન પર ઢોળવામાં કંઈ પાપ થાય કે નહીં?

(૧૦) બોલવાથી વાયુકાયના જીવની હિંસા થાય છે તો મુનિએ સદા મૌન જ પાળવું જોઈએ, કારણકે એ છ કાય જીવોના રક્ષક મનાય છે. કોઈ જવાબ વાળશે કે જ્ઞાનપ્રાપ્તિ અર્થે યા અન્ય જીવોને પ્રતિબોધ આપવા માટે એમ કરવામાં ભગવાને ધર્મ કહ્યો છે. તો એ જ ધર્મપ્રચારના હેતુ માટે વિમાન-મોટરનો ઉપયોગ થાય ત્યાં સંયમની વાત કેવી રીતે આવી શકે?

(૧૧) લોહિતાચાર્ય પોતાના શિષ્યસમુદાય સાથે સમુદ્ર પાર કરી લંકા પહોંચ્યા હતા. (ત્રિપુટીમહારાજ કૃત જૈનપરંપરાનો ઈતિહાસ પાનું. ૧૭) તેમ જ એક આચાર્યે ગ્રીસ (સમુદ્રવાટે) પહોંચી ત્યાં જૈનધર્મ પ્રચાર્યો હતો. (Indian Historical Quarterly Part II page 293) તેમ જ જૈનમુનિઓ અરબસ્તાન ગ્રીસ અને મધ્ય યુરોપ સુધી પહોંચ્યા હતા, એટલું જ નહીં, સમસ્ત ભૂમંડળ પર ફરી વળ્યા હતા, જેનો આધાર દેશ પરદેશના જૈનેતર પંડિતોએ આપ્યો છે. એ મુનિઓને ત્યારે સંયમનો પ્રશ્ન નહીં નડયો હોય?

(૧૨) કાલકાચાર્યે મુનિવેશ ઊતાર્યો, ઘોડેસ્વારી કરી, અનાર્યદેશમાં ગયા, રાજખટપટો કરી - સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્રમાં ઊતર્યા, લડાઈઓ કરાવી છતાં એમણે પ્રાયશ્ચિત જ કર્યું હતું. ફરી દીક્ષા નહોતી લીધી. એથી જણાય છે કે ૨-૪ વર્ષ ગૃહસ્થવાસમાં રહેવા છતાં એમણે આચાર્યપણું કે મુનિપણું છોડયું નહોતું તો જે વેશ નથી છોડતો, ફકત ધર્મપ્રચારાર્થે જ મોટરનો અને સૂઝતા આહારની જેમ સૂઝતા વિમાનનો પ્રવાસ કરે છે એના પર સંયમને નામે તૂટી પડવું એમાં ન્યાય નથી એમ નથી લાગતું?

(૧૩) કેશર-સુખડ-ધૂપદીપથી પ્રભુ-પૂજા થઇ શકતી હતી. પુષ્પો વિના પૂજા ન જ ગણાય એવું શાસ્ત્રમાં કયાંય નથી, છતાં મુનિથી સ્પર્શ ન થાય એવા સચિત પુષ્પો લેવા જવું અને તે પણ વિમાનમાં-એને ધર્મકાર્ય માનવામાં આવે અને જે કેવળ ધર્મપ્રચાર અર્થે જ વિમાનનો ઉપયોગ કરે એમાં અધર્મ માનવો એ ગળે ઊતરે તેવી વાત નથી.

(૧૪) સાડી પચીસ આર્ય દેશોમાં જેનું નામ નથી એ આનર્ત તથા લાટ (ગુજરાત) અનાર્યો - ભીલો - નાગો આદિથી ભરેલો હોઇ પ્રજા અસંસ્કારી - અજ્જડ અને અલ્લડ હતી. ત્યાં ઊતરી આવી જે મુનિઓએ અહીં ધર્મનું - સંસ્કારિતાનું - દયા - કરુણાનું ઊંડું

વાવેતર કર્યું એથી જ ગુજરાત હજુ આજે પણ જગતનો એક એક પવિત્ર ખૂણો મનાય છે તો એ પ્રદેશમાં પ્રથમ ઊતરનારા મુનિઓને સંયમ નહી નડયો હોય? શું આજે જ એ સંયમ નડવા લાગ્યો છે કે જેથી અશાંતિમાં વ્યગ્ર બનેલી યુરોપ - અમેરિકાની પ્રજાને ધર્મથી વંચિત રાખવામાં આવે છે? જો અલ્લડ ગુજરાત આજે પવિત્ર ખૂણો બની શક્યું છે તો એ પ્રદેશો પણ ધર્મપ્રચારનો લાભ મેળવે તો પવિત્ર કેમ ન બની શકે? બાકી સંયમને નામે, અશાંતિમાં ખદબદતી દુનિયાની ઉપેક્ષા કરવી એ મૂળમાં જ સંયમને નામે આવેલી ગેરસમજ અને વિકૃતિનું જ પરિણામ છે એમ તટસ્થ વિચારકને જણાયા વિના નહીં રહે.

આશા રાખું છું કે ઉપરોકત પ્રશ્નો ફરી વિચારવામાં આવશે. આટલું કહી હું મારા વિચારો રજુ કરૂં છું.

(૧) ધર્મપ્રચાર માટે વિમાન - મોટરનો ઉપયોગ થઇ શકે. ભગવાન પોતે જ વહાણ યા નાવ દ્વારા નદીઓ પાર ઊતરતા તો આજના યુગમાં દુનિયા સાંકડી બની ગઇ હોઇ સ્ટીમરોનો પણ ઉપયોગ થઇ શકે. ફકત એવી મુસાફરી કરનાર મુનિએ પ્રાયશ્ચિત લેવું જોઇએ અને જતા પહેલાં વડિલ - ગુરૂ કે સંઘની આજ્ઞા માંગી લેવી જોઇએ.

(૨) આજની વધતી સંખ્યાને કારણે કોલાહલ થવાથી ગુરુજીની વાણી જો સાંભળી શકાતી ન હોય તો લાઉડસ્પીકરનો ઉપયોગ થવો જ જોઇએ. જેમ કોઇ બહેરો એ વાણી સાંભળવા કાનમાં નવું યંત્ર પહેરે છે તેમ આપણે પણ એ વાણીનો લાભ લેવા લાઉડસ્પીકર મૂકવું જ જોઇએ. હાં, ગુરુજી એવી ઇચ્છા ન કરે, ન કોઇને કહે કે ન વિરોધ કરે. જેમ બહેરાને એ સમભાવથી જુએ છે તેમ લાઉડસ્પીકર મૂકનારા પ્રત્યે પણ એ સમભાવ જ રાખે ને પોતે એથી અલિપ્ત રહે.

(૩) સ્થાનકવાસી - તેરાપંથી મુનિઓ ચોવીસે કલાક મુહપત્તિ બાંધી રાખે છે એ હવે યોગ્ય નથી. બોલે ત્યારે ભલે એ બાંધી રાખે, પણ જ્યારે મૌન હોય, બોલવાનું ન હોય, નિદ્રામાં હોય ત્યારે પણ એનો આગ્રહ રાખવો એ ઠીક નથી. આજના સભ્યતાના યુગમાં એ અયોગ્ય લાગે છે. પવિત્ર મુનિનું મુખારવિંદ પણ જોવા મળતું નથી અને તેથી હૈયાના જે ભાવ ઊઠવા જોઇએ એમાં એ વિઘ્નરૂપ છે. માટે એનો આગ્રહ મોળો થાય એ ઇષ્ટ છે.

(૪) ઘણા મુનિઓને ચાહ-છીંકણીનું ભારે વ્યવસન હોય છે અને ચાહ વિના તો ઘણાને ગમતું પણ નથી. એ વ્યસનોમાં સંયમને સ્થાન મળવું જોઇએ.

(૫) દિગંબર મુનિઓ વળી નગ્નતાના આગ્રહી રહ્યા છે. એ આજે એટલા આગ્રહી બની ગયા છે કે આત્માની અપેક્ષાએ દેહને જ પ્રાધાન્ય આપવા લાગ્યા છે. દેહ તો એક સાધન છે. જે આત્મા જાગૃત થઇ ગયો છે એને સાધનની રક્ષાનો આગ્રહ શા માટે? એનો અર્થ તો એ થયો કે એ દેહને જ પ્રાધાન્ય આપે છે. જો કોઇ મુનિ પોતાની આત્મમસ્તીમાં મસ્ત હોય ત્યારે એના દેહ ફરતું વસ્ત્ર વીંટાળી દેવામાં આવે તો એ આત્મમસ્તી ભૂલી તરત જ દેહભાવ પર આવી જશે. મુનિએ સમજવું જોઇએ કે જો આજના કાળે મોક્ષ નથી તો ભલા આ કાળે-આ યુગમાં વિશેષ નહિ તો લંગોટી શા માટે ન રાખવી? અને એ નગ્નતાને કારણે નથી એ અન્ય સમાજોમાં ફરી શકતા, નથી ધર્મ પ્રચાર કરી શકતા અને ઉપરથી એમના વિહાર વખતે શ્રાવકોને ગામેગામ એમની સાથે દોડાદોડ કરી ખૂબ પરેશાન થવું પડે છે. એટલે આ પ્રશ્ન પણ એક વિચારણા માંગે છે.

(૬) આ ઉપરાંત લોચ, મુખશુદ્ધિ, દેહશુદ્ધિ તથા મુતરડી-જાજરૂ વગેરેના પ્રશ્નો પણ આજે વિચારણા માંગે છે, પણ એ પ્રશ્નો મુનિવર્ગ જ વિચારશે તો યોગ્ય ગણાશે.

(૭) ઉપરાંત અહિંસાધર્મને કારણે એક સંઘાડાનો મુનિ બીજા સંઘાડાના મુનિને અસ્પૃશ્ય માની ગોચરીમાં હદ બાંધવા ડાંડાં મૂકે-આહાર-પાણીમાં ન નિમંત્રે તેમ જ ઉપાશ્રયમાં પણ સ્થાન આપવામાં આનાકાની કરે એ બધું ખાસ વિચારવા જેવું છે.

આશા છે કે આમાં જે જે કંઇ વિચારવાયોગ્ય હોય એ પર યોગ્ય વિચારણા થશે. અયોગ્ય વાત હોય તે તરફ ઉપેક્ષા સેવવામાં આવશે.

શાહ રતિલાલ મફાભાઈ-માંડળ

# પ્રકીર્ણ નોંધ

## મૌનનો પ્રભાવ: એક સત્ય ઘટના

એક દિવસ સવારે એક મિત્રને મળવા તેમના ઘેર ગયો. મિત્ર બહારગામ ગયેલા તે હજુ આવ્યા નથી એમ માલુમ પડયું. મિત્રપત્ની મળ્યાં. તેમની તથા તેમનાં બાળકોની મેં ખબરઅન્તર પૂછી. બહેને જણાવ્યું કે "આમ તો અમે બધાં સારાં છીએ, પણ બાબાને અઠવાડિયા સુધી તાવ આવી ગયો. હવે ઠીક છે." તેની માંદગી વિષે વધારે પૂછતાં તેમણે જણાવ્યું કે "આઠ દશ દિવસ પહેલાં બાબો કંપાઉન્ડમાં રમતો હતો. તેની સાથે એક બીજો છોકરો હતો તે બહુ તોફાની. કોઈ એક મોટર ડ્રાઈવર તે જ જગ્યાએ તેની મોટર સાફ કરતો હતો, સરખી કરતો હતો. એ દરમિયાન પેલા તોફાની છોકરાએ પેલા ડ્રાઈવરને કાંઈક અટકચાળો કર્યો અને પોતાને મારશે એ બીકે તે ભાગી ગયો. પેલો ડ્રાઈવર મજબૂત પડછંદ કાયાનો. પેલા અટકચાળાથી ચીડાયલો અને બાજુમાં ઊભેલા મારા બાબાને દોષિત માનીને તેના ગાલ ઉપર એક સખ્ત તમાચો તે ડ્રાઈવરે મારી દીધો. આ તમાચાથી તેના દાંતમાં લોહી આવ્યું, ગાલ સૂઝી આવ્યો અને ત્યારથી કાનનો દુ:ખાવો શરૂ થયો અને તાવ આવવા લાગ્યો. હવે ઈશ્વરકૃપાથી સારું છે." મેં પૂછ્યું "તમે એ ડ્રાઈવરને કશું કહ્યું નહિ?' તેમણે જવાબ આપ્યો કે "ભાઈ, બાબાને તેણે તમાચો માર્યો અને ઈજા થવાની હતી તે થઈ ગઈ. પછી તે ડ્રાઈવરને હું શું ઠપકો આપું?" એમ વિચારીને મેં મૌન સેવવાનું પસંદ કર્યું. આમ જણાવીને તેમણે ઉમેર્યું કે "આ મારા મૌનની તે ડ્રાઈવર ઉપર કોઈ જુદી જ અસર પડી. તેને પોતાની ભૂલ સમજાઈ; તે એકદમ છોભીલો પડી ગયો; મારી પાસે આવીને તેણે ખૂબ માફી માંગી અને મારા બાબાની સવાર સાંજ આવીને તે ખબર કાઢવા લાગ્યો. આ તેનું વર્તન જોતાં મને વિચાર આવ્યો કે જો તે વખતે હું દોડી ગઈ હોત અને તેને મેં ધમકાવ્યો હોત તો તેનો પ્રત્યાઘાત કોઈ જુદો જ હોત. તે પણ મારી સામે ઘુરકયો હોત અને પોતાની ભુલની તેને કદિ પ્રતીતિ થઈ ન હોત. આમ જે બન્યું તે સારાને માટે એમ મને લાગે છે. આવા પ્રસંગે ઘણી વખત મૌન જે કામ કરે છે તે કામ આવેશયુકત વાણીવ્યાપારથી થતું નથી."

## નિરર્થક કષ્ટપૂજા છોડો!

પ્રબુદ્ધ જીવનના તા. ૧-૭-૭૦ ના અંકમાં પ્રગટ થયેલ મુનિ વિદ્યાનંદજીની બદ્રીનાથ યાત્રાનો વૃત્તાન્ત બે કારણને લીધે સવિશેષ આકર્ષક બને છે. એક કારણ એ છે કે કોઈ પણ એક જૈન મુનિએ હિમાલયના અન્તર્ભાગમાં આવેલા બદ્રીનાથ તીર્થ સુધી પગપાળા પહોંચવાનો પુરુષાર્થ કર્યો છે. અને બીજું કારણ એ છે કે આ પ્રદેશની અસાધારણ ઠંડીમાં પણ તેઓ નગ્ન રહી વિચરી યા રહી શકયા છે. જે તીર્થમાં કોઈ પણ જૈન મુનિએ આજ સુધી પોતાનો પગ મૂક્યાનું આપણી જાણમાં નથી તે તીર્થ સુધી એક જૈન મુનિ પોતાના ચાલુ વ્રતનિયમના પાલનપૂર્વક પહોંચે તે ઘટનાને, જૈન મુનિ સાથે આપણા મનની સવિશેષ આત્મીયતા હોઈને, આપણું દિલ આવકારે, અભિનન્દે તે સ્વાભાવિક છે. આમાં પણ કોઈ પણ ગૃહસ્થ યા મુનિ ધાર્મિક અનુસંધાનમાં અસાધારણ કષ્ટને નોતરે-અપનાવે-તેને વધારે આદરથી જોવાને આપણું મન અને સંસ્કાર ટેવાયલાં હોઈને, આવા કોઈ મુનિ નગ્નતાનો પરિષહ સહન કરીને બદ્રીનાથ પહોંચે તે હકીકત વિષે આપણે સવિશેષ અહોભાવ અનુભવીએ છીએ, પણ અહિં પ્રશ્ન એ ઊભો થાય છે કે આવું કષ્ટ આ મુનિએ શા માટે સહન કરવું જોઈએ? આમ કરવું એ મુનિવ્રત પાછળ રહેલી આત્મસાધનાની ભાવનાને કોઈ પણ અંશમાં પોષક

યા પૂરક છે ખરું? આ પ્રશ્નનો વધારે ઊંડાણથી વિચાર કરતાં માલુમ પડશે કે સાધુ જીવનની સાધનામાં કોઈ પણ પ્રયોજન અથવા તો અનિવાર્યતાના અનુબંધ વિના વધારે પડતું શારીરિક કષ્ટ ભોગવવાનો અથવા સ્વીકારી લેવાનો કોઈ અર્થ નથી. તેમ કરવાથી આત્મદર્શન સમીપ આવે છે કે જીવન વધારે વિશુદ્ધ થાય છે એમ માનવાને કોઈ કારણ નથી. શરીરને સુંવાળું ન બનાવો, સગવડલક્ષી ન બનાવો અને આત્મસાધના કરતાં કરતાં જે કોઈ અગવડ કે કષ્ટ આવે તેને સમભાવપૂર્વક અપનાવો, પણ શરીરકષ્ટને કષ્ટની ખાતર ન બીરદાવો. આમ કરવાથી દેહાધ્યાસ ઘટે છે એ પણ એક ભ્રમણા છે. જ્યાં કષ્ટ છે ત્યાં મન તે તરફ જ મોટા ભાગે ચોંટેલું હોઈને માનવી વધારે શરીરલક્ષી બને છે—આવો આપણો અનુભવ છે. આ ચર્ચાનો સાર એ કે કોઈ ધાર્મિક સંદર્ભમાં સ્વેચ્છાએ સ્વીકારાતા શરીરદમન યા શારીરિક કષ્ટની પૂજા કરવાની આપણામાં જડ ઘાલી બેઠેલી વૃત્તિથી આપણે મુક્ત બનવું જોઈએ અને દરેક બાબતનો ઔચિત્ય અને ઉપયોગીતાની દૃષ્ટિએ સમતોલપણે વિચાર કરતા થવું જોઈએ.

## 'વિધવાવિવાહ'ની વિચારધારાની પરિપૂર્તિ

૧૬ મી જૂનના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી શારદાબહેન શાહનો 'વિધવા વિવાહ' ઉપરનો લેખ પ્રગટ થયો હતો. તે લેખથી પ્રભાવિત બનીને તેની પરિપૂર્તિ રૂપે અને આપણા આજના અમુક સામાજિક રીતરિવાજોમાં ફેરફાર સૂચવતો એક પત્ર શ્રી. સાવિત્રી-બહેન વ્યાસ તરફથી મળ્યો છે. તેમની સૂચનાઓને કોઈ સંમત થાય યા ન થાય, પણ તે સૂચનાઓ વિચારવાયોગ્ય છે એમ તો કહેવું જ પડશે. તે પત્ર નીચે મુજબ છે:—

અમદાવાદ, તા. ૨૭-૬-૭૦

**આદરણીય શ્રી પરમાનંદભાઈ,**

હું નિયમિત 'પ્રબુદ્ધ જીવન' વાંચું છું. મને પ્રબુદ્ધ જીવન ગમે છે. એમ. એ. એમ. એડ. હું છું. સર્વોદય કાર્યકર્તા શ્રી. હરીશભાઈ વ્યાસ મારા પતિ છે. (તેઓ આજકાલ દેવગઢબારિયા આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજમાં સર્વિસ કરે છે.) મારી માતૃભાષા ગુજરાતી નથી, તેથી કદાચ મારા નીચેના લેખમાં ભાષાની ભૂલો હોય. સુધારીને પ્રગટ કરશો તો હું આભારી થઈશ. ૧૬ જૂનના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી શારદાબેન શાહનો લેખ વાંચ્યો. મને ગમ્યો. ખરેખર સ્ત્રીઓની પોતાની રૂઢિચુસ્તતા એમના વિકાસમાં બાધક બને છે. સમાજમાં પ્રવર્તતા મૂલ્યો રૂઢિચુસ્તતાને ટેકો આપે છે. આ મૂલ્યોમાં પરિવર્તનની આવશ્યકતા છે.

જેમ કે હજીયે સુધરેલા સમાજમાં પરિણીત સ્ત્રીના નામ આગળ અ. સૌ. (અખંડ સૌભાગ્યવંતા) યા સૌ. (સૌભાગ્યવંતા) લખવામાં આવે છે તે શું બરોબર છે? પરિણીત સ્ત્રી તે જ સૌભાગ્યવતી અને વિધવા અથવા કુમારિકાઓ સૌભાગ્યહીન? આજે તો અનેક સ્ત્રીઓ અપરિણીત રહીને સામાજિક તથા રાજનૈતિક ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ કાર્ય કરે છે તે શું બધી સૌભાગ્યથી વંચિત રહી ગઈ છે એમ માનવું જોઈએ? પરિણીત સ્ત્રીઓને જ સૌભાગ્યવંતા લખવાની પરમ્પરા સ્ત્રીઓની પરાધીનતાની જ દ્યોતક છે. પુરુષ જો સ્ત્રી સાથે પરણવાની કૃપા કરે તો એનું સૌભાગ્ય. પુરુષના સાથ વિના તે દુર્ભાગી છે. પરિણિત પુરુષોના નામ આગળ જો સૌભાગ્યવાન ન લખાતું હોય તો સ્ત્રીઓના નામ આગળ પણ સૌભાગ્યવંતા લખવાની પરમ્પરાનો ત્યાગ કરવો જોઈએ.

હું માનું છું કે 'પ્રબુદ્ધ જીવન' એમાં આગળ રહેશે.

બીજું, પરિણીત સ્ત્રીઓએ બંગડી, ચાંલ્લો વગેરે સૌભાગ્યચિહ્નો ધારણ કરવા જોઈએ તેવો આગ્રહ ભણેલા સમાજમાં પણ રખાય છે તે પણ મારા મતે અયોગ્ય જ છે. એક તો, આવાં સૌભાગ્યચિહ્નો ધારણ કરીને હું પરણેલી છું એવી જાહેરાત કરવાની કશી જરૂર નથી. બીજું, માત્ર પરિણીત સ્ત્રીઓ જ અલંકૃત થઈ શકે કે અમુક આભૂષણ ધારણ કરી શકે—તેમાં આખી સ્ત્રીજાતિની નામોશી છે. તો આ સૌભાગ્યચિહ્નો ધારણ કરવાના મર્યાદિત અધિકારને અબાધિત બનાવવો જોઈએ; વિધવા યા અપરિણીત દરેકને તે ધારણ કરવાની છૂટ હોવી જોઈએ; યા પરિણીત સ્ત્રીઓએ પોતાની વિધવા અને અપરિણીત બહેનોના પક્ષમાં એમનું સ્વમાન જાળવવા માટે, સ્વેચ્છાથી આ સૌભાગ્યચિહ્નોનો ત્યાગ કરવો જોઈએ.

હું માનું છું કે સ્ત્રીસમાનતાની દિશામાં આ પણ એક મહત્ત્વપૂર્ણ પગલું છે. બસ.

સાવિત્રી વ્યાસના જય જગત

## હિમાલયમાં વર્ષોજૂનું જૈન મંદિર અને તે અંગે વિચારણા

તા. ૨-૭-'૭૦ ની 'વીર' પત્રિકામાં જણાવવામાં આવ્યું છે કે, 'હિમાલયની અંદર ગઢવાલ જિલ્લામાં શ્રીનગર નામનું એક શહેર છે, ત્યાં ભગવાન ઋષભદેવનું એક પ્રાચીન મંદિર છે." વાચક ધ્યાનમાં રાખે કે કાશ્મીરનું શ્રીનગર અને ગઢવાલનું શ્રીનગર એ બન્ને જુદાં છે. આપણે અહિં ગઢવાલમાં આવેલા શ્રીનગરની વાત કરીએ છીએ. હું કેટલાંક વર્ષ પહેલાં બદ્રીનાથ-કેદારનાથની યાત્રાએ ગયેલો ત્યારે અમારા યાત્રામાર્ગ ઉપર શ્રીનગર શહેર આવેલું અને જતાં આવતાં ત્યાં એક એક રાત ગાળેલી. આમ છતાં આ શ્રીનગરમાં આપણું જૈન મંદિર છે એવી કોઈ કલ્પના નહોતી. મારા મનની વર્ષોની ભાવના રહી છે કે હિમાલયમાં એક ભવ્ય જૈન મંદિર હોવું જોઈએ, જેના નિમિત્તે જૈનો હિમાલય તરફ જતાં આવતાં થાય. આમ હોવાથી ખરેખર શ્રીનગર જેવા જાણીતા સ્થળમાં આપણું એક જૂનુંપુરાણું જૈન મંદિર છે એ સમાચારથી હું ખૂબ આનંદ અનુભવું છું.

આ શ્રીનગર અલકનંદાના કીનારે આવેલું છે અને ઋષિકેશથી ૭૫ માઈલ દૂર છે. પ્રાચીનકાળમાં અલકનંદામાં મોટું પૂર આવવાના કારણે એ જૂના જૈન મંદિરને ઘણું નુકસાન થયું હતું એ બાજુ વસતા જૈનોએ ૧૯૦૯માં એ મંદિરનો જીર્ણોદ્ધાર કરાવેલો. એ જીર્ણોદ્ધારકાર્ય ૧૯૨૫ સુધી ચાલ્યું હતું. ત્યાર બાદ આજ સુધીમાં તે મંદિરની ઉપેક્ષા થતે થતે તે ઘણી જીર્ણતાને પામેલું છે અને આજે નવા જીર્ણોદ્ધારની અપેક્ષા રાખે છે. 'પ્રબુદ્ધ જીવન' ના ગયા અંકમાં બદ્રીનાથ પહોંચેલા દિગમ્બર જૈન મુનિનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. તેઓ આ શ્રીનગરમાં ચાતુર્માસ કરવાના છે એમ જણાવવામાં આવ્યું છે. હિમાલયના આ ઉત્તરાખંડ પ્રદેશમાં છૂટીછવાઈ પથરાયેલી ૫૦૦-૬૦૦ જૈનોની વસતી છે, પણ તેઓ વેરવિખેર હોવાથી તેમના માટે આર્થિક રીતે આ કાર્ય સહેલું નથી. 'વીર' પત્રમાં જણાવ્યા મુજબ આ જીર્ણોદ્ધાર કાર્ય માટે આશરે રૂપિયા પચાસેક હજારની જરૂર છે અને આજે જે સ્થિતિમાં છે તેને વિશાળ આકાર આપવામાં આવે તો અધિક દ્રવ્યની પણ અપેક્ષા રહે. આ કાર્ય માત્ર દિગંબર જૈનોનું જ છે એમ સમજવાનું નથી, પણ સમસ્ત જૈન સમાજનું છે. ઉપર જણાવ્યા મુજબ આર્થિક સહયોગ મળે અને શેઠ કસ્તુરભાઈ લાલભાઈ જેવાની દૃષ્ટિનો યોગ પ્રાપ્ત થાય તો આ મંદિર આપણ સર્વ જૈનો માટે એક મહાન તીર્થભૂમિ ગણાઈ જાય.

આજે જ્યારે ચાર વર્ષ પછી ભગવાન મહાવીરની ૨૫૦૦ મી નિર્વાણ જયંતિ સંયુકત રીતે ઉજવવાનો આપણે વિચાર કરી રહ્યા છીએ અને તેને લગતી અનેક યોજનાઓ વિચારવામાં આવે છે ત્યારે, હિમાલયના અંતરભાગમાં આવેલા શ્રીનગર શહેરના આ મંદિરના પુનરુત્થાન કરવાના વિચારને એ યોજનામાં સંમિલિત કરવામાં આવે એવું મારું નમ્ર સૂચન છે.

### વૈકલ્પિક બ્રહ્મચર્યના મુદ્દા અંગે

તા. ૧૬-૭-૭૦ ના વિશ્વવાત્સલ્યના અગ્રલેખમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા તા. ૧૪-૬-૭૦ના રોજ યોજાયલી પરિસંવાદસભાનો સાર આપતાં નીચે મુજબ જણાવવામાં આવ્યું છે:–

"સાધુવર્ગ સમાજ પાસેથી લે છે તો તેનું વળતર આપવું જોઇએ, અને સમાજસેવાનાં કાર્યો પણ કરવાં જોઇએ, બ્રહ્મચર્યના પાલન વિષે પણ આગ્રહ ન રાખવાનું મન્તવ્ય ધરાવતા હોવાની છાપ પર ખ્રિસ્તીધર્મનો એક ફાંટો અને બીજા ધર્મગુરુઓ સંસારી હોય છે; એવો ઉલ્લેખ પણ કર્યો હતો."

આ લખાણમાં બ્રહ્મચર્યના પાલનને લગતો ઉલ્લેખ પરિસંવાદમાં થયેલી સમગ્ર ચર્ચા વિષે ગેરસમજુતી પેદા કરે તેવો છે. તા. ૧-૬-૭૦ના પ્રબુદ્ધ જીવનમાં શ્રી દલસુખભાઇના સાધુ–સંસ્થા અંગેના પ્રસ્તુત મુદ્દાઓની ટૂંકી નોંધના આકારમાં કેટલાએક વિચારો પ્રગટ કરવામાં આવ્યા હતા અને તેમાં બ્રહ્મચર્યવ્રતની પ્રતિજ્ઞા વૈકલ્પિક રાખવી, એમ જણાવેલું પણ ત્યાર બાદ તા. ૧૪-૬-૭૦ના રોજ યોજાયેલ પરિસંવાદસભામાં આ મુદ્દાનો ખુલાસો કરતાં તેમણે એવી મતલબનું જણાવેલું કે "આ સંબંધમાં મારે એમ કહેવાનું છે કે "જેમનાથી બ્રહ્મચર્યવ્રત પૂર્ણપણે પળાતું નથી અથવા તો પળાવાનું શકય નથી એમ લાગે તેણે સાધુજીવન છોડીને ગૃહસ્થાશ્રમ સ્વીકારી લેવો એ વધારે યોગ્ય છે, પણ સાધુ–વેશને વળગી રહીને ઉપર ઉપરનું બ્રહ્મચર્ય પાળ્યાનો દેખાવ કરવો એ ઇચ્છવાયોગ્ય નથી." શ્રી દલસુખભાઇના આ ખુલાસાથી આપણને સંતોષ થાય કે નહિ, પણ બ્રહ્મચર્ય અંગે પોતાના લેખમાં દર્શાવેલા શ્રી દલસુખભાઇના વિચારનું તે સભામાં કે તા. ૨૮-૬-૭૦ ના રોજ યોજાયેલી બીજી પરિસંવાદસભામાં અન્ય કોઇ વકતાએ કે વિવેચકે ખાસ સમર્થન કર્યાનું મારા સ્મરણમાં નથી. પ્રસ્તુત પરિસંવાદસભાઓમાં થયેલી ચર્ચા સંબંધમાં કોઇ ગેરસમજુતી થવા ન પામે તેટલા માટે આટલો ખુલાસો કરવાની જરૂર ભાસી છે.

### તિરુપતિના ભ. વ્યંકટેશ્વરને શ્રી નિજલિંગપ્પાએ કરેલી પ્રાર્થના

તા. ૨૨-૭-૭૦ના ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં નીચે મુજબના સમાચાર પ્રકટ કરવામાં આવ્યા છે:–

"તિરુપતિ: જુલાઇ ૨૧, સંસ્થાકીય કૉંગ્રેસના પ્રમુખ શ્રી નિજલિંગપ્પાએ તિરુપતિ ખાતે આજે "અમે ઇચ્છીએ છીએ એવા વડા પ્રધાન અમને મળે" એ મતલબની ભગવાન વ્યંકટેશ્વર પાસે પ્રાર્થના કરી હતી અને વરદાન માગ્યું હતું.

"અહિંયા મળેલી દક્ષિણ ભારતની પ્રાદેશિક મહાસભા સમિતિને અંતિમ સંબોધન કરતાં શ્રી નિજલિંગપ્પાએ જણાવ્યું કે તેમની પહેલી સંયુકત સભાનું કામકાજ સારી આશા આપી રહી છે અને આગળ વધતાં તેમણે જણાવ્યું કે, "અહીં જ આપણે તેમના પવિત્ર પ્રભાવ નીચે સ્વ. લાલબહાદૂર શાસ્ત્રીની પસંદગી કરવાનો નિર્ણય લીધો હતો અને તેમણે બહુ સારી કામગીરી બજાવી હતી. પણ આપણે જ્યારે શ્રીમતી ઇન્દિરા ગાંધીની પસંદગી કરી ત્યારે આપણે અહીં ફરીથી આવ્યા નહોતા. હવે પછી નવા મહાઅમાત્યની પસંદગી કરવાને ટાણે ભગવાન વ્યંકટેશ્વરના આશીર્વાદ મેળવવા માટે આપણે બહુ થોડાં સમયમાં પાછા અહીં એકઠા થઇશું એવી આપણે જરૂર આશા રાખીએ."

આ સમાચાર અમુક અંશે રમૂજ ઉપજાવે તેવા છે અને તે એ રીતે કે રાષ્ટ્રીય મહાસભાના પ્રમુખ શ્રી નિજલિંગપ્પા આજના મહાઅમાત્ય શ્રીમતી ઇન્દિરા ગાંધીને તેમના સ્થાન ઉપરથી ઉથલાવી પાડવા માટે તિરુપતિના ભગવાન વ્યંકટેશ્વરની આમ આડકતરી રીતે મદદ માગી રહ્યા છે–એવી માન્યતા ઉપર કે જો ઇન્દિરા ગાંધી પદભ્રષ્ટ થાય તો પછી પોતાના પક્ષના આગેવાન માટે જ એ સ્થાન નિશ્ચિત છે. પણ ન જાણે જાનકી નાથ, પ્રભાતે કિં ભવિષ્યતિ. ઉપરના સમાચાર ખેદ ઉપજાવે તેવા એટલા માટે છે કે રાષ્ટ્રીય મહાસભાના ભાગલા પડયા પછી બન્ને બાજુએ એકમેકનું સ્થાન અને પ્રતિષ્ઠા તોડવા માટે જાતજાતની રમતો–ખટપટો–ચાલી રહી છે. આ મેલી રમતમાં ભગવાન વ્યંકટેશ્વરને શા માટે ભાગીદાર બનાવવામાં આવે છે અને તિરુપતિના ભગવાન વ્યંકટેશ્વર વિષેની સામાન્ય લોકોની શ્રદ્ધાનો ઉપર જણાવેલા પ્રચાર-ઉદ્‌ગારો દ્વારા શા માટે લાભ ઉઠાવવામાં આવે છે? જાહેર જીવનની કક્ષા કેટલી નીચે ઉતરી ગઇ છે તેની આ પણ પારાશીશી છે.

### ભાઈ મધુકાન્ત અમૃતલાલ શાહને અભિનંદન

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી તરફથી લેવાયલી એમ. કોમ. (માસ્ટર ઑફ કૉમર્સની) પરીક્ષામાં પહેલા નંબરે સફળતા પ્રાપ્ત કરનાર રાજકોટ ના વિદ્યાર્થી ભાઈ મધુકાન્ત તે સાયલાવાળા શ્રી અમૃતલાલ કચરાભાઈ શાહનો પુત્ર–તેને આપણા સર્વના હાર્દિક અભિનન્દન હો અને તેની હવે પછીની કારકીર્દિ એટલી ઉજજવલ બની રહે એવી શુભેચ્છા હો!

પરમાનંદ

## આનો કોઈ જવાબ ખરો?

તા. ૧૨-૭-૭૦ના ગુજરાત સમાચારમાં નીચે મુજબ સમાચાર પ્રગટ થયા છે:–

"ગઈ કાલે શહેરની વચ્ચે જ આવેલ એક જાણીતી કૉલેજના વિદ્યાર્થીઓએ ચૂંટણી પ્રચારના 'શાઉટીંગ' દરમિયાન કુટુંબ નિયોજન માટે સરકારી મદદથી રાહતના દરે વેચાતા 'નિરોધ' (ગર્ભનિરોધક રબ્બરની ટોટી) નો ફુગ્ગા તરીકે ઉપયોગ કર્યો હતો. આવા સંખ્યાબંધ ફુગ્ગાઓને ઉછાળી પ્રચાર માટે ખાસ આકર્ષણ ખડું કરવામાં આવ્યું હતું."

આ સમાચાર ચોંકાવે એવા છે, જો કે આજના વિદ્યાર્થીજગત માટે શું આશ્ચર્યજનક નથી એ સમજવું મુશ્કેલ છે.

દેશના વસતિવધારાની સમસ્યાને ઉકેલવા સરકારે–સુલભ કરેલાં સાધનોનો આવો દુરુપયોગ થાય? અને તે પણ વિદ્યાર્થીઓ દ્વારા ને વળી આ રીતે ઠઠ્ઠામશ્કરી ખાતર? જે વસ્તુ ખાનગી, ગંભીર ને સમજપૂર્વકના ઉપયોગની અપેક્ષા રાખે તેની આપણા અપરિણીત કૉલેજિયનો આવી રીતે હાંસી ઉડાવે તેમાં કઈ "બુદ્ધિચાતુરી"નું દર્શન થાય? કૉલેજના સત્તાધીશો તથા સરકાર આ માટે કંઈ જ ના કરી શકે? આજના યુવામાનસનું આ "ડહાપણ" સમાજને કયાં લઈ જશે? આનો કોઈ જવાબ ખરો?

ગીતા પરીખ

## ઝંખના

(મિશ્રોપજાતિ)

આ સાધનાના મુજ કોડિયાનું
ખૂટી જતું તેલ ઘડી ઘડીમાં;
હૈયાતણી સૌ સુખ–એષણાઓ
નિચોવી દૈને તપ–તેલ પૂરી
રાખી શકું જો જલતું સદા તો ......!

* * *

આ સાધનાનો ઘટ છે અધૂરો
તોયે કશો પૂર્ણની પ્રાપ્તિકેરા
આભાસમાં એ છલકાઈ જાયે!
રખે થતો તદ્દન ખાલી આમ
એનો મને હો ભય નિત્ય કોરતો!

ગીતા પરીખ

# સ્ત્રીજાતના પડછાયાથી પણ દૂર રહેવા માગતા યોગીજી મહારાજ

તા. ૧૦ મી જુલાઈ શુક્રવારના ઇન્ડિયન એક્સપ્રેસમાં Air India's Reluctant Guest એ મથાળા નીચે મુજબના સમાચાર પ્રગટ થયા હતા:

"સ્વામીનારાયણ સંપ્રદાયના વડા ધર્મગુરુ શ્રી યોગીજી મહારાજ, જેઓ લંડનથી ઉપડેલા વિમાન દ્વારા ગયા બુધવારે (તા. ૮ મી જુલાઈના રોજ) મુંબઈ ખાતે પધાર્યા છે તેમણે ૧૨॥ કલાકના વિમાની ઉડ્ડયન દ્વારા બિલકુલ અન્ન લીધું નહોતું અને તેમના વિભાગનાં દ્વાર આ પ્રવાસ દરમિયાન તદ્દન બંધ રાખવામાં આવ્યા હતાં.

"આનું કારણ શું? ૮૦ વર્ષના આ બુઢ્ઢા ધર્મગુરુએ કોઈ પણ સ્ત્રીને નજીકથી નહિ જોવાની પ્રતિજ્ઞા લીધી છે. આ યોગીજી-મહારાજે અખિલ હિંદ વિમાની વ્યવહારના અધિકારીઓને ખાસ સૂચના આપી હતી કે તેઓ બોઈંગ વિમાનમાં પ્રવાસ કરતા હોય એ દરમિયાન કોઈ પણ સ્ત્રીએ-ઍર હોસ્ટેસે પણ-તેમની બાજુએથી પસાર થવું નહિ, તેનો પડછાયો પણ પડવો ન જ જોઈએ. તેમણે તેઓ પોતે અને તેમના ૧૦ અનુયાયીઓ માટે આ વર્ગની કુલ ૧૭ બેઠકો રીઝર્વ કરાવી હતી, જેના પાઉંડ ૪,૦૦૦ એટલે કે રૂ. ૭૨,૦૦૦ ચૂકવવામાં આવ્યા હતા.

"લંડનના હીથરો ઍરપોર્ટના ટર્મિનલ બિલ્ડિંગથી ઍરોપ્લેઇન સુધી તેમને લઈ જતી વખતે આખો સમય તેમણે આંખો બંધ રાખી હતી અને સાન્તાક્રુઝ ઍરપોર્ટ તેઓ પહોંચ્યા ત્યારે તેમણે ઍરોપ્લેઇનની સીડીના નાકે સામાન્ય રીતે આભાર-નિવેદન કરવા માટે અને આવા યોગીજી મહારાજ જેવા મહાપુરુષનું અભિવાદન કરવા માટે મોટા ભાગે ઍર હોસ્ટેસ ઉભી હોય છે તે ત્યાંથી ખસી ગઈ છે કે નહિ તેની તેમણે પાકી ખાત્રી કરી લીધા પછી જ તેઓ ઍરોપ્લેઇનની સીડી ઊતર્યા હતા.

"આ ઍરોપ્લેઇન લંડનથી મુંબઈ પહોંચતાં પહેલાં પેરિસ, ઝ્યુરીચ, અને બીરૂટ થોડો થોડો સમય ખોટી થાય છે. આ ખોટીપા દરમિયાન યોગીજી મહારાજ અને તેમની મંડળીમાંના કોઈ પણ ગૃહસ્થ પોતાના કમ્પાર્ટમેન્ટમાંથી બહાર નીકળ્યા નહોતા.

"લંડન કે જ્યાં તેમના હજારો અનુયાયીઓ વસે છે ત્યાં આ યોગીજી મહારાજે સ્વામીનારાયણ સંપ્રદાય માટે તૈયાર કરવામાં આવેલ મંદિરનું ઉદ્‌ઘાટન કર્યું હતું."

આ યોગીજી મહારાજ અહીંથી પૂર્વ આફ્રિકા ગયેલા અને ત્યાંથી લંડન પહોંચેલા તે દરમિયાન પણ રીઝર્વેશન પાછળ આવી રીતે દ્રવ્ય ખરચ્યું હશે, અને કોઈપણ સ્ત્રીથી માત્ર નહિ પણ તેના પડછાયાથી પણ દૂર રહેવા અંગે આટલી જ સંભાળ લેવામાં આવી હશે.

યોગીજી મહારાજ આજે મુંબઈમાં બિરાજે છે. તેમના વિષે પૂછતાછ કરતાં વિશેષ જાણવા મળે છે કે અહીં તેમના નિવાસસ્થાને તેમનાં દર્શન કરવા માગતી બહેનો તેમની સામે ઊભા રહીને પ્રત્યક્ષ દર્શન કરી શકતી નથી. આ બિચારી ભક્તબહેનો યોગીજી મહારાજ જ્યાં બેઠા હોય તેના બંધ બારણાની તીરાડમાંથી જ માત્ર તેમનાં દર્શન કરી શકે છે. તેઓ પ્રવચન કરતા હોય ત્યારે તેમને સાંભળવા માટે એકઠી થયેલી બહેનોની આડો પડદો નાંખવામાં આવે છે જેથી બહેનો તેમને સાંભળી તથા જોઈ શકે છે પણ યોગીજી મહારાજ બહેનોને જોઈ શકતા નથી.

પ્રસ્તુત યોગીજી મહારાજનું સ્થાન સ્વામીનારાયણ સંપ્રદાયમાં સર્વોચ્ચ છે એ હું જાણું છું. એમ છતાં તેમની સાથે સંબંધ ધરાવતી આ બધી બાબતો એ માટે રજૂ કરું છું કે બ્રહ્મચર્ય-પાલનના આગ્રહનો અતિરેક કઈ હદ સુધીનો થઈ શકે છે અને જેમાં સંપ્રદાયના અનુયાયીઓ ગૌરવ લેતા હોય તેવો આચાર માત્ર પશ્ચિમના લોકો માટે નહિ પણ આપણી જેવા સામાન્ય રીતે વિચાર કરતા લોકો માટે પણ કેવો હાસ્યાસ્પદ બની શકે છે તેનું આ ઘટનામાંથી આપણને આરપાર દર્શન થાય છે. પ્રસ્તુત કિસ્સા પાછળ કોઈ પણ અન્ય સ્ત્રીનું પ્રત્યક્ષ દર્શન માત્ર નહિ પણ તેનો પડછાયો પણ બ્રહ્મચર્યના પાલનમાં બાધારૂપ બને છે એવો ભાવ અને અભિપ્રાય રહેલો છે. જ્યાં કોઈ પણ પ્રથા અતિરેકનું રૂપ ધારણ કરે છે ત્યાં આવો જ આચાર-વ્યવહાર પેદા થાય છે. આપણી વચ્ચેથી ધીમે ધીમે વિદાય લઈ રહેલી અસ્પૃશ્યતાએ પણ દક્ષિણ ભારતમાં મલબાર બાજુએ-આવું જ વિકૃત રૂપ ધારણ કર્યું હતું. શેરીના આ નાકે કોઈ નામબુદ્રી બ્રાહ્મણ દાખલ થતો હોય તો બીજે નાકે દાખલ થતાં પંચમ વર્ગના માનવીએ પાછા ફરીને બીજી ગલીમાં છુપાઈને ઊભા રહેવું પડતું હતું, અને એવી આમન્યા ન જાળવનાર પંચમ વર્ગનો અસ્પૃશ્ય લેખાતો માનવી આસપાસના પ્રજાજનોના પ્રચંડ રોષનો ભોગ બનતો, તેને ટીપી નાંખવામાં આવતો.

આપણે એટલે દૂર શા માટે જઈએ? અપરિગ્રહ વ્રતના સંપૂર્ણ પાલનના આગ્રહમાંથી સામાન્ય લોકોમાં જુગુપ્સાપ્રેરક એવી-દિગંબર મુનિની-નગ્નતા પરિણમી છે. બોલતી વખતે મોઢાના થૂંકનો છાંટો સામે બેઠેલી વ્યક્તિ ઉપર ન પડે એવા ખ્યાલમાંથી કોઈ ને કાંઈ કહેવું હોય ત્યારે મોઢા આડે કાંઈક વસ્ત્રઆવરણ રાખવું સારૂં એવો કેટલાકને વિચાર આવ્યો અને એ વિચારમાંથી મુહપત્તિ હાથમાં રાખવાની પ્રથા જન્મી અને તેમાંથી મોઢા આડે મુહપત્તી સતત બાંધી રાખવાની પ્રથા સ્થાનકવાસી તથા તેરાપંથી સાધુ-સાધ્વી વર્ગને એવી વળગી-ચોંટી અને મુહપત્તી મોઢાના સ્થાયી આભૂષણ રૂપ બની ગઈ, અને તેની આસપાસ ધાર્મિક પરંપરાની એવી ચોકી જામી ગઈ કે તે પ્રથામાંથી તે આખા વર્ગને મુક્ત થવાનું આજે તો તદ્દન અશક્ય જ બની બેઠું છે.

સૈકાઓથી આવી ચાલતી આ પ્રથાઓ છે પણ આજે આપણે બૌદ્ધિક યુગમાં વસી રહ્યા છીએ; દરેક પ્રથાના ઔચિત્ય-અનૌચિત્યનો વિચાર કરીને આપણા વ્યક્તિગત કે સામાજિક જીવનમાં આપણે આજે ઠીક પ્રમાણમાં ફેરફાર કરી રહ્યા છીએ. આવા કાળમાં વસતા અને વિચરતા યોગીજી મહારાજને આપણો પ્રશ્ન છે કે આજથી ૫૦૦-૬૦૦ વર્ષ પહેલાં થઈ ગયેલા સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામીએ સ્ત્રી-સમાગમ અંગે ભલેને અત્યન્ત કડક મર્યાદાઓ બાંધી હોય પણ કોઈ પણ સ્ત્રીના પડછાયાથી દૂર રહેવાનું સૂચવતી મર્યાદાને આજના જમાનામાં કોઈ સ્થાન છે ખરૂં? તેઓ એ પણ વિચારે કે સ્ત્રીસમાગમના આવા કડક ખ્યાલો અબ્રહ્મચર્યના વિકારોથી બચવામાં ખરેખર ઉપયોગી થાય છે કે તેનું પરિણામ તેથી કાંઈક વિપરીત આવે છે? આ પણ મનોવિજ્ઞાનની દૃષ્ટિએ વિચારવું જરૂરી છે. આજના જીવનમાં-મોટા શહેરોના જીવનમાં-સ્ત્રી-પુરુષો જ્યાં ત્યાં અથડાય છે તો એ ઉપરથી શું એમ માની લેવું કે આ બધા લોકો કેવળ વિકૃતિના માર્ગે જ ધસી રહ્યા છે?

સ્ત્રી-પુરુષ સંબંધ વિષે એક વખત એવો ખ્યાલ હતો કે, બન્ને એકમેકથી જેટલા દૂર રહે એટલું સારું અને ઇચ્છવાયોગ્ય છે. આજનો જમાનો, આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, આપણને-સ્ત્રી પુરુષોને-એકમેકની ખૂબ જ નજીક લાવી રહેલ છે. બસમાંની એક બેઠક ઉપર તમે બેઠા હો અને બાજુએ કોઈ બહેન આવીને બેઠી તો શું તમારે તમારી બેઠક ઉપરથી રખેને સ્ત્રીસ્પર્શની બીકે ઊભા થઈ જવું અને બસમાં વધારે જગ્યા ન હોય તો ઊતરી જવું? આપણા જાહેર-જીવનમાં આ પરસ્પર સમાગમ વધતો જ જાય છે. આ પરિસ્થિતિમાં આપણને સ્ત્રી સમાગમથી ભાગવાની જરૂર નથી, પણ સ્ત્રીઓ સાથે કામ કરતા હોઈએ પણ શીલવિચારથી વિચલિત ન થવાય-એવા Sex-proof-જાતીય વિકારથી મુક્ત-બનવાની દૃઢતા કેળવવાની જરૂર છે.

યોગીજી મહારાજ અને તેમના અનુયાયીઓ આ આજની વાસ્તવિકતા સમજે અને એ અનુસાર પરંપરાગત ખ્યાલોમાં અને આચારોમાં ફેરફાર કરે એવી આ નોંધ દ્વારા તેમને નમ્ર પ્રાર્થના છે.

**પરમાનંદ**

# કીર્તિકુમારનો હૃદયપલટો

થોડા દિવસ પહેલાં મુનિ ચિત્રભાનુનો બોરીબંદર પાસે આવેલા લોંકાગચ્છના ઉપાશ્રયમાં નિવાસ હતો તે દરમિયાન તેમને મળવા જવાનું બનતા એક યુવાન સાથે મારી ઓળખાણ કરાવવામાં આવેલી અને મને એમ જણાવવામાં આવ્યું કે "આ ભાઈ કીર્તિકુમાર છે જેણે, મુનિશ્રી ચિત્રભાનુ જે દિવસે અહીંથી યુરોપ જવા વિદાય થયેલા તે દિવસ સવારના ભાગમાં ચોપાટી ઉપર બિરલા ક્રીડા કેન્દ્રમાં ભરવામાં આવેલી ચિત્રભાનુની વ્યાખ્યાનસભા વખતે વ્યાખ્યાનસ્થળની બહારના ભાગમાં કરવામાં આવેલ ધાંધલની આગેવાની લીધી હતી." એ ભાઈની વિશેષ ઓળખાણ આપતાં મને એમ જણાવવામાં આવ્યું કે: "આ ભાઈને ત્યાર બાદ આવું ધાંધલ મચાવવા બદલ ખૂબ પશ્ચાત્તાપ થયો છે અને મહારાજશ્રીની તેમણે માફી માંગી છે." મુનિ ચિત્રભાનુના અહીંથી વિદાય થયા બાદ એ ભાઈને પશ્ચાત્તાપ થાય એવું તે શું બન્યું હશે એ બાબતનું મને ભારે કુતૂહલ થયું અને અવકાશે મને મળી જવા મેં એ ભાઈને વિનંતિ કરી. એ મુજબ તેઓ બીજા દિવસે બપોરે મારે ત્યાં આવ્યા અને તેમના જણાવવા મુજબ મુનિ ચિત્રભાનુ અમુક દિવસે યુરોપ જવાના છે એ વાત જાહેર થવા સાથે સ્થિતિચુસ્તોનો જે અડ્ડો લેખાય છે એવા એક જૈન ઉપાશ્રયમાં વસતા આચાર્યોએ મુનિ ચિત્રભાનુને યુરોપ જતાં કેમ અટકાવવા અને તેમ ન બને તો તેમનો ઓઘો (રજોહરણ) અથવા તો વેશ કેમ ઝૂંટવી લેવો તેને લગતી ખટપટ શરૂ કરેલી. તે ખટપટમાં ભાગ લેતા આ ભાઈ કીર્તિકુમારે આ બાબતને ધર્મકાર્ય લેખી, આને લગતી સરદારી લેવાનું બીડું ઝડપ્યું અને એક ધર્મચુસ્ત લેખાતા ધનિક આગેવાને આ કાર્ય પાર પાડવા માટે પોતાની કોથળી ખુલ્લી મૂકી દીધી. પરિણામે ૨૫-૫૦ જૈન યુવાનોનું — છોકરા-છોકરીઓનું-એક ટોળું એકઠું કરીને 'ચિત્રભાનુ — સાધુ નથી, શયતાન છે' એવા નારા લગાવતાં આ કીર્તિકુમાર ચોપાટી ઉપર બિરલા ક્રીડા કેન્દ્ર આગળ પહોંચ્યા અને ધાંધલ મચાવ્યું અને ચિત્રભાનુ કેટલોક સમય બહાર નીકળી ન શકયા. આ ઉપરાંત એ જ રાત્રે સાન્તાક્રુઝ ઍરોડ્રોમ ઉપર પણ ધાંધલ કરવાની પણ તેમણે પેરવી કરેલી વગેરે અનેક બાબતો તેમણે મને જણાવી. આમ પૂરો પ્રયત્ન હોવા છતાં જેમને પોતે અધર્મી માને છે તે ચિત્રભાનુ કેમ પોતાની મુરાદમાં સફળ થયા અને એવી રીતે ધર્મની સેવા કરવા માગતા હોવા છથાં પોતે કેમ નિષ્ફળ નિવડયા તે પ્રશ્ન તેને મુંઝવવા લાગ્યો અને આમ વર્તવામાં રખેને પોતાની કોઈ ભૂલ તો થતી નથીને એવો પ્રશ્ન તેમને પીડવા લાગ્યો.

આ રીતે લગભગ એક મહિનો પસાર થવા આવ્યો. મુનિ ચિત્રભાનુ મે માસની શરૂઆતમાં યુરોપથી પાછા ફર્યા અને ઘાટકોપરમાં તેમની વ્યાખ્યાનસભા હોવાની જાહેરાત કરવામાં આવી. આ જાણીને વળી આ સભા તોડવાના મનસુબા ભાઈ કીર્તિકુમાર કરવા લાગ્યા. આ બાબતની તેમણે પોતાના એક મિત્રને વાત કરી. તે મિત્રે તેની સુશુપ્ત ચેતનાને ઢંઢોળતા તેને જણાવ્યું કે "જે બનવાકાળ હોય છે તે બન્યા જ કરે છે. તેમાં ન તો તેમનો દોષ છે, ન તો અન્ય કોઈનો. આપણે તેમનો વિરોધ કરી વિના કારણ કર્મબંધ કરીએ છીએ, આપણું મન અને આત્મા બન્ને અસ્વસ્થ થઈ જાય છે અને આપણા જૈન ધર્મના એવા અનેક આચાર્યો થઈ ગયા છે જેઓ એકવાર માર્ગ ભૂલ્યા છે અને પાછળથી મુકિત પંથે વિચર્યા છે અને આપણે એટલું જરૂર કબૂલ કરવું જોઈએ કે મુનિ ચિત્રભાનું વિદ્વાન તો છે જ, તેઓ આપણા કરતાં ઘણું વધારે જાણે છે. એક વખત આપણે સૌ તેમને સાંભળવામાં—તેમના ભકત ગણાવામાં ગૌરવ લેતા હતા. પરધર્મીઓ પણ તેમને પૂજે છે અને આદરપૂર્વક સાંભળે છે.

"અને એક ખાસ મુદ્દાની વાત કહું તો તેઓ, ગમે તે કહો તો પણ આપણા જ છે. તેઓ કોઈ પરધર્મી નથી. આજે નહિ તો આવતી કાલે તેઓ સમજશે. બધું કર્મને આધીન છે, પણ તમે એક વાત ન ભૂલશો કે ચિત્રભાનુ આપણા સ્વધર્મી બંધુ છે, આપણા ગુરુ છે. આપણા છે ને આપણા જ રહેશે." (ભાઈ કીર્તિકુમારે આ આખા પ્રકરણ અંગે આપેલા લેખિત નિવેદનમાંથી ઉધ્ધૃત) એ મિત્રની આ વાત તેમના ગળે ઊતરી ગઈ; અને ચિત્રભાનુ સંબંધમાં આજ સુધી જે વિરોધી વર્તન તેમણે કર્યું અને વિચાર્યું તે બાબતનો પશ્ચાત્તાપ તેમના દિલને ખૂબ ખટકવા લાગ્યો અને આ બાબતની ઊંડી વ્યાકૂળતા અનુભવતા તેઓ પોતે સ્વત: મુનિ ચિત્રભાનુ પાસે ગયા અને તેમના વિરુદ્ધમાં તેમણે આજ સુધી જે કાંઈ કરેલું તેનો ખુલ્લા દિલથી એકરાર કર્યો અને પોતાના અપરાધ બદલ મહારાજશ્રીની ક્ષમા માગી. મુનિ ચિત્રભાનુ માટે આ વિલક્ષણ અનુભવ હતો. પોતાની વિદાય વેળાએ થયેલા તોફાનનો નાયક આમ પોતાની સમક્ષ આવીને એકરાર કરશે અને માફી માગશે એવી તેમને કોઈ કલ્પના નહોતી. જે ભાવથી ભાઈ કીર્તિકુમાર ચિત્રભાનુ સમક્ષ ગયો એવા જ ભાવથી મહારાજે તેને આવકાર્યા અને ઉમળકાભરી મધુર વાણીથી અને ઉદાર ઉદ્‌ગારોથી તેને ભકિતપ્રભાવિત કર્યો.

આ ઘટનાની વિગતો વિચારતાં બે બાબતો મન ઉપર આવે છે. એક તો મુનિ ચિત્રભાનુના પરદેશગમન સામે તોફાની મોરચો ઊભો કરનાર અમુક જૈન આચાર્યો અને તેમાં સુર પુરાવતા અમુક આગેવાનોના વર્તન અંગે. મુનિ ચિત્રભાનુના પરદેશગમન સામે વિરોધ હોય એ સમજી શકાય તેવું છે અને એવો વિરોધ લખાણો લખીને તથા સભાઓ યોજીને વ્યકત કરવામાં આવે એમાં પણ જરાયે ખોટું નથી. પણ પડદા પાછળ રહીને દોરીસંચારપૂર્વક આવા ધાંધલો યોજવા અને પોતાના વિચારથી પ્રતિકૂળ રીતે વર્તનાર મુનિ ઉપર કીર્તિકુમાર જેવાને પોતાના હાથા બનાવીને આક્રમણ કરવાની ખટપટ કરવી અને એ પણ ધર્મરક્ષાના બહાના નીચે —આમ કરવામાં ધર્મની કોઇ રક્ષા થતી નથી. ઊલટું માનવીઉચિત સભ્યતાના ભંગ સાથે અધર્મને ઉત્તેજન અપાય છે. થોડા દિવસ પહેલાં કોટમાં આવેલાં જૈન ઉપાશ્રયમાં પણ મુનિ ચિત્રભાનુના વ્યાખ્યાન પ્રસંગે આવું જ વિરોધી ધાંધલ કેટલાએક લોકોએ કરેલું અને મુનિશ્રીને બોલતાં અટકાવેલા. આમ કરવામાં જૈનધર્મ કે સમાજની શોભા વધવાને બદલે ઘટે છે અને સમાજના આગેવાનોને શરમથી નીચે જોવું પડે છે.

બીજી બાબત, ઉપરની ઘટનાના સારરૂપે એ ફલિત થાય છે કે દરેક વ્યકિતમાં સદ્‌વૃત્તિનું બીજ પડેલું હોય છે. તે બહારના આવેગો નીચે દબાઇ જાય છે. પણ તેને અંકુરિત કરે એવું કોઇ અનુકૂળ નિમિત્ત મળી જતાં તેની પ્રસુપ્ત ચેતના જાગૃત થાય છે, પોતાની ભૂલ તેને સમજાય છે, પશ્ચાત્તાપપૂર્વક ભૂલભર્યા માર્ગથી તે પાછો ફરે છે, તે એકાએક પલટાય છે અને સન્માર્ગ પ્રતિ તે અભિમુખ બને છે. ભાઈ કીર્તિકુમાર પલટાયા તેના મૂળમાં આ તત્ત્વ રહેલું છે. માનવી માત્ર ભૂલને પાત્ર છે; એમાં પણ યુવાન સવિશેષ, પણ અન્તસ્તત્વને વફાદાર રહેવાની જો તેનામાં ભાવના હોય તો તે ભૂલ તેના વિશિષ્ટ આરોહણનું સોપાન બની જાય છે.

પરમાનંદ

# અપંગ બહેન અરુણાને શુભ વિદાય ઈચ્છતો સમારંભ

બાલ્યકાળથી બન્ને પગે અપંગ એવી બહેન અરુણા ઝવેરી જેની આજે ૩૨-૩૩ વર્ષની ઉમ્મર છે તે બીજી અનેક બહેનો સાથે ૨૦ મી જુલાઈની સવારે જાપાનમાં જે ભવ્ય પ્રદર્શન યોજવામાં આવ્યું છે અને જેની મુલાકાતે દુનિયાભરના સ્ત્રી-પુરુષો જઈ રહ્યાં છે તે પ્રદર્શન અંગે જાપાનીઝ સરકારના નિમંત્રણથી જાપાન જવા રવાના થઈ છે.



આ બહેનનો પરિચય માનવી-પુરુષાર્થની નાની કથા જેવો છે. તેના કહેવા મુજબ બે વર્ષની ઉમ્મરે પોલીયાના આક્રમણના પરિણામે તે બન્ને પગે અપંગ થયેલી. વર્ષોથી તે પાયધુની બાજુ આવેલ ગોડીજીની ચાલમાં તેના જૈન માતા-પિતા સાથે રહે છે. તેના પિતાની ઝવેરી બજારમાં એક દુકાન છે અને મોટા ભાગે કલ્ચર મોતી તથા દાગીનાઓ બનાવવા તેમ જ વેચવાનું કામ કરે છે. તેમની આર્થિક સ્થિતિ બહુ સાધારણ ગણાય. અરુણા સૌથી મોટી, તેનાથી નાનો એક ભાઈ અને બહેન છે. અરુણા પોતાને કર્મવશાત અથવા દૈવયોગે પ્રાપ્ત થયેલ અપંગતાથી હિંમત હારી ન બેઠી. ઉંમર વધતાં તેણે ભણવા માંડયું. ગુજરાતી અભ્યાસ પૂરો કર્યો. હાઈસ્કૂલમાં ગઈ, એસ. એસ. સી.ની પરીક્ષા પસાર કરી, શારીરિક અગવડના કારણે અભ્યાસમાં ખાંચા પડતા રહ્યા. એમ છતાં ઇન્ટર આર્ટ્સ સુધી તે પહોંચી, પણ તેમાં નાપાસ થઈ. તેના માતા-પિતા મને ઓળખે. તે સંબંધના કારણે અરુણા તેનાં માતુશ્રીને લઈને મારે ત્યાં આવી અને પોતે હવે શું કરવું તે વિષે મારી સલાહ પૂછી. એ દિવસોમાં મિસિસ ફાતમા ઈસ્માઈલ જેઓ અપંગ બાળકોની ઉન્નતિ-ઉત્કર્ષના ક્ષેત્રે વર્ષોથી મીશનરીની માફક કાર્ય કરી રહ્યાં છે તેમને પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવાનું નિમંત્રણ આપવાના હેતુથી આગળ ઉપર બે ત્રણ વાર મારે મળવાનું બનેલું-તેમની પાસે બહેન અરુણા અને તેની માતુશ્રીને હું લઈ ગયો. તેમણે તેને શોર્ટહેન્ડ તથા ટાઈપ રાઈટીંગ શીખી લેવા સલાહ આપી. તે પ્રમાણે તે બન્ને કળા થોડા સમયમાં અરુણાએ સિદ્ધ કરી એટલે મિસિસ ઈસ્માઈલે તેને ટાઈપીસ્ટનું કામ સોંપ્યું. થોડા સમય બાદ તેમની સોસાયટી ફોર ધી એજ્યુકેશન ઑફ ધી ક્રીપલ્ડ-અપંગ લોકોના શિક્ષણ માટેની સોસાયટી-હસ્તક ચાલતી નાગપાડા નેબરહૂડ બાજુએ આવેલી નિશાળમાં બહેન અરુણાને શિક્ષિકાનું કામ મળ્યું. ત્યાર બાદ ટીચર્સ ટ્રેઈનિંગનો તેણે કૅાર્સ કર્યો અને એસ. એન. ડી. ટી. માં અભ્યાસ ચાલુ રાખ્યો. ઈન્ટર પાસ થઈ અને બી. એ. ના અભ્યાસ તરફ વળી. આ ઉપરાંત તેણે ગર્લ ગાઈડનો કૅાર્સ કર્યો અને તેની કેપ્ટન બની અને તેની નિશાળમાં તે ગર્લ ગાઈડના કેપ્ટન તરીકે પણ કામ કરે છે. વળી સ્કૂલના કામ ઉપરાંત તેને ટયુશનો પણ મળવા લાગ્યા અને આ રીતે તે ઠીક ઠીક કમાતી થઈ.

ઉપર જણાવ્યું તે મુજબ તે હાલ ગોડીજીની ચાલના ચોથે માળે રહે છે. ત્યાંથી બે ઘોડીની મદદ લઈને તે નીચે ઊતરે છે. બસમાં બેસીને બેલાસીસ રોડની બાજુએ નિશાળની નોકરીએ આવે જાય છે; આ ઉપરાંત બે કે ત્રણ તે ટયુશન કરે છે. આ બધું ધ્યાનમાં લઈએ ત્યારે જ તેણે જીવનમાં દાખવેલા અદ્‌ભુત પુરુષાર્થનો આપણને કાંઈક ખ્યાલ આવે.

ઉપર જણાવેલ શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપરાંત તે ઝવેરીની દીકરી છે. મોતીના દાગીના જુદી જુદી ડીઝાઈનના બનાવવા તેને મન રમત વાત છે; વળી તે એક કળાકાર છે, કોઈનો ઓર્ડર મળતાં તે જુદી જુદી ડીઝાઈનવાળા નિમંત્રણ પત્રો-અભિનંદન કાર્ડો તૈયાર કરી આપે છે. આ બધી પ્રવૃત્તિના પરિણામે આજે તે લગભગ ૫૦૦-૭૦૦ રૂપિયા મહિને કમાઈ રહી છે.

બે કે ત્રણ વર્ષ પહેલાં તે બી. એ. ની પરીક્ષામાં બેઠી પણ થોડા માર્કસ માટે નાપાસ થઈ. મારી પાસે આવી; રડી પડી; તેણે કહ્યું કે જો હું પાસ થઈ હોત તો મારાં માસિક પગારમાં રૂ. ૫૦ નો વધારો થાત. મેં તેને આશ્વાસન આપ્યું, ધીરજ આપી. પછીના વર્ષે તેનાં માતુશ્રીને માંદગી આવી અને પરીક્ષા આપી ન શકી. ગયા એપ્રિલમાં પણ તેને આવી જ મુશ્કેલી નડી. આમ છતાં તે હિંમત હારી નથી. એક બે વર્ષમાં તે બી. એ. ની પરીક્ષા જરૂર પસાર કરશે એવી મારી ખાતરી છે.

આ બહેન અરુણા ગર્લગાઈડના કેપ્ટન તરીકે જાપાન જઈ રહી છે. આ બાબતની ખબર પડતાં હું તેનું અભિનન્દન કરવા માટે તેના ઘેર જવાનો વિચાર કરતો હતો એવામાં થોડા દિવસ પહેલાં તે પોતાની નાની બહેન સાથે સવારના ભાગમાં મારે ત્યાં આવી ચડી અને આવતી ૨૦ મી તારીખે જાપાન હું જાઉં છું, એમ તેણે મને જણાવ્યું. પણ 'આના ખર્ચનું શું?" એવો મેં સ્વાભાવિક પ્રશ્ન કર્યો. તેના જવાબમાં તેણે જણાવ્યું કે: "જાપાનમાં ફરવા હરવા-ખાવાપીવાનો ખર્ચ ત્યાંની સરકાર આપશે. "પણ" અહીંથી જવા-આવવાના ખર્ચનું શું?" મેં પૂછયું. તેણે કહ્યું: "એ ખર્ચ મારે ભોગવવાનો છે અને કાકા, હું તો હવે કમાઉં છું તેથી આ ખર્ચ (આશરે રૂ. ૫,૦૦૦ લગભગ) મને ભારે નહિ પડે."

આ બહેન અરુણાને શુભ વિદાય આપવા માટે મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના કાર્યાલયમાં તા. ૧૬-૭-૭૦ ના રોજ બહેન પૂર્ણિમા પકવાસાના પ્રમુખપણા નીચે એક સીમિત આકારનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે મેં બહેન અરુણા અંગે ઉપર મુજબ પરિચય આપ્યો હતો અને શ્રી કે. પી. શાહ, શ્રી મદનલાલ શાહ, શ્રી જયંતિલાલ ફત્તેચંદ અને સંઘના મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે સમયોચિત શબ્દો કહ્યા હતા અને બહેન અરુણાનું સુખડના હારથી સન્માન કર્યું હતું. બહેન અરુણાએ સંઘનો ઉચિત શબ્દોમાં આભાર માન્યો હતો. ઉપસંહાર કરતાં પૂર્ણિમાબહેન અરુણાને ભાવપૂર્ણ અંજલિ અને આશિષ આપી હતી.

પરમાનંદ.

## હાઈકુ-ષટ્‌ક

(૧)
બારી જરી મેં
ખોલી ત્યાં ગેહે ધસ્યાં
ચાંદની-પૂર!

(૨)
યુદ્ધ ભૂમિમાં
રેલાય જયોત્સ્ના; ટેન્ક
તોપ ભીંજાય-

(૩)
વૃક્ષ કપાતાં
મૂળ ભૂમિને ચાહે
વળગી રહેવા.

(૪)
ડાળ પડી ને
વૃક્ષ વકાસી મોઢું
જુએ નભને-

(૫)
તાર તૂટતાં
સ્મરણે કંપે ઝીણાં
નીરવ વીણા!

(૬)
જાપ જપો છો,
'ગાંધી', 'ગાંધી', ને 'ગાંધી'.
સુણાય 'આંધી!"

ગીતા પરીખ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૮

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑગસ્ટ ૧૬, ૧૯૭૦, રવિવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૫૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ જય વીયરાય સૂત્ર ☆

(આ 'જય વીયરાય સૂત્ર' જૈન શ્વે. મૂ. વિભાગમાં 'પ્રતિક્રમણ'ના નામે ઓળખાતી સુપ્રચલિત ધાર્મિક પ્રક્રિયામાં પ્રાર્થના રૂપે બોલવામાં આવતું સુવિખ્યાત સૂત્ર છે. આ પ્રાર્થનાસૂત્ર જૈનોની વિશિષ્ટ વિચારસરણી અને વિશાળ જીવનભાવનાને બહુ સુન્દર શબ્દોમાં નિરૂપિત કરે છે. તેનો ગુજરાતી પદ્ય-અનુવાદ આચાર્યશ્રી વિજયકીર્તિચંદ્ર સૂરિએ કરેલો તા. ૨૫-૭-૭૦ના 'જૈન' સાપ્તાહિકમાં પ્રગટ થયો છે.

આ સૂત્ર મૂળ માગધી ભાષામાં છે. તેના ગુજરાતી સરળ અનુવાદ અંગે શ્રી ગુલાબચંદ મૂળચંદ શાહ તરફથી એક સ્પર્ધા નિમંત્રવામાં આવેલી અને શ્રેષ્ઠ અનુવાદને રૂ. ૨૫૧-૦૦નું પારિતોષિક આપવાની જાહેરાત કરવામાં આવેલી. આ સ્પર્ધાનાં કારણે પ્રાપ્ત થયેલા અનુવાદોમાં ઉપર જણાવેલ અનુવાદ શ્રેષ્ઠ હોવાનું જાહેર કરવામાં આવ્યું છે.

હું ભણતો હતો એ વર્ષોમાં પિતાના આગ્રહને વશ થઇને ચોમાસા દરમિયાન અશાડ શુદ ૧૪થી પર્યુષણના છેલ્લા દિવસ સુધી હું મોટા ભાગે નિયમિત પ્રતિક્રમણ કરતો. ઉમ્મર વધવા સાથે અને વિચારવળણોમાં ફેરફાર થવાના પરિણામે આ અને એવી બીજી અનેક ધાર્મિક પ્રક્રિયાઓ અંગેનું નિયમપાલન છૂટી ગયેલ છે. આમ છતાં આ જય વીયરાય સૂત્ર વિષેનું આકર્ષણ કાયમ રહ્યું છે. 'જૈન'માં પ્રગટ થયેલ આ સૂત્રનો કાવ્યાનુવાદ વાંચતાં 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને આગામી પર્યુષણ પર્વના અનુસંધાનમાં એ પવિત્ર સૂત્રનો પરિચય કરાવું અને સાથે સાથે તેનો ગદ્યાનુવાદ તથા પદ્યાનુવાદ પણ રજૂ કરું એવી ઇચ્છા થઇ આવી. પરિણામે તે સૂત્રના મૂળ પાઠમાં જરા પણ અશુદ્ધિ ન રહી જાય એ હેતુથી મુનિ શ્રી પુણ્યવિજયજીને લખી આપવા મેં વિનંતિ કરી અને મારો કરેલો ગુજરાતી ગદ્યાનુવાદ પણ મેં તેમને દેખાડયો. તેમણે મૂળ પાઠ લખી આપ્યો અને મારો અનુવાદ પણ તેમણે સુધારી આપ્યો, જે માટે તેમનો હું ઘણો ઉપકૃત છું. આ બધું નીચે અનુક્રમે આપવામાં આવે છે. આચાર્યશ્રીએ કરેલો પદ્યાનુવાદ પણ સરસ, સુગેય અને ચાલુ પ્રાર્થનામાં સંકલિત કરવા જેવો છે. **પરમાનંદ**)

### जय वीयराय सुत्तं: पणिहाणात्थ य सुत्तं

जय वीयराय ! जगगुरु !, होउ ममं तुह पभावओ भयवं ! ।
भवनिव्वेओ मग्गा-णुसारिआ इट्ठफलसिध्दी ॥ १ ॥
लोगविरुद्धच्चाओ, गुरुजणपूआ परत्थकरणं च ।
सुहगुरुजोगो तव्वयणसेवणा आभवमखंडा ॥ २ ॥
वारिज्जइ जइ वि नियाणबंधणं वीयराय ! तुह समए ।
तह वि मम हुज्ज सेवा, भवे भवे तुम्ह चलणाणं ॥ ३ ॥
दुक्खखओ कम्मखओ , समाहिमरणं च बोहिलाभो अ ।
संपज्जउ मह एयं, तुह नाह ! पणामकरणेणं ॥ ४ ॥
सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणं ।
प्रधानं सर्व धर्माणां जैनं जयति शासनम् ॥ ५ ॥

॥ इति ॥

### જય વીયરાય સૂત્ર

(ગદ્યાનુવાદ)

હે જગગુરુ વીતરાગ! જય હો! હે ભગવન્! તારા પ્રભાવથી ભવનિર્વેદ, માર્ગાનુસારીપણું, ઇષ્ટફળસિદ્ધિ, લોકવિરુદ્ધનો ત્યાગ, ગુરુજનપૂજા, પરોપકાર, સદ્ગુરુયોગ અને જીવનના અન્ત સુધી તેમના—સદ્ગુરુના—વચનની મને ઉપાસના હો!

હે વીતરાગ! તારા શાસનમાં નિયાણબંધ—કર્મફળની અપેક્ષા—જો કે નિષિદ્ધ છે, એમ છતાં, હે નાથ! તને પ્રણામ કરવાથી તારા ચરણોની મને ભવોભવ સેવા પ્રાપ્ત થાઓ! મારાં દુ:ખોનો તેમ જ કર્મોનો ક્ષય થાઓ! સમાધિમરણ તથા બોધિલાભની મને પ્રાપ્તિ થાઓ!

સર્વ મંગળમાં મંગળ રૂપ, સર્વ કલ્યાણના કારણ રૂપ, સર્વ ધર્મોમાં પ્રધાન એવું જૈન શાસન સદા જયવન્તુ વર્તે છે.

અનુવાદક : પરમાનંદ

* * *

### શ્રી જય વીયરાય સૂત્ર

[ ચાલ—રઘુપતિ રાઘવ રાજા રામ...ધૂન ]

જય જય હે વીતરાગ પ્રભુ !
પ્રાત: ઊઠી સદા સમરું
આપ પ્રભાવથી હોજો નાથ !
અરજ કરું જોડી બે હાથ ...૧

ભવ ભ્રમણાથી થાકી ગયો
જનમ જનમમાં દુ:ખી થયો
ભગવન્ ! ભવનિર્વેદ ચહું
ભવ અટવી ઝટ પાર કરું...૨

માર્ગ ચીંધ્યો જે આપ્તજને
અનુસરવા પ્રસન્ન મને
બળ અર્પો હે નાથ! મને
જીવન ભવ્ય ને દિવ્ય બને!...૩

આધિ વ્યાધિ ઉપાધિ ટળે
અંતિમ ફળ મુજ મુકિત મળે
લોકવિરુદ્ધનો ત્યાગ કરું
વાણી જિમ વર્તન હું વરું ...૪

ગુરુજનની પૂજા હું ચહું
દિલમાં આદરભાવ ધરું
પર ઉપકારમાં રકત રહું
દીન હીન જનનાં દુ:ખ હરું...૫

સદ્ગુરુનો સંયોગ મળો
સર્વદા સુંદર બોધ મળો
તુજ આગમ દર્શન કરતાં
છે નિદાન નિષેધ છતાં...૬

* * *

તો પણ ચાહું ચરણની સેવ
ભવભવમાં દેવાધિદેવ !
દુ:ખ હમારા દૂર થાઓ
સકળ કરમનો ક્ષય થાઓ ...૭

તુજ પદ પદ્મને પ્રણમી હું
શ્રેષ્ઠ સમાધિ મરણ ઇચ્છું
ઉત્તમબોધિ રત્ન મળો
સઘળી મારી આશ ફળો...૮

સર્વ મંગળમાં મંગળ છે
સર્વ કલ્યાણનું કારણ જે
ધર્મોમાં પ્રધાન જ છે
જયવંતુ જિનશાસન છે ...૯

અનુવાદક : શ્રી વિજયકીર્તિચંદ્રસૂરિ

# ☆ શબ્દ–સ્વરના અજોડ ઉપાસક કવિવર રવીન્દ્રનાથ ટાગોર ☆

[ ઓગસ્ટ માસની ગઈ સાતમી તારીખ કવિવરની ૧૦૦ મી જન્મતિથિ હતી. તેના અનુસંધાનમાં થોડા દિવસ પહેલાં ઑલ ઇન્ડિયા રેડિયો - અમદાવાદ-દ્રારા પ્રસારિત કરવામાં આવેલ બહેન **ગીતા પરીખનો** વાર્તાલાપ ઓલ ઇન્ડિયા રેડિયોની અનુમતિપૂર્વક નીચે પ્રગટ કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું. **પરમાનંદ** ]

એક મોટા વિશાળ મકાનની ઊંચી અટારીએ એક નાનકડો કિશોર બેઠો છે. નોકરોની સતત દેખભાળને લીધે એનું ઘર એને નજરકેદ જેવું થઇ ગયું છે. એને એકલા બહાર જવાની બંધી છે. પણ એનું મન તે કોઇ બંધી શેની સ્વીકારે? એ એની રહસ્યમયી આંખો દ્વારા આકાશમાં ઊડતાં પંખી અને રંગબેરંગી વાદળો સાથે દૂર દૂર ઊડી રહ્યો છે. એની કલ્પનાસૃષ્ટિ જતે દહાડે ભાવભર્યાં ગીતોમાં આકાર લઇ રહી છે:–

" મન મોર મેઘેર સંગે
ઊડે ચલે, દિક્ દિગન્તેર પાને
નિ:સીમ શૂન્યે
શ્રાબન બર્ષન – સંગીતે
રિમ્ઝિમ્, રિમ્ઝિમ્, રિમ્ઝિમ્ ..."

(મારૂં મન મેઘની સાથે દિશા દિશામાં પહોંચવા ઊડી રહ્યું છે અને અનંત શૂન્યતામાં શ્રાવણનું સંગીત રિમ્ઝિમ્ રિમ્ઝિમ્ ગુંજી રહ્યું છે.)

શ્રાવણની થનગનતી મસ્તી, ફાગણનો મઘમઘતો વૈભવ, વૈશાખનો દાહક ઉકળાટ અને પોષની થરથરાવતી ઠંડી–બધાંને અનેરા સંવેદનથી ઝીલતા આ કવિહૃદયે તો આગળ જતાં વિશ્વ-ભરમાં નામના મેળવી. અને એ કહેવાયા કવિવર રવીન્દ્રનાથ ટાગોર!

"જન ગણ મન અધિનાયક જય હે!" જેવા ભવ્ય રાષ્ટ્ર-ગીત દ્વારા ભારતના ઘરેઘરમાં સ્થાન પામનાર આ કવિવરનો જન્મ થયો સને ૧૮૬૧ ના મે માસની છઠ્ઠી તારીખે–કલકત્તાના એક વૈભવશાળી ઠાકોર–કુટુંબમાં. (બંગાળીમાં ટાગોરને 'ઠાકુર' કહેવાય છે.) ભારતીય સંસ્કારિતાનો વારસો તો એમને કુટુમ્બમાંથી જ મળેલો. મોટા થતાં એ સંસ્કાર બીજ અનેક સુંદર કાવ્યો, ગીતો, વાર્તાઓ, નિબંધો, નૃત્ય નાટિકાઓ અને નાટયો વિગેરેમાં પાંગર્યાં. એમાં પણ પ્રભુપ્રેમનાં અલૌકિક ગીતોના સંગ્રહ "ગીતાંજલિ" એ તો એમને વિશ્વનું સર્વોત્તમ પારિતોષિક "નોબેલ પ્રાઇઝ" અપાવ્યું.

આમ ભારતનું નામ વિશ્વભરમાં ગૌરવવન્તુ કરનાર આ કવિ–આત્મા માત્ર કાવ્ય જ નહીં, પણ સંગીત, ચિત્ર, નૃત્ય, નાટય વિગેરે કળાઓ તથા આધ્યાત્મિક ચિંતનથી પણ સભર હતો. એ કળાઓની ઉત્તમ સાધના અને શિક્ષણ માટે એમણે કલકત્તા પાસે આવેલા બેલાપુર ગામે "શાંતિ–નિકેતન" નામનો આશ્રમ સ્થાપ્યો. આજે પણ ત્યાં દેશ–પરદેશથી લોકો તાલીમ લેવા આવે છે.

કવિવર ટાગોરનું હૃદય અત્યંત મૃદુતા ને કારુણ્યભર્યું હતું. વિશ્વમાં ખેલાતાં હિંસાના ઉન્મત તાંડવથી એ ખૂબ કંપતા અને ગાઇ ઊઠતાં –

" હિંસા ઉન્મત્ત પૃથ્વી
નિત નિઠુર દ્વન્દ્વ,
ઘોર કુટિલ પંથ તાર
લોભ જટિલ છંદ..."

હિંસાથી ઘેરાયેલી પૃથ્વીને કલંક શૂન્ય કરીને એમાં પ્રેમપદ્મ વિકસાવવાની કવિ ઇશ્વરને આર્દ્ર પ્રાર્થના કરે છે.

સમગ્ર માનવતાને ચાહનાર આ કવિવર પાસે અનેક વિષયો પરનાં કાવ્યોને સ્વરમાં મઢવા માટે અનેકવિધ ઢાળ પણ હતા. સંગીતની ઊંડી સૂઝને લીધે તેમનાં પ્રત્યેક ગીતને તેના ઊંડા ભાવ સાથે માણવા માટે આગવી સ્વરસૃષ્ટિ આપોઆપ રચાઇ જતી. વળી કવિવરે એ સ્વરોને સ્વરાંકન (નોટેશન) સાથે વ્યવસ્થિત રીતે રજૂ કર્યા હોવાથી વર્ષો સુધી એમનું "રવીન્દ્ર સંગીત" જગતમાં વિશિષ્ટ સ્થાન ભોગવે એમ છે. એમના મધુર ગંભીર અવાજમાં આ સંગીત ગુંજી ઊઠતું, ત્યારે તો એ ખૂબ જ હૃદયસ્પર્શી બનતું હતું. આમ આ કવિ હૃદયમાં સ્વર અને શબ્દ કે પછી કાવ્ય અને સંગીતનો સુંદર સુમેળ હતો.

ઋતુઋતુની સુંદરતાને ખૂબ મુલાયમ રીતે ગીતમાં વણી લેનાર કવિ એમનાં ઋતુગીતો દ્વારા ઘણા લોકપ્રિય બનેલા. આવા મુગ્ધ પ્રકૃતિપ્રેમીને માનવપ્રકૃતિ માટે ઓછો પ્રેમ નહોતો. પોતાના પ્રિય પાત્રને પોતાને જ ખબર ન પડે તેમ કવિ કોઇ અગોચર રીતે બાંધી લેતા. શેનાથી?" શૂરેર્ બંધને!"

" આમિ તોમાર સંગે
બેંધે છી આમાર પ્રાન
શૂરેર્ બંધને,
તુમિ જાનો ના,
આમિ તોમાર પેયે છિ
અજાન સાધને–આમિ. "

કવિ કહે છે –

" હું તારી સાથે મારો પ્રાણ સૂરના બંધને બાંધી દઉં છું અને તને ખબર પણ ન પડે તેમ તને કોઇ અજાણ સાધનાથી પામી જઉં છું.

આ સાધનાનું વર્ણન કેવું મધુર છે!

" શે સાધનાય મિશિયા
જાય બકુલ ગંધ,
શે સાધનાય મિલિયા
જાય કબિર્ છંદ;
તુમિ જાનો ના,
ઢેકે રેખે છિ તોમાર નામ
રંગીન છાયાર્ આચ્છાદને – આમિ ...
તોમાર અરુપ મૂર્તિખાની,
ફાલ્ગુનેર્ આલો તે
બોશાય આની,
અરુપ મૂર્તિખાની,
બાંશોરી બાજાય
લલિત બશંતે
સુદૂર દિગંતે.
શોનાર્ આભાય
કાંપે તબ ઉત્તરી
ગાનેર્ તાનેર્ શે ઉન્માદને – આમિ... "

(એ સાધનાને બકુલ ફૂલની સુગંધથી સ્વચ્છ કરવામાં આવી છે. અને એમાં કવિનો છંદ સમાયેલો છે. મેં તારૂં નામ સંતાડી દીધું છે. કયાં? – તે તું જાણતો નથી. રંગીન ફૂલોના આવ-રણ નીચે તારી નાનકડી અરુપ મૂર્તિને મેં ફાગણના પ્રકાશમાં બિરાજીત કરી છે અને લલિત મધુર વસંત ઋતુમાં તું દૂર દિગંતથી બંસી વગાડી રહ્યો છે. એના સોનેરી તેજમાં ઝૂલતું તારૂં ઉપરાણું મારામાં ગાન–તાનનો ઉન્માદ જગાવી રહ્યું છે.)

કવિવરના પ્રેમમાં કોઇ અદ્ભુત પવિત્રતા છે કે જેથી પ્રભુને પણ એ જ ઉદ્ગારથી સંબોધી શકાય છે. પ્રભુને કવિએ અનેક રીતે ઓળખ્યો છે. અને ઇશ્વરચિંતન ને ભકિત કાવ્યો એ એમની વિશે-ષતા છે. એ પ્રકારના એક પૂજાગીતમાં કવિ કેવી સુંદર યાચના કરે છે!

" આગુનેર્ પરસ્મની
છો આવ પ્રાને
હે જીબન પૂર્ન કરો
હે જીવન પૂર્ન કરો
દહન દાને
– આગુનેર્ ...

(હે પ્રભુ, તારા અગ્નિના પારસમણિથી આ જીવન પૂર્ણ કરી દે! એના દાહક દાનથી આ જીવન પૂર્ણ કરી દે!)

આગળ જતાં કવિ કહે છે કે રાત્રિના ઘોર અંધકારમાં ફૂટતા નવા નવા તારાઓમાં તારો સ્પર્શ ગુંજી રહ્યો છે અને જ્યાં જ્યાં દૃષ્ટિ પડે ત્યાં ત્યાં અંધારૂં પ્રકાશિત થઇ રહ્યું છે. તારા પારસમણિથી

તો મારી બધી વ્યથા ઉર્ધ્વગામી બનશે માટે આ પારસમણિથી મારૂં જીવન પૂર્ણ કરી દે!)

" આંધારેર્ ગાયે ગાયે
પરશ તબ,
સારા રાત ફોટાક્
તારા નબ નબ,
નયનેર્ દ્રષ્ટિ હોતે
ગુચ્છબે કાલો
જેખાને પોઽબે શેથાય
દેખબે આલો,
બેથા મોર ઊઠબે
જૅલે ઉર્ધ્વ પાને !
— હે જીબન પૂર્ન કરો..."

— આવું સમૃદ્ધ જીવનદર્શન પામનાર કવિ પાસે પ્રેરણા ને હિંમતનું ભાથું તો કેમ ખૂટે? ખુદ ગાંધીજીને એમના ગીતે અજબ પ્રેરણા આપેલી—ક્યારે? હિંસા ને વેર—ઝેરના ભીષણ તાંડવમાં હોમાઈ રહેલા નોઆખલિમાં શાંતિ સ્થાપવા પ્રવેશ્યા ત્યારે! એ પ્રેરણાભર્યું ગીત —

" જો દિ તોર્ ડાક સૂને
કેઉ ના આશે
તોબે એકલા ચલો રે ..."

સ્વ. મહાદેવભાઈ દેસાઈની કલમે લોકપ્રિય અનુવાદ પામ્યું છે આ ગીત —

" તારી જો હાક સૂણી
કોઈ ના આવે તો
એકલો જાને રે."
" જ્યારે દીવો ના ધરે કોઈ
ઓ રે, ઓ રે, ઓ અભાગી!
દીવો ના ધરે,
જ્યારે ઘનઘોરી તુફાની રાતે
બાર વાસે તને જોઈ
ત્યારે આભની વીજે
ઓ તું સળગી જઈ
સૌનો દીવો એકલો થાને રે
— તારી જો..."

આવી એક એકથી ચડે એવી બળદાયી કડીઓ દ્વારા જીવનની પ્રેરણા પાનાર કવિ મૃત્યુને કેવી રીતે જુએ છે? અરે મૃત્યુને પણ મંગલતાથી મહેકતું કરનાર કવિ કહે છે —

" મરન રે,
તુહૂ મમ શેમ સમાન,
મેઘબરન તુજ
મેઘ જટાજૂટ,
રકત અધર કર
રકત કમલ પૂટ,
તાપ બિમોચન કોરુન કર તબ
મૃત્તુ અમૃત કરે દાન — તુહૂ મમ......"

મરણ, તું તો મને શ્યામ — કૃષ્ણ જેવું સુંદર લાગે છે. મેઘવર્ણી તારી જટા છે, લાલ હોઠ છે ને હાથમાં લાલ કમલનો સંપૂટ છે. તું તારા કરુણાભર્યા હાથથી મારી ત્રિવિધ તાપમાંથી—આધિ, વ્યાધિ ને ઉપાધિમાંથી મુક્તિ કરાવીને મને **અમૃતનું દાન** કરે છે.

અને ખરેખર, સને ૧૯૪૧ ના આગસ્ટની સાતમીએ કવિવર ટાગોરે એ મંગલ મિલનને પ્રસન્નતાથી વધાવી લીધું! એ ગયા, પરંતુ એમના સૂરિલ ગીતોના રણકાર આકાશમાં સદાય ગૂંજતા જ રહ્યા, ગુંજતા જ રહ્યા .........!

**ગીતા પરીખ**

# વસતિ–ગણતરી અને જૈનધર્મી ભાઈઓ

## (૧)

'જન્મભૂમિ'ના તા. ૧૦–૭–૭૦ના અંકમાં શ્રી વિનોદ શાહે જૈન ભાઈઓને આગામી વસતિગણતરીમાં "જૈન" તરીકે અલગ લખાવવાની વિનંતિ કરી છે. ધર્મ કે સંપ્રદાયની દૃષ્ટિએ હિંદુઓ એવી પોતપોતાની ઓળખ આપે તો એ ખોટું નથી અને એ પ્રમાણે અગાઉની ગણતરીઓમાં થતું હતું. અહીં માત્ર "જૈન" તરીકે જ નોંધવાનું કહેવામાં આવ્યું હોય તો એ મને આત્મવિઘાતક પગલું લાગે છે. જ્યારે સમગ્ર હિંદુ સમાજ એકરૂપ રહી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાના રક્ષણની દિશામાં જાગૃત બની રહ્યો છે ત્યારે એના એક અંગને એનાથી જુદું પાડી, સમાજમાં હજારો વર્ષોથી સમન્વયની અને તેથી એકાત્મકતાની ભાવના છે તેને તોડી પાડવામાં કયાં કોનું હિત છે? અમારા જેવા બચપણથી જ જૈન ધર્મીઓ સાથે એકાત્મકતા અનુભવતા, વળી જૈન ધર્મ, સમાજ અને એના વિશાળ પ્રાકૃત–સંસ્કૃત અપભ્રંશ અને જૂની ગુજરાતી વગેરે ભાષાઓના સાહિત્ય, શિલ્પ, સ્થાપત્ય અને લલિતકળાઓમાં ઓતપ્રોત થઈ સંપૂર્ણ આત્મીયતા અનુભવનારા ચાહકોને કયાં જુદાપણું છે? બૌદ્ધ, જૈન, લોકાયતો, ચાર્વાકો, લિંગાયતો, શીખો, નાનકપંથીઓ, કબીરપંથીઓ, રામદેપીરના અનુયાયીઓ, પરણામીઓ વગેરે સૌ વિશાળ હિંદુ સમાજનાં જ અનન્ય અંગો છે. સ્વાભાવિક રીતે જ હિંદુકોડમાં ભારતીય ધર્મપ્રણાલીઓમાં માનતો વિવિધ સમાજ સમાવેશ પામી રહ્યો છે. એમાંથી છૂટા પડવા પાછળ વર્તમાન રાજકારણ સિવાય બીજું કોઈ કારણ કળાતું નથી. રીતરિવાજ, બંધારણ, જ્ઞાતિઓ વગેરેની દૃષ્ટિએ જૈન, વૈષ્ણવ, મેશ્રી, વણિકો વગેરે વચ્ચે આંતર-ભેદ કયાં છે? પરસ્પર અનન્યતાથી ખાણી–પીણી, લગ્નવ્યવહાર, પેટા જ્ઞાતિઓની દૃષ્ટિએ ભેદ કયાં છે? લગ્નાદિ માંગલિક પ્રસંગોમાં ગોર બ્રાહ્મણો છે, વિધિ પૌરાણિક છે. વળી દેરાસરોમાં સુદીર્ઘકાળથી ગોઠીઓ તરીકે મુખ્યત્વે બ્રાહ્મણો—ભોજકો વગેરે સેવા આપી રહ્યા છે. એવો જ મોટો બીજો નોકરવર્ગ પણ છે. દિગંબરોમાં તો જનોઈ ધારણ કરવાની પ્રણાલી છે. હમણાં જ કચ્છમાંના મારા પ્રવાસમાં અનેક સ્થળે જૈનધર્મી ભાઈઓના માથામાં ચોટલીનાં પણ દર્શન થયાં. આ જોતાં આપણે કયાં જુદા છીએ એ જ સમજાતું નથી. પાપપુણ્યનો વિચાર, કર્મવાદ, પુનર્જન્મ, જ્ઞાન, ચારિત્ર્ય, તપ, મોક્ષ વગેરેને લગતી માન્યતાઓમાં આત્યંતિક અંતર કયાં છે? ગીતાના ૧૬ મા અધ્યાયમાં દૈવી જીવોનાં લક્ષણ આપ્યાં છે. ત્યાં હિંદુ માન્યતાથી જૈન માન્યતા કયાં જુદી પડે છે? ૧૯૦૫માં લૉર્ડ કર્ઝને ભારતીય સમાજમાં ભાગલાની નીતિ અખત્યાર કરી—'ભાગલા પાડો અને રાજ્ય કરો'ની દુષ્ટ નીતિ અમલમાં મૂકી - ત્યારથી હિંદુઓમાંના ફિરકાઓમાં, અરે મુસ્લિમોના ફિરકાઓમાં પણ કુસંપનાં બીજ નાખ્યાં, જેમાંથી સ્વરાજ્ય મળ્યા પછી પણ આપણે મુક્ત થયા નથી અને કુટિલ રાજકારણ પણ એ ભેદ જાળવી રાખવા પ્રયત્નશીલ છે. અત્યાર સુધી અને આજે, આમ છતાં ઘેર ઘેર, પડોશ પડોશમાં, ગામે ગામ મોટાં નાનાં નગરોમાં ઓતપ્રોત થઈ આત્મીયતાથી રંગાયેલાં આપણે સૌ ભાવિ ભય સામે એકાત્મક રહી ભારતીય સંસ્કૃતિ અને સભ્યતાને બચાવી શકીશું કે છિન્નવિછિન્ન થઈને બચાવી લઈશું? ભારતીય સંસ્કૃતિ અને સભ્યતા ઉપરના વિદેશી સંસ્કૃતિ અને જડસભ્યતાના આક્રમણ સમયે સાંપ્રદાયિક ભેદભાવને ઉપસાવી જીવવા જતાં રક્ષણ અને ઓથ વિનાનાં જ બની રહીએ છીએ એ સત્ય, વિચારકોની નજર બહાર નથી જ.

અમદાવાદ **કે. કા. શાસ્ત્રી**

## (૨)

જન્મભૂમિ'ના તા. ૨૧-૭-૭૦ના અંકમાં આ વિષયે શ્રી. કે. કા. શાસ્ત્રીનો એક પત્ર પ્રગટ થયો છે, જે ઉપર પ્રગટ કરવામાં

આવ્યો છે. શ્રી શાસ્ત્રીજી માટે મને ખૂબ માન છે, પણ આ બાબતમાં તેમની ગેરસમજણ છે તેથી આ ખુલાસો કરવો પડે છે.

વસતિગણતરીમાં, હિન્દુ, મુસ્લિમ, પારસી, ઈસાઈ, જૈન, શીખ, એવી રીતે નોંધ, દરેક જનગણના વખતે થતી જ આવી છે. જૈનો, જૈન તરીકે નોંધાય તે નવું નથી. આ પ્રશ્નને રાજકારણ સાથે કોઈ સંબંધ નથી. જૈનો રાષ્ટ્રીય જીવનનાં અવિભાજ્ય અંગ સદાય રહ્યાં છે. તેમણે કોઈ દિવસ જુદા હક્કો કે અધિકાર માગ્યા નથી. પોતાની સેવા, ગુણ કે શકિતના આધારે રાષ્ટ્રમાં કે સમાજમાં જે સ્થાન પ્રાપ્ત કરી શકાય તેટલી જ અપેક્ષા રાખી છે.

જૈન ધર્મ સ્વતંત્ર ધર્મ છે અને જૈનોની સંખ્યાની નોંધ જુદી જુદી થતી જ આવી છે. પણ બેદરકારી અથવા અધૂરી માહિતીને કારણે સંખ્યા—નોંધ બરાબર થતી નથી. દા. ત. ૧૯૬૧ની વસતિ-ગણતરીમાં જૈનોની સંખ્યા લગભગ ૨૦ લાખ નોંધાઈ છે. હકીકતમાં જૈનોની સંખ્યા ૫૦ થી ૬૦ લાખ અથવા તેથી પણ વધારે છે.

તેથી ૧૯૭૧ની જનગણના સમયે બરાબર પૂરી માહિતિ અપાય, જેથી જૈનોની સાચી સંખ્યાની જાણ થાય એટલો જ આશય છે. આમાં કોઈ અલગતાવાદ કે રાજકારણ નથી.

**મુંબઈ** **ચીમનલાલ ચકુભાઈ શાહ**

## (૩)

તા. ૨૧-૭-૭૦ના 'જન્મભૂમિ'માં પ્રગટ થયેલ "વસ્તિગણતરી અને જૈનધર્મી ભાઈઓ"એ મથાળા નીચેના શ્રી. કે. કા. શાસ્ત્રીના ચર્ચાપત્રના અનુંસંધાનમાં જણાવવાનું કે આ પ્રશ્ન અંગે મેં આજ સુધી જે વાંચ્યું અને વિચાર્યું છે તેના પરિણામે મારો એવો અભિપ્રાય બંધાયો છે કે આજે આપણે જેને હિન્દુધર્મના નામે ઓળખીએ છીએ તે હિન્દુધર્મ ભારતનો સૌથી પ્રાચીન ધર્મ છે. સમય જતાં મુસલમાનો આવ્યા, ખ્રિસ્તીઓ આવ્યા અને ઘણુખરું તેમની સાથે યહુદીઓ આવ્યા અને તે તે ધર્મનાં આપણા દેશમાં થાણાં નખાયાં.

... આ હિન્દુ ધર્મની ત્રણ મુખ્ય શાખાઓ છે: (૧) વૈદિક, (૨) બૌદ્ધ, (૩) જૈન. જેની વચ્ચે સતત આદાનપ્રદાન થયું છે અને આજ સુધી થતું રહ્યું છે. બૌદ્ધ શાખા ભગવાન બુદ્ધપ્રણિત, જૈન શાખા આજે જેને અનુસરવામાં આવે છે તે ભગવાન મહાવીર પ્રણીત. આ બંને શાખાઓ સમકાલીન હોઈને બન્ને વચ્ચે ઘણું સામ્ય છે. વૈદિક શાખા આ બન્નેથી ઈશ્વરકર્તૃત્વની બાબતમાં જુદી પડે છે. આમ છતાં આ ત્રણે શાખાઓનું અલગ અલગ વ્યકિતત્વ તો છે જ. દરેક ધર્મના મુખ્ય ત્રણ તત્વ છે. દેવ, ગુરુ અને ધર્મ. આ ત્રણે તત્ત્વોની માન્યતાને લગતા ફરકના કારણે એક ધર્મ અન્ય ધર્મોથી જુદો પડે છે. આ બાબત હિન્દુ ધર્મની ત્રણ શાખાઓને પણ લાગુ પડે છે.

હિન્દુ ધર્મના બે મુખ્ય અંગ છે. શ્રુતિ અને સ્મૃતિ. શ્રુતિ એટલે ધાર્મિક માન્યતાને લગતું ધર્મસાહિત્ય. સ્મૃતિ એટલે હિન્દુ સમાજનું બંધારણ સૂચવતું સમાજશાસ્ત્ર. જૈન ધર્મે વૈદિક શાખાની સ્મૃતિ દ્વારા સૂચવાતી સમાજરચના લગભગ સર્વાંગે સ્વીકારી છે. આમ હોવાથી જૈનો અને હિન્દુ - વૈદિકો બન્ને બધી બાબતમાં એક છે-સમાન છે—આવો એક ખ્યાલ સામાન્ય જનસમાજમાં પ્રવર્તતો હોય છે.

આવતા વર્ષે થનારી ભારતની પ્રજાની ગણતરીમાં, હિન્દુ-સમાજની ગણતરી સાથે તેના ઉપર જણાવેલ પેટા વિભાગની વસ્તીની અલગ નોંધ થવાની હોત તો, જૈનો હિન્દુસમાજ સાથે ઘણી રીતે ઓતપ્રોત હોઈને હું મારી જાતને 'હિન્દુજૈન' તરીકે નોંધાવવાનું પસંદ કરત, પણ હવે થનાર ગણતરીમાં આવી કોઈ વ્યવસ્થા છે જ નહિ અને જૈન સમાજની એક અલગ ઘટક તરીકે આજે કેટલી વસતિ છે તેની જાણકારી જૈન સમાજની દષ્ટિએ અપેક્ષિત છે તેથી જેઓ જૈન હોય તેમને આગામી વસતિગણતરીમાં પોતે જૈન-ધર્મી છે એમ નોંધાવવાનો ખાસ આગ્રહ કરવામાં આવે છે. શ્રી કે. કે. શાસ્ત્રીએ પોતાના ચર્ચાપત્રમાં બૌદ્ધ, શિખોને હિન્દુસમાજના અંગભૂત તરીકે વર્ણવ્યા છે એમ છતાં તેઓ બૌદ્ધ યા શીખો તરીકે નોંધાવે છે તેવી જ રીતે જૈનો પોતાને જૈન તરીકે નોંધાવે એ અપેક્ષિત છે. જૈનો આથી પોતાને હિન્દુઓથી અલગ ગણાવવા માગે છે એમ માનવાની કે મનાવવાની કોઈ જરૂર નથી.

**મુંબઈ** **પરમાનંદ કુંવરજી કાપડિયા**

## (૪)

'જન્મભૂમિ'ના લોકવાણીના વિભાગમાં 'વસતિ ગણતરી અને જૈનધર્મી ભાઈઓ' એ શિર્ષક નીચે શ્રી ચીમનભાઈ ચકુભાઈ શાહ તથા શ્રી પરમાનંદભાઈ કાપડિયાએ જે વિચારો રજૂ કર્યા છે તેની સાથે સર્વ જૈન ધર્મપ્રેમી ભાઈઓ મારી જેમ સંમત થશે. પરંતુ ૧૯૭૧ ની વસતિ ગણતરીની નોંધમાં "જૈન" કે "હિદુ જૈન" લખાવતા પહેલાં દેશના કરવેરાના કાયદા અને ખાસ કરીને "વેલ્થ ટેક્સ"ના કાયદાની આંટીઘૂંટી અને કોર્ટના ચૂકાદા ધ્યાનમાં લેવા જેવા છે.

મહિસૂર હાઈકોર્ટના પી. એફ. પીન્ટો વિરુદ્ધ કમિશ્નર ઓફ વેલ્થ ટેકસ (૬૫, આઈ. ટી. સી. ૧૨૩ (મહિસૂર) ૧૯૬૭ નો ચુકાદો તથા કલકત્તા હાઈકોર્ટના જાણીતા ચુકાદા કમિશ્નર ઓફ વેલ્થ ટેકસ વિરુદ્ધ ચંપાકુમારી સિન્ધી (૬૭ આઈ. ટી. આર. ૫૬૧ (કલકત્તા, ૧૯૬૮)થી નક્કી થયેલ છે કે "જૈન" "હિન્દુ" ન ગણાય, તેથી 'હિન્દુ અવિભકત કુટુંબ'ના વેલ્થ ટેકસના ફાયદાઓ "જૈન અવિભકત કુટુંબ"ને 'ન લાગુ' પડી શકે. ઉપરોકત બન્ને ચુકાદાથી 'જૈન' 'હિન્દુ' નથી તેમ નક્કી થયેલ છે તેથી કેટલીક જૈન કરવેરા ભરનાર વ્યકિતઓ કે જેઓએ હિન્દુ તરીકેનું સ્ટેટસ જાહેર કર્યું હોય તેઓ હવે વસતિ-ગણતરીમાં જૈન લખાવે તો મુસીબત ઊભી થવા સંભવ ખરો? આવકવેરાના કાયદામાં પણ "હિન્દુ"ની વ્યાખ્યા ન હોઈ "જૈન અવિભકત કુટુંબો" કે જેઓ "હિન્દુ અવિભકત કુટુંબો" તરીકે એસેસ થતાં હશે તેમણે પણ વસતિગણતરીમાં "જૈન" તરીકે નામ લખાવતાં ગૂંચવાડો ઊભો થવાની શકયતા નથી?

આ સવાલ આખા સમાજને સ્પર્શતો હોઈ મુ. શ્રી ચીમનભાઈ તરફથી વિશેષ ખુલાસો થાય અગર તે અંગે નિષ્ણાતનો અભિપ્રાય રજૂ થાય તે ઈચ્છનીય છે.

ઉપરોકત ચર્ચા સાથે એક વિશેષ સુસંગત હકીકત જૈન-ભાઈઓએ વિચારવા જેવી છે કે હિન્દુ વારસા ધારો તથા હિન્દુ લગ્નધારો વગેરે જે ૧૯૫૬ પછી કાયદા થયા તેમાં 'હિન્દુ'ની વ્યાખ્યામાં "જૈન"નો સમાવેશ કરવામાં આવેલ છે એટલે જયારે આવા ધારાઓમાં જૈનને હિન્દુ ગણવામાં આવે છે ત્યારે કરવેરાના કાયદામાં સ્પષ્ટ વ્યાખ્યાના અભાવે જૈન હિન્દુ નથી તેમ કોર્ટના ચુકાદાથી ઘટાવવામાં આવે છે. તો દરેક જૈન ભાઈઓએ એકત્ર થઈ કંઈ ઘટતું કરવું ન જોઈએ?

**ઘાટકોપર** **પ્રતાપ ડી. ગાંધી**

# તંત્રી નોંધ

જન્મભૂમિમાં જુદા જુદા સમયે પ્રગટ થયેલાં જૈનો અને વસતિ-ગણતરી અંગેનાં ચર્ચાપત્રો, ઉપર એક સાથે આપવામાં આવેલ છે. આમાં શ્રી પ્રતાપ ડી. ગાંધીએ ઉપસ્થિત કરેલ મુદ્દો ખાસ વિચારણીય છે. આગળના હિંદુસમાજને લગતા કાયદાઓમાં Hindus icnluding jain—જૈન સમેત હિન્દુઓ-એમ સ્પષ્ટ વિધાન કરવામાં આવેલ છે, જયારે આવકવેરાને લગતા જે કાયદાઓનો પ્રસ્તુત ચર્ચાપત્રમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેમાં જૈનો વિષે આવો સ્પષ્ટ ઉલ્લેખ કરવામાં આવ્યો નથી અને તેથી જૈનો અંગે પત્રલેખકે જણાવી તેવી મુશ્કેલી ઊભી થઈ છે. આવકવેરાના કાયદાને લગતી આ ત્રુટી જૈનોએ એકત્ર થઈને દૂર કરાવવી ઘટે છે અને આ કાર્ય બધા જૈનોનું પ્રતિનિધિત્વ કરતી ભારત જૈન મહામંડળ જેવી સંસ્થાએ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ જેવાની આગેવાની નીચે સત્વર હાથ ધરવું ઘટે છે.

**પરમાનંદ**

# ધ્યાનયોગ

( ગતાંકથી ચાલુ )

આ મુશ્કેલી દૂર કરવા માટે કેટલાક ઉપાયો છે. સૌ પ્રથમ તો એ વિચારોની અવગણના કરી ધ્યેય વિષય પર ખંતપૂર્વક એકાગ્ર રહેવાનો પ્રયાસ કરતા રહેવું. જેમ જુદાં જુદાં આકાર અને રંગ ધારણ કરનાર વાદળોથી આકાશ લેપાતું નથી તેમ પરિવર્તનશીલ વિચારોનો નિર્વિકાર આત્મા પર કશો પ્રભાવ પડતો નથી એમ સમજી વિચારોને આધાર વગરના માનીને તેમને ગણકારવા નહિ. એમ કરવાથી થોડા સમયમાં તે વિચારો આપોઆપ વિખેરાઇ જશે. જો એ શકય ન હોય તો વિચારો પ્રત્યે જાગૃત રહી તેને મનમાં પ્રવેશતા અટકાવવા. પણ કેટલાકને એ અભ્યાસ ઘણો અઘરો લાગે છે. તો પછી સાક્ષીભાવ કેળવીને, અનાસકતપણે, સહયોગ આપ્યા વિના તે વિચારોનો ખેલ જોતાં રહેવું. આમ જ્યારે કોઇ સહારો નહિ મળે ત્યારે વિચારો પોતાની મેળે જ વિલીન થઇ જશે. ખરું જોતાં તો બે વિચારોના સંધિકાળમાં મનને એકાગ્ર કરવું એ સૌથી સારો ઉપાય છે. કોઇ પણ વિચાર સતત રહેતો નથી. વિચારોના સતત પ્રવાહનો આપણને અનુભવ થાય છે, કારણ કે વિચારો એક પછી એક ઝડપથી આવતાં રહે છે. પણ સાચી વસ્તુસ્થિતિ એ છે કે જ્યારે પહેલો વિચાર શાંત થઈ જાય ત્યારે જ બીજો વિચાર ઊઠે છે, અને એ બેની વચ્ચે એકાદ ક્ષણ કે તેથી પણ ઓછા સમયનું અંતર હોય છે. સાધકે એ શાંત ક્ષણ પકડી લઇ તેમાં સ્થિર થવાનો પ્રયત્ન કરવો. એ નિરવ ક્ષણમાં જ શાંતિ અને આનંદનું નિવાસસ્થાન છે. ત્યાંથી જ બધા વિચારો ઉદય પામે છે. આ શાન્તતામાં થતાં સ્પન્દનો અખિલ જગતની ઉત્પત્તિનું કારણ છે. આ સ્તબ્ધ, નિર્વિકલ્પ સ્થિતિમાં જ આત્મા પ્રકટ થાય છે અને અનુભવાય છે. લઘુવાકયવૃત્તિમાં કહ્યું છે:

**नष्टपूर्वविकल्पे तु यावदन्यस्य नोदयः ।**
**निर्विकल्पकं चैतन्यं स्पष्टं तावद् विभासते ।।**

પરંતુ બહુ થોડા સાધક આ પ્રકારના ધ્યાનનો અભ્યાસ કરી શકે છે.

વિચારોના પ્રવાહને રોકવાનું એક સાધન પ્રાણાયામ પણ છે. પ્રાણ અને મનનો, શ્વાસોચ્છ્વાસ અને ચિત્તની વૃત્તિઓનો સીધો સંબંધ છે. તેઓ એકબીજાનું નિયંત્રણ કરે છે. પ્રાણ ઉપર એકાગ્રતા કરવાથી અથવા તો તેનું નિયમન કરવાથી ચિત્તવૃત્તિઓને રોકી શકાય છે. સાધકે શ્વાસપ્રશ્વાસને ધ્યાનપૂર્વક જોતાં રહેવું જોઇએ. એનાથી મનની બીજી પ્રવૃત્તિઓ અટકી જશે. જો મન જરા પણ વિચલિત થશે તો તેનો તરત જ ખ્યાલ આવી જશે, કારણ તેનાથી શ્વાસપ્રશ્વાસની ગતિ અનિયમિત થઇ જાય છે. અનુકૂળ આવે તો પ્રાણક્રિયાની સાથે મંત્રજાપને જોડી દઇ શકાય. એકવાર શ્વાસ અંદર લેતી વખતે અને બીજીવાર શ્વાસ બહાર કાઢતી વખતે મંત્રનો જપ કરવો જોઇએ. આમ કરવાથી સાધકની સુપ્ત અન્તરશકિતને જાગૃત થવામાં સહાયતા મળે છે.

પોતાના ઈષ્ટદેવતાના નામના જપથી પણ ધ્યાન લાગે છે. મંત્રના જપ કરતી વખતે અક્ષરો પર ધ્યાન કેન્દ્રિત કરવું ઉત્તમ છે.

કેટલાક સાધકોને બીજી એક મુશ્કેલી એ આવે છે કે ધ્યાન કરતાં કરતાં કેટલીક વાર તેમને નિદ્રા આવી જાય છે. કેટલાકને એમ લાગે છે કે આ એક વિઘ્ન છે. પરંતુ એ ખ્યાલમાં રાખવાની જરૂર છે કે આ નિદ્રા સામાન્ય પ્રકારની નિદ્રા નથી. ધ્યાનમાં જ્યારે મનને બહારના પદાર્થોમાંથી પાછું ખેંચી લેવામાં આવે છે ત્યારે તે વિશ્રાંતિ લે છે અને ટેવ અનુસાર નિદ્રાવસ્થામાં લીન થાય છે, જે પ્રમાણે બાળકને શાંત અને ચૂપ રહેવાનું કહેવામાં આવતાં તે ઊંઘી જાય છે. એવે સમયે સાધકે પોતાની જાતને શિથિલ બનાવી દઇ નિશ્ચિત રહેવું. બહારથી એ સાધક ઊંઘતો હોય એમ લાગશે પણ એની અંતર ચેતના ક્રિયાશીલ હોય છે, અને તે સમયે તેને દિવ્ય દશ્ય, જ્યોતિર્દર્શન, નાદશ્રાવણ જેવા આધ્યાત્મિક અનુભવ થઇ શકે છે. રાત્રે શવાસનમાં સૂઇને ધ્યાન કરતાં કરતાં જ નિદ્રાવસ્થામાં ચાલી જવાનો અભ્યાસ પાડવો પણ સારો છે. આમ કરવાથી નિદ્રાને ધ્યાનનું સ્વરૂપ પ્રાપ્ત થાય છે. અલબત્ત, સ્ફૂર્તિ અને આનંદ વધારનારી આ પ્રકારની ધ્યાનયુકત નિદ્રા, અને આળસ તથા જડતા લાવનારી સાદી નિદ્રા વચ્ચેનો ફરક સાધકે સમજવો જોઇએ અને જડ નિદ્રાને પ્રયત્નપૂર્વક ટાળવી જોઇએ.

કેટલીકવાર સાધક ધ્યાન કરતાં કરતાં બેચેન બની જાય છે અને તેને ઊઠી જવાનું મન થાય છે. કોઇ વાર તે સુસ્તી અને ભૂલકણાપણાનો અનુભવ કરે છે. પણ આ બધી અવસ્થાઓ અલ્પ સમય જ ટકે છે. માટે આળસ, સંશય, ખેદ, નિરાશા વગેરેનો સામનો કરતાં કરતાં સાધકે ધીરજ, મક્કમતા અને નિયમિતતાથી પોતાનો પ્રયાસ જારી રાખવો જોઇએ.

જે સાધક અંતઃમુર્ખ ધ્યાન કરે છે તેને માટે મન એકાગ્ર કરવા શરીરમાં ત્રણ સ્થાનો ગણાવ્યાં છે – શિર, હૃદય અને ત્રિકુટી. આ ત્રણમાંથી જ્યાં મન સહેલાઈથી સ્થિર થાય તે સ્થાન પસંદ કરવું. પણ સાધારણ રીતે હૃદયમાં ધ્યાન કરવાનું શ્રેષ્ઠ માનવામાં આવે છે, કારણ કે ત્યાં આત્માનો વાસ છે –

**ईश्वर : सर्वभूतानां हृद्देशेऽर्जुन तिष्ठति (गीता अ० १८-६१); अंगुष्ठमात्र : पुरुषोऽन्तरात्मा सदा जनानां हृदये संनिविष्ठ : (श्वेता. उप. ३-१३); एष मे आत्माऽन्तर्हृदये (छांदो. उप. ३-१४-४).**

કેટલાક સાધકો ફરિયાદ કરે છે કે તેમને સમાધિ નથી લાગતી એટલે કે તેમનું મન લય અથવા શૂન્ય અવસ્થાને પામતું નથી, જેથી ધ્યાન કરતી વખતે આસપાસ શું ચાલે છે તેનું ભાન રહે છે, અને એમ પણ કહે છે કે તેઓ લાંબા સમય સુધી ધ્યાન કરી શકતા નથી. શૂન્યાવસ્થામાં વધારે સમય રહેવું એ તો કલૉરોફૉર્મ કે મદિરાને લીધે જે અચેતન અવસ્થા આવે છે તેના જેવું છે. એ 'જડ સમાધિ' છે. એમાં આત્માનો પ્રકાશ નથી. આ પ્રકારની સ્થિતિ સુષુપ્તિમાં પણ અનુભવી શકાય છે. સાચા ધ્યાનમાં તો સાધકને ખ્યાલ રહે છે કે તે ધ્યાન કરી રહ્યો છે અને સચેત રહીને તે ધ્યાન ચાલુ રાખે છે. ઊંડા ધ્યાનમાં પણ તેને પોતાના વ્યકિતત્વનું ભાન રહે છે. જે પ્રમાણે મીઠું પાણીમાં ઓગળી જાય છે તેમ, જેમાં ચેતના આત્મામાં એકરૂપ થઇ જાય તે અસલી સમાધિ. આ 'ચેતન સમાધિ' છે. સાધકે યાદ રાખવું જોઇએ કે ધ્યાન એક સાધન છે. અને મનની શૂન્યતા એ કાંઇ ધ્યાનનું અંતિમ લક્ષ્ય નથી.

બીજું, ધ્યાન કેટલા સમય સુધી લાગે છે એ અગત્યનું નથી. ધ્યાન ક્રિયાશીલ રહે, એટલે કે, કોઇ એક અવસ્થામાં સ્થગિત ન થતાં શાંતિ, આંતરિક સંતોષ, પવિત્રતા, જ્ઞાન વગેરેની પ્રાપ્તિ કરાવે એ અગત્યનું છે.

કેટલીકવાર ધ્યાન પૂરું થઇ ગયા પછી પણ ધ્યાનની અવસ્થા ચાલુ રહે છે, અને ધ્યાન પછી જ્યારે મન તદ્દન શાંત પડી ગયું હોય ત્યારે કોઇક અનુભવ પણ થાય છે, તેથી ધ્યાન પૂરું થતાં એકદમ ઊઠવું નહીં પણ થોડીવાર શાંત બેસી રહેવું. કોઇકોઇ વાર દિવ્ય નાદશ્રાવણ, અલૌકિક ગંધ કે રસાસ્વાદ, જ્યોતિર્દર્શન વગેરે આધ્યા-

ત્મિક અનુભવો ધ્યાનના સમયે જ નહીં પણ અન્ય સમયે, જ્યારે સાધક કાંઇ વ્યાવહારિક કામ કરતો હોય ત્યારે થાય છે.

## સાચું ધ્યાન

ઉપર કહ્યું તેમ ધ્યાન સાધનમાત્ર હોવાથી આધ્યાત્મિક જીવનમાં દરેક પ્રકારનાં ધ્યાનનું મહત્વ છે. સાધકને કેવી જાતનું ધ્યાન રુચશે તે તેના સ્વભાવ અને અધિકાર પર આધાર રાખે છે. દરેકને એક જ રીત અનુકૂળ ન આવે. દાખલા તરીકે કોઇ સામાન્ય સાધકને તેના આત્મા અને પરબ્રહ્મની એકતાનું ધ્યાન કરવાનું કહેવામાં આવે તો તેનું હાર્દ પકડી શકવા અસમર્થ હોવાથી તે કંટાળી જશે; અને થોડા સમયમાં જ પ્રયત્ન કરવો છોડી દેશે; પણ જો તેને ઇશ્વરની પૂજા અને પ્રાર્થના કરવાનું કહેવામાં આવે તો સંભવ છે કે તેનું ચિત્ત ઇશ્વરમાં સ્થિર થઇ જાય અને એનાથી તેને આંતરિક સંતોષ અને આનંદ પણ પ્રાપ્ત થાય. માટે સાધક જે ભૂમિકા પર હોય ત્યાંથી સાધના શરૂ કરવી જોઇએ. ત્યાર પછી ધીમે ધીમે ધ્યાનની વિભિન્ન ભૂમિકાઓને તે પાર કરી શકશે.

જુદા જુદા સાધકો માટે ધ્યાનની રીત જુદી જુદી હોય છે, એટલું જ નહીં પણ, એક જ સાધકની તેના આધ્યાત્મિક વિકાસ અનુસાર જુદી જુદી સ્થિતિને અનુલક્ષીને તે રીત બદલાય છે. ધ્યાનની એક જ રીત તેને હમેશાં અનુકૂળ નથી આવતી. એવું પણ બને કે થોડા સમય બાદ ધ્યાનની તે રીત પ્રત્યે તેની રુચિ ન રહે. આ સૂક્ષ્મ હકીકત સમજમાં ન આવવાથી કેટલાક સાધકો ફરિયાદ કરતા હોય છે કે ધ્યાનમાં તેમની પ્રગતિ અટકી ગઇ છે, એટલું જ નહિ પણ, તેઓ જે સાધના કરતા હતા તે થઇ શકતી નથી, જેમ કે ભજન-સંકીર્તનમાં રુચિ રહી નથી, ધર્મગ્રંથ વાંચવામાં રસ પડતો નથી, જપ કરી શકતા નથી, કંઇ જ કરવાનું મન થતું નથી, મૂર્તિપૂજા કે પ્રાર્થના કરી શકતા નથી, કાંઇ અનુભવ થતા નથી વગેરે. ... તેઓ માને છે કે આ બધાં આધ્યાત્મિક અવનતિનાં લક્ષણો છે. તેઓએ ધ્યાનનું સાચું સ્વરૂપ સમજવું જોઇએ કે **न ध्यानं ध्यानमित्याहुर्ध्यानं निर्विषयं मनः (जाबाल उप. १)** અર્થાત્ સામાન્ય લોકો જેને ધ્યાન સમજે છે તે ધ્યાન નથી. વાસ્તવિક રીતે, મન કોઇ પણ વસ્તુના વિચાર વગરનું બને તે સાચું ધ્યાન છે. કોઇ સાધક ઇષ્ટદેવનું ધ્યાન કરતો હોય તો તે પણ એક વિષય જ છે. ફરક કેવળ એટલો જ કે આ વિષય પરમેશ્વરનું પ્રતીક હોઇને બીજાં ફાલતુ વિષયો કરતાં સારો છે. સંત તુકારામ કહે છે: **तटस्थ तें ध्यान** અર્થાત્ જેમાં સમસ્ત વૃત્તિઓ શાન્ત થઇ જાય તેનું નામ જ ધ્યાન છે. ભજન-કીર્તન, શાસ્ત્રાધ્યયન, નામજપ, અથવા **अहं ब्रह्मास्मि** જેવાં મહાવાક્યોનાં ચિંતનમાં પણ મન ક્રિયાશીલ રહે છે. એમાં સારું એટલું જ છે કે એકાગ્રતાની પ્રાપ્તિના હેતુથી મન પરમેશ્વર સંબંધી વિષયમાં પરોવાયેલું રહે છે. પરંતુ છેવટે તો આ બધાં વિષયોથી પર જવાનું છે, જ્યાં જ્યોતિ, દશ્ય, નાદ, ગંધ, રસ વગેરે કશાયનો અનુભવ નથી— **नादबिन्दुकलातीतम्** ।। સંત તુકારામ પોતાના અંતિમ અનુભવનું વર્ણન કરતાં કહે છે: **सगुणी ध्याता निर्गुणी गेलो**—અર્થાત્ સાકારનું ધ્યાન કરતાં કરતાં હું નિરાકારમાં પહોંચી ગયો. કોઇ એક વિષય ઉપર મન એકાગ્ર કરીને, એટલે કે સગુણ ધ્યાન કરતાં કરતાં સાધકે વિષયશૂન્ય સ્થિતિમાં એટલે કે નિર્ગુણ ધ્યાનમાં પહોંચવાનું છે. આ પ્રક્રિયા એક કાંટાને બીજા કાંટાની મદદથી કાઢયા પછી બન્ને કાંટાઓને ફેંકી દેવા જેવી છે. પૂજા, પ્રાણાયામ, જપ, ત્રાટક, ધ્યાન, ઇત્યાદિ ઉપાયો મનને એક જગ્યાએ સ્થિર કરવાને માટે અને વિક્ષેપ-કારક વિચારોને દૂર કરવાને માટે સૂચવવામાં આવ્યા છે. જેમ જેમ સાધક માર્ગમાં પ્રગતિ કરતો જાય છે તેમ તેમ આ ઉપાયો એક પછી એક, આપોઆપ ખરતા જાય છે. જેવી રીતે માણસને નિર્ધારિત સ્થાન ઉપર પહોંચાડવા માટે એક રસ્તો બીજા રસ્તા ઉપર લઇ જાય છે તેમ ધ્યાન પોતે જ સાધકને માર્ગદર્શન કરી, આગળ શું કરવું તે સૂઝાડે છે, અને એ રીતે તેને આખરી લક્ષ્ય તરફ દોરે છે. અંતમાં લયની એવી સ્થિતિ આવે છે, જેમાં ધ્યાતા, ધ્યેય અને ધ્યાનની ત્રિપુટી એક બની જાય છે. આ જ સાચી સમાધિ છે. ધ્યાનની આ પ્રકારની પરિપકવ અવસ્થામાં બ્રહ્મભાવનો અનુભવ થાય છે. અપરોક્ષાનુભૂતિ (શ્લોક-૧૨૩)માં શંકરાચાર્ય ધ્યાનની વ્યાખ્યા નીચે પ્રમાણે આપે છે.

**ब्रह्मैवास्मीति सद्वृत्त्या निरालम्बतया स्थितिः ।**
**ध्यानशब्देन विख्याता परमानन्ददायिनी ।।**

('હું બ્રહ્મ જ છું.' એ પ્રમાણેના સતત ભાનવાળી અને બીજી કોઇ અવલંબન વગરની જે પરમ આનન્દ આપનારી સ્થિતિ છે, તે 'ધ્યાન' શબ્દ વડે જાણીતી છે.) ત્યાર પછી સાધકની પરબ્રહ્મમાં દઢ સ્થિતિ થઇ જાય છે અને તે વિશે સંશયરહિત જ્ઞાન પણ થાય છે. આ રીતે એને સહજ સમાધિ પ્રાપ્ત થાય છે જે સાધનાની સર્વ પ્રક્રિયાઓનું અંતિમ લક્ષ્ય છે. પછી તેને સાધનાની જરૂર રહેતી નથી. **ततः साधननिर्मुक्तः सिद्धो भवति योगिराट्** (અપરોક્ષાનુભૂતિ ૧૨૬). તેને કાંઇ કરવાનું કે પામવાનું રહેતું નથી; છતાં વ્યાવહારિક જગતનાં બધાં કામો તે સાક્ષીભાવે કરતો રહે છે.

## સહજ ધ્યાન

ઉપરોકત સ્થિતિએ પહોંચતા પહેલાં મનને નિર્વિકલ્પ કરવા માટે સાધકે કઠોર પરિશ્રમ કરવો પડે છે. જૂની ટેવ અનુસાર ભટકતા ચંચળ મનને ખેંચીને અંતર્મુખ કરવા માટે દઢ સંકલ્પશકિત અને ખૂબ ધૈર્યની જરૂર પડે છે. આ અભ્યાસ દરમ્યાન મન અને ઇચ્છાશકિત વચ્ચે સતત સંઘર્ષ થયા જ કરે છે. સાંસારિક પદાર્થો પ્રત્યેની પોતાની આસકિત છોડી દઇ અંતરાત્મા પ્રતિ અભિમુખ થવા માટે મનને ઘણો સમય લાગે છે. ખૂબ પ્રયત્ન કરવા છતાં જો માણસને સફળતા ન મળે તો તેને માટે ધ્યાન નિરસ અને કંટાળા-જનક બને છે. આવા સંજોગોમાં પ્રશ્ન ઊભો થાય છે કે સાધકને ઓછો પરિશ્રમ લાગે એવો ધ્યાનનો કોઇ માર્ગ છે ખરો?

સહજ ધ્યાનનો એક સુલભ ઉપાય અવશ્ય છે, અને તે સરળ પણ છે. તે છે 'ગુરુકૃપા' અર્થાત્ શકિતપાતરૂપ ગુરુનો અનુગ્રહ, જેનાથી ધ્યાન આપોઆપ અને સહજ થાય છે. સાધક જે ભૂમિકા પર હોય ત્યાંથી તેની આધ્યાત્મિક માર્ગે પ્રગતિ થવા માંડે છે. જાણે કે એનામાં કોઇ શકિતને ક્રિયાશીલ કરવામાં આવી હોય એવું લાગે છે. ગુરુકૃપાથી જાગેલી આંતરશકિત સાધકના મનને જ્યાં સ્થિર થવાની જરૂર છે ત્યાં સ્થિર કરવામાં મદદ કરે છે અને તેને લીધે સાધક જાતે જ ધ્યાનની પોતાને અનુકૂળ પદ્ધતિ અપનાવે છે.

આ જાતનું ગુરુકૃપા દ્વારા થતું ધ્યાન ક્રિયાશીલ હોય છે જેનાથી સાધકને પ્રત્યક્ષ અનુભવો થાય છે, અને તે તુરત ફળ આપનારું નીવડે છે. તેથી તેમાં કોઇ વિશેષ પૂર્વતૈયારીની આવશ્યકતા હોતી નથી. કેટલાંકની બાબતમાં તો એ તૈયારી ભૂતકાળમાં કે પૂર્વજન્મમાં કરેલી હોવાથી તેઓને તેની જરૂર રહેતી નથી અને જેને એની જરૂર હોય છે તેમની શુદ્ધિ ગુરુકૃપાથી સહજપણે થવા માંડે છે. દા. ત. ઘણાં માંસાહારી સાધકોને માંસાહાર છોડવાનું કદી કહ્યું ન હોવા છતાં, શકિતપાત - દીક્ષા પ્રાપ્ત થતાં ચુસ્ત શાકાહારી બની ગયેલા જોવામાં આવે છે. એવી જ રીતે કેટલાંય સાધકો મદ્યપાન તેમ જ બીજા પણ અનેક વ્યસનો, જે આધ્યાત્મિક પ્રગતિને અનુકૂળ ન હોય, આપોઆપ છોડી દે છે.

વળી સાધકને ધ્યાન કરવા માટે ખાસ કોઇ બાહ્ય સામગ્રી કે પરિસ્થિતિની આવશ્યકતા રહેતી નથી. ગમે તે સ્થળે, કોઇ પણ સમયે

અને ગમે તે આસને, ખુલ્લી આંખે પણ તેને અનાયાસે ધ્યાન લાગી જાય છે. એકાગ્રતા લાવવા માટે મનને ખેંચતાણનો શ્રમ નથી કરવો પડતો, તે સહેલાઈથી અંતમુર્ખ થઈ શકે છે. જરૂર હોય તો પ્રાણાયામ કે કુંભક પણ આપોઆપ થાય છે. મન સહેલાઈથી શાંતિ અને સ્થિરતા પ્રાપ્ત કરે છે. જીવનની મુશ્કેલીઓ અને કઠિનાઈઓથી સાધક પહેલાં જેટલો ચિન્તાયુકત નથી બનતો. તેની સામે જે સમસ્યાઓ આવે છે, તેનું તે શાંત ચિત્તે સમાધાન કરી શકે છે. સાધના પથ પર એકવાર આરૂઢ થયા બાદ અને સાધનાને વેગ મળ્યા બાદ, ઉત્તરોત્તર પ્રગતિ થતી રહે તે માટે સાધકમાં ગુરુ પ્રત્યે દૃઢ નિષ્ઠા અને પ્રેમ હોવા અતિ આવશ્યક છે, જેનાથી જાગેલી શકિત તેનામાં ક્રિયાશીલ રહે.

એવા સાધકને માટે ગુરુ જ તેના ધ્યાનનો વિષય અથવા તેના વિચારોનું કેન્દ્ર બને છે. **ध्यानमूलं गुरोर्मूर्ति:** આ ધ્યાનનો સર્વશ્રેષ્ઠ પ્રકાર છે. **वीतरागविषयं वा चित्तम् (योगसूत्र १-३७)।** ગુરુનું ચિન્તન, એમનું જ ધ્યાન, એમનું જ સ્મરણ, એમનાં જ પ્રેમ અને શ્રદ્ધા સહિત ગુણગાન, એમની સાથે સંકળાયેલી દરેક વસ્તુમાં આનંદ માનવો એ એક પ્રકારનું ધ્યાન જ છે. યોગસૂત્ર ૩-૨નું કથન છે: **तत्र प्रत्ययैकतानता ध्यानम्।** એટલે કે કોઈ પણ વસ્તુ પર મનની વૃત્તિ લગાતાર ચાલુ રહેવી એનું નામ ધ્યાન છે. આમ ચિત્ત જ્યારે એક જ વિષય પર દીર્ઘકાળ સુધી પોતાની સમગ્ર શકિત રહિત એકાગ્ર થાય છે ત્યારે એ એમાં જ લીન થઈ, તેની સાથે તદાકાર બની જાય છે. શ્રીમદ્ ભાગવતમાં કહ્યું છે કે:

**यत्र यत्र मनो देही धारयेत् सकलं धिया।**
**स्नेहाद् द्वेषाद् भयाद् वापि याति तत्तत्सरूपताम्॥(११-९-२२)**

(જે જે વિષય પર વ્યકિત પોતાનાં ચિત્તને પ્રેમ, ક્રોધ અથવા ભયથી એકાગ્ર કરે છે તેના સ્વરૂપને તે પામે છે.)

અપરોક્ષાનુભૂતિમાં પણ કહ્યું છે –

**भावितं तीव्रवेगेन वस्तु यन्निश्चयात्मना**
**पुमांस्तद्धि भवेच्छीघ्रं ज्ञेयं भ्रमरकीटवत् १४०॥**

(જો કોઈ વ્યકિત તીવ્ર વેગ અને દૃઢ નિશ્ચયથી કોઈ પણ વિષય પર એકાગ્રતા કરે, તો તે શીઘ્ર તેવો જ બની જાય છે; જેવી રીતે કીડો ભ્રમર બને છે તેમ.)

સંત તુકારામનું કથન છે:

**सद्‌गुरु वांचोनि सांपडे ना सोय**
**धरावे ते पाय आधीं आधीं॥**
**आपणा सारिखे करिती तात्काळ**
**नाहीं काळवेळ तया लागी॥**

(પહેલાં તો સદ્‌ગુરુના ચરણ પકડવા જરૂરી છે, કારણ કે તેઓ જ આ માર્ગમાં આપણને આગળ લઈ જઈ શકે છે. સંતો એટલા મહાન હોય છે કે થોડા સમયમાં આપણને પોતાના જેવા બનાવી દે છે.)

ગુરૂની સાથે એકતા પ્રાપ્ત કરીને, અંતે સાધક સાક્ષાત્ 'નિત્ય આનન્દ' અને 'મુકત આનન્દ' ના મહાસાગરમાં લીન થઈ જાય છે કે જેને તે બીજું કાંઈ નહિ પણ શ્રીગુરુ જ છે એમ જાણી લે છે. આમ શિષ્ય, ગુરુ અને પરબ્રહ્મનું 'એકત્વ' બની જાય છે જે અભેદાત્મક, અખંડ, અનંત પૂર્ણ સત્તારૂપ છે.

સમાપ્ત **પ્રતિભાબહેન ત્રિવેદી**

# સિત્તેર વર્ષની સંધ્યાએ

(ગયા એપ્રિલ માસની ૧૫મી તારીખે ૭૦મી જન્મતિથિના રોજ કેટલાએક મિત્રોએ એકઠા મળીને શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતાના જન્મ દિવસને ઊજવ્યો હતો. પોતાની વર્ષગાંઠ નિમિત્તે શ્રી ગગનવિહારી મહેતાએ ઈલસ્ટ્રેટેડ વિકલીના ૧૯મી એપ્રિલના અંકમાં એક મનનીય લેખ લખેલો. તેનો સૌ. શારદાબહેને કરી આપેલો અનુવાદ નીચે રજૂ કરતાં હું ખૂબ આનંદ અનુભવું છું. ૭૦ વર્ષની નજીક પહોંચી રહેલા અને તેને વટાવીને આગળ પણ ચાલેલા– સૌ કોઈને આ પ્રવચનમાંથી ઘણું જાણવા સમજવાનું તથા પ્રેરણાયોગ્ય ભાતું સાંપડશે. **પરમાનંદ**)

કાળની ગતિ ગહન છે; અને આપણાં સ્મરણોની સૃષ્ટિ અટપટી છે. આ ઉંમરે ભૂતકાળમાં ડોકિયું કરી જોઉં છું તો બાલ્યાવસ્થાના કેટલાક પ્રસંગોની યાદ એવી જ તાજી છે, જ્યારે કેટલીક ઘટનાઓની સ્મૃતિ ધૂંધળી થઈ ગઈ છે, અને કેટલાક પ્રસંગો સ્મૃતિ પટ પરથી સરી જ ગયા છે. એક કાળે જે પ્રસંગો રોમાંચક અને મહત્ત્વપૂર્ણ લાગતા હતા તે આજે વિચિત્ર સ્વપ્નસમા લાગે છે. એટલું વળી સારું છે કે જીવનમાં જે કંઈ બને છે તે બધું જ આપણે યાદ નથી રાખી શકતા, તેમ બધું જ ભૂલી પણ નથી જતા. આમ ન હોત તો તો જીવન અસહ્ય બની જાત. મને લાગે છે કે બાલ્યાવસ્થાની દુ:ખદ ઘટનાઓ આપણને સચોટ યાદ રહી જાય છે. મારી માતાના અવસાન સમયનું મારી મોટી બહેનનું કરુણ આક્રંદ હજી હું ભૂલી શકતો નથી. એ વખતે મારી ઉંમર માત્ર સાત વર્ષની હતી. મારાં બહેન ઉત્તમ પ્રકારનાં ગુજરાતી લેખિકા હતાં. એ અસાધારણ બુદ્ધિશાળી બહેન પણ માતાના અવસાન પછી ચાર વર્ષે લાંબી બીમારી ભોગવી ચાલ્યાં ગયાં. એ દુ:ખદ ઘટનાની સ્મૃતિ પણ મને એવી જ ઉત્કટ છે. સ્વપ્નોનું જગત પણ ભારે વિચિત્ર છે. વીસ વર્ષ હું કલકત્તામાં રહ્યો; સાડા પાંચ વર્ષ વૉશિંગ્ટનમાં અને અઢી વર્ષ દિલ્હીમાં રહ્યો; અને એમ છતાં યે સ્વપ્નમાં તો ૧૧ થી ૨૫ વર્ષનો જીવનઘડતરનો મહત્ત્વનો ગાળો જ્યાં પસાર કર્યો હતો તે મુંબઈના અંધેરી પરાનો બંગલો અને પ્રસંગોપાત્ત જવાનું બનતું તે ભાવનગરનું અમારું દીવાનપરાનું જૂનું ઘર આવીને ઊભાં રહે છે.

**આંતરિક શિસ્ત:**

મારા સંસ્મરણો લખવા માટે ઘણાં યે લોકો મને આગ્રહ કરે છે; પરંતુ મને નથી લાગતું કે મારા જીવનપ્રસંગોને જાહેર કરવા જેવી મેં કોઈ અસાધારણ કામગીરી બજાવી હોય. એનો અર્થ એવો નથી કે સામાન્ય વ્યકિત પણ પોતાની આત્મકથા ન લખી શકે. કોઈ વાર આવા સામાન્ય મનુષ્યોના અનુભવો પણ ખૂબ રસપ્રદ બની શકે છે. ખરું પૂછો તો અત્યારે એ બધું લખવાની નિવૃત્તિ પણ મને નથી મળતી. મારી ચાલુ પ્રવૃત્તિનું જે મહત્ત્વ હોય તે ખરું, પરંતુ હું તેમાં એટલો રચ્યોપચ્યો રહું છું કે ભૂતકાળનું બધું યાદ કરવા જેટલી મને નિરાંત નથી. કોઈ ખાસ બાબતો યાદ કરવી પડે એ અલગ વાત છે. સાથોસાથ એ પણ કહીશ કે પોતાના જીવનપ્રસંગોનું આલેખન કરી તેમાં રાચવું એ વૃદ્ધાવસ્થાનો ભારે શોખ છે!

આ ઉંમરે જે સ્ફૂર્તિથી હું કામ કરી શકું છું તે માટે ઘણા લોકો આશ્ચર્ય વ્યકત કરે છે. એનો યશ મારું સદ્‌ભાગ્ય અને મેં કેળવેલી આંતરિક શિસ્તને ફાળે જાય છે. નેપોલિયન માટે કહેવાય છે કે એ જ્યારે નવા અમલદારને રાખતો ત્યારે તેની કાર્યકુશળતા સાથે તેના નસીબને વિશે પણ તપાસ કરતો. સંસ્કારી માબાપને પામી શકયો તે માટે હું મારી જાતને ખૂબ નસીબદાર ગણું છું. મારા

પિતાનું કુટુંબ ભાવનગરનું રહીશ હતું અને ચાર પાંચ પેઢીથી એ મારા પિતૃઓ ભાવનગર રાજ્યના દિવાન તરીકેનો હોદ્દો ભોગવતા હતા. ૧૯૦૦માં મારો જન્મ થયો એ સાલથી મારા પિતા–લલ્લુભાઈ શામળદાસ–મુંબઈમાં સ્થિર થયા. મારાં માતા સત્યવતી અમદાવાદના સુશિક્ષિત અને ઘણા સુધારક વિચારો ધરાવતાં ભોળાનાથ સારાભાઈ દિવેટીઆનાં કુટુંબનાં હતાં. મુંબઈમાં હું મોટો થયો અને ત્યાંની ભરડાની ન્યુ હાઈ સ્કૂલ અને એલફિન્સ્ટન કૉલેજમાં મેં શિક્ષણ લીધું. ઈન્ટર આર્ટસમાં એક માર્ક માટે પ્રથમ વર્ગ ગુમાવ્યો એ કારણે કેમ્બ્રિજમાં મને સીધો દાખલ ન કર્યો. શાળાના પરિસંવાદમાં ભાગ લેતાં હું ખૂબ સંકોચ અનુભવતો, પરંતુ કૉલેજમાં આવ્યા પછી તો મારામાં ખૂબ હિંમત આવી ગઈ હતી. કદાચ હું ખરાબ ભાષણ કરીશ તો પણ એથી દુનિયા હચમચી નહિ ઊઠે એવી જયારથી મને ખાત્રી થઈ ત્યારથી વ્યાખ્યાન કરવાનો મને આત્મવિશ્વાસ આવ્યો!

પિતૃપક્ષે વાંચનનો અને માતૃપક્ષે લેખનનો શોખ મને વારસામાં મળ્યો હતો. સમજણો થયો ત્યારથી જ અર્થશાસ્ત્ર કરતાં રાજકારણ અને ફિલસૂફીમાં મને વધુ રસ હતો. પત્રકારત્વનો શોખ જાગવાથી કૉલેજકાળ દરમ્યાન કૉલેજની પત્રિકામાં તેમ જ 'બોમ્બે ક્રૉનિકલ'માં ઉપનામથી લખવું શરૂ કર્યું. એ સિવાય ગુજરાતીમાં લખવાનો પણ મને શોખ હતો. ગ્રેજ્યુએટ થયા પછી લંડન જઈ ત્યાંની લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સમાં સમાજશાસ્ત્રનો ડિપ્લોમા મેળવ્યો. મને યાદ છે કે એ સમયે લંડનના "The Nation" સાપ્તાહિકે ગાંધીજી અને અસહકારની લડત માટે જે અયોગ્ય વલણ લીધેલું એનો મેં તેને પત્ર લખી વિરોધ કરેલો. એ પત્ર જ્યારે પ્રગટ થયો ત્યારે મેં અનુભવેલો આનંદ અને ગૌરવ અનોખાં જ હતાં. હિંદ પાછા ફર્યા પછી મેં પત્રકારત્વનું કામ અઢી વર્ષ કર્યું, પણ પછી સિંધિયા કંપનીમાં જોડાવાથી એ વ્યવસાય મેં છોડી દીધો અને આ કંપનીમાં ૨૨ વર્ષ સુધી મેં કામ કર્યું.

સ્વાતંત્ર્ય મળ્યાં પહેલાં સર અઝીઝુલ હક અને સર અરદેશીર દલાલે બે વાર મને ભારત સરકારના ઔદ્યોગિક ખાતાના સલાહકાર તરીકેનો હોદ્દો સ્વીકારવા આગ્રહ કરેલો પરંતુ મેં તેનો અસ્વીકાર કરેલો, કારણ પરદેશી સત્તા નીચે કામ કરવાની મારી ઇચ્છા નહોતી. સ્વાતંત્ર્ય મળ્યા પછી Tariff Boardના પ્રમુખ તરીકેની કામગીરી મેં સ્વીકારી અને ૧૯૫૦માં આયોજન પંચ (પ્લાનિંગ કમિશન)ની સ્થાપના થઈ ત્યારે તેમાં જોડાવા વડા પ્રધાન નહેરુએ મને કહ્યું; ત્યાર બાદ અઢી વર્ષે ૧૯૫૨ના જૂનમાં ભારતીય એલચી તરીકે વૉશિંગ્ટનમાં મારી નિમણૂંક કરવામાં આવી, જે અધિકાર ઉપર સાડા પાંચ વર્ષથી વધારે રહેવાનું બન્યું.

છેલ્લાં ૬૦ વર્ષની ઘટનાઓ યાદ કરીને એટલું જરૂર કહી શકું છું કે વિધિની મારા પર ઘણી ઘણી કૃપા રહી છે. ઘણા અનુકૂળ સંજોગોમાં હું મોટો થયો છું. પ્રસન્ન દામ્પત્યજીવન ભોગવી શક્યો છું; ત્રણ, સુંદર સુશિક્ષિત પુત્રીઓ, સારા જમાઈઓ અને તેમનો સુખી પરિવાર જોવા સદ્‌ભાગી નીવડયો છું. ધંધામાં કે સરકારી નોકરીમાં જ્યાં જ્યાં મેં કામ કર્યું, ત્યાં ત્યાં સૌ સાથેના મારા સંબંધો એકંદરે સુમેળભર્યા રહ્યા છે; ભારતમાં તેમ જ પરદેશમાં ઘણાં સારા મિત્રો મને પ્રાપ્ત થયા. જ્યારે જ્યારે મેં કોઈ નવું કામ લીધું છે –પછી તે કામ વહાણવટાને લગતું હોય, ભાવનિયમનનું હોય, આયોજનનું હોય, પરદેશના સંબંધોને લગતું હોય, અથવા તો બેંકિંગના વિકાસ ને લગતું હોય–ત્યારે પ્રારંભમાં એ કામ કરી શકીશ કે કેમ એ ખચકાટથી મેં લીધું છે, જેને હું પોતાની જાત પરના વધુ પડતા વિશ્વાસ કરતાં વધારે આવકારપાત્ર લેખું છું.

### સુખદ સંસ્મરણો

એક વાર વાતવાતમાં મેં વડાપ્રધાન નહેરુને ગાંધીજી સાથે ૧૯૪૭માં થયેલી મારી વાતચીતનો ઉલ્લેખ કરતાં કહેલું (જે વેળા હું બંધારણસભાનો સભ્ય હતો.) કે કેન્દ્રીય સરકારમાં પ્રધાન-પદ માટે મારું નામ અનેકવાર સૂચવવામાં આવેલું, પરંતુ એ પદ માટે મારી કોઈ ખાસ યોગ્યતા હોય એવું મને લાગ્યું નહોતું. ૧૯૪૫ના જૂનમાં જ્યારે સીમલા કોન્ફરન્સ મળી ત્યારે કોંગ્રેસ વર્કિંગ કમિટીએ (કારોબારી સમિતિએ) નાણાંપ્રધાન તરીકેનો હોદ્દો મને સોંપવાની દરખાસ્ત લોર્ડ વેવલ સમક્ષ મૂકેલી. પંડીત નહેરુએ મારા વકતવ્યને વધાવી લઈ કહેલ, "તમે કેટલાક વિષયો અને ક્ષેત્રો પરત્વે જાગૃત હોઈ તમારી મર્યાદાઓને સમજી શકો છો. રાજકારણમાં પડેલા લોકોને પોતાની મર્યાદા વિષે કદી ખ્યાલ રહેતો નથી; કારણ કે તેઓ ગમે તે વિષય પર બોલે છે એટલે એમ માને છે કે એ વિષયમાં એ પારંગત છે!" ૧૯૪૭ જૂન-જુલાઈમાં ડૉ. પ્રફુલ્લ ઘોષનો ઘણો આગ્રહ હોવા છતાં બે વાર મેં પશ્ચિમ બંગાળના પ્રધાનમંડળમાં નાણાં- પ્રધાનનો હોદ્દો સ્વીકારવા ના કહી હતી. એ વખતે કંઈ કામસર હું મુંબઈ હતો. ૧૯૪૭ના જૂનની ૩૦મીએ મધરાતે કલકત્તા ટેલિફોન કરી તેમણે મને કહેલું "આ પદનાં સ્વીકાર માટે તમને સૂચન કરવામાં નથી આવતું, પરંતુ આ અમારો સૌનો આદેશ છે એમ સમજશો." તેમણે વધુમાં જણાવ્યું કે સરદાર પટેલ, શ્રી રાજેન્દ્રપ્રસાદ અને આચાર્ય કિલપાણી એ સૌ, આ સ્થાન હું સ્વીકારું એ માટે આતુર છે. રાજકારણ, દેશના બંધારણીય વિકાસ તેમજ આંતર–રાષ્ટ્રીય પ્રશ્નોમાં મને ઘણો રસ હોવા છતાં રાજકીય જીવનમાં સીધો પ્રવેશ કરવા તરફ હું સદા ઉદાસીન રહ્યો છું. એ ક્ષેત્રમાં રહેલી સંકુચિતતા, ક્ષુદ્ર ખટપટ અને પક્ષાપક્ષી નિહાળી મારું મન પાછું હઠી જતું મેં અનુભવ્યું છે.

જીવનની પ્રસન્નતા અને તાજગી ઠેઠ સુધી ટકાવી રાખવી એ જેવીતેવી તપસ્યા નથી. કેટલાક લોકો ભૂતકાળને વાગોળી તેમને પ્રિય જૂના દિવસોને યાદ કર્યા કરે છે, અને હવે ઘણું થોડું જીવન બાકી રહ્યું છે એ ખ્યાલથી અંતરમાં વેદના અનુભવે છે તો કેટલાક જુવાનીનું જોમ અને ઉત્સાહ સદા ટકી રહેવાં જોઈએ, એવી અપેક્ષા રાખીને મોટી ઉંમરે પણ વર્તતા હોય છે. આ બંનેમાંથી એક પણ વલણ જીવનમાં સાચી પ્રસન્નતા અને સ્વસ્થતા નથી લાવી શકતું. આંતર-બાહ્યનો સુમેળ સાધી જીવનને યથાર્થ રીતે શોભાવવા આપણે માગતા હોઈએ તો જીવનમાંથી આપણે વધુ પડતી અપેક્ષા રાખવી ન જોઈએ.

આ બાબતમાં વૈવિધ્ય અને નવીનતા માટેની ઘેલછા દાખવતા આધુનિક માનસ કરતાં આપણા પ્રાચીન ઋષિમુનિઓ વધુ સમજુ અને શાણા હતા.એમ મને લાગે છે. કેવળ ભૌતિકતા તરફનું આજનું અંધ માનસ ભાતભાતના બાહ્ય ફેરફારો અને પરિવર્તનને પ્રગતિ માની બેઠ છે, મોટાઈમાં રાચી જીવનની વિશિષ્ટતાને વિસરી ગયું છે; સહૃદય સ્થિર કાર્ય તત્પરતાને બદલે ઉન્માદભરી અર્થહીન દોડાદોડીને પ્રાધાન્ય આપી બેઠું છે. બર્ટ્રાન્ડ રસેલ જેવા ભૌતિકવાદીએ લગભગ સિત્તેર વર્ષ પહેલાં લખેલા A Free Man's Worship શિર્ષક નિબંધમાં લખ્યું છે, "વહેલું કે મોડું દરેક માણસે ત્યાગ માટે તૈયાર રહેવાનું જ છે. પછી એ ત્યાગ માટે મૃત્યુ કારણભૂત બને, માંદગી કારણભૂત બને, કે પછી દારિદ્રય કે કર્તવ્યની કઠોર હાકલ કારણભૂત હોય: પરંતુ એટલું તો આપણે સૌએ સમજી લેવું ઘટે કે આ દુનિયા કેવળ આપણા માટે જ નથી સરજાઈ અને આપણે વાસ્તે જ નથી ચાલતી. આપણી અપેક્ષાઓ આપણી દૃષ્ટિએ ગમે એટલી ઉચિત હોય પરંતુ આપણને પ્રિય હોય એ સર્વ ઇચ્છાઓ પ્રકૃતિ મંજૂર નથી કરતી."

હું તો એમ માનુ છું કે આવી સમજણ હોવી એ જ સાચું શાણપણ છે અને એ જ આપણા જીવનને સુરેખ, સંયમી અને

સપ્રમાણ બનાવે છે. બહારથી આપણા પર લાદવામાં આવતી સારામાં સારી વસ્તુઓ કરતાં આપણે પોતે પ્રયાસ કરીને આંતરિક રીતે સાચી વિનમ્રતા અને બુદ્ધિની પ્રમાણિકતા જીવનમાં દઢ કરી શકીએ એ જ આપણને સાચા અર્થમાં માનવ બનાવી ઘણી ઉચ્ચ પ્રકારની વિશાળતા બક્ષે છે. કોઈ કર્મકાંડ કે નીતિના પાઠો કે ધાર્મિક ઉપદેશોને પરિણામે નહિ પરંતુ આપણે જાતે પુરુષાર્થ કરી આપણા અનુભવોમાંથી પસાર થઈને તેમ જ શાન્ત ચિત્તે મનન વડે જીવન વિષેની આવી ઉદાત્ત સમજણને વિકસાવી દઢ કરી શકીએ છીએ. આવા વિવેકશીલ પ્રમાણતાના ભાનનું બીજું પાસું જેને આપણે માર્મિક વૃત્તિ કહીએ તે છે. આવી વૃત્તિને લીધે આપણી જાતને વધુપડનું મહત્ત્વ આપવાને બદલે જીવનમાં વિચિત્ર અને કઢંગા પ્રસંગો બને છે એને પણ આપણે સ્મિત સાથે સ્વીકાર કરી શકીએ છીએ.

**ફળીભૂત પુરુષાર્થ :**

મને કોઈ જાતનો વસવસો રહ્યો છે ખરો? મારી જાતને આ સવાલ પૂછું છું ત્યારે એટલું લાગે છે કે જિંદગી જો નવેસરથી ફરી જીવવા મળે તો કેટલીક બાબતો તરફનું મારું વલણ તદ્દન નિરાળું જ રહે; તો કેટલીક બાબતોને મારા જીવનમાંથી તિલાંજલિ જ આપી દઉં. ઉદાહરણ તરીકે હું તરતા શીખું; છાપા વાંચવા ઓછા કરી દઈ (યુવાવસ્થાના વાયરસ જેવા ચીકણા પત્રકારત્વના રોગમાંથી છૂટી) પુસ્તકોનું વાંચન વધારું, લેખો લખવા ઓછા કરી અધ્યયનપૂર્ણ વિષયોને વધુ મહત્ત્વ આપું! મારી જિંદગીનું કોઈ મહત્ત્વ છે ખરું? તો પ્રશ્ન એ છે કે કોને માટે? મારે માટે કે બીજાઓ વાસ્તે? સમાજનું ક્ષેત્ર એટલું વિશાળ અને જટિલ છે કે તેમાં કોઈ એક વ્યકિતનો વિચાર કે તેના મહત્ત્વનો ખ્યાલ સતત રહી શકતો નથી. ભારતે જે મોટી મોટી સમસ્યાઓનો સામનો કર્યો છે તેમાં આપણો વ્યકિતગત હિસ્સો એ તો અસીમ સાગરના એક બૂંદ સમાન છે. સ્વાતંત્ર્ય મળ્યા અગાઉ જેની સાથે મારો ઘનિષ્ઠ સંબંધ રહ્યો હતો તે વહાણવટાની પેઢીના વિકાસ માટે થઈ શકે તેટલું મેં કર્યું; પોર્ટટ્રસ્ટના ભારતીયકરણ માટે તેમ જ વહાણવટાને લગતી સગવડો વધારવા માટે મેં અનેક પ્રયાસો કર્યા; વ્યાપારી પેઢીઓના આયોજનમાં મદદ કરી તેમ જ અર્થકારણના કેટલાક અગત્યના મુદ્દાઓ પર વિચારવિનિમય કર્યો. ત્યાર બાદ જેમાં મને ઘણો રસ હતો તે ઔદ્યોગિક ક્ષેત્રે ઉદ્યોગોના રક્ષણ અને વિકાસ અંગે ટેરીફ બોર્ડમાં પ્રયાસ કર્યો; અને પ્રથમ પંચવર્ષીય યોજનામાં ઔદ્યોગિક ક્ષેત્રમાં આયોજન કરવામાં મારી મર્યાદાનો ખ્યાલ રાખી બનતી સેવા મેં આપી.

યુનાઈટેડ સ્ટેટ્સના મારી કાર્યવાહીથી મને પોતાને, અમેરિકન પ્રજાને અને આપણી સરકારને સંતોષ થયો કહું તો એમાં અવિનય નથી. ભારતની પરિસ્થિતિ, તેની જરૂરિયાતો, તેના આદર્શો તથા દેશના નવઘડતર માટે આર્થિક ક્ષેત્રમાં જે સહાય અપેક્ષિત છે તેનો ખ્યાલ મેં અમેરિકાના હજારો લોકોને આપ્યો. કેટલીક મથામણો તથા અગત્યના મુદ્દા પર મતભેદ હોવા છતાં બંને દેશ વચ્ચે મૈત્રી-ભાવ તથા પરસ્પરને સમજવાની શકિત વિકાસવવા મેં પ્રયાસ કર્યો. હિંદ પાછા ફર્યા પછી દેશમાં ઉદ્યોગોના વિકાસને ઉત્તેજન આપવા એક ઘણી મહત્ત્વની મોટી સંસ્થા ઊભી કરવામાં હું જે મદદ કરી શક્યો છું તેનો પણ મને સંતોષ છે. આ ઉપરાંત વિદેશી નાણાના રોકાણ માટે એક નવી એજન્સી સ્થાપવામાં પણ મારો ફાળો છે એનો પણ મને આનંદ છે. પરંતુ દેશને આ બધાથી કેટલો લાભ થયો છે એનો નિર્ણય બીજાએ કરવાનો છે.

ગુજરાતી તથા અંગ્રેજીમાં લખવાનો તેમ જ બોલવાનો મને શોખ છે. હળવા વિષયો પર જેટલી સરળતાથી હું બોલી તેમ લખી શકું છું તેટલી પકડ ગંભીર લેખો અને ભાષણો પર નથી મેળવી શક્યો. એ માટે તૈયારી' કરતાં મને સમય લાગે છે. એક નિયમ મેં હમેશાં રાખ્યો છે કે સમારંભ ગમે તેટલો નાનો હોય પરંતુ પૂરતી તૈયારી કરીને અથવા તો ટૂંકી પણ નોંધ રાખીને જ બોલવું. હાસ્યરસિક ગુજરાતી લેખોનો મારો સંગ્રહ ૪૦ વર્ષ ઉપર પ્રગટ થયો; ૩૬ વર્ષ અગાઉ અંગ્રેજી કટાક્ષ લેખોનો સંગ્રહ પ્રગટ થયો અને ત્યાર પછી ૬ વર્ષે ગાંધીજી પર લખેલા મારા લેખોનો સંગ્રહ પ્રગટ થયો. મારાં અમેરિકાનાં વ્યાખ્યાનોનો સંગ્રહ પણ અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયો છે. છેલ્લા દસકામાં મેં ગુજરાતી ભાષામાં વધારે વિપુલ પ્રમાણમાં લખ્યું છે.

કોઈ ઉચ્ચ સ્થાનના મોહથી હું દૂર રહ્યો છું તેમ જ સત્તા માટે મેં કદી વલખાં માર્યાં નથી. સ્વાભાવિક રીતે મારી પાસે જે કાર્ય આવ્યું તે કામ એકનિષ્ઠાથી, પ્રમાણિકપણે હું કરવા મથ્યો છું. જે કામ હું કરી શકું એમ છું એમ જયારે લાગ્યું છે ત્યારે મને મળેલા હોદ્દાનો મેં સ્વીકાર કર્યો છે; અને એ કર્તવ્યને પૂરેપૂરું બજાવવા મારી શકિતને કામે લગાડી છે. જયારે જયારે કોઈ કામ માટે મેં મારી જાતને યોગ્ય નથી ગણી અથવા એ કામ મને ઊંડો સંતોષ નહિ આપી શકે એમ લાગ્યું છે ત્યારે એનો મેં અસ્વીકાર કર્યો છે. હું દઢ રીતે માનું છું કે વ્યકિત કરતાં સંસ્થાનું ઘણું મહત્ત્વ છે. માટે બને એટલા મદદરૂપ બનવાનો પ્રયાસ કરી તાલીમ પામેલા માણસોનું જૂથ ઊભું કરવા પ્રત્યે મેં વિશેષ ધ્યાન આપ્યું છે, જેથી મારી ગેરહાજરીમાં પણ કામ વ્યવસ્થિત રીતે ચાલી શકે.

**એક ડગલું બસ થાય :**

હું એવો દાવો નથી કરતો કે જીવનમાં કોઈ વાર મને નિરાશા સાંપડી જ નથી. પરંતુ એ સાથે એટલું કહીશ કે હકની રૂએ મેં કદિ કોઈની કૃપા કે આભારની આશા રાખી નથી તેમ કોઈ ઉંચા હોદ્દા માટે તલસાટ સેવ્યો નથી. આખરી વિશ્લેષણ કરીએ તો આ બધી પ્રાપ્તિઓ આપણને કયાં લઈ જાય છે તે કહેવું અઘરું છે. મારે માટે એટલું કહી શકું છું કે જીવનમાં ભલે મેં કોઈ અસાધારણ સિદ્ધિ મેળવી ન હોય, પરંતુ અનુભવોએ મને જીવન જીવતાં તો શીખવ્યું છે. કવિઓની જેમ વ્યોમમાં વિહરવાને બદલે આ ધરતી પર ઊભો રહી, 'મારે એક ડગલું બસ થાય' એટલું જ મેં ઈચ્છયું છે.

માણસનો જન્મ થાય છે એ જ ક્ષણથી એના લલાટમાં મૃત્યુ લખાયું છે. ઉપનિષદ્ કહે છે કે રોજને રોજ મનુષ્યો યમમંદિરે જાય છે છતાં યે આશ્ચર્યની વાત તો એ છે કે જે જીવે છે એ જાણે સદાકાળ આ દુનિયામાં અમર રહેવાના હોય એમ વર્તે છે! કદાચ આપણી નશ્વરતાની કરુણતા માટે પ્રકૃતિએ આટલું આશ્વાસન જીવનમાં મૂકયું હશે! મૃત્યુનું સ્વરૂપ એવું વિરોધી છે કે તે સૌને માટે નિશ્ચિત હોવા છતાં તેના આગમનની ઘડી વિષે આપણે કશું જ કહી શકતા નથી. એતો સારું છે કે આપણે આપણું ભવિષ્ય નથી જાણતા, નહિતર ભયના માર્યા અધમૂવા થઈ મોત આવે એ પહેલાં તો આપણે અનેક વાર મરી ચૂકીએ!

આપણો પોતાનો સંપૂર્ણ વિનાશ થશે એની કલ્પના કઠણ પણ છે અને અસહ્ય પણ છે. આપણે સદાકાળ માટે ગાઢ અંધકારમાં અને શૂન્યતામાં વિલીન થઈ જઈશું એ ખ્યાલ કરવા આપણે તૈયાર નથી હોતા. જિંદગીની પ્રત્યેક પળે મૃત્યુ આપણા માથાપર ભમતું હોય છે, છતાં પણ એ અનિવાર્ય કરુણતા વિષે આપણે બહુ ચિંતા સેવવી ન જોઈએ. સજ્જન મિત્રો બહુ કામ કરવાની જ્યારે મને ના કહે છે ત્યારે હું તેમને કાર્લાઈલના શબ્દો— "There is a whole eternity to rest." ('આરામ કરવા માટે અનન્ત કાળ છે જ!')—ની યાદ દેવડાવું છું. કામ નાનું હોય કે મોટું હોય, પરંતુ જ્યાં સુધી આપણી પાસે બુદ્ધિ—શકિત છે ત્યાં સુધી આપણે આપણા કર્તવ્યમાંથી મુકત થઈ શકતા નથી. જીવન જીવવું એટલે સદા ગતિમાન રહેવું. આપણે નિષ્ક્રિય બની કટાઈ જઈએ કે કામ કરીને ખપી જઈએ, બેમાંથી શું પસંદ કરીશું? હું તો કામ કરીને ખપી જવામાં જીવનની સાર્થકતા સમજું છું.

અગમ્ય વિરાટ બ્રહ્માંડમાં આપણી પૃથ્વી એ તો નાનકડો ગ્રહ છે. આપણે ધારીએ તો આ પૃથ્વી પર સ્વર્ગને લાવી શકીએ છીએ; પરંતુ ખેદની વાત છે કે આજે આપણને સુખ કરતા સત્તા

વધુ પસંદ થઈ પડી છે; શિષ્ટ અને સુસંસ્કૃત વ્યવહારોને બદલે દંભ, ઢોંગ અને જૂઠાણું આપણને વધારે ગમે છે; સંવાદમય જીવનના સ્વચ્છ સમન્વયના બદલે સૂરાજીવનના વિસંવાદો વધુ આકર્ષી રહ્યા છે. માનવની જિંદગી સાવ જ ક્ષુલ્લક અને સત્ત્વહીન બની ગઇ છે, કારણ કે માણસે માણસને ચૂંથ્યો છે. પરંતુ અહીં આટલું સ્વીકારીશ કે અનિષ્ટને ઉથલાવી નવનિર્માણ કરવાનું જે ખમીર સાચા સૈનિકમાં હોય છે તે મારામાં નથી.

**—અંતિમ કસોટી :—**

મારા જીવનકાળ દરમ્યાન હું કોઇનાં આંસુ લૂછી શકયો હોઉં, કોઇને ઘડીભર પણ હસાવી શકયો હોઉં, કે કોઇના જીવનમાં ક્ષણિક ઉલ્લાસ આણી શકયો હોઉં તો મારૂં જીવન સાર્થક લેખું છું; અને આથી વિશેષ તો જે મૂલ્યોનું મેં જીવનમાં મહત્ત્વ ગણ્યું છે એને અમુક અંશે પણ આચાર-વિચારમાં ઉતારી શકયો હોઉં તો જીવ્યાનો મને સંતોષ થશે.

દાગ હેમરશીલ્ડે કહ્યું છે કે સૌથી કપરી કસોટી—જેમાંથી કોઇ જ બચી શકતું નથી — જો માણસ માટે હોય તો તે મૃત્યુને ભેટવું એ છે. વીતી જતાં વર્ષો, દસકામાં બદલાતાં જાય છે. પ્રિય સ્વજનો અને સ્નેહી મિત્રો હંમેશ માટે ચાલ્યા જાય છે. અને આપણે પણ સમાપ્ત થતા જીવન વિષે સભાન બની અણગમતી એ અંતિમ પળને કઇ રીતે આવકારી શકીશું એની ઘેરી ગમગીની અનુભવીએ છીએ.

કબીરે પ્રાર્થના કરી હતી કે :

જબ તુમ આયે જગતમેં, જગત હંસા તુમ રોય.
એસી કરની કર ચલો પ્યારે! તુમ હઁસત જાઓ, જગ રોય.*

સિત્તેર વર્ષ પૂરાં થયાં ત્યારે મારે પણ બીજી શી અપેક્ષા હોઇ શકે?

અનુવાદક : મૂળ અંગ્રેજી :
**સૌ. શારદાબહેન બાબુભાઇ શાહ, ગગનવિહારી મહેતા**

*આ ઉકિત તુલસીદાસની છે એમ શ્રી દિલીપકુમાર રૉયે તેમ જ લુધિયાણાથી એક ભાઇએ લખ્યું છે. પ્રાધ્યાપક એ એ. આર. વાડિયાએ લખ્યું છે કે આ ઉકિત સાદીની છે, દાગ હેમરશીલ્ડે પણ આવો જ વિચાર વ્યકત કર્યો છે. એ વિશે મેં લેખ 'બુદ્ધિ પ્રકાશ' માં લખેલો ત્યારે શ્રી સ્વામી આનંદે કબીરની આ પંકિત મને મોકલી હતી. **ગગનવિહારી મહેતા**

## ખ્રિસ્તી સાધુસંસ્થા અંગે—

ખ્રિસ્તી સાધુસંસ્થામાં અમુક સાધુઓ 'ફાધર'ની સંજ્ઞાથી સંબોધાય છે જ્યારે અન્ય સાધુઓ 'બ્રધર'ની સંજ્ઞાથી સંબોધાય છે. આવી જ રીતે ખ્રિસ્તી સાધ્વીસંસ્થામાં અમુક સાધ્વીઓ 'મધર'ની સંજ્ઞાથી સંબોધાય છે, જ્યારે અમુક સાધ્વીઓ 'સીસ્ટર' ની સંજ્ઞાથી સંબોધાય છે. તો આ બે કક્ષાના સાધુ—સાધ્વીઓનાં કાર્યક્ષેત્રમાં શું ફરક છે એની સમજણ મેં ફાધર વાલેસ પાસેથી માંગી હતી, તેના જવાબમાં તેઓ નીચે મુજબ જણાવે છે :—

"આપ અમારા સંઘમાં ફાધર અને બ્રધર એ બે કક્ષા છે એના ભેદ વિષે પૂછો છો. બે રીતે ફેર પડે છે: તાલીમમાં અને કાર્યમાં. ફાધર માટેની તાલીમ લાંબી હોય છે અને એમાં રોમના અધિકારીઓ તરફથી કોઇ પણ કેથોલિક સંઘના ફાધરો માટે નક્કી કરેલો ધર્મનો વિગતવાર અભ્યાસ ફરજિયાત છે. બ્રધર માટેની તાલીમ ટૂંકી છે અને એમાં અભ્યાસ ઉપર આટલો ભાર મૂકવામાં આવતો નથી. પછી કાર્યમાં ફાધર ધર્મના વિધિઓ ચલાવે છે: પ્રાયશ્ચિત કરાવે, યજ્ઞ કરે, લગ્ન કરાવે, બીજા સંસ્કારો આપે, ધર્મબોધ દેવળમાં આપે. એ બધું બ્રધર ન કરી શકે. અસલ વ્યવસ્થા એ હતી કે બ્રધર ઘરનું કામ સંભાળે, જ્યારે ફાધર ધર્મ ને શિક્ષણ વગેરેનું કામ કરે. હાલ એમાં થોડો ફેરફાર થયો છે અને કેટલાક બ્રધરો ડિગ્રીઓ પણ લે છે અને શિક્ષણ ને ધર્મના કાર્યમાં મદદ પણ કરે છે. પણ ધર્મવિધિઓ તો ન જ ચલાવી શકે.

"'મધર' અને 'સિસ્ટર' ની વાત કંઇક જુદી છે. ફાધર-બ્રધર માટે મેં લખ્યું હતું કે તાલીમમાં અને કાર્યમાં ફેર છે કારણ કે ચર્ચમાં ધાર્મિક ક્રિયાઓ ફકત ફાધર ચલાવી શકે, બ્રધર નહિ. હવે સ્ત્રીઓ તો એ ક્રિયાઓ ચર્ચમાં ન ચલાવી શકે એટલે એ રીતે મધર અને સિસ્ટરમાં કોઇ ફેર નથી. તાલીમમાં ફેર ખરો. મુખ્ય ખ્યાલ મેં જણાવ્યો હતો તે અસલમાં હતો: મધર ભણાવવાનું વગેરેનું કામ કરે જ્યારે સિસ્ટર ઘરનું કામ કરે. પછી તો એ અંતર ઓછું થયું છે અને સ્ત્રીઓનાં ઘણાખરા સંઘોમાં મધર-સિસ્ટરોનો ભેદ નકળી ગયો છે."

# "સૂનો સૂનો હે કીસન કાલા...."

## સાયગલ-સંધ્યા

શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે તા. ૮-૮-૭૦ શનિવારે સાંજે ૬ વાગે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં સ્વ. શ્રી. કુન્દનલાલ સાયગલના કલા—શિષ્ય શ્રી હરીશ ભટ્ટનો એક ગીતોનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બરોબર ૫-૪૫ વાગે કલાકાર શ્રી હરીશભાઇ ભટ્ટ તેમની મંડળી સાથે આવી પહોંચ્યા હતા અને અમે તેમનું જૈન યુવક સંઘ વતી સ્વાગત કર્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં શ્રી ચીમનલાલ જે. શાહે કલાકારનો શ્રોતાઓને પરિચય આપતાં કહ્યું હતું કે "શ્રી હરીશભાઇ ખૂબ સાદા અને સરળ કલાકાર છે. એમનાં ગીતો અવારનવાર ઑલ ઇન્ડિયા રેડિયો પરથી પણ બ્રોડકાસ્ટ કરવામાં આવે છે. સાયગલનાં ગીતો એમની એક ખાસ વિશેષતા છે. એમના કંઠ વડે સાયગલને આબેહૂબ રજૂ કરવાનો એમનો પ્રયાસ છે. સાયગલ એમના કલાગુરુ છે. એમનો વિશેષ પરિચય તો એમનાં ગીતો જ આપ સૌને કરાવશે."

દરમ્યાનમાં આખું સભાગૃહ ચિકાર ભરાઇ ગયું હતું અને કાર્યક્રમની શરૂઆતમાં જ પ્રાર્થના બાદ શ્રી હરીશભાઇએ પહેલું ગીત ગાયું: "આઇ બહાર ... આજ આઇ બહાર ... બહાર આજ ..." અને સભાગૃહમાં ન્યુ થિયેટર્સના ત્રણ દશકા પહેલાનાં એ જમાનાની બહાર છવાઇ ગઇ. શ્રી હરીશભાઇએ હારમોનિયમ પર પોતાની નજર સામે જ સ્વ. શ્રી. સાયગલનો ફોટો રાખ્યો હતો. ગીત પછી ગીત ગવાતાં ગયાં અને હરીશભાઇનાં સૂરીલા અવાજે સાયગલના કંઠનું દર્દ જીવંત કર્યું. દરેક ગીતના અંતે એમની મંડળીના સહકલાકાર શ્રી મુકુંદભાઇ જાની એમની જોશીલી ઉર્દૂ મિશ્રીત હિંદી જબાનમાં Compere નું કામ કરતાં હતાં. વચ્ચે વચ્ચે કયાંક કયાંક થોડી શાયરી વડે ગવાઇ ગયેલા ગીતનો ઉલ્લેખ અને હવે પછી આવનારા ગીતનું એંધાણ આપીને બંને વચ્ચેની કડીનું કામ કરતાં હતાં.

રંગ જામતો ગયો અને ફરમાઇશોની ચિઠ્ઠીઓ આવવા લાગી. કોઇને "પિયા મિલનકો જાના ...." તો કોઇને 'જબ દિલ હી ટૂટ ગયા ....' કોઇને "અય કાતિબે તકદીર મૂઝે ...." તો કોઇને "સૂનો સૂનો હે કીશન કાલા" — સાંભળવું હતું. સાયગલનું એક પણ ગીત કે ગઝલ સાંભળવી રહી ન જાય એટલા માટે ફરમાઇશોનો ઢગલો થવા લાગ્યો. વચ્ચે કોઇનું સૂચન આવ્યું કે હરીશભાઇ ગુજરાતી ગીતો સંભળાવે, એટલે એમણે બેફામની એક ગઝલ ગાઇ સંભળાવી. એક બે ગુજરાતી ભજનો પણ ગાયાં અને ફરીવાર સાયગલના ગીતોની રમઝટ ચાલી. શ્રોતાઓ માંગણી કરતાં જ ગયા અને હરીશભાઇ વચ્ચે જરીકે વિશ્રામ વિના લગાતાર ગીતો ગાયે જ ગયા. લગભગ ૭.૫૫ મિનિટે કાર્યક્રમ જરા અટકાવીને શ્રી. સુબોધભાઇએ કલાકાર ભાઇઓનો અત્યંત આભાર માન્યો. સંઘવતી શ્રીમતી મંજુલાબેને એમને ફૂલોનો ગજરો અર્પણ કર્યો અને છેક છેલ્લે 'બાબુલ મોરા ...... નૈહર છૂટો જાય......' એ ભૈરવી ગીત સાથે સૌ પ્રસન્ન વાતાવરણમાં વિખરાયાં.

**મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ**

# ગ્રામસ્વરાજ કોષ

"રાષ્ટ્રપિતા ગાંધીજીની સ્મૃતિને જીવંત રાખી રહેલી જો કોઇ એક વિભૂતિ પ્રત્યે આંગળી ચીંધી શકાય એમ હોય તો તે છે આચાર્ય વિનોબા ભાવે. આવતા સપ્ટેમ્બર માસની તા. ૧૧ મીએ તેઓ જીવનનાં ૭૫ વર્ષો પૂરાં કરશે. એ પ્રસંગે ભૂમિક્રાન્તિની તેઓએ શરૂ કરેલી અનેકવિધ પ્રવૃત્તિઓને વેગ આપવા માટે તેઓનો અમૃત મહોત્સવ ઉજવવાનો નિર્ણય થયો છે તે ખાસ નોંધ માગે છે. એ અમૃત મહોત્સવને નિમિત્ત બનાવીને એક કરોડ રૂપિયાનો ફાળો તેઓને આપવાનો સર્વ સેવા સંઘે કરેલો નિર્ણય, એટલે, આવકારપાત્ર બની રહે છે." આચાર્ય વિનોબા ભાવે અમૃત મહોત્સવ ગ્રામ સ્વરાજ કોષ" માં ગરીબ તવંગર તમામને યથાશકિત પોતાનો ફાળો આપવાની વિનંતિ શ્રી જયપ્રકાશ નારાયણે જાહેર અપીલ દ્વારા કરી છે તેને સૌ વધાવી લેશે એવી આશા રાખીએ.

આ એક કરોડનો કોષ એકઠો કરવા માટે વિવિધ રાજયો માટે રકમ ફાળવવામાં આવી છે અને મહારાષ્ટ્ર રાજયમાંથી રૂા. ૨૨ લાખ એકઠા કરવાનું નક્કી થયું છે. શ્રી જયપ્રકાશ નારાયણ આ હેતુથી મુંબઈમાં થોડા દિવસ રોકાયા ને વિવિધ વેપારીમંડળો, અગ્રણીઓ, રાજય સરકારના અગ્રણીઓ વગેરે સાથે વિચારવિનિમય કરીને આ કોષનો ફાળો એકઠો કરવાની પ્રવૃત્તિ શરૂ થઇ ચૂકી છે. તાતા સંસ્થાના એક લાખના ફાળાથી મહારાષ્ટ્રમાં આ કોષનાં ભરણાની શરૂઆત થઇ છે ને મહારાષ્ટ્ર તેને ફાળે આવેલી રકમ સત્વર પૂરી કરી આપશે એવી આશા છે. ઉપર સૂચવ્યું છે તેમ આ કોષમાં ગરીબ, તવંગર સૌ કોઇએ પોતાનો ફાળો યથાશકિત આપવાનો છે. એટલે સૌ કોઇ વિના સંકોચે આ કાર્યમાં પોતાનો ફાળો જરૂર મોકલે એવી અમે આગ્રહભરી વિનંતિ કરીએ છીએ.

આચાર્ય વિનોબા ભાવેનું સંમગ્ર જીવન ઉંડી આધ્યાત્મ સાધના, બૌદ્ધિક અધ્યયન, નિ:સ્વાર્થ સમાજસેવા ને સામાજિક પ્રશ્નોમાંથી તેજસ્વી, અહિંસક પ્રયાસોથી ભરપૂર રહ્યું છે. ગાંધીજીએ તેઓને પ્રથમ અને સર્વોત્તમ સત્યાગ્રહી તરીકે પસંદ કર્યા હતા એ સુવિદિત છે. ગાંધીજીના અહિંસક સમાજરચનાના અધૂરાં કામને તેમણે આગળ ચલાવ્યું છે. ભારતની ભૂમિની વિકટ સમસ્યાને ઉકેલવા માટે તેઓએ ભૂમિદાનની પ્રવૃત્તિ દ્વારા ૪૨ લાખ એકર જમીનનું સ્વૈચ્છિક દાન પ્રાપ્ત કર્યું છે. ને એમાંથી ૧૨ લાખ એકર જેટલી જમીન દેશભરમાં પથરાયલા ૪ લાખ ૬૦ હજાર ભૂમિહીન પરિવારોમાં વહેંચવામાં પણ આવી છે. ગ્રામદાન આંદોલન શરૂ થતાં દોઢ લાખ ગામડાં ગ્રામદાન દ્વારા મેળવાયાં છે. આ આંદોલન હવે નિર્ણાયક તબક્કામાં પ્રવેશ્યું છે. આર્થિક, સામાજિક, રાજકીય વિકાસ દ્વારા ગામડાંથી માંડીને ઉપર સુધીનો સર્વાંગી વિકાસ સાધવાનો તે પછીનો તબક્કો દેશના વિકાસની મંદ ગતિ જોતાં હજારો, લાખો ગામડાંઓમાં થયેલાં આ સ્વૈચ્છિક-સામૂહિક પુરુષાર્થ અમૂલ્ય છે. આ મહાન કાર્યની સિદ્ધિ માટે સ્વયંસેવકોની વિશાળ જમાત, તેનું સંગઠન, તેનું કાર્યઆયોજન, તેમની તાલીમની વ્યવસ્થા અને તે બધા કરતાં જરાયે ઓછી મહત્વની નહિ તેવી નાણાંની પણ જરૂર છે. આ હેતુથી 'આચાર્ય વિનોબા ભાવે અમૃત મહોત્સવ ગ્રામ સ્વરાજ કોષ' શરૂ થયો છે. એમાં સૌ કોઇ પોતાનો યથાશકિત ફાળો આપીને આ ઉપકારક પ્રવૃત્તિને વેગ આપે!"

ઉપરનું લખાણ તા. ૧-૮-૭૦ના મુંબઇ સમાચારના અગ્રલેખ રૂપે પ્રગટ થયેલું, તેને અહિ સાભાર ઉદ્ધૃત કરવામાં આવે છે અને "ગ્રામસ્વરાજ કોષ" અંગેની આ અપીલમાં અમે અમારો સૂર પુરાવીએ છીએ. માટે સૌ કોઇ પોતાથી શકય ફાળો આપીને આ કોષના લક્ષ્યાંકને પુરો કરવામાં સહભાગી બને એ જ પ્રાર્થના!

તંત્રી

# આપના હૃદયદ્વારે અમારી રજુઆત

પ્રતિવર્ષ પર્યુષણ વ્યાખ્યાનમાળાની જ્ઞાનયાત્રામાં આપને મળતાં અમે આનંદ અનુભવીએ છીએ. છેલ્લાં એકતાલીશ વર્ષથી શ્રી મુંબઇ જૈન યુવક સંઘની ચાલતી વિવિધલક્ષી પ્રવૃત્તિઓથી આપ પરિચિત છો એટલું જ નહિ, આપ એનાં પ્રશંસક પણ છો. એટલે, ફરી એક વર્ષ બાદ મળીએ છીએ ત્યારે આપને આ પ્રવૃત્તિઓનો વિસ્તારથી પરિચય કરાવવાની જરૂર નથી. આમ છતાંય પર્યુષણ પર્વનાં પવિત્ર અને મંગલમય દિવસોમાં આપણે સૌ શાંતિથી ભેગા થઇએ છીએ ત્યારે સંઘની ચાલુ પ્રવૃત્તિઓ અને પ્રવૃત્તિના વિકાસની વાતોમાં આપનો થોડો સમય લઇએ તો અસ્થાને નહિ જ ગણાય.

અમારી નિયમિત ચાલતી પ્રવૃત્તિઓ આ છે:-

(૧) પર્યુષણ વ્યાખ્યાનમાળા
(૨) સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય
(૩) વૈદ્યકીય રાહતકેન્દ્ર
(૪) પાક્ષિક પત્ર – 'પ્રબુદ્ધ જીવન'
(૫) વિશિષ્ટ વ્યકિતઓનાં વાર્તાલાપો
(૬) સ્નેહ–મિલનો અને શૈક્ષણિક પ્રવાસો.

આ પ્રવૃત્તિઓમાં અમે આ વર્ષે હોમીઓપેથિક દવાખાનું પણ શરૂ કર્યું છે. તદુપરાંત આપ સૌના સહકાર અને આશીર્વાદથી સંઘે એક નવું પ્રસ્થાન કર્યું છે અને તે છે નવી જગ્યામાં નવા અદ્યતન કાર્યાલયનું સર્જન, જેમાં અમે "શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહ" નામથી એક હૉલ બનાવ્યો છે અને જેમાં આજે અનેક સંસ્થાઓનાં કાર્યક્રમો યોજાય છે તેમ જ સંઘ આયોજિત વાર્તાલાપો તથા પરિસંવાદો પણ આ હૉલમાં જ થાય છે. વળી નવી વિશાળ જગ્યા એટલે પ્રવૃત્તિના વિકાસની અનેક સંભાવનાઓ પણ આજે ઊભી થઇ છે. દાખલા તરીકે પુસ્તકાલય અને વાચનાલયને અમે એક આદર્શ પુસ્તકાલય અને વાચનાલય બનાવવા માંગીએ છીએ. આમાં 'ગાંધી સાહિત્ય' વિભાગ તો અમે ઊભો કર્યો છે, પરંતુ જૈન ધર્મનાં બધા જ પુસ્તકો વસાવવાનું અમારું સ્વપ્ન છે. પણ આ માટે ય મોટું અર્થસિંચન જોઇએ. તો, આ પ્રવૃત્તિને વિકસાવવામાં આપના વિશેષ સહયોગની અવશ્યકતા છે અને તે માટે પ્રાર્થના છે.

આટલું જ નહિ, આ વિશાળ જગ્યામાં આવતાં અમારો ચાલુ ખર્ચ પણ વધ્યો છે. વળી, અમારે પ્રવૃત્તિઓને વેગ પણ આપવો છે આ માટે વધારે ભંડોળ ભેગું કરવું પડશે અને તેના માટે આપનો સહકાર અનિવાર્ય છે.

તો, અમે આ વર્ષે રૂા. ૨૫,૦૦૦ ભેગા કરવાનું લક્ષ્યાંક રાખ્યું છે. દર વર્ષે અમે ધારેલા લક્ષ્યાંકને લગભગ પહોંચી જઇએ છીએ અને આ વર્ષે પણ આવી જ આશા છે અને આ આશા સાથે જ અમે આપને અપીલ કરીએ છીએ કે આપ બને તેટલી વધુ રકમ અમારી પ્રવૃત્તિઓ માટે આપો અને અમને ઉપકૃત કરો. આપનું મિત્ર વર્તુલ – સગાસ્નેહીનું વર્તુલ પણ વિશાળ છે. આપને અમારી વાત, અમારું કામ અને અમારું સ્વપ્ન–યોગ્ય લાગતા હોય તો આપના મિત્ર વર્તુલમાંથી પણ આપ અમને સારી રકમ મેળવી આપી શકો એમ છો. અમને શ્રદ્ધા છે કે આપ અમારી આ અપીલ ગંભીર રીતે મન પર લેશો અને અમને સારી સહાય મળે એ માટે મદદરૂપ બનશો.

અંતમાં, આપ જો ચેક મોકલો તો Bombay jain Yuvak Sangh–એ નામનો અને વાચનાલય–પુસ્તકાલય માટે મોકલો તો Shri Manilal M. Shah Sarvajanik Vachnalaya & Pustakalaya–એ નામનો મોકલવા વિનંતિ છે. વાચનાલય અને પુસ્તકાલયને અપાતી રકમ આવકવેરામુકત છે, જેનું પ્રમાણપત્ર આપને આપવામાં આવશે. આભાર.

ટોપીવાળા મેન્શન, બીજે માળે, ૩૮૫, સરદાર વી. પી. રોડ, મુંબઇ-૪. ફોન નં. ૩૫૦૨૯૬

ચીમનલાલ જે. શાહ,
સુબોધભાઇ એમ. શાહ,
મંત્રીઓ મુંબઇ જૈન યુવક સંઘ.

# ☆ પર્યુષણ વ્યાખ્યાનમાળા ☆

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી ૧૯૭૦ના ઓગસ્ટની ૨૯ મી તારીખ શનિવારથી સપ્ટેમ્બરની ૬ઠ્ઠી તારીખ રવિવાર સુધી–એમ નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. આ નવે દિવસની વ્યાખ્યાન-સભાઓનું પ્રમુખસ્થાન **પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ચુનીલાલ ઝાલા** શોભાવશે. આ વ્યાખ્યાનમાળાની સભાઓ 'ભારતીય વિદ્યાભવન'માં ભરવામાં આવશે અને દરેક સભા સવારના ૮–૩૦ વાગ્યે શરૂ થશે. આ વ્યાખ્યાનમાળાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે:–

| તારીખ | | | વ્યાખ્યાતા | વ્યાખ્યાનવિષય |
|---|---|---|---|---|
| ઓગસ્ટ | ૨૯ | શનિવાર | શ્રી કિશનસિંહ ચાવડા | સ્વામી કૃષ્ણપ્રેમ : વ્યક્તિ અને વિભૂતિ |
| ,, | ,, | ,, | શ્રી સુરેશ દલાલ | કાવ્યોમાં વ્યક્ત થતી વર્તમાન જીવનની વિષમતા |
| ,, | ૩૦ | રવિવાર | શ્રી દેવેન્દ્ર એન. દીક્ષિત | કળા અને સંસ્કૃતિ |
| ,, | ,, | ,, | ,, મંજુલાબહેન ત્રિવેદી | જ્ઞાનાવતાર શંકર |
| ,, | ૩૧ | સોમવાર | પ્રા. સુસ્મિતાબહેન મેઢ | આપણાં ભક્તિકાવ્યો (સંગીત સાથે) |
| ,, | ,, | ,, | શ્રી પાર્થસારથિ | ભગવદ્‌ગીતા (અંગ્રેજી) |
| સપ્ટેમ્બર | ૧ | મંગળવાર | રેવરન્ડ ફાધર લેસર | A Most Neccssary Virtue (અંગ્રેજી) |
| ,, | ,, | ,, | શ્રી પ્રતિભાબહેન સાહુરાવ મોડક | માનવતાના નવનિર્માણમાં જૈનદર્શનનું યોગદાન |
| ,, | ૨ | બુધવાર | આચાર્ય દાસુભાઇ શુક્લ | સત્વજ્ઞાન વિરૂદ્ધ તત્ત્વજ્ઞાન |
| ,, | ,, | ,, | મુનિશ્રી પૂણ્યવિજયજી | જૈન કર્મસિદ્ધાંત |
| ,, | ૩ | ગુરૂવાર | શ્રી લીનાબહેન મંગળદાસ | ઐક્ય માટેના પ્રયાસો : કેટલાક અનુભવો |
| ,, | ,, | ,, | શ્રી શ્રીદેવી મહેતા | સહજ સમાધિ (ભજનો સાથે) |
| ,, | ૪ | શુક્રવાર | શ્રી રોહિત મહેતા | ત્યક્તેન ભુંજિજથા |
| ,, | ,, | ,, | પ્રિન્સીપાલ રામજોશી | આપણી શૈક્ષણિક સમસ્યા |
| ,, | ૫ | શનિવાર | શ્રી મૃણાલિની દેસાઇ | શ્રી ખલીલ જીબ્રાનનું જીવનદર્શન |
| ,, | ,, | ,, | પ્રા. ઉમાશંકર જોષી | ... ... ... ... |
| ,, | ૬ | રવિવાર | ડૅા. જગદીશચન્દ્ર જૈન | ભગવાન મહાવીર |
| ,, | ,, | ,, | શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ | માનવીજીવનના પ્રેરક બળો |

આ વ્યાખ્યાનસભામાં સમયસર ઉપસ્થિત થવા અને સભા દરમિયાન પૂરી શાન્તિ જાળવવા સુજ્ઞ શ્રોતાઓને વિનંતિ છે.

તા. ૨૯–૮–'૭૦ થી ૬–૯–'૭૦
કાર્યાલય : ૩૮૫, સરદાર વી. પી. રોડ
ટે. નં ૩૫૦૨૯૬ : **મુંબઇ-૪.**

**ચીમનલાલ જેઠાલાલ શાહ**
**સુબોધભાઇ એમ. શાહ**
મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

## શ્રી જૈન યુવક મંડળ–વીલેપારલે દ્વારા યોજાયેલો વ્યાખાનમાળાનો કાર્યક્રમ

| દિવસ | | વકતા | વિષય |
|---|---|---|---|
| ૨૯–૮–૭૦ | શનિવાર | શ્રી કિશનસિંહ ચાવડા | જીવનનો આનંદ |
| ૩૦–૮–૭૦ | રવિવાર | શ્રીયુત ચીમનલાલ ચકુભાઇ શાહ | જૈન ધર્મ અને વર્તમાન જીવન |
| ૩૧–૮–૭૦ | સોમવાર | શ્રી મીનોચેર હોમજી દસ્તુર | વિશ્વધર્મના સિદ્ધાંતો |
| ૧–૯–૭૦ | મંગળવાર | શ્રી હરિ | સંત તુલસીદાસ |
| ૨–૯–૭૦ | બુધવાર | શ્રી રોહિત મહેતા તથા શ્રીમતી શ્રીદેવી મહેતા | નરસિંહ મહેતાનો રહસ્યવાદ (સંગીત સાથે) |
| ૩–૯–૭૦ | ગુરુવાર | શ્રીમતી મૃણાલીની દેસાઇ | |
| ૪–૯–૭૦ | શુક્રવાર | શ્રી કરસનદાસ માણેક | 'સચ્ચિદાનંદની સાધના' |

દરરોજ રાત્રે નવ વાગે સાધનાશ્રમ, સરોજીની રોડ, વિલેપારલે–પશ્ચિમમાં રાખેલ છે. જાણીતા સાક્ષર શ્રી કરસનદાસ માણેક સાતેય દિવસ પ્રમુખસ્થાન શોભાવશે.

માલિક : શ્રી મુંબઇ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૯

મુંબઇ, સપ્ટેમ્બર ૧, ૧૯૭૦, મંગળવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૫૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## 'શું લોકશાહી ખરેખર ભયમાં છે?'

તા. ૧૪-૮-૭૦ શુક્રવારના રોજ, ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રનાં રેસ્ટોરન્ટમાં જૈન સોશિયલ ગ્રુપનું સ્વાતંત્ર્ય-દિનનું સ્નેહભોજન યોજવામાં આવ્યું હતું, જે સમયે અતિથિવિશેષ તરીકે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહને નિમંત્રવામાં આવ્યા હતા અને તેઓએ દેશના રાજકીય વાતાવરણના સંદર્ભમાં - "શું લોકશાહી ખરેખર ભયમાં છે?" એ વિષય ઉપર પોતાના આગવા દષ્ટિકોણથી સુંદર અને મનનીય પ્રવચન આપ્યું હતું અને લગભગ સવા કલાક સુધી—ઉપસ્થિત શ્રોતાગણે એકચિત્તે તેનું રસપાન કર્યું હતું. આ મિલનમાં શ્રીયુત ચીમનભાઇ ઉપરાન્ત નિમંત્રીત વિશિષ્ઠ વ્યકિત-ઓમાં શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડિયા તથા 'જન્મભૂમિ'ના તંત્રી શ્રીયુત મનુભાઇ મહેતા પણ ઉપસ્થિત હતા.

શરૂઆતમાં જૈન સોશિયલ ગ્રુપના મુખ્ય મંત્રી શ્રી ચીમનલાલ જે. શાહે મહેમાનોને આવકાર આપ્યો હતો. ત્યાર બાદ શ્રીયુત ચીમનભાઈએ પોતાનું પ્રવચન શરૂ કર્યું હતું, તેનો ટૂંક છતાં મહત્ત્વનો સાર શ્રી શાન્તિલાલ ટી. શેઠે કરી આપેલા સંકલન પ્રમાણે નીચે મુજબ છે:—

અત્યારે આપણે પાર્લમેન્ટરી લોકશાહીની વાત કરીએ છીએ. જ્યાં સુધી કેન્દ્રસરકાર સામે પાર્લમિન્ટમાં અવિશ્વાસ જાહેર ન થાય, દરેક પ્રક્ષને અને દરેક પ્રજાજનને સંપૂર્ણપણે પોતાના વિચારો રજૂ કરવાની છૂટ હોય અને સરકાર સામે પણ ગમે તેટલી આકરી ટીકાઓ થઇ શકતી હોય, ત્યાં સુધી એ સરકારના કારણે લોકશાહી ભયમાં છે એમ ન કહી શકાય. પરંતુ સત્તાસ્થાને જે આગેવાનો તેમ જ દેશના રાજકીય પક્ષો, ધારાસભ્યો તથા પાર્લમિન્ટના સભ્યોનું વર્તન, અને પ્રજાની વૃત્તિ અને વર્તનને કારણે લોકશાહી માટે ખતરો ઊભો થાય એમ કહી શકાય. અત્યારે દેશને કેટકેટલી ચિન્તાઓ ઘેરી રહી છે તે આપણા ખ્યાલ બહાર ન જવું જોઇએ. ખાસ કરીને પંડિત નહેરુના અવસાન પછી દેશની ચિન્તાઓમાં વધારો થતો રહ્યો છે. પ્રજા સ્વતંત્ર થઇ છે. પણ કોઇનામાં સ્વાતંત્ર્યદિનનો ઉત્સાહ દષ્ટિગોચર થતો નથી. આ માટે આપણે પ્રથમ બેત્રણ વસ્તુ સમજી લેવાની જરૂર છે. લોકશાહી ખરેખર શું છે તે એક વસ્તુ છે પણ અત્યારે આપણે વાત કરીએ છીએ તે પાર્લમિન્ટરી લોકશાહીની વાત છે. આપણા બંધારણે જે સ્વીકારી છે તે લોકશાહી ભયમાં છે કે કેમ તે આપણે વિચારવાનું છે.

આમ તો વિનોબાજી અને જયપ્રકાશજી કહે જ છે કે, પાર્લમિન્ટરી ડેમોક્રેસી જે રીતે ચાલી રહી છે તે સાચી લોકશાહી છે જ નહિ. સાચી લોકશાહી કેવી હોવી જોઇએ તે વિચારીએ તો વિનોબાજીના લોકશકિતના, ગ્રામસ્વરાજ્યના, ભૂદાનના, ગ્રામદાન વિગેરેના વિચારો અને ગાંધીજીની વિકેન્દ્રિત રાજયરચના તથા આર્થિક રચના સાથે ટ્રસ્ટીશીપની ભાવનાની કલ્પના - એથી સાચી લોકશાહી આવે. પાર્લમિન્ટરી લોકશાહીનો બ્રીટનમાં જન્મ થયો અને લોકશાહી પદ્ધતિ સ્વીકારતા દેશોએ તેનું જુદી જુદી રીતે અનુકરણ કર્યું. બંધારણ ઘડતી વખતે કોન્સ્ટીટ્યુયન્ટ એસેમ્બલીમાં હું હતો. ત્યારે આપણા દેશે ક્યું ધોરણ સ્વીકારવું એ વિશે ઘણી ચર્ચા ચાલી હતી અને મોટા ભાગના વિદ્વાન સભ્યોએ આ બ્રિટિશ પાર્લમિન્ટરી લોકશાહીનાં ભયસ્થાનો બતાવીને વિરોધ પણ કર્યો હતો અને અમેરિકામાં છે એવી પ્રેસિડેન્ટ પદ્ધતિની લોક-શાહી સ્વીકારવી જોઇએ એવો આગ્રહ કરેલો, પરંતુ મોટી બહુ-મતીથી આપણે બ્રિટિશ પાર્લમિન્ટરી ડેમોક્રસીને અનુસરવાનો નિર્ણય કર્યો. બીજું આપણે બંધારણની શરૂઆતથી જ પુખ્તવય મતાધિકારનો સ્વીકાર કર્યો, જ્યારે બ્રિટને કેટલી યે સદીઓ બાદ ઠેઠ ૧૯૧૯ માં તેનો સ્વીકાર કરેલો. આના અનુસંધાનમાં ઘણા સભ્યોએ ભય સેવેલો કે આપણી મોટા ભાગની અભણ અને અજ્ઞાન પ્રજાને આવો પુખ્તવય મતાધિકાર આપવાથી ડેમોક્રસીમાં જબરદસ્ત ખતરો ભવિષ્યમાં ઊભો થશે. આનું પરિણામ સારૂં નહિ આવે. ખૂબ વિચાર પછી, સમજણપૂર્વક આપણે આ જોખમ લીધું છે.

૧૯૪૭થી ૧૯૬૭ સુધીનાં વર્ષોમાં કૉંગ્રેસ કેન્દ્રમાં અને લગભગ બધા રાજ્યોમાં સત્તા પર રહી ત્યાં સુધી એકંદરે સ્થિરતા હતી. ૧૯૬૭ ની ચૂંટણી અને તે પછી પરિસ્થિતિમાં ગંભીર પલટો આવ્યો. મહાત્મા ગાંધી, સરદાર પટેલ અને પંડિત નહેરૂ જેવા યુગપુરુષોની વિદાય પછી ક્રમશ: કૉંગ્રેસમાં મતભેદો અને વૈયકિતક સંઘર્ષો વધતા રહ્યા. એ પહેલા એ ભારેલા અગ્નિની માફક પોષાતા હતા, છતાં દબાઇ રહેતા હતા. ત્યાર બાદ જૂની કૉંગ્રેસની એ. આઇ. સી. સી. ની બેઠક થોડા મહીના પહેલા થઇ ત્યારે પોકાર શરૂ થયો કે લોકશાહી ભયમાં છે, દેશ ખતરામાં છે—તેને બચાવો. દેશને બચાવવા માટે લોકશાહીબળો અને સરખી વિચારસરણી ધરાવતા પક્ષોએ એકત્રિત થવું જોઇએ. જૂની કૉંગ્રેસે આ પોકાર ઉઠાવ્યો છે તેનાં બે કારણો આપવામાં આવે છે:—

(૧) તેઓ કહે છે કે ઇન્દિરા ગાંધીએ સર્વ સત્તા હસ્તગત કરી છે અને એ રીતરસમથી તેઓ સરમુખત્યાર બનવા પ્રયત્ન-શીલ છે. પ્રધાનમંડળની નવી રચનામાં સત્તાનાં બધાં સૂત્રો ઇન્દિરા ગાંધીએ પોતાના હાથમાં એકત્ર કર્યા છે અને નવી રચનામાં જેને nerve—centres કહેવાય તે પોતાના હાથમાં રાખ્યાં છે.

(૨) તેમને ટેકો આપવાવાળા પક્ષો સામ્યવાદી વિચારસરણી ધરાવતાં બળો છે અને તેના ટેકા ઉપર તે નભે છે. પાર્લમિન્ટમાં તેમના પક્ષની ખરેખર બહુમતી નથી, સામ્યવાદી વિચારસરણી ધરાવતા પક્ષોના ટેકાથી જ આ સરકાર ટકી રહી છે. આ ઉપરાંત આ સરકાર રશિયાના વર્ચસ્ નીચે છે અને સામ્યવાદ તરફ ધકકેલાઇ રહી છે. કેટલાક કહે છે કે ઇન્દિરા ગાંધી પોતે જ સામ્યવાદી છે.

ઉપરના વિધાનોના અનુસંધાનમાં એમ કહેવાનું પ્રાપ્ત થાય છે કે પોતાના મંત્રીમંડળમાં ફેરફારો કરવા તે વડા પ્રધાનની સ્વતંત્ર

સત્તાની વાત છે. તેના હકકથી તે તેમ કરી શકે છે. બ્રિટનના વડાપ્રધાન વિલ્સને તેમ ઘણી વાર કર્યું છે, નહેરુએ પણ તેમ કરેલ છે અને આવા ફેરફારો કરવામાં આવ્યા છે ત્યારે ઈંગ્લેન્ડમાં પણ એમ કહેવામાં આવેલ છે કે, વડાપ્રધાન સર્વસત્તાધીશ થઈ ગયા છે. અમેરિકન પ્રેસિડન્ટ આથી પણ વધારે સત્તા ભોગવે છે, પણ તેથી તે સરમુખત્યાર નથી.

આપણે ત્યાં અથવા ગમે તે લોકશાહી રાષ્ટ્રમાં જ્યાં પાર્લામેન્ટો જે રીતે ચાલતી હોય છે તેમાં પ્રાઈમમિનિસ્ટર મહત્વની વ્યકિત હોય છે. તેથી ઉપર જણાવેલ કારણસર ઈન્દિરા ગાંધીના પગલાના કારણે લોકશાહી ભયમાં છે એમ હું માનતો નથી, જ્યાં સુધી પાર્લામેન્ટમાં તેની તરફેણમાં બહુમતિ છે. એમ તો જવાહરલાલ નહેરુ ઈન્દિરા કરતા ઘણા વધારે ડિકટેટર હતા તે વાત હવે ઘણા પ્રધાનો કહેતા સાંભળવામાં આવે છે અને તેઓ એમ પણ કહે છે કે, ત્યારે તેમની હાજરીમાં આ વાત કરી શકવાની હિમ્મત તેઓ નહોતા કરી શકતા. હા, ઈન્દિરા ગાંધીના વિચારો ઉદ્દામવાદી છે અને કૅાંગ્રેસમાં ભંગાણ પડયું તે પણ આ કારણે જ પડયું છે. સામ્યવાદી પક્ષ તેને ટેકો આપે છે માટે તે સામ્યવાદી છે એમ કહેવું તે પણ યથાર્થ નથી. ડી. એમ. કે, અકાલી દળ વિ. બધા જ પક્ષો તેમને ટેકો આપે છે, પણ તે સૌ પોતપોતાના સ્વાર્થ માટે જ ટેકો આપતા હોય છે.

એમ તો કામરાજે પણ કહ્યું છે કે ઈન્દિરાને હઠાવવા માટે સામ્યવાદીઓનો પણ ટેકો લેવો જોઈએ. મોરારજીભાઈએ જનસંઘનો ટેકો લેવાની વાત કરી છે, અને આ બે આગેવાનો બીજા પક્ષનો ટેકો લેવાની વાત કરે છે એ કારણે જ એમ ન કહી શકાય કે તેમણે કૅાંગ્રેસની નીતિને ત્યજી દીધી છે.

આમ તો ભારતનો સામ્યવાદી પક્ષ પણ કેટલો વહેંચાયેલો છે, કોઈ પણ દેશમાં નથી એટલો આ પક્ષ ભારતમાં છિન્નભિન્ન બની ગયો છે.

આ પક્ષમાં પણ માત્ર સી. પી. આઈ જ ઈન્દિરાગાંધીને ટેકો આપે છે. અને ઈન્દિરાગાંધી અત્યારના રાજકારણને અનુલક્ષીને તેનો ટેકો સ્વીકારે છે. આ કારણ સામે ધરીને કહેવું કે લોકશાહી ભયમાં છે તો તે કારણ વજુદવાળું ન ગણાય.

અત્યારે વર્તમાનપત્રો પૂર્ણ સ્વતંત્રતા ભોગવે છે. સામ્યવાદી દેશોમાં આમ નથી બની શકતું. સરકારની ગમે તેવી ટીકા અને તે પણ ઈર્ષ્યાભાવે કરવી હોય તો તે પણ કરવાની બધાને સ્વતંત્રતા છે. ભારતભરના બધા જ પક્ષોમાંથી હજુ કોઈ પણ પક્ષને તેમણે ગેરકાયદેસર નથી ઠરાવ્યો. પ્રીવેન્ટિવ ડીન્ટેન્શન એકટ પણ કાઢી નાખવામાં આવ્યો છે. મતદાર ભયથી મત આપે છે એમ પણ કોઈ કહી નહિ શકે. ભારતમાં અત્યારે પણ મતદાર પૂરો સ્વતંત્ર છે. ગઈ ચૂંટણીમાં મતદારે તેનો પરચો બતાવી આપ્યો છે અને હવે પછીની ચૂંટણીમાં પણ તે ભારે મોટા પ્રમાણમાં જોવા મળશે.

૧૯૬૨ સુધી કૅાંગ્રેસ જ મુખ્ય પક્ષ હતો. એટલે મતદારને પૂરું સ્વાતંત્ર્ય નહોતું એમ કહી શકાય, ઊલ્ટું અત્યારે તો મતદાર સ્વતંત્ર છે. વાણીસ્વાતંત્ર્ય ઉપર તરાપ પડે, રાજકીય પક્ષો રચવાની સ્વતંત્રતા લઈ લેવાય ત્યારે કહી શકાય કે લોકશાહી ભયમાં છે. અત્યારે એવું કાંઈ છે નહિ.

પણ બીજી રીતે લોકશાહી ખરેખર ભયમાં છે અને તેનાં કેટલાંક કારણો આપણે તપાસીએ.

અત્યારની ચૂંટણી એટલી ખર્ચાળ થઈ ગઈ છે કે જેની પાસે ખૂબ નાણું ખર્ચવાની છૂટ હોય તે જ ઉમેદવારી કરી શકવાની હિમ્મત કરી શકે છે અને ચૂંટણી લડી શકે છે. જેની પાસે નાણાંની મોટા પ્રમાણમાં વ્યવસ્થા નથી તેવો લાયક ઉમેદવાર પણ પ્રજાના પ્રતિનિધિ તરીકે ઊભો રહી શકતો નથી. એવી અનુકૂળતા તેના માટે રહી નથી અથવા તો જે હતી તે ઓછી થતી જાય છે. ચૂંટણી અમાપપણે ખર્ચાળ થતી જાય છે. વળી તેમાં કાયદા પ્રમાણેનો ખર્ચ કરી શકાય એવા નિયમો કોઈ પાળતા જ નથી. જો કોઈ ખર્ચ અંગેના નિયમોને વળગીરહીને ચૂંટણી લડે તો તે ચૂંટાઈ પણ શકે નહિ. આથી રાજકીય પક્ષોએ યેનકેનપ્રકારેણ મોટા ભંડોળો ચૂંટણીના અનુસંધાનમાં એકઠાં કરવા પડે છે. એ કારણે પાર્લામેન્ટરી લોકશાહી ભયમાં છે એમ કહી શકાય. સાચી લોકશાહીમાં તો જનતા સેવકોને બોલાવીને ખડા કરે અને કહે કે 'આ અમારો પ્રતિનિધિ છે અને તેને અમારે ચૂંટવો છે.'

બીજો ભય: રાજકારણમાં ભ્રષ્ટાચાર વધ્યો છે તે અતિ ભયંકર છે. અને આ ફકત ઈન્દિરાગાંધીએ વધાર્યો છે એમ નથી. કોઈ રાજકીય પક્ષ કે તેના નેતા એનાથી મુકત નથી. આ લોકશાહીનો ખરો ભય છે. આ ભય વધતો જાય છે. રાજકીય ક્ષેત્રમાં પડેલા આગેવાનો અને પક્ષોનું કલ્પનાતીત અધ:પતન થયું છે. 'પાટલીબદલુઓ' જેને "આયા - રામ ગયા - રામ" ના શબ્દપ્રયોગથી ઓળખવામાં આવે છે - આ પ્રક્રિયા પણ ભયંકર અને શરમ રૂપ છે. આને બધા જ પક્ષો ઉત્તેજન આપે છે. આ પ્રક્રિયાનો વિકાસ ભારે ચિન્તાનો વિષય છે એમ બધા જ સ્પષ્ટપણે સમજતા હોવા છતાં તેને કોઈ અટકાવી શકતા નથી.

ઉત્તર પ્રદેશના ચરણસિહની વાત લ્યો. તે પોતાની મરજી પ્રમાણે બધાને નચાવી શકે છે—ધમકીઓ ઉચ્ચારી શકે છે.

ત્રીજો ભય: આજે ત્રેવીશ વર્ષ પછી પણ, જે કારણે, જેને માટે, આપણે આઝાદી પ્રાપ્ત કરી તેમાં બહુ ઓછી પ્રગતિ કરી છે. ગરીબી, બેરોજગારી, ફુગાવો અને દેશ ઉપર દેણાના ડુંગરનો ભાર—આ બધું વધતું જ રહ્યું છે. પ્રથમ તો આ પ્રશ્નોને હલ કરવા જોઈએ. પણ તેમ કરવાને માટે કોઈ પણ શકિતશાળી નથી. ૨૨ વર્ષ સુધીની જૂની સરકારે પણ શું કર્યું? આવાં કારણોને લીધે આજે પ્રજાનો રોષ ઉગ્રપણે ફેલાયો છે. કારણ કે જે પ્રથમ કરવું જોઈતું હતું તે કરવામાં આપણે નિષ્ફળ પુરવાર થયા છીએ. કાંઈ નથી થયું તેમ નથી. મોટી મોટી યોજનાઓ—કારખાનાઓનો વિકાસ - વગેરે સારા પ્રમાણમાં થયો છે, પણ તેમાં વેગ અને વ્યાપકતા નથી આવી. જે થયું છે તે કીડી વેગે થયું છે. અસમાનતા ઓછી થઈ નથી—બલ્કે વધી છે. તવંગર વધારે તવંગર થયા છે. ગરીબ વધારે ગરીબ થયા છે. મધ્યમ વર્ગ ઘસાતો જાય છે. આથી હિંસાનું વાતાવરણ દિવસાનુંદિવસ વધતું રહ્યું છે. દરેક ક્ષેત્રે પ્રજાના આખા માનસમાં ઉત્તેજના વધી રહી છે, અને તેથી નાનામાં નાના ક્ષુલ્લક કારણસર પણ મોટાં તોફાનો ફાટી નીકળતાં વાર લાગતી નથી. ખરી રીતે આગેવાનોએ અને પ્રજાએ શિસ્ત કેળવવી જોઈએ અને લોકશાહી અને ટોળાશાહી વચ્ચેનો ભેદ સમજતા થવું જોઈએ. પ્રજામાં સમજણપૂર્વકની શિસ્ત હોવી જોઈએ. સાચી નિડર આગેવાની વિના લોકશાહી ટકે નહિ તો ફાલેફૂલે તો કયાંથી? આગેવાન પ્રજાનો સંપૂર્ણ વિશ્વાસ ધરાવતો હોવો જોઈએ. રેતીમાં સિમેન્ટ ભેળવીએ ત્યારે સિમેન્ટ—કૅાંક્રિટ તૈયાર થાય છે અને પૂરી મજબૂતાઈ ધારણ કરે છે. આગેવાન સિમેન્ટની જગ્યાએ છે. જો સિમેન્ટ ન હોય તો રેતીનાં કણ કણ છૂટા થઈ જવાનાં છે. અત્યારના નેતાઓ બધા જ માટીપગા છે. જેના પ્રત્યે પ્રજાને આદર, વિશ્વાસ, માન હોય એવો એકેય નેતા જોવા મળતો નથી. અને પ્રજાનો પણ એટલો જ દોષ છે. પ્રજા તરીકેનું ચારિત્ર્ય આપણામાં રહ્યું નથી.

ઈંગ્લેન્ડનો દાખલો જોઈએ તો ત્યાં આજે પણ પ્રજાજાગૃતિ એટલી જ ટકી રહેલી છે. એ પ્રજામાં શિસ્ત છે. ત્યાં આપણી માફક પક્ષફેડુઓનાં ભાગ્યે જ દર્શન થશે. ત્યાં મોટે ભાગે મતદાર

પોતાના પક્ષના ઉમેદવારને મત આપે છે. પાંચ ટકા આમ તેમ ફેર થાય એટલું જ. આ લોકશાહી ઘડાયેલી કહેવાય.

આપણે ત્યાં પચાસ—સાઠ પક્ષો છે. જે ફ્રાન્સની પરિસ્થિતિ હતી અને એક વખત જે જર્મનીની પરિસ્થિતિ હતી, આજે ઈટાલીની છે – તે તરફ આપણે જઈ રહ્યા છીએ. પ્રજામાં અને નેતાઓમાં ચારિત્ર નથી એ કારણે લોકશાહી ભયમાં છે. આજે માત્ર આપણા સ્વાર્થમાં જ આપણે રચ્યાપચ્યા રહીએ છીએ. દેશ માટે ભોગ આપવા કોઈ જ તૈયાર નથી. સ્વાર્થની પણ મર્યાદા અને હદ હોવી જોઈએ. આપણામાં પૈસા અને સત્તા માટે અમર્યાદ ઘેલછા છે. આપણામાં વર્ગવાદ, પ્રાન્તવાદ અને કોમવાદનું ઝેર પણ મોટા પ્રમાણમાં પ્રસરી રહ્યું છે. ઓરિસ્સામાં લોખંડનું કારખાનું નાંખવાનો નિર્ણય કેન્દ્ર સરકાર ન કરે તો એના વિરોધમાં આખું ઓરિસ્સા બંધ થાય. માઈસોર—મહારાષ્ટ્રના સીમા પ્રશ્નનો ઝઘડો ન પતે તો આખું મહારાષ્ટ્ર બંધ રહે. આ બધાંનાં મૂળ ઊંડા ઊતરતા જાય છે. આપણે ત્યાં જ્ઞાતિઓ—પેટા જ્ઞાતિઓ આ બધું લોહીમાં જ ભરેલું છે. આપણે બેમાંથી ચાર થવા તૈયાર થઈશું, પણ બેના એક થવામાં માનતા નથી. આ બધા પછી એમ કહેવામાં આવે છે કે આપણે ત્યાં તો ડિક્ટેટરશીપ જોઈએ. આમ કહેવાવાળા કોઈ એ વાત સમજતા નથી, કે ડિક્ટેટરશીપથી કોઈ પ્રજા સુખી થતી નથી.

આપણા દેશમાં સાંસ્કૃતિક એકતા છેલ્લા પાંચ હજાર વર્ષથી છે, પણ રાજકીય એકતા—One Nation—એ ભાવ હજી અંતરમાં ઊતર્યો નથી. એના જન્મ માટે જે કારણભૂત હતા તે નેતાઓ ગાંધીજી—નહેરુ—સરદાર—તેમના પ્રત્યે પ્રજાને પૂરો આદર હતો, તેમના ભોગ—ત્યાગ વિષે પ્રજાને સંતોષ હતો અને તેઓ દીર્ઘદષ્ટા અને શકિતશાળી પુરુષો હતા.

અત્યારના આપણા માનસની વાત કયાં કરવી? ગાંધીજી અને વિનોબાજી જેવાને છાપાવાળાઓ પણ સાવ ભૂલી ગયા છે.

કેટલાક એમ કહે છે કે અમેરિકન પદ્ધતિની પ્રેસિડેન્શિયલ પદ્ધત્તિ વધારે અનુકૂળ થશે. પરંતુ અન્ય બંધારણ ગમે તે જાતનું હોય, પ્રજામાં શિસ્ત અને રાષ્ટ્રની વફાદારીની ભાવના ન હોય તો તે સફળ ન થાય.

જ્યાં દરેક માણસની પૂરી કિંમત અંકાય, જ્યાં અસમાનતાને ગૌણ સ્થાન હોય ત્યાં જ સાચી લોકશાહી અમલમાં આવે.

લોકશાહી ભયમાં છે એનું એક કારણ શ્રી રાજગોપાલાચારી (રાજાજી) એ આપે છે કે આ લાયસન્સ—ક્વોટા રાજ્ય છે, અને સરકાર સર્વસત્તાધીશ થઈ ગઈ છે. રાજાજી મોટા માણસ છે એમને આપણાથી શું કહી શકાય? બાકી દરેક માણસ સમજણપૂર્વક સમાજનું હિત શેમાં છે એ લક્ષ્યમાં રાખીને વર્તે, દરેક વ્યક્તિને પોતાની સમાન ગણે. ન્યાય, સ્વતંત્રતા, સમાનતા અને મૈત્રી કેળવે જ્યાં અંકુશોની જરૂર બહુ ઓછી રહે, જ્યાં ઓછામાં ઓછું શાસન હોય અને ઓછામાં ઓછા નિયંત્રણો હોય તે સાચી લોકશાહી સરકાર ગણાય. પણ આ બધામાં જનતાનો પૂરો સહકાર જોઈએ. આજે પરિસ્થિતિ સાવ ઊલટી દિશાની છે. કાયદાઓ વધતા જ જાય છે. તેમાંથી કેમ છટકવું તેના રસ્તાઓ શોધાય છે અને એ કારણે વળી કાયદાઓ વધે છે—અત્યારે આખી દુનિયામાં રાજસત્તા વધતી જાય છે. હું તો એમ માનું છું કે સાચી સમાનતા લાવવી હોય તો વ્યક્તિની સ્વતંત્રતા ઉપર અંકુશ અનિવાર્ય છે. સમાનતા લાવવી હોય તો સ્વેચ્છાએ ત્યાગ શીખવો જોઈએ. જેમકે ગાંધીજીની ટ્રસ્ટીશીપની ભાવનાનો સિદ્ધાંત. બાકી અંકુશો હશે ત્યાં ભ્રષ્ટાચાર આવવાનો છે જ. પ્રજા પુરુષાર્થ નહિ કરે ત્યાં સુધી આનો કોઈ ઉપાય નથી.

આ પ્રવચન પૂરું થયા બાદ ગ્રૂપના બીજા મંત્રી શ્રી ચીમનભાઈ ગોસળિયાએ શ્રીયુત ચીમનલાલ ચકુભાઈ શાહનો સંસ્થાવતી આભાર માન્યો હતો.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

# એક ચર્ચાપત્ર

(તા. ૧-૮-'૭૦ના 'પ્રબુદ્ધ જીવન'માં આનો કોઈ જવાબ ખરો?' એ મથાળા નીચે બહેન ગીતા પરીખની એક ટૂંકી નોંધ પ્રગટ થઈ હતી તેના અનુસંધાનમાં શ્રી નિહારિકાબહેન તરફથી મળેલ ચર્ચાપત્ર નીચે પ્રસિદ્ધ કરવામાં આવે છે. **તંત્રી**)

**મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,** મુંબઈ તા. ૧૧-૮-૭૦

મને લખવાનો મહાવરો નથી એટલે લખીને બહુ સારી રીતે કહી શકતી નથી, છતાં સંકોચ સાથે લખું છું.

૧ લી ઓગસ્ટના 'પ્રબુદ્ધ જીવન'માં શ્રી ગીતાબહેન પરીખે અમદાવાદની કૉલેજના વિદ્યાર્થીઓ વિષે લખ્યું છે, મને લાગે છે કે આમાં વિદ્યાર્થી કરતાં આપણાં દેશનું સુકાન સંભાળી રહેલાં મહાનુભાવો વધુ દોષિત છે. વસતિ વધારાથી અકળાઈને, તેને રોકવાના પ્રચારમાં કોઈ પણ પ્રકાર વિવેકનો રાખ્યા વિના આંધળુકિયો પ્રચાર થઈ રહ્યો છે, તે વિદ્યાર્થીની હલકી મનોદશા માટે વધુ જવાબદાર છે.

ભારતીય સંસ્કૃતિનો સર્વનાશ કરવા બેઠાં હોય તેમ ગલીએ ગલીએ કુટુંબનિયોજનના પાટિયાં જોવા મળે છે. હાથમાં કોઈ પણ દૈનિક, અઠવાડિક, માસિક કે ખાસ અંક લઈએ તો પ્રથમ ધ્યાન ખેંચાય તેમ 'નિરોધ'ની જાહેરખબર જોવા મળે છે. ટેલિફોન ડીરેકટરીના પૂંઠા પર પણ તે જ જાહેરાત. સિનેમા શોમાં અને રેડિયો પર હંમેશ બે ત્રણ વખત 'નિરોધ'ની જાહેરખબર સાંભળવી રહે. તે પણ મોભમ નહિ! સ્પષ્ટતા કરે કે "નિરોધ" પુરુષે વાપરવાનું સાધન છે.' ઘરમાં મા-બાપ કે વડીલોને દીકરા-દીકરી સાથે બેસી છાપું જોવાનું કે રેડિયો સાંભળવાનું સહેજે સંકોચભર્યું લાગે. નાના અણસમજુ બાળકો જિજ્ઞાસાથી 'નિરોધ' શું છે તેવો પ્રશ્ન કરે છે. થોડાં મોટા ને અધકચરી સમજણવાળા ખંધુ હસે છે.

પુખ્ત ઉંમરના માટે ખાસ સિનેમા શોમાં કે પ્રદર્શનમાં સંતતિનિયમન વિષે સમજાવાય તે યોગ્ય કહેવાય, પણ રોજિંદી વસ્તુની જેમ સંતતિનિયમનના સાધનોની આ રીતે ખુલ્લેઆમ જાહેરાત કરવાનું, કેટલે અંશે ઉચિત ગણાય? કુટુંબનિયમન માટે સંયમ પણ અગત્યનું અને શિષ્ટ સાધન છે. તે તરફ આજના યુવાન માનસનું લક્ષ્ય પહોંચે એ પ્રકારનો પ્રચાર, સરકારી કે સામાજિક રાહે થતો નથી. હવે તો ગર્ભપાતને પણ કાયદેસર બનાવવાનાં ચક્રો ગતિમાન થતાં જાય છે ને આ રીતે સંસ્કૃતિની સાથે તંદુરસ્તીનો પણ નાશ કરવાનું નક્કી કર્યું હોય તેમ લાગે છે.

આજનું યુવાન માનસ જવાબદારી વિના મેળવાય તેટલો આનંદ મેળવવા ઇચ્છે છે. સંતતિનિયમનનાં સાધનોનો બહોળો પ્રચાર અને રોકટોક વિના મેળવવાની સુગમતાથી આપણી કુટુંબવ્યવસ્થા વેરવિખેર થઈ જશે. આજે જીવનનાં દરેક ક્ષેત્રે સ્ત્રી—પુરુષ સાથે કામ કરે છે. બન્નેને એકબીજાનાં સંપર્કમાં આવવાના અનેક પ્રસંગો રોજ મળે છે. એકાંત પણ મળે છે. વિજાતિય આકર્ષણ ટાળવાનું સરળ નથી. આજ સુધી સમાજ, ધર્મ અને વધુ અંશે તેમાંથી આવતી જવાબદારીનો ભય, તેમને જાતિય સંબંધથી દૂર રાખવામાં સફળ થતો હતો. પરંતુ સંતતિનિયમનના સાધનો છૂટથી ને સહેલાઈથી દરેક સ્થળે મેળવી શકવાની સગવડ, અને તેનાં બહોળા પ્રચારે, કેન્ટિનમાં જઈ નાસ્તો કરવા જેટલી સરળ અને સહજ જાતિય ભૂખ સંતોષવાની સગવડ કરી દીધી છે. આજે તેમાં ક્યાંય 'ખાનગી' 'ગંભીર' કે 'સંકોચ' જેવું કોઈને લાગતું દેખાતું નથી.

આવી વિનાશકારી કુટુંબનિયમનની ઝુંબેશ રોકવા કોઈ આગળ નહિ આવે, તો આપણી લગ્ન—પ્રથા સાવ પડીભાંગશે. કુટુંબની પવિત્ર ભાવનાનો સમુળગો નાશ થઈ જશે. કોણ સામા વ્હેણમાં તરવાની હામ ભીડશે?

**નિહારિકા**

# ગુજરાતના દુષ્કાળગ્રસ્ત વિભાગોને રાહત પહોંચાડવાની દિશાએ: શેઠ અરવિંદભાઈ મફતલાલનો ભગીરથ પ્રયાસ

(તા. ૮-૮-૧૯૭૦ ના 'જૈન'માંથી સાભાર ઉધ્ધૃત)

સંસાર સુખી અને ઊજળો બને છે, નિ:સ્વાર્થ સેવાકાર્યોથી. સો વાર બોલ બોલ કરવાનું મૂલ્ય એક જ વાર કામ કરી બતાવવાના મહિમા આગળ કશું જ નથી. કામના પીઠબળ વગરનાં બોલેલાં વેણ રેતીના લાડુની જેમ વેરાઈ જાય છે. બોલનો સાચો તોલ એમાંથી કર્તવ્યપરાયણતાનું સત્ત્વ કેટલું પ્રગટે છે, એના આધારે જ થાય છે, બાકી તો કેવળ હવામાં બાચકા સમજવા.

ગુજરાત-મહારાષ્ટ્રના મોટા ઉદ્યોગપતિ અને ભારતના મહાન દાનધર્મવીર શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલની દુષ્કાળ-સંકટ-નિવારણની સેવાઓ, એ આવી મૂંગી અને નિષ્ઠાભરી કર્તવ્યપરાયણતાનું જ સુપરિણામ છે. એમની આવી નિર્ભેળ સેવાઓએ આપણા દેશની દીન-સાધનહીન-ગરીબ માનવજાત ઉપર કેટલો બધો ઉપકાર કર્યો છે! એમની આ સેવાઓ આટલા વ્યાપક પ્રમાણમાં અને સમયસર દેશને ન મળી હોત તો દુષ્કાળના કારમા પંજામાં સપડાયેલ પ્રદેશોની ગરીબ જનતાની અને પશુસંપત્તિની કેવી ખાનાખરાબી થવા પામત એની કલ્પના જ રૂંવાડાં ખડાં કરી દે એવી છે. એમ કહેવું જોઈએ કે પોતાની આવી ઉદાર સેવાપરાયણતાને લીધે શેઠ શ્રી અરવિંદભાઈએ આપણને હજારો માનવીઓ અને પશુઓના વિનાશના મોટા કલંકમાંથી ઉગારી લીધા છે.

બે વરસથી ગુજરાત રાજ્યના ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ, એ ત્રણે વિભાગો દુષ્કાળના મહાસંકટમાં સપડાયા હતા. બનાસકાંઠા, કચ્છ અને ઝાલાવાડની કામધંધા વગરની ગરીબ જનતા અને ત્યાંનાં ઢોરો માટે હસ્તિ-નાસ્તિનો જ મોટો સવાલ ઊભો થયો હતો. આમ તો આ અસાધારણ મુસીબતનો સામનો કરવા માટે ગુજરાત રાજ્યની સરકારે પણ વેળાસર સારી જાગૃતિ બતાવી હતી અને સરકારના આ પ્રયત્નો આ સંકટને પાર કરવામાં સારા પ્રમાણમાં ઉપયોગી પણ નીવડયા હતા. ગુજરાત સરકારની અને ખાસ કરીને ગુજરાત રાજ્યના મહેસૂલખાતાના પ્રધાન શ્રી પ્રેમજીભાઈ ઠક્કરની દુષ્કાળ રાહત માટેની આ કાર્યવાહી ધન્યવાદ અને પ્રશંસાને પાત્ર છે, એમાં શક નથી.

આમ છતાં આપણા દેશના સરકારી કારોબારમાં જે ખરાબી ઘર કરી બેઠી છે, તેને લીધે દુષ્કાળ-સંકટનિવારણના કે રાષ્ટ્રનવ-નિર્માણના ગમે તે કાર્યમાં લગાવેલાં સમય, શકિત અને ધન અરધાં પણ ભાગ્યે જ ઊગી નીકળે છે. પરિણામે આવાં કામોમાં લાખો-કરોડો રૂપિયા ખરચાવા છતાં એના બદલામાં લોકોને સાચી રાહત કેટલી મળે છે, અને કેટલું નાણું ચવાઈ-ખવાઈ વેડફાઈ જાય છે, એના દેશહિતચિન્તકની ઊંઘ ઉડાડી મૂકે એવા બોલતા દાખલા ગયા વર્ષે બનાસકાંઠામાં ચાલેલાં સરકારી રાહત કામો પ્રસંગે જાણવા મળ્યા હતા!

સરકારી તંત્રનો આવો કડવો અનુભવ ધ્યાનમાં રાખીને શ્રી અરવિંદભાઈએ પોતાના હસ્તકનાં દુષ્કાળ રાહત કામો માટે સરકારી તંત્રથી સાવ સ્વતંત્ર એવું વ્યવસ્થાતંત્ર ઊભું કર્યું હતું; અને એમાં એક બાજુ કાર્યક્ષમતા અને પ્રમાણિકતા સચવાય તેમ જ બીજી બાજુ સરકારની દખલગીરીથી સર્વથા મુકત એવાં સરકારી સહાય અને સહકારનો પૂરેપૂરો ઉપયોગ કરી શકાય, એવી તકેદારી રાખી હતી. આવી કાર્યવ્યવસ્થા ઊભી કરવામાં શ્રી અરવિંદભાઈએ જે કુશાગ્રબુદ્ધિ, દુરંદેશી અને ધ્યેયનિષ્ઠા દાખવી છે, એ સૌ કોઈને માટે દાખલારૂપ બની રહે એવી છે. ગુજરાત સરકારે પણ શ્રી અરવિંદભાઈ હસ્તકનાં રાહત કામોમાં પોતાનો અવાજ રાખવાનો આગ્રહ ન રાખતાં ખેલદિલી અને ઉદારતાપૂર્વક જે સહાય અને સહકાર આપ્યાં, તે માટે એને પણ ધન્યવાદ ઘટે છે. એના ઉપરથી એટલું તો સાબિત થાય જ છે કે ગુજરાત સરકારની ઈચ્છા પણ લોકોને સાચી રાહત મળે એવી હતી; અને એ માટે એ શકય પ્રયત્ન કરવામાં કયારેય પાછી નથી રહેતી.

શેઠશ્રી અરવિંદભાઈના હસ્તકના દુષ્કાળ રાહત કામોની સૌથી મોટી કે અસાધારણ કહી શકાય એવી વિશેષતા એ હતી કે એમાં રોજી મેળવવા માટે શરીરશ્રમ કરનાર પ્રત્યેક વ્યકિતની શારીરિક શકિત ટકી રહે એની પૂરી તકેદારી રાખવામાં આવી હતી; અને એ માટે દરરોજ આવી પ્રત્યેક વ્યકિતને શરીરપોષક અને શકિતવર્ધક સુખડી એકસો ગ્રામ જેટલી નિયમિત મળતી રહે એવી વ્યવસ્થા ગુજરાતના બધા દુષ્કાળગ્રસ્ત વિસ્તારો માટે કરવામાં આવી હતી; સાથે સાથે બાજરી કે એવું પોષક અનાજ મળતું રહે એવી ગોઠવણ કરવાનું પણ તેઓ ચૂકયા ન હતા.

રોજ હજારો મણ સુખડી તૈયાર કરવી, અને રાજમાર્ગોથી દૂર દૂર અગોચર પ્રદેશમાં વસેલાં હજારો ગામડાંમાં વસેલા લાખો ગામડાવાસીઓને નિયમિત પહોંચતી કરવી, એ કામ કેટલું જંગી અને જટિલ છે, એનો સાચો ખ્યાલ તો જેઓ એ કામ સાથે પ્રત્યક્ષ રીતે જોડાયેલા હોય એમને જ આવી શકે. એમ છતાં એકલા કચ્છમાં સુખડી વહેંચણીનું કામ કેટલા મોટા પાયા ઉપર ગોઠવવું પડયું હતું એનો ખ્યાલ "ધી ટાઈમ્સ ઑફ ઈન્ડિયા" દૈનિકના તા. ૧-૮-૭૦ના અંકમાં આપેલી કેટલીક વિગતો ઉપરથી પણ આવી શકે છે.

આ વિગતો મુજબ એકલા કચ્છમાં જ ૧૦૫૩ ગામડાંઓને સુખડી અને બાજરો પહોંચાડવામાં આવતાં હતાં. રોજ ૮૦ ટન જેટલી સુખડી બનાવવામાં આવતી હતી; અને ૪૨ જીપગાડીઓ અને ૪ મોટર ટ્રકોના મોટા વાહન કાફલા દ્વારા એની વહેંચણી કરવામાં આવતી હતી. આ રીતે રોજ નવ લાખ ઉપરાંત માણસોને સુખડીનો લાભ મળતો હતો. આ કામ વ્યવસ્થિત રીતે ચાલતું રહે એ માટે પાંચસો જેટલી તો સ્થાનિક કમિટીઓ રચવામાં આવી હતી.

એમ કહેવું જોઈએ કે આ કાર્યને સફળ બનાવવામાં જેમ જંગી આર્થિક સહાયની જરૂર હતી તેમ નિ:સ્વાર્થ અને સેવાપ્રેમી કાર્યકરોના વિશાળ એકરાગી જૂથની પણ એટલી જ જરૂર હતી. આ કાર્ય સફળતાપૂર્વક શોભી ઊઠયું હોય તો તે આવા કાર્યકરોને કારણે.

ઠેર ઠેર આવા સેવાપરાયણ કાર્યકરોનું જૂથ ઊભું કરવામાં શેઠ શ્રી અરવિંદભાઈની એક વ્યાપારી-ઉદ્યોગપતિ તરીકેની કાર્ય-દક્ષતા અને વ્યવહારનિપુણતાએ પણ ઘણો મહત્ત્વનો હિસ્સો આપ્યો છે, એમાં શક નથી. આથી પણ આગળ વધીને કહેવું હોય તો એમ કહેવું જોઈએ કે દેશવાસીઓના સંકટનિવારણ માટે પોતાનાં તન-મન-ધન સહર્ષ સમર્પિત કરવાની શ્રી અરવિંદભાઈ શેઠની ઉત્કટ તમન્ના અનેક કાર્યકરોના અંતરને સ્પર્શી ગઈ અને, ગોવર્ધન પર્વતને તોળવા જેવા વિકટ કાર્યના સાથી બનીને પોતાના જીવનને કૃતાર્થ બનાવવા એ સૌને દોરી લાવી. જ્યોતથી જ્યોત પ્રગટે, એ રીતે આ સેવાપ્રવૃત્તિનો વિસ્તાર થતો રહ્યો અને એ માટે સાચદિલ સેંકડો કાર્યકરોનો વણમાગ્યો સાથ મળતો રહ્યો. આ પ્રસંગ ઉપરથી આનંદ અને આશ્ચર્યપૂર્વક એમ પણ જાણી શાય છે કે જો નેતા શાણો, સેવાભાવી અને નિ:સ્વાર્થ હોય તો, પ્રામાણિક અને શકિતશાળી કાર્યકરોની ભારે અછતના આ યુગમાં પણ નેકદિલ, નિષ્ઠાવાન અને નિ:સ્વાર્થ સેંકડો સાથીઓ સહેજે મળી આવે છે.

આ દુષ્કાળ-રાહત માટે નાણાંની વ્યવસ્થા કેવી રીતે થઈ એ પણ જાણવા જેવું છે. અમેરિકાની કેર (Care) નામની સંસ્થા તરફથી ચાર કરોડ ત્રીસ લાખ રૂપિયાની કિંમતની સામગ્રી મળી; ગુજરાત સરકારે પચીસ લાખ રૂપિયા આપ્યા; અને શેઠશ્રી અરવિંદભાઈ હસ્તકના સદ્‌ગુરુ સેવા સમાજે અઠ્ઠાવીશ લાખ રૂપિયા આપ્યા. આમાં પૂરી આર્થિક મદદ મળી એ તો મહત્ત્વનું છે જ; સાથે સાથે શકિતશાળી વ્યવસ્થાતંત્ર ઊભું કરવામાં આવ્યું એ પણ એટલું જ મહત્ત્વનું છે. આ ઉપરથી એ પણ જાણી શકાય છે કે શ્રી અરવિંદભાઈ અમેરિકામાં કેટલી વગ ધરાવે છે; અને અમેરિકાની કેર સંસ્થાને એમના ઉપર કેટલો બધો વિશ્વાસ છે.

શ્રી અરવિંદભાઈએ જેમ ગુજરાત સૌરાષ્ટ્ર અને કચ્છમાં દુષ્કાળરાહતનું આવું માનવતા અને રાષ્ટ્રસેવાનું કામ કર્યું છે, તેમ પહેલાં રાજસ્થાન અને બિહારમાં પણ આવા પ્રકારનું જ સેવાકાર્ય કર્યું હતું. આ હકીકત એમ સૂચવે છે કે તેઓનું દૃષ્ટિબિંદુ રાષ્ટ્રવ્યાપી વિશાળ છે, અને નાત-જાત કે પ્રાંત-ભાષાના નકલી ભેદોથી મુકત બનીને દીન-દુ:ખી માનવજાતની સેવામાં તેઓ શ્રદ્ધા ધરાવે છે અને એ માટે પૂરતો પ્રયત્ન પણ કરે છે. આ ભાવના શેઠશ્રી અરવિંદભાઈની સાચી ધાર્મિકતા, સંસ્કારિતા અને રાષ્ટ્રીયતાનો કીર્તિ-કળશ બની રહે એવી છે. વળી આનાથી પણ ચડી જાય એવી છે એમની વિનમ્રતા. આ બધાં સત્કાર્યોનો યશ તેઓ ભગવાનને અને પોતાના માતુશ્રીને આપે છે; અને પોતે તો માત્ર એનું નિમિત્ત છે એમ માને છે; અને કીર્તિની ઝંખનાથી દૂર રહે છે.

**રતિલાલ દીપચંદ દેસાઈ**

# પરિવર્તનનો પડકાર—A challenge of change

('ટાઈમ્સ ઓફ ઈન્ડિયા' માં ૧૬-૮-૭૦ ના રોજ પ્રગટ થયેલા હેવાલ પરથી ટૂંકાવીને)

વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ પંદરમી ઓગસ્ટના દિવસે ત્રેવીસમા સ્વાતંત્ર્યદિન નિમિત્તે લાલ કિલ્લા પરથી રાષ્ટ્ર જોગું એક મહત્વનું પ્રવચન કરતાં ઝડપથી બદલાઈ રહેલા સમયનો પડકાર ઝીલી લેવા લોકોને ભારપૂર્વક અનુરોધ કર્યો હતો. તેમના ૩૭ મિનિટના આ પ્રવચનમાં તેમણે કેટલાક મહત્ત્વના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય મુદ્દાઓનો ઉલ્લેખ કર્યો હતો. ઉપસ્થિત થયેલી જનમેદનીએ ભારે હર્ષનાદો વડે તેમને વારંવાર વધાવી લીધા હતાં.

વડાપ્રધાને જાહેર કર્યું હતું કે જગત જ્યારે આગેકૂચના ઊંબરે ઊભેલું છે ત્યારે આપણે જો સમયની રફતાર સાથે કદમ મીલાવીને નહીં ચાલીએ તો જગતના બીજા દેશો કરતાં આપણે પાછળ પડી જઈશું અને આપણે જ આપણા સમાજને નબળો બનાવી દઈશું. ઘંટડીની જેમ રણકતા અવાજે તેમણે પોતે હાજર રહેલા લોકો સમક્ષ પ્રતિજ્ઞા લેતા કહ્યું હતું:—

"હું અત્યારે પ્રતજ્ઞિા લઉં છું કે, મારી શકિત અને તાકાતના છેલ્લા બુંદ સુધી ભારતની ગરીબાઈ સામે હું લડતી રહીશ.

"પરિસ્થિતિ મોટા પાયા પરનું પરિવર્તન માંગે છે. પરિવર્તનના આ પડકારને પહોંચી વળવા માટે મારી સાથે ચાલવાનો હું મારા દેશવાસીઓને આગ્રહ કરું છું.

"મને આશા છે કે આપણા સૌના સંયુકત સહકાર વડે આપણે આપણા દેશનું ભાવિ ઊજળું અને સુંદર બનાવી શકીશું. પ્રત્યેક ભારતવાસીએ પોતાની દરેક પ્રવૃત્તિમાં દેશનું હિત અગ્રસ્થાને રાખવું જોઈએ. વીતી ગયેલા વર્ષ દરમ્યાન પ્રજાના દિલમાં નવી આશાઓ અને નવી મહત્ત્વાકાંક્ષાઓ જન્મી છે. અને આ મહત્ત્વાકાંક્ષાઓને પરિપૂર્ણ કરવાનું કામ ઘણું મોટું કામ છે અને તે આપણે સૌએ નિષ્ઠાપૂર્વકના કાર્યદ્વારા સમાજમાં મોટા પાયા પરનું પરિવર્તન આણીને જ પાર પાડવાનું છે. હવે આપણને ગોકળગાયની ગતિ પરવડે તેમ નથી.

"હું એમ ઇચ્છું છું કે દરેક માણસ પોતાની જાતને બે પ્રશ્નો પૂછે: મેં મારા દેશને માટે શું કર્યું છે? મેં પ્રમાણિકપણે આજે કેટલું કામ કર્યું છે? જો આ બે પ્રશ્નોના વ્યાજબી ઉત્તરો પ્રત્યેક માણસ રોજ આપી શકે તો આપણે ઘણી સારી ઝડપે પ્રગતિ સાધી શકીશું."

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ધ્યાન ખેંચતાં પ્રશ્નોનો ઉલ્લેખ કરતાં સૌ પ્રથમ પડોશી દેશો પ્રત્યે મૈત્રીનો હાથ લંબાવતાં તેમણે જણાવ્યું કે ભારત બધા જ અણઉકલ્યા મુદ્દાઓ વિષે—અલબત્ત પોતાનું હિત ન જોખમાય એ રીતે—વાટાઘાટો દ્વારા—સમાધાન કરવા તૈયાર છે. પશ્ચિમ એશિયામાં અમેરિકાની શાંતિદરખાસ્તો સ્વીકારી લેવા માટે પ્રમુખ નાસરે બતાવેલી હિંમત અને મુત્સદ્દીગીરીની તેમણે પ્રશંસા કરી હતી. રશિયા અને પશ્ચિમ જર્મની વચ્ચે થયેલા ના-યુદ્ધના કરારોને તેમણે વિશ્વશાંતિ તરફના બીજા કદમ તરીકે વર્ણવ્યું હતું. દક્ષિણ આફ્રિકાને શસ્રો આપવાના બ્રિટિશ સરકારના નિર્ણયને વખોડી કાઢતાં તેમણે જણાવ્યું કે એથી તો રંગભેદની વૃત્તિને ટેકો મળશે અને સરવાળે દક્ષિણ આફ્રિકાના પડોશી દેશોને માટે એક નવું ભયસ્થાન ખડું થશે.

ભારતની સરહદોનું રક્ષણ કરી રહેલા જવાનોને તેમણે અભિનંદન આપ્યાં હતાં અને સમગ્ર પ્રજાને તેમનો ટેકો આપવાનું જણાવતાં કહ્યું કે, માત્ર શસ્રો પૂરા પાડીને નહીં, પણ ભારતને આર્થિક રીતે સ્વાયત્ત બનાવીને અને દેશની એકતાને મજબૂત બનાવીને આપણે એમને સાચો ટેકો આપી શકીશું.

દેશના આંતરિક પ્રશ્નો વિષે ચર્ચા કરતાં તેમણે કહ્યું હતું કે આપણે ભાવોનો વધારો ખાળવો જ રહ્યો, કારણકે બાંધેલી આવકવાળા મોટા વર્ગ ઉપર ભાવો વધવાથી ઘણો મોટો બોજો આવી પડે છે.

શ્રીમતી ગાંધીએ "ઇન્ડીઅનાઇઝેશન" - હિંદીકરણ - ના સૂત્રને વખોડી કાઢયું હતું અને જણાવ્યું હતું કે કોમવાદ એક એવું દૂષણ છે કે જેના પરિણામે દેશ નબળો પડતો જાય છે અને પ્રગતિ રૂંધાઈ જાય છે. દેશના પછાત અને શોષિત વર્ગો વિષે બોલતાં તેમણે કહ્યું હતું કે લાંબા સમયથી તેમના પ્રત્યે અન્યાય થતો રહ્યો છે. સમાજે તેવા લોકોને ઊંચે આવવામાં તમામ મદદ કરીને પોતાની ફરજ બજાવવી જોઈએ. દેશના યુવકોને તેમણે હિંસાને માર્ગે નહીં જતાં, સામાજિક અને આર્થિક ક્ષેત્રોમાં પરિવર્તન આણવાના મહત્ત્વના કાર્યમાં સહભાગી થવાની અપીલ કરી હતી.

ભારતની વિદેશ નીતિ પહેલાં હતી તેવી આજે પણ છે અને ભારત હજી પણ હિંસા કે તાકાતના પ્રદર્શન વડે નહીં, પરંતુ વાટાઘાટો દ્વારા જ દરેક પ્રશ્નનું નિરાકરણ કરવામાં માને છે અને આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે તાજેતરમાં બનેલા ઉપર જણાવેલા બે-ત્રણ મહત્ત્વના બનાવોમાં ભારતની વિદેશનીતિનો જ સ્વીકાર છે એમ તેમણે જણાવ્યું હતું. હિંદી ચીનમાં ચાલી રહેલી લડાઈને તેમણે કમનસીબ ગણાવી હતી અને તેના પરિણામે અશકય યાતના ભોગવી રહેલા અસંખ્ય માણસો - સ્રીઓ, પુરુષો, બાળકો અને વૃદ્ધો—પ્રત્યે તેમણે ભારતની પ્રજાની વતી સહાનુભૂતિ બતાવી હતી.

"જમીન - આંચકો" ની પ્રવૃત્તિ વિષે બોલતાં વડા પ્રધાને કહ્યું હતું કે "આજના પ્રસંગે હું એ વિષે ટીકા કરવા ઇચ્છતી નથી તેમ છતાં હું એટલું તો કહીશ જ કે થોડાક માણસો ઘણી મોટી જમીનોના માલિક હોય અને કેટલાંક માણસો પાસે ઘણી ઓછી જમીનો હોય, જ્યારે ઘણા બધાં લોકો પાસે મુદ્દલે જમીન ન હોય એ આખી પરિસ્થિતિ ઠીક નથી એ દરેક માણસે બરાબર સમજી લેવું જોઇએ. કોઈપણ દષ્ટિએ એમાં ન્યાય જળવાતો નથી એમ કહેવું જ જોઈએ."

આ અન્યાયના નિરાકરણ અર્થે સરકારે કેટલાક પગલાં લીધાં છે અને બીજા કેટલાક કાયદાઓ ત્વરાપૂર્વક ઘડાઈ રહ્યા છે. જુદા જુદા રાજ્યની સરકારો પણ જમીન સુધારાના આ કાયદાઓનો અમલ કરે તે વિષે કેન્દ્ર સરકાર નજર રાખી રહી છે. જોકે આટલી વિશાળ વસતિ વાળા દેશમાં પ્રત્યેક વ્યકિતને જમીન આપી શકાય એ શકય નથી એમ પણ તેમણે જણાવ્યું હતું.

પ્રવચનના અંતભાગમાં તેમણે કહ્યું હતું, "આપણે એક પ્રજા છીએ. આપણે સૌ ભારતના નાગરિકો છીએ. આ પ્રાચીન દેશમાં - ભારતમાં - જન્મ મળ્યો હોવા વિષે આપણા સૌના મનમાં ગૌરવ છે. આપણા આ પ્યારા દેશ પ્રત્યેની ફરજો આપણે સૌએ અદા કરવાની છે. ભગીરથ પુરુષાર્થ વડે આપણે દેશને પ્રગતિને રસ્તે દોરવાનો છે અને સાચા અર્થમાં આપણે આપણા દેશને મજબૂત અને સમૃદ્ધ, સંયુકત અને બિનકોમી બનાવવાનો છે.'

સંકલન:

સુબોધભાઈ એમ. શાહ

# દેશી રાજાઓને મળતાં સાલિયાણા અંગે એક ચર્ચાપત્ર

પૂજ્ય મહાત્મા ગાંધીજીનું પ્રત્યક્ષ શિક્ષણ, માનનીય શ્રી નેહરુની પ્રેરણા અને માનનીય શ્રી વલ્લભભાઈ પટેલની બુદ્ધિગમ્ય લોકસેવાની ધગશભરી સલાહ માન્ય રાખીને ભારતભરના રાજવીઓ તેમનાથી પ્રભાવિત થયા અને બ્રિટિશરોએ જે આમસભા જ સર્વોપરી ગણાય તે જાતનું શિક્ષણ ભારતીય જનોને પોતાના દષ્ટાંતથી જ

આપેલું તેનાં પરિણામ રૂપે પ્રથમ ભાવનગરના મહારાજાએ અને તેના પગલે મૈસુર, જામનગર, વડોદરા, કાશ્મીર તથા સર્વે દેશી રાજવીઓએ પોતાનાં રાજ્યો દિલ્હીની સરકારને સોંપી દીધા અને પવિત્ર કરારો કર્યા. આ ત્યાગ લોકસેવાની ધગશ અને પ્રેરણાથી થયો છે, છતાં લોકસેવકની છાપ લગાવીને કૉંગ્રેસ પોતાને વિજેતા ગણવા લાગી અને જૂની કૉંગ્રેસને હરાવીને નવી કૉંગ્રેસ વિજેતાના ગર્વમાં દિવસે દિવસે દેશી રાજવીઓને પોતાથી હારેલા અને દબાયેલા ગણવા લાગી છે.

દેશી રાજ્યો જે વિલીન થયા છે તેની પ્રજાએ જાગૃત થઈ જવું જરૂરી બન્યું છે. જૂના દેશી રાજ્યોની પ્રજા પોતપોતાના ત્યાગી રાજવીઓના કુટુંબો પ્રત્યે હાર્દિક અહેશાનમંદ છે કે તેમને રાજવીઓના ત્યાગના ફળરૂપે સ્વતંત્રતા મળી અને એકબીજાના પરસ્પર સંબંધો મીઠાશથી ભરપૂર રહ્યા છે. આ વાત ઉપર દેશી રાજ્યોમાં વસતા અને પ્રમાણિકતામાં માનનારા દરેકે દરેક માનવીએ વિચારીને સત્ય અને અહિંસાવૃત્તિને ધોખો ન લાગે તે રીતે પોતાનો સાચો સ્વતંત્ર અવાજ જાહેર કરવો જરૂરી બન્યો છે.

દિલ્હી પોતાના પવિત્ર કરારો જે દેશી રાજવીઓના કુટુંબો સાથે થયેલા છે તે ફગાવી દેવા ધારે છે. શા માટે કે ગાંધીજી, નેહરૂજી તથા વલ્લભભાઈની સત્ય અને પવિત્રતાના પાયા ઉપર રચાયેલી પ્રણાલિકાઓ તરફ વિજેતા કૉંગ્રેસ તથા તેના 'હા જી હા' ટેકેદારો તથા સામ્યવાદી ટેકેદારોને સૂગ છે અને જુના દેશી રાજ્યોની પ્રજાને ઉંઘતી, નિરૂદ્યમી અને નીષ્ક્રિય જેવી ગણીને—બનાવીને તેનો લાભ લેવા ધારે છે.

દરેક રાજય પોતપોતાના ત્યાગી રાજ્ય કુંટુંબોની તથા તેમના પેન્શનોની જવાબદારીઓ લઇ લે અને દિલ્હીને માત્ર કનફોર્મીંગ પાર્ટી તરીકે શાંતિ રાખવા કહે તો દરેક રાજ્યનું અને તે તે રાજ્યોની પ્રજાનું માન સચવાશે અને ત્યાગી રાજ્ય કુટુંબોનું સ્વમાન જળવાઈ રહેશે અને સત્ય, પ્રમાણિકતા અને પવિત્ર કરારોનો વિજય થશે.

જુના ઓફીસરો, જજો, ગવર્નરો, પ્રેસિડન્ટોને જેમ પેન્શન મળે છે તે જ રીતે જુના રાજવીઓને તેમના કુટુંબીઓને પેન્શન આપવાના પવિત્ર કરારો નિષ્ફળ બનાવવાનો કીમિઓ હારેલાઓને દબાવીને પડાવી લેવાનું વિજેતાઓ ન કરે તે જોવાની ફરજ સત્યપ્રેમી અને પ્રમાણિક આમજનતાની છે.

ભલે વિજેતાઓ પોતાને ત્યાગી રાજવીઓના વિજેતાઓ ગણે અને તેમાં માનતા હોય અને રાચતા હોય, પરંતુ રાજ્યોની પ્રજાનું મન તો ત્યાગીઓ, ભલે તે ત્યાગ પછી નાનો કે મોટો હોય કે મામુલી હોય તો પણ, ત્યાગ મહામૂલ્યવાન ગણે છે અને ગણશે. કેમકે ત્યાગના ફળરૂપે તેમને શાંતિ મળી છે, સ્વતંત્રતા મળી છે.

**(ભાનુભાઈ અમરચંદ વોરા)**

**તંત્રી નોંધ:**

દેશી રાજાઓને મળતાં સાલિયાણાં બંધ કરવાની દરખાસ્ત આજે લોકસભા સમક્ષ નિર્ણય માટે ઉપસ્થિત થઇ છે. આઝાદી મળ્યા બાદ દેશી રાજાઓ સાથે કરવામાં આવેલા કરાર આજે રદ કરવા એ ઉચિત છે કે નહિ તે એક સ્વતંત્ર પ્રશ્ન છે. પાર્લામેન્ટમાં પણ આ અંગે તીવ્ર મતભેદ છે અને સાલિયાણા રદ કરવા સામે આ રાજાઓને વળતર આપવું કે નહિ એ પ્રશ્ન પણ કેન્દ્રસ્થ પ્રધાનમંડળમાં ચર્ચાઈ રહ્યો છે. આ સંબંધમાં થોડા સમયમાં નિર્ણય લેવાય એવો સંભવ છે. પણ આ પ્રશ્ન ઉપર મૂળ દેશી રાજ્યોની પ્રજાને જાગૃત કરવાની હાકલ કરવામાં આવે તે સ્થિર થયેલાં પાણીને ક્ષુબ્ધ કરવા બરોબર છે. આવી હાકલ ઉપર દેશી રાજ્યની પ્રજા હવે જાગૃત થાય અને જોરદાર આન્દોલન ઉપાડે એ શકય નથી—ઇચ્છનીય પણ નથી. એ પ્રકારની રાજ્યનિષ્ઠા ચર્ચાપત્ર—લેખક માફક બહુ થોડા દેશવાસીઓના દિલમાં જીવતી જાગતી હશે. આ પ્રશ્ન અંગે એક મત એમ કહે છે કે આવા પવિત્ર કોલકરારોનો ભંગ કરવામાં આવે તે યોગ્ય ન કહેવાય; બીજો મત એમ કહે છે કે વધતી જતી આર્થિક ભીંસમાં આ બોજો પ્રજા કયાં સુધી સહન કરશે. ?

**પરમાનંદ**

# સ્વ.જયન્તી દલાલ

તાજેતરમાં જેમનું અવસાન થયું છે તેવા ગુજરાતના એક પનોતાપુત્ર સ્વ. જયન્તી દલાલનો પરિચય આપતો તા. ૨૫-૮-૭૦ના 'જન્મભૂમિ'નો અગ્રલેખ જણાવે છે કે:

"કેટલીક વ્યકિતઓ એવી હોય છે કે, જેમનું નિધન થતાં સમાજ અનેક રીતે દરિદ્ર બની જાય છે. શ્રીકૃષ્ણ જ્યંતીના દિવસે અમદાવાદમાં જેમનું દુ:ખદ અવસાન નીપજ્યું એ જ્યંતી દલાલનું સ્થાન આવી વિરલ વ્યકિતઓમાં હતું અને એમના જવાથી ગુજરાતને એક બહુમુખી પ્રતિભાની ન પુરાય તેવી ખોટ પડી છે.

"જ્યંતી દલાલનું સ્થાન ગુજરાતી સાહિત્યમાં મોખરે હતું. એમના 'ગતિ' અને 'રેખા' માસિકે આ સદીના ત્રીજા દાયકાના અંતભાગમાં સાહિત્યજગતમાં નવો ચીલો પાડયો હતો. આ સામયિકમાં પ્રગટ થતાં વેધક વ્યંગચિત્રોએ નવતર ભાત ઉપસાવી હતી. સાહિત્યક્ષેત્રે નવલકથા, નવલિકાઓ, એકાંકી નાટકો અને વિવેચનોમાં એમની બુદ્ધિપ્રતિભાનું અસરકારક દર્શન થતું હતું. આ લખાણ તો જ્યંતી દલાલનું જ હોવું જોઈએ એવી નિરાળી શૈલી એમણે વિકસાવી હતી. સામાજિક જીવનમાં ચિત્તને સંતપ્ત બનાવે એવું જે કંઇ બનતું તેને તેઓ સાંખી શકતા નહિ; તેઓ ભારે અજંપો અનુભવતા અને એટલે એ વિશે તેઓ એવા ધારદાર વ્યંગપ્રહારો કરતા કે એ માટે જવાબદાર તત્ત્વો કે બળો ખળભળી ઊઠતાં; કોઈની યે શેહશરમમાં ખેંચાયા વિના, પ્રામાણિકપણે પોતાને જે લાગતું તેની સચોટ અભિવ્યકિત કરતાં તેઓ કદી યે ખચકાતા નહોતા. તેમને રણજિતરામ સુવર્ણચન્દ્રક એનાયત કરવામાં આવ્યો હતો અને મૂળ વસ્તુને વફાદાર રહીને અનુવાદ કરવાની એમને એવી ફાવટ હતી કે ટોલ્સ્ટોયના "વૉર એન્ડ પીસ' ગ્રંથના અનુવાદ માટે એમને 'સોવિયેટ લેન્ડ' પારિતોષિક અર્પણ કરવામાં આવ્યું હતું. આમ ગુજરાતી સાહિત્યજગતે એક અચ્છા માનવતાવાદી નાટ્યકાર, નવલિકાકાર, નવલકથાકાર, અનુવાદક અને વિવેચક એક સાથે ગુમાવ્યા છે.

"સાહિત્યક્ષેત્રે જેવી નામના કાઢી હતી એવી જ નામના એમણે રાજકારણમાં યે સ્થાપિત કરી હતી. સ્વાતંત્ર્યસંગ્રામ ખેલવામાં, ગુજરાતમાં જે યુવાન પેઢી મોખરે હતી એમાં જ્યંતી દલાલ પણ આગળ પડતા હતા. આ સમાજવાદીએ ત્રણવાર કારાવાસ વેઠયો હતો. ગુજરાતના આ સમાજવાદી નેતાએ ૧૯૪૮માં જયપ્રકાશ વગેરેની સાથે કૉંગ્રેસ છોડી હતી. ૧૯૫૨ ની ચૂંટણી પછી સમાજવાદી પક્ષ અને આચાર્ય ક્રિપલાણીના કૃષક મઝદૂર પક્ષના સંયોજનથી અસ્તિત્વમાં આવેલા પ્રજાસમાજવાદી પક્ષની ગુજરાત શાખાના તેઓ અગ્રણી હતા.

"મુંબઈનું મહાદ્વિભાષી રાજ્ય રચાયું ત્યારે ગુજરાતનું અલગ રાજ્ય રચાવું જ જોઈએ એમ માનીને લડત આપવા વિવિધ પક્ષોની બનેલી જનતા પરિષદના એક ટોચના કાર્યકર તરીકે એમણે ગાંધીવાદી ધોરણે અહિંસક લડત કેવી રીતે આપી શકાય છે તેનો પ્રત્યક્ષ પરિચય આપ્યો હતો. એમના નેજા હેઠળ ચાલેલા શહીદ સ્મારક સત્યાગ્રહમાંથી 'સત્યાગ્રહ' ના ઓઠા હેઠળ જેઓ આજે હિંસા આચરે છે એમણે ઘણું ઘણું શીખવા જેવું છે."

"માણેકચોકથી કૉંગ્રેસભવન જવા નીકળતી સત્યાગ્રહીઓની શાંત શિસ્તબદ્ધ ટુકડીઓ અને એમને વિદાય આપવા ઊમટતી શાંત

મેદનીનાં દશ્યો એ અમદાવાદનું અનોખું સંભારણું છે. સત્યાગ્રહના આ આયોજનમાં જ્યંતી દલાલની રાજકીય નેતા તરીકેની કુનેહ અને વ્યવસ્થાશકિત છતાં થયાં હતાં.

"જનતા પરિષદના ધારાસભ્ય તરીકે મુંબઇની ધારાસભામાંના એમનાં પ્રવચનો વિરોધીઓનાં રુંવેરુંવા ઊભાં કરી દે એવાં ધારદાર રહેતાં; વિનોદ અને વ્યંગમિશ્રિત એવાં આ પ્રવચનો સાંભળવાનો લહાવો ભાગ્યે જ કોઇ ધારાસભ્ય જતો કરતા.

"આવા પ્રતિભાસંપન્ન સહિત્યકાર અને રાજકીય કાર્યકર જતાં ગુજરાતને સાહિત્ય, સંસ્કાર અને રાજકારણને ક્ષેત્રે ભારે ખોટ પડી છે. એમના નાનકડા કુટુંબ માટે તો આ આપત્તિ અસહ્ય છે. ભગવાન એમનાં પત્નીને અને બે સંતાનોને એ જીરવવાનું બળ આપે એવી અમારી પ્રાર્થના છે."

**સર્વોદય શિક્ષણ સંઘ અને બ્લેવાટ્સ્કી લૉજ થીઓસોફિકલ સોસાયટીના સંયુકત ઉપક્રમે**

## ડૉ. મૉન્ટેસોરી શતાબ્દી બાલશિક્ષણ વ્યાખ્યાનમાળા

દર વર્ષની જેમ, ઉપરની બે સંસ્થાઓ તરફથી આ વર્ષે, ડૉ. મૉન્ટેસોરી શતાબ્દીના પ્રસંગે નીચે જણાવેલી વ્યાખ્યાનમાળા યોજવામાં આવી છે. વાલીઓ, શિક્ષકો અને અન્ય શિક્ષણરસિકોને એમાં હાજર રહી સહકાર આપવા અમારું હાર્દિક નિમંત્રણ છે. સમય સવારના ૯-૩૦. સ્થળ: બ્લેવાટ્સ્કી હૉલ, ફ્રેન્ચ બ્રીજ, ચોપાટી, મુંબઇ - ૭.

તા. ૩૦ ઓગસ્ટ રવિ. આચાર્યશ્રી રમણ વકીલ 'મોન્ટેસોરી પદ્ધતિ - સમીક્ષા' તથા શ્રી જમુભાઇ દાણી 'દિવ્યદષ્ટા મોન્ટેસોરી' પ્રમુખ–કવિશ્રી કરસનદાસ માણેક.

તા. ૬ સપ્ટે. રવિ. શ્રી રોહિત મહેતા 'આંતરરાષ્ટ્રીય શિક્ષણ-વર્ષ અને બાળક' પ્રમુખ: ડૉ. ઉષાબહેન મહેતા.

તા. ૧૩ સપ્ટે. રવિ. શ્રીમતી સુધાબહેન દલાલ 'બાળકનું જીવન: ઘરમાં, શાળામાં' પ્રમુખ પ્રા. મનુબહેન દેસાઇ.

તા. ૨૦મી સપ્ટે. રવિ પ્રા. બકુલ રાવળ, 'બાળકોનું સાહિત્ય' પ્રમુખ આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક.

**આ ઉપરાંત**

**બાલ શિક્ષણ–શિબિર:** રવિવાર તા. ૨૭-૯-૭૦ સવારના ૯-૩૦ થી ૪-૦૦. સ્થળ: નવસમાજ મંડળ હાઇસ્કૂલ, દિક્ષિત રોડ, વીલે-પારલા પૂર્વ).

વિષય: **બાલભારતી: પહેલા પુસ્તકનું ભાષા–શિક્ષણ**
વકતા: આચાર્યશ્રી અમૃતલાલ યાજ્ઞિક.
પ્રમુખ: ડૉ. શ્રીમતી મધુરીબહેન શાહ

**ઉપરાંત**

સ્નેહમિલન, મનોરંજન, પ્રશ્નોત્તરી
**શ્રી જમુભાઇ દાણી–પ્રમુખ.**

**કે. એન. બારમેડા** — મંત્રી સ. શિ. સંઘ
**જ્યંતીલાલ શાહ** — મંત્રી, બ્લે. લૉજ

## સિત્તેર વર્ષની સંધ્યાએ

'સિત્તેર વર્ષની સંધ્યાએ' એ મથાળા નીચે 'પ્રબુદ્ધ જીવન' ના ગતાંકમાં પ્રગટ થયેલા લેખના અનુસંધાનમાં શ્રી. ગગનવિહારી મહેતાનો પત્ર આવ્યો છે જે નીચે મુજબ છે:

**તંત્રીશ્રી,**
**'પ્રબુદ્ધજીવન'**

આપે Illustrated Weekly of India માં પ્રગટ થયેલા મારા લેખનો આવો સરસ અનુવાદ કરાવીને પ્રસિદ્ધ કર્યો એ માટે તેમજ આપની નોંધ માટે આભારી છું. શ્રીમતી શારદાબહેન શાહે સુંદર ભાષાન્તર કર્યું છે તે માટે ઋણી છું.

આ અનુવાદમાં એક ભૂલ રહી ગઇ છે એ ઉપર ધ્યાન ખેંચું છું, 'લંડન સ્કૂલ ઑફ ઇકોનોમિક્સ'માં સમાજશાસ્ત્રના ડીપ્લોમા માટે મેં અભ્યાસ કર્યો હતો, પરંતુ મને એ મળ્યો ન હતો. નાદુરસ્ત તબિયતને લીધે અને લંડનનો શિયાળો માફક ન આવવાને કારણે મારે પાછા આવવું પડયું હતું, જો કે એ સ્કૂલનો હું ઑનરરી ફેલો છું.

કબીરની ઉકિત વિશે જે મારી નોંધ છે એમાં મારે સ્પષ્ટ કરવું જોઇતું હતું કે, અંગ્રેજીમાં લેખ પ્રસિદ્ધ થયો ત્યાર પછી અનેક પત્રો આવ્યા હતા. એમાંથી શ્રી. દીલિપકુમાર રૉય વગેરેના પત્રોમાંથી મેં ઉલ્લેખ કર્યો છે.

'જીવન જ્યોત'
મુંબઇ ૨૮-૮-૭૦ ગગનવિહારી મહેતા.

## વિરલ વાત્સલ્ય

માતાપિતાનું વાત્સલ્ય અનન્ય છે. દરેક માબાપ પોતાના બાળક માટે ઘસાય છે. શારીરિક કે આર્થિક શકિત હોય કે ન હોય પણ પોતાના બાળકના સુખ સમૃદ્ધિ માટે દરેક માબાપ ખેંચાય જ છે. છતાં મેં જે નીચે વર્ણવેલ વાત્સલ્ય જોયું તેવું બહુ જવલ્લે જ જોવામાં આવે છે તેથી મને તેનું વિગતવાર વર્ણન લખવાનું મન થાય છે.

એ છે કચ્છના ગામ નાની રાયણના રહીશ અને વીશા પ્રિન્ટરી ઓશવાળ પ્રેસના માલિક શ્રી દામજીભાઇ વેલજીભાઇ શાહ અને તેમનાં પત્ની દેવકાંબહેન. દામજીભાઇમાં વ્યાપારી આવડત સારી છે અને પૈસે ટકે સારી રીતે સુખી છે. છતાં સ્વભાવે નિર-ભિમાની, ઉદાર અને માયાળુ સજજન છે. તેમને પહેલા ખોળાની પુત્રી રેખા અને તે પછીના બે પુત્રો છે. પુત્રી રેખા ત્રણ ચાર મહિનાની થઇ અને કોઇ એવી માંદગી આવી કે તેના કારણે તે અપંગ થઇ ગઇ. કમરમાંથી બેવડ વળી ગઇ, કમ્મર જ નહોતી એમ કહી શકાય. જેમ વખત જતો ગયો તેમ વધારે અપંગ થતી ગઇ. હાથ પગ નિષ્ક્રિય થઇ ગયા. પણ બહેન રેખાની બુદ્ધિ તીવ્ર હતી. એટલે પિતાએ ઘરમાં માસ્તર રાખી ભણાવવાનું શરૂ કર્યું. થોડું વાંચતા લખતા શીખી પણ પછી એ પણ અશકય બન્યું. માતા-પિતાની કસોટી શરૂ થઇ. તેને કુદરતી હાજત કરાવવી, કપડાં પહે-રાવવા, ઉઠાડવી, સુવડાવવી, પડખું ફેરવવું બધું જ બીજાએ કરવું પડે. પણ આ માતાપિતાએ સાધનસંપન્ન હોવા છતાં ન તો પાસે બાઇ રાખી કે ન નર્સ રાખી, કહે "બાઇ રાખીએ તો તે આપણા જેવું તો ન જ કરે ને! મારી રેખાને ઓછું આવી જાય." પુત્રીના મુખમાંથી શબ્દ પડવો જોઇએ અને તે વસ્તુ તે પ્રમાણે જ થાય, સાધનસંપન્ન હોય તો તો માગે તે વસ્તુ હાજર કરવી તે તો દરેક મબાપ કરી શકે, પણ આવી પુત્રીને લઇને તેની ઇચ્છા પૂરી કરવા તેમણે જે પ્રયાસો કર્યા તે જોઇને આશ્ચર્ય થયા વિના નથી રહેતું.

મને એમનો પ્રથમ પરિચય થયો કચ્છના પ્રવાસ વખતે. શ્રી મુંબઇ જૈન યુવક સંઘ તરફથી લગભગ દશેક દિવસનો કચ્છનો પ્રવાસ ગોઠવ્યો હતો. હું પરમાનંદભાઇની ઓફિસમાં તેમને મળવા કંઇ કામપ્રસંગે ગઇ હતી. તેમણે પૂછ્યું, "કેમ કચ્છ આવવું છે ને!" મેં કહ્યું "ના રે ના! મારાથી સ્ટીમરની ને બસની મુસાફરી થઇ શકે નહિં." દામજીભાઇ ત્યાં જ બેઠા હતા. મારો ને તેમનો પ્રથમ જ પરિચય. તેઓ કહે, "બહેન શું ના પાડો છો! આવો, મજા આવશે. તમને પગની તકલીફ છે પણ હાલી ચાલી તો શકો છો ને! મારી પુત્રી તો તમારા કરતાં ક્યાંયે વધારે અપંગ છે. તેનું સચવાશે તેના કરતાં તમારું હું વધારે ધ્યાન રાખીશ." અને તેમના આગ્રહને વશ થઇ હું એ પ્રવાસમાં જોડાઇ. અને ખરેખર દામજી-ભાઇએ બોલ્યા તેવું પાળ્યું. મારી ખૂબ જ સગવડ સાચવી. એ દસ દિવસમાં મને એ માતાપિતા અને પુત્રીનો બરાબર પરિચય થયો. બહેન રેખા તે વખતે સત્તરેક વર્ષની થઇ હશે. તેમણે સાથે બે માણસ લીધેલા, માત્ર તેને ઉપાડીને ફેરવવા માટે. બાકી તો બધું તે બન્ને જાતે જ કરતા, બહેન રેખા પણ કોઇ પૂર્વના કર્મયોગે શરીરે અપંગ હતી પણ બુદ્ધિશાળી એટલી કે દરેક વિષયમાં વડીલો સાથે સારી રીતે ચર્ચા કરે. તેના બાપુજી કોઇ મિટિંગમાં જઇને આવે તો ત્યાં શું થયું, કોણ કોણ શું બોલ્યું તેની વિગતવાર હકીકત પૂછે અને પોતાનો અભિપ્રાય પણ આપે. વ્યવહારિક એવી કે બધાના ખબર અંતર અવાર નવાર પૂછ્યા કરે, ટેલિફોનથી પણ પૂછે.

કચ્છના પ્રવાસ પછી રેખાની ઇચ્છાને વશ થઇને તેને કાશ્મીરના અને તે પછી શીખરજીના પ્રવાસે લઇ ગયા. શીખરજીના પ્રવાસ વખતે ઘણા સ્નેહીઓએ ના પાડી કે આવી સ્થિતિમાં તમે

8



કેવી રીતે તેને યાત્રા કરાવશો! પણ એ પિતાને તો પુત્રીની એકેએક ઈચ્છા કોઈપણ ભોગે પૂરી કરવી હતી અને તે લઈ ગયા. યુવક સંઘની વ્યાખ્યાનમાળામાં આઠ દિવસ અચૂક તેને લાવીને બેસાડે, રાતના દામજીભાઈ પાસે સુવે. તે અર્ધા અર્ધા કલાકે પડખું ફેરવવા તેમને ઉઠાડે પણ દામજીભાઈ કોઈ દિવસ થાકયા નથી કે મોઢા ઉપર જરા સરખો કંટાળો પણ લાવ્યા નથી. દરેક માબાપ પોતાના સંતાનો માટે કરે છે પણ ઊંડે ઊંડે અવ્યકતપણે મનમાં બાળકો તરફથી કંઈક આશા સેવતા હોય છે. પણ આ પુત્રી તરફની તેમને કંઈ આશા નહોતી. છતાં મારી રેખાને જરાએ ઓછું ન આવે, એની અપંગદશાનું તેને ભાન પણ ન થાય એ જ તેમનું લક્ષ્ય. વીસ વીસ વર્ષ સુધી આ રીતે જતન કરવું એ ખરેખર એક વિરલ વાત્સલ્ય છે. ભાગ્યે જ આપણને કોઈ ઠેકાણે જોવા મળે. પણ આટલું જતન કરવા છતાંએ માત્ર ચાર દિવસની માંદગી ભોગવી ગત એપ્રિલ માસની ૨૨ મી તારીખે તેનું અવસાન થયું. માતાપિતાને શૂન્ય જેવાં કરી મૂકયાં. એ આત્મા જ્યાં હશે ત્યાં અવશ્ય એ માતા પિતા ઉપર આશીર્વાદ વરસાવતો હશે.

**તા. ક:** જણાવતાં આનંદ થાય છે કે નવ મહિના ઉપર શ્રી મુંબઈ જૈન યુવક સંઘના કાર્યાલયનું સ્થળાંતર કર્યું ત્યારે આ બહેન રેખાના હાથે કુંભ–સ્થાપના કરાવી પુત્રીને એ લ્હાવો લેવાનો આનંદ આપી માતાપિતા ખૂબ હર્ષિત થયા હતા. તથા તે જ સમયે રૂા. ૫,૦૦૦ આપી "રેખા દામજીભાઈ વૈદકીય રાહત કેન્દ્ર" એ નામ આપી વૈદકીય રાહત કેન્દ્ર શરૂ કરવાનું જાહેર કર્યું. અને છ મહિના થયા એ રાહત કેન્દ્ર શરૂ પણ થઈ ગયું છે.

['વિકાસ'માંથી સાભાર ઉધ્ધૃત] **મેનાબહેન નેરોતમદાસ**

## આપણી સાધુ સંસ્થા અંગે–૯

તીર્થંકરોની ગેરહાજરીમાં તેમના ગુણોનું પૂજન કરવા માટે જેમ અરિહન્તાદિની પ્રતિમાઓ બનાવવામાં આવી છે, જે સિદ્ધ પુરુષો થઈ ગયા તે બધામાં જે અનન્તજ્ઞાનદર્શનાદિ અનુપમ અને અદ્વિતીય ગુણો હતા એવા ગુણો આરાધકમાં પ્રગટે એ ભાવથી મૂર્તિઓની પૂજા, અભિષેક વગેરેનો જે પ્રબંધ કરાયો છે તેવો જ કોઈ હેતુ સાધુસંસ્થાના અસ્તિત્વમાં રહેલો છે અને તેની પરંપરાથી સંઘના ચાર અંગો ગણાતા આવ્યા છે; સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા. આ પૈકી એકાદ અંગનું જે સ્વરૂપ હતું તેમાંથી ન્યુનાધિક કરવું તે સંઘને ખંડિત કરવા સમાન છે; પરિસંવાદમાં ઘણાએ કહ્યું છે કે હાલના સાધુગણની આચારપ્રણાલિકામાં ફેરફાર અનિવાર્ય અને જરૂરી છે, અને તેમ કરીને જ આ સંસ્થાને જીવન્ત રાખી શકાશે. પણ આ વાત અને કથન બરાબર નથી તેમ જ તે જૈન ધર્મના કાયમી અસ્તિત્વ માટે હિતકારી નથી. આદર્શ હમેશાં ઊંચો જ હોય. તેને કોઈ પહોંચી ન શકે એટલે તેને ટૂંકો કરવો તે બુદ્ધિમાની નથી. જૈન દર્શનમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ એમ પાંચે વાનાં ગણાવેલ છે તે જો ધ્યાનમાં લેવામાં આવે તો, હાલ જે દેખાય છે તેમાં આશ્ચર્ય પામવા જેવું ન લાગત અને બધું બગડી રહ્યું છે માટે તેને સુધારવાને બદલે તેના આચાર - નિયમો હળવા કરીને બગડેલું છે તે ઠીક છે એવું સર્ટિફિકેટ આપવા જેવું કરવાની કોશિષ આ ગણાશે અને તે કરવાનો અધિકાર શ્રાવક ગણને નથી જ.

શ્રાવકે શ્રાવક રહેવા પ્રયત્ન કર્યો હોત તો સાધુસંસ્થાની આ દશા ન થાત. શ્રાવકો આચારવિચારે જેટલા પડયા છે તેટલી જ બૂરી અસર આ સાધુગણમાં પડી છે, કારણ કે છેવટે સાધુઓ પણ શ્રાવક સમાજમાંથી ઊપજે છે અને તેઓ શ્રાવકોના અન્નપાણીથી પોષાય છે. અન્નને અને મનને તથા પાણી અને વાણીને સૃષ્ટિજૂનો સંબંધ છે. તેથી અન્યાયોપાર્જિત અન્ન–પાણીની અસર સાધુસમાજ ઉપર પડી છે. આ સાધુઓના આચારમાં કંઈક હળવાપણું દાખલ કરીને અને તેમના માટે ગૃહસ્થી જેવી સુવિધાઓની જોગવાઈ કરીને તે સંસ્થાને સુધારી શકાશે નહિ. ઊલટું તે સંસ્થા સાવ નામશેષ થઈ જશે.

જ્યારે ભૌતિકતાનાં ઘોડાપૂર ધસમસી રહ્યા છે ત્યારે આધ્યાત્મિકતાની ઉચ્ચતર કસોટી તેમની સામે મૂકવી જોઈએ અને તેને પહોંચીવળવાની હામ ભીડનારાઓને તમામ પ્રકારની સગવડ શ્રાવક સમાજે કરી આપવી જોઈએ. આને બદલે જે કામ ગૃહસ્થોએ કરવાનાં છે તેવાં કામો સાધુઓને કરવાનું કહીને તે સંસ્થાનું અસ્તિત્વ જ ભયમાં મૂકવાનું આપણે કરી રહ્યા છીએ એમ મને લાગે છે.

પૂજ્ય ગાંધીજી કહેતા હતા કે સત્યનો ગજ કદી ટૂંકો ન થજો, જ્યારે આપણે પોતાના આચાર - વિચારોની શિથિલતા સુધારવાને બદલે સાધુઓના આચાર - વિચાર ઢીલા કરવાની સગવડ ઊભી કરવા મથી રહ્યા છીએ એમ મને લાગે છે. આથી તેમનો કઈ રીતે ઉદ્ધાર થવાનો છે કે તેમનું કઈ રીતે ભલું થવાનું છે, તે મને સમજાતું નથી.

આજે જૈન ધર્મ - ત્યાગ તપનો ધર્મ - સારાય વિશ્વમાં જુદી ભાત પાડે છે અને જેના તરફ વિશ્વના મહાન ચિન્તકો આકર્ષાયા હતા અને હજુ ય આકાર્ષાય છે - આવા ધર્મની ભવ્યતાને તોડી પાડવાનું હીણું કામ આજનો વામન અને ટૂંકી દષ્ટિવાળો શ્રાવક ન કરે તે જોવાની સુજ્ઞ શ્રાવકસમાજની મોટી ફરજ છે. પરિસંવાદના અધ્યક્ષ શ્રી ચીમનભાઈએ ખૂબ જ હિમતથી પરિસંવાદના આ સુરનો વિરોધ કર્યો છે અને સાચી વાત રજુ કરી છે. તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

સાધુસંસ્થામાં શરૂ થયેલી શિથિલતા કાઢવાની ખૂબ જરૂર છે અને તે માટે આચારસંહિતા કડક બનાવીને તે પળાય તેવો પાકો ચોકી પહેરો શ્રાવક સમુદાયે રાખવો જોઈએ અને તે સાથે તે પળાય એવી પૂરી સગવડ પણ તેમને કરી આપવી જોઈએ. તેમ કરીને જ વિશ્વધર્મ થવા લાયક જૈન ધર્મને આપણે ટકાવી શકીશું અને સાધુસંસ્થા ટકશે તો જ તીર્થંકરોના ગુણોનું કંઈક અંશે અનુકરણ કરવાનું જૈન સમાજ માટે શકય બનશે. આવો મારો નમ્ર મત છે.

હિમતનગર, તા. ૨૫-૭-૭૦. કપિલ ટી. કોટડિયા

તંત્રી 'જૈન શાસન"

## પ્રાર્થનાની શકિત

પ્રભુની સાથે સંબંધ રચવા માટે પ્રાર્થના એક ઉત્તમ સાધન છે. એના વડે પ્રભુ સાથેના સંપર્કના અનેક દ્વારો ખુલ્લાં થાય છે. આપણે પ્રભુને માતા, પિતા, ભાઈ, બહેન અને સ્વામી રૂપે જોઈએ છીએ, આપણે એનાં પ્રિય બાળકો છીએ એવું જ માનીએ છીએ, આવા માનેલા સંબંધો એની સાથેનું સાન્નિધ્ય અર્પે છે. આપણે એની વધુને વધુ નિકટ જઈએ છીએ. જ્યારે આપણે પ્રભુને સ્વામીરૂપે જોઈએ છીએ ત્યારે એ આપણો માર્ગદર્શક બની સત્યના પંથે ચાલવા માટે બળ આપે એવું પ્રાર્થીએ છીએ. પ્રભુનો વાસ આપણી અંદર જ છે અને એ આપણી પ્રાર્થના અવશ્ય સાંભળતો હોય છે. આવી પ્રાર્થનાદ્વારા આપણે ઘણું બળ મેળવી શકીએ છીએ. પણ પ્રાર્થના એ યાચના ન બની જવી જોઈએ. પ્રભુ સાથેના એકત્વનું જ્ઞાન પ્રાપ્ત કરવાનો એક માત્ર ઉદ્દેશ આપણી પ્રાર્થનાની ભીતરમાં હોવો જોઈએ.

અહીંયા 'જ્ઞાન' શબ્દ યથાર્થ જ વપરાયો છે, કારણ હંમેશા જ આપણે અને પ્રભુ એક છીએ પણ એ એકત્વનું આપણને જ્ઞાન હોતું નથી. આ જ્ઞાનને અભાવે માને ભૂલી ગયેલાં બાળક જેવાં આપણે બની ગયા છીએ. જો કે મા તો આપણી અંદર હતી જ પણ આપણા ચક્ષુઓ જ બંધ હોય તો શી રીતે એના દર્શન કરી શકીએ? જે પળે જ્ઞાન થાય અને આંખો ખૂલે છે કે માનાં દર્શન થાય છે. આવી જ રીતે આપણા આંતરચક્ષુ ખોલતાં જ પ્રભુની પ્રેમાળ મૂર્તિ દેખાશે. આ જ્ઞાન થતાં જ આપણને ભાગવત કૃપાનો પ્રકાશ દષ્ટિગોચર થશે.

પ્રાર્થનાદ્વારા પ્રાપ્ત થતું પ્રભુનું સાન્નિધ્ય આપણને વધુ ને વધુ પવિત્ર અને માયાળુ બનાવે છે. નામ–જપ પણ પ્રાર્થના જેવી જ શાન્તિ અને પવિત્રતા અર્પે છે, એના દ્વારા જ સાચો આનંદ પ્રાપ્ત થાય છે.

પણ આપણી પ્રાર્થના કેવી હોવી જોઈએ? પ્રાર્થના એ યાચના ન બની જવી જોઈએ. કોઈ પણ ભૌતિક વસ્તુ માટે પ્રાર્થના કરવી યોગ્ય નથી. જો યાચના કરવી જ હોય તો પ્રભુના સાક્ષાત્કારની જ યાચના કરવી જોઈએ. પ્રભુ કહે છે કે "જે કંઈ હું તને આપીશ એ સર્વ ક્ષણભંગુર જ હોવાનું. એક 'હું' જ શાશ્વત છું. જો તું પ્રાર્થશે કે હું તારો બનું તો જરૂર હું તારો બનીશ." પણ ઊંડાણથી તપાસતાં જણાશે કે આપણે પ્રભુને ઈચ્છતા નથી પણ એની આપેલી વસ્તુઓ જ ઈચ્છીએ છીએ. આવી ક્ષણિક વસ્તુઓથી સાચી શાન્તિ કે શાશ્વત આનંદ કયાંથી મળી શકે? આપણે તો પ્રભુને પ્રાર્થના કરવી, કાં તો એ આપણો બને અથવા આપણને એના પોતાના બનાવે. આપણે એના બનીએ કે આપણો બને, એ વસ્તુ આખરે તો એક જ છે. બન્નેમાં અમૃતત્વની જ યાચના છે અને સાચો આનંદ અને શાન્તિ તો એ અમૃતત્વમાં જ હોઈ શકે.

સંકલન: **શ્રી માલતી ખાંડવાળા.**

# સાધના

સાધનાના સ્વરૂપ અને પ્રકારનો આધાર સાધ્ય શું છે તેના ઉપર છે. વ્યાપક અર્થમાં કહીયે તો કોઈ પણ ધ્યેયની પ્રાપ્તિઅર્થે વ્યવસ્થિત પ્રયત્નો કરવા તેનું નામ સાધના. લક્ષ્મી પ્રાપ્ત કરવી હોય તો તે લક્ષ્ય જે રીતે સફળ થાય તેવો માર્ગ લેવો તે તેની સાધના. તેવી જ રીતે, સત્તા, કીર્તિ, જે કાંઈ મેળવવું હોય તેને માટે વિશિષ્ટ પ્રકારની સાધના જરૂરી છે. વિદ્યાર્થીએ પરીક્ષા પાસ કરવી હોય તો તેને માટે સાધના કરવી પડે. કોઈ પણ કાર્યમાં કુશળતા મેળવવી હોય તો તેની સાધના કરવી પડે. આ બધા પ્રકારની સાધ-નામાં મનની કાંઈક એકાગ્રતા અનિવાર્ય છે. ચિત્તને બીજી બધી દિશામાંથી વાળી લઈ, ધ્યેય - જે કાંઈ હોય - તેની સિદ્ધિ અર્થે એકાગ્ર થવું તેમાં સાધનાની સફળતા છે. એકાગ્રતા સાથે કોઈ પણ સાધનામાં ત્યાગ પણ જરૂરી છે. વિદ્યાર્થીએ અભ્યાસ કરવો હોય તો રમતગમત કે મોજશોખ જતા કરવા પડે. લક્ષ્મી પ્રાપ્ત કરવી હોય તો, કેટલીક વખત, શારીરિક સુખ, કૌટુંમ્બિક પ્રેમ કે સહવાસ, એવું ઘણું છોડવું પડે છે. એક મોટી ધનવાન વ્યકિતએ એક વખત મને કહેલું કે, ધન પ્રાપ્ત કરવામાં તેમના ત્યાગ અને તપશ્ચર્યા (તેમની દષ્ટિએ) ઓછાં નથી.

સામાન્યપણે, આપણે સાધનાનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે જીવનની સાધના અથવા આધ્યાત્મિક ઉન્નતિ માટેની સાધના, એ અર્થમાં આ શબ્દનો ઉપયોગ કરીએ છીએ. રવિન્દ્રનાથ ટાગોરનો સાધના ઉપરનો લેખસંગ્રહ આ વિષયનું ગહન નિરૂપણ છે. જીવનનું અંતિમ લક્ષ્ય શું અને તે પ્રાપ્ત કરવાનો માર્ગ શું તે બધાય દર્શનોનો વિષય છે. ચાર્વાક દર્શનને બાદ કરીયે તો, બીજા બધા ભારતીય દર્શનો એકમત છે કે જીવનનું ચરમ ધ્યેય મોક્ષ અથવા ભવચક્રના ફેરામાંથી મુકિત છે. તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે અનેક મતભેદો અથવા વિચારવૈવિધ્ય હોવા છતાં, આચારમાં મોક્ષમાર્ગી બધા દર્શ-નોની એકતા છે. આત્મ - અનાત્મ અથવા જીવપુદ્ગલનો સંબંધ ગમે તે કારણે થયો હોય, અને અનાદિ હોવા છતાં, તે અનંત નથી, તેમાંથી મુકિત છે. કર્મબંધનું કારણ અવિદ્યા કહો, કષાય, વાસના કે તૃષ્ણા કહો, એ બધામાંથી મુકિત મેળવવાની સાધના એક જ છે, પણ આ આચાર - ધર્મનોપાયો, દેહથી આત્મા ભિન્ન છે, જેમ અસી ને મ્યાન, આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રાપ્ત કરવા, દેહાધ્યાસ ઓછો કરવો એ શ્રદ્ધા વિના, આ સાધના નિરર્થક છે. આપણે જેને ધર્મ કહીયે છીયે તે આ સાધના છે. પણ એ ધર્મનું આચરણ શ્રદ્ધાપૂર્વક થાય તે માટે તેનો તાત્વિક પાયો ન હોય તો, તે માત્ર પરંપરાગત વિધિ-નિષેધોમાં જ પરિણમે છે અથવા માત્ર સામાજિક સુખસગવડ ઘાટેના માર્ગ તરીકે સાધન રહે છે. તે તાત્ત્વિક પાયો શ્રીમદ્ રાજચંદ્રે આ શબ્દોમાં કહ્યો છે:–

આત્મા છે, તે નિત્ય છે; છે કર્તા નિજ કર્મ;
ભોકતા વળી મોક્ષ છે; મોક્ષ ઉપાય સુધર્મ.

આ ષટ્પદમાં પહેલા પાંચ પદ જ્ઞાન અથવા શ્રદ્ધાનાં છે. તે પાંચ પદ હોય ત્યારે સુધર્મ, મોક્ષના ઉપાય તરીકે સમજાય છે. સુધર્મનું સમજણપૂર્વક આચરણ થાય તે માટે માણસ મુમુક્ષુ અથવા આત્માર્થી હોવો જોઇએ. આત્માર્થીના લક્ષણ શ્રીમદે વર્ણવ્યા :–

કષાયની ઉપશાંતતા, માત્ર મોક્ષ અભિલાષ;
ભવે ખેદ, પ્રાણી દયા; ત્યાં આત્માર્થ નિવાસ.

જીવનું આત્માર્થી થવું અથવા મોક્ષના અભિલાષી થવું, તે પૂર્વ-કર્મના ઉદયથી થાય, સદ્ગુરુ સમાગમથી થાય, ઊંડી ઝંખનાથી થાય, આ કાંઈક અકળ છે; સતતજાગ્રતિ, આત્મનિરીક્ષણ, ગહન ચિંતન, સ્વયંસ્ફુરણ, કાંઈક નિમિત્ત બને. દીર્ઘકાળની સાધના પણ જરૂરી બને. શ્રીમદે કહ્યું છે:–

વૈરાગ્યાદિ સફળ તો, જો સહ આતમજ્ઞાન,
તેમ જ આતમજ્ઞાનની, પ્રાપ્તિ તણાં નિદાન.
ત્યાગ વિરાગ ન ચિત્તમાં, થાય ન તેને જ્ઞાન,
અટકે ત્યાગ વિરાગમાં, તો ભૂલે નિજ ભાન.

ત્યાગ, વિરાગ વિના જ્ઞાન નથી, પણ ત્યાગ, વિરાગમાં જ અટકે તો ભૂલે નિજ ભાન–ત્યાગ વિરાગ, માત્ર આતમજ્ઞાનની પ્રાપ્તિના નિદાન છે, અંતિમ ધ્યેય આત્મજ્ઞાન છે.

મારો અનુભવ એવો છે કે સામાન્ય જન માટે, માનવસેવા, પ્રાણિદયા અને બને તેટલા, સામાજિક કલ્યાણના કાર્યો, સાધનાનો રાજમાર્ગ છે. તેમાં ત્યાગ અને નમ્રતા, કેળવાય છે અને મૂર્છા ઓછી થાય છે. તે સાથે અભ્યાસ અને ચિન્તન હોય તો જાગ્રતિ રહે છે, કષાય ઓછા થાય છે અને પ્રસન્નતા વધે છે. આ બધાનો પાયો ચિત્તની સ્થિરતા છે. ભટકતા મનને રોકવું, કાચબો જેમ શરીર સંકોરે છે તેમ, વિષયોમાંથી ઇન્દ્રિયોને પાછી ખેંચવી એટલે કે સંયમને જીવનનો પાયો બનાવવો અને તેને બને તેટલો વધારતા રહેવું. આ માર્ગે જતાં, સાંસારિક પ્રવૃત્તિઓ પ્રત્યે ઉદાસીનતા આવે એ સ્વભાવિક છે. વિચરે ઉદયપ્રયોગ–આ સાધના છે.

૨૨–૬–૭૦ **ચીમનલાલ ચકુભાઈ**

# 'મારો કચ્છ'

(ગાંધીજીની મૂળ આત્મકથા જ્યાંથી પૂરી થાય છે ત્યાર પછીના તેમના જીવનની કથા તેમનાં જ કથનોને સંકલિત કરીને ભૂમિપુત્રમાં કેટલાક સમયથી આત્મકથા: 'ઉત્તરકાંડ' એ મથાળા નીચે પ્રગટ થઈ રહેલ છે. આ આત્મકથા: ઉત્તરકાંડ સંકલિત કરનાર છે શ્રી. વાલજી ગોવિંદજી દેસાઈ: આમાંનો ૫૦મો હતો પોતાના પહેર-વેશમાં પરિવર્તન કરતાં કરતાં માત્ર કચ્છ ધારણ કરવાના નિર્ણય ઉપર ગાંધીજી કેમ અને કયા સંયોગોમાં આવ્યા તેની વિગતો રજૂ કરે છે. આ વિગતોમાં ગાંધીજીના દિલમાં રહેલી કરુણા અને દીન-દલિત જનો સાથેની આત્મીયતા સાધવાની ઉત્કટતાનું આપણને અપૂર્વ દર્શન થાય છે. ગાંધીજીનું જ્યારે ચોતરફ અવમૂલ્યન થઈ રહ્યું છે ત્યારે ગાંધીજી વિશે સમ્યક્ દર્શન પ્રામ કરવામાં આ વિગતો ઉપયોગી નીવડશે. **પરમાનંદ**)

મારી જિંદગીમાં મેં જે ફેરફારો કર્યા છે તે મહાન પ્રસંગોને લીધે જ કર્યા છે. [અને તે પૂર્ણ વિચારપૂર્વક કર્યા છે.] વળી તે ફેરફાર કર્યા વિના મારાથી જ્યારે નથી રહેવાયું ત્યારે જ મેં તે કર્યા છે. એવો ફેરફાર મેં મદુરામાં મારા પોશાકમાં કર્યો.

પ્રથમ વિચાર મને બારીસાલમાં થયેલો. ખુલનાના દુષ્કાળ-પીડિત લોકોને સારુ મને મેણાં મારી કહેવામાં આવ્યું કે [યા] ભૂખે ને નાગા મરે છે ત્યારે તમે કપડાં બાળો છો. ત્યારે મને લાગ્યું કે માત્ર કચ્છભેર રહી મારું ધોતિયું - પહેરણ ડૉ. રાયને મોકલું, પણ મેં મારા ઊભરાને રોકયો, [કેમ કે] તેમાં હુંપણું હતું. હું જાણતો હતો કે મેણામાં કાંઈ વજૂદ ( છે નહિં]. ખુલના મદદ જતી હતી ને એક બંગાળી જમીનદાર જ તેનું (કષ્ટ) નિવારણ કરવા સમર્થ હતા. ત્યારે મારે કાંઈ જ કરવાની જરૂર નહોતી.

બીજો પ્રસંગ મારા સાથી મહમદઅલી મારા દેખતાં જ પકડાયા ત્યારે આવ્યો. તે પકડાયા પછી તરત હું સભામાં ગયો, તે જ વેળા પહેરણ - ટોપી ઉતારવાનો (વિચાર આવ્યો). પણ તેમાં દેખાવ થવાનો દોષ આવશે એમ ધારીને મેં મારા આવેશને રોકયો.

ત્રીજો પ્રસંગ મદ્રાસની મુસાફરીમાં આવ્યો. લોકો કહે કે 'અમારી પાસે પૂરી ખાદી જ નથી; અને ખાદી મળે છે તો પૈસા

નથી: મજૂર પોતાનાં પરદેશી કપડાં બાળે તો પછી ખાદી ક્યાંથી લાવે? આ મારા હૃદયમાં પેસી ગયું. આ દલીલ મને સાચી [લાગી] 'ગરીબ શું કરે?' એ ધ્વનિએ મને અકળાવ્યો. મારું દુ:ખ મેં (મિત્રો) આગળ મૂકયું ને કહ્યું કે મારે હવે કચ્છભેર જ રહેવું જોઈએ ...

ચાર દિવસ લગી મેં વિચારો ઘોળ્યા જ કર્યા. ભાષણમાં કહ્યું કે 'ખાદી ન મળે તો માત્ર લંગોટીથી જ ચલાવજો, પણ પરદેશી કપડાં તો કાઢજો જ.'

પણ એમ કહેતાં હું મનમાં સંકોચાતો હતો; હું ધોતિયું, પહેરણ વગેરે પહેરું ત્યાં સુધી મારા બોલવામાં કાંઈ જોર ન લાગ્યું.

વળી મદ્રાસમાં સ્વદેશીનો અભાવ જોયો તેથી પણ હું ગભરાયો. લોકોનો પ્રેમ ખૂબ પણ લૂખો લાગ્યો. વળી પાછો મને ઊથલો માર્યો. વળી સાથીઓ સાથે ચર્ચા કરી. દરમ્યાન સપ્ટેમ્બરનો અંત નજર આગળ તરવા લાગ્યો. સપ્ટેમ્બરના અંત પહેલાં બહિષ્કાર પૂરો થવો જોઈએ; એ કેમ થાય? અથવા તેને સારું હું શું કરું?

આમ [કરતાં] તા. ૨૨ મીની રાતે અમે મદુરા પહોંચ્યા. મેં તોડ કાઢયો કે ઓછામાં ઓછું ઑકટોબર આખર સુધી તો મારે માત્ર કચ્છભેર જ રહેવું, પ્રાત:કાળમાં મદુરાના વણકરોની સભા હતી ત્યાં હું કચ્છભેર હાજર રહ્યો. આજે ત્રીજી રાત છે.

મૌલાના આઝાદ સોબાનીએ પણ શરિયત [ની મર્યાદામાં રહીને] કરી શકાય તેટલા ફેરફાર કર્યા છે. ઈજારને બદલે લૂંગી ને કોણી લાગી પહોંચે એવડું કુડતું લીધું છે. નિમાજને વખતે માથે કાંઈક જોઈએ એટલે તેટલી વાર માથે ટોપી પહેરે. બીજા સાથી શાન્ત છે. મદ્રાસની [જનતા] આશ્ચર્યવત્ ... જોયા કરે છે ...

[આથી] મારા ઉપરથી તો બોજો જ ઊતર્યો છે. અહિની હવામાં આઠ માસ લગી તો પહેરણ વગેરેની જરૂર નથી લાગતી. (તળ-મદ્રાસમાં) તો બારે માસ ટાઢ જેવું જ કાંઈ નથી હોતું. અને મદ્રાસમાં [ભલભલા] પણ ધોતિયાં સિવાય બીજું ઓછું જ પહેરે છે.

[સારાંશ] વાંચનાર મારા મનનો તાપ સમજે. કોઈ બીજા કચ્છભેર રહે એમ હું નથી ઈચ્છતો, પણ એટલું જરૂર ઈચ્છું છું કે તેઓ વિદેશી કાપડના બહિષ્કારનો અર્થ પૂરો સમજે અને બહિષ્કાર કરાવવા તથા ખાદી ઉત્પન્ન કરાવવા બનતો પ્રયત્ન કરે, સ્વદેશીમાં સર્વસ્વ છે એમ [જાણે] (પા. ૧૩૯૫ - ૯૭, ૨-૧૦-૧૯૨૧).

સંકલન કરનાર : શ્રી વાલજી ગોવિંદજી દેસાઈ

## રેવ. ફાધર આર. એચ. લેસરનો પરિચય

ચાલુ, પર્યુષણ વ્યાખ્યાનમાળાનો એક વ્યાખ્યાતા રેવ. ફાધર આર. એસ. લેસરનો ઈ. સ. ૧૯૨૮માં ઈંગ્લાંડ ખાતે જન્મ થયેલો અને ઈ. સ. ૧૯૩૨માં તેમનું ભારત ખાતે આવવાનું બનેલું જ્યાં તેમણે પોતાનું બાળપણ વ્યતીત કર્યું અને આબુ અને કલકત્તા ખાતે તેમણે શિક્ષણ પ્રાપ્ત કરવામાં કેટલોક સમય ગાળ્યો. ૧૯૪૯માં તેઓ એક ધર્મોપદેશકની તાલીમ મેળવવા માટે ઈંગ્લાંડ પાછા ફર્યા. ૧૯૫૫માં તેમને ધર્મગુરુની દીક્ષા મળી અને ઉદયપુરના સેન્ટ પૉલ્સ ચર્ચમાં તેમની ધર્મોપદેશક તરીકે નિમણૂક થઈ. ૧૯૫૭માં તેમની દક્ષિણ રાજસ્થાન ખાતે બદલી થઈ જ્યાં તેમણે ભીલ આદિવાસીઓના ઉદ્ધારકાર્ય પાછળ આજ સુધી સેવા આપી છે.

તેમણે ઉદયપુર, જયપુર, મુંબઈ, દિલ્હી, કલકત્તા, મદ્રાસ, બેંગ્લોર, મેંગ્લોર વગેરે અનેક સ્થળોએ છુટા છવાયાં ધાર્મિક વ્યાખ્યાનો આપ્યા છે. તેમનાં આજસુધીમાં ૧૬ પુસ્તકો પ્રગટ થયાં છે અને બીજાં બે અત્યારે પ્રેસમાં છે અને કેટલાક સામયિકોમાં— ખાસ કરીને મુંબઈના 'સન્ડે સ્ટાન્ડર્ડ'માં, દિલ્હીના 'થોટ' પત્રમાં નૈતિક અને આધ્યાત્મિક ઉદ્ધારને અનુલક્ષીને તેમણે ૪૦૦ થી વધારે લેખો, ગ્રંથાવલોકનો અને વાર્તાઓ લખેલ છે. તેઓ જો કે બ્રિટિશ નાગરિક છે એમ છતાં તેમનું દિલ, દિમાગ અને આત્મા આરપાર ભારતીય છે અને ભારતીય નાગરિકતા પ્રાપ્ત કરવા માટે તેમણે અરજી પણ કરી છે.

## ઘાટકોપર ખાતે યોજાયેલી ચોથી વર્ષા વ્યાખ્યાનમાળા

### કાર્યક્રમ

શનિવાર તા. ૨૯-૮-૭૦ થી રવિવાર ૬-૯-૭૦

સમય: દરરોજ રાતના ૯-૦૦ થી ૧૦-૩૦

સ્થળ: ઘાટકોપર હિન્દુ સભા, ઘાટકોપર, મુંબઈ ૮૬.

| તા. | વાર | વકતા | વિષય |
|---|---|---|---|
| ૨૯ | શનિ | ડૉ. રાજેન્દ્ર વ્યાસ | અપંગોનું પુનર્વસન |
| ૩૦ | રવિ | શ્રી નીરાબેન દેસાઈ | પલટાતું સ્ત્રીજીવન |
| ૩૧ | સોમ | શ્રી કનૈયાલાલ દવે | કવિ દરબાર |
| ,, | ,, | શ્રી ગજાનંદ ભટ્ટ | (માનવ મંદિરના સૌજન્યથી) |
| ૧ | મંગળ | શ્રી ગુલાબદાસ બ્રોકર | સાહિત્યકારો અને રાષ્ટ્રીય એકતા |
| ૨ | બુધ | શ્રી હિંમતલાલ વૈદ્ય | માનવજીવન અને આયુર્વેદ |
| ૩ | ગુરૂ | શ્રી હર્ષિદાબેન પંડિત | બે પેઢી વચ્ચેનું અંતર |
| ૪ | શુક્ર | શ્રી શાહુ મોડક | પુરાના જીવન નયા દર્શન |
| ,, | ,, | શ્રી પ્રતિભા મોડક | નયા જીવન પુરાના દર્શન |
| ૫ | શનિ | શ્રી બકુલ ત્રિપાઠી | જીવનનો ઉલ્લાસ |
| ૬ | રવિ | શ્રી એ. એન દીક્ષિત | શિક્ષણ અને સંસ્કૃતિ |

યોજકો : ઘાટકોપર હિન્દુ સભા અને ઘાટકોપર નાગરિક મંડળ

## થોડાક સમાચાર

### શ્રી ઉમાશંકર જોષીનો વ્યાખ્યાન વિષય

સંઘ તરફથી યોજાયલી પર્યુષણ વ્યાખ્યાનમાળા તા. ૫ સપ્ટેમ્બર શનિવારના રોજ ગોઠવવામાં આવેલ છે. શ્રી ઉમાશંકર જોષીના વ્યાખ્યાનનો વિષય "સામાજિક ક્રાન્તિ અને અહિંસા" આ પ્રમાણે રહેશે.

### બહેન અરુણા ઝવેરી જાપાનના પ્રવાસેથી સુખરૂપ પાછા ફર્યા

બહેન અરૂણા ઝવેરી જેઓ તા. ૩૦ મી જુલાઈના રોજ અહિંથી જાપાન જવા માટે વિદાય થયેલા, તેઓ ધાર્યા મુજબનો પ્રવાસ પૂરો કરીને તા. ૨૨-૮-૭૦ ના રોજ સુખરૂપ પાછા ફર્યા છે.

મંત્રીઓ,

મુંબઈ જૈન યુવક સંઘ

## કેટલીક ભૂલ-સુધારણા

તા. ૧-૮-૭૦ ના 'પ્રબુદ્ધ જીવન'માં 'સ્ત્રી જાતિના પડછાયાથી પણ દૂર રહેવા માગતા યોગીજી મહારાજ' એ મથાળા નીચેના મારા લેખમાં સ્વામીનારાયણ સંપ્રદાયના આદ્યસ્થાપક ૫૦૦ - ૬૦૦ વર્ષ ઉપર થઈ ગયા હોવાનું જણાવ્યું છે. આ વિધાનમાં રહેલા હકીકત-દોષ પ્રત્યે મારૂં ધ્યાન ખેંચતાં એક મિત્ર જણાવે છે કે તેમના દેહનો વિલય થયાને ૧૫૦ વર્ષ પણ પૂરાં થયા નથી. અને ૧૮૨૫માં તેઓ નડિયાદના આર્ચ બિશપને મળેલા એ હકીકત નોંધાયેલી છે.

તા. ૧૬-૮-૭૦ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ 'શબ્દ-સ્વરના અજોડ ઉપાસક કવિવર રવીન્દ્રનાથ ટાગોર' એ લેખ ઉપરની મારી નોંધમાં ઓગસ્ટ માસની સાતમી તારીખ કવિવરની ૧૦૦ મી જન્મતિથિ હોવાનું જણાવ્યું છે. આમાં પણ હકીકતદોષ છે. વસ્તુત: ૧૯૪૧ ની સાતમી ઓગસ્ટ કવિવર ટાગોરની મૃત્યુતિથિ છે. એ હિસાબે ગઈ સાતમી ઓગસ્ટ કવિવરની ૨૯ મી વાર્ષિક મૃત્યુ તિથિ ગણાય. તેમનો જન્મ સને ૧૮૬૧ ના મે માસની છઠ્ઠી તારીખે થયો છે.

એ જ લેખમાં કવિવરે સ્થાપેલ શાન્તિનિકેતન 'બેલાપુર' પાસે હોવાનું જણાવ્યું છે. તેની જગ્યાએ 'બોલપુર' વાંચવું.

એ જ લેખમાં બીજા કોલમને છેડે 'છો આવ પ્રાને' એમ છપાયું છે તેના સ્થાને 'છોઆવ્ પ્રાને' એમ વાંચવું.

આવી ક્ષતિઓ થવા માટે ક્ષમા પ્રાર્થું છું. પરમાનંદ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૦

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, સપ્ટેમ્બર ૧૬, ૧૯૭૦, મંગળવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૫૦ પૈસા

તંત્રી : પરમાનંદ કુંવરજી કાપડિયા

## રાજવીઓનાં સાલિયાણાં અને વિશેષ અધિકારો

રાજવીઓના સાલિયાણા અને વિશેષ અધિકારોને લગતી બંધારણમાં જે કલમો છે તે નીચે મુજબ છે:

(291) Where under any covenant or agreement entered into by the Ruler of any Indian State before the commencement of this constitution, the payment of any sums, free of tax, has been guaranteed or assured by the Government of the Dominion of India to any Ruler of such state as privy purse—

(a) Such sums shall be charged on, and paid out of, the Consolidated Fund of India; and

(b) The sums so paid to any Ruler shall be exempt from all taxes on income.

(362) In the exercise of the power of Parliament or of the Legislature of a State to make laws or in the exercise of the executive power of the Union or of a State, due regard shall be had to the guarantee or assurance given under any such covenant or agreement as is referred to in article 291 with respect to the personal rights, previlages and dignities of the Ruler of an Indian State.

(363) (1) Notwithstanding anything in this Constitution but subject to the provisions of artcle 143, neither the Supreme Court nor any other court shall have jurisdiction in any dispute arising out of any provision of a treaty, agreement, convenant, engagement, sanad or other similar instrument which was entered into or executed before the commencement of this Constitution by any Ruler of an Indian State and to which the Government of the Dominion of India or any of its predecessor Governments was a party and which has or has been continued in operation after such commencement, or in any dispute in respect of any right accruing under or any liability or obligation arising out of any of the provisions of this Constitution relating to any such treaty, agreement, covenant, engagement, sanad or other similar instrument.

366(22) "Ruler" in relation to an Indian State means the Prince, Chief or other person by whom any such covenant on agreement as is referred to in clause (1) of article 291 was entered into and who for the time being is recognised by the President as the Ruler of the State, and includes any person who for the time being is recognised by the President as the successor of such Ruler;

રાજવીઓનાં સાલિયાણાં અને વિશેષ અધિકારો સંબંધે હાલ જે વિવાદ જાગ્યો છે તે બરાબર સમજવા માટે બંધારણમાં તેને લગતો પ્રબંધ પૂરો લક્ષમાં લેવો જરૂરી હોવાથી ઉપરની કલમો મેં પૂરી ઉતારી છે.

રાજાઓનાં સાલિયાણાં અને વિશેષ અધિકારો રદ કરવામાં વચનભંગ છે અને રાજાઓએ કરેલ ત્યાગને લક્ષમાં લઈ, આવું કોઈ પગલું સરકારે લેવું ન જોઈએ, તેની ચર્ચા અત્યારે નહિ કરું. તે વિશે મેં પૂર્વે લખ્યું છે. સ્વતંત્ર પક્ષ અને જનસંઘને બાદ કરતાં, બીજા બધા પક્ષો, પલટાયેલ પરિસ્થિતિમાં, આ સાલિયાણાં અને વિશેષ અધિકારો હવે ચાલુ રહી ન શકે તે મતના છે. અવિભકત કૉંગ્રેસે આ વિષે ૧૯૬૭ માં ઠરાવ કર્યો હતો. કૉંગ્રેસમાં ભંગાણ પડયા પછી, બન્ને કૉંગ્રેસે આ ઠરાવનું પુન: સમર્થન કર્યું છે. શ્રી મોરારજી દેસાઈ એમ માને છે કે સાલિયાણાં રદ કરવાનું પગલું ગેરવાજબી છે, પણ પક્ષની શિસ્ત ખાતર તેઓ સ્વીકારે છે. મહાભારતના ભિષ્મપિતામહ अर्थस्य दासोऽहम् કહીને કૌરવોને પક્ષે રહ્યા હતા. વર્તમાન ભિષ્મપિતામહ, पक्षस्य दासोऽहम् કહીને પોતે જેને અનીતિમય માને છે. તેવું વર્તન કરવા તૈયાર થયા છે.

હવે આ વિશે બંધારણમાં શું પ્રબંધ છે તે જોઈએ. એક હકીકત સ્પષ્ટ સમજી લેવાની જરૂર છે. સાલિયાણાં અથવા વિશેષ અધિકારો **બંધારણથી** આપવામાં આવ્યા નથી. બંધારણ અમલમાં આવ્યું તે પહેલાં, રાજાઓ સાથે થયેલ કરારો અથવા સંધિઓમાં સાલિયાણાં આપવાનો અને વિશેષ અધિકારોનો પ્રબંધ છે. બંધારણની જે કલમો મેં ઉપર ટાંકી છે તેનો અર્થ નીચે પ્રમાણે છે:

કલમ ૨૯૧ માં એટલો જ પ્રબંધ છે કે બંધારણ શરૂ થયું તે પહેલાં થયેલ કરારો મુજબ આપવાનાં સાલિયાણાં કયા ખાતામાંથી અથવા ફંડમાંથી આપવા, એટલે કે Consolidated fund of India, જે મધ્યસ્થ સરકારનું મુખ્ય નાણા ભંડોળ છે, તેમાંથી આપવા અને કરાર મુજબ તે આવક વેરાથી મુકત હોય તો, એવી રીતે મુકત રહેશે.

કલમ ૩૬૨ નો અર્થ એ છે કે બંધારણ શરૂ થયું તે પહેલા થયેલ કરારો મુજબ, રાજાઓના કેટલાક વિશેષ અધિકારો સ્વીકારવામાં આવ્યા છે, તેથી, કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર કોઈ કાયદો કરે અથવા બીજો કોઈ હુકમ બહાર પાડે તેમાં, આવા વિશેષ અધિકારોને કાંઈ બાધ ન આવે તે ખાસ લક્ષમાં રાખવું.

કલમ ૩૬૩ અતિ મહત્ત્વની છે. આ કલમ મુજબ, બંધારણમાં જે કાંઈ લખ્યું છે તે છતાં, બંધારણ અમલમાં આવ્યું તે પહેલાં રાજાઓ સાથે થયેલ કરારો અને સંધિઓની બાબતમાં કોઈ તકરાર કે મતભેદ થાય, અથવા બંધારણમાં કરારો અને સંધિઓનો ઉલ્લેખ છે તેની કોઈ બાબતમાં પણ કોઈ મતભેદ અથવા તકરાર થાય તો, આવા કોઈ મતભેદ કે તકરારનો નિર્ણય કરવા સુપ્રિમ કૉર્ટ અથવા બીજી કોઈ કૉર્ટને કાંઈ જ અધિકાર નથી.

કલમ ૩૬૬ (૨૨) માં રાજાની વ્યાખ્યા આપી છે, જે મુજબ પ્રેસિડન્ટ જે વ્યકિતને રાજા તરીકે સ્વીકારે તે રાજા ગણાય.

આ કલમો ઉપરથી બે મુદ્દા સ્પષ્ટ થાય છે. સાલિયાણાં અને વિશેષ અધિકારો બંધારણથી ઉદ્ભવતા નથી, પણ બંધારણ અમલમાં આવ્યું તે પહેલાં, રાજાઓ સાથે થયેલ કરારો અને સંધિઓનું પરિણામ છે, બીજું, આ કરારોથી ઉત્પન્ન થતી કોઈ બાબતમાં, કોર્ટને નિર્ણય આપવાનો કોઈ અધિકાર નથી. આનું કારણ એ છે કે આ કરારો એ રાજકીય કરારો છે, Political engagements or covenants રાજ્ય-રાજ્ય વચ્ચે Betweens two states થયેલ Treaties છે. સામાન્ય અર્થમાં કહીએ તેવા Contracts કે વચનો નથી. Political Treaties વિશિષ્ટ સંજોગોમાં કરવી પડે છે. સંજોગો પલટાતાં તેમાં ફેરફાર આવશ્યક થાય છે. તે ફેરફાર કેવા હોવા જોઈએ તે નિર્ણય રાજ્ય સરકારે કરવાનો છે. તેમાં કૉર્ટની હકુમત ન હોય. Political, Social, Economic Considerations તેમ જ પલટાયેલી પરિસ્થિતિ લક્ષમાં લેવાની હોય છે. તે કૉર્ટનું કામ નથી. આવા કરાર એક પક્ષી રીતે રદ કરવામાં આવે તો પણ કૉર્ટ મારફત તેનો કાંઈ ઉપાય નથી. રદ કરવા કે નહિ અથવા કેટલે દરજ્જે કરવા તેનો આધાર પ્રજામત અને રાજકીય ડહાપણ ઉપર રહે છે.

કલમ ૨૯૧ અને ૩૬૨માં બંધારણ પૂર્વે કરેલ કરારોનો અમલ કેવી રીતે કરવો તેની જોગવાઈ છે. પ્રીવીપર્સ ક્યાંથી આપવી, વિશેષ અધિકારોને બાધ આવે તેવો કોઈ કાયદો ન કરવો વિગેરે. કરારો જ ન હોય અથવા રદ થાય તો આ કલમો નિરર્થક બને છે કરારો રદ કરવા કોઈ બંધારણીય સુધારો અથવા પાર્લામેંટની મંજુરીની જરૂર નથી. એ રાજકીય પગલું છે, જે સરકાર વહીવટી રીતે લઈ શકે છે. જે બંધારણીય સુધારો રજૂ થયો હતો અને પસાર ન થયો, તેમાં કલમ ૨૯૧, ૩૬૨ અને ૩૬૬ (૨૨) રદ કરવાની જોગવાઈ હતી. એ સુધારો પસાર થયો હોત તો પણ, કરારો રદ કરવાનું પગલું તો સરકારે લેવાનું જ હતું, જે હવે લીધું છે. એ સુધારો પસાર થયો હોત તો પણ, કરારો આપોઆપ રદ થતા ન હતા.

તો પછી, સરકારે આ સુધારો શા માટે રજૂ કર્યો? ઈન્દિરા ગાંધીએ પાર્લામેન્ટમાં કહ્યું તેમ, આ સુધારા વિના સરકાર કરારો રદ કરી શકે છે. એવું પગલું ભરવામાં સરકારને પાર્લામેંટની ૨/૩ જેટલી મોટી બહુમતીનો ટેકો છે તે બતાવવા માટે અને પાર્લામેંટની મંજુરીની મહોર લઈને આ પગલું તેને ભરવું હતું તે માટે સુધારો રજૂ કર્યો હતો. આ સુધારાને ૨/૩ બહુમતી મળી રહેશે એવી સરકારને ખાત્રી હતી, કારણ કે જન સંઘ અને સ્વતંત્ર પક્ષ સિવાય, બીજા બધા પક્ષો ટેકો આપશે એવી ગણતરી હતી. પણ સંસ્થાકીય કૉંગ્રેસે છેલ્લી ઘડીએ પોતાનું વલણ બદલાવ્યું અને સુધારાનો વિરોધ કર્યો. આ સુધારાથી વચનભંગ થાય છે અથવા સાલિયાણાં અને વિશેષ અધિકારો રદ કરવા તે અયોગ્ય અથવા ખોટું છે એમ તો સંસ્થાકીય કૉંગ્રેસ કહી શકે તેમ ન હતું. એટલે કારણ એ આપ્યું કે સરકાર જે રીતે આ સુધારો કરે છે તે તેમને પસંદ નથી. આ રીતમાં બે બાબત કહી. એક, રાજાઓને આપવાના વળતરનો તેમાં પ્રબંધ નથી અને બીજું, કલમ ૩૬૩ પણ રદ કરવી જોઈએ, જેથી રાજાઓ કોર્ટમાં જઈ આ સુધારાને પડકાર આપી શકે. આ બન્ને કારણો પાયા વિનાનાં છે અને સંસ્થાકીય કૉંગ્રેસનો વિરોધ સરકારને હાર આપવી અને તેને કફોડી સ્થિતિમાં મૂકવી એ રાજકીય હેતુથી હતો. રાજાઓને વળતર આપવું એવો કોઈ ઉલ્લેખ કૉંગ્રેસના કોઈ ઠરાવમાં નથી. ભંગાણ પડયા પછી સંસ્થાકીય કૉંગ્રેસે ઠરાવ કર્યો તેમાં પણ નથી. અલબત્ત, સરકારે જાહેર કર્યું હતું કે વળતર આપવામાં આવશે. કેટલાક પક્ષો એમ માને છે કે રાજાઓએ ઘણું ભોગવ્યું છે અને બિલકુલ વળતર આપવું ન જોઈએ. વળતરનો પ્રબંધ આ જ ખરડામાં કર્યો હોત તો, આવા પક્ષોનો ટેકો આ સુધારાને ન મળત. વળતર આપવાનો કાયદો સામાન્ય બહુમતીથી થઈ શકે અને તે પછી લાવવામાં આવશે એમ જાહેર કર્યું હતું. સંસ્થાકીય કૉંગ્રેસે એવો આક્ષેપ કર્યો કે રાજાઓને લાલચ આપી પોતાના પક્ષે લેવાની ઈન્દિરા ગાંધીની આ એક ચાલ હતી. એ પરિસ્થિતિ તો એમ પણ હતી જ અને હજી પણ રહે છે. કલમ ૩૬૩ રદ કરવી એ માગણી ગેરવ્યાજબી હતી. રાજાઓને પોતાના પક્ષે લેવાની સંસ્થાકીય કૉંગ્રેસની આ ચાલ હતી. સુધારો પસાર કરવો અને તેને પડકારવાની જોગવાઈ, જે પહેલેથી નથી, તે હવે કરી આપવી એ આશ્ચર્ય જનક વલણ છે.

સંસ્થાકીય કૉંગ્રેસના વિરોધ છતાં, લોકસભામાં ૨/૩થી વધારે મતે સુધારો પસાર થયો અને રાજ્ય સભામાં એક મતે ઊડી ગયો. આ એક અકસ્માત હતો. ઈન્દિરા ગાંધીએ અતિ ઝડપથી-ઉતાવળથી – પગલું લીધું અને કોઈ બંધારણીય સુધારા વિના કરારો રદ કરવાનો સરકારને અધિકાર છે તે અભિપ્રાય મુજબ રાજાઓને આપેલ સ્વીકૃતિ (Recognition) પાછી ખેંચી લીધી. એટલે કે કરારો રદ કર્યા. સરકારના આ પગલા વિષે મતભેદને પૂરો અવકાશ છે અને રાજાઓ કોર્ટે જઈ રહ્યા છે. સરકાર એમ કહી શકે કે પાર્લામેંટ મારફત, પોતે લેવા ધારેલ પગલા માટે, લોકમત જાણવો હતો અને સરકારને ખાત્રી થઈ છે કે આ પગલાને મોટી બહુમતીનો ટેકો છે અને સંસ્થાકીય કૉંગ્રેસે પોતાનું વલણ રાજકીય હેતુથી બદલાવ્યું ન હોત તો આ પરિસ્થિતિ ઊભી ન થાત. સામાન્ય પ્રજામાં એવી છાપ રહે કે, પાર્લામેંટની મંજુરી મેળવવા પ્રયત્ન કર્યા પછી, તે મંજુરી ગમે તે કારણે ન મળી, છતાં પણ આ પગલું લીધું - તેમાં લોકશાહી રીતને ખતરો છે અને પાર્લામેંટની અવગણના છે.

આ આખો ય પ્રશ્ન કાંઈક અણઆવડત અને ઉતાવળથી, ગૂંચવાયો છે. રાજ્યોનું વિલીનીકરણ સરદારે વાટાઘાટથી કર્યું તેના પ્રમાણમાં આ તો અતિ ગૌણ પ્રશ્ન છે. સરકારે રાજાઓ સાથે વાટાઘાટો કરી. પહેલા મોરારજીભાઈએ કરી, પછી ચવ્હાણે, છેવટે ઈન્દિરા ગાંધીએ. ચવ્હાણે પાર્લામેંટમાં કહ્યું કે રાજાઓનું વલણ ઉકેલમાં સહાયભૂત ન હતું. રાજાઓએ ફરિયાદ કરી કે વાટાઘાટ ચાલતી હતી તે દરમ્યાન સરકારે અચાનક પાર્લામેંટમાં સુધારો રજૂ કરવાનો નિર્ણય લીધો તેમાં રાજકીય હેતુ હતો. કોણે વધારે ખેંચ્યું અથવા ચાલાકી વાપરવા પ્રયત્ન કર્યો તે કહેવું મુશ્કેલ છે. રાજાઓ પણ જાણે છે કે આવા સાલિયાણાં અને વિશેષ અધિકારો હવે ટકે નહિ. આ કોઈ ૪-૫ કરોડ રૂપિયા બચાવવાનો પ્રશ્ન નથી. કરોડો ખવાઈ જાય છે. ત્યાં ૪-૫ કરોડનો શું હિસાબ? આવાં સાલિયાણાં અને

વિશેષ અધિકારો માત્ર ઐતિહાસિક અવશેષો જ છે અને જવા જોઈએ એ વિષે કોઈ મતભેદને અવકાશ નથી. સ્થાપિત હિતો તેનો બચાવ કરે અને લોકશાહી અને નીતિની વાતો કરે તે પોતાના સ્થાપિત હીતોના રક્ષણ માટે જ છે. રાજાઓને વળતર આપવામાં, આ સરકાર, બૅન્કોના રાષ્ટ્રીયકરણમાં કર્યું તેમ, ઉદાર–ઉડાઉ–રહેવાની છે. જે પ્રશ્નનો ઉકેલ સરળતાથી સમજણપૂર્વક થઈ શકયો હોત તે પ્રશ્નને બધા પક્ષોએ, પોતાના રાજકીય હેતુઓ પાર પાડવા, જટિલ બનાવી દીધો. રાજાઓના સાલિયાણાં નાબૂદ કરવાથી કોઈ મોટી ક્રાંતિ થઈ જવાની નથી.

કૉર્ટમાં શું થશે? સરકાર કલમ ૩૬૩ ઉપર આધાર રાખે છે. આ બાબતમાં કોર્ટને કોઈ હકુમત નથી એમ સરકારી નિષ્ણાતોનો અભિપ્રાય છે. આ અભિપ્રાય સબળ જણાય છે. આમ છતાં આ બાબતમાં સુપ્રિમ કોર્ટ જુદો અભિપ્રાય આપે–આ બાબતમાં પણ સુપ્રિમ કોર્ટ સરકારના આ પગલાને ગેરકાયદે ઠરાવે તો મને આશ્ચર્ય નહિ થાય. બંધારણની કલમોનો અર્થ કરવામાં સુપ્રિમ કોર્ટનો ચુકાદો છેવટનો રહે છે. પછી, પોતાની નીતિના અમલમાં આવાં ચુકાદાથી ઉત્પન્ન થતાં અવરોધો દૂર કરવા, સરકારે બીજા પગલાં લેવા પડે છે. આખરી ચૂકાદો તો પ્રજાનો છે, કોર્ટનો નહિ.

તા. ૧૧–૯–૭૦ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

## સાભાર-સ્વીકાર

**અણુવ્રત: સાધના વિશેષાંક** સંપાદક: રિષભદાસ રાંકા, પ્રકાશક: બાલચંદજી, અ. ભા. અણુવ્રત સમિતિ, છતરપુર રોડ, મહારોલી, ન્યુ દિલ્હી-૩૦. કિંમત રૂા. ૩-૫૦.

**રામના રસિયા**: સંપાદક: પુનિત પદરેણુ, પ્રકાશક: પુનિત પ્રકાશન મંદિર, ચંદુલાલ શકરાલાલ પ્રજાપતિ. મણિનગર, અમદાવાદ-૮ કિંમત ૧-૨૫.

**મુકિતધામ વૃન્દાવન:** લેખક: ઈશ્વરલાલ મ. મહેતા પ્રકાશક: ઉપર મુજબ. કિંમત ૧-૨૫.

**પ્રીતમના પ્રેમીઓ:** સંપાદક: પુનિત પદરેણુ, પ્રકાશક: ઉપર મુજબ કિંમત ૧-૨૫.

**બાપુની બલિહારી ભાગ - ૧**: લેખક: પુનિતપ્રિય, પ્રકાશક: ઉપર મુજબ કિંમત -૧-૨૫.

**રોગ અને આરોગ્ય: ભાગ - ૨**, લેખક: ડૉ. હરકિશનદાસ ગાંધી, પ્રકાશક: ઉપર મુજબ કિંમત ૧-૨૫.

**મનોવૈજ્ઞાનિક માર્ગદર્શન ભાગ ૧–૨** લેખક: સતીશચંદ્ર પ્ર. દેસાઈ, પ્રકાશક: ઉપર મુજબ. કિંમત બંને ભાગની ૨-૫૦.

**ઉત્તરની યાત્રા**, ભાગ ૧–૨ લેખક: યોગેશ્વર, પ્રકાશક: ઉપર મુજબ કિંમત બંને ભાગના ૨-૫૦.

**રાજ્યશાસ્ત્ર–વિચાર**: લેખક: પુરુષોત્તમ ગણેશ માવલંકર, પ્રકાશક સન્નિષ્ઠ પ્રકાશન, માવલંકર હવેલી, ભદ્ર, અમદાવાદ - ૧. કિંમત રૂા. ૩-૫૦.

**સોવિયેત હોસ્પીટલની મારી ડાયરી અને બીજા લેખો:** લેખક: મણિભાઈ ગિ. શાહ, પ્રકાશક: સમાચાર સંચય, વિલેપારલે–પશ્ચિમ, મુંબઈ-૫૬: પ્રાપ્તિસ્થાન: રવાણી પ્રકાશનગૃહ, તિલકમાર્ગ, અમદાવાદ: કિંમત રૂા. ૨-૫૦.

**શીલ ધર્મની કથાઓ**: ભાગ ૧ તથા ૨ લેખક: શ્રી મનસુખલાલ તારાચંદ મહેતા, પ્રકાશક: શ્રી અધ્યાત્મ જ્ઞાન પ્રસારક મંડળ, ૭૭, મારવાડી બજાર, મુંબઈ-૨. કીંમત રૂ ૫-૦૦

**આપણી કહેવતો**: લેખિકા: શ્રી અનસૂયાબહેન ભૂપેન્દ્ર ત્રિવેદી; પ્રકાશક: સંનિષ્ટ પ્રકાશન, માવલંકર હવેલી, ભદ્ર, અમદાવાદ-૧. કીંમત રૂ. ૩-૫૦.

**નાગરિક ઘડતર**: લેખક તથા પ્રકાશક: શ્રી ડાહ્યાભાઈ નાગરિક, આરામ, હોળી ચકલા, આણંદ. કીમત રૂ. ૪-૦૦.

# પ્રસન્નતાપ્રેરક પર્યુષણ વ્યાખ્યાનમાળા

પર્યુષણ વ્યાખ્યાનમાળા એ શ્રી મુંબઈ જૈન યુવક સંઘની લગભગ છેલ્લા ૩૭-૩૮ વર્ષથી ચાલતી એક આગવી પ્રવૃત્તિ છે. આ વખતે વ્યાખ્યાનમાળાનાં અંતિમ દિવસે એક મુરબ્બીએ કહ્યું, "છેલ્લા છ મહિનાથી હું આ દિવસોની રાહ જોતો હતો અને નવ દિવસ તો આંખના પલકારામાં ચાલ્યા ગયા. તમે નવા નવા વકતાઓને લાવી ખરેખર - કયાંય સાંભળ્યું ન હોય અને કયાંય સાંભળવા પણ ન મળે એવું સાંભળવાની જે તક અમને આપો છો એથી અમને ખૂબ આનંદ થાય છે. અમે તમારી પ્રવૃત્તિ ઉપર પ્રસન્ન છીએ." અમને લાગે છે કે આ શબ્દોમાં જ વ્યાખ્યાનમાળાની ફળશ્રુતિ આવી જાય છે. યુવાન અને પ્રૌઢ - ભાઈઓ અને બહેનો - સૌને વ્યાખ્યાનમાળા આકર્ષી શકે છે એ જ વ્યાખ્યાનમાળાની સફળતાની સૂચક છે.

આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળાની ટૂંક વિગત આ પ્રમાણે છે.

આમ તો પર્યુષણના આઠ દિવસ હતા. પરંતુ નવમો દિવસ રવિવાર-રજાનો દિવસ હોઈ અમે એને પણ વ્યાખ્યાનમાળાના કાર્યક્રમમાં લઈ લીધો, એટલે અમે તા. ૨૯-૮-૭૦ શનિવારથી તા. ૬-૯-૭૦ રવિવાર સુધી વ્યાખ્યાનમાળા ભારતીય વિદ્યાભવન ખાતે ગોઠવી હતી. નવે દિવસ શ્રોતાઓની સારી હાજરી હતી એટલું જ નહિ બબ્બે કલાક સુધી એકધારી શાંતિ જળવાતી હતી અને વકતાઓની જેમ શ્રોતાઓ પણ વિશિષ્ટ કોટિના જોઈ અમે સંતોષ અનુભવતા હતા. નવ દિવસના અઢાર વ્યાખ્યાનો જુદા જુદા ક્ષેત્રમાં વિશિષ્ટ સ્થાન ધરાવતી વ્યક્તિઓના ગોઠવવામાં આવ્યા હતા. માત્ર એક ફેરફાર સિવાય પ્રસ્તુત કાર્યક્રમ સળંગ જળવાઈ રહ્યો હતો. આ ફેરફાર - પ્રા. ઉમાશંકર જોષી, જે શનિવાર તા. ૫-૯-૭૦ નાં વ્યાખ્યાન આપવાનાં હતા તે અનિવાર્ય કારણે આવી શકયા નહિ એટલે બીજા દિવસનું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહનું વ્યાખ્યાન શનિવાર તા. ૫-૯-૭૦ નાં રોજ રાખવામાં આવ્યું હતું અને રવિવારે ડૉ. જગદીશચંદ્ર જૈનના પ્રવચન પછી રેડિયો કલાકાર શ્રી હરિશ ભટ્ટનાં સુગમ સંગીતનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

બહારગામથી આવનાર વ્યાખ્યાતાઓમાં હતા - શ્રી કિશનસિંહ ચાવડા, શ્રી દામુભાઈ શુકલ, શ્રી રેવરેન્ડ ફાધર લેસર, શ્રી રોહિત મહેતા, શ્રીમતી મંજુલાબહેન ત્રિવેદી, પ્રા. સુસ્મિતાબેન મેઢ, શ્રીમતી લીનાબેન મંગળદાસ તથા શ્રીમતી શ્રીદેવીબહેન મહેતા હતા. જ્યારે બાકીના વકતાઓ સ્થાનિક હતા.

પ્રતિવર્ષની જેમ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન સૌના આદરણીય વિદ્વાન પ્રાધ્યાપક શ્રી ગૌરીપ્રસાદ ઝાલાએ શોભાવ્યું હતું. તેઓશ્રી અન્ય રોકાણથી એક દિવસ ઉપસ્થિત થઈ શકયા ન હતાં અને ત્યારે પ્રમુખસ્થાને પ્રા. રમણલાલ ચી. શાહ હતા. શ્રી ઝાલાસાહેબ અને શ્રી રમણભાઈનાં માર્ગદર્શન અને સુંદર સંચાલન માટે અમે બંને મહાનુભાવોનાં ખૂબખૂબ ઋણી છીએ.

પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમતી શ્રીદેવીબહેનનું અને પ્રા. સુસ્મિતાબહેનનું પ્રવચન સંગીત સાથે હોઈ મધુર બન્યું હતું. આ વખતે બે પ્રવચનો, એક શ્રી પાર્થસારથિનું અને બીજું ફાધર લેસરનું, અંગ્રેજીમાં હતા. આ પ્રવચનો પણ હૃદયસ્પર્શી હતા. અન્ય વકતાઓ પણ પૂરી તૈયારી સાથે આવ્યા હોઈ એમનાં વિષયોને પૂરેપૂરો ન્યાય આપી શકયા હતા અને દરેકનું વકતવ્ય આકર્ષક રહ્યું હતું. વ્યાખ્યાનોની સંપૂર્ણ સમાલોચના પ્રા. ઝાલાસાહેબ હવે પછી લખીને આપવાના હોઈ અત્રે વ્યાખ્યાનોની લાંબી નોંધ અમે લેતા નથી. અમે બધા વકતાઓનો આ સ્થળેથી હાર્દિક આભાર માનીએ છીએ.

વ્યાખ્યાનમાળામાં, વ્યાખ્યાનોની શરૂઆતમાં ભજનનો કાર્યક્રમ વાતાવરણને પવિત્ર અને ગંભીર બનાવતો હતો. ભજનો સંભળાવ્યા હતા શ્રીમતી શારદાબહેને - શ્રીમતી રમાબહેને - શ્રીમતી નિરુબહેને અને શ્રીમતી મંદાકિનીબહેને. રવિવાર તા. ૩૦-૮-૭૦ નાં રોજ બે પ્રવચનોને અંતે કુ. કલ્પના દવેએ તથા એમની મંડળીના કલાકારોએ એમનાં મધુર કંઠે ગીતો અને ભજનો સંભળાવ્યા હતા. વ્યાખ્યાનમાળાના અંતમાં શ્રી હરીશ ભટ્ટે સુગમ સંગીતનો સુંદર કાર્યક્રમ રજૂ કરી શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. આ બધા ભાઈ-બહેનોનો હૃદયપૂર્વક અમે આભાર માનીએ છીએ.

કોઈ પણ પ્રવૃત્તિ આજે ખર્ચ વિના થતી નથી. દરેક કાર્ય પાછળ અર્થ અનિવાર્ય છે. અને સંસ્થાના વિકાસ સાથે ખર્ચ વધે એ પણ સ્વાભાવિક છે. એટલે અમે આ વખતે રૂા. ૨૫,૦૦૦ની ટહેલ નાખી અને અમે જણાવતાં આનંદ અનુભવીએ છીએ કે અત્યાર સુધીમાં રૂા. ૧૭,૦૦૦ અમે ભેગા કરી શકયા છીએ. આ માટે સૌ મિત્રોનો અમે આભાર માનીયે છીએ. ભારતીય વિદ્યા ભવનનાં પ્રવેશ દ્વારે બબ્બે અઢી કલાક ઝોળી લઈને ખડે પગે ઊભા રહેતા માતૃસંસ્થાના માતાજી ચંચળબાને, અમારી કારોબારીનાં ઉત્સાહી સભ્યો શ્રી બાબુભાઈ જી. શાહ તથા શ્રી નિરૂબહેન સુબોધભાઈ શાહને પણ અમે કેમ ભૂલી શકીયે? સભાગૃહમાં વ્યવસ્થા સાચવવામાં કારોબારીના સભ્યો શ્રી મફતભાઈ, શ્રી દામજીભાઈ, શ્રી પ્રવિણભાઈ અને શ્રી જયંતીભાઈનો સાથ અમને બહુ ઉપયોગી થયો. આ માટે એમનો પણ આભાર.

અંતમાં અમે કહેતા આનંદ પરમ-આનંદ અનુભવીયે છીએ કે વ્યાખ્યાનમાળા પાછળનો આત્મા છે સંઘના પ્રાણસમા શ્રી પરમાનંદભાઈ. તેમનું સમગ્ર ચિન્તન અને દીર્ઘદૃષ્ટિવાળું આયોજન આ વ્યાખ્યાનમાળા પહેલા ઘણા લાંબા સમયથી ચાલતું હોય છે. એમની વિદ્વતા - એમનો અનુભવ અને એમનો સૌ સાથેનો વિશાળ સંપર્ક વ્યાખ્યાનમાળાને સમૃદ્ધ બનાવે છે. આ વર્ષે એમની નાદુરસ્ત તબિયત છતાંય વ્યાખ્યાનમાળા પાછળ તેમણે અનહદ પરિશ્રમ લીધો છે. આપણા સૌના સદ્ભાગ્યે નવે દિવસ તેઓ વ્યાખ્યાનમાળામાં ઉપસ્થિત થઈ વકતાઓનો સુંદર પરિચય પણ કરાવી શકયા હતા. વ્યાખ્યાનમાળાના અંત ભાગમાં પોતાનો સંતોષ વ્યકત કરતા અને પોતાની ધન્યતા અનુભવતા એમણે કહ્યું - "આ દેહનો કોઈ ભરોસો નથી. આયુષ્યની અસર શરીર ઉપર થાય જ છે. ખબર નથી હું આવતે વર્ષે આપ સૌને મળી શકીશ કે નહિ. મળીશું તો આનંદ છે જ. ન મળીએ તો પણ મારું સ્વપ્ન સિદ્ધ થયેલું જોઈ હું મારી જાતને ધન્ય માનું છું." એમના આ શબ્દોથી વાતાવરણ ગંભીર થઈ ગયું અને એક સન્નાટો વ્યાપી ગયો. આ વખતે સૌનાં દિલમાં એક જ પ્રાર્થના હતી, "પરમાકૃપાળુ પરમાત્મા શ્રી પરમાનંદભાઈને તંદુરસ્તી બક્ષે અને દીર્ઘાયુ કરે."

ચીમનલાલ જે. શાહ
સુબોધભાઈ એમ. શાહ
મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.

# સંઘ સમાચાર

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી શરૂ કરવામાં આવેલ ગુજરાત રેલ-રાહત ફંડ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૧૨-૯-૭૦ શનિવારના રોજ મળેલી કાર્યવાહક સમિતિએ, ગુજરાત - સૌરાષ્ટ્રમાં વરસાદ અને પૂરના કારણે જે અભૂતપૂર્વ આફત આવી પડી છે તેને લક્ષ્યમાં રાખીને સંઘ દ્વારા 'ગુજરાત રેલ રાહત ફંડ'ની શરૂઆત કરી છે અને તેમાં તે જ વખતે કાર્યવાહક સમિતિના સભ્યો દ્વારા ફાળો નોંધાવવાની શરૂઆત કરવામાં આવી હતી અને તે નોંધાયલી રકમ રૂા. ૧૮૦૫-૦૦ની થઈ છે. તો આથી મુંબઈ જૈન યુવક સંઘના સભ્યો તથા તેના પ્રશંસકો તેમ જ પ્રબુદ્ધ જીવનના ગ્રાહકો અને ચાહકોને અપીલ કરવામાં આવે છે કે, તેઓ પોતપોતાનો યોગ્ય ફાળો સંઘના કાર્યાલયમાં નીચેના સીરનામે સત્વર મોકલી આપે. ૩૮૫, સરદાર વી. પી. રોડ, બે માળે, વનિતા વિશ્રામ સામે, મુંબઈ-૪, જો ચેક મોકલો તો Bombay Jain Yuvak Sangh એ નામનો મોકલવા વિનંતિ છે. સંઘ દ્વારા જે રકમ એકઠી થશે તે ભગવાન મહાવીર કલ્યાણ કેન્દ્રને સોંપવામાં આવશે.

## ચીંચણ જવા-આવવાનું સંઘદ્વારા યોજાનાર પર્યટણ

મુનિ સંતબાલજી હાલ બોઈસર બાજુએ આવેલા ચીંચણ ખાતે મહાવીરનગરમાં બીરાજે છે. તેમના પુણ્ય સમાગમનો લાભ મળે એ હેતુથી તા. ૧૦મી અને ૧૧ મી ઑકટોબર એમ-બે દિવસનું શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે એક પર્યટણ યોજવા ધાર્યું છે. તા. ૧૦મી શનિવારે સવારના ભાગમાં મુંબઈથી નીકળવું અને તા. ૧૧મી ઑકટોબર સાંજે યા રાત્રીના ભાગમાં મુંબઈ પાછા ફરવું-આવો આ પર્યટન અંગે કાર્યક્રમ વિચારાયો છે. વ્યકિત દીઠ રૂા. ૨૦ અને ૧૨ વર્ષની નીચેનાં બાળકો માટે રૂા. ૧૨. પર્યટનમાં જોડાનાર સભ્યે ભરવાના રહેશે. આ સંબંધે વધારે વિગતો 'પ્રબુદ્ધ જીવન'ના હવે પછીના અંકમાં આપવામાં આવશે. પ્રસ્તુત પર્યટન પરિમિત સંખ્યા માટે હોઈને પર્યટનમાં જોડાવા ઈચ્છનાર સભ્યને ઉપર સૂચવ્યા મુજબની રકમ સંઘના કાર્યાલયમાં સત્વર ભરી જવા અને પોતાનું નામ નોંધાવી જવા વિનંતી છે.

## સ્વર્ગસ્થ શ્રી કાંતિલાલ ઉમેદચંદ બરોડિયા અંગે શોક પ્રસ્તાવ

સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય શ્રી કાંતિલાલ ઉમેદચંદ બરોડિયાના તા. ૩૦-૮-૭૦ ના રોજ થયેલ આકસ્મિક-દુ:ખદ અવસાન અંગે, તા. ૧૨-૯-૭૦ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ નીચે પ્રમાણે શોક પ્રસ્તાવ પસાર કર્યો હતો:-

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના વર્ષોજુના કાર્યકર અને ચાલુ કાર્યવાહક સમિતિના સભ્ય શ્રી કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયાના તા. ૩૦-૮-૭૦ ના રોજ નિપજેલ એકાએક અવસાનથી સંઘની કાર્યવાહક સમિતિ ઊંડા શોકની લાગણી અનુભવે છે.

તેમની ઉંમર ૫૧ વર્ષની હતી. તેઓ અર્થશાસ્ત્રના અભ્યાસી હતા. તેમણે વ્યાપાર-વ્યવસાય સાથે જોડાયલી અનેક જાહેર સંસ્થાના અધિકારપદે નિયુકત રહીને સેવા બજાવી હતી. છેલ્લાં પાંચ વર્ષથી સોલ્વન્ટ એકસ્ટ્રેક્ટ એસોસિયેશનના મંત્રી તરીકે તેઓ કામ કરતા હતા. કૉમર્સ ગ્રેજ્યુએટ એસોસિયેશનના ઇ. સ. ૧૯૬૧ની સાલથી આજ સુધી તેઓ પ્રમુખ હતા. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ ઉપરાંત શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહક સમિતિના તેઓ વર્ષોથી એક સભ્ય હતા. વીલે-પાર્લેની અનેક જાહેર સંસ્થાના તેઓ સક્રિય કાર્યકર હતા. આ ઉપરાંત ગુજરાતી તેમ જ અંગ્રેજી ભાષા ઉપર તેઓ સારું પ્રભુત્વ ધરાવતા હતા અને સારા લેખક તેમ જ વિવેચક હતા. મુંબઈના ઓલ ઇન્ડિયા રેડિયો ઉપર તેમના વાર્તાલાપો અવારનવાર યોજાતા હતા. તેમના અવસાનથી તેમનાં પત્ની અને પરિવારને અસાધારણ ખોટ પડી છે. તેઓ પ્રત્યે આ સભા ઊંડી સહાનુભૂતિ દાખવે છે અને તેમના આત્માને શાશ્વત શાંતિ ઈચ્છે છે.

## પ્રો. રમણલાલ સી. શાહને અભિનંદન

સંઘની કાર્યવાહક સમિતિના એક સભ્ય પ્રો. રમણલાલ સી. શાહની મુંબઈ યુનિવર્સિટીએ ગુજરાતી વિભાગના રીડર તરીકે નિમણૂંક કરી છે તે માટે તા. ૧૨-૯-૭૦ ના રોજ મળેલી સંઘની કાર્યવાહક સમિતિએ તેમને અભિનંદન આપ્યા હતા.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

* * *

મહાપુરુષો તે મહાન ન હતા એવું સાબિત કરવાનો પ્રયત્ન લોકોએ શરૂ કર્યો છે, પરંતુ આ એક ઘણી મોટી ભૂલ છે. માણસો જો મહત્તાની કદર નહિ કરે તો જગત કૃપણ, અલ્પ, મૂઢ, સં/ુચિત અને તામસી થઈ જશે. **શ્રી અરવિંદ**

# ઐકય માટેના પ્રયાસો : કેટલાક અનુભવો

(અમદાવાદની એક પ્રમુખ અને અનોખી એવી શિક્ષણ-સંસ્થા 'શ્રેયસ્'ના મુખ્ય સંચાલિકા બહેન શ્રી લીનાબહેન મંગળદાસે પર્યુષણ વ્યાખ્યાનમાળાના અનુસંધાનમાં તા. ૩-૯-૭૦ના રોજ મુંબઈ ખાતે ભારતીય વિદ્યાભવનમાં મળેલી સભામાં આપેલું વ્યાખ્યાન પ્રબુદ્ધ જીવનમાં બે હપતાથી આપવા ધાર્યું છે, તેમાંનો પહેલો હપતો નીચે રજૂ કરવામાં આવે છે.

વિષયના મથાળા વિશે મારા પક્ષે ખુલાસો કરતાં જણાવવાનું કે શ્રી લીનાબહેને સૂચવેલ શિર્ષક પ્રથમ દર્શને મને સ્વીકાર્ય ન બનવાનું કારણ ઐકય શબ્દના અર્થ વિષેની મારી અને તેમની સમજૂતીમાં ફરક હતો. હું ઐકય શબ્દથી આજકાલ એકતાનો જે ઉપદેશ આપવામાં આવે છે તે સમજતો હતો; શ્રી લીનાબહેન 'ઐકય' શબ્દથી વ્યકિતગત આંતરબાહ્ય એકતા સૂચવવા માગતા હતા એમ તેમણે કરેલા ખુલાસાથી મારા ખ્યાલમાં આવ્યું. આ જાણકારી બાદ તેમના વ્યાખ્યાનવિષયના શિર્ષક અંગે મારે કશું જ કહેવા જેવું રહ્યું નહોતું. મને તે સંપૂર્ણ સ્વીકાર્ય છે.

શ્રી લીનાબહેન જણાવે છે કે આ પ્રવચનમાં કેટલોક ભાગ તેમણે તેમનાં રચેલાં પુસ્તકો 'ઘડિયાળ' અને 'ઊઠતાં બીજ'માંથી લીધો છે. **પરમાનંદ**)

**વહાલાં મુરબ્બી શ્રી પરમાનંદભાઈ અને અહીં પધારેલ પ્રિય સુહૃદ્ગણ,**

આપ સહુની સમક્ષ આજે ઉપસ્થિતિ થવાં શ્રી પરમાનંદભાઈનું કહેણ મહિનાઓ પહેલાં મને આવ્યું હતું. ૧૯૬૩ માં 'શ્રેયસ્ પાછળ મારી દષ્ટિ' આ વિષયનું મેં આપ સહુને સંબોધન કર્યું હતું. શ્રેયસ્‌ના કાર્યમાં શ્રી પરમાનંદભાઈ સતત રસ લેતા આવ્યા છે અને શ્રેયસ્ ને લઈને મારામાં વડીલોના આવા પ્રોત્સાહનથી કાર્યના વિકાસને વેગ મળે છે તેની અનુભૂતિથી મારું હૃદય કૃતજ્ઞતાથી નમે છે.

આજના વાર્તાલાપ માટે વિષય પસંદ કરવાનું શ્રી પરમાનન્દભાઈએ મારા પર છોડયું હતું. તેમની ઇચ્છા હતી કે હું શ્રેયસ્ સંસ્થાના મારા કાર્યક્ષેત્ર વિશે કાંઈ કહું. આ પર મેં સારો એવો વિચાર કર્યો. આપની પાસે વર્ણનો, આંકડા, માહિતી અને વિગતો હું રજૂ કરું? તેથી શું? તારીખો, પદ્ધતિઓ, અભિપ્રાયો, કહેવાતી સિદ્ધિઓ – એક જાતની જાહેરખબર, પ્રચાર: આ બધાથી શું? આ વસ્તુઓ સદા પલટાતી, ફેરવાતી, કાંઈ વિશેષ નહીં. શ્રોતાજન, સહુ સામાજિક અને શૈક્ષણિક કાર્યમાં જ પરોવાયેલાં, રીતતરકીબ Know how જાણવાને ઇન્તેજાર થાય જ એવું કાંઈ નથી. તો કયા વિષય પર બોલવું? 'શ્રેયસ્' પર? 'શ્રેયસ્' શું છે? તે અમદાવાદમાં એક ટેકરી પરની પેલી સંસ્થા? તેના અમુક કાર્યકરો, અમુક બાળકો, અમુક કાર્યક્ષેત્ર? હા, તેની વાતોથી શું? એ માટે તો માહિતીપત્રો છે. સંસ્થા રૂપે 'શ્રેયસ્' ખુદ મોજુદ છે તો તેને જોઈને વધુ સ્પષ્ટ ખ્યાલ આવી શકે.

'શ્રેયસ્' શું? શ્રેયસ્: સહજતા, અકૃતિમતા, કલ્યાણ, સુખાકારી, પરમાનન્દ, ધન્યતા, અમૃત (મોક્ષ), મુકિત (કૈવલ્ય), પરમ સુખ (નિર્વાણ). એ 'શ્રેયસ્' તે કલ્યાણકારી ઉન્નતિ પણ કહી શકાય. આ ઉન્નતિ તે ઐકયમાં રહેલી છે જે બાબત સ્વીસ તત્ત્વવેત્તા હેબરલીને બહુ સરસ રીતે પ્રસ્તુત કરી છે.

હેબરલીને કહ્યું છે: "The pedagogieal situation exists wherever one individual has dealings, with another in the way of culture .... Culture means cultivation of the spiritual potential by the exercise of conduct which is directed towards unity"

"એક વ્યકિત, બીજી વ્યકિત સાથે Culture–ઉન્નતિના માર્ગમાં ભળે ત્યારે શૈક્ષણિક પરિસ્થિતિ ઊભી થાય છે. ઉન્નતિ – culture નો અર્થ 'આચાર દ્વારા ઐકય' ને ઉદ્દ્શીને ચેતન તત્વનુ અનુ- શીલન, સંવર્ધન, અભિવૃદ્ધિ".

આ પ્રમાણે 'શ્રેયસ્' સંસ્થા વિશેનું માહિતીપૂર્ણ પ્રવચન આપવાને બદલે, 'ઐકય માટેના પ્રયાસો, કેટલાક અનુભવો' આ વિષય પર બોલવાનું મેં સૂચવ્યું, પરમાનન્દભાઈ જરૂરથી અકળાયા–"આ વિષય આકર્ષક નથી. ઐકય શાનું? કોનું? વિષય બદલો." મેં જણાવ્યું, કે "ઐકય પોતામાં – પોતાંના અને બહાર–બહારનાં સાથે–ભીતરે બહિરે. આવા પ્રયાસોમાં અને અનુભવોમાં જીવન વ્યતીત થાય છે માટે અને આ વિષય રાખવા દો." એક વડીલ તરીકે મોટા મનથી પરમાનન્દભાઈએ મારી જીદને નમતું આપ્યું અને મારા વિષયને મંજૂરી મળી ગઈ.

હેબરલીને સંસ્કાર– culture વિશેની વ્યાખ્યા બાંધતા કહ્યું છે:– "The pedagogieal...........unity."

એનાથી ઊલટું 'કલ્ચર' એટલે ગાવાનું, નાચવાનું, બજાવવાનું, જમવાનું, કપડાં, ઘર–દીવાનખાનાં, શિષ્ટાચાર thank you, please વગેરેનો ખ્યાલ આવે છે. "કલ્ચરલ શો" ખૂબ પ્રચારમાં આવી ગયા છે. તેને માટે ઇનામી સ્પર્ધાઓ થાય છે. શીલ્ડ અપાય છે અને છાપાં અને સંસ્થાકીય અહેવાલોમાં ફોટા આવે છે.

હેબરલીનની culture વિશેની સુન્દર વ્યાખ્યા ફરીથી તપાસીએ. Culture means cultivation of the spiritual potential by the exercise of conduct which is ditected towards unity"

આપ્ટેના અંગ્રેજી–સંસ્કૃત કોષમાં culture એટલે ઉન્નતિ, ઉત્કર્ષ લખેલું છે તે યથાર્થ લાગે છે. આચાર દ્વારા ઐકયને ઉદ્દેશી આન્તરિક સત્ત્વનું અનુશીલન–સંવર્ધન–વિકાસ તે culture યા ઉન્નતિ.

એક વ્યકિત જ્યાં બીજી વ્યકિત સાથે આવા culture–ઉન્નતિ વિષયક–ઐકય લક્ષી સંસર્ગ કે વ્યવહારમાં આવે છે ત્યારે શૈશણિક પરિસ્થિતિ ઊભી થાય છે: પણ આપણો આખો ઉછેર, શિક્ષણ સામાજિક વ્યવહાર આપણને અન્યત્ર જ દોરી જતા હોય છે. તુરન્ત પરિણામ મળી જાય તે માટે આપણે અનેક જાતના કૃત્રિમ, વિકૃત, દૂષિત કીમિયાનો ઉપયોગ કરીએ છીએ અને છેક બાલ્યકાળથી માનવને મારીમચડીને ઘાટ આપી દેતાં હોઇએ છીએ.

આવા કીમિયા વડીલો; માબાપ, શિક્ષકો સમાજ આપણા પર અને આપણે આપણાં બાળકો પર અજમાવતા આવ્યા છીએ. આજના બીટલ અને હીપ્પી–યુવકોનો બળવો એની સામે જ છે. નહીંતર શેની સામે?

કદાચ કોઈ જમાનામાં આજના સમય જેવી વ્યવસ્થિત કીમિયાગીરી યોજાઇ નહીં હોય! જે સહજ સર્જન અને આનન્દના વિષયો હતા તેમાં પણ હરીફાઈ: રંગોળી, કેશગૂંફન, ગરબા, શ્રેષ્ઠ માતૃત્વ! શાળામાં પણ ઇનામી મેળાવડા! રાજ્યના ઍવૉર્ડ શ્રેષ્ઠ લેખક, કલાકાર, સમાજસેવક કે શિક્ષક માટે પણ! જાણે કે તુલના દ્વારા કોઈને વખાણવાથી – બીજાને વખોડવાથી કે હલકો બતાવી, નીચો પાડવાથી–મનુષ્યની કદર નાં થતી હોય! આવા cultural, કહેવાતા ઉન્નતિ વિષયક ઉત્તેજનો stimulus આપવાથી સંબંધોમાં હુંસાતુંસી, પક્ષાપક્ષી, દોરીસંચાર અને અશુદ્ધાચારને વેગ મળે છે. માબાપ સુદ્ધાં પોતાનાં સન્તાનો વચ્ચે દેખાવ, બુદ્ધિની ગુણ-

6



વત્તાની સરખામણી, વખાણ અને પ્રલોભનો દ્વારા કૌટુંબિક સંબંધોને કલુષિત કરતાં હોય છે. દરેક વસ્તુ કરવા માટે "મને શું મળશે?" એવો પ્રશ્ન પૂછવાની આદત બાલ્યકાળથી પાડવા માટે આપણે જવાબદાર છીએ. "મને શું મળશે?" એ સ્પૃહા ફુલાઈ ફુલાઈને સત્તાના લોભમાં પરિણમે છે. અંગત સંબંધો, રાજકારણ, વેપાર એવા દરેક માનવવ્યવહારમાં આ સત્તાનો લોભ દૈત્યનું વિકરાળ રૂપ ધારણ કરે છે.

કશ્યપ મુનિની બે સ્ત્રીઓ હતી. દિતિ અને અદિતિ. દિતિના પુત્રો દૈત્યો અને અદિતિના આદિત્યો અથવા દેવો.

**दित**–ફાટેલું, ચીરાયેલું, વિભક્ત થયેલું

**दित** પરથી **दिती**

**दिती** ના પુત્રો **दैत्य**

**दैत्य** – જેઓ વિભક્ત છે, જેઓનાં ભાગલા પડયા છે, જે એક નથી.

**अदित** –અવિભક્ત, આખું, જેના ભાગલા પડયા નથી

**अदित** પરથી **अ दिति**

અદિતિના ના પુત્રો **आदित्य**

જેમના ભાગલા નથી પડયા,–જે એક છે. તેઓને આદિત્ય અર્થાત્ દેવો ગણ્યા છે.

**दैत्यो** ઐક્યના–પ્રકાશના – ઉન્નતિના દ્વેષી હતા.

**आदित्यो** ઐક્યના – પ્રકાશના ભક્ત હતા.,

હેબરલીને culture ની વ્યાખ્યા આપ્યા પછી આગળ ઉમેર્યું છે: "It follows that culture is never accomplished possession, but is a permanent mission. It is aways on the way and daily to be created afresh. The ideal of man is only realised through cultural activity."

"તતઃ ઉન્નતિ એ કોઈ સિદ્ધ અને અન્તિમ સ્થિતિ–લાભ નથી, પણ એક ચિરન્તન સાધના–ધર્મ–હેતુ છે. એ નિત્ય એને પન્થે પ્રયાણ કરે. દરરોજ નવતર સર્જન હોય. માનવનું ધ્યેય આ એકયઉદેશી, ઉન્નતિવિષયક પ્રવૃતિથી જ સિદ્ધ થાય છે."

એવોર્ડ પારિતોષક ઇનામ ઇત્યાદિ ઉન્નતિ એક accomplished possession –સિદ્ધ લાભ છે એમ મનાય છે પણ ઉન્નતિ સિદ્ધ લાભ નહીં પણ always on the way and daily to be created–નિત્ય એને પંથે પ્રયાણ કરતી, નિત્ય નવતર સર્જન કરતી રહે એવું તત્ત્વ છે.

Cultural exercise of conduct which is derected towards unity એ વ્યાખ્યા પરથી ઐક્યના પ્રશ્ન પર ફરી આવીએ.

'એક' કહેતાની સાથે જ 'બે'નો વિચાર આવે છે. 'હું' કહીએ કે તરત જ 'તું'નો વિચાર આવે છે. 'હું' એ 'એક'ના ભાવને લઈને 'બીજા'નો ભાવ – દ્વૈત, દ્વંદ્વ, દ્વિધા.!

આ 'હું', 'અહમ્' વિના જીવાય જ કેમ? પણ આ 'હું' કેટલું અકળ? 'હું'ને લીધે કેટલો પુરુષાર્થ! કેટલો આનન્દ! કેટલી વ્યથા!

"સૌથી પ્યારો હું – તેને જખમીશ ના." આ "હું", મને મારામાં દેખાય. આ "હું" અન્યને એના પોતામાં દેખાય. "હું" જ્યાં જ્યાં પણ, ત્યાં ઘવાય છે ત્યાં આક્રમક બને છે. 'અહમ્' એક કુદરતી instinct વૃત્તિ છે, જે સૌ કોઈ પ્રાણીમાં હોય છે. માત્ર માનવને એક વિશેષ શક્તિ મળેલી છે, તે બુદ્ધિથી જોવાની – બુદ્ધિથી પર એવી એક ચેતનાથી અનુભવવાની. એ અનુભવથી 'હું પણું' ઓગળી શકે છે. 'અહમ્' તેના અનેકના ભાવમાંથી 'એક' બને – આ પ્રક્રિયા – નિત્ય ઉન્નતિની રાહે લઈ જતી પ્રક્રિયા!

આપ સૌની આગળ હું ઊભી છું, પણ તે હું ભૂલભૂલામણીમાં ખોવાયેલ માર્ગને કેમ જાણી શકું? એની વાતો પણ કેમ કરી શકું?

સવારે ઊઠતાં જ ઘણીવાર અનુભવ થાય છે. પ્રભાત એક દુઃસ્વપ્ન, મથિત વ્યાકુળ મન, ચોગમ નિબિડ અન્ધકાર!

પશ્ચાદ્ સ્નાનાદિથી પરવારી, ઘર બહાર નીકળું તો રખડતાં નાગાં છોકરાં; કાદવ–માખી વાળી ગલીઓ; લોહી ઝરતાં ચાંદાવાળાં, બોજ ઊઠાવીને જતાં જનાવરો અને હાય મનુષ્ય પણ! શ્રેયસ્ ની સુન્દર ટેકરી પર પહોંચું છું તો ત્યાં છુપાઈને ફળ તોડતી બાલિકાને લઈ ફરિયાદ કરતો માળી ઊભો છે; ચાર દહાડાથી રોપવાને પાણી નથી પાયું તેથી તે સુકાય છે તેવી ફરિયાદ માળી સામે હું કરું છું. નાનાં બાળકને મોટાએ માર્યો, મોટાને શિક્ષકે ધમકાવ્યો; માએ બાળકને પૂરી રાખ્યું – ભૂખ્યું રાખ્યું; માંદો મદદનીશ બે દહાડાથી તેની કોટડીમાં પડી રહ્યો છે. તેને નથી ખોરાક કે દવા મળ્યાં. કર્મભૂમિ પર પગ મૂકતાં – સવારથી સાંજ લગી, આવી ફરિયાદો, આક્ષેપો, વિખવાદો, કલેશ - કંકાસ!

**મનુષ્ય કેટલો શ્રાન્ત, કલાન્ત,**
**ફળનો આશી; ફળ ચહે લહે ,**
**શકે ના ત્યજી.**
**નહીં જુવાનીમાં જ, પણ વાર્ધક્યમાં**
**સ્હે વળગી વળગી: કરુણ ઝંખનાથી ભ્રાન્ત**
**સંસાર પ્રપંચમાં મરે.**

**અને વૃક્ષપંખી દઈ જન્મ**
**જતન કરી ત્યજે; ને હમેશાં ફૂલે ફૂપે**
**દઈ શીતળતા, ગાન આમોદ**

**દેહફલ સંતાન, મનફલ વિચાર**
**કર્મફલ સિદ્ધિ આસકત –**
**આસકિત સર્પે પ્રલોભિત આદમે**
**ફલ ગ્રહ્યું જ્યારથી, ભવ ભવ**
**માનવ બન્યો સ્વર્ગપાર**

ઊ. બી પૃ. ૫૪

હા, શ્વાસ છે ત્યાં લગી કર્મ છે. શ્વાસ નથી ફગાવી શકાતો, કર્મ નથી ફગાવાતું, કર્મ નથી દુઃખ દેતું પણ કર્મ માંહેનો આપણી સફળતા–નિષ્ફળતાનો ભાવ આપણને સતાવે છે:

**ફળ નહીં આપનાર તું, કેમ**
**નિષ્ફળ માને તારી જાતને?**
**ફળ આપનાર વૃક્ષ પાસે**
**નથી રહેતું ફળ, તેથી એ**
**ન નિષ્ફળ!**

**સર્જનહારા સફળ,**
**ન પામનારાં નિષ્ફળ**
**નહીં."**

**ઊ. બી. ૭૦**

કર્મ, ફળ, આસકિત, ત્યાગ આ તો બધા ચવાઈ ગયેલા શબ્દોના કૂચા છે, કેટલીવારે કાને સાંભળેલાં, કેટલીકવારે પોપટજીભે બોલાયેલાં અને છતાં કર્મ, રૂપ, આસકિત અને સુખ–દુઃખભર્યાં આ જીવનમન્થનમાં જીવિત જર્જરિત અને અસાર લાગે છે.

ભારતમાં આ સંસારને માયાપ્રપંચ કહ્યો છે. તેને લઈને અન્ય જીવોનાં દુઃખ સુખ તરફ ઉદાસીનતા સેવાય છે. જીવોની ભાળ – સંભાળ, સેવા – સુશ્રુતા કરવાને બદલે એકાન્ત સેવનમાં આધ્યાત્મિકતા રહેલી છે એમ મનાય છે. સેવાનો ઇજારો ખ્રિસ્તી

મિશનરીઓને આપણે સોંપી દીધા છે. ભલા આ કામો તો દરેક વ્યકિત માટે છે. આપણા બે હાથ લંબાવીએ એટલા જ પરિઘમાં આપણું કર્તવ્ય શરૂ થાય છે. આવું સમજાય તો સમાજની શકલ પલટાઈ જાય!

દુ:ખનો અનુભવ થતાંની સાથે જ તેમાંથી ભાગવાનું મન થાય છે. જીવનમન્થન અને દુ:ખમાંથી છટકવાની તરકીબો ઘણી ઘણી છે: એક તરકીબ છે ગણ્યાં કરવાની. ઘણીવાર ગણવાનું છોડીએ ત્યારે જવાબ મળે, પણ આપણે દરેક સવાલનો ઝટ જવાબ મેળવી નિ:સંશય થવા માગતાં હોઈએ છીએ. બે ને બે ચાર એવી રીતે બધી જ બાબતોનો પલાખાંથી મેળ નથી ખાતો, તાળો નથી મળતો. "હં, સ્ત્રીઓ તો ચંચળ જ હોય!" "હં, કાઠિયાવાડી છે ને!" "હં, પેલા ચટણા, પીળા ચાંદલા, કાગડા, ટીલા પર વિશ્વાસ મૂકવો જ નહીં." વાતો કરીએ છીએ સમાનતા અને ઐકયની, પણ મતલબથી માણસોનું વર્ગીકરણ કરી, વ્યકિતને સ્વીકારવાને બદલે વ્યકિતને અલગ પાડી, તેને આપણે સદંતર વખોડીને, ડામી, હોમી દેતાં હોઈએ છીએ.

Sweeping Statements થી કેટલી ચઢવણી, કેટલો ઉશ્કેરાટ થાય છે? પરિણામે મોટા ખટલા ઊભા થઈ જતા હોય છે. ઘણીવાર જીવનમાં એમ થતું હોય છે ત્યારે પાણી ભરવા ગયેલી બાઈ, ઘેર મૂકેલું તેનું ધાવણું બાળક, સાપ અને પાળેલાં નોળિયાની વાર્તા યાદ આવે છે. કેટલી નિર્દોષ વ્યકિતઓ પેલા નોળિયાની જેમ આપણા નિર્ણયોનો ભોગ બનતી હોય છે!

થોડીક વ્યકિતઓ વચ્ચેના ઝઘડાના જનસમૂહમાં આઘાત-પ્રત્યાઘાતો પડે છે. એને લઈને વેરઝેર ખૂબ વધી જાય છે. મોટી તડો અને ફાટફૂટને પરિણામે હિંસા થાય છે. કોઈ પણ પક્ષે માણસને હિંસા પોતા માટે ગમતી નથી અને તેથી તેનો પ્રતિકાર કરવામાં હિંસા વધુ ભયંકર બને છે.

તો માણસ શોધે છે શું? એને જોઈએ છે શું?

મહાવીર સ્વામીનું એક વચન છે:

"સર્વ પ્રાણીઓને પોતાનું આયુષ્ય પ્રિય છે, સુખ અનુકૂળ અને દુ:ખ પ્રતિકૂળ છે. મરણ સર્વને અપ્રિય લાગે છે અને જીવવું સર્વને પ્રિય લાગે છે. જીવમાત્ર જીવિત રહેવાની કામનાવાળાં હોય છે. સર્વને પોતાનું જીવન પ્રિય લાગે છે."

પ્રાણીમાત્રને-મનુષ્યને જીવવું છે, બસ જીવવું છે. એટલે તેને મરવું નથી. આ જીવવાની-ન મરવાની વૃત્તિ – urge પ્રબળતમ કહી શકાય. કદી ન મરવા માટે અમરત્વ-immortalityનો અને જીવવા માટે માનવ Self-preservation – સ્વરક્ષણનો ઔત્સુક છે.

"ચિરન્તન બનાવવું – બનવું
એમાં પ્રાણીમાત્રની અભિપ્સા રહેલી છે:
યૌવન, પ્રેમ, સંપત્તિ, કીર્તિ,
એ ચિરસ્થાયી બને તેમ સહુ કોઈ વાંછે છે.
તેમ કરવામાં તે આખું જીવન ગુજારે છે.
અમૃત અને અમરત્વ માટે
દેવ-દાનવ વચ્ચે વૈમનસ્ય બંધાયું હતું.
કુલાભિમાન અને દેશાભિમાન
પ્રણય અને અપત્યપ્રેમ
જીવમાત્ર માટે કરુણા
પોતાના યશનો દિગ્વિજય
– એ સર્વ અમરત્વ માટેની
તાલાવેલીનો આવિષ્કાર છે.
પોતાની જાતને ટકાવી રાખવાની,
જાતિને-વિશ્વને ટકાવી રાખવાની,
જીવમાત્રમાં વૃત્તિ રહેલી છે.

એ વૃત્તિને લઈને
ઉદાત્ત તેમ જ હીચકારાં કૃત્યો બન્યાં જ કરે છે.
તેને અમરફળની ક્ષુધા કહીશું.
'સ્વરક્ષણની વૃત્તિ' instinct of Self-Prservation
તેમાંથી જન્મે છે.
અસ્તિત્વ માટેના સંગ્રામ – Struggle of existence–
તેમાંથી ઊપજે છે.
એને લઈને
મનુષ્ય પરોપકારી કર્મ કરે છે:
દવાખાનાં, દેવમન્દિર
પાઠશાળા અને ધર્મશાળાઓ તે બનાવે છે.

એને લઈને
મનુષ્ય સેવા કરે છે.

રણક્ષેત્રમાં ખપી જાય છે.
મરકીમાં, રેલસંકટ અને ભૂકમ્પમાં
યુદ્ધરૂપી મહાસંકટમાં હજારો માણસો
એકબીજાને રાહત આપવા નીકળી પડે છે.

બીજાને ટેકો આપી
પોતાનો ટેકો માણસ શોધે છે
– અમરત્વ શોધે છે.

મનુષ્યના આહાર અને મૈથુન
તે પણ અમરત્વની કામનાને લઈને છે.
જીવમાત્ર તે વૃત્તિથી ઉત્તેજિત થઈ
એકબીજાને હણે છે અને ભક્ષે છે–
– તેમ કરી પોતાને પોષે છે
અને રક્ષે છે.

એ સ્વ-રક્ષણની વૃત્તિમાંથી
ઈર્ષ્યા ઉદ્ભવે છે.
તેને લઈને યુદ્ધો થાય છે.

અમરત્વ માટેની ઊંડી લાલસા
દેહને ટકાવી રાખવાથી જ નહિ
પણ તેને હોમી દેવાથી પણ
સંતોષાય છે.
નિ:સ્વાર્થપણું, ત્યાગ, સ્વાર્પણ,
આજ્ઞાનું પાલન, ભકિત, પ્રેમ
એ સદ્ગુણ લેખાય છે.
પણ સદ્ગુણને ઓથે મનુષ્યે
ભય, કાયરતા, દાસત્વને પણ ખીલવ્યાં છે.
સત્તાલોભી સમાજે
તેને તત્ત્વજ્ઞાન અને નીતિને નામે
ઓળખાવ્યાં છે.

રાજ્ય પ્રજા પાસેથી
સ્વામી દાસ પાસેથી
પતિ પત્ની પાસેથી
મોટેરાં નાનેરાં પાસેથી
ઊંચા વર્ણ, નીચા વર્ણ પાસેથી
જ્ઞાતિ વ્યકિત પાસેથી
આ સદ્ગુણને નામે ભોગ લીધા જ કરે છે.
સમાજે સ્વમાની, સ્વતંત્ર માનવને
દુષ્ટ, દ્રોહી, સ્વાર્થી અને નાસ્તિક ઠરાવ્યો છે
અને તેવા માનવને વધસ્તમ્ભે ચઢાવ્યા છે.
સમાજની રાહે ન ચાલનારા માનવીના કૃત્યોથી
સમાજની સલામતીને પ્રથમ ફટકો લાગે છે.
પણ છેવટે સમાજ તેમાં કાંઈ ફાયદો જુવે છે
ત્યારે તેમને પૂજે છે અને વખાણે છે.
એવા માનવપુત્ર તે
મહાવીર, ઈસુ, મીરાં -
મનુષ્યની દુર્બળતાનો ફાયદો
સશકત મનુષ્ય ઉઠાવે છે.
સશકત મનુષ્યનાં આધુનિક શસ્ત્રો છે
ભાપણો, સમાચારપત્રો. ટેલીવિઝન.
આમજન દડાની જેમ અફળાય છે
એ અફળાવાની સ્થિતિ તે
લોકમાનસ અને ટોળાશાહી
mob-mentality

(અપૂર્ણ) લીનાબહેન મંગળદાસ

# પ્રકીર્ણ નોંધ

## સ્વ. ડૉલરરાય માંકડ

તા. ૨૯ મી ઑગસ્ટના રોજ સૌરાષ્ટ્રના જાણીતા સાહિત્યકાર, પ્રખર શિક્ષણશાસ્ત્રી અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ શ્રી ડૉલરરાય માંકડનું ૬૮ વર્ષની ઉંમરે રાજકોટથી પચાસ માઇલ દૂર અલિયાબાડા ખાતે હૃદયરોગના હુમલાથી દુ:ખદ અવસાન થયું.

તેમનો જન્મ ૧૯૦૨ ના જાન્યુઆરીની ૨૩ મી તારીખે કચ્છના વાગડ તાલુકાના જંત્રી ગામે થયો હતો. ૧૯૨૭માં સંસ્કૃત અને ગુજરાતી સાથે એમ. એ. થયા પછી ૧૯૪૭ સુધી કરાંચીની ડી. જે. સિંધ કૉલેજમાં તેમણે સંસ્કૃતના પ્રાધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૪૭ માં દેશના ભાગલા થયા પછી તેઓ વલ્લભ વિદ્યાનગરમાં જોડાયા. ૧૯૫૩ માં અલિયાબાડા આવી દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલયની સ્થાપના કરી. ૧૯૬૦ ના જૂનમાં એ કૉલેજનું આચાર્યપદ તેમણે છોડયું. અલિયાબાડા તેમની કર્મભૂમિ છે. ત્યાં તેમણે શિક્ષણ, ખેતીવાડી અને વિનયનની કૉલેજો શરૂ કરી.

સૌરાષ્ટ્ર યુનિ. ની સ્થાપના થઇ ત્યારે કુલપતિપદ માટે સૌની નજર એમના પર જ ઠરી અને ૧૯૬૬ ની ૧૮ મી ઑગસ્ટના રોજ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનું સુકાન સંભાળ્યા બાદ તેમણે ઘણા સુખ-દ:ખ અને વાવાંઝોડામાંથી સૌરાષ્ટ્ર યુનિ. ને હેમખેમ પાર ઉતારી.

તેઓએ સાહિત્ય અને શિક્ષણના ક્ષેત્રે બજાવેલી સેવા એટલી બધી સંગીન વૈવિધ્યપૂર્ણ અને ચિરસ્થાયી મૂલ્યવાળી હતી કે એના પરિણામે સમાજના હૃદયમાં તેઓ સાચા વિદ્યાગુરુ તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા. તેઓ એક સમાન્ય પ્રાધ્યાપક નહોતા. પ્રાચ્ય-વિદ્યાઓ, ઇતિહાસ, પુરાણ, સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યનો અને વિવેચનનો એમનો અભ્યાસ તલસ્પર્શી હતો. આ ઉપરાંત નાટક, છંદ, વ્યાકરણ અને કાવ્યશાસ્ત્રના પણ તેઓ અગ્રગણ્ય પંડિત હતા. સાહિત્ય - ઇતિહાસ અને શિક્ષણના વિષયમાં તેમણે અંગ્રેજી, ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં સત્તર પુસ્તકો લખ્યાં છે.

રણજિતરામ સુવર્ણચન્દ્રકની પ્રાપ્તિથી માંડીને 'નૈવેદ્ય' માટે સાહિત્ય અકાદમીનો પુરસ્કાર પામનાર શ્રી ડૉલરરાય માંકડના નિધનથી ગુજરાતને સાહિત્ય અને શિક્ષણને ક્ષેત્રે જલ્દી ન પૂરાય એવી ખોટ પડી છે.

ઇશ્વર સદ્‌ગતના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના સાથે અમે એમને અમારી શ્રદ્ધાંજલિ આપીએ છીએ.

સુબોધભાઇ એમ. શાહ

## શ્રી કાન્તિલાલ ઉમેદચંદ બારોડિયાનું દુ:ખદ અવસાન

તા. ૩૦-૮-૭૦ સોમવારની સવારના ભાગમાં સંઘની કાર્યવાહક સમિતિના વર્ષોજુના સભ્ય શ્રી કાન્તિલાલ ઉમેદચંદ બરોડિયાનું અણધાર્યા હાર્ટ-ઍટેકના પરિણામે એકાએક અવસાન થતાં સંઘને એક સાથી મિત્રની ખોટ પડી છે. અવસાન વખતે તેમની ઉંમર ૫૧ વર્ષની હતી.

તેમનો જન્મ ૧૯૧૯ ની સાલમાં અમદાવાદ ખાતે થયો હતો. તેમના પિતાશ્રી શ્રી ઉમેદચંદ દોલતચંદ બરોડિયા જૈન સમાજના એક કાર્યકર્તા હતા અને મુંબઇ જૈન યુવક સંઘના પ્રારંભના વર્ષોમાં તેમનો સંઘને ઘણો મોટો સાથ હતો. શ્રી કાન્તિભાઇએ 'સ્ટૉક એક્સચેન્જ' એ વિષય ઉપર મહાનિબંધ લખીને એમ. કોમ્.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી અને તેમના પિતાશ્રીના પગલે ચાલીને પોતાની કારકિર્દીની શરૂઆત મુંબઇના સ્ટોક એકસચેન્જમાં જોડાઇને કરી હતી. તેમણે વર્ષોના વહેવા સાથે કેટલોક સમય હૈદ્રાબાદ સ્ટૉક એકસચેન્જના સેક્રેટરી તરીકે, ત્યાર બાદ ઇન્ડિયન મરચન્ટ્સ ચેમ્બરના સહાયક અધિકારી તરીકે, ત્યાર બાદ ધી બોમ્બે ઓઇલ સીડ્સ એન્ડ ઓઇલ્સ એકસચેન્જમાં સિનિયર આસિ. સેક્રેટરી તરીકે સેવા બજાવી હતી. ઇ. સ. ૧૯૬૬ માં સૉલવન્ટ એક્સટ્રેક્ટર્સ એસોસિયેશનના મંત્રી તરીકે તેમની નિમણૂંક થઇ હતી અને જીવનના અંત સુધી તેઓ તે કામગીરી ઉપર હતા. તેમના જીવનના છેલ્લાં દશ વર્ષ તેમણે તેલ, તેલીબિયાં અને ખોળના વ્યવસાયની સેવામાં ગાળ્યાં હતાં.

જીવનનિર્વાહ અર્થે આ વ્યવસાય સાથે તેઓ આજીવન સંકળાયેલા હતા પણ તે સાથે તેઓ અનેક સામાજિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા હતા. કૉમર્સ ગ્રેજ્યુએટ્સ એસોસીએશનના તેઓ ૧૯૬૧ ની સાલથી પ્રમુખસ્થાને હતા અને મહાવીર જૈન વિદ્યાલય, મુંબઇ જૈન યુવક સંઘ, વિલેપારલે કૉંગ્રેસ મંડળ સમિતિ, વિલેપારલે ગુજરાતી સમાજ વગેરે અનેક સંસ્થાઓના તેઓ સક્રિય કાર્યકર હતા. વર્ષોથી તેઓ વિલેપારલેમાં સહકુટુંબ વસતા હતા.

તેઓ સારા લેખક અને વિવેચક હતા. અર્થકારણ તેમના વિશિષ્ટ અભ્યાસનો વિષય હતો. કેટલાક મરાઠી નાટકોનું તેમણે ગુજરાતીમાં રૂપાંતર કર્યું હતું. મુંબઇના ઓલ ઇન્ડિયા રેડિયો ઉપરથી તેમના અવારનવાર વાર્તાલાપો યોજાતા હતા.

તેઓ પોતાની પાછળ ધર્મપત્ની અને પુત્ર-પુત્રીઓનો બહોળો પરિવાર મૂકી ગયા છે. તેમના કુટુંબીજનો વિશે આપણે ઊંડા અન્તરની સહાનુભૂતિ દાખવીએ. તેમના આત્માને શાશ્વત શાંતિ પ્રાર્થીએ!

## ડૉ. રમણલાલ ચી. શાહને હાર્દિક અભિનંદન

ડૉ. રમણલાલ ચી. શાહ જેઓ અમારા મુંબઇ જૈન યુવક સંઘની કાર્યવાહક સમિતિના કેટલાંક વર્ષોથી એક સભ્ય અને સહકાર્યકર છે તેમની મુંબઇ યુનિવર્સિટીમાં ગુજરાતી ભાષાના 'રીડર' તરીકે તાજેતરમાં નિમણૂક કરવામાં આવી છે. આ માટે તેમને આપણાં સર્વના હાર્દિક અભિનન્દન ઘટે છે. આ પ્રસંગે તેમનો પરિચય અસ્થાને નહિ ગણાય.

તેમનો જન્મ વડોદરા જિલ્લામાં આવેલા પાદરા ખાતે ઇ. સ.૧૯૨૬ માં થયેલો, પણ પ્રાથમિક શિક્ષણ બાદનું તેમનું સમગ્ર શિક્ષણ મુંબઇમાં થયું. ૧૯૪૮ માં તેઓ બી. એ. થયા; ૧૯૫૦ માં તેઓ એમ. એ., થયા અને ગુજરાતીમાં સૌથી વધારે માર્કસ મેળવીને તેમણે બળવન્તરાય ઠાકોર સુવર્ણચંદ્રક અને કેશવલાલ ધ્રુવ પારિતોષિક પ્રાપ્ત કર્યા. ૧૯૫૧ની સાલથી તેઓ જે કૉલેજમાં ભણ્યા તે સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે નિમાયા. ત્યાર બાદ નળ - દમયન્તીની કથાના વિકાસ ઉપર મહાનિબંધ લખીને ૧૯૬૧ માં તેમણે પી. એચ. ડી. ની પદવી પ્રાપ્ત કરી. ૧૯૬૩ થી પી. એચ. ડી. ના વિદ્યાર્થીઓને માર્ગદર્શન આપવાની યોગ્યતાનું મુંબઇ યુનિવર્સિટીએ તેમને પ્રદાન કર્યું. પરિણામે આજ સુધીમાં તેમના માર્ગદર્શન નીચે છ વિદ્યાર્થીઓએ પી. એચ. ડી., ની ડીગ્રી પ્રાપ્ત કરી છે અને બીજા છ વિદ્યાર્થીઓ તેમના માર્ગદર્શન નીચે પી. એચ. ડી. માટે થીસીસ તૈયાર કરી રહ્યા છે. આ ઉપરાંત તેમણે ૧૯૫૧ થી ૧૯૭૦ સુધી એન. સી. સી. ના ઓફિસર તરીકે કામગીરી બજાવી છે અને હાલ તેઓ મેજરનો હોદો ધરાવે છે.

તેમના આજ સુધીનાં પ્રકાશનોની યાદી આ મુજબ છે:

મનીષા: સૉનેટ સંગ્રહ (શ્રી મીનુ દેસાઇ સાથે), (૨) શ્રેષ્ઠ નિબંધિકાઓ (સંપાદક, શ્રી મીનુ દેસાઇ સાથે), (૩) ઍવરેસ્ટનું આરોહણ, (૪) ગુલામોના મુક્તિદાતા, (૫) નળ દમયંતી રાસ, (૬) જમ્બૂસ્વામી રાસ, (૭) કુવલય માળા, (૮) શ્યામરંગ સમીપે' (એકાંકી નાટક સંગ્રહ જેને માટે વર્ષના શ્રેષ્ઠ એકાંકીનું પારિતોષિક ગુજરાત સરકારે તેમને આપ્યું છે. (૯) ૧૯૬૨ નું ગ્રંથસ્થ સાહિત્ય.

અહિં જણાવવું અસ્થાને નહિ ગણાય કે તેમનાં પત્ની સૌ.

તારાબહેન શાહ મુંબઇ યુનિવર્સિટીનાં એમ. એ. છે અને સૉફિયા કૉલેજમાં કેટલાંક વર્ષોથી ગુજરાતી ભાષાનું અધ્યાપન કરાવે છે. આ બન્ને દંપતી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં વ્યાખ્યાન આપવા માટે અનેક વાર ઉપસ્થિત થયાં છે.

આવા રમણભાઇની ભાવી કારકિર્દી સતત ઉજ્જવલ બનતી રહે અને આપણા સમાજને અને ગુજરાતી સાહિત્યને તેમની સેવાઓનો અવિરત લાભ મળતો રહે એવી આપણી શુભેચ્છા અને પ્રાર્થના હો!

## સૌરાષ્ટ્ર–ગુજરાત ઉપર ઉતરેલી દિલ કંપાવતી આફત અને પાર વિનાની સર્જાયેલી તારાજી

વ્યતીત થયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રારંભની સભામાં બોલતાં મેં આનંદ વ્યકત કર્યો હતો કે "આ વર્ષે ચોતરફ સારા પ્રમાણમાં વરસાદ પડયો હોવાના સમાચાર મળી રહ્યા છે અને સૌરાષ્ટ્ર તથા ગુજરાતના દુષ્કાળગ્રસ્ત પ્રદેશોમાં વસતા પ્રજાજનો ઊંડો સંતોષ, રાહત અને આનંદની લાગણી અનુભવી રહ્યા છે અને આગામી વર્ષ અનાજપાણીથી છલકાઇ જશે એવી આશા સેવી રહ્યા છે." આવો આનંદ વ્યકત કર્યાને અઠવાડિયું દશ દિવસ પસાર થયા ન થયા અને પરિસ્થિતિએ એકાએક પલટો લીધો છે અને અતિવૃષ્ટિએ સૌરાષ્ટ્રના કેટલાક વિભાગોમાં અને ગુજરાતના પણ કેટલાક વિભાગોમાં—ખાસ કરીને ભરુચ અને નવસારી જિલ્લામાં - કલ્પનામાં ન આવે એવી તારાજી સરજી છે, ભરુચ અને ભરુચ જિલ્લા ઉપર તો કદરતનો કાળો કોપ ઉતર્યો છે. આ તારાજીનાં વર્ણનો દૈનિક પત્રોમાં વાંચીને દિલ કંપી ઊઠે છે. ઝઘડિયાના ગ્રામવિસ્તારોમાં સંખ્યાબંધ માનવીઓ મરણશરણ થયા હોવાનું જણાવવામાં આવે છે. ઢોરઢાંખર અને બકરા તથા બીજાં જાનવરોની જાનહાનિનો કોઇ અંદાજ આવી શકતો નથી. અનેરી આશા આપતો પાક પણ જળપ્રવાહમાં તણાઇ ગયો છે. મિલ્કતની હાનિનો આંકડો ત્રણ કરોડ ઉપર અંદાજવામાં આવે છે.

આવી પરિસ્થિતિમાં સુખચેનમાં બેઠેલા—સુતેલા આપણું શું કર્તવ્ય? પરિસ્થિતિ, આભ ફાટયા જેવી લાગે છે. એમ છતાં જેમને આ આફત સીધી સ્પર્શી નથી તેઓ અનેક રીતે - દ્રવ્યથી, જરૂરિયાતની ચીજો પૂરી પાડીને દવાદારૂ પહોંચતાં કરીને. રાહતગ્રસ્ત વિસ્તારોમાં મદદરૂપ થવા માટે જાતે પહોંચી જઇને - મદદ કરીને આ આફતને હળવી કરી શકે છે. આ સંબંધમાં સમયસર અપીલ બહાર પાડતા ગુજરાતના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્ર દેસાઇએ જણાવ્યું છે કે "મને શ્રદ્ધા છે કે આવી આપત્તિ વારંવાર આવે છે તેમ છતાં, ગુજરાતી પ્રજા, દેશ અને દેશ બહાર વસતા ગુજરાતીઓ અને ગુજરાત પ્રત્યે મમતા રાખનાર સહુ કોઇ આ કાર્યમાં મદદનો હાથ લંબાવશે. કોણ કેટલી રકમ આપે છે તેના કરતાં વધારે અગત્યની વાત તો એ છે કે, સહ કોઇ ઉમ્મર કે સંપત્તિના ભેદ વગર પોતાના બાંધવોને મદદ કરવા પોતાનો હાથ લંબાવે. જુદી જુદી રાજકીય, સામાજિક અને સેવાભાવી સંસ્થાઓ, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, વિદ્યાર્થીઓ, ખેડૂતો, કર્મચારીઓ અને આમ જન - દરેક પોતપોતાની શકિત અનુસાર આ કાર્યમાં મદદ કરે. વિદ્યાર્થીઓ અને યુવાનો આ કાર્ય ઉત્સાહથી ઉપાડી લે અને નાનકડી રકમ આપીને પણ પોતાની ભાવના પ્રદર્શિત કરે એવી મારી સૌને આગ્રહભરી જાહેર વિનંતિ છે." શ્રી હિતેન્દ્ર દેસાઇની આ વિનંતિ આપણે સર્વ ધ્યાનમાં લઇએ અને આપણાથી બનતું કરી છૂટીએ!

## સંઘની પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે અંગત નિવેદન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત તા. ૨૯ ૮-૭૦ થી તા. ૬-૯-૭૦ એમ નવ દિવસની—પર્યુષણ વ્યાખ્યાનમાળા નિયત કાર્યક્રમ મુજબ પસાર થઇ ગઇ છે અને એમાં ભાગ લેનાર માટે અનેક મીઠાં સ્મરણો મૂકી ગઇ છે. આ પર્યુષણ વ્યાખ્યાનમાળાની કેટલીક વિગતો મંત્રીઓના નિવેદનમાં રજૂ કરવામાં આવી છે. તેની વૈચારિક આલોચના પ્રસ્તુત વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન જેમણે શોભાવ્યું હતું તે પ્રાધ્યાપક શ્રી ગૌરીશંકર ઝાલા દર વર્ષ માફક આ વખતે પણ 'પ્રબુદ્ધ જીવન' માટે તૈયાર કરી આપવાના છે જે હવે પછીના 'પ્રબુદ્ધ જીવન' માં પ્રગટ કરવામાં આવશે. અહિ તો અંગત નોંધ રૂપે હું થોડુંક કહેવા - સૂચવવા માંગું છું.

ચાલુ મહિનાઓ દરમિયાન મારી તબિયત જોઇએ તેટલી સારી રહેતી નહોતી અને અવારનવાર ચક્કરની બિમારી પીડા આપતી હતી. આ કારણે આ વખતની પર્યુષણ વ્યાખ્યાનમાળામાં હું હાજર રહી શકીશ કે નહિ અથવા તો કોઇ પણ વ્યાખ્યાનસભા દરમિયાન અડધી સભાએ બહાર ચાલી જવાની મને ફરજ પડશે એવી મને ભીતિ હતી. સદ્ભાગ્યે વ્યાખ્યાનમાળાના નવે દિવસ દરમ્યાન બધી વ્યાખ્યાનસભાઓમાં હું હાજર રહી શકયો, એટલું જ નહિ પણ, ભાગ પણ લઇ શકયો એ કારણે હું ખૂબ સંતોષ અને પ્રસન્નતા અનુભવું છું.

મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી વ્યાખ્યાનમાળા એ મારા સ્વપ્નનું સાકાર દર્શન છે. સદ્ભાગ્યે મુંબઇ જૈન યુવક સંઘ સાથે તેના પ્રાદુર્ભાવથી મારૂં જોડાણ રહ્યું છે અને ૧૯૩૬ની સાલથી આ જોડાણ વધારે ને વધારે સક્રિય બનતું રહ્યું છે. ૧૯૩૩ ની સાલના ડીસેમ્બરમાં હું જેલમાંથી છૂટયો અને ત્યાર બાદની ઘણુંખરૂં સૌથી પહેલી વ્યાખ્યાનમાળાનું આયોજન કરવાનું મારે માથે આવેલું. આથી આગળના એક બે વર્ષથી પં. સુખલાલજીના માર્ગદર્શન નીચે અમદાવાદ ખાતે નાના આકારમાં પર્યુષણ વ્યાખ્યાનમાળાની શરૂઆત થઇ ચૂકી હતી. તે સમયથી આજ સુધી, સંઘના સભ્યોના પૂરા સદ્ભાવ અને સહકારના કારણે, પ્રસ્તુત આયોજન ઘણા મોટા ભાગે મારા હાથમાં જ રહ્યું છે. આ રીતે આજે જેણે વધારે વિશાળ અને સઘનરૂપ ધારણ કર્યું છે એવી સંઘદ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના આજ સુધીના વિકાસનો હું સાક્ષી છું. અતિ સીમિત આકારમાં ભરાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રારંભનાં વર્ષો દરમિયાન તે અંગે મારૂં સ્વપ્ન હતું કે આ પર્યુષણ વ્યાખ્યાનમાળા એવું સાર્વજનિક રૂપ ધારણ કરે કે જેમાં જૈનેતરો પણ સારા પ્રમાણમાં હાજરી આપે, જેમાં ભાગ લેવા માટે દૂર દૂર વસતા વ્યાખ્યાતાઓને નિમંત્રણ આપવામાં આવે, જેમાં મુકત ચિન્તનની આપલે થાય, જેમાં કોઇ સંપ્રદાયનો આગ્રહ ન હોય પણ માનવી જીવનનાં ઊંચા મૂલ્યોનું મુકત ભાવે વિતરણ થાય, જે માત્ર જૈન સમાજ માટે નહિ પણ સમગ્ર પ્રજાજનો માટે વૈચારિક ઉન્મેષનું પર્વ બને, જેમાં આજના વિચારપ્રવાહનું વ્યાખ્યાતાઓ સમ્યક્ નિરૂપણ કરે અને શ્રોતાઓમાં નૂતન ચેતના જાગૃતી પેદા થાય, જે પ્રવૃત્તિની આર્થિક તાકાત એવી સુદઢ અને વિશ્વસનીય બને કે હિન્દ બહારના વિશ્વચિન્તકોને પણ જિજ્ઞાસુ સમુદાય સમક્ષ રજૂ કરવાનું શકય બને અને દેશ - પરદેશના મહાપુરુષોનાં પ્રત્યક્ષ દર્શન—પ્રત્યક્ષ પરિચય—સુલભ બને. આવું મારૂં સ્વપ્ન આજે યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં અમુક અંશે સાકાર બની રહ્યું છે. આ કારણે હું મારા જીવનની અનેરી ધન્યતા અનુભવું છું.

આ જ રીતે આપણે આવતા વર્ષે પર્યુષણના દિવસો દરમિયાન ફરીથી મળીશું અને આથી પણ વધારે તેજસ્વી કાર્યક્રમના ભાગીદાર બનીશું, એવી આપણે આશા રાખીએ. આમ છતાં પણ કાલ કોણે દીઠી છે? અંગત રીતે વિચારતાં—ઘટતી જતી શારીરિક ક્ષમતાનો ખ્યાલ કરતાં—આવતા વર્ષે આપણું ઉભય મીલન કદાચ શકય ન પણ હોય. આમ છતાં હું હોઉં કે ન હોઉં, મને ખાત્રી છે કે મારા સાથી મિત્રો, આ પરંપરાને કુશળતાપૂર્વક ચાલુ રાખશે અને ઉપર જણાવેલ મારા સ્વપ્નને સંપૂર્ણ અર્થમાં સાકાર કરવા માટે પૂરતું સામર્થ્ય અને પુરુષાર્થ દાખવશે.

## સંઘના ફાળાનો લક્ષ્યાંક પૂરો કરવા અનુરોધ

આ વખતે પર્યુષણ વ્યાખ્યાનમાળાની પહેલા અને એ દરમિયાન નોંધાતા સંઘના ફાળામાં આશરે રૂા. ૧૭૦૦૦ ની રકમ

નોંધાઈ છે, જ્યારે સંઘની કાર્યવાહીએ નક્કી કરેલા લક્ષ્યાંક રૂા. ૨૫,૦૦૦ નો છે. વ્યાખ્યાનમાળા પુરી થયા બાદ સાધારણ રીતે હું સંઘના મિત્રો અને પ્રશંસકો કે જેમણે પોતાની રકમ સંઘના ફાળા-માં નોંધાવી ન હોય તેમની પાસે જાતે જતો અને ઘણાખરાંના વચનો પ્રાપ્ત કરી લેતો. ગયા વર્ષે નરમ તબિયતના કારણે વ્યાખ્યાન-માળા પૂરી થયા બાદ તરતમાં જ મારે બહારગામ જવાનું થયેલું. આ વખતે પણ મિત્રો અને પ્રશંસકોની રકમો નક્કી કરવાનું કાર્ય મારાથી કેટલું થઇ શકશે તેની મને કલ્પના નથી. કદાચ શારીરિક અવરોધ ધારણા મુજબ મારા ઉત્સાહ ઉપર અટકાયત મૂકે. આ પરિસ્થિતિમાં સંઘના સર્વ પ્રશંસકોને મારી નમ્ર પ્રાર્થના છે કે તેઓ પોતપોતાનો ફાળો, કોઈના પણ આવવાની કે આગ્રહની અપેક્ષા રાખ્યા સિવાય સંઘના કાર્યાલય ઉપર લખી જણાવે અથવા તો મોકલી આપે. કે જેથી મારા અને મારા સાથીઓના પગમાં નવું જોર આવે અને સંઘની પ્રવૃત્તિઓમાં વધારે વેગ અને વૃદ્ધિ નિર્માણ થાય.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા અંગે એક નવી શુભઘટના

પર્યુષણ પર્વને લગતી ચાલુ પરંપરાના વિરોધમાં કેટલાંય વર્ષોથી નિર્માણ થયેલી પર્યુષણ વ્યાખ્યાનમાળાના ઈતિહાસમાં આ વર્ષે એક નવી શુભ ઘટના નિર્માણ થઇ છે. આવી વ્યાખ્યાન-માળા કોઇ એક સ્થાનિક જૈન સંઘ તરફથી યોજવામાં આવે અને તેની સભાઓ કોઇ એક જૈન ઉપાશ્રયમાં ભરાય એ જૈન સમાજનાં વિચારવલણોનો ખ્યાલ કરતાં અશકયવત લાગતું હતું. આવી આજ સુધીની પરિસ્થિતિના સંદર્ભમાં જણાવતાં અત્યન્ત આનંદ થાય છે કે વ્યતીત થયેલા પર્યુષણ પર્વ દરમિયાન ઘાટકોપરના શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન શ્રાવક સંઘના ઉપક્રમે ઘાટકોપર ઉપા-શ્રયમાં તા. ૨૯ ઑગસ્ટથી તા. ૪ સપ્ટેમ્બર સુધી એમ સાત દિવસ દરરોજ રાત્રિના ૯ વાગ્યે ચાલુ ઢબની જ એક વ્યાખ્યાન-માળા યોજવામાં આવી હતી અને તેના વ્યાખ્યાતાઓ અને વ્યાખ્યાન વિષયનો કાર્યક્રમ નીચે મુજબ હતો:–

| વકતા | વિષય |
|---|---|
| વૈદ્ય શ્રી પ્રાગજીભાઈ રાઠોડ | આપણા પર્વો અને આરોગ્ય |
| શ્રી પૂર્ણિમાબહેન પકવાસા | બહેનોઅને ધાર્મિક પ્રવૃત્તિઓ |
| શ્રી કિસનસિંહ ચાવડા | માણસનો નવો જન્મ |
| શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી | મહાવીરનો સંદેશો અને આપણી રૂઢિઓ |
| પ્રો. અમૃતલાલ યાજ્ઞિક | માનવધર્મ |
| શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ | રાષ્ટ્રમાં જૈનોનું સ્થાન |
| શ્રી ગુલાબદાસ બ્રોકર | ભારતીય સંસ્કૃતિ અને આપણું કર્તવ્ય |

આ શુભ ઘટના નિર્માણ થવાનો યશ જેમને હાથે થોડા સમય પહેલા શ્રમણી વિદ્યાપીઠની સ્થાપના થઈ છે તેવા શ્રી દુર્લભજી કેશવજી ખેતાણીના ફાળે જાય છે. તેમના જણાવવા પ્રમાણે આ વ્યાખ્યાનસભાઓમાં હંમેશા હજારથી બારસો ભાઇ બહેનો ઉપસ્થિત થતાં હતાં અને રાત્રીના સાડાદશ વાગ્યા સુધી ઊભા ઊભા યા બેઠા બેઠા – જેને જ્યાં સ્થાન મળ્યું ત્યાં–અપૂર્વ શાંતિપૂર્વક સાંભળતાં હતાં. શ્રી કિસનસિંહ ચાવડાના વ્યાખ્યાન પ્રસંગે ૧૫૦૦ થી ૨૦૦૦ ભાઇ બહેનોની હાજરી હતી. પર્વના દિવસોને કારણે પણ નવું નવું જાણવા - સાંભળવાની જિજ્ઞાસાથી બધાં ભાઈબહેનોને ખૂબ જ આનંદ થયો હતો. છેલ્લા દિવસે શ્રી દુર્લભજીભાઇએ કરેલા સાતે દિવસનાં વ્યાખ્યાનોના ઉપસંહારથી શ્રોતાજનો ખૂબ પ્રભાવિત બન્યા હતા. આ શુભ ઘટના જૈન સમાજની ઉદારતા અને ખેલદિલી જેનો નીચે ઉલ્લેખ કરવામાં આવ્યો છે તેની સૂચક અને પૂરક છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળા અને જૈન સમાજ

એ સુવિદિત છે કે પર્યુષણ વ્યાખ્યાનમાળાની પ્રવૃત્તિ પર્યુષણ અંગેની ચાલુ પરંપરાની વિરુદ્ધની છે. આ દિવસોમાં સાધારણ રીતે જૈનો પોતેતપોતાના મંદિરે યા ઉપાશ્રયે જાય અને ધર્મગુરુઓનાં વ્યાખ્યાનો સાંભળે. પર્યુષણ વ્યાખ્યાનમાળા આ જ જૈન સમાજ માટે બીજું જ આકર્ષણ પેદા કરે છે અને તેમને આજના વિચારપ્રવાહો અંગે સમ્યક્ દર્શન પ્રાપ્ત કરવું હોય તો "આ વ્યાખ્યાનમાળામાં આવો"-એ પ્રકારનું નિમંત્રણ આપે છે. આ પ્રવૃત્તિ પરંપરાવિરોધી હોવા છતાં, આજે લગભગ ૩૭ - ૩૮ વર્ષથી ચાલી રહી છે, ટકી રહી છે તેનાં કારણો શું છે?

આનું એક કારણ હું એમ કલ્પું છું કે પર્યુષણ વ્યાખ્યાનમાળાનાં વ્યાખ્યાનોની ભૂમિકા ઉચ્ચ સ્તર ઉપર રચાઇ રહી છે અને તેમાં વિખવાદ પેદા થાય એવા પ્રશ્નોની ભાગ્યે જ ચર્ચા કરવામાં આવે છે. તેની નીતિ આક્રમક નથી, પણ રચનાત્મક - વિધેયાત્મક છે અને તે કારણે સમાજમાં આજ સુધી ભાગ્યે જ સંઘર્ષ પેદા થયો છે. વિચાર–ઘડતર એ તેનું ધ્યેય છે અને તેને પોષક એવાં વ્યાખ્યાનો યોજવામાં આવે છે.

મારી દષ્ટિએ બીજું કારણ જૈન સમાજની અસાધારણ ઉદારતા છે. જૈન સમાજ એક અલ્પસંખ્યક સમાજ છે. આવો સમાજ પરંપરા - રક્ષાની ચિન્તા વધારે સેવતો હોય છે અને તે કારણે તે અંગે આવા નાના સમાજમાં પરંપરાવિરોધી પ્રવૃત્તિઓ પ્રત્યે ઝનુન પણ સારા પ્રમાણમાં હોય છે. આમ છતાં જૈન સમાજે પર્યુષણ વ્યાખ્યાનમાળાને સમભાવપૂર્વક નીભાવી છે. આનું કારણ તેને મળેલો અહિંસા અને અનેકાન્ત વિચારનો વારસો છે. બીજા આવા કોઈ અલ્પસંખ્યક ધર્મસમુદાયે આવી પ્રવૃત્તિ લાંબો વખત ચાલવા દીધી ન જ હોત. જૈન સમાજના આવા ઉદાર વલણની અને પ્રતિકૂળ વિચારધારા પ્રત્યે પણ દાખવવામાં આવતા આદર-ભાવની કૃતજ્ઞતાપૂર્વક નોંધ લેવી ઘટે. છે.

## પર્યુષણ વ્યાખ્યાનમાળાના પ્રમુખસ્થાનને શોભાવતા પ્રાધ્યાપક ઝાલાસાહેબ

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા વર્ષોથી યોજાતી પર્યુષણ વ્યાખ્યાન માળાના પ્રારંભનાં વર્ષો દરમિયાન પંડિત સુખલાલજી અમદાવાદથી મુંબઈ ખાસ પધારતા હતા અને વ્યાખ્યાનસભાઓનું પ્રમુખસ્થાન તેઓ સુયોગ્ય રીતે શોભાવતા હતા. ઘટતી જતી શારીરિક ક્ષમતાના કારણે તેમનું આ નિમિત્તે મુંબઈ આવવાનું મુશ્કેલ - અશકયવત - બન્યું અને ત્યારથી એટલે કે ૧૯૬૨ ની સાલથી આજ સુધી પ્રાધ્યાપક ગૌરીશંકર ચુનીલાલ ઝાલા પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવી રહ્યા છે. આજે સદ્ભાગ્યે અનેક સાહિત્યકારો, વિદ્વાનો, કલાકારો અર્થસમૃદ્ધ બની રહ્યા છે અને તે મુજબ તેમની સાદી રહેણીકરણીમાં મહાન પરિવર્તન થઇ રહ્યું છે. કેટલાકો પોતાની માલે-કીનાં નિવાસસ્થાનો ઊભાં કરી શકયા છે અને મોટરકાર પણ વસાવી શકયા છે. પોતાની વિદ્યોપાસના સાથે ભૌતિક ઉત્કર્ષ પ્રત્યેની અભિમુખતાને સંલગ્ન કરવાનું આ સ્વાભાવિક પરિણામ છે. આ રીતે ઝાલાસાહેબ પણ પોતાના જીવનને પલટી શકયા હોત. પણ તેમની વિદ્યોપાસનામાં સતત ઉન્નતિ થતી રહેવા છતાં તેમણે ભૌતિક ઉત્કર્ષ તરફ નજર સરખી કરી નથી અને વર્ષો પહેલાં જોયેલા ઝાલાસાહેબ અને તેમની રહેણીકરણી–આ બધું આજે પણ એનું એ જ છે. વર્ષોથી ગ્રાન્ટરોડ સ્ટેશન બાજૂએ આવેલા પાર્વતીબાઇ મેન્શનની બે ડબલ રૂમમાં તેઓ એની એ જ સાદાઇપૂર્વક જીવન વ્યતીત કરે છે. મારે મન તેઓ ખરા બ્રાહ્મણ છે અને તેમનામાં એક ઋષિજનનું મને દર્શન થાય છે. તેમની વાણીમાં પણ વિશદ-તાનો–નિર્મળતાનો–અનુભવ થાય છે અને તેમની નમ્રતા પણ એટલી જ આદરપ્રેરક છે. તેમના પ્રમુખસ્થાનથી પર્યુષણ વ્યાખ્યાનમાળાના ગૌરવમાં વધારો થયો છે. તેમની સેવા આપણાને ચિરકાળ મળતી રહે અને તેમનું આરોગ્ય વર્ષો સુધી સુદઢ અને સુરક્ષિત બની રહે એવી આપણી પ્રાર્થના હો!

**પરમાનંદ**

# ☆ આનંદ વાટિકા ભગિની મંડળ—પરિચય ☆

(તા. ૨૩ ઓગસ્ટ ૧૯૭૦ ના રોજ ભાવનગરની એક સ્ત્રી સંસ્થા આનંદવાટિકા ભગિની મંડળના ઉપક્રમે ઊભું કરવામાં આવેલ "નર્મદાબહેન રાવળ (બાફઈ) સ્ત્રીઓની હૉસ્પિટલ" તથા "કમળાબહેન ભગવાનજી પ્રસૂતિગૃહ" ના નવા મકાનનું ઉદ્ઘાટન ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈના વરદ્ હસ્તે કરવામાં આવેલ. આ બન્ને સંસ્થાઓનો ક્યા સંયોગોમાં ઉદ્ભવ થયો અને તેનું નિર્માણ કરનાર આનંદ વાટિકા ભગિની મંડળ કયા સંયોગોમાં અસ્તિત્વમાં આવ્યું તેને લગતી કેટલીક રસપ્રદ હકીકતો નીચેના લખાણમાં આપવામાં આવી છે:

આ લખાણમાં 'બાફઈ'ના નામથી જેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે તે શ્રી નર્મદાબહેન રાવળ ગુજરાતના સુવિખ્યાત ચિત્રકાર શ્રી રવિશંકર મહાશંકર રાવળનાં નાનાં બહેન થાય, રવિભાઈનો પરિવાર શ્રી નર્મદાબહેનને 'બાફઈ' ના નામે સંબોધે એટલે તેમની સાથે કામ કરતી બહેનો પણ તેમને 'બાફઈ' ના લાડભર્યા નામથી સંબોધે છે. પ્રસ્તુત આનંદવાટિકા ભગિની મંડળ તેમનું સર્જન છે તેવી જ રીતે પ્રસ્તુત હૉસ્પીટલ ઊભું કરવા પાછળ પણ શ્રી નર્મદાબહેનની આખી મૂડી રૂા. ૧૦,૦૦૦ ની રકમનું સમર્પણ રહેલું છે, અને તેની કદર તરીકે જ તેમનું નામ પ્રસ્તુત હૉસ્પિટલ સાથે જોડવાનું તેમના સહકાર્યકર્તા બહેનોએ ઉચિત લેખ્યું છે. પરમાનંદ)

સને ૧૯૩૨ ની સાલમાં શ્રી નર્મદાબેન રાવળ (બા ફઈ) વાઘાવાડી રોડ પર આવેલા "મહાશંકર ભૂવન" માં રહેવા આવ્યા. આ મકાન પાછળના ભાગમાં વિશાળ ખુલ્લી જમીનનો પ્લોટ આવેલ હતો. (હાલના આ. વા. મંડળની જગ્યા) બીનઉપયોગી પડી રહેલી, આવી સુંદર જગ્યા જોઈ તેમના મનમાં કચવાટ થયો. પરંતુ જેમના હસ્તે એક વિશાળ વૃક્ષરૂપી સંસ્થાનું સર્જન થવાનું હશે તે કંઈ એમ બેસી રહે ખરા!

આસપાસના બંગલાઓમાં રહેતા બહેનોનો સંપર્ક સાધ્યો. એક શરદપૂર્ણિમાની શુભ રાત્રે લત્તાના ભાઈ-બહેનો માટેનો દૂધ પૌંઆના સમૂહ અલ્પાહારનો કાર્યક્રમ યોજ્યો અને એ શુભ રાત્રે સૌએ વિચાર પ્રદર્શિત કર્યો કે આ જગ્યાએ કંઈક પ્રવૃત્તિઓ શરૂ કરવી જ. આ નિર્ણય બાદ ટૂંક સમયમાં જ બાળકો અને કિશોરો માટે બાલવાડી, વ્યાયામ તથા પર્યટનો વગેરેની પ્રવૃત્તિઓ શરૂ કરી અને આમ સાવ નિરર્થક પડી રહેલ જમીન ઉપર શુભ કાર્યના શ્રીગણેશ મંડાયા.

સને ૧૯૩૫માં પ્રવૃત્તિઓ શરૂ કરી પરંતુ મનમાં અસંતોષ હતો કારણ જમીન દરબારી માલિકીની હતી. આ જમીનનો માલિકી હક્ક – કબજો મળે તો જ ખરી મજા આવે. આવો વિચાર આવતાની સાથે જ (બાફઈ) સ્વ. શ્રી. પ્રભાશંકરભાઈ પટ્ટણી ભાવનગર રાજ્યના દિવાનને રૂબરૂ મળ્યા અને પોતાના મંડળ સ્થાપવાના વિચારો રજૂ કર્યા. દૈવયોગે રજૂઆતનું સુંદર ફળ મળ્યું. ટૂંક સમયમાં જ આ જમીનના કબજાનો દરબારી હુકમ મળ્યો. અવારનવાર આ જગ્યાએ બહેનો મળવા લાગ્યાં અને ગરબા-રાસ તથા બાળકોના અન્ય કાર્યક્રમો થવા લાગ્યા.

૧૯૩૭માં બાફઈએ પોતાનો હાથથી સીવવાનો સંચો આપી સીવણ વર્ગની શરૂઆત કરી. ધીમે ધીમે બીજા બે સંચા મળ્યા અને બહેનોની સંખ્યા પણ વધી. એટલે વ્યવસ્થિત કાર્યવાહી શરૂ કરવા વિચાર્યું. આ સમયે ભાવનગર મહિલા મંડળ પોતાની પ્રવૃત્તિઓ ચલાવતું હતું એટલે તે મંડળની સાથે જોડાણ કરી પ્રવૃત્તિઓ ભાડાના મકાનમાં ચાલુ રાખી.

૧૯૪૭માં બાફઈ અને શાંતીલાબેન ત્રિવેદીના પ્રયત્નોથી શ્રી ઈન્દ્રવદન મહેતાએ તેમના સ્વ. પુત્રિ હંસાબહેનના સ્મરણાર્થે એક મકાન બાળકો અને બહેનોની પ્રવૃત્તિઓ માટે બંધાવી આપ્યું. એટલે તા. ૧૫-સપ્ટેમ્બર, ૧૯૪૭ના રોજથી આનંદવાટિકા ભગિની મંડળના નામે સંસ્થાની શુભ શરૂઆત થઈ. આ મકાનમાં બાલવાડી, સીવણવર્ગ તથા દેશી દવાખાનું શરૂ કરવામાં આવ્યું. શ્રી. જુગતરામ વૈદ્ય એમણે માનદ્ સેવાઓ આપી.

૧૯૫૩માં શ્રી પ્રભુદાસ રામજી મહેતાએ ઉદ્યોગ મંદિરનું મકાન બનાવી આપતા સીવણ તથા ઈતર હસ્તઉદ્યોગની પ્રવૃત્તિઓ ત્યાં શરૂ કરી. આ મકાનનું ખાતમુહૂર્ત તે સમયના કેળવણીપ્રધાન શ્રી ઘનશ્યામભાઈ ઓઝાના હસ્તે કરવામાં આવેલ અને ઉદ્ઘાટન ભાવનગરના મહારાણીસાહેબાના વરદ્ હસ્તે કરવામાં આવેલ.

૧૯૬૨માં બાલમંદિરનું અલગ મકાન અસ્તિત્વમાં આવ્યું. સ્વ. શ્રી મહાશંકરભાઈ ત્રિવેદી તરફથી રૂા. ૩૦૦૧ તથા સ્વ. શ્રી હીરાબા જીવનરામ ભટ્ટ તરફથી રૂા. ૧૦૦૧ તથા અન્ય દાતાઓ તરફથી સહાય મળતા રૂા. ૫૦૦૦ સંસ્થાના તથા રૂા. ૫૦૦૦ સમાજકલ્યાણ બોર્ડની સહાય મળતા તૈયાર કરવામાં આવ્યું. મકાનનું ખાતમુહૂર્ત સ્વ. શ્રી મહાશંકરભાઈના હસ્તે કરવામાં આવેલ અને તા. ૧૬ જૂન, ૧૯૬૨માં શ્રી દેવેન્દ્રભાઈ દેસાઈના વરદ્ હસ્તે બાલમંદિરનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું.

૧૯૬૫માં મંડળના પટ્ટાંગણમાં એક વધારાના મકાન માટેનું ખાતમુહૂર્ત શ્રી કમળાબેન ભગવાનજી પરીખના વરદ્ હસ્તે કરવામાં આવ્યું.

૧૯૬૭માં ગઢડાનિવાસી શેઠ શ્રી રતિલાલ વિઠ્ઠલદાસ ગોસળીઆ, જમશેદપુરનિવાસી શ્રી નગીનભાઈ પરીખ તથા મુંબઈ નિવાસી શ્રી છોટાભાઈ મહેતાના સહકારથી શ્રી કંચનગૌરી રતિલાલ ગોસળીયા આરોગ્ય મંદિર કરી શકાયું જેમાં તા. ૧-૮-૬૭ થી સાર્વજનિક દવાખાનું તથા સ્ત્રીઓની હૉસ્પિટલ શરૂ કરવામાં આવી.

૧૯૬૯ માં સ્ત્રીઓની હૉસ્પીટલ માટેના નવા મકાનનું ખાતમુહૂર્ત શ્રી સંતોકબહેન મહેતાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. (બાફઈ) તરફથી રૂા. ૧૦,૦૦૦ ની ઉદાર સખાવત આ માટે મળી. રાજ્ય સરકારશ્રી તરફથી આ અંગે રૂા. ૯૦૦૦૦ જેટલી માતબર રકમ અનુદાન તરીકે મળી.

૧૯૭૦ માં જમશેદપુર નિવાસી શ્રીમાન નગીનભાઈ ભગવાનજી પરીખ તરફથી તેમના માતુશ્રી કમળાબહેનના નામે પ્રસુતિગૃહ બનાવવા રૂા. ૧૫,૦૦૦ હજારની ઉદાર સખાવત મળી. જેના કારણે પ્રસૂતિગૃહનું મકાન બાંધી શકાયું.

આમ એક બીજમાંથી અંકુર ફૂટી જેમ વિશાળ વૃક્ષ ફૂલે ફાલે તેમ એક પછી એક મકાનોની સુવિધા મળતા વિશાળ વડ રૂપે આનંદ વાટિકા ભગિની મંડળની પ્રવૃત્તિઓ ઉત્તરોત્તર ફૂલીફાલી શકી છે.

**શ્રી હરબાળાબેન મહેતા**
મંત્રી, આનંદ વાટિકા ભગિની મંડળ

## હૉસ્પિટલના ઉદ્ઘાટન પ્રસંગે શ્રી નર્મદાબહેન રાવળનું વિનમ્ર નિવેદન

મારા માનથી આ એક મારા માટે અમોલો પ્રસંગ છે.

આમ તો મારે કંઈ જ કહેવાનું નથી. હવે મારી જીવનસંધ્યા છે તે વખતે મારા જીવનઘડતરમાં કેટકેટલાનો ફાળો છે તે સૌ મને આજના પ્રસંગે યાદ આવે છે.

પ્રથમ તો મારાં તન, મન, ધન જેનો મહાન ફાળો છે તે મારા પૂજ્ય વહાલાં માતાપિતાનો છે. તેમની વાત્સલ્યભરી પ્રેરણા સિવાય હું કંઈ જ કરી શકી ન હોત. તેમને મારા અન્તઃકરણપૂર્વક સાષ્ટાંગ નમસ્કાર કરું છું.

બીજા, રૂઢિગ્રસ્ત અંધકારમાંથી પ્રકાશમાં ખેંચી લાવનાર મારા ભાઈ રવિશંકર રાવળ તથા સ્વ. ગિજુભાઈ સાથે સાથે મારા ભાઈના પરમ મિત્ર મારા સગા ભાઈ જેવા પરમાનંદ કુંવરજી કાપડિયા, જેમણે મને સામાજિક જડ રૂઢિઓમાંથી બહાર કાઢી ઊર્ધ્વગામી વિચારો આપ્યાં છે અને તેને લીધે જીવનનું મૂલ્ય સમજી શકી છું. વળી મારા ભત્રીજાઓ તરફથી પણ મને પ્રેમભરી પ્રેરણા મળી છે.

ત્રીજા, આ ભગિની મંડળના કાર્યકર્તાઓ છે. તેમણે મને મોટી કરી બતાવી છે. આ સંસ્થાએ મને જીવન જીવવાની દૃષ્ટિ આપી છે. હું જે કાંઈ છું તે આ સંસ્થાને લીધે છું. દાન કરનારની ખૂબ જ પ્રશંસા થાય છે, પણ હું માનું છું કે દાન કરવું તે કોઈના ઉપર ઉપકાર નથી તે, સમાજનું ઋણ ફેડવાની એક રીત છે. મેં બહુ કરી નથી નાખ્યું. હું કાંઈ પૈસાદાર માતાપિતાની પુત્રી નથી. મારા પિતાએ મારા ઉપર અપાર સ્નેહને લીધે મને થોડી મરણમૂડી આપી છે - તે મેં આ સંસ્થાને ચરણે ધરી છે. મેં નામ માટે કાંઈ પણ કર્યું નથી. નામ કોનાં રહ્યાં છે? મારી પાસેનો બધો ભાર ઠાલવીને ઈશ્વર બોલાવે તેની રાહ જોઈ સંસ્થાને ચરણે બેઠી છું.

**નર્મદાબહેન રાવળ**

# સરદાર વલ્લભભાઈ પટેલનું નામ ભૂંસવાનો પ્રયાસ

(ગુજરાત પ્રદેશ કૉંગ્રેસ સમિતિ તરફથી પ્રસિદ્ધ થતી તા. ૨૫-૭-૭૦ ની કૉંગ્રેસપત્રિકામાં પ્રગટ થયેલ તંત્રીનોંધમાંથી નીચેની નોંધ અહીં સાભાર ઉધ્ધૃત કરવામાં આવે છે. ભારતથી છુટા પડેલા પાકિસ્તાન તરફથી પ્રગટ થયેલા આઝાદીના ઇતિહાસમાં આવી ક્ષતિઓ જોવામાં આવે તો તે સમજી શકાય તેવું છે પણ કેન્દ્ર સરકારના પબ્લિકેશન ડિવિઝન તરફથી પ્રગટ થતી 'આપણે સૌ એક દેશના વાસી' એ મથાળાની પુસ્તિકામાં સરદાર વલ્લભભાઇ પટેલના નામનો ઉલ્લેખ ન હોય એ કલ્પી ન શકાય. આવી ત્રુટિ કોઇ આકસ્મિક ભૂલના કારણે ન જ હોઇ શકે પણ સહેતુક જ હોય એવા અનુમાન તરફ આપણું મન આપણને લઇ જાય છે. અને એ રીતે વિચારતાં કોઇ ચોક્કસ પક્ષ - વિપક્ષ બુદ્ધિ કેન્દ્રવર્તી ખાતા પાછળ કામ કરી રહી હોય એમ લાગ્યા વિના રહેતું નથી. હકીકતના તથ્યને વટાવી જવા સુધીની આ ધૃષ્ટતા આપણી નૈતિક અધોગતિનું સૂચક છે અને એ વિચાર, દુ:ખ અને શરમ બન્ને લાગણીઓનો આપણને એક સાથે અનુભવ કરાવે છે. **પરમાનંદ**)

કેન્દ્ર સરકારના પબ્લિકેશન્સ ડિવિઝન તરફથી **"આપણે સૌ એક દેશના વાસી"** નામની પુસ્તિકા બહાર પાડવામાં આવી છે. "૧૯૪૭માં ભારત આઝાદ થયું તે આ સદીની એક મહાન ઘટનાઓમાંની એક હતી." આ વાકયથી શરૂઆત કરીને દેશમાં ભાવાત્મક એકતાની જરૂરિયાત ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. વચમાં **'આઝાદીના વર્ષો'** શીર્ષક નીચે નીચેનું લખાણ છાપવામાં આવ્યું છે:

"કરોડો ભારતીયોના લાડીલા, ગાંધી - વિચારસરણીથી ઘડાયેલા, સ્વાતંત્ર્યસંગ્રામવીર જવાહરલાલ નેહરુએ સ્વાતંત્ર્ય પછીનાં કટોકટીભર્યાં વર્ષોમાં દેશનું સુકાન ઉત્તમ કલ્પનાશકિત અને બાહોશીથી સંભાળ્યું. અખંડ અને પ્રજાસત્તાક ભારતની રાજકીય અને આર્થિક બુનિયાદી તૈયાર કરવામાં જવાહરલાલ નેહરુના જેટલો વ્યકિતગત ફાળો બીજા કોઇનો નથી. સ્વતંત્ર રાષ્ટ્ર અને બિનસાંપ્રદાયિક પ્રજાસત્તાક તરીકેની ભારતની ઘણી સિદ્ધિઓ ઉપર એમના નેતૃત્ત્વની મુદ્રા અંકિત થયેલી છે.

"આઝાદી પહેલાંના ભારતના રાજકીય નકશા ઉપર નજર કરો. એ નકશો "બ્રિટિશ" ભારત અને "રજવાડાં" ભારતનો હતો. પાંચસો ને ત્રેસઠ જેટલાં રજવાડાં અખંડ ભારતનો લગભગ અડધા જેટલો પ્રદેશ રોકીને પડયાં હતાં. એક રીતે તો એ બધાંમાં સાર્વભૌમ 'રાજ્યો' ની ક્ષમતા હતી. બ્રિટિશરોએ ભારત છોડયું ત્યારે તેમણે મૂળ આ રાજવીઓ પાસેથી પોતાના હાથમાં આવેલી સંપૂર્ણ સત્તા એમને જ પાછી સોંપવાનો નિર્ણય કર્યો. વળી અંગ્રેજો જતાં ભારતના જે ભાગમાં રાજકીય સત્તા સીધી લોકોના હાથમાં આવી પડી હતી, ત્યાં રાષ્ટ્રીય એકતાનો પ્રશ્ન ઊભો થયો હતો. ભારત અખંડિતતાની પોતાની આ સમસ્યા કેવી રીતે ઉકેલે છે તેના ઉપર તેની અખંડિતતા ટકવાનો કે તૂટી પડવાનો આધાર હતો.

"ભારતની અત્યારની વસતિના લગભગ અડધા જેટલા લોકોએ ત્યાર પછીના નોંધપાત્ર બનાવો સગી આંખે જોયા. પ્રત્યેક રાષ્ટ્રપ્રેમી ભારતીય, જે રાજવીઓને રાષ્ટ્રવિરોધી, બ્રિટિશતરફી અને રૂઢિજડ માનતો હતો, તે રાજવીઓએ ઉદાત્ત વિવેકબુદ્ધિ દાખવીને કેન્દ્ર સરકારને પોતાનું સાર્વભૌમત્વ અર્પણ કર્યું. ત્રણ અપવાદોને બાદ કરતાં બાકીનાં બધાં જ રાજ્યો, ભારત આઝાદ બન્યું તે જ દિવસે, અખંડ ભારતમાં ભળી જવા સંમત થયાં. આ રકતહીન ક્રાન્તિ ઇતિહાસમાં અજોડ છે."

ઉપરના બે લખાણોનો અભ્યાસ કરીશું તો જણાશે કે જવાહરલાલ નેહરુને જેટલા બિરાદાવવામાં આવ્યા છે તેની સરખામણીમાં, રાજ્યોના વિલિનિકરણ માટે સરદાર વલ્લભભાઇ પટેલને યશ આપીને ફરજ અદા કરવાનું ભૂલીને, તેમના નામમાત્રનો ઉલ્લેખ કરવાનું પણ કેન્દ્ર સરકારના પબ્લિકેશન ડિવિઝનને યોગ્ય લાગ્યું નથી. રાજ્યોનું વિલિનીકરણ કરાવવા માટે સરદાર વલ્લભભાઇ પટેલે કુનેહ અને દીર્ઘદૃષ્ટિ વાપરીને ભારતની જે સેવા કરી છે, તેટલી બીજા કોઇએ કરી નથી; તેમ છતાં પબ્લિકેશન્સ ડિવિઝનને એમના નામનો ઉલ્લેખ કરવો જરૂરી લાગ્યો નથી એ શોચનીય છે.

ઇતિહાસને ભૂંસવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ કરવામાં આવે, તેવા પ્રસંગો ઘણા છે. સ્ટેલિનના શબને કાઢીને બીજે દાટવામાં આવ્યું. ટ્રોસ્ટ્સ્કીના નામમાત્રનો ઉલ્લેખ પણ રશિયાનાં પ્રકાશનોમાં બાદ રાખવામાં આવ્યો છે. ભારતના ઇતિહાસના બનાવો તાજા છે. તેને ઇરાદાપૂર્વક ભૂંસવાનો પ્રયાસ થાય ત્યારે, પ્રસ્તુત બાબતમાં ગુજરાત એકલું નહીં પરંતુ આખું યે ભારત, ભારતના બિસ્માર્કનું બિરુદ જેમને આપવામાં આવ્યું છે તેમના ઉલ્લેખ અંગે અનિચ્છનીય ક્ષતિ કરે તેની નોંધ લીધા વિના ચાલે તેમ નથી.

## નમ્ર વિજ્ઞપ્તિ

સ્વ. યુગવીર આચાર્ય શ્રી વિજ્યવલ્લભ સુરીશ્વરજી મહારાજની જન્મ સતાબ્દી સં. ૨૦૨૭ ના કારતક સુદ ૨ તા. ૨-૧૧-૭૦ ના રોજ ભારતભરમાં ઉજવાશે તથા તા. ૨૬, ૨૭, ૨૮-૧૯૭૦ ડિસેમ્બરમાં મુંબઇમાં ગોવાલિયા ટેંક મેદાનના ભવ્ય મંડપમાં ઉજવાશે. તે પ્રસંગે ભવ્ય સાહિત્ય - પ્રદર્શન ભરાશે. તે પ્રદર્શનમાં રાખવા માટે સ્વ. ગુરુદેવના જીવન પ્રસંગોના જે કંઇ ફોટાઓ જેમની પાસે હોય તે મોકલાવી આપવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

**ફોટાઓ મોકલવાનું સ્થળ:**

(૧) શ્રી મહાવીર જૈન વિદ્યાલય, ગોવાલિયા ટેંક, મુંબઇ-૨૬.

(૨) પૂ. આ. શ્રી વિજય સમુદ્રસૂરિશ્વરજી મહારાજ
ગોડીજી ઉપાશ્રય, પાયધૂની, મુંબઇ - ૨.

**કાન્તિલાલ ડી. કોરા**
મંત્રી, શ્રી આત્માનંદ જૈન સભા

## 'સિત્તેર વર્ષની સંધ્યાએ'ના સંદર્ભમાં

તા. ૧૫-૮-૭૦ ના 'પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ - સિત્તેર વર્ષની સંધ્યાએ એ લેખ વાંચીને ભૂમિપુત્રના તંત્રી શ્રી કાન્તિભાઈ શાહ શ્રી ગગનવિહારી મહેતા ઉપર તા. ૧૯-૮-૭૦ ના રોજ પત્ર લખતાં જણાવે છે કે :— **તંત્રી**

"આપનો પરિચય નથી છતાં પૂ. સ્વામીદાદા પાસેથી ઘણીવાર આપના વિશે સાંભળ્યું છે. આજે 'પ્રબુદ્ધ જીવન' માં આપનો લેખ વાંચ્યો, પરિચય માટે તે પૂરતો છે. તેમાં જીવન વિશેનો જે નરવો દૃષ્ટિકોણ અભિવ્યકત થાય છે, તે પુલકિત કરી મૂકે એવો છે અને હૃદયમાં પરિચિત પડઘો પાડે છે. અમારા જેવા જુવાનોને તેમાંથી ઘણું શીખવાનું મળે તેમ છે."

* * *

બીજાઓનો તિરસ્કાર કરવો તે સાવ અસ્થાને છે. કેમકે ખાસ તો ભગવાન સર્વની અંદર રહેલા છે. એ વસ્તુ પણ સ્પષ્ટ છે, કે માણસોની પ્રવૃત્તિઓ તથા અભિલાષાઓ તે ક્ષુદ્ર અને નિરર્થક વસ્તુઓ નથી, કારણ કે, આખું ય જીવન તે આત્માના અંધકારમાંથી દિવ્ય પ્રકાશ પ્રત્યે થઇ રહેલી અભિવૃદ્ધિની ક્રિયા રૂપે છે. પરંતુ અમારું વલણ એવું છે, કે માનવ મન જે સાધનો વાપરે છે, રાજકારણ, સામાજિક સુધારા, પરોપકાર, વગેરે, તે સાધનોથી માનવજાતિ તેની સીમાઓની બહાર નીકળી શકે તેમ નથી—આ બધું તે ફકત તાત્કાલિક કે સ્થાનિક રાહત રૂપે જ હોઇ શકે છે. આથી સાચોસાચ મુકત થવાની એક માત્ર રીત એ છે, કે ચેતનાનો પલટો થાય; એ પલટો તે એક વધારે મહાન, વધારે વિશાળ અને વધારે વિશુદ્ધ સ્વરૂપમાં થાય, અને તે પલટાના પાયા ઉપર જીવનની અને કામની રચના બની રહે.

**શ્રી અરવિંદ**

# ☆ આજના આસામનું એક ચિત્ર ☆

"સર્વોદય કાર્યકર મારા મિત્ર શ્રી ચુનીભાઇ વૈદ્ય કેટલાક સમયથી આસામના મુખ્ય શહેર ગૌહત્તી પાસે આવેલા શરનિયા આશ્રમમાં રહે છે અને વિનોબા અભિનન્દન સમિતિ (ગ્રામ સ્વરાજ્ય કોષની પ્રાદેશિક સમિતિ)ના મંત્રી છે. થોડા મહિના પહેલાં દૈનિક પત્રમાં વાંચવામાં આવ્યું કે આસામના શરનિયાં આશ્રમને નકસલ-વાદીઓએ એવી ધમકી આપતો પત્ર લખ્યો છે કે જો તેઓ અહિંસાવાદી વિચારધારાનો પ્રચાર કર્યા કરશે તો તેઓ શરનિયા આશ્રમ ઉપર આક્રમણ કરશે ને ત્યાંના કાર્યકરોનાં જાનમાલ જોખમમાં મુકાશે. આ વાંચીને શ્રી ચુનીભાઇને ત્યાંની સ્થાનિક પરિસ્થિતિ ઉપર પ્રકાશ પાડવા મેં વિનંતિ કરી. તેના જવાબમાં તેમણે તા. ૨૦-૫-૭૦ ના રોજ એક લાંબો પત્ર લખેલો જે આજ સુધી એક યા બીજા કારણે મારી પાસે પડી રહ્યો હતો. આ પત્ર મે મહિનામાં લખાયલો છે અને હવે ઓગસ્ટ પુરો થયો છે અને સપ્ટેમ્બર ચાલે છે. આ ગાળા દરમિયાન આસામની પરિસ્થિતિમાં કોઇ મહત્ત્વનો ફેરફાર થયો હોવાનું જાણમાં નથી, સિવાય કે ત્યાંના મુખ્ય મંત્રી શ્રી ચલીહાજી જેમના વિષે આ પત્રમાં ઉલ્લેખ છે તેઓ નાદુરસ્ત તબિયતના કારણે કેટલાક સમયથી રાજકારણી જવાબદારીથી મુકત થયા છે અને આરામ લે છે.

આ પત્ર આસામની પરિસ્થિતિ અંગે ઘણો નવો પ્રકાશ પાડે છે અને આન્તરરાષ્ટ્રીય પરિસ્થિતિ ડોળાતાં ભારતથી આસામ રખેને છૂટું પડી જાય, એવા ભયસ્થાન તરફ આપણું ધ્યાન ખેંચે છે. થોડો વિલંબ થવા છતાં પણ આ પત્ર પ્રગટ કરતાં હું આનંદ અનુભવું છું અને આટલી બધી વિગતોથી ભરેલો પત્ર લખી મોકલવા માટે શ્રી ચુનીભાઇ વૈદ્યનો આભાર માનું છું **પરમાનંદ**)

પડાવ : શિવસાગર, તા. ૨૦-૫-૭૦

**મુ. શ્રી પરમાનંદભાઇ,**

સાદર પ્રણામ, તમારું કાર્ડ મળ્યું હતું. આભાર.

શરનિયા આશ્રમ એ જ સર્વોદય આશ્રમ. આમ ગૌહાટીમાં બે આશ્રમો છે. એક શરનિયા અને બીજો ચાંદમારી. શરનિયા નામે બે પહાડો છે, એક મોટો અને બીજો નાનો, બન્ને અડોઅડ ઊભા છે. એને range અથવા ગિરિમાળા જેવું કહી શકાય. બન્ને એક કાળે શહેરની સીમાની બહાર પડતા હતા, પણ વિકસતા જતા શહેરને કારણે હવે એ શહેરની વચ્ચોવચ આવી પડયા છે. મોટો પહાડ ખૂબ ઊંચો છે, આખા શહેરમાંથી તથા બહારથી આવતાં દૂર દૂરથી જોઇ શકાય તેટલો. એના મથાળે હાલમાં ગાંધી–મ્યુઝિયમ કરવાના ખ્યાલથી ૮-૧૦ લાખના ખરચે બાંધકામ થઇ રહ્યું છે. ત્યાં એક પૂતળું ગાંધીજીનું ઊભું કરવામાં આવશે. શાંતિનિકેતનના એક બહુ ખ્યાતનામ કલાકાર અધ્યાપકે તે તૈયાર કર્યું છે. નાના પહાડ પર શરનિયા આશ્રમ આવેલો છે. આમ પહાડના નામ પરથી આખો વિસ્તાર શરનિયા કહેવાય છે, અને આશ્રમ પણ છે તેવી જ રીતે ચાંદમારીના વિસ્તાર પરથી ચાંદમારી આશ્રમ. એ પણ એક નાનકડી ટેકરી પર – ઊંટની પીઠ જેવી લાંબી લાંબી સૂતેલી ટેકરી પર-ગોઠવાયેલો છે. બન્નેના સ્થાપક સ્વર્ગસ્થ ડૉક્ટર હરેકૃષ્ણદાસ. આસામના અત્યંત અગ્રગણ્ય અને શિક્ષિત ગણાતાં કેટલાંક કુટુંબો પૈકીનું આ એક કુટુંબ. અસમિયા લોકોમાં સૌથી પ્રથમ સિવિલ સર્જન બનનાર ડૉ. હરેકૃષ્ણદાસ. તેવી જ રીતે એમના પત્ની પ્રથમ અસમિયા સન્નારી હતાં જે કોઇ એક હાઇસ્કૂલમાં હેડ મિસ્ટ્રેસ થયાં. એમની બે દીકરીઓ. એક ડૉક્ટર થઇ, એમનું નામ તિલોત્તમા રાય ચૌધુરી. બીજી દીકરીએ BHU (Benares Hindu Uni) માંથી M. Sc. કર્યું. ફોટોગ્રાફી તથા ડ્રાઇવિંગ શીખ્યાં અને પાઇલોટ માટેની ટ્રેનિંગ લેવા જવા માંગતાં હતાં, પણ પિતાની આજ્ઞા માની માંડી વાળ્યું. એમનું નામ અમલપ્રભા દાસ, એ આજે આસામના સર્વોદયનાં સર્વમાન્ય નેત્રી છે. શરનિયા આશ્રમ બહેનો માટેનો આશ્રમ છે, એમાં કસ્તુરબા ગાંધી નેશનલ મેમોરીઅલ ટ્રસ્ટનું આસામનું હેડ ક્વાર્ટર છે. અહીંથી આજ સુધીમાં સેંકડો બહેનો પ્રશિક્ષણ લઇને ગ્રામ્ય વિભાગમાં ગઇ છે અને એમાંથી કેટલીયે બહેનો આજે પણ ગ્રામ-સેવાના કામમાં લાગેલી છે. આમ એ અત્યંત વ્યવસ્થિત રીતે ચાલતો અને આસામભરમાં નામના પામેલો આશ્રમ છે. ચાંદમારી આશ્રમ પ્રમાણમાં નાનો, ઘણો અવ્યવસ્થિત અને ઓછો જાણીતો છે. એમાં પણ એક કાળે ગ્રામ–સેવકોની તાલીમ અપાતી. આજે ત્યાં કેટલીક ઑફિસો છે, એક તેલઘાણી છે, એક નાનીકડી ગોશાળા છે, એક પ્રેસ છે અને સર્વોદય પ્રવૃત્તિઓનું–ખાસ કરીને ગ્રામદાન ભૂદાન તથા શાંતિસેનાની પ્રવૃત્તિઓનું હેડક્વાર્ટર છે. પણ આ પ્રવૃત્તિઓનો પ્રભાવ જેટલો જોઇએ તેટલો હજી પડયો નથી, વળી લોકોના મનમાં આશ્રમ વિષેની જે કલ્પના છે તેને પણ સંતોષી શકાઈ નથી તેથી એણે લોકમાનસમાં પોતાનું સ્થાન પ્રાપ્ત નથી કર્યું. આથી ઊલટું શરનિયાનું છે. ત્યાં વ્યવસ્થિતતા છે તે ઉપરાંત ચાંદમારી કરતાં જુનો છે અને બહારથી આવનારા મોટા ભાગના ગાંધીવાદી નેતાઓ ત્યાં જરૂર આવે છે. ગાંધીજી, વિનોબાજી, બાદશાહખાન, ડૉ. રાજેન્દ્ર પ્રસાદ, કાકાસાહેબ કાલેલકર, આવા આવા મોટા માણસો ત્યાં ગયેલા અને એથી સ્વાભાવિક જ એની નામના થયેલી. આ ઉપરાંત, ત્યાં જે મકાનમાં બાપુજી રહેલા અને પાછળથી વિનોબાજી પણ રહેલા એ મકાનને એ લોકોએ એક અત્યંત પવિત્ર સ્મૃતિ-ચિન્હ તરીકે સાચવી રાખ્યું છે. ઘાસે છાયેલું છાપરું અને ઇકરા નામના જાડા ઘાસની સળીઓથી બનેલી, છાણ માટીએ લીંપેલી દિવાલો, બારણાં વિનાની બારીઓ, શુભ્ર ચુને ધોળેલી દીવાલો, ચારે તરફ નાનકડો વ્યવસ્થિત બગીચો, આ બધાને કારણે પવિત્રતા અને સ્વચ્છતાના વાતાવરણ વચ્ચે ઊભેલું એ ગાંધીઘર આજે આશ્રમનું પ્રાર્થના–ઘર પણ છે.

આમ અનેક કારણોસર અને છતાં વૈચારિક દૃષ્ટિએ ચાંદમારીથી ઓછા આક્રમણશીલ હોવા છતાં શરનિયા આશ્રમ લોકનજરે વધારે ખ્યાતનામ છે અને તેથી નકસલપંથીઓના આક્રમણની સંભાવના વધારે છે.

એમના પર જે જાસા-ચીઠ્ઠી કે ધમકીભર્યો પત્ર આવ્યો છે તે બહેનોએ મને વંચાવ્યો નહીં, કારણ કે એમાં અત્યંત અશ્લીલ – અભદ્ર ભાષાનો પ્રયોગ એ લોકોએ કર્યો છે. એ પણ સંભવિત છે કે ચાલી રહેલી નક્સલ–પંથી પ્રવૃત્તિઓની આડ લઇને કોઇ બદમાશોએ પોતાના મનને વ્યકત કર્યું હોય, પરંતુ આક્રમણ માટે નકસલપંથીઓ જો કોઇ સ્થળને પસંદ કરવા માંગે તો શરનિયાનો નંબર એક રહેવાનો. આજે ત્યાં પોલિસોનો ચોકીપહેરો છે, પણ એ તો ચાર દહાડાના ચાંદરણા જેવો. આશ્રમની બહેનો કે અમે – એટલે કે સર્વોદયમાં કામ કરનારા કોઇના પર એ ધમકીનો બહુ પ્રભાવ પડયો છે એમ કહી ન શકાય. જનતા પણ આજ સુધીમાં ધમકીની એ વાતને ભૂલી ગઇ છે.

આસામની એક ખાસ સ્થિતિ છે જે ભારતની અન્ય પ્રદેશની જનતાની જાણકારી બહાર છે. મોંગોલ અને આર્ય પ્રજા તથા પ્રદેશનું આ સંધિસ્થાન છે. અહીંની પ્રજાના ચહેરામાં તમે એની મેળવણી જોઇ શકશો. અહીંની અસમિયા ભાષા સંસ્કૃતની બેટી છે તો પણ એમાં કેટલાક ઉચ્ચારો અને એમનાં લિપિઅંકન એવાં છે કે એમાં સીનો–તિબેટન ગ્રૂપની ભાષાના ભણકારા સંભળાય. અહીંની Tribes

છે તેમની ભાષા બોલી સાંભળો, ચહેરા જુઓ તો આપણને એ ભારતીય કરતાં ચીની જ વધારે દેખાય - સંભળાય. મીરી, કછારી, ખાસી, ગારો, જયંતિયા, નાગા, મણિપુરી એ બધાની ભાષા યા બોલીઓ વિષે આમ કહી શકાય. અહીં અંગ્રેજ શાસન થયું તે પહેલાં અહમ રાજાનું રાજ્ય હતું. એ લોકો થાઈલેન્ડથી આવેલા, અહીં વસી ગયેલા અને અહીંની પ્રજામાં ભળી ગયેલા. આ રીતે મોંગોલ લોહીનું જે મિશ્રણ થયું તેને આપણે સ્પષ્ટ જોઈ શકીએ, અને અહીંની પ્રજા પણ એ જાણે છે.

આવી અહીંની નૃવંશશાસ્ત્રીય પાર્શ્વભૂમિ છે, તેમાં ભૌગોલિક તત્ત્વ પણ અસરકારક નૈકટ્ય ધરાવે છે. બર્મા, ચીન, સીકીમ, ભૂતાન અને નેપાળ એ બધી અડતી સીમાઓમાંથી મોંગોલ તત્ત્વ અહીં આવ્યું છે અને આવતું રહે છે. એ બધા ઉપરાંત પાકિસ્તાનના સર્જન બાદ એક નવી પરિસ્થિતિ સર્જાઈ છે. ભારતના નકશા સામે જોશો તો બંગાળમાંથી આસામ તરફ આવતાં એક જગ્યાએ નેપાળ–ભારત–પાકિસ્તાન એમ ત્રણ પ્રદેશો અડોઅડ દેખાશે. એમાં નેપાળ અને પાકિસ્તાનની વચ્ચે પડતી ભારતની સાંકડી પટ્ટી કેવળ બારથી ચૌદ માઈલ પહોળી છે. આને વિનોબાજીએ Battle-neck of India નું નામ આપ્યું છે. આ ગળું–૧૪ માઇલની પટ્ટી–દબાવતાં એક કલાકનો સમય માંડ લાગે. નેપાળમાંથી સેના ઊતરે અને પાકિસ્તાન પહોંચી આસામને ભારતથી કાપી નાંખી શકે. આવી વ્યૂહાત્મક અગત્યતાવાળી એ પટ્ટી છે. વિનોબાએ આ ભય જોયેલો અને તેથી આસામ સાથે ગણતરીપૂર્વક સાંસ્કૃતિક, ધાર્મિક અને આધ્યાત્મિક સ્તરના સંબંધો વિસ્તારવા ઉપર જોર દીધું હતું.

નકસલપંથીઓ માટે અહીં ભૂમિ ફળદ્રૂપ છે. સામાન્ય જનતાનો બૌદ્ધિક વિકાસ ઓછો થયો છે, આનાં પણ કારણો છે. અંગ્રેજી પદ્ધત્તિનું ભણતર અથવા કહો કે શિક્ષણની નવી પદ્ધત્તિ અહીં ખૂબ મોડી આવી. આને કારણે જે બૌદ્ધિક drill થઈને જે બૌદ્ધિક વિકાસ થઈ શકે છે તે ન થયો. બીજું, સામાજિક, આર્થિક, રાજનૈતિક આદિ વિકાસો દ્વારા જે બૌદ્ધિક વિકાસ થાય છે તે પણ ખૂબ મોડો પડયો છે. ઔદ્યોગિક વિકાસ અને એની સાથે પૂંછડે ગંઠાઈને આવતા બીજા વિકાસ હજી અહીં આવવા માંડયા છે, એમ કહી શકાય. અને છેવટે, સૌથી મોટું factor છે અહીંની પ્રજાની ભૂમિકા. જ્યાં emotional તત્ત્વ વધુ હોય ત્યાં rationality નું તત્ત્વ ઓછું હોય છે. અને emotion તો વરાળ જેવી છે, ગાડી પણ ચલાવી આપે અને બાળી પણ શકે. Emotionalism માં વહી જવાનું તત્ત્વ વધારે હોય છે. એટલે આમની પછાત અવસ્થાનું કારણ ભારતની Central Govt. છે એમ કહેવામાં આવે છે ત્યારે આ લોકો તરત જ એ વાતને સ્વીકારી લે છે. આનાં પણ ઘણાં કારણો છે. એક તો emotion વાળી વાત; બીજું મૉંગોલ લોહી સાથેની નિકટતા; અનેક વાર અહીં આંદોલનો થયાં, તેમાં 'અમારી વાત નહીં માનો તો અમે ભારતથી અલગ થઈ જઈશું' એવી સાફ સાફ ધમકીઓ દ્વારા બનતું જનમાનસ, ભારત-પાકિસ્તાનના ભાગલા વખતે આસામ પાકિસ્તાનને સોંપી દેવાની જવાહરલાલની તૈયારી, ચીનના આક્રમણ વખતે આસામ છોડી સીલીગુડી જઈને ત્યાંથી ચીનને રોકવાની લડાઈની વ્યૂહ–રચના, એ વખતે રેડિયો પરથી જવાહરલાલની ઘોષણા–"My heart goes out to the people of Assam"–એમાં ગર્ભિત રહેલી સૂચના કે અમે આસામને હાલ તુરત છોડી રહ્યા છીએ, આર્થિક વિકાસમાં બીજા બધા પ્રદેશો કરતાં ખૂબ પછાત અવસ્થા, એમાંથી સાવકી–મા ના જેવા વહેવારની ગંધ, આ બધાં અને આવાં બીજાં અનેક કારણોથી આ પ્રદેશમાં બાકીના ભારત પરત્વે પારકાપણાની ભાવનાનો વિકાસ થયો છે. એમાં બીજાં બે મહત્ત્વનાં factors છે તે પણ ગણાવી દેવા જોઈએ: (૧) આળસ અને બૌદ્ધિક વિકાસનો અભાવ અને એમાંથી પરિણમતી Inefficiency - અકુશળતા અને (૨) આસામેતર પ્રદેશોમાંથી આવેલા ભારતીયો દ્વારા ચાલતી આંધળી આર્થિક લૂંટ અને શોષણ. વધતી જતી વસ્તીને પરિણામે જમીનની કળાતી જતી અછત એ પણ ગ્રામ્ય-વિસ્તારમાં અસંતોષને ભયંકર રીતે જગાડી રહી છે.

આ બધું થઈને એક ભયંકર વિસ્ફોટક પરિસ્થિતિ બની રહે છે. અહીંના બી. એ., એમ. એ. થયેલા લાખો બેકાર યુવકોને સામ્યવાદનો સાદ વહાલો લાગે છે. વિચારના અભાવમાં એમને લાગે છે કે સામ્યવાદ થશે તો સરકાર બધાને નોકરી આપશે, જીવનની અસ્થિરતાને સ્થાને સ્થિરતા– guaranteed bread મળશે. પણ આ નકસલપંથી અપીલને રોકનારું એક મજબૂત પરિબળ છે તે છે અસમિયા–બંગાળ વિરોધ. નકસલપંથી વિચારધારાના આચાર્યો બધા જ બંગાળી છે. અહીં એમનાં થાણાં પણ માલીગાંવ, લામડીંગ, કછાર જિલ્લો, અગરતલા વગેરે સ્થળે છે, જ્યાં બંગાળીભાષીઓ જ મોટા પ્રમાણમાં છે. અને એ જ કારણને લીધે અહીં લોકો એ પ્રતિ ઉદાસીનતાનો ભાવ રાખી રહ્યા છે. આ ઉપરાંત અસમિયા લોકોમાં દયા, પ્રેમ, શાંતિ આદિના ભાવો હજી ખૂબ પ્રાધાન્ય ભોગવી રહ્યા છે, એ બધાનો છેદ ઊડી જાય તો અહીંથી ભારતનો પણ છેદ ઊડી શકે. હજી અહીં નકસલવાદી તોફાનનાં મૂળિયાં ઝાંઝાં ફેલાયાં નથી, પણ ગરીબી, બેકારી અને શોષણના ત્રિદોષના લવારા તો આજે ચાલી જ રહ્યા છે, રોગ જીવલેણ કયારે બનશે તે કોઈ કહી ન શકે.

રાજકારણમાં અત્યારે ચલીહાજી ચીફ મીનિસ્ટર છે, બીજે નંબરે મહેન્દ્ર મોહન ચૌધુરી છે, પ્રદેશ કૉંગ્રેસના પ્રમુખ વિજયચંદ્ર ભાગવતી અને જનરલ સેક્રેટરી રબીન કાકતી આદિ લોકો છે તે ગાંધીવિચારના છે, અને જે Seperation Tendency છે તેને ખાળી શકે એવી દિવાલ એ લોકો બની રહ્યા છે. એ લોકો ગાંધી-વિનોબા સાથે પ્રત્યક્ષ સંબંધમાં પણ આવેલા છે. પણ એ લોકો કેટલા દિવસ? કેટલા દિવસ ટક્કર લઈ શકશે? આ બધા પ્રશ્નોના જવાબ ખૂબ વિચારમાં મૂકી દે એવા છે.

મેં ઘણું લંબાણ કરી નાંખ્યું અને છતાં જે દષ્ટિએ તમે પૂછયું હશે તે દષ્ટિએ જવાબ કદાચ આપ્યો નહીં હોય એમ પણ બને. પ્રવાસમાં ટુકડે ટુકડે એ બધું લખાયું છે, વિચારનો તાંતો પણ જળવાયો નથી. પણ એ બધી નબળાઈઓમાંથી મળે તેટલું તારવી લઈ વાંચશો એવી આશા રાખું છું.

સ્નેહાંકિત: **ચુનીભાઈના પ્રણામ**

## પર્યુષણ-ઉત્સવ

જૈન સોસાયટી, શિકાગોનાં ઉપક્રમે પર્યુષણ ઉત્સવ નિમિત્તે નીચે મુજબ કાર્યક્રમ રાખ્યો હતો.

રવિવાર તા. ૩૦-૮-૭૦: 'શ્રીમદ્ રાજચંદ્ર' ઉપર શ્રી ડૉ. કનક ઉદાણીનું પ્રવચન.

રવિવાર, તા. ૧૩-૯-૭૦: પ્રતિક્રમણ,

જૈન સોસાયટીનું સરનામું છે:

P, O, Box 45353, Chicago Illinois 60645,
Phone 338–83o4

જે કોઈ ભાઈ–બહેનને પત્રવ્યવહાર કરવો હોય તે ઉપરનાં સરનામે કરી શકે છે.

જગદીશ શાહ
મંત્રી, જૈન સોસાયટી.

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૧

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઑકટોબર ૧, ૧૯૭૦, ગુરૂવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ આચાર્ય વિનોબા ભાવે ☆

વિનોબાજીને, ૧૧ મી સપ્ટેમ્બરે, ૭૫ વર્ષ પૂરા થયા. પંડિત જવાહરલાલ નેહરુ, ગાંધીજીના રાજકીય વારસદાર હતા તો વિનોબાજી ગાંધીજીના આધ્યાત્મિક વારસદાર છે, જ્ઞાની અને સંત, ભારતની ઋષિપરંપરાના સાચા પ્રતિનિધિ છે. ગાંધીજીનો સમાગમ તેમને થયો ન હોત તો, તેમનું જીવન જુદી જ દિશામાં વહ્યું હોત. વિદ્યાર્થી–અવસ્થામાં પણ તેમનું વ્યકિતત્વ તરી આવતું. વડોદરા અભ્યાસ કરતાં, ઈન્ટરની પરીક્ષા આપવાનું છોડી, સંસ્કૃતના અને ધર્મગ્રન્થોના અભ્યાસ માટે વિદ્યાધામ વારાણસીમાં તેઓ ગયા. સંન્યાસી થવું કે દેશની આઝાદીની લડતમાં પડવું તેનું મનોમંથન ચાલતું હતું, ત્યારે બનારસ યુનિવર્સિટીમાં ગાંધીજીનું પ્રખ્યાત વ્યાખ્યાન વાંચવામાં આવ્યું અને નિર્ણય થઈ ચૂકયો. ગુરુ મળી ગયા અને સીધા કોચરબ આશ્રમમાં પહોંચી ગયા. ૧૯૨૭ માં ૨૨ વર્ષની ઉંમરે ગાંધીજીને ચરણે બેઠા. ગાંધીજીએ પણ આ અણમોલ રત્ન પારખ્યું, અને વિનોબાજીના પિતાશ્રીને લખ્યું :

"Your Son, Vinoba, is with me. At a tender age he has acquired a degree of spirituality and asceticism that took me years of patient labour to attain."

નૈષ્ઠિક બ્રહ્મચારી વિનોબા, ૧૯૧૭થી ૧૯૪૧ સુધી, અધ્યયન, અધ્યાપનમાં લીન રહ્યા. સાબરમતી અને પછી સેવાગ્રામ અને પવનારના આશ્રમમાં, જાતમહેનત અને રચનાત્મક કાર્યો સાથે, ગીતા, ઉપનિષદો અને મહારાષ્ટ્રીય સંત–સાહિત્ય ઘોળીને પી ગયા અને જ્ઞાનગંગા વહાવી. ૧૯૩૨માં જેલમાં ગીતાપ્રવચનો આપ્યાં, જે ગીતા ઉપરનું એક શ્રેષ્ઠ ભાષ્ય છે. તે ગ્રન્થની પ્રસ્તાવનામાં વિનોબાજી લખે છે:

"જેનો જીવન સાથે સંબંધ ન હોય એવા કોઇ પણ ખાલી વિચારના વાદો આમાં પેઠા નથી. મને પાકો ભરોસો છે કે શું ગામડામાં કે શું શહેરોમાં, સામાન્ય મજૂરી કરી જીવન ગુજારનારાં મહેનતમજૂરી કરનારાઓને આમાંથી મનનું સમાધાન મળશે, એટલું જ નહિ, એમાંથી તેને મજૂરીનો થાક ઉતારવાનું સાધન પણ મળી રહેશે."

પ્રથમ પ્રવચનમાં ગીતા વિશે તેમણે કહ્યું છે :–

"ગીતાનો અને મારો સંબંધ તર્કની પેલી પારનો છે. મારું શરીર માના દૂધથી પોષાયું છે; પણ તેથીયે વિશેષ મારું હૃદય અને મારી બુધ્ધિ એ બંનેનું પોષણ ગીતાના દૂધથી વધારે થયું છે. અંતરની ઊંડી લાગણીનો સંબંધ હોય છે ત્યાં તર્કને જગ્યા રહેતી નથી. તર્કને છોડી શ્રદ્ધા અને પ્રયોગની બે પાંખોથી ગીતાના આકાશમાં મારાથી જવાય તેટલું ઊંચે હું ઊડું છું. ઘણુંખરું હું ગીતાના વાતાવરણમાં હોઉં છું. ગીતા મારું પ્રાણતત્ત્વ છે."

મૂળ મરાઠીમાં પ્રકટ થયેલ આ ગીતા–પ્રવચનોનો દેશની બધી ભાષાઓમાં તેમ જ સંસ્કૃત, ઉર્દૂ અને અંગ્રેજીમાં અનુવાદો થયા છે.

૧૯૪૦ ના વ્યકિતગત સત્યાગ્રહમાં પ્રથમ સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ વિનોબાજીની પસંદગી કરી ત્યારથી દેશમાં તેઓ પ્રસિદ્ધ થયા.

ગાંધીજીના અવસાન પછી, ૧૯૫૧માં વિનોબાજીએ કર્મના ક્ષેત્રે પ્રવેશ કર્યો. પ્રકૃતિથી સંત અને જ્ઞાનયોગી કર્મયોગી બન્યા. તેલંગણમાં સામ્યવાદીઓની હિંસક પ્રવૃત્તિઓના પ્રતિકારમાં, અકસ્માત, ભૂદાનની શરૂઆત થઈ. એક ગામડામાં શરૂ થયેલ આ પ્રવૃત્તિ દેશવ્યાપી બની. વિનોબાજી દેશના ચારે ખૂણામાં પદયાત્રાથી ઘૂમી વળ્યા– લાખો એકર જમીનનું દાન મેળવ્યું–ભૂદાનમાંથી ગ્રામદાન, અને છેવટ રાજ્યદાન સુધી પહોંચ્યું. દેશનો બુનયાદી પ્રશ્ન જમીનનો છે. સરકારે ઘણાં કાયદાઓ કર્યાં, પણ કાયદાથી જે ન થયું, તે વિનોબાજીએ નૈતિક રીતે, હૃદયપરિવર્તનથી કરી બતાવ્યું. હજી પ્રથમ ભૂમિકા રચાઈ છે. ઘણું કરવાનું બાકી છે. હજારો સર્વોદય કાર્યકર્તાઓ ગામડાઓમાં આ કામ માટે દટાઈ ગયા છે.

પણ આ પ્રવૃત્તિનું મૂલ્ય, માત્ર કેટલી જમીનનું વિતરણ થયું તેટલાં પૂરતું નથી. દેશમાં ચારે તરફ ભ્રષ્ટાચાર અને સ્વાર્થ અને સત્તાની સાઠમારીનું વાતાવરણ જામ્યું છે, તેમાં જીવનના નૈતિક મૂલ્યોને ટકાવવા અને તેમાં જ દેશની ઉન્નતિ અને આબાદી છે તે સમજાવવાનો આ ભગીરથ પ્રયત્ન છે.

વિનોબાજીના વિચારોમાં મૌલિકતા છે, વાણીમાં પ્રસાદ છે, વર્તનમાં પ્રયોગશીલતા છે. તેમનું સાહિત્ય દેશને મોટો વારસો છે. તેમાં કેટલુંક પ્રાસંગિક છે. ઘણું ચિરકાળ ટકશે અને પ્રેરણા આપશે. વિનોબાજી બહુશ્રુત, સર્વ ધર્મોના જાણકાર, સમભાવી અને સ્થિતપ્રજ્ઞ છે. અનેક ભાષાઓના અભ્યાસી છે. તેમની સમન્વયદૃષ્ટિ જ્યાં સત્ય હોય ત્યાંથી મેળવવાની રહી છે, ભારતીય સંસ્કૃતિના સાચા પ્રતિનિધિ અને વારસદાર છતાં, વર્તમાન, વિચારપ્રવાહો અને વિજ્ઞાનને આવકારી, અધ્યાત્મ સાથે તેનો સુમેળ સાધી, જીવનને સમૃદ્ધ અને ઉન્નત બનાવવા પુરષાર્થી રહ્યા છે.

આવા સંત પુરુષને આપણાં કોટિ વંદન હો!

सन्तः भूमिं तपसा धारयन्ति।

૨૪–૯–૭૦ **ચીમનલાલ ચકુભાઈ શાહ**

---

બીજાઓને 'સહાય' કરવાની ઇચ્છામાં સપડાઈ જશો નહિ, – તમે આંતરિક અવસ્થામાં રહીને સાચી વસ્તુ હોય તે કરો અને બોલો, અને લોકોને મળવાની સહાય ભગવાન તરફથી આવે એમ થવા દો. ખરેખરી સહાય કોઈ કરી શકતું નથી. ફકત પ્રભુની કૃપા જ કરી શકે છે.

પરોપકાર, ભૂતદયા, માનવજાતિની સેવા તે પોતે મનોમય કે નૈતિક આદર્શો છે, એ કાંઇ આધ્યાત્મિક જીવનના નિયમો નથી... માનવ, વ્યકિત તરીકે અને સમષ્ટિ તરીકે અહંકારથી પર થઈ શકે, અને તેના પોતાના સાચા સ્વરૂપમાં રહી શકે, તથા અજ્ઞાન, અશકિત, વિસંવાદ અને શોકમાં કદી બંધાયેલો ન રહે એવો રસ્તો તમે તૈયાર કરો કે શોધી કાઢો. તે માનવજાતિની મોટામાં મોટી સેવા છે, તેમ જ તેની સાચી પ્રગતિ સુખ અને પૂર્ણતાને માટેનો સૌથી પાકો પાયો છે.

**શ્રી અરવિંદ**

# પ્રકીર્ણ નોંધ

## મહાનુભાવ ભવાનજીભાઇનું દુ:ખદ અવસાન

મુંબઈ શહેરના અગ્રગણ્ય નાગરિક અને મુંબઈની કૉંગ્રેસના વર્ષોજૂના આગેવાન કાર્યકર્તા શ્રી ભવાનજી અરજણ ખીમજીનું તા. ૨૭મી સપ્ટેમ્બર રવિવારના રોજ માટુંગા ખાતેના તેમના નિવાસ-સ્થાને છ એક મહિનાની માંદગી બાદ ૬૮–૬૯ વર્ષની ઉમ્મરે અવસાન થતાં, તેમના સંબંધીજનોનો વિપુલ સમુદાય ઊંડા શોકની લાગણી અનુભવી રહેલ છે. આજે હવે તેમણે જ્યારે આપણી વચ્ચેથી સદાને માટે વિદાય લીધી છે ત્યારે તેમની સાથેનાં વર્ષો પર્યન્તનાં સ્મરણો ચિત્તમાં જાગૃત થાય છે.

આજથી ૪૦ વર્ષ પહેલાં સાન્તાક્રુઝ ખાતે વસતા મારા સ્વ. મિત્ર શ્રી કક્કલભાઈ ભુદરભાઈ વકીલની બાજુમાં ભવાનજીભાઈ રહેતા હતા અને એ દિવસોમાં કક્કલભાઈએ મારી તેમની સાથે ઓળખાણ કરાવી હતી. ત્યાર બાદ તેમની સાથેનો સંબંધ આજ સુધી અતૂટ-પણે ચાલુ રહ્યો હતો. મારા સ્મરણ પ્રમાણે તેમના જાહેર જીવનની માંડવીની કૉંગ્રેસ શાખાના અનુસંધાનમાં શરૂઆત થયેલી અને તેમની સેવા–પ્રવૃત્તિઓ વધવા સાથે તેમની પોતાની શકિતમત્તાના કારણે જાહેર જીવનનાં અનેક ક્ષેત્રો તેમણે સર કરવા માંડેલાં. ભવાનજીભાઈએ બોંબે પ્રાંતિક મહાસભા સમિતિનું અને ઈન્ડિયન મરચન્ટસ ચેમ્બરનું અમુક સમય માટે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. તેઓ વ્યાપાર અને ઉદ્યોગના ક્ષેત્રે આગળ વધી રહ્યા હતા. તેમનો મુખ્ય વ્યાપાર - વ્યવસાય રૂનો હોઇ અને બોંબે કૉટન મરચન્ટસ અને મુકાદમ એસોસીએશનના લાંબા વખત સુધી તેઓ પ્રમુખ હતા. રાજ-કારણના ક્ષેત્રે પણ તેમણે અસાધારણ ઉત્કર્ષ સાધ્યો હતો. તેઓ બંધારણ સભાના એક સભ્ય હતા અને ૧૯૩૬ થી ૧૯૫૦ સુધી તેઓ મુંબઈની વિધાન સભાના સભ્ય હતા. કચ્છ વિભાગ તરફથી તેઓ લોકસભામાં બેવાર ચૂંટાયા હતા.

તેઓ મૂળ કચ્છના, અને કચ્છના વિકાસમાં તેમનો ઘણો મોટો ફાળો હતો. કચ્છને ગુજરાત સાથે ભેળવવાની પ્રક્રિયામાં તેમણે બહુ મહત્વનો ભાગ ભજવ્યો હતો. કંડલા બંદરના વિકાસમાં તેમ જ તેને 'ફ્રી ઝોન' બનાવવામાં તેમનો અગ્રભાગ હતો. કચ્છમાં જ્યારે થોડાં વર્ષ પહેલાં ધરતીકંપ થયેલો ત્યારે તેને લગતી રાહત સમિતિના પ્રમુખ તરીકે તેમણે ભાંગેલાં ગામડાંઓને પાછાં ઊભાં કરવા પાછળ અને ધરતીકંપના ભોગ બનેલાંઓને રાહત પહોંચાડવા પાછળ કીંમતી સેવા બજાવી હતી.

તેમનું કુટુંબ મૂળ કચ્છનું, એમ છતાં વિદર્ભમાં આવેલા ખામ-ગાંવમાં ૧૯૦૩ની સાલમાં તેમનો જન્મ થયો હતો અને ઉમ્મરે પહોંચતાં પોતાના કુટુંબની જ પેઢી–મેસર્સ અરજણ ખીમજીમાં તેઓ જોડાયા હતા. ૧૯૨૬ માં તેમણે યુરોપના ઘણા દેશોનો પ્રવાસ કર્યો હતો.

૧૯૩૦ ની સાલમાં શરૂ કરવામાં આવેલી સવિનય સત્યાગ્રહની લડતમાં તેમણે ઝંપલાવ્યું હતું અને બ્રિટિશ સરકારના દમનકાંડના વિરોધમાં તેમણે અંગ્રેજી પેઢીઓના બહિષ્કારની લડત ઉપાડી હતી અને તે કારણે તેમની ધરપકડ થતાં મુંબઈ શહેરના વ્યાપારીઓએ તેમના માનમાં ૧૨ દિવસની હડતાળ પાડી હતી. ૧૯૪૦ના વ્યકિત-ગત સત્યાગ્રહમાં જોડાવાના કારણે તેમની ધરપકડ કરવામાં આવેલી અને ૧૯૪૨ ની 'ક્વિટ ઈન્ડિયા' લડતમાં ભાગ લઈને તેમણે જેલવાસ ભોગવેલો.

મુંબઈ પ્રાંતિક મહાસભા સમિતિ સાથે તેઓ છેલ્લા ૩૦ વર્ષથી જોડાયલા હતા અને કેટલાંક વર્ષો સુધી તેના તેઓ કોષાધ્યક્ષ હતા. અખિલ મહાસભા સમિતિની મુંબઈ ખાતે ભરાયલી અનેક બેઠકોની યોજના કરવામાં તેમનો અગ્રભાગ હતો.

સૌરાષ્ટ્ર ટ્રસ્ટના તેઓ એક ટ્રસ્ટી હતા અને હું પણ થોડા સમયથી એક ટ્રસ્ટી હોઈને તેમની સાથે કામ કરવાનું મને સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું હતું. શ્રીમાન છતાં સતત સેવાપરાયણ તેમનું જીવન હતું. ઠાવકાપણું–મિતભાષિતા–એ તેમનો વિશિષ્ટ ગુણ હતો. તેમનો બીજો વિશિષ્ટ ગુણ સહૃદતાનો હતો. તેમના પરિચયમાં આવનાર ભાગ્યે જ એવું કોઈ હશે કે જે તેમના સૌજન્યથી પ્રભાવિત થયું ન હોય. આવી એકધારી ઉજ્જવલ અને યશસ્વી કારકિર્દીનો તેમના અવસાન સાથે અન્ત આવ્યો છે અને તેમના જવાથી આપણે દરિદ્ર બન્યા છીએ. તેમના વ્યકિતત્વની છાપ અનેક સેવાક્ષેત્રો ઉપર ચિરમુદ્રિત બની છે. આવું ધન્ય જીવન રજૂ કરનાર ભવાનજીભાઈને આપણાં અનેક વન્દન હો અને તેમનું જીવન આપણા માટે પ્રેરણાદાયી બનો.!

## પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીને હાર્દિક અભિનંદન

તા. ૧૫મી ઑગસ્ટ ૧૯૭૦–સ્વાતંત્ર્યપ્રાપ્તિ વાર્ષિક દિને કેન્દ્ર સરકારે અથવા તો રાષ્ટ્રપ્રમુખે ગુજરાતના જાણીતા ભાષા-નિષ્ણાત વડોદરાનિવાસી શ્રી લાલચંદ ગાંધીનું બહુમાન કર્યું છે. તેમણે વર્ષો સુધી વડોદરાના ઓરિયેન્ટલ ઇન્સ્ટીટયૂટના પ્રાધ્યાપક તરીકે અને એક જૈન પંડિત તરીકે સેવા આપી છે. હાલ તેઓ નિવૃત્તિ જીવન ગાળે છે.

શ્રી લાલચંદભાઇ ભાવનગર પાસે ડાઠા ગામના રહીશ છે. એમણે માગધી–સંસ્કૃતનો અભ્યાસ કાશી મુકામે સ્વર્ગસ્થ શ્રી વિજય-ધર્મસૂરિએ સ્થાપેલ યશોવિજયજી જૈન પાઠશાળામાં રહીને કરેલો. આ સંસ્થામાંથી એ જ અરસામાં બહાર પડેલા બીજા વિદ્વાનોનાં નામ છે પંડિત સુખલાલજી, પં. બેચરદાસ જીવરાજ દોશી, મુનિ ન્યાય-વિજયજી, મુનિ વિદ્યાવિજયજી, પંડિત ભગવાનદાસ અને પંડિત માવજી દામજી શાહ.

તેમની પ્રાકૃત તથા સંસ્કૃત સાહિત્યની ઉપાસના અનેકવિધ છે. જૈન સાહિત્ય તેમ જ જૂની ગુજરાતીના તેઓ એક નિષ્ણાત પુરુષ છે. તેમનું સંશોધનકાર્ય પણ બહુ વિપુલ છે. થોડા સમય પહેલાં એમના ગુજરાતના ઇતિહાસના લેખોનો સંગ્રહ વડોદરાના ઓરિયેન્ટલ ઇન્સ્ટીટયુટે પ્રસિદ્ધ કર્યો છે. અનેક સાધુ સાધ્વીઓને તેમ જ જિજ્ઞાસુ વિદ્યાર્થીઓને તેમણે અધ્યયન કરાવ્યું છે. ભાવનગરની શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળાએ તેમને એક સુવર્ણચંદ્રક અર્પણ કરવાનો નિર્ણય કર્યો છે. આ માટે પંડિતજીને આપણા હાર્દિક અભિ-નન્દન હો! આપણે પ્રાર્થના કરીએ કે પંડિતજી ભારતીય વિદ્યાની અહર્નિશ સેવા કરતા રહે અને સુદઢ આરોગ્ય સાથે દીર્ઘાયુને પ્રાપ્ત કરે!

## શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રીપદેથી નિવૃત્ત થયેલા શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના એક મંત્રી તરીકે જેમણે છેલ્લાં ૧૭ વર્ષથી એકસરખી નિષ્ઠાથી સેવા બજાવી છે તેવા શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ તાજેતરમાં એ સ્થાન ઉપરથી નિવૃત્ત થયા છે. સ્વ. મોતીચંદ ગીરધરલાલ કાપડિયાનું ૧૯૫૧ માં અવસાન થયું. તે પછી બે વર્ષ ૧૯૫૩માં ચંદુભાઇ સંસ્થાના મંત્રીપદે આવ્યા. ત્યારથી તે અત્યાર સુધી તેઓ એ સ્થાન ઉપર કાયમ રહ્યા છે. ગયા વર્ષે તેમની રાહબરી નીચે શ્રી મહાવીર જૈન વિદ્યાલયે પોતાનો સુવર્ણ મહોત્સવ ઊજવ્યો હતો અને એ નિમિત્તે સંસ્થાને આશરે ૩૦ લાખનો અર્થલાભ થયો હતો.

શ્રી મહાવીર જૈન વિદ્યાલય સદા વિકસતી અને વિસ્તરતી સંસ્થા છે. શ્રી ચંદુભાઇની કારકીર્દી દરમિયાન પણ વિદ્યાલયે નવી નવી શાખાઓની સ્થાપના કરી છે અને આગમ પ્રકાશનની પ્રવૃત્તિને ખૂબ વેગ આપ્યો છે. શ્રી ચંદુભાઇએ વિદ્યાલયનું કાર્ય મોતીચંદભાઇ જેટલી નિષ્ઠાથી કર્યું છે અને તેમની કાર્યવાહી દર-

મિયાન સંસ્થાએ અનેક સીમાચિહ્નો સર કર્યાં છે. અલબત્ત, આ સફળતામાં અન્ય સાથી મંત્રીઓનો અને સંસ્થાની કાર્યવાહક સમિતિનો ઘણો ફાળો છે પણ શ્રી ચંદુભાઇએ એક ચાલક બળ તરીકે જે મહાન કાર્ય કર્યું છે તેની જૈન સમાજે કૃતજ્ઞતાપૂર્વક નોંધ લેવી ઘટે છે.

**મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તરીકે ચૂંટાયલા**
**શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી**

શ્રી મહાવીર જૈન વિદ્યાલયના એક મંત્રી તરીકે ૧૭ વર્ષ સુધી સેવા બજાવનાર શ્રી ચંદુલાલ વર્ધમાન શાહ એ સ્થાન ઉપરથી થોડા સમય પહેલાં નિવૃત્ત થયા તેમની જગ્યાએ શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારીની નિમણુક કરવામાં આવી છે. મુંબઇના અને વિશેષ કરીને જૈન સમાજના એક વર્ષોજૂના સામાજિક કાર્યકર તરીકે શ્રી રતિભાઇનું નામ બહુ જાણીતું છે, આજથી ૪૦ વર્ષ પહેલાં સ્થપાયેલ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આદ્ય સ્થાપકોમાંના તેઓ એક હતા. તે સમયથી તે આજ સુધી સંઘની કાર્યવાહી સાથે તેઓ અતૂટપણે જોડાયલા રહ્યા છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની મેનેજિંગ કમિટી ઉપર પણ તેઓ વર્ષોથી બિરાજે છે, શ્રી મોતીચંદભાઇના ૧૯૫૧ માં નીપજેલ અવસાન બાદ બે વર્ષ સુધી તેમણે સંસ્થાના એક મંત્રી તરીકે સેવા બજાવી હતી. જૈન શ્વે. મૂ. કૉન્ફરન્સના પણ અમુક સમય માટે તેમણે મંત્રી તરીકે કાર્ય કર્યું હતું. બોમ્બે ડાયમન્ડ મરચન્ટ્સ એસોસિએશનના પણ તેઓ વર્ષો જૂના કાર્યવાહક છે અને તે સંસ્થાના કોષાધ્યક્ષ, મંત્રી તેમ જ પ્રમુખના સ્થાનને તેમણે જુદા જુદા સમયે શોભાવ્યું છે. તેમનો વ્યવસાય ઝવેરાતનો છે અને માટુંગા—સાયન ખાતે વર્ષોથી તેઓ વસે છે અને ત્યાંની સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓના સંચાલનમાં તેમણે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. કૉંગ્રેસના વિભાજન પહેલાંની કૉંગ્રેસની પણ તેમણે અનેક પ્રકારે સ્થાનિક સેવા બજાવી છે. અને આ રીતે સામાજિક ક્ષેત્રે વર્ષોથી તેમણે નેતૃત્વ પ્રાપ્ત કર્યું છે. નિકટવર્તી વર્તુલમાં તેઓ 'સરદાર' ના નામથી સંબોધાય છે. આવી અનુભવસમૃદ્ધ વ્યકિત શ્રી મહાવીર જૈન વિદ્યાલયના મંત્રી તરીકે ચૂંટાય તે ઘટના આનંદદાયક તેમ જ આવકારપાત્ર લેખાય. મારો તેમની સાથે શ્રી મુંબઇ જૈન યુવક સંઘના કારણે એક સહકાર્યકર મિત્રનો સંબંધ છે. શ્રી રતીભાઇના શકિતયોગ દ્વારા વિદ્યાલયના કાર્યને નવો વેગ મળે એવી મારી તેમના વિશે શુભેચ્છા છે.

**બેંગલોર ખાતે જૈન ટ્રેનીંગ કૉલેજની સ્થાપના**

પ્રાધ્યાપક પ્રતાપકુમાર ટોલિયા જેઓ છેલ્લા કેટલાંક વર્ષોથી અમદાવાદ—વિસનગર બાજુએ એક યા અન્ય પ્રકારના શૈક્ષણિક વ્યવસાયમાં જોડાયેલા હતા તેઓ થોડાક સમયથી બેંગલોર જઇને વસ્યા છે. તેમના ત્યાં સ્થિર થવા બાદ, તાજેતરમાં તેમના તરફથી મળેલા એક પત્રદ્વારા જાણવા મળે છે કે, તેમના પ્રચાર અને પરિશ્રમના પરિણામે બેંગલોર ખાતે જૈન દર્શનના ચતુર્વર્ષીય અધ્યયન અને સંશોધન અર્થે ત્યાંના જૈન સમાજ તરફથી જૈન દર્શન મહાવિદ્યાલયની-જૈન ટ્રેઇનિંગ કૉલેજની-તા. ૧૫ મી ઑગસ્ટથી શરૂઆત કરવામાં આવી છે. જેમાં જૈન દર્શન અને ભારતીય દર્શનો તેમ જ ભારતીય સંસ્કૃતિનું અધ્યયન માત્ર જ નહિ, પણ યત્કિંચિત્ સાધના, ધ્યાન આદિનો અભ્યાસ યોજવામાં આવેલ છે, અને આ સંસ્થાના નિર્માણમાં બેંગલોર યુનિવર્સિટીના વાઇસ ચૅન્સેલર ડૉ. કુતોલનો સારો સહયોગ સાંપડયો છે.

આ પ્રશિક્ષણ કેન્દ્રમાં શરૂઆતમાં મેટ્રિક અથવા તો એસ. એસ. સી. ની પરીક્ષા પસાર કરેલા ૨૫ વિદ્યાર્થીઓ માટે રહેવા ખાવાની તેમ જ અધ્યયનની જોગવાઇ કરવામાં આવી છે, અને તે માટે તેમણે માસિક રૂ. ૭૦ આપવાના રહેશે. આ સંસ્થામાં ૩૦ મી સપ્ટેમ્બર સુધીમાં વિદ્યાર્થીઓને દાખલ કરવામાં આવશે.

આ સંસ્થાના પ્રિન્સીપાલ તરીકે શ્રી પ્રતાપકુમાર ટોલિયાની નિમણૂંક કરવામાં આવી છે. આ માટે વિશેષ મ'હીતી મેળવવા ઇચ્છતાં ભાઇ—બહેનોને નીચેના સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે:

શ્રી જોધરાજ સુરાણા,
મંત્રી, જૈન શિક્ષા સમિતિ, ૧૬, પ્રીમરોઝ રોડ, બેંગલોર ૨૫.

**બેંગલોર ખાતે શરૂ કરવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળા**

જણાવતાં આનંદ થાય છે કે શ્રી જૈન શિક્ષા સમિતિના ઉપક્રમે શ્રી સુવાબાઇ જૈન પ્રશિક્ષણ કેન્દ્ર — જૈન ટ્રેઇનિંગ કૉલેજ — તરફથી તા. ૨૯—૮—૭૦ થી તા. ૫—૯—૭૦ સુધી એમ આઠ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વ્યાખ્યાનમાળામાં દિલ્હી યુનિવર્સિટીના ભારતીય સંસ્કૃતિના પ્રાધ્યાપક ડૉ. ઇન્દ્રચન્દ્ર શાસ્ત્રીનું 'ધર્મ અને વર્તમાન માનવ' ઉપર હંમેશાનું એક વ્યાખ્યાન અને અન્ય વિદ્વાનોનાં ભિન્ન ભિન્ન વિષયો ઉપર જુદાં જુદાં ધાર્મિક પ્રવચનો ગોઠવવામાં આવ્યાં હતાં. આ વ્યાખ્યાનમાળામાં આખા દિવસનો રોચક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો.

પરમાનંદ

## 'પ્રબુદ્ધ જીવન'નો આદર કરતો યતિ શ્રી નિર્મળકુમારજીનો પત્ર

(હૈદ્રાબાદ ખાતે એક સાધનાશ્રમનું સંચાલન કરતા યતિશ્રી નિર્મળકુમાર 'વિશ્વબંધુ' તરફથી થોડા દિવસ પહેલાં એક પત્ર મળેલો. આ યતિશ્રી સાથે મારો કોઇ પ્રત્યક્ષ પરિચય નથી. પ્રસ્તુત પત્રમાં મારી ઠીક ઠીક પ્રશંસા છે એ કારણે આ પત્રને પ્રસિદ્ધિ આપતાં હું ખૂબ સંકોચ અનુભવું છું. આમ છતાં પણ 'પ્રબુદ્ધ જીવન' અંગેના અને આજની સાધુસંસ્થા અંગેના તેમના વિચારોથી 'પ્રબુદ્ધ જીવન'ના વાચકો પરિચિત થાય એ હેતુથી તેમનો પત્ર નીચે પ્રગટ કરી રહ્યો છું.

કેટલાંક વર્ષોથી હૈદ્રાબાદ ખાતે તેઓ એક સાધનાકેન્દ્ર ચલાવી રહ્યા છે. તે આશ્રમની ભિન્ન પ્રવૃત્તિઓ અંગે પ્રકાશ પાડતી એક છાપેલી પત્રિકા તેમના પત્ર સાથે તેમણે મોકલી છે. અન્ય હેતુઓ સાથે આ સાધનાશ્રમનો મુખ્ય હેતુ ધ્યાનયોગનું લોકોને શિક્ષણ આપવાનો અને તેનો પ્રચાર કરવાનો છે. જે ભાઇ યા બહેનને આવી આશ્રમપ્રવૃત્તિમાં રસ હોય તેમને પ્રધાન મંત્રી, ધ્યાન સાધના સંઘ, સાધનાશ્રમ, ૧૫—૮—૨૦૫, બેગમ બજાર, હૈદ્રાબાદ, (આંધ્ર પ્રદેશ) એ સરનામે પત્રવ્યવહાર કરવા વિનંતિ છે. પરમાનંદ)

હૈદ્રાબાદ, તા. ૫-૯-૭૦

પરમ આદરણીય પ્રેમમૂર્તિ, પ્રબુદ્ધ ચિન્તક,
શ્રી પરમાનંદભાઈ! સંપાદક 'પ્રબુદ્ધ જીવન.'

સપ્રેમ ધર્માશિષ,

આપશ્રી આનંદમાં હશો? આપના તરફથી મોકલવામાં આવતું 'પ્રબુદ્ધ જીવન' નિયમિત રીતે મળે છે! તેમાં આપની વિચારક્રાન્તિનું અને સજાગ ચિન્તનનું દર્શન થાય છે. આપણી સાધુસંસ્થા અંગેના પરિસંવાદમાં આપશ્રીએ આપના સ્વચ્છ વિચારો ક્રાન્તિપૂર્ણ શૈલીમાં રજૂ કર્યા તે માટે આપને અનેક ધન્યવાદ! શરીરથી ભલે આપ વૃદ્ધ છો, પરંતુ આપના વિચારો ચિર—યુવાન છે. સાધુસંસ્થામાં પેઠેલી વિકૃતિઓને દૂર કરવા માટે 'પ્રબુદ્ધ જીવન' હમેશ પ્રબુદ્ધ રહે છે. જો સાધુસંસ્થાએ પોતાનું અસ્તિત્વ ટકાવવું હશે તો તેણે યુગને અનુકુળ બનવું જ પડશે.

લોચ અને બાળદીક્ષા જેવી વિઘાતક પ્રવૃત્તિઓ બંધ થઈ જાય તો પણ સમાજ થોડો આગળ વધી શકે. ક્રિયાકાંડ માટેનો જેટલો આગ્રહ રાખવામાં આવે છે તેને ત્યજીને એટલો જ આગ્રહ આધ્યાત્મિકતા વિષેનો રહેવો જોઈએ. ધ્યાન—સાધનાના કેન્દ્રો અનેક સ્થળે ખુલવા જોઇએ, જેના પરિણામે સમાજમાં યોગીરાજ આનન્દઘનજી મહારાજ, ચિદાનન્દજી મહારાજ, ઉપાધ્યાય યશો-

વિજયજી મહારાજ જેવી આધ્યાત્મિક વિભૂતિઓનાં દર્શન સુલભ બને. આવી વિભૂતિઓ જ સાંપ્રદાયિક આગ્રહને ગૌણ બનાવીને સમાજને આધ્યાત્મિકતા તરફ દોરી જશે અને એ રીતે પ્રકાશ પથરાશે.

'પ્રબુદ્ધ જીવન'માં 'કુંડલિની શકિત' અને 'ધ્યાનયોગ' જેવા આધ્યાત્મિક લેખો પ્રગટ કરીને આપશ્રીએ સમાજ સમક્ષ ચિન્તન માટે એક નવી દિશાનાં દ્વાર ઉઘાડયાં છે તે માટે આપને હાર્દિક વધાઈ પાઠવું છું. જેટલા સાચા અર્થમાં આધ્યાત્મિકતાનો સ્વીકાર થશે એટલો અહંકારનો અંધકાર દૂર થશે, અને અથડામણોનું પ્રમાણ ઘટતું રહેશે. આપશ્રી 'પ્રબુદ્ધ જીવન' વિનામૂલ્ય મોકલો છો તે માટે હું આપનો હાર્દિક આભાર માનું છું. 'પ્રબુદ્ધ જીવન'ના આગમનની આતુરતાપૂર્વક પ્રતીક્ષા કરતો રહું છું. મારા સાથી યતિ શ્રી મનોહરલાલજી મહારાજ પણ ખૂબ જ પ્રેમપૂર્વક 'પ્રબુદ્ધ જીવન'નું પઠન કરે છે. આશ્રમના અન્ય પ્રેમીજનો પણ તેનો લાભ ઉઠાવે છે.

આ સંવત્સરીના પર્વ ઉપર આપને હાર્દિક શુભકામનાઓ પાઠવું છું અને એવી પ્રાર્થના કરૂં છું કે આપ સદા પ્રસન્ન રહો અને આપનું સ્વાસ્થ્ય જળવાઈ રહે અને એ રીતે આપ સમાજને આધ્યાત્મિકતાના પ્રકાશનાં દર્શન કરાવતા રહો. સાંવત્સરિક ક્ષમાપનાની સાથે સાથે શત શત શુભકામનાઓનો પણ આપ સ્વીકાર કરશો. આપશ્રીનું સ્વાસ્થ્ય સારું રહેતું હશે!

અહીં અમારા આશ્રમમાં ધ્યાન—સાધના, સત્સંગ પ્રવચનો, શાકાહારનો પ્રચાર આદિ કાર્યો ખૂબ જ સારી રીતે ચાલે છે. આધ્યાત્મિક પ્રવચનોમાં પણ જનતા સારો રસ લઈ રહી છે. સ્કૂલો અને કૉલેજોમાં પણ કાર્યક્રમો રાખવામાં આવતા હોય છે. પ્રત્યુત્તર પાઠવવાની કૃપા કરશો. મુંબઈ આવીશ ત્યારે મળવાનું બનશે. કુશળતા ચાહું છું.

આપનો શુભચિન્તક,

યતિ નિર્મળકુમાર "વિશ્વબન્ધુ"

# સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસ રાહ બદલે

કેરળની ચૂંટણીઓએ પેલી લોકોકિત સાચી પાડી છે, "કાબે અર્જુન લૂંટિયો, એહ ધનુષ્ય એ બાણ." સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસના ખખડધજ નેતાઓને પ્રથમ મોટો ફટકો – હાર આપી, ઈન્દિરા ગાંધીએ—અલગ નવી કૉંગ્રેસની રચના કરીને, અને ત્યાર બાદ પોતાની દરેક વ્યૂહરચનામાં ઈન્દિરા ગાંધી સફળ થતા આવ્યા છે—તેમનો હાથ ઊંચો જ રહ્યો છે અને આ કેરળની ચૂંટણીમાં તો તેમણે ભારે સફળતા મેળવી કહેવાય. અને સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસને એક પણ બેઠક ન મળી તે શું સૂચવે છે? ભલે ત્યાંની પરિસ્થિતિ સાવ જુદી હોય. પરંતુ સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસના દરેક દાવ જ્યારે ઊંધા પડતા જાય છે ત્યારે તેના આગેવાનોએ આત્મસંશોધન કરવાની જરૂર જણાય છે. પવન કઇ દિશાએ વાઇ રહ્યો છે તે હવે દીવા જેવું સ્પષ્ટ દેખાય છે, ત્યારે જૂની પ્રતિષ્ઠાને વળગી રહેવું અને ખોટી આશામાં અને ખોટા વિશ્વાસથી એ જ રફતાર ચાલુ રાખવી તે હવે તો યોગ્ય નથી જ લાગતું એમ દિલગીરી સાથે જણાવવું પડે છે. સામા પક્ષની શકિત ઓછી આંકીને ચાલવું એ પણ હવે પાલવે તેમ નથી. ખાસ કરીને મોરારજીભાઇની પ્રતિષ્ઠા—સમજણપૂર્વક કે અણસમજણપૂર્વક—પ્રજાના દિલમાં ઘટતી ચાલી છે, અને એ જ રીતે સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસની પણ. આનું કારણ સમયનું નવું વહેણ જ હોઇ શકે એમ માનવું રહ્યું. એટલે, સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસ પ્રત્યે પ્રથમથી જ પૂરી સહાનુભૂતિ અને માનની લાગણી હોવા છતાં એમ કહેવાની ફરજ પડે છે કે નીચેના બે વિકલ્પમાંથી એકને તેણે સ્વીકારીને આગળ ચાલવું જોઇએ – જો દેશને વિનાશના માર્ગે જતો રોકવો હોય અને બચાવવો હોય તો.

(૧) ઘણાં મોટાં પગલાંઓ ભરીને જીત મેળવનાર ઈન્દિરા ગાંધી મુત્સદીગીરીમાં તો સફળ થયા જ ગણાય, અને રાજકારણમાં મુત્સદ્દીગીરીને પ્રથમ સ્થાન હોય છે જ. એટલે સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસના આગેવાનો જો ખુરસીનો મોહ છોડી શકે તેમ ન હોય તો ઈન્દિરા ગાંધીની આગેવાની સ્વીકારીને બન્ને કૉંગ્રેસે એક થવાનો નિર્ણય ઘડીનાય વિલંબ સિવાય કરી લેવો જોઇએ—તો આ એક મોટો પક્ષ બને અને એ કારણે દેશના તંત્રમાં સ્થિરતા આવે. પણ જો તેઓ આમ કરવા તત્પર ન હોય અને ખુરશીનો મોહ છોડી શકતા હોય અને જો હજુ પણ દેશનું હિત તેમના હૈયે હોય તો;

(૨) રાજકારણમાંથી નિવૃત્તી લઇને તેમણે રચનાત્મક પ્રવૃત્તિને સ્વીકારી લેવી જોઇએ—જે ગાંધીજીએ ચીંધેલો યોગ્ય માર્ગ છે. આમ કરીને અત્યારના વિષમ કાળમાં અનેક ક્ષેત્રે જનતા પીડાઇ રહી છે તેને પોતાની સેવાદ્વારા માર્ગદર્શન આપીને, દરેક ક્ષેત્રે મદદરૂપ બનીને કામ કરવાનું શરૂ કરી દેવું જોઇએ—જેમ ભૂદાન આંદોલન વિનોબાજી ચલાવે છે. તેમણે તેમ જ તેમના કાર્યકરોએ ખુરસીનો મોહ છોડયો છે તેમ તે છોડીને સેવાકાર્યમાં રત બની જવું જોઇએ; આ માર્ગ પણ રુચિકર ન લાગતો હોય તો અત્યારે નક્ષલવાદની પ્રવૃત્તિ અને અરાજકતાના બળો જોરશોરથી દેશભરમાં ફેલાઇ રહ્યા છે – વિકસી રહ્યા છે, તેને ડામવા માટે સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસના બધા જ કાર્યકરો વિનોબાજીની ભૂદાન-ગ્રામદાનની પ્રવૃત્તિને અપનાવી લે, અને જો આમ બનશે તો વિનોબાજીની આ પ્રવૃત્તિને જબરદસ્ત જોર મળશે અને એના કારણે અરાજક પ્રવૃત્તિઓ ખૂબ જ નરમ બની જાય તે ખૂબ જ સંભવિત છે. માટે દેશને બચાવવો હોય, અરાજકતાના આવી રહેલા ધસમસતા પૂરને ખાળવા હોય, તો સાચા દેશભકતો માટે આ એક જ તરણોપાય છે. પરંતુ આને બદલે જો અત્યારે ચાલે છે તેમ જ એકબીજાને કેમ પછાડવા, તે જ વૃત્તિથી આગળ વધવાનું ચાલુ રહેશે તો તેમાં કોઇનું ભલું થશે નહિ અને કરોડો દેશબાંધવોના જીવનની પરિસ્થિતિ અસહ્ય જ બનતી રહેશે—માટે સંસ્થાનિષ્ઠો પોતાના પક્ષે આવું મોટું પગલું ભરીને દેશસેવામાં લાગી જાય એ આજના સમયનો તકાજો છે. પરિણામની અપેક્ષા રાખ્યા વિના જે કામ કરવામાં આવે છે, તેમાં હંમેશાં ઇશ્વરનો સાથ પણ મળી રહે છે.

શાન્તિલાલ ટી. શેઠ

# ગુજરાતના મેઘ-તાંડવનું શબ્દચિત્ર

તા. ૨૧-૯-૭૦ના ચિત્રલેખામાં પ્રગટ થયેલું ગુજરાતના મેઘ-તાંડવનું શબ્દચિત્ર સંકલિત કરીને નીચે પ્રગટ કરવામાં આવે છે:—

"આભ અનરાધાર વરસે છે. માતેલા હાથીની જેમ મેઘરાજા મદે ચડયો છે. પવન પાગલ થયો છે. એણે પણ જાણે મેઘરાજા સાથે હરીફાઇ માંડી છે. એકીસાથે સેંકડો શંખ ફૂંકાતા હોય એવા એના સુસવાટા સંભળાયા જ કરે છે. સાપ જેવી પાતળી નદી અજગર જેવી ધીંગી થઇને જે લાગમાં આવે તેના ફગ્તો ભરડો લે છે. કાંઠાના ગામો એના ભરડામાં ભીંસાવાં માંડયાં છે. હજાર માણસની વસતિવાળું ટીંબોદરા ગામ નર્મદાના ભરડામાં ભીંસાતું જાય છે, અગિયારસો લોકોનું તરસાલી ગામ પૂરનાં જડબામાં ફસાતું જાય છે. એમાં ફસાયેલા—રઘવાયા થયેલા—લોકોને તો એમ જ લાગે છે કે આખી પૃથ્વી પર પ્રલયના પાણી ફરીવળ્યા છે, મોતના ઓછાયા જેવી રવિવારની રાત ઘટ્ટ થતી જાય છે. ભાદરવા સુદ છઠ્ઠના ચાંદના અજવાળાને કાળાં વાદળાંએ ગુંગળાવી દીધાં છે અને ધીમા છતાં મક્કમ પગલે મોત પાસે ને પાસે આવતું દેખાય છે. પાણી છાતી સમા તો થઇ ગયા છે. ઝૂંપડાં ડૂબી જવા લાગ્યાં છે. મોતને છેટું રાખવા લોકો છાપરા પર ચડી ગયાં છે. ઢોરો ડોક ઊંચી રાખીને જીવવા માટે તરફડી રહ્યાં છે. કૂતરાં જાણે, પાણી પર સવાર થઇને આવતા યમરાજને જોઇ ગયાં હોય તેમ ઊંચા સાદે રડી રહ્યાં છે. ભેંસો ભાંભર્યા જ કરે છે, વાંદરા તીણી ચિચિયારી પાડીને કુદાકૂદ કરે છે. અંધારામાં કાંઇ જ દેખાતું નથી. ધસમસતા પાણીનો શોર સંભળાય છે. ફૂંકાતા પવનના સૂસવાટા કાળજે અફળાય છે. કડડભૂસ થતા મકાનોનાં અવાજોથી દિલ કચડાય છે. મોત ધીમા

છતાં મક્કમ પગલે પાસે ને પાસે આવતું રહ્યું છે. કમર, છાતી, ડોક, હોઠ...બસ હવે થોડી જ વાર છે! એ આવ્યું...આ આવ્યું.... ગામમાં ચાર પાંચ પાકા મકાનો છે તેમાં બૈરાં-છોકરાંઓને બેસાડી દીધાં છે. એક એક મકાનમાં સો-દોઢસો કે બસો માણસો ભરાયા છે, પણ પૂરના પાણી ધૂઘવાટા સાથે અટ્ટહાસ્ય કરતા આગળ વધે છે અને મકાનોની દીવાલોને થપાટ મારીને ગબડાવે છે–છતો ભાંગી પડે છે કડડભૂસ....અને અંદર આશરા માટે બેઠેલા માણસોની કાળી કીકિયારીનો ચિત્કાર સંભળાય છે. બચાવો...કોઇ બચાવો....કેટલાક ત્યાં ને ત્યાં જ છૂંદાઇ ગયા, કેટલાક તણાઇ ગયા–કોઇના હાથમાં ઝાડનું ડાળખું આવી ગયું તે પકડીને તેઓ ચાલુ પ્રવાહમાં ખેંચાવા લાગ્યા અને એ રીતે કુટુંબના એક પછી એક માળા વીંખાવા લાગ્યા–પીંખાઇ ગયા. આ રીતે માનવસમુદાયનું, મોત કોળિયો કરી ગયું અને માનવ-પંખીના માળા વીંખી-પીંખી નાંખ્યા. કેટલીયે મા વિધવા થઇ, કેટલાયે બેટાઓ વિધુર થયા. એક બહેન પૂરના પ્રવાહમાં ખેંચાતા-ખેંચાતા હાથ વીંજતા-વીંજતા બચવાનો પ્રયત્ન કરતી હતી, તેને ગળે નાનકડો નટુ હાથ ભરાવીને વળગી રહ્યો હતો, અને પાણીના ચાલુ પ્રવાહમાં તે કાલાવાલા કરતો હોય છે, 'ફઇ મને મૂકી દેતી નહીં... ફઇ મને મૂકી દેતી નહીં'... એ રીતે નર્મદાના પાણીમાં તેનો શ્વાસ ગળતો જતો હતો....અવાજ ડૂબતો હતો...ત્યાં શાન્તાબહેનને ખ્યાલ આવ્યો કે નટુના હાથની પકડ પોતાનાં ગળા પરથી છૂટી ગઇ છે... અને એની લાશ પ્રવાહમાં વિલિન થઇ ગઇ. ત્યાં જ શાન્તાબહેનના હાથમાં એક ઝાડની ડાળી આવી. તેને તે બાઝી પડી–જે રીતે નટુ તેની ડોકને વળગી પડયો હતો એ રીતે."

આવા કરુણ દશ્યો તો કેટલાય સરજાયા અને કેટલાય માનવો આ રીતે જળરાશિમાં સ્વાહા થઇ ગયા. હજારોની સંખ્યામાં ઢોરોનો વિનાશ થયો–કરોડોની મિલકત તારાજ થઇ અને કરોડો રૂપિયાના ઉભા પાકનો નાશ થયો–આ બધી વિગતો કાળજા કંપાવે છે, જ્યારે આપણે ઇશ્વરકૃપાએ સાવ સલામત બેઠા છીએ, ત્યારે આવા ઝંઝાવાતની સામે ઝઝુમીને આકસ્મિક રીતે જેઓ બચી ગયા છે અને જેણે સર્વસ્વ ગુમાવ્યું છે–જે આપણા જ બાંધવો છે–તેમને શકય તેટલી મદદ કરવી તે સામાન્યમાં સામાન્ય પ્રજાજનની પવિત્ર ફરજ બની રહે છે. કાલે સવારે આપણી પર પણ આવી આફત નહિ ઊતરી આવે તેની કંઇ ખાતરી છે ખરી?

તો આ દારુણ દુ:ખમાં સપડાયેલા આપણા બાંધવોને મદદ કરીને આ જ પળે આપણે આપણી ફરજ બજાવીએ. તો મુંબઇ જૈન યુવક સંઘ દ્વારા શરૂ કરવામાં આવેલ ગુજરાત રેલ–રાહત ફંડમાં આપની રકમ સત્વર મોકલી આપવા વિનંતિ છે. **શાન્તિલાલ ટી. શેઠ**

# રેવરન્ડ ફાધર વાલેસ–રચિત 'લગ્નસાગર'માં તરતાં તરતાં...

('લગ્નસાગર' લેખક: રેવ. ફાધર વાલેસ, પ્રકાશક: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, મહાત્મા ગાંધી માર્ગ, અમદાવાદ - ૧. કીંમત રૂા. ૯-૨૫. આ પુસ્તકનું અવલોકન મારી ઉપરના એક પત્રમાં બહેન ગીતાએ લખી મોકલ્યું છે. તેનો 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને પણ લાભ મળે એ હેતુથી તે અવલોકન નીચે રજૂ કરું છું. **પરમાનંદ**)

અમદાવાદ, તા. ૨૪-૭-૭૦

**પૂજ્ય ભાઇ,**

તમે મને 'લગ્નસાગર' વાંચવા આપી ત્યારે ખૂબ આનંદ થયો, પરંતુ તમે જ્યારે એનું અવલોકન લખવાનું કહ્યું ત્યારે એવી જ મૂંઝવણ થઇ. સમાજ અને સાહિત્ય ક્ષેત્રે અગ્રગણ્ય સ્થાન પામેલા ફાધર વાલેસ જેવા પૂજનીય લેખકના પુસ્તક અંગે લખવું એ કેટલી મોટી જવાબદારી છે? છતાં તમે તમારો આગ્રહ છોડયો નહીં ત્યારે મને જે લાગ્યું તે નિખાલસભાવે જણાવું છું. ફાધર માટે ખૂબ જ આદર અને આવા પુસ્તક માટે પૂરો ઉમળકાભર્યો આવકાર આપતાં આપતાં પણ મારાથી કોઇ વિચાર સાથે અસંમતિ દર્શાવાઇ જાય તો ક્ષમ્ય ગણશો.

જાતે સ્પેનિશ હોવા છતાં ફાધરનું ગુજરાતી પરનું સિદ્ધહસ્ત પ્રભુત્વ સાહિત્યરસિકોને હમેશાં આશ્ચર્ય પમાડે છે. વળી અનેક પ્રસંગોને કથાત્મક રીતે વણી લેતી એમની શૈલી ગંભીર ઉપદેશને પણ નવલકથા જેવો રસાળ બનાવી શકે છે. આ પુસ્તકની વિશેષતામાં એની કલામયતા પણ એને લગ્નપ્રસંગની એક આકર્ષક ભેટ તરીકે યોગ્ય પુરવાર કરે છે. પરંતુ એથીય વધુ મહત્વની છે એની ચિંતનસામગ્રી.

યુવાજગતનો રાતદિવસ સહવાસ પામતા ફાધરે માનવ–સ્વભાવના ઘડતર અને જીવનના વિવિધ પ્રશ્નો અંગે ખૂબ ઊંડું ચિન્તન કર્યું છે–અને આ વિષય પરની એમની લેખમાળાઓ અનેક યુવકયુવતીઓ માટે પ્રેરણાના ખજાનારૂપ બની છે. જીવનમાં સાચો રાહ ભૂલેલા યુવાનહૃદયને એ ખૂબ મમતાભર્યા હાથે પંપાળીને સાચે રાહે દોરવતાં જાણે કે કહી રહ્યા છે કે "બેટા, આમ ન કરાય!" આવી મીઠી દોરવણીથી જીવનમાં સુંદર પલટો લાવનાર એમની કલમે 'લગ્નસાગર' દ્વારા પણ યુવકોને અદ્ભુત પ્રેરણા આપી છે. પોતે અપરિણિત હોવા છતાં લગ્ન જેવા નાજુક ને અતિ મહત્વના પ્રશ્નને તેઓ સુંદર રીતે આત્મસાત્ કરી શકયા છે. વળી આવા નાજુક પ્રશ્નની ચર્ચામાં પણ એમની ભાષા આર્યસંસ્કારને ખૂબ ગૌરવભરી અભિવ્યકિત આપે છે.

લગ્નની મંગળ વધામણી આપતી કંકોતરીથી શરૂ થતું આ પુસ્તક હસ્તમેળાપની પવિત્રતા, કન્યાવિદાયના થાપા, માતૃત્વની માધુરી, બાળભગવાનના આગમનની પ્રસન્નતા વિગેરે પ્રસંગોને આવરે છે. આ સાથે વિવિધ વ્યકિતઓના જીવનમાં લગ્ન અંગે જે જે સંવેદનો, મંથનો, સમસ્યાઓ અને તેના ઉકેલ થયાં હોય તેનાં કથાપ્રસંગો પણ આલેખે છે. એ બધી વાતોમાં ભારોભાર વાત્સલ્યથી અને ઊંડા સદ્ભાવથી ફાધરે આપેલો બોધ અનેક અજાણ વ્યકિતઓને પણ માર્ગદર્શક બની રહે છે. જો કે, આટલાં ઉદાહરણોથી સામાન્ય સિદ્ધાંત તારવવો મુશ્કેલ તો છે. કદાચ કોઇના અનુભવો આથી જૂદી જ જાતના હોય તો તેની દષ્ટિ પણ કંઇક જૂદાં તારણ પર આવતી હોય–છતાં સમગ્રપણે જોતાં એમની આ સલાહ ઘણાંને જીવનનાં લગ્નવિષયક ઝંઝાવાતોમાં ટકી રહેવાનું બળ આપે છે. ઘણાને એમનો ધ્રુવતારક લગ્નસાગરમાં તરતાં તરતાં સાચી દિશા બતાવી શકે છે. આજે પશ્ચિમી મનોભાવ અને નીતિશિથિલતા સામે ટકી રહેવા માટે તેઓ આ પુસ્તક દ્વારા આર્ય સંસ્કાર ને પરમ્પરાનો પાયો મજબૂત કરી રહ્યા છે. જે આજના આદર્શવિહીન યુવામાનસ માટે અત્યંત જરૂરી છે.

સાચા પ્રેમનું મહત્ત્વ ગાતાં તેઓ સુંદર રીતે કહે છે કે, "જીવનનાં શાશ્વત મૂલ્યો, ધર્મ અને ભકિત, શાંતિ અને શ્રદ્ધા એ જ મનની સ્વસ્થતા, દેહની તંદુરસ્તી, માણસના કલ્યાણનો અટલ પાયો છે. પ્રેમ એ જીવનની ઉત્તમ દવા છે ને એ પુણ્ય દવાખાનામાં તમે હમણાં દાખલ થયા છો."

અને એ માતૃત્વની મંગલગાથા એમણે કેવી સચોટ રીતે કરી છે: – "માતાનું બલિદાન પુત્રના ચારિત્ર્યનો પાયો છે... માતા એ જીવનસ્રોત, આદર્શ મૂર્તિ, પ્રેરણાતીર્થ છે ... તમે તમારી પત્નીને માત્ર પત્ની તરીકે નહીં પણ તમારાં ભાવિ બાળકોની માતા તરીકે

જોશો તો તમારો પ્રેમ એ પૂજા, મોહ, એ ભક્તિ, સ્થૂલ સુખ એ પરમાનંદ બની જશે."

અને "બાળભગવાન" ના આગમનને આવકારતો એમનો મધુર ઉમળકો કેવો છે - "ઘેર નાજુક મહેમાન છે એનો સૂક્ષ્મ ખ્યાલ ઘરની અંદર પગ મૂકતાં જ આવી જાય છે. ઘરનું આખું વાતાવરણ કહી દે છે કે અંદર મોંઘેરો મહેમાન પધાર્યો છે. રાજગાદીએ બાળરાજા બિરાજે છે ... બાળક લગ્નને સફળ, અખંડ, અમર બનાવે છે. પ્રેમનું બંધન, એકતાનો સંકેત, સમર્પણનું ફળ."

જીવનમાં માંગલ્ય વરસાવતી એમની કલમ કેટલાંક પ્રતીકોને આધારે પુસ્તકમાં આગળ વધતી જાય છે, જેમાં કંકોતરીની વાત કરતાં "શ્રી ગણેશની મૂર્તિનું ચિત્ર 'ઇશ્વરકૃપા' નો ઉલ્લેખ, 'મા-બાપનાં નામ' થાપાં જેવાં પ્રતીકો મનમાં થોડોક પ્રશ્ન જગાવે છે કે આજનાં યુવકોનાં માનસ પર આ પ્રતીકો ધાર્યા મુજબ અસર ઉપજાવી શકે ખરાં? નવદમ્પતી એકબીજાને પોતાનો ભૂતકાળ પૂછે નહીં, ને જણાવે પણ નહીં, પરંતુ માત્ર (ઉજ્જવળ) ભાવિ તરફ મીટ માંડીને જ ડગ ભરે - એવી એમની સલાહ પણ મને સમજાતી નથી. અમુક યુગલો માટે આ રીતે ઊભો થયેલો વિશ્વાસ જરૂરી હશે, પરંતુ એકબીજાને સંપૂર્ણ રીતે ઓળખીને, ઉદારતાપૂર્વક ભૂતકાળના પ્રસંગોને અપનાવીને કોઇ પણ અંતરપટ વગર ટકી રહેતો વિશ્વાસ વધુ જરૂરી નથી? વધું આદર્શ નથી!

હસ્તમેળાપનું પ્રતીક વર્ણવતા લેખક કહે છે કે "હસ્તમેળાપ એ ખરેખર પ્રથમ જ સ્પર્શ હોય એવી પવિત્ર મર્યાદા પરસ્પર જાળવી હોય તેના માટે જ આ સૂચક વિધિ સાર્થક થાય, નવા જીવનમાં મંગળ પ્રવેશ કરાવનાર થાય છે." અને બ્રહ્મચર્ય માટે કહે છે કે "બ્રહ્મચર્ય પછી લગ્ન એટલે નરણે પેટે ભોજન-સ્વાદિષ્ટ, પોષક, નિરોગી."

આ બન્ને કથન આદર્શની દષ્ટિએ ખરેખર સારાં છે. પરંતુ નવલોહિયા કૉલેજિયનોને એ જૂનવાણી લાગે તો નવાઇ નહીં. એમની કસોટીમાંથી આ નવી પેઢીમાંથી કેટલાં પસાર થઇ શકે? છતાં એક આદર્શ રજૂ કરવાની દષ્ટિએ એ જરૂરી તો છે જ.

લગ્નસમયનું યુવાન માનસ વર્ણવતાં લેખક કહે છે કે "સામાન્ય રીતે પુરુષો લગ્ન પછી પત્નીને કેમ અંકુશમાં રાખવી, તથા સ્ત્રીઓ પતિને કેમ વટાવવો - તેવું જ વિચારતા હોય છે. અને ઘણાંખરાં લોકોમાં લગ્ન એ રસાકસીનો વિષય અને સંઘર્ષણના કાવાદાવા જેવું હોય છે."

આ ચિત્ર વધુ પડતું નિરાશાવાદી નથી? અલબત્ત લેખકનો આશય આ નિરાશામાંથી આશાનું કિરણ જગાવવાનો છે અને એ માટે તેઓ સાચી દષ્ટિ આપે છે.

સ્ત્રીસ્વભાવનું વિશ્લેષણ કરતાં તેઓ સ્ત્રીની 'સમજાવટ, કાકલૂદી, વશીકરણ ને મોહ દ્વારા પુરુષો પાસે કામ કરાવવાની આવડત અને કલા' ને એની વિશેષતા ગણાવે છે. આ વાત કેવી રીતે સ્વીકારવી? પુરુષપ્રધાન હિન્દુ સમાજમાં તો નહીં જ! પરંતુ એ વાતમાં આગળ વધતાં તેઓ સાચું કહે છે કે "સ્ત્રી પાસે બેધારી તલવાર છે-મોહ ને વૈરાગ્ય, પડતી ને ઉન્નતિ, પાપ ને પુણ્ય એ કરાવી શકે છે." આ 'તલવાર' નો સાચો ઉપયોગ કરતાં શીખે તો એ જરૂર ધન્ય થાય ને ધન્યતા સર્જી શકે!

સ્ત્રીસ્વાતંત્ર્યની વાત કરતાં લેખકે સ્ત્રીને પુરુષ સમોવડી થતાં વારી છે તે યોગ્ય છે. તેઓ સાચું કહે છે કે સ્ત્રી - પુરુષનાં મનોભાવ, બંધારણ ને ફરજો જુદી છે. તે મુજબ બેઉનાં વ્યક્તિત્વ વિકસે ને એકબીજાનાં પૂરક થાય તો જ લગ્નજીવન સાર્થક થાય-સફળ થાય.

પરસ્પરના પરિચયમાં ઉતાવળે નજીક ન આવવાનીસલાહ લેખકે સારી આપી છે. પરંતુ એક વાર નજીક આવ્યાં, જોડાયાં પછી પણ સહજીવનમાં થોડુંક અંતર શા માટે જોઇએ? તેઓ કહે છે તેમ હૃદયકુટિરમાં 'ખાનગી' ને 'જાહેર' વિભાગ પતિ-પત્ની વચ્ચે પણ શા માટે? સંપૂર્ણ આત્મવિલોપનમાં આ અંતરાયરૂપ ન થાય? આને આદર્શ તો કેમ કહેવાય?

આવા નાના નાના મુદ્દા બાદ કરતાં 'લગ્નસાગર' એમાં તરનારને અનેકવિધ માર્ગદર્શન ખૂબ સહૃદયતાથી આપે છે. આવી દષ્ટિ પામનાર તરવૈયાનું તરવું ઘણું પ્રસન્નતાભર્યું ને સફળ જ થાય. 'લગ્નસાગર'માં તરતાં તરતાં મને પણ આમાંથી જે કંઇ જાણવા મળ્યું તે બદલ ફાધર વાલેસનો ને આ પુસ્તક આપવા બદલ તમારો હાર્દિક આભાર!

લે. ગીતાંના વન્દન

# બે ચર્ચાપત્રો

(તા. ૧-૮-૭૦ ના 'પ્રબુદ્ધ જીવન'માં 'સ્ત્રીજાતના પડછાયાથી દૂર રહેવા માગતા યોગીજી મહારાજ' એ મથાળા નીચે પ્રગટ થયેલા મારા લખાણ અંગે નીચે મુજબના બે ચર્ચાપત્રો મળ્યા છે: પરમાનંદ)

## (૧) શ્રી નંદલાલ શાહનો પત્ર

મારા મિત્ર શ્રી નંદલાલભાઇ તા. ૨૩-૮-૭૦ ના પત્રમાં જણાવે છે કે "પૂજ્ય યોગીજી મહારાજનો બચાવ કરવાનો મારો ઇરાદો નથી. તેમનો બચાવ કરનાર હું કોણ? માનવીનાં કર્મો – સપાટી ઉપરનાં કર્મો કયા હેતુથી – તેની પાછળનું પ્રેરક બળ કયું છે-તેની બીજાને ભાગ્યે જ જાણ હોઇ શકે અને તેવી જાણકારીના અભાવમાં થતી યા કરાતી ટીકા યોગ્ય ના પણ હોઇ શકે.

"એક અંગ્રેજી લેખક જણાવે છે તે મુજબ આપણી જાણકારી અધુરી હોય છે; આપણું શ્રવણ અધુરું હોય છે; આપણું દર્શન અધુરું હોય છે. તો તે મુજબ આપણા અભિપ્રાયો પણ અધુરા-અંશત: જ સાચા-હોઇ શકે છે."

**તંત્રી:** જરૂરી જાણકારીના આધાર ઉપર અને પોતાના અનુભવ અને બુદ્ધિપૂર્વક સામાન્ય જનતાનું કોઇ બાબત ઉપર ખાસ ધ્યાન ખેંચવા જેવું લાગે તો તે વિષે કહેવું – અભિપ્રાય આપવો – તે પત્રકારનો ધર્મ છે. વિશેષ જાણકારી પ્રાપ્ત થતાં પોતાના આગળના કથન યા વિધાનમાં ભૂલ દેખાય તો તેનો સત્વર એકરાર કરવો એ પણ પત્રકારનો એટલો જ મહત્ત્વનો ધર્મ છે. પૂરી જાણકારીના અભાવમાં મૌન સેવવું એ માર્ગ આત્મલક્ષી સાધકનો હોઇ શકે, પત્રકારનો નહિ.

પરમાનંદ

## (૨) શ્રી મનસુખલાલ તારાચંદનો પત્ર

**શ્રી મુરબ્બી પરમાનંદભાઇ,** મુંબઇ, ૭-૯-'૭૦

વિ. તા. ૧-૮-૭૦ ના 'પ્રબુદ્ધ જીવન'માં 'સ્ત્રીજાતના પડછાયાથી પણ દૂર રહેવા માગતા યોગીજી મહારાજ' ના શીર્ષક નીચે તમે જે લેખ લખ્યો છે તે મને બહુ ગમ્યો. "સ્ત્રીસમાગમથી દૂર ભાગવાની જરૂર નથી તેમ જ શીલ વિચારથી વિચલિત ન થવાય એવા Sex-proof જાતીય વિકારથી મુક્ત બનવાની દઢતા કેળવવાની જરૂર છે' એવું તમારું મંતવ્ય તદ્દન સાચું છે અને બ્રહ્મચર્યનો મુખ્ય હેતુ પણ આ જ છે.

જ્યારે છેલ્લો તમારે ત્યાં આવ્યો ત્યારે આ લેખ સંબંધમાં કોઇ ભાઇને વાંધો લાગ્યો છે તેવું તમે કહેતા હતા. આ સંબંધમાં એ ભાઇનું ધ્યાન નીચેની વાત પર જરૂર દોરવશો:

શ્રી સહજાનંદ સ્વામીએ સ્વામિનારાયણ સંપ્રદાયના સાધુઓના આચારવિચાર પાલનની બાબતમાં સ્પષ્ટ રીતે કહેલું જ છે કે:

"કોઇ વાર સ્ત્રીઓના અથવા પોતાના પ્રાણનો નાશ થાય એવો આપત્કાળ આવે ત્યારે સ્ત્રીઓને અડીને અથવા તેમની સાથે બોલીને પણ સ્ત્રીઓની તથા પોતાની રક્ષા કરવી" (શિક્ષાપત્રી પ્ર. ૪-અ.૪૪)

દીક્ષાની બાબતમાં શ્રી સહજાનંદ સ્વામીએ કહેલું છે કે: "સ્ત્રીઓએ ધર્મવંશના પુરુષો (એટલે કે શ્રી સહજાનંદ સ્વામીએ સ્થાપેલા આચાર્યો) પાસેથી કોઇ દિવસ દીક્ષા ન લેવી. આ કળિયુગમાં હજારો સ્ત્રીઓ, પુરુષો પાસેથી દીક્ષા ગ્રહણ કરી પશુની પેઠે ભ્રષ્ટ થયેલી દેખાય છે." (શિક્ષાપત્રી પ્ર. ૪-અ-૫૩).

સ્વામિનારાયણ સંપ્રદાયના 'સત્સંગી જીવન' ગ્રંથમાં (પ્ર.૧-૨૯) લખેલું છે કે; "આ પૃથ્વીમાં જેઓ સ્ત્રીઓનું ગુરુપણું કરે છે તેઓ પોતાની શિષ્ય બનેલી પરસ્ત્રીઓમાં અને ખાસ કરીને પોતાને વશ બનેલી તેઓમાં આસકત થઇને ભ્રષ્ટ થાય છે."

શ્રી સહજાનંદ સ્વામીના સમયમાં ધાર્મિક પંથોમાં જે સડાઓ પ્રવર્તતા હશે તેને અનુલક્ષીને તેઓશ્રીને આવા કડક નિયમો કરવાની જરૂર લાગી હશે. પરંતુ આ બધામાંથી જે ફલિત થાય છે તે તો એ છે કે, પૂ. સહજાનંદ સ્વામીને પુરુષના બ્રહ્મચર્ય કરતાં પણ સ્ત્રીઓના શીલની રક્ષાની વધુ ચિન્તા હતી. કોઇ પણ સ્ત્રી સામે ન જોવું એવી આજ્ઞા તેઓશ્રીએ તેમના શિષ્યોને આપેલ નથી, પણ એમ કહ્યું છે કે; "કોઇ પણ સ્ત્રી સામે કુદૃષ્ટિથી જોવું એ વ્યભિચાર છે." પણ આવી બાબત તો બાઇબલ તેમ જ અન્ય ધર્મશાસ્ત્રોમાં પણ છે. ("જે કોઇ પુરુષ, સ્ત્રી પ્રત્યે કામદૃષ્ટિથી જુએ છે, તે દરેક પુરુષ હૃદયમાં તો એની સાથે ક્યારનો વ્યભિચાર કરી ચૂકયો છે." મેથ્યુ, ૫-૨૮).

આ ઉપરથી મને પોતાને તો એમ લાગે છે કે આ સંપ્રદાયની કોઇ વિદુષી નારી કદાચ પુરુષ વર્ગનું મોઢું ન જુવે અને જોવામાં આવે તો આંખો બંધ કરી દે, તો એ કદાચ ક્ષમ્ય ગણાય, પરંતુ આ સંપ્રદાયના સાધુઓ માટે સ્ત્રીઓ પ્રત્યે આવો વર્તાવ રાખવો એ જરાય ઉચિત નથી.

સ્વામીનારાયણ સંપ્રદાયના કેટલાક સાધુઓના પરિચયમાં હું આવ્યો છું તેમ જ આ સંપ્રદાયને લગતું અલ્પ સાહિત્ય પણ મેં વાંચ્યું છે અને તે પરથી મને લાગ્યું છે કે શ્રી સહજાનંદ સ્વામી એક મહાન ચિન્તક અને વિચારક તેમ જ અત્યંત નિર્મળ ચારિત્ર ધરાવતા હતા અને તેઓનું ધ્યેય પણ એટલું જ મહાન હતું. આ સંપ્રદાયના વર્તમાન સાધુઓના ચારિત્ર પણ અત્યંત ઉજ્જ્વલ છે અને તેઓ પ્રત્યે હું અત્યંત માન અને સદ્‌ભાવ ધરાવું છું.

મનસુખલાલના પ્રણામ

# સંઘ સમાચાર

## "દેશની અદ્યતન પરિસ્થિતિ"

કલકત્તાનિવાસી શ્રી ભંવરમલ સિંઘી ઑકટોબર માસના પહેલા અઠવાડિયામાં મુંબઇ આવનાર છે, તેમની ઉપસ્થિતિનો લાભ લઇને તા. ૩-૧૦-૭૦ શનિવારના રોજ સાંજના ૬-૧૫ વાગ્યે, શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે, સંઘના કાર્યાલયમાં પશ્ચિમ બંગાળના વિશિષ્ટ સંદર્ભમાં દેશની અદ્યતન પરિસ્થિતિ વિશે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું છે. આ પ્રસંગે સંઘના સભ્યોને તેમ જ અન્ય સર્વ ભાઇ-બહેનોને વખતસર ઉપસ્થિત થવા વિનંતિ છે.

## સંયુકત રાષ્ટ્રસંસ્થા વિષે જાહેર વ્યાખ્યાન

આગામી ૨૪ મી ઑકટોબર શનિવારનો દિવસ સંયુકત રાષ્ટ્રસંસ્થા દિન તરીકે ઊજવવામાં આવનાર છે, તેના અનુસંધાનમાં શ્રી મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં એ જ દિવસે સાંજે છ વાગ્યે ચીમનલાલ ચકુભાઇ શાહના પ્રમુખપણા નીચે શ્રી ગગનવિહારી લલ્લુભાઇ મહેતા 'સંયુકત રાષ્ટ્રસંસ્થા' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. તો આ વિષયમાં રસ ધરાવતા ભાઇ બહેનોને આ સભામાં વખતસર હાજર રહેવા વિનંતિ છે.

## ચિંચણને લગતું પર્યટન મુલતવી

ચિંચણ જવા આવવા માટેનું એક પર્યટન તા. ૧૦-૧૧ના રોજ ગોઠવ્યું છે એવી જાહેરાત 'પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં કરવામાં આવી હતી. પરંતુ કેટલાક કારણોને લીધે આ પર્યટન હાલ મુલતવી રાખવામાં આવેલ છે. વર્તમાન સંજોગો વિચારતાં તે હવે દિવાળી બાદ યોજવામાં આવશે અને તેની યોગ્ય સમયે જાહેરાત પણ કરવામાં આવશે.

## વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘને થયેલો અર્થલાભ

દર વર્ષની માફક આ વર્ષે પણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની પ્રવૃત્તિઓને છુટી છુટી રકમો મળી છે તેનો સરવાળો આજદિન સુધીમાં રૂા. ૨૧૦૦૦ સુધી પહોંચ્યો છે. અમારું લક્ષ્યાંક આ વખતે રૂા. ૨૫,૦૦૦નું હતું. હજુ ઘણા દાતાઓની રકમો આવવી બાકી છે, તો તેમને વિનંતી કરવામાં આવે છે કે હવે સત્વરે તેઓ પોતપોતાની યોગ્ય રકમો મોકલી આપે આ આખી યાદી આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.

## સંઘદ્વારા ગુજરાત રેલ-રાહત ફંડ

સંઘદ્વારા શરૂ કરવામાં આવેલ ગુજરાત રેલ-રાહત ફંડમાં આજ સુધીમાં મળેલા વાચકોના નામોની યાદી નીચે પ્રગટ કરવામાં આવે છે અને સાથે સાથે વિનંતિ કરવામાં આવે છે કે સંઘના સભ્યો તથા પ્રશંસકો અને 'પ્રબુદ્ધ જીવન'ના ગ્રાહકો તેમ જ ચાહકો પોતાની રકમો સત્વર મોકલી આપે.

| રૂા. | |
|---|---|
| ૧,૦૦૦ | શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડિયા |
| ૫૦૦ | ,, ચંદુલાલ મોહનલાલ ઝવેરી |
| ૫૦૧ | ,, પી. વી. બ્રાઇટ સ્ટીલ કું. |
| ૧૫૩ | ,, બાબુભાઇ જી. શાહ |
| ૧૨૧ | ,, મે. એસ. એમ. શાહની કું. |
| ૧૦૧ | ,, ચીમનલાલ ચકુભાઇ શાહ |
| ૧૦૧ | ,, ચીમનલાલ જે. શાહ |
| ૧૦૧ | ,, મે. પી. રતિલાલની કું. |
| ૧૦૧ | ,, વીશા પ્રિન્ટરી |
| ૧૦૧ | ,, જયન્તિલાલ ફત્તેહચંદ શાહ |
| ૧૦૧ | ,, રમણલાલ પી. શાહ |
| ૧૦૧ | ,, ટોકરસી કે. શાહ |
| ૧૦૧ | ,, એ. જે. શાહ |
| ૧૦૧ | ,, અમર પ્લાસ્ટીકસ |
| ૧૦૦ | ,, છગનલાલ જીવણલાલ પારેખ |
| ૧૦૦ | ,, મણિબહેન નગીનદાસ નાણાવટી |
| ૫૧ | ,, ખેતસી માલસી સાવલા |
| ૫૧ | ,, મફતલાલ ભીખાચંદ શાહ |
| ૫૧ | ,, કંચનબહેન ઓલીવર દેસાઇ |
| ૫૧ | ,, અમર જરીવાળા |
| ૫૧ | ,, રમણિકલાલ વાડીલાલની કું. |
| ૫૧ | ,, કે. પી. શાહ |
| ૫૦ | ,, રબ્બર ગુડઝ ટ્રેડીંગ કું. |
| ૨૫ | ,, ધીરજલાલ ફૂલચંદ શાહ |
| ૨૫ | ,, ભગવાનદાસ પોપટલાલ શાહ |
| ૨૫ | ,, પ્રવિણભાઇ મંગળદાસ શાહ |
| ૨૫ | ,, રતિલાલ ચીમનલાલ કોઠારી |
| ૨૫ | ,, પરમાનંદ કુંવરજી કાપડિયા |
| ૨૫ | ,, રમણલાલ ચી. શાહ |
| ૧૫ | ,, નાગરદાસ મોહનલાલ શેઠ (એક દિવસનો પગાર) |
| ૧૧ | ,, બસંતલાલ નરસિંહપુરા |
| ૧૧ | ,, રમણિકલાલ મણિલાલ શાહ |
| ૩,૯૨૭ | |

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા: સમાલોચના

આ વર્ષની વ્યાખ્યાનમાળા તા. ૨૯-૮-૭૦ થી તા. ૬-૯-૭૦ સુધી-એટલે નવ દિવસ સુધી ભારતીય વિદ્યાભવનમાં યોજાઇ હતી. શ્રી ઉમાશંકર જોશી દિલ્હીમાં અનિવાર્ય રોકાણને કારણે આવી શક્યા નહોતા : તે શિવાય બીજા બધા વકતાઓ – ભાઇઓ અને બહેનો—નાં વ્યાખ્યાનો યોજના પ્રમાણે થયાં હતાં. વિષયોનું વૈવિધ્ય તેમ જ વ્યાખ્યાનોની ગુણવત્તાનો સ્તર સામાન્ય રીતે સચવાઇ રહ્યાં હતાં એમ કહી શકાય. આ વર્ષે એક વસ્તુ કંઇક વિશેષ રૂપે નજરે આવી તે એ કે વ્યાખ્યાનોમાં સંપ્રદાયોનાં સ્વરૂપનું યથાતથ નિરૂપણ કરવાની સાથે સાથે કેવળ સિદ્ધાન્તો યા કર્મકાંડ કે વિધિનિષેધોના નિરૂપણથી સંતોષ ન માનતાં આત્મશોધન ઉપર વધારે ભાર મુકાતો દેખાતો હતો. સંપ્રદાયોના ક્રિયાકાંડો સર્વથા વ્યર્થ છે એમ માનવાની રખે કોઇ ભૂલ કરે. કેવળ કર્મકાંડમાં અંતિમ લક્ષ્ય સમાઇ જતું નથી એ પણ એટલું જ સ્પષ્ટ છે. વ્યાપક દષ્ટિએ વિચારતાં આજે ધર્મ ( religion ) કરતાં અધ્યાત્મ (spirituality)નું મહત્ત્વ સમજવા માંડયું છે : માર્ગો ગમે તે હોય, ગમે તેટલા હોય – લક્ષ્ય તો એક જ છે અને હોય અને તે એ કે, માનવમાં રહેલી સદ્‌વૃત્તિઓને કેળવીને માનવને સાચા અર્થમાં માનવ બનાવવો. આજે વિજ્ઞાનના વિષયો માટે, શિક્ષણના વિષયો માટે, સાહિત્યના વિષયો માટે Workshops યોજાય છે; પર્યુષણ વ્યાખ્યાનમાળા કેટલેક અંશે અધ્યાત્મવિષયક Workshop જેવી બનતી જાય છે તે આનન્દ અને સંતોષની વાત ગણાય.

**શ્રી કિશનસિંહ ચાવડા:** (સ્વામી કૃષ્ણપ્રેમ : વ્યકિત અને વિભૂતિ ): ગુરુ વિશે શિષ્ય કંઇ પણ કહે તે ઊણું-અધૂરું જ રહે, શબ્દો પણ તેના મનોગતને પૂરી રીતે અભિવ્યકત કરવા અસમર્થ નીવડે. જીવનમાં અન્યની પેઠે પોતે પણ અનેક ક્ષેત્રોમાં વિહાર કર્યો અને જીવન માણ્યું પણ ખરું. ૧૯૪૮ માં અમેરિકાથી પાછા ફરતાં લંડનમાં એક પુસ્તકવિક્રેતાને ત્યાં શ્રી કૃષ્ણપ્રેમનું ભગવદ્‌ગીતા વિશેનું પુસ્તક જોયું. માત્ર પ્રસ્તાવના વાંચી અને શબ્દ પણ મર્યાદા વટાવીને કેવી આન્તરઅનુભૂતિ કરાવી શકે તેની ઝાંખી થઇ. છેક ૧૯૫૯ માં શ્રી કૃષ્ણપ્રેમને મળવાનું થયું. ૧૯૬૫ માં શ્રી કૃષ્ણપ્રેમનો દેહવિલય થયો ત્યાં સુધી તેમનું સાંનિધ્ય સેવ્યું – અને 'નવો અવતાર' અનુભવ્યો. શ્રી કૃષ્ણપ્રેમનું પૂર્વાશ્રમનું નામ હતું રોનાલ્ડ એચ. નિક્સન, અને જાતે અંગ્રેજ હતા. ૧૯૨૨ માં લખનૌ વિશ્વવિદ્યાપીઠમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ભારતમાં આવ્યા. ભારતના જીવનદર્શન વિશે ઝંખના જાગી, સંસ્કૃત શીખ્યા. યશોદા માતાએ શ્રી નિક્સનને ગૌરાંગભક્તિ-પ્રેમલક્ષણાભકિતની દીક્ષા આપી અને 'કૃષ્ણપ્રેમ' એવું નવું નામ આપ્યું. કૃષ્ણપ્રેમે આલ્મોડા પાસે મીરતોલામાં સ્થાયી નિવાસ કર્યો. આધ્યાત્મિક ખોજ માટે ભારત આવેલો આ અંગ્રેજ નિર્ગ્રન્થભાવ – આત્મસાક્ષાત્કાર—ની સિદ્ધિએ પહોંચ્યો : તેનું જીવન આધ્યાત્મિક અનુભૂતિને સ્તરે જ ચાલતું રહ્યું. —આપણે સૌ અન્નમય કોશ ઉપર – દેહના વીર્ય ઉપર જ—આધાર રાખીએ છીએ. આ કોશથી પણ વધારે સૂક્ષ્મ પ્રાણમય કોશ, તેનાથી પણ વધારે આન્તરમનોમય કોશ છે. આ કોશ બુદ્ધિની પકડમાં છે. જ્યાંસુધી અહંભાવ હોય, બહિર્મુખતા હોય ત્યાંસુધી જીવનના કેન્દ્રને પામી ન શકાય. બુદ્ધિને પણ અન્તર્મુખ કરવી જોઇએ: ગંગાપ્રવાહને જોવાને બદલે ગંગોત્રી તરફ મીટ માંડવી જોઇએ. આમ થાય ત્યારે માનવ વ્યકિત મટી જઇને, સ્વકેન્દ્રિય મટી જઇને સર્વકેન્દ્રિય બને છે, વિભૂતિ બને છે. શ્રી કૃષ્ણપ્રેમ આવી વિભૂતિ હતા.

**શ્રી મૃણાલિની દેસાઇ:** (શ્રી ખલીલ જીબ્રાનનું જીવનદર્શન): ઇ. સ. ૧૮૮૩માં સિરિયામાં મુસલમાન માતાપિતાને ત્યાં જન્મ થયો. બાળપણમાં જ ઇંગ્લેન્ડ અને ફ્રાન્સમાં રહેવાનું થયું. દેશમાં પાછા આવીને થોડો સમય રહ્યા બાદ છેવટે અમેરિકા જઇને વસ્યા. ફ્રેન્ચ વિપ્લવ, રશિયન ક્રાન્તિ અને પહેલા વિશ્વયુદ્ધના પ્રસંગોએ જીબ્રાનના જીવનદર્શનને વિલક્ષણતા અર્પી. જીબ્રાનનું જીવનદર્શન નિરાળું છે. તેણે 'The Mad Man,' 'The Wanderer', 'The Son of Man' વગેરે પુસ્તકો લખ્યાં છે. પણ તેનો ગ્રન્થરાજ તો 'The Prophet' છે, જેમાં જીવનનાં અનેક અંગોપાંગો વિશેના જીબ્રાનના વિચારો વ્યકત થયા છે. અલમુસ્તફા નામે એક યોગી એક ટેકરી ઉપર વસતો હતો. તેને લેવાને વહાણ આવી પહોંચ્યું છે એ જોઇને તે ટેકરી ઉપરથી નીચે ઊતરે છે. નીચેના ગામડામાં રહેતી જનતા તેને વીંટી વળે છે અને પ્રેમ, દામ્પત્યજીવન, ઘર, સંતાન, ધાન્ય, ધર્મ, ન્યાય, શ્રમ, રાષ્ટ્ર વગેરેની બાબતમાં તેનું માર્ગદર્શન માગે છે. અલમુસ્તફાએ આપેલા ઉત્તરોમાં જીબ્રાનના વિચારો વ્યકત થાય છે : પ્રેમ સંકેત કરે ત્યારે સ્વીકારી લેવો; દામ્પત્યમાં સાથે પીવું પણ એક પ્યાલામાં ન પીવું; સંતાન માતાપિતાનાં નથી—તેમને આગળ વધવા દેવાં, તેમના જીવનનો વિકાસ થવા દેવો; ઘર રૂંધી નાખે તેવું નહીં પણ હવા, ઉજાસ અને પ્રસન્નતા અર્પે તેવું હોવું જોઇએ; ધાન્યના કણમાં વસુંધરા પોતાનાં ઉરમાં સંતાડેલાં સ્વપ્નો વ્યકત કરે છે : ધાન્ય ખાઇએ ત્યારે દાણાઓ ખંડાયા, કુટાયા અને શેકાયા હોય છે તેનો ખ્યાલ રાખવો જોઇએ; ન્યાય તોળનારે અપરાધીની સાથે અપરાધ કરવાની પ્રેરણા જ્યાંથી થઇ હોય તેને પણ જવાબદાર ગણવું જોઇએ. જે રાષ્ટ્રના પ્રદેશો પોતાને સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે ગણતા થાય તે રાષ્ટ્રનો વિનાશ થાય. અંતમાં આપણા રાષ્ટ્રની આજની સ્થિતિ ગમે તેટલી નિરાશાજનક હોય છતાં વિનોબાજી જેવા સંત જે રાષ્ટ્રમાં છે તેનો વિનાશ થાય જ નહિ એવી શ્રદ્ધા વ્યકત કરી. વિષયને અનુરૂપ શૈલીને લીધે વ્યાખ્યાન પ્રભાવવાળું બન્યું.

**શ્રી મંજુલાબહેન ત્રિવેદી** ( જ્ઞાનાવતાર શંકર ): ભારતીય જીવનદષ્ટિ પ્રાચીનાભિમુખ છે, પાશ્ચાત્ય જીવનદષ્ટિ અર્વાચીનાભિમુખ છે; આજની સંસ્કૃતિને 'વિકાસ' કહે છે, ભારતીય સંસ્કૃતિ 'હ્રાસ' તરીકે ગણાય છે, પણ આ બંને સાપેક્ષ વિધાનો છે. ભૌતિક દષ્ટિએ આજની સંસ્કૃતિ વિકાસમય હશે, પણ અધ્યાત્મની દષ્ટિએ એ હ્રાસમય જ છે; એથી ઊલટું ભારતીય સંસ્કૃતિ ભૌતિકદષ્ટિએ હ્રાસમય હશે, પણ આધ્યાત્મિકદષ્ટિએ એ વિકાસમય છે. ભગવદ્‌ગીતામાં કહ્યું છે કે યુગે યુગે સત્પુરુષોના રક્ષણ માટે, દુષ્ટોના વિનાશ માટે અને ધર્મની સંસ્થાપના માટે ભગવાન અવતાર લે છે. સત્યયુગમાં જ્ઞાન ગુરુ તરીકે દક્ષિણામૂર્તિનો ઉદ્‌ભવ થયો હતો; ત્રેતાયુગમાં દત્તાત્રેયનો, દ્વાપરયુગમાં વેદવ્યાસનો અને કલિયુગમાં આદ્યશંકરાચાર્યનો. બૌદ્ધધર્મે હિંસાનો પ્રતીકાર કર્યો પણ કેટલાયે સંપ્રદાયો વામમાર્ગ સેવતા થયા, નાસ્તિક પણ થયા. આદ્યશંકરાચાર્યે બત્રીસ વર્ષના જીવનકાળમાં જ્ઞાનદ્વારા મોક્ષ મેળવી શકાય અને કર્મ તો જ્ઞાનપ્રાપ્તિના સાધનરૂપ છે એમ પ્રતિપાદન કર્યું. ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને ભગવદ્‌ગીતા ઉપર સૂક્ષ્મ અને ગહન વિચારસંપન્ન ભાષ્યો લખ્યાં અને ચારે દિશામાં મઠો સ્થાપી પ્રજાની ધર્મભાવનાને દઢ કરી. વ્યાખ્યાનકારે કેવળાદ્વૈતના આત્મા, બ્રહ્મ અને માયાનાં સ્વરૂપ અને સંબન્ધનો ટૂંકમાં પરિચય પણ આપ્યો હતો.

**શ્રી દેવેન્દ્ર દીક્ષિત** ( કલા અને સંસ્કૃતિ ): સૌને જીવનમાં અવરોધો, વિઘ્નો, નિરાશાઓ આવે છે, પણ સૌએ તેનો પ્રતિકાર કરવો

જોઈએ—પરાક્રમશીલ બનવું જોઈએ. સર્જકકલાકારનું જીવન પણ વિઘ્નોથી ભરેલું હોય છે. સર્જકે જીવન સાથે સંબન્ધ રાખવો જોઈએ, જીવનને સંસ્કૃત બનાવવું જોઈએ. જીવનને સંસ્કૃત બનાવવું એટલે સનાતન જીવનમૂલ્યો સ્વીકારવાં અને પુરસ્કારવાં. આવાં મૂલ્યોનો પુરસ્કાર કળા કરે તો પ્રજાજીવન ઉન્નત અને સંસ્કૃત બને. કલાકાર પોતાની કલ્પનાના ચંદનમહેલમાં બેસી રહે અને કાવ્યસર્જન કરે તો જનતાને એની સાથે શી નિસ્બત હોય? આવાં સર્જનનું મૂલ્ય કેટલું? રાજકારણ સર્જકકલાકારોને શૃંખલિત કરવા પ્રયત્નો કરે છે, તેની સ્વતન્ત્ર પ્રતિભાને બાંધી દેવા મથે છે. જીવનની આવી વિષમતામાં પણ સર્જકે પોતાના સ્વાતન્ત્ર્યને રક્ષવું જોઈએ. જીવનમાં નીડરતા, સત્યનિષ્ઠતા, અહિંસા વગેરે મૂલ્યો પ્રતિષ્ઠા પામે ત્યારે વ્યકિતનું તેમ જ રાષ્ટ્રનું જીવન ઓજસવાળું બને.

**શ્રી સુરેશ દલાલ** (કાવ્યોમાં વ્યકત થતી વર્તમાન જીવનની વિષમતા): કવિતાને જીવન સાથે ગાઢ સંબન્ધ છે; પણ જગતને કવિતા સાથે સંબન્ધ હોય એમ લાગતું નથી! કવિ જીવનના પદાર્થને વર્ણવતો નથી, તેનાથી થતી અનુભૂતિને વર્ણવે છે. પહેલા વિશ્વયુદ્ધ પછીનાં પચાસેક વર્ષમાં બીજું વિશ્વ યુદ્ધ તો આવ્યું, પણ તે સાથે માનવજીવનનો, માનવવ્યકિતનો, માનવચૈતન્યનો નાશ થયો, જીવન યન્ત્ર જેવું બની ગયું, માનવવ્યકિત અને સમાજ સ્ફૂર્તિ વિનાનાં, ઉલ્લાસ વિનાનાં, પ્રકૃતિથી તદ્દન વિચ્છિન્ન બની ગયાં: ઘરેડમાં જ જીવન જીવતાં હોય – અને મરતાં હોય એવું પરિવર્તન આવ્યું. આ વિષમતાએ – સામાજિક, રાજકીય, ધાર્મિક અને સાંસ્કૃતિક વિષમતાએ – આજના કવિને અકળાવ્યો છે, ઉશ્કેર્યો છે, હસાવ્યો છે, રડાવ્યો છે. શ્રી સુરેશે પાશ્ચાત્ય કવિઓની કૃતિઓમાંથી તેમ જ પ્રધાનપણે ગુજરાતી કાવ્યકૃતિઓમાંથી ઉદાહરણો આપીને પોતાનું વક્તવ્ય સારી રીતે રજૂ કર્યું.

**પ્રિન્સીપાલ રામજોશી** (આપણી શૈક્ષણિક સમસ્યા): સ્વાતન્ત્ર્ય પ્રાપ્તિ પછીનાં ત્રેવીસ વરસમાં શિક્ષણનો વિસ્તાર વધ્યો છે. ગામડાંમાં અને શહેરોમાં શાળાકૉલેજો સ્થપાઇ છે. પહેલાં, દર દસ છોકરામાંથી એક શિક્ષણ લેતો હતો, આજે આઠ લે છે. ૧૯૦૧ ની સાલમાં ૭૧,૦૦૦ કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ હતા તેમાંથી માત્ર પચીસ છોકરીઓ હતી. આજે પંચોતેર લાખ કૉલેજના વિદ્યાર્થીઓમાંથી તેત્રીસ લાખ વિદ્યાર્થિનીઓ છે! શાળામાં જવું એટલે નવાં ક્ષિતિજો અને નવાં વિશ્વનાં દર્શન કરવાં. શિક્ષણદ્વારા યુવાનોમાં નવી અપેક્ષાઓ જાગી. પણ આપણી પાસે પૂરતાં સાધન નથી, શિક્ષક નથી. શિક્ષણની ક્રાન્તિએ જગાડેલી અપેક્ષાઓને આપણો દેશ સંતોષી શકે તેમ નથી તેથી વિદ્યાર્થી જગતમાં ઉશ્કેરાટ અને બળવાની વૃત્તિ જાગી છે. પરીક્ષાની પદ્ધતિ પણ વિદ્યાર્થીઓને સંતોષતી નથી. ત્રણ કલાકના એક પ્રશ્નપત્રદ્વારા આખા વર્ષની મહેનતનું માપ કઢાય છે. શિક્ષણના વિષયો અને શિક્ષણપદ્ધતિ પણ પ્રાચીન પરંપરાગત જ રહી છે. શિક્ષકો શ્રમ લેવા તૈયાર નથી: યુનિવર્સિટી જેવી શિક્ષણસંચાલન સંસ્થાઓ ફેરફાર કરવા તૈયાર બનતી નથી. દરેક વિદ્યાર્થીને એક જ પ્રકારનું શિક્ષણ અપાય છે, શિક્ષિત બેકારો વધતા જાય છે. આ સમગ્ર પ્રશ્નનો વેળાસર ઊકેલ નહીં શોધાય તો હિંસક ક્રાન્તિ જ આવશે.

(અપૂર્ણ:) **ગૌરીપ્રસાદ ચુ. ઝાલા**

# પર્યુષણ વ્યાખ્યાનમાળાના સંદર્ભમાં યોજાયેલું સ્નેહસંમેલન

પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળ પૂર્ણાહૂતિના સંદર્ભમાં તા. ૧૨–૯–૭૦ ને શનિવારના રોજ સાંજના સમયે, સંઘની કારોબારીના ઉત્સાહી સભ્ય શ્રી ટોકરશી કે. શાહની ઇચ્છાને માન આપીને મુંબઇ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના સભાગૃહમાં એક પરિમિત આકારનું સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું. આ સ્નેહસંમેલનમાં વિદ્વદ્વર્ય શ્રી ગૌરીપ્રસાદ ઝાલા-ઝાલાસાહેબ પ્રત્યે સંઘના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદભાઇ કાપડિયાએ સંઘવતી કૃતજ્ઞતા વ્યકત કરતા કહ્યું :–

"થોડા દિવસ પહેલાં પૂરી થયેલી નવ દિવસની પર્યુષણ વ્યાખ્યાનમાળાની સફળતા અંગે આનંદ દર્શાવવા માટે એક પરિમિત આકારના સ્નેહસંમેલનના રૂપમાં અહીં આપણે એકત્ર થયા છીએ. આ સ્નેહસંમેલનનો બીજો આશય, આપણા સર્વના પૂજ્ય પંડિત સુખલાલજીનું મુંબઇ આવવાનું મુશ્કેલ બનતાં, ૧૯૬૨ની સાલથી પર્યુષણ વ્યાખ્યાનમાળાનું પ્રમુખસ્થાન શોભાવતા પ્રાધ્યાપક ઝાલાસાહેબનું સન્માન કરવાનો અને તેમની આ અતિ મહત્ત્વની સેવા બદલ આપણા અન્તરની કૃતજ્ઞતા દર્શાવવાનો છે. અનેક વિદ્વાનો, સાક્ષરો અને કલાકારોએ વિધિની અનુકૂળતાનો લાભ ઉઠાવીને પોતાના જીવનની ભાત બદલી છે જ્યારે ઝાલાસાહેબે પોતાની ખ્યાતિ અને પ્રતિષ્ઠા ઉત્તરોત્તર વધવા છતાં તે દ્વારા ભૌતિક ઉત્કર્ષ સાધવાની કદિ પરવા કરી નથી અને વર્ષો પહેલાં તેમની રહેણી-કરણીમાં જે સાદાઇ હતી તેને તેઓ વળગી રહ્યા છે. અને સાચા અર્થમાં એક નિષ્ઠાવાન બ્રાહ્મણનું—એક તત્ત્વલક્ષી ઋષિનું—આપણને દર્શન કરાવી રહ્યા છે. તેમની વિનમ્રતા અજોડ છે, અને આપણી વચ્ચે તેઓ આપણી જેવા થઇને આવ્યા છે અને ગયા છે અને વ્યાખ્યાનમાળાના પ્રમુખ તરીકે છેલ્લા આઠ વર્ષથી તેમણે એકાન્ત નિરપેક્ષ સેવા આપી છે. આ માટે આપ સર્વની વતી તેમનો હું આદર કરું છું અને પુષ્પહાર વડે સંઘ તરફથી તેમનું સન્માન કરવા આપણા પ્રમુખસાહેબ શ્રી ચીમનભાઇને વિનંતિ કરું છું.

ત્યારબાદ સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે શ્રી ઝાલાસાહેબનું પુષ્પમાળાથી સન્માન કર્યું હતું.

આ સન્માનનો જવાબ આપતાં શ્રી ઝાલાસાહેબે ટૂંકું પરંતુ પ્રેરણાદાયી ઉદ્‌બોધન કર્યું હતું. તેમણે જણાવ્યું કે "અત્યારે માણસ જીવન જીવે છે પરંતુ ચારેબાજુના ઝંઝાવાતોમાં તે એવો ફસાઇ ગયો છે કે જીવનનાં સાચા દર્શન વિશે તેને વિચારવાની પણ ફુરસદ મળતી નથી. જેને આવી ફુરસદ છે તે ય આ દર્શનને ભૌતિક રીતે જુએ છે. અત્યારે આધ્યાત્મિક વૃત્તિ કે સત્યનિષ્ઠા આપણને ભાગ્યે જ જોવા મળે છે. સત્યનિષ્ઠા વિશે વાતો કરનારમાં પણ સત્યનિષ્ઠ જીવનઘડતર દષ્ટિગોચર થતું નથી. સત્ય તો વિશાળ છે અને સુક્ષ્મ છે. એક જ ઘરમાં રહેતા—આપણા છોકરાં અને આપણા ભાઇનાં છોકરાં વચ્ચે આપણે કેટલો બધો માનસિક ભેદભાવ રાખીએ છીએ એ કહેવાની જરૂર નથી. મારે એટલું જ કહેવાનું છે—જીવનના દરેક ક્ષેત્રે તુલના કરીને આપણે ડગલા ભરતા શીખવું જોઇએ. તમારે ત્યાં આ વ્યાખ્યાનમાળામાં છેલ્લા આઠેક વર્ષથી હું આવું છું એટલે મને પણ એમ લાગે છે કે હું તમારામાંનો જ એક બની ગયો છું. પ્રમુખસ્થાને બેસવામાં તમારા ઉપર હું કોઇ ઉપકાર કરતો નથી પરંતુ અનેક ક્ષેત્રોમાંથી આવેલી વિશિષ્ટ વ્યકિતઓનાં વ્યાખ્યાનો મારા જીવનના માર્ગદર્શક બને છે અને એ રીતે હું તમારી પાસેથી ઘણું ભાથું મેળવું છું-કાંઇ આપતો નથી, આમ કહેવું જ ઉચિત ગણાશે."

ત્યારબાદ સંગીતનો એક હળવો કાર્યક્રમ શ્રીમતી રમાબહેને—કલાબહેને અને ચંદ્રાબહેને તથા રેડિયો કલાકાર શ્રી હરિશ ભટ્ટે રજૂ કર્યો હતો. શ્રી ચીમનલાલ જે. શાહે ઉપસ્થિત શુભેચ્છકો, વ્યાખ્યાતાઓ, કલાકારો અને કાર્યકરોનો આભાર માન્યો હતો. ત્યારબાદ સૌ અલ્પાહારને ન્યાય આપી પ્રસન્ન વાતાવરણમાં છૂટા પડયા હતા.

મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ

# ઐક્ય માટેના પ્રયાસો : કેટલાક અનુભવો

(ગતાંકથી ચાલુ)

સ્વરક્ષણની વૃત્તિ મિત્રાચારીમાં પણ પ્રકટ થાય છે,
જ્યાં માણસની કોઈ તૃષ્ણા સંતોષાય છે,
ત્યાં તે દીવાની આગળ ફૂદાની જેમ ફાંફાં મારે છે.
કેટલાકને દીવો થવામાં
તો કેટલાકને ફૂદા થવામાં
અમરત્વ જણાય છે.
જે કોઈને માટે દીવો છે
તે બીજાને માટે ફૂદાની દીનતા ભોગવે છે.
એકબીજા પાછળની દોડપકડ
—શિકાર ચાલ્યા જ કરે છે.

લૂંટ, ફાયદો, નામના, ઈન્દ્રિયસુખની ખોજ
મનુષ્યના સંબંધમાં થતી હોય છે.
એને સંતોષવા મૈત્રી અને ઓળખાણો
કરવામાં આવે છે.
તૃષ્ણા વધુ સંતોષાતી નથી,
ત્યારે મૈત્રીનો ત્યાગ કરવામાં આવે છે.
એ સંબંધમાં જે પક્ષની હજી તૃષ્ણા બાકી હોય
તે પક્ષ નિરાશા અને શૂન્યતા અનુભવે છે.
તેથી કરીને મનુષ્યસંબંધમાં
બહુ ઓછા લોક શ્રદ્ધા રાખે છે.
નિરાશ જન મનુષ્યસંબંધને
સ્વાર્થી - મતલબી કહે છે.

"મારું કોઈ નથી."
એવાં રોદણાં રડનારને
પૂછવા મન થાય છે:
"તમે કોઈનાં છો?"
સ્વરક્ષણવૃત્તિ એક બાજુ મિત્રતા તરફ
બીજી બાજુ ઈર્ષ્યા તરફ દોરે છે.
આકાશપાતળની જેમ
લોકવ્યવહાર મિત્રતા અને ઈર્ષ્યાથી અવિભક્ત છે.
પોતાના તરફનો અસંતોષ
બીજાના દોષ શોધવા તરફ વળે છે.
વાંક કાઢવાની આદત પડી જાય છે.
કૌટુમ્બિક અને સામાજિક વ્યવહારમાં તે ટેવ
પ્રકટ થાય છે.
આ બધો પ્રપંચ
આ ગૂંચ
માનવની કોઈ ભૂલને લીધે હશે?

વિશાળ એક ગુંબજમાં એક નાનો ઝરમર ધ્વનિ
પ્રતિધ્વનિત થતો થતો
મોટો અવાજ બની ગુંજ્યા કરે છે:
તેમ માણસનું એક નાનું કૃત્ય
તેના આખા જીવનમાં પ્રસરી ગુંજે છે.
માનવનું કયું કૃત્ય?
કઈ ભૂલ?
માનવ કુદરત સાથે તદાકાર ન થયો,
તે સંગ્રામે ચઢયો.
કુદરત સાથેના યુદ્ધને
તે પુરુષાર્થ સમજ્યો.

માનવે માંગી બે બક્ષીસો;
અન્ન અને આશ્રય.
દરેક પ્રાણી ચાહે છે
આ બે બક્ષીસો
પણ તે તેના વિશે બહુ લાંબો વિચાર નથી કરતું.
પ્રાણીઓ દિવસ કાજે દિવસે મેળવી લે છે
પણ આપણે
એક દિવસની નહિ, પણ આવતી કાલની - વર્ષોની
પોતાની નહિ પણ સાત પેઢીની
અથાગ ચિન્તા કરીએ છીએ.

"Sufficient unto the day is the evil thereof."
ન્યુ ટેસ્ટામેન્ટમાં કહ્યું છે,
"દિને સભર
એની હિંસા - પાપ - દુષ્કૃતિ."
દિનરાત આપણે વેઠવૈતરું કરીએ છીએ.
આ લોભ - આ સંગ્રહ
સુખને હણે છે.

કલ્પિત જરૂરિયાતો મેળવવા માનવ
મોટા ખતરા પેદા કરે છે.
તેને માટે શકિત અને સાધન રોકી
તે કોઈ એક જગ્યા સાથે બંધાઈ જાય છે.
તેનાં રક્ષણ અને વર્ધન માટે
અન્ય જરૂરિયાતો પેદા થાય છે.
વધુ માણસો ઊભરાય છે.
લોભવશ સહુ તે સ્થાનને વળગી રહે છે:
અકુદરતી જીવનનું મંડાણ થાય છે,
કુદરત પોતાનાં શસ્રો અજમાવે છે:
મનુષ્ય પર મન અને શરીરના રોગો વરસાવે છે.
તેની સામે ઝઝૂમવા મનુષ્ય ઉપાયો યોજે છે.
આ યુદ્ધનું બીજું નામ સંસ્કૃતિ.

સંસ્કૃત માનવ વિજય પામે તે પહેલાં
કુદરત તેને પછાડે છે.
એક ધરતીકંપ, એક જ્વાલામુખી, એક ઝંઝાવાત
તેના ગર્વને ફગાવી દે છે.

સદા સફળતા લાધ્યા કરે
તો મનુષ્યનો અહં
ગૂમડાંનો વિકાર ધારણ કરે.
એવાં ગૂમડાં - ભીંગડાં - શીંગડાં
ખૂબ વધવાને લઈને
દુનિયામાં ચાલવાની જગ્યા પણ ન રહે.
નિષ્ફળતા - આઘાત - આપત્તિથી
માનવનું અહં ફૂટી જાય છે
અને દુનિયા બની રહે છે
ચાલવા જેવી જ નહીં
પણ રહેવા જેવી જગ્યા.

મહાવીર સ્વામીએ કહ્યું છે:
સર્વ સુખદુ:ખોનું મૂળ પોતાનાં હૃદયમાં છે.

શરીરનાં બધાં અંગો તન્દુરસ્ત હોય ત્યારે સુખ લાગે, પણ જ્યાં આંખમાં એક નાની રજકણ પણ પડે અને આખા શરીરને બદલે

આંખ પર જ ધ્યાન જાય ત્યારે આંખ દુ:ખે છે એમ કહેવાય. અનેક સ્વરોથી રચિત રાગમાં તલ્લીન થઈએ ત્યારે સુખ લાગે, પણ જ્યાં કોઈ સ્વર થોડો ખસી જાય ત્યાં સંગીત બસુરું અને અપ્રિય લાગે છે. કુટુમ્બના સભ્યો હળીમળી એક સાથે રહે ત્યાં સુધી સુખ લાગે છે, પણ જ્યાં કોઈ આડો ફાટે ત્યાં દુ:ખ લાગે છે. સ્પર્શસુખમાં પ્રાણીમાત્ર સૌથી વધારે તાદાત્મ્ય અનુભવે છે. એકતાનો આભાસ સ્રીપુરુષના જાતીય સંબંધમાં સહજસુલભ હોય છે. તેથી તે સંબંધ પ્રેમ તરીકે ઓળખાય છે. પ્રેમ, પ્રણય અથવા કામસુખ માટે માણસને સૌથી વધારે વાસના હોય છે. પ્રણયસુખ સાથે અપત્ય-સુખ જોડાયેલું જ છે.

માનો કે આ પરિસ્થિતિમાં કાંઈક તથ્ય છે.

હા, આ બધું ઠીક, પણ ઐક્ય છે ક્યાં? જીવવું કેવી રીતે? ખૂબ મુંઝવણો, વિમાસણો, સંઘર્ષ, મન્થનો - આ સર્વને જીરવવા, તે વચ્ચે ટકી રહેવા, તેમાં જીવવા માટે એક સારું મજબૂત જ્ઞાનતંત્ર Nervous System જોઈએ. આપણાં શરીરના જ્ઞાનતંતુ, કરોડરજ્જુ અને મગજથી બનેલું આ જ્ઞાનતંત્ર છે. જ્ઞાનતંત્ર ઈન્દ્રિયો દ્વારા હમેશાં ઉત્તેજિત થાય છે. કોઈ કેફીની જેમ જ્ઞાનતંત્ર હમેશાં વધુ ને વધુ ઉત્તેજનાથી જ સંતોષ પામે છે. અને તેથી વધુ ને વધુ ઉત્તેજના તરફ આપણી ઈન્દ્રિયો દોડે છે. ઉત્તેજક પદાર્થો ઈન્દ્રિયોનો ખોરાક બની જાય છે. સાંભળવાનો, જોવાનો, સુંઘવાનો, સ્વાદનો, સ્પર્શનો અને વિચારનો ચટકો લાગી જાય છે. શરીરની બધી જ પ્રવૃત્તિ આવો ખોરાક શોધવામાં લાગી પડે છે. ધનથી આવો ખોરાક જલદી સંપાદન થાય છે, તેથી ધન - ઉપાર્જન મુખ્ય પ્રવૃત્તિ બની જાય છે. ઈન્દ્રિયભોગ્ય, વૈવિધ્યપૂર્ણ ખોરાક કોઈ યુગમાં - વ્યાપક રીતે - આજની જેમ પ્રાપ્ત નહીં હોય. આ ખોરાક સર્વસામાન્ય માણસને હવે મળે છે, અને એક પર એક અને એક સાથે ઝડપથી એને પ્રાપ્ય થાય છે. માણસના જ્ઞાનતંતુ તેને ઝીલી શકે - પચાવી શકે તેનાથી અધિક ઝડપથી ઈન્દ્રિયો દ્વારા Impressions પડતી હોવાથી, ખાઉધરા માણસને જેવી અજીર્ણ અને આફરાની બેચેની થાય તેવી બેચેનીનો અનુભવ થાય છે. અને ખરેખર, ભોગીમાંથી તે રોગી બની જાય છે. કેન્સર માટે કહેવાયું છે કે દેહમાં વિનાશ પામતા કોષ cells કરતાં જો નવો કોષ વધારે જલદી પેદા થાય તો કેન્સર થાય. એવી જ રીતે ઉપરાઉપરી ઉત્તેજના પામેલા જ્ઞાનતંત્રને એક જાતનો કેન્સર જ થાય છે. એનાં લક્ષણો Symptoms છે રઘવાટ, અધીરાઈ, ગુસ્સે થવું, ચિન્તા થવી, ઉંઘ ના આવવી, અરુચિ, થાક, નિરાશાવાદ, કટુતા, નિન્દાખોરી. આનો એકમાત્ર ઈલાજ દવાઓ, સૂવાની ગોળીઓ, 'ટ્રાન્કવીલાઈઝર' ન જ ગણી શકાય. એ લેવાની સ્થિતિ ગંભીર ગણાવી જોઈએ. તે ગંભીર સ્થિતિમાં ફસાવું ન હોય તો આપણાં જ્ઞાનતંતુને પૂરતો આરામ-Relaxation-આપવું જોઈએ. કાંઈ નહીં તો રોજ સવારસાંજ એક આસને વીસથી ત્રીસ મિનિટ એમ બેસવું, આંખ, હાથ, પગ, આંગળીઓ સ્થિર રહે તેવું સુખાસન ગ્રહણ કરવું, ખુરશીમાં બેસવાથી કે બિછાનામાં સૂઈ રહેવા કરતાં પલાંઠીવાળી સીધા બેસવું. બંધ આંખોમાં આકાર - રંગ દેખાય કે કાનમાં અવાજો સંભળાય તો તેમાં રસ લેવા જેવો નથી હોતો. દેવોના દર્શન અને યોગના ચમત્કારોની વાતોથી આમાં ભરાઈ ના પડવું જોઈએ.

સવારે ઊઠતાં વેંત બોલબોલ કરવું, રેડિયો સાંભળવો, છાપાં વાંચવાં - તેથી મન ડોળાઈ જાય છે. ઊઠ્યા પછી એકાદ કલાક મૌનમાં જવો જોઈએ. કાંઈ નહીં તો ૧૦-૧૫ મિનિટનો વ્યાયામ, ઊંડા શ્વાસોશ્વાસ, કોઈ એક કાવ્ય કે ગીત, શાન્તિસમય કે ધ્યાન અને ઓછામાં ઓછું ૧૦-૨૦ મિનિટનું વાંચન. આ સર્વ સ્વાસ્થ્યપ્રદ ટેવો પાડવા જેવી છે. કોઈ પણ ગૃહસ્થીને માટે દુર્લભ નથી.

હવે શાન્તિસમય કે ધ્યાન વિષે વિચારીએ:

ઓરડામાં પ્રકાશ ન હોય, સૂર્યોદય પહેલાં કે સૂર્યાસ્ત પછીનો સમય સૌથી સારો. શૌચ-સ્નાનાદિથી પરવારી શરીર નિર્મળ હોય- પેટ ખાલી હોય, ચા કે કોઈ ખાદ્ય પદાર્થની ઉત્તેજના ન હોય. માથા અને શરીર પર કાંઈ ઓઢ્યું હોય. આંખ પર કાંઈક હળવાશથી બાંધવાથી પણ આરામ Relaxation વધે છે. કોઈ બાબતનું નિરીક્ષણ કે અન્વેષણ કરવું છે - કોઈ વિચાર કે પ્રતીકનું ધ્યાન કે જપ કરવો છે, આ વિચાર સારો, આ વિચાર ખરાબ - એવા કોઈ પણ ખ્યાલ વિના એક દૃષ્ટાની જેમ બેસવું; જે કાંઈ અસરો મન માંહે પડી હશે તે - ઉપસીને સામે ખડી થશે. તે જોયા કરવી, ન હાંકી કાઢવી, ન દબાવવી, ન વખોડવી, ન તેની પાછળ દોડવું.

એક મિત્રે મને કહ્યું કે, "શાન્તિસમયમાં બધા ખરાબ વિચારો હુમલો કરે છે, તેથી ખૂબ ગભરામણ થાય છે તેને લઈને હું એકાન્તમાં બેસતો નથી."

'ખરાબ' વિચારો ક્યાં છે? અંદર જ છે ને? એનું સમાધાન થાય નહીં, Unresolved ચિત માંહે ભરાઈ રહે તો તે અસાવ-ધાન જાગૃત સ્થિતિમાં, સ્વપ્નમાં, ઊંઘમાં, મૃત્યુ સમયે સતાવશે અને પછાડી મહાત કરશે. શાન્તિથી બેસીએ તો તે બહાર આવે, ખુલ્લા થાય, સન્મુખ થવાથી કોઇ દિવસ નિર્મૂળ થાય; પણ વિચારોના હુમલાની બીકથી શાન્તિ સમયમાં બેસીએ જ નહીં તો વિચારો અન્દર અને અન્દર રહેશે. વિચારોને પણ બચ્ચાં આવે છે. તેની જલદી વંશવૃદ્ધિ થતી હોય છે. વિચારો દબાવી રાખવાથી તેનું વિષ વધારે ફેલાતું હોય છે. વિષનું વધારે વમન થતું હોય છે. સારા-ખોટાનો ન્યાય આપવા શાન્તિ- સમયમાં બેસવાનું નથી. માત્ર જોવાનું જ છે અને એ તટસ્થતામાં અન્તરની સાફસૂફી થાય છે અને જ્ઞાનતંત્ર ફરી તાજગી સંપાદન કરે છે.

આ પ્રક્રિયાને સાયકોએનેલિસિમ, યોગ, ધ્યાન, અધ્યાત્મવિદ્યા ઇત્યાદિ ભારે શબ્દો આપવા તે કોઇ જ્ઞાની કે મુમુક્ષુને જ સુગ્રાહ્ય બને છે. આપણા જેવા માટે તે દુર્ગાહ્ય બને છે. તેથી દૂર - પર - એવો આંજી નાખનારો, ડર ઉપજાવનારો ભ્રમ પેદા થાય છે. અને આપણા ઉત્સાહ-ઉમંગને ક્ષીણ કરનારો પ્રભાવ આપણા પર પડે છે. આ કોઇ superhuman પ્રક્રિયા નથી. ઘડિયાળની કળ unwind કરવાની-ઉકેલવાની તથા ઘડિયાળને ચાવી આપવાની પ્રક્રિયા જેવી આ સાદી સીધી વાત છે.

આ ઘડિયાળની જેમ પ્રવૃત્તિમાં ઉકલતી-unwind થતી આપણી જ્ઞાનતંત્રની શકિત-nervous energy - અને નિવૃત્તિમાં-શાન્તિ-સમયમાં wind થતી, સંચિત થતી nervous energy-એ પ્રમાણે આપણું દેહરૂપી ઘડિયાળ સાજુંસમું ચાલે છે.

પ્રવૃત્તિ અને નિવૃત્તિ - જીવનમાં પચાસ પંચોતેર વર્ષ પ્રવૃત્તિમાં અને છેલ્લાં ઘડપણનાં વર્ષ નિવૃત્તિમાં એમ નહીં. નિવૃત્તિ સેવવા માટે જેમ જોઇએ, તે જેમ - શકિત - પ્રવૃત્તિનિવૃત્તિમાં રોજ રોજ શાન્તિસમય - ધ્યાનમાં પ્રાપ્ત કરવા જોઇએ. આખો દિવસ-આખું જીવન ધ્યાન અને નિવૃતિમાં ગાળવાથી મને તો કાંઇ માર્ગ દેખાતો નથી. છતાં ખાવાપીવા ફરવા - સૂવા જેવી રોજબરોજની એક અતિ મહત્ત્વની આવશ્યકતા એ ધ્યાન અથવા શાન્તિસમય છે - જે અચૂક, અતૂટ સાધવો જોઇએ.

કદાચ આપને થયું હશે કે કોઇ ઠેકાણે મેં પરમેશ્વર કે આત્માની વાત કેમ ન કરી? બહુ વાર ઉચ્ચારવાથી શબ્દો જડતા ઉપજાવે છે. ઉછીના લીધેલા, આડમ્બર ભરેલા શબ્દો પોપટીયા હોઇ, દંભને પોષનારા બની જાય તેવી સંભાવના છે. છતાં એક વ્યાપક ચૈતન્યની અનુભૂતિ કોઇ ધન્ય ક્ષણોમાં કોને નહીં થઇ હોય? એ જ ઐક્યભાવ એને પરમાત્મન કહી શકાય.

આપણા ચિત્ત-અંતરને એક સરોવર સાથે સરખાવીશું. પ્રથમ ભૂતળનાં સરોવરવરનું વર્ણન સાંભળીએ:

એક સરોવર
એની સપાટીએ
પંખી ચાંચ ડુબાડે,
જન્તુ પાંખ અડાડે,
વાયુ લહેરે, પરાગરજે
તરંગ ઊઠે છે.
ઉપસેલાં જલ
શમતાં શમતાં શમી જાય,
ત્યાં ફરી
પંખી ચાંચ ડુબાડે
જન્તુ પાંખ અડાડે
વાયુ લહેરે, પરાગરજ વડે
તરંગ ઊઠે - શમે.

સરવરિયે છે જીવતાં પાણી,
એક એક સ્પર્શ - સંઘર્ષે
તંરગેતરંગે જલ વિમલ થાય.
જલકુંડાળાં કણને ત્યજી દે
યા કણને ઓગાળી વિલીન કરે છે.
તે જીવતાં પાણી - નિર્મળ પાણી તેય.

જીવતાં પાણીનો ગુણ છે
ત્યજવાનો - ઓગાળવાનો

સાફ કરવાનો - સમાવવાનો
સમીકરણનો.

પણ સરવરિયે
જો વધુ કણ - કસ્તર પડયાં જ કરે,
તરંગ ઊઠે તે પહેલાં,
નીર ઓસરે તે પહેલાં,
હા, કણ-કસ્તર કંકર જો પડયાં જ કરે,
તો જલ ભારે થવા માંડે.
ડોળાય - ગન્ધાય - લીલ બંધાય
એ જ તે મેલાં પાણી - મરેલાં પાણી તે ય,

મનુષ્ય ભીતરે ય
એક સરોવર.

પંખીની ચાંચે જ નહીં,
જન્તુની પાંખે જ નહીં,
વાયુ લહરે જ નહીં,
પણ પથ્થરપાણા - પાન-પત્તાં
માણસે નાખેલાં ધાગા ચીંથરાંએ
તરંગો ઊઠે,
કિનારા લદાય - બન્ધાય - ગન્ધાય,
તળિયાં દટાય.

પણ
મનુષ્ય આટઆટલું જો લાદે નહીં,
નાખે નહીં, બાંધે નહીં,
પણ વચ્ચે વચ્ચે થંભે,
જૂવે જ માત્ર-
તો એનું એ ભીતર સરોવર
સદા સારું રહે.

એ થંભવું
એ જોવું એનું નામ ધ્યાન.
એ જ ધ્યાન - શાન્તિસમય.
એ નવરાશ કોઈ મનુષ્ય ચૂકે ના.

લીલા લસલસતા ઘાસચારામાં
હરણટોળાં ચરે છે.
ઝટપટ કોળિયા લઈ
દોડી જાય છે.

એમ માનવ દિન આખો ભલે ચરતો.
લઈ લે જેટલું લેવું હોય તેટલું.
પણ હરણટોળાંની જેમ
કો શીળી ઘટામાં આંખ મીંચી
ચારાને વાગોળે-
આ વાગોળવું તે ધ્યાન-શાન્તિસમય.

એકલાં બેસતાં
સર્વ કૃત્યોના તરંગો ઊઠશે.
ઊઠી ઊઠી, શમી શમતાં
સ્તબ્ધ થશે.
પછી સરવરિયાનું તળ દેખાશે,
ન દીઠયાં એવાં પરવાળાં મોતી.
સરવરતલમાં પ્રતિબિમ્બ ઝીલાશે,
સર્વ ફરી વિમલ થાશે:
એ વિપદતા
એ શાન્તિ
સુખ – પરમાનન્દ – મુકિત!

એ શાન્તિ સમયે
ન કોઈ રોકે કે ન રોકાય
ન કો શિકારી કે ન શિકાર
ન ધ્યાતા કે ધ્યેય
ન નિર્માતા કે નિર્મેય.

સ્થિર આસન,
અશ્રુ વહેતાં નિશ્ચલ નયન-પુલકિત વદન,
હાથપગ – અંગો અંગ લોપાવા માંડે છે,
દેહભાર ચાલી જાય છે.
ફૂલ જેવો હળવો બને છે દેહ,
ઊડવા માંડે છે ઊંચે ઊંચે પ્રાણ.
આનન્દની તન્માત્રા વધતી જાય છે.

પણ હા
ઊડી ઊડીને પાછું ફરવાનું?
દેહભાન
હાથ અને પગ
વદન નયન
પ્રવૃત્તિ ફરી શરૂ થાય છે.

પણ દેહે છે ચેતના,
હાથે પગે જોમ,
વદને નયને ઉમંગ,
પ્રવૃત્તિએ વિહાર,
અખૂટ પ્રસન્નતા શાન્તિ.

હવે કેટલીક ભાવકણિકાઓ આપને સંભળાવીશ:

સવારનો તારો જ્યારે અંધારામાં હોય છે,
ત્યારે તે વાતાવરણથી ભિન્ન તરી આવે છે.
તેનું કદ મોટું દેખાય છે.
પછી જેમ જેમ તે અજવાળામાં ઉત્થાન કરે છે,
તેમ તેમ એનો પ્રકાશ
વાતાવરણથી જુદો રહેતો નથી.

શરૂઆતમાં તે શિરીષનાં ફૂલ જેવો
અથવા મોટા એક હીરા જેવો ભાસે છે;
પણ છેવટે તે ઝાકળ જેવો
અથવા નાના મોતી જેવો બની
પ્રકાશમાં પૂરો ભળી જાય છે.

અજ્ઞાનતામાં માનવ
અહંથી પ્રેરાઈ વાતાવરણથી છૂટો પડવા
મથે છે.
તેને પોતાની મહત્તા પ્રસિદ્ધ કરવા
વાસના હોય છે;
તેનું જીવિત બસૂરું બને છે.
પછી જેમ જેમ તે જ્ઞાની બનતો જાય છે
તેમ તેમ તેનું વ્યકિતત્વ-તેનું અહં
ઓસરી જાય છે,
કુદરત સાથે તે ભળી જાય છે,
વિશ્વમાં તદાકાર બની
તેનું જીવિત એકસ્વર બની રહે છે.

આ એક બીજી ભાવકણિકા–

આકાશે સૂર્ય,
એનો અંશ તો પૃથ્વી પરનો અગ્નિ,
એની જ્વાળા હમેશાં ઊંચે ઊઠે છે,
સૂર્યને પહોંચવા યત્ન કરે છે,
પણ છેવટે અગ્નિપદાર્થ સ્વયં ખાખ બને છે –
એવો છે મનુષ્ય યત્ન!

ગંગાના પ્રવાહમાં ભળતાં નાળાએ ન પૂછયું
"મારું શું?"

–ઊ. બી. પૃ. ૨૦

સમાપ્ત

લીનાબહેન મંગળદાસ

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૨

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ઓકટોબર ૧૬, ૧૯૭૦, શુક્રવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ❊ કલકત્તાની અદ્યતન પરિસ્થિતિનો ચિતાર ❊

તા. ૩–૧૦–૭૦ શનિવારના રોજ સંઘના કાર્યાલયમાં, સાંજના ભાગમાં કલકત્તા નિવાસી જાહેર સેવક અને વિદ્વાન વકતા શ્રી ભંવરમલ સિંધીનું 'કલકત્તાની અદ્યતન પરિસ્થિતિના અનુસંધાનમાં રાજકીય પ્રવાહો' એ વિષય ઉપર જાહેર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું.

શરૂઆતમાં સંસ્થાના ઉપ-પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયાએ ભંવરમલજીને આવકાર આપતાં, તેમની પ્રવૃત્તિ વિષેની જાણકારી શ્રોતાઓને આપી હતી અને તેમને પ્રવચન શરૂ કરવા વિનંતિ કરી હતી.

શ્રી ભંવરમલ સિંધીએ પ્રવચનની શરૂઆત કરતાં જણાવ્યું કે હું સંઘમાં આવ્યો છું એટલે મારા ઘરમાં જ આવ્યો છું એમ મને લાગે છે, કેમકે સંઘ સાથે મારૂં એટલું તાદાત્મ્ય છે. ત્યાર બાદ તેમણે જણાવ્યું કે ભારતીય પરિવાર નિયોજનનું જે કામ ચાલે છે તે કાર્ય માટે મુંબઈ આવવાનું બન્યું અને પરમાનંદભાઈની અહીં વ્યાખ્યાન આપવાની દરખાસ્ત આવી એ મારે સ્વીકારવી જ રહી એટલે હું આપની સમક્ષ ઉપસ્થિત થઈ શકયો છું. આજની પરિસ્થિતિ વિશે વિચાર કરવા બેસીએ છીએ ત્યારે ગાંધીજીની સ્મૃતિ તાજી થાય છે, તેમણે પ્રસ્થાપેલી રાજનીતિમાં સંઘર્ષ અને ત્યાગ હતા. પરંતુ આજની રાજનીતિ જે રીતની ચાલી રહી છે તેમાં આ બન્ને તત્ત્વોનો અભાવ દેખાતાં દિલમાં રંજ થાય છે.

૧૯૪૬ની સાલથી, ગાંધીજીએ પ્રબોધેલ રાજનીતિના ધોરણમાં આપણે ત્યાં ઓટ આવતી રહી છે. આના સંદર્ભમાં બાપુજી સાથેનો એ દિવસનો એક પ્રસંગ યાદ આવે છે. તેઓ નોઆખલી ગયા ત્યારે કેટલાક મિત્રો સાથે તેમને મળવાનું બનેલું. તે વખતે પ્રફુલ્લ ઘોષ તેમની સાથે ચર્ચા કરીને બહાર નીકળેલા અને અમે બાપુ સમીપ પહોંચ્યા અને તેમના મોંમાંથી અચાનક આ ઉદ્ગાર નીકળી પડેલા કે "આપણે ત્યાં આઝાદી આવી નથી પણ બલા આવી છે." આ ઉદ્ગારોમાં તેમના દિલની એ વખતની વ્યથા અને ભાવી વિષેની આગાહી આપણને જાણવા મળે છે.

અત્યારની બંગાળની પરિસ્થિતિને અનુલક્ષીને કહેવામાં આવે છે કે જ્યોતિ બસુએ બંગાળની શાંતિ નષ્ટ કરી છે, પરંતુ આ રીતે કહેવું બરાબર નથી, એક વ્યકિત કાંઇ કરી શકતી નથી, આ તો પરંપરાએ પેદા કરેલી પરિસ્થિતિ છે. જો આગલા સત્તાધીશોએ આજનું ષડ્યંત્ર ન રચ્યું હોત તો આવી પરિસ્થિતિ ઉત્પન્ન ન થાત, આ તો પરિસ્થિતિનો પરિપાક છે. આજે જે બંગાળમાં બને છે તે આવતા દસ વર્ષમાં આખા ભારતમાં બનશે એવી પૂરતી સંભાવના છે.

બેંગાલીઓમાં બે ચીજો મુખ્યપણે દેખાય છે – વિચારશકિત અને ભાવના–જ્યારે આઝાદીનું આંદોલન ચાલતું હતું ત્યારે મોટા ભાગે ભાવનાશીલ બેંગાલીઓ શૂળી પર ચઢવામાં આગળ પડતા રહ્યા હતા, મોખરે હતા. અત્યારે તો દેશમાં એકસ્ટ્રીમ અને મોર એકસ્ટ્રીમ વચ્ચે હરિફાઇ ચાલી રહી છે. અત્યારે જ્યોતિ બસુને ઊલટી વધારો ગાળો દેવામાં આવે છે, કારણ કે લોકશાહીના ઢાંચાને તેઓ અપનાવીને ચાલ્યા છે એમ એમના ઉપર આક્ષેપ કરવામાં આવે છે.

જ્યારે વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓ તોફાન કરતા હતા ત્યારે અમે તેમના માતા-પિતાને માધ્યમ બનાવીને તેમની પાસે જતા હતા. પરંતુ તેઓ તેમને કહેતા હતા કે તમો અમને શાંતિ રાખવાની શીખામણ આપો છો પણ એ શાન્તિ કોના માટે? આ લોકો બંગલા, વ્યાપાર, ગાડી, વાડી–બધું બનાવીને બેસી ગયા છે તેના માટે? અમને ગ્રેજ્યુએટ થયા પછી પણ નોકરી કે કામ મળતું નથી, ખાલી પેટમાં આગ જલી રહી છે અને એ પરિસ્થિતિમાં તમે અમારી પાસેથી શાંતિની અપેક્ષા રાખો છો? અમો બસો અરજી કરીએ તો પણ અમને કારખાનામાં જગયા નથી મળતી–અમને પૂછવામાં આવે છે તમો નોકરી કેમ નથી કરતા? અમે પ્રમાણિકપણે કામ કરવા માગીએ છીએ–અમને નોકરી અપાવો. સમાજમાં જ્યારે એક લગ્નપત્રિકા–કંકોત્રી છપાવવા પાછળ છ રૂપિયા લગભગનો ખર્ચ થાય છે, અને એ ઉપરાંત લગ્નસમારંભો વિગેરેમાં અન્ય મોટા ખર્ચાઓ કરવામાં આવે છે, જ્યારે બીજી બાજુ મોટા પ્રમાણમાં માનવશકિત ગરીબીમાં–બેકારીમાં સબડી રહી છે. આ માણસોના રોપને કેમ રોકી શકાય? બેંગાલમાં પગારધોરણ પણ સૌથી ઓછું છે. આપણે તેમને કેવી પરિસ્થિતિમાં રાખ્યા છે? અને આ રીતે સામાજિક–આર્થિક વિષમતા આટલી વ્યાપક બની હોવા છતાં તેને બદલવાના કોઇ ચિન્હ્ ન દેખાય ત્યારે આજની પરિસ્થિતિ પેદા ન થાય તો બીજું શું થાય?

બેંગાલની જ્યુટ મીલોમાં માણસોને ૧૫૦ થી ૨૦૦ નો પગાર આપવામાં આવે છે અને મેનેજરને ૮૦૦૦ પગાર આપવામાં આવે છે–તેમને ૨૦૦૦ પગાર ઓછો આપવામાં આવે તો બીજા દસ માણસનો વધારે નિભાવ થાય. આવી અસમાનતા હોય ત્યારે તેમના પ્રશ્નોનો શું જવાબ આપવો? આપણા રાજકારણીઓની વિચારધારાની પરાકાષ્ટા તો જુઓ – રાષ્ટ્રના મુખ્ય પ્રધાન કહે છે કે મુસ્લિમ લીગ કોમવાદી નથી, મોરારજીભાઇ દાવો કરે છે કે જનસંઘમાં કોમવાદ નથી અને નવી કૉંગ્રેસના પ્રમુખનો હોદ્દો ધરાવનાર પ્રથમ ફૂડ મિનિસ્ટર અને હાલના સંરક્ષણ પ્રધાન એવા જગજીવનરામ દસ દસ વર્ષ સુધી ઈન્કમટેકસ ભરતા નથી અને આ હકીકત જાહેર થઇ જાય છે ત્યારે કહે છે કે એ તો ભૂલમાં રહી ગયું. જેઓ રાષ્ટ્રના વડેરાઓ છે અને ઊંચામાં ઊંચા સ્થાને બેઠા છે તેઓ છડેચોક આવા અસત્યો ઉચ્ચારવાનું શરૂ કરતા હોય ત્યારે પ્રજા પાસે આપણે કેટલી અપેક્ષા રાખી શકીએ? જ્યોતિ બસુ અને તેમના સાથીઓ પણ આવી વસ્તુથી મુકત નથી પરંતુ તેમને

તો કૉંગ્રેસના મિનિસ્ટરોએ સર્જેલી પરિસ્થિતિનો વારસો મળેલો છે. અત્યારે યુવાન વર્ગ એમ કહે છે કે આ બધાએ ખૂબ ખાધું, હવે અમે ખાવા દેવાના નથી.

ગાંધી–પ્રતિમાઓને ન તોડાય, એવો ઉપદેશ તેમને આપવા જઈએ છીએ ત્યારે તેઓ કહે છે કે ગાંધી-પ્રતિમાને તો તમો વડેરાઓએ પોતાના આચરણો દ્વારા ખંડિત કરી છે–ગાંધીની પ્રતિમા છે જ કયાં? આ અમે તોડીએ છીએ તે તો માત્ર પત્થર તોડીએ છીએ. બેંગાળનું આ વાતાવરણ છે. બાકી આપણે જેટલું કલ્પીએ છીએ એટલું ભયભીત બેંગાળનું વાતાવરણ નથી.

કલકત્તામાં જે કૉંગ્રેસભવન બાંધવામાં આવ્યું છે, એવું ભવન કદાચ આખા હિન્દુસ્તાનમાં નહિ હોય–આ માટે અઢળક નાણું આવે છે કયાંથી? છેલ્લા વીશ વર્ષમાં જે પ્રજાનો જન્મ થયો છે તેમણે તો અસલના સેવકોને નથી જોયા અથવા એ આઝાદીની લડતને નથી જોઈ–તેમને તો અત્યારે ચાલી રહેલા નાટકનાં જ દર્શન થયાં છે. એ લોકોમાં દેશદાઝની ભાવના, આપણા ઉપરના આચરણો પછી, કેવી રીતે પેદા થાય–એ લોકો તો માઓના સંદેશાને જ સત્ય સમજવાના અને એ રસ્તે જવાના.

અત્યારે કોષ – કે નિધિમાં કરોડ રૂપિયા કરો કે દસ કરોડ ભેગા કરો તેથી શું થવાનું છે – જ્યાં સુધી વેલ્યુમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી આ બધું નિષ્ફળ જવાનું છે.

આ હિસાબે અત્યારે તો અંધકાર દેખાય છે–ગાંધીજી જેવી કોઈ લીડરશીપ પેદા થાય તો જ કંઈક આશા દેશ માટે જન્મે. ત્યાં સુધી તો દરેક વ્યકિતએ પોતે નિશ્ચય કરી લેવો જોઈએ કે બને તેટલું ખોટાં કામોથી આપણે દૂર રહેવું.

રાજનીતિમાં આટલી ઓટ આવી છે છતાં આશ્ચર્યની વાત છે કે આપણી વિચારસરણીમાં પરિવર્તન આવતું જ નથી–કોઈ પણ સમારંભ હોય તો કોઈ વિચારવાન – વિદ્વાન વ્યકિતને બોલાવવાને બદલે ત્યાં પણ મિનિસ્ટરને બોલાવીને ગૌરવ લેવામાં આવે છે. સર્વોદય સંમેલનોની પણ આ જ પરિસ્થિતિ છે. ભલે આપણે ઈન્દિરાજીની ટીકા કરતા હોઈએ પણ સમારંભમાં તે આવે તેમ આપણે ઈચ્છીએ છીએ અને ગૌરવ અનુભવીએ છીએ. ભ્રષ્ટાચાર પણ ચારે બાજુ ચાલી રહ્યો છે અને નવા જનરેશને આવું જ બધું જોયું છે.

આ રીતે અત્યારે કલકત્તાની લૉ-એન્ડ ઑર્ડરની પરિસ્થિતિ નબળી થતી જાય છે. કયારેક કયારેક કોપરાના વાયરોની ચોરી કરવા માટે પચાસ માણસનું ટોળું આવીને વ્યવસ્થિત રીતે આખી ગલીના થાંભલાઓની બત્તીઓ ફોડીને ઉપરના વાયરો કોઈની રોકટોક સિવાય લઈ જઈ શકે છે. વ્યવસાયથી છૂટીને ઘેર જતી વખતે સાંજના સમયમાં ગાડી, ચલાવનારની મરજી પ્રમાણે નહિ પણ રસ્તે ચાલનારની મરજી પ્રમાણે ચલાવવી પડે છે. ભીડમાંથી ગાડી બહાર કાઢવા માટે બે હાથ જોડેલા રાખવા પડે છે–એમ નમ્રતાથી કામ લ્યો તો જ ગાડી આગળ વધી શકે. આમ છતાં પરિસ્થિત એવી સ્ફોટક ગણી શકીએ એવી તો નથી જ, કેમકે સિનેમાની ટિકિટો હજી પાંચ પાંચ દિવસ સુધીની બૂક થયેલી રહેજ છે.

એટલે આ પરિસ્થિતિને હલ કેમ કરવી એ મોટો કોયડો છે. દિવસે દિવસે તેમાં વધારો જ થવાનો છે–જ્યાં સુધી રાજકારણીઓ પોતાની વૃત્તિઓમાં સુધારો નહિ કરે ત્યાં સુધી. આ ચિત્ર જોયા પછી દરેક વ્યકિતએ પોતા પૂરતો વિચાર કરી લેવાનો રહે છે, કે આપણે કેમ વર્તવું. દરેક પોતાથી શરૂઆત કરે તો જ કાંઈક સારા પરિણામની આશા બંધાય.

પ્રવચન પૂરું થયા બાદ, શ્રીયુત પરમાનંદભાઈએ, ભંવરમલજીએ બંગાલની પરિસ્થિતિ વિષે જે તદ્દન નવો પ્રકાશ પાડયો અને એ રીતે આપણી જાણકારીમાં વધારો કર્યો તે માટે આપણે ખરેખર તેમના ઋણી છીએ એમ જણાવ્યું હતું અને ત્યાર બાદ સભા વિસર્જન કરવામાં આવી હતી.

સંકલન: શાન્તિલાલ ટી. શેઠ

# પ્રકીર્ણ નોંધ

## શ્રી પાર્શ્વનાથ વિદ્યાશ્રમ સંશોધન મંદિર

અમૃતસરની શ્રી સોહનલાલ જૈન ધર્મપ્રચારક સમિતિએ શ્રી પં. સુખલાલજીની સલાહને અનુસરીને બનારસમાં ઈ. ૧૯૩૭માં શ્રી પાર્શ્વનાથ જૈન વિદ્યાશ્રમની સ્થાપના કરી હતી. એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ જૈનવિદ્યાના ઉચ્ચ અભ્યાસ માટે વિદ્યાર્થીઓને મદદ કરવાનો હતો. અત્યાર સુધીમાં અનેક જૈનદર્શનના આચાર્ય પદવીધરો ઉપરાંત આ સંસ્થાએ ૧૧ ની સંખ્યામાં પી. એચ. ડી. અને ડિ. લિટ્. પદવીધરો તૈયાર કર્યા છે. જૈન સાહિત્યના ઇતિહાસના પાંચ ભાગ ઉપરાંત ડૉક્ટરેટ પદવી માટેના સ્વીકૃત એવા વિવિધ વિષયના પાંચ મહાનિબંધો પણ પુસ્તકાકારે પ્રકાશિત કર્યા છે. વિદ્વાનો પાસે વ્યાખ્યાનો અપાવી તે પણ પ્રસિદ્ધ કર્યાં છે. સંશોધન માટેનાં જરૂરી પુસ્તકોની લાયબ્રેરી પણ ઊભી કરી છે. આટલું કર્યા પછી મુંબઈના વિશાળ જૈનસમાજ પાસે પાર્શ્વનાથ વિદ્યાશ્રમના સંચાલકોએ દાન માટેની ટહેલ નાંખવાનું નિમિત્ત લઈ, મુંબઈમાં 'સંભવામિ યુગે યુગે (પ્યારા બાપુ)' એ નામની નૃત્યનાટિકાનું આયોજન તા. ૨૩-૯-૭૦ ના રોજ કર્યું હતું. એ સભામાં મુંબઈના દિગંબર, શ્વે. મૂર્તિપૂજક, સ્થાનકવાસી અને તેરાપંથી આગેવાનો હાજર હતા. સભાનું અધ્યક્ષ સ્થાન શ્રી શેઠ લાલચંદ હીરાચંદે શોભાવ્યું હતું, શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ઉદ્ઘાટન કર્યું હતું અને અતિથિવિશેષ તરીકે શ્રી વાડીલાલ ચત્રભૂજ ગાંધી, શ્રી પ્રતાપ ભોગીલાલ, શાહુ શ્રેયાંસપ્રસાદજી તથા શ્રી મણિલાલ સુન્દરજી દોશી ઉપસ્થિત થયા હતા. આ આયોજનની સફળતા મુખ્યત્વે શ્રી શાદીલાલ જૈન અને શ્રી. સી. ટી. શાહના ઉત્સાહને કારણે હતી અને આનંદની વાત જાણવા મળી કે મુંબઈમાંથી રૂપિયા સાડા ત્રણ લાખ જેટલી રકમ આ માટેની મુંબઈની કમિટિએ ભેગી કરી છે. જૈન વિદ્વાનો ઉચ્ચ અભ્યાસથી ઉપેક્ષિત છે, તેને લઈને જ દેશ-વિદેશમાં જૈનધર્મ વિશેની માહિતી વિદ્વાનોને પણ નથી. પાર્શ્વનાથ વિદ્યાશ્રમે આ દિશામાં પ્રગતિ કરી છે પણ તે પ્રર્યાપ્ત છે એમ ન કહેવાય. તેથી એ સંસ્થાને હજી પણ વધારે સહાયતા મળે એમ અમે ઈચ્છીએ છીએ.

અહીં એ પણ જાણવું જરૂરી છે કે આ સંસ્થા જાતિ, ધર્મ કે સંપ્રદાયના કશા જ ભેદભાવ વિના જે કોઈ યોગ્ય છાત્ર જૈન સંસ્કૃતિનો કોઈ પણ વિષય લઈ ઉચ્ચ અભ્યાસ કરવા તત્પર હોય તેને મદદ કરે છે. આવા વિદ્યાર્થી બનારસ જેવા વિદ્યાધામમાં સહજભાવે અનેક મળી આવે છે, પણ ફંડના અભાવે તેમને માટે પૂરી સગવડ સંસ્થા આપી શકાતી નથી. સરકારે એકવાયર કરી આપેલી જમીનમાં હજી તો માત્ર પુસ્તકાલયનું મકાન બાંધી શકાયું છે. વિદ્વાનો અને છાત્રોને રહેવા માટેનું મકાન બાંધી શકાયું નથી. તેથી વિદ્યાર્થીઓએ યુનિવર્સિટીની હૉસ્ટેલમાં અગર અન્યત્ર રહેવાનો પ્રબંધ કરવો પડે છે. અને કોઈ વિદ્વાન આવીને જૈનધર્મનો વિશેષ અભ્યાસ કરવા માગે તો તેને માટે રહેવાનો પ્રબંધ કરી શકાતો નથી. દાતાઓ ધારે તો દશપંદર હજાર આપી બ્લોકો બાંધીને જૈનધર્મની સેવા સાથે પોતાના નામને પણ યાદગાર બનાવી શકે છે અને આ આશ્રમને જૈનવિદ્યાના એક ઉત્તમ કેન્દ્રરૂપે વિકસાવી શકે છે.

## શ્રી મૃણાલિની બહેન દેસાઈને હાર્દિક અભિનંદન

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા યોજાતી પર્યુષણ વ્યાખ્યાનમાળાના શ્રોતાઓમાં ભાગ્યેજ કોઈ એવું હશે કે જે મૃણાલિનીબહેનને ઓળખતું ન હોય. તેઓ જન્મે મહારાષ્ટ્રી છે અને તેમના પતિ શ્રી પ્રભાકર દેસાઈ ગુજરાતી છે. તેમણે એમ. એ. સુધી અભ્યાસ

કર્યો છે અને ગુજરાતી, મરાઠી તથા હિંદી ભાષા ઉપર તેઓ અસાધારણ પ્રભુત્વ ધરાવે છે. તેમના તરફથી થોડા સમય પહેલાં મરાઠી ભાષામાં "પુત્ર માનવા ચા" એ શિર્ષકની એક નવલકથા પ્રગટ કરવામાં આવી છે. મહાત્મા ગાંધી જન્મશતાબ્દી દરમિયાન લખાયલા સાહિત્યમાં ગાંધીજીના જીવન અને તત્ત્વજ્ઞાનને આવરી લેતા આ પુસ્તકને મહારાષ્ટ્ર સરકારે રૂા. ૩૦૦૦ નો પુરસ્કાર આપ્યો છે. નવલકથા દ્વારા આ રીતે આ મહાપુરુષના જીવનનો આલેખ અને ઇતિહાસની ઝાંખી કરાવવાના આ પ્રયાસમાં, શ્રી મૃણાલિની બહેન જણાવે છે તે મુજબ, પૂજ્ય કાકાસાહેબે ખૂબ રસ લઇને તેમને માર્ગદર્શન કર્યું છે. આ નવલકથાનો ગુજરાતી અનુવાદ પણ શ્રી મૃણાલિની બહેને કર્યો છે, જે ટૂંક સમયમાં પ્રસિદ્ધ થનાર છે. ઉપર જણાવેલ પુરસ્કાર અંગે શ્રી મૃણાલિની બહેનને જેમના અદ્‌ભૂત વકતૃત્વ અંગે અનેક ભાઇ બહેનો ખૂબ જ પ્રભાવિત બન્યા છે તેમને આપણાં સર્વનાં હાર્દિક અભિનન્દન અને અન્તરની અનેક શુભેચ્છાઓ.

**ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્રની રાહતપ્રવૃત્તિ**

૧૯૬૭ ની સાલમાં ભગવાન મહાવીરની જન્મજયંતી અંગે મુંબઇ ખાતે યોજાયલા સમારંભમાં શ્રી જયપ્રકાશ નારાયણ અતિથિ-વિશેષ તરીકે પધારેલા અને તેમના મંગળ પ્રવચનમાં તેમણે બિહારમાં દુષ્કાળના કારણે પેદા થયેલી દુ:સ્થિતિ અને તેના નિવારણ અંગે વેધક અનુરોધ કરેલો, તે જ વખતે લગભગ લાખ રૂપિયાનું ફંડ કરવામાં આવેલું, ત્યાર બાદ જૈનોની એક રાહત સમિતિ ઊભી કરવામાં આવી, વધારે ફાળા માટે અપીલ કરવામાં અવી અને શેઠ રતિલાલ મનજીની આગેવાની નીચે બિહાર રીલીફ કમિટીના સહકારમાં રાહત પ્રવૃત્તિ હાથ ધરવા માટે કાર્યકરોની એક મંડળીને રવાના કરવામાં આવી. આ મંડળીએ ત્યાં સાડા પાંચ મહિના કામ કર્યું, ચાલીશ સેન્ટરોમાં રસોડા શરૂ કર્યા અને રોજના લગભગ ૪૦,૦૦૦ ભાઇ-બહેનોને જમાડવાની વ્યવસ્થા કરેલી. આ કાર્ય માટે બિહાર રીલીફ કમિટીએ પણ પુષ્કળ પ્રમાણમાં સાધનસામગ્રી પૂરી પાડી હતી. આ રાહતકાર્ય પૂરું થતાં સમિતિ પાસે બે લાખ રૂપિયા બચ્યા. તેનું એક ટ્રસ્ટ કરવામાં આવ્યું અને તે રીતે ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્રની સ્થાપના કરવામાં આવેલી.

આ કેન્દ્ર તરફથી ૧૯૬૮ ની સાલમાં ગુજરાતમાં આવેલા જળ સંકટ પ્રસંગે સુરત, અંકલેશ્વર તથા એક અન્ય સ્થળે ત્રણ રાહતકેન્દ્રો ખોલવામાં આવ્યા હતા અને રૂા. ૧,૩૦,૦૦૦ ની મદદ અને ત્રણથી ચાર લાખની—જરૂરિયાતવાળા લોકોને બેંકની મારફત લોન—આપવામાં આવી હતી.

આ પ્રમાણે ૧૯૬૮-૬૯ તથા ૭૦ ની સાલ દરમિયાન રાજ-સ્થાનના અમુક વિભાગમાં વ્યાપેલા દુષ્કાળ અંગે કેન્દ્ર તરફથી જેસલમેર ખાતે એક મોટું સેન્ટર ઊભું કરીને લગભગ દોઢ લાખની રકમની સાધન સામગ્રી પહોંચાડવામાં તેમ જ વહેંચવામાં આવી હતી. કચ્છ-સૌરાષ્ટ્રમાં પણ પશુ—રાહત પાછળ એક લાખની રકમ ખરચવામાં આવી હતી.

ચાલુ વર્ષ દરમિયાન અતિવૃષ્ટિના કારણે સૌરાષ્ટ્રના અમુક વિભાગોમાં તેમ જ ગુજરાતમાં ભરૂચ, અંકલેશ્વર બાજુએ લોકો પાર વિનાની દુર્દશાના ભોગ થઇ પડેલા. આ આફતને પહોંચી—વળવા માટે શ્રી રમણીકલાલ કોઠારી, શ્રી ગીરધરલાલ દફતરી, રવિચંદ સુખલાલ, શ્રી વાડીલાલ જેઠાલાલ વગેરેને ઝાલાવાડ બાજુએ મોકલવામાં આવ્યા અને કેન્દ્રના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ પણ ઝાલાવાડ બાજુએ ત્રણ દિવસ ફરી આવ્યા અને આશરે એક લાખની રકમનું અનાજ, કાપડ, વાસણની પૂરી તપાસપૂર્વક વહેંચણી કરવામાં આવી અને એવી જ રીતે શ્રી રિષભદાસ રાંકા, શ્રી છોટુભાઇ કામદાર, શ્રી અમરભાઇ ઝરીવાળા, દાદા ધામ્‌નસ્કર અને શ્રી સુખલાલ ખાવીચાને ભરૂચ—અંકલેશ્વર બાજુએ મોકલવામાં આવ્યા અને પૂરી જાત—તપાસથી આશરે રૂા. ૬૫,૦૦૦ નું અનાજ, વાસણ તથા કપડાંની વહેંચણી કરવામાં આવી. અહિં જણાવવું પ્રસ્તુત છે કે ઉપર જણાવેલ બન્ને મંડળીમાંના ઘણા ખરા ગૃહસ્થોએ પ્રત્યેક વિભાગમાં દશથી પંદર દિવસ સુધી રોકાઇને તથા જુદા જુદા સ્થળે ફરીને તથા સ્થાનિક કાર્યકર્તાઓ સાથે મળીને કાર્ય કર્યું હતું અને તેમાંના થોડા ભાઇઓ તો હજુ પણ રોકાઇને કામને થાળે પાડી રહ્યા છે, જો કે આ મંડળીઓમાંની પ્રત્યેક વ્યકિત અત્યન્ત વ્યવસાયગ્રસ્ત છે અને મુંબઇથી આટલો સમય દૂર રહેવું સામાન્યત: તેમને પરવડે તેવું નથી.

તત્કાળ રાહત પહોંચાડવાનું કાર્ય હવે લગભગ પતી ગયું છે અને તારાજ થયેલા આફતગ્રસ્ત વિસ્તારોમાં બે લાખની રકમ રોકીને ગુજરાત સરકારના સહકારપૂર્વક કાયમી મકાનો બાંધવાની યોજના હાથ ધરવાનું કેન્દ્રે નક્કી કર્યું છે.

આ રીતે ભગવાન મહાવીર કલ્યાણકેન્દ્રની કલ્યાણપ્રવૃત્તિ દિવસાનુદિવસ વધારે ને વધારે વેગ પકડતી રહી છે; નાતજાત, સંપ્રદાય કે સ્થળના કશા પણ ભેદભાવ સિવાય જ્યાં જરૂર પડે અને પહોંચી શકાય ત્યાં શકય તેટલી રાહત પહોંચતી કરવામાં આવી રહી છે અને લોકો—વિશેષે કરીને જૈન સમાજ—પોતાનો ઉદાર હાથ લંબાવી રહેલ છે અને કેન્દ્રની આર્થિક અપેક્ષાઓને સારા પ્રમાણમાં સંતોષી રહેલ છે.

**હોમસાયન્સ કૉલેજમાં અપાતા પાકશાસ્ત્રના શિક્ષણના સંદર્ભમાં**

માત્ર હોમસાયન્સને લગતી કૉલેજોમાં અથવા તો જ્યાં હોમસાયન્સ શિખવવામાં આવે છે તેવી કૉલેજોમાં અપાતા હોમસાયન્સના શિક્ષણમાં માંસાહારને કેન્દ્રમાં રાખીને પાકશાસ્ત્ર શિખવવામાં આવે છે. આ કૉલેજોમાં એક વખત નિરામિષઆહારની પરંપરાવાળી કુટુંબની વિદ્યાર્થિનીઓને પણ માંસાહારની વાનીઓ બનાવવાની ફરજ પાડવામાં આવતી હતી. આ સંબંધમાં થોડાંક વર્ષ પહેલાં મારા મિત્ર શ્રી માણેકલાલ રાંધવીએ વડોદરાની હોમસાયન્સ કૉલેજમાં ભણતી પોતાની પુત્રીના સંબંધમાં આ પ્રશ્ન ઊભો કર્યો હતો અને તે સંબંધે અમદાવાદ બાજુના છાપાઓમાં જોરદાર આંદોલન ઊભું થતાં વડોદરાની કૉલેજના સત્તાધીશોએ એવો નિર્ણય જાહેર કર્યો હતો કે નિરામિષાહારી વિદ્યાર્થિ-નીને આમિષ આહાર તૈયાર કરવાની ફરજ પાડવામાં નહિ આવે. આ નિર્ણય, હું ધારું છું કે, જ્યાં જ્યાં બંને પરંપરાની વિદ્યાર્થિનીઓ ભણતી હોય ત્યાં ત્યાંની બધી કૉલેજોમાં સ્વીકારવામાં આવ્યો છે. આમ છતાં આજે પણ બન્ને પ્રકારની વિદ્યાર્થિનીઓને કુકીંગનું—રસોઇ બનાવવાનું—શિક્ષણ આપવા માટે રસોડું તો એક જ સંયુકત હોય છે. આ સંયુકત રસોડાનો પ્રબંધ અનેક રીતે વાંધાપડતો છે.

નિરામિષાહારી કુટુંબના વડીલોને ખબર જ હોતી નથી કે હૉમસાયન્સના અભ્યાસક્રમમાં બન્ને પ્રકારની વાનગીઓ તૈયાર કરતા શિખવવાનો સમાવેશ કરવામાં આવ્યો હોય છે. હોમસાયન્સના વિદ્યાર્થીઓમાં મોટે ભાગે કન્યાઓ હોય છે. આ છોકરીઓ તેમના વડીલો જો જાણશે તો આ અભ્યાસક્રમ છોડી દેવાની તેમને ફરજ પાડશે એવી દહેશતથી પોતાના વડીલોને આ પ્રકારની વસ્તુસ્થિતિથી મોટા ભાગે અજાણ રાખે છે. શરૂઆતનાં એક બે વર્ષ આ વિદ્યાર્થીનીઓ માંસા-હારી વાનીઓ તૈયાર કરવાથી અલગ રહે છે, પણ સમય જતાં આ વિદ્યાર્થિનીઓ માંસાહારી વાનગીઓ તરફ આકર્ષાય છે અને

અભ્યાસક્રમ પૂરો થતાં સુધીમાં ૧૦૦ નિરામિષઆહાર વિદ્યાર્થિનીમાંથી ભાગ્યે જ ૨૦ ટકા વિદ્યાર્થિનીઓ નિરામિષાહારને વળગી રહેતી હોય છે. બીજી બાજુ એ રસોડાની વિદ્યાર્થિનીઓનાં માબાપોને ખબર પડે છે ત્યારે ઘણું મોડું થયેલું હોય છે અને તેઓ એ પ્રકારની અવશતા ભોગવતા હોય છે કે હવે જો પોતાની પુત્રીને કોર્સ કે કૉલેજ બદલવા કહેવામાં આવશે તો તેની કેરીયરને ધક્કો લાગશે. એવા પણ માબાપો છે કે જેમને આ બાબતની પહેલેથી ખબર હોય છે અને આ કારણને લીધે પોતાનાં સંતાનોને આવી કૉલેજમાં ભણવા માટે મોકલતા હોતા નથી.

આ બધાં કારણોને લીધે એ અત્યન્ત આવશ્યક છે કે આપણા દેશમાં નિરામિષાહારી લોકોનો સમુદાય ઘણો મોટો અને ચોતરફ ફેલાયેલો હોઈને જ્યાં જ્યાં આવી હોમ સાયન્સ કૉલેજ હોય ત્યાં ત્યાં પાકશાસ્ત્ર શિખવવા માટેનાં રસોડાં અને અભ્યાસક્રમો અલગ અલગ રાખવામાં આવે.

આ અંગે જે સંસ્થાઓ નિરામિષઆહાર માટે આગ્રહ ધરાવતી હોય તે સંસ્થાઓના સંચાલકોને આગ્રહપૂર્વક વિનંતિ કે આગામી ૨૩ તથા ૨૪ મી ઓકટોબરના રોજ નાગપુર ખાતે હોમ સાયન્સ કૉલેજના સંચાલકો અને પ્રાધ્યાપકોની એક કોન્ફરન્સ ભરાવાની છે અને તેનું પ્રમુખસ્થાન કોઈંબતુરના શ્રી અવિનાશી લિંગમ્ હોમ સાયન્સ કૉલેજના પ્રિન્સિપાલ શોભાવવાના છે તેમના ઉપર વિના વિલંબે તાર યા તો પત્રદ્વારા માંસાહારી અને નિરામિષાહારી વિદ્યાર્થિનીઓને ભણાવવા માટે અલગ અલગ રસોડા અને અભ્યાસક્રમોની વ્યવસ્થા કરવામાં આવે એ મતલબનું નિવેદન મોકલી આપે.

**ગ્રામસ્વરાજ્ય ફંડમાં ૬૨ લાખ એકઠા થયા.**

પૂજ્ય ગાંધીજીની જન્મતિથિ ઑકટોબરની બીજી તારીખને લક્ષમાં રાખીને ગ્રામસ્વરાજ્ય ફંડ માટે એક કરોડનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવેલો. આના અનુસંધાનમાં શ્રી જયપ્રકાશ નારાયણની આગેવાની નીચે છેલ્લા ત્રણ ચાર મહિનાથી આ ફંડ એકઠું કરવાની દેશભરમાં ઝુંબેશ ચાલી રહી હતી. તેના પરિણામે એકઠા થયેલા ૬૨ લાખ રૂપિયાની રકમ વર્ધા પવનાર ખાતે હાલ સ્થિર થયેલા વિનોબાજીને ઑકટોબરની બીજી તારીખે અર્પણ કરવામાં આવી. દેશ માટે આ એક અપૂર્વ આનંદની અને ગૌરવપ્રદ ઘટના છે. અલબત્ત, એક કરોડના ધારેલા લક્ષ્યાંકને પહોંચી ન શકાયું તેનું દુ:ખ ચિન્તવી શકાય. આમ છતાં પણ દેશની આજની પરિસ્થિતિ, લોકોના દિલમાં અનેક પ્રકારની ભીંસોના કારણે આવેલી મંદતા, ગાંધીજી અને વિનોબાજીએ અર્પેલા જીવનમૂલ્યો પ્રત્યે વધતી જતી ઉદાસીનતા, ચોતરફ અનુભવાતી રાજકારણી અસ્થિરતા—આવાં કારણોનો વિચાર કરતાં જે રકમ એકઠી થઇ શકી છે તે આજની પરિસ્થિતિને અનુરૂપ છે અને તેથી લક્ષ્યાંક પૂરો ન થવાના કારણે નિરાશા ન ચિન્તવતા, આટલે સુધી પહોંચાયું તે અંગે સંતોષ ચિન્તવવો એ વધારે ઉચિત છે. આ એકઠી થયેલ રકમને નિધિના આકારમાં રાખીને તેનું વ્યાજ માત્ર ખરચવું—આમ વિચારવાને બદલે ત્રણ વર્ષની અંદર આ આખી રકમ દેશભરમાં ચાલી રહેલા ગ્રામદાનના કાર્યને વધારે વ્યાપક અને નક્કર બનાવવા પાછળ ખરચવાનો નિર્ણય કરવામાં આવ્યો છે તે ખરેખર સ્તુત્ય છે. આપણે આશા રાખીએ આ ફાળાના વહીવટ માટે સંગીન વ્યવસ્થા ઉભી કરવામાં આવશે અને આ રકમની પાઇએ પાઇ નિયત કાર્ય પાછળ પૂરી તકેદારીપૂર્વક ખરચાશે.

**શ્રી જૈન મહિલા સમાજનો હીરક મહોત્સવ**

શ્રી જૈન મહિલા સમાજે ૬૦ વર્ષ પૂરાં કર્યાં, તેની ખુશાલીમાં તા. ૯-૧૦-૭૦ થી તા. ૧૭-૧૦-૭૦ સુધીના એક કાર્યક્રમનું આયોજન કરીને જૈન મહિલા સમાજ પોતાનો હીરક મહોત્સવ ઊજવી રહેલ છે. આ શુભ પ્રસંગે જૈન મહિલા સમાજના સંચાલકોને—ખાસ કરીને તેના વર્ષોજૂના પ્રમુખ શ્રી. તારાબહેન માણેકલાલ પ્રેમચંદને તથા તેના વર્ષોજૂના મંત્રીઓ શ્રી લીલાવતીબહેન દેવીદાસ તથા શ્રી મેનાબહેન નરોત્તમદાસને અનેક ધન્યવાદ ઘટે છે. શ્રી જૈન મહિલા સમાજ એક પ્રગતિશીલ સામાજિક સંસ્થા છે અને તેના નામ સાથે જૈન શબ્દ જોડાયેલો છે અને તેનો આજ સુધીનો વહીવટ જૈન બહેનો સંભાળે છે એમ છતાં તેનું સભ્યત્વ જૈનેતર બહેનો માટે ખુલ્લું છે, તેની સર્વ પ્રવૃત્તિઓ પૂરા અર્થમાં સાર્વજનિક છે અને તેમાં કોઇ જાતનો સાંપ્રદાયિક ભેદભાવ નથી. વર્ષોભરની વિકસતી જતી પ્રવૃત્તિઓના પરિણામે નાની મોટી ઉમ્મરની કાર્યકર બહેનોનું એક મોટું જૂથ તેમણે ઉભું કર્યું છે અને તે કારણે સંસ્થાના ભાવી માટે ખૂબ ઊજળી આશાઓ બંધાય છે.

શ્રી નાથાલાલ સ્મારકનિધિએ ભારત સરકાર પાસેથી ખરીદેલો મરીન લાઈન્સ સ્ટેશનની દરિયા બાજુએ આવેલો આશરે ૩૦૦૦ વારનો પ્લોટ શ્રીમતી પ્રભાબહેન પરીખ દ્વારા જૈન મહિલા સમાજને ભેટ મળેલો. તેની ઉપર સંસ્થાએ તાજેતરમાં પોતાનું મકાન બંધાવ્યું છે. સંસ્થાની વર્ષો સુધી એક મંત્રી તરીકે સેવા કરનાર સૌ. જસુમતીબહેન મનુભાઈ કાપડિયાનું થોડા સમય પહેલાં અવસાન થતાં તેના સ્મરણમાં તેમના પતિ શ્રી મનુભાઈ કાપડિયાએ સંસ્થાને રૂા. ૫૧,૦૦૦ ની રકમ ભેટ આપેલી. તેની કદર તરીકે ઉપર જણાવેલ મકાનને 'શ્રી જસુમતી મનુભાઈ કાપડિયા ભવન' નામ આપવામાં આવ્યું છે.

સંસ્થાના ઉપર જણાવેલ હીરક મહોત્સવના અનુસંધાનમાં તા, ૧૦ મી ઑકટોબર—વિજયા દશમી—ના રોજ સવારના ભાગમાં એ ભવનનું ઉદ્‌ઘાટન કરવા માટે તથા શ્રી નાથાલાલ ડી, પરીખની તેમ જ સૌ. જસુમતી બહેનની અર્ધપ્રતિમાનું અનાવરણ કરવા માટે શ્રીમતી સરલાદેવી સારાભાઈના પ્રમુખપણા નીચે જૈન મહિલા સમાજના નવા મકાનની બાજુએ આવેલ તારાબાઈ હૉલમાં એક સંમેલન ગોઠવવામાં આવ્યું હતું. આ સંમેલનમાં ઉપસ્થિત ભાઈ-બહેનોથી હૉલ ભરાઈ ગયો હતો. આ પ્રસંગે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે સ્વ. જસુમતીબહેનને અને શ્રી મણિભાઈ પી, અમીને સ્વ, નાથાલાલ પરીખને ભાવભરી અંજલિ આપી હતી અને શ્રી મનુભાઈ કાપડિયાએ જસુમતીબહેન સાથેનાં કેટલાક સ્મરણો રજૂ કરીને જૈન મહિલા સમાજને બીજા રૂા. ૫,૦૦૦ ની રકમના દાનની જાહેરાત કરી હતી. ઉપરોકત સંમેલન પૂરું થયા બાદ શ્રી નાથાલાલ ડી, પરીખે સ્મારકનિધિ પ્લૉટમાં બંધાયેલ નવા મકાનની બાજુએ મુકાયલી સ્વ. નાથાલાલભાઈની અર્ધપ્રતિમાનું શ્રી મણીભાઈ પી, અમીને અને નવા મકાનની અંદરના ભાગમાં મુકાયેલી સ્વ. જસુમતીબહેનની અર્ધપ્રતિમાનું શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે અનાવરણ કર્યું હતું.

**આચાર્ય તુલસીની 'અગ્નિપરીક્ષા'**

આજકાલ આચાર્ય તુલસી રાયપુર ખાતે ચાતુર્માસના કારણે બિરાજે છે તે દરમિયાન આજથી દસ વર્ષ પહેલાં પ્રગટ થયેલા તેમણે રચેલા 'અગ્નિપરીક્ષા' નામના ખંડકાવ્યના કારણે તેમની સામે એક પ્રચંડ આંદોલન પેદા થયું છે. આ 'અગ્નિપરીક્ષા'માં સતી સીતાની કરવામાં આવેલી બહુ જાણીતી—પણ મૂળ વાલ્મીકિ રામાયણ કે તુલસી રામાયણ ઉપર આધારિત નહિ પણ જૈન રામાયણ, જેની કથાવસ્તુ પ્રાચીન રામાયણ કરતાં કેટલીક બાબતમાં જુદી પડે છે તેની ઉપર આધારિત—અગ્નિપરીક્ષાનું વિવરણ કરવામાં આવ્યું છે. અને જે આક્ષેપોના કારણે સતી સીતાને આવી કસોટીમાંથી પસાર થવું પડયું તે આક્ષેપો આ ખંડકાવ્યમાં કાંઇક આકરી ભાષામાં રજૂ કરવામાં આવ્યા છે. આ અગ્નિપરીક્ષાનું અથવા તો જૈન રામાયણનું ગયા ઑગસ્ટ માસ દરમિયાન આચાર્ય તુલસી મોટી શ્રોતામંડળી સમક્ષ પારાયણ કરી રહ્યા હતા. આ અગ્નિપરીક્ષામાં સીતા ઉપર આળ

ચઢાવવાના હેતુથી તેની વિરુદ્ધ જે પ્રચાર કરવામાં આવેલો તે જાણે કે, આચાર્ય તુલસીનો સીતાવિરોધી પ્રચાર હોય એ રીતે આચાર્ય તુલસીવિરોધી કેટલાક આન્તરબાહ્ય તત્ત્વોએ સ્થાનિક હિન્દુ જનતાને ભરમાવવા માંડી અને તેમાંથી આચાર્ય તુલસી વિરુદ્ધ એક પ્રચંડ આન્દોલન રાયપુર ખાતે પેદા થયું અને પ્રસ્તુત 'અગ્નિ-પરીક્ષા' ઉપર સરકારી પ્રતિબંધ મૂકવા માટે જોરદાર માંગણી વહેતી થઈ. શહેરનું વાતાવરણ તંગ બનવા લાગ્યું. શહેરની સુલેહ શાન્તિ જોખમાઈ રહી છે એમ સમજીને સ્થાનિક સરકારે શહેર ઉપર ફોજ-દારી કાયદાની ૧૪૪ મી કલમ લાગુ પાડી અને લોકોના હલન–ચલન અને મિલન ઉપર અંકુશ મૂકયો. આ ૧૪૪ મી કલમની અવગણના કરીને સપ્ટેમ્બરની ૨૭ મી ના રોજ સ્થાનિક હિન્દુ-ઓએ એક મોટું સરઘસ કાઢયું. પોલીસે તેને બળજબરીથી વિખેરી નાખવા પ્રયત્ન કર્યો અને ૮૮ માણસોની ધરપકડ કરી. લોકોના ટોળાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું અને આણુવ્રતનગર ઉપર પથ્થરો ફેંકયા. આ તોફાન શાન્ત કરવાના હેતુથી આચાર્ય તુલસીએ વિનો-બાજી, અથવા કાકાસાહેબ કાલેલકર અથવા પૂરીના શંકરાચાર્ય તેમનું આ ચર્ચાસ્પદ ખંડકાવ્ય જોઈ જાય અને તે ઉપર તેઓ જે કાંઈ અભિપ્રાય આપે તેનો ગંભીરપણે વિચાર કરવાની તેમણે તૈયારી દાખવી, પણ આથી વાતાવરણમાં કોઈ શાન્તિ સ્થપાણી નહિ. એટલે ૨૭ મી સપ્ટેમ્બરની રાત્રે, એક જૈન મુનિ તરીકે વિહાર કરવા અંગે ચાતુર્માસની મર્યાદા હોવા છતાં, રાયપુરથી વિહાર કરવાની આચાર્ય તુલસીએ જાહેરાત કરી. આ દરમિયાન હિન્દુ-ઓના આન્દોલનથી અકળાઈને સપ્ટેંબરની ૨૯ મીએ મધ્ય પ્રદેશની સરકારે અગ્નિપરીક્ષા ઉપર કાયદેસર પ્રતિબંધ મૂકયો. બીજી બાજુએ મધ્ય પ્રદેશના મુખ્ય મંત્રી શ્રી શ્યામલાલચરણ શુકલે અને બીજા લોકોએ રાયપુર નહિ છોડવાનો આચાર્યશ્રીને આગ્રહ કર્યો અને તે આગ્રહને વશ થઈને પહેલી ઑકટોબરના રોજ તેમણે રાયપુરથી વિહાર કરીને ચાલી જવાનો વિચાર મુલતવી રાખ્યો.

આ સંબંધમાં તા. ૯ મી ઑકટોબરના રોજ મળેલી ભારત જૈન મહામંડળની કાર્યવાહક સમિતિએ નીચે મુજબનું નિવેદન પસાર કર્યું છે; અને પ્રગટ કર્યું છે:

"ભારત જૈન મહામંડળને આચાર્ય તુલસીએ રચેલ 'અગ્નિ પરીક્ષા' ઉપર કાનૂની પ્રતિબંધ મૂકવાના અને જપ્ત કરવાના મધ્ય પ્રદેશની સરકારના પગલાથી આઘાત લાગ્યો છે. 'અગ્નિપરીક્ષા' એક ઉચ્ચ કક્ષાની સાહિત્યકૃતિ છે. આજથી ૧૦ વર્ષ પહેલાં તેનું પ્રકાશન કરવામાં આવ્યું હતું અને આજે તેની નકલો ખલાસ થઈ ગઈ છે. એ પુસ્તકમાં સીતાની ખૂબ જ પ્રશંસા કરવામાં આવી છે અને ધોબીએ અને અન્ય જનોએ તેની ઉપર મૂકેલા ખોટા આરો-પોનાં કારણે તેની જે કસોટી અને તાવણી થયેલી તેનું આ પુસ્ત-કમાં તાદશ વર્ણન કરવામાં આવ્યું છે. આચાર્ય તુલસી સનાતની હિન્દુઓની કે અન્ય કોઈ સમુદાયની ધાર્મિક લાગણી દુભાવવાનો ઈરાદો ધરાવે એ કલ્પનામાં ન આવે એવી વાત છે. રાયપુર ખાતે આચાર્ય તુલસી સામે ચલાવવામાં આવતું આન્દોલન કેવળ ગેર-સમજુતી ભરેલું છે અને તે પાછળ કોઈ રાજકીય હેતુ હોય એમ ભાસે છે. આચાર્ય તુલસી વિશે દેશભરની સર્વ કોમ ઊંડો આદર ધરાવે છે. તેઓ રાષ્ટ્રવાદી છે અને રાષ્ટ્રીય એકીકરણ—સંગઠન—માટે તેમણે ખૂબ કાર્ય કર્યું છે. આણુવ્રત આન્દોલનના પુરસ્કર્તા તરીકે જીવનના નૈતિક અને આધ્યાત્મિક મૂલ્યો ઉપર તેઓ ખૂબ ભાર મૂકતા રહ્યા છે.

"ભારત જૈન મહામંડળ વાણીસ્વાતંત્ર્યના પાયાના હકકની અવગણના કરતા આ હુકમને પાછો ખેંચી લેવા મધ્યપ્રદેશની સરકારને આગ્રહપૂર્વક અનુરોધ કરે છે. મંડળ આશા રાખે છે કે રાયપુરના પ્રજાજનો શહેરની સુલેહશાન્તિનો ભંગ કરતા સમાજ-વિરોધી તત્ત્વોને અંકુશમાં લાવશે અને આચાર્ય તુલસી પ્રત્યેના આદરમાં પાછા નહિ પડે."

શ્રી મુંબઈ જૈન યુવક સંઘની તા. ૧૩ મી ઑકટોબરના રોજ સંપૂર્ણ મળેલી કાર્યવાહક સમિતિએ પણ પ્રસ્તુત પ્રકરણ સંબંધમાં ઉપર આપેલ ભારત જૈન મહામંડળના નિવેદનનું સંપૂર્ણ સમર્થન કર્યું છે.

અહીં એ પણ જણાવવું પ્રસ્તુત છે કે આચાર્ય તુલસી સામે અગ્નિપરીક્ષામાં રહેલા કહેવાતા અમુક વાંધાભરેલા ઉલ્લેખો સંબંધમાં જુદી જુદી વ્યકિતઓએ સ્થાનિક અદાલતમાં ત્રણ દાવા દાખલ કર્યા છે અને તેના પરિણામની રાહ જોવાય છે. વાતાવરણમાં હજુ એટલો જ ઉકળાટ છે.

પરમાનંદ

# નોકર વિના તે કેમ ચાલે?

અમારા હોમિયોપેથિક દવાખાનાનાં ડૉકટર શ્રીમતી સિંધિયાના સ્વમુખે સાંભળેલી આ વાત છે. ગુજરાતીઓનાં ઘરમાં ઘરઘાટી એક અનિવાર્ય જરૂરિયાત થઈ ગઈ છે ત્યારે આ ડૉકટર બહેનની વાત સૌએ સાંભળવા જેવી છે. આ ડૉકટર બહેન દવાખાનામાં દર્દીઓ આવે ત્યારે એમને દવા આપે - એમની સાથે પ્રેમથી વાત કરે. દર્દી જાય એટલે પાછા ભરત-ગૂંથણ કરવા મંડી પડે. આજે એમની ઉંમર ૫૮ વર્ષની છે. મેં એમને પૂછ્યું કે એમની પ્રફુલ્લતા = સતત કામ કરવાની વૃત્તિ - શાને આભારી છે? ત્યારે એમણે હસીને કહ્યું.

"હું દિવસે આરામ કરવામાં માનતી નથી. અલબત્ત, મારાં છોકરાંઓ મને કહે છે કે બપોરે મારે એક કલાક આરામ કરવો. પરંતુ હું જોઉં છું કે અહીં બીજા લોકો બપોરનાં કામ કરે છે ત્યારે મારે ય કંઈક કામ કરવું જોઈએ. એટલે આ ફુરસદના વખતમાં થોડું ભરી-ગૂંથી લઉં છું. બાકી, તમે જાણો છો એમ હું સવારના ૧૦/૩૦ થી ૧ મસ્જિદબંદર ઉપર એક ટ્રસ્ટના દવાખાનામાં નોકરી કરું છું અને પછી બે કલાક તમારે ત્યાં. સાંજના ૬ વાગે માટુંગા ઘરે પહોંચી જાઉં છું અને પછી થોડું ઘરકામ, વાંચન અને ચિન્તન-મનન કરું છું.

... અને તમને ખબર નહિ હોય—મારા ઘરે આજે આઠ વર્ષથી નોકર નથી. મારો મોટો દીકરો વિશ્વનો પ્રવાસ કરી આવ્યો છે. આજે એ એનું ટ્રાન્સપોર્ટનું બીઝનેસ કરે છે. આ દીકરો સવારે પાંચ વાગે ઊઠી કાચનાં વાસણો ધૂએ - અમારે ત્યાં કાચનાં વાસણો જ મોટે ભાગે વપરાય છે—સ્ટીલનાં થોડા જ. એ વાસણો ધૂએ અને સાફ કરે - બીજો દીકરો (જે નોકરી કરે છે) એ કપડાં ધોવાનું મશીન ચલાવે - ઘરનાં બધાંનાં કપડાં મશીનમાં ધૂએ અને કપડાં સૂકવી નાખે. ત્રીજો છોકરો જે બી. એસસી. થયો છે એ બધાંની પથારીઓ ઉપાડી લ્યે - ચાદર - કવર - મેલા હોય તો કાઢે અને જુએ કે બધું સ્વચ્છ છે કે નહિ. મારી દીકરી રસોઈની તૈયારી કરે. શ્રીયુત સિંધિયા છે તે શાકભાજી લાવે અને ઘરવખરીની ખરીદી કરે."

"તો પછી તમારે ફાળે શું કામ આવે?" મેં પ્રશ્ન પૂછ્યો.

"છે - મારે ય ફાળે કામ છે." મારી દીકરીના હાથના ફૂલકાં બહુ સરસ થાય-એટલે, ફૂલકાં તો એણે જ બનાવવાના. મારે દાળ-ભાત અને શાક બનાવવાનાં અને કૂકર મૂકવાનું. નવ વાગે રસોઈ તૈયાર થઈ જાય એટલે સાડાનવ - દશમાં તો સૌ જમીને સૌ સૌનાં કામે ચઢી જાય. દીકરી અત્યાર સુધી નોકરી કરતી પણ હમણાં નોકરી છોડી દીધી છે એટલે શ્રીયુત સિંધિયા જે નિવૃત્ત છે, એમની પાસે એ રહે અને એમને બપોરના ચા - નાસ્તો કરી આપે."

આ જ રીતે અમારું સાંજનું કામ પણ સૌને વહેંચી દીધેલું છે.

"પણ તો પછી સવારનાં અને રાતનાં ભોજનનાં વાસણો કયારે ધૂઓ?" મેં બીજો પ્રશ્ન પૂછ્યો.

"હા - અમારે ત્યાં એક મોટું 'સીંક' છે. એમાં આખા દિવ-સનાં વાસણો ભેગા થાય - અને એને સાફ કરવાનું કામ રોજ સવારનાં પાંચથી સાત હોય છે. કેમકે આ વખતે પાણીની પણ પૂરી સગવડ હોય છે. આ વાસણો સાફ કરવાની જવાબદારી મારા મોટા દીકરાએ લીધી છે."

"તમારા દીકરાને કામ કરવાની શરમ નથી આવતી?" વળી મેં પ્રશ્ન કર્યો.

"શરમ? અરે એ તો ગૌરવ લે છે. પરદેશમાં ધોતા શરમ ન આવે અને અહીં શરમ? અમારે ત્યાં કોઈને કશા જ કામની શરમ નથી. અને અનાજ દળાવવા માટે અમે ટેક્ષીમાં અનાજનો ડબ્બો મૂકી ઘંટી ઉપર જઈ દળાવી આવીએ છીએ. આમાં ય બધાનાં વારા - પહેલા તો અમારી પોતાની જ મોટર હતી. પણ પછી મોટર કોણ વાપરે એ મોટો પ્રશ્ન—ઝઘડો—ઊભો થયો એટલે મોટર કાઢી નાખી. આજે અમે સૌ શાંતિથી - સંપથી રહીએ છીએ. અમને કોઈ અસંતોષ નથી. અમને કોઈ દુ:ખ નથી. હા મારે હવે મારા મોટા દીકરા માટે વહુ લાવવી છે - એની થોડી ચિન્તામાં છું."

રાજસ્થાનમાં જન્મ્યાં, મહિસુરમાં મોટાં થયાં અને પરણ્યાં, અને મહારાષ્ટ્રમાં આવીને વસેલાં શ્રીમતી સિંધિયાની આ નાની વાત પણ ગુજરાતીઓને કેટલું બધું કહી જાય છે!

('સુધા' માંથી સાભાર ઉદ્ધૃત) ચીમનલાલ જે. શાહ

# "રાજવીઓનાં સાલિયાણાં અને વિશેષ અધિકારો" ના અનુસંધાનમાં

આજથી અઢી વર્ષ પહેલાં કલકત્તા જવાનું અને ત્યાં થોડા દિવસ રહેવાનું બનતાં જે કેટલાક નવા પરિચયો થયા તેમાંનો એક આ પત્ર લેખકના કુટુંબ સાથેનો પરિચય છે. તેઓ શણના વ્યાપારી છે. તા. ૧૫-૯-૭૦ ના 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલ શ્રી ચીમનભાઈનો લેખ વાંચીને તેમના મન ઉપર પડેલ કેટલાક પ્રતિકૂળ પ્રત્યાઘાતો તેમના નીચે આપેલ પત્રમાં તેમણે આલેખ્યા છે. તેમના લખાણમાં દલીલ કરતાં આવેશ વધારે લાગે છે. એમ છતાં 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થતાં અને વિવાદાસ્પદ પ્રશ્નોની ચર્ચા કરતા લેખોની આવી આલોચનાને હું આવકારું છું. તેમનો પત્ર નીચે મુજબ છે:

**મુરબ્બી શ્રી પરમાનંદભાઈ,**

તા. ૧૬-૯-૭૦ નું "પ્રબુદ્ધ જીવન" મળ્યું. તેમાં "રાજવીઓનાં સાલિયાણાં અને વિશેષ અધિકારો" લેખ વાંચ્યો. તેમાં લેખકે વડા પ્રધાનના અયોગ્ય પગલાંને યોગ્ય ઠરાવવા અયોગ્ય પ્રયત્ન કર્યો છે. શ્રી મોરારજી દેસાઈને હલકા પાડવાનો પણ વ્યર્થ પ્રયત્ન સ્પષ્ટ દેખાય છે.

(૧) શ્રી મોરારજી દેસાઈ સાલિયાણા રદ કરવાનું પગલું ગેરવાજબી ગણે અને છતાં તેમનાં પક્ષે (કૉંગ્રેસે) બહુમતિથી લીધેલાં નિર્ણયને માન્ય રાખે તો તેમાં તેને પક્ષના દાસ ગણવા અને તેઓ જેને ગેરવાજબી ગણે છે તેને "અનીતિમય માને છે, તેવું વર્તન કરવા તૈયાર થાય છે" તેમ કહેવું તે ઘણી જ અવળી રજૂઆત છે. પક્ષની શિસ્તમાં માનનાર જ પક્ષને અને દેશને શુદ્ધ અને શિસ્તબદ્ધ રાખી શકે. પક્ષને શેહ દેનારાઓ જ આજની અરાજકતાના પ્રણેતાઓ છે.

(૨) "સાલિયાણાં અથવા વિશેષ અધિકારો બંધારણથી આપવામાં આવ્યા નથી" તે ખરું પણ તે બાબતના, રાજાઓ સાથે થયેલાં કરારોને બંધારણે માન્ય જરૂર રાખ્યાં છે. માન્ય ન રાખ્યા હોત તો બંધારણની કલમ ૨૯૧ ની જરૂર જ ન પડત.

(૩) "સંસ્થાકીય કૉંગ્રેસના વિરોધ છતાં, લોકસભામાં ૨/૩થી વધારે મતે સુધારો પસાર થયો અને રાજ્યસભામાં એક મતે ઊડી ગયો. આ એક અકસ્માત હતો." બંધારણમાં સુધારો કરવાનો પ્રસ્તાવ રાજ્યસભામાં ઊડી જાય તેને અકસ્માત કહેવો તે સત્યથી વેગળું જ ગણાય. લોકસભા કે રાજ્યસભામાં જે નિર્ણયો થાય તેને કેવળ અકસ્માત ગણીને સરકાર વર્તે તો લોકસભા કે રાજ્યસભાની જરૂર જ શી રહે? અને તો "લોકશાહી" શબ્દ જ આપણા શબ્દકોષમાંથી ભૂંસી નાંખવો પડે.

(૪) "સાલિયાણાં અને વિશેષ અધિકારો માત્ર ઐતિહાસિક અવશેષો જ છે અને જવા જોઈએ એ વિશે કોઈ મતભેદને અવકાશ નથી. સ્થાપિત હિતો તેનો બચાવ કરે અને લોકશાહી અને નીતિની વાતો કરે તે પોતાના સ્થાપિત હિતોના રક્ષણ માટે જ છે." લેખકનું આ વિધાન તદ્દન ખોટું અને વાચક ઉપર "મતભેદને અવકાશ નથી" લખી પોતાના મતને ઠોકી બેસાડવાનો વ્યર્થ પ્રયત્ન છે. સાલિયાણા અને [વિશેષ અધિકારોને માત્ર ઐતિહાસિક અવશેષો કહી શકાય? એ તો હિન્દની માનનીય સરકારે તે વખતના દેશી રાજ્યોનાં રાજાઓ સાથે હિન્દની એકતા મેળવવા માટે સમાન ધોરણે કરેલા પવિત્ર કરારો છે. અને તે પ્રમાણિકપણે પાળવા માટે આજની સરકાર નીતિની દૃષ્ટિએ પણ બંધાયેલી છે. કરારો કર્યા તે સમયે હિન્દની સરકારમાં શક્તિ હોત અને પોતાની તાકાતના જોરે (એટલે કે તલવારથી) દેશી રાજ્યોને હિંદમાં જોડી દીધાં હોત તો વાત જુદી હતી.

(૫) "પોતાની નીતિના અમલમાં આવા ચુકાદાથી ઉત્પન્ન થતા અવરોધો દૂર કરવા સરકારે બીજા પગલાં લેવા પડે છે."

અહીં લેખકે સરકારના અયોગ્ય પગલાંઓનો પાંગળો બચાવ કરવા વ્યર્થ પ્રયત્ન કર્યો છે. આજે સરકારની કઈ નીતિ છે તે જ સમજવું મુશ્કેલ છે. સમાજવાદની વાત કરતી સરકાર પક્ષીય લાભ માટે હજી પણ ઈજારાપદ્ધતિ નભાવ્યે જ જાય છે એટલું જ નહિ પણ તેમાં વધારો કર્યે જ જાય છે. સમાજવાદની વાત કરતી સરકાર અમુક પક્ષનો કે અમુક લોકોનો ટેકો મેળવવા કે તેમને ખુશ રાખવા પરદેશોમાં મોટા મોટા ડેલિગેશનો મોકલીને પોતાના અમન-ચમન માટે ગરીબ દેશના લાખો રૂપિયાનો ધૂમાડો કરતાં અચકાતી નથી. પ્રજાના સામાન્ય જીવન ઉપર પોતાની પક્કડ જમાવી રાખે છે પણ ગરીબી, બેકારી અને શોષણ દૂર કરવા કશો જ પ્રયત્ન કરતી નથી. આ કઈ નીતિ?

(૬) "આખરી ચૂકાદો તો પ્રજાનો છે, કોર્ટનો નહિ." લેખકના આ શબ્દો કૉર્ટના તિરસ્કારયુક્ત નથી? કોઈ રાજકીય હેતુથી કોઈ સરકાર કંઈ પગલું ભરે તેને પ્રજાનો ચૂકાદો કેમ કહી શકાય? તે ફકત એક સરકારી નિર્ણય જ ગણી શકાય. પાર્લમેન્ટ કે કોર્ટનો ચૂકાદો જ આખરી ચૂકાદો ગણી શકાય અને તેમ ન થાય તો દેશમાં હીટલરશાહી કે અંધાધૂંધી જ આવે. થોડા સમય પહેલાં અહીં અમુક રાજકીય પક્ષના લોકો ગામડામાં "પીપલ્સ કોર્ટ" ભરી નિર્ણયો કરતાં હતાં, અને તેમાં ઘણાં ખૂનો થયાં તેને પ્રજાનો આખરી ચૂકાદો ગણી માન્ય રાખવામાં આવે તો દેશમાં કાયદો અને વ્યવસ્થાની અને આખરે સામાન્ય-સભ્ય લોકોની શી દશા થાય? અને પરિણામે દેશમાં અરાજકતા સિવાય શું બાકી રહે?

(૭) "......બીજા બધાં પક્ષો, **પલટાયેલ પરિસ્થિતિમાં,** આ સાલિયાણા અને વિશેષ અધિકારો હવે ચાલુ ન રહી શકે તે મતના છે." અહીં લેખક "પલટાયેલ પરિસ્થિતિ" કયા સંદર્ભમાં કહે છે? ગેરશિસ્તને લીધે દેશમાં ફેલાયેલી અરાજકતા અને ભાદરવાના ભીંડાની જેમ ઊગી નીકળેલાં અનેક રાજકીય પક્ષો અને "ગયા રામ આયા રામ" ના જબરા ફાલ સિવાય દેશની પરિસ્થિતિ બિલકુલ પલટાણી નથી, નથી આપણે કોઈ સિવિલ વોર લડયાં, નથી આપણે કોઈ રાજકીય ક્રાન્તિ કરી.

(૮) રાજાઓને બંધારણીય કલમ ૩૬૬ (૨૨) નીચે Derecognised કર્યા, પણ આ એ જ રાજાઓ છે કે જેના રાજ્યો બાકીના હિન્દમાં ભેળવી દેવાના કરારોમાં તેમની સહીઓની જરૂર પડી હતી. તે રાજાઓને જ હવે આપણી સરાકર અમાન્ય Dereconised કરે તો તેમણે કરેલી સહીઓ પણ અમાન્ય જ ઠરે ને? અને તો પછી એ બધાં દેશી રાજ્યો પણ આજના હિન્દમાંથી અલગ જ ગણાયને? અને સાચેસાચ તેમ બને તો આજે હિન્દના કેટલા ટુકડા પડે?

સાચી વાત એ છે કે બંધારણની ૩૬૬ (૨૨) કલમ ઘડવામાં રાજાઓની સંમતિ કે તેમાં કંઈ કહેવાનો રાજાઓનો અધિકાર ન હતો અને હોત તો તે કલમ કદાચ જુદી રીતે જ ઘડાઈ હોત. વળી બંધારણના ઘડવૈયાઓને પણ ખ્યાલ નહીં હોય કે તે કલમના એક ઝટકે બધાં રાજાઓને પાકેલા બોરની જેમ ખેરવી નાખવામાં આવશે.

આજે દરેક ક્ષેત્રમાં આપણું - નીતિનું અને પ્રમાણિકતાનું- ધોરણ એટલું બધું નીચું ઊતરી ગયું છે કે હવે આપણે નીતિ-અનીતિ- કે પ્રમાણિકતા-અપ્રમાણિકતાની ભેદરેખા સ્વચ્છતાથી કે સહેલાઈથી જોઈ શકતા નથી અથવા કોઈ પણ કારણે આપણે તેને વાક્પટુતાથી ભૂંસી નાખીએ છીએ અને તેમાં કશું જ અજુગતું જોતા નથી, પણ આખરે તે દેશ માટે ખતરનાક પુરવાર થશે.

આ પત્ર આપ 'પ્રબુદ્ધ જીવનમાં' છાપશો.

આપનો પત્ર મળ્યો. શારદા અને બાળકો આપને વંદન લખાવે છે. આપની તબિયત હવે સારી હશે. પૂ. બાને વંદન. કુશળ ઈચ્છું છું.

લિ. **રામચંદ્ર દેસાઈનાં** વંદન.

## તંત્રી નોંધ

ભારતના ભૂતપૂર્વ રાજવીઓનાં સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારોની તાજેતરમાં કરવામાં આવેલી નાબૂદીના પ્રશ્ને પ્રજામાનસમાં જેનું સમાધાન થઇ ન શકે એવાં બે છેડાંનાં વલણો પેદા કર્યાં છે. એક વર્ગ એમ માને છે કે રાજવીઓએ રાજ્યગાદી છોડી પોતાનો મુલક ભારતને સુપ્રત કર્યો તેના બદલામાં તે વખતના આપણા શાસકોએ કરી આપેલા કરારોમાં કશો પણ ફેરફાર કરવાનો આપણને અધિકાર નથી. તે અંગે આવો વિચાર કરવો તે એકદમ અનૈતિક છે. બીજો વર્ગ એમ માને છે કે આપણને આઝાદી મળી ત્યાર બાદ આજ સુધીમાં પાયાના અનેક ફેરફારો થતા આવ્યા છે. આર્થિક માળખું બદલાતું રહ્યું છે. સરકારે સ્વીકારેલી નીતિ સમાજવાદની હોઇને અનેક નિહિત હિતો ઉપર કાપકૂપ મુકાઇ રહી છે. જમીનદારોની જમીન લઇ લેવામાં આવી છે. વેલ્થ ટૅક્સ અને એવા બીજા કરવેરા દ્વારા મુડીવાળાઓની મૂડી ઓછી થતી રહી છે. એક બાજુએ સમૃદ્ધ વર્ગ અને બીજી બાજુએ દારિદ્ર્ય-પીડિત દલિત વર્ગ વચ્ચે અન્તર કેમ ઘટાડવું એ ધોરણે કાયદા-કાનૂન ઘડાઇ રહ્યા છે. આવી પરિસ્થિતિ વચ્ચે અમુક સંયોગો વચ્ચે છેલ્લાં ૨૦ વર્ષથી ભોગવાતા આવેલાં રાજવીઓનાં બાદશાહી સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારો હવે ચાલવા દેવાય નહિ. તેનો આજે કે કાલે અન્ત આવવો જોઇએ. રાજવીઓ આખરે આપણા દેશના પ્રજાજનો છે. તેમની આવક અને સામાન્ય પ્રજાજનની આવક વચ્ચે આવું અસાધારણ અન્તર નભાવી ન શકાય. તેમને અપાતાં સાલિયાણાં આખરે પ્રજાને માથે બોજો છે. આવું વલણ બીજા વર્ગનું છે.

પહેલું વલણ ધરાવનાર માટે આજે જે કાંઇ થઇ રહ્યું છે તે અસહ્ય છે અને તે સામે તેનું મન બળવો પોકારે છે. પત્ર-લેખક શ્રી રામચંદ્ર દેસાઇનું આ વલણ છે. આવું જ વલણ સંસ્થાકીય કૉંગ્રેસ અને શ્રી મોરારજીભાઇનું હોત તો લોકસભામાં રજૂ કરવામાં આવેલ સાલિયાણાં નાબૂદીને લગતા પ્રસ્તાવ અંગેનો તેમનો વિરોધ સમજી શકાત. પણ અહિં એ યાદ આપવું જરૂરી છે કે આપણી કૉંગ્રેસમાં ભંગાણ પડયા પહેલાં સંયુકત કૉંગ્રેસે આ સાલિયાણાંની અને વિશિષ્ટ અધિકારોની નાબૂદીનો ઠરાવ કર્યો હતો, એટલું જ નહિ પણ, કૉંગ્રેસનું વિભાજન થયા બાદ આ પ્રશ્ન ઉપર ઢીલી નીતિ દાખવતાં શ્રીમતી ઈંદિરા ગાંધીને સંસ્થાકીય પક્ષના નેતાઓ તરફથી અવારનવાર ટપારવામાં આવતાં હતાં.

શ્રી મોરારજીભાઇએ આ નાબૂદીનો જે વિરોધ કર્યો છે તે પાછળથી થયેલા કોઇ વિચારપલટાનું પરિણામ નહોતું પણ જે રીતે આ ઠરાવ લાવવામાં આવ્યો છે તે રીત સામે પોતાનો વિરોધ છે એમ તે સંબંધમાં તેમણે લોકસભામાં જણાવ્યું હતું. આ 'જે રીતે' એટલે શું એ બાબતની તેમણે સ્પષ્ટતા કરતાં એ મતલબનું જણાવેલું કે રાજવીઓને અપાતાં સાલિયાણાં રદ કરવા સામે તેમને આપવા જોઇતા વળતરની આ ખરડામાં કશી જોગવાઇ નથી અને બંધારણની કલમ ૩૬૩ (૧) મુજબ રાજવીઓની સાથે કરવામાં આવેલા કરારોને લગતી કોઇ પણ બાબતમાં સરકારી અદાલતને વચ્ચે પડવાના અધિકારનો નિષેધ કરે છે - તેની હકુમત બહારની હોવાનું જણાવે છે – તે કલમ રદ કરીને રાજવીઓ માટે ન્યાય મેળવવાનો માર્ગ ખૂલ્લો કરી આપવો જોઇતો હતો. આ બે કારણને લઇને તેઓ આ ખરડાનો વિરોધ કરે છે.

આવા પ્રશ્નનો કેવળ તાત્વિક ભૂમિકા ઉપર ઊભા રહીને વિચાર ન કરતાં વર્તમાન વાસ્તવિકતાનો પૂરો ખ્યાલ કરીને આપણે વિચાર કરવો જોઇએ. એ સૌ કોઇ જાણે છે કે આ પ્રશ્ન બંધારણને લગતો હોઇને તેને બન્ને ધારાસભામાંથી પસાર કરાવવા માટે બન્ને સભાની ૨/૩ બહુમતી અપેક્ષિત હતી અને આ બાબતમાં જનસંઘ, સ્વતંત્ર પક્ષ અને સંસ્થાકીય કૉંગ્રેસના વિરોધનો તેમ જ બીજા તત્વોના વિરોધનો તેમણે સામનો કરવાનો હતો. આ પરિસ્થિતિમાં તેમણે આ ખરડો એવી રીતે ઘડવો જોઇએ કે જેથી તેમને ૨/૩ બહુમતી મેળવવામાં સરળતા થાય. આની અંદર ઉપર સૂચવેલી બે બાબતો દાખલ કરી હોત તો તે માટે પણ ૨/૩ બહુમતીનું ધોરણ લાગુ પડત અને એમ કરવા જતાં તે માટે તેમને સફળતા ન જ મળી હોત. તેમની જગ્યાએ મોરારજીભાઇને અથવા તો સંસ્કીય કૉંગ્રેસને આવો ઠરાવ લાવવાનો હોત તો તેમને પણ ૨/૩ બહુમતી મેળવવા માટે ઈન્દિરા ગાંધી જેવી જ ઓછી વધતી બાંધછોડ કરવી પડી હોત. બીજી બાજુએ ઈન્દિરા ગાંધીને સંસ્થાકીય કૉંગ્રેસના ટેકાની ખાત્રી હોત તો કદાચ વળતરના મુદ્દાનો તેમણે મૂળ ખરડામાં સમાવેશ પણ કર્યો હોત. અહિં સ્પષ્ટતા ખાતર એ જણાવવું રહ્યું કે, આ વળતરનો મુદ્દો હંમેશને માટે બાજુએ મુકાયો નથી એ ધ્યાનમાં રહે.

આપણે જાણીએ છીએ કે બંધારણીય સુધારાને લગતો પ્રસ્તાવ લોકસભાએ ૨/૩ બહુમતીથી પસાર કર્યો હતો. પણ રાજ્યસભામાં એ ઠરાવ ૨/૩ બહુમતી માટે એક મત ઓછો મળવાને કારણે ઊડી ગયો. અને આ એક મત કેમ ઓછો મળ્યો તે અંગેના તત્કાલિન સંયોગો યાદ કરતાં આને એક અકસ્માત તરીકે વર્ણવવામાં મને કશી ભૂલ થતી દેખાતી નથી.

અહિં એ સ્પષ્ટ કરવાની જરૂર છે કે, આ ૨/૩ બહુમતી મેળવવાની ખટપટમાં પડયા સિવાય ઇન્દીરા ગાંધી બંધારણની કલમ ૩૬૬ (૨૨) પ્રમાણે રાષ્ટ્રપતિ પાસેથી રાજવીઓને અમાન્ય જાહેર કરવાનો વટહુકમ મેળવી શક્યા હોત, પણ એમ ન કરતાં તેમણે આ બાબતમાં બન્ને સભાગૃહોની જરૂરી બહુમતી મેળવવાનો લોકશાહીને અનુરૂપ માર્ગ ધારણ કર્યો હતો.

આમાં તેમને પૂરી સફળતા ન મળતાં, આ બાબત આટલે સુધી પહોંચાડયા બાદ અદ્ધર રહેવા ન દેવી જોઇએ એમ વિચારીને, પોતાનું ધાર્યું તેમણે રાષ્ટ્રપતિના વટહુકમ દ્વારા સિદ્ધ કર્યું, આ પગલાં અંગે બેમત હોઇ શકે છે.

આ પ્રશ્નના સંદર્ભમાં સંસ્થાકીય કૉંગ્રેસે અને તેના આગેવાન શ્રી મોરારજીભાઇએ અખત્યાર કરેલા વલણથી, મને લાગે છે કે, તે બન્નેએ પોતાની પ્રતિષ્ઠાને ઘણી હાનિ કરી છે. સિદ્ધાન્તમાં પરસ્પર મળતાં હોવા છતાં આ પ્રશ્ન પરત્વેના પ્રસ્તાવનો તેમણે જે રીતે વિરોધ કર્યો તે ઇન્દીરા ગાંધીને પછાડવા ખાતર જ કર્યો હતો. એમ મારી જેવા અનેકને પ્રમાણિકપણે લાગે છે. મારી દૃષ્ટિએ આ એક એવો અવસર હતો કે જ્યારે મોરારજીભાઇએ ખેલદિલીથી ઇન્દીરા ગાંધી સાથે હાથ મિલાવીને કામ લેવું જોઇતું હતું. આમ બન્યું હોત તો એકમેક વચ્ચે વધતું જતું વૈમનસ્ય હળવું બન્યું હોત અને એમાંથી કદાચ બે કૉંગ્રેસનું જોડાણ થવાની શકયતાનાં કિરણો ફૂટયાં હોત. આ બધું જોતાં વિચારતાં આ બાબતમાં મોરારજીભાઇ સિદ્ધાન્તનિષ્ઠા છોડીને પક્ષના દાસ બન્યા છે એમ જો ચીમનભાઇ કહેતા હોય તો તેમાં મને કશું અજુગતું લાગતું નથી.

આ પ્રશ્ન અંગે મારું અંગત મંતવ્ય રજૂ કરતાં જણાવવાનું કે આજની પરિસ્થિતિમાં અને પાયામાંથી પલટાતી જતી સમાજ-રચના અને અર્થરચનાના સંદર્ભમાં આવું પગલું અનિવાર્ય હોવા છતાં આપણે કાંઇક ખોટું કર્યું છે– એવો મનમાં ખટકો રહે જ છે. આજે જે રીતે કામ લેવાયું તેના બદલે રાજવીઓ ઉપર દબાણ અને સમજૂતીના સંયુકત પ્રયાસો દ્વારા વર્ષે બે વર્ષે પણ બન્નેની સહમતી મેળવીને આ સાલિયાણાં અને વિશિષ્ટ અધિકારો નાબૂદ કરાયા હોત તો વધારે સારુ થાત. આ એક કલ્પના છે. સંભવ છે કે આવી સમજૂતી વર્ષ બે વર્ષના ગાળે પણ શકય બની ન હોત અને આ બાબત બંધારણનું અવલંબન લઇને કાનૂની ઢબે જ ઉકેલવાની ફરજ પડી હોત. આ બધું વિચારતા હવે જ્યારે રાષ્ટ્રપતિના વટહુકમથી જે નવી પરિસ્થિતિ ઊભી થઇ છે તેને રાજવીઓએ તેમ જ પ્રજાજનોએ સ્વીકારી લેવી–અપનાવી લેવી એમાં ઊભયનું શ્રેય છે એમ મને લાગે છે.

આ વિવરણ પૂરું કરતાં પહેલાં શ્રી રામચંદ્રભાઇએ તેમનાં પત્રમાં ઊભો કરેલો એક મુદ્દો થોડી સ્પષ્ટતા માગે છે તેની ચર્ચા કરી લઉં. તે મુદ્દો છે: "કોઇ પણ પ્રશ્ન ઉપર આખરી ચૂકાદો પ્રજાનો કે કોર્ટનો?" સાધારણ રીતે બંધારણનો અર્થ કરવામાં કોઇ પણ પ્રશ્ન ઊભો થતાં અને તે પ્રશ્ન નિરાકરણ માટે અદાલત સમક્ષ લઇ જવાતાં તે અંગે અદાલતનો નિર્ણય આખરી ગણાય. આમ છતાં પણ પ્રજા એટલે તેમનું પ્રતિનિધિત્વ ધરાવતી લોકસભાને આ ચુકાદો માન્ય ન હોય તો લોકસભા જરૂરી બહુમતીથી બંધારણીય સુધારો કરીને પણ તે ચૂકાદામાં ફેરફાર કરી શકે છે અને એ રીતના ફેરફારને કોર્ટે પણ માન્ય રાખવો પડે છે. આ રીતે કોર્ટના આખરી મનાતા ચૂકાદાને ફેરવી પણ શકાય છે.

**પરમાનંદ**

# ✻ પર્યુષણ વ્યાખ્યાનમાળાની સમાલોચના ✻

(ગતાંકથી ચાલુ)

**શ્રી પ્રતિભા બહેન 'સાહુરાવ મોડક'** (માનવતાના નવનિર્માણમાં જૈન દર્શનનું યોગદાન)

આજની - અને હંમેશાંની - સમસ્યા માનવી સમસ્યા છે. પશુ-પક્ષીઓમાં બુદ્ધિ - વિચારશક્તિ - નથી, જ્યારે માનવને બુદ્ધિ અને કલ્પનાની શક્તિઓ મળી છે. પણ આ શક્તિઓનો તેણે યોગ્ય ઉપયોગ કર્યો નથી. માનવ આજે માનવતા વિનાનો થઇ ગયો છે. માનવતાનું નવનિર્માણ કરવું એટલે માનવતાની પુનઃપ્રતિષ્ઠા કરવી. આ કાર્ય અહિંસા, અનેકાન્ત અને અપરિગ્રહથી જ શક્ય છે. અનેકાન્ત અને અપરિગ્રહ પણ અહિંસામાં જ સમાઇ જાય છે. જગતમાં આ ત્રણેય તત્ત્વોનો પ્રચાર થવો જોઇએ. સાચી અહિંસા તો માનવ શાકાહારી બને તો જ શક્ય છે. માંસાહાર હિંસકવૃત્તિને પોષે છે. આપણે સૌએ જૈનધર્મે પ્રતિપાદિત કરેલાં અહિંસા વગેરે તત્ત્વોને આચારમાં ઉતારવાં જોઇએ.

**શ્રી લીનાબહેન મંગળદાસ** (ઐક્ય માટેના પ્રયાસો: કેટલાક અનુભવો) આરંભમાં 'શ્રેયસ' સંસ્થાનો ઉલ્લેખ કર્યો. પછી શિક્ષણની વ્યાખ્યા કરતાં કહ્યું કે સંસ્કારિતાને પોષે તે પ્રક્રિયા એટલે શિક્ષણ. આજે તો સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પણ - રંગોળી, કેશગુંફન, શ્રેષ્ઠ માતૃત્વ વગેરેમાં પણ - સ્પર્ધા યોજાય છે અને ઇનામો અપાય છે.' આવી યોજનાથી ઐક્યની ભાવનાને બદલે દ્વેષની ભાવનાને - અહંભાવને - પોષણ મળે છે. આજે સામાજિક અને વૈયક્તિક જીવન કેટલું બધું વિસંવાદી બની ગયું છે? શ્રી લીનાબહેને 'હેબરલીન'ની સંસ્કૃતિની વ્યાખ્યા "Culture means cultivation of the spiritual potential by the exercise of conduct which is directed towrds unity."—

ટાંકીને તેનું વિવરણ કર્યું: માનવમાં રહેલી દૈવી સંપત્તિને કેળવવી અને તે પણ આચરણદ્વારા, જેથી અંતે એકતાની - સંવાદની - ભાવના પોષાય. માનવે પોતાનાં શરીર, મન અને આત્માનો સંવાદ કેળવી પરમઆનન્દ અને શાન્તિનો અનુભવ કરવો જોઇએ. આમ થાય તો જીવનની ક્ષણે ક્ષણે ઐક્ય અનુભવાય.

**શ્રી ચીમનભાઇ ચકુભાઇ શાહ** (માનવી જીવનનાં પ્રેરક બળો): ફિલસૂફો અને કવિઓ માનવજીવન અને તેનાં પ્રેરકતત્ત્વોનું નિરૂપણ કરે છે. કવિઓ જીવન જીવે છે તેવું જ (as it is) નિરૂપીને સંતોષ માનતા નથી, પણ કેવું હોવું જોઇએ (as it ought to be) તેનું પણ નિરૂપણ કરે છે. મહાભારત અને રામાયણમાં ધૃતરાષ્ટ્ર, ભીષ્મ, દ્રૌપદી, રામ, ભરત વગેરેનાં પાત્રોનું કેવું ભવ્ય નિરૂપણ થયું છે! એ જ રીતે પાશ્ચાત્ય કવિઓની કૃતિઓમાં પણ માનવના springs of action — માનવના વર્તનનાં મૂળનું - સૂક્ષ્મ નિરૂપણ થયું છે. અર્વાચીન કાળમાં માર્કસે માનવજીવનનું પ્રેરક બળ ભૂખ (hunger) છે એમ વિધાન કર્યું; ફ્રોઇડે કહ્યું કે, જાતીય વૃત્તિ (libido) જ પ્રધાન પ્રેરકબળ છે. સાચી રીતે જોઇએ તો માનવમાં સદ્‌વૃત્તિ અને અસદ્‌વૃત્તિ-દૈવી ગુણો અને આસુરી ગુણો - બન્ને રહેલ છે. સ્વભાવથી આપણે આ આસુરી વૃત્તિ તરફ ખેંચાઇએ છીએ. પણ વૈરાગ્ય અને અભ્યાસથી દૈવી ગુણોને કેળવવા અને જીવનને ઉદાત્ત બનાવવું એ પરમ કર્તવ્ય છે.

**રેવરન્ડ ફાધર લેસર** (A most necessary virtue): ફાધર લેસરે વ્યાખ્યાન અંગ્રેજી ભાષામાં કર્યું હતું, દીનતા, વિનય, નમ્રતા - આ ગુણ જીવનમાં અત્યન્ત મહત્ત્વના છે. ઇશ્વરે આપણને સર્જ્યા છે. ઇશ્વર જ સર્વ-શક્તિમાન અને દયાળુ છે. આપણામાં તેનો અંશ છે તેને લીધે આપણે સદ્‌ગુણ કેળવી શકીએ છીએ; માણસે પરમાત્માને દીનતાથી, શરણાગતિથી સર્વ સમર્પણ કરવું જોઇએ. "હું તો પાપી છું; તારે શરણે આવ્યો છું" એવો ભાવ કેળવવો જોઇએ. સ્વાર્થને બદલે અન્યને સહાય આપવાની વૃત્તિ સેવવી જોઇએ. મીરાં, તુકારામ, એકનાથ, કબીર વગેરે ભારતીય સન્તોની વાણીમાં ઇશ્વર પ્રત્યે દીનતાનો ભાવ કેટલો આર્દ્ર અને ગાઢ છે તે દર્શાવીને ખ્રિસ્તી ધર્મમાં પણ રહેલ ઇશ્વરપરાયણતા અને દીનતાના ગુણોનું સ્વરૂપ સમજાવ્યું હતું. પાશ્ચાત્ય સન્તોનાં દીનતા અને ઇશ્વરશરણાગતિનાં વચનો ટાંકીને અવિશેષ તો ફ્રેન્ચ સાધ્વી થેરેસાના જીવનમાં આ ભાવે કેવું પરિવર્તન આણ્યું હતું તે સ્પષ્ટ રીતે વર્ણવ્યું હતું.

**આચાર્ય શ્રી દાબુભાઇ શુકલ** (સત્વજ્ઞાન વિરુદ્ધ તત્ત્વજ્ઞાન): બધાં ભારતીય દર્શનોમાં જીવે સંસારમાંથી મુક્ત થઇ પરમાત્મા-સ્વરૂપ પામવાનો વિચાર કરાયો છે. तत् त्वमसि। જેવાં વચનમાં પણ તું તે છે એમ કહેવાયું છે. तत् નિરંજન, નિરાકાર, આનંદસ્વરૂપ છે. પણ જ્યાં સુધી આપણે આપણી જાતને - જેવા છીએ તેવાને - ન ઓળખીએ ત્યાં સુધી એ તત્‌સ્વરૂપને ઓળખવાનું કેમ શક્ય બને? આપણે ત્યાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એવા ચાર પુરુષાર્થ ગણાવ્યા છે - કેવળ મોક્ષ નહીં. આ વ્યાપક જીવનદૃષ્ટિ આપણે ખોઇ બેઠા છીએ. આપણે આપણા વિશેનું જ્ઞાન મેળવવું તે सत्त्वज्ञान. આ જ્ઞાન મેળવીએ તો જ આપણો વિકાસ શક્ય બને. આપણા શાસ્ત્રોએ આને માટે જ્ઞાન, ભક્તિ, કર્મ, યોગ વગેરે માર્ગો બતાવ્યા છે. પણ આપણે દરેકને નિરનિરાળું વ્યક્તિત્વ છે. આપણું વ્યક્તિત્વ એટલે આપણું શરીર, મન અને આત્મા. આપણે આપણા શરીર અને તેની પ્રવૃત્તિ વિશે, મન અને તેની વૃત્તિઓ અને વાસનાઓ વિશે પૂરું જ્ઞાન મેળવીએ અને એ જ્ઞાનને આત્મજ્ઞાન સાથે સંલગ્ન કરીએ તો પરમ આનંદ, શાન્તિ અને સંવાદ અનુભવાય, तत् નો સાક્ષાત્કાર થાય. પશ્ચિમમાં પણ મનોવિજ્ઞાન, મનોવિશ્લેષણ અને મનોવિઘટનની પ્રક્રિયાઓ દ્વારા માનવની અસ્વસ્થતા અને વ્યાકુળતાનું નિરાકરણ થઇ શક્યું નથી. તેથી ત્યાં પણ મનની પણ નીચે એક ફાઇઝમ નામનો સ્તર છે તેનો આધાર લઇ - ધ્યાનયોગ જેવી સાધના કરીને - સ્વસ્થતા મેળવવાનો આદેશ અપાય છે. આપણે ત્યાં સત્ત્વ, રજસ્ અને તમસ્‌ની દૃષ્ટિ શરીરના અને મનના તથા તેની [ક્રિ]યાઓના વિભાગ કરવામાં આવ્યા છે તે રીતે પશ્ચિમમાં પણ હવે વિભાગો પાડવામાં આવે છે. આ દૃષ્ટિએ આપણા સત્વનું આપણા સમગ્ર વ્યક્તિત્વનું - જ્ઞાન મેળવીએ તે દ્વારા જ तत् નું જ્ઞાન મેળવી શકીએ.

**શ્રી રોહિત મહેતા** (त्यक्तेन भुञ्जीथा): ઇશાવસ્ય ઉપનિષદના પ્રથમ મંત્રનો આ એક પાદ છે. તેમાં મનની પરિગ્રહવૃત્તિનો નિર્દેશ છે. એ મંત્રના પૂર્વાર્ધમાં કહ્યું છે કે, આ સમગ્ર વિશ્વ અને પૃથ્વીમાં જે કંઇ ગતિમાન છે તે ઇશથી ભરેલું છે વ્યાપ્ત છે. તે પછી तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद् धनम्। એમ કહ્યું છે; તેનો પરંપરાગત અર્થ ત્યજી દઇને હું જુદો જ અર્થ સમજું છું. ઇશ્વરે તારામાં જે त्यक्त કર્યું છે. - મૂક્યું છે તેનો ભોગ કર; બીજાના ધનનો - બીજામાં ઇશ્વરે મૂકેલી શક્તિનો - લોભ ન રાખ. દરેક વ્યક્તિને ઇશ્વરે વિશિષ્ટ વ્યક્તિત્વ અને વિશિષ્ટ ગુણો આપ્યા છે, તેનો જ વિકાસ તેણે કરવો જોઇએ. બીજાના વ્યક્તિત્વનું અનુકરણ

કરવામાં નિષ્ફળતા જ મળે. આનો અર્થ એમ નથી કે માણસે ઈશ્વરાધીન થઈ બેસી રહેવું - પુરુષાર્થ ન કરવો. આ પછીના જ મંત્રમાં કહ્યું છે કે ઈશ્વરે આપેલા વ્યકિતત્વ દ્વારા જ કર્મ કર અને સો વર્ષ જીવ. સંતાપ, દુ:ખ અને કષ્ટ વિના જીવવું હશે તો તારું વિશિષ્ટ કર્મ જ તારે કરવું પડશે.–આપણામાં વસતા ઈશ-તત્ત્વને આપણે જોઈ શકતા નથી તેનું કારણ એ છે કે આપણામાં દૃષ્ટા-દૃશ્યની પ્રક્રિયા ચાલી રહી હોય છે. આપણે વસ્તુ કે હકીકતને જોતા નથી પણ વિષયને – મને તે વસ્તુ ઉપર પ્રક્ષિપ્ત કરેલા રંગો દ્વારા જ જોઈએ છીએ, રજ્જુ–સર્પની પેઠે; એટલે મનનો પ્રક્ષેપ ગાળી નાખીએ, ધ્યાનદ્વારા મનને રિકત બનાવીને સમાધિદ્વારા સંભૃત કરીએ તો સાંસારિક ભાવો ગળી જાય અને અદ્વૈત સમાધિ સાધી શકાય.

**શ્રી. શ્રીદેવીબહેન મહેતા** (સહજસમાધિ): સહજ સમાધિના અનુભવનું વર્ણન અશકય છે – તે વાણીથી પર છે. તેની સાધનાનું નિરૂપણ નરસિંહ, મીરાં, કબીર વગેરે સંતોએ કર્યું છે તેનો આપણે વિચાર કરી શકીએ. પરમાનન્દ આપણા અન્તરમાં જ રહ્યો છે. अन्तरमें होगा तो जन्तरमें आयेगा– –હૃદયમાં રામ હશે તો સાધના ફળશે. નહીંતર આપણે સાધનાથી થાકી જઈશું અથવા તો જડતાથી ક્રિયાવિધિ પતાવીશું. સમાધિમાં મનને રિકત–ખાલી–કરવાનું છે–રાગદ્વેષ રહિત કરવાનું છે. સમાધિ માટે સંન્યાસ લેવાની જરૂર નથી. સૌ કોઈ સંસારમાં રહીને પણ રાગ-દ્વેષરહિત વૃત્તિ કેળવી શકે. સાધના શરૂ થતાં જાગૃતિ આવે, ઉલ્લાસ આવે, સ્વસ્થતા આવે. જીવનના કલેશોમાંથી જ પરમ શાન્તિનો ઉદ્‌ભવ થાય. સુંદર રીતે ગવાયેલાં ભજનોએ વ્યાખ્યાનને વધારે રસપ્રદ બનાવ્યું હતું.

**ડૉ. જગદીશચંદ્ર જૈન** (ભગવાન મહાવીર): ભગવાન મહાવીરનો જન્મ બિહારમાં થયો હતો. એ સમયે ત્યાં લિચ્છવિઓનું ગણરાજ્ય હતું તેથી ભગવાન મહાવીર સંગઠનની ભાવનાવાળા વાતાવરણમાં જન્મ્યા હતા એમ કહી શકાય. ભગવાન મહાવીરે તપદ્વારા પરમ સિદ્ધિ પ્રાપ્ત કરી. અહિંસા અને અપરિગ્રહ તથા અનેકાન્તદષ્ટિ-આ ત્રણ મહાન તત્ત્વોનો તેમણે પુરસ્કાર કર્યો. ભગવાન મહાવીરે આપેલા આદેશોને બુદ્ધિની કસોટીએ ચડાવીને સમજવા જોઈએ. તેમનાં ઘણાં વિધાનો દરેક દેશ અને કાળની દષ્ટિએ – બિહારની એ સમયની ભૌગોલિક તથા આબોહવાની દષ્ટિએ–કરાયેલાં છે એમ મારું માનવું છે. અનેકાન્ત દષ્ટિ એ વૈજ્ઞાનિક દષ્ટિ છે. પરસ્પર ભેદભાવ ભૂલી જઈને ભગવાને ચીંધેલા જીવનમાર્ગે આપણે સૌએ ચાલવું જોઈએ.

**મુનિશ્રી પુણ્યવિજયજી** (જૈન કર્મસિદ્ધાંત): સામાન્ય રીતે એમ મનાય છે કે જૈન ધર્મ કર્મવાદી છે, જીવનની વિવિધતા અને વિષમતાનાં મૂળ કર્મમાં રહ્યા છે એમ તે માને છે. પ્રધાનપણે આ ખ્યાલ સાચો છે એમ કહેવાય, પણ વસ્તુત: એ પૂર્ણ સત્ય નથી. કેવળ કર્મવાદ તો માનવને દૈવવાદી અને પુરુષાર્થહીન બનાવે. જૈનશાસ્ત્રોમાં પંચકારણ સિદ્ધાંતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. કાળ, સ્વભાવ, નિયતિ, પૂર્વકર્મ અને પુરુષાર્થ– આ પાંચ કારણના સમવાયથી પાપ-પુણ્ય, શુભ–અશુભ કાર્ય થાય છે. કર્મ પુદ્‌ગલરૂપ છે. કર્મ કેમ ઉત્પન્ન થાય છે; દ્રવ્ય ક્ષેત્ર, કાળ, અને ભાવ કેટલા પ્રકારનાં છે, કર્મનો ક્ષય શી રીતે થાય છે વગેરે મુદ્દાઓનું વિવરણ કરતાં મુનિશ્રીએ કહ્યું હતું કે કેવળ શ્રવણ બસ નથી. આચરણમાં ધર્મભાવ ઊતરે નહીં ત્યાં સુધી શ્રવણ વગેરે નિરર્થક છે. સરળભાષામાં જટિલ વિષયનું વિશદ નિરૂપણ.

સમાપ્ત **ગૌરીપ્રસાદ ચુ. ઝાલા**

**પૂરવણી**

(તા. ૩૧–૮–૭૦ ના દિવસનાં બે વ્યાખ્યાનોમાં પ્રા. ઝાલાસાહેબ અનિવાર્ય કારણસર ઉપસ્થિત થઈ શકે તેમ નહોતું. તે દિવસનું અધ્યક્ષસ્થાન **ડૉ. રમણલાલ ચી. શાહે** શોભાવ્યું હતું. તેમના તરફથી મળેલી એ બે વ્યાખ્યાનોની સંક્ષિપ્ત નોંધ નીચે આપવામાં આવી છે. તંત્રી)

**પ્રો. સુસ્મિતાબહેન મેઢે** ('આપણાં ભકિતકાવ્યો') એ વિષય ઉપરના પોતાના વ્યાખ્યાનમાં ભકિતનું સ્વરૂપ સમજાવી તેના સિદ્ધાંતોનો અને ભકિતમાર્ગના વિકાસનો વિવિધ ઉદાહરણો સાથે ઊંડતો પરિચય કરાવ્યો હતો. પરિચય કરાવતાં કરાવતાં તેમણે મીરાંબાઈ, કબીર, ન્હાનાલાલ વગેરે કવિઓની તે પ્રકારની કેટલીક કૃતિઓ સંગીત સાથે રજૂ કરાવી હતી અને તેથી જ તેમનું આખ્યાન વિશેષ આસ્વાદ્ય બન્યું હતું. તે દિવસે બીજું વ્યાખ્યાન 'શ્રીમદ્ ભગવદ્ ગીતા' ઉપર શ્રી પાર્થસારથિએ આપ્યું. શ્રીમદ્ ભગવદ્‌ગીતા ઉપર અંગ્રેજીમાં વ્યાખ્યાન આપતાં વકતાએ પૂર્વની અને પશ્ચિમની સંસ્કૃતિના વર્તમાન પ્રશ્નોનો નિર્દેશ કર્યો અને જણાવ્યું કે પૂર્વના લોકો પાસે 'શાંતિ' છે, પણ "ભૌતિક સમૃદ્ધિ' નથી, જ્યારે પશ્ચિમના લોકો પાસે 'ભૌતિક સમૃદ્ધિ' છે, પરંતુ શાંતિ નથી. 'ભગવદ્ ગીતા' એવો ગ્રંથ છે કે જે જીવનમાં ઉતારવાથી મનુષ્ય આંતરિક સુખ અને શાંતિ ઉભય પ્રાપ્ત કરી શકે છે. શ્રી પાર્થસારથિએ વિવિધ ઉદાહરણો વડે તથા પોતાના છટાદાર વકતવ્ય વડે શ્રોતાઓને મુગ્ધ કર્યા હતા. એમણે પોતાના વ્યાખ્યાનને શ્રોતાવર્ગને લક્ષમાં રાખીને અતિશય ગહનગંભીર ન બનાવતાં લોકપ્રિય બનાવવાનો પ્રયત્ન કર્યો હતો. **રમણલાલ ચી. શાહ**

## સંઘ સમાચાર

તા. ૧૩–૧૦–૭૦ ના રોજ થયેલી સંઘની કાર્યવાહક સમિતિએ તા. ૨૭–૯–૭૦ ના રોજ નિપજેલા સ્વ. ભવાનજી અરજણ ખીમજીના અવસાન બદલ ઊંડા શોકની લાગણી પ્રગટ કરતો પ્રસ્તાવ પસાર કર્યો હતો તથા ભગવાન મહાવીરના જન્મ દિવસને જાહેર તહેવાર તરીકે કેન્દ્ર સરકારે કરેલી જાહેરાતનું અભિનંદન કર્યું હતું અને તે માટે ભારતના મુખ્ય સચિવ શ્રીમતી ઈન્દિરા ગાંધીનો આભાર માન્યો હતો. આ ઉપરાંત શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે આગામી નવેમ્બર માસની તા. ૨૩–૨૪–૨૫–૨૬ આમ અનુક્રમે ચાર દિવસ માટે "સાવિત્રી" એ વિષય ઉપર શ્રી રોહિત મહેતાનાં ચાર વ્યાખ્યાનો રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો તથા રાયપુર ખાતે ચાતુર્માસ કરતા આચાર્ય તુલસી રચિત "અગ્નિ-પરીક્ષા" સંબંધમાં જે ઉગ્ર વાતાવરણ પેદા થયું છે તે અંગે ચિંતા દાખવતા ભારત જૈન મહા મંડળે કરેલા નિવેદનનું સમર્થન કર્યું હતું.

### "દેશની અદ્યતન પરિસ્થિતિ"

### 'સંયુકત રાષ્ટ્રસંસ્થા' વિષે જાહેર વ્યાખ્યાન

આગામી ૨૪ મી ઑકટોબર શનિવારનો દિવસ સંયુકત રાષ્ટ્રસંસ્થા દિન તરીકે ઊજવવામાં આવનાર છે, તેના અનુસંધાનમાં શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે સંઘના કાર્યાલયમાં એ જ દિવસે સાંજે છ વાગ્યે ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતા 'સંયુકત રાષ્ટ્રસંસ્થા' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે. તો આ વિષયમાં રસ ધરાવતા ભાઈ બહેનોને આ સભામાં વખતસર હાજર રહેવા વિનંતિ છે.

–મંત્રીઓ, **મુંબઈ જૈન યુવક સંઘ**

## સાભાર સ્વીકાર

**સમ્યગ્ દર્શનનું પ્રગટીકરણ:** શ્રી વિજયરામચંદ્રસૂરિના પ્રવચનોમાંથી ઉદ્‌ધૃત: પ્રકાશક: શ્રી ચીમનલાલ નાથાલાલ (શ્રીકાન્ત) ઠે: શ્રી જૈન પ્રવચન કાર્યાલય, શેઠ મનસુખભાઈની પોળ સામે, કાળુપુર રોડ, અમદાવાદ.

# સાધુતા

સાધુતા એટલે સદ્વર્તન. સત્‌નો સંપર્ક કરાવે તેવું વર્તન. તે જેનું હોય તે સાધુ.

સાધુ પણ માનવી જ હોય છે. માનવ પ્રાણીમાં જે જે સહજ વૃત્તિઓ હોય તે એક સાધુમાં પણ હોય એ સહજ છે, પણ આપણી સામાન્ય માન્યતા એવી કાંઇક છે કે સાધુ એટલે તેમાં અસામાન્યતાઓ હોવી જોઇએ. સામાન્ય માણસ જે રીતે ખાય–પીએ–વર્તે તેમ તેનાથી ન જ વર્તાય. તેણે તદન સાદી રીતે જ રહેવું જોઇએ. રેશમી વસ્ત્રોને ન વપરાય. સુગંધી દ્રવ્યોનો ઉપયોગ ન થાય. નાટક–સિનેમા ન જોવાય. બ્રહ્મચર્ય પાળવું જોઇએ–ઇન્દ્રિયોને કાબુમાં રાખવી જોઇએ; વગેરે

હવે પ્રશ્ન એ થાય છે કે સાધુએ શું ખુલ્લા મને કોઇ પણ ચીજનો આનંદ જ ન લેવો?

પરમાત્મા પોતે જ આનંદસ્વરૂપ છે, છેલ્લી સ્થિતિને મનની મુકતાવસ્થા કહી છે તે જ નિર્વાણ પણ છે; સચ્ચિદાનંદ બનવાનું છે, તો શું તે મનને આમ મારી મચડીને બનાશે?

જેનું મન અતૃપ્ત છે, ઇન્દ્રિયો ભૂખી છે, તેનું મન તેને કઇ રીતે જંપવા દેશે? કકડતી ભૂખ લાગી હોય અને ધ્યાન ધરવા બેસો તો મન તેમાં ચોંટશે?

સત્યના સંશોધન માટે વાસ્તવિકતાનો સ્વીકાર અત્યંત જરૂરી છે. કલ્પનામાં પારાવાર જ્ઞાન ભરીને તો આપણે મનથી મોક્ષાનુભૂતિ માનતા રહ્યા અને ષડ્‌રિપુઓને આધિન વર્તન કરતા રહ્યા.

કહેવાનો હેતુ વિષયાધીન જીવન જીવવાનો નથી જ, પણ વિષયોને યુકિતપૂર્વક કેમ જીતવા તે સમજવાનો છે.

સ્વાદના વિષયનો દાખલો લઇએ. શરીરના પોષણાર્થે ખાવું જરૂરી છે, પણ પછી સ્વાદાધીન ખાવું એ જુદી જ ચીજ છે. તેમાં વિષયાધીનતા આવી, તે ત્યાજ્ય ગણાય. આ રીતે વિષયને ભોગવવાની હદ માણસ સમજે અને વિવેકબુદ્ધિ સતત જાગૃત રાખી વિષય ભોગવે તો તે અયોગ્ય ન ગણાય. પણ આમ હદબંધી જળવાય છે? સ્વાદિષ્ટ વાનગી થાળીમાં હોય તો ભલભલાં હદ ઓળંગી જાય છે, એ નક્કર વાસ્તવિકતા છે.

અહીં ગીતાના બીજા અધ્યાયનો ૫૯મો શ્લોક ઘણો માર્ગદર્શક બને તેમ હોવાથી ; તે આપણે જોઇએ :–

विषयवि निवर्तन्ते निराहारस्य देहिनः।
रसवर्जं रसोऽप्यस्य परंदृष्ट्वा निवर्तते ।।

**અર્થ:** નિરાહારી પ્રાણીના વિષયો તો નિવૃત્ત થાય છે, પણ તેના તરફનો તેનો રસ (વાસના) દૂર થતો નથી. **એ રસ પરમાત્માના દર્શનથી નિવૃત થાય છે.**

આપણી સામાન્ય માન્યતા એવી હોય છે કે પરમાત્માનું દર્શન તો સૌથી છેલ્લી ભૂમિકાએ પહોંચીએ ત્યારે જ થાય. અને વિષયોમાંથી છૂટવાનો પ્રયત્ન ક્રમે ક્રમે ચાલુ જ રાખ્યા કરવો જોઇએ. તેને અને પરમના દર્શનને શરૂઆતથી જ સંબંધ નથી.

આ ખોટી ભ્રમજનક માન્યતાથી જ માણસ જીવનભર ઘાંચીના બેલની જેમ વિષયોથી છૂટવાના પ્રયત્નમાં લાગ્યો રહે છે અને છૂટી શકતો નથી પણ પોતાને છેતરતો જ રહે છે. સાધુઓ પણ આમ જ વર્તે છે અને વિદ્વાનો પણ. પ્રમાણિકપણે અંતઃકરણને તપાસવાથી આ વાતની ખાતરી થશે.

સાચી વાત તો એ છે કે સૌપ્રથમ તમારી પોતાની ખામીઓ અને ખૂબીઓ જુઓ. ગમે તેટલી ક્ષતિઓ તમારામાં હોય - તે પરમાત્માએ જ આપેલી છે, તેનો સ્વીકાર કરો. સાથોસાથ જ પરમનું દર્શન કરવા પ્રયત્ન કરો. પરમના દર્શન પછી જ સહજ રીતે ક્ષતિઓ ઘટશે–વિષયો છૂટશે–ભલે તે દર્શન ક્રમે ક્રમે થાય. જેમ જેમ દર્શન વધશે તેમ તેમ કામ, ક્રોધ, લોભ, મદ, મત્સરાદિ ઘટશે. અહમ્‌નાં આ બધાં હથિયારો હોય છે, તે સહજ છૂટશે.

પરમનું દર્શન સતત હોય છે છતાં જીવ તેને અનુભવી શકતો નથી, કેમ કે તેનો સ્વીકાર કરતો નથી.

જીવને ટેવ છે, બધું મન–બુદ્ધિ દ્વારા જ ચકાસવાની, જ્યારે પરમાત્મા તો તેથી પર છે. માટે આ ટેવમાંથી બહાર આવવાની જરૂર પડે છે, જે મહા કપરું કામ બની રહે છે.

બાળકની માફક વગર વિચાર્યે ભૂસકો મારી શકાય, ત્યારે છેલ્લી ભૂમિકાનો અનુભવ થાય છે. ત્યાં સુધી પ્રયોગો કરતાં કરતાં અહમ્‌ બુદ્ધિના ચક્કરમાં ફેરા માર્યા જ કરવા પડે છે.

અનિશ્ચિયાત્મક મનોવૃત્તિ આમાં ઘણો ભાગ ભજવે છે. જો નિશ્ચય કરવામાં આવે તો મહા દુરાચારી પણ ધર્માત્મા થઇ શકે છે. તેને માટે ગીતાનો નવમા અધ્યાયનો ૩૦ અને ૩૧ શ્લોક જોઇએ : ભગવાન કહે છે:

अपि चेत्सुदुराचारो भजते मामनन्यभाक्।
साधुरेव स मन्तव्यः सम्यग्व्यवसितोहि सः।।
क्षिप्रं भवति धर्मात्मा शश्वच्छांन्ति निगच्छति।
कौन्तेय प्रतिजानी हि न मे भक्तः पणश्यति।।

**અર્થ:** અતિશય દુરાચારી પણ જો મને અનન્યપણે ભજે તો તેને ઉત્તમ જ માનવો, કારણ કે તે ઉત્તમ નિશ્ચયવાળો થયો છે. તે જલદી ધર્માત્મા થાય છે અને શાંતિ પામે છે. હે, કુંતીપુત્ર! તું નિશ્ચયથી જાણ કે મારો ભકત નાશ પામતો નથી.

આમાંથી ઘણી સમજવા જેવી હકીકત ફલિત થાય છે તે વિચારીએ.

અતિશય દુરાચારી માટે પણ અનન્ય ભકિત શક્ય છે. અને તેને લીધે તે દુષ્ટ મટી ઉત્તમ બની શકે છે. માત્ર તેણે તેવો નિશ્ચય કરી લેવો જોઇએ.

અનન્ય ભકિત જેવીતેવી ચીજ નથી. તે પણ છેલ્લી કક્ષાની જ છે. છતાં તેને માટે રાહ જોતા બેસાય નહીં. નિર્ણય કરી આગળ વધવું જોઇએ. અને બન્ને એક બીજાથી અલગ નથી. એક આવે કે બીજું હટે.

એટલે સાચી પ્રગતિ માટે અંતઃકરણની નિમ્ન ચેતનાનો ઉર્ધ્વ ચેતના સાથે સંપર્ક અત્યંત જરૂરી છે. તેની સમજ મળે એટલે તે સાધુ બને.

આત્માથી જ આત્મા તૃપ્ત થાય, ત્યારે જ વિષયો છૂટે છે અને પ્રજ્ઞા પરમમાં સ્થિત થાય છે.

प्रजहाति यदा कामान्सर्वान्पार्थ मनोगतान्
आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते।।

અ. ૨–૫૫

અધ્યાય બીજામાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનાં વર્ણનમાં શ્રી ભગવાન પહેલા જ શ્લોકમાં અર્જુનને જવાબ આપે છે. તે આ પંચાવનમો શ્લોક છે જેનો અર્થ છે :

'હે પાર્થ! જ્યારે મનુષ્ય મનમાં રહેલી સર્વ કામનાઓ ત્યજી દે છે અને **આત્મા વડે આત્મામાં જ સંતોષ પામે** છે ત્યારે તે સ્થિતપ્રજ્ઞ કહેવાય છે.

આમાં બહારની કોઇ પણ ચીજ કે વ્યકિત બાધક નીવડી શકે નહીં, જો પ્રજ્ઞા પરમાત્મામાં સ્થિત થઇ ચૂકી હોય તો–અને માણસ પોતે જ પોતામાં મસ્ત રહી શકે.

પુરાણકાળનો વિશ્વામિત્ર અને વસિષ્ઠનો દાખલો આ માટે ઉત્તમ છે.

વસિષ્ઠ ઋષિ હતા, પરણેલા હતા, સો પુત્ર તેમને હતા, ગૃહસ્થાશ્રમી દેખાતા, પણ સંન્યાસી જેવું જીવન જીવતા. બ્રહ્મ સાથે ઐક્ય સધાયલું સતત રહેતું એટલે પરણેલા છતાં બ્રહ્મચારી હતા. બ્રહ્મમાં ચર્યા કરે તે બ્રહ્મચારી કહેવાય. ન પરણે ને વૃત્તિ સ્ત્રીઓમાં ભમતી રહે તે બ્રહ્મચારી ન ગણાય.

તેમને વિશ્વામિત્ર સાથે અથડામણ પેદા થઈ. કેમકે વિશ્વામિત્ર ક્ષત્રિય અને અહમ્ જેનો પીગળ્યો ન હતો એવા હતા. વિશ્વામિત્ર કહે મને 'બ્રહ્મર્ષિ' કહો. તે વસિષ્ઠ ન કહે.

વસિષ્ઠના સોયે સો પુત્રોને વૈરવૃત્તિથી વિશ્વામિત્ર મરાવે છે? તો ય જેના મનમાં પ્રેમ સિવાય વિશ્વામિત્ર માટે કાંઈ વસતું નથી, એવા વસિષ્ઠ હતા. તે સાચા બ્રહ્મર્ષિ કે સ્થિતપ્રજ્ઞ, જે કહો તે હતા.

હવે અહમ્‌પ્રિય વિશ્વામિત્રની સ્થિતિ જુઓ. સાઠ હજાર વર્ષ તપ કર્યું. એક દિવસ મેનકા આવી અને તપ ભંગ કરાવી શકી. આ છે અહમ્‌ની ક્ષતિ.

હું કર્તા—હું મહાન. હું તપસ્વી. હું વિદ્વાન વગેરે 'હું' દ્વારા જે થાય કે કરાય, તે પરિણામે નિષ્ફળ નીવડે છે.

વિશ્વામિત્રનો પણ આખરે અહમ્ પીગળી જાય છે. વસિષ્ઠની વાત તેની પત્ની અરૂંધતિ સાથેની સાંભળીને પત્ની પાસે એકાન્તમાં વસિષ્ઠ ઋષિ વિશ્વામિત્રનાં વખાણ કરે છે. તપસ્વી, નિશ્ચયી, અથાક પ્રયત્નશીલ વગેરે વિશેષણોથી વિશ્વામિત્રને નવાજે છે. તે સાંભળી વિશ્વામિત્ર છતા થઈ વસિષ્ઠને જ્યારે પગે પડે છે ત્યારે તે સાચા બ્રહ્મર્ષિ બને છે. નિરહમ્ બને છે.

આ રીતે અહમની અડચણ તો હોય જ છે—તેને પીગાળવા માટે તપની પદ્ધતિ મહાપુરુષોએ નક્કી કરી. તે તે જમાના માટે બરોબર હતી કે જ્યારે આ નિયમો ઘડવામાં આવેલા. દા. ત. ખુલ્લા પગે ચાલવું. તેથી મજબૂતાઈ પ્રાપ્ત થાય. કઠિનતાનો મન સમજીને સામનો કરી મજબૂત બને. પણ તે વખતે ડામરના રસ્તાઓ ન હતા. એટલે જમીન તપે તો પણ સહ્ય પ્રમાણમાં જ તપતી. આજે ડામર ઉનાળામાં તપ્યો હોય ત્યારે ખુલ્લે પગે ચાલવું એ તપ નહીં પણ દરદ નોતરવા જેવું થાય. વળી આજે પગમાં પહેરવાનાં સાધનો સહેલાઈથી લભ્ય હોય છે તો ધૂમ તડકા પૂરતાં પણ કાં ન વાપરવા? સાધુતા તેમાં શી રીતે નષ્ટ થઈ જાય?

પ્રથમ રેલ્વે ન હતી. બેલગાડીઓ હતી. તેમાં જીવંત પ્રાણીઓ બોજો ખેંચે એટલે જીવદયા માટે પણ ભલે વાહન ન વાપરવાનો નિર્ણય તે યુગમાં થયો પણ આજે? આજે યંત્રથી મુસાફરી શકય બની છે ત્યારે કાં વિરોધ?

સમયાનુકૂળ ફેરફારો ન થાય તો પરિસ્થિતિને ન પહોંચી વળાય. તે દહાડે અમુક ગામડાંઓમાં ફરી, ઉપદેશ આપી સાધુઓ સમાધાન માનતા. આજે આખું જગત સાચી સાધુતાનો સંપર્ક ઉપદેશ દ્વારા ઝંખી રહ્યો છે તે સમયે યંત્રનો ઉપયોગ ન કરો તો અલાભ છે.

ગાંધીજીએ રેંટિયાની જ ખાદી વાપરવા જે સમયે કહ્યું તે સમયે યંત્રનો બહિષ્કાર જરૂરી હતો—તે પરિસ્થિતિ તેવી હતી—આજે ભારત જ યંત્રો બનાવે છે તે સમયે યંત્રનો ઉપયોગ ન કરાય-માત્ર જૂની વાતને વળગી રહીએ તો તેમાં કઈ રીતે ડહાપણ ગણાય?

આ જ રીતે વિચાર કરી સાધુઓ માટે કે સમાજ માટે સમયાનુકૂળ ફેરફારો, ચોક્કસ રીતરસમોમાં કરવા જ જોઈએ. તો જ ધાર્યો હેતુ ફળે. નહીં તો હેતુ બાજુ રહી જાય અને પ્રણાલિકા પર લક્ષ આપવામાં જ સમય વ્યતીત થાય. આમ થતું હોવાથી જ ગતિ ઉર્ધ્વ ને બદલે અધ: થતી ચાલી છે.

લક્ષ્ય સુક્ષ્મ અને અતિદ્રિય હોવાથી મન-બુદ્ધિની પકડમાં આવતું નથી. તેથી પ્રણાલિકા કે કર્મકાંડ, જે સહેલાઈથી પકડી શકાય છે તેને પકડી લઈ, સાધુ, સમાજ કે લોકો બેસી જાય છે. આ છે અપ્રગતિનું મૂખ્ય કારણ.

ધ્યાન, આત્મનિરીક્ષણ, અંત:કરણના ભિન્ન ભિન્ન પ્રવાહોને સતત તપાસતા રહી તેમાંના સારાને ઉત્તેજન અને નઠારાનું વિસર્જન વગેરે ક્રિયાઓ કરવામાં નહીં આવે ત્યાં સુધી સત્યની ઓળખ થઈ શકશે નહીં.

પોતાની સાચી ઓળખ એ જ સત્યની ઓળખ છે અને એ જ પરમનું દર્શન છે.

પરમાત્મા પ્રેયસના આકર્ષણમાંથી છોડાવી આપણને શ્રેયસ પ્રતિ લઈ જવા માગતા જ હોય છે. પણ અહમપ્રધાન જીવ પરમને ઓળખીને સ્વીકારતો ન હોવાથી, ચીજ વસ્તુઓ અને વ્યકિતઓના મોહ અને આકર્ષણમાં જ સપડાઈ રહે છે.

આ બાબતને ગંભીરતાથી સમજે અને વ્યવહારમાંનાં સાધન-સામગ્રી અને સંબંધીઓને ગૌણ ગણી, પરમાત્માનું મૂલ્ય કરે, તો તે મૂલ્યવાનના સાચા દિલના સંપર્કથી જ મોહમાંથી છૂટી શકે. અન્યથા ચક્રવત્ જે ક્રિયા ચાલી રહી છે, એક પકડી બીજું છોડવાની ને ત્રીજું પકડી, ચોથું છોડવાની, તે ચાલ્યા જ કરશે. વિષચક્ર તોડવાનું સાહસ જરૂરી છે.

પ્રથમ પ્રયત્ન અને પછી, પરમાત્માની શરણાગતિ દ્વારા, જીવન સફળ કરવાની, સૌને પરમાત્મા પ્રેરણા આપો, એ જ અભ્યર્થના.

મુંબઈ, તા. ૧-૭-૭૦. **જમનાદાસ કે. લાદીવાળા**

# શિક્ષણ ઉપર આફત

ગુજરાતમાં શિક્ષણ ઉપર હાલમાં ઊતરેલી એક ભયંકર આફત અંગે આપણા વિદ્‌વાન વિવેચક અને આજીવન કેળવણીકાર શ્રી નગીનદાસ પારેખે જે ગંભીર ચેતવણી ઉચ્ચારી છે તે તરફ ગુજરાતનાં મા-બાપો તથા શિક્ષકોનું અને કેળવણીકારો તથા લોકસેવકોનું તાકીદે ધ્યાન દોરવાની જરૂર અમને લાગે છે. 'બુદ્ધિપ્રકાશ' માસિકના જુલાઈ ૧૯૭૦ ના અંકમાં એ વિશે ૧૩ પાનાં (આશરે ૭,૫૦૦ શબ્દો) નો લેખ તેમણે અત્યંત ચીવટ અને પરિશ્રમભેર લખ્યો છે, તેમાંથી એકાદ પાના જેટલો ભાગ, એમના જ શબ્દોમાં, નીચે ઉતારેલો છે, તેટલો પણ તત્કાલ જોઈ જનારને પરિસ્થિતિની ગંભીરતાનો ખ્યાલ આવશે:

ગુજરાત સરકારે પાઠ્યપુસ્તકો તૈયાર કરાવી પ્રસિદ્ધ કરવાનું કામ પોતાને હસ્તક લીધા પછી એ માટે તેણે ઊભા કરેલા તંત્રે તૈયાર કરાવેલા પાંચમા ધોરણનાં પાઠ્યપુસ્તકો હમણાં પ્રસિદ્ધ થયાં છે. એમાંનું ઈતિહાસનું પાઠ્યપુસ્તક મેં જોયું છે. એ ઉપરથી જો સરકારે ઊભા કરેલા તંત્રની કામગીરીનો કયાસ કાઢવાનો હોય તો કહેવું પડે કે તંત્ર તદ્દન નિષ્ફળ ગયું છે. જે પુસ્તક આખા ગુજરાતમાં પાંચ લાખ બાળકોએ ફરજિયાત રીતે ભણવું પડવાનું છે, તે પાઠ્યપુસ્તક થવાને જ લાયક નથી; અને આપણી ઊછરતી પેઢીનું હિત જો સરકારને હૈયે વસતું હોય તો એણે આ પુસ્તક એક દિવસ પણ ચાલવા દેવું ન જોઈએ.

કોઈ પણ પાઠ્યપુસ્તક પાસે પહેલી અને ઓછામાં ઓછી અપેક્ષા એ રહે કે એ ઠરાવેલો અભ્યાસક્રમ આવરી લેતું હોય. આ પુસ્તક એ પણ કરતું નથી.

પાઠ્યપુસ્તક પાસે બીજી અપેક્ષા એ રહે કે એ જે માહિતી આપે તે પૂરી ચોકસાઈ કરીને, તે કક્ષાનાં બાળકોને અનુરૂપ, વ્યાકરણ-શુદ્ધ, સરળ, પ્રવાહી, રસાળ ભાષામાં, તર્કબુદ્ધ અને વ્યવસ્થિત રીતે આપે, જેથી બાળકો સહેલાઈથી ગ્રહણ કરી શકે અને સ્મરણમાં રાખી શકે. ખરું જોતાં આ જ પાઠ્યપુસ્તકનું મુખ્ય કામ છે, એ સારી રીતે પાર પાડવામાં જ લેખકની સાચી કસોટી છે. પણ દુર્ભાગ્યે, આ પુસ્તકનું એ અંગ જ અત્યંત નબળું છે, અને માટે એ પાઠ્યપુસ્તક થવાને અપાત્ર છે.

આ પુસ્તકમાં અનેક સ્થળે માહિતી કાં તો ખોટી અથવા

વિકૃત આપવામાં આવી છે. રજૂઆતમાં સંકલનનો અભાવ, તર્કબદ્ધતા કે વિષયવ્યવસ્થા પણ નહિ જેવી, ભાષામાં સ્વસ્થતાને બદલે ખોટો ઉત્સાહાતિરેક, માહિતીનો અભાવ, શબ્દાડંબરથી પૂરવાનો પ્રયત્ન, લૂલાં-લંગડાં અને કાણાંકૂબડાં વાકયોની ભરમાર, વગેરે દોષો એટલા પ્રમાણમાં જોવા મળે છે કે આપણને પ્રશ્ન થાય છે કે આ પુસ્તકને કયા વિદ્વાનોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ પાઠયપુસ્તક થવાને લાયક ઠરાવ્યું હશે?

પુસ્તકમાંનાં ચિત્રો અને પુસ્તકની છપાઇ વગેરેમાં ઘણા સુધારાને અવકાશ છે. પુસ્તકમાં છાપભૂલો, જોડણીની ભૂલો અને શબ્દો કે વાકયો રહી ગયા હોય એવાં સ્થાનો પણ છે.

આ બધું જોઇને પ્રશ્ન થાય છે કે સરકારે જે તંત્ર ઊભું કર્યું છે તે કામ કઇ રીતે કરે છે? સાહિત્ય પરિષદ તરફથી અમે ચાર-પાંચ જણ શિક્ષણમંત્રીને મળવા ગયા હતા ત્યારે તેમણે અમને જણાવ્યું હતું કે આ પાઠયપુસ્તકો તે તે વિષયના વિદ્વાનો અને શિક્ષણશાસ્ત્રીઓ જોઇ-તપાસી ગયા છે, અને તેમણે પસંદ કર્યા પછી જ એ પ્રગટ થાય છે. અમે એ વિદ્વાનો અને શિક્ષણશાસ્ત્રીઓનાં નામ જાણવા માગ્યાં, પણ મંત્રીશ્રી પાસે નામ નહોતાં. એમની મદદમાં બેઠેલા એ તંત્રના અધિકારીઓ પણ એ નામો આપી શકયાં નહોતા, અથવા કદાચ આપવા ઈચ્છતા નહોતા. હું સરકારને અને એ તંત્રને જાહેર વિનંતિ કરું છું કે જે વિદ્વાનોએ અને શિક્ષણશાસ્ત્રીઓએ આ પુસ્તકને મંજૂરીલાયક ઠરાવ્યું હોય તેમનાં નામ સત્વર જાહેર કરે. ગુજરાતમાં લાખો બાળકોના શિક્ષણ ઉપર આ એક ભયંકર આફત ઊતરી છે, અને એને માટે કોણ જવાબદાર છે એ જાણવાનો પ્રજાને અધિકાર છે.

સરકારે ઊભા કરેલા તંત્રની આ જ કાર્યદક્ષતા હોય તો એને જેમ વહેલું સંકેલી લેવામાં આવે તેમ સારું. આ પુસ્તક તો શાળાઓમાં ચાલવું ન જ જોઇએ. બાળકો એક વરસ પાઠયપુસ્તક વગર રહે એ પણ પસંદ કરવા જેવું છે; કારણ, આવું પાઠયપુસ્તક જો વપરાશે તો તે બાળકોની ભાષા બગાડશે. તેમની રુચિ બગાડશે, તેમને ખોટી અને વિકૃત માહિતી આપશે, અને તેમની વિચારશકિતને પણ હાનિ પહોંચાડશે.

ગણિતના અને વિજ્ઞાનના પુસ્તક વિશે પણ છાપાંમાં ચર્ચા આવી છે, એ જોતાં ગુજરાતના શિક્ષણ વિશે ચિન્તા સેવતા સહુ કોઇએ આ બાબતમાં સક્રિય થઇ સરકારના કાન ઊઘડે અને તે પોતાની ભૂલ સમજી નવેસરથી વિચારતી થાય એવું કરવું જોઇએ.

'મિલાપ'માંથી શાભાર ઉધ્ધૃત

## સંઘદ્વારા ગુજરાત રેલ-રાહત ફંડ

| | |
|---|---|
| ૩૯૨૭ | અગાઉ પ્રગટ થઇ ગયેલી રકમો |
| ૧૫૨ | શ્રી બી. જી. શાહને ત્યાં દેવનારમાં મળેલાં મિત્રોનો ફાળો |
| ૧૦૧ | સ્વ. શ્રી. અંબાલાલ ચતુરભાઇ શાહના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી |
| ૫૧ | શ્રી કિસન ગોરડિયા |
| ૫૧ | શ્રી કુસુમચન્દ્ર ડાહ્યાભાઇ |
| ૨૦ | ગંભીરલાલ ચુનીલાલ ડગલી |
| ૧૧ | શ્રી પ્રમિલાબહેન પ્રમોદભાઇ શાહ |
| ૪૩૧૩ | |

## શ્રી જયપ્રકાશનારાયણ બિહારના ગામડાઓમાં શું કરે છે?

નકસલપંથીઓએ બિહારના જે ભાગમાં ખૂનોની પરંપરા ભય અને ત્રાસનું વાતાવરણ સર્જ્યું છે ત્યાં જયપ્રકાશજીની યાત્રા ચાલી રહી છે. "કાં તો ગ્રામ સ્વરાજની સ્થાપના થશે, કાં મારાં હાડકાં અહીંની માટીમાં ભળી જશે." કરેંગે યા મરેંગેના નિરધાર સાથે તેઓ ગામે ગામ ઘૂમી રહ્યા છે.

જ્યારે વર્તમાનપત્રમાં વાંચ્યું કે જયપ્રકાશજી મુજફ્ફરપુરના મુશહરી બ્લોકના સલાહા ગામે ચાલ્યા ગયા ત્યારે પહેલો પ્રશ્ન એ ઊઠયો કે જે જયપ્રકાશ નારાયણને રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સમસ્યાઓથી મિનિટભરની ફુરસદ નથી મળતી એ આમ એકએક ગામડામાં જઇને કેમ બેઠા? કઇ એવી વાત છે કે એમને ગામડામાં ખેંચી ગઇ અને પોતાની જાનની બાજી લગાવવા સુધીની નોબત આવી?

આઝાદી પછી દેશની સામે એક પછી એક પ્રશ્ન ઊભાં થતાં ગયા. દેશના નવનિર્માણનો પ્રશ્ન તો હતો જ. પ્રશ્નોને ઉકેલવાને કાયદા કાનૂન બન્યા, યોજનાઓ બની, કામ પણ થયું પરંતુ બધાને સમાધાન થાય તેવો કોઇ માર્ગ નીકળી શકયો નહિ. ગામડાઓની અને ભૂમિની સમસ્યા તો એટલી વિકટ બનતી ગઇ કે કેટલાંય લોકોએ લૂંટ, ખૂન, બંદૂક અને બોમથી એ પ્રશ્નોનું નિરાકરણ લાવવાનું નક્કી કર્યું. મારવું કે મરવું એ એમનો મંત્ર બની ગયો. આ લોકો કોઇ ગુન્હાહિત કામ કરનારી ટોળકીના સભ્યો નથી. ચીલાચાલુ સામાજિક અને આર્થિક પરિસ્થિતિથી અસંતુષ્ઠ હજારો નવલોહિયા યુવાનો અને યુવતીઓ આ નકસલવાદી પ્રવૃત્તિમાં જોડાયેલા છે.

જયપ્રકાશજીએ પોતાના અનુભવથી અને અન્વેષણથી એ જોઇ લીધું છે કે દેશનો કોઇ પણ પ્રશ્ન કતલના રસ્તે અથવા કાયદા કાનૂન દ્વારા ઉકેલાવાને બદલે ગૂંચવાતો જાય છે. સમસ્યાઓનો સાચો ઉકેલ તો જનતાની પોતાની પાસે છે. અને એ માટે જનતાને આગળ લઇને ચાલવું પડશે.

નકસલવાદીઓ વિશે તેઓ કહે છે કે: "એમની સામે મારી સૌથી મોટી ફરિયાદ એ છે કે તેઓ દેશને ચીનના પ્રભાવ હેઠળ દોરી જઇને એક રીતે તેનો ગુલામ બનાવી દેવા માંગે છે. માઓ-ત્સે-તુંગને ભારતના પ્રમુખ તરીકે ગણાવે છે. આપણે લોકો આ વાત હરગીજ સ્વીકારીએ નહીં. જયપ્રકાશજી મુજફ્ફરપુરના સલાહા ગામે તા. ૯ જૂનથી ગયા છે. તેઓ ગામડે ગામડે અને ઘેર ઘેર જઇ રહ્યા છે. એમની નાના મોટા સૌની સાથેની વાતોથી જમીનદાર અને મજૂર બન્નેના મનની ગાંઠો ખુલતી જાય છે. ભૂમિહીનોને જમીન અપાવવાનું, ઘરવાસની જમીનના પટ્ટા અપાવવાનું, મજૂરીનો દર વધારી અપાવવાનું, તથા ગ્રામસભાનું સંગઠન કરાવવાનું કામ કરી રહ્યા છે. એમના પુરુષાર્થથી માલિક મજૂર એક બીજાથી નજીક આવી રહ્યા છે. ભય અને ત્રાસનું વાતાવરણ દૂર થતું જાય છે. ગ્રામ સભા બનવાથી ગામનું સંગઠન મજબૂત થશે એવી પ્રતિતી થવા માંડી છે. લોકો સમજવા લાગ્યા છે કે આજની ચાલુ વ્યવસ્થા કરતા, ગામની એકતા અને નવા સંગઠનમાં જ આપણો રોટલો અને આબરૂ વધુ સુરક્ષિત છે. ગ્રામ સ્વરાજનું ચિત્ર વધારે સ્પષ્ટ થતું જાય છે.

બિહાર સરકાર જયપ્રકાશજીની સલામતી માટે પાકી વ્યવસ્થા કરવા ઈચ્છે છે, પણ તેઓ તેમાં સમંત નથી. હમણાં બિહારના મુખ્યપ્રધાનને પત્રથી એમણે જણાવ્યું કે; "મારા માટે સલામતીની કોઇ પણ વ્યવસ્થા કરાય એમ હું ઇચ્છતો નથી. તમે પોલીસ વગેરેને મારા રક્ષણ માટે મોકલશો તો હું કોઇ પણ રીતે એ લોકોને એમના આ કામમાં સહકાર નહીં આપું. મને કાંઇપણ ઇજા પહોંચશે કે મારું મૃત્યુ થશે તો તેની જવાબદારી સંપૂર્ણપણે મારી જ ગણાશે. અને એવા સંજોગોમાં મારું કુટુંબ કે મારા કોઇ મિત્રો સરકારને દોષપાત્ર ગણશે નહીં."

(ભૂદાનયજ્ઞમાંથી સંકલિત)

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૩

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧, ૧૯૭૦, રવિવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## 卐 आगन् रात्री संगमति वसूनां । 卐

( ૨૦૨૬નું સંવત્સર અસ્તાચળે જઇ રહ્યું છે અને આ અંક આપ સૌના હાથમાં આવતાં સુધીમાં તો નવા વર્ષનું નવલું પ્રભાત ઊગી ચૂકયું હશે. આપણે સૌ એકબીજાને નૂતન વર્ષના અભિનંદનોની આપ-લે કરવામાં પડયા હોઈશું. આ વરસે દિપાવલી નિમિત્તે એક ખાસ લેખ લખવા મેં શ્રીમતી મૃણાલિની દેસાઇને વિનંતિ કરી હતી. તેને માન આપીને અને પ્રબુદ્ધ જીવન માટે ખાસ પરિશ્રમ લઈને મૃણાલિનીબહેને અમાવાસ્યાની રાત વિષે એક સુંદર સંગીતમય કાવ્ય લખી મોકલ્યું છે, તે માટે હું તેમનો અત્યંત આભાર માનું છું. પરમાનંદ)

વસંત ઋતુની માદકતા આંબાના મોરમાં મહેકે છે. શ્રાવણનું મુકત હાસ્ય ઝરણામાં સંભળાય છે. પણ શારદીય વસુંધરા પ્રગલ્ભ – પ્રસન્ન–પૂર્ણકામા છે. એને મત્ત આમ્રમંજરી, મહેકતો મોગરો, શરમાળ નિશિગંધા કે નાજુક પ્રાજકત કશાની આસકિત નથી. નાના છોકરાને રમાડવા મા રંગરંગના રમકડા લાવી આપે તેવા ગલગોટા, શેવંતી એની પાસે છે. એ ફૂલોને ના રૂપ, ના ગંધ-પણ શરદ ઋતુમાં એની જ શોભા છે.

મેઘમાલાની ગર્જનાઓ હવે સંભળાતી નથી. દેડકાંનો મેઘ-મલ્હાર પણ વિરમી ગયો છે. નદીઓ, ઝરણાં હવે ભર્યા, ભર્યા પણ શાંત, એકસરખી ગતિએ વહે છે. કુશળ ગૃહિણીનો હાથ ફરે પછી ઘર જેમ વ્યવસ્થિત ગોઠવાઇ જાય તેમ સૃષ્ટિમાં બધું ગોઠવાઇ ગયું છે. કશે કાદવ નથી કે ધૂળની ડમરીઓ નથી. વિરહના તાપમાં શેકાતી, વરસાદના પાણીથી પણ જેની તરસ નથી છીપતી – પર-સેવાની ભૂખી–હેતની તરસી ધરતી તૃપ્ત થઈ છે. પોતાનો ખજાનો લૂંટાવા કાઢયો હોય એમ ધનધાન્ય ભરીભરીને આપે છે – લેવાય એટલું લો. કણ વાવ્યો હોય તો મણ લણી લો. વિચાર કરશો મા. આવતે વર્ષે બીજું ઊગશે.

ચોમાસામાં ચારે પહોર પાણીમાં રહી કાગડાંથી બગલાં સુધી બધાં 'દ્વિજ' શુચિર્ભૂત થઇને બેઠા છે. પાણીના પ્રવાહ સંઘ ગતિથી વહે છે તેથી 'બક' અને શ્રાદ્ધ પક્ષ હમણાં જ પતી ગયા છે તેથી 'કાક' એ હંમેશના અસંતુષ્ટો પણ સંતોષ પામ્યા છે.

શાંત, ગંભીર વાતાવરણમાં નટખટ સંધ્યાથી રહેવાતું નથી. જાત-જાતના રંગ લઇ મુકત આકાશમાં એ રમ્યા કરે છે. કોઈવાર રંગબેરંગી સાડીઓના ઢગલા વચ્ચે બેસી પસંદગી કર્યા કરતી સુંદરી જેવો એનો ઘાટ છે. અલ્લડ વહુદીકરીએ કરેલો પથારો માને માથે પડે તેમ શુભવસ્ત્રા રાત્રિને બધું સાફસૂફ કરવું પડે!

શરદ્‌ની રાત–પ્રૌઢા છતાં પ્રસન્ન છે. રૂપાળી તો એવી કે વસંત પણ ફિક્કી લાગે. એને પગલે ચાંદની નીતરવા લાગે. વાયુ એની મર્યાદા સાચવી ઠાવકો બને. આકાશગંગા પ્રકટે. ઉત્તરના ખૂણામાં બેઠો બેઠો ધ્રુવબાળ નિર્મળ હસતો આ અનંતની લીલા જોયા કરે. સપ્તર્ષિ અને સતિ અરુંધતિ આકાશગંગાને તીરે ઊભા ઊભા અર્ધ્ય દેતા હોય ત્યારે દક્ષિણમાં સ્થિતપ્રજ્ઞ અગસ્તિની ઝૂંપડીમાં શાંત દીપ પ્રકટે. મધ્ય આકાશમાં રેવતીની માળા, કૃત્તિકાની આરતી તૈયાર કરી રોહિણી કોની રાહ જોતી હશે? ચંદ્રની? ના, ના. આજે તો અમાવાસ્યા–પૂર્વ દિશાએ ઊગે છે મૃગ નક્ષત્ર. યુગયુગથી ત્રિકાંડ તીર પેટમાં લઈ દોડનાર કારુણ્યમૂર્તિ મૃગની પૂજા તે હોય? એકાદ અશ્રૂનું અર્ધ્ય એને માટે બસ છે. તો પછી આ ઠાઠ કોને માટે? મૃગ પાછળ પડેલા વ્યાધ માટે? નિર્દય ક્રૂરતાને સપ્તર્ષિ માન આપશે? શાંતમૂર્તિ વસુંધરા તિલક કરશે? ના. ના. વ્યાધ પોતે જ વસુંધરાને તિલક કરીને જાણે કહે છે "શાંતિ ભલે હોય પણ એ તેજસ્વી હોજો. સામર્થ્યવાન્ ભવ."

આશીર્વચન અને તિલકથી શોભતી શારદીય ભૂમિની પૂજા આકાશગણે કરી તેમ એના માનવ પુત્રોએ પણ શતદીપ પ્રકટાવીને આનંદપૂર્વક ઉત્સવ કર્યો. દીપાવલીને વેદોએ અધિદેવતની અર્ધાંગીનું સ્થાન આપ્યું છે. હવ્ય અર્પણ કર્યો છે. ચિરયૌવના ઉષાની સ્તુતિ ઋગ્વેદમાં છે તેમ અથર્વવેદમાં દીપાવલીના સૂકતો અર્થ-ગંભીર છે.

कुहूं देवी सुकृतं विभनाथं समस्मित
यज्ञे सुहवां जोहवीमि।
सानो रयिं विश्ववारं नियच्छद्
ददानु वीरं शतादाय मुक्यम्
कुहूं देवानाममृतस्य पत्नी
हव्यानो अस्य हविणा जुशेत ।

આવી છે આ અમાવાસ્યાની રાત! અમાવસ્યા હોવા છતાં સુભગા. મંગલા. શુભદા. બ્રહ્મવર્યોના હવિનો એને અધિકાર છે. લક્ષ્મીપતીની એ અધિષ્ઠાત્રી છે. દેવતા સર્વસામાન્ય જનની આનંદમયી માતા છે.

आगन् रात्री संगमति वसूनां
ऊर्जंपुष्ट वस्वावेणयन्ती
अमावास्यै हविणा विधेमार्जम्
दुहाता पयसान आगन्

( અથર્વવેદ ).

—મૃણાલિની દેસાઇ

### સંઘના સભ્યોને તથા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને નૂતન વર્ષની શુભેચ્છા

પ્રિય મિત્રો!

ઑકટોબર માસની ૧૯ મી તારીખે મારાં પત્ની સાથે મુંબઈથી નીકળીને હું અહિં જમશેદપુર આવ્યો છું. દિવાળી સમીપ આવી રહી છે, અને ત્યાર પછીના દિવસે વિક્રમના નવા વર્ષનો પ્રારંભ થશે. અહિં બેઠો બેઠો હું તમો સર્વને ખૂબ સંભારૂ છું અને આગામી વર્ષ તમો સર્વને પરમ સુખદાયી અને કલ્યાણકારી નીવડો એવી અંતરની શુભેચ્છા અને પરમાત્માલક્ષી પ્રાર્થના આ પત્ર દ્વારા પાઠવું છું.

અહીં ખૂબ શાન્તિ અને એકાન્ત છે. મન અને શરીર બન્ને ખૂબ રાહત અનુભવે છે. અહિંના થોડા દિવસના નિવાસના પરિણામે નવી તાજગી મેળવીને કાર્તક શુદ પૂનમ પહેલા મુંબઇ પાછો ફરવા ધારું છું.

૨૪–૧૦–૭૦

લિ. આપ સર્વનો, પરમાનંદ.

# શ્રી કનૈયાલાલ મુનશી અને ધર્મના નામે થતાં પશુઓનાં બલિદાન

'સમર્પણ' ના તા. ૧૧-૧૦-૭૦ ના અંકમાં કુલપતિના પત્રોના મથાળા નીચે પ્રગટ થતી લેખમાળામાં 'કાલી અને દુર્ગા' એ શિર્ષક નીચે પ્રગટ થયેલા પત્રમાં માન્યવર કનૈયાલાલ માણેલાલ મુનશી જણાવે છે કે:–

"કાલીપૂજા અને દુર્ગાપૂજાનું સાચું રહસ્ય કેટલાક ખોટા પ્રચારને કારણે પ્રજા ન સમજી શકી હોય એમ બનવું પણ સંભવિત છે.

"એ સાચું છે કે કેટલીક વખત પૂજા માટે ઘેટાં-બકરાં ભોગ તરીકે ધરવામાં આવતાં. એ રિવાજ વ્યાપક પ્રમાણમાં બંગાળમાં અસ્તિત્વ ધરાવતો. એનું કારણ એ છે કે બંગાળીઓ માંસાહારી પ્રજા હોવાથી પૂજ્ય દેવીને પોતાને ન ભાવતું ભોજન પ્રસાદ તરીકે ધરાવવામાં તેમને અનુચિત લાગતું ન હતું. ગુજરાતમાં પણ રાજાઓ માતાજીને ઘેટાં-બકરાં ચઢાવતા. કલિકાળસર્વજ્ઞ જૈન મુનિ હેમચંદ્રાચાર્યની પ્રેરણાથી સમ્રાટ કુમારપાળે આ રિવાજ બંધ કરાવ્યો (ઈ. સ. ૧૦૯૨-૧૧૭૨).

"મધ્યકાળમાં માંસાહાર પાપ ગણાતું ન હતું. પણ અભક્ષ્ય-કુટેવ ગણાતી. મનુ કહે છે કે:

न मांसभक्षणे दोषो, न मद्ये न च मैथुने ।
प्रवृत्तिरेषा भूतानां, निवृत्तिस्तु महाफला ।।

ભાવાર્થ: "માંસભક્ષણમાં, મદ્યપાનમાં તેમ જ મૈથુનમાં દોષ નથી. તેમ છતાં તેથી દૂર રહેવું તે મહા ફલદાયી છે."

"યહુદીઓ અને મુસ્લિમો પણ પ્રાણીઓનો ભોગ આપતા હતા.

"હું ચુસ્ત શાકાહારી છું: લોહીનું ટીપું સરખું જોઈને હું અકળાઈ જાઉં છું. પ્રાણીઓનો વધ કે બલિદાન અપાતું હોય એવી ધાર્મિક ક્રિયાઓથી હું સેંકડો જોજન દૂર રહું છું. એમ કરવામાં ધાર્મિક પરંપરા પ્રત્યે હું કશો અનાદર વ્યકત કરતો નથી, કે એવું આચરણ કરનારા ભાવિકોની ઘૃણા પણ હું કરતો નથી. પરંતુ જેઓ પોતે માંસાહારી છે અને છતાં આવી પ્રથાઓનો વિરોધ કરે છે કે ધર્મ પ્રત્યે ઘૃણા વ્યકત કરે છે તેઓ તો માત્ર પોતાની અસહિષ્ણુતા અને પૂર્વગ્રહોનું જ પ્રદર્શન કરતા હોય છે.

"પ્રત્યેક ધર્મની પૂજાવિધિદ્વારા મનુષ્ય આત્મા અને પરમાત્મા વચ્ચે અનુસંધાન સાધવાનો પ્રયત્ન કરે છે.

"યહૂદી ધર્મોમાં પૂજાપાત્ર વ્યકિતનાં ગુણ અને નીતિ ભિન્ન હોય છે. ભકત પરમાત્માને પયગંબર દ્વારા મેળવે છે. ઈશુ કે મહંમદ પયગંબરનું આવું સ્થાન છે.

"હિન્દુભાવના આથી જુદી છે. પરમાત્માને પ્રાપ્ત કરવાનું કે તેનો સાક્ષાત્કાર કરવાનું આપણા માટે સુલભ નથી. એથી બ્રહ્મ-પરમાત્માની સાક્ષાત પૂજા કરવાને બદલે તેના રૂપ અને અવતારની આપણે પૂજા કરીએ છીએ. પરમાત્માનાં ભિન્ન ભિન્ન સ્વરૂપો માનવથી ક્રિયા, ગુણ, શકિત અને સામર્થ્યમાં ચઢિયાતાં અને મહાન હોય છે. છતાં બન્નેની વચ્ચે સંબંધ સ્થાપવા બન્નેને મળતા ગુણ-ધર્મોની સમાનતાની કલ્પના કરી લેવામાં આવે છે.

"આથી ભગવાનને ભૂખ લાગે છે અને તેઓ પ્રસાદ લે છે એવી આપણને શ્રદ્ધા છે. ભગવાન શ્રીકૃષ્ણ ગીતામાં કહે છે, ભકત જો ભાવપૂર્વક, पत्रं पुष्पं फलं तोयं અર્પણ કરે તો તેઓ પ્રસન્ન થાય છે. છતાં ભકતને અલ્પ કે સાધારણ વસ્તુ આપવાથી સંતોષ થતો નથી. તેને તો તેની પાસે જે અમૂલ્ય ને સૌથી પ્રિય જે કાંઈ છે તે ભગવાનને ચરણે અર્પણ કરવાની મનોકામના છે. એથી નાથદ્વારામાં ભગવાન શ્રીનાથજીને છપ્પન ભોગના થાળ ધરાવવામાં આવે છે ને પુરીના બાલારામ આગળ અન્નકૂટ થાય છે.

"ભકતો, પોતાને મળતા સર્વોત્તમ ધનધાન્યનો ભગવાનને ચરણે પ્રસાદ ધરે તે સર્વથા યોગ્ય જ છે. આ જ કારણે, મેં આગળ કહ્યું તેમ, બંગાળીઓ દુર્ગા અને કાલીને ઘેટાં-બકરાંનો પ્રસાદ ધરાવે છે. વેદકાળના આર્યો દેવોને પ્રસન્ન કરવા પ્રાણીઓની આહુતિ આપતા. આજે આ પ્રણાલિકાનો લોપ થતો જાય છે. ને જીવંત વસ્તુનો ભોગ આપવાનું લગભગ બંધ થઈ ગયું છે. ખરી રીતે તો ગુજરાતમાં થાય છે તેમ પ્રાણીનો ભોગ ધર્યા વગર દુર્ગા અને કાલીની પૂજા અને ભકિત થઈ શકે છે."

મહામના શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશી અમારી પેઢીના એક વખત આરાધ્ય દેવતા હતા – તેઓ ધાર્મિક લેખાતી પણ દેશકાળની વિરોધી પરંપરાના–ઉચ્છેદક હતા અને નવાં જીવન-મૂલ્યોના નિર્માતા હતા. વર્ષોના વહેવા સાથે–કદાચ વૃદ્ધાવસ્થાના વધતા જતા આક્રમણના પરિણામે– તેઓ ધાર્મિક પરંપરાના ઉચ્છેદક મટીને સમર્થક બનતા જાય છે અને આજે સનાતન ધર્મના એક મહાન પુરસ્કર્તા બની રહ્યા છે. 'ભવન્સ જર્નલ' અને 'સમર્પણ'માં પ્રગટ થતા કુલપતિના પત્રોમાં જ્યારે તેઓ ધાર્મિક માન્યતાઓ અને ધર્મશાસ્ત્રોનો ઉલ્લેખ કરતા હોય છે ત્યારે તેમાં સ્વતંત્ર અને મુકત ચિન્તનના સ્થાને પરંપરાને ઉજળા આકારમાં મૂકવાનો તેમનો પ્રયત્ન દેખાય છે. તેમની એક વખતની image–પ્રતિભા–અને આજે તેમનાં લખાણો દ્વારા આપણા મન ઉપર ઉપસતી image –પ્રતિભા–માં ઘણું મોટું અંતર નજરે પડે છે, આ અંતર તેમના લખાણમાંથી તારવેલા ઉપર આપેલા અવતરણ દ્વારા સ્પષ્ટ થાય છે.

અન્ય દેશોની સભ્યતા અને ભારતીય સભ્યતાના વિકાસમાં-આવિષ્કારમાં મોટો ફરક એ માલૂમ પડે છે કે ઉપર આપેલ મનુસ્મૃતિના શ્લોકમાં સૂચિત છે, તેમ અન્ય દેશોમાં તેમ જ આપણા દેશમાં માંસાહાર, મદ્યપાન અને મૈથુન એક વખત સુપ્રચલિત હતા અને તેમાં કોઈ દોષ હોવાની સભાનતા પણ નહિ હોય; પણ આપણા દેશની સભ્યતાનો જેમ જેમ વિકાસ થતો ગયો તેમ તેમ તે સભ્યતાના અંગમાં અહિંસા, વ્યસન-નિવૃત્તિ અને બ્રહ્મચર્યની પ્રતિષ્ઠા વધતી ગઈ અને તેમાંથી નિરામિષઆહાર, મદ્યપાન નિષેધ અને મૈથુન નિષેધ ફલિત થતા ગયા. આજે દેશમાં આ ત્રણે દૂષણો વ્યાપક રૂપમાં અસ્તિત્વ ધરાવતા હોવા છતાં, ત્રણેમાં દોષ રહેલા છે અને આત્મોન્નતિના ઈચ્છુક માટે ત્રણે વર્જ્ય છે–આવી ભાવનાનો હિન્દુ ધર્મની બધી શાખાઓમાં અને આપણી તળપદી સભ્યતામાં સ્વીકાર કરવામાં આવ્યો છે. માંસાહારી હિન્દુ સમુદાય પણ ધાર્મિક મહત્ત્વના લેખાતા અમુક દિવસે માંસાહાર ન કરાય, દારૂ ન પીવાય અને બ્રહ્મચર્ય ભંગ ન થાય એમ માનતો હોય છે. હિન્દુ સ્રીવર્ગમાં આ બાબતો વિશે વિશેષ આગ્રહ જોવામાં આવે છે. આમ છતાં ઉપર જણાવેલ અત્યન્ત વાંધાપડતા અને વિચિત્ર દેખાતા–મનુના શ્લોકનું મુનશીજી જાણે કે સમર્થન કરતા હોય એમ તેઓ તે શ્લોકને આપણી સામે આગળ ધરે છે.

તેઓ ચુસ્ત શાકાહારી હોવા છતાં દુર્ગા અને કાલી સમક્ષ અપાતા ઘેટાં-બકરાંના બલિદાનનો વિરોધ કરતા નથી. ઉલટું જેઓ માંસાહારી હોય તેઓ એમ કરે તેમાં તેમને કશું વાંધાપડતું કે અણ-જુગતું લાગતું નથી. કોઈ માંસાહારી આવા બલિદાનનો વિરોધ કરે તે તેમની અસહિષ્ણુતા અને પૂર્વગ્રહોના પ્રદર્શન રૂપ છે એમ જણાવીને તેવા વિરોધને મુનશીજી અક્કલ વિનાનો જાહેર કરે છે, આ અંગે આપણે ભગવાન બુદ્ધે, યજ્ઞમાં બલિ આપવા માટે લઈ જવાતા ઘેટાના બચ્ચાને ઉપાડી લીધું–બચાવી લીધું એ દૃષ્ટાન્તને યથાસ્વરૂપે ધ્યાનમાં લેવાની જરૂર છે. આપણી માહિતી મુજબ

ભગવાન બુદ્ધનો નિરામિષ આહાર માટે કોઈ ખાસ આગ્રહ નહોતો એમ માનવાને આપણે પ્રેરાઈએ છીએ—એમ છતાં તેમણે આ ઘેટાના બચ્ચાના બલિ સામે વિરોધ કેમ કર્યો? તે વિરોધના સમર્થનમાં તેમણે એમ જણાવેલું કે માણસ પોતાનું પેટ ભરવા માટે પશુની હત્યા કરે કે માંસ ખાય તે સમજી શકાય છે પણ એક નિર્દોષ-પ્રાણીને દેવી સામે ધરીને તેના ગળા ઉપર છરી ફેરવવામાં આવે અને તેથી ધર્મ થાય છે, પુણ્ય થાય છે—આ કેમ માની શકાય? ધર્મશાસ્ત્રોએ આપેલી સમજણ મુજબ કોઈને કારણ વિના દુભવવામાં પણ પાપ રહેલું છે તો તેનો ધર્મના નામે જીવ લેવો અને તેને પુણ્યકાર્ય માનવું એ તો ન સમજી શકાય—ન સ્વીકારી શકાય એવી વાત છે.

આવી તર્કસંગત વિચારસરણી સ્વીકારીને મુનશીજીએ ધર્મના નામે અપાતાં પશુઓનાં બલિદાનનો સખ્ત વિરોધ કરવો જોઈએ એવી આપણે અપેક્ષા રાખીએ, એના બદલે આવા બલિદાનને એક યા બીજી દલીલ આગળ ધરીને તેઓ સીધી કે આડકતરી સંમતિ આપી રહ્યા હોય એમ ઉપર આપેલા તેમના વિવરણ ઉપરથી લાગે છે. કાળની આ બલિહારી છે!

આપણામાં એક બીજો વહેમ ધર્મના નામે કંઈ કાળથી પ્રચલિત છે અને તે આપણું જે કાંઈ હોય તે દેવને અર્પણ કરવાને લગતો અને આના અનુસંધાનમાં દેવમાં માનવીનું રૂપ અને ચેષ્ટાઓ કલ્પીને તેની સામે ભોગ ધરવાને લગતો.

શ્રી મુનશી જણાવે છે તે મુજબ આથી ભગવાનને ભુખ લાગે છે અને તેઓ પ્રસાદ લે છે એવી આપણને શ્રદ્ધા છે. આ વહેમને વશ થઈને નિરામિષાહારી લોકો ઢગલાબંધ શાકાહારી વાનીઓ દેવ આગળ ધરે છે અને માંસાહારી લોકો ધર્મના નામે સંખ્યાબંધ પશુઓના બલિ આપે છે અથવા તો જો તેઓ મુસલમાન હોય તો પશુઓની કુરબાની કરે છે. આપણે બરોબર જાણતા હોઈએ છીએ કે ભગવાન આવું કશું સ્વીકારતા નથી—ભગવાનની અથવા તો દેવીની કલ્પના અને આવા ભોગ કે બલિદાનને કોઈ સંબંધ નથી. આખરે જે ધરવામાં આવે છે તેનો, ધર્મના નામને આગળ ધરીને, આપણે જ ઉપભોગ કરીએ છીએ. આમ છતાં ધર્મના નામનું આ ધતીંગ જેની પાછળ પાર વિનાની હિંસા અને ઢગલાબંધ દ્રવ્યનો વ્યય થાય છે તે આપણા દેશમાં બહુ વ્યાપકપણે અને અન્ય દેશોમાં પણ અમુક પ્રમાણમાં ચાલ્યા કરે છે. આવા વહેમોથી—ખોટી ધાર્મિક માન્યતાઓથી તર્ક વિરોધી પરંપરાઓથી મુક્ત કરવાને જાણે કે મુનશીએ જન્મ લીધો છે એવી અમારી તેમના વિષે માન્યતા અને શ્રદ્ધા હતી. એ મુનશીમાં જો આજે આવું પરિવર્તન થઈ રહ્યું છે તો પછી આવા મહત્ કાર્ય માટે આપણે હવે કયાં નજર નાખીશું?

પરમાનંદ

# શ્રી બાબુભાઈ જી. શાહ
## એક પરિચય

શ્રી બી. જી. શાહના પરિચયમાં આવવાનું છેલ્લા ત્રણેક વર્ષથી બન્યું. તેમાં ખાસ અંગત પરિચય છેલ્લા બે વર્ષથી થયો છે. તેઓ ગ્રેજ્યુએટ નથી થયા, પરંતુ પોતાની બુદ્ધિચાતુરીના કારણે ઈન્કમ-ટેક્સ કન્સલટન્ટનું તેમણે ૧૮ વર્ષ પહેલા કામકાજ શરૂ કર્યું. પોતાના મીઠા અને મળતાવડા સ્વભાવને કારણે ઘણા જ ટૂંકા સમયમાં ગ્રાહકોની સારી ચાહના મેળવી શકયા અને તેમની કક્ષાના બીજા વ્યવસાયીઓ કરતાં પ્રમાણમાં તેમને સારી કમાણી થવા લાગી અને કમાણી શરૂ થતાં જેમ પૈસો એકઠો થતો ગયો તેમ તેમને તેનો બોજો લાગતો હોય એવી તેમની આંતરિક સ્થિતિ, કોઈ પૂર્વજન્મના સંસ્કારોના કારણે થવા લાગી અને એના વિષે મનમાં સતત ચિન્તન ચાલવા માંડયું અને વિચારોએ અંદર ઘમસાણ મચાવ્યું. તેના પરિણામે મન સાથે તેમણે નિર્ણય કરી લીધો કે આપણી જરૂરિયાત નક્કી કરી લેવી જોઈએ અને એ નક્કી કરેલી જરૂરિયાતથી જેટલી વધારે કમાણી થાય તેનો સંગ્રહ ન કરતાં સામાજિક કાર્યોમાં તે વધારાની આવક ખરચી નાંખવી. આવો નિર્ણય કરીને, વધારાની કમાણીનો તેમને જે બોજો લાગતો હતો તેમાંથી તેમણે મુક્તિ મેળવી, અને મન સાથે દૃઢપણે કરેલા ઉપરોક્ત સંકલ્પને તેમણે અમલમાં મુકવાની શરૂઆત કરી. તેના પરિણામ રૂપે જૈનમહિલા સમાજના મકાન ફંડમાં રૂા. ૧૦,૦૦૦નું, ઘોઘારી દવાખાનાને રૂા. ૧૦૦૦૦નું, પાલીતાણા દવાખાનાને રૂા. ૧૨૫૦૦નું દાન તેમણે કર્યું. અને સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને રૂા. ૫૧૦૦૦ કોઈ પણ જાતની શરત કર્યા સિવાય દાનમાં આપ્યા. આ ઉપરાન્ત, શ્રી મુંબઈ જૈન યુવક સંઘ છેલ્લા પાંચ છ વર્ષથી વિચારતું હતું કે સંસ્થાના કાર્યાલયની જગ્યા નાની પડે છે—સાંકડી પડે છે માટે તેણે કાર્યાલય માટે વિશાળ જગ્યાની તજવીજ કરવી જોઈએ—આ વાતની તેમને જાણ થતાં તેમણે સંઘની કાર્યવાહક સમિતિની સભામાં જાહેરાત કરી કે મકાન ફંડ શરૂ કરતા હો તો લ્યો આ મારા ફાળાનો રૂપિયા પાંચ હજારનો ચેક અને મકાન ફંડ શરૂ કરો—અને આવા પુરુષાર્થી માણસની આવી પહેલના પરિણામે આજે સંઘને અદ્યતન કાર્યાલય પ્રાપ્ત થયું છે. આ કાર્યાલયના મકાનની પ્રાપ્તિ એટલે કે તેનો કબજો લેવા વિગેરેની વિધિ પાછળ અને ત્યાર બાદ આ જગ્યાનું 'રેનોવેશન' કરાવ્યું તેને લગતા કામ પાછળ તેમણે ખૂબ જ શ્રમ લીધો હતો. ઉપરોક્ત દર્શાવેલા મોટાં દાનો સિવાય નાના નાનાં દાનો તો તેઓ ઘણાં જ કરતા રહે છે અને તે એવી શરતે કે તેમાં પોતાનું નામ ન આવવું જોઈએ—આ વાતનો હું પોતે સાક્ષી છું.

પોતાના નામની ખ્યાતિ માટે ભલભલા માણસો જયારે પડાપડી કરતાં જોવામાં આવે છે એવા આ ચાલુ કાળમાં, પોતાની પ્રસિદ્ધિ ન થાય એ શરતે—કોઈ મોટો શ્રીમંત નહિ, પણ રોજની કમાણી કરીને રોજ ખર્ચનાર એવો સામાન્ય સ્તરનો માણસ આવા દાનોનો પ્રવાહ વહેવડાવે એ પૂર્વજન્મના સંસ્કારો સિવાય બની શકે નહિ. સર્પ જેમ આસાનીથી કાંચળી ઉતારી નાંખે એટલી સાહજિકતાથી પોતાની કમાણી દ્વારા પ્રાપ્ત કરેલા હજારો રૂપિયાનો સ્વેચ્છાએ આમ ત્યાગ કરવો અને તે પણ કોઈ જાતની અપેક્ષા સિવાય—તે અત્યારના યુગમાં અસંભવિત લાગે એવી વાત ગણાય—અને એમ છતાં તે વાસ્તવિક હકીકત છે. હમણાં બાબુભાઈએ દેવનાર ખાતે એક સોસાયટીમાં બંગલો બંધાવ્યો છે—ત્યાં શ્રી મુંબઈ જૈનયુવક સંઘની કાર્યવાહક સમિતિ તથા શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહની કાર્યવાહક સમિતિના સભ્યોને સહકુટુંબ અને બીજા થોડાક પરિચિત-મિત્રોને તેમણે તા. ૧૧-૧૦-૭૦ રવિવારના રોજ નિમંત્ર્યા—પોતે આખી બસ ભાડે કરીને ત્યાં સુધી લઈ ગયા—ત્યાં બધાંને સરસ જમણ આપ્યું અને સાથે સાથે તેમના સ્વભાવ મુજબ તેમણે જાહેરાત કરી કે પ્રબુદ્ધ જીવનને હું દર વર્ષે રૂા. ૫૦૦ મારા જીવનકાળ દરમિયાન આપીશ, અને બીજી જાહેરાત કરી કે મારી પાસે મારી લાઈફ ટાઈમની રૂા. ૩૦૦૦૦- ની પોલિસી છે તે શ્રી સંયુક્ત જૈન વિદ્યાર્થીગૃહને હું assign કરું છું. આ જાહેરાત સાંભળીને મનમાંથી ઉદ્ગારો સરી પડયા કે ખરેખર આ એક વિશિષ્ટ કોટીના દાનવીર છે. દાનવીરો ઘણાં જોયાં પણ આવી વિશિષ્ટતા કયાંય દષ્ટિગોચર નથી થતી. તેમની આવી ઉદારતા માટે અને દાન કરવાના આવા પ્રકાર માટે ખરેખર તે આપણાં બધાંના અંતરના ધન્યવાદના અને અભિનન્દનના અધિકારી બને છે.

શાન્તિલાલ ટી. શેઠ

4



# શ્રી વિમલાબહેન ઠકારની નોર્વે તથા ઈંગ્લાંડની પ્રવચનયાત્રા

[ તા. ૧-૮-૭૦ના પ્રબુદ્ધ જીવનમાં શ્રી વિમળાબહેન ઠકારનો એક પત્ર પ્રગટ કરવામાં આવ્યો હતો અને તેમાં ગયા ઉનાળા દરમિયાન તેમણે કરેલ હિમાલયનાં તીર્થધામોની યાત્રાનું વર્ણન આપવામાં આવ્યું હતું. તે પત્રમાં જણાવ્યું છે તે મુજબ તેઓ અહીંથી ૧૦મી જુલાઈએ યુરોપ તરફ રવાના થયા અને હોલેન્ડ થઈને નોર્વે અને ત્યાંથી ઈંગ્લાંડ ગયા. તે દરમિયાન તેમના નિકટવર્તી મિત્ર શ્રીમતી પ્રેમલતા શર્મા જેમણે પંડિત ઑમકારનાથની નીચે સંગીતની તાલીમ લીધી છે, જેઓ ડૉ. ગોપીનાથ કવિરાજના અન્તેવાસી જેવા મિત્ર છે અને હાલ જેઓ બનારસ હિન્દુ યુનિવર્સિટીમાં સંગીત વિભાગનાં ડીન છે. તેઓ રોચેસ્ટર (ન્યુયૉર્ક) થી પાછા ફરતાં નોર્વેમાં વિમલાબહેન સાથે જોડાયાં અને તેમની સાથે નોર્વેમાં દશ દિવસ અને ઈંગ્લાંડમાં ત્રણ દિવસ ગાળ્યા તે સહવાસનાં સ્મરણો તેમણે હિંદીમાં દાદા ધર્માધિકારી ઉપર લખી મોકલેલાં. તે નોંધની નકલ મળતાં તેનો અનુવાદ કરી આપવા મેં કુમારી બહેન પુષ્પા જોષીને વિનંતિ કરી. મારી વિનંતિને ધ્યાનમાં લઈને પુષ્પાબહેને કરી આપેલો અનુવાદ પ્રબુદ્ધ જીવનના વાચકોને રસપ્રદ નીવડશે એમ સમજીને નીચે આપું છું. **પરમાનંદ** ]

કાશી વિશ્વવિદ્યાલય, વારાણસી-૫

**પૂજ્ય દાદા,**

રૉચેસ્ટર (ન્યુ યૉર્ક) વિશ્વવિદ્યાલયમાં બે મહિનાનો અધ્યાપન-ક્રમ પૂરો કરીને ભારત પાછા ફરતી વખતે નૉર્વેમાં દસ દિવસ સુધી અને માર્ગેટ (ઈંગ્લેન્ડમાં) ત્રણ દિવસ સુધી પ્રિય વિમલબહેનની સાથે રહેવાનો મને જે મોકો મળ્યો એનું કંઈક વિવરણ આપના સુધી તેમ જ વિશાળ 'વિમલપરિવાર' સુધી પહોંચાડવા માટે આ પત્ર છે.

વિમલબહેન ૨૧મી જુલાઈએ બપોરે હિલવરસમ (હૉલેન્ડ) પહોંચ્યાં હતાં. ૨૨ જુલાઈએ તેઓ ફ્રૅંકેના દમ્પતીની સાથે સ્ટીમરમાં નીકળ્યાં. ૨૪મીએ બર્ગન પહોંચીને તેઓ મોટર માર્ગે બાકીની યાત્રા પૂરી કરીને નોર્વેના ઉત્તર-મધ્ય પ્રદેશમાં 'ગાલા' નામના સુરમ્ય સ્થાનમાં તા. ૨૫મીએ પહોંચ્યાં. ત્યાં શ્રી આયનાર બીયરે પોતાનું આખું મકાન બહેનના ઉતારા માટે તૈયાર રાખ્યું હતું. ૧૫મી ઑગસ્ટ સુધી ત્યાં બહેને આરામ કર્યો. વચમાં થોડા દિવસ 'આલવદાલ'માં (નોર્વેના ઉપરના ભાગમાં) 'આયનાર બીયર'ના આશ્રમમાં પણ તેઓ જઈ આવ્યા. 'આયનાર બીયર' ૮૪ વર્ષના સરલ, ભાવિક યુવાન પુરુષ છે. જેમણે ૫૦ વર્ષ પહેલાં ભારતના એક બંગાળી સાધક શ્રી આનંદ આચાર્યના સત્સંગના પ્રભાવથી ભારતના 'હાર્દ'ને- રહસ્યને અપનાવીને નોર્વેના શરીરમાં ભારતના આત્માનું અવતરણ કરવા માટે તત્પરતા દર્શાવી હતી. સ્વામી શ્રી આનંદ આચાર્યે લગભગ ૪૦ વર્ષ પર્યંત નોર્વેમાં વેદ, ઉપનિષદાદિનો પ્રચાર કરી ત્યાં જ દેહત્યાગ કર્યો હતો. એમના જ આશ્રમમાં આયનાર બીયર હજી પણ રહે છે અને એમના ગ્રંથોનું પુનઃપ્રકાશન, વિતરણ ઈત્યાદિમાં અપૂર્વ ઉત્સાહથી મગ્ન છે. બહેનને તેમનો પરિચય ૧૯૬૬માં નોર્વેમાં એ સમયના ભારતીય રાજદૂત શ્રી આપા પન્ત દ્વારા થયો હતો. ત્યારથી તેમની બહેનની પ્રત્યે અપાર શ્રદ્ધા બેસી ગઈ છે.

૧૫મી ઑગસ્ટે ગાલામાં એક સપ્તાહના ધ્યાનશિબિરની શરૂઆત થઈ. શિબિરમાં ૨૫ વ્યક્તિ (સ્ત્રી-પુરુષ) હતી. જેમાંથી ૧૨ જ ત્રીસ વર્ષથી નીચેની ઉંમરની હતી. બાકી ૩૦થી ઉપરની હતી. ઓછી ઉંમરવાળામાં ૩ શિક્ષક અને બાકીના વિદ્યાર્થીઓ હતા. વધુ ઉંમરવાળાઓમાંથી પણ ૬ શિક્ષક હતા. નોર્વેના બધા પ્રદેશોમાંથી લોકો આવ્યાં હતાં. એટલું જ નહિ, સ્પેન, ડેનમાર્ક, ઈંગ્લેન્ડ, સ્વીડનનાં પણ થોડા લોકો સામેલ થયા હતા. નોર્વેનાં ઉપરના ભાગમાંથી "Institute for Social studies" નાં "Director" પણ આવ્યા હતા. ઉમ્મર, જાતિ, વર્ણ, ધન ઈત્યાદિ કોઈ પણ જાતના ભેદભાવ વગરના શિબિરાર્થી-મંડળમાં એક પ્રકારની સમગ્રતાનો ભાવ હતો. પ્રતિદિનિ સવારના ૧૦॥ વાગ્યાથી એક કલાક સુધી બહેનનું પ્રવચન થતું. અને ૧૧॥ થી ૧૨ સુધીનું અડધા કલાકનું મૌન રહેતું. બપોરના પાંચથી છ વાગ્યા સુધીની એક કલાકની ચર્ચાસભા રહેતી. આ કાર્યક્રમો બહેનના નિવાસસ્થાનમાં જ ચાલતાં. આયનાર બીયરના એ મકાનમાં એક મોટો ઓરડો હતો જેમાં આવી સભાઓ થતી. બહેનના પ્રવચન અને ચર્ચાસભાની વચગાળાનો જે સમય મળતો, તેમાં શિબિરાર્થીઓ આપસ-આપસમાં ચર્ચા કરતા. બહુ જ અનૌપચારિક એવા ઘરેલુ વાતાવરણમાં આ શિબિર ચાલ્યો.

હું ૧૭મી ઑગસ્ટે રાત્રે બહેનની પાસે પહોંચી હતી. ૧૮થી ૨૨ ઑગસ્ટ સુધી શિબિરમાં સામેલ રહી. ૧૯ ઓગસ્ટે સાંજની સભામાં ચર્ચાની જગ્યાએ ભારતીય સંગીતનો પરિચય આપતાં આપતાં એક સદૃષ્ટાંત વાર્તાલાપ, પ્રસ્તુત કરવાની મને તક મળી હતી. શિબિરાર્થીઓમાં જે ૧૨ યુવકયુવતીઓ હતાં તેમણે ૨૧ ઑગસ્ટની સાંજે લોકસંગીત તથા લોક-કાવ્યનો એક મધુર કાર્યક્રમ પ્રસ્તુત કર્યો.

બહેનનાં પ્રવચનો તથા ચર્ચાસભાની ગાલામાં કંઈક વિશિષ્ટતા હતી. પ્રકૃતિની ગોદમાં વસેલું ગામ, પહાડીઓ અને સરોવરોથી ઘેરાયેલો પ્રદેશ, ઉત્તરધ્રુવની નજીક હોવાને કારણે માથા પર ઝળુંબેલું ગોળ ગુમ્બજવાળું આકાશ-જાણે કે હમણાં આ છત્રી જેવા આકાશને આપણે અડી શકીશું. લીલીછમ વનરાઈ- આ બધું જોતાં પ્રાકૃતિક સૌન્દર્યને મોકળે મને લૂંટાવતી ભૂમિ હતી. યાંત્રિક સંસ્કૃતિના કોલાહલથી દૂર રહેલા હિમાલયની દિવ્યતાનું સ્મરણ કરાવનાર આ પ્રદેશ બહેનની મસ્તીને ઉભરાવા માટે સંપૂર્ણ સશક્ત હતો. એમની વાગ્ધારાની ઉન્મુક્તતા-સહજતા શબ્દાતીત હતી. એ વર્ણવવાની મારી શક્તિ નથી. ભારતીય મિત્રપરિવારને એ પ્રવચનોની 'ટેપ' સાંભળવાનો મોકો મળે એ માટે જરૂર પ્રયત્ન કરીશ. પ્રેમનું સ્વરૂપ, માનસિક પ્રક્રિયાઓની યાંત્રિકતા અને મર્યાદા, જિજ્ઞાસાનું સ્વરૂપ, 'સંગ્રહ-ત્યાગ'નું ઘર્ષણ, આંતરિક યાત્રામાં 'ગુરુ'નું સ્થાન, સ્વતંત્રતા અથવા સ્વચ્છન્દતાનું વાસ્તવિક સ્વરૂપ, કાળનું અખંડ સ્વરૂપ, એક ક્ષણમાં અનન્ત કાળનો સમાવેશ-આવા આવા ગંભીર વિષયોનું જે હળવી મધુર રીતથી થતું નિરૂપણ સાંભળવા મળ્યું, એનું વર્ણન શક્ય નથી. એવું લાગતું હતું જાણે વાગ્ધારા અદશ્ય વેગથી ફૂટતી હતી અને એને સમગ્ર રૂપમાં સમાવવી એ વક્તાને માટે મુશ્કેલ હતું. જેટલું કહેવા માંગીએ એટલું કહેવાનું તો સામાન્ય વ્યક્તિ માટે પણ ક્યારેક મુશ્કેલ થઈ પડે છે, તો પછી બહેનની સ્થિતિની તો શી વાત કરવી? શબ્દાતીતને શબ્દમાં બાંધવાનો પ્રયાસ 'यतो वाचा निवर्तन्ते'। ની સ્થિતિમાં પહોંચીને ફરી વાણીના ક્રમમાં આવવું-આ પરસ્પરવિરોધી પ્રક્રિયાને સંભાળવામાં કેટલી શક્તિનો વ્યય થતો હશે, એનો કંઈક અંદાજ આ વખતે મળ્યો. એમના શરીર પર આનો પ્રભાવ સ્પષ્ટ દેખા દેતો હતો. મૌનમાં બેસતી વખતે પણ એવો અનુભવ થયો કે પોતાની મેળે મૌનમાં બેસવું અને બહેનનાં સાન્નિધ્યમાં બેસવું-બેમાં કેટલું અંતર છે!

શિબિરાર્થીઓની જિજ્ઞાસા, સરળતા પ્રશંસનીય હતી અને સર્વોપરી હતી બહેનની સહિષ્ણુતા. ચર્ચાની મધ્યમાં ક્યારેક બહુ જ મામૂલી શી વાત પર તેઓ અટકી જતા, બહેન સમજાવતાં રહેતાં અને અધીરતા જેવું તો નામનિશાન ન હતું.

ફ્રૅંકેના દમ્પતી, બહેનની સગવડ માટે હૉલેન્ડથી પોતાની કાર પણ લાવ્યા હતા. એમના આતિથ્ય અને સ્નેહના પરિચયથી

પ્રસન્નતા થઈ. બહેનને 'વિદેશ' શું ને 'પરજન' શું? એમને માટે તો સર્વત્ર 'સ્વદેશ' અને 'સ્વજન' છે. જેમ જળનો પોતાનો કોઈ રંગ નથી, જ્યારે જે રંગ મળી જાય એ-મય તે બની જાય છે, એ રીતે બહેનનો સ્વકીય કોઈ વ્યવહાર કે પદ્ધતિ નથી. ભારત અથવા અન્ય દેશોને અનુરૂપ વ્યવહાર-પદ્ધતિ એમનામાં અનાયાસે પ્રગટ થઈ જાય છે. ભારત બહાર એમને પહેલી વાર જોયાં. ભારતમાંના એમના વિશાળ મિત્રપરિવારમાંથી વિધાતાએ મને જ સૌથી પ્રથમ આ અવસર માટે પસંદ કરી, આને માટે કોને ધન્યવાદ આપું? શું આપું? કેવી રીતે આપું? એવું લાગે છે કે જાણે સ્વપ્નમાં વિચરી રહી છું. હકીકતમાં આ બધું બની રહ્યું છે એવો વિશ્વાસ જ નથી આવતો. નોર્વેનો ઉત્તરી ભાગ આદ્ય-ઋષિભૂમિ હશે, વેદોની અવતરણ ભૂમિ હશે, લોકમાન્ય તિલકના આ અનુમાન વિષે બહેને કેટલીય વાર ઉલ્લેખ કર્યો, અને એટલું પણ કહ્યું કે આ દેશના ઉત્તરીભાગમાં હિમાલયનું સાદૃશ્ય અનુભવમાં આવે છે. સંવેદનોની સઘનતાનો પણ આવો જ પરિચય મળે છે.

બહેનની અને મારી સ્થિતિ કેટલી ભિન્ન છે? સાચું મિલન કેમ નથી થતું? આ કબીરજીના શબ્દોમાં એટલું સ્પષ્ટ સંભળાય છે કે એ શબ્દોને આપની સામે રજૂ કરવાનો લોભ છોડવો મુશ્કેલ જણાય છે. રોચેસ્ટરમાં આ પદ ભણાવતી વખતે બહેનની ખૂબ યાદ આવી હતી. ગાલામાં પહેલે જ દિવસે બહેનને કોઈ ભજન ગાવાનું કહ્યું તો આ જ પદ યાદ આવ્યું. એ જ ગાયું.:

મેરા તેરા મનુઆઁ કૈસે ઈક હોઈ રે ।
મૈં કહતા હૂં, આઁખિન દેખી, તૂ કહતા કાગદ કીં લેખી ।।
મૈં કહતા સુરઝા વનહારી, તૂ રાખ્યો ઉરઝાઈ રે ।
મૈં કહતા તૂ જાગત રહિયો, તૂ રહતા હૈ સોઈ રે ।।
મૈં કહતા નિરમોહી રહિયોં, તૂ જાતા હૈ મોહી રે ।
જગન જગન સમુઝાવત હારા, કહી ન માનત કોઈ રે ।।
સતગુરુ-ધારા નિરમલ બાહે, વા મેં કાયા ધોઈ રે ।
કહત કબીર સુનો ભઈ સાધો, તબૂ હી વૈસા હોઈ રે ।।

**કબીરના ભજનનો સાર**

મારૂં અને તારૂં મન એક કેમ કરીને થાય! તું કાગળ પર લખેલી વાત કહે છે ને હું આંખો દેખી વાત કહું છું. હું ઉકેલની વાત કરું છું ત્યારે તું ગુંચવનારી કહે છે. હું તને જાગ્રત રહેવાનું કહું છું ત્યારે તું તો સૂઈ રહ્યો છું. જ્યારે તને હું નિર્મોહી થવાનું કહું છું ત્યારે તું તો મોહી રહ્યો છે. જુગજુગથી આ વાત સમજાવાતી આવી છે પણ કોઈ માનતું નથી. સદ્‌ગુરુની જે નિર્મળ ધારા વહે છે તેમાં કાયા ધોઈ છે એમ કહીને કબીર સાધુને સંબોધીને કહે છે કે અંદરબહારનો મળ ધોવાય છે ત્યારે જ અનાવિલ થવાય છે.

વિનીતા પ્રેમલતા શર્મા

અપૂર્ણ

તા. ૧૬-૯-૭૦

## ચિંચણ-પર્યટન

આગાઉ તા. ૧૬-૯-૭૦ ના અંકમાં તા. ૧૦-૧૧ ઑક્ટોબરે ચિંચણ જવાના પર્યટનની જાહેરાત કરવામાં આવેલી અને પાછું તે સંજોગોવશાત મુલત્વી રાખવામાં આવેલ, તે ચિંચણ માટેનું પર્યટન સંઘ તરફથી સંઘના સભ્યો અને તેમના કુટુંબીજનો માટે યોજવાનું હવે નક્કી કરવામાં આવ્યું છે. તા. ૨૧ મી શનિવારે સવારના ભાગમાં મુંબઈથી નીકળવું અને તા. ૨૨ મી નવેમ્બર સાંજે યા રાત્રિના ભાગમાં મુંબઈ પાછા ફરવું - આવો આ પર્યટન અંગે કાર્યક્રમ વિચારાયો છે. વ્યકિત દીઠ રૂા. ૨૦ અને ૧૨ વર્ષની નીચેના બાળકો માટે રૂા. ૧૨ પર્યટનમાં જોડાનાર સભ્યે ભરવાના રહેશે. પ્રસ્તુત પર્યટન પરિમિત સંખ્યા માટે હોઈને પર્યટનમાં જોડાવા ઈચ્છનાર સભ્યને ઉપર સૂચવ્યા મુજબની રકમ સંઘના કાર્યાલયમાં સત્વર ભરી જવા અને પોતાનું નામ નોંધાવી જવા વિનંતિ છે.

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ.**

# એક સેવાતીર્થની યાત્રાએ-

(કેટલાએક દિવસ પહેલાં મળેલ ચિ. બહેન ગીતાનો એક પત્ર નીચે પ્રગટ કરૂં છું. પરમાનંદ)

**અમદાવાદ,** તા. ૫-૮-૭૦.

**પૂજ્ય ભાઈ,**

વચ્ચે હું પ્રવાસમાં હતી તેથી પત્ર મોડો લખું છું તો માફ કરશો.

તમને મેં અગાઉ જણાવેલું તે મુજબ હું તા. પહેલી બીજી ને ત્રીજી ઓગસ્ટે વેડછી તથા વાલોડ જઈ આવી. વેડછીના સમાજશાસ્ત્ર મહાવિદ્યાલયે આ વખતે કવિવર રવીન્દ્રનાથ ટાગોરની પુણ્યતિથિ (સાતમી ઓગસ્ટ) નિમિત્તે ટાગોર-સપ્તાહ ઊજવવું શરૂ કર્યું છે. એને અનુલક્ષીને તેમણે મને ઓગસ્ટની બીજી તારીખે આમંત્રણ આપેલું. તેમની અપેક્ષા મુજબ મારે ટાગોર વિશે કંઈક કહેવાનું, એમનાં ગીતો ગાવાનું તથા મારાં કાવ્યો-ગીતો સંભળાવવાનાં હતાં.

આ આમંત્રણ સ્વીકારતી વખતે મારા મનમાં બે પ્રશ્નો હતા. એક તો, આવા મોટા કવિવર વિશે કહેવાનું તથા એમનાં બંગાળી ગીતો ગાવાની મારી શી યોગ્યતા? એ મહાન કળાકારને લોકો સામે મૂકવા માટે મારી સાધના તદ્દન અલ્પ-નજીવી-જ છે. છતાં મને એમાં જે કંઈ રસ ને આનંદ આવે છે તેનું સંવિભાજન કરવા પૂરતી મારી ઈચ્છા-એ જ મારો અધિકાર ગણું-એમ વિચારીને થોડા ક્ષોભ સાથે મેં એમને (અને મને!) હા કહી.

બીજું, સુરત જિલ્લાને સાવ ખૂણેખાંચરે પડેલા આ ગામના આદિવાસી વિદ્યાર્થીઓને આવી ગહન વાતો તથા કાવ્યોમાં શું રસ પડશે? તેમને કંઈ ગતાગમ પડશે ખરી?-પરંતુ આ પ્રશ્નોનો જવાબ મેં એમને આધારે છોડી દીધો.

અને પહેલી તારીખે રાતે વેડછી જવા ઊપડી-વેડછી એટલે સુરત જિલ્લાનાં ઠીક ઠીક ઊંડાણમાં આદિવાસીવિસ્તારમાં આવેલું એક ગામ. શહેરી સંસ્કૃતિ તો શું-સામાન્ય જીવનજાગૃતિ પણ ત્યાં વર્ષો સુધી પહોંચી નહોતી. હજી ત્યાં જવા માટે ટ્રેન-રસ્તો નથી થયો. મહાત્મા ગાંધીજીના જીવન સંદેશોની મશાલ લઈને આપણા "જુ-કાકા" (શ્રી જુગતરામ દવે) ત્યાં છેલ્લાં ચાલીસ વર્ષોથી ઘૂમી રહ્યા છે. અને અંધારામાં સબડતા એમનાં જીવનમાં અજવાળું પ્રગટાવવા માટેની તેમની એકધારી મહેનતનાં ફળ આજે જોવા મળે છે. પરિણામે અંધારી રાતની દીપમાળા જેવા અસંખ્ય આશ્રમો ને કેળવણીસંસ્થાઓ-એ પ્રદેશમાં ઊભી થઈ છે. આ નઈ તાલીમ-બુનિયાદી તાલીમની ઉદ્યોગપ્રધાન કેળવણી આપતી સંસ્થાઓમાં વેડછી ગામે તો કૉલેજ પણ શરૂ કરી છે. એ કોલેજમાં અત્યારે લગભગ ૧૬૦ વિદ્યાર્થીઓ સમાજશાસ્ત્ર સાથે બી. એ. તથા કેળવણી સાથે બી. એડ. ની તાલીમ લઈ રહ્યા છે. આ સાથે ખેતી તથા ઉદ્યોગો પણ શીખવાય છે.-તેમને ભણવા તથા રહેવાની વ્યવસ્થા પણ સંસ્થા તરફથી ત્યાં જ થઈ છે. આ રીતે ભાઈબહેનો સાથે (પણ જુદાં જુદાં મકાનોમાં) રહે છે, છતાં તેમનાં વર્તનમાં પ્રમાણમાં સારી નિર્દોષતા ને ગંભીરતા જોવા મળે છે. ત્યાં આધુનિકતા સાથે આવતી કૃત્રિમતા ને આછકલાપણું પ્રમાણમાં ઘણું ઓછું દેખાય છે. સંસ્થાના વાતાવરણમાં જ સ્વાભાવિકતા, સચ્ચાઈ, સ્વચ્છતા ને સંસ્કારિતા તરી આવે છે. મેં મારી બેગને તાળું-ચાવી મારવા પ્રયત્ન કર્યો કે તરત મને કહેવામાં આવ્યું કે "અહીં તમારે એની ગરજ નહીં પડે. હજી સુધી અહીં કોઈનું કશું જ ચોરાયું નથી." હાશ, કેવી નિરાંત!

આ સંસ્થાની માત્ર એક દિવસની મુલાકાતમાં મેં એટલું

તો જોયું કે જુગતરામકાકાએ ખરેખર ગજબ કર્યો છે! ખૂણેખાંચરે પડેલા તદ્દન અજ્ઞાત ને પછાત આદિવાસીઓમાં નવું કૌવત, નવું જીવન ને નવી ચેતના લાવવી–એ કંઇ નાનુંસૂનું કામ નથી. અને અહીં તો આવી એક નહીં, પણ અનેક સંસ્થાઓ છે. કેવી મહાન તપશ્ચર્યા ને કેવું સુંદર એનું ફળ!

પરંતુ માત્ર એક જ પાયા પર આખી ઈમારત નથી રચાતી, એને થાંભલાઓ પણ જોઈએ છે. એમ આ કાર્યમાં પણ થાંભલાની ગરજ સારતા નિષ્ઠાવાન કાર્યકરો એમની પડખે છે. વેડછી મહાવિદ્યાલયના આચાર્ય શ્રી હર્ષકાન્ત વોરા તેમાંના એક છે. વર્ષો પહેલા અમે બેઉ (હું ને મારા પતિ) ભૂદાન યજ્ઞમાં કામ કરતાં હતાં ત્યારથી અમને એમની સન્નિષ્ઠાનો પરિચય થયેલો ખરો. આજે એ સન્નિષ્ઠા સ્થિર થઈને એક જગ્યાએ એકાગ્ર થઈ છે. દેખાવમાં તદ્દન સાદા સીધા લાગતા હર્ષકાન્તભાઈને ઘણાં વર્ષે મળતાં હજી પણ એ પહેલા જેવા જ લાગ્યા. (માત્ર થોડા વાળ ધોળા થયા છે!) પણ એમનો ખરો પરિચય તો એ બોલવા માંડે ત્યારે જ થાય. સાવ સામાન્ય હાવભાવ સાથે બોલતાં એમનાં વાકયોમાં ભારોભાર બુદ્ધિચમક ને રમૂજવૃત્તિ તરવરે! એ હર્ષકાન્તભાઈ આચાર્ય તરીકે અત્યંત સરળ લાગે, વિદ્યાર્થીઓ સાથે ઘણા પ્રેમાળ ને ઉદાર, કયાંય નીતિનિયમોની કડકાઈ કે દુરાગ્રહ નહીં કે નહીં કોઈ આદર્શોનું ચોખલિયાપણું તેમ જ સિદ્ધાંતોનું જડ પ્રદર્શન! વાતાવરણમાં નરી આત્મીયતા જ દેખાય! એમના એવા વિદ્યાલયમાં જ્ઞાન કે કળા માટે સારી તકો છે. અલબત્ત, ત્યાંનું વાતાવરણ જ્ઞાન કરતાં શ્રમ ને કર્મપ્રધાન વિશેષ લાગે છે. પરંતુ એ રીતે પણ મળતું જ્ઞાન ઓછું નથી. કળાની દષ્ટિએ સંગીત-નૃત્યની પણ ત્યાં સારી હવા છે. એના જાણકારો–જેવાં કે સંગીત સાથે એમ. એ. થયેલાં ભદ્રાબહેન - ત્યાં શીખવી રહ્યાં છે. સંસ્થાનું જીવન સાદું હોવા છતાં સંસ્થા પાસે અન્ય વાદ્યો તેમ જ ટેઈપ - રેકોર્ડર જેવી સગવડો પણ છે.

આ સંસ્થાના વિદ્યાર્થીઓને ટાગોરનાં ગીતો સંભળાવતાં મને મારી યોગ્યતા સાથે એમની પાત્રતાની પણ શંકા હતી પણ એમના વિષેની શંકા તો એમણે પણ જ્યારે મને બંગાળી ગીતો સંભળાવ્યાં ત્યારે આપોઆપ દૂર થઈ ગઈ. મારી પાસેનાં બંગાળી ગીતો સમજવા – માણવાની તેમની તૈયારી મને તરત જોવા મળી. વર્ષોથી શ્રી નારાયણ મહાદેવભાઈ દેસાઈએ તથા શ્રી જુગતરામકાકાએ સીંચેલા સંસ્કાર એનું મુખ્ય કારણ હશે. એટલે માત્ર મારો કાર્યક્રમ જ નહીં, પણ ગીતોનો પરસ્પર વિનિમય પણ થઈ શકયો. અલબત્ત, મારા કાર્યક્રમના એમના આવકાર (Response) માં કોઈ વધારેપડતી વાહ્ વાહ્ કે ઉપરછલ્લી તાળીઓ નહોતી. જે લાગે તેથી વધુ દેખાડવાનો એમનો સ્વભાવ નહોતો. પરંતુ તેમને જે કંઈ લાગતું હતું તે જોતાં મને આનંદ થતો હતો, સંતોષ થતો હતો.

આથી પણ વધુ આનંદ ને આશ્ચર્ય થયું–મારાં કાવ્યોને મળેલા આવકારથી–કવિવર ટાગોર પછી મારું કંઈ પણ રજૂ કરવું એ જ કેવું વિચિત્ર છે! (મૂર્ખાઈ તો નહીં ને?) વળી ગીતોથી ખેંચાવા માટે તો સૂરનું પણ આકર્ષણ હોય છે, જ્યારે કાવ્યથી આકર્ષાવા માટે મનની તાલીમ જોઈએ છે – જે માટે મને એમનામાં શ્રદ્ધા નહોતી. છતાં મેં જે કંઈ સંભળાવ્યું તેને – તેમાં જ્યાં જ્યાં કાવ્યતત્ત્વ હોય તેને–માણવાનો ભાવ તરત તેમના ચહેરા પર જોવા મળ્યો. કાવ્ય સાંભળતાં તેમનું તાદાત્મ્ય ને શાંતિ જોઈ ત્યારે ખરેખર આશ્ચર્ય થયું. અને એથી પણ વધુ આશ્ચર્ય, તેમનામાંથી પણ કવિઓ મળ્યા તથા તેમનાં ખરેખર સુંદર કાવ્યો સાંભળ્યાં ત્યારે થયું. કળાની સૂઝનો કે સંગીતનાં સૂરનો ઈજારો શહેરીઓ જ રાખે તે કયાં સુધી ચાલી શકે?

બીજે દિવસે પાછા વળતાં મારે વાલોડમાં પણ થોડો સમય આપવો પડયો. ત્યાં પણ શાળામાં આ જ રીતે એક (સમયને અભાવે નાનકડો) કાર્યક્રમ થયો. ત્યાંના સંગીતમય વાતાવરણથી તો હું તેરચૌદ વર્ષ પહેલાં પરિચિત થયેલી - આજે એ છાપ વધુ સુદઢ થઈ. સુગમ સંગીતના વિકાસમાં અહીંની કોઈ પણ સંસ્થાથી તેઓ પાછા પડે એમ નથી–એવું હું ખાતરીપૂર્વક કહી શકું.

આમ હૃદયમાં ભરેલી શ્રદ્ધા ને સંતોષને વાગોળતી વાગોળતી હું ઘેર પાછી ફરી. રસ્તામાં માનવપ્રકૃતિની સુંદરતાને પૂરક એવી નિઃસર્ગપ્રકૃતિ પણ રમ્યપણે છવાઈ ગયેલી. શહેરીજીવનની શુષ્કતામાં કદી કલ્પી પણ ન શકાય એવી અત્યંત રમણીય હરિયાળી વિશાળ પટે પથરાઈ હતી. એ "લીલાની લીલા" મનભરીને જોયાં જ કરું ને તોયે ધરાઉં નહિ એવી અદ્‌ભુત હતી. વર્ષાગાને ઝરમર ઝરમર વર્ષતાં મેહુલા સાથે મારું હૃદય પણ મસ્ત બનીને નાચવા માંડતું હતું. એની મૃદુ મધુરતા કંઈક ઓર જ હતી. મનમાં સહજભાવે ટાગોરનું ગીત રણકી ઊઠતું–

"હૃદય આમાર નાચે રે આજી કે
મયૂરેર્ મત્ત નાચે રે!"

ભાઈ, મનને પ્રસન્નતાથી ભરી દેવા માટે આથી વધુ શું જોઈએ?!

**ગીતાના પ્રણામ.**

## 'અગ્નિપરીક્ષા' ગેરકાયદે જાહેર કરતા મધ્યપ્રદેશની સરકારના અન્યાયી પગલાનો જાહેરવિરોધ

ગયા આકટોબર માસની ૯ મી તારીખ શનિવારના રોજ, આચાર્ય તુલસી રચિત 'અગ્નિપરીક્ષા' ઉપર મધ્યપ્રદેશની સરકારે જે કાનૂની પ્રતિબંધ મૂકયો છે તે સામે વિરોધ દાખવવાના હેતુથી મુંબઈની 'ધી ઈન્ડિયન કમિટી ફોર કલ્ચરલ ફ્રીડમ' એ નામની જાહેર સંસ્થાએ પ્રિન્સિપાલ શ્રી અમૃતલાલ યાજ્ઞિકના પ્રમુખપણા નીચે એક જાહેર સભા ભરી હતી. આ સભામાં ધર્મયુગના તંત્રી શ્રી ધર્મવીર ભારતી, જાણીતા સોલીસીટર શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ તથા પ્રસિદ્ધ સામાજિક કાર્યકર અને શિક્ષણશાસ્ત્રી શ્રી એ. બી. શાહે પ્રવચનો કર્યા હતા. પ્રમુખસ્થાનેથી શ્રી અમૃતલાલ યાજ્ઞિકે વિચારપ્રેરક ઉપસંહાર કર્યો હતો અને નીચે મુજબનો ઠરાવ સભાએ પસાર કર્યો હતો:

"મધ્યપ્રદેશની સરકારે આચાર્ય તુલસી રચિત અગ્નિ પરીક્ષાને ગેરકાયદેસર જાહેર કરેલ છે – આ હકીકતની મુંબઈના શહેરીઓની આજે મળેલી સભા ઊંડા ખેદ સાથે નોંધ લે છે.

"જે સરકાર લોકશાહીના સિદ્ધાંતને વરેલી છે તે સરકાર ઊંચું સાહિત્યિક મૂલ્ય ધરાવતી એક કાવ્યકૃતિ ઉપર આવો કાનૂની પ્રતિબંધ મૂકે એ ભારે ચિન્તા ઉપજાવે તેવી બાબત છે. આપણા દેશનું સાંસ્કૃતિક જીવન જ્યારે રાજકારણી તકવાદના ખ્યાલોથી વધારે ને વધારે રંગાતું રહ્યું છે તેવા આજના સમયે મધ્યપ્રદેશની સરકારનું આ પગલું એક ખતરનાક વલણનો નિર્દેશ કરી રહેલ છે.

"મુંબઈના શહેરીઓની આ સભા મધ્યપ્રદેશની સરકારના ધ્યાન ઉપર આ બાબત લાવવા માગે છે કે વિચારોની મુકત અભિવ્યકિત મુકત સમાજનો પાયો છે અને 'અગ્નિપરીક્ષા' સામે લેવાયલું તેનું પગલું એક સુધરેલ સરકારને હિણપત આપે તેવું છે. આ સભા મધ્યપ્રદેશની સરકારને આ પગલું વિનાવિલંબે પાછું ખેંચી લેવા વિનંતિ કરે છે અને ભારત સરકારને વિનંતિ કરે છે કે તે સરકાર મધ્યપ્રદેશની સરકારને તેની આ ભૂલ સુધારી લેવા માટે સમજાવવાની દિશાએ પોતાની લાગવગનો જરૂરી ઉપયોગ કરે."

# ❊ સંયુકત રાષ્ટ્રોની રજત્ જયન્તી ❊

શ્રી મુંબઈ જૈન યુવક સંઘના આશ્રય નીચે શ્રી પરમાનંદ કાપડિયા સભાગૃહમાં શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રમુખપણા નીચે સંયુકત રાષ્ટ્રસંસ્થાની રજત્ જયન્તી દિનના અનુસંધાનમાં શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતાનું એક જાહેર વ્યાખ્યાન તા. ૨૪-૧૦-૭૦ના રોજ યોજવામાં આવ્યું હતું.

શ્રીયુત જી. એલ. મહેતાએ જણાવ્યું હતું કે "પરમાનંદભાઈએ આજના વ્યાખ્યાન માટે મને નિમંત્રણ આપેલું, પરંતુ તેઓ બહારગામ ગયા હોવાથી હાજર નથી રહી શકયા, પરંતુ તેમના નિમંત્રણને હું હંમેશાં સહર્ષ સ્વીકારતો હોઉં છું – તેમની સાથેનો મારો સંબંધ ૫૦ વર્ષ જૂનો છે. તેઓ ભાવનગરના અને હું પણ ભાવનગરનો–પરંતુ મને મોટું આકર્ષણ તો તેમની નિડરતા અને પ્રમાણિકતાનું રહ્યું છે. આવા માણસો અત્યારે બહુ ઓછા જોવા મળે છે. આજે તેમના નામ સાથે સંકળાયેલા "પરમાનંદ કાપડિયા સભાગૃહ"માં આવ્યો છું. તેને એક લ્હાવો સમજું છું."

ત્યાર બાદ આજના વિષય ઉપર બોલતાં તેમણે જણાવ્યું કે "આપણે ઐતિહાસિક રીતે અહિંસક હોવાનો દાવો કરીએ છીએ તે સત્યથી વેગળો છે. દરેક માણસના સ્વભાવમાં હિંસા અને અહિંસા બન્ને રહેલાં છે. પણ જો માણસ ફકત હિંસા તરફ જ દોરવાય તો તો અરસપરસની હિંસાથી બધાનો નાશ થાય-એટલે અહિંસાનો સંદેશો ફેલાવનારા મહાનુભાવો અવારનવાર સમાજમાં જન્મ લેતા હોય છે, જેમકે હાલના યુગમાં ગાંધીજી, થોરો, માર્ટીન લ્યુથર કીંગ, વિગેરે થઈ ગયા. ઈંગ્લાંડ જેવા દેશમાં યુદ્ધો ચાલતા હોય છે ત્યાં પણ યુદ્ધનો વિરોધ કરીને જેલમાં જનારા પણ જોવા મળે છે. જેમ ચાલુ સમાજમાં ત્રીજા માણસનો ન્યાય સ્વીકારવામાં આવતો હોય છે, તેમ રાજયોએ પણ આ વલણ રાખવું જોઈએ.

"લીગ ઑફ નેશન્સની ૧૯૧૪માં સ્થાપના થઈ અને તે વીસ વર્ષ ચાલી – આંતરિક કારણોને લીધે તેનું વિસર્જન થયું.

"ત્યાર બાદ ૧૯૪૫ની ૨૪મી ઑકટોબરે સંયુકત રાષ્ટ્રસંસ્થાની સ્થાપના થઈ. આજે આખી દુનિયામાં તેની રજત્ જયન્તી ઉજવાઈ રહી છે. આની સ્થાપના પાછળ પ્રેસિડેન્ટ રૂઝવેલ્ટનો મુખ્ય ફાળો હતો. આને લગતું ખતપત્ર તૈયાર કરવામાં આવ્યું ત્યારે ૫૦ રાષ્ટ્રો તેના સભ્ય હતા. તેમાં મુખ્ય રાષ્ટ્રો હતા – અમેરિકા, રશિયા, અને ચીન (ફોર્મોસા). આજે તેના ૧૨૬ રાષ્ટ્રો સભ્યો છે. આ રાષ્ટ્રસંસ્થામાં ચીન જેવું મોટું રાજ્ય નથી તે એક અપવાદ કહેવાય. અત્યારના ચીનને સભ્ય બનાવવા માટે દર વર્ષે ઠરાવો લાવવામાં આવે છે પરંતુ તેમાં અમેરિકા નડતરરૂપ રહે છે– પરંતુ હવે તેના ટેકેદારો વધતા જાય છે અને બેએક વર્ષમાં ચીનને સભ્ય બનાવવું પડે એવી પરિસ્થિતિ પેદા થાય.

"સ્વીટ્ઝરલેન્ડ જેવું રાષ્ટ્ર યુનોનું સભ્ય નથી, પણ તે તેના નિરિક્ષકને મોકલે છે.

"યુનોની જનરલ એસેમ્બલીમાં નાના કે મોટા દરેક રાજયોને એક મતનો સમાન હક્ક છે.

"સલામતી સમિતિના ૧૧ સભ્યો છે, જેમાં પાંચ મહારાષ્ટ્રોને કાયમી સભ્યો ગણવામાં આવે છે અને તેમને વીટો વાપરવાની સત્તા આપવામાં આવેલ છે. આ પાંચમાંથી કોઈ પણ એક આ વીટોનો ઉપયોગ કરીને ગમે તે ઠરાવને રદબાતલ કરી શકે છે. આ વીટો પાવરનો ઉપયોગ અમેરિકાએ કદિ કર્યો જ નથી. જયારે રશિયાએ એકસો તેર વખત, ફ્રાન્સે ત્રણથી ચાર વાર અને ઈંગ્લેન્ડે બેએક વખત અને ફોર્મોસાએ એક વખત કરેલ છે.

"આ સંસ્થાના ઉદ્દેશો છે – આન્તરરાષ્ટ્રીય શાંતિ અને સલામતી જાળવવી, હિંસાત્મક બળનો ત્યાગ કરવો–રાષ્ટ્રોની આંતરિક બાબતોમાં ડખલગીરી કરવાને લગતી તેને સત્તા નથી. આના કારણે ઘણા પ્રશ્નોનો નિવેડો આવી નથી શકતો–જેમકે, કાશ્મિર–ગોવા–ઈઝરાયલ-ઈજિપ્ત વિગેરે.

"ત્યાં જે પ્રતિનિધિઓ વક્તવ્યો કરતા હોય છે તે પોતાના દેશને લક્ષ્યમાં રાખીને જ કરતા હોય છે,–જ્યાં સુધી રાષ્ટ્રવાદ પ્રથમ છે ત્યાં સુધી આ ચાલવાનું છે. પરંતુ ગમે તેમ પણ જે ચર્ચાઓ કરવામાં આવે છે તેનાથી દુનિયાનો લોકમત ઘડાઈ રહ્યો છે. ૨૫ વર્ષમાં શાંતિ જાળવવા માટેના ઘણા પ્રયત્નો તેણે કર્યા છે–સાથે સાથે કેટલાક પ્રશ્નોમાં તેણે આંખઆડા કાન પણ કર્યા છે –જેમકે નિ:શસ્ત્રીકરણના પ્રશ્નમાં આ સંસ્થા સફળ નથી થઈ શકી.

"મોટા રાજ્યો પોતાને જરૂર હોય ત્યારે જ તેનો આશરો લે છે, નહિ તો તેને ગણકારતા નથી હોતા. આ સંસ્થાનો મુખ્ય હેતુ તો વિશ્વશાંતિ જાળવવાને લગતો છે – એની સફળતાનો આધાર તેના સભ્યો ઉપર છે. આ સંસ્થાની રચના સત્તાના નિયંત્રણ માટે થઈ છે.

"આજે આ સંસ્થાની હયાતી ન હોય તો શું થાય? એવો પ્રશ્ન દરેકને થાય છે. હવે પછીના યુદ્ધમાં બધા જ રાષ્ટ્રો સંકળાયલા હશે–અને મોટી ખુવારીનો તેમાં ભય રહેલો છે–તેથી માનવજાતિનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે આ સંસ્થાની મોટી ઉપયોગિતા છે. માટે સંસ્થાને મજબૂત બનાવવી હોય તો નાના નાના રાજયોએ પણ લડવાનું બંધ કરવું જોઈએ–તો તેમની એકતા દ્વારા પોતાનું બળ તેઓ વધારી શકશે અને આ સંસ્થા પણ એ કારણે સુદઢ બનશે."

ત્યાર બાદ શ્રીયુત ચીમનભાઈ ચકુભાઈ શાહે પોતાના અનુભવો ટાંકતા જણાવ્યું હતું કે, "તેમને પણ ૧૯૫૩માં ભારતના પ્રતિનિધિમંડળના એક સભ્ય તરીકે યુનોની એક પરિષદમાં જવું પડયું હતું, ત્યારે આ સંસ્થાની કાર્યપદ્ધતિનો સારો એવો અનુભવ પ્રાપ્ત થયો હતો. તેમણે જણાવ્યું કે જ્યારે કોઈ પણ રાષ્ટ્રનું પ્રતિનિધિમંડળ ત્યાં જાય છે ત્યારે તેને બ્રીફ તૈયાર કરીને આપવામાં આવે છે–તેની બહાર જઈને તેનો કોઈ પણ સભ્ય કાંઈ વધારે બોલી શકતો નથી. તેમણે કહ્યું કે યુદ્ધના દૈત્યથી માનવજાતને બચાવવા માટે આ સંસ્થાની સ્થાપના કરવામાં આવી છે. જ્યાં સુધી મનુષ્યમાં હિંસા–અહિંસા, સત્ય-અસત્ય, શાંતિ–અશાંતિના દ્વંદ્વો ચાલુ હશે ત્યાં સુધી આવી સંસ્થાની જરૂરત રહેશે. જો આ સંસ્થા એવો નિર્ણય કરી શકે કે, કોઈ રાષ્ટ્ર બીજા કોઈ પણ રાષ્ટ્રને શસ્ત્રો વેચી નહિ શકે તો તેણે એક મહત્ત્વતી સિદ્ધિ પ્રાપ્ત કરી ગણાશે."

સંકલન : શાન્તિલાલ ટી. શેઠ

## જીવન – એક અનુભવ

નવમી આકટોબર! આજે 'સાહેબ'ની–મારાં પતિની–વર્ષગાંઠ નિમિત્તે મિત્રોને ઘેર ન બોલાવતાં બીજા એક મિત્રને ત્યાં બધા મિત્રોએ ભેગા થવું એમ નક્કી કર્યું. આનંદપૂર્વક પ્રેમનું ભેળ જમીને, ફ્રૂટનો મુખવાસ લઈને સૌ રાત્રે ૧૦ વાગે છૂટા પડયા. એક મિત્રની ગાડીમાં અમે 'લીફ્ટ'લીધી. મરીનડ્રાઈવનાં મેન રોડ પર ગલીમાંથી નીકળીને અમારી ગાડી વળાંક લેવા માટે જરા વાર સેન્ટરમાં રોકાઈ ત્યાં તો જમણી બાજુથી આવી રહેલી એક ગાડીવાળો પૂરી બ્રેક મારી ન શકયો અને ધડમ કરીને અમારી ગાડી સાથે અથડાઈ પડયો.

જીવનનો અકસ્માત સર્જાયો. એક ક્ષણમાં ન કલ્પેલું બની ગયું. ગાડીમાં બેઠેલા બધાને મનમાં થયું કે "બસ ગયા!!"

અકસ્માતનું ભાન થતાંની સાથે જ આંખો બંધ કરીને મેં જીવનની સમાપ્તિનો અનુભવ કર્યો. એ અનુભવમાં પ્રથમવાર જ જીવનની સ્વીકૃતિ હતી – અને સમાપ્તિ પણ હતી – જીવનની સમાપ્તિમાં મેં એક પ્રકાશનો અનુભવ કર્યો. જે પ્રકાશના આધારે જીવન પ્રગટે છે તેનો અદ્ભુત અનુભવ કર્યો. એ કોઈ જુદો જ અનુભવ હતો. એક ક્ષણ માટે જીવનનો સંદેશ હતો. સમાપ્તિમાં પરિતૃપ્તિ હતી. સાથે સાથે નવી તાજગી–તેજ–સાથે જીવનને આગળ ધપાવવાનો આનંદ પણ હતો.

ઈશ્વરનો આભાર – તાજગીભર્યું જીવન જીવવાની એક નવી તક આપવા માટે; મિત્રોને દશમી ઓકટોબરની સવારે 'ગુડ મોર્નિંગ' કરી શકાયું તે માટે.

નિરુબહેન સુબોધભાઈ શાહ

# ☆ શિશુવત્સલ શ્રી નર્મદાબહેન રાવળ ☆

(જેમનું જીવન પ્રારંભથી જ અનેક પ્રતિકુળ સંયોગોના કારણે રૂંધાતું રહ્યું હતું તેવાં નર્મદાબહેન આ સંયોગોનો એક યા બીજી રીતે સામનો કરીને તે સામે ઝુઝીને કેવાં ઉપર ઉઠે છે અને ધ્યેયનિષ્ઠ બનીને જીવનને કેવી રીતે ધન્ય બનાવે છે, સુવર્ણ-મિશ્રિત મટોડું ધોવાઈ ધોવાઈને અને અગ્નિમાંથી તવાઈ તવાઈને કેવું શુદ્ધ કાંચન પ્રગટ કરે છે તેનું દર્શન કરાવતી શ્રી નર્મદાબહેન રાવળની જીવનકથા, નર્મદાબહેન રાવળ (બા ફૈ) સ્ત્રીઓની હૉસ્પિટલ અને કમળાબહેન ભગવાનજી પરીખ પ્રસૂતિગૃહના તા. ૨૩-૮-૭૦ના રોજ ઉદ્‌ઘાટન પ્રસંગે પ્રગટ કરવામાં આવેલ 'સોવેનીર'માંથી, સાભાર ઉધ્ધૃત્ત કરું છું. આ જીવનકથામાંથી કુટુંબ અને સમાજની રૂઢિઓ અને પૂર્વગ્રહો નીચે કચડાઈ રહેલી બહેનોને આશાનાં બે કિરણો જરૂર પ્રાપ્ત થશે એવી આશા છે.

આહિં જણાવવું પ્રસ્તુત થશે કે જેને માબાપના અભાવમાં શ્રી નર્મદાબહેને ઉછેરીને મોટો કર્યો તથા ભણાવ્યો તે ભાઈ જનાર્દન રાવળ આજે અમદાવાદના કલેકટરપદે નિયુકત થયેલ છે. પરમાનંદ)

રૂઢિપરંપરાની સાંકળોમાં, કળાભિમાનના વ્યવહારોની જટિલતામાં જકડાયેલાં, ખાનદાનીના ખોટા ખ્યાલોમાં સપડાયેલાં સુશીલ કુટુંબોમાં પણ સમાજના રિવાજોના ભોગ બનેલાં પુત્ર-પુત્રીઓ, બહેનો માતાઓની અસહ્ય યાતનાઓ અને બલિદાનોની કથાઓ હિંદુ સમાજમાં એકેએક ઘરમાંથી મળે છે; છતાં પણ રાજ્ય, જ્ઞાતિ, વડીલો, વિદ્વાનો કે આચાર્યો તેનું નિવારણ કરવા અસમર્થ અને લાચાર રહ્યાં છે અને પેઢીઓ સુધી અસંખ્ય નિર્દોષોના સામાજિક ભોગ લેવાયા છે. કોઈ પ્રબળ પુણ્યપ્રભાવે જ થોડાક જીવો સંસારના કેટલાક ત્રાસદાયક પ્રતિકૂળ સંજોગોમાંથી પોતાના આત્મબળે તરીને, એ જ સમાજની સેવા કરતા પોતાના જીવનને સાર્થક કરી જીવી ગયા છે તેમાંના એક શ્રી નર્મદાબહેન રાવળ છે.



ગુજરાતમાં શિશુશિક્ષણનો નવો યુગ પ્રવર્તાવનાર સ્વ. ગિજુભાઈ બધેકાના પહેલી હરોળના સાથીઓ જેવાં—શ્રી તારાબહેન મોદક, સ્વ. શ્રી મોંઘીબહેન બધેકા વગેરે સાથીઓમાં શ્રી નર્મદાબહેનનું નામ છે. ગિજુભાઈની બાળશિક્ષણ પ્રણાલીને પૂર્ણ આત્મસાત કરી મુંબઈમાં સ્વ. શ્રી મગનભાઈ વ્યાસે સ્થાપેલી ફેલોશીપ સ્કૂલનાં એક બાળમંદિરના સફળ સંચાલક તરીકે કામ કરી, મેડમ મોન્ટેસરી પદ્ધતિના જાણકાર મિસ મેકોનકીની પ્રશંસા અને ચાહ મેળવનાર નર્મદાબહેનનું જીવન સંસારની કટોકટીમાંથી અગ્નિપરીક્ષા પસાર કરી આજે સ્વસ્થ અને શાંત નિવૃત્ત જીવનમાં પરિવ્યાપ્ત થયું છે. તેમનું દષ્ટાંત અનેક બહેનોને ઉપકારક અને પ્રોત્સાહિત બનાવશે.

તેમનો જન્મ ભાવનગરના કુલીન બ્રાહ્મણ કુટુંબમાં માતા ઊજમબાની કૂખે સને ૧૮૯૫માં થયો હતો. પિતા સ્વ. મહાશંકરભાઈ રંક અવસ્થામાંથી સ્વાશ્રય—બળે પોસ્ટ ઑફિસની નોકરીમાંથી આગળ વધ્યા હતા અને શ્રી નર્મદાબહેન તેમના સ્વ. રતિભાઈ, શ્રી રવિભાઈ અને સ્વ. પ્રાણશંકરભાઈ-એમ ત્રણ સુશીલ ભાઈનાં ખોટની એક જ બહેન હતાં.

માતાપિતાએ એમને કેળવણી આપવાને ઘણી કાળજી લીધી હતી, પણ એ જમાનાની રૂઢિ પ્રમાણે પૂરી થઈ શકી નહિ, લગ્ન-વય-મર્યાદા તેર વર્ષની હોવાથી માત્ર ચાર ગુજરાતી ચોપડી સુધીનો અભ્યાસ તેઓ કરી શકયાં. લગ્ન પછી દૈવયોગે એમને સાસરવાસમાં કોઈપણ જાતની અનુકૂળતા મળી નહીં અને ઘણા વિકટ સંજોગો પ્રાપ્ત થયા. થોડા જ વર્ષોમાં સાસરાના સંબંધથી તેમને વિમુકત થવું પડયું; શરીર પર ઘણી આપત્તિ કરવી પડી, અને સદાને માટે પિતાને આશ્રયે રહી પોતાનો જીવનમાર્ગ શોધી લેવાનો પ્રયત્ન કરવો પડયો. છેવટે અભ્યાસ ફરી શરૂ કર્યો. રાજકોટ જઈ ફાઈનલની પરીક્ષા પાસ કરી. તેમાં તેમણે પ્રથમ શ્રેણીમાં આવી તેમની બુદ્ધિની પ્રતિતી કરાવી. પછી આગળ અભ્યાસ કરવાની ઈચ્છા હોવા છતાં સમાજના બંધનોને કારણે કુટુંબ વિરુદ્ધ જઈ શકયાં નહિ.

આ દરમિયાન કુટુંબમાં નાનાભાઈ-પ્રાણશંકરભાઈનાં પત્ની એક બાળક મૂકીને ગુજરી જતાં તે બાળકની સારસંભાળનો ભાર તેમણે ઉપાડી લીધો. તેમાં એ પ્રકારે તેમના વાત્સલ્ય અને મમત્વનો ઉદય થયો. જાણે વિધિનિર્માણ હોય તેમ સ્વ. ગિજુભાઈએ થોડા જ વખતમાં જબરજસ્ત અંતઃપ્રેરણાથી અને મોન્ટેસોરીનાં ગ્રંથો વાંચીને બાળજગતની સેવા કરવા બાળમંદિરની સ્થાપના કરી.

ગોહિલવાડના વિદ્યાધામ જેવા ભાવનગરમાં તખ્તેશ્વર પ્લોટ જેવા સ્વચ્છ, નિર્મળ અને રમણીય ભાગમાં બાળકોની સુષુપ્ત શકિત પાંગરવાને માટે દક્ષિણામૂર્તિ ભવનના આંગણામાં બાળમંદિરની સ્થાપના સ્વ. ગિજુભાઈ દ્વારા થઈ હતી.

ભાવનગરના સદ્‌ભાગ્યે પાયાથી માંડીને ઉચ્ચ કેળવણી સુધીનો સતત વિચાર કરનારા ત્રણ પ્રખર શિક્ષણશાસ્ત્રીઓ—શ્રી નાનાભાઈ, શ્રી હરભાઈ અને શ્રી ગિજુભાઈ હતા. તે ત્રણેની વિદ્વત્તા અને કેળવણીના નૂતન પ્રયોગોએ ભાવનગરને જ નહિ, પરંતુ દૂર દૂરના દેશોને આકર્ષણ કર્યું હતું. તેમાંના શ્રી હરભાઈ આજે પણ શિક્ષણના સતત વિકાસની ઝંખના કરી રહ્યા છે. આજે સ્વ. નાનાભાઈ અને સ્વ. ગિજુભાઈ આપણી વચ્ચે નથી, પરંતુ તેઓ બન્ને કેળવણીના પ્રખર હિમાયતી હતા અને દક્ષિણામૂર્તિના પ્રાણસમા એ બન્ને શિક્ષણશાસ્ત્રી હતા. શિક્ષણમાં ધરખમ સુધારા કરી બાળકોનાં શરીર, મન, હૃદય અને બુદ્ધિનો સર્વાંગી વિકાસ તેઓ ઈચ્છતા હતા. બન્નેએ જીવનના અંતિમ દિવસો સુધી તેમના જીવનધ્યેયને ઉજ્જવળ બનાવ્યું.

સ્વ. ગિજુભાઈએ, ડૉ. મોન્ટેસોરીના પુસ્તકોનો ઊંડો અભ્યાસ કર્યો. 'બાળકોના જીવનવિકાસ' આડે આવતા શિક્ષણના જૂનવાણી વાતાવરણને ઊડાવી દીધું. બાળકોને 'સ્વતંત્રતા અને સ્વયંસ્ફુરણા આપવાથી તેઓનાં જીવન ગુલાબના ફૂલ પેઠે વિકસે છે' તે વિચાર

તેમણે ગુજરાતમાં સૌથી પહેલો વહેતો મૂકયો. 'બાળકોના વ્યકિતત્વને માન આપો, શિક્ષકોએ તો માત્ર માળી જ બનવાનું છે, તે તેમણે સમજાવ્યું.

આથી બાળશિક્ષણના પાયાથી નવીન વિચાર આવ્યો. તેમણે રૂંધાઇ જતાં બાળકોનાં જીવનમાં ચેતના જગાડી; બાળમંદિરોમાં આનંદ અને ઉલ્લાસનું વાતાવરણ સર્જ્યું.

સ્વ. ગિજુભાઇ અને સ્વ. નાનાભાઇ એક વાર નર્મદાબહેનના બાપુજી પાસે આવ્યા અને તેઓએ બાપુજીને કહ્યું કે 'બા ફઇ' અમને સોંપી દો. (ભાઇઓના છોકરાઓ નર્મદાબહેનને 'બા ફઇ' નામથી બોલાવે, તેથી નર્મદાબહેન ભાવનગરમાં 'બા ફઇ' તરીકે જાણીતાં થયાં છે). બાપુજીને દુભાયેલી દીકરી માટે ખૂબ મમતા વાત્સલ્ય અને પ્રેમ હતો જ; તેથી પોતાની નજર સમક્ષ બહેન રહે તેમ તેઓ ઇચ્છતા હતા. તેમાં અનુકૂળ માર્ગ જડયો, તેથી બાપુજીએ બહેનને સ્વ. ગિજુભાઇને સોંપ્યાં. ગિજુભાઇએ 'બા ફઇ'ની જીવનદષ્ટિ ફેરવી નવો અવતાર આપ્યો. ગિજુભાઇ સાથે કામ કરતાં કરતાં તેમણે બાળશિક્ષણનો પ્રત્યક્ષ અનુભવ લીધો. તેમનું જીવન બાળકોમય બન્યું. તેઓ પણ બાળશિક્ષણના શૈક્ષણિક ચિકિત્સક બન્યાં અને ભાવનગરના આ ઉજ્જવલ કારકીર્દિવાળા બાળમંદિરના સંચાલનનું એક પ્રેરક બળ બન્યાં. આ સંસ્થામાં રહીને એમણે મોન્ટેસોરી સિદ્ધાંતોનો પૂરો પરિચય મેળવ્યો; એટલું જ નહિ, પણ બાળકો સાથેના વ્યવહારમાં પૂર્ણ સાક્ષાત્કાર કર્યો. ગિજુભાઇની પ્રેરણા, પ્રેમ અને પ્રોત્સાહનથી તેમનો બાળશિક્ષણનો અભ્યાસ પાકો થયો. નર્મદાબહેનના માનસિક વિકાસમાં ગિજુભાઇનો ફાળો ઘણો છે. ઉપરાંત નર્મદાબહેનની નિસર્ગદત્ત બુદ્ધિ, કાર્યશકિત, હૈયાઉકલત અને ઊંડી સૂઝ અને નવું જ્ઞાન પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છાથી પોતાનો વિકાસ સ્વબળે ઘણો સાધી શકયાં.

નર્મદાબહેન વારંવાર ગિજુભાઇને કહેતા 'ભાઇ, મને અધ્યાપનમંદિરમાં સૌને આપો છો તેવું પ્રમાણપત્ર આપો ને?' ગિજુભાઇ હસીને કહેતા કે, 'બહેન, તમારું કાર્ય જ તમારું પ્રમાણપત્ર છે, તમારા માટે કાગળ ઉપર લખેલા પ્રમાણપત્રની કશી જરૂર નથી.' અને બન્યું છે પણ એવું જ.

અત્યારે મુંબઇની ફેલોશીપ હાઇસ્કૂલ વિશાળ વૃક્ષ બનીને ફાલી છે, તે 'ફેલોશીપ'નો પાયો નાખનાર તેના પ્રિન્સિપાલનો સ્વ. શ્રી મગનભાઇ વ્યાસ (એમ. ટી. વ્યાસ) નો ગિજુભાઇ ઉપર પત્ર આવ્યો કે સારા સંસ્કારી અને બાળશિક્ષણના અભ્યાસી એક બહેન અમારા બાળમંદિર માટે મોકલી આપો.' ગિજુભાઇએ તરત જ 'બા ફઇ'નું નામ સૂચવ્યું. 'બા ફઇ' ને પૂછતાં તેમણે હા પાડી, કારણકે, નર્મદાબહેનની ઇચ્છા પણ સ્વતંત્ર રીતે પોતાની શકિતનો વધુ વિકાસ બાળ–ઉપયોગ સંસ્થામાં કરવાની હતી; આથી તેઓ તેમના ભાઇ રવિભાઇ સાથે મુલાકાત માટે મુંબઇ જવા ઊપડયાં.

ફેલોશીપ હાઇસ્કૂલનો ભપકો, શિક્ષકો અને શિક્ષિકાઓનો દમામભર્યો પહેરવેશ ઉપરાંત ધમધમતું વાતાવરણ જોઇને સાદાં અને જાડી ખાદીધારી નર્મદાબહેન અચકાયાં.

ત્યાં મોન્ટેસોરી પ્રણાલિના નિષ્ણાત એક આઇરીશ બહેન- મિસ મેકોનકી બાળવિભાગનાં મુખ્ય હતાં. તેઓ અંગ્રેજી જ જાણતાં હતાં. ફૂલ જેવાં કોમળ બાળકોને અંગ્રેજીમાં વાર્તા કહેતાં અને સુંદર પોષાકથી સજજ એવાં એક પારસી બહેન તેનું ગુજરાતી કરતાં હતાં. શ્રીમંત અને સંસ્કારી કુટુંબનાં બાળકો ત્યાંના બાળમંદિરમાં આવતાં. બા ફઇએ ત્યાંની આ બંધ બારણે અપાતી શિક્ષણપદ્ધત્તિ જોઇ, અને ભારે વિમાસણમાં પડી ગયાં. સ્વ. ગિજુ–ભાઇનું મુકત હવામાં મઘમઘતું, બાળકો સાથે નાચતું અને નચાવતું–સ્વતંત્ર સાહજિક અને સ્વયંસ્ફૂરિત વાતાવરણ કયાં? અને કયાં આ ચાર દીવાલો વચ્ચેનું શિક્ષણ?

'બા ફઇ'એ તો શ્રી મગનભાઇ વ્યાસને કહી દીધું કે 'મને અહીં નહિ ફાવે.' શ્રી વ્યાસભાઇ પોતાની શાળાનો સર્વાંગી વિકાસ સાધવા માગતા હોવાથી અને પોતે શિક્ષણના પાકા જ્ઞાતા અને માણસની શકિતના પારખુ હોવાથી, તેમણે વિચાર્યું કે, 'મુ. ગિજુ–ભાઇએ મોકલેલ બહેન કાંઇ કમ હોય?' તેઓએ નર્મદાબહેનને બે દિવસ વધુ રોકાઇ જવા આગ્રહ કર્યો, અને જે જે ત્રુટિઓ લાગે તે લખી આપવા કહ્યું. નર્મદાબહેન નીડર અને સ્પષ્ટ વકતા હતાં એટલે એક લાંબા ચોડા કાગળમાં બાળશિક્ષણ કેવી રીતે અપાય તે મુદ્દાસર લખીને આપ્યું.

મગનભાઇ ખુશ થયા અને તેનું અંગ્રેજી રૂપાંતર કરીને મિસ મેકોનકીને સમજાવ્યું. મિસ મેકોનકી ખેલદિલ હતાં. તેથી બધી વાતમાં 'Yes,' 'Yes,' કરીને ભૂલો સ્વીકારી લીધી. આ હતો તેમનો બાળશિક્ષણની ઊંડી સમજ અને હૈયા–ઉકલતવાળા શિક્ષણનો વિજય!

શ્રી મગનભાઇ વ્યાસ હતાં શિક્ષણશાસ્ત્રના નિષ્ણાત. હવે એ કાંઇ નર્મદાબહેનને છોડે? પરંતુ બાપુજીની રજા લીધા વગર નર્મદાબહેન કયાંથી હા પાડી શકે? તેઓ ભાવનગર ગયાં અને બાપુજીને બધી વાત કરી. તે સમયે બાપુજી દરબારી બેંકમાં મેનેજર હોવાથી તેમની જાહોજલાલી અને આર્થિક સ્થિતિ બહુ સારી હતી, એટલે નર્મદાબહેનને કમાવા માટે કયાંય બહાર મોકલે તેવું ન હતું; પરંતુ સંસારથી દુભાયેલી પુત્રીને મનનું સમાધાન રહે અને જીવનસાર્થકતા પામે એ જ હેતુ હતો. નર્મદાબહેનને પણ અંદરથી કોઇ અદમ્ય જુસ્સો પ્રેરણા આપણો હતો. બાપુજી ભાવનગર દરબાર બેન્કના મેનેજર હતા તેથી તેમને વારંવાર 'દરબાર બેન્ક'નું ભરણું ભરવા મુંબઇ જવું પડતું. શ્રી મગનભાઇ તેમને મળ્યા અને બાપુજીને કહ્યું કે 'રવિભાઇની જેવો જ મને માની, નર્મદાબહેનને મારે ત્યાં કામ કરવાની તક આપો.

શ્રી વ્યાસભાઇની વાતોથી બાપુજી સંતોષાયા અને નર્મદાબહેન પંચોતેર રૂપિયાના પગારથી ફેલોશીપમાં કામ કરવા જોડાયાં. તેઓને પગારની પડી નહોતી, માત્ર જીવન કોઇક વ્યવસાય માગી રહ્યું હતું. તે વખતે ગ્રેજ્યુએટ કે એમ. એ. થયેલાને પાંત્રીસથી સાઠ રૂપિયા પગાર મળતો હતો. શ્રી મગનભાઇએ, મુંઝવતા પંદર તોફાની બાળકો નર્મદાબહેનને સોંપ્યા. નર્મદાબહેન પણ ભારે જબરાં! બાળકોને કારાગાર જેવી ચાર દીવાલોમાંથી મુકત કરી, તેમને હવાવાળા પ્રફુલ્લિત બગીચાના મઘમઘતા વાતાવરણમાં લઇ આવ્યાં અને પ્રાર્થના, ગીતો અને રસિક વાર્તાઓથી તેમને અભિમુખ કર્યા. એમની સાથે ખેલ્યાં. તેમણે બાળકોની નાડ હાથમાં લીધી. બાળકો નર્મદાબહેનમય બન્યા. પછી બાળકોની સાહજિક શકિતનો વિકાસ થાય તે રીતે બાળકોને વ્યવસ્થિત કર્યાં અને વર્ગની સુંદર સજાવટ કરી.

શ્રી વ્યાસભાઇએ બાળવિકાસમાં બધાં સાધનો પૂરાં પાડયાં. નર્મદાબહેનના જીવનધ્યેયની સર્વાંગી પ્રગતિમાં શ્રી મગનભાઇનો ફાળો પણ છે. તેઓના કુટુંબે પણ નર્મદાબહેનને કુટુંબના એક અંગ તરીકે ગણી પૂરતી સગવડ આપી હતી. તેમણે બાળકોમાં થતાં શારીરિક અને માનસિક ફેરફારોની સુંદર અને વિગતપૂર્ણ રોજની ડાયરી લખીને દરેક બાળકની એટલી સૂક્ષ્મ અને ઝીણવટભરેલી વિગતો લખી હતી, કે શ્રી મગનભાઇએ તેમની શાળાના ગ્રેજ્યુએટ શિક્ષકોને પણ તે નોંધ જોવા કહ્યું હતું.

ડૉ. મોન્ટેસોરી પાસે જઇ (ઇટાલીમાં) અભ્યાસ કરવાની નર્મદાબહેનની તીવ્ર ઇચ્છા હતી, અને પ્રત્યક્ષ અનુભવ લેવાના કોડ પણ હતા. નર્મદાબહેન માટે ઇટાલી જવાની શિષ્યવૃત્તિની પણ સ્વ. પટ્ટણીસાહેબે હા પાડેલી. પટ્ટણીસાહેબ સ્રીશિક્ષણના પ્રખર હિમાયતી હતા.

પણ પછી એવી પરિસ્થિતિ સર્જાઇ, કે નર્મદાબહેનને પોતાની

લાગણી અને મહેચ્છાઓ બાજુએ મૂકીને, આવા વાતાવરણમાંથી કુટુંબના બધાની સુશ્રુષા અને આશ્વાસન માટે ભાવનગર પાછા આવી કાયમી નિવાસ કરવો પડયો.

આ દરમિયાન કુટુંબમાં મોટી આપત્તિ એ હતી કે મોટાભાઈ રતિભાઈના પત્નીનું મગજ સાવ અસ્થિર બનવાથી, તેમને બીજીવારનું લગ્ન કરાવ્યું હતું. આ ગાંડા બનેલાં ભાભીને ઘરમાં સાચવી રાખવાની ચિન્તા બાને ત્રાસજનક હતી, તેમાં નાનાભાઈ પ્રાણભાઈને ગંભીર બીમારી આવી અને અનેક ઉપાયો કરવા છતાં તેમનો જીવનદીપ અકાળે - ભરયુવાનીમાં - બુઝાઈ ગયો. આખાયે કુટુંબમાં વિષાદ અને વેદનાની ઘેરી છાયા ફેલાઈ ગઈ. નવી નાની વિધવા ભાભી અને સુખી માતાપિતાનું જીવન દુ:ખમાં પરિણમ્યું. માતા–પિતા વિનાના નબળા અશકત બાળક જનુને જોતાં જ અમારા સૌનાં હૈયાં દ્રવી ઊઠતાં. બાળવિધવાનું દુ:ખ બાથી સહન થઈ શકયું નહિ એટલે આઘાતને કારણે એમના શરીરને ઘસારો લાગ્યો, અને તેઓ બહુ વહેલાં મૃત્યુ પામ્યાં. નર્મદાબહેનને માથે કૌટુંબિક આપત્તિનો પહાડ તૂટી પડયો. પૂ. બાપુજીનાં હૈયાધારણ અને આશ્વાસન માટે ફરી ભાવનગરમાં આવીને તેમને વસવાટ કરવો પડયો.

પૂ. બાપુજીના એકલવાયા અને વેદનાભર્યા જીવનમાં આશ્વાસન ઉપરાંત ઘરનો મોભો ટકાવી રાખવાની અને ઘરની વ્યવસ્થા જાળવવાની મોટી જવાબદારી તેમના ઉપર આવી પડી. આવા અનેક કારણોને લીધે એમનાં આંતર વિવાદો અને અભિલાષાઓને હોમી તેઓ કુટુંબની બધી ફરજો સંભાળવા લાગ્યા. સાંસારિક વ્યવહારમાં તેમની ઉદાસીનતા અને જીવનની નિરાશાઓમાં કાંઈક રાહત આપવાના ઉદ્દેશથી, તેમના પિતાશ્રીએ જયારે તખ્તેશ્વર વિસ્તારમાં નવું મકાન કર્યું ત્યારે તેમણે ત્યાં એક બાલગૃહ કરવાની અનુમતિ અને સગવડ પણ આપી.

ગુજરાતમાં ૧૯૩૪ થી ૧૯૩૬ સુધી એકે વ્યવસ્થિત બાલગૃહ હતું જ નહિ. એવું બાલગૃહ ખોલવાનો વિચાર નર્મદાબહેનને પહેલવહેલો આવ્યો અને તેમણે પિતાની અનુમતિથી બાલગૃહ ખોલ્યું. તેમાં માતા પિતાને મુંઝવતા કોયડારૂપ બાળકો બહારગામથી પણ આવ્યા. આમાંના તોફાની બાળકોને અનુકૂળ અનેક નાનાં મોટાં સાધનો વસાવી તેમના જીવનવિકાસને માટે રાત દિવસ તેમણે ખૂબ પરિશ્રમ વેઠયો, અને બાળકોમાં જ ખોવાઈ ગયાં.

એક વાર આ બાલગૃહનાં બાળકોને લઈને નર્મદાબહેન ગોપનાથના દરિયા કિનારે ગયાં. બાલગૃહનાં બાળકો સાથેની નર્મદાબહેનની એકરૂપતા અને તન્મયતા ભાવનગરના સદ્‌ગત મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીએ જોઈ. (તેઓ પણ ગોપનાથના દરિયા કિનારે તે સમયે હવા ખાવા આવ્યા હતા.) બાળકો વિશેની નર્મદાબહેનની લાગણી અને વિરલ સમજ તથા હૃદયની કુમાશ જોઈ તેઓશ્રીનું ધ્યાન તેમની તરફ ગયું, એથી પોતાના યુવરાજ તથા અન્ય બાળકોમાં સંસ્કારનું સિંચન નર્મદાબહેન જેવાં સાદાં, સંસ્કારી, સંયમી અને પવિત્ર બહેનને સોંપવા વિચાર્યું. આજના ભાવનગર નરેશ શ્રી વીરભદ્રસિંહજીના સંસ્કારી જીવનનો પાયો નાખવામાં નર્મદાબહેનનો પણ ફાળો છે. રાજમહેલ નિલમબાગમાં બાળમંદિરની યોજના ઘડાઈ, અને નર્મદાબહેને બાળકોમાં નીડરતા, સાદાઈ અને સંસ્કારીતાના ઉચ્ચતમ ગુણો રેડયા.

૧૯૩૯ માં બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું, એના ઓળા સારા ભારત ઉપર પડયા. તે વખતે સ્વ. અનંતરાય પટ્ટણીએ નર્મદાબહેન, સાગરિકા બહેન અને વસુબહેનની દેખરેખ નીચે તાત્કાલિક સારવાર અને ત્રણ માસના નર્સિંગ કૉર્સ માટે બહેનોને તૈયાર કરવા સૂચન કર્યું, તેમાં શિક્ષિકાબહેનો અને ઉચ્ચ અમલદારનાં પત્નીઓ પણ જોડાયાં. આ તાલીમ વર્ગમાં સૌની સાથે નર્મદાબહેન પણ હૉસ્પિટલમાં જઈ વૉર્ડોમાં પાટાપિંડી વગેરે કામ કરવા લાગ્યાં. તેમનું વ્યકિતત્વ જ એવું છે કે, તેમની સાથે કામ કરવામાં સૌ ગૌરવ સમજતાં હતાં.

નર્મદાબહેનની ઈટાલી જવાની ઇચ્છા અધૂરી રહી હતી. ડૉ. મોન્ટેસોરી હિંદમાં આવ્યાં અને મદ્રાસમાં મોન્ટેસોરી વર્ગ શરૂ કરવા વિચાર્યું, એટલે તેમની જૂની મહેચ્છા જાગૃત થઈ, અને તેઓ તાલીમ મેળવીને આવ્યા પછી તેમને જે નવું નવું જાણવા મળેલુ તેનું સતત ચિન્તન તેઓ કર્યા કરતાં હતાં.

નર્મદાબહેનના બંગલામાં એક નોકર કુટુંબ રહેતું હતું. તેમના બાળકને રોજ વિચાર આવે કે 'બા ફૈ 'ને ત્યાં બે ઝેરણી છે તે, બા, તું કામ કરવા જા ત્યારે એક લેતી આવજે ને? સવાર પડે અને દૂધ દેવા દૂધવાળો આવે. વાટકીમાં દૂધ લેવા બાળકો દોડે, દૂધવાળો ધુત્કારી કાઢે. નર્મદાબહેનને ઊંઘ ઓછી, તેથી બંગલામાં રહેનારનું નિરીક્ષણ કર્યા જ કરે. તેઓએ દૂધવાળાને કહ્યું કે, 'તારે રોજ એ છોકરાંઓને દૂધ આપવું અને એના પૈસા મારી પાસેથી લેવા.' આ જ બાળકે એકવાર તેની માતાને કહ્યું કે, 'બા, મને બાલમંદિરમાં મોકલને?' તેની બાએ જવાબ દીધો કે, 'આપણે ફીના પૈસા કયાંથી કાઢીએ?' બાળક બોલ્યો, 'બા ફઈના કબાટમાં તો ઘણા રૂપિયા છે, તું એમાંથી લેતી આવજે ને?' શુદ્ધ દિલની માતાએ બાળકને 'કોઈનું કશું જ ન લેવાય' તેમ સમજાવ્યું.

ઉપરના બાળકના કિસ્સા ઉપરથી નર્મદાબહેનને સામાન્ય જનતા અને મજૂર વર્ગના બાળકો માટે બાલવાડી અને બાલમંદિરનો વિચાર આવ્યો. તેમણે પોતાના બંગલા પાસેની જમીનમાં પોતાને ત્યાં પડેલાં બધા સાધનો લઈને એવા બાળમંદિરની શરૂઆત કરી. આજે સામાન્ય લોકોનાં બાળકો ખૂબ જ રસથી બીજા બાળમંદિરના જેવી વિના ફીએ ત્યાં તાલીમ મેળવે છે અને બાળકો એ આનંદવાટિકામાં આનંદ કરે છે.

આ બાળમંદિર ઉપરાંત આજે તેઓએ તખ્તેશ્વર વિસ્તારમાં મહિલામંડળ ઊભું કર્યું છે અને તેઓ પ્રમુખ છે. આજના ભીષણ જીવનવિગ્રહમાં બહેનો પણ કાંઈક કમાય અને ઘરમાં સારી રીતે પેટપૂરતું ખાઈ શકે, એ ઉદ્દેશથી નાના પાયા ઉપર નાના હસ્તઉદ્યોગો શરૂ કર્યા છે.

અસત્ય, દંભ, આડંબર કે દેખાદેખી તેઓ જરાયે સહન કરી શકતાં નથી. છેલ્લા ચાલીસ વર્ષમાં અનેક જાતના પહેરવેશ અને કાપડની જાતો આવી અને ગઈ, પરંતુ તેમનો સાદો પહેરવેશ એનો એ જ રહ્યો છે. રોજ જાતે કાંતે છે, ખાદીધારી છે, આછકલાઈભર્યા આ યુગના વર્તન અને પહેરવેશ જોઈ ઘણીવાર અકળાય છે.

સહાયકર્તા તરફ તેમનો ઊંડો સ્નેહ અને સમભાવ છે. તેથી જ તેમનાં કાર્યમાં સતત સૌ મિત્રોની મદદ મળી છે. તેમનું વાચન વિશાળ છે. એથી પ્રાચીન અને અર્વાચીન સાહિત્યનો સુમેળ તેઓ સાધી શકયાં છે.

વિશાળ કુટુંબ પરિવાર વચ્ચે વર્ષો સુધી આદરને પાત્ર રહેવું, એ સહેલી વાત નથી. બાળકોથી માંડીને સૌની વચ્ચે કિલ્લોલ કરવો અને કરાવવો તે કળા તેમને સાધ્ય છે. આજે પણ તેઓ વિશાળ કુટુંબ વચ્ચે ગૌરવથી જીવન માણી રહ્યાં છે. અને ઈશ્વર જયાં સુધી કર્તવ્ય કરાવે ત્યાં સુધી કામ કરવા ઝંખી રહ્યા છે.

આજે પણ તેમનામાં આત્મગૌરવનું ઓજસ તરવરે છે. સ્વબળે જ આત્મોન્નતિ કરી તેઓએ જવલંત સફળતા પ્રાપ્ત કરી છે. તેમનું વ્યકિતત્વ નિરાળું છે. આવા સાદા, સરળ, સેવાભાવી, સંસ્કારી, સંયમી, કાર્યદક્ષ અને પવિત્ર નર્મદાબહેનનું ઉચ્ચ જીવન, જીવનના અંતિમ દિવસો સુધી સ્વસ્થ રહી બીજાને માર્ગદર્શન આપતું રહે એ જ જગનિયંતાને પ્રાર્થના.

શાન્તાબહેન શાહ

# પર્યુષણ વ્યાખ્યાનમાળા દરમિયાન સંઘની વિવિધ પ્રવૃત્તિઓને મળેલું અર્થસિંચન

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

૩૪૫૪ ઝોળીમાં આવ્યા
૫૦૦ શ્રી કેશવલાલ તલકચંદની કું. હા. શ્રી. કાન્તીભાઈ
૫૦૦ „ દીપચંદ લક્ષ્મીચંદ સંઘવી
૨૫૧ „ ખીમજી માડણ ભુજપુરીઆ
૨૫૧ „ વી. નરભેરામ એન્ડ કું.
૨૫૧ „ મણિલાલ વીરચંદ મેઘજી
૨૫૧ „ એક સદ્ગૃહથ તરફથી (૧૫૦ વૈદ્યકીય રાહતમાં)
૨૫૧ „ ગીરજાશંકર ઉમિયાશંકર મહેતા
૨૫૦ „ તારાબહેન ચંદુલાલ ઝવેરી
૨૫૦ „ બરાર ટ્રેડીંગ કું.
૨૦૧ „ દાદર હિંદમાતા કટપીસ કાપડબજાર એસોસીએશન
૨૦૧ „ રમાબહેન એચ. ઝવેરી
૨૦૦ „ તારાચંદ ધનજીભાઈ
૧૫૧ „ વિજયાબહેન દુર્લભજી પરીખના સ્મરણાર્થે
૧૫૧ „ મણિલાલ કે. શાહ
૧૫૧ „ મોહનલાલ છોટાલાલ શાહ
૧૫૧ „ મુગટભાઈ વોરા
૧૫૧ „ એક બહેન
૧૫૧ „ વીસનજી નરસી વોરા
૧૫૦ „ એક સદ્ગૃહસ્થ
૧૫૦ „ એક સદ્ગૃહસ્થ
૧૦૧ „ ભગવાનદાસ પોપટલાલ
૧૦૧ „ કે. એમ. દિવાનજી
૧૦૦ „ મહાસુખલાલ ભાઈચંદ
૧૦૨ „ સમરતબહેન ચંદુલાલ શાહ
૧૦૧ „ ચંદ્રકાન્ત મહેતા
૧૦૧ „ તેજસી માડણ છેડા (વૈદ્યકીય રાહતમાં)
૧૦૧ „ ગણપતલાલ મગનલાલ ઝવેરી
૧૦૧ „ ચન્દ્રાબહેન મુગટલાલ શાહ
૧૦૧ „ ન્યાલચંદ જીવણલાલ પારેખ
૧૦૧ „ નવલચંદ અભેચંદ મહેતા
૧૦૧ „ ઘેલા કુરપાળ
૧૦૧ „ પ્રેમજી પુંજા
૧૦૧ „ એક સદ્ગૃહસ્થ
૧૦૧ „ લીલાધર પાસુ શાહ
૧૦૧ „ ડૉ. ચીમનલાલ શ્રોફ
૧૦૧ „ પી. ડી. શાહ (પાર્કીન બ્રધર્સ)
૧૦૧ „ બિહારીલાલ બી. મહેતા
૧૦૧ „ કાન્તીલાલ એમ. શાહ
૧૦૧ „ એક સદ્ગૃહસ્થ
૧૦૧ „ ચનાભાઈ ધારસી
૧૦૧ „ મોંઘીબહેન હીરાલાલ શાહ
૧૦૧ „ કલ્પદ્રુમ ટ્રેડીંગ કું.
૧૦૧ „ કલ્ચરલ બુક ડેપો
૧૦૧ „ લખમસી નેણસી
૧૦૧ „ પી. બી. શાહ - કલકત્તાવાળા
૧૦૧ „ ડૉ. મણિલાલ બી. શાહ
૧૦૧ „ નૌતમલાલ દીપચંદ શાહ
૧૦૧ „ લલિતાબહેન નૌતમલાલ શાહ
૧૦૧ „ સ્વ. અંબાલાલ ચતુરભાઈ શાહના સ્મરણાર્થે તેમના કુટુંબીજનો તરફથી
૧૦૧ „ છગનલાલ અમુલખ શાહ
૧૦૧ „ ચંચળબહેન ટી. જી. શાહ
૧૦૧ „ એ. જે. શર્મા
૧૦૧ „ માણેકલાલભાઈ
૧૦૧ „ વીરુબહેન ઝવેરી
૧૦૦ „ રતિલાલ ઝાટકિયા
૧૦૧ „ યુનિવર્સલ ઈન્ડસ્ટ્રીયલ કોર્પોરેશન
૧૦૧ „ જયન્તિલાલ અંબાલાલ શાહ
૧૦૧ „ ઉર્મિલાબહેન જયંતિલાલ શાહ
૧૦૧ „ મિનેશચન્દ્ર જયંતિલાલ શાહ
૧૦૧ „ સ્વ. સૌ. પાર્વતીબહેન અંબાલાલ શાહના સ્મરણાર્થે તેમનાં કુટુંબીજનો તરફથી
૧૦૦ „ મંગળજી ઝવેરચંદ મહેતા (૫૦ વૈદ્યકીય રાહતમાં)
૧૦૦ „ રમણલાલ અમૃતલાલ શાહ
૭૫ „ એક સદ્ગૃહસ્થ
૫૧ „ મણિબહેન સવચંદ કાપડિયા
૫૧ „ દેવચંદ રવજી ગાલા
૫૧ „ એસ. એમ. મેઢ
૫૧ „ હીરાલાલ ગાંધી
૫૧ „ સેવંતીલાલ ખેમચંદ
૫૧ „ જયન્તિલાલ જે. શાહ
૫૧ „ સુધાબહેન અરૂણકુમાર
૫૦ „ નેમચંદ નાથાલાલ
૫૧ „ ડૉ. એસ. કે. પરમાની
૫૧ „ નરશી કોરશીની કું
૫૧ „ મૂળચંદ નાલાલ શાહ
૫૧ „ પ્રવિણચંન્દ્ર રમણલાલ
૫૧ „ રાજેન્દ્ર અમૃતલાલ
૫૧ „ રમણલાલ લાલભાઈ લાકડાવાળા
૫૧ „ વિનોદચંન્દ્ર એન. દોશી
૫૧ „ કે. એમ. શાહ
૫૦ „ રમણિકલાલ પ્રભુદાસ
૫૧ „ ગીરગામ કેમિસ્ટ
૫૧ „ આર. કે. શાહ
૫૧ „ જયન્તીલાલ પી. શાહ
૫૧ „ પ્રવિણચન્દ્ર હેમચંદ
૫૧ „ ભવાનજી રવજી
૫૧ „ જયન્તીલાલ કાળીદાસ
૫૧ „ હીરાલાલ અનોપચંદ
૫૧ „ એમ. કાન્તિલાલની કું.
૫૧ „ દીપચંદ ત્રીભોવનદાસ શાહ તથા પ્રો. રમણલાલ ચી. શાહ
૫૧ „ અજિતભાઈ દેસાઈ
૫૧ „ ડૉ. ભાણજી ઉમરસી ગડા
૫૧ „ વેસ્ટર્ન રબ્બર ઈન્ડસ્ટ્રીઝ
૫૧ „ લાભુભાઈ જી. મહેતા
૫૧ „ નરેન્દ્ર નથવાણી
૫૧ „ સુનંદાબહેન વોરા(અમદાવાદ)
૪૧ „ હીંમતલાલ લાડકચંદ વોરા
૪૦ „ કસ્તુરીબહેન મૈશેરી
૩૬ „ આણંદજી ગોવિંદજી
૩૧ „ જમનાદાસ જે. શાહ
૩૦ „ ગીરધરલાલ છોટાલાલ
૨૫ „ મેનાબહેન નરોત્તમદાસ શેઠ
૨૫ „ લવણપ્રસાદ ફુલચંદ શાહ (૧૦ વૈદ્યકીય રાહત) (૧૦ વાચનાલય-પુસ્તકાલય)
૨૫ „ મનુભાઈ રાયચંદ સંઘવી
૨૫ „ વિષ્ણુપ્રસાદ ન. દેસાઈ
૨૫ „ કાન્તિલાલ છોટાલાલ
૨૫ „ ધીરજલાલ મલુકચંદ
૨૫ „ એચ. દીપચંદ એન્ડ કું.
૨૫ „ જગજીવન પોપટલાલ શાહ
૨૫ „ દીનકરલાલ લક્ષ્મીચંદ કોઠારી
૨૫ „ મગનલાલ રવજીભાઈ
૨૫ „ દલપતલાલ કેશવલાલ
૨૫ „ શારદાબહેન પ્રદ્યોત દોશી
૨૫ „ એમ. કે. શેઠ
૨૫ „ વિનોદ ટ્રેડીંગ કું.
૨૫ „ જયાબહેન શાહ
૨૫ „ મુકતાબહેન લાભુભાઈ સંઘવી
૨૨ „ જી. ડી. દફતરી
૨૧ „ ડૉ. હસમુખલાલ સી. કુવાડીઆ
૨૧ „ ધરમચંદ નાથુભાઈ શાહ
૨૧ „ માણેકલાલ એસ. શાહ
૨૧ „ એક બહેન તરફથી
૨૧ „ હર્ષદરાય ત્રંબકલાલ
૨૧ „ સુરેન્દ્ર મણિલાલ
૨૦ „ એક સદ્ગૃહસ્થ
૨૧ „ અમુભાઈ બી. દોશી
૧૫ „ રમણીકલાલ વાડીલાલની કું.
૧૫ „ આણંદ ગોવિંદજી શાહ
૧૫ „ જીતેન્દ્ર કાન્તિલાલ શાહ
૧૧ „ સુખલાલ મનસુખલાલ મહેતા
૧૧ „ મનસુખલાલ છોટાલાલ શાહ
૧૧ „ હીરજી ખીમજી ગાલા
૧૧ „ શકિતદલ
૧૧ „ જયન્તીલાલ એસ. ઓઝા
૧૧ „ નવનિતલાલ એ. શાહ
૧૧ „ તરૂણા વીપીન શાહ
૧૧ „ એક સદ્ગૃહસ્થ
૧૧ „ લીલાબહેન
૧૧ „ ગુણવંતીબહેન ચીનુભાઈ ચોકસી
૧૧ „ વેણીબહેન કાપડિયા
૧૧ „ અમરચંદ ચંદુભાઈ ઝવેરી
૧૧ „ ગુણવંતીબહેન છોટાલાલ
૧૧ „ એક સદ્ગૃહસ્થ
૧૧ „ વાડીલાલ ઉત્તમચંદ
૧૧ „ નાનાલાલ જમનાદાસ
૧૧ „ હસમુખરાય એન્ડ કું.
૧૦ „ બાબુભાઈ કેશવલાલ
૧૦ „ રાજેન્દ્ર ઝવેરી
૧૦ „ સુરેશ પી. સોનાવાલા
૧૦ „ નર્મદાબહેન રાવળ (ભાવનગર)

૧૫૦૫૧

તા. ક. વાચનાલય-પુસ્તકાલયને મળેલી ભેટની રકમોની યાદી આવતા અંકમાં પ્રગટ કરવામાં આવશે.—મંત્રીઓ

# આજની જીવનસંધ્યામાં ભાદ્રપદની સંધ્યાનાં રંગરોશનીનો અભાવ કેમ જણાય છે?

મારી આજની ઉમ્મર અને શારીરિક પરિસ્થિતના સંદર્ભમાં સમગ્ર જીવનની ભાત કાંઈક આ પ્રમાણે બદલાયલી હું અનુભવું છું:

પહેલાં શરીર અને મન પ્રમાણમાં ઘણા વધારે સશક્ત હતાં અને વ્યાપાર–વ્યવસાય સાથે એક યા બીજા પ્રકારની સામાજિક પ્રવૃત્તિઓમાં મન સતત સંલગ્ન રહેતું અને સમય ભરેલો લાગતો. આજે શરીર તથા મન બન્નેની શકિત ઘટી છે; વ્યાપાર–વ્યવસાયથી તદ્દન નિવૃત્ત થયો છું; નવરાશ વધી છે; આંખોની નબળાઈના કારણે વાંચન પણ બહુ થઈ શકતું નથી. મળવા આવનાર ઘટતા જાય છે; મળવા જવાનું પણ કમી થતું જાય છે, પરિણામે ઘણી વખત એકલતા, શૂન્યતા મનને બેચેન બનાવે છે. પહેલાં મૃત્યુનો ભાગ્યે જ વિચાર આવતો; આજે મૃત્યુ જાણે કે સમીપ ઊભું હોય એમ લાગે છે. એ મૃત્યુ આવવાનું હોય ત્યારે ભલે આવે, પણ કોઈ કોઈ સમવયસ્ક સ્વજનોની શારીરિક અવશતા જોતાં રખેને મારે પણ આવી યાતનામાંથી પસાર થવું પડે એવી ભીતિ ચિત્તને કદિ કદિ સ્પર્શી જાય છે. પહેલાં પ્રસન્નતા–અપ્રસન્નતાનો બહુ વિચાર જ નહોતો આવતો. વર્તમાનમાં જીવતો હતો અને વર્તમાન ભર્યું ભર્યું લાગતું હતું. આજે અવારનવાર સરી જતી ચિત્તની પ્રસન્નતાને ટકાવી રાખવા પ્રયત્નશીલ બનવું પડે છે, આગળનાં વર્ષો દરમિયાન ધ્યાન પ્રાર્થના પ્રત્યે મોટા ભાગે ઉપેક્ષા સેવેલી હોઈને આજે તે દિશાનો પ્રયત્ન હોવા છતાં કોઈ ધારી નક્કર સફળતા મળતી નથી. અંગ્રેજી કહેવત છે કે spirit is willing, flesh is weak: અન્તર્ગત ચેતના સતત જાગૃત–કર્મલક્ષી હોવા છતાં, શરીર ગતિશીલ થવાની જાણે કે ના પાડે છે.

આ પ્રમાણે મારી આન્તર–બાહ્ય અંગત પરિસ્થિતિનું રૂપ નજીકના મિત્રો ઉપરના પત્રોમાં અવારનવાર છૂટુંછવાયું અભિવ્યકત થતાં ઉત્તર રૂપે મળેલા તેમના જવાબોમાંથી થોડુંક તારવીને નીચે આપું છું. એ ઉપરથી જેમનું જીવન આજ સુધી એકધારું વ્યવસાયપરાયણ રહ્યું છે પણ આજે જેઓ લગભગ નિવૃતિપરાયણ જીવન ગાળે છે તેવી વૃદ્ધાવસ્થા પસાર કરતી વિશેષ કોટિની વ્યકિતઓના માનસની પ્રબુદ્ધ જીવનના વાંચકોને કંઈક ઝાંખી થશે.

**સ્વામી આનંદ** કોસબાડ હીલથી જણાવે છે કે: "આપણે બધા જ હવે અસ્તાચળે પૂગી ગયા છીએ. તમે તો હજુ પણ આટલો બધો કર્મયોગ કરી રહ્યા છો, પણ હું તો સાવ મિત્રોને અને સમાજને માથે જ પડયો છું એમ ઘણી વાર લાગી આવે છે. Man must not outlive his utility. Everyone must make room for better man. (પોતાની ઉપયોગીતાથી માણસે વધારે જીવવું ન જોઈએ. દરેક માનવીએ વધારે સારા માનવી માટે જગ્યા કરવી જોઈએ.) આવા વિચાર ઘણી વાર વિષાદ જન્માવે છે, પણ શું થાય? પ્રભુઈચ્છાને આધીન રહીને દિવસો પૂરા કરવા રહ્યા."

**પ્રિન્સિપાલ શ્રીપતરાવ જુન્નરકર** પૂનાથી લખે છે કે: વાર્ધક્ય સંબંધે તમે દર્શાવેલ વિચારો મને પણ ત્રસ્ત કરી રહ્યા છે. મૃત્યુ તો માથા ઉપર તત્પર જ છે અને કયારે હલ્લો લાવશે તેનું તો કાંઈ જ કહી ન શકાય. પરંતુ આ ઉમ્મરે મને કે તમને મૃત્યુનો ભય નથી એમ કહીએ તો પણ ચાલે. ભીતિ લાગે છે વાર્ધક્યની, દેહ અસ્વસ્થ, અકાર્યક્ષમ અને ખાસ તો અવશ અને પરવશ બની જાય તેની. ઈશ્વર આપણને એવી સ્થિતિમાં ન મૂકે એવી પ્રાર્થના!"

તેજ પત્રમાં મારા બે પૌત્રો ઉચ્ચ શિક્ષણ માટે ગયા ઓગસ્ટમાં અમેરિકા ગયા તેનો ઉલ્લેખ કરીને તેઓ જણાવે છે કે, "આજના જમાનામાં આપણા પૌત્રો અમેરિકા ઉચ્ચ શિક્ષણ માટે અમેરિકા જવા લાગ્યા છે. આનંદ છે. દુનિયા વહી રહી છે. આપણે હાલતાં ચાલતાં નીકળી જઈએ તો છૂટયા. એક ખ્રિસ્તી ભકતની પ્રાર્થના છે કે, "Now let thy servant depart, Oh Lord; for, he has seen thy power and thy glory," "તો પછી, ઓ ઈશ્વર! આ તારા અનુચરને હવે વિદાય આપ; કારણકે તારી સત્તાને અને તારા મહિમાને તેણે બરોબર નિહાળી લીધાં છે."

**શ્રી રવિશંકર રાવળ** અમદાવાદથી લખે છે કે: "તબિયતની બાબતમાં તમારી જેવા જ વિચારો મને આવે છે. મારું બ્લેડપ્રેશર કોઈ રીતે સરેરાશ સમતોલ રહ્યું નથી. દા. ત. બે દિવસથી ૨૦૦ આસપાસ રહે છે. દવા અને સંભાળના ટેકે દિવસો વટાવતો રહું છું. દરમિયાન બે કામ કરતા મિત્રો ગયા. એક જયન્તી દલાલ અને બીજા શ્રી ડૉલરરાય માંકડ, અને હું હજુ અસ્તિત્વ સાચવી રહ્યો છું એ જ નવાઈ છે. મનને સર્વ રીતે સમાધાન આવી ગયું લાગે છે. ઊંડે ઊંડે પ્રગાઢ નિદ્રા અને સમાધિની ઝંખના રહે છે, જાણે કે એ વિના બીજું કોઈ ઉત્તમ સુખ ન હોય."

**શ્રી નર્મદાબહેન રાવળ** જેમની આજે ૭૫ વર્ષની ઉમર છે તેઓ ભાવનગરથી પોતાના એક પત્રમાં જણાવે છે કે: "મારી તબિયત સારી છે. સારી રીતે ફરી હરી શકું છું. ડાબી આંખે મોતિયાની અસર થઈ છે. એટલે વાંચન ઓછું થયું છે. સંસ્થાની જવાબદારીથી હું મુકત છું એટલે હળવે મને થાય તેટલું કરીને સંતોષ માનું છું. આમ હું તદ્દન હળવી થઈ ગઈ છું. મારી ઉપરનો બધો ભાર ઠાલવીને ઈશ્વર બોલાવે તેની રાહ જોતી બેઠી છું. કાલની કોને ખબર છે? પણ મારી જેવીને માટે દૂર દૂર એક પ્રેરણાનો દીવો જલતો લાગે છે."

આ છેલ્લા પત્રની ભાત જરા જુદી છે. આવા અંગત તેમજ અન્ય સ્વજનોનાં સંવેદનો ધ્યાનમાં લેતાં પ્રશ્ન થાય છે કે જીવનના આ સંધ્યાકાળમાં વર્ષાન્ત સમિપના ભાદ્રપદની સંધ્યાનાં રંગરોશની ન સામાન્ય – ન અસામાન્ય એવા–માનવીઓને કેમ અનુભવગોચર થતા નથી?

અમારી ઉમ્મરે લગભગ પહોંચેલી એવી કોઈ વ્યકિત હોય કે જેની વર્તમાન જીવન-અનુભૂતિ અમારાથી તદ્દન ભિન્ન પ્રકારની હોય અને તેના પ્રતાપે જીવનસંધ્યાના રંગ અને રોશની જે માણી શકતી હોય તો તેને પોતાના અનુભવો લખી મોકલવા પ્રાર્થના છે–જે જાણીને અમે અમારા જીવનની ખૂટતી કડી પૂરી શકીએ!

પરમાનંદ

## સાભાર સ્વીકાર

**પ્રભવ પ્રબોધ કાવ્યમ્**: લેખક શ્રી ચંદનમુનિ; પ્રકાશક: શ્રી નવિનભાઈ છોટાલાલ શાહ, સ્મિત કિરણ', ૩૭૭, સ્વામી વિવેકાનંદ રોડ, વિલેપારલે, મુંબઈ-૫૬. કિંમત રૂ. ૨-૦૦.

**ઉપદેશામૃતમ**: લેખક શ્રી ચંદન મુનિ પ્રકાશક: શ્રી પૂનમચંદ લક્ષ્મીપત ચોરડિયા, બીદાસર (રાજસ્થાન) કિંમત રૂા. ૩-૨૫.

**સ્વભાષા કે સ્વરોમેં**: લેખક શ્રી ચંદન મુનિ; પ્રકાશક: શ્રી પુખરાજ પ્રેમરાજ આછા, ઔરંગાબાદ, કિંમત ૫૦ પૈસા.

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ–૪. ટે. નં. ૩૫૦૨૯૬
મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઇ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૪

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, નવેમ્બર ૧૬, ૧૯૭૦, સોમવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ ઘડપણનો સાક્ષાત્કાર : જેની અસર માઠી નહિ પણ મીઠી ☆

("આજની જીવનસંધ્યામાં ભાદ્રપદની સંધ્યાના રંગ રોશનીનો અભાવ કેમ જણાય છે?" એ મથાળા નીચે મારી જે નોંધ પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ થઈ છે તે પ્રગટ થયા પહેલા પૂજ્ય કાકાસાહેબ કાલેલકરને મેં વંચાવેલી, એ આશાએ કે તેમની ૮૫ વર્ષની ઉંમરે પણ જે જીવન–ઉલ્લાસ તેઓ દાખવે છે તે જોતાં તેઓ અમારા જીવનમાં ખૂટતી કડી પૂરી પાડશે. અને મને જણાવતાં આનંદ થાય છે કે તેમણે નીચેનો પત્ર લખીને મારી અને મારા સમાધાનધર્મી મિત્રોના જીવનની ખૂટતી કડી પૂરી પાડી છે. તેમનો પત્ર નીચે મુજબ છે. પરમાનંદ)

પ્રિય પરમાનંદભાઈ,

'ઘડપણની અસર સ્પષ્ટપણે દેખાવા લાગી અને ઘડપણ વિશેના વિચારો ફરી ફરી આવવા લાગ્યા' એટલે તમે એ અસર અને એ ખાસ વિચારો વિશે એક કાગળ લખી કેટલાક અંગત મિત્રોને એ મોકલ્યો, અને ઘણાખરા સ્નેહીઓ પાસેથી જે જવાબો આવ્યા તે તમે તમારા કાગળ સાથે મને વંચાવ્યા, મને ખૂબ મઝા પડી. દરેકના વિચારોની ભૂમિકા અલગ અલગ હોવાની જ, એટલે અનુભવોની વિવિધતા જોઈ ખૂબ વિચારો મનમાં આવ્યા. ભિન્ન ભિન્ન ભૂમિકા ઉપર આરૂઢ થઈ મોક્લેલા અનેક લોકોના વિચારો એક સામટા સાંભળ્યા એટલે મગજમાં એમનો એક વિચિત્ર ખીચડો થયો. શાંતપણે લખી મોક્લેલા પીઢ જવાબો અલગ અલગ વખતે સાંભળ્યા હોત, તો તે તે વ્યકિતનું વ્યકિતત્વ મન આગળ ઊભું થયું હોત, અને સ્નેહીઓના ફોટાનાં આલ્બમ જોયાથી જે અસર થાય છે તેવી સ્પષ્ટ અસર થઈ હોત. પણ બધા જવાબો તમે એક સામટા ઉતાવળે ઉતાવળે સંભળાવ્યા એટલે એનો તો ખિચડો જ થઈ જાય ને!

બીજી વાત. આપણે પરસ્પર પરિચય એટલો જૂનો છે કે એ આખા જન્મારાનો છે એમ કહું તો વિશેષ અતિશયોકિત નહિ થાય, અને તમે મનમાં ઊઠેલા વિચારો અને કેટલીયે લાગણીઓ મારી આગળ અનેકવાર વ્યકત કરી છે. એટલે એ બધા સાથે તમારી ભાવનાનું આ છેલ્લું ચિત્ર બરાબર બંધ બેસે છે. એની જ અસર મારા મન પર વિશેષ થઈ અને તેથી ખાસ એને જ આધારે મારી આજની ભાવના તમારી આગળ પુરેપૂરી વ્યકત કરી શકું છું.

તમે જાણો છો કે કવિ રવીન્દ્રનાથની પેઠે મેં પણ નાનપણથી યમરાજ સાથે દોસ્તી કેળવી છે. એ પરિચયને કારણે યમરાજ વિષે મનમાં બીક કે તિરસ્કાર ઉત્પન્ન થયાં જ નથી. (છેક નાનપણમાં યમરાજનાં વર્ણનો સાંભળેલાં એ પ્રમાણે સ્વપ્નમાં યમદૂતો જોઈને હું બી જતો હતો. એ વાત આપણે છોડી દઈએ. એ તો સાંભળેલી વાતોની બાલ-સહજ ઉપરછલ્લી અસર હતી.) પુરાણોમાં આપણા યમરાજ એવા બિહામણા નથી. યમરાજનું પહેલવહેલું ચિત્ર જે મનમાં વસ્યું છે તે સત્યવાનના પત્ની સતી સાવિત્રી પ્રત્યે યમરાજે જે શિવલ્રી (સ્રી દાક્ષિણ્ય) બતાવ્યું એનું જ છે.

મૃત્યુ વિશે અવારનવાર લખેલા મારા લેખો એકત્ર કરી ચોપડી રૂપે પ્રસિદ્ધ કરેલા છે. 'પરમ સખા મૃત્યુ' એ ચોપડી તમે જોઈ જ છે, અને તમને એ ગમી પણ છે. એટલે એ વિચારો અહીં ફરીથી રજૂ નહિ કરું.

મારું આખું જીવનદર્શન હમણાં હમણાં સુધરી ગયું છે એટલે એની ભૂમિકા સ્પષ્ટ કર્યા પછી જ મારા મન પર મારા ઘડપણની જે અસર થવા લાગી છે તેની વાત કરી શકીશ.

'આ આખી દુનિયા કેવળ માયા છે. જીવન નિ:સાર છે.' એ જાતના વિચારો આવકારવાલાયક નથી એમ ઠસાવનાર એક કવિતા નાનપણમાં મોઢે કરી હતી.

'असार जीवित केवळ माया, रडगाणें हें गाऊ नका ।

પાછળથી જાણ્યું કે પૂનાના એક પ્રોફેસર નેતાએ અમેરિકન કવિ Longfellow ના, કાવ્ય 'The Psalam of Life' નું એ ભાષાંતર હતું. છેક નાનપણમાં મોઢે કરેલું એ જીવનસ્તોત્ર ખૂબ જ ગમેલું. એની બે ચાર લીટીઓ હજી બરાબર યાદ છે.

Tell me not in mournful numbers, Life is but an empty dream.
For the soul is dead that slumbers and things are not what they seem.

આમ પ્રારંભ કરી, કવિ અંતે કહે છે.

Life is real, Life is carnest, and the grave is not its goal
'Dust thou art, to dust returneth', was not spoken of the soul.

છેક નાનપણમાં મળેલું આ ભાથું, આના ઉપર સ્વામી વિવેકાનંદના તેજસ્વી વિચારો અને અદ્વૈતવેદાન્તની અદ્‌ભુત અસર થઈ. હવે અદ્વૈતવેદાન્ત કહે છે બ્રહ્મ સત્ય છે અને આ જગત માયા છે. એ જ્યારે વાંચ્યું ત્યારે એની સાથેની આદિ શંકરાચાર્યની દલીલોનો ઇનકાર કરાય એમ હતું જ નહિ, અદ્વૈત એટલે વિશ્વાત્મૈક્ય. એ વસ્તુ દિલમાં એવી તો ઠસી ગઈ કે હિમાલયની મારી સાધનામાં એ જ વસ્તુનો અખંડ સાક્ષાત્કાર થવા લાગ્યો. એ અદ્વૈતની અસર તળે દુનિયાને છોડી દઇ હિમાલયના એકાંતમાં ધ્યાનમગ્ન રહેનારા કેટલાક ઉત્તમ સાધુઓ જોયા. કોઇ સાધુને જુઓ કે ભોળપણથી પગે લાગો એ વૃત્તિ મારામાં હતી જ નહિ. પણ અમુક લોકોને આમ એકાંતમાં રહેતા જોઇ મનની ખાતરી થતી હતી કે એમને ખરેખર કાંઈક જડયું છે કે જેની મસ્તીમાં તેઓ દુનિયાનો અનાદર કરી શકે છે, અને તેથી એમના સહવાસથી મને ઘણું મળ્યું. એમને વિશે એટલો બધો આદર ઉત્પન્ન થયો કે આમ જીવન-વિમુખ થઈ અદ્વૈતની મસ્તીમાં રહેવું આ પણ જીવનનો અંતિમ આદર્શ થઈ શકે છે એમ લાગવા માંડયું.

છતાં માયાનો અર્થ મિથ્યા એમ તો હું કરી જ ન શકયો. તેથી જ હિમાલયથી પાછો આવી રામકૃષ્ણ મિશન અને શાન્તિ-નિકેતન જેવી સંસ્કારી દુનિયાઓમાં પ્રવેશ કરી શકયો.

આ બધી જૂની વાતો છે.

ગીતાએ મારા ઉપર અદ્દ્ભુત અસર કરી અને તેથી હું 'સુખેદુ:ખે સમકૃત્વા'નો આદર્શ સ્વીકારી શકયો. સુખ અને દુ:ખ બંને છીછરા છે. બંનેમાંથી એકકે તત્વ જીવન-સાધના માટે પ્રેરક તત્વ ન થઈ શકે, એ વાત ગળે ઊતરી. અને તેથી સુખદુ:ખથી પર થઈ કેવળ કર્તવ્યથી પ્રેરાઈને જીવવું જોઈએ, એમ બધા સાધકોની પેઠે મારા પણ મનમાં વસી ગયું.

ત્યાર પછી જે નવો સાક્ષાત્કાર થયો તેની વાત કરવા માંગું છું.

સુખ અને દુ:ખ એ બંને ઈન્દ્રિયોની લાગણી છે એટલી વાત તો એ શબ્દોએ જ સમજાવી હતી. (કેમકે સંસ્કૃતમાં ખ એટલે ઈન્દ્રિય. ઈન્દ્રિયોને જે અનુકૂળ જણાય, તે સુ–ખ અને ઈન્દ્રિયો જેથી અકળાય તે દુ:–ખ) પણ કુદરતના ભગવાને આ સુખદુ:ખો બનાવ્યા જ શા માટે? એ જાણ્યા વગર સુખદુ:ખ પ્રત્યે કેવળ બેદરકાર થવાથી સંતોષ ન મળ્યો.

અંતે ઊગ્યું કે સુખ તો 'જીવન જીવવા માણસ રાજી થાય'. એટલા માટે એને આપેલું કેવળ આશ્વાસન છે. જીવનની કેળવણી તો માણસને દુ:ખ મારફતે જ મળી શકે છે. સુખ છે ખોરાક, દુ:ખ છે કેળવણી. એમ જ્યારે જોયું ત્યારે હું કહેવા લાગ્યો દુ:ખ એ જ આપણું પરમ ધન છે. જીવન કૃતાર્થ કરવાનું સાધન છે. દુ:ખનો અનુભવ કરતાં કરતાં શરીર અને ચિત્ત થાકે નહિ, જીવન-વિમુખ થાય નહિ એટલા માટે કેવળ શરીર અને મનને ખોરાક તરીકે, કેવળ પોષણ તરીકે સુખ આપેલું છે. વેદાન્તની અસરને કારણે મેં મારું સૂત્ર બનાવ્યું–

दु:खं सत्यं, सुखं माया, दु:खं जन्तो: परं धनम् ।

આ થયું મારું અદ્યતન જીવન-દર્શન. આમાંથી મને અદ્દ્ભુત શકિત મળવા લાગી. જીવન જીવવામાં મન કોઈ પણ ક્ષણે વિરસ થાય જ નહિ. સફળતા અને નિષ્ફળતાના આદર્શો જ બદલાઈ ગયા. દુનિયાના વૈરાગી સાધુઓ જેમ જીવન જીવે છે તેમ જીવવાની મારા હૃદયે ના પાડી. એમાં કબીરનું વચન મદદમાં આવ્યું:

साधो ! सहजसमाधि मली ।

આવા માણસને 'ઘડપણ એ જીવનની ઊતરતી કે ક્ષીણ અવસ્થા છે' એમ શી રીતે લાગે? ગૃહસ્થાશ્રમમાં કામવિકારનો અનુભવ મેળવ્યા પછી જેણે બ્રહ્મચર્યની સાધના શરૂ કરી અને શરીર-શકિત ક્ષીણ થતા પહેલાં જ બ્રહ્મચર્યનો આનંદ જેને મળવા લાગ્યો, એને ઘડપણ આવ્યા પછી કામ-વિકાર માણવાની શકિત ક્ષીણ થઈ એનું દુ:ખ થાય ખરું? જે વસ્તુ ઈષ્ટ હતી, અને જે સાધના એટલે સંકલ્પશકિતને જોરે મેળવી લીધી તે સ્થિતિને ઘડપણ મદદગાર થયું તો માણસની પ્રસન્નતા વધવાની, ઘટવાની તો નહિ જ. દઢસાધનાથી જે સ્થિતિ મેળવી તેને જ ઘડપણે મદદ કરી એનો તો માણસ આનંદ જ માણવાનો.

જે માણસને મુસાફર થઈ દેશ-દેશાન્તર જોવાની ઉત્કટ ઈચ્છા, તેને મુસાફરી કરવાની સગવડ ન રહી તો દુ:ખ થવાનું, એ સ્પષ્ટ છે. પણ જેણે ચારેખંડની મુસાફરી કરી દેશદર્શન મેળવ્યું અને સાધક હોવાથી, મુસાફરી દ્વારા વિશ્વાત્મૈકય કેળવી જે ધરાયો અને કહેવા લાગ્યો કે હવે કશું જોવાનું બાકી રહ્યું નથી, તેનું મન તૃપ્ત થવાનું જ. હવે 'એક ઠેકાણે બેસી, બધા સાથેનો સંબંધ જાળવી શકું તો જીવનમાં કશી ઊણપ આવવાની નથી.' આટલો સંતોષ મળ્યા પછી એ માણસને જો ઘડપણ આવે અને મુસાફરી કરવાની શકિત રહે નહિ તો એ થોડો જ દુ:ખી થવાનો?

આખી માનવજાતિ સાથે સામ્ય કેળવવા માટે જેણે સંભાષણો ચલાવ્યાં, અનેક લોકોના અનુભવો સાંભળ્યા, ચર્ચાઓ કરી, વિનોદ કર્યો અને અંતે જેને અંદરથી તૃપ્તિ ઊગી કે द्रष्टं द्रष्टव्यं, श्रुतं श्रोतव्यम् ! 'જોવાનું બધું જોયું, સાંભળવાનું બધું સાંભળ્યું'- એવા માણસની સાંભળવાની શકિત ઘડપણ જો છીનવી લે તો એ શાનો અકળાય? નિ:સ્વાર્થ માણસની પેઠે એ કહેવાનો (Who steals My Purse, Steals trash. મારી પૈસાની થેલી જેણે ચોરી લીધી તેણે મારા ઘરનો અથવા મારા ખીસામાંનો કચરો ચોરી લીધો, મારે એ પૈસા જોઈતા જ ન હતા. એ જ રીતે સાંભળીને ધરાયા પછી સાંભળવાની શકિત ગઈ તો એનો ખરખરો મનમાં કયાંથી ઉઠવાનો?

હમણાં હમણાં મારી યાદ કરવાની શકિત ઓછી થતી જાય છે. અત્યારે ફકત નામો યાદ નથી રહેતાં. માણસનાં, સ્થળોનાં અને ચોપડીઓનાં નામો વખતસર યાદ નથી આવતાં. તેથી બોલવામાં વિરસ થાય છે. બાકીની યાદદાસ્ત હજી કાયમ છે. હું કબૂલ કરું છું કે નામો યાદ નથી રહેતાં ત્યારે મૂંઝાઉં છું, કોક કોક વાર દુ:ખી પણ થાઉં છું. પણ એ ઉપર ઉપરની વાત છે. અંદરનું મન કહે છે કે નામો યાદ ન રહ્યાં તેથી આપણું શું ગયું? વ્યકિતત્વ મુખ્ય છે, નામરૂપો ગૌણ છે.

આવી સ્થિતિને કારણે ઘડપણની અસર મારા ઉપર થાય છે અને છતાં નથી થતી. 'જન ગણ મન અધિનાયક'ને મારી પાસેથી જ્યાં સુધી સેવા લેવી હશે ત્યાં સુધી તે તે શકિતઓ ટકશે અને એવું પ્રયોજન ન રહે ત્યારે એ શકિત ગઈ તો એનો અભાવ મને કઠવાનો નથી.

ઘડપણને કારણે અપંગ બનું તો બીજાની સેવા લેવી પડશે– આજે એનો પ્રારંભ થયો જ છે. પણ ઈશ્વરની કૃપા કહો અથવા માણસમાત્રમાં રહેલી પ્રેમભાવની ખૂબી કહો, અત્યાર સુધી જે લોકોની સેવા લેવાનો વારો આવ્યો છે તે બધા પ્રેમથી સેવા આપે છે, એટલું જ નહિ પણ, 'એક સજ્જન માણસની સેવા કરવાની તક મળી' એમ માની એમને આનંદ અનુભવતા જોઉં છું, એટલે થોડુંક પરાવલંબન આજે તો કઠતું નથી.

પોતાની હાજતો ઓછી કરવાની શકિત જ્યાં સુધી કેળવી શકાય છે ત્યાં સુધી ઘડપણની ચિન્તામાં ડૂબી જવાની જરૂર જણાતી નથી.

અને 'સદ્‌ભાગ્ય' જેવી વસ્તુ પણ દુનિયામાં હોય જ છે. તેથી હું માનું છું કે આજે છે એવી મજાની પરિસ્થિતિમાં જ મારા જીવનનો અંત થશે.

પણ કેવળ આવા મીઠા વિચારોને આધારે હું સંતુષ્ટ નથી. મારો સિદ્ધાંત છે (અને હવે તો એ અનુભવ પણ થયો છે) અને એ સિદ્ધાંત અને અનુભવ એવો તો દઢ થયો છે કે જીવનમાં દુ:ખ આવે છે તે સાધનારૂપે જ આવે છે. શકિત હોય તો દુ:ખમાંથી પણ ઉત્તમમાં ઉત્તમ કેળવણી મળવાની છે. એ ખાત્રીથી હું ઉત્સાહ-પૂર્વક બધી સ્થિતિમાંથી પસાર થઈશ.

સામાન્ય વ્યવહારમાં હું સામાન્ય માણસ જેવો જ દેખાઉં છું અને જીવું છું. પણ એનો અર્થ એ નથી કે હું સાધક નથી. મારી સાધના જુદી છે, નક્કર છે. લોકોના ધ્યાનમાં એ ન આવે તો એનાથી મને નુકસાન નથી, લાભ જ છે.

તમારા જેવા જૂના સાથી પૂછે ત્યારે નક્કર સત્ય છે તે સંતાડાય નહિ, એટલા માટે જ આ કાગળનો આટલો વિસ્તાર કર્યો.

તમે મજામાં હશો. ફરી મળીશું ત્યારે વિચાર-વિનિમય અને વિનોદ-વિનિમય થવાનો જ.

काका कालेलकरना
સપ્રેમ વંદેમાતરમ્.

## ✻ અદ્યતન રાજકીય પરિસ્થિતિ ✻

તા. ૭ મી ડિસેમ્બર સોમવારના રોજ સાંજના છ વાગ્યે શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ સંઘના કાર્યાલયમાં 'રાષ્ટ્રીય તેમ જ 'આંતરરાષ્ટ્રીય અદ્યતન પરિસ્થિતિ' ઉપર જાહેર વ્યાખ્યાન આપશે.

મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ

# ખલિલ જિબ્રાનનું જીવનદર્શન

(ગત પર્યુષણ વ્યાખ્યાનમાળામાં શ્રીમતી મૃણાલિની દેસાઈએ આપેલા વ્યાખ્યાનની નોંધ)

વર્ષો પહેલાંની વાત છે. ત્યારે, તરુણાવસ્થામાં, નવી ખૂલેલી આંખોથી મને દુનિયા જોવાના કોડ હતા. નવી ફૂટેલી પાંખો વડે કોતરો અને કંદરાઓ જોવાનાં મને અરમાન હતાં. સેવાગ્રામ રહેતી ત્યારે મને માનવીની ભવ્યતા અને ક્ષુદ્રતાનાં એકીસાથે દર્શન કરવાનો મોકો મળ્યો હતો. મનમાં આનંદ કે ઉદ્વેગના તરંગો ઊઠે, અકળામણ થાય ત્યારે ઊભરો ઠાલવવા હું કાકાસાહેબ પાસે પહોંચી જતી. પૂછતી: ગઈ કાલે જે આટલો મોટો હતો એ આજે આટલો લઘુ કેમ થઈ ગયો? કાકાસાહેબ ધીરજથી મારા તમામ પ્રશ્નોના ઉત્તરો આપતા.

એક દિવસ મેં કાકાસાહેબનો "પાગલ" નામનો લેખ વાંચ્યો. એમાં એક પાગલ પોતાની વાત કહે છે: ભગવાન પણ નહોતો જન્મ્યો ત્યારની આ વાત છે. મારી પાસે સાત મહોરાં હતાં. એમાંથી ફાવે તે બદલાવ્યા કરતો. એક દિવસ હું જાગ્યો ત્યારે મેં જોયું તો મારાં સાતે સાત મહોરાં કોઈક ચોરી ગયું હતું. હું બેબાકળો બનીને ગામમાં ફરવા લાગ્યો. મારાં મહોરાં ક્યાં ગયાં? એમ બોલતો બોલતો દિવસભર રખડયો. છેવટે થાકીને સૂઈ ગયો. રાત પૂરી થઈ અને દિવસ ઊગ્યો. સૂર્યનાં કિરણોએ પહેલી જ વાર મારા સાચા મુખને સ્પર્શ કર્યો. મન આનંદથી નાચી ઊઠયું. પણ સામેની અટારીમાંથી એક માણસે મારું મોં જોઈને બૂમ પાડી: "આ તો પાગલ છે." મારા મોઢા ઉપર કોઈ મહોરું ન હતું ને! હું પાગલ ભલે થયો, પણ મને સાચી સુખશાંતિ સાંપડી, સુખદ એકાંત મળ્યું.

લેખ વાંચીને મેં કાકાસાહેબને કહ્યું કે તમારો આ પાગલ મારા જેવો છે. કાકાસાહેબે કહ્યું: તું એના જેવી છે. હજી તું નાની છું, તેથી તને તારા માપનાં મહોરાં નથી મળ્યાં. આ પાગલની વાર્તાના મૂળ લેખક ખલિલ જિબ્રાન છે. તે બહુ મોટા ફિલસૂફ, કવિ અને ચિત્રકાર છે.

એ વખતે ગાંધીઆશ્રમમાં જિબ્રાને સૌને ઘેલા કરેલા. કિશોરીલાલ મશરૂવાળા, કાકાસાહેબ, વગેરે જિબ્રાનની સરાહના કરતા અને તેનાં પુસ્તકોના અનુવાદ કરતા. Mad man, Wandever, the Son of man, the Prophet, the Garden of the People ના અનુવાદો ગુજરાતી, હિંદી અને મરાઠીમાં થયા છે.

જિબ્રાન ૧૮૮૩ માં સિરિયાના એક ગામમાં જન્મેલા. ૧૨ વર્ષની વયે યુરોપ ગયેલા. ફ્રાન્સમાં તેમણે ચિત્રકળાની સાધના કરી હતી. ૧૦ વર્ષ અમેરિકામાં રહ્યા હતા. પછી સિરિયાની મદરેસામાં રહ્યા અને પ્રથમ વિશ્વયુદ્ધ પછી પાછા અમેરિકામાં જઈને વસ્યા હતા.

૧૯૧૮ પછી તેમણે માત્ર અરબીમાં નહિ પણ અંગ્રેજીમાંયે લખવાની શરૂઆત કરી હતી. તે પછી તેઓ વિશ્વવિખ્યાત થઈ ગયા.

તેમનાં લખાણો જૂના ફિલસૂફોથી ભિન્ન હતા. તેમણે નવી દુનિયા જોઈ અને નવું તત્ત્વજ્ઞાન આપ્યું. અન્ય ફિલસૂફોથી વિરુદ્ધ, જિબ્રાનને લાગ્યું કે તત્ત્વજ્ઞાન અને જીવન વચ્ચે સીધો સંબંધ છે.

જિબ્રાને ફ્રેન્ચ અને રૂસી ક્રાન્તિ જોઈ હતી. સમાજવાદની વાતો પણ સાંભળી હતી.

એમનાં આરંભનાં પુસ્તકોમાં તીખો-તમતમતો અને ચામડી ઉતારી લે તેવો કટાક્ષ હતો. પાગલની વાતમાં છે તેવો. સામ્યવાદ વિશે જિબ્રાને, એમની લાક્ષણિક ઢબે, એક મઝાની વાત લખી છે:

એક રાજા હતો. પ્રજાને થયું કે આ રાજા સારો નથી. પ્રજાએ બળવો કર્યો, લોકો મહેલ પર મોરચો લઈ ગયા. તેમણે કહ્યું: રાજા, તું ચાલ્યો જા. રાજા રાજદંડ લઈને બહાર આવ્યો. રાજદંડ મૂકી દઈને રાજાએ કહ્યું, "હું ય તમારામાંનો એક બની રહીશ. જમીન ખેડીશ." તે ખેતરમાં ગયો અને મજૂરી કરવા લાગ્યો.

થોડા વખત પછી લોકોને થયું કે રાજાને તો કાઢયો, પણ આપણાં દુઃખ તો ગયાં નહિ. ચાલો, નવો રાજા નિમીએ. પણ લાંબો વિચાર કરતાં પ્રજાને થયું કે જૂનો રાજા શો ખોટો હતો? અસલ રાજાને જ બોલાવીને તેમણે એને તાજ તથા રાજદંડ પાછાં સોંપ્યાં.

જેટલી પ્રસન્નતાથી રાજાએ રાજદંડ આપેલો એટલી જ પ્રસન્નતાથી પાછો લીધો. અને પછી રોજ ફરિયાદો શરૂ થઈ: બહારવટિયા ત્રાસ આપે છે, અધિકારીઓની લાંચરુશવત વધી ગઈ છે. રાજાએ શાંતિથી સમસ્યાઓ હલ કરવા માંડી.

એક દિવસ ફરીથી લોકોનાં ટોળાં મહેલને ઘેરી વળ્યાં. રાજા ફરી તાજ અને રાજદંડ લઈને બહાર આવ્યો. પણ લોકોએ આ વખતે કહ્યું: અમે તાજ લઈ લેવા આવ્યા નથી. તમે કેટલા બધા સારા છો એ કહેવા જ આવ્યા છીએ.

રાજાએ કહ્યું: રાજા કોઈ વ્યક્તિ નથી. રાજા એ તમારી શક્તિનું પ્રતીક છે. તમે જાગો ત્યારે રાજા જાગે છે. તમે ક્રિયાશીલ બનો ત્યારે રાજા ક્રિયાશીલ બને છે. રાજદંડ અને તાજ એ હકીકતમાં તમારાં જ છે.

અને દરેક નાગરિક પોતે જ રાજા છે એવી ખુમારી અને આનંદ સાથે ઘેર ગયો.

ખલિલ જિબ્રાનના બધા ગ્રન્થોમાં તીક્ષ્ણ કટાક્ષ નથી. ખાસ કરીને છેલ્લાં ગ્રન્થો શાન્ત અને પ્રસન્ન, નદીનાં નીતર્યાં જળ જેવા છે.

એમનો છેલ્લો ગ્રન્થ છે: "The Prophet." એની શૈલી બાઈબલ જેવી છે. એમાં મારા, તમારા, આપણા જ અંતરની કહાણી છે.

એમાંનો કોઈક કોઈક શબ્દ તો જાણે આપણા જ મનમાં હતો અને જાગ્યો એમ લાગે. એ કથા આવી છે:

અલ મુસ્તફા, ઑરફલીઝ નામની નગરીમાં રહે છે. ૧૨ વર્ષ પછી સામેના સાગરકિનારે એણે પોતાનું વહાણ આવતું જોયું. સવારના રોચક તડકામાં એ પ્રસન્ન ચિત્તે પહાડ પરથી ઊતરે છે: મારું વહાણ આવ્યું, મારે દેશ જાઉં છું.

તળેટીમાં, રસ્તાની બેઉ બાજુએ ગ્રામજનો કાપણી કરી રહ્યા છે. ખેડૂતો ખળામાં અનાજ ભરે છે. મુસ્તફાને થયું: આ સુંદર ગામ છોડી જતાં મને દુઃખ નથી થતું એમ કેમ કહું? અન્ય ફિલસૂફો કહે છે કે દુનિયા નિઃસાર છે, પણ જિબ્રાનના મુસ્તફાએ તો મહોરું ઉતારેલું છે, તેથી તેને આ જિવંત જગત છોડતાં દુઃખ થાય છે.

પ્રભુની સરજેલી આ દુનિયા પર મુસ્તફાએ પૂરા દિલથી પ્રેમ કર્યો હતો. ચામડી કે કાંચળી ઉતારતાં થાય એવી વ્યથા તેને થઈ.

જોગન્દરને પહાડ પરથી ઊતરતા જોઈને કિસાનોએ સાદ દઈ ગામલોકોને બોલાવી કહ્યું: 'સાંઈ જાય છે, તેમના માટે વહાણ આવી પહોંચ્યું છે.

એ સાંભળી છોકરાં તેડીને માતાઓ આવી. બળદોને ઘાસ

નીરીને ખેડૂતો આવ્યા. ભઠ્ઠી બળતી મૂકીને કુંભાર દોડતા આવ્યા. ધર્મગુરુ, મંદિરમાં ભગવાનને મૂકીને, એકશ્વાસે આવ્યા.

ગામનો પ્રત્યેક માનવી મુસ્તફા સાંઇને મળવા ટેકરીની તળેટીએ ઊભો રહ્યો. વૃદ્ધોએ કહ્યું: "પુત્ર, તું અમને છોડી જશે? તારે લીધે તો અમને જીવન જીવવાં જેવું લાગે છે."

ત્યારે, પોતાની શ્રદ્ધાના બળથી મુસ્તફાને મોટો કરનાર બ્રહ્મ-વાદિની અલમિત્રાએ કહ્યું: વહાણ આવે એટલે જવું જ પડે.

અલમિત્રાએ મુસ્તફાને કહ્યું: સાંઇ, ૧૨ વર્ષ સુધી અમે રાતે નિંદરમાં જોતાં તે સ્વપ્નોને તેં નરી આંખે જોયાં છે. અમારો જીવનસંગ્રામ તેં નીરખ્યો છે. દૂર રહીને તેં અવલોકેલા અમારા જીવન વિષેનું તારું નિરીક્ષણ તો અમને જણાવતો જા. પ્રેમ વિશે અમને કાંઇ કહેશે?

મુસ્તફા: હું શું કહું? હું જે કહીશ તેમાં મારું અને તમારું એવું અલગ અલગ કશું નહિ હોય. તમારા જ વિચારોને મારા શબ્દો વાચા આપશે. પ્રેમ જ્યારે તમને સંકેત કરે ત્યારે વિના રોકટોક તમે એને માર્ગે જજો, નિ:સંકોચ જજો. પ્રેમ એ ખાંડાની ધાર ભલે રહી, પણ તેનું ઇજન મળ્યે, તેની પાછળ શંકા વિના જજો. પ્રેમ પોતાના સિવાય બીજું કશું સ્વીકારતો નથી.

પ્રેમ કોઈને આધીન કરતો નથી અને તે પોતે આધીન થતો યે નથી. પ્રેમ કરો ત્યારે એમ નહિ કહેતા કે પ્રભુ મારા હૃદયમાં છે. એમ કહેજો કે હું જ પ્રભુના હૃદયમાં છું. જાગો ત્યારે હર્ષથી જાગો અને કહો: પ્રભુ, તું કેટલો સારો છે કે પ્રેમ કરવા માટે તેં મને એક વધુ દિવસ આપ્યો છે.

એ પછી એક યુવાને મુસ્તફાને કહ્યું: સાંઇ, દાંપત્યજીવન વિશે કહો.

મુસ્તફા: ભગવાનની સૃષ્ટિમાં તમે બે સાથે જ જન્મેલાં છો, કદાચ, મૃત્યુથી એક જણ આગળ જાય તો પણ તમે એની સૃષ્ટિમાં સાથે જ છો. પરંતુ એ ખાસ યાદ રાખજો કે તમે બે એક નથી, સાથે છો. એકબીજાને પ્રેમથી ખવડાવો, પણ એક જ ભાખરી બે ય ન ખાશો. એકબીજાને ભરેલા પ્યાલા પાજો પણ એક જ પ્યાલામાંથી ન પીશો. સાથે જ રહેજો, પણ થોડા દૂર. યાદ રાખો, બે મોટાં વૃક્ષો કદી એકબીજાની છાયામાં રહેતાં નથી.

પછી, માતાઓએ ઉપદેશ માગ્યો. મુસ્તફાએ કહ્યું: આ બાળક તારું નથી. એ તો સ્વયં ચૈતન્ય છે. માતાપિતા બે જણનું ધનુષ્ય બનાવી, વિધાતા એને વાંકું વાળે છે, અને ભવિષ્યમાં દૂર દૂર જવા માટે એ તીર છોડે છે. આ તીર તે બાળક. ધનુષ્યના બે ભાગોએ સ્થિર રહેવું જોઇએ, વાંકા વળવું જોઇએ. તીર સાથે દોડવાની ઇચ્છા ન રાખો. તીરને જકડી પણ ન રાખો.

એક જણે પૂછ્યું: અમે રોજ ખાઇએ છીએ તે ખાનપાન વિશે કાંઇ નહિ કહો?

મુસ્તફા: આપણે કોઇનીયે હિંસા કર્યા વિના ખાત તો કેવું સારું થાત! પણ એમ બનવું મુશ્કેલ છે. આપણે ફળપાન તોડીએ છીએ; ડૂંડાંમાંથી દાણાને ખેંચી કાઢીએ છીએ, દાણાને પીસીએ છીએ.

તમે ફળને ખાવા માટે કાપો ત્યારે તેને કહો: તારી મધુરતાનો હું નાશ નથી કરતો. હું મારામાં એ મધુરતા સંઘરી રાખીશ. મધુર ફળ ખાતાં હું એ યાદ કરીશ કે આ ફળ પાકે એને માટે એક દિવસ એક સુંદર પુષ્પ ખીલ્યું હતું. પછી તે ફૂલ ખરી પડયું હતું. ફૂલની આ વેદના તથા સુરભિ બેઉને હું ફળની પ્રત્યેક ચીરી સાથે મારા મનમાં ભરી રાખીશ. ભાખરી ખાઇશ ત્યારે વિચારીશ, કે મોતી જેવો એક સફેદ દાણો પીસાઇ ગયો છે, શેકાઇ ગયો છે. એની વેદના હું નહિ ભૂલું. આ વેદનાનો બદલો હું જગતને પાછો આપીશ.

એક ગૃહસ્થે સાંઇને કહ્યું: ઘર વિષે કંઇક કહો.

મુસ્તફા: હું તો ટેકરી ઉપર રહું છું. તમારે, અલબત્ત, ઘર તો બનાવવાં પડે. પણ ઘર દર જેવાં ન થવાં જોઇએ. ઘરને મજબૂત બારણાં અને તોતિંગ તાળાંના પ્રપંચો શા માટે? તમે શાનું રક્ષણ કરવા ચાહો છો? જીવનની મોટામાં મોટી સંપત્તિ તો મુકત વાયુ, ખુલ્લું આકાશ, ખીલતાં ફૂલ અને ઊછળતો સાગર છે. એની સામે કાં દીવાલો ચણો છો? તમે એ ઘરમાં સુખી રહેજો, પણ તમારાં છાપરાના પોપડાં જેવા તમારાં ઘર ના બનાવો, આંખોની રક્ષા કરી તમારાં સ્વપ્નોને સાચવે એવી પાંપણ જેવું તમારું ઘર હોજો.

એક ધર્મગુરુએ સાંઇને પૂછ્યું: હર્ષ અને શોક વિશે તમારે શું કહેવાનું છે?

મુસ્તફા: એ બેમાં ફેર છે ખરો? કૂવો જેટલો ઊંડો ઊતારશો એટલો એ પાણીથી વધુ ભરાશે. શોક જેટલો ઊંડો એટલું જીવન હર્ષ-સભર. તમને જે વાતથી એકવાર અત્યંત દુ:ખ થયું હતું તે વાતથી સૌથી વધુ આનંદ આજે થતો હશે. શોક અને હર્ષ એ બન્ને જોડિયા ભાઈ છે. એક જણ તમારી સાથે જમવા બેઠો હોય તો ખાતરી રાખજો, બીજો પથારીમાં તમારી રાહ જોતો બેઠો છે.

એક જણે પૂછ્યું: સાંઇ, ધર્મ વિશે કહો.

મુસ્તફા: તમારું રોજનું જીવન એ જ તમારો ધર્મ. તમે જે રીતે જીવો એ પરથી નક્કી થાય કે તમારો ધર્મ કયો છે! તમારું ઘર એ તમારું મંદિર છે. પ્રભુની શોધ પુસ્તકો કે પ્રવચનોમાંથી નહિ થાય. એ શોધવા માટે તમારે પોતાના કિલ્લોલતાં બાળકો પાસે જવું પડશે, સવારે વહેલા ઊઠી ઝાકળ વડે નહાતી કળી નીરખવી પડશે. આકાશનાં રંગબેરંગી વાદળાં નિહાળો; ત્યાં તમને પ્રભુ રમતો દેખાશે. વીજળી અને વાદળની ગર્જના એ પ્રભુનું રુદ્ર રૂપ છે તો મેઘવર્ષા એ પ્રભુની અમીકૃપા છે.

એક ન્યાયાધીશે સાંઈને કહ્યું કે શાસન અને અપરાધ વિશેના તમારા વિચારો શા છે?

મુસ્તફા: આપના હાથમાં ન્યાયનું ત્રાજવું છે. એ ત્રાજવું ઉપાડતાં ધ્યાન રાખજો કે આજના અપરાધીને સજા કે શિક્ષા આપીને આપ અપરાધ દૂર કરી શકશો ખરા? અનિષ્ટ માટે અપરાધી તો નિમિત્ત છે, પણ એ માટે, ખરું જોતાં, સમગ્ર સમાજ જવાબદાર હોય છે. ખૂની જેટલો જ ખૂન પામનાર અને ચોર જેટલો જ લૂંટાનાર જવાબદાર હોય છે. અપરાધના મૂળમાં જુઓ; એ જોવાની તમારામાં શકિત હોય તો જ ત્રાજવાને અડજો. તમે તમારા કાયદાઓ હોંશિયારી અને બુદ્ધિથી ઘડો છો, પણ કાનૂનનાં છીંડાં અને છટકબારી તો કાયદાના ઘડવૈયાઓના મનમાં પણ રમતાં હોય છે. સાચો કાયદો પોતે જ ન્યાય કરે છે; અને ખરો ન્યાય છે પસ્તાવો. એક માનવી બીજાને સજા કરે તેથી ન્યાય નથી થતો, અપરાધ પણ નથી થતો. ઈશ્વરનો કાયદો એટલે પશ્ચાતાપ.

એટલામાં એક મજૂરે મુસ્તફાને સવાલ કર્યો: સાંઈ, અમે જિંદગીભર આ વઇતરું કટીએ છીએ, તેનું શું?

મુસ્તફા: (મજૂરને પ્રેમથી ઊઠાડી, પોતાની પાસે બેસાડીને): આપણે પૂર્વજન્મોનાં પાપના ફળરૂપે વૈતરું કૂટીએ છીએ, એવું નથી. શ્રમ કરવામાં જ જીવનની સફળતા છે. કોઇ પણ શ્રમને જાત નથી. હું સમાજને પૂછું છું કે પથ્થરમાંથી મૂર્તિ ઘડનારને શિલ્પી કહો છો અને ખેતરમાં શ્રમ કરનારને મજૂર કહો છો એ બેહૂદું નથી? વસુંધરા પોતાનાં સ્વપ્ન હૃદયમાંથી કાઢીને ખેડૂતને બતાવે છે. શ્રમ વિનાનું જીવન હીન અને હલકું છે.

એક શ્રીમંત: સાંઈ, દાન વિશે કહો.

મુસ્તફા: બહુ જ ભરેલા વાસણમાંથી થોડું થોડું આપો તેને હું દાન નહિ કહું. તમારા જીવનનો થોડો અંશ આપો તેને હું દાન કહીશ. થોડું દાન આપીને તમે તકતીઓ લટકાવો છો એની પાછળથી મનની મલિન વાતોની બૂ આવે છે. ઘણા લોકો સહજભાવે, ફૂલ સુગંધ આપે એવી સાહજિકતાથી, સર્વસ્વ આપે છે. આવા આપનારની આંખમાંથી પ્રભુની સ્વપ્ન ડોકિયાં કરે છે. લેનારની સત્પાત્રતા અને અપાત્રતા નક્કી કરવાનો તમને શો હક છે? પાત્રતા તો પ્રભુએ નક્કી કરેલી છે. પ્રભુ પાસેથી એણે દિવસ અને રાત્રીઓ મેળવેલી છે. લેનારા પણ ગળગળા થઈને, આભારવશ થઈને ન લે. તમે દાન લો તે સહજભાવે લેજો. જો દીન થઈને લેશો તો પરમાત્મા જેવો સમર્થ પિતા અને વસુંધરા જેવી ઉદાર માતાનું અપમાન થશે.

દૂરના ગામેથી હાફિઝ નામનો સાંઈનો શિષ્ય આવ્યો. તેણે કહ્યું: સાંઈ, ૧૨ વર્ષ તમે અહીં આવીને વસ્યા. તો આ ગામ અને રાષ્ટ્ર વિશે તમે શું ધારો છો?

સાંઈ ગમગીન થઈ ગયા. રડવા જેવા થઈ ગયા. તેમણે કહ્યું:

જે દેશની અંધશ્રદ્ધા ભરપૂર છે, પણ જે ધર્મશૂન્ય છે તે રાષ્ટ્ર દયા ખાવા જેવું છે. જે રાષ્ટ્રના નાગરિકો પોતે વણેલા સૂતરનાં વસ્ત્રો પહેરતાં નથી, જે લોકો પોતાના દાણાની ભાખરી ખાતા નથી તેની દયા પણ કોણ ખાય? જે રાષ્ટ્રમાં કપટી અને કારસ્તાની માણસોનું નેતા તરીકે સન્માન થાય; જે રાષ્ટ્રમાં આજે ગાદી પર હોય તેનો જયજયકાર થાય અને કાલે એ સત્તા પરથી ઊતરી જાય ત્યારે એનો ફિટકાર થાય એવું રાષ્ટ્ર તુચ્છ છે. જે રાષ્ટ્રના ઋષિઓની વાચા વૃદ્ધત્વથી જતી રહી છે અને જેના નેતાઓ ઘોડિયામાં ઝૂલે છે તે રાષ્ટ્રને પ્રભુ પણ કદાચ ના બચાવી શકે. જે રાષ્ટ્રના ટુકડે ટુકડા થયા છે અને જેનો પ્રત્યેક ટકડો પોતાને રાષ્ટ્ર માને છે તે રાષ્ટ્રનો નાશ સમીપ છે.

પછી, મેદની સમક્ષ સાંઇ મુસ્તફાએ કહ્યુ : હવે, મારા દેશમાં જઇને હું પ્રભુને મળીશ અને એક મુકત શ્વાસ લઇને પાછો આવીશ. ફરી કોઇ અન્ય માતા મને ધારણ કરશે.

મેં જિબ્રાનનું જીવનદર્શન વારંવાર વાંચ્યું છે. હવે તો નાનપણનું નિર્દોષપણું છે નહીં. છતાં સત્સંગને પ્રતાપે, ઘણીવાર એકાંતમાં મારા મનનું મહોરું ઉતારું છું ત્યારે રડી ઊઠું છું. સંસારમાં કલહ જોઉં છું અને વૃદ્ધો મને કહે છે કે આજનાં છોકરાં ગાંઠતાં નથી, ત્યારે હું કહું છું કે ધનુષ્યની જેમ વાંકા વળો અને તીરને પાછાં વાળવાનો મિથ્યા પ્રયાસ ન કરો.

તંગદિલી અને ખારાશ અનુભવતાં દંપતીઓને કહું છું. ભરપૂર પ્યાલા પરસ્પરને પાવ, પણ એક પ્યાલામાંથી મા પીશો. ભરપૂર ભોજનની થાળી જોઉં છું ત્યારે જિબ્રાનનો શ્રમનો ઉપદેશ યાદ આવે છે અને ભોજન વિષ બની જાય છે.

રોજ અખબારો ખોલું છું અને રાષ્ટ્રના સર્વનાશના ભણકારા સાંભળું છું...

...અને છતાં વિનોબાજી યાદ આવે છે ત્યારે થાય છે કે રાષ્ટ્રના બધા સંતો ઘોડિયામાં નથી. બધા સંતોની વાચા હજી ગઈ નથી. હજી પુણ્ય પરવાર્યું નથી. હજી ધર્મ અને ફરજની ભાનવાળા માણસો નજરે પડે છે, ત્યારે થાય છે, આ દેશનો નાશ ન પણ થાય.

—મૃણાલિની દેસાઈ

## आगन् रात्री संगमनी वसूनाम।

('પ્રબુદ્ધ જીવન'ના ગતાંકમાં પહેલા પાને પ્રગટ થયેલ ઉપરના મથાળા નીચેના લેખમાં જે સંસ્કૃત શ્લોકો છપાયા છે તેમાં કેટલાક મુદ્રણદોષ રહી ગયા છે તે તરફ આચાર્ય શ્રી રામપ્રસાદ બક્ષીએ મારું ધ્યાન ખેંચ્યું, તે માટે તેમનો હું આભારી છું. તે શ્લોકો સુધારીને તેના અર્થ સાથે નીચે પ્રગટ કરવામાં આવે છે. આ ક્ષતિ માટે હું બહુ દિલગીર છું. —તંત્રી)

कुहूं देवीं सुकृतं विद्मनापसम्
अस्मिन्यज्ञे सुहृ चा बोहवीमि।
सा नो रयिं विश्ववारं नियच्छाद्
ददातु वीरं शतदायमुक्थ्यम्।
कुहू देवानाममृतस्य पत्नी
हव्या नो अस्य हविषो जुषेत।

आगन् रात्री संगमनी वसूनाम्
ऊर्जं पुष्टं वसु आवेशयन्ती।
अमावास्यायै हविषा विधेम।
ऊर्जं दुहाना पयसा न आगन्॥

### ભાવાર્થ

ચાંદ્રમાસના છેલ્લા દિવસની (અમાવાસ્યા) દેવીને વર્ષને છેલ્લે દિવસે ભકિતપૂર્વક યથાવિધિ નમી લોકના કલ્યાણ આડે આવતા અમંગળના નાશ માટે એની પાસે શકિત માગી છે.

વૈભવ અને શકિતના સંચયનો સમય એવો કાર્તિક માસ આવી રહ્યો છે ત્યારે એને લઇ આવનારી વૈભવની સંગિની એવી આ રાત્રીને હવિ અર્પણ કરી એ દેવ પત્નીનું પૂજન કર્યું છે.

कुहूं = ચાંદ્રમાસનો છેલ્લો દિવસ    ऊर्जं = કાર્તિક માસ
सुकृतं = યથાવિધિ    ऊर्जं = શકિત
अपसमम् – વર્ષનો છેલ્લો દિવસ    वसु = વૈભવ
रयिं = મારનાર    विध् = ભકિત કરવી.
सुहृ मा = લોકોના

## ભુલ સુધાર

ગતાંકમાં પાના ૧૪૬ ઉપર ૧૧ મી લીટીમાં 'પોતાને ન ભાવતું ભોજન' છપાયું છે તેને બદલે 'પોતાને ભાવતું ભોજન' એમ વાંચવું.

પાના ૧૪૯ ઉપર બીજા પેરેગ્રાફની પાંચમી લીટીમાં 'બહેનને' છપાયું છે તેને બદલે 'બહેને' એમ વાંચવું. —તંત્રી.

# મેં જોયેલા કેટલાક રહસ્યવાદીઓ

(સ્વ. ગુરદયાળ મલ્લિકજી રચિત "DIVINE DWELLERS IN THE DESERT"ના છેલ્લા પ્રકરણ "Some of the mystics I have met"નાં ત્રીજા કિસ્સા પરથી—'પ્રબુદ્ધ જીવન'ના તા. ૧૬-૪-'૭૦ના અંકથી અનુસંધાન: અનેક રોકાણનાં કારણે થયેલા વિલંબ બદલ વાચકોની ક્ષમાયાચના સાથે.)

[ ૩ ]

## રાજાઓના રાજાની સેવામાં...

"લગભગ પા સદી જેટલા સમય—પચીસ વર્ષ—સુધી મેં મારા માલિક એવા રાજા સમક્ષ રાત ને દિવસ ગાયું છે અને વગાડ્યું છે અને બદલામાં કેટલીયે કિંમતી સામગ્રીથી મને નવાજવામાં આવ્યો છે તેમ જ મારી યોગ્યતાની કદરરૂપે મને કેટલાયે ચાંદ-સિક્કા મેળવવાનો અધિકારી પણ બનાવવામાં આવ્યો છે. પરંતુ અરે! હજી સુધી મને આત્માની એ આનંદદશાનો—ચિત્તની એ પ્રસન્નતાનો—અનુભવ કદી થયો નહીં, કે જે બધા સાચા કર્મનું સુફળ હોય છે!... કદાચ, એ એક આશીર્વાદ છે કે જે કરુણાના પ્રકારની જેમ તાણી—તૂશીને, પરાણે, પામી શકાતો નથી...પ્રભુની કૃપાથી જ એ મળે છે!"

—એક સંધ્યાએ, એકલો બેઠો આમ નિસાસો નાખતો બબડી રહ્યો હતો એક દરબારી ઉસ્તાદ, એક શાહી સંગીતકાર. પોતાના તંતુવાદ્યના તાર મિલાવવાની તેની કુશળતા, તેના કસાયેલા કંઠના જેટલી જ સ્થાનિક દુનિયાને માટે અજાયબીરૂપ હતી. સરસ્વતીની સાધનામાં તેના વાળ સફેદ થઇ ગયા હતા. તેની શ્વેત ઝૂલતી દાઢી બહાર પથરાયેલી ચાંદની સાથે ભારે મેળ ખાતી હતી. તેની ચમકતી આંખોમાં ઊંચે ઊઠવાની—ઊર્ધ્વગમનની—અભીપ્સા હતી, જ્યારે તેનો ચહેરો હતો **નિષ્ફળતાનો** પ્રત્યક્ષ આકાર. એવો આકાર—કે જે સોને-મઢેલા લક્ષાધિપતિ યા અહં-કેન્દ્રિત નિષ્ણાતની ખૂબ શેખીભરેલી **સફળતાના** કરતાં વધુ વખાણવાયોગ્ય હોય છે!

સંધ્યા ઘોર રાત્રિમાં રૂપાંતર પામી ચૂકી હતી, તેની નિરાશા ઉદાસીનતામાં ઊંડી ઊતરી ચૂકી હતી. પછી મુઆજ્જિમ-મુલ્લાએ નેકબંદાઓને નમાઝ માટે બોલાવવા બાંગ પુકારી અને મંદિરના ઘંટ પરમ શાંત ને મૌન એવા પરમાત્માની પ્રાર્થનામાં જોરશોરથી રણઝણી ઊઠયા!...અને છતાં, એ હજુ ત્યાં જ બેઠો હતો કે જ્યાં તેને તેની પત્નીએ રાતભર માટે તેનાં ધ્યાન ને સાધના સારુ છોડી દીધો હતો.

"સમય થઇ ગયો છે"—ઉદાસીનતાની એ જ દશામાં, એ જ આસને, તેને બીજી સવારે પણ બેઠેલો જોઇને આશ્ચર્ય પામીને તેની પત્નીએ કહ્યું, "દરબારમાં જવા સારુ તમે તૈયાર થઇ જાઓ. રાજાનો આજે જન્મદિવસ છે અને તમને ખબર છે કે તમારે તેમની સેવામાં હાજર થવાનું છે, ને તે ય તમારા શ્રેષ્ઠ રૂપમાં."

"આજ હું ત્યાં જવાનો નથી," તેણે જવાબ આપ્યો. "મેં મારી સલામતીભરેલી ને સુખી નોકરી તજી દેવાનો નિર્ધાર કર્યો છે."

"શું?" તેની જીવનસંગિની ક્રોધભર્યા અવાજમાં અધવચ્ચે જ પૂછી રહી. "શું તમે મને અને તમારાં બાળકોને ભૂખે મરવા દેવા માગો છો? શું મારી વૃદ્ધાવસ્થામાં હું ચીંથરેહાલ બની ભટકતી ને ભીખ માગતી ફરીશ?"

"પાસો ફેંકાઇ ચૂક્યો છે. તે કે જે ચકલાંને ચણ આપે છે અને જેણે પોપટને લીલો ને મોરને વિવિધરંગી પીંછાંવાળો બનાવ્યો છે, તે મને અને તને પણ ખવરાવશે. કૃપા કરીને જરા કરીમ બખ્શને બોલાવીશ? તેની સાથે હું મારો રાજીનામાનો કાગળ રાજાને મોકલવા માગું છું."

પત્નીની આંખોમાંથી મૂશળધાર આંસુ વહી રહ્યાં, કેમકે ભાવિના વિચારે તેને ચિન્તામગ્ન ને ઘાયલ કરી મૂકી હતી. બેહોશીભરી એ ચિન્તાવસ્થામાંથી જ્યારે તેને ભાન આવ્યું ત્યારે તે પોતાના પતિની હાજરીમાંથી ઊઠી તેનો હુકમ બજાવવા ચાલી.

થોડી જ વારમાં કરીમબખ્શ પોતાના ઉસ્તાદ-માલિક પાસે હાજર થયો.

"કરીમ, આ કાગળ લઈ જા અને મહારાજા સાહેબને હાથોહાથ આપી આવ."

કરીમબખ્શે પોતાના માલિકના હાથમાંથી કાગળ લીધો, સલામ ભરી અને પોતાના 'મિશન' પર વેગથી ઊપડયો. રાજાના મહેલમાં પ્રવેશ મેળવવામાં તેને કોઈ મુશ્કેલી પડી નહી, કારણ કે જેમ તેના માલિક દરબારીઓમાં પ્રખ્યાત હતા, તેમ તે પણ રાજાના ચાકરવર્ગમાં સારી રીતે જાણીતો હતો. મહારાજાના ખંડ પર પહોંચીને તેણે દરવાજે ટકોરા દીધા અને ઘૂંટણના વળવા તેમ જ મસ્તકના ઝુકવાની સાથે એ પત્ર-સંપત્તિ મહારાજાને સોંપી ઘેર પાછો ફર્યો.

મહારાજાએ અધીરાઈથી, ઉતાવળે પત્ર ખોલ્યો અને જેવી તેમની ઝીણી નજર તેના પર ફરી વળી કે તેમના રૂંવાડાં ખડાં થઈ ગયાં અને ગુસ્સાના આવેશમાં તેમના હોઠ ભીંસાઈને પૈસા ભરવાના બટવા જેવા બની ગયાં! રાજીનામામાં નીચે મુજબ લખેલું હતું.

"આજ દિવસ સુધી મેં મારા ગાન વડે રાજાની સેવા કરી છે, પરંતુ હવે મારો આત્મા તેના વડે 'રાજાઓના રાજા'ની સેવા કરવા ઝંખી રહ્યો છે, તલસી રહ્યો છે. રંગબેરંગી ભપકો અને ઠાઠમાઠ ભર્યો દરબાર હવે વધુ વાર મારી બેઠક નહીં બની શકે. હવે તો મારું રહેઠાણ બનશે—સરિતાનો કિનારો ને મારા 'થોડા પણ સુયોગ્ય' શ્રોતાઓ હશે—સાગરનાં મોજાં અને જંગલનો કલરવ!"

પળભરને માટે તો નેકનામદાર મહારાજા જાણે જમીનથી અધ્ધર થઈ ગયા. પછી તેમનો ગોંધાઈ રહેલો ગુસ્સો ગાળોના વહેતા ધોધરૂપે પોતાનો બહાર નીકળવાનો માર્ગ ખોળી રહ્યો. જ્યારે તેમણે આ રાડ પાડી ત્યારે તો તેમનો સ્વર તાળવે પહોંચી ગયો:

"નિમકહરામ કૂતરા! એક પિતા જેમ આપેલા મારા આશ્રયના ઉપકારનો બદલો તું આ રીતે વાળવા માગે છે? હું યે કેવો બેવકૂફ હતો કે મેં બરફ જેવું ઊજળું દૂધ પાઈને એક સાપ ઉછેર્યો!"

સૂરજ તેના મધ્યાહ્‌ને-ઉષ્ણતાના શિખરે પહોંચ્યો હતો. મહારાજાના જન્મદિનના ઉત્સવો પણ પોતાની ઉજવણીના શિખરે પહોંચ્યા હતા. દરબારી ઉસ્તાદની હસ્તી એક દુઃસ્વપ્નની જેમ ભુલાવી દેવામાં આવી; કારણ કે રાજામહારાજાઓ અને તેમના જીહજૂરિયાઓ, રાજકુમારો અને તેમના આશ્રિતોના વ્યવહાર આવા જ હોય છે. ગઈકાલની પૂજાની પ્રતિમાઓ જાણે આજના ભારરૂપ પાષાણો બની રહે છે!

વર્ષો વહી ગયાં. શાહી સંગીતકાર નદીને કાંઠે એક નાની-શી ઝૂંપડીમાં વસી રહ્યો હતો. તેની પાસેથી કાળમુખા યમદૂતો દ્વારા તેનું કુટુંબ છીનવાઈ ગયું હતું. હવે તેનું એક માત્ર સંગાથી હતું તેનું વાદ્ય. તેના દ્વારા તે પૂર્વમાંની ઉષાને અને રાત્રીના તારાઓને સત્કારતો. શબ્દો, તેને લાગ્યું કે, માલિક સાથેની તેની એકતામાં બાધારૂપ બનશે, તેથી તેણે વાદ્યની સાથે, સાથ તરીકે પછી ગીત કદી ગાયું ન હતું.

એક દિવસ તે મોજાંઓની રમત નિહાળતો બેઠો હતો ને એકાએક ગાવા લાગ્યો:

"નાવિક, લઈ જા મને તું પેલે પાર..."

ગીતે તેને પૂરેપૂરો પકડમાં લઈ લીધો, તે ગાનની સમાધિમાં ડૂબી ગયો. ગીત ચાલતું રહ્યું:

"ક્યાં, કહીશ રે ક્યાં, મુસાફર?"
"મહેલ ભણી રાજા તણા,
રાજા તણા—રાજાઓના રાજા તણા!"

અને જેવું તેણે ગીતનું છેલ્લું ચરણ ગાયું કે તેની આંખો દૂર દૂરના એક 'દર્શન'થી ભરાઈ ગઈ, તેની મુખમુદ્રા તેજથી ઝળહળી રહી અને તેની કાયા સૌમ્ય પ્રકાશથી ઝૂમી રહી...

દુનિયાએ કહ્યું, "તે મરી ગયો છે," પરંતુ સ્વર્ગમાંના દેવ-દૂતોએ વિજયોન્માદપૂર્વક ગાયું: "તે જીવે છે, તે જીવે છે, તે જીવે છે."

પછી મેં એક અવાજ સાંભળ્યો કે જે હાથોની તાળી જેવો જણાયો. એ હતો રાજાઓનો રાજા કે જે તાળી વગાડીને પોતાનો આનંદ વ્યક્ત કરી રહ્યો હતો. તાળી આવકારની અને આશ્ચર્યની!

અનુવાદક: મૂળ અંગ્રેજી:
પ્રા. પ્રતાપ જ. ટોલિયા. સ્વ. શ્રી. ગુરુદયાળ મલ્લિકજી.

(કૉપીરાઈટ: અનુવાદકની પૂર્વસંમતિ વિના અમુદ્રય.)

[નોંધ:— સ્વ. મલ્લિકજીના તા. ૧૪-૪-'૭૦ના રોજ થયેલા અવસાન પછી તેમની સ્મૃતિમાં 'વૈષ્ણવજન' માસિકનો જુલાઈ માસનો અંક 'મલ્લિકજી વિશેષાંક' તરીકે બહાર પડયો છે, જેમાં સ્વ. મલ્લિકજીનાં પોતાના અને પં. શ્રી. સુખલાલજી સહિત અનેક પરિચિતોનાં પ્રવચન, લેખ, સંસ્મરણાદિ પ્રગટ કરવામાં આવ્યા છે. સદ્‌ગતના જીવન અને કવન વિશે આ વિશેષાંક ઘણું બધું કહેશે. 'વૈષ્ણવજન' કાર્યાલય, ૨, રામકૃષ્ણ નગર, રાજકોટ-૨. એ સરનામેથી કિંમત મોકલીને એ મેળવી શકાશે—અનુવાદક.]

## ઉગ્રતા ધારણ કરતું જતું રાયપુર પ્રકરણ

આચાર્ય તુલસી-રચિત ખંડકાવ્ય 'અગ્નિપરીક્ષા'ને નિમિત્ત બનાવી રાયપુર ખાતે ઊભા કરવામાં આવેલ આચાર્ય તુલસી-વિરોધી આન્દોલનની કેટલીક વિગતો તા. ૧-૧૦-૭૦ના પ્રબુદ્ધ જીવનમાં આપવામાં આવી છે. આ આન્દોલન સ્થાનિક હિન્દુ જનતાએ એટલે કે એમાંના કેટલાક કટ્ટર સનાતની હિન્દુઓએ ઊભું કર્યું છે. તેની ગયા ઓગસ્ટ માસથી શરૂઆત થઈ છે, અને દિન પ્રતિ દિન તે આન્દોલન વધારે ને વધારે ઉગ્રતા ધારણ કરી રહેલ છે. મળેલા સમાચાર મુજબ આ આખા પ્રકરણ દરમિયાન આચાર્યશ્રીનું વલણ એકસરખું સૌમ્ય અને સમાધાનલક્ષી રહ્યું છે. એમ છતાં કટ્ટર ઝનૂની તત્ત્વો જાણે કે કશી સમાધાન કે સમજૂતી ઉપર આવવા માગતા જ ન હોય એ પ્રકારની ઝુંબેશ ચલાવી રહેલ છે. થોડા સમય પહેલાં કરપાત્રીજી મહારાજ રાયપુર આવેલા તેમણે પણ 'અગ્નિ પરીક્ષા' વિરુદ્ધ ઉગ્ર ઉદ્‌ગારો કાઢીને બળતામાં ઘી હોમવા જેવું કર્યું છે. આન્દોલનના દબાણને વશ થઈ રાજ્ય સરકારે 'અગ્નિ પરીક્ષા' ઉપર કાનૂની પ્રતિબંધ દોઢ મહિના પહેલાં મૂક્યો હોવા છતાં સનાતની હિન્દુઓને આથી કોઈ સંતોષ નથી. ગયા મહિના દરમિયાન આચાર્ય તુલસીના નિવાસસ્થાન ઉપર તેમ જ જૈન સાધ્વીઓના નિવાસસ્થાન ઉપર તોફાની ટોળાંએ પથ્થરમારો કર્યો હતો અને ત્યાર પછીના દિવસો દરમિયાન ૨૬ મી ઑક્ટોબરના રોજ અણુવ્રત મંડપ બાળી નાંખ્યો હતો. ૨૭ મી ઓક્ટોબરના રોજ આચાર્ય તુલસીના અનુયાયીઓ અને વિદ્યાર્થીઓ વચ્ચે કાંઈક ઘર્ષણ થયું હોય એમ લાગે છે. આથી ઉશ્કેરાઈને, ગયા માસની છઠ્ઠી કે સાતમી તારીખે લગભગ છેલ્લા એક માસથી ફોજદારી કાયદાની ૧૪૪મી કલમ આખા રાયપુર ઉપર લાગુ પાડવામાં આવેલી હોવા છતાં તેની અવગણના કરીને, વિદ્યાર્થીઓના એક ટોળાએ મોટું બંડ કર્યું હતું અને જૈનોની દુકાનો

સામે પથ્થરનો મારો ચલાવ્યો હતો અને તેરાપંથી જૈનોની બે દુકાનો અને એક બસને આગ લગાડી હતી. આ વિદ્યાર્થીઓ આચાર્ય તુલસીના નિવાસસ્થાન ઉપર ધસી રહ્યા હતા પણ તેમને પોલીસે અટકાવ્યા હતા. આ તોફાનને કાબુમાં લાવવા માટે એ જ દિવસે એટલે સાતમી નવેમ્બરના સવારના ૯-૩૦ વાગ્યાથી ૨૪ કલાકનો કરફ્યુ આખા શહેર ઉપર ફરમાવવામાં આવ્યો હતો. આ ઉપરાંત ૧૭મી નવેમ્બર સુધી બધી શિક્ષણસંસ્થાઓ બંધ કરવાનો હુકમ ફરમાવવામાં આવ્યો છે. ૧૩ મી નવેમ્બરે કાર્તિક શુદ પૂનમના રોજ ચાતુર્માસ પૂરા થતા હોવાથી આચાર્ય તુલસીએ રાયપુરથી વિહાર કર્યો હશે. આમ થતાં થોડા સમયમાં રાયપુર ખાતે શાન્તિ સ્થપાશે એવી આશા રહે છે.

છેલ્લા મહિના દોઢ મહિના દરમિયાન 'અગ્નિ પરીક્ષા' ઉપર વિનોબા ભાવે, કાકાસાહેબ કાલેલકર અથવા તો પુરીના શંકરાચાર્ય તેમના પુસ્તકમાંના કોઇ પણ વિભાગને વાંધાપડતો જાહેર કરે તો તે અંગે જાહેર માફી માગવાની આચાર્યશ્રીએ તૈયારી દેખાડી હતી એમ છાપાઓમાં પ્રગટ થયેલા સમાચારો ઉપરથી માલૂમ પડે છે. છાપાઓમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે આચાર્ય તુલસીએ સનાતનધર્મીઓની લાગણી દુભવવા બદલ ત્રણ વાર પશ્ચાત્તાપ જાહેર કર્યો હતો અને વાંધાપડતી પંક્તિઓ પાછી ખેંચી લેવાની તૈયારી દેખાડી હતી, પણ સનાતન ધર્મના આગેવાનોને આથી કશો સંતોષ થયો નહોતો તેમ જ તેમણે આચાર્યશ્રીની આ દરખાસ્તને ઇનકારી કાઢી હતી. રાયપુરથી જે સમાચાર મળે છે તેને ધ્યાનમાં લેતાં હવે આ ઝગડો માત્ર આચાર્ય તુલસીની 'અગ્નિ પરીક્ષા' અને ત્યાંના અમુક કટ્ટર હિન્દીઓ પૂરતો રહ્યો નથી પણ એક બાજુએ અલ્પ સંખ્યા ધરાવતો નાનો સરખો જૈન સમાજ અને બીજી બાજુએ સ્થાનિક હિન્દુઓનો ઉશ્કેરાયલો વિશાળ સમુદાય છે. દેશની અદ્યતન પરિસ્થિતિમાં કોઇ પણ સ્થળે આટલી તંગદિલી ઊભી થાય એ આખા દેશની ચિન્તાનો વિષય બને છે. આવી ચિન્તા આપણે સૌ પ્રસ્તુત રાયપુર પ્રકરણ વિશે અનુભવી રહ્યા છીએ. આવી તંગદિલીમાં સાચા-ખોટાનો કોઇ નિર્ણય શક્ય નથી. બન્ને સમુદાયના શાણાં તત્ત્વો મળીને આજની આ ઊકળતી પરિસ્થિતિનો સમજાવટથી અન્ત આણે એવી આપણા સર્વની તત્કાળ અપેક્ષા હોવી ઘટે છે.

ઉપરની વિગતો વાંચીને કોઇના પણ દિલમાં એવો વિચાર આવવા સંભવ છે કે જે 'અગ્નિપરીક્ષા'ના કારણે આટલો બધો ઉત્પાત અને ઉશ્કેરાટ પેદા થયો છે તે પુસ્તકમાં જરૂર કાંઇક વાંધાપડતું હોવું જ જોઇએ. આના અનુસંધાનમાં જણાવવાનું કે સીતાની અગ્નિપરીક્ષા એ પ્રત્યેક રામાયણની કથામાં સર્વસામાન્ય અને અતિ મહત્ત્વની ઘટના છે. સીતાના ચારિત્ર્યની ઉત્કૃષ્ટ કોટિની પવિત્રતા દર્શાવવા માટે અગ્નિ પરીક્ષાનું અસાધારણ મહત્ત્વ છે અને એ અગ્નિ પરીક્ષાની પરિસ્થિતિ નિર્માણ કરવા માટે સીતા અંગે આક્ષેપક વિધાનોનું નિરૂપણ કોઇ પણ રામકથામાં અનિવાર્ય છે. આવું નિરૂપણ વાલ્મિકી રામાયણમાં, મહાભારતમાં સમાવિષ્ટ કરવામાં આવેલા રામચરિત્રમાં તેમ જ કવિ કાલિદાસના રઘુવંશમાં- સર્વત્ર જોવામાં આવે છે. આવાં વિધાનો અને તે પણ સીતાની પ્રતિમાને અતિ ઉજ્જવલ સ્વરૂપમાં રજૂ કરવાના હેતુથી 'અગ્નિ-પરીક્ષા'માં પણ કરવામાં આવ્યા છે, પણ આ કારણે તે ખંડ-કાવ્ય સામે વિરોધ ઉઠાવવામાં આવે તે પાછળ કોઇ ઔચિત્ય રહેલું છે એમ કહી ન શકાય.

આમ છતાં મને કોઇ એક પક્ષકાર ગણીને મારા અભિપ્રાયને કોઇ તટસ્થ ન ગણે એ સ્વાભાવિક છે. પણ આ સંબંધમાં મીઠીબાઇ કૉલેજના આચાર્ય શ્રી અમૃતલાલ યાજ્ઞિકના પ્રમુખપણા નીચે અને ફોરમ ફોર કલ્ચરલ ફ્રીડમના ઉપક્રમે ગયા ઑક્ટોબર માસના પહેલા પખવાડિયા દરમિયાન બોલાવાયલી જાહેર સભામાં પસાર કરવામાં આવેલો ઠરાવ જે પ્રબુદ્ધ જીવનના ગતાંકમાં પ્રગટ કરવામાં આવ્યો છે તે ઠરાવ, કોઇની પણ શંકાનું નિવારણ કરવા માટે પૂરતો છે. આ ઉપરાંત તા. ૨૧ મી તથા તા. ૨૪ મી ઑક્ટોબરના મુંબઈ સમાચારમાં પ્રગટ થયેલા બે વ્યક્તિવિશેષના અભિપ્રાયો પણ પૂરા માર્ગદર્શક બને છે.

### પૂજ્ય રવિશંકર મહારાજનો અભિપ્રાય

આ પ્રશ્ન અંગે મુંબઇ ખાતે તા. ૨૦ મી ઓક્ટોબરના રોજ બહાર પાડેલા એક નિવેદનમાં શ્રી રવિશંકર મહારાજ જણાવે છે કે આચાર્ય શ્રી તુલસીનું "અગ્નિ પરીક્ષા" નામનું પુસ્તક અમે વાંચી - સાંભળી ગયા છીએ. રામાયણની કથાના ઉત્તર ભાગને એમાં-એ કાવ્યકૃતિમાં-જૈન પરંપરા અનુસાર આલેખવામાં આવ્યો છે એ વાત સાચી છે, પણ આ આલેખનમાં શ્રી રામચંદ્રજી કે સતી સીતાજીનું અપમાન થાય અથવા સનાતની હિન્દુઓની લાગણી દુભાય એવું કશું જ નથી. દશ વર્ષ પહેલાં પ્રસિદ્ધ થયેલ આ કાવ્યરચનાને નિમિત્ત બનાવીને કોમ કોમ વચ્ચે વિસંવાદ ઊભો કરવાની આ પ્રવૃત્તિને અમે વખોડી નાખીએ છીએ.

"દેશના નવનિર્માણ માટે સૌ કોમોએ સંયુક્ત અને સમન્વિત શક્તિથી કામ કરવાની જ્યારે વધુમાં વધુ જરૂર છે તે જ વખતે કોઇ પણ જાતના આધાર કે વ્યાજબી કારણ વગર આવી પ્રવૃત્તિઓ ઉભી થાય એ આપણું દુર્ભાગ્ય છે."

### ગોસ્વામી શ્યામજી મહારાજનો અભિપ્રાય

તેવી જ રીતે મુંબઇ ખાતે તા. ૨૩ મી ઑક્ટોબરના રોજ બહાર પાડવામાં આવેલા જાહેર નિવેદનમાં પરમ વૈષ્ણવ વલ્લભ સંપ્રદાયના ગોસ્વામી શ્યામજી મહારાજ જણાવે છે કે: "આચાર્ય તુલસી-રચિત "અગ્નિ પરીક્ષા" ગ્રંથ પૂરેપૂરો વાંચી જવા છતાં વર્તમાન વિવાદનું કારણ સમજાતું નથી. તેમાં શ્રી રામ કે સીતા પ્રત્યે કોઇ પણ ખરાબ શબ્દ વાપરવામાં આવ્યો નથી. ઊલટાનો આમાં સીતાજી પ્રત્યે સંપૂર્ણ આદર દર્શાવવામાં આવ્યો છે. જો કે તેમાંની કથાવસ્તુ પરંપરાગત વાર્તાથી જુદી છે, પરંતુ તે માટે તેમને જૈન મત સુધારવાનું જણાવવું એ મૂર્ખતા છે. આના કારણે વૈમનસ્ય જગાવવાથી શો લાભ થવાનો છે?

"આચાર્ય તુલસીએ પણ જણાવ્યું છે કે "અગ્નિ પરીક્ષા'માં એવો એક પણ શબ્દ નથી કે જે અન્ય ધર્મોના લોકોને દુઃખ પહોંચાડતો હોય. મારું પુસ્તક જૈન રામાયણને આધારે લખાયું છે અને તેમાં સીતાના સતીત્વને ઉજાળવામાં આવ્યું છે."

સુજ્ઞેષુ કિં બહુના! પરમાનંદ

**પૂરક નોંધ: ઉપરની નોંધ હું જમશેદપુર હતો તે દરમિયાન તા. ૧૦મીના રોજ લખેલ. ત્યારબાદ ૧૨મીની સવારના હું મુંબઇ આવ્યો અને ખબર પૂછતાં માલુમ પડે છે કે રાયપુરમાં વધતી જતી તંગદિલીના કારણે આચાર્ય તુલસીએ કાર્તિકી પૂર્ણિમા (૧૩ મી નવેમ્બર) સુધી રાયપુરમાં ન રોકાતાં કાર્તિક શુદ ૧૧ તા. ૯ મી ઑક્ટોબરના રોજ રાયપુરથી વિહાર કર્યો છે. —પરમાનંદ**

## ચિંચણનું પર્યટન મુલત્વી

કેટલાક અણધાર્યા સંજોગો ઊભા થવાથી તા. ૨૧-૨૨ શનિ. રવિના રોજ ગોઠવવામાં આવેલ ચિંચણ જવા આવવાનું પર્યટન મુલત્વી રાખવામાં આવ્યું છે.

—મંત્રીઓ, મુંબઇ જૈન યુવક સંઘ.

# શ્રી વિમલાબહેન ઠકારની નોર્વે તથા ઈંગ્લાંડની પ્રવાસયાત્રા

( ગતાંકથી ચાલુ )

લૉર્ડ માઉન્ટબેટનના સાથી લૉર્ડ ઈવેન્સનું એક મકાન ગોલામાં છે. ઈવેન્સ અને બીયર પરિવારે જ સૌથી પ્રથમ (લગભગ ૧૫૦ વર્ષ પૂર્વે) ગોલાગામ વસાવ્યું હતું. લૅડી ઈવેન્સ આ દિવસોમાં લંડનથી અહીં આવ્યાં હતાં. એમણે અમને એક દિવસ ચા-પાણી માટે બોલાવ્યા અને એમના ઘરે નૉર્વેના વયોવૃદ્ધ સંસ્કૃત વિદ્વાન પ્રો. માર્ગન સ્ટીનને મળવાનું થયું. તેઓ ઘણાં વર્ષ પહેલાં ભારત આવી ચૂક્યા છે. તેઓ ભાષા - વિજ્ઞાનના માધ્યમથી સંસ્કૃત ભાષામાં પ્રવેશ કરી, સંસ્કૃત સાહિત્યના વિશેષજ્ઞ બન્યા અને ભારતીય સંસ્કૃતિ પ્રત્યે એમની ઊંડી રુચિ છે. વિદાય લેતી વખતે "પુનર્દર્શનાય ચ' (આવજો) કહીને અમને અભિભૂત કરી દીધા. ૮૫ વર્ષની ઉંમરે એમની જાગૃતતા અને સજીવતા અદ્‌ભૂત હતી.

૨૩ ઑગસ્ટે સવારે અમે કાર દ્વારા ઑસલો પ્રતિ રવાના થયાં. ઉઘાડ હોવાથી રસ્તો બહુ રમ્ય જણાતો હતો. ઝરણાં, નદી, નાળાં, નાનીમોટી પહાડીઓમાંથી વળાંક લેતો રસ્તો, ગાઢી વનરાઈ— બધું મળી સ્વપ્નલોક કે પરીલોક જેવી સૃષ્ટિ રચતું હતું. સાંજના લગભગ ૫ વાગે અમે ઑસલો પહોંચ્યા. ત્યાં પણ શ્રી આયનાર બીયરનું મકાન બહેન અને એમના સાથીઓ માટે ખુલ્લું હતું. આ મકાન શહેરના બાહ્ય ભાગમાં બહુ શાન્ત વાતાવરણમાં હતું અને શહેરની કોઈ અવરજવર અમને પરેશાન કરતી નહોતી.

૨૫ ઓગસ્ટે બહેનનું એક પ્રવચન શ્રી. બ્રોડીનના ઘરે ખાસ પસંદ કરાયેલા શ્રોતાઓ સમક્ષ થયું. શ્રી. બ્રોડીન ઓસલાના એક અભિજાત કુળના જાણીતામાનીતા સંસ્કારી કુટુંબના પ્રમુખ છે. ૨૩ ઑગસ્ટે શ્રી આયનાર બીયર આલવદાલથી બહેનના સહવાસ માટે ઑસલો પહોંચ્યા. એ સાંજે જ શ્રી લૂન્દ જેઓ ભારત - આફ્રિકાના કેટલાય દેશોમાં સમાજસેવાનું ઘણું - ઘણું કામ કરી રહ્યા છે. તેઓ બહેનને મળ્યા. બહેન પ્રત્યેનો તેમનો પિતાતુલ્ય સ્નેહ દર્શનીય હતો. તેઓ ઢગલાબંધ ખાદ્યપદાર્થ ઉપહાર માટે લાવ્યા હતા. બુઢાપો, રોગીષ્ટતા, એક પગના ઑપરેશનના કારણે લંગડાપણું—એ બધું હોવા છતાં મળવા આવ્યા અને ભારતના પુરાણા મિત્ર—સાથીઓને યાદ કરી અભિભૂત થતા રહ્યા. વિશેષત: શ્રીમતી આશાદેવી આર્યનાયકમ્‌ના મૃત્યુના સમાચારથી સ્તબ્ધ જ થઈ ગયા. એમની અતિશય સ્નેહશીલતા એક અમીટ છાપ મૂકી ગઈ. ૨૭ ઑગસ્ટે સવારે ભારતીય રાજદૂત શ્રી ગૂંજના નિવાસસ્થાન પર બહેનની સાથે અમે બધાં એમને મળવા ગયાં અને એ જ દિવસે સાંજે શહેરના મધ્યભાગમાં બહેનનું પ્રવચન થયું. શ્રોતાગણમાં કોઈ એવા યુવકો હતા જે નશીલા પદાર્થોનાં સેવન દ્વારા અતીન્દ્રીય અનુભૂતિઓ મેળવવાના ચક્કરમાં શરીર - મનનું સ્વાસ્થ્ય બિલકુલ ગુમાવી બેઠા હતા. એમના પ્રતિ બહેનની કરુણા ઊભરાવી એ સહેજ હતું. બીજે દિવસે સવારે તેઓના સ્થાને જઈને તેમની સાથે વાતચીત કરવાનું વચન બહેને આપ્યું હતું. મને આગલે દિવસે સવારે જ ઑસલોથી એમસ્ટરડમ જવાનું હતું, તેથી ઉકત સ્થાન પર જે વાર્તાલાપ થવાનો હતો તથા એ દિવસે સાંજે તથા ૨૩ મીની સવારે યુવાનોને માટે જે વિશેષ સભાઓ થઈ હશે. તેમાં હાજર ન રહી શકી.

નૉર્વેનું પ્રાકૃતિક સૌંદર્ય, સહજ - સરળ લોકમાનસનું ભારતીય જન-માનસ સાથેનું કંઈ કંઈ સામ્ય, યુવક - યુવતીઓની જિજ્ઞાસા-જ્યોતિ, વયોવૃદ્ધ અન્તિમ સુસંસ્કૃત વ્યકિતઓની ક્રમશ: વિલીન થતી પેઢીનું કંઈક અન્તિમ દર્શન, બહેનની ગાગરમાં સાગર ભરવાની વિલક્ષણ સફળતા - આ બધું અનુભવ્યું અને ધન્ય થઈ.

અધ્યાત્મના નામ પર ભારતના કોઈ કોઈ લોકો વિદેશ જઈને તથા ધન-લોલુપતાને વશ થઈ જે કંઈ કરે છે, તેનાં થોડાં દષ્ટાંતો સાંભળીને હું ચકિત થઈ ગઈ. અહીંની પરિસ્થિતિમાં બહેને ૮ વર્ષ કેવી રીતે વીતાવ્યાં હશે તેની કલ્પના આપણને ભારતમાં બેઠાં બેઠાં ન આવી શકે. આ બધું પ્રત્યક્ષ જોઈ - સાંભળીને મને એમ જ થયું કે હિમાલયમાં તપશ્ચર્યા કરવી અથવા પંચાગ્નિ તપ તપવું આથી ઘણું વધારે સહેલું સરળ છે. અસ્તુ!

તા. ૩૧ ઑગસ્ટે નમતા પહોરે બહેન ફ્રેંકેના દંપતીની સાથે હિલ્વરસમ (હૉલેન્ડ) પહોંચ્યા. ૧ લી સપ્ટેમ્બરે સવારે મને સાથે લઈને લંડન આવ્યાં હવાઈમથકે એમનાં યજમાન સુશ્રી ઍત્સી ડૅવિસની તરફથી ત્રણ ઑસ્ટ્રેલીઅન ભાઈ 'કૅમ્પિગ વૅન' લઈને લેવા આવ્યા હતા. સુશ્રી ડેવિસનું નિવાસસ્થાન લંડનથી લગભગ ૭૫ માઈલ દૂર માર્ગેટ નામના નાના શહેરમાં હતું. અહીં પહોંચતા લગભગ પાંચ કલાક થયા. રસ્તામાં 'રેડહિલ' નામના ગામમાં આ ઑસ્ટ્રેલિયન ભાઈઓના મિત્ર—પરિવારમાં ચા પીવા થોડી ક્ષણો રોકાયાં. મોટર રસ્તો બહેનની આ ઑસ્ટ્રેલિયન ભાઈઓ સાથે વાતચીત થતી રહી. ખબર પડી કે આગલે વર્ષે તેઓ આધ્યાત્મિક ખોજ માટે ભારત આવ્યા હતા અને પુન: ટૂંક સમયમાં જવાના છે. 'કૅમ્પિગ વૅન' ભારત - યાત્રા માટે તૈયાર કર્યું છે. અધ્યાત્મની ખોજમાં બધા પ્રકારના જોખમ સહીને નીકળી પડવું. એટલે કે અજ્ઞાતમાં કૂદી પડવાની એમની તૈયારી જોઈને ઘણું સારું લાગ્યું. બહેન તેમને બતાવતાં રહ્યાં કે ભારતમાં અધ્યાત્મના નામ ઉપર એવી કેટલાય પ્રકારની, કેટલાય સ્તરોની સાધના પ્રચલિત છે કે નવી વ્યકિત માટે ભારત કોઈ નીર - જંગલ જેવું બની જાય છે. કોઈ પણ પદ્ધતિમાં બંધાયા વગર બધાંને ઓળખવા-સમજવાની શકિત જો કોઈમાં ન હોય તો તત્કાલ કોઈ સંકુચિતતામાં સરી પડવાનો ભય નિરંતર બની રહે છે. આધ્યાત્મિક દલાલોની પણ ભારતમાં કમી નથી. એમને સાવધાન કરવાનો બહેને ખૂબ પ્રયત્ન કર્યો અને એવું લાગ્યું કે તેઓ બહેનની વાતો સમજી શકયા છે. 'રેડહિલ' વાળા પરિવારમાં પણ એક નવયુવકે બહેનના કાર્યની બાબતમાં જિજ્ઞાસા પ્રગટ કરી. આથી બહેનને ઘણું બોલવું પડ્યું. મોટરની યાત્રામાં કે ચા પીતી વખતે કયારેય બહેનને વિશ્રામ મળ્યો નહીં.

બપોરે સાડાત્રણ વાગે અમે માર્ગેટ પહોંચ્યા. એજ સાંજે સુશ્રી ડેવિસના ઘરે બહેનનું પહેલું પ્રવચન હતું. ત્રણ દિવસ સુધી સુશ્રી ડેવિસની મિત્રમંડળીઓમાંની લગભગ ૨૦ વ્યકિતઓ સમક્ષ પ્રવચન થયું. બીજે અને ત્રીજે દિવસે પ્રવચન બાદ પ્રશ્નોત્તર પણ થયા. ૪ થી સપ્ટેમ્બરે બહેનની વિદાય લઈને હું માર્ગેટથી રેલ દ્વારા લંડન અને ત્યાંથી વાયુયાન દ્વારા ઍમસ્ટરડમ પાછી ફરી, કારણ કે એ જ સાંજે મારું એમસ્ટરડમમાં એક વ્યાખ્યાન હતું. બહેન તે જ દિવસે માર્ગેટથી યાર્ક જવાનાં હતાં. હૉલેન્ડમાં બે દિવસ રહીને ૬ઠ્ઠી સપ્ટેમ્બરે હું રોમ પહોંચી. ઈટાલીમાં સિયેના ફ્લોરિસની મુખ્ય કલાકૃતિઓ અને રોમનું 'સેંટ પિટર કેથેડ્રલ' જોયું. ૧૧ સપ્ટેમ્બરે સવારે દિલ્હી પહોંચી અને ત્યાંથી બનારસનું ઉડ્યન, ઘોર વર્ષાને કારણે બે દિવસ બંધ રહેવાથી ૧૪ મીએ સવારે બનારસ પહોંચી.

પ્રિય વિમલ બહેન ૨૫ મી સપ્ટેમ્બરની આસપાસ ઈંગ્લેન્ડથી હૉલેન્ડ પાછાં ફરશે અને એક મહિનો ત્યાં રહેશે. આ પરિચય પૂરો કરતાં એટલું જ કહીશ, કે બહેનના મહાનલની ચિનગારીઓ હું વિભિન્ન દેશોમાં ફેલાતી જોઈ આવી છું. વિશાળ વ્યોમમાં સહજ ભાવથી ફેંકાયલી આ ચિનગારીઓ વ્યકત અને અવ્યકત પ્રભાવ પાડશે જ એવી શ્રદ્ધા છે. બહેનની સ્થિતિનું વર્ણન કરવાને માટે કબીરજીના જ શબ્દોની મદદ લીધા વગર નથી રહેવાતું:

**"हम घर बारा आपुना, लिया मुराडा हाथ।**
**अब घर बारो तासु का, (जो) चले हमारे साथ"**

ભાવાર્થ: મેં મારું ઘર સળગાવી દીધું છે. હવે મશાલ લઈને નીકળ્યો છું. જેને મારી સાથે ચાલવું હોય તે આ મશાલ વડે પોતાનું ઘર સળગાવીને નીકળે. અહિં ઘર સ્થૂળ અહંનું પ્રતીક છે.

પણ સાથ ચલના - સાથે ચાલવું જ બનતું નથી ને? અહંકારની માયા ઘણી પ્રબળ છે.

**સમાપ્ત** વિનીતા પ્રેમલતા શર્મા

**તા. ક.** શ્રી વિમલાબહેન ઓકટોબરની આખરમાં અમેરિકા ગયા હશે અને ડીસેમ્બરની આખરમાં ભારત ખાતે પાછા ફરશે.

# એક અનિવાર્ય સદ્ગુણ

(શ્રી મુંબઈ જૈન યુવક સંઘ તરફથી ભારતીય વિદ્યાભવનમાં યોજવામાં આવેલી પર્યુષણ વ્યાખ્યાનમાળામાં તા. ૧-૯-'૭૦ મંગળવારે 'A Most Necessary Virtue' એ વિષય પર રેવરન્ડ ફાધર લેસરે આપેલ અંગ્રેજી પ્રવચનનો ગુજરાતી અનુવાદ.)

ઈશ્વર સાથે સંબંધ સ્થાપિત કરવામાં Humility - વિનમ્રતાનું કેટલું મહત્ત્વ છે તે મારા આજના પ્રવચનનો સાર છે. ઈશ્વર એટલે આ જગતનું આદિ તત્ત્વ, એક સર્વશકિતમાન શકિત, જે આપણા અસ્તિત્વનું મૂળ છે તેમ જ સર્વ ધર્મોનો સાર છે.

"કામ નહિ આવે, કામ નહિ આવે
પ્રભુબિન તોરે કામ નહિ આવે."

આજના મંગળ પ્રભાતે મારે જે બોલવાનું છે તેનો આરંભ હું આપણી ભકત કવયિત્રી મીરાંના આ ભજનથી કરું છું. "આપણી" હું એટલા માટે કહું છું કે અહીં એકત્રિત થયેલા મોટા ભાગના શ્રોતાઓ મૂળ ગુજરાતના વતની છે અને હું રાજસ્થાનમાંથી આવું છું. મીરાંની ઉજ્જવલ કારકિર્દીનો આરંભ રાજસ્થાનમાં થયો હતો, અને અંતિમ દિવસો તેણે ગુજરાતમાં ગાળ્યા હતા એ હિસાબે આપણે મીરાંને 'આપણી' કહી શકીએ છીએ. વળી તેનાં ભજનો રાજસ્થાની અને ગુજરાતી બંને ભાષામાં હોઈ આપણો તેના પરનો દાવો વધુ પુષ્ટ બને છે.

મીરાંને ભલે આપણે 'આપણી' ગણીએ પરંતુ જ્યાંસુધી તેના ઉપદેશને સમજી આપણા જીવનનું ઘડતર આપણે નહિ કરીએ ત્યાંસુધી તેની પ્રત્યેનો આપણો પ્રેમ કે દાવો અર્થવિનાની વસ્તુ બની જાય છે.

'કામ નહિ આવે' મીરાં કહે છે કે ઈશ્વરની સહાય વિના આખરે તમારે ચાલવાનું જ નથી. બીજી રીતે જોઈએ તો આ ઉકિત આપણી ઉચ્ચ પ્રગતિ માટે અનિવાર્ય ગણાતાં 'વિનમ્રતા' (વિનય, નિરહંભાવ) ના સદ્ગુણનો નિર્દેશ કરે છે.

દરેક સાચા સંતમાં આપણે નમ્રતાનો ગુણ જોઈએ છીએ. ગદ્ગદ્ સ્વરે સન્ત તુકારામ પ્રભુને વિનવે છે: "પ્રભુ! તારે દ્વારે રાંક ભિક્ષુક બનીને આવેલો હું કેવળ તારો પ્રેમ યાચું છું. તારી મહેર એ જ એક એવી વસ્તુ છે જે મને હરેક રીતની બુરાઈમાંથી છોડાવી શકશે."

મહારાષ્ટ્રના બીજા સંત એકનાથ પણ એટલા સરળ હતા કે પોતે વિદ્વાન હોવા છતાં અભણ લોકો તેમની વાણીને બરાબર સમજી શકે એ માટે તેઓ સંસ્કૃતને બદલે લોકભાષા મરાઠીમાં ઉપદેશ આપતા. પરંતુ એકનાથના પુત્ર હરિપંડિતને પોતાની વિદ્વતાનું ભારે ઘમંડ હતું. તેમના વાણીચાતુર્યથી પ્રભાવિત બનેલો બુદ્ધિશાળી વર્ગ તેમની વિદ્વતાની ભારોભાર પ્રશંસા કરતો. એકનાથ તો સાચા જ્ઞાની પુરુષ હોવાથી પ્રશંસા કે નિંદા તેમને સ્પર્શે તેમ નહોતું, પરંતુ હરિપંડિતનો ગર્વ દિવસે દિવસે વધવા લાગ્યો અને વધુ કીર્તિ મેળવવા પોતાના કુટુંબ સાથે તેઓ કાશી ગયા જ્યાં, તેમણે પુષ્કળ ધન પણ પ્રાપ્ત કર્યું.

એકનાથે પોતાના વતનમાં રહીને જ ઉપદેશ આપવાનું કામ જારી રાખ્યું; પરંતુ ઊંડા અંતરમાં પુત્રના આવા પગલાં માટે રંજ હોવાથી એક દિવસ તે પુત્રને મળવા તેઓ કાશી ગયા અને તેને ઘેર પાછા ફરવા સમજાવ્યું. હરિપંડિત સંમત તો થયા પરંતુ તેમણે શરત કરી કે હવે પછીથી એકનાથે પ્રચલિત લોકભાષાનો પ્રયોગ ન કરવો. જનભાષા મારફત જ લોકસેવાનું કાર્ય કરતા એકનાથને માટે આવી શરત ભારે વસમી હતી પરંતુ કોઈ પણ રીતે પુત્ર વતન પાછો ફરે એવું તે ઈચ્છતા હતા એટલે તેમણે કશી જ દલીલ ન કરી.

ભજન, કીર્તન અને ઉપદેશમાં સાદી મરાઠી ભાષાને બદલે હવે હરિપંડિતે સંસ્કૃતનો ઉપયોગ કરવા માંડયો. શીક્ષિત લોકોને આમાં રસ પડતો, પરંતુ પછાત અભણ પ્રજાને કંઈ જ સમજણ પડતી નહોતી. હરિપંડિત બોલતા ને પિતા એકનાથ નીચે બેસી સાંભળતાં. આખરે વખત વીતતાં કુદરતે ન્યાય તોળ્યો. હરિપંડિતને પોતાના ઘમંડનું ભાન થયું અને પિતાના ચારિત્ર્યની શ્રેષ્ઠતા સમજાઈ. સાદા એવા આ દષ્ટાંતનો સાર ઘણો મહાન છે. વિદ્યા સદા વિનયથી જ શોભે છે. વિદ્વતા સાથે વિનમ્રતા હોવી એ તો વિરલ સંગમ છે.

પ્રભુની ખોજ અર્થે સુખસત્તાનો ત્યાગ કરી સાધુજીવન સ્વીકારનાર દક્ષિણભારતના મદુરાઈ રાજ્યના વડાપ્રધાન માણિકર વચછહાર તિરુવાચકમ્‌માં લખે છે: "મલિન એવા આ દેહમાં આત્મતત્ત્વ સિવાય કશો જ સાર નથી. તને સમર્પીત થઈ રહી આ જીવનને ધન્ય કરું એટલું જ હું ચાહું છું."

શીખ ધર્મગુરુ નાનક પણ પ્રભુસ્મરણથી મનની મલીનતાને ધોવાનો આદેશ આપે છે. દરેક સંપ્રદાયના સાધુસંતો આ વાત કહે છે પરંતુ મન કેટલું બધું ચંચળ છે? બહુરૂપીનો વેશ ભજવતા મનનો ચીતાર કબીરે તેની અનોખી શૈલીમાં આપ્યો છે: "કામનાનો ત્યાગ કરવા જાઉં છું ત્યાં તો ક્રોધને ડોકિયું કરતો ભાળું છું. ક્રોધને પકડું ન પકડું ત્યાં તો લોભ સળવળ કરતો દેખા દે છે. લોભની પાછળ પડવા ગયો ત્યાં વળી બીજી આફત આવીને ખડી થઈ ગઈ. હઠિલી અહંતા કોઈ રીતે માને ત્યારે ને! મનના આ મસ્તાન ઘોડાને માંડ જરા કાબુમાં લાવી રાહતનો દમ ખેંચવા જાઉં છું તો વળી પેલું તોફાની ટોળું આવીને ઊભું રહે છે. અરે ભાઈ! આ માર્ગ ખેડવાનું તો શૂરાનું કામ છે. કાચાપોચાનું અહીં ગજું નથી."

ગૌતમબુદ્ધ કહે છે, "જે નિષ્પાપ અને નિર્દોષ હોવા છતાં અપમાન અને ધૃણાને શાન્તિથી સહન કરી શકે છે; સૂપડામાંથી સરી પડતા રાઈના દાણાની જેમ જેના કામ, ક્રોધ અને મદ-મોહ સરી ગયા છે તે મહાન છે, પવિત્ર છે."

જૈનોના ઉત્તરાધ્યયન સૂત્રમાં લખ્યું છે, "કોઈ પણ સંજોગોમાં ધીર ગંભીર પુરુષે આકળા થવું ન જોઈએ. જે કંઈ મળે તેનાથી જે સંતોષ માને છે, માનઅપમાન, નિંદા અને પ્રશંસાથી જે પર છે તે સાચો સાધુ છે."

તત્ત્વાર્થ સૂત્રમાં પણ કહેવામાં આવ્યું છે કે સાધુપુરુષે જે ગુણો કેળવવાના છે તેમાં અહંતાનો ત્યાગ એ અગત્યનો ગુણ છે.

અહંતાને અળગી કરી કેવળ પ્રભુમય બની રહેવાની દાદુ દયાલની તીવ્ર ઝંખના જોઈએ. "હું તો ભૂલો કર્યા જ કરું છું, છતાં પણ તું મને ક્ષમા કરી અપનાવી લે! આખરે તો હું તારો બાળક છું, એટલે રક્ષણ પણ તારે જ કરવાનું છે."

પાદરી થઈને આજે હિન્દુ સંતમહાત્માઓનો હું માનભેર ઉલ્લેખ કરું છું એ માટે કદાચ કોઈને નવાઈ લાગે એ સ્વાભાવિક છે. એક સમય એવો હતો જ્યારે ખ્રિસ્તી ધર્મપ્રચારકો અન્ય સંપ્રદાયના સાધુસંતો વિષે ઉદાસીન હતા. પરંતુ એ સમય હવે રહ્યો નથી. અત્યારે તો આપણે પરસ્પર નજીક આવી સહકારની દઢ કડીથી બંધાઈ એક બની રહીએ તેમાં જ માનવજાતિનું હિત રહેલું છે. એક યાત્રિકની ભાવનાથી આ પુણ્યભૂમિની મુલાકાતે ૧૯૬૪ માં પોપ પૉલ જ્યારે મુંબઈ આવેલા ત્યારે તેમણે આ દેશની આધ્યાત્મિકતાને સમજવા અમને ખાસ સૂચન કરેલું.

વિનમ્રતા કે નિરહંભાવ એટલે આપણે પોતે ખરેખર જે છીએ તેનું તટસ્થ અને નિષ્ઠાપૂર્વકનું દર્શન - સ્વદર્શન કે સ્વપરિચય. તુકારામ કહે છે, "હું જે કંઈ છું કે મારી પાસે જે કંઈ છે તે પ્રભુનું આપેલું છે. હું પોતે જ્યાં કશું જ નથી ત્યાં કઈ રીતનો દાવો કરી શકું? પ્રભુની મદદ વગર હું કંઈ જ કરી શકું તેમ નથી."

એક વસ્તુ આપણે ભગવાનની મદદ વગર જરૂર કરી શકીએ તેમ છીએ. એ છે કુકર્મો જેને માટે ભગવાનની હાજરીની કોઈ જ જરૂર નથી. દાદુ દયાલે કહ્યું.

"Before Thee I am guilty in every nerve and vein,
A sinner am I, every moment, Master."

"દોષોથી ભરેલો હું દરેક પળે ભૂલો કર્યા જ કરું છું." ઈશ્વર સાથે જ્યારે આપણે અનુસંધાન નથી રાખી શકતા, ત્યારે કંઈ ને કંઈ

ક્ષતિ આપણાથી થતી જ રહે છે. આપણે પોતે કશું જ નથી. આપણને શું અધિકાર છે?" આ વિચાર આપણા જીવનનું સમર્થ પ્રેરક બળ છે. એમાં યે ખાસ કરીને જ્યારે આપણને પ્રશંસા અને કીર્તિ સાંપડે છે, આપણે પોતે કંઈક છીએ એ ભાનથી જ્યારે આપણે બીજાઓને ઊતરતા ગણીએ છીએ, ગરીબગુરબા, નોકરચાકર, અભણ અને અજ્ઞાની પ્રત્યે શ્રેષ્ઠતાના અહંકારથી પ્રેરાઈ આપણે કઠોર બનીએ છીએ, કંઈક હીણું કામ કરનાર પ્રત્યે આપણે ખૂબ સારા હોવાનું વલણ દાખવીએ છીએ ત્યારે "પ્રભુ સર્વ કંઈ છે, આપણે તો કેવળ તેનું હથિયાર છીએ," આ વલણ આપણને સમતોલ અને વિનમ્ર રાખવામાં ખૂબ ખૂબ મદદ કરે છે. આપણામાં જ ખામી હોય ત્યાં બીજાનો દોષ કાઢવાનો આપણને શું અધિકાર છે? નબળાઈઓમાંથી પોતાને બચાવવા તુકારામે પ્રભુને સાદ કીધો, "આ દાસને બચાવો." હું 'દાસ'ની જગ્યાએ 'બાળ' શબ્દ મૂકું છું. આખરે તો આપણે સૌ પ્રભુનાં બાળકો છીએ. પ્રભુએ આપણને બુદ્ધિની આગવી બક્ષિસ આપી છે; વિચાર કરવાની શકિત આપી છે; આ દેહ આપ્યો છે. આ સર્વનો ઉપયોગ આખરે તો આપણે પ્રભુના કાર્ય માટે કરવાનો છે.

આ હકીકતનો આપણે સ્વીકાર તો જરૂર કરીએ છીએ પરંતુ આપણી જાતનું ઝીણવટથી અવલોકન કરશું તો અંતરના એક ખૂણે તદ્દન વિપરીત જ વિચારધારા ચાલતી હશે. ઈશ્વર સૌનો સ્વામી છે એ કબૂલ, પરંતુ અત્યારે તો હું જ માલિક છું! આપણી સિદ્ધિના ઘમંડે આ જગતના કેવા તો હાલ કરી મૂકયા છે?

પ્રભુએ આ સર્વ સર્જન કર્યું એમ કહેવું એ બરાબર નથી. લાકડાનું એક ટેબલ લાકડાના આધારે ઊભું રહી શકે છે. લાકડાને તમે અળગું કરી દો તો ટેબલનું અસ્તિત્વ ભૂંસાઈ જાય છે. એ જ રીતે આપણે આ દુનિયામાં આવી જીવીને ચાલ્યા જઈએ છીએ. એક સર્વશકિતમાન સત્તા આપણી મારફત ગતિમાન રહી કાર્ય કરે છે. અત્યારે હું હાથ ઊંચો કરી બોલું છું ને તમે સૌ ત્યાં બેસી સાંભળો છો એ ક્રિયા પણ પ્રકૃતિની સંમતિ વગર નથી થઈ શકતી.

આ રીતે વિચારીએ તો પ્રભુનું કાર્ય જગતની રચના કરીને સમાપ્ત થઈ ગયું નથી. વિવિધરૂપે અને વિવિધ ઢંગે પ્રભુ સતત રીતે પોતાને વ્યકત કરી રહ્યો છે. અગોચર શકિતનો અખંડ પ્રવાહ આપણને સૌને ગતિમાન રાખી રહ્યો છે. એ શકિત જ આપણા જીવનનો આધાર છે.

માનો કે આપણે એક ઊંડા કૂવામાં પડી ગયા છીએ અને દોરડાના આધારે ઉપર આવવું છે. બહાર દોરડાનો છેડો પકડીને ઊભેલા માણસ પર આપણી સલામતીનો આધાર હોઈ એ રાજી રહે એમ જ આપણે વર્તશું. એને ગાળો દઈને કે ખીજવીને મોતને નોતરવાની મૂર્ખાઈ આપણે હરગીઝ નહિ કરીએ. પ્રભુ પણ આ જ પ્રમાણે આપણો સૂત્રધાર છે. એના પર શ્રદ્ધા અને વિશ્વાસ રાખ્યા વગર આપણા ઉદ્ધારની આશા આપણે કઈ રીતે રાખી શકીએ?

આપણે અપૂર્ણ અને અજ્ઞાની હોઈ આ રીતે જ જીવવા સર્જાયેલાં છીએ એવું જરા પણ નથી. ઈશ્વર સાથે જો આપણે અતૂટ સંબંધ જોડી શકીએ તો ઘણું ઉમદા જીવન જીવી શકીએ છીએ. ૧૯મી સદીમાં થઈ ગયેલી ફ્રેન્ચ સાધ્વી થેરીસાની વાત કહું. સામાન્ય વર્ગની આ બાળા ૧૫ વર્ષની વયે મઠમાં દાખલ થઈ અને ૨૪ વર્ષની વયે તે અવસાન પામી. પરંતુ એટલા અલ્પાયુષ્યમાં તે એવું તો તેજસ્વી જીવન જીવી ગઈ કે તેનું નામ અમર થઈ ગયું. તેણે લખેલું The Story of a Soul પુસ્તક ખૂબ પ્રસિદ્ધિ પામ્યું અને ઘણી ભાષાઓમાં તેનો અનુવાદ થયો. સાહિત્યક દષ્ટિએ આ પુસ્તક મહત્વનું નથી પરંતુ તેમાં એક સાધ્વી સ્ત્રીની કલમમાંથી પ્રગટેલી વાણી છે, જેણે ધર્મ અને જીવનનો સુંદર સમન્વય કરી જાણ્યો હતો.

ઈશ્વરની આપણે જે વ્યાખ્યા કરીએ તે, જે નામ આપીએ તે, પરંતુ એક વાત તો નક્કી છે જ કે પ્રભુ વિના આપણને ચાલવાનું નથી. આપણા સૌમાં પ્રભુને પામવાની સુષુપ્ત પિપાસા પડેલી જ છે. કારણ કે આખરે આપણા જીવનનો એ જ એકમાત્ર સાર છે; જીવનનું ચરમ બિંદુ છે, જ્યાં આપણી બધી જ યાતનાઓ અને ગૂંચોનો ઉકેલ આવી જાય છે.

પ્રભુની ખોજ એ શૂરાનો માર્ગ છે. કેટલાક લોકો આ માર્ગની યાત્રાનો આરંભ કરી વચ્ચે અટકી જાય છે. અવરોધોને પાર કરી કેમ સલામત નિકળી જવું એ તેમને આવડતું નથી એટલે એક માર્ગ છોડી બીજો ગ્રહણ કરે છે. કેટલીક મુશ્કેલીઓ સામે વીરતાથી ઝઝૂમે છે તો ખરા પરંતુ તેમણે અપનાવેલી રીત અપૂર્ણ અને ભૂલભરેલી હોય છે.

શુષ્ક તપસ્યા અને ખોટા દેહદમનને બદલે થેરીસાએ પ્રભુને પામવાનો સીધો સાદો રાહ બતાવ્યો, જેમાં બુદ્ધિતત્ત્વ કરતા ભાવતત્ત્વનું સ્થાન વધારે મહત્ત્વનું છે. નાના બાળકનું સર્વસ્વ માતા હોય છે તેમ જે પ્રભુમાં વિશ્વાસ મૂકી બાળક જેવા નિશ્ચિંત બની જાય છે તે આ કઠિન ગણાતાં માર્ગનું રહસ્ય જલદી પામી શકે છે. થેરીસામાં આવી નિશ્ચિંતતા અને નિર્દોષતા બંને હતાં. આપણે તો આપણી આવડતના અભિમાનમાં જ અટવાયેલા રહીએ છીએ. ભગવાન માટે એમાં કયાં માર્ગ થાય?

વિનમ્રતાની ઉપયોગિતાનો કોરો સ્વીકાર કરીને બેસી રહેવાથી આપણું કંઈ વળવાનું નથી. આપણા જીવનવ્યવહારોમાં આ ગુણ જેટલા વધુ પ્રમાણમાં સાકાર થશે તેટલો વિશાળ પલટો જીવન પામી શકશે. આપણી નિર્બળતાઓ વિષે સભાન બની તેને સુધારવા મથવું એ એક બાબત છે અને કોઈ આપણા દોષો ભણી આંગળી ચીંધે તેનો સમતાપૂર્વક સ્વીકાર કરી સામાને સમજવા પ્રયત્ન કરવો તે અલગ વાત છે. બીજી બાબતમાં આપણી સમતા અને સહનશકિતની ખરી કસોટી થાય છે. થેરીસામાં આ પ્રકારની ધીરજ હતી. એક વાર એક સીસ્ટર બીમાર હોઈ તેને ચર્ચમાંથી જમવાના રૂમ સુધી પહોંચાડવાનું કામ થેરીસાને ભાગે આવ્યું. આ સીસ્ટર સ્વભાવે ઉગ્ર હોઈ તેની સાથે કામ લેવું એ જેવી તેવી વાત નહોતી. બન્યું પણ એવું કે તેને ઠેસ વાગી અને તેણે બધો દોષ થેરીસા પર ઢોળ્યો. થેરીસાએ તો ખામોશી જાળવી માંદી સીસ્ટરને જમવાના ટેબલ સુધી પહોંચાડવાની પોતાની ફરજ અદા કરી, આથી આગળ તેને કંઈ જ કરવાનું નહોતું. છતાં પણ તે સીસ્ટરની બીમારીનો વિચાર કરી થેરીસાએ હસતે મોંએ તેને ખવડાવવામાં પણ મદદ કરી.

આવો સમભાવ બતાવવો એ અતિ કઠિન વસ્તુ છે. પરંતુ તદ્દન નજીવા લેખાતાં આવાં અનેક કાર્યોનો સરવાળો વ્યકિતને મહાન બનાવી દે છે. કામનું મૂલ્ય નથી, તેની પાછળની ઊંડી દષ્ટિ કામ કરી જાય છે.

લોકો ઉગ્ર તપસ્યા કરે છે, દાન આપે છે, લગ્નાદિ પ્રસંગોમાં પુષ્કળ નાણું ખરચે છે, જરૂર પડયે દેવામાં પણ ઊતરે છે, શા સારું? લોકોની વાહ વાહ મેળવવા. તકતીમાં જડાઈને અમર થઈ જવા! આપણે કહીએ છીએ કે જમણો હાથ દાન કરે તેની ડાબા હાથને પણ ખબર પડવી ન જોઈએ; પ્રભુનું કાર્ય છે એમ સમજી કામ કરવું અને બદલાનો વિચાર પણ ન કરવો. પણ આ નાની સૂની વાત નથી.

અનુવાદક: અપૂર્ણ મૂળ અંગ્રેજી:
સૌ. શારદાબહેન શાહ રેવ. ફાધર લેસર

માલિક: શ્રી મુંબઈ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ-૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૫

# પ્રબુદ્ધ જીવન

મુંબઇ, ડીસેમ્બર ૧, ૧૯૭૦, મંગળવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## ☆ એક અનિવાર્ય સદ્‌ગુણ ☆

( ગતાંકથી ચાલુ )

થેરીસાનું કે કોઇ પણ સંત મહાત્માઓનું જીવન જોઇએ તો સમર્પણ એમના મહાન જીવનનો દૃઢ પાયો હોય છે. સરળતા એમના વ્યવહારોમાં તાણાવાણાની જેમ વણાઇ જઇ એક સહજ વસ્તુ બની ગઇ હોય છે. ભગવાન ઇસુએ પણ ભારપૂર્વક કહ્યું છે."

"Unless you again become like little children you will not enter the kingdom of heaven. He is greatest in the kingdom of heaven who will humble himself like this little child."

ગરીબ ઘેર જન્મેલા ઇસુએ ૩૦ વર્ષ સુધી સુતારનું કામ કર્યું. ઉપદેશક તરીકેના ગાળા દરમિયાન ઘણું ઘણું સહન કર્યું અને છેવટે સત્યને ખાતર તેઓ વધસ્તંભે ચડયા. પરંતુ એમના બલિદાને જગતને ક્ષમાનો પાઠ શીખવ્યો. મહાપુરુષો જગતને ઉચ્ચ મૂલ્યોની ભેટ આપી અમર થઇ જાય છે.

ઇસુ પછીના કદાચ બીજા મહાન સંત પૉલે પણ કહ્યું છે, "જ્યારે તમે કશું જ નથી તો પછી આટલો ગર્વ અને મોટાઇ શીદને રાખો છો?"

એ જ રીતે સંત ઑગસ્ટાઇન કહે છે: "તમારે ખરેખર જો મહાન થવું હોય તો પહેલા તમારી જાતને ખાલી કરી દો. તમારામાંથી 'તમે હટાવો!' ચારિત્ર્યના મજબૂત પાયા પર જ અજોડ અને અનુપમ એવું વ્યકિતત્વ ખડું રહી શકે છે."

વિનમ્ર બન્યા સિવાય જીવનનો ઉચ્ચ વિકાસ સાધી શકાતો નથી. દરેક ધર્મોમાં જે જે મહાન પુરુષો થયા છે તેમનામાં એટલી તો નમ્રતા હોય છે કે પોતે મહાન છે એની તેમને તો ખબર જ હોતી નથી. મહાપુરુષો પોતાની મહાનતા વિષે કદિ પણ સભાન હોતા નથી; કારણ કે તેઓ વધુ ઇશ્વર સમીપ હોઇ પોતાની જાતને ભૂલી જઇ સત્યના સામર્થ્ય, પ્રકાશ અને પવિત્રતાને વધુ સારી રીતે પિછાની શકે છે. તેમની પાસે જ્ઞાનનો જે પ્રકાશ છે તે વડે તેઓ પોતાને વધુ સારી રીતે સમજી શકે છે.

નમ્રતા કેળવવા જેવો ખૂબ મહત્ત્વનો ગુણ છે. આપણા રોજના સામાન્ય વ્યવહારમાં આપણે નમ્રતાભર્યું શાંત વલણ દાખવીએ છીએ ત્યારે અંતરની તાકાત શાન્તિને હણી નાખતી અનેક આઘાતપ્રત્યાઘાતોની અસરમાંથી આપણે બચી જઇએ છીએ. આ સદ્‌ગુણ જ્યારે આપણો સહજ સ્વભાવ બની જાય છે ત્યારે અન્ય લોકોના અભિપ્રાય વિષે આપણે કદિ ચિન્તા સેવતા નથી. આપણી જાતના સાચા સ્વામી બની આગળ વધી શકીએ છીએ.

જેને આગળ આવીને મોટા ગણાવાની ઇચ્છા નથી, જે છેક છેલ્લે ખૂણે પણ પ્રસન્નતાથી બેસી શકે છે, જેને પોતાની આવડત કે બીજી કોઇ પ્રતિભાનું પ્રદર્શન કરવાની ઝંખના નથી, તે જ એક દિવસ મોખરે આવી માનભર્યું પદ પ્રાપ્ત કરી શકે છે.

સંત ફ્રાન્સિસના મઠમાં રહેતા એન્થની ભારે બુદ્ધિશાળી હતા, પરંતુ તેમની ખરી પ્રતિભાની ઘણા લોકોને જાણ નહોતી. તેઓ રસોઇનું કામ કરતા હતા. એક વાર એવું બન્યું કે નિયમિત ઉપદેશ આપતા પાદરી બીમાર હોઇ એન્થનીને એ કામ સોંપવામાં આવ્યું. તેમણે એવું તો સુંદર પ્રવચન કર્યું કે લોકોની આંખમાં પાણી આવી ગયાં. પરંતુ પોતે જાણે કશું જ નથી એમ એન્થની પાછા પોતાના રસોઇના કામમાં મગ્ન બની ગયા.

તદ્દન નજીવું લેખાતું કામ પણ જે ખંતપૂર્વક કરે છે તે જ સાચો માણસ છે. જેણે જ્ઞાન અને કેળવણીને સાચી રીતે પચાવ્યાં છે તે પોતાની ભૂલોને તરત સ્વીકારી તેને સુધારવા પ્રયત્ન કરે છે; તે જ્યાં જાય છે ત્યાં સૌની પાસેથી સાર ગ્રહણ કરવાની નમ્રતા દાખવે છે. ગાંધીજીના પરિચયમાં આવેલા એક અંગ્રેજ મિત્રે ગઇ કાલે જ મને તેમના અનુભવની વાત કહી. ખાદીના પ્રચાર માટે ગાંધીજી ખૂબ આતુર હતા, પરંતુ શહેરો જલદી ખાદીને અપનાવે એ તેમના મિત્રો અને સહકાર્યકરોને અશકય લાગતું હતું. ખાદી દેખાવમાં તદ્દન સાદી હોઇ તેને આકર્ષક બનાવવા સૂતરને રંગી સુંદર ભાતમાં વણવાનું સૂચન એ અંગ્રેજ મિત્રે કર્યું. ગાંધીજીએ પહેલા તો તેનો અસ્વીકાર કર્યો, પરંતુ પછી વિચાર કરતાં તેમની વાત તેમને ઠીક લાગી અને સંમત થયા.

મહાપુરુષો બીજાને સમજવા હમેશાં ઉદારતા બતાવે છે. પોતાને અન્યાય થાય છે એવું લાગે ત્યારે પણ તેઓ ઉતાવળા અને ઉગ્ર થતા નથી. આ પ્રકારના માણસો પોતાના દેખાવ અને રીતભાતમાં સૌમ્ય, સુઘડ અને ચોક્કસ હોય છે. તેમની પાસે પૈસો હશે તો પણ તેમનામાં દંભ કે મોટાઇ નહિ જણાય. દરિદ્ર હશે તો પણ દારિદ્ર્યનો લઘુતાભાવ તેમને પીડતો નહિ હોય. તેમના કોઇ પણ વ્યવહારમાં પ્રતિષ્ઠાનો લોભ કે વગ વધારવાની વૃત્તિનો અભાવ દેખાશે. પોતાની કોઇ ખાસ લાયકાત, વિશિષ્ટ ગુણ કે બુદ્ધિમત્તાને લીધે તેઓ લોકચાહના કે કીર્તિ પ્રાપ્ત કરશે તો પણ આ બધી પ્રાપ્તિઓ તેમના શાન્ત જીવનપ્રવાહમાં કશી જ ભરતી—ઓટ નહિ લાવે. જીવન વિષેની તેમની સમજ એટલી તો ઊંડી અને ગંભીર હોય છે કે તેમના જીવનમાં જે કંઇ સારું—માઠું બને છે તેમાં તેઓ પ્રભુનો સંકેત નિહાળે છે.

આવા માણસો પાસે પરિસ્થિતિનો સાચો તાગ મેળવવાની માનસિક તાકાત હોય છે. તેમણે એવી તો આંતરિક શિસ્ત અને સમતુલા પ્રાપ્ત કરી હોય છે કે કોઇ જ ઘટના તેમને વિહ્‌વળ બનાવી શકતી નથી. ગમે તેવા કપરા સંજોગોમાં પણ તેઓ વીરતાપૂર્વક સામનો કરી શકે છે. કદાચ મરવું પડે તો તેઓ મોતને એક સાચા યોદ્ધાની અદાથી ભેટી શકે છે.

મિથ્યાભિમાની લોકોને પ્રભુની જરૂર પડતી નથી અને પ્રભુ પણ વગર બોલાવ્યે દોડયો જાય એટલો ઘેલો કે સસ્તો પણ નથી. ભાવનાનો ભૂખ્યો ભગવાન તો આપણી પાસે દોડી આવવા આપણા આર્તપુકારની રાહ જોઇને જ બેઠેલો છે. જે ગર્વ છોડી તેનું શરણું સ્વીકારે છે તેને પ્રભુ પોતામાં સમાવી લે છે.

જીસસ ક્રાઇસ્ટે એક વાત કહી છે: એકવાર એક શ્રીમંત અને ગરીબ દારૂવેચવાવાળો બંને મંદિરમાં ગયા. શ્રીમંત માણસે

ભગવાનને કહ્યું, "હે પ્રભુ! મેં કંઇ ખરાબ કૃત્ય કર્યું નથી. હું આ દારૂવાળા જેવો નથી. હું તો દાન કરું છું; ગીરબ પર દયા રાખું છું; ઉપવાસ આદિ વ્રત કરું છું."

આઘે ખૂણે ઊભેલા દારૂવાળાએ માથું નમાવી પ્રાર્થના કરી: "હું દોષિત છું. પ્રભુ! મારો ઉદ્ધાર કર!" ભગવાન ગરીબ દારૂવાળા પર રાજી થયા, કારણ કે તેની વાણીમાં સત્ય હતું. શ્રીમંત માણસે પોતાના સત્કાર્યોનો ઉલ્લેખ કર્યો અને દોષોને છૂપાવ્યા એટલે એ ખોટો ઠર્યો.

કુદરતનો ન્યાય તો મહાન છે. પોતે ઘણું બધું છે એવો દંભ કરનારા લોકો ખરેખર તો કંઇ જ હોતા નથી એ સત્ય એક દિવસ તો પ્રગટ થાય જ છે. એ જ રીતે આ વિશાળ જગતમાં પોતે કંઇ જ નથી એવી નમ્રતા રાખી જીવનારા લોકો ખરેખર કંઇક છે એ સત્ય પણ પ્રગટ થયા સિવાય રહેતું નથી.

પ્રભુની મદદ વગર આપણે જીવનની સાચી ઉન્નતિ નહિ સાધી શકીએ એ સત્ય આપણે સતત ખ્યાલમાં રાખવું ઘટે. જે પ્રભુની આ સમગ્ર વિશ્વ પર સત્તા છે એ પ્રભુ સર્વજ્ઞ અને સર્વશકિતમાન હોવા ઉપરાંત કરુણાભરપૂર છે. આપણી ધારણાઓ અને તમન્નાઓ ફળીભૂત થાય છે તેની પાછળનું પ્રેરક બળ આપણે નથી, પરંતુ કુદરતની ગૂઢ યોજના હોય છે, એક ચોક્કસ રીતે અને ગતિએ કાર્ય કરતી શકિતની ઇચ્છા હોય છે.

આપણામાંથી જ્યારે 'આપણે' અસ્ત થઇ જઇશું ત્યારે સાચા જ્ઞાનનો ઉદય થશે, અને ત્યાર પછી જ જીવનને તેના પૂર્ણ સ્વરૂપમાં જોવાની આપણને દૃષ્ટિ પ્રાપ્ત થશે.

જે વિનમ્રતાનું આપણા જીવનમાં આટલું બધું મહત્ત્વ છે તે ગુણ આપણે કઇ રીતે પ્રાપ્ત કરવો? એને માટે ટૂંકો અને સીધો તો કોઇ જ રાજમાર્ગ નથી. આપણી જાતનું સતત પરીક્ષણ કરતા રહી આ ગુણને વિકસાવવા જીવનભર આપણે પુરુષાર્થ કરવો પડે છે.

હું તો માત્ર થોડી સૂચનાઓ આપી શકું. આપણે વિનમ્ર બની શકીએ જો:–

(૧) આપણને જે કાંઇ મળી રહ્યું છે તેનો આપણે કદરપૂર્વક વિચાર કરતા રહીએ અને આપણા પાપો - દોષો માત્ર આપણા પોતાના જ છે તે આપણે યાદ કરતા રહીએ.

(૨) આપણી જે કોઇ સ્તુતિ કરવામાં આવે તે આપણે ઇશ્વરને અર્પણ કરતા રહીએ.

(૩) બીજા લોકો જુએ અને વખાણે એવા હેતુથી આપણે કશું જ ન કરીએ.

(૪) જ્યારે આપણે દોષમાં હોઇએ ત્યારે આપણે તે અંગે ખોટો બચાવ ન કરીએ, પણ નમ્રભાવે તેનો એકદમ એકરાર કરીએ.

(૫) આપણે દોષમાં ન હોઇએ તો પણ તેને લગતો ઠપકો સ્વીકારી લઇએ અને નમ્રભાવે તે માથે ચઢાવીએ.

(૬) બીજાઓ આપણાથી ચડિયાતા છે એમ ગૃહિત કરીને તેમનો વિચાર કરીએ અને તેમની સાથે તે રીતે વર્તાવ કરીએ અને વિનમ્રતા માટે સદા પ્રાર્થના કરતા રહીએ.

અન્તમાં નમ્રતા માટેની પ્રાર્થના સૂચવું.

– અભિમાન અને અભિનિવેશથી, ઓ ઇશ્વર, મને સદા મુકત રાખજે!

– બીજાઓ મારી મોટી કીંમત આંકે એવા મોહથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

– બીજાઓ મને ચાહે એવી આકાંક્ષાથી, ઓ ઇશ્વર, મને મુકત રાખજે!

– બીજાઓ મને શોધતા આવે એવી વૃત્તિથી, ઓ ઇશ્વર, મને મુકત રાખજે!

– બીજાઓ મારૂં બહુમાન કરે એવી ઇચ્છાથી, ઓ ઇશ્વર, મને બચાવતો રહેજે!

– બીજાઓ મારા વખાણ કરે એવી વૃત્તિથી, ઓ ઇશ્વર, તું મને મુકત રાખજે!

– બીજા કરતાં મને વધારે પસંદગી આપવામાં આવે એવી ઇચ્છાથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

– બીજાઓ મારી સલાહ લે એવા વ્યામોહથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

– બીજા મારૂં અપમાન કરશે એવા ભયથી, ઓ ઇશ્વર, મને મુકિત આપજે!

– બીજા મારો તિરસ્કાર કરશે એવા ભયથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

– બીજાઓ મને ભૂલી જશે એવા ભયથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

– બીજાઓ મારી મશ્કરી કરશે એવા ભયથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

– બીજાઓ મને હાનિ કરશે એવા ભયથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

– બીજાઓ મને વહેમથી જોશે એવા ભયથી, ઓ ઇશ્વર, મને બચાવજે!

ઓ ઇશ્વર મારી એવી ઇચ્છા પાર પાડવાની કૃપા કરજે કે જેથી લોકો મારા કરતાં અન્યને વધારે ચાહે, જેથી બીજા માટે દુનિયાનો અભિપ્રાય અનુકૂળ બને અને મને તેમનાથી ઉતરતું સ્થાન મળે, જેથી બીજાને કામ મળે અને ભલે હું બેકાર બનું, જેથી બીજાના વખાણ થાય અને મારી ઉપેક્ષા કરવામાં આવે, જેથી બધી બાબતમાં મારી જગ્યાએ બીજાને પસંદગી આપવામાં આવે અને હું જેટલો પવિત્ર બની શકું તેટલો પવિત્ર બનું એ સરતે મારા કરતાં બીજાઓ વધારે પવિત્રતાને પ્રાપ્ત કરે.

ઓ ઇશ્વર, મારી ઉપર તારી એવી કૃપા હો કે જેથી તું મારા કાર્યનો સાક્ષી છે એ હકીકતને યાદ કર્યા સિવાય હું કોઇ પણ કાર્યનો પ્રારંભ ન કરૂં અને જેથી તું મારી સાથે રહીને એ કાર્ય કરે અને એ કાર્ય તારૂં જ હોય એવા સમર્પણભાવપૂર્વક એ કાર્ય કરવાની મને તું પૂરી સગવડ આપ, અને એ કાર્ય કરતી વખતે બને તેટલી વાર હું આ જ ભાવનાનું પુનરાવર્તન કર્યા કરૂં અને તને રાજી રાખવાની ઇચ્છાને તાજી કરતો રહું.

અનુવાદક: સૌ. શારદાબહેન બાબુભાઇ શાહ (સમાપ્ત) મૂળ અંગ્રેજી રેવરન્ડ ફાધર લેસર

## નૂતન વર્ષ અંગે કલ્યાણ–પ્રાર્થના

એક એક ડગલું ઉજાળતી
ટમટમતી દિલ-દીવડી
પ્રભુનો પથ કંડારતી જતી;
ચોગમ છો આંધી ચડી.

– ઉમાશંકર જોશી

પ્રભો પ્રગટ દેવ સૂર્ય પરબ્રહ્મ પ્રત્યક્ષ હો.
મનુષ્ય ઉર-વિશ્વનાં તમસને સદા સંહરો,
પ્રકાશમય ચેતના સકલ વિશ્વમાં સંભરો,
જગે પરમ દિવ્ય મોદ તવ નિત્ય વ્યાપી રહો!

– નટવર મ. દવે

પૂર્વે ખ્હણે મંગલ વાયુ વાય,
–ને લાલ રંગો નભમાં પુરાય,
જુઓ! સિંધુના રમ્ય તરંગ–આરે,
ઉગે ઉષા ને રવિ દેવ આવે.
આપના સર્વ સુખોનો, એવો સૂર્ય ઊગો જગે,
વામીને વાટડી ઘોર, રેલો તેજ પદે પદે!

– ગજાનન વ. જોષી

# સ્વ. જવાહરલાલ નહેરુની પ્રસ્તુતતા : એક માનવી અને તેનું જીવનકાર્ય

(સ્વ. નહેરૂની મૃત્યુતિથિ તા. ૨૭-૫-૭૦ ના રોજ ટાઇમ્સ ઑફ ઇન્ડિયામાં પ્રગટ થયેલો-નહેરૂના સ્મરણને તાજું કરતો અને નહેરૂના જીવનકાર્યનું વાસ્તવિક મૂલ્યાંકન રજૂ કરતો લેખ—તેનો ગુજરાતી અનુવાદ નીચે આપવામાં આવે છે. તંત્રી)

તા. ૨૭-૫-૧૯૬૪ ના દિને થયેલા શ્રી નહેરૂના અવસાન બાદ છેલ્લા છ વર્ષના સમયમાં દેશમાં એક પછી એક બહુ ઝડપભેર બનાવો બનતા આવ્યા છે. આ સમય દરમિયાન દેશે પાકિસ્તાન સાથે યુદ્ધ જોયું, બે ભયંકર દુષ્કાળ જોયા, આર્થિક ભીંસ અનુભવી, ઉપરાઉપરી બે કટોકટીમાંથી દેશ પસાર થયો, કૉંગ્રેસ પક્ષમાં ભંગાણ અને બીજા રાજકીય પક્ષોના ટુકડા થયા. સામાન્ય પ્રજાજનનું જીવનધોરણ નીચું જવું અને કોમવાદનું ફરીને બેઠા થવું.

સદ્‌ભાગ્યે આ દુર્ઘટનામાંથી પણ શુભ પરિણામ જોવા મળ્યા છે. પાકિસ્તાન સાથેના યુદ્ધે પ્રજામાં પોતામાં અને લશ્કરી તાકાતમાં નવેસરથી આત્મવિશ્વાસ જાગૃત કર્યો, કે જે—૧૯૬૨ માં ચીન સાથેની લડાઇમાં આપણે ખોયો હતો. દુષ્કાળે કૃષિ ઉત્પાદનના ક્ષેત્રમાં આધુનિક સાધનો વસાવવા માટે ઉત્સાહ પ્રેર્યો, જે જો રાજકીય વાતાવરણ સરળ રહે તો આર્થિક ક્ષેત્રે અગત્યનો ફાળો આપે તેમ છે. કૉંગ્રેસમાં પડેલા ભંગાણના કારણે સુસ્ત પડી રહેલી પ્રજામાં રાજકારણ વિષે આવેલી જાગૃતિએ અને વધતી જતી મહત્ત્વાકાંક્ષાઓએ આજના રાજતંત્ર અને સત્તાના બળ ઉપર દબાણ લાવી તેને કસોટીમાં ઉતાર્યા છે. સંભવ છે કે લાંબે ગાળે આમાંથી પણ કંઇ શુભ પરિણામ નીપજે.

આવી જુદી જુદી પરિસ્થિતિમાં તેમ જ કેટલેક અંશે વધતા જતા પ્રત્યાઘાતી બળોની વચ્ચે નહેરૂ આજે પણ એટલા જ પ્રસ્તુત Relevant બની રહે છે. કારણ કે જો કંઇક નક્કર વસ્તુ પ્રાપ્ત કરવી હોય, ભારતે અને સમગ્ર દુનિયાએ એક લક્ષ્ય સિદ્ધ કરવું હોય તો નહેરૂ જે કાર્યો અને આદર્શો માટે જીવ્યા તે કાર્યો અને આદર્શો આજે પણ એટલા પ્રસ્તુત બની રહે છે.

### રાજદ્વારી પુરુષ

નહેરૂ એક રાજદ્વારી પુરુષ હતા પણ રાજકારણના શાસ્ત્રજ્ઞ નહોતા. આ વસ્તુ તેમણે પોતે અનેક વખત જાહેર કરી છે. આથી તેઓ જે કહેતા અને કરતા તે જે સમયે જે તંગ પરિસ્થિતિ ઊભી થઇ હોય તેને અનુલક્ષીને તે કરતા. પણ તે એક સામાન્ય પ્રકારના રાજદ્વારી પુરુષ નહોતા. તેમણે ઇતિહાસને ઊંડાણથી પચાવ્યો હતો, અને એક વિદ્વાન લેખકે કહ્યું છે તેમ તેમનું આખું જીવન ભારતમાં કેમ આત્મવિશ્વાસ જાગે, કેમ ભાવી ઉજ્જવળ બને તેના ચિન્તનમાં જ વીત્યું હતું. આ ચિન્તનનો નિચોડ એ કાઢી શકાય કે ભારતને સ્વતંત્રતા, લોકશાહી, સમાજવાદ, અને બિનસાંપ્રદાયિકતા મળ્યા. ભારતની બિનજોડાણની નીતિ—Non—alignment જે એમના નામ સાથે ખાસ સંકળાયેલી છે તેનો હું આમાં સમાવેશ નહિ કરૂં. કેમકે તે એક તત્કાળ પુરતું સાધન હતું - ઠંડા યુદ્ધના સંદર્ભમાં ભારતની સ્વતંત્રતા જાળવી રાખવા પૂરતું.

આ બધી નીતિઓ ઘડવા પાછળ ધ્યેય એક જ હતું કે ભારતનું પુનરૂત્થાન થાય. પ્રજાને નિર્બળ બનાવનારા નાતજાતના વાડા, ધર્મઘેલછા, અંધશ્રદ્ધા, મૃતપ્રાય થઇ ચૂકેલાં વિધિવિધાનોમાં ચુસ્તતા, વગેરે દૂર થાય અને નવસર્જન માટેની તમન્ના જાગે. આ આદર્શો જેમના મગજમાં નથી તેઓ તેમને કદી સમજી શકવાના નથી. કદાચ તેઓ તેમની પ્રશંસા કરતા હશે, તેમને માટે આદર દાખવતા હશે, પણ તેમની ભાવનાને અને જીવનભરના તેમના કાર્યને તેઓ વિકૃત આકારમાં જોવાના અને રજૂ કરવાના.

નહેરૂ પાશ્ચિમાત્ય બની ગયા નહોતા, તેમ જ ભારત પશ્ચિમની નીતિરીતિઓનું અનુસરણ કરે એમ પણ તે ઇચ્છતા નહોતા. સ્ટેલીન કે માઓત્સે તુંગની જેમ જ, પણ ભારતની સંસ્કૃતિના પાયા ઉચ્છેદી નાખવાની સ્વપ્ને ય તેમને કલ્પના નહોતી. જે સંસ્થાઓને રૂઢિચુસ્તો માન આપતા કે પ્રશંસા કરતા તેની તેઓ ટીકા કરતા કે ઘણી વાર તિરસ્કારતા તો તેનું કારણ એક જ હતું કે તે એમ માનતા અને સાચી રીતે માનતા - કે આવી સંસ્થાઓ સ્વતંત્ર ચર્ચાવિચારણા માટે સ્થાન રહેવા દેતી નથી કે જે ચર્ચાવિચારણાઓ જ ઇતિહાસનું નવસર્જન કરી શકે તેમ છે.

### સંસ્કૃતિ એક

નહેરૂને મન ભારત એ ઉત્તરે હિમાલય અને દક્ષિણે હિંદી મહાસગર એ પ્રકારની માત્ર એક મર્યાદિત ભૌગોલિક આકૃતિ નહોતી, ન તો એ બ્રિટિશરોએ પૂરા ખ્યાલ સિવાય રચેલ રાજકીય અને આર્થિક વ્યવસ્થાનું એક એકમ હતું. તેને મન ભારત એ ઉચ્ચ સંસ્કારિતાની ભૂમિ હતી, જે ભૂમિને તેમના પૂર્વજોએ સમગ્રપણે સમન્વય સાધતી સંસ્કારીતાનો આકાર આપ્યો હતો. તેમની આત્મકથામાં અને "ડિસ્કવરી ઑફ ઇંડિયા" માં વાક્યે વાક્યે આ વસ્તુ સ્પષ્ટ દેખાઇ આવે છે.

દાખલા તરીકે આત્મકથામાં તેમણે લખ્યું છે કે "ભારતમાં એક એવું તત્ત્વ પડેલું હતું જેણે જુદી જુદી જ્ઞાતિઓ અને જુદા જુદા વર્ગોને એક સાંકળે બાંધી રાખ્યા હતા. આ પ્રજાની દૃઢતા, ખંત અને સહિષ્ણુતા જોઇને કોઇને પણ આશ્ચર્ય થયા વિના રહે નહિ. આ શક્તિ શેમાંથી પેદા થઇ હતી? લાચારીની સહનશીલતા કે પરંપરાને વળગી રહેવાની જડતા નહિ, તે તો મોટે ભાગે બધામાં હોય છે. પણ એક ક્રિયાશીલ તત્વ સદા મોજુદ હતું, જેણે બહારના આક્રમણોનો સફળતાપૂર્વક સામનો કર્યો હતો અને આંતરિક વિરોધી પ્રવાહોને શોષી લીધા હતા.

"ડીસ્કવરી ઑફ ઇંડિયા" માં એક જગ્યાએ તેઓ કહે છે, "દરેક દેશમાં અવારનવાર ચઢતી પડતી અને વેર ઝઘડાના દાયકા આવ્યા કરે છે, તેમ ભારતમાં પણ ઘણીવાર આવી ગયા છે. પણ તેમાંથી તે સફળતાપૂર્વક પાર ઉતર્યું છે, નવેસરથી તેણે પોતાનું ઘડતર કર્યું છે. ક્યારેક થોડો વખત તે પોતાના કોચલામાં સંકોચાઇ ગયું છે અને પાછું નવી હવા, નવી તાકાત લઇને બહાર નીકળ્યું છે. આ દેશમાં એક એવું બળપ્રેરક તત્વ છે કે જેના લીધે દેશ નવી તાકાત લઇને ફરી બેઠો થાય છે, જે બની ગયું તેનાથી કંઇક જુદું છતાં જૂના સાથે સંકળાયેલ હોય તેવી પ્રેરણા લઇને.

ગાંધીજી અને એમની પહેલાંના સુધારાવાદીઓની જેમ નહેરૂ પણ એમ માનતા કે રૂઢ માન્યતાઓ અને સામાજિક બંધારણની કઠોરતાએ પ્રજાની એકતાને, આત્મવિશ્વાસને, નવાં મૂલ્યો ઊભા કરવાની શક્તિને અને બુદ્ધિને નિર્બળ કરી નાખ્યા છે. એમણે વિજ્ઞાન, ઉદ્યોગો અને બુદ્ધિને વિકસાવવા ઉપર જે ભાર મૂક્યો તેમાંથી આ વાત બરાબર સ્પષ્ટ થાય છે. પણ જેમ જેમ એમને અનુભવ થતો ગયો તેમ તેમ વિજ્ઞાન અને યંત્રો તેમના આરાધ્યદેવના સ્થાનેથી ચ્યુત થતા ગયા હતા.

ભારતના પરંપરાગત વારસાનું નવસર્જન કરવું, તેને નવો જન્મ આપવો એ એમની મુખ્ય આકાંક્ષા હતી. તે વિષે વધારે કંઇ કહેવું બિનજરૂરી છે. એમનો બિનસાંપ્રદાયિકતાવાદ એ સમજણપૂર્વકની તટસ્થ વૃત્તિ હતી, જે દેશમાં પ્રવર્તતા મતમતાંતરો અને પક્ષોને એક તાંતણે બાંધવામાં - તે વચ્ચે સમન્વય સાધવામાં મદદરૂપ થઇ છે. એક થવા માટે ફરજીયાતપણામાં તે સમન્વયની ગતિને વધારે પડતો વેગ આપવામાં તેઓ માનતા નહોતા. કારણ કે એમ કરવું એ એમના સ્વભાવ વિરૂદ્ધ હતું, અને એમ કરવાથી નિરર્થક વિરોધ અને ઘર્ષણ પેદા થાત. બિનસાંપ્રદાયિકતામાં

4



માનતા હોવા છતાં ભારતીય તત્વજ્ઞાન માટે તેમને ખૂબ આદર હતો અને એનું પુનરૂત્થાન તેઓ ઝંખતા હતા તેમાં કોઇ શંકા નથી.

**બદલાયા**

જેમ વરસો વીતતા ગયા તેમ તેમની આ ઝંખના વધતી ગઇ. ૧૯૫૯ માં ટેપ રેકર્ડ કરેલી મી. આર. કે. કરંજીયા સાથેની એક મુલાકાતમાં તેમણે જાતે આ વાત સ્વીકારી છે.

"હું બદલાયો છું. તત્વજ્ઞાન કે અધ્યાત્મજ્ઞાનને મહત્ત્વ આપવું એ કંઇ ઉપરછલ્લી વિચારણા નથી. માનવ મનમાં એવું કંઇક રહેલું છે કે જે નૈતિક અને આત્મિક વિકાસ માટે ઊંડાણથી સમજવા ઝંખ્યા કરે છે, તે વિનાના દુન્યવી વિકાસનું કંઇ મૂલ્ય નથી. આપણી પ્રાચીન કલ્પના કે આ સમગ્ર વિશ્વમાં એક બ્રહ્મતત્વ રહેલું છે અને તેનો થોડો અંશ પ્રાણીમાત્રમાં રહેલો છે એ વિચારણા નકારી કાઢવા જેવી નથી."

અવસાનના બે દિવસ પહેલાં જ એક ઠેકાણે એમણે કહ્યું છે કે "માનવીની ગુણવત્તા અને તેની પાછળ રહેલી ધર્મભાવનાને કેમ વિકસાવવી એ આપણું ધ્યેય છે તે કદી ભૂલવું જોઇએ નહિ."

ઑસ્ટ્રેલિયાના ભારતના ભૂતપૂર્વ હાઇકમિશ્નર મી. ડબલ્યુ. આર. ક્રોકર કે જેણે નહેરૂ વિષે ચિન્તનશીલ અભ્યાસ કર્યો છે, તેઓ કહે છે કે ૧૯૬૩માં વડા પ્રધાને એક વખત મને કહ્યું હતું કે "હું નાસ્તિક નથી." મી. ક્રોકરના મત પ્રમાણે નહેરૂના આ અજ્ઞેય-વાદ પાછળ ધર્મભાવના રહેલી હતી. Hedonism - એકાન્ત સુખલક્ષી વાદવિચાર—સામે તેમને ઘૃણા હતી.

ગાંધીજી કે જેમને નહેરૂ કદિ પણ ઊંડાણથી સમજી શકયા નહોતા. તેઓ પણ નહેરુ ભૌતિકવાદી છે એમ કહેવાને કદી તૈયાર નહોતા.

શ્રી ક્રોકરનું પુસ્તક 'Nehru; A Contemporary's Estimate, આ ઉપરાંત નહેરુ વિષેનું એક બીજું અર્થઘટન મારા જોવામાં આવ્યું છે. આ અર્થઘટનમાં નહેરુના પૂર્વજોના જીવન અને રહેણીકરણીના સંદર્ભમાં નહેરુના તત્ત્વદર્શનની ચર્ચા કરવામાં આવી છે. આ છે શ્રી ટીટમાર રોથર મુંડનો એક ટૂંકો નિબંધ. નહેરુ સંબંધી આવાં બીજાં પણ અનેક લખાણો અને ઉલ્લેખો હશે. પણ એમાં નહેરુ વિષેના ચાલુ ભૂલભરેલા ખ્યાલને દૂર કરે એવાં બહુ થોડા લખાણો મારા જોવામાં આવે છે. આ આપણી એક મોટી કમનસીબી છે, કારણકે નહેરુની મહાન નૈતિક પ્રતિભાનો એવા ખ્યાલો ફેલાવવા માટે ઉપયોગ કરવામાં આવ્યો છે કે જે ખ્યાલો વિષે તેનામાં કશી પણ સહાનુભૂતિ હોવાનો સંભવ નથી.

**નહેરૂ અમેરિકા–વિરોધી નહોતા**

આ પ્રમાણે નહેરુના બીજા વિચારોની બાબતમાં પણ અવળો અર્થ લેવાયો છે. કેટલાક તકવાદી પક્ષોએ નહેરુની બીનજોડાણની નીતિનો અર્થ અમેરિકા સાથે વિરોધ કરવામાં એમની સંમતિ છે એવો ઘટાવ્યો છે. ૧૯૫૦ની સાલમાં યુનાઇટેડ સ્ટેટ્સે એશિયા ઉપર જે પ્રભુત્વ જમાવવા માંડયું હતું તેની સામે નહેરુને વિરોધ હતો, કેમકે તે વખતે તેઓ એવી માન્યતા તરફ ખેંચાઇ રહ્યા હતા કે ચીની સામ્યવાદને ખાળવા માટે આ જ એક રસ્તો છે. ૧૯૫૪માં વૉશિંગ્ટને જ્યારે પાકિસ્તાનને વધારે શસ્ત્રસરંજામ આપવાનો નિર્ણય કર્યો ત્યારે તેઓ ચમકી ઊઠયા હતા. કેમકે તે જાણતા હતા કે આ જાતની સહાય કરાંચીને વધારે બળ આપશે અને તેમ થતાં બીજા દેશો સાથેની તાકાતની સમતુલા જોખમાશે. ખરી રીતે તેઓ અમેરિકાના વિરોધી નહોતા. મી. ગેલબ્રેથનું "એમ્બેસેડર જર્નલ" જરા ઝીણવટથી વાંચીએ તો આ હકીકત બરાબર પુરવાર થાય છે.

આ જ પ્રમાણે નહેરુનો સમાજવાદ આર્થિક સમાનતા પૂરતો નહોતો. તેમને તો પ્રજાનાં નીચામાં નીચેના થરના માનવીના દુઃખોની ચિન્તા હતી. અન્યાય અને સંપત્તિના આડંબરીય દેખાવ પ્રત્યે તેમને ભારે તિરસ્કાર હતો. શ્રીમંતોની જોહુકમીને મૂળમાંથી કાપી નાખવા તેઓ આતુર હતા, જેથી ગરીબોની પીઠ ઉપર તેઓ ચઢી બેસે નહિ. તેઓ જાણતા હતા કે ઉત્પાદન વધારવું અને સમાજરચનાના કારણે જેના ઉપર પડ બાઝી ગયા છે એવી પ્રબળ શકિતને બહાર—ઉપર લાવવી એ સૌથી પ્રથમ પગલું હોવું જોઇએ.

મોટા ઉદ્યોગો કે જે ઊભા કરવા એ ખાનગી ક્ષેત્રની મર્યાદા બહારની વાત હતી, તેવા ઉદ્યોગો દેશના આર્થિક ઉત્થાન માટે જાહેર ક્ષેત્રે લઇ લેવા એ અગત્યનું મનાતું હતું. તે પણ તેમને મન થોડા વખત માટેનું કામચલાઉ સાધન હતા. આજે એ જાહેર ક્ષેત્રો અર્થતંત્રને ભારૂરૂપ થઇ પડયા છે, કેમકે ભાષણખોરો અને મોટી મોટી વાતો કરનારા આગેવાનો જેમને વાસ્તવિકતાની બહુ ઓછી દરકાર છે તેઓ સત્તાસ્થાને આગળ આવી રહ્યા છે.

દરેક રીતે જોતાં લાગે છે કે નહેરુની વિચારસરણી દેશના ભાવિ માટે આજે પણ ચોક્કસપણે અત્યંત પ્રસ્તુત છે, અને તેથી અજ્ઞાનપૂર્ણ ટીકાઓ અને ઇરાદાપૂર્વકની વિકૃત રજૂઆતો સામે તેમના વારસાને સુરક્ષિત રાખવો એ આજનો પ્રાણપ્રશ્ન છે. આજના ભારતમાં આ બન્ને બાબતો પુષ્કળ પ્રમાણમાં જોવામાં આવે છે.

અનુવાદક: **શ્રી મેનાબહેન નરોત્તમદાસ શેઠ**

મૂળ અંગ્રેજી: **શ્રી એસ. ધર્મરાજન**

## શ્રી મણિલાલ મોકમચંદ શાહ સાર્વજનિક વાચનાલય–પુસ્તકાલયને મળેલી રકમો

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧000 | શ્રી કામાણી ટ્યુબ પ્રાઇવેટ લી. | ૧૫૨ | શ્રી કુસુમચન્દ્ર ડાહ્યાભાઇ | ૧૦૧ | શ્રી જીન સ્ટોર્સ કું. |
| ૩૫૦ | ,, ચીમનલાલ પેપર કું. | ૧૫૧ | ,, સુબોધભાઇ એમ. શાહ | ૧૦૧ | ,, ધીરજલાલ ધનજીભાઇ શાહ |
| ૩૦૧ | ,, ચીમનલાલ ચકુભાઇ શાહ | ૧૫૧ | ,, મફતલાલ ભીખાચંદ શાહ | ૫૧ | ,, બસંતલાલ ડી. નરસીંગપુરા |
| ૨૫૧ | ,, અમૃતલાલ એન્ડ કું. | ૧૫૧ | ,, કંચનબહેન ઓલીવર દેસાઇ | ૫૧ | ,, ખેતસી માલસી સાવલા |
| ૨૫૧ | ,, વીશા પ્રિન્ટરી | ૧૫૧ | ,, ઠાકોરભાઇ મહેતા એન્ડ કું | ૫૧ | ,, પ્રવિણભાઇ મંગળદાસ શાહ |
| ૨૫૧ | ,, બાબુભાઇ જી. શાહ | ૧૫૧ | ,, પી. રતિલાલની કું. | ૫૧ | ,, નંદલાલ છગનલાલ શાહ |
| ૨૫૧ | ,, ટોકરસી. કે. શાહ | ૧૫૧ | મેઘજી પી. શાહ | ૫૧ | ,, મહેન્દ્રકુમાર વીમળચંદ |
| ૨૫૧ | ,, કે. પી. શાહ | ૧૫૧ | ,, પાસુ કાયાની કું. | ૫૧ | ,, કેશરીમલ કાંતિલાલ સંઘવી |
| ૨૫૧ | ,, એ. જે. શાહ | ૧૦૧ | ,, નીરૂબહેન એસ. શાહ | ૫૧ | ,, શાન્તિલાલ એ. ઝવેરી |
| ૨૫૦ | ,, મનુભાઈ અમૃતલાલ શેઠ | ૧૦૧ | ,, મોહનલાલ નગીનદાસ | ૫૧ | ,, આરવીકો રબ્બર ઇન્ડસ્ટ્રીઝ |
| ૨૫૦ | ,, રસિકલાલ એમ. ઝવેરી | | જરીવાળા | ૫૧ | ,, મૂલચન્દ્રજી શાન્તિલાલ |
| ૨૫૦ | ,, જયન્તિલાલ રતનચંદ શાહ | ૧૦૧ | ,, મહેન્દ્રભાઇ શાન્તિલાલ | ૫૧ | ,, આર. બી. શાહ એન્ડ કું. |
| ૨૫૦ | ,, ભારત પેન્સીલ એજન્સી | ૧૦૧ | ,, મોરારજી ગોકુળદાસ સ્પીનીંગ | ૫૦ | ,, રમણિકલાલ દલીચંદ |
| ૨૦૧ | ,, ફત્તેહચંદ લલ્લુભાઇ શાહ | | એન્ડ વીવીંગ કું. | ૨૫ | ,, પરમાનંદ કુંવરજી કાપડિયા |
| ૨૦૧ | ,, ધીરજલાલ ફૂલચંદ શાહ | ૧૦૧ | ,, નીરૂ એન્ડ કું | ૨૫ | ,, હરિલાલ ગુલાબચંદ શાહ |
| ૨૦૧ | ,, રબ્બર ગુડઝ ટ્રેડીંગ કું. | ૧૦૧ | ,, વોરા બ્રધર્સ એન્ડ કું. | ૨૧ | ,, એક સદ્‌ગૃહસ્થ |
| ૨૦૧ | ,, છગનલાલ લધુભાઇ | ૧૦૧ | ,, રતિલાલ ચીમનલાલ કોઠારી | ૧૧ | ,, રમણિકલાલ મણિલાલ શાહ |
| ૨૦૧ | ,, ધીરજ સ્ટીલ કું. | ૧૦૧ | ,, અજમેરા બ્રધર્સ | ૮૦૨૩ | |

# ☆ પ્રકીર્ણ નોંધ ☆

## ૮૬ મા વર્ષમાં પ્રવેશતા કાકાસાહેબને હાર્દિક અભિનંદન

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનો જેમની સાથે વર્ષો - જૂનો સંબંધ છે એવા પૂજ્ય કાકાસાહેબ શરૂ થતા ડિસેમ્બરની પહેલી તારીખે ૮૬ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ પ્રસંગે તેમને આપણા સર્વના હાર્દિક અભિનંદન. કાકાસાહેબ ગાંધીવિચારના સૌથી વયોવૃદ્ધ અને અગ્રગણ્ય પુરસ્કર્તા છે. આ ઉંમરે પણ તેમનો પ્રવાસ સતત ચાલુ છે અને તેમના જીવનનો ઉલ્લાસ કોઇ પણ યુવાનથી ચડી જાય તેવો છે. આપણે પરમાત્માને પ્રાર્થના કરીએ કે આવા જ આરોગ્યની સ્થિરતાપૂર્વક તેઓ શતાયુ બને અને તેમની વાણીની ધારા અખંડપણે વહ્યા કરે. તેમના જન્મદિવસ પ્રસંગે ઓછામાં ઓછી હાથે કાંતેલા સૂતરની એક આંટી તેમને અર્પણ કરવી એવો તેમના મિત્રો અને પ્રસંશકોનો પ્રસ્તાવ છે. આ અંક વાચકોના હાથમાં આવશે ત્યારે પણ તેઓ મુંબઇમાં તેમના ચાલુ નિવાસ-સ્થાને હોવા સંભવ છે, તો મુંબઇ જૈન યુવક સંઘ સાથે જોડાયેલા ભાઇબહેનોને વિનંતિ કે ઉપર જણાવ્યા મુજબની સૂતરની આંટી કાકાસાહેબના ચરણે અર્પણ કરીને કાકાસાહેબ પ્રત્યેનો પોતાનો આદરભાવ વ્યકત કરે.

## કેરલ મુસ્લીમ લીગ તેનાં અન્ય ઘટકોથી જુદી છે કે તેની જ એક આવૃત્તિ છે?

કેરલની ચૂંટણીમાં પ્રાદેશિક મુસ્લીમ લીગના સહકાર દ્વારા શાસક કૉંગ્રેસનું વર્ચસ્વ સ્થપાતાં, ભારતના મુખ્ય પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ કેરલની મુસ્લીમ લીગ કૉમ્યુનલ – કોમવાદી – સંસ્થા નથી એવું ત્યાંની મુસ્લીમ લીગને પ્રમાણપત્ર આપ્યું હતું. આજે જૂની કૉંગ્રેસમાં ભંગાણ પડતાં શ્રી મોરારજી દેસાઇના નેતૃત્વ નીચે સંસ્થાકીય કૉંગ્રેસ જનસંઘ અને સ્વતંત્ર પક્ષ સાથે હાથ મેળવવા તૈયાર થઇ છે અને તે ખાતર જનસંઘ કોઇ કોમી સંસ્થા નથી એવી આબોહવા પેદા કરવાનો પ્રયાસ ચાલે છે તેવી જ રીતે શાસક કૉંગ્રેસે શ્રીમતી ઇન્દિરા ગાંધીના નેતૃત્વ નીચે જ્યાં જરૂર જણાય ત્યાં મુસ્લીમ લીગ અને સામ્યવાદી પક્ષ સાથે હાથ મીલાવવાનું શરૂ કરી દીધું છે. આમ છતાં કેરલની મુસ્લીમ લીગને ઉપરનું પ્રમાણપત્ર આપીને શ્રીમતી ઇન્દિરા ગાંધીએ હદ કરી છે. રાજકારણ કેવા અધઃપતનના માર્ગે જઇ રહ્યું છે તે સૂચવવા માટે આ ઘટના પર્યાપ્ત છે.

કેરલ મુસ્લીમ લીગ તેના અન્ય ઘટકોથી જરા પણ જુદી નથી એ પ્રકારનું ઑલ ઇન્ડિયા મુસ્લીમ લીગના જનરલ સેક્રેટરી શ્રી. ઇબ્રાહીમ સુલેમાન શેઠ તરફથી ઑકટોબરની ૧૪ મી તારીખે બહાર પાડવામાં આવેલ નિવેદનની વિગતો ૧૫ મી ઑકટોબરના 'સ્ટેટ્સમેન'માં પ્રગટ થયેલી, પણ તેની મને જાણ નહોતી. હું નવેમ્બર માસનું પહેલું અઠવાડિયું કલકત્તામાં હતો તે દરમિયાન મારા મિત્ર શ્રી રામચંદ્ર દેસાઇએ મને તેને લગતું કટીંગ આપેલું. તેનો નીચે અનુવાદ આપવામાં આવે છે:–

નવી દિલ્હી, ઑકટોબર ૧૪: આજ સુધી જે હેતુઓને અનુસરીને મુસ્લીમ લીગ ગતિમાન રહી છે તેથી વધારે વ્યાપક હેતુઓ મુસ્લીમ લીગ સ્પષ્ટપણે ધરાવે છે, અને કેરલ રાજ્યમાં તેને પ્રાપ્ત થયેલ વિજય બાદ, તેના મુખ્ય મંત્રી શ્રી. ઇબ્રાહીમ સુલેમાન શેઠ જેઓ પાર્લામેન્ટના સભ્ય છે તેમના શબ્દોમાં જણાવું તો, આજે મુસ્લીમ લીગ ભારતના ઉત્તર વિભાગના રાજકારણમાં પોતાનું સ્થાન જમાવવાનો ઇરાદો ધરાવે છે.

આજે મળેલી પત્રકાર પરિષદમાં તેમણે જાહેર કર્યું કે "ઇન્ડિયન મુસ્લીમ લીગે દક્ષિણ વિભાગમાં રાજકારણને સ્થિર બનાવીને રચનાત્મક ભાગ ભજવ્યો છે. અને હવે બહુ જલ્દિથી અમે દેશના ઉત્તર વિભાગમાં રચનાત્મક અને સ્થિરતાજનક ભાગ ભજવવાનું શરૂ કરીશું."

લીગ કઇ રીતે પોતાના સ્થાનની જમાવટ કરી રહી છે તેનું શ્રી શેઠે માર્ગદર્શન કરાવતાં જણાવ્યું હતું: "છેલ્લાં કેટલાંક વર્ષો દરમિયાન લીગે દક્ષિણના લગભગ બધા રાજ્યોમાં - કેરલ, માઇસોર, તામીલ નાડ, આંધ્ર અને મહારાષ્ટ્રમાં - પોતાનો પગદંડો જમાવ્યો છે અને આ રાજ્યોના દરેક જિલ્લામાં પોતાની શાખાઓ સ્થાપી છે. તાજેતરમાં અમે ઉત્તર વિભાગમાં પણ અમારી પ્રવૃત્તિઓને સારો વેગ આપ્યો છે. દિલ્હીમાં, બિહારમાં અને ઉત્તર પ્રદેશમાં ઘણી શાખાઓ ઊભી કરવામાં આવી છે અને જો કે હજુ ચાલુ વર્ષના મે માસ દરમિયાન જ ઉત્તર પ્રદેશમાં કામ શરૂ કરવામાં આવ્યું છે એમ છતાં, ઉત્તર પ્રદેશના ૨૫ જિલ્લાઓમાં ૧૦૦ જેટલી શાખાઓ નિર્માણ કરવામાં આવી છે. થોડા સમયમાં અમે પશ્ચિમ બંગાળમાં પણ નવી શાખાઓ ખોલવાના છીએ."

શ્રી શેઠે એવો દાવો રજુ કર્યો હતો કે "જો કે સાંસ્કૃતિક અને સામાજિક મુસ્લીમ સંસ્થાઓ દેશમાં બીજી અનેક હશે એમ છતાં, 'ધી ઇન્ડિયન મુસ્લીમ લીગ' એ જ માત્ર મુસ્લીમોની રાજકારણી સંસ્થા છે. આ મહિનાની આખરે ડૉ. ફરીદીએ દિલ્હી ખાતે અખિલ ભારતીય મુસ્લીમ કન્વેન્શનની યોજના કરી છે અને જો તેનો હેતુ મુસ્લીમો માટે એક બીજી રાજકીય સંસ્થા ઊભી કરવાનો ન હોય તો અમારે તેની સાથે કોઇ પ્રકારનો વાંધો વિરોધ નહિ હોય."

### મુખ્ય પ્રધાનનું વિધાન

એક રસપ્રદ બાબત શ્રી. શેઠે એ જણાવી કે "ભારતના મુખ્ય પ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીએ જે એમ જણાવ્યું છે કે કેરલની મુસ્લીમ લીગની ભાત અન્યત્ર મુસ્લીમ લીગની જે ભાત છે તેથી જુદી છે, આ તેમના વિધાન સાથે તેઓ મળતા થતા નથી." આ વિષય અંગે મુદ્દાસરના સવાલનો જવાબ આપતાં તેમણે જણાવ્યું કે "કેરલ મુસ્લીમ લીગ ઇન્ડિયન મુસ્લીમ લીગનું એક અવિભાજ્ય અંગ છે અને કેરલનું ઘટક બીજા ઘટકોથી જુદું હોઇ જ ન શકે. અમે જે કાંઇ કરીએ છીએ તે અમારા પ્રમુખ શ્રી મહમદ ઇસ્માઇલના નેતૃત્વ નીચે કરીએ છીએ."

શાસક કૉંગ્રેસ અંગે બોલતાં તેમણે જણાવ્યું કે "તે સંસ્થાકીય કૉંગ્રેસ અથવા તો જનસંઘ જેવી બીજી સંસ્થાઓ કરતાં વધારે પ્રગતિશીલ અને ઓછી કોમવાદી છે. અમે કેરલમાં શાસક કૉંગ્રેસ સાથે માત્ર અમુક સમજૂતી કરી હતી." અને તેમણે સ્પષ્ટ કર્યું કે "અમારૂં શાસક કૉંગ્રેસ સાથેનું વલણ, મુસ્લીમોને લાગતાવળગતા પ્રશ્નોનો તે કેવી રીતે નિકાલ કરે છે, તેના ઉપર આધાર રાખે છે. અમે તેને બધી બાબતમાં હંમેશાને માટે ટેકો આપીશું એમ માની લેવાને કોઇ કારણ નથી."

હાલ આપણા મુખ્ય પ્રધાન ભારતના ગૃહમંત્રી પણ છે તે હકીકતને આગળ કરીને તેમણે જણાવ્યું કે, "અમારી અનેક સમસ્યાઓ અને ફરિયાદો હજુ વણઉકલી પડી છે તે સંબંધમાં શ્રીમતી ગાંધી શું કરે છે તેની અમે રાહ જોઇશું અને તેનો અમે વિચાર કરીશું."

ત્યાર પછી તેમણે મુસ્લીમોની શું ફરિયાદો છે, શી અકળામણો છે તેની યાદી રજૂ કરી અને જણાવ્યું કે "જાનમાલની સહીસલામતી માટે અમને હજુ કશી ખાત્રી આપવામાં આવી નથી. અલીગઢ યુનિવર્સિટીનો પ્રશ્ન હજુ ઊભેલો જ છે. તેનું મૂળ નામ અને ભાત ટકાવી રાખવાં જોઇએ, તેનો વહીવટ અને કાબુ લઘુમતી કોમના હાથમાં હોવો જોઇએ અને વિદ્યાર્થીઓ વધારે પ્રમાણમાં મુસ્લીમો હોવા જોઇએ. ઉત્તર પ્રદેશ, બિહાર, દિલ્હી, મધ્ય પ્રદેશ અને હરિયાણામાં ઉર્દુનો બીજી ભાષા તરીકે સ્વીકાર થવો જોઇએ.

મુસ્લીમોના અંગત કાયદામાં દખલગીરી થવી ન જોઇએ અને તે કુરાનનો અંગભૂત ભાગ હોઇને સરકારે તેમાં દખલગીરી કરવી ન જોઇએ. વકફના વહીવટમાં મુસ્લીમ સંસ્થાઓ અને પક્ષોમાંથી પસંદ કરાયેલા પ્રતિનિધિઓને તેનો વહીવટ સુપ્રત કરીને જરૂરી સુધારણા કરવી જોઇએ. પોલીસ અને રક્ષણ ખાતામાં મુસ્લીમોની યોગ્ય પ્રમાણમાં ભરતી થતી રહેવી જોઇએ."

મુસ્લીમ લીગ અલગ મતાધિકાર માગશે કે નહિ તે પ્રશ્નનો જવાબ આપતાં શ્રી શેઠે જણાવ્યું કે "આ બાબત અત્યારે અમારા મનમાં નથી, પણ આજની ચૂંટણી પદ્ધતિમાં થોડો ફેરફાર કરવાની જરૂર છે એમ અમને જરૂર લાગે છે. અને તે ફેરફાર પ્રોપોર્શનલ રેપ્રીઝેન્ટેશનની પદ્ધતિ દ્વારા અથવા કયુમ્યુલેટીવ પ્રેફરન્સ પદ્ધતિ દ્વારા એવી રીતે લાવી શકાય કે જેથી લઘુમતીઓને વધારે સારું પ્રતિનિધિત્વ મળી શકે."

**આજનું કલકત્તા**

અઢી વર્ષ પહેલાં કલકત્તા ગયો ત્યારે ૨૦ દિવસ રહેલો અને અનેક લોકોને મળવાનું બનેલું. આ વખતે પણ જમશેદપુરમાં હતો તે દરમિયાન કેટલાક મિત્રોને મળવાના હેતુથી તેમ જ ત્યાંની પરિસ્થિતિનો પ્રત્યક્ષ ખ્યાલ લેવાના હેતુથી છ દિવસ માટે કલકત્તા ગયો હતો. કેટલાક જુના અને અમુક નવા મિત્રોને મળતાં સ્વાભાવિક રીતે ખૂબ આનંદ થયો. તેમના દિલમાં પણ એટલો જ સ્નેહાદર જોઇને ધન્યતા અનુભવી.

અઢી વર્ષ પહેલાં કલકતા ગયેલો ત્યારની માફક કલકત્તા આજે પણ એનું એ જ હતું – માણસોથી ઊભરાતું અને વાહનવ્યવહારની ભીંસથી રૂંધાતું. ફરક એટલો જ કે કલકત્તામાં કેટલાએક દિવસથી જે છૂટાછવાયાં ખૂનો થઇ રહ્યાં છે – પછી આ ખૂનો માઓવાદી-નકસલવાદીઓના હાથે થતાં પોલીસ અમલદાર કે શહેરનાં નાગરિકોનાં હોય કે પ્રતિકાર રૂપે પોલીસના હાથે નકસલવાદી સાથે રહ્યા ખહ્યા રાહદારીઓનાં ખૂનો હોય – આ કારણે, જો કે આવી હત્યાઓ હજુ શહેરના અમુક ભાગ પૂરતી મોટા ભાગે મર્યાદિત છે એમ છતાં, આખા શહેરના વાતાવરણમાં એક પ્રકારની બેચેની અનુભવી —જે પહેલાં નહોતી.

આ આખી હીલચાલને દબાવવા માટે પોલીસને ખૂબ સત્તા આપવામાં આવી છે અને હજુ નવા કાનૂનદ્વારા વિશેષ સત્તા આપવામાં આવનાર છે. એમ છતાં પડોશમાં આવેલા ચીની શાસન પ્રેરિત આ ખૂનપ્રવૃત્તિનો કયારે અને કેમ અન્ત આવશે તેની કલ્પના આવતી નથી.

આવું જ એક બીજું અનિષ્ટ તત્ત્વ આપણ સર્વની આદરપાત્ર વિભૂતિઓ - પછી તે ઇશ્વરચંદ વિદ્યાસાગર હો કે આશુતોષ મુકરજી, રવીન્દ્રનાથ ટાગોર હો કે મહાત્મા ગાંધી - આ મહાનુભાવોની શહેરના મહત્વના જાહેર વિભાગોમાં પ્રતિષ્ઠિત કરેલી પ્રતિમાઓનાં માઓવાદીઓના હાથે ચાલી રહેલાં ખંડન અને ઉત્થાપન. સમય બદલાય તે સાથે ભૂતકાળમાં પ્રવેશેલી દેશની મહાન વિભૂતિઓ પ્રત્યેના અહોભાવમાં ભરતી–ઓટ આવે એ સ્વાભાવિક છે. એમ છતાં આજે જે સંસ્કૃતિ અને સભ્યતાના આપણે વારસ છીએ તે સંસ્કૃતિ અને સભ્યતાના તેઓ ઘડવૈયા હોઇને આજે તેઓ આપણા એટલા જ આદરપાત્ર હોવા ઘટે. પણ આજે જે બની રહ્યું છે તે એક પ્રકારની નાસ્તિકતા સૂચવે છે; સ્થિર બનેલાં જીવનમૂલ્યોનો ઇનકાર સૂચવે છે; અને આપણી ઉગતી પ્રજા કયા પ્રકારના ભાવી તરફ ઘડસડાઇ રહી છે તેનો કાંઇક અંગુલિનિર્દેશ કરે છે.

આ બધાં કારણે આપણે કલકત્તાના વર્તમાન રૂપરંગ વિષે અને ત્યાં વસતા આપણા સ્વજન સ્નેહીઓ વિષે ચિન્તાવ્યગ્રતા અનુભવીએ અને તેમના સ્વાસ્થ્ય અને સહીસલામતી અંગે આપણું ચિત્ત પ્રાર્થનાપરાયણ બને છે તે સ્વાભાવિક છે.

તા. ૧૬ મી ઑકટોબરના 'પ્રબુદ્ધ જીવન'માં મારા મિત્ર શ્રી ભંવરમલ સિંઘીએ કલકત્તાની પરિસ્થિતિનું જે ચિત્ર રજુ કર્યું છે તેની પુરવણી રૂપે મારી આ નોંધ છે.

**રાયપુર પ્રકરણ અંગે મુનિ સન્તબાલજી**

મધ્યપ્રદેશમાં રાયપુર ખાતે આચાર્ય તુલસીના ચાતુર્માસ દરમિયાન બનેલી દુર્ઘટનાઓના સંદર્ભમાં મુનિશ્રી સન્તબાલજી તેમના તરફથી તાજેતરમાં મળેલા એક પત્રમાં નીચે મુજબ જણાવે છે:

"શુભ આશયથી જો વિચારસ્વાતંત્ર્ય પણ ન મળે તો તેવું સામ્પ્રદાયિકતાપૂર્ણ ઝનૂન વાસ્તવિક ધર્મથી અને લોકશાહીથી પણ દૂર જ ફેંકી દે. જે ભારતે જગતમાં આદર્શ લોકશાહી અને ધાર્મિક સહિષ્ણુતા જ નહિ, સર્વધર્મ સેવાનો આદર્શ અપનાવ્યો છે, તેમાં કેટલી બધી આ ઘટનાથી ક્ષતિ પહોંચી એ વિચારથી ઊંડું દુ:ખ થાય છે. આ વખતે દેશનાં લોકશાહીવાદી તથા ધાર્મિક પરિબળોએ યથોચિત સક્રિય ભાગ ભજવવો જોઈતો હતો, તેટલો ન ભજવાયો. બીજી બાજુ જૈનોની એકતા બતાવવાનો આ અવસર હતો અને કદાચ સંશોધન કરવું હતું, તોય જૈનોએ સાથે મળીને કરવાનું હતું. ટૂંકમાં જેમ હિંસક તોફાનો થયાં, તેમ જૈનોએ ત્યાં સામુદાયિક તપ:પ્રયોગો કરી હિંસક તોફાનો સામે અહિંસક પ્રતિકાર મૂંગાપણે અને પ્રાર્થનાદ્વારા આપવો જોઈતો હતો. બાકી આપે તો રાને ભાઈશ્રી રિષભદાસ રાંકાએ અને આપણા ભાઈશ્રી ચીમનભાઈ ચકુભાઈએ પણ સક્રિય અને વિધેયાત્મક દિશાનો પૂરો રસ લીધો, તે જોઈને મને આનંદ થયો છે. વિચારભિન્નતાને આવે વખતે પણ જો અલગ ન રાખી શકાય, તો પછી જૈનોનો અનેકાંતવાદ શી રીતે શોભી શકે? આવે પ્રસંગે જ આપણી જૈનત્વ સાધનાની કસોટી થાય છે."

**પરમાનંદ**

## પ્રબુદ્ધ જીવનની નીતિ અંગે એક પત્ર

કલકતા, તા. ૯-૧૧-૭૦

તંત્રીશ્રી, 'પ્રબુદ્ધ જીવન'

પ્રથમ તો 'પ્રબુદ્ધ જીવન' જેવું જૈન યુવક સંઘનું મુખપત્ર રાજકારણમાં સક્રિય રીતે ઝંપલાવે એ જ ખૂબ આશ્ચર્યજનક છે. તેમાંય, તા. ૧૬-૯-૭૦ ના અંકમાં છપાયેલા રાજવીઓના સાલિયાણાના પ્રશ્ને સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસ તેમ જ મોરારજીભાઇને ઉતારી પાડવાની કોશિષ કરતો એક લેખ તથા ૧-૧૦-૭૦ ના અંકમાં છપાયેલો સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસને ઈંદિરા પક્ષમાં ભળી જવા આગ્રહ કરતો એક બીજો લેખ એટલો સડસડતો એકપક્ષીય અને તકવાદી છે કે આવા લેખોને મુખપત્રમાં સ્થાન આપી તમે મુખપત્રની કિંમત ઘટાડી રહ્યા છો.

તંત્રીનોંધ ઉપરથી પણ એમ લાગે છે કે એક ધાર્મિક અને સામાજિક પત્રના જવાબદાર તંત્રી તરીકે જે સમતુંલા અને તટસ્થતા તમારે દાખવવી જોઇએ તેનો બિલકુલ અભાવ છે.

અહિંના દસપંદર જૈન મિત્રો વચ્ચે અમે એક દિવસ આ પ્રશ્ન ચર્ચો ત્યારે અમારા બધાનું સંયુકત મંતવ્ય એમ થયું કે "પ્રબુદ્ધ જીવન' સળગતા સામાજિક અને ધાર્મિક પ્રશ્નો પર ભલે ખળભળાટ ઊભો કરે, પણ રાજકીય પ્રશ્નો પર તો તેણે મૌનવ્રત જ પાળવું જોઇએ.

સાથે સાથે અમે એ પણ જણાવવા માંગીએ છીએ કે દેશના અત્યારના કપરા સંજોગોમાં મુસ્લીમો તથા હરિજનો જેવી લઘુમતિઓની માફક જ આપણા કેટલાક જૈન અગ્રણીઓ જૈન સમાજને પણ આવા તકવાદી માર્ગે લઇ જવા તૈયાર થયા છે એ મોટી ભૂલ છે. ઉલટાનું એમાં તો તેઓ પોતાનું સમાજમાં જે માનસ્થાન છે તે ગુમાવી બેસશે.

આશા રાખી શકીએ કે આ પત્રને 'પ્રબુદ્ધ જીવન'માં છાપવા જેટલી તટસ્થાતા તો તમે દાખવશો?

**રજનીકાન્ત કુંભાણી તથા મિત્રો**

## જવાબ

પ્રિય ભાઈશ્રી રજનીકાન્ત કુંભાણી,

તમારો તા. ૯-૧૧-૭૦ નો પત્ર મળ્યો. તમને જાણીને આશ્ચર્ય થશે કે હું અહિંથી ૧૯મી ઓકટોબરે જમશેદપુર ગયેલો અને ત્યાંથી બીજી નવેમ્બરથી આઠમી નવેમ્બર સુધી કલકત્તા હતો. એ દરમિયાન 'પ્રબુદ્ધ જીવન' માં આટલો બધો રસ ધરાવતી - કલકતામાં વસતી- તમારા જેવી વ્યકિતને મળવાનું બન્યું હોત તો મને જરૂર આનંદ થાત.

બીજી બાબતોનો ખુલાસો કરતાં પહેલાં એક બાબત સ્પષ્ટ કરી દઉં કે 'પ્રબુદ્ધ જીવન' માત્ર એક ધાર્મિક અને સામાજિક પત્ર છે અને રાજકારણ સાથે તેને કશો સંબંધ નથી—આ તમારી એક પાયાની ગેરસમજ છે. 'પ્રબુદ્ધ જીવન' તેના પ્રારંભથી રાષ્ટ્રીય મહાસભાના અને આપણી આઝાદીના આન્દોલનના સંદર્ભમાં રાજકારણી પ્રશ્નોની વિસ્તારથી ચર્ચા કરતું રહ્યું જ છે. ઉલટું આજે તો રાજ-કારણી પ્રશ્નોની ચર્ચા પ્રબુદ્ધ જીવનમાં પ્રમાણમાં ઘણી ઓછી આવે છે.

એ વખતે પ્રબુદ્ધ જીવન પાછળ કૉંગ્રેસના કોઈ પ્રચારનો હેતુ નહોતો, એમ છતાં આઝાદીના આન્દોલન સાથે જોડાયેલી કૉંગ્રેસ તરફ તેનું વલણ રહ્યું હતું. આજે કૉંગ્રેસ દેશના કમનસીબે બે પક્ષમાં વિભાજિત થઈ છે અને પ્રત્યેક બાજુએ અમુક વ્યકિતઓ કટ્ટર વલણ ધરાવતી જોવામાં આવે છે. બીજી બાજુએ ગમે તેટલી તટસ્થતાનો આગ્રહ રાખવામાં આવે તો પણ આ વિષયના લેખકનું વલણ આજની પરિસ્થિતિમાં અમુક અંશે એક યા બીજી બાજુ તરફ કાંઈક ઢળતું હોવાનું જ. તમે તેમજ તમારા મિત્રો સંસ્થાનિષ્ઠ કૉંગ્રેસ તરફી કટ્ટર વલણ ધરાવતા હો એમ તમારા આવેશભર્યા ઉદ્દગારો ઉપરથી લાગે છે. અને એ જ કારણે 'પ્રબુદ્ધ જીવન'માં પ્રગટ થયેલા અમુક લેખો અંગે તમે આટલો ઉકળાટ અનુભવી રહ્યા છો. જે પ્રકારનાં લખાણો મારા સાથી સહકાર્યકર્તા શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થઈ રહ્યા છે—કારણ કે હાલ કેટલાક સમયથી, આંખની તકલીફના કારણે છાપાંઓ બહુ ઓછા વંચાતા હોવાથી રાજકારણી વિષયો ઉપર હું બહુ જ ઓછું લખું છું—તેવા જ સમધારણપૂર્વકના લેખો, ભલેને તે અન્ય તરફી હોય તો પણ, તેને પ્રબુદ્ધ જીવનમાં અવકાશ આપવાનો મને જરાય વાંધો નથી.

તમારા પત્રના છેવટના ભાગમાં જે મુદ્દો રજૂ કરવામાં આવ્યો છે તે કોને ઉદ્દેશીને તમે રજૂ કર્યો છે તે મારી સમજણમાં આવતું નથી. અમારૂં 'પ્રબુદ્ધ જીવન' આ પ્રકારની ચર્ચાથી યા વલણથી સદા દૂર રહ્યું છે એમ હું માનું છું.

તમારી અપેક્ષા મુજબ તમારો પત્ર પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ કરી રહ્યો છું એટલા પુરતી તટસ્થતાનું તમારા તરફથી મને પ્રમાણ-પત્ર મળશે તો તેથી મને સંતોષ થશે.

સ્નેહાંકિત **પરમાનંદ**

---

### અદ્યતન રાજકીય પરિસ્થિતિ

**ગયા અંકમાં જાહેરાત આપવામાં આવી હતી એ મુજબ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ, સંઘના કાર્યાલયમાં, "રાષ્ટ્રીય તેમ જ આંતરરાષ્ટ્રીય અદ્યતન રાજકીય પરિ-સ્થિતિ" એ વિષય ઉપર ચાલુ માસની તા. ૭ ના રોજ નહિ પરંતુ તા. ૯ને બુધવારના રોજ સાંજના ૬-૦૦ વાગ્યે જાહેર વ્યાખ્યાન આપશે.**

**મંત્રીઓ, મુંબઈ જૈન યુવક સંઘ**

---

# આજે આપણે ક્યાં છીએ ?

(સાથેનો લેખ મોકલતાં શ્રી મૃણાલિની બહેન જણાવે છે કે, "આજની પરિસ્થિતિ અંગે હું વિચારું ત્યારે મારી પોતાની મર્યાદા છે. તેમાં મને રાજ્યખટપટ કરતા પણ સામાન્ય જીવનની વાત જ વધારે સાલે છે—જે મારું પોતાનું જીવન છે. સૂરજ તપે—તાપ વધી જાય ત્યારે એને ઢાંકવાનું ગજું જેમનું હોય તેમને શતશ: પ્રણામ! પણ મારા જેવી એ હામ ધરે તો આંખો ખોઈ બેસે! સૂરજ ઢાંકવાની વાત કરવા કરતાં માથે છત્રી ધરી માથું ઢાંકવું—પોતાનો દોષ ક્યાં એ જોઈ એટલો દૂર કરવો—એવી આ સામાન્ય નાગરિકની દષ્ટિ છે.")

આજની પરિસ્થિતિ અંગે વિચાર કરું છું ત્યારે નાનપણમાં અમે બાળકો એક રમત રમતા એ યાદ આવે છે. ત્રણ કે ચાર જણ કુંડાળું કરીને બેસતા અને એક જણ સવાલની શરૂઆત કરે—

"કોણ કહે છે ટકો આપ્યો?" સામે બેઠેલાએ ત્રીજી વ્યકિતનું નામ દઈ છૂટા પડવાનું - "મીના કહે છે કે, ટકો આપ્યો." તરત જ સવાલ ઊભો થાય, "કેમ રે મીના ટકો આપ્યો?" મીના ફૂંફાડો મારે "કોણ કહે છે કે ટકો આપ્યો?" અને પછી આ સવાલ જવાબ કરનારનું અને સાંભળનારાઓનું માથું ભમે ત્યાંસુધી બસ રમત ચાલ્યા જ કરે — અનંત કાળ ચાલવાની શકિત એ રમતમાં ખરી! એટલે જ હશે —હજુ પણ મને લાગે છે કે સંસારમાં પણ એ રમત ચાલે જ છે! રમનારાંની સંખ્યા ને વય વધી ગયાં છે એટલું જ! ટકો આપ્યાની કબૂલાત આપવી નહીં - જવાબદારી લેવી નહિ — અને બીજાને માથે બધું ઢોળી દઈ બોલ્યા જ કરવું. આ વ્યવહાર-ચાતુરી નાનપણથી જ શીખવાડી દેનાર ખરેખર માદામ મૉંટેસરી કરતા પણ વધારે વિચક્ષણ બુદ્ધિવાળા કહેવાય!

આજના જીવનની વિશેષતા છે ગતિ. અવિરત ફરી રહેલું કાળચક્ર હવે અસહ્ય વેગથી ફરતું લાગે છે. સવારના ઊઠયા ત્યારથી રાતે જંપી ગયા પછી સ્વપ્નમાં પણ એ કેડો છોડતું નથી. ઘડિ-યાળના સેકંડના કાંટાની માફક દોડયા કરવાનું ... અને અથાક મહેનતને અંતે પાછાં ત્યાંના ત્યાં જ - જરા જેટલું આગળ જવાનું નહીં — પેલી રમત જેવું જ ચાલ્યા કરે - પણ ફેર ના પડે.

કેટલાંક વર્ષો પહેલાં વિચારકોને લાગતું આપણે અભણ રહ્યા તેથી સુખી નથી. બા ભણવા લાગ્યાં. બહેનો પણ ભણી. ચારે વર્ણના લોકો ભણવા લાગ્યા — પણ એ ભણતરનાં સંસ્કાર ક્યાં? બોલવામાં સંસ્કાર છે? ભલભલાના મોંમાંથી અશિષ્ટ કહેવાય એવા શબ્દ નીકળતા નથી? સાહિત્યનો વિકાસ થાય છે? સાહિત્ય છપાય છે તો ઘણું—પણ કેવું? કળાને ક્ષેત્રે આપણે આગળ વધ્યા? નાટયગૃહોની અને ચિત્રગૃહોની સંખ્યામાં સારો એવો વધારો થયો... પણ યુગ યુગ સુધી સંઘરી રાખવા જેવી કલાકૃતિ નિર્માણ થઈ છે ખરી?

આપણા કુટુંબજીવન અને સમાજજીવન વિશે પણ લાગતું હતું કે પુરાણી કુટુંબવ્યવસ્થા વિકાસને રૂંધી રહી છે. ધાર્મિકતાની ભાવના વિજ્ઞાનયુગમાં પ્રગતિ થવા દેતી નથી. રૂઢીઓ અને ચીલાચાલુ રીતરિવાજોની ઘરેડમાંથી બહાર નીકળી જઈશું ત્યારે જ આપણું ભલું થશે અને એ રીતે એ માર્ગ પર આપણે આગળ વધી રહ્યા. આજે સંયુકત કુટુંબના રડયા ખડયા અવશેષો કોક જગ્યાએ દેખાય છે. વ્યકિતત્વના વિકાસને પોષક એવા સ્વતંત્ર કુટુંબોનો આ સમાજ છે. હવે એક કમાય અને બધાં ખાય એવું પણ નથી રહ્યું. મધ્યમવર્ગના કુટુંબમાં તો લગભગ બધાં ભણે છે અને બહેનો પણ જેમ તેમ કામધંધો શોધવાની વૃત્તિ ધરાવે છે. છતાં એમાંથી વ્યકિતત્વનો વિકાસ થાય છે? વિકસિત વ્યકિતત્વના નાગરિકોની સંખ્યા આ દેશમાં મોટી હોત તો એઓ જ્યાં જ્યાં કામ કરતા

હોય ત્યાં કાર્યક્ષમતાની કક્ષા ઘણી ઊંચી ના હોત? પૂરા આઠ કલાક પોતાનું કામ પ્રમાણિકતાથી કરવું - મન દઈને આનંદથી કરવું - જવાબદાર નાગરિકની ભાવના એવી ના જોઈએ? એવાં આપણામાં કેટલાં?

સમાજજીવનના પાયામાંથી ધાર્મિકતાની ભાવના દૂર કર્યા પછી ફેર તો પડયો, પણ કેવો? કોમી એકતા પ્રસ્થાપિત થઈ ખરી? લાગતું નથી! શ્રદ્ધા ઠગી. જીવનમાંથી યમનિયમનાં બંધનો દૂર થયાં. સંયમ, વિવેક 'વેદિયાવેડા' ગણાયાં. મનમાન્યા જીવનનો આનંદ માણવા નિકળેલો સમાજ એ આનંદ માણી શકે ખરો?

એક કવિતાની કડી વારંવાર યાદ આવે છે:

દ્વિતીય પુરુષ ન જાણીવ યેથે
પ્રથમાચા થાટ
સૃષ્ટિચા હા પહિલા પાઠ.
દ્વિતિયાચી તેં જાણીવ હોતા
મુખરિત જે જ્ઞાન
સૃષ્ટિચે પહિલે બલિદાન.

પોતાનો સ્વાર્થ જોવો એ તો આદિમાનવની સહજવૃત્તિ છે. એના પર જ્યારે સંસ્કાર થાય ત્યારે એ સામાના સુખનો વિચાર કરે, સમષ્ટિનો વિચાર કરે, સમાજના ભલા માટે પોતે કુરબાન થાય. આજે આપણે કેવા થયા છીએ? સમાજ માટે તો ઠીક પોતાના ઘરડાં મા-બાપ માટે પણ સહેજ અગવડ સહન કરવી પડે તો? તો વ્યકિતત્વનો વિકાસ રૂંધાય છે! આપણે આગળ વધ્યાં કે ઊંડા ઊતર્યાં?

આવા સવાલનો જવાબ તૈયાર જ હોય છે. આજની મોંઘવારીમાં માબાપને માબાપ થવું પરવડતું નથી અને છોકરાંઓને માબાપને ખવડાવવું પડે તો પોસાતું નથી. આ મોંઘવારી માટે જવાબદાર કોણ? તો બેશક કહી શકાય છે - 'સરકાર'. હશે. પણ આપણું ઘર, આપણી કુટુંબભાવના, આપણા સંસ્કાર બધાંને જો એ મોંઘવારી ભરખી જતી હોય તો સરકારનું નામ દઈને આપણાથી બેસી રહેવાય? મોંઘવારી વધારવામાં આપણો ભાગ ખરો? આપણી રોજની જરૂરિયાતો કૂદકે ને ભૂસકે વધતી નથી જતી? અને ઘણીવાર જેની જરા પણ જરૂર જ નથી એવી ચીજો માટે પૈસા પડી નથી જતા? અંગ્રેજી કે જાપાની વકિલાતોના માણસોને ઘેર, કચેરીમાં એમના દેશની બનેલી ચીજો રાખવા માટે ચીવટાઈ રખાય છે. પરદેશમાં ગયેલા હિંદીઓ કોઈ દિવસ ત્યાંની બજારમાં ભારતીય બનાવટને શોધતા હશે ખરા? કે પછી ત્યાંથી ભરી લવાય એટલું કેમ લવાય અને કસ્ટમમાંથી એ બધું કેમ છોડાવાય એ જ પેંતરા એ બુદ્ધિમાનો રચે છે?

સ્વદેશીનું વ્રત કે સ્વદેશીની ભાવના - આ પોથીમાંના રિંગણા થયા! દેશની અર્થવ્યવસ્થા માટે સરકારની નીતિ જવાબદાર હશે એનાથી પણ વધારે દેશના નાગરિકો - જે બજારમાં ગ્રાહક તરીકે ઊભા રહે છે - તે સામાન્ય નાગરિકો પણ નથી? પણ પોતાની જવાબદારી ટાળીને સરકાર નાલાયક છે એમ કહી વળી બ્રિટિશ રાજ્ય ઘણું સારું હતું એમ કહેનારાં પણ કયાં નથી? પણ એવું કહેનારા ભૂલી જાય છે કે તે વખતે ઘરમાં આજે છે તેના દસમા ભાગનું પણ રાચરચીલું કયાં હતું? સિલેટ પાટી લઈ ચાર પાંચ ચોપડી સુધી છોકરાંઓ ભણતા અને પછી વળી બે પાંચ ચોપડીઓ લેવી પડતી. આજે ત્રણ વર્ષનું બાળક ભણવા જાય ત્યારે રૂપિયા સોનો ખર્ચો વધે છે. લગ્નમાં એકાદ ભારે મહાવસ્ત્ર લીધું હોય ત્યાર પછી બહેનો સાડીઓ કેટલી લેતી? અને આજે? સ્ટીલના કબાટો, સોફા, ગાલિચા, ટૅક્સી એ બધું તો રાજાઓને ત્યાં જ દેખાતું. હવે આપણે ઘેર એ 'લક્ષ્મી' આવી પછી મોંઘવારી વધે તો સરકાર શું કરે?

અમારાં યુવાનો ગરજે છે—આજે આદર્શ નેતૃત્વ નથી—તેથી બધાં બેકાબૂ થયા છે. પણ ભલા, કોઈ દિવસ નેતૃત્વ આદર્શ છે એવું કોઈએ કબૂલ કર્યું છે? આપણી કૉંગ્રેસનો ઈતિહાસ જોયો હોય તો નેતૃત્વ મેળવવાની, ટકાવવાની અને બીજાને પાડવાની રાજરમતો એમાં ચાલતી જ આવી છે. એમાંથી કોઈ છૂટયા નથી! 'ઈંદિરાજીએ દાટ વાળ્યો' કહેનારા કહે છે ત્યારે હસવું આવે છે—અને 'પ્રત્યાઘાતીઓને દૂર કરી એમણે ક્રાંતિ કરી' એમ કોઈ પ્રશંસકો કહે છે ત્યારે પણ પ્રત્યાઘાતીઓ દૂર થયા પછી વરસદિવસ થયા પછી મોંઘવારી એવી ને એવી જોઈ - ગરીબાઈ ફાલતી ને ફૂલતી જોઈ હસવું કે રડવું તેની ખબર પડતી નથી! 'પ્રત્યાઘાતીઓ' 'ઈંદિરાજી' કે 'સામ્યવાદી' કે 'જાતીયતાવાદી'? કોઈના ઉપર યશનો કળશ ઢોળવાથી કે દોષનો ટોપલો ઊતારવાથી કશો ફેર પડતો નથી! "કૉંગ્રેસ પથરાને ઊભો રાખશે તો પથરાને ચૂંટી આપીશું" એવી શ્રદ્ધાથી નથી કૉંગ્રેસનું ભલું થયું કે નથી દેશનું થયું — કારણ શ્રદ્ધા હતી, પણ આંધળી હતી. એ શ્રદ્ધા પાછળ ભકિત નહીં પણ પ્રમાદ હતો. આળસુ, નિષ્ક્રિય રહેવાની વૃત્તિ હતી. પાંચ વર્ષે મત આપ્યો એટલે મતદારની જવાબદારી પૂરી થઈ. ખોટું થાય ત્યારે "સરકારે કર્યું" કહેવાને છૂટા! એ વૃત્તિથી જેટલું નુકસાન કર્યું છે એટલું ઓછું છે? તમામ રાજકીય પક્ષો એ વૃત્તિને લીધે નિષ્ક્રિય થયા. મત માંગવા જવું હોય તો પૈસાની કોથળી ખોલી નાંખો અને પોલા શબ્દના ફુગ્ગા ઉડાડો — કારણ તમારો પક્ષ કયો? એની રાજનીતિ કેવી છે? એની અસર અમારા પર કેવી થશે? આવા પ્રશ્નો તો કોઈ પૂછતું નથી! મતદારો રૂપિયા ગણવાને બદલે આવા પ્રશ્નો પૂછે તો? અને આપેલા જવાબનો શબ્દે શબ્દ નાણી લે તો?

કૉંગ્રેસમાં ભંગાણ પડવાથી દેશને મોટું નુકસાન થયું હશે પણ એક મોટો ફાયદો પણ થયો છે. બે બળદની એ નિશાની હવે નહીં હોય - ત્યારે કદાચ લોકો વિચાર કરશે! વિચાર કરીને મત આપશે — બધાં તો નહીં — પણ થોડા માણસો — વિચારશે તોપણ ભવિષ્ય ઊજળું થશે. ઈંદિરાજી કે મોરારજીભાઈ પર ટીકા કરવાથી કે એમના ગુણગાન કરવાથી પરિસ્થિતિ નહીં બદલાય. લોકશાહીમાં સત્તાધારી વ્યકિત ભાગ્યવિધાતા નથી હોતી. ... જે નીતિ એ અખત્યાર કરે છે તે નીતિ નિયતી હોય છે અને એ નીતિના ઘડવૈયા લોકો — સામાન્ય લોકો જ હોય છે. સત્તાધારી વ્યકિત એ માત્ર એક ચિહ્ન છે, એક પ્રતીક છે. પણ લોકોએ લોકશાહી સ્વીકારી અને પછી પોતે નામધારી થઈ બેઠાં! સારા કાર્યકર્તાઓ, વિચારકો, સાધુચરિત મહાપુરુષો રાજ્ય સત્તાથી દૂર રહે એ તો બરાબર. પણ રાજનીતિ પર એમનો પ્રભાવ પડવો જોઈએ તેને બદલે એ બધાંએ એ વિષયનો ત્યાગ જ કર્યો હોય એવું દેખાય છે! એટલે સંસ્કાર નહીં પણ ભણતર છે—મહેનત વગરનો પૈસો હાથમાં છે—સારા નરસાની બહુ પડી નથી—એવો એક વર્ગ લોકોમાંથી ઊભો થાય છે અને એની શકિત વધતી જાય છે. સમગ્ર જીવનનો દોર એવા માણસોના હાથમાં જાય એ ઇચ્છવા જોગ ના હોય તો બીજાંએ જાગવાની જરૂર નથી? અમે નાનાં બાળકો જ્યારે પેલી 'ટકા' વાળી રમત રમ્યા કરતા ત્યારે દાદીમા બહુ ખીજાઈ જતા. કોકવાર મા કે ફોઈ કહેતા,

"છો ને રમતાં. એક જગ્યા પર બેઠાં છે તે સારા છે. નહીં તો વળી કાંઈ ઉત્પાત મચાવશે."

"ભલે ઉત્પાત કરતા." દાદીમા કહેતા. "ભાંગફોડ કરશે તો એમાંથી પણ કાંઈક શીખશે. આ તો હાથપગવાળી ને મોં ચલાવ્યા કરવું... વિચાર્યાવગર ભાંડવું...એ તો નખ્ખોદિયાની નિશાની છે!"

દાદીમાના એ બોલ સો ટચના નથી લાગતા?

— મૃણાલિની દેસાઈ

# આથમતી જીવનસંધ્યા અંગે કેટલાક મિત્રોનાં સંવેદનો

તા. ૧–૧૧–'૭૦ના પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થયેલ "આજની જીવન સંધ્યામાં ભાદ્રપદની સંધ્યાના રંગ-રોશની કેમ જણાતા નથી?" એ મથાળા નીચેની નોંધના અનુસંધાનમાં અંગત પ્રત્યાઘાતો દાખવતા પત્રો મિત્રો તરફથી મળી રહ્યા છે, જેમાંના થોડા નીચે આપવામાં આવે છે :–

## (૧) લોકભારતી–સણોસરાથી શ્રી ઈસ્માઈલભાઈ

છેલ્લે તમને જોયેલ ત્યારે શરીર ઘણું સારું હતું. આ પત્રમાં જે ચિત્ર આપ્યું છે તે જુદું છે, પણ મને લાગે છે કે તમે ભલે કહો કે કામકાજ સ્વસ્થતા જાળવીને કર્યું છે, પણ અમુક વય પછી સદીનો ચોથો ભાગ તો ખૂબ સાચવવો રહ્યો. તમે નિયમિત સાત્વિક જીવનવાળા, એમ છતાં કડેધડે પણ સાત દશ કલાક ઉપરાંત ખેંચાય એટલું ખેંચ્યે રાખ્યું હોય તેનો થાક થોડે થોડે ભેગો થયો લાગે છે. નહિતર તમને ચક્કર કે બેચેની ન જ હોય. ઈલાજ સ્પષ્ટ છે અને તે એ કે હવે બને તેટલો આરામ શરીરને, ચાહીને દેવો. "નિષ્ક્રિય બેસી રહેવું પડે છે" એ વિચાર પણ ઠીક નથી. ક્રિયા વિના આરામ એ પણ ફરી તાજગી મેળવવાની પ્રક્રિયા જ છે, ને એ આરામ પણ અનિવાર્ય કામ છે. એનો ભાર મન પર ન રાખવો. આંખ, કાન, દાંત, સાંધા વગેરે તો અલબત્ત, નબળાં પડે, પણ તે માટે તો કુદરતી ઉપચાર–દવા બધું કર્યે જવું. હું મારી વાત કરું તો હજુ હું સિત્તેરના સીમાડે નથી પહોંચ્યો ત્યાં અવસ્થાનાં ચિહ્નો કોઈ કોઈ વાર ડોકિયું કરવા આવે છે અને ચાલતાં થાય છે. સાંધા અચાનક દુ:ખે છે અને આપોઆપ મટી જાય છે. ઊછરતા રોપાઓને બાલદીથી પાણી પાવાનું વધુ થઈ જાય તો કેડ પકડાય, પણ થોડા દિવસ મૂકી દઉં એટલે ફરી એ કરી શકું છું. હવે કોદાળીકામ નથી જ થતું. ત્રણેક વાર યત્ન કરી જોયો પણ અંગ ઝલાઈ જાય છે. એટલે એ કામ હવે મૂકી દીધું છે. દાતરડી બાલદી વાપરવા દે એટલું શરીર સમજુ! રાત્રે વાંચવાનું દશ પછી તો સાવ બંધ! સવારે પાંચથી વાંધો નથી આવતો. ખદીજા તો રાત્રે વાંચતી નથી. કોઈ વાર પ્રબુદ્ધ જીવન, ભૂમિપુત્ર કે મિલાપમાંથી કાંઈક બહુ ગમી ગયું હોય તો તે મને વાંચી સંભળાવે, પણ મોટા ભાગે એને વાંચી સંભળાવવાનું હું જ રાખું છું કે જેથી એની આંખોને શ્રમ ઓછો પડે.

"તમે લખો છો કે "પૂરા ઉપયોગ વિનાના દિવસો વ્યતીત થાય છે એનું મનમાં દુ:ખ રહે છે." પણ જે અવિરત કામ કર્યું છે તે યાદ કરશો તો અપ્રસન્નતાનું કારણ નહિ રહે. કામ ન કરવું એ પણ કરવા જેવું કામ છે કે જેથી આપણે સાવ ઊથલી ન પડીએ. વળી શરીર એ આપણી સાચવણ ઉપરાંત વારસાનો પ્રશ્ન છે. કેટલાંક શરીર તો સો વર્ષે પણ હરતાં ફરતાં રહે ને સમારકામ ન માગે, અને મને હજુ આ ધનતેરશે ૬૭મું બેઠું તો પણ શરીર સંભળાવી દે છે કે આ કામ થશે, આ નહિ થાય. અને એનું સામાન્ય રીતે તો હું માની લઉં છું. આપ તો મારાથી ઘણા ઘણા મોટા છો, સુજ્ઞ છો, પ્રશાંત છો. લાગણીથી પ્રેરાઈ મેં જરા ડહાપણ ડોળ્યું છે તે દરગુજર કરશો. મારા કહેવાનો સાર એટલો જ છે કે કોઈ પણ સુન્દર વ્યકિત જે અને જેટલું કરી શકે તે અને તેટલું તમે કર્યું છે. એટલે ઉદ્વેગ કે ખિન્નતા, ભાર કે પ્રસન્નતા માટે કારણ જ નથી. જે માંગલ્ય શકિતએ તમને રક્ષ્યા છે એ જ તમને રક્ષે એવી આ નાના ભાઈની પ્રાર્થના છે. કષ્ટ, શારીરિક થાક વગેરે તો દેહ છે ત્યાં હોય. કોઈને વધુ, કોઈને અલ્પ; પણ ચિત્તનો આનંદ–મનનું સમાધાન ભગવાન આપણને આપે તો બસ. લાચારીની પળો પણ બાકી રહી ગયેલ આત્મરચના માટે ઉપયોગી હોઈ શકે. એટલે હું તો હજી જે આવે તે જોઉં છું અને તેને સમજવા મથું છું. ઈશ્વરથી મોટું 'સ્વ' કોણ? એ 'સ્વાશ્રય' મળતો રહે. તમારી આશિષથી એટલું માગું."

* * *

ઉપરના પત્રનો મેં જવાબ લખેલો તેના પ્રત્યુત્તરરૂપે શ્રી ઈસ્માઈલભાઈ લખે છે કે "તમારો પત્ર મળ્યો. રાજી થયો કે તમે જાગૃત રીતે પ્રસન્નતાપ્રાપ્તિ માટે સાધના કરી રહ્યા છો. જીવન તો અમાપ નથી જ અને અનિવાર્ય છેલ્લી પળ ધરાવે છે, પણ એ તો માંગલ્ય માર્ગ જ છે એમ જ્ઞાનીજનો કહે છે. તમે લખો છો એ સાથે હું સંમત છું કે આપણે ઘણું ઘણું જાણતા હોઈએ પણ એવું બને કે એની અનુભૂતિ થઈ ન હોય. પણ એનો ય શોક શાને? યત્નવાન રહું,–અભિપ્સાને વધુ ને વધુ 'ખરી' કરતો જાઉં, અને અભિમુખતા એકાગ્રતા રાખી શકું તોય થોડોક સંતોષ મળી જાય. કુદરતનો—શકિતનો પ્રેમ માબાપમિત્ર સૌથી કાંયય વિશેષ હોય એ વણબોલ્યે આપણી આવશ્યકતાથી જ્ઞાત હોય. ઈશ્વરનો એ પ્રેમ કલ્પિત કથા ન જ હોય તો માતા ધવરાવ્યા વિના રહી ન શકે તેમ એ પરમ પિતા આપણને રક્ષ્યા–પોષ્યા વિના નહિ જ રહે. હા, અવસ્થાનું કષ્ટ જ્યાં એ હોય–સ્વનિર્મિત કે કુદરત નિર્મિત–તો ધૈર્યપૂર્વક શાન્તિપૂર્વક સહેવાનું ઘણાને રહે છે. એમાં ય કદાચ આત્મરચના હોય.

* * *

## (૨) અમદાવાદથી પ્રા. હરીશ વ્યાસ

તા. ૧૦–૧૧–૭૦
અમદાવાદ,

**સ્નેહીશ્રી પરમાનંદભાઈ,**

નવા વર્ષમાં અભિનન્દન અને અમારી સૌની આપને સપરિવાર શુભેચ્છાઓ. 'વાર્ધક્ય' અંગે આપે 'પ્રબુદ્ધ જીવન'માં લખ્યું છે. અમને 'પ્રબુદ્ધ જીવન' નિયમિત મળે છે. પ્રસ્તુત પ્રશ્ન અંગે મેં મારા પિતાશ્રી અંબાલાલ વ્યાસ (નિવૃત્ત હેડમાસ્તર) ને વાત કરી. તેમના તરફથી આ અંગેના અનુભવો સારરૂપે આપને પાઠવું છું :

"મને તો જીવન એ જ સાધનારૂપે અનુભવાય છે. બાલપણથી માંડીને – જન્મથી મૃત્યુ પર્યંત આપણે આ સાધના નિત્ય કરવાની છે. હા, એમાં ક્ષણે ક્ષણે જાગૃતિ જેટલી વધતી જાય છે, એટલો જ પ્રબોધ થવા માંડે છે. એને માટે ક્ષણના કરોડમાં ભાગ સુધી સજાગતા હોવી જોઈએ. મુકતભાવે અંદર જે થાય છે તેને કોઈ પણ પ્રકારના હકાર કે નકાર સિવાય જોઈએ, અનુભવીએ અને સમજીએ. એમાંથી જ સદ્‌ગુણોનો આવિષ્કાર થાય છે અને દુર્ગુણોનું નિરાકરણ થતું જાય છે. ચેતના સતત સ્ફૂર્તિ અનુભવે છે.

"બીજું, ભૂતકાળના અનુભવો અને ભાવિનાં સ્વપ્નાં માણસને વર્તમાન જીવનથી ચલિત કરે છે. એટલા માટે वर्तमाने वर्तन्ति विचक्षणा:। વર્તમાન ક્ષણ એ જ જીવનની ક્ષણ છે. એનો પ્રત્યય મુકતભાવે થાય એ આવશ્યક છે. જીવન એ સતત સ્ફુરતો સ્રોત છે, પ્રવાહ છે. એમાં વળી આદિ શું અને અન્ત શું? બાલપણ શું અને વાર્ધક્ય શું? એ ખંડિતતાને છોડીને મુકત રીતે સમગ્રતાથી જીવનને જીવીએ તો આનંદ, પ્રસન્નતા અને શાન્તિ અનુભવાય છે.

"ત્રીજું, કર્મ દ્વારા જ્ઞાન મળે છે અને જ્ઞાનથી જ મુકિત અનુભવાય છે. જીવનની સાર્થકતા યા ચરિતાર્થતાનો પ્રત્યય થાય છે. હા, આ બધામાં અત્યંત સજાગતા, સભાનતા અને સક્રિયતા એટલી જ આવશ્યક છે.

"ચોથું, ક્ષણે ક્ષણે જીવન અને ક્ષણે ક્ષણે મૃત્યુ છે. જીવનનો આવિર્ભાવ ક્ષણે ક્ષણે થયાં જ કરે છે. કારણ જીવન સતત ગતિશીલ છે. કર્તા અને કર્મથી યે અતીત થઈને ક્ષણ સાથે, જીવન સાથે તદ્રૂપ બનીએ. તો ઓર મજા આવશે.

"પાંચમું, પોતાને ભાગે જે કામ આવ્યું છે તે દિલ રેડીને પ્રેમથી કરીએ. એમાંથી જ્ઞાન મળશે, આનંદ મળશે અને સ્ફુર્તિ મળશે.

"છઠ્ઠું, વિશ્વ એ જ પ્રભુ છે. એ ભાવથી ગાઢ નિદ્રામાં લેટી જવું એટલે બસ. निद्रा समाधिस्थिति:। નિદ્રા સમાધિરૂપ બની જાય છે. તાજગી, સ્ફુર્તિ અને સર્જનશકિતથી જીવન પ્રફુલ્લતા અનુભવે છે." અસ્તુ.

લિ. સ્નેહાંકિત, **હરીશભાઈ વ્યાસનાં** જય જગત્

## (૩) બોચાસણથી શ્રી સુરેન્દ્રજી

આજે જ તા. ૧–૧૧–૭૦ના પ્રબુદ્ધ જીવનના લેખો વાંચ્યા. ઉત્સાહપ્રેરક અને વિચારમય છે. તેમાં તમે તથા અન્ય સમવયસ્ક મિત્રોના અનુભવો લખ્યા છે. મને ખૂબ ગમ્યા. ધન્યવાદ! આમ હું હજુ માત્ર ૭૩ વર્ષનો નાનો માણસ ગણાઉં. કદાચ તેથી જ જીવન રસમય અનુભવું છું. શારીરિક શકિત પ્રમાણમાં સારી ગણાય. મનમાં

પ્રસન્નતા, વિચારમાં તાજગી, અને જિજ્ઞાસા અને અનુભૂતિમાં અનન્તતા, નિર્ગન્થતા, શૂન્યતા.

મરણની ભીતી નહિ, પણ જીવનમાં વિવશતા ન આવે તો સારું. પણ આવવાની જ હોય તો એ પણ જીવનનું અંગ છે એમ સમજી આવકારવાની તૈયારી છે. યુવાવસ્થાની પેઠે વૃદ્ધાવસ્થા પણ માણવી જોઈએ. "રસો વૈ સ:"

## (૪) ભાવનગરથી શાંતિલાલ કે. મહેતા

મુરબ્બીશ્રી પરમાનંદભાઇ,

નમસ્તે,

તા. ૧ નવેમ્બર ૭૦ના પ્રબુદ્ધ જીવનમાં આપે આપના વાર્ધક્યથી પ્રાપ્ત થતી શારીરિક તથા માનસિક અસ્વસ્થતા વિશે કંઇક વિષાદભર્યા જે ઉદ્‌ગારો પ્રગટ કર્યા તેથી મારા મનને મોટો આંચકો લાગ્યો છે.

મને છ માસ પછી ૬૮ વર્ષ પૂરાં થશે. પ્રભુકૃપાથી શારીરિક તથા માનસિક સ્વાસ્થ્ય બરાબર જળવાઇ રહ્યું છે. પરંતુ તમારી ઉંમરે પહોંચીશ ત્યારે કઇ સ્થિતિ હશે તેની કલ્પના કઇ રીતે કરી શકું? છતાં વૃદ્ધાવસ્થામાં ઓછામાં ઓછો વિષાદ અને વધારેમાં વધારે રસ—આનંદ ભોગવ્યા હોય તેવી વ્યક્તિઓ પણ આપણે જોઇ છે. ડૉ. સુમંત મહેતા સ્વર્ગવાસી થયા ત્યાં સુધી ચિત્ત-સ્વાસ્થ્ય જાળવી શક્યા હતા. સ્વ. ગટુભાઇ ધ્રુવમાં મેં ઠેઠ સુધી જીવન-રસ જોયો હતો. પૂ. કાકાસાહેબ આપણી સામે પંચાસી વર્ષની ઉંમરે નિર્વિષાદ જીવન માણી શકે છે અને તેનો ચેપ આપણને લગાડી શકે છે. પોંડિચેરીમાં શ્રી માતાજી ૯૩ વરસની ઉંમરે હજી કેવું અથાગ કાર્ય કરી રહ્યાં છે! મુ. કલ્યાણજીકાકા તથા તેમના મોટાભાઇ મુ. કુંવરજીકાકાને હજી વરસો દેખાતાં નથી અને ખૂબ ઉત્સાહથી તેમનું કર્તવ્ય બજાવ્યે જાય છે. પૂ. મોટા તો અનેક રોગોથી ઘેરાયેલા છતાં ગુજરાતની આંતરચેતના જાગૃત કરવાનું ભગીરથ કાર્ય કરી રહ્યા છે. સ્વ. ભાઇકાકા (ભાઇલાલભાઇ પટેલ—વલ્લભ વિદ્યાનગરના સર્જક) તેમનો દેહવિલય થયો ત્યાં સુધી પૂરી ધગશથી કાર્ય કરતા કરતા વિરમી ગયા.

આટલા દાખલાઓ આપ્યા પછી કાવ્યરૂપે વિચારો રજૂ કરું છું:

વિષાદ શાને? મળી જિંદગી આ<br>
તમે કરી સાર્થક શુભ્ર ભાવે.<br>
ત્યાગી અને ભોગવ્યું ભોગ છોડી,<br>
લીધું અને આપ્યું સમાજ કોષે.

* * *

આ જિંદગી આસવથી ભરેલા<br>
પ્યાલા સમી છે રસથી મદીલી.<br>
નીચે પડે બુંદ ન તો જ તેને<br>
પીવા તણી ઓર મજા રહી છે;<br>
પીવા તણી ઓર મજા વળી છે.

* * *

આ માનવજીવન બાલ, યુવા, જરાથી<br>
સંસારમાં વિચરતું અતિ અલ્પકાલ;<br>
જેની ક્ષણેક્ષણ વીતી 'સ્વ' તજી પરાર્થે,<br>
તેઓ રમે જગતના મનમાં સદાયે.

લિ. ભવદીય, શાંતિલાલ મહેતા

## (૫) ભાવનગરથી કુલનાયક શ્રી હરભાઇ ત્રિવેદી

ભાવનગર, તા. ૧૧-૧૧-૭૦

પ્રિય ભાઈ પરમાનંદ,

છેલ્લા "પ્રબુદ્ધ જીવન' ના અંકમાં તમારું લખાણ વાંચ્યું. આવું તો થોડુંએક તમે અગાઉ પણ લખ્યું હતું. સમવયસ્ક મિત્રોના વિચારો જાણવાની તક પણ તમે તો સંપડાવી.

વયના કારણે શારીરિક શકિત ઘટતી જાય તે સમજી શકાય તેવું છે, પરંતુ તમારા જેવી વિચારક - ચિન્તનશીલ વ્યકિત કોઇ કોઇ વખત મુંઝવણ કેમ અનુભવે છે તે હું સમજી શકતો નથી. બધી જ ઇન્દ્રિયો કામ કરતી બંધ થઇ જાય ત્યારે પણ સ્વસ્થ મન જ જાગૃત રહે અને આત્મખોજની ક્રિયા સતત ચાલ્યા કરે તેવી તાકાતવાળા આદમી-તરીકે મેં તમને ઓળખ્યા છે. ચિન્તન-મનન એ જ તમારો આધ્યાત્મિક ખોરાક છે. માળાની કે પૂજાપાઠની તમને જરુર ન હોય તેવી તમારી Image હંમેશા જોયા કરી છે.

તમે હજી મનથી કેટલા અને કેવા જાગૃત છો તેનો પૂરાવો ડૉ. મુનશી સંબંધેની તમારી નોંધ આપી જાય છે. આવું ધર્મકૃત્ય જીવો ત્યાં સુધી કર્યા જ કરવાના છો તેવો મારો વિશ્વાસ છે.

હું શરીરથી હજી અશક્ત નથી થયો તેને કુદરતની કૃપા સમજુ છું. પણ શરીર વૃદ્ધ થતું ચાલ્યું છે તે કેમ ભૂલાય? તા. ૩-૧૦-'૭૦ ના રોજ મને એક નાનકડો મોટર અકસ્માત નડયો હતો. હમણાં હમણાં કોઇ કોઇ વખત હું નોંધપોથીમાં થોડું થોડું ટપકાવી લઉં છું. તે દિવસે મેં જે નોંધ્યું તે ફકરો તમને વાંચવા માટે મોકલું છું. આ છે મારી મનઃસ્થિતિ.

મૃત્યુ ભલે આવો. એ મિત્ર બનીને જ આવશે અને આપણે મૈત્રીભર્યા ઉમળકાથી તેનું સ્વાગત કરીશું.

વિજ્યાબેનને તમારી નોંધો વંચાવતા તો નથી ને?

સ્નેહી હરભાઈ

**નોંધપોથીમાંથી: ૩-૧૦-૧૯૭૦**

"સિન્ડીકેટની બેઠકમાં હાજરી આપવા વહેલી સવારે ડૉ. ભટ્ટ વગેરેને સાથે લઇને રાજકોટ જવા મોટર રસ્તે ઉપડયો. રસ્તામાં ડ્રાઇવરની નાનીશી ભૂલના કારણે ચરખા ગામ નજીક અકસ્માત થયો. ગામને પાદરે ઊભેલી એક બસ સાથે ગાડી ટકરાઇ.

હું આગળની બેઠકમાં ડ્રાઇવરની પાસે બેઠો હતો. શું બન્યું એ તો પાછળથી વિચાર્યું, પણ ઘડીભર તો મોતના મુખમાં ગયાનો આનંદ - ક્ષોભ બધું જ અનુભવી લીધું. મને લાગે છે કે મારું મન હવે આવા અકસ્માતો - પ્રૂફ બની ગયું છે. એનો સીધો આત્મ-લક્ષી અર્થ એ થાય કે મૃત્યુનો ડર મહદ્અંશે ઓછો થયો છે. જીવવાની ઇચ્છા ઉગ્ર છે તે છુપાવી શકું નહિ, પરંતુ મોત આવે તો હાય હાય થાય તેવું તો રહ્યું જ નથી. કોઇ વાસના પણ નથી. જીવીએ ત્યાં સુધી કામ કરતા રહેવું તેવી વૃત્તિ સ્થિર થઇ ગઇ છે. કામ કરતો અટકી જઇશ ત્યારે મૃત્યુ આપોઆપ આવશે. તેને આનંદથી વધાવીશ. એ વધામણાં મીઠાં જ હશે."

## મહિલાવિશેષ સ્વર્ગસ્થ શારદાબેન

ગુજરાતનું એ સદ્‌ભાગ્ય રહ્યું છે કે એની પ્રજાના સાંસ્કારિક જીવનને પોષણ પૂરું પાડતી સેવાપરબો એને આંગણે ક્યારેય બંધ પડી નથી. નવયુગના પ્રબોધકાળે ગુજરાતનું સાંસ્કારિક જીવન તદ્દન આણઘડ ન હતું તે આવી સેવાપરબોને જ પ્રતાપે.

આ સદીના પહેલા ચરણમાં ગુજરાતમાં સામાજિક નવોત્થાનની હવા જામી હતી. ગાંધીજીના આગમન પહેલાંનો, એની બેસન્ટના 'હોમરૂલ' આંદોલનનો એ સમય હતો. ડા. સુમન્ત મહેતા અને શારદાબહેન જાગૃતિના એ જુવાળની અસર હેઠળ વડોદરાને આંગણે સેવા-પરબ ખોલીને બેસી ગયાં હતાં. ગાંધીજીએ પાછળથી એમને ત્યાં જ થોડા સમય માટે પોતાનું સેવાલય રાખ્યું હતું.

ગાંધીજીએ શારદાબહેન વિશે એક વાર કહેલું કે એમને પેટ અવતાર લઇએ એવાં એ સન્નારી છે. શારદાબહેન છ સંતાનો તથા પોતરાં દોહિતરાં ઉપરાંત અનેકનાં વહાલસોયાં માતા હતાં. ડૉ. સુમન્ત મહેતા અને શારદાબહેનનું ગુજરાતના સાંસ્કારિક જીવનમાં ઘણું મોટું અર્પણ છે. સેવાપરાયણ યશસ્વી જીવન ગુજારીને ડૉ. સુમન્ત મહેતાએ બે વર્ષ પહેલાં ચિરવિદાય લીધી અને ગયા શુક્રવાર તા. ૧૩ મીએ ૮૮ વર્ષનું પરિપૂર્ણ આયુષ્ય ભોગવીને અને સેવામય લોકોપયોગી જીવન વીતાવી શારદાબહેન પણ પરલોકવાસી થયાં. તેમના અવસાન સાથે ગુજરાતના સમકાલીન સાંસ્કારિક ઈતિહાસની એક જીવંત કડી અદશ્ય થઇ છે. એમની આત્મકથા "જીવન સંભારણાં" માં ગુજરાતનો છેલ્લી પોણી સદીનો સામાજિક ઈતિહાસ તેઓ નિરૂપી ગયાં છે.

શારદાબહેન તથા તેમનાં વડીલ બહેન વિદ્યાબહેન નીલકંઠ એ બે નામો ગુજરાતમાં ઉચ્ચ સ્ત્રી—કેળવણીનાં પગરણ સાથે હંમેશને માટે જોડાયેલાં રહેશે. એમણે ગુજરાતમાં સ્ત્રીઓ માટે ઉચ્ચ કેળવણીનાં બીજ રોપ્યાં. બન્ને બહેનો ૧૯૦૧ માં ગુજરાત કોલે-

જમાં અભ્યાસ કરી ગ્રેજ્યુએટ થયાં અને ગુજરાતનાં પહેલાં ગ્રેજ્યુએટ બહેનો તરીકે જાણીતાં બન્યાં. એમને પગલે પછી સ્ત્રીઓ માટેનાં કેળવણીનાં દ્વાર ખુલ્લાં થયાં.

બન્ને બહેનોએ પોતપોતાની રીતે સેવાકાર્ય કરતાં રહીને મહિલાઓનાં શૈક્ષણિક તથા સામાજિક વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો. શારદાબહેને પહેલાં વડોદરમાં અને પાછળથી અમદાવાદમાં રહીને સામાજિક સેવાની પ્રવૃત્તિઓ ચલાવી હતી. સાદું જીવન અને ઉચ્ચ વિચારોની ફલેણીને તેમણે જીવનમાં પ્રત્યક્ષ કરી બતાવી હતી.

એ સમયનું વાતાવરણ પણ અનોખું હતું. સ્ત્રીઓ ઉચ્ચ કેળવણી લે તો સારું એમ લોકો માનવા લાગ્યા હતા. બંગાળમાં તેમ દક્ષિણમાં અને ગુજરાતમાં સમાજસુધારણાની પ્રવૃત્તિએ વેગ પકડયો હતો.

ડૉ. સુમન્ત મહેતા અને શારદાબહેને સેવા અને સંસ્કારિતાની જે આબોહવા સર્જી તેમાં ક્રમશ: એક આખી નવી પેઢીનું ઘડતર થયું. વડીલની જેમ આ દંપતીએ અનેકોને શીળી છાંય અને હૂંફ આપ્યાં હતાં. એમનું દામ્પત્ય જીવન સાચે જ એક સંસ્કાર તીર્થ બની ગયું હતું.

રાષ્ટ્રના, સમાજના અને સ્ત્રીઓનાં નવોત્થાનમાં શારદાબહેને સક્રિય રીતે અને સહૃદયતાથી ભાગ લીધો હતો. તેઓ પ્રેમાળ, સૌમ્ય અને આનંદી પ્રકૃતિનાં હતાં. તેમનું વ્યક્તિત્વ અનોખું હતું. મનથી તે કદિ વૃદ્ધ થયાં ન હતાં.

શારદાબહેન પોતાને કાળબળનું નિમિત્ત માત્ર ગણતાં હતાં અને એ રીતે નિમિત્ત બનવાને લીધે પોતાને માનસિક સ્વાસ્થ્ય અને શાંતિ સાંપડયાં છે એમ માનતાં હતાં.

અને એમની નિવૃત્તિ ય કેવી! એમણે લખ્યું છે: 'અનેક વિટંબણાઓ અને સંઘર્ષોનો સામનો કરતાં કરતાં તથા જીવન બહેલાવ્યાનો આનંદ માણતાં માણતાં જીવનની સંધ્યાને વખતે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ અને કલહથી જેટલે અંશે પર થવાય તેટલું થઈને શાંતિ ને સંતોષ મેળવ્યાં છે. મનુષ્ય જીવનનું ધ્યેય આવું જ હોઈ શકે ને!"

વિદ્યા, સેવા અને સંસ્કારની સુવાસથી ઓપતું શારદાબહેનનું જીવન અનેકોને દીર્ઘ સમય સુધી પ્રેરણા આપતું રહેશે.

જન્મભૂમિ–પ્રવાસીમાંથી સાભાર ઉધ્ધૃત.

## એસ્પિરિન લેવાથી મૃત્યુ પણ થાય છે

**(એ. પી) શિકાગો, તા. ૧૪**

સંશોધક સર્જન જણાવે છે કે એસ્પિરિન તંદુરસ્તીને નુકસાનકર્તા છે. અને ડોકટરોના પ્રિસ્ક્રીપ્શન પર જ તેનું વેચાણ થવું જોઈએ.

શિકાગો યુનિવર્સિટી ખાતે સર્જરીના પ્રોફેસર ડૉ. રેનેએ ગઈકાલે જણાવ્યું હતું કે એ બાબત લાંબા સમયથી જાણીતી છે કે એસ્પિરિનથી આંતરિક બ્લિડિંગ થાય છે અને કેટલીક વખત મૃત્યુ થાય છે. અને છતાં દુનિયામાં તેનું વેચાણ ચાલુ છે.

અમેરિકન કોલેજ ઓફ સર્જન્સની કિલનિકલ કૉંગ્રેસ ખાતે તેમણે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે એસ્પિરિનથી મૃત્યુ થયેલાઓના આંકડાઓ નથી પણ હું માનું છું કે વર્ષે હજારથી વધુ મૃત્યુ પામે છે. અમેરિકામાં દર વર્ષે લગભગ બે કરોડ પાઉન્ડ દવા વપરાય છે.

વર્ષો સુધી એસ્પિરિનની અસરોનો અભ્યાસ કરી રહેલ ડૉ. રેનેએ જણાવ્યું હતું કે ફિઝિશિયનો અને જનતાને જાણ હોતી નથી કે એસ્પિરિનથી આંતરિક બ્લિડિંગ થાય છે અને તેમણે એવો અંદાજ કર્યો હતો કે આંતરિક બ્લિડિંગની ક્રિયાને કારણે હૉસ્પિટલમાં દાખલ થતા દરેક સાત અથવા આઠ દર્દીમાંથી એક વ્યક્તિ એસ્પિરિન લેનાર હોય છે. એસ્પિરિન વાપરનારાઓમાં ખાસ કરીને મહિલાઓને ગેસ્ટીક અલ્સર થાય છે. એસ્પિરિન લેવાનો શ્રેષ્ઠ ઈલાજ એસ્પિરિનને ખોરાક સાથે લેવો તે છે. **ખાલી પેટે એસ્પિરિન કદાપિ લેવી જોઈએ નહિ.**

## આપત્તિનાં પૂર સામે

(શ્રી સૂર્યકાન્ત પરીખના પૂરગ્રસ્ત-વિસ્તારના પ્રવાસના વર્ણનદ્વારા જાણેલું)

૧૯૭૦ ના સપ્ટેમ્બર માસમાં ગુજરાતમાં આવેલા પ્રચંડ પૂરમાં સપડાયેલા માળીયા ગામની આ એક સત્ય ઘટના છે:

એ યુવતીએ હજી ત્રણેક કલાક પહેલા જ એક નવજાત શિશુને જન્મ આપેલો. ત્યાં તો પૂરનાં પાણી ચઢવાં માંડયાં. ઘરમાં એ, એનો પતિ તથા ત્રણ માસૂમ બાળકો-એક પાંચ વર્ષનું, બીજું ત્રણ વર્ષનું તથા ત્રીજું આ તાજું જન્મેલું બાળક. જોતજોતામાં તો પાણી ઘરમાં ઘૂસવા માંડયાં. ઘરના મુખ્ય માણસ પર કેવી મોટી જવાબદારી–એક તરતની પ્રસૂતા ને બીજાં ત્રણ કુમળાં જીવની! પણ એ હિમ્મત ન હાર્યો. એણે એક મોટા કપડામાં બે મોટાં બાળકોને બાંધીને ઊંચકયાં-અને એ પોટલું બહાર લઈ જઈને એક ઝાડની ટોચે લટકાવ્યું–પાછો એ ઘરમાં આવ્યો અને એક મોટી તાંબાની ગાગર લીધી. એમાં મૂકયું તાજું જન્મેલું બાળ–અને એ ગાગર ઊંચકીને બેઉ પતિ-પત્નીએ માંડયું ચાલવા. કેડ ડૂબે એટલા પાણીમાં બેઉ જણાં માઈલેક ચાલ્યાં ત્યારે કોઈ ઊંચાણવાળી જગ્યા પર પહોંચ્યાં ત્યાં પેલા ફૂલથી પણ કુમળા બાળક તથા એની માતાને મૂકયાં. અને એ પાછો પેલા ઝાડ પાસે ગયો. પાણી તો ધસમસ કરતાં વધ્યે જતાં હતાં. ત્યાં એણે ઝાડ પરથી પેલું - બે બાળકોવાળું - પોટલું ઊતાર્યું. પોટલું માથે મૂકીને પાછો એ માંડયો ચાલવા. અથાગ મહેનતે એ પહોંચ્યો પેલા સલામત સ્થળે, અને એની પત્નીને મળ્યો. પાંચે જણાંએ ત્યાં થોડીક સલામતીપૂર્વક બાકીનો સમય વિતાવ્યો. પૂર ઊતરતાં એ ઘેર પહોંચ્યો ત્યારે જોયું કે ઘણીખરી ઘરવખરી તણાઈ ગઈ હતી-પરંતુ બચી ગયા હતા એ પાંચ અમૂલ્ય જીવ!

કૃષ્ણજન્મ સમયે વાસુદેવ-દેવકીની પણ કદાચ આવી કસોટી નહીં થઈ હોય!

— **ગીતા પરીખ**

આને અનુરૂપ એવો એક બીજો પ્રસંગ પણ નીચે પ્રમાણે છે:

"જ્યારે છઠ્ઠી સપ્ટેમ્બરે મચ્છુ નદીએ માઝા મૂકી ત્યારે કાંઠા ઉપરના ખેતરોમાં કેડ કેડ સુધી પાણી ભરાયાં. મામદ પોતાના ખેતરમાં ઝુપડું બાંધીને રહેતો. એકલો માણસ હતો. તેની બાજુમાં સુલેમાનનું ખેતર અને ઝુંપડું. સુલેમાન, તેની પત્નીને સવારે સુવાવડ આવી એટલે ગામમાં તેને માટે ચીજવસ્તુઓ ખરીદવા ગયેલ પણ મચ્છુના પૂરને કારણે પાછો આવી શકયો નહિ.

"મામદે સુલેમાનની પત્નીને કેડ સમાણા પાણી ખૂંદીને ખંભે બેસાડીને સલામત ઊંચી જગ્યાએ પહોંચાડી દીધી. ફરીથી સુલેમાનના ઝુંપડે આવ્યો અને પાણીની મોટી ગોળી ખાલી કરીને તરતના જન્મેલા બાળકને કપડામાં વીંટાળીને ગોળીમાં સુવાડયું અને પાણીમાં ઢબતા ઢબતા તેની મા પાસે પહોંચાડી લીધું. પાણી કેડથી પણ ઉપર વધતા જતા હતા. ફરીથી ગોળીને લઈને પાછો મામદ આવ્યો અને સુલેમાનના બીજા બે વર્ષના દીકરાને ગોળીમાં બેસાડી ઢબતા ઢબતા તેની મા પાસે લગભગ અર્ધો માઈલ તરીને પહોંચાડયો."

આવા પ્રસંગો સાંભળવા મળે છે ત્યારે મનના ઊંડાણમાંથી શબ્દો સરી પડે છે કે માનવતા હજુ મરીપરવારી નથી. ધન્ય છે આવા હીમ્મતબાજ અને જેને સાચા માનવ કહી શકાય તેવા વીરલાઓને. આવી વૃત્તિ અને હિંમત દરેક માણસે કેળવવી જોઈએ.

—**શાન્તિલાલ ટી. શેઠ**

## સાભાર – સ્વીકાર

**શ્રી ભકિતમાર્ગનું રહસ્ય:** લેખક: ભોગીલાલ ગીરધરલાલ શેઠ, પ્રકાશક: સદ્. શ્રી ન. ગિ. શેઠની મિલકતના ટ્રસ્ટીઓ વતી શ્રી જમનાદાસ પી. શેઠ, માઉન્ટ યુનિક, પેડર રોડ, મુંબઈ-૨૬, કિંમત: અમૂલ્ય.

# ☆ આંદોલનનું અવલોકન ☆

(તા. ૧૬-૧૦-૭૦ના ભૂમિપુત્રમાંથી સાભાર)

રાજગીર અધિવેશનને એક વર્ષ પૂરૂં થયું. આ વીતેલા મહત્ત્વપૂર્ણ વર્ષ દરમિયાન ગ્રામદાન આંદોલન ધીમી ગતિએ, પણ આગળ વધ્યું છે; તેમ જ આંદોલનની આજની પદ્ધતિની મર્યાદાઓ પણ ઉપસી આવી છે. અહિંસા સામે કેટલાક પડકાર ખડા થયા, એનો સામનો કરવાની શકિત પણ વિકસી. નૈતિક હ્રાસ થવાને કારણે આ અવધિ દરમિયાન દેશમાં અંધકાર વધ્યો છે. નાટકીય ઢબે સાલિયાણાં નાબૂદ થવા છતાં દેશમાં 'યથાસ્થિતિ'ની બોલબાલા છે. નકસલપંથીઓની ગતિવિધિ વધી છે. રાજકીય અસ્થિરતાને કારણે રાજનીતિજ્ઞો પરનો જનતાનો વિશ્વાસ ઉત્તરોત્તર ક્ષીણ થતો જાય છે. એ રિકતતા ભરવાનું સામર્થ્ય ગ્રામસ્વરાજ આંદોલનમાં છે?

આજે પણ સર્વોદય આંદોલનનું કેન્દ્રબિન્દુ તો ગ્રામદાન જ છે. આ એક વર્ષમાં ૩૩,૦૦૦ નવાં ગ્રામદાન (કુલ ૧ લાખ ૭૦ હજાર) થયાં, નવા ૧૮ (કુલ ૩૭) જિલ્લાનાં જિલ્લાદાન થયાં. સેંકડો નવજુવાનોના સહયોગથી તામિલનાડ પ્રાંતની સીમા સમીપ પહોંચ્યું. જો કે ગ્રામદાનની પ્રાપ્તિ–પદ્ધતિમાં મૌલિક પરિવર્તન હજી કરવાનું છે. કાર્યકર્તા–કેન્દ્રિત આંદોલનને જનતાકેન્દ્રિત કરવાનું છે. પ્રાપ્તિની સાથોસાથ પુષ્ટિ કરવા માટે, તેમ જ ગ્રામસભાને સક્રિય કરવા માટે ગ્રામશાંતિસેના બનાવવાની છે, એનું પ્રશિક્ષણ કરવાનું છે. પ્રાપ્તિની સાથોસાથ પુષ્ટિ ન થાય તો ગ્રામદાનનો વિચાર માન્ય હોવા છતાં પાછળથી કામ કઠિન બની જાય છે, એવું દર્શન બિહારમાં થયું. સામે આવી પડેલા નકસલવાદી પડકારનો સામનો કરવા, તેમ જ પુષ્ટિનું કામ કરવા મુસહરીની ભઠ્ઠીમાં 'કરેંગે યા મરેંગે'ની વૃત્તિથી જયપ્રકાશજી કામે લાગી ગયા છે. એજ રીતે વૈદ્યનાથબાબુ, રામમૂર્તિ, કૃષ્ણરાજ, નિર્મળાબહેન જેવા આપણા વરિષ્ઠ સાથીઓ પુષ્ટિકામમાં લાગી ગયા છે. પુષ્ટિની ગતિ ધીમી છે. પણ પ્રગતિશીલ કાનૂનોનો અમલ, અન્યાય નિવારણ, ગ્રામશાંતિસેનાની અને તરુણ શાંતિસેનાની રચના. વગેરે કાર્યક્રમો પુષ્ટિ સાથે સાંકળી દેવાને કારણે એનું ગુણાત્મક પાસું વધ્યું છે. બિકાનેર અને ફૈજાબાદ જિલ્લામાં પુષ્ટિકામનો સારો આરંભ થયો છે. નવાં ગ્રામદાનની પ્રાપ્તિનું કામ તો ચાલુ રહેવું જોઈએ, પણ જૂનાં ગ્રામદાની ગામોની પુષ્ટિનો કાર્યક્રમ તુરત હાથમાં લેવો જોઈશે. બીજાં બધાં કામો છોડીને અમુક નિશ્ચિત ક્ષેત્રમાં અમે પુષ્ટિનું કામ કરીશું એવું નક્કી કરીને ઓછામાં ઓછા ૫૦ વરિષ્ઠ સાથીઓ તો હવે પુષ્ટિકામમાં લાગવા જ જોઈએ.

હવે આપણાં બધાં કામ નવી પદ્ધતિથી–નાગરિક અભિક્રમ શકિતથી કરવાં જોઈશે.

શાંતિસેનાના કામમાં પ્રગતિ થઈ રહી છે. અત્યારે દેશમાં ૭,૪૪૧ શાંતિસૈનિકો નોંધાયેલા છે, કુલ ૧૩૪ તરુણ શાંતિસેના કેન્દ્રો છે. ભિવંડી, જલગાંવમાં તોફાનો પછી શાંતિસેનાએ સારું કામ કર્યું. પણ ત્યાંના tention–તાણની જાણ કેમ આપણને અગાઉથી ના થઈ? મહારાષ્ટ્રના વસમતનગરના ૫૦૦ હિંદુ-મુસલમાનોએ ૨-૧૦-૬૯થી ૨૨-૨-૭૦ સુધી ઉપવાસની સતત સાંકળ ચલાવી, અમદાવાદનાં તોફાનોના પ્રાયશ્ચિત્તનું એક સારું કામ કર્યું. ગ્રામ શાંતિસેનાનું વ્યવસ્થિત આયોજન આપણે હજી કરવાનું છે. બાદશાહખાનના આગમનથી ઈન્સાની બિરાદરીનું સંગઠન થયું. ઓરિસાના ગરાંડા જિલ્લામાં થાણું નાખીને શ્રી માલતીદેવી હિંમતપૂર્વક નકસલપંથીઓ તેમ જ પોલીસના દમનનો સામનો કરી રહ્યાં છે. ઉત્તર ને દક્ષિણ બંગાળના ભયગ્રસ્ત વિસ્તારમાંથી ચારુચંદ્ર ભંડારીની શાંતિયાત્રા ચાલી રહી છે.

થાણાના આદિવાસીઓની જમીનના પ્રશ્ન બાબત સત્યાગ્રહની તૈયારી પૂરી થઈ ગઈ હતી. પણ મોટાભાગની માગણીઓનો સરકારે સ્વીકાર કરી લેવાના કારણે પછી સત્યાગ્રહ કરવાની આવશ્યકતા ના રહી. ઉત્તરાખંડમાં શરાબબંધી માટે સફળ સત્યાગ્રહ થયો. ભરૂચ જિલ્લાના અંકલેશ્વર ગામની જમીન માટેનો સત્યાગ્રહનો સવાલ હજી હલ થયો નથી. પૂનાની પ્રબંધ સમિતિના સત્યાગ્રહના પ્રસ્તાવ પરત્વે આપણે ગંભીર વિચારણા કરવાની રહે છે.

ખાદી જગતનું સંકટ મોજુદ છે. ગ્રામાભિમુખ ખાદીનો પ્રારંભ હજી કરવાનો છે. ગ્રામદાની ગામોમાં ખાદીના તેમ જ બીજા વિકાસની ગતિ ધીમી છે. માટે નમૂનાનો સનાતન સવાલ જનમાનસમાં મોજૂદ છે. સમાજનો સંદર્ભ બદલ્યા વિના મોટા પ્રમાણમાં વિકાસની શકયતા નથી, એ શાસ્ત્રશુદ્ધ ઉત્તરથી પ્રશ્નકર્તા નિરુત્તર તો જરૂર થાય છે, પણ એથી એનું સમાધાન થતું નથી. સ્થાનિક પ્રાપ્ય સાધનો વડે વિકાસકાર્યો થાય, તેમ જ એ દ્વારા લોકશકિત પ્રગટે, એનું દર્શન હજી આપણે કરવાનું છે.

અણુવ્રત અને સર્વોદય આંદોલન વચ્ચે નિકટના સહયોગનો નિર્ણય આ વર્ષે થયો. આચાર્ય–કુળનું કામ આગળ વધી રહ્યું છે. લોકયાત્રી દળની અખંડ પદયાત્રા મહિલાઓમાં જાગૃતિ પ્રેરતી નિરંતર ચાલી રહી છે. ગાંધી શતાબ્દી નિમિત્તે ગાંધીસાહિત્યના સવા લાખ સેટનું વેચાણ થયું. પણ હજી બીજા સવા લાખ સેટના વેચાણ માટે સહુ સર્વોદય કાર્યકરોના સક્રિય સહયોગની આવશ્યકતા છે. ભૂમિપુત્રને બાદ કરતાં બીજાં બધાં સર્વોદય સામયિકોની સંખ્યા મર્યાદિત રહી છે.

વિનોબાનાં ૭૫ વર્ષ નિમિત્તે એક કરોડનો ગ્રામસ્વરાજ કોષ એકઠો કરવાનો નિર્ણય આપણે કર્યો. ૬૨ લાખ જેટલી રકમ એકઠી થઈ, એક સિદ્ધિ હાંસલ થઈ, એથી કાર્યકરોનો ઉત્સાહ વધ્યો, હવે પછી લાખો સર્વોદય મિત્રો નોંધીને આંદોલનના ખર્ચની જોગવાઈ કરવાની યોજના અંગે વિચારવું જોઈએ.

આવતા વર્ષમાં બધાય ગ્રામદાની જિલ્લાઓની પુષ્ટિ, નવાં ગ્રામદાની ગામોમાં પ્રાપ્તિની સાથોસાથ પુષ્ટિ, અન્યાયનિવારણ સારુ સત્યાગ્રહ, બળવાન શાંતિસેના અને તરુણ શાંતિસેના, શહેરોમાં સામાજિક-આર્થિક ન્યાયના કામનો આરંભ, લોકનીતિ, કાર્યકર્તાઓની પ્રાપ્તિ તેમ જ પ્રશિક્ષણ, ભાઈચારા પર આધારિત મજબૂત સંગઠન તેમ જ કાર્યકર્તાઓનો ગુણવિકાસ, સંઘને ક્રાંતિને અધિક અનુકૂળ બનાવવો–આ બધાં કામ કરવાનાં છે. શું એ અશકય છે? અશકય દેખાતાં ઘણાં કામ પાછલાં વર્ષોમાં થયાં છે. લાખો એકરનું ભૂમિદાન, ગ્રામદાન, જિલ્લાદાન, પ્રદેશદાન, ૬૦–૭૦ લાખનો ગ્રામસ્વારાજ કોષ-એમાંનું ક્યું કામ દસ-વીસ વર્ષ અગાઉ શકય લાગતું હતું? ગ્રામસ્વરાજ કોષમાં મોટી રકમ એકઠી નહીં થાય એવી ચેતવણી વડીલ અનુભવી મિત્રોએ આપી હતી, પણ ભગવાનની કૃપાથી આટલી રકમ થઈ શકી. આર્થિક સલામતીની કે ખ્યાતિની પરવા કર્યા વિના સેંકડો કાર્યકર્તા ૧૫–૨૦ વર્ષ ઘૂમતા રહેશે, એ શું શકય મનાતું હતું? આટલો બધો લોકસંપર્ક ધરાવતી જમાત ચૂંટણીઓમાં ખડી નહીં રહે–એ શું સંભવિત હતું? એ અસંભવિત કામો શકય બન્યાં છે. હવે આગળ ઉપર પણ એવાં જ અશકય કામો કરી બતાવવાનું આહ્વાન આપણી સમક્ષ છે. અસામાન્ય નેતાના માર્ગદર્શનમાં ગણસેવકત્વના બળે એ અશકય કામો આવતાં બે વર્ષ દરમિયાન પૂરાં કરવાનો નિશ્ચય કરીએ.

સેવાગ્રામ, ૨–૧૦–'૭૦;

(સર્વ સેવા સંઘના મંત્રીના નિવેદનમાંથી) ઠાકુરદાસ બંગ

માલિક : શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : મુદ્રક અને પ્રકાશક : શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ : ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઈ–૪. ટે. નં. ૩૫૦૨૯૬

મુદ્રણસ્થાન : ધી સ્ટેટ્સ પીપલ પ્રેસ, કોટ, મુંબઈ–૧

Regd. No. MH. 117
વાર્ષિક લવાજમ રૂા. ૭

# પ્રબુદ્ધ જીવન

'પ્રબુદ્ધ જૈન'નું નવસંસ્કરણ
વર્ષ ૩૨ : અંક ૧૬

મુંબઇ, ડીસેમ્બર ૧૬, ૧૯૭૦, બુધવાર
પરદેશ માટે શીલિંગ ૧૫

શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું પાક્ષિક મુખપત્ર
છૂટક નકલ ૪૦ પૈસા

તંત્રી: પરમાનંદ કુંવરજી કાપડિયા

## * લોકગુરુ આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી *

(આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિની કેટલાક સમયથી જન્મશતાબ્દી ઉજવાઇ રહી છે અને ચાલુ ડિસેમ્બર માસની ૨૫, ૨૬ તથા ૨૭મી તારીખે ક્રૉસ મેદાનમાં એક મોટો ગુણાનુવાદ સમારંભ યોજાવાનો છે, તેના સંદર્ભમાં આચાર્યશ્રીનું પ્રેરણાદાયી જીવનચરિત્ર નીચે આપવામાં આવે છે. **પરમાનંદ**)

યુગદષ્ટા આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજ ત્યારે મુંબઇમાં બિરાજતા હતા. વિ. સં. ૨૦૧૦ ના ભાઇબીજનો દિવસ તેઓશ્રીનો ૮૪ મો જન્મદિવસ હતો. અને એ નિમિત્તે મુંબઇની ૭૩ સંસ્થાઓ તરફથી એક મોટો સમારંભ યોજવામાં આવ્યો હતો. એ મંગલમય પ્રસંગે, જાણે પોતાની ૬૮ વર્ષ જેટલી દીર્ઘ આત્મસાધનાનું નવનીત જનતાને આપતા હોય એ રીતે, તેઓએ પોતાના અંતરની લાગણીને વાચા આપતાં આત્મવિશ્વાસપૂર્વક કહ્યું હતું કે :–

"હું ન જૈન છું ન બૌદ્ધ, ન વૈષ્ણવ છું ન શૈવ, ન હિંદુ છું ન મુસલમાન; હું તો વીતરાગ દેવ પરમાત્માને શોધવાના માર્ગે વિચરવાવાળો એક માનવી છું, યાત્રાળુ છું. આજે સૌ શાંતિની ચાહના કરે છે, પરંતુ શાંતિની શોધ તો સૌથી પહેલાં પોતાના મનમાં જ થવી જોઇએ."

ગંભીરતા અને વિનમ્રતાપૂર્વક આચાર્યશ્રીના અંતરમાંથી, અમૃતની સરવાણીની જેમ, વહી નીકળેલા આ શબ્દો આચાર્યશ્રીની જુદાં જુદાં નામોથી ઓળખાતા ધર્મોના બાહ્ય સ્વરૂપથી ઊંચે ઊઠીને આત્મધર્મની–પોતાની જાતની ખોજની–ઉત્કટ તમન્નાનું સૂચન કરવા સાથે જૈન ધર્મની અનેકાંતવાદની સત્યગામી અને ગુણગ્રાહી ભાવના તેઓના જીવનમાં કેવી ઓતપ્રોત થઇ ગઇ હતી, એનું આહ્લાદકારી દર્શન કરાવે છે.

જૈનધર્મે જીવનસાધનામાં અહિંસાને પ્રાધાન્ય આપીને વિશ્વભરના જીવો સાથે મૈત્રી કેળવવાનો આદેશ આપ્યો છે. યુગદર્શી આચાર્યશ્રીએ એ આદેશને ઝીલી લઇને પોતાના હૃદયને વિશાળ, કરુણાપરાયણ અને સંવેદનશીલ બનાવ્યું હતું, અને સમગ્ર માનવજાત પ્રત્યે સમભાવ કેળવ્યો હતો. કોઇનું પણ દુ:ખ-દર્દ જોઇને એમનું અંતર કરુણાભીનું બની જતું અને એના નિવારણનો શકય પુરુષાર્થ કર્યા પછી જ એમને નિરાંત થતી. આ રીતે તેઓ વેશથી જૈનધર્મના ગુરુ હોવા છતાં અંતરથી તો સર્વના હિતચિન્તક એક આદર્શ લોકગુરુ જ બન્યા હતા; અને આવી ઉન્નત ભાવનાના બળે જ ઉપર મુજબના શબ્દો ઉચ્ચારી શકયા હતા.

વિ. સં. ૧૯૨૭ ના ભાઇબીજના દિવસે એમનો જન્મ. એટલે આગામી ભાઇબીજના દિવસે એમની જન્મશતાબ્દીનું વર્ષ શરૂ થશે. આ પ્રસંગની ઉજવણી, તેઓશ્રીના જીવન અને કાર્યને અનુરૂપ હોય એ રીતે, દેશનાં જુદાં જુદાં સ્થાનોમાં કરવાની તૈયારી ચાલી રહી છે. તેથી એમનો સંક્ષિપ્ત પરિચય અહીં આપવો અવસરપ્રાપ્ત છે.

તેઓનું વતન–વિદ્યા, કળા અને સંસ્કારિતાની ભૂમિ વડોદરા શહેર. તેઓની જ્ઞાતિ વીસા શ્રીમાળી. પિતાનું નામ દીપચંદભાઇ. માતાનું નામ ઇચ્છાબહેન. એમનું પોતાનું નામ છગનલાલ. કુટુંબ ખૂબ ધર્મપરાયણ, એટલે છગનલાલને પારણે ઝૂલતાં ઝૂલતાં જ ધર્મસંસ્કારનું પાન કરવાનો સુયોગ મળ્યો હતો.

દસ-બાર વર્ષની ઉંમર થતાં થતાં તો પિતા અને માતા બન્નેની છત્રછાયા ઝૂંટવાઇ ગઇ! મરણપથારીએ પડેલી માતાએ પોતાના પુત્રને આ જન્મમાં તેમ જ જન્માંતરમાં પણ ઉપયોગી થાય એવી શિખામણ આપતાં કહ્યું કે "બેટા, અર્હન્તનું શરણ સ્વીકારજે. અને અનંત સુખના ધામમાં પહોંચાડે એવા શાશ્વત ધર્મધનને મેળવવામાં અને જગતના જીવોનું કલ્યાણ કરવામાં તારું જીવન વિતાવજે."

છગનને એકલવાયું ન લાગે અને એનું ચિત્ત પ્રસન્ન રહે એ માટે બન્ને મોટાભાઇઓ–શ્રી હીરાભાઇ અને શ્રી ખીમચંદભાઇ–ખૂબ તકેદારી રાખતા. પણ છગનલાલનો જીવ કંઇક જુદી જ માટીનો હતો. એનું ચિત્ત ઘરસંસારનો ત્યાગ કરીને ત્યાગધર્મની દીક્ષા લેવા માટે ઝંખી રહ્યું: કયારે એવો અવસર આવે, હું કયારે સાધુજીવન સ્વીકારું!

અને એવો પુણ્ય અવસર પણ આવી ગયો. વિ. સં. ૧૯૪૨ માં જૈનસંઘના મહાન પ્રભાવકઆચાર્ય શ્રી વિજયાનંદસૂરિજી (આત્મારામજી મહારાજ) વડોદરા પધાર્યા. એમની ધર્મદેશના છગનના અંતરને સ્પર્શી ગઇ. એ ભાગવતી દીક્ષા લેવા તત્પર થઇ ગયો. હવે સંસારનું બંધન એને એક પળ માટે પણ ખપતું ન હતું. છેવટે, મોટાભાઇઓ અને કુટુંબીજનોની નારાજી વહોરીને પણ, એણે વિ. સં. ૧૯૪૩ ની સાલમાં, રાધનપુરમાં, શ્રી આત્મારામજી મહારાજ પાસે, મુનિ શ્રી હર્ષવિજયજીના શિષ્ય તરીકે દીક્ષા લીધી. નામ મુનિ શ્રી વલ્લભવિજય રાખવામાં આવ્યું.

ભૂખ્યાને ભાવતાં ભોજન મળે એમ, છગનનો આત્મા ખૂબ આહ્લાદ અનુભવી રહ્યો. એક પળ પણ નિરર્થક વિતાવવાને બદલે તેઓ ગુરસેવા અને જ્ઞાન-ચારિત્રની આરાધનામાં લાગી ગયા. શ્રી આત્મારામજી મહારાજના તેઓ ખૂબ પ્રીતિપાત્ર બની ગયા–જાણે કાયાની છાયા જ સમજો!

ત્રણ ચોમાસા ગુજરાત અને રાજસ્થાનમાં કરીને તેઓ દાદાગુરુજીની સાથે પંજાબ ગયા. ત્યાં એકધારાં ૧૯ ચોમાસાં કરીને પંજાબના શ્રીસંઘની ધર્મશ્રદ્ધાને ખૂબ દઢ બનાવી. ૧૯ ચોમાસામાં દાદાગુરજીની સાથે છ કર્યાં અને, વિ. સં. ૧૯૫૨ માં દાદાગુરુજીનો સ્વર્ગવાસ થતાં, ૧૩ ચોમાસાં બીજાં મુનિવરો સાથે કર્યાં. અંતસમયે જેમ માતાએ હિતશિખામણ આપી હતી, એ રીતે જ દાદાગુરુજીએ અંતિમ આદેશ મુનિ શ્રી વલ્લભવિજયને કર્યો હતો કે સમાજના ઉત્કર્ષ માટે ઠેર ઠેર વિદ્યામંદિરો સ્થપાવજો, અને પંજાબને સંભાળજો!

જેમના ચરણે મુનિ વલ્લભવિજયજીએ પોતાનું જીવન અને સર્વસ્વ સમર્પિત કર્યું હતું, એ વાત્સલ્યમૂર્તિ દાદાગુરુના સ્વર્ગવાસથી તેઓને ન કલ્પી શકાય એટલો આઘાત લાગ્યો. પણ કુદરતના સહજ ક્રમ પ્રમાણે આવી પડેલ આપત્તિથી હતાશ-નિરાશ થઇને નિષ્ક્રિય બની જવું એ મુનિ શ્રી વલ્લભવિજયજીના સ્વભાવમાં જ ન હતું.

દાદાગુરુજીના પારસમણિ જેવા સહવાસને લીધે જીવનમાં ધીરજ, હિંમત અને સમતાનું જે તેજ પ્રગટયું હતું, એની જાણે કસોટી થવાની હતી. મુનિ શ્રી વલ્લભવિજયજી પંજાબના શ્રીસંઘની ધર્મ-શ્રદ્ધાને દઢ કરવાના અને સરસ્વતીમંદિરોની સ્થાપનાનાં કાર્યમાં દત્તચિત્ત બની ગયા. પંજાબ શ્રીસંઘમાં બાળકોથી લઈને તે વૃદ્ધો સુધી સૌકોઈનાં અંતરમાં ગુરવલ્લભ વસી ગયા. તે તેઓની સંઘના ઉત્કર્ષની આવી ઉમદા ભાવના અને પ્રવૃત્તિને કારણે જ. ગુર વલ્લ-ભનું નામ પડે છે, અને પંજાબના શ્રીસંઘનું અંતર આદર અને ભકિતથી ગદ્‌ગદ્ બની જાય છે.

ન ધર્મો ધાર્મિકૈર્વિના—ધર્મ એના અનુયાયીઓમાં જ ટકી રહે છે—એ સૂત્રનો ભાવ મુનિ શ્રી વલ્લભવિજયજીના અંત-રમાં બરાબર વસી ગયો હતો. વળી, પોતાની દીર્ઘ દષ્ટિને કારણે, તેઓ પલટાતા સમયનાં એંધાણ પણ પારખી શકતા હતા અને અહિંસા, કરુણા અને સંવેદનશીલતા એમના રોમેરોમમાં ધબકતી હતી. કોઈ પણ દીન-દુ:ખી જનને જોઈને એમનું અંતર કરુણા-ભીનું બની જતું; અને એના નિવારણ માટે કંઈક પણ પ્રયત્ન કરીને જ એમના સેવાવ્રતી આત્માને નિરાંત થતી. સંઘશકિતને ટકાવી રાખવા માટે અને સમાજનો ઉત્કર્ષ સાધવા માટે તેઓએ ત્રણ મુદ્દાઓ નક્કી કર્યા હતા:

(૧) સમાજની ઊગતી પેઢીને દરેક કક્ષાનું વ્યાવહારિક તથા ધાર્મિક શિક્ષણ મળતું રહે એવી વ્યવસ્થા કરવી.

(૨) સંઘશકિતને ટકાવી રાખવા માટે જૈન સંઘના બધા ફિરકા વચ્ચે સંપ અને સંગઠનની ભાવનાને પ્રોત્સાહન મળે એવું વાતા-વરણ ઊભું કરવું.

(૩) સમાજનો ગરીબ અને મધ્યમ વર્ગ આર્થિક ભીંસમાં પિસાઈ ન જાય એ માટે ઉદ્યોગગૃહ જેવી સંસ્થાઓની સ્થાપના કરવી અને એ માટે મોટું ભંડોળ એકત્ર કરવું.

તેઓની આ ભાવનાને તેઓના જ શબ્દોમાં જોઈએ:

"અત્યારે હજારો જૈન કુટુંબો પાસે ખાવા પૂરતું અન્ન નથી, પહેરવાં પૂરતાં કપડાં નથી; માંદાની સારવાર માટે અને પોતાનાં બાળકોને ભણાવવા માટે પાસે પૈસા નથી. આજે મધ્યમ વર્ગનાં આપણાં ભાઈ-બહેન દુ:ખની ચક્કીમાં પિસાઈ રહ્યા છે...જો મધ્યમ વર્ગ જીવતો રહેશે તો જ જૈન જગત પણ ટકી રહેશે. ધનિક વર્ગ લહેર કરે અને આપણા સહધર્મી ભાઈઓ ભૂખે મરે એ સામાજિક ન્યાય નહિ પણ અન્યાય છે.

"સંસારનો ત્યાગ કરી, આ વેશ પહેરી, ભગવાન મહાવીરની જેમ, અમારે અમારા જીવનની પળેપળનો હિસાબ આપવાનો છે. આત્મશાંતિ અને આત્મશુદ્ધિ તો મળતાં મળશે, પણ સમાજ, ધર્મ અને દેશના ઉદ્યોતમાં આ જીવનમાં જે કાંઈ ફાળો આપી શકાય, તે આપવાનું કેમ ભૂલી શકાય?

"સાધર્મિક વાત્સલ્યનો અર્થ કેવળ મિષ્ટાન્ન ખવડાવવું એવો જ નથી; પરંતુ સાધર્મિક ભાઈઓને કામે લગાડીને એમને પગભર બનાવવા, એ પણ સાચું સાધર્મિક વાત્સલ્ય છે.

"સેવા, સંગઠન, સ્વાવલંબન, શિક્ષણ અને જૈન સાહિત્યનું પ્રકાશન તથા એનો પ્રચાર—આ પાંચ બાબતો ઉપર જ જૈન સમાજની ઉન્નતિનો આધાર છે.

બને કે ન બને, પણ મારો આત્મા એમ ચાહે છે કે સાંપ્ર-દાયિકતા દૂર થાય અને જૈન સમાજ શ્રી મહાવીરસ્વામીના નેજા નીચે એકત્ર થઈને શ્રી મહાવીરસ્વામીની જય બોલે."

આચાર્યશ્રી ખાદી પહેરતા હતા, એ હકીકત પણ તેઓની રાષ્ટ્રભાવનાની સાક્ષી બની રહે એવી છે. પોતાની રાષ્ટ્રીય ભાવનાને વ્યકત કરતાં તેઓએ કહ્યું હતું કે:

"આપણા દેશની આઝાદીમાં આપણા સહુનું કલ્યાણ છે. આઝાદીને માટે હિંદુ, મુસ્લિમ, શીખની એકતા જરૂરી છે; આ એકતા આપણે ગમે તે ભોગે સાધવી પડશે જ. આપણા દેશમાં એકતા સ્થપાય તો વિશ્વશાંતિમાં આપણા દેશનું સ્થાન અનેરું બનશે તેની ખાતરી રાખશો. હિંદુ નથી ચોટીવાળા જન્મતા, મુસલમાન નથી સુન્નતવાળા જન્મતા, શીખ નથી દાઢીવાળા જન્મતા. જન્મ લીધા પછી જેવા જેના સંસ્કાર અને જેવા જેના આચાર, તેવો તેને રંગ ચઢે છે. આત્મા તો બધામાં એક જ છે. સર્વે મોક્ષના અધિકારી છે. સર્વે સરખા છે. આપણે બધા એક જ છીએ."

અપૂર્ણ. **રતિલાલ દીપચંદ દેસાઈ**

# ☆ અમારી નજરે— ☆

(ન્યુ ઈરા સ્કૂલનાં શિક્ષિકા બહેન કુમારી પુષ્પાબહેન મહેતા ગયા સપ્ટેમ્બર માસની શરૂઆતમાં તે સ્કૂલના ૭મા ધોરણના કેટલાક વિદ્યાર્થીઓને પાંચ છ દિવસ માટે વેડછીના સ્વ-રાજ્ય આશ્રમ લઈ ગયેલા. એ વિદ્યાર્થીઓને જોઈ, જાણી, મળીને વેડછી આશ્રમના વિદ્યાર્થીઓના મન ઉપર કેવી છાપ પડી તેનો ખ્યાલ તરતમાં જ ત્યાંના એક વિદ્યાર્થીએ પુષ્પાબહેન ઉપર લખી મોકલેલા નીચે આપેલા લખાણમાંથી જાણવા મળે છે. આ લખા-ણના સંદર્ભમાં પુષ્પાબહેને મારી ઉપર લખેલો પત્ર પણ નીચે આપવામાં આવે છે. પ્રબુદ્ધ જીવનના વાચાકોને, આશા છે કે, આ લેખનસામગ્રી રસપ્રદ નીવડશે. પરમાનંદ)

## શ્રી પુષ્પાબહેનનો પત્ર

પૂ. પરમાનંદભાઈ,

"મારું વનરાવન છે રુડું કે વૈકુંઠ નહિ રે આવું જી."

બારડોલી જિલ્લામાં આવેલા પૂ. જુગતરામકાકાના વેડછી ધામની મુલાકાત લીધા પછી ઉપરની પંકિતઓ વારંવાર ગૂંજતી હતી. વનરાવન જેવું વેડછી ધામ અનેક રીતે ગમી ગયું. જો કે વેડછી ધામ જવાનું નિમિત્ત તો ન્યુ ઈરા સ્કૂલના ધોરણ સાતના સમાજશિક્ષણના શિબિર અર્થે હતું પરંતુ વિદ્યાર્થીઓને કારણે જ ત્યાંના વિદ્યાર્થીઓ સાથે વિશેષ સંપર્ક સાધી શકાયો.

આમ જ ત્યાંના કેટલાક વિદ્યાર્થીઓને મળીને તેમની સાથે થોડો વિચારવિનિમય કર્યો. વાતો કરતાં જાણવા મળ્યું કે એમનું તટસ્થ અવલોકન, આત્મનિરીક્ષણ માંગી લે તેવું છે. આથી એમને વિનંતિ કરી કે અમારાં શહેરનાં બાળકોને જોઈને તમને જે જે લાગણી અને વિચાર પર પ્રત્યાઘાત થયા તે એક નિબંધ રૂપે, તમારી ફુરસદે, લખીને ન મોકલાવો? પરીક્ષાઓ આવતી હતી, છતાં વિદ્યાર્થીઓ આપેલો બોલ ન વિસર્યા. વાતવાતમાં જ થયેલી વિનં-તીને ફરી યાદ અપાવવાની પણ આવશ્યકતા ન રહી. (કદાચ શહે-રનાં અને ગ્રામવાસીઓનાં હૃદયમાં આ જ મોટો ફરક હશે!) તેમણે જે પ્રત્યુત્તર પાઠવ્યો છે "અમારી નજરે" તે અનેક સહૃદયીને રસદાયક થઈ પડશે. **પુષ્પા જોષીના વન્દન**

એક દિવસની રઢિયાળી સંધ્યાએ પ્રાર્થના કરી રહ્યા પછી ચીમનભાઈએ જણાવ્યું કે: "આપણે ત્યાં મુંબઈની ન્યુ ઈરા સ્કૂલનાં ધોરણ ૭નાં બાળકો સમાજશિક્ષણ શિબિર અર્થે અહિં આવનાર છે અને તેઓ પાંચ દિવસ રોકાશે." આ શબ્દો કાને પડતાં જ અમારાં મન સળવળ્યાં અને નયનો સમક્ષ મુંબઈ તર-વરવા લાગ્યું. એનાં ઊંચાં ગગનચૂંબી મકાનો, વિશાળ ડામર રોડ, ઝબૂક ઝબૂક કરતી વીજળી, વિશાળ અલબેલી નગરી! ખેર.

ન્યૂ ઈરાના આવનાર બાળકોની ઝંખના કરતાં કરતાં તા. ૩-૯-'૭૦ આવી ગઈ અને એના પર કાળી રાતનો પડદો પડવાની તૈયારી હતી ત્યાં આશ્રમના મેદાનમાં મુંબઈનાં બાળકો આવી ઊભાં, "બોમ્બેવાલા આવ્યા" શબ્દ સાંભળતાં જ અમે દોડી ગયાં. બે બસમાં બાળકો શાંત બેસી અમારા તરફ જોઈ રહ્યાં હતાં. કદાચ તેમને લાગતું હશે કે પૃથ્વી બહારની આ દુનિયા તો નથી ને? બાળકો બસમાંથી ઊતરી તેમને સૂચવેલા નિવાસસ્થાને આવીને થોભ્યાં અને એમના આચાર્યે જે વાત કરી તે શાંતિથી સાંભળી રહ્યાં. અમે ધારતાં હતાં કે ધમાલિયા જીવનમાં જીવતાં બાળકો અહીં આવી ધમાલ કરશે પણ તેમની આ શિસ્ત જોઈ અમારી ધારણા ખોટી પડી.

તા. ૪-૯-'૭૦ ના રોજ તો અમે સારી રીતે તેમનો સહવાસ સાધી ન શકયા, કેમકે તેમનો કાર્યક્રમ આશ્રમની બહારનાં સ્થળો જોવાનો હતો. તા. ૬ ના રોજ પણ તેઓ ગામડાં જોવા ગયા હોઈ

સારી રીતે ઓળખાણ પિછાણ કરી ન શક્યા. માત્ર સ્મિત-હાસ્ય કરી શક્યા ખરા, અને દૂર દૂરથી પણ એ બાળકોનો ઉલ્લાસ અને કલબલાટ અમે સાંભળતા રહ્યા. જાણે લાગતું હતું મુંબઇમાં પોતાના ગૂંગળાયેલા અવાજો અહીં ખુલ્લાં ચોગાનો અને ખેતરોમાં ફેલાવતાં ન હોય!

જે દિવસે બાળકો આશ્રમમાં આવ્યાં ત્યારે ગણવેશમાં હતાં. પણ બીજા દિવસથી રંગ બદલવા લાગ્યો અને આશ્રમમાં નાનકડું પચરંગી મુંબઇ સર્જાઇ ગયું. તેમનાં કપડાં, તેમનાં ચંપલો, બૂટ વગેરે યુરોપીય ઢબનાં હતાં, તેમના વાળ અને ઓળવાની પદ્ધતિ પણ જુદી જ વરતાતી હતી ત્યારે અમારું નાનકડું મનડું કહેતું હતું જન્મથી જ જેણે યુરોપને નવાજ્યું છે તે ભારતનું બની ને રહેશે ખરું!

તા. ૯ઠ્ઠી નો ઉકાઇ જવાનો કાર્યક્રમ રદ થતાં મુંબઇનાં બાળકોનો સહવાસ કરવાનો અમને મોકો મળ્યો ખરો. અમે મુંબઇવાળા બાળકોને બોલાવી તેમને પૂછતા કે ભાઇ, તમારા મુંબઇની વાતો કરોને! અને બાળકો ગુલાબી હોઠ ફફડાવી અમને કહેતાં અને તાજુબ બની અમે મુંબઇની વાતો સાંભળી રહેતા. કોઇક બાળકો એવાં પણ હતાં કે જે થોડી પૂછપરછ કરતાં આમતેમ વાત કરી ભાગી જતાં.

એક દિવસ મુંબઇનાં બાળકો અને આશ્રમનાં બાળકો કબડ્ડી રમવાનાં થયાં ત્યારે અમને હસવું આવ્યું કે મુંબઇનાં બાળકો શું રમી જાણવાનાં, એ તો દોરી કૂદી જાણે પણ એમણે જ્યારે રમત રમવા માંડી ત્યારે ખબર પડી કે તેઓ પણ રમવાનાં શોખીન અને આવડતવાળાં બાળકો છે.

અમે ન્યૂ ઇરાનાં બાળકો સાથે મિત્રતા બાંધતા રહ્યા અને આશ્રમનો પરિચય કહેતા રહ્યા તથા મુંબઇના સમાચારો, ત્યાંનું જીવન, લોકોની રહેણીકરણી સાંભળતાં ત્યાંના લોકો પણ કેવી હાડમારી ભોગવે છે તે જાણ્યું અને મુંબઇ એટલે સુખસાગર-દરિયો એવી જે કંઇક ભ્રમણા હતી તે દૂર થઇ.

અમારા મનમાં એક એવી ગ્રંથિ બંધાયેલી હતી કે મુંબઇનાં લોકો-બાળકો મિલનાં પાતળાં અને મુલાયમ કપડાં પહેરે, તેમને ખરબચડી અને જાડી ખાદી ગમે ખરી! પણ ના, તે ગ્રંથિ પણ બાળકોએ તોડી, બાળકો પૂછતાં આવતાં કે ખાદીભંડાર ક્યાં છે? ક્યારે ખુલશે?

તેમણે ખાદી લીધી, એટલું જ નહિં, રેંટિયા પણ એક બે વિદ્યાર્થીએ લીધા ત્યારે અમને ઘણું જ આશ્ચર્ય થયું કે આ બાળકોને ખાદી ગમતી જ નથી એવું નથી પણ તેમને એવા સંસ્કારો અને સંજોગો છે.

ન્યૂ ઇરાના બાળકોની શિસ્ત તો ખરી જ. પણ બીજી એક ખાસિયત પણ નોંધવા જેવી છે. તા. ૭ મીએ જ્યારે એ બાળકોએ મનોરંજન કાર્યક્રમ ગોઠવ્યો અને ભજવાયો ત્યારે જોવા મળ્યું કે ન્યૂ ઇરાનાં બાળકો સ્ટેજ પર આવવા અને કાર્યક્રમ આપવા ઘણી જ તત્પરતા બતાવતાં હતાં અને ગભરાયા વિના કાર્યક્રમ આપતાં હતાં, જ્યારે આશ્રમનાં બાળકો એવી તત્પરતા અને હિંમત નથી બતાવતાં. આને માણસોના સહવાસ અને નૈતિક હિંમતનો ઉત્તમ ગુણ ગણાવી શકાય.

તા. ૮ ના રોજ બાળકો મુંબઇ જવા તૈયારી કરવા લાગ્યાં ત્યારે કોઇ કોઇ બાળક આવીને પોતે બાંધેલ દોસ્તને કહી જતાં કે કાગળ જરૂર લખજો, આવવાના હો તો જણાવજો, એટલું જ નહિં પણ ભેટ સોગાદો પણ અપાઇ. મિત્રતાની કેવી લીલા! બાળકો બધાં બસોમાં ગોઠવાઇ ગયાં અને બધાંએ નમસ્કાર કર્યા પછી જ્યારે અમે આશ્રમમાં આવીને થોભ્યા ત્યારે નિરવ શાંતિમાં આશ્રમ સૂતો હોય એવું લાગતું હતું અને ત્યારે મિત્રતા કેવી વિરહી હતી તેનું ભાન થયું અને મનમાં કવિ ઉશનસનું પેલું સોનેટ કાવ્ય 'વળાવી બા આવી' યાદ આવ્યું. પછી ધીરે ધીરે કાળનો પડદો પડતાં ધીરે ધીરે ભાઇબંધીની યાદ દબાઇ ગઇ અને ઊખડી પણ ગઇ.

ન્યૂ ઇરાનાં બાળકો આશ્રમમાં કંઇક જીવનભાથું લેવા આવ્યાં હતાં તે લઇ ગયાં અને પોતાની સુગંધ મૂકી ગયાં પણ ખરાં.

ગયા તે તો ભલે ગયા, પગલાં પાડી તો ગયા!

## ભાઈ અરવિંદનો પત્ર

સ્વરાજ આશ્રમ, વેડછી, તા. ૧૪-૯-'૭૦

બહેન પુષ્પાબહેન,
નમસ્તે,

તમારું સોંપેલું કામ પૂરું કરવા મેં યથાશક્તિ પ્રયત્ન કર્યો છે, છતાં ક્ષતિ તો ઘણી હશે. નિબંધ લખ્યો છે ખરો પણ એમાં ઘણી વાતો રહી પણ ગઇ છે. જેમ કે શિક્ષકો અંગેની વાતો, છોકરા-છોકરીની બોલવાની ઢબ અને બહેનોની પીરસવાની કળા. થોડો ઉલ્લેખ કરું છું. શિક્ષકો વિદ્યાર્થીને બેટા કહી બોલાવતા, છોકરાની કડાકડ બોલવાની ઢબ અને બહેનો માટે આશ્ચર્યજનક વાત તો એ કે જ્યારે તેઓ શીરો વગેરે પીરસતાં તે વખતે શીરો આ બાજુ તે બાજુ પડી પણ જતો, જ્યારે અમારે ત્યાં છોકરાઓ પણ સારી રીતે પીરસે છે.

બહેનશ્રી, તમને હું સારી રીતે નિબંધ લખી મોકલત, પણ રવિવારે હિન્દીની પરીક્ષા ગઇ અને આવતા અઠવાડિયાથી ત્રિમાસિક પરીક્ષા શરૂ થાય છે તેની પૂર્વતૈયારી પાછળ આદુ ખાઇને મંડવું પડે એમ છે.

બહેનશ્રી, આ નિબંધ મળ્યે પત્રોત્તર આપશો. સાથે એક તકલીફ આપું છું, કે સંગીતકાર પાસેથી 'આવકાર મીઠો આપશો" આ ભજન ઉતારી મોકલાવી આપશો.

સૌ મિત્રોને મારી યાદ. બસ ભૂલચૂક ક્ષમા.

લિ. વેડછીનો વિદ્યાર્થી અરવિન્દના પ્રણામ.

## સાભાર સ્વીકાર

**સંતની અમૃતવાણી**: શ્રીમદ્ રાજચંદ્ર: સંપાદક: મુનિ પુણ્યવિજયજી, પ્રકાશક: શ્રી જમનાદાસ પી. શેઠ, માઉન્ટ યુનિક, પેડર રોડ, મુંબઇ-૨૬. પ્રાપ્તિસ્થાન, શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ, ૩૪, મોરબી હાઉસ, કોટ મુંબઇ-૧.

**શ્રીમદ્ રાજચંદ્ર**: આન્તર પરિચય: સંપાદક: શ્રી ભોગીલાલ ગિરધરલાલ શેઠ. સરનામું ઉપર મુજબ.

**કણમાં મણ**: મુનિ ચિત્રભાનુ; પ્રકાશક: શ્રી કાન્તિલાલ ન્યાલચંદ શાહ, દિવ્ય જ્ઞાન સંઘ, ઇ-૧, ક્વીન્સ વ્યુ, ૨૮/૩૦, વાલકેશ્વર, મુંબઇ-૬. કિંમત રૂ. ૧-૫૦.

**ચાર તીર્થંકર**: લેખક પંડિત સુખલાલજી, પ્રકાશક: (બીજી આવૃત્તિ) શ્રી રતિલાલ દીપચંદ દેસાઇ, મંત્રી જ્ઞાનોદય ટ્રસ્ટ, અનેકાન્ત વિહાર, શ્રેયસ કૉલોની પાસે, અમદાવાદ-૯. કીંમત રૂ. ૧-૮૦.

**સ્વ. શ્રી ધર્મચંદ્ર કમાણી પુણ્ય-સ્મૃતિ**: પ્રકાશક: સ્વ. શ્રી ધર્મચંદ્ર કમાણી. પુણ્ય સ્મૃતિ પ્રકાશક સમિતિ, જમશેદપુર.

**મંગલવિહાર**: પ્રકાશક: નરભેરામ હંસરાજ કમાણી, મૂલ્ય સદુપયોગ.

**નિર્વાણ કે પથ પર**: લેખક શ્રી જયંતિ મુનિજી મહારાજ, પ્રકાશક: પૂર્વભારત, સ્થા, જૈન સંઘ, ૨૭, પોલક સ્ટ્રીટ, કલકત્તા, ૧. મૂલ્ય ૧ રૂપિયો.

**સંસારમાં સુખ ક્યાં છે?** લેખક: સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ: સંપાદક: ત્રિભુવન વીરજીભાઇ હેમાણી. ૨, શ્રીનગર સોસાયટી, મહાત્મા ગાંધી રોડ, ગોરેગાંવ, (પશ્ચિમ) મુંબઇ-૬૨.

# મુંબઈમાં જૈન છાત્રાલયોની ઉદ્ભવકથા : જૈન કેળવણી મંડળની વિકાસકથા

શ્રી જૈન કેળવણી મંડળે તાજેતરમાં તા. ૨૨ મી નવેમ્બરથી તા. ૩ ડીસેમ્બર સુધી એમ બાર દિવસના ભરચક કાર્યક્રમપૂર્વક પોતાનો રજત મહોત્સવ ઊજવ્યો જેની વિગત આ અંકમાં અન્યત્ર આપવામાં આવી છે. આ પ્રસંગે મુંબઈના જૈન સમાજની છાત્રાલય પ્રવૃત્તિનો કેવી રીતે વિકાસ થયો તેને લગતાં કેટલાંક સ્મરણો અહિં રજૂ કરવાનું મન થાય છે.

કૉલેજના અભ્યાસ અર્થે હું મુંબઈમાં ૧૯૧૦ માં આવ્યો તે વખતે મુંબઈના દિગંબર જૈન આગેવાન શેઠ માણેકચંદ પાનાચંદ તરફથી શેઠ હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડિંગ એ નામનું એક છાત્રાલય અસ્તિત્વ ધરાવતું હતું, અને એ છાત્રાલય કૉલેજમાં ભણતા માત્ર દિગંબર જૈન વિદ્યાર્થીઓને મુંબઈમાં રહેવા ખાવાની સગવડો આપવાના હેતુથી ઊભું કરવામાં આવેલું. એમ છતાં તેમાં જૈન સમાજના બીજા ફિરકાઓના કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓને ખાસ કોઈ ભેદભાવ સિવાય દાખલ કરવામાં આવતા. કૉલેજ કાળ દરમિયાન – એટલે કે ૧૯૧૦ થી ૧૯૧૩ સુધીમાં–પ્રિન્સેસ સ્ટ્રીટ ખાતે આવેલું પીરભાઈ બીલ્ડીંગ જ્યાં આજે સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહની એક શાખા છે ત્યાં સ્થાનકવાસી વિદ્યાર્થીઓ માટે એક છાત્રાલય ચાલી રહ્યું હતું. તેનો વહીવટ સ્વ. રેવાશંકર જગજીવન અને અન્ય આગેવાનો સંભાળી રહ્યા હતા. આ છાત્રાલયમાં મારા કેટલાક મિત્રો સ્વ. શિવલાલ પાનાચંદ શાહ, શ્રી વાલજી ગોવિંદજી દેસાઈ, ડૉ. પ્રાણજીવનદાસ મહેતા વગેરે રહેતા હતા અને તેમને મળવા હું અવારનવાર ત્યાં જતો હતો.

સમયના વહેવા સાથે કૉલેજમાં ભણતા શ્વે. મૂ. જૈન વિદ્યાર્થીઓની સંખ્યા વધતી ચાલી અને તેમની જરૂરિયાત ધ્યાનમાં લઈને એ વખતના એ સમાજના આગેવાનો તરફથી શ્રી વિજયવલ્લભ સૂરિની પ્રેરણા નીચે ૧૯૧૫ માં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી. આ વિદ્યાલય એ વખતે રૉયલ ઑપેરા હાઉસની બાજુએ આવેલા એક ભાડાના મકાનમાં વસાવવામાં આવેલું. એ સંસ્થાના એ વખતના સ્થાપકો અને મુખ્ય સંચાલકોમાં સ્વ. મોતીચંદ ગીરધરલાલ કાપડિયાનું નામ અગ્રસ્થાને મૂકી શકાય, જેમણે જીવનના અન્ત સુધી એ સંસ્થાના એક મુખ્ય મંત્રી તરીકે એક સરખી સેવા બજાવેલી. આ સંસ્થાનો વિકાસ થતો ગયો અને સમય જતાં સ્વ. વાડીલાલ સારાભાઈની એક લાખ રૂપિયાની સખાવતના આધાર ઉપર ગોવાળિયા ટેંકની બાજુએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયના આજના મકાનનો પાયો નંખાયો. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપનાનો અને તેના આજના મકાનનો પાયો નખાયો તે પ્રસંગનો અને તેના આજ સુધીના અવનવા વિકાસનો હું સાક્ષી રહ્યો છું.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની સ્થાપના થઈ તે દિવસોમાં સ્વ. શ્રી વાડીલાલ મોતીલાલ શાહ 'જૈન હિતેચ્છુ' નામનું એક માસિક ચલાવતા હતા અને તેમનાં લખાણો દ્વારા જૈનોના ફિરકાભેદ સામે અને જૈન સમાજની એકતાના સમર્થનમાં તેજસ્વી વિચારોનો પ્રચાર થઈ રહ્યો હતો. એ જ વિચારધારાને અનુસરીને તેમણે તથા તેમના ભાગીદાર સ્વ. મણિલાલ મોકમચંદ શાહે મેસર્સ બી. મણિલાલની કંપનીમાંથી રૂા. ૩૧000ની રકમ અર્પણ કરીને આજના સંયુકત જૈન વિદ્યાર્થીગૃહની તા. ૨૪મી જૂન ૧૯૧૭ ના રોજ સ્થાપના કરી હતી. આ સંસ્થા માટે જ્યાં પહેલાં સ્થાનકવાસી બોર્ડિંગ ચાલતી હતી તે જ જગ્યા બધા ફિરકાના વિદ્યાર્થીઓ માટે આ નવી સંસ્થાના ઉપયોગ માટે સ્વ. શ્રી વાડીલાલ શાહે પ્રાપ્ત કરી હતી.

આ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહનો ઉદ્ઘાટનવિધિ ઝાલરાનરેશ સર ભવાનસિંહજીના હસ્તે કરવામાં આવ્યો હતો. પૂજ્ય ગાંધીજી આ પ્રસંગે ઉપસ્થિત થયા હતા. આ સમારંભમાં હાજર રહેવાનું–ભાગ લેવાનું–મને સદ્ભાગ્ય સાંપડયું હતું. આ સંસ્થાના શિવ ખાતે આવેલા મકાનનું ૧૯૫૪ના જુલાઈ માસની ૨૫મી તારીખે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું જે પ્રસંગ પણ થોડાં વર્ષ પહેલાનો મારી નજર સમક્ષનો છે.

આ નોંધ જે સંસ્થાને અનુલક્ષીને લખાઈ રહી છે તે શ્રી જૈન કેળવણી મંડળની સ્થાપના બહુ લાંબા ગાળે ઠેઠ ૧૯૪૩માં થઈ. આ મંડળનું નિર્માણ મુંબઈના સ્થાનકવાસી જૈન સમાજને ઉદ્દેશીને કરવામાં આવ્યું છે. આ મંડળની સ્થાપના થતાં એના પ્રથમ પ્રમુખ તરીકે સ્વ. સર ચુનીલાલ ભાઈચંદ મહેતાની વરણી થઈ અને તેમનાં પત્ની લેડી તાપીબાઈ ચુનીલાલ મહેતા તરફથી કરવામાં આવેલી રૂપિયા ત્રણ લાખની સખાવતના પરિણામે સર ચુનીલાલ ભાઈચંદ મહેતા વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી, અને તે માટે કોટ વિસ્તારમાં મર્ઝબાન રોડ ઉપર આવેલા એક મોટા મકાનની ખરીદી કરવામાં આવી. આ મકાનમાં ૪૦ વિદ્યાર્થીઓ રહી શકે એટલી સગવડ છે. આ છાત્રાલય છેલ્લાં ૨૭ વર્ષથી ચાલે છે અને તેનો સ્થાનકવાસી વિદ્યાર્થીઓ સારા પ્રમાણમાં લાભ લઈ રહ્યા છે.

વિદ્યાર્થીઓની માંગ વધતી જતી હતી તેને પહોંચી વળવા માટે સંઘરાજકા કુટુંબ તરફથી ૧,૧૧,૧૧૧ ની રકમનું ઉપરોકત જૈન કેળવણી મંડળને દાન મળતાં માટુંગા બાજુ વડાલા ખાતે તા. ૧-૮-૫૫ ના રોજ શ્રી કેશવલાલ રાઘવજી સંઘરાજકા એન્ડ બ્રધર્સ વિદ્યાલયની સ્થાપના કરવામાં આવી, જેનો આજે ૮૦ વિદ્યાર્થીઓ લાભ લઈ રહ્યા છે.

આ ઉપરાંત કેટલાંક વર્ષોથી જૈન શ્વે. સ્થા. કૉન્ફરન્સ તરફથી પૂના ખાતે એક છાત્રાલય ચાલતું તે ૧૯૫૦ની સાલમાં જૈન કેળવણી મંડળને સોંપવામાં આવ્યું છે. પૂનાના આ છાત્રાલયમાં ૭૦ થી ૮૦ વિદ્યાર્થીઓ માટે સગવડ છે.

આ ઉપરાંત મુંબઈ ખાતે કોલભાટ લેંઈનમાં સ્થાનકવાસી સમાજ તરફથી શ્રી રત્નચિંતામણી સ્કૂલ ચાલતી હતી. આ સંસ્થાને વિકાસાવવા માટે ૧૯૪૬માં સ્વ. શેઠ કેશવજી મોનજી ખેતાણી તરફથી જૈન કેળવણીમંડળને રૂપિયા સવા લાખનું દાન મળ્યું જેના પરિણામે આ સ્કૂલનો વહીવટ જૈન કેળવણી મંડળે હાથમાં લીધો. આ શાળા શ્રીમતી રતનબાઈ કેશવજી ખેતાણી - રત્નચિન્તામણી સ્થા. જૈન હાઈસ્કૂલના નામે ઓળખાવી શરૂ થઈ અને ગિરગામમાં આવેલ કેલેવાડીમાં આ શિક્ષણસંસ્થાને ફેરવવામાં આવી. આ સ્કૂલ માટે સ્વતંત્ર મકાન કરવા કેળવણી મંડળે રૂા. સાડાત્રણ લાખનું ફંડ કર્યું છે અને અનુકુળ જગ્યા મળતા તેનું મકાન કરવામાં આવશે. આ સંસ્થામાં પાંચમા ધોરણથી ૧૧ મા ધોરણ સુધીના વર્ગો ચાલે છે અને ૮૦૦ ઉપરાંત કન્યાઓ આ સંસ્થાનો લાભ લે છે. આ સંસ્થાના મંત્રી શ્રી ખીમચંદભાઈ વોરા છે અને પ્રિન્સિપાલ શ્રી કમલબહેન પીસપાટી છે અને આ બન્નેના સુભગ સહકાર વડે આ શિક્ષણ સંસ્થા ઉત્તરોત્તર વિકાસ સાધી રહી છે અને મુંબઈની અન્ય સંસ્થાઓના મુકાબલે તેનું અગ્રસ્થાન છે.

આ ઉપરાંત જૈન કેળવણી મંડળ તરફથી મધુ બાળમંદિર, ખીમચંદ વોરા લાઈબ્રેરી. અને બુક બૅંક ચલાવવામાં આવે છે.

આ જૈન કેળવણી મંડળ તરફથી રૂા. સવાબે લાખનું વિદેશી કેળવણી ફંડ ઊભું કરવામાં આવ્યું છે અને આ ફંડને લગતી યોજના દ્વારા વિશેષ અભ્યાસ માટે વિદેશ જવા ઇચ્છતા સ્થાનકવાસી સમાજના વિદ્યાર્થીઓને ૩થી ૫ હજાર સુધીની લોનો અપાય છે. અત્યાર સુધીમાં લગભગ રૂા. પાંચ લાખની લોનો અપાઈ છે અને

એમાંથી લગભગ રૂા. ૭૫,૦૦૦ની રકમ લોન લેનાર વિદ્યાર્થીઓએ ભરી દીધી છે.

આવી રીતે જૈની પ્રવૃત્તિઓ સતત વિકસતી રહી છે તે જૈન કેળવણી મંડળે તા. ૨૨મી નવેમ્બરથી તા. ૩ ડિસેમ્બર સુધી—એમ બાર દિવસ માટેનો રજતમહોત્સવ ઊજવવાનો અને તે દરમિયાન રૂપિયા અગિયાર લાખ એકઠા કરવાનો નિર્ણય કરેલો. આ રજત મહોત્સવ નિર્ણીત કાર્યક્રમ મુજબ ઊજવાઇ ગયો અને તેના લક્ષ્યાંકને વટાવીને તેર લાખની રકમ સુધી તેનું ભંડોળ પહોંચી ગયું.

આ ફંડ એકઠું કરવા અંગે સંચાલકોએ એવી યોજના વિચારેલી કે રૂા. ૧૨,૫૦૦ જે કોઈ દાતા આપે તેને ફ્રી લોન ટ્રસ્ટ સ્કોલર નીમવાનો હક્ક મળે, તથા રૂા. ૭૦૦૦ આપે તેને હાફ ફ્રી ટ્રસ્ટ સ્કૉલર નીમવાનો હકક મળે. આ રીતે જૈન કેળવણી મંડળ પ્રસ્તુત રજત મહોત્સવ દરમિયાન રૂા. ૧૨,૫૦૦ના ૫૩ દાતા અને રૂા. ૭૦૦૦ ના ૨૦ દાતા મેળવી શકેલ છે.

ઉપર જણાવેલી એકઠી થયેલી રૂા. ૧૩ લાખની રકમમાં શેઠ ગુલાબચંદ તલકચંદ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી રાજકોટ ખાતે એક નવું વિદ્યાલય ખોલવાની સરતે મળેલી રૂા. ૨,૫૦,૦૦૦ની રકમનો સમાવેશ થાય છે. આનું પરિણામ જૈન કેળવણી મંડળ તરફથી સૌરાષ્ટ્ર - રાજકોટ ખાતે થોડા સમયમાં એક નવું છાત્રાલય શરૂ કરવામાં આવશે, જે ખરેખર ખૂબ આવકારપાત્ર છે.

આ જ ફંડમાં આ સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ તરફથી એકઠી કરવામાં આવેલ આશરે ત્રણ લાખની રકમનો પણ સમાવેશ થાય છે.

આ મંડળના સભ્યોમાંથી વ્યકિતદીઠ રૂા. ૧,૦૦૦ની રકમ આપીને ૧૫૦ ભાઇઓ જૈન કેળવણી મંડળના આજીવન સભ્યો થયા છે. આ રીતે ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળને માતૃસંસ્થાના આ શુભ અવસર પર મદદરૂપ થવા માટે અનેક ધન્યવાદ ઘટે છે.

જૈન કેળવણી મંડળને આ રીતે રજત મહોત્સવ નિમિત્તે ફંડ એકઠું કરવામાં અસાધારણ સફળતા મળી છે અને રજત મહોત્સવનો કાર્યક્રમ એટલી જ સફળતાપૂર્વક પાર પડયો છે. આ માટે જૈન કેળવણી મંડળના સર્વ સંચાલકોને અને તે સર્વના આત્મારૂપ શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ અને તેના મુખ્ય સાથીઓ શ્રી દુર્લભજી કેશવજી ખેતાણી, શ્રી ગિજુભાઇ મહેતા અને શ્રી ખીમચંદ મગનલાલ વોરાને અનેક અભિનંદન ઘટે છે. આવું યશસ્વી પરિણામ મુંબઇના સ્થાનકવાસી સંઘની એકતાને આભારી છે.

મુંબઇના ઇતિહાસમાં આ સમાજની બે સિદ્ધિઓ આપણું ખાસ ધ્યાન ખેંચે તેવી છે. (૧) જૈન ક્લિનિક જે આજે હૉસ્પિટલમાં પરિણમ્યું છે અને જેનો લાભ કોઇ પણ જાતના ભેદભાવ વગર ખાસ કરીને મુંબઇના પછાત વર્ગના ગરીબ પ્રજાજનોને મળે છે અને (૨) જૈન કેળવણી મંડળ જેનું ઉપર વિગતથી વિવરણ કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે એક સૂચના અસ્થાને નહિ ગણાય. વર્ષોથી જૈન સમાજની સેવા કરતા સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહનું તો નિર્માણ જ જૈન સમાજના બધા ફિરકાના વિદ્યાર્થીઓ માટે કરવામાં આવ્યું છે, એટલું જ નહિ પણ. જૈનેતર વિદ્યાર્થીઓને પણ યોગ્યતા પ્રમાણે દાખલ કરવામાં આવે છે તેમાં, જ્યારે આજે સૌથી જૂની સંસ્થા શ્રી. મહાવીર જૈન વિદ્યાલયે માત્ર જૈન શ્વે. મૂ. સમાજના વિદ્યાર્થીઓ પૂરતાં જ પોતાનાં દ્વાર મર્યાદિત રાખ્યાં છે અને એવી જ રીતે જૈન કેળવણી મંડળ હસ્તક ચાલતાં છાત્રાલયોનો લાભ માત્ર સ્થાનકવાસી કોમના વિદ્યાર્થીઓને મળે છે. આ બન્ને સંસ્થાઓ સંયુકત જૈન વિદ્યાર્થીગૃહ માફક આજે ભલે પોતાનાં દ્વાર જૈનેતર વિદ્યાર્થીઓ માટે ખુલ્લાં મૂકી ન શકે, એમ છતાં પણ, પોતપોતા હસ્તક ચાલતા છાત્રાલયોમાં અન્ય ફિરકાઓના વિદ્યાર્થીઓ માટે અમુક રીતે અને અમુક પ્રમાણમાં હવે પોતાનાં દ્વાર ખુલ્લાં કરે અને એ રીતે જૈન એકતાની ભાવનાને બને તેટલી પરિપુષ્ટ કરે એ અત્યન્ત આવશ્યક છે.

પરમાનંદ

# શ્રી જૈન કેળવણી મંડળના રજત જયંતી મહોત્સવ પ્રસંગે યોજાયેલો ભવ્ય કાર્યક્રમ

શ્રી જૈન કેળવણી મંડળ - મુંબઇના રજત જયંતી મહોત્સવ પ્રસંગે તા. ૨૨-૧૧-૭૦ થી તા. ૩-૧૨-૭૦ એ બાર દિવસ માટે યોજવામાં આવેલ ભવ્ય અને ભરચક કાર્યક્રમની વિગતો નીચે આપવામાં આવે છે. જૈન કેળવણી મંડળના આગેવાન કાર્યકર્તાઓ સાથે આત્મીય સંબંધ હોવાના કારણે તા. ૨૨ મીના રમતગમતના સમારંભ સિવાય લગભગ બીજા બધા પ્રસંગો ઉપર હાજર રહેવાનું મારું સદ્‌ભાગ્ય હતું. તેનાં મધુર સ્મરણો આજે પણ દિલને પુલકિત કરે છે. આ આખા કાર્યક્રમની વિગતવાર સમાલોચનાને અવકાશ નથી. અહિ તો માત્ર પ્રસ્તુત કાર્યક્રમનો સંક્ષિપ્ત નિર્દેશ કરવામાં આવ્યો છે—એ આશયથી કે જૈન કેળવણી મંડળના કાર્યવાહકોએ સંસ્થાના રજત મહોત્સવનો પ્રસંગ કેવી ભવ્ય રીતે ઉજવ્યો તેની પ્રબુદ્ધ જીવનના વાચકોને કાંઇક ઝાંખી થાય. આખા કાર્યક્રમની વિગતવાર નોંધ નીચે મુજબ છે:—

## (૧) સ્પોર્ટસ - રમતગમત

શ્રી રતનબાઇ કેશવજી ખેતાણી - રત્નચિંતામણી સ્થા. જૈન હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓ દ્વારા રજૂ કરાયલો વિવિધ રમતગમતનો

**કાર્યક્રમ :**

સાઇકલ દોડ, હુતૂ તૂ, લંગડી, માટલીફોડ, સમૂહ ડ્રીલ, દેડકા દોડ, માર્કેટીંગ્સ રેસ, ૨૦૦ મીટર દોડ, કૂદકા દોડ, કાંગારૂ દોડ, લીંબુ ચમચો, દોરડા કૂદ, પાસીંગ ધી બેબી, પનિહારી સ્પર્ધા, કોથળા રેસ, અંધ લાઠીમાર, વિઘ્ન દોડ, ખોખો, મ્યુઝિક ચેર, ટગ ઓફ વોર વિગેરે.

**સ્થળ :** વિલ્સન કૉલેજ ગ્રાઉન્ડ - મરીન ડ્રાઇવ - ચોપાટી.

**સમય :** તા. ૨૨-૧૧-૭૦ રવિવારે બપોરના ૨ થી સાંજના ૬ વાગતાં સુધી.

**પ્રમુખ :** શ્રી પાનાચંદ ડુંગરશી તુરખીયા, અતિથિ વિશેષ: શ્રીમતી શકુંતલા પારેખ B. A. LL. B.

## (૨) કળા પ્રદર્શન

શ્રી રતનબાઇ કેશવજી ખેતાણી - રત્નચિંતામણી સ્થા. જૈન હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓએ રજૂ કરેલું તા. ૨૪-૧૧-૭૦ થી તા. ૩૦-૧૧-૭૦ સુધી ઉઘાડું રહેલું પ્રદર્શન.

**પ્રદર્શન :**

કળા કૌશલ્ય, હસ્તકામ, ચિત્રકામ, આંતરરાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિ, ચાલો ચંદ્રલોકમાં, ભારતના પડોશી દેશો, કળાધામ, કાશ્મીર અને કેરાલા ભાષા દર્શન, ફૂલોની સજાવટ, સત્યમેવ જયતે, રંગોળી દર્શન, આદર્શ ગામડું, વિવિધ મોડેલો, ચાર્ટો, હસ્તલિખિત અંકો વિગેરે વિગેરે.

**સ્થળ :** શ્રી રત્નચિંતામણી સ્થા. જૈન હાઇકૂલ, ડૉ. ભાલેરાવ રોડ, કેળેવાડી, ગીરગામ - મુંબઇ -૪.

**ઉદ્‌ઘાટન :** શ્રીમતી નલિનીબહેન ગિજુભાઇ મહેતા. તા. ૨૪—૧૧—૭૦.

## (૩) કેળવણી પરિસંવાદ

**વિષય :** વર્તમાન શિક્ષણ પદ્ધતિ, તેના ઉપર પાશ્ચાત્ય પદ્ધતિની અસર અને એમાં કરવા જોઇતા સુધારા.

**પ્રમુખ :** ડૉ. મધુરીબહેન શાહ, ઍજ્યુકેશનલ ઓફિસર, બોંબે કોરપોરેશન.

**વકતાઓ :**

શ્રીમતી ધૈર્યબાળા વોરા, પ્રિન્સિપલ એસ. એન. ડી. ટી. કૉલેજ, માટુંગા.

શ્રીમતી હર્ષિદાબહેન પંડિત, પ્રોફેસર એસ. એન. ડી. ટી. કૉલેજ, મુંબઇ.

શ્રીમતી શકુંતલાબહેન મહેતા, પ્રિન્સિપાલ પી. વી. ડી. ટી. કૉલેજ, મુંબઇ.

શ્રી અરવિંદભાઇ ત્રીવેદી, પ્રિન્સિપલ માધવજી અમરસી-હાઇસ્કૂલ, કાંદીવલી.

**સ્થળ :** શ્રી બિરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી.

**સમય :** તા. ૨૬-૧૧-૭૦ ગુરૂવારે સાંજના ૬ થી ૮.

## (૪) વકતૃત્વ સ્પર્ધા

**વિષયો :** (૧) માણસનું જીવન વિદ્યાર્થી અવસ્થામાં જ ઘડાય છે.
(૨) શું સ્ત્રીઓ દેશનું સંચાલન ન કરી શકે?
(૩) આજનો વિદ્યાર્થી કયે માર્ગે?

**વકતાઓ :** શ્રી રત્નચિંતામણી હાઇસ્કૂલની વિદ્યાર્થિનીઓ અને સી. બી. વિદ્યાલય તેમજ સંઘરાજકા વિદ્યાલયના વિદ્યાર્થીઓ.

**જજો :** ડૉ. રમણલાલ શાહ M. A. Ph. D.
તથા શ્રીમતી રંભાબહેન ગાંધી

**સ્થળ :** બીરલા ક્રીડા કેન્દ્ર, ચોપાટી.

**સમય :** તા. ૨૭-૧૧-૭૦ શુક્રવારે સાંજના ૬ થી ૮.

**પ્રમુખ :** ડૉ. ઉમેદભાઇ મણિયાર M. A. Ph. D.

## (૫) છાત્રાલયો વિષે પરિસંવાદ

**વિષય :** આપણા છાત્રાલયોના સંચાલનમાં કયા અને કેવા પરિવર્તનને અવકાશ છે?

**ભાગ લેનારા છાત્રાલયો :**

સી. બી. મહેતા વિદ્યાલય, મહાવીર વિદ્યાલય, સૌરાષ્ટ્ર હોસ્ટેલ, કેશવલાલ રાઘવજી સંઘરાજકા વિદ્યાલય, સંયુકત જૈન વિદ્યાર્થી ગૃહ, હીરાચંદ ગુમાનજી જૈન બોર્ડીંગ.

**વકતાઓ :**

શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહ, શ્રી શાન્તાબહેન સંઘવી, શ્રી બચુભાઇ પી. દોશી, શ્રી પ્રતાપભાઇ ગાંધી તથા **ગૃહપતિઓ અને વિદ્યાર્થીઓ :**

**સ્થળ :** ભારતીય વિદ્યાભવન, ગીતાહોલ - ચોપાટી.

**સમય :** તા. ૨૮-૧૧-૭૦ વશનિવાર સાંજના ૫ થી ૭

પ્રમુખ શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા.

## (૬) રજત જયંતિ મહોત્સવ સંમેલન

તા. ૨૯-૧૧-૭૦ ને રવિવારના રોજ સવારના ૯-૩૦ વાગ્યે ચોપાટી ઉપર આવેલા બિરલા ક્રીડા કેન્દ્રમાં શેઠ લાલચંદ હિરાચંદ દોશીના પ્રમુખપણા નીચે શ્રી જૈન કેળવણી મંડળના રજત જયન્તિ મહોત્સવને લગતું મુખ્ય સંમેલન યોજવામાં આવ્યું હતું. આ પ્રસંગે શ્રી ચીમનલાલ ચકુભાઇ શાહે જૈન કેળવણી મંડળની વિકાસ કથા વિસ્તારથી રજૂ કરી હતી અને શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ, શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, શ્રી ગંભીરભાઇ ઉમેદચંદ, શ્રી જ્યન્તિલાલ રતનચંદ શાહ, શ્રી દુર્લભજી કેળવજી ખેતાણી, શ્રી પ્રતાપરાય ગાંધી વગેરે જૈન સમાજની અગ્રગણ્ય વ્યકિતઓએ પ્રવચન કર્યા હતા અને પ્રમુખશ્રીના વકતવ્ય ઉપરાંત શ્રી ખીમચંદ મગનલાલ વોરાએ આભાર-નિવેદન કર્યું હતું.

## (૭) સ્નેહસંમેલન, સમૂહ ભોજન તથા મનોરંજન કાર્યક્રમ

તા. ૨૯-૧૧-૭૦ રવિવારના રોજ સાંજના ૫-૩૦ વાગે વડાલામાં આવેલા શ્રી સંઘરાજકા વિદ્યાલયમાં જૈન કેળવણી મંડળના ઉપક્રમે શ્રી મનહરલાલ પી. સંઘવીના પ્રમુખપણા નીચે દાતાઓનું જાહેર સન્માન કરવા માટે એક સ્નેહસંમેલન યોજવામાં આવ્યું હતું અને ઉપસ્થિત દાતાઓનું સુખડના હાર વડે સન્માન કરવામાં આવ્યું હતું. ત્યાર બાદ સમૂહ ભોજન અને ત્યાર બાદ સંઘરાજકા વિદ્યાલયના વિદ્યાર્થીઓ તરફથી એક મનોરંજન કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યો હતો.

## (૮) પારિજાત

તા. ૩૦-૧૧-૭૦ સોમવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે શ્રી. પુનમચંદ રામજીભાઇ કમાણીના પ્રમુખપણા નીચે સંસ્થાના સભ્યો, દાતાઓ અને સ્થાનકવાસી સમાજના આગેવાનોને બિરલા માતુશ્રી સભાગારમાં ઉપેન્દ્ર ત્રિવેદી રચિત 'પારિજાત' નાટક દેખાડવામાં આવ્યું હતું.

## (૯) મનોરંજન કાર્યક્રમ

તા. ૨-૧૨-૭૦ બુધવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે શ્રી રતનબાઇ કેશવજી ખેતાણી - રત્નચિંતામણી સ્થા. જૈન હાઇસ્કૂલની વિદ્યાર્થિનીઓ તરફથી ભારતીય વિદ્યાભવનમાં એક મનોરંજન કાર્યક્રમ અને 'પ્રિયદર્શી અશોક' એ નામની શ્રી ખીમચંદ મગનલાલ વોરા રચિત એક નાટિકા રજૂ કરવામાં આવી હતી.

તા. ૩-૧૨-૭૦ ગુરુવારના રોજ સાંજના ૬-૩૦ વાગ્યે ભારતીય વિદ્યાભવનમાં આ જ મનોરંજન કાર્યક્રમ રત્નચિંતામણી સ્થા. જૈન હાઇસ્કૂલની વિદ્યાર્થીનીઓ માટે ગોઠવવામાં આવ્યો હતો.

આ કાર્યક્રમ ઉપરાંત પ્રસંગને શોભાવે એવો એક સ્મરણ-અંક -સોવેનીર - જૈન કેળવણી મંડળ તરફથી પ્રગટ કરવામાં આવ્યો હતો. આ સોવેનીરમાં સંસ્થાને લગતી જરૂરી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

**પરમાનંદ**

## આજની ઠંડીથી પીડાતા નિર્ધન ભાઈ-બહેનોને માટે રાહતયોજના

હવે શિયાળાની ઠંડીની સિઝન શરૂ થઈ ચૂકી છે. ટાઢથી બચવા માટે સુખી માણસો તો ઊની કપડાં કે પૌષ્ટિક ખોરાક ખાઈને રક્ષણ મેળવી શકે છે, પરંતુ આપણી આસપાસ વસતા ગરીબ વર્ગના કે મધ્યમ વર્ગનાં કુટુંબોની હાલત કફોડી થઈ જાય છે. તદુપરાંત બિલકુલ ગરીબ મોહતાજ ભિક્ષુક ભાઈ-બહેનો, ઝૂંપડપટ્ટીઓમાં વસતા કે વાટે-ઘાટે પેટ ભરવા માટે ભીખ માગતાં આપણાં લૂલા-લંગડા આંધળા-પાંગળા કે વિધવા-વયોવૃદ્ધ કે નાવારસ બાળક તો બિલકુલ કફોડી હાલતમાં મૂકાઈ જાય છે.

સંજીવની ટ્રસ્ટના પ્રણેતા શ્રી એચ. સી. મહેતા દંપતી કે જેઓ છેલ્લા ચાર વર્ષથી "ભૂખ્યાને ભોજન" આપવાની માનવતાભરી પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે, તેમણે એક વિશેષ પ્રવૃત્તિ ઠંડીથી રક્ષણ મેળવી આપવા એક નવતર પ્રયોગ છેલ્લા બે વર્ષથી આરંભી દીધો છે. કાલબાદેવી ખાતે રહેતા શ્રી ખુશાલભાઈ જરીવાળા કે જેઓ છેલ્લાં પંદર વર્ષથી આ પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે તેમની પ્રેરણા મેળવી તેમની સાથે મહેતા દંપતી અને એમના સેવાભાવી કાર્યકર ભાઈઓ-બહેનો રાતના ૧૨ થી ૩ વાગ્યા સુધી કંતાનના ટુકડા લઈને પોતાની કારમાં મુંબઈની શેરીઓમાં નીકળી પડે છે. ફૂટપાથ, દુકાનના ઓટલે કે કોઈ મકાનના દાદરા કે ઝાડ નીચે ઓઢ્યાં-પાથર્યા વગરના સૂતેલાં ભાઈ-બહેનો પાસે જઈને કંતાનના ટુકડા ઓઢાડી આવે છે. અત્યાર સુધીમાં સેંકડો નહિ હજારો કંતાનના ટુકડા આ રીતે તેમણે વહેંચી આપ્યા છે. ફુલ સાઈઝના એક કંતાનના બે રૂપિયા થાય છે. આપણા ગરીબ ભાંડરૂઓની કફોડી હાલતની દાઝ હયે ધરી તેમને ઠંડીથી રક્ષણ આપવા ધનિક વર્ગના ભાઈ-બહેનો પોતાનો સખી હાથ લંબાવશે તો કુદરતનો ભોગ બનતાં કે ઠંડીથી યમસદન પહોંચતા અટકાવવા માટેનું પુણ્ય હાંસલ કરી શકશે. મુંબઈ જ નહિ પણ દૂર દૂર પરાંઓમાં પણ આ પ્રવૃત્તિ શિયાળામાં જારી રહે છે.

જે લોકોને આ માનવતાના કાર્યમાં સહયોગ આપવો હોય તેઓ સાથ આપી ભવ-પરભવનું ભાથું હાંસલ કરી શકે છે. તન કે ધનથી આ પ્રવૃત્તિમાં સાથ આપી શકાય. પોતાના કુટુંબમાંના સારા કે માઠા પ્રસંગે ગરીબોને કંતાન અપાવી શકે છે, યા તો પોતે જાતે રાતના સમયે મહેતા દંપતી સાથે આવી કંતાન ઓઢાડવામાં સહયોગ આપી શકે છે. જો ભાઈ-બહેનોને પોતાને હાથે કંતાન ઓઢાડવાની ઈચ્છા હશે તો મહેતા દંપતી ઘણી ખુશી અનુભવશે; તો નીચેના સરનામે સંપર્ક સાધશો એવી આશા છે :

**નોંધ : ચેક 'સંજીવની ટ્રસ્ટ'ના નામે મોકલવા.**

**(૧) એચ. સી. મહેતા :** ટે. નં. (૩૫૯૨૩૨) "નાલંદા" પમે માળે, બી. બ્લોક, ફ્લેટ નં. ૫૩, ૬૨ પેડર રોડ, મુંબઈ-૨૬. **(૨) ખુશાલભાઈ જરીવાળા** ૩૮૧, નરોત્તમવાડી કાલબાદેવી (ટે. નં ૩૧૨૪૦૬) શ્રી ચંદુલાલભાઈ મોદી (૩૫૭૮૫૬), ગીતાંજલિ, ૧ લે માળે, વાલકેશ્વર રોડ, મુંબઈ-૬,

**અજીત શાહ**

# નકસલવાદી હુમલાખોરોના સામનાની એક સત્ય ઘટના

હિંસા, ત્રાસ અને ભયથી ગ્રસ્ત પશ્ચિમ બંગાળના બાંકુડા શહેરનો એક પ્રસંગ.

શહેરમાં નકસલવાદીઓની અવળચંડાઈ વધવા માંડી હતી. 'અધ્યક્ષ માઓ લાલ સલામ' જેવા સૂત્રોથી મકાનોની દિવાલો ચીતરાઈ જતી. જ્યાં ત્યાં બોમ્બ ફૂટતા હતા. કોઈને છરો હુલાવ્યો તો કોઈના ઉપર ગોળીબાર થયો. શાળાઓ ઉપર હુમલા થઈ રહ્યા હતા. ઑફિસોની ફાઈલોની હોળી થઈ રહી હતી અને ભારતની મહાન વિભૂતિઓની પ્રતિમાઓ તોડાતી હતી. હિંસાવાદીઓના હુમલાનું મુખ્ય નિશાન હતું—ગાંધી પ્રતિમા.

'તમે ગાંધીજીની પ્રતિમાઓને, કેમ તોડો છો?' બાંકુડાના ગાંધી શાન્તિ પ્રતિષ્ઠાનના સંચાલક શ્રી શિશીર સન્યાલે કેટલાક યુવકોને પૂછયું. 'એટલા માટે કે ગાંધીજીનું જનમાનસમાં જે સ્થાન છે તેને ખસેડયા વગર અમારી ક્રાન્તિ થવાની નથી.' યુવકોના મોઢેથી સહેજે સાચી વાત નીકળી ગઈ. જ્યાં સુધી દેશમાં ગાંધી જીવતા રહેશે ત્યાં સુધી ખૂની ક્રાન્તિ થઈ શકવાની નથી.

ત્રાસ ફેલાવનારા હતા મુઠ્ઠીભર કિશોરો અને યુવકો, પણ શહેરના હજારો નાગરિકો ભયભીત થઈને પોતાને નિરાધાર સમજી રહ્યા હતા. શાંતિ ચાહતા હતા, છતાં અશાંતિના શિકાર બની રહ્યા હતા. શિશિરભાઈએ વિચાર્યું કે શાંતિની શક્તિ ઊભી કરવી પડશે. તેમણે આક્રમક શાંતિ (Peace offensive) નો કાર્યક્રમ બનાવ્યો. વર્ષોની સેવા વડે તે શહેરના નાગરિકોના હૃદયમાં તેમણે સ્થાન મેળવી લીધું હતું. શહેરના કેટલાયે કિશોરો તથા યુવકો શાંતિપ્રતિષ્ઠાનનાં પુસ્તકાલયમાં જઈને અધ્યયન કરતા હતા. કેટલાક પ્રતિષ્ઠાન દ્વારા ચાલતા છાત્રાલયમાં રહીને સુસંસ્કાર મેળવતા હતા. શિશિરભાઈની સાથે તેઓ ગરીબોના લત્તાઓમાં રાત્રિશાળા ચલાવતા. શહેરમાં સફાઈ કરતા, તો વળી રજાઓમાં નજીકના ગ્રામદાની ગામોમાં જઈને શ્રમદાન કરતા. શહેરની સેવાની મૂડીના બળે શિશિરભાઈએ નાગરિકોને એલાન કર્યું. શહેરના અઢાર લત્તાઓમાં ૨૮ સભાઓ યોજાઈ, જેમાં શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓએ એક મંચ ઉપર બેસી પોતાના પ્રશ્નોની ચર્ચા કરી. સભામાં વિદ્યાર્થીઓને કહેવામાં આવ્યું કે બેકારી લાવનારું આજનું ઉદ્દેશ્યવગરનું ભણતર તમે બદલવા માંગો છો તો કંઈ બીજો રસ્તો શોધો. હિંસાની રીતે તો સૌનું નુકસાન થશે. વાલીઓને કહેવામાં આવ્યું કે તમે તમારા બાળકોને સમજાવો. તમારા દીકરાઓ 'માઓની જય' ચીતરવા અડધી રાત્રે જતા રહે અને તમે જાણો પણ નહીં તે અનિચ્છનીય છે. શિક્ષકોને કહેવામાં આવ્યું કે જ્યારે મોટાભાગના શિક્ષકો શાંતિ ચાહે છે તો ગુંડાગીરીને કેમ રોકી શકતા નથી? ચૂપ રહીને પોતે જ પોતાને બીકણ કેમ પુરવાર કરો છો?

શહેરભરમાં આક્રમક શાંતિનું વાતાવરણ તૈયાર થવા લાગ્યું. ૧૨ મી સપ્ટેમ્બરે વિશાળ સભા થઈ, જેમાં શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓને હિંસાનો સામનો કરવા માટે પડકાર ફેંકતો ઠરાવ પસાર થયો. ૧૩ મી સપ્ટેમ્બરની સાંજે શ્રી શિશિરભાઈ શાંતિપ્રતિષ્ઠાનના પુસ્તકાલયમાં બેસીને તે જ ઠરાવ લખી રહ્યા હતા ત્યારે અચાનક વીજળી જતી રહી અને તેમણે જોયું કે મોઢે બુકાની બાંધેલા યુવકોની ટોળી હૉકી, લાકડીઓ વગેરે લઈને ઊભી છે, અને પુસ્તકોના કબાટોના કાચ તોડવા જઈ રહી છે. શિશિરભાઈએ તેમને સમજાવ્યું: "અરે, તમારે ક્રાન્તિ કરવી હશે તો યે તેને માટે વાંચવું પડશે. આ તો અધ્યયનનું સ્થળ છે. તેને શા માટે તોડો છો?" તેમની વાત સાંભળીને શહેરના યુવકો ખમચાયા, પણ બહારથી આવેલા એક યુવકે શિશિરભાઈ ઉપર જ ઘા કર્યો. તેમનું માથું ફૂટયું અને લોહીની ધાર વહેવા માંડી. તેમણે માથાના જતન માટે ખુરસી ઉપાડી કે છોકરા નાસવા લાગ્યા. તેમને પકડવા શિશિરભાઈએ તેમનો પીછો કર્યો. નાગરિકોની સભામાં એવું નક્કી થયું હતું કે આવા છોકરાઓને પકડીને રાખવા. એટલામાં બોમ્બ ફૂટયો. શિશિરભાઈ એકદમ બેસી ગયા, અને બચી ગયા. બોમ્બના ધડાકાથી લત્તાવાળા દોડી આવ્યા. એટલે હુમલાખોરો નાસી ગયા.

'મારું લોહી વહ્યું પણ તેનાથી મોટો ફાયદો થયો.' શિશિરભાઈ કહેતા હતા. તેમના કપાળ ઉપર ઘાનું નિશાન હતું. જે દર્શાવી રહ્યું હતું કે નિઃશસ્ત્ર શાંતિ સૈનિકે એકલે પંડે હુમલાખોરોનો બહાદૂરીપૂર્વક સામનો કર્યો હતો.

શહેરભરમાં અરેરાટી વ્યાપી ગઈ. શિશિરભાઈ પાસે તો મળવા આવનારાઓની હાર લાગી ગઈ. શહેરના બધા પક્ષોના બધા સ્તરના લોકો સહાનુભૂતિ બતાવવા આવ્યા. દરેકના હાથમાં ફળો હતા. શિશિરભાઈનો ઓરડો ફળોથી ભરાઈ ગયો. માર્ક્સવાદી સામ્યવાદી પક્ષના નેતા પણ ફળો લઈને આવ્યા અને આ હુમલાનો તીવ્ર શબ્દોમાં તેમણે વિરોધ કર્યો. ઠેર ઠેર સ્વયં સ્ફૂર્તિથી જનસભાઓ યોજાઈ. આ પ્રસંગ અંગે વિરોધ પ્રગટ કરવામાં આવ્યો. અને હિંસાનો મુકાબલો કરવા માટે જનશક્તિ - શાંતિની શક્તિ—એકત્ર કરવા માટે એલાન કરવામાં આવ્યું અને શહેરમાં ત્રાસવાદીની અવળચંડાઈ બંધ થઈ ગઈ.

સ્વામી વિવેકાનંદ પોતાના જીવનનો એક રસિક પ્રસંગ વારંવાર સંભળાવતા હતા. 'હું આઠ વર્ષનો હતો ત્યારે વારાણસીમાં એક વાર દુકાનમાંથી મીઠાઈ લઈને ઘેર જતો હતો. ત્રણ વાંદરાઓએ હુમલો કર્યો. હું નાસવા માંડયો, તો વાંદરા પણ પાછળ પડયા. પછી મેં વિચાર્યું કે મારે ડરવું ન જોઈએ. હું થોભી ગયો, અને એક વાંદરા તરફ ધસ્યો તો તે પાછું પડયું. બીજા તરફ ધસ્યો તો તે પણ પાછું પડયું, અને ત્રીજા તરફ ધસ્યો તો ત્રણે વાંદરા ભાગી ગયા અને ઝાડ ઉપર ચડી ગયા.' **નિર્મળા દેશપાંડે**

## શ્રી શાદીલાલજી જૈનને શ્રી મુંબઈ જૈન યુવક સંઘનાં અભિનંદન

શ્રી શાદીલાલજી જૈનને મુંબઈનાં શેરીફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે અને એમનો આ હોદ્દો તેઓ તા. ૨૦ મી ડિસેમ્બરથી સંભાળી લેવાના છે. આ સમાચાર સંઘના સભ્યોને આપતાં અમે આનંદ અનુભવીએ છીએ. શ્રી શાદીલાલજી જૈનનો અમારા યુવક સંઘ સાથે આજે વર્ષોજૂનો ગાઢ સંબંધ છે—તેઓ અમારા સંઘના સભ્ય અને સંઘની પ્રવૃત્તિઓનાં શુભેચ્છક રહ્યા છે. પ્રતિવર્ષ તેમનાં તરફથી આર્થિક સહાય પણ સંઘને મળતી રહી છે.

શ્રી શાદીલાલજી જૈન, જૈન સમાજનાં આગળ પડતા કાર્યકર છે—તેમનું વલણ હંમેશ સંપ્રદાયથી પર રહ્યું છે. જૈન સમાજના ત્રણેય ફિરકામાં એમનું લોકપ્રિય સ્થાન છે. અનેક ધાર્મિક સંસ્થાઓ સાથે તેઓ સક્રિય રીતે જોડાયેલા છે. તેઓ આપણા શહેરનાં એક મોટા ઉદ્યોગપતિ છે. લાયન પેન્સિલની એમની ફેકટરી છે. પંજાબ અને મુંબઈની વ્યાપારી આલમમાં એમનું સ્થાન અગ્રસ્થાને છે. ધંધાદારી અનેક એસોશીએશનનાં તેઓ પ્રમુખ છે. વરસોવા એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન છે. ઑલ ઈન્ડિયા મેન્યુ. એસોસીયેશન અને મહારાષ્ટ્ર ચેમ્બર ઑફ કૉમર્સની કારોબારીના તેઓ સભ્ય છે. તેઓ રોટેરિયન છે અને જે. પી. પણ છે.

ખારમાં કેટલાયેક વર્ષથી તેમણે સાર્વજનિક ઉપયોગ માટે 'અહિંસા હૉલ'નું નિર્માણ કર્યું છે અને ત્યાં વર્ષ દરમિયાન અનેક સંમેલનો અને વ્યાખ્યાનો યોજાય છે.

શ્રી શાદીલાલજી જૈનને મુંબઈના શેરીફ થવાનું જે બહુમાન મળ્યું છે એ માટે જૈન યુવક સંઘ ગૌરવ અનુભવે છે અને શ્રી શાદીલાલજીને હાર્દિક અભિનંદન પાઠવે છે.

મંત્રીઓ, **શ્રી મુંબઈ જૈન યુવક સંઘ**

# ☆ વર્તમાન રાજકીય પરિસ્થિતિ ☆

(તા. ૯ મી ડિસેમ્બરના રોજ શ્રી મુંબઈ જૈન યુવક સંઘના ઉપક્રમે શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહે ઉપરના વિષય ઉપર આપેલ વ્યાખ્યાનની નોંધ નીચે પ્રગટ કરવામાં આવે છે. પરમાનંદ)

દેશની રાજકીય પરિસ્થિતિ વેગપૂર્વક પલટાતી રહી છે. સામાન્ય ચૂંટણી જેમ નજીક આવી રહી છે તેમ તેજી આવે છે અને અસ્થિરતા વધતી જાય છે. આમાં વ્યક્તિગત રાગદ્વેષો અને મહત્વાકાંક્ષાઓ ઘણો મોટો ભાગ ભજવે છે. સામાન્ય પ્રજાજનનું લક્ષ વ્યક્તિઓ ઉપર વધારે રહે છે. પણ વધારે મહત્ત્વની બાબત તો, વ્યક્તિઓના વર્તનથી બનતા બનાવો અને તેને લીધે દેશ અને પ્રજા ઉપર થતી અસર છે.

કૉંગ્રેસમાં ભંગાણ પડયું ત્યાર પછી લોકસભામાં ઈન્દિરા ગાંધીનો પરાજય કરી તેમને સત્તાસ્થાનેથી હઠાવવા માટે જૂની કૉંગ્રેસે બધા પ્રયત્નો કરી જોયા. લોકસભામાં વિરોધ પક્ષોના ભવ્ય જોડાણની આગેવાનોએ યોજના કરી, પણ અંદર અંદરના તીવ્ર મતભેદોને કારણે, આ યોજના નિષ્ફળ ગઈ. ગુજરાત–માયસોરના વિરોધ ઉપરાંત, ડૉ. રામસુભગસિંગ અને યુવાન પેઢીનો સખ્ત વિરોધ રહ્યો. બેંગલોર અધિવેશન પછી, અમદાવાદમાં નવી કૉંગ્રેસ કરતાં પણ, પોતે વધારે ઉદ્દામ કાર્યક્રમ અપનાવવા તૈયાર છે તેમ જાહેર કર્યું. પણ આગેવાનોના વર્તન ઉપરથી યુવાન વર્ગ, જે જૂની કૉંગ્રેસમાં રહ્યો છે, તેને એમ જણાતું ગયું કે આ માત્ર દેખાવ હતો.

આ દોઢ વર્ષના ગાળામાં લોકસભા અને ધારાસભાઓની પેટાચૂંટણીઓ થઈ તેમાં જૂની કૉંગ્રેસની નિર્બળતા દેખાઈ આવી. કેરળમાં સખ્ત હાર ખાધી. ઉત્તર પ્રદેશમાં, ઇન્દિરા ગાંધીના બધા પ્રયત્નો છતાં, નવી કૉંગ્રેસ સત્તા ઉપર ન આવી શકી તેથી જૂની કૉંગ્રેસના આગેવાનોને બળ મળ્યું. ઉત્તર પ્રદેશમાં કર્યા તેવાં જોડાણો કરવાથી નવી કૉંગ્રેસને હરાવી શકાય છે એમ લાગ્યું. બિહારમાં નવી કૉંગ્રેસની સ્થિતિ નબળી છે. પંજાબમાં સંત ફત્તેસિંગ છેવટ અકાલી પક્ષને મજબુત કરવામાં સફળ થયા. રાજાઓનાં સાલિયાણાં નાબૂદી બાબતમાં સુપ્રિમ કોર્ટમાં કેન્દ્ર સરકાર હારી જાય–અને સુપ્રિમ કૉર્ટનો ચૂકાદો સરકાર વિરૂદ્ધ જશે એમ જણાય છે–તો ઇન્દિરા ગાંધીની પ્રતિષ્ઠાને મોટો ધક્કો પહોંચે એમ આ આગેવાનો માને છે.

એક વાતની તેમને ચોક્કસ પ્રતીતિ થઈ છે કે લોકસભામાં ઈન્દિરા ગાંધીને હરાવી શકાય તેમ નથી, માટે સામાન્ય ચૂંટણી ૧૯૭૨ ને બદલે વહેલી થાય તો ચૂંટણીમાં પદભ્રષ્ટ કરવાની તેમને તક મળે. તે સાથે એ વાતની પણ તેમને ખાત્રી થઈ છે કે જૂની કૉંગ્રેસ સ્વતંત્રપણે, પોતાના જોર ઉપર, કોઈ સંજોગોમાં ઇન્દિરા ગાંધીને હરાવી શકે તેમ નથી, તેથી બીજા પક્ષો સાથે સમજૂતી કરવી અનિવાર્ય છે.

વયોવૃદ્ધ નેતાઓનું એકમાત્ર લક્ષ ઇન્દિરા ગાંધીને હરાવવાનું છે. હવે તેમને માટે આ એકસૂત્રી કાર્યક્રમ જ છે. પ્રજામાં ઈન્દિરા ગાંધી સામે વિરોધ પેદા કરવા, લોકશાહી ખતરામાં છે અને ઇન્દિરા ગાંધી દેશને સામ્યવાદ તરફ ઘસડી જાય છે અને રશિયાનો ઉપગ્રહ બનાવે છે તેવો પ્રચાર કરવો રહ્યો. યુવાન પેઢીની આ દૃષ્ટિ નથી. વયોવૃદ્ધ નેતાઓ માટે આ આખરી દાવ છે. હવે પછીના પાંચ વર્ષ જ તેમને માટે રહ્યા છે એટલે કયાં સાધનોથી આ લક્ષ સિદ્ધ થાય છે અથવા તેનું પ્રજામાં શું પરિણામ આવશે તે, હકીકત તેમના માટે અગત્યની વસ્તુ નથી. યુવાન પેઢીને, પોતાનું અને દેશનું ભાવિ જોવાનું રહે છે. ઇન્દિરા ગાંધી સામે અંગત વિરોધની યુવાન પેઢીમાં એટલી તીવ્રતા નથી. જે આર્થિક કાર્યક્રમ જૂની અને નવી કૉંગ્રેસ બન્નેએ સ્વીકાર્યો છે, તે કાર્યક્રમથી જૂની કૉંગ્રેસના આગેવાનો દૂર જઈ રહ્યાં છે તેમ યુવાન પેઢીને લાગે છે. પરિણામે, પ્રજામાં તેના વિપરીત પ્રત્યાઘાતો પડે અને તેથી, પ્રજાહિતને નુકસાન થાય, ઉપરાંત યુવાનો, જેને હજી લાંબું રાજકીય જીવન પોતાની સમક્ષ પડયું છે, તેમનું ભાવિ જોખમાય.

લખનૌમાં વયોવૃદ્ધ આગેવાનો પોતાનું ધાર્યું કરી શકયા. તેમણે પોતાનો વ્યૂહ બરાબર ગોઠવ્યો હતો. પણ દર્દ ઊંડું છે. ઠરાવ પસાર કરાવી જવાથી તેમનું કામ સફળ થતું નથી.

નેતાઓની દૃષ્ટિ હવે મોટે ભાગે લોકસભામાં બીજા પક્ષો સાથે મળી, બહુમતિ મેળવવા ઉપર કેન્દ્રિત છે. ગુજરાતમાં મોરારજીભાઈનું સર્વોચ્ચ નેતા તરીકે સ્થાન હતું તે જોખમાય તેની હવે તેમને ચિન્તા નથી. નિકટતમ સાથીઓ છોડી જાય અથવા તેમને છોડી જવાનો આદેશ આપવો પડે, તો પણ, જો કેન્દ્રમાં ઇન્દિરાને સત્તાસ્થાને આવતાં અટકાવી શકાય તો તેમને સંતોષ થશે. પણ હિતેન્દ્ર દેસાઈ કે વીરેન્દ્ર પાટિલને આ કયાં સુધી પોસાશે? ગુજરાત કે માયસોરમાં જૂની કૉંગ્રેસ ચૂંટણીજોડાણો નહિ કરે, તો રાષ્ટ્રીય સ્તર પર થઈ શકશે? સ્વતંત્ર પક્ષ કે જનસંઘ, જેનું ગુજરાત કે માયસોરમાં જોર નથી, તેને આ બે રાજ્યોમાં જૂની કૉંગ્રેસ કોઈ ઉમેદવારો ચૂંટાવા ન દે અને વિરોધ કરે, તો ઉત્તર પ્રદેશ, બિહાર કે મધ્ય પ્રદેશમાં જનસંઘ શા માટે જૂની કૉંગ્રેસના ઉમેદવારોને કાંઈ મદદ કરે? રાજકોટમાંથી મસાણીને કે જામનગરમાંથી દાંડેકરને ઉભા રહેવું હોય તો શું જૂની કૉંગ્રેસ તેમને વિરોધ વિના ચૂંટાવા દેશે?

એક હકીકત છે. જૂની કૉન્ગ્રેસ, જનસંઘ કે સ્વતંત્ર પક્ષ સાથે આવાં કોઈ ચૂંટણી જોડાણો કે સમજૂતી ન કરે, અને સામસામા ઉમેદવારો ઉભા રાખે તો નવી કૉંગ્રેસનો માર્ગ સરળ થાય. પણ ચૂંટણી સમયે આવાં જોડાણો કરવાથી પ્રજા ઉપર જે વિપરીત છાપ પડે અને અંતે નીતિ અને કાર્યક્રમમાં પણ ફેરફાર કરવા પડે તે યુવાન પેઢીને માન્ય નથી એમ જણાય છે. હકીકતમાં, કામરાજ સિવાય, જૂની કૉંગ્રેસના બીજા આગેવાનો, અત્યારની સ્વીકૃત આર્થિક નીતિમાં માનતા નથી અને તેના અમલ માટે ઉત્સાહી નથી. ફરીદાબાદ અધિવેશન સમયે નિજલિંગપ્પાએ જે પ્રવચન કરેલું ત્યારથી આ હકીકત સ્પષ્ટ છે. મોરારજીભાઈએ રાજાઓનાં સાલિયાણાં નાબૂદી માટેના બંધારણીય સુધારાનો વિરોધ કર્યો તે પણ આ હકીકત પુરવાર કરે છે. યુવાન પેઢીને લાગે છે કે કૉંગ્રેસ, જૂની કે નવી, અખંડ કૉંગ્રેસનો વર્ષોથી સ્વીકૃત સમાજવાદી કાર્યક્રમ છોડી દે તો તેમાં પ્રજાનું હિત નથી. દેશમાં કોઈ રૂઢિચુસ્ત રાજકીય પક્ષ (Conservative) પ્રજાને આકર્ષી શકે તેમ નથી. જૂની કૉંગ્રેસના આગેવાનોએ જે માર્ગ અપનાવ્યો છે તેથી જનસંઘને જ મોટે ભાગે લાભ થવાનો છે. આ બધાં કારણે, જે ભાઈઓ જૂની કૉંગ્રેસ છોડી જશે અથવા છોડી જવાની જેમને ફરજ પાડવામાં આવે છે તેમના માટે પણ વિકટ સમસ્યા છે. કોઈ પણ પક્ષમાં તો જોડાવું જ પડે. કોઈ નવો પક્ષ ઉભો કરે તેમાં દેશને કે તેમને લાભ નથી. શાસક કૉંગ્રેસની કેટલીક નીતિરીતિ પસંદ ન હોય તો પણ, પક્ષની પસંદગી જ કરવી પડે તો બીજો કોઈ માર્ગ નથી. ઇન્દિરા ગાંધી લોકશાહીને ખતરામાં નાખતા હોય અથવા દેશને સામ્યવાદ તરફ ઘસડી જતા હોય તો, તેમને અટકાવવા માટે પણ કદાચ આજ માર્ગ છે. એમને સત્તાસ્થાનેથી દૂર કરવા હોય તો

પણ, સમાજવાદી કાર્યક્રમ તજી દઈ, કોમવાદી અને રૂઢિચુસ્ત પક્ષો સાથે જોડાણ કરીને તો ન જ થાય.

વયોવૃદ્ધ નેતાઓના જીવનની એ કરૂણતા છે કે જીવનના શેષકાળમાં, પોતાના નિકટતમ સાથીઓને પણ ગુમાવવા પડે છે. ઝીણાભાઈ દરજી જેવા સન્નિષ્ઠ કાર્યકરને જે પડકાર કે અહંભાવથી મોરારજીભાઈ કૉંગ્રેસ છોડી જવા હુકમ કરે છે તેથી દુ:ખ થાય. કૉંગ્રેસના બન્ને પક્ષો વચ્ચે એકતા થાય તેમાં જ દેશનું હિત છે. પણ ઈન્દિરા ગાંધીનું ક્યાંય સ્થાન રહે એવો માર્ગ આગેવાનોને સ્વીકાર્ય ન હતો.

પણ જે થાય તે સારા માટે. આ સમુદ્રમંથનમાંથી રાજકીય બળોનું ધ્રુવીકરણ થાય અને રાજકીય પક્ષો ઓછા થઈ, સ્પષ્ટ સ્વીકૃત નીતિ અને કાર્યક્રમ વાળા ૩-૪ પક્ષો રચાય તે આવકારપાત્ર થશે.

ઈન્દિરા ગાંધીને પણ, સંજોગોવશાત, જે પક્ષો સાથે સીધી કે આડકતરી સમજૂતી કરવી પડે છે, તેમાંથી, તે કદાચ બચી જાય અથવા તેમને બચાવી શકાય.

પરિસ્થિતિ ઘણી અનિશ્ચિત છે અને દેશ એક ઐતિહાસિક તબક્કે આવીને ઊભો છે. સામાન્ય ચૂંટણી બે-ત્રણ મહિના પછી થવાની હોય તો બનાવો ઝડપથી બનશે. સામાન્ય ચૂંટણી બે ત્રણ મહીનામાં જ થશે એમ વિરોધ પક્ષો માની બેઠા છે અને તેમ કરવા ઈન્દિરા ગાંધીને ફરજ પડે તેવું વાતાવરણ સર્જી રહ્યા છે. આવી ચૂંટણી વહેલી કરવી પડે એવું અનિવાર્ય કારણ કોઈ ઊભું થયું નથી. સુપ્રિમ કોર્ટનો ચુકાદો વિરૂદ્ધ આવે તો પણ એવી જરૂર નથી. ઉત્તરપ્રદેશ, બિહાર, પંજાબ અને મધ્ય પ્રદેશમાં જે સંજોગો છે તે જોતાં, ઈન્દિરા ગાંધી આવી ચૂંટણી તુરતમાં કરે તો તેમાં તેમને માટે જોખમ છે.. પણ મોટા સાહસ ખેડવા માટે તેઓ જાણીતાં છે, અત્યાર સુધી સફળ થયા છે અને પરિસ્થિતિ વધારે વણસે તે પહેલાં, આવી તક ઝડપી લેવાનું તેમને મન થાય તો આશ્ચર્ય નહિ. પરિણામની ગણતરી કરવી અશક્ય છે. વિલ્સનની બધી ગણતરી પ્રજાએ ઊંધી વાળી.

દેશમાં ઉત્તેજના અને હિંસાનું વાતાવરણ છે. વધતી જતી મોંઘવારી અને સંઘર્ષો અનિશ્ચિતતા વધારે છે. આર્થિક અસમાનતાઓ ઘટવાને બદલે, વધતી જાય છે અને પ્રજાનો બહુ મોટો ભાગ ભીંસાય છે. લખનૌ અધિવેશનમાં આર્થિક પ્રસ્તાવમાં જૂની કૉંગ્રેસે ઈન્દિરા ગાંધીની સરકાર સામે જે તહોમતનામું પોકાર્યું છે તેમાંની હકીકતો મોટે ભાગે સત્ય છે. પણ આ પરિસ્થિતિ માટે જવાબદાર કોણ? સ્થાપિત હિતોને પંપાળીને કે મજબૂત કરીને આર્થિક સમસ્યાઓ હલ થવાની નથી. મૂડીવાદી કે કોમવાદી બળોનો સાથ મેળવીને કોઈ રાજકીય પક્ષ પ્રજાની વફાદારી મેળવી શકવાનો નથી. કૉંગ્રેસની આટલાં વર્ષો સુધી Left of the centre નીતિ રહી છે. તેનો પ્રમાણિકપણે અને નિષ્ઠાપૂર્વક અમલ કરવાથી જ દેશને સામ્યવાદ કે હિંસામાંથી બચાવી શકાય છે. વ્યક્તિઓને ભૂલી જઈ, સિદ્ધાંતનિષ્ઠા કેળવવી અને તેના અમલ માટે આગ્રહ રાખવો તે જ એક માર્ગ છે. રાજકારણમાં ઘણી બાંધછોડ કરવી પડે છે. પણ તેમાંય મર્યાદા હોય છે. સમજદાર અને બુદ્ધિશાળી વર્ગ માટે આવા સંજોગોમાં મોટી જવાબદારી રહે છે. પ્રજાને નિડરપણે સાચા માર્ગે દોરવાની તેની ફરજ છે.

**ચીમનલાલ ચકુભાઈ શાહ**

## ઈન્દિરાને હઠાવો નહિ, પણ ખાડામાં પડતાં બચાવો

આજની જટિલ રાજકીય પરિસ્થિતિનો માત્ર એક જ ઉકેલ દેખાય છે કે બન્ને કૉંગ્રેસના આગેવાનો પૂર્વગ્રહો અને અંગત રાગદ્વેષથી મુકત બને અને બન્ને સંસ્થાનું જલ્દી જોડાણ થાય. આ નરી આંખે દેખાય એવી વાત છે, એમ છતાં પણ, આપણાં કમનસીબે બેમાંથી એક પણ પક્ષના આગેવાનો આ રસ્તે જવા તૈયાર નથી. શાસક પક્ષના આગેવાન શ્રી ઈન્દિરા ગાંધી આજે રાજસત્તા ઉપર સુપ્રતિષ્ઠિત છે, એમ છતાં પણ જ્યારે પણ કોઈ વિવાદાસ્પદ પ્રશ્ન ઉભો થાય ત્યારે સામ્યવાદી પક્ષ અને મુસ્લિમ લીગનો ટેકો લીધા સિવાય તેમને ચાલે તેમ નથી. શ્રીમતી ઈન્દિરા ગાંધીની આ વિચિત્ર પરિસ્થિતિ લોકશાહીનો નાશ કરશે એવી ભીતિ સંસ્થાકીય કૉંગ્રેસના આગેવાનો રજૂ કરે છે અને તે માટે સ્વતંત્ર પક્ષ અને જનસંઘનો તેમ જ બીજા પક્ષોનો સાથ લઈને ઈન્દિરાને સ્થાનભ્રષ્ટ કરવાની મુરાદ સેવે છે. આનો અર્થ એમ પણ થાય કે જો દેશનું ભલું આપણે ઈચ્છતા હોઈએ તો ઈન્દિરા ગાંધીને લોકશાહીને પ્રતિકૂળ એવા પક્ષોનું અવલંબન લેતાં આપણે અટકાવવા જોઈએ. તો પછી એમાંથી એ પણ ફલિત થાય છે કે 'ઈન્દિરાને હઠાવો' એવી બૂમરાણ મચાવવાને બદલે "ઈન્દિરાને આવાં અનિષ્ટ તત્ત્વોના સાથ લેતાં બચાવો." તો પછી આ રીતે આખી પરિસ્થિતિનું આકલન કરવું એ શું વધારે યોગ્ય નથી? અને ઈન્દિરા ગાંધીને આવા અનિષ્ટ માર્ગે જતાં તો જ અટકાવી શકાય કે જો સંસ્થાકીય કૉંગ્રેસના આગેવાનો ઈન્દિરા ગાંધીની વિરૂદ્ધની મનની ગાંઠો બાજુએ મૂકીને એમની સાથે જોડાણ સાધવા તૈયાર થાય. આજની મનોદશામાં આ ભલે શકય ન હોય, તો પણ આખા પ્રશ્નનો ઊંડાણથી વિચાર કરતાં આમ બનવું અશકય છે એમ કહી ન શકાય. જરૂર છે માનસિક અભિગમના પરિવર્તનની, નહિ કે રાજકારણની ખેંચાખેંચની. એ તો નક્કર હકીકત છે કે કૉંગ્રેસના વિભાજને દેશને પારાવાર નુકસાન કર્યું છે અને એ પણ એટલું જ સત્ય છે કે બન્ને કૉંગ્રેસો જો જોડાય તો દેશને અનેક અનર્થોમાંથી બચાવી શકાય અને કદાચ રાષ્ટ્રીય સંવાદિતા પણ પેદા કરી શકાય. આ બાબત ઈન્દિરા ગાંધી કદાચ ન વિચારે, પણ ગાંધીવિચાર જેણે આખી જિંદગી સુધી વાગોળ્યો અને પચાવ્યો છે એવા શ્રી મોરારજીભાઈ દેસાઈને આ વિચાર કેમ નહિ સ્ફુરતો હોય! અહં નાશનું મૂળ છે અને 'અહં'નું વિસર્જન એ મોક્ષનો સાચો ઉપાય છે. **પરમાનંદ**

## વિચારવા જેવું

આપણે મંદિરોમાં વારતહેવારે પૈસા મૂકીએ છીએ પછી એ પૈસાનું શું થયું એની ચિન્તા કદી કરીએ છીએ? એની તકેદારી રાખીએ છીએ? મંદિરોના દ્રવ્યનો તો એટલો ગેરવહીવટ થાય છે કે સરકારને એની તપાસ માટે ખાસ સમિતિ નીમવી પડી છે. આ જાણતાં છતાં શા માટે આપણે પોતાની જાત પર કરકસર કરીને મંદિરોમાં સોનું, ચાંદી ને નાણાં મૂકીએ છીએ? ભારતમાં કરોડો બાળકોને મહિને એક વાર પણ દૂધ નથી મળતું, પણ તીર્થસ્થાનોમાં ઘડાઓ ભરીભરીને દૂધ રોજ નદીમાં રેડીએ છીએ! આ દૂધ રોજનું કેટલા મણ થાય છે તેનો કોઈએ અંદાજ કાઢયો છે? જેમનાં પોતાના બાળકો પણ દૂધ માટે ટળવળતા હોય એવા લોકો પણ નદીઓમાં દૂધ રેડે છે! આ બધાં તીર્થસ્થાનોમાં રોજ રેડાતું દૂધ ભેગું કરીને રાખી મૂકે તો વર્ષને અંતે ગંગા કરતાં પણ મોટી દૂધની નદી વહે ને એમાંથી પોષાણને અભાવે મરી જતાં કેટલાંયે બાળકોને જીવનદાન મળે. ઘીનું પણ એવું જ છે.

જે દેશમાં મધ્યમ વર્ગ પણ ઘી નથી ખાઈ શકતો એટલે મોંઘું છે, તે દેશમાં યજ્ઞોમાં રોજનું કેટલા મણ ઘી હોમાય છે, એનો કોઈએ અંદાજ કાઢયો છે? ઘરમાં રોટલી પર પણ ઘસીને ઘી ચોપડતાં કુટુંબો યજ્ઞ થાય ત્યારે પોતાના તરફથી કેટલાયે ડબ્બા ઘી યજ્ઞમાં રેડાવે છે, ને મંદિરોમાં રોજ હજારો મણ ઘીનો ધૂમાડો થઈ જાય છે!

**—વત્સલા મહેતા**

# આથમતી જીવનસંધ્યા અંગે મળેલાં બીજાં બે પત્રો

## (૧) અમદાવાદથી શ્રી શંકરલાલ બેંકર

અમદાવાદ, તા. ૨૫-૧૧-૭૦

ભાઈશ્રી પરમાનંદભાઈ,

તમારો તા. ૧૯મીનો પત્ર મળ્યો છે, વાંચી આનંદ થયો છે.

"પ્રબુદ્ધ જીવન"નો તા. ૧ લી નવેમ્બરનો અને ત્યાર પછીનો તા. ૧૬ મીનો અંક હું જોઇ ગયો છું. તમે જે વિચારો દર્શાવ્યા છે અને એને અંગે કાકા સાહેબ કાલેલકરનું જે લખાણ પ્રગટ થયું છે એમાંથી ઘણું જાણવાનું, વિચારવાનું અને સમજવાનું મળ્યું છે અને તે માટે તમારા બંનેનો ઘણો આભારી છું.

આ બાબત મહત્ત્વની છે પણ એને અંગે સ્વતંત્ર રીતે મેં કશો વિચાર કર્યો નથી એટલે "પ્રબુદ્ધ જીવન" માટે ઉપયોગી થઇ શકે એવું કાંઇ પણ લખાણ મોકલી શકું એવી સ્થિતિ નથી. છતાં ૧૯૨૨માં હું ગાંધીજી સાથે યરવડા જેલમાં હતો તે વખતે તેમના તરફથી જે પ્રેરણા મળી અને તેને પરિણામે મને જે લાભ થયો તે વિશે તમારી માહિતી માટે થોડુંક લખું તો તે અસ્થાને નહિ ગણાય.

એક દિવસ જેલમાં ગાંધીજીએ મને પૂછયું કે, "તમે ગીતા વાંચી છે?" મેં ગુજરાતીમાં વાંચી છે તેમ કહ્યું એટલે તેમણે જણાવ્યું કે, "ગીતા તો સંસ્કૃતમાં જ વાંચવી જોઇએ" અને પછી મને ગીતા વાંચી શકાય અને સમજી શકાય એટલું સંસ્કૃત પોતે શીખવ્યું અને મારી પાસે આખી ગીતા વંચાવી, તેનું રહસ્ય સમજાવ્યું. એ પછી એક અધ્યાય નિયમિત રીતે રોજ વાંચવા સૂચવ્યું અને કહ્યું કે, બીજાં પુસ્તકો ગમે એટલાં વાંચો પણ ગીતા એક એવું પુસ્તક છે કે તે સંકટમાં મદદરૂપ થાય અને તેનું રોજ અધ્યયન કરવાનું રાખો તો તેથી નવાં નવાં સત્યો સમજાશે અને તે જીવન માટે પ્રેરણાદાયી બનશે.

ગાંધીજીની એ સૂચના મુજબ ગીતાનું રોજ અધ્યયન કરતા મને ઘણો લાભ થયો છે. ગીતાનું અધ્યયન કરતાં એમ સમજાય છે કે જેટલે અંશે અહંભાવ ઓછો થતો જાય, મન શુદ્ધ અને વિશાળ બનતું જાય, વૃત્તિ પ્રાણીમાત્રની સહૃદયતાથી—આત્મભાવથી સેવા કરવા તરફ વળતી રહે, અને અનિત્ય એવા સંસારની વસ્તુઓના મોહમાંથી નીકળી સારાયે વિશ્વમાં જે મહાન ચૈતન્યશક્તિ વ્યાપી રહી છે તેની સાથે એક થવા નિષ્ઠાપૂર્વક પ્રયત્ન થતો રહે તેટલે અંશે જીવનના સર્વ કાળમાં – ઘડપણમાં – પણ અંતરની સાચી શાંતિ અને પ્રસન્નતાનો અનુભવ થતો રહે એમ લાગે છે.

આધ્યાત્મિક વિકાસને પંથે લઇ જનાર સર્વે સંતો અને તેમના ગ્રંથોમાંથી પણ આવી જ પ્રેરણા મળતી જણાય છે. થોડાં વરસો પર સંશોધનકાર્યમાં કુશળ એવા એક અમેરિકન ડૉક્ટર અમદાવાદ આવ્યા હતા. અહીંના હવામાનની, મિલમાં કામ કરનાર કારીગર તથા એના કામ પર થતી અસરની તપાસ કરતા હતા. પ્રસંગોપાત એક વખતે એમણે એમની માની વાત કરી. બચપણમાં એમના તથા એમના ભાઇ-બહેનોના પોષણનો બધો ભાર એમનાં માના પર હતો. એ વખતે આવક અતિશય મર્યાદિત હતી તેથી વખતોવખત મુશ્કેલીના અનેક સંજોગો આવી પડતા. એમનાં મા બહુ ધર્મિષ્ટ હતા અને એવે પ્રસંગે તેઓ ક્ષણભર ઘૂંટણીએ પડી "Thy will be done: હે પ્રભુ તારી ઇચ્છા મુજબ થાઓ" એટલું બોલી કામે લાગી જતાં. મા ૮૦ વરસ સુધી જીવ્યાં, પણ અંત સુધી કપાળ પર કરચલી સરખી પણ કદી જણાઇ નહોતી. ઈશ્વર પરાયણ વૃત્તિનો મહિમા એવો છે. એથી પણ હર હાલતમાં શાંતિ જળવાઇ રહેતી જણાય છે.

આ તો આ બાબતને અંગે જે વિચાર આવે છે તે સહેજ લખી જણાવું છું.

તમારો પત્ર શ્રી અનસૂયાબહેનને વાંચી સંભળાવ્યો છે. એમનું મન પણ સતત આ ચિન્તનમાં જ લાગેલું રહે છે પણ એમને કશું લખાવવા વૃત્તિ થતી નથી. એમની તબિયત સારી રહે છે ને તમને સર્વેને તેઓ સ્નેહપૂર્વક ઘટિત લખાવે છે.

તમે સર્વે કુશળ હશો.

લિ.

શંકરલાલ બેંકરના સસ્નેહ જય જય.

## (૨) શિયાળથી શ્રી છોટાલાલ વસનજી મહેતા

(પૂજ્ય મુનિશ્રી સન્તબાલજીના સાન્નિધ્યમાં જેમણે જીવનનો ઘણો સમય કામ કર્યું છે એવા ભાઇશ્રી છોટાલાલ વસનજી મહેતા અથવા પરિચિત વર્ગમાં ઓળખાય છે તે રીતે જણાવું તો છોટુભાઇ મારા લગભગ સમવયસ્ક છે. અને એમનાં પુત્રી બહેન કાશીબહેન ડૉક્ટર સાથે રહે છે જેઓ અમદાવાદ બાજુએ ધોળકા જિલ્લામાં આવેલા શિયાળ ગામમાં 'વિશ્વવાત્સલ્ય ઔષધાલય' ચલાવે છે. પરમાનંદ)

મુરબ્બી શ્રી પરમાનંદભાઇ, શિયાળ, તા૦ ૨૪-૧૧-૭૦

"ઘડપણ" અંગેના પૂ. કાકાસાહેબના તથા અગાઉના અંકમાં આવેલા પત્રો વાંચી ગયો. ખૂબ જ આનંદ સાથે પ્રેરણા પણ મળી. આ અંગે મારી સ્થિતિનો ખ્યાલ આપું છું, અને આપની પાસેથી માર્ગદર્શન ઇચ્છું છું.

ઉંમર ૭૭મું ચાલે છે. તંદુરસ્તી સારી છે. કુટુંબની કોઇ જવાબદારી મારાપર નથી. આર્થિક રીતે પણ. ભારત ઉદ્યોગહાટ રાવપુરા', વડોદરામાં મારી પુત્રી શ્રી કાશી બહેનના બન્ને ભાઇઓ ચલાવે છે. ઠીક છે. મારી તથા બહેનની જરૂરિયાત પ્રમાણે જ્યારે જે જોઇએ તે ખૂબ જ રાજીખુશીથી આપે છે. એટલે બધી રીતે અનુકૂળતા અને આનંદ છે.

અહંમ અને મમત્વ આ બે ઠીક રીતે સતાવે છે. અંગત લોહીના સંબંધે, જ્યારે કાંઇ મારી સમજ મુજબ બરોબર ન ગોઠવાય ત્યારે, આવેશ અને ગુસ્સો મારા પર સવાર થઇ જાય છે. પછી તુરત પસ્તાવો થાય છે. પછી માફી પણ માગું છું. પરંતુ પ્રસંગ પડતા તે ડોકું બહાર કાઢે છે. પ્રયત્ન કરું છું પરંતુ હજુ તો નાપાસ છું. માર્કમાં મીંડું આવે છે. સંસ્થાના કામમાંથી ઠીક ફારક (જવાબદારીમાંથી) થયો છું, થતો જાઉં છું અને મનની જે દોડાદોડી રહે છે તેને કાબૂમાં લેવા પ્રયત્ન કરું છું. પરંતુ તેમાં પણ પૂરેપૂરી નિષ્ફળતા જ છે. પ્ર. જીવનમાં પ્રગટ થયેલા ધ્યાન અંગેના બે લેખોએ સારી સામગ્રી પૂરી પાડી છે અને તેથી ખૂબ જ શાંતિ અનુભવું છું અને પ્રયોગ ચાલુ કરેલ છે, પરંતુ પવનવેગી મન વધારે દોડાદોડી કરતું રહે છે.

ઇચ્છા એક રહે છે જે જિંદગીની છેલ્લી ઘડી સુધી હરતોફરતો રહું અને મનના વિચારો પર સારો કાબૂ આવે. એ ભાવના છે. ખાનપાન પર સારો કાબૂ છે. નિયમિતતાનો સારો આગ્રહ છે અને એમાં પણ ઠીક કાબૂ આવે છે. પ્રેમ તથા સત્ય – આ તરફ બહુ જ નબળો છું. ગંભીર બનતા આવડે છે, ટેવ છે, લખતા આવડતું નથી. હસાવતાં પણ આવડતું નથી. બાકી આનંદ છે. પરંતુ આંતરિક તત્ત્વ જોઇએ તેવું સમતાના ઘરમાં નથી...આપને કાંઇ જણાવવા જેવું લાગે તે જણાવશો અને આ અંગે પૂછવા જેવું લાગે તે વગરસંકોચે પૂછાવશો, જેથી ખરું દરદ હાથ આવે. નિદાન સાચું થાય તો દવા પણ સાચી આપી શકાય. પત્ર લાંબો થયો છે તે બદલ ક્ષમા યાચું છું. બાકી કુશળ. હાલ રેલરાહતના કામોમાં મકાનો ઊભાં કરવા માટેના પ્રયત્નો ચાલે છે.

લિ. આપના, છોટુનાં વંદન

શ્રી છોટુભાઈ જેવો હું જ્યાં એક પ્રકારનો દર્દી છું ત્યાં તેમને માર્ગદર્શન આપનાર હું કોણ?

આ વિષયને લગતી ચર્ચા હવે બંધ કરવામાં આવે છે. પરમાનંદ

માલિક: શ્રી મુંબઇ જૈન યુવક સંઘ: મુદ્રક અને પ્રકાશક: શ્રી પરમાનંદ કુંવરજી કાપડિયા, પ્રકાશનસ્થળ: ૩૮૫, સરદાર વી.પી. રોડ, મુંબઇ-૪. ટે. નં. ૩૫૦૨૯૬ મુદ્રણસ્થાન: ધી સ્ટેટ્સ પીપલ્સ પ્રેસ, કોટ, મુંબઇ-૧